Presented by

~~વજેશંકર-ગવરીશંકર~~

i.e. Vajeshanker Gaurishanker

Esq. Dewan of

Bhavnagar State



GAURISHANKAR UDEYSHANKAR, C.S.I.,

Prime Minister, Bhavnagar State.

રા. રા. ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ.,

સંસ્થાન ભાવનગરના મુખ્ય દીવાન.

શ્રીમાન્

ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઈ.

(સ્વામી શ્રીસચ્ચિદાનન્દસરસ્વતી)

એમનું સપત્રચિત્ર જીવનચરિત્ર.

ઉદ્ઘાટન—સાક્ષર શ્રીયુત મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીલિખિત;
પ્ર૦ ૧-૫—સ્વર્ગવાસી સાક્ષર રા. મણિલાલ નભુભાઈ દ્વિવેદીલિખિત.)

રચનાર
કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, બી. એ.

" गिरयो गुरवस्तेभ्योऽप्युर्वी गुर्वी ततोऽपि जगदण्डम् ।
तस्मादप्यतिगुरवः प्रलयेऽप्यचला महात्मानः ॥ " जगन्नाथः ॥

મુંબઈ:
ધી "ટાઈમ્સ ઑફ ઇન્ડિયા" પ્રેસમાં છાપ્યું છે.

સંવત્ ૧૯૬૦. સન ૧૯૦૩.

પ્રસ્તાવના.

ઐહિક આમુષ્મિક ઉન્નતિને માર્ગે જનસમાજને દોરનાર સમર્થ સાધનરૂપે મહાપુરુષોનાં જીવનચરિત્રનો મહિમા પ્રત્યેક સુધરેલી પ્રજા સારી રીતે સમજે છે. ભારતમાં, રામાયણમાં તથા પુરાણોમાં કલ્પિત અકલ્પિત ચરિત્રોનું શ્રવણ તથા મનન હજારો શ્રોતાઓને પોતાનું જીવન ઉચ્ચતર કરવામાં સહાયભૂત થયું છે. સર્વાંશે અથવા ન્યૂનાંશે કલ્પિત વ્યક્તિઓનાં ચરિત્રો આપણા પુરાતન ગ્રન્થોમાં જેવાં દેદીપ્યમાન જોવામાં આવે છે તેવાં ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિઓનાં ચરિત્રો પ્રાયશઃ જોવામાં આવતાં નથી એનું કારણ કાં તો આપણા પૂર્વજોનો ઇતિહાસ પ્રતિ ન્યૂન અનુરાગ હોય, કે રાજ્યોપપ્લવ-આદિ કારણથી તેવા ગ્રન્થોનો લોપ હોય. ઉભય પક્ષે, આપણા દેશમાં પ્રથિત પૂર્વપુરુષોનાં જીવનવૃત્તની ન્યૂનતા બહુ શોચનીય છે.

પાશ્ચાત્ય દેશોમાં આથી વિલક્ષણ સ્થિતિ જોવામાં આવે છે. ગ્રીસ દેશના પુરાતન ઇતિહાસકારોએ આપણને તત્કાલીન તથા પૂર્વ કાલનો શ્રદ્ધેય વૃત્તાન્ત આપી અનેક મહાપુરુષોથી પરિચિત કર્યા છે. અન્ય દેશોમાં પણ ઇતિહાસકારોની તથા ચરિત્રનિરૂપકોની સુદક્ષ લેખિનીએ પ્રત્યેક શતકમાં થઈ ગયલા નામાંકિત પુરુષોનાં નામોને વિસ્મૃતિવારિધિમાં ડૂબતાં અટકાવ્યાં છે. ગયાં બે શતક થયાં તો જીવનચરિત્રોએ સાહિત્યમાં સ્પૃહણીય અતિઉચ્ચ પદવી સંપાદન કરી છે. મહાપુરુષનો ભક્ત એક પુરુષ, યોગ્ય પ્રયાસથી, પોતાની ઇષ્ટ વ્યક્તિને કેવી જગદ્વિદિત અને અમર કરે છે તે બોઝ્વેલરચિત જોન્સનચરિત્રે સિદ્ધ કરી આપ્યું.

આપણા ઇતિહાસાનુરાગ તથા ચરિત્રાનુરાગ પાશ્ચાત્ય સાહિત્યના સંસ્કારથી ઉત્તેજિત થયા છે એ નિર્વિવાદ છે, અને રાગદ્વેષને વશ થયાવિના આપણી પ્રજા જેમ જેમ પૂર્વ તથા વર્તમાન મહાપુરુષોનાં ચરિત્રોના તત્ત્વને અંતઃકરણના શણગારરૂપે સોત્સાહ સજશે તેમ તેમ વ્યક્તિચરિતની ઉન્નતિદ્વારા સમુદાયચરિતની ઉન્નતિ સત્વર થશે એ પણ નિઃસંશય છે. શ્રીમાન્ ગૌરીશંકર ઉદયશંકર–"ગગા ઓઝા"–ના ચરિત્રમાં રહેલા અનેક બોધક અંશો આપણા સમાજની અભીપ્સિત ઉન્નતિ કરવામાં સહાયભૂત થશે એ આશાથી તેને આજે પ્રસિદ્ધિમાં મૂકવાનો યોગ આવ્યો છે.

સને ૧૮૯૩–૯૪ માં મારો મુંબઈમાં નિવાસ હતો ત્યારે, સાક્ષરવર શ્રીયુત મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીદ્વારા રા. રા. વિજયશંકર ગૌરીશંકર ઓઝાનો પરિચય થતાં, મને શ્રીગૌરીશંકરજીવનચરિત્રનું જેટલું સાહિત્ય રા. વિજયશંકરજીના સંગ્રહમાં તે વખતે હતું તેટલું, વ્યવસ્થાઅર્થે, સોંપવામાં આવ્યું. તે સાહિત્યની વ્યવસ્થા કેટલાક માસમાં કર્યા પછી મેં રા. રા. વિજયશંકરજીને આસરે ચાળીશ પ્રશ્નના રૂપમાં એવી સવિસ્તર હકીકત પૂછી કે જેના સંપાદનથી ગૌરીશંકરચરિત્ર પ્રસિદ્ધ પાશ્ચાત્ય જીવનચરિત્રોની રીતિને અનુસરતી શૈલીથી લખી શકાય. આ પ્રશ્ન ઉપરથી, તેમ જ પોતાની અનુકરણીય તીવ્ર પિતૃભક્તિથી પ્રેરિત ઉત્સાહવડે રા. વિજયશંકરજીએ ગૌરીશંકરચરિત્રના સાહિત્યનો સંગ્રહ મોટા પાયાઉપર કરવાનો પ્રયાસ માંડ્યો. તેમાં આસરે બે વર્ષ જેટલો સમય વ્યતીત થયો. સંગ્રહ જેટલો બની શકે તેટલો તૈયાર થતાં પ્રસિદ્ધ સાક્ષર રા. રા. મણિલાલ નભુભાઈ દ્વિવેદીને તે સોંપવામાં આવ્યો. જીવનચરિત્રનાં પ્રથમ પાંચ પ્રકરણ, જે આ ગ્રન્થમાં પ્રસિદ્ધ થયાં છે, તે લખાયા પછી તે વિદ્વાનનો શોચનીય સ્વર્ગવાસ થયો. કેટલાક સમય પછી જીવનચરિત્ર લખવાનું કાર્ય મને સોંપવામાં આવ્યું, જે ઇશ્વરકૃપાથી પૂર્ણ થયું છે.

રા. વિજયશંકરજીનો સંગ્રહ બહુ સંતોષજનક થયો છે, અને તેનું આપાતતઃ અવલોકન કરનાર મનુષ્ય પણ તેમના ભારે પ્રયાસ માટે તેમને ધન્યવાદ આપ્યા વિના રહે નહિ. પાશ્ચાત્ય દેશોમાં મહાપુરુષને જાણે ઘેરો ઘાલીને રહેલી અનેક પ્રશંસક વ્યક્તિઓ તત્સંબંધી અનેક રમણીય તથા હૃદયંગમ પ્રસંગો જેમ પ્રકટ કરે છે, અને સ્ત્રી–મિત્ર–સંબંધી–આદિ પ્રતિ વિપુલ પત્રવ્યવહારથી જેમ મહાપુરુષના ચરિત્રના નાના મોટા અંશો સુવ્યક્ત થાય છે, તેમ, આપણી દેશકાલસ્થિતિ જોતાં, આપણા મહાપુરુષોસંબંધમાં સંતોષકારક રીતે બની શકે એમ નથી એ સામાન્ય રીતે એક ન્યૂનાંગ છે; તદપિ એ સંબંધમાં પણ રા. વિજયશંકરજીએ જેટલું બની શકે એમ હતું તેટલું કર્યું છે.

સાતસો પૃષ્ઠ જેવડા આ જીવનચરિત્રના સઘળા ભાગો એક સરખા રસથી વાંચી શકાય એ આશા રાખી શકાતી નથી. રા. દ્વિવેદીરચિત કાઠિયાવાડના ઇતિહાસનું તથા ભાવનગરના ઇતિહાસનું પ્રકરણ સામાન્ય વાચકને પ્રથમ ઘણું લાંબું લાગે એવું છે, પરંતુ કાઠિયાવાડ પ્રાંતમાં સાર્વભૌમ સત્તાનો વિકાસક્રમ તથા ભાવનગર સંસ્થાનમાં શ્રીમાન્ ગૌરીશંકરનું યશસ્કર

પ્રધાનપદનિર્વહણ સારી રીતે સમજવામાં તે પ્રકરણ બહુ ઉપયોગી છે. તેમ જ બંદરો, ટપાલ, કેળવણીવિગેરે પ્રસંગો પણ વિસ્તારથી લખવામાં આવ્યા છે. પ્રધાનતરીકે ગ્લેડ્સ્ટનના ચરિત્રમાં જેમ બ્રિટિશ પાર્લામેન્ટના ૫૦ વર્ષના ઇતિહાસનો, તથા તે ઇતિહાસ સમજવામાં અપેક્ષિત પૂર્વ ઇતિહાસનો સમાવેશ થાય છે, તેમ ગૌરીશંકરચરિત્રમાં ભાવનગર સંસ્થાનના ૫૦ વર્ષના ઇતિહાસનો તથા તેને સુવ્યક્ત કરનાર પૂર્વ વૃત્તાંતનો અંતઃપાત થાય છે. એવે પ્રસંગે મહાપુરુષના જીવનચરિત્રમાં શું દાખલ કરવું એને બદલે તેમાંથી શું મૂકી દેવું એ સવાલ થઈ પડે છે. જેમની કૃપા તથા જેમના વિશ્વાસથી ગગા ઓઝા આવા પ્રતાપી અને પ્રખ્યાત થઈ શક્યા તે ભાવનગર સંસ્થાનના અધીશોની ખ્યાતિના ઘોષઅર્થે પણ, રાજભક્ત રા. વિજયશંકરજીની ઇચ્છાથી, કેટલાક પ્રસંગો વિસ્તારપૂર્વક વર્ણવામાં આવ્યા છે.

આ જીવનચરિત્રના સાહિત્યનો સંગ્રહ કરવામાં રા. વિજયશંકરજીને જે પુરુષોતરફથી સહાયતા મળી છે તેમનો ઉપકાર માનતાં તેઓ લખે છેઃ "જીવનચરિત્રની હકીકત લખીને તૈયાર રા. રા. ભાઇશ્રી સંતોષરામ માધવજીએ કરેલ છે, અને નીચે પ્રમાણે ગૃહસ્થોએ જીવનચરિત્રના કામમાં સારી મદદ કરેલ છેઃ—

રા. રા. સુજ્ઞ ભાઇશ્રી મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી.

રા. રા. ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક.

રા. રા. દિ. બા. મણિભાઈ જશભાઈ.

રા. રા. ભાઇશ્રી હરિલાલ સવાઇલાલ.

રા. રા. ભાઇશ્રી દુલેરાય મહીપતરામ.

રા. રા. ભાઇશ્રી સાકરલાલ સવાઇલાલ.

રા. રા. ભાઇશ્રી પ્રતાપરાય ગોવિંદરામ.

રા. રા. ભાઇશ્રી રતિલાલ માણેકલાલ.

રા. રા. ભાઇશ્રી બાપાલાલ માણેકલાલ.

રા. રા. કવિ ભવાનીશંકર નરોત્તમ.

વેદમૂર્ત્તિ રા. રા. મયાશંકર વલ્લભજી.

ઉપર પ્રમાણે ગૃહસ્થોએ જુદા જુદા વિષયમાં સારી મદદ આપેલ છે."

શ્રીગૌરીશંકરના જે અનેક ઉચ્ચ સદ્‌ગુણોનું વર્ણન અંતિમ પ્રકરણમાં કરવામાં આવ્યું છે તેની છાપ વાચકવર્ગના હૃદયમાં પાડવા આ કૃતિ વિજયી થશે તો હું મારા શ્રમને સાર્થક માનીશ.

જુનાગઢ:
સં. ૧૯૬૦, કાર્તિકી પૂર્ણિમા;
તા૦ ૫ નવેંબર ૧૯૦૩.

કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા.

અનુક્રમણિકા.

પૃષ્ઠ

ઉદ્‌ઘાટન (સાક્ષર શ્રીયુત મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીરચિત) ૧— ૨૬

પ્રકરણ ૧.
ઉપોદ્‌ઘાત.

જીવનચરિતનો હેતુ—જીવનચરિત લખવા યોગ્ય માનને પાત્ર કોણ?—આ ચરિત્રના નિરૂપ્યની પાત્રતા—ચરિતના નિરૂપણનો ક્રમ. ૧— ૧૪

પ્રકરણ ૨.
ભૂમિકા.

કાઠિયાવાડનો પૌરાણિક ઇતિહાસ—ગ્રીક ઇતિહાસ—સિકંદર તથા અશોક—શાહવંશ—ગુપ્તવંશ—વલ્લભીવંશ—ચાવડા રજપૂતો—કાઠી લોકો—સોલંકીવંશ—મહમુદ ગઝનવીની સ્વારીવખતે કાઠિયાવાડની સ્થિતિ—સિદ્ધરાજ જયસિંહ—કુમારપાળ—ભાવનગરના ઇતિહાસનો ઉપક્રમ—ગોહેલો—સેજકજી—રાણજી; મોખડાજી; ડુંગરજી—વીજોજી; કાનજી; સારંગજી—સારંગજીના વંશજો, વીસોજી સુધી—નવું શિહોર—વીસોજીના વંશજો, રતનજીસુધી—પ્રખ્યાત ભાવસિંહજી (પહેલા) (૧૭૦૩-૧૭૬૪)—ભાવનગર શહેરનો પાયો—ભાવનગર દરબારનો બ્રિટિશ સરકારસાથે મૈત્રીસંબંધ—અખેરાજજી (૧૭૬૪-૧૭૭૨)—બ્રિટિશ સરકારસાથે મૈત્રીમાં વધારો—વખતસિંહજી (૧૭૭૨-૧૮૧૬); તેમના પરાક્રમો—હિંદુસ્તાનમાં બ્રિટિશ સામ્રાજ્યનો ઇતિહાસ—મહારાજા વખતસિંહજીના અંતસમયે દુઃખદાયક બનાવો—ગોવધશિક્ષાનિમિત્ત રાજ્યહકુમતમાં ભંગ ... ૧૫— ૬૫

પ્રકરણ ૩.
બાલ્યાવસ્થા.

નાગરોનો ઇતિહાસ—'ઓઝા' કુટુંબ—રા. ગૌરીશંકરનો જન્મ અને તેમનું વર્ધન—ધર્મ તથા નીતિના સંસ્કારનો પાયો—રા. ગૌરીશંકરનું શિક્ષણ—મનોહરદાસનો સમાગમ ... ... ૬૬— ૮૦

અનુક્રમણિકા.

પ્રકરણ ૪.

કારકુનથી કારભારી.

રા. રા. સેવકરામપાસે નોકરી—ગોધાનાં ગામોનો વહીવટ—ખુમાણોનું તોફાન—કુંડલા પરગણાની આબાદીનો વૃત્તાંત—મહારાજા વિજયસિંહજી ઉપર વિપત્તિપરંપરા—પરભુદાસનો દાવો—સુરતમાં રહી દરબારસેવા—મહારાજા વિજયસિંહજી ઉપર ફોજદારી પ્રસંગોનું ઉપસ્થિત થવું—૧૮૩૬ ની કમિટી—મારવાડીના દાગીના—મનસુખ બહાદુરનો પ્રસંગ—ઠાકોર શ્રીવિજયસિંહજીનો સ્વર્ગવાસ; ઠાકોર શ્રીઅખેરાજજી—ઠાકોર શ્રીજશવંતસિંહજી—પોલિટિકલ એજંટ કર્નલ લેંગસાહેબનો પ્રયાસ—દરબારની અનેક વિપત્તિઓના પ્રસંગે રા. ગૌરીશંકરે બજાવેલી એકનિષ્ઠાપૂર્વક સેવાના દૃષ્ટાન્તો—એજન્સીમાં નીમણુક ... ... ૮૧—૧૧૦

પ્રકરણ ૫.

એજન્સીસાથેનો સંબંધ.

એજન્સીનું સ્વરૂપ અને તેની ઉપયોગિતા—ક્રમે કરી ભાવનગર રાજ્યમાં મુસદ્દીવર્ગનું પ્રાધાન્ય—ફટાયાઓની તકરારો—મોસલો બાબત—૭૬ ગામો બાબત જૂનાગઢસાથે તકરાર—આરબ જમાદારો—દરબારના કરજનો નિકાલ—મહારાજ શ્રીઅખેરાજજી... ... ૧૧૧—૧૪૧

પ્રકરણ ૬.

મુખ્ય પ્રધાન, અને ૧૧૬ ગામોની હકુમત બાબત (૧૮૫૪-૧૮૭૦).

ગોધાના મામલતદારની સખ્તાઈ અને ગેરવર્તણુક—મિ. રોજર્સ સાહેબે કરેલી જપ્તી—કર્નલ બાર સાહેબ—મહારાજા શ્રીજશવંતસિંહજીનો રાજ્યાભિષેક—ગાદીસંબંધે ફટાયાની તકરાર—જપ્તી ઉઠી—હકુમત બાબત; અનુદર્શન તથા ઇતિહાસ—કોર્ટ ઓફ ડિરેકટર્સપ્રતિ અરજી—મુંબઈ સરકારના પ્રશ્ન—કર્નલ લેંગ સાહેબનો રીપોર્ટ તથા અભિપ્રાય—કોર્ટ ઓફ ડિરેકટર્સનો ઠરાવ—પેશકશી—સાલારવેરો-વિગેરે બાબતો—મહારાજા શ્રીજશવંતસિંહજીના આધિપત્યમાં તકરારી બાબતોનો વૃત્તાંત તથા નિકાલ—મિ. ડેવીસ સાહેબ—મિ. પીલ સાહેબ—આપાજી રામચંદ્ર—હકુમતની બાબતનો નિકાલ—અમદાવાદ ખાતાની પોલીસ સત્તાનું બંધ થવું; પોલીસ સુપરિન્ટેન્ડન્ટ-તરીકે રા. રા. ગૌરીશંકર—અમદાવાદના માજીસ્ટ્રેટના અમલનું બંધ

થવું—મિ. પીલ સાહેબ આગળ હકુમતનું પ્રકરણ—સને ૧૮૯૦નો કરાર—કર્નલ લૅંગસાહેબનો કાગળ—મુસદ્દાસંબંધી ઉઠેલા પ્રશ્ન—સ્ટેટ સેક્રેટરીનો ડિસ્પાચ, સને ૧૮૯૪—સને ૧૮૯૬નું સરકારી જાહેરનામું—દરબારને સમગ્ર રાજ્યાધિકારની પુનઃ પ્રાપ્તિ—રા. રા. ગૌરીશંકરનો પ્રયાસ— દરબાર, અને રા. રા. ગૌરીશંકરને વંશપરંપરા તુરખા ગામની બક્ષીસ—રા. રા. ગૌરીશંકરનું ઉત્તર ... ... ૧૪૨—૧૯૨

પ્રકરણ ૭.

આભ્યંતર સુધારાનો આરંભ.

ભાવનગર બંદર— સ્વરાજ્યના બંદરના હક મળવા—વ્યાપારની અનુકૂલતાઓ— રેકલેમેશન; સમુદ્રપાસેથી જમાબંદી—રા. રા. ગૌરીશંકરની અનુકંપા; કોળીની સ્ત્રીનો પ્રસંગ—ભાવનગરની ખાડી—બંદર તથા વ્યાપારસંબંધે બંદોબસ્ત—સોંદરાઇ બંદર—મહુવા બંદર—કથીવદર બંદર—પીપાવાવ અથવા રાજુલાનું બંદર—"વિક્ટર" બંદર—તળાજાનું બંદર— રા. રા. ગૌરીશંકરની નિરભિમાનતા તથા સાદાઇ—મહાલોની વ્યવસ્થા—રા. રા. ગૌરીશંકરનું ખેડુતવર્ગઉપર વાત્સલ્ય—રામ પટેલ—મહાલોમાં ફરવા જવું—પડતર જમીનનું ખેડાણ—મહારાજા શ્રીજશવંતસિંહજીનું રાજ્ઞીમંડલ—કુમાર શ્રીતખ્તસિંહજીનો જન્મ; તેમનું શિક્ષણ—કુમાર શ્રીજુવાનસિંહજી—કર્નલ લૅંગ સાહેબ, અને મૂળ ગરાસીઆઓની તકરાર—દીવાની તથા ફોજદારી ન્યાયવ્યવસ્થા—પીલ સાહેબ, અને ગરાસીઆઓના દાવા—ગોપનાથનો બંગલો અને ઉતારો—૧૮૫૭ના બળવાપ્રસંગે ભાવનગર દરબારે બ્રિટિશ સરકારને કરેલી મદદ—મહારાજા શ્રીજશવંતસિંહજી, કે. સી. એસ. આઈ.—રાજકુમાર કોલેજ—મહારાજા શ્રીજશવંતસિંહજીનો સ્વર્ગવાસ—ભાવનગર સંસ્થાનસંબંધે એજન્સીના રીપોર્ટો, ૧૮૬૭–૬૯ ... ... ૧૯૩—૨૪૯

પ્રકરણ ૮.

સંયુક્ત કારભાર.

(જોઈન્ટ એડ્મિનિસ્ટ્રેશન.)

મહારાજા શ્રીજશવંતસિંહજીનું વસિયતનામું—કુમાર શ્રીતખ્તસિંહજીનું ગાદીનશીન થવું—રાજતિલક તથા દફતરની તપાસણી; તે ઉપરથી ઉશ્કેરાઈ એન્ડર્સન સાહેબે કરેલો વિરુદ્ધ રીપોર્ટ—જોઇન્ટ એડ્મિનિસ્ટ્રેશન (સંયુક્ત કારભાર)ની સ્થાપના—મિ. પર્સીવલ

સાહેબનો મેળાપ અને તારામૈત્રી—મહાલો અને ગામોની વ્યવસ્થા—વસુલાતી અધિકારીતરીકે રા. રા. વિજયશંકર ગૌરીશંકર—હીસાબી કામદાર—રાજ્યના નોકરોસંબંધી નિયમો—સુધરાઇખાતાની સ્થાપના—પાણીની તંગી; ગગાતળાવ—મિલ તથા પ્રેસો—કૂવાઓ—તળાવો; પૂલો ઈત્યાદિ—માપણી—કર્નલ લો સાહેબ અને સુધારાવરાડ—પ્લાન્ટેશન (વૃક્ષારોપણ)—સડકો—સાર્વજનિક બાંધકામો વિગેરે—વસતિનાં ઘરો—મકાનોના વેચાણની રજીસ્ટ્રેશન ફીમાં ઘટાડો—રાજકુમાર કોલેજની વ્યવસ્થા; મહારાજાશ્રીનું શિક્ષણ—ધાંધળી કેસ, અને ૧૧૬ ગામોસંબંધી તકરારનું પુનઃ ઉપસ્થિત થવું; તેનો અંતિમ નિર્ણય—સને ૧૮૭૬ નો ૨૦ મો "ભાવનગર એક્ટ"—કુમાર શ્રીભાવસિંહજીનો જન્મ—કૈસરે હિંદ ખિતાબ—ભાવનગર રાજ્યની આબાદી—મિ. પર્સિવલ સાહેબની બદલી—મેજર વોટ્સન સાહેબ; તેમની સાથે સંયુક્ત કારભારમાં મહારાજાશ્રીનું જોડાવું—પાર સાહેબ—સંયુક્ત કારભારવિષે રીપોર્ટો તથા અભિપ્રાયો ... ૨૫૦—૩૦૦

પ્રકરણ ૯.

કેળવણી, ટપાલવગેરે સંકીર્ણ વિષયો—સિ. એસ. આઈ. નો ખિતાબ.

કેળવણી—કાઠિયાવાડ પ્રાંતમાં કેળવણીનો ઇતિહાસ—રા. રા. ગૌરીશંકરનું અગ્રેસરપણું—સ્ત્રીકેળવણી—કેળવણી અને કીટિંજ સાહેબ—કેળવણીનો વિસ્તાર—ટપાલ—રા. રા. ગૌરીશંકરે સૂચવેલી સરલ વ્યવસ્થા—દ્વેષીઓનો પરાજય—અફીણ—ભાવનગર રાજ્યની વફાદારી—અફીણબાબત સરકારનો પગપેસારો—મીઠું—સને ૧૮૪૪ નો ૧૯ મો આકટ—મીઠાબાબત સરકારનું વચમાં પડવું—રાજસ્થાનોસાથે મીઠાસંબંધી કરાર—રા. રા. ગૌરીશંકર, સી. એસ. આઈ.—રાજકોટમાં દરબાર—પીલ સાહેબનું ભાષણ—રા. રા. ગૌરીશંકરનું ઉત્તર ... ... ૩૦૧—૩૩૫

પ્રકરણ ૧૦.

ભાવનગર-ગોંડલ રેલ્વે; અને અધિકારઉપરથી ઉપરામ.

રેલ્વેની અંકુરાવસ્થા—રા. રા. ગૌરીશંકરનો દૃઢ નિશ્ચય—સર રિચર્ડ ટેમ્પલ અને રેલ્વેપ્રકરણ—નાણાંનો સવાલ—સર જેમ્સ ફરગસનને હાથે રેલ્વેનું ખુલ્લું મૂકાવું—રા. રા. ગૌરીશંકરનો ઉપરામ અને રાજસેવાનું દિગ્દર્શન—અભિપ્રાયો, રીપોર્ટો, વગેરે... ... ૩૩૬—૩૬૩

પ્રકરણ ૧૧.

મહાજનોસાથે સંબંધ.

લૉર્ડ એલ્ફિન્સ્ટન—આગબોટ; "દેશી લોકો"—સર જ્યોર્જ રસલ ક્લાર્ક—સર બાર્ટલ ફ્રીયર—નામદાર શાહજાદા પ્રિન્સ ઑફ વેલ્સ—સર સેમોર ફિટ્ઝ્જેરલ્ડ—રાજસ્થાનિક સભાનું સ્થાપન—સર ફિલિપ વોડ્હાઉસ—કુંડલાનું અશ્વપ્રદર્શન—દિલ્હી દરબાર—સર સલારજંગ અને સર ટી. માધવરાવ—મહારાજાશ્રી હોલકર—મહારાજા શ્રીદિગ્વિજયસિંહજી—રા. રા. બિહારીલાલ નથનીરામ—કાશીમહાયાત્રા; પર્સિવલ સાહેબની બદલી—મહારાજા શ્રીતખ્તસિંહજીને રાજ્યકાર્યભારમાં દાખલ કરવાવિષે મુંબઇમાં ગવર્નર સાહેબની મુલાકાત—વૉટસન સાહેબ—સર રિચર્ડ ટેમ્પલ—સર જેમ્સ ફરગસન—ગવર્નર સાહેબનું રા. રા. ગૌરીશંકરને ત્યાં પધારવું ... ... ૩૬૪—૩૯૮

પ્રકરણ ૧૨.

રાજ્ય તથા વ્યવહારસંબંધી પત્રો.

જે. બી. પીલ સાહેબ—બી. એચ. એલિસ સાહેબ—જોન જાર્ડિન સાહેબ—સર બાર્ટલ ફ્રીઅર સાહેબ—સર ટી. માધવરાવ—એ. એ. બોરોડેલ સાહેબ—જ્યોર્જ બ્યૂલર સાહેબ—મિ. દાદાભાઈ નવરોજજી—એલેક્ઝાન્ડર ઈઝાટ સાહેબ—ઈ. એચ. પર્સિવલ સાહેબ—ચેસ્ટર મેક્નાટન સાહેબ—બાર્ટન સાહેબ—એચ. એલ. નટ સાહેબ—સી. ઈ. જી. ક્રોફર્ડ સાહેબ—એફ. એસ. પી. લેલી સાહેબ—ડબલ્યુ. બધર ફેરિસ સાહેબ—સી. કેરોલ સાહેબ—ડબલ્યુ વર્ડ્ઝવર્થ સાહેબ—જોન ફ્લેમિંગ સાહેબ—પી. લીજીટ સાહેબ ... ... ૩૯૯—૪૨૮

પ્રકરણ ૧૩.

સ્વામી શ્રીસચ્ચિદાનન્દસરસ્વતી.

ઉપોદ્ઘાત—રા. રા. ગૌરીશંકરની ધર્મનિષ્ઠા અને વેદાન્તાસ્થા—"स्वरूपानुसन्धान"—તે ઉપર અભિપ્રાયો—દિ. બા. મણિભાઈ જશભાઈ—શ્રીયુત મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી—શાસ્ત્રી કરુણાશંકર ઇન્દ્રજી—"આર્યધર્મપ્રકાશ"—રા. રા. નવલરામ લક્ષ્મીરામ—"ગુજરાતશાળાપત્ર"—શાસ્ત્રી ગોવર્ધન ધનશ્યામ પંચનદી—જે. બી. પીલ સાહેબ—જે. એમ. હન્ટર સાહેબ—પ્રોફેસર મેક્સ મ્યૂલર—

વેદશાલાસ્થાપન—સંન્યાસગ્રહણનિશ્ચય—મહારાજા શ્રીતખ્તસિંહજીપ્રતિ અંતિમ પત્ર—સંન્યાસવિધિ—સંન્યાસસંબંધી પત્રાદિ—દરબારી જાહેરનામું—મહારાજાશ્રી વિભાજી—મહારાજાશ્રી યશવંતસિંહજી—એચ. બર્ડ્વુડ સાહેબ—જી. બ્યૂલર સાહેબ—ડબલ્યુ. બ્રધર ફેરિસ સાહેબ—ટી. આર. ફરનાન્ડીઝ સાહેબ—જી. આર. ગુડફેલો સાહેબ—જી. ઈ. હેન્કોક સાહેબ—જે. એમ. હન્ટર સાહેબ—આર. એચ. કીટિંજ સાહેબ—ચેસ્ટર મેક્નાક્ટન સાહેબ—સર ટી. માધવરાવ—જે. બી. પીલ સાહેબ—ઈ. એચ. પર્સિવલ સાહેબ—જોન ડબલ્યુ. વૉટ્સન સાહેબ—ડબલ્યુ. વેડર્બર્ન સાહેબ—પ્રોફેસર મોનિયર વિલિયમ્સ... ... ... ૪૨૯—૪૯૭

પ્રકરણ ૧૪.

વિદ્વત્પરિચય, મહાત્મસમાગમ તથા પત્રવ્યવહાર.

સત્પુરુષસમાગમ—રા. રા. ગોપાળભાઈ લક્ષ્મીનારાયણ—વ્યાસ શ્રીજયકૃષ્ણજી—સુજ્ઞ ગોકુલજી ઝાલા—પંડિત શ્રીગોપીનાથજી—શીઘ્રકવિ શંકરલાલ માહેશ્વર ભટ્ટ—અન્ય વિદ્વાનો, શાસ્ત્રીઓઆદિ—સ્વામી શ્રીસચ્ચિદાનન્દબ્રહ્મતીર્થજી—સ્વામી શ્રીઅદ્વૈતાનન્દજી—સ્વામી શ્રીરામકૃષ્ણભારતીજી—સ્વામી શ્રીઅધોક્ષજાનન્દજી—સ્વામી શ્રીસચ્ચિદાનન્દજી—સ્વામી શ્રીપૂર્ણાનન્દજી—મહારાજ શ્રીનૃસિંહભારતીજી—બ્રહ્મચારી શ્રીનિત્યાનન્દજી—સ્વામી શ્રીસદાનન્દ ગિરિજી—સ્વામી શ્રીકૈલાસપર્વતજી—સ્વામી શ્રીચિદ્ઘનાનન્દગિરિજી—સ્વામી શ્રીરાજરાજેશ્વરજી—સ્વામી શ્રીબ્રહ્માનન્દજી—સ્વામી શ્રીગંભીરાનન્દસરસ્વતીજી—સ્વામી શ્રીઅચ્યુતાનન્દજી—સ્વામી શ્રીદક્ષિણામૂર્તિજી—સ્વામી શ્રીસચ્ચિદાનન્દજી (જુવાન સ્વામી)—અન્ય મહાત્માઓ ... ૪૯૮—૫૫૫

પ્રકરણ ૧૫.

ફલવાસનારહિત વ્યવહાર.

સ્વામીશ્રીનું આહ્નિક—અસંગ અવસ્થામાં નિર્દોષ વ્યવહારની ઉપપત્તિ—પ્રાચીનશોધખાતું—"વિઝિટર્સ બુક"માં સંભાવિત સદ્ગૃહસ્થોના અભિપ્રાય—લોર્ડ રે સાહેબની મુલાકાત—લોર્ડ રે સાહેબનું ભાષણ—રા. રા. ગૌરીશંકરની પ્રશંસા—લેડિ રે—જનરલ કીટિંજ સાહેબની મુલાકાત—શાહજાદા પ્રિન્સ આલ્બર્ટ વિક્ટરની મુલાકાત—જ્ઞાતિસંસ્થાસંબંધી સ્વામીશ્રીના અભિપ્રાય ... ... ૫૫૬—૫૯૧

પ્રકરણ ૧૬.

વિદેહમુક્તિ તથા ઉપસંહાર.

વિદેહમુક્તિ—દરબારી જાહેરનામું—અનુશોચનના તારો તથા પત્રો—રા. રા. ગૌરીશંકરે મૂકેલો અમૂલ્ય સદ્ગુણસંપત્તિનો વારસો....૫૯૨—૬૪૩

परिशिष्ट (१-६) ... ... ૬૪૫—૬૬૧

સૂચિપત્ર.

उद्घाटन.

"तेजो भाति प्रतापाभिधमवनितले ज्योतिरात्मीयमन्तः ।"

प्रसन्नराघव. ३ । १०.

પ્રતાપી રાજર્ષિ વિશ્વામિત્ર જે સ્પૃહણીય બ્રહ્મઋષિત્વને સ્વાશ્રયથી પામ્યા તેઓ વ્યવહાર પરમાર્થ ઉભયપદના પાલક તત્રભવાન્ જનક મહારાજા પ્રતિ વદે છે કે:—'પ્રતાપ નામે આપનું તેજ પૃથ્વીના તલ ઉપર બહિર્ પ્રકાશે છે, તથા આત્મીય જ્યોતિ * અન્તર્માં પ્રકાશે છે' એવા આપ છો.

આત્મસહાયવાન્ તથા આત્મજ્ઞાનસહાયવાન્ કૃતકૃત્ય પુરુષરત્નોનાં જીવનચરિત સર્વ મનુષ્યોએ વન્દ્ય તથા અન્તર્માં શિરોમણિરૂપે ધારણ કરવા યોગ્ય અને સુખપ્રદ છે એ નિઃસંશય છે. કારણ તે ગુણસંતતિનાં ઉત્પાદક છે.

અભ્યુદય વા પ્રેયની સાધિકા અપરા વિદ્યાના તથા નિઃશ્રેયસ વા શ્રેયની સાધિકા પરા વિદ્યાના અનેક ઉપયોગી અંશો મહાત્માના ચરિતોમાં વ્યક્તાવ્યક્ત હોય છે. તે એક દેશાલેખ્ય (નકશા-map)સમ સન્માર્ગદર્શક થાય છે.

આ જીવનચરિતના વિષય, શુભસ્મરણીય નામશેષ આપણા 'ગગાભાઈ'નો—સંપૂર્ણનામી ગૌરીશંકર ઉદયશંકરનો—†મુખવચનામૃતોક્ત પૂર્વાશ્રમનો **'પ્રતાપ'** દેશદેશાન્તરમાં બહિર્ પ્રકાશતો રહેશે; તથા પર્વોત્તરાશ્રમની 'અન્તરાત્મજ્યોતિ'એ તેઓને પ્રાપ્તપરમપુરુષાર્થ કર્યા હતા અને

---

* શુદ્ધ અન્તઃકરણનો પ્રકાશ, આત્માસંબન્ધિ જ્ઞાનમાત્ર, પરમાત્મા.

† મુખવચન=આરંભમાં આપેલું વાક્ય.

અનેક અન્ય જનોને તે પ્રતાપ તથા જ્યોતિ તત્સમ કરતી રહેશે. એવા મહાત્માનું પાવન જીવન, પ્રેયઃશ્રેયોભિલાષી જનોએ, ઉપાસનીય તથા યથાશક્તિ અનુકરણીય છે.

એવા સંકીર્તનીય ગુણોના સંગ્રહસ્થાનના પટ્ટના ઉદ્ઘાટનનું માનદ કાર્ય સ્વસ્થ-અસ્વસ્થકર ઉભયગુણિ છે. એ ગુણોનાં *વ્યાખ્યાન દેશપરદેશના સમર્થ જનોએ, સંગ્રહીતાઓએ, તથા સાક્ષર ચરિત્રલેખકોએ કરેલાં તે

---

* પુસ્તકો, ક્રમિકપત્રો (Periodicals)માં વિષયો, અને The Encyclopædia Brittannica 'વિશ્વકોષ' આદિ જગત્પ્રખ્યાત ગ્રન્થો, એઓમાં એ ગુણોના અનેક વ્યાખ્યાતાઓમાંથી નિદર્શન(sample)રૂપે બે પ્રામાણિક પુરુષોના લેખમાંથી માત્ર સારવાક્ય અત્ર અપાય છે. તેમાં એક તો વિદ્વાન્ ગ્રન્થકર્તા ભટ્ટ મોક્ષ મૂલર (Dr. Max Müller) છે અને બીજા વિદ્વાન્ પ્રાન્તાધિકારી લૉર્ડ રે (Lord Reay) છે.

Dr. Max Müller says:—

"In the case of the two Prime Ministers of Bhavnagar and Junagadh there can be little doubt that the Vedantic spirit which filled their minds and guided their steps in life was drawn from the study of the classical works in which that ancient philosophy has been preserved to us. They were Vedantists, as even with us Prime Ministers may be Platonists or Darwinians.

* * * * * * *

The clock on the tower of the Houses of Parliaments strikes louder than the repeater in our waist-coat-pocket, but the machinery, the wheels within wheels, and particularly the spring, have all the same tasks to perform as in Big Ben himself. Even men like Disraeli or Gladstone, if placed in the position of these native statesmen, could hardly have been more successful in grappling

તત્ર તત્ર જડિત છે, એટલે આ લેખકને તો માત્ર પદ-ઉદ્ધારનનું જ સુલભ સરલ કાર્ય કરવાનુ છે એ સ્વસ્થકર છે; પરંતુ એવા માનદકાર્યકર થવાની સંમતિ આપવી એ અસ્વસ્થકર હતુ.

---

with the difficulties of a new state, with rebellious subjects, envious neighbours, a weak sovereign, and an all-powerful suzerain, to say nothing of court-intrigues, religious squabbles, and corrupt officials. We are too much given to measure the capacity of ministers and statesmen by the magnitude of the results which they achieve with the immense forces placed at their disposal."

* * * * * * *

The Fortnightly Review, No. 2, 1899.

Lord Reay says:—

"I paid to that distinguished administrator an official visit.

* * * * * * *

Certainly of all the happy moments it has been my good fortune to spend in India, those which I spent in the presence of that remarkable man remain engrafted on my memory. I was struck as much by the clearness of his intellect as by the simplicity and fairness and openness of his mind; and if we admire wise administrators, we also admire straightforward advisers.

* * * * * * *

In seeing the man who freed this State from all encumbrances, * * * I could not help thinking what could be done by singleness of purpose and strength of character. * * * "

Lord Reay's *Address at the opening of the Samaldas College,*

Bhavnagar.

મનોરથપ્રિયતમ (Beau-ideal) પ્રતિમાઓ જે પુરાણ-ઈતિહાસાદિઓમાં જટિત ગ્રથિત છે, તેઓ ઉપરથી પોતાના ચારિત્રનો—વિચાર-ઉચ્ચાર-આચારનો—આકાર કરવા પૂર્વે આ દેશમાં પ્રયત્ન થતો.

સારી બુદ્ધિ સ્વભાવથી જ તત્ત્વપક્ષપાતિની હોય છે. બુદ્ધિ ઉપર રાગ-દ્વેષના પટો ન પડ્યા હોય વા દૂર થયા હોય અને તે સત્સમાગમના સંસ્કારે શુદ્ધ થઈ હોય, ત્યારે તે બુદ્ધિ શુદ્ધ સત્ય તત્ત્વને પ્રત્યક્ષ કરી શકે છે. સત્ય જોવામાં રાગદ્વેષ જ બુદ્ધિને પ્રતિબન્ધક છે. અનેક સંસર્ગથી તે રાગદ્વેષો બુદ્ધિને વિકૃતા કરે છે. તે બુદ્ધિને સ્વચ્છા તથા સ્વસ્થા કરવાને મહાજનોનાં જીવનચરિતો બહુ ઉપયોગિ છે.

સજ્જનોનાં અખિલ જીવન ઉપયોગિ છે. તેઓ વિદ્યમાન હોય ત્યારે દૃષ્ટિગોચર થઈ અને તેઓ નામશેષ થયે શ્રુતિગોચર થઈ તેઓની પૂર્વા મધ્યા તથા ઉત્તરા અવસ્થા બોધપ્રદા થાય છે. સાધનસંપાદિકા સંસ્કાર્યા પૂર્વાવસ્થામાં અનેક પ્રકારની પ્રતિકૂલતાઓને સહન કરીને તેઓ સ્વાશ્રયથી પોતાસારૂ કેવો માર્ગ બાંધે છે; સત્સમાગમથી તથા વિદ્યાથી પોતાનામાં કેવી સંવૃદ્ધિપ્રદા યોગ્યતા ભરે છે; તે યોગ્યતાના સાધનથી મધ્યાવસ્થામાં—સર્વોપકારક્ષમ ગૃહસ્થાશ્રમમાં—સમૃદ્ધિ સારૂ પ્રયત્ન કરતાં યથાશક્તિ બહુ જનોનું આશ્રયસ્થાન થઈ લોકોપયોગી કેવા થાય છે; અને એ સ્થિરા સંસ્કૃતા અવસ્થામાં પ્રાપ્ત કરેલા અનુભવનો ઉપયોગ, ઉત્તરા સંસ્કર્ત્રી અવસ્થામાં, રાગદ્વેષવિનિર્મુક્ત થઈ, લોકના કલ્યાણાર્થ કેવે પ્રકારે કરે છે; એ સર્વવતે અંકિત મહાજનોનાં જીવનચરિત્રો હોય છે, તે દેશોન્નતિમાં બહુ ઉપકારક છે.

શ્રીયુત **ગૌ**રીશંકર, વૃદ્ધનગરનાગરબ્રાહ્મણજ્ઞાતિના વિશ્વામિત્ર, મધુચ્છન્દસ્, અઘમર્ષણ, એ ત્રિપ્રવરાન્વિત પાણિનીયસગોત્ર અથર્વવેદાન્તર્ગત-શૌનકીયશાખાધ્યાયી 'શર્મે' નામે શર્મના સ્વઅષ્ટમ પૂર્વજ **શ્રીરં**ગસુત **મૂલ**સ્થાનના કુલમાં, વિક્રમ સંવત્ ૧૮૬૧ ના શ્રાવણ વદિ ૧, ક્રિશ્ચન સન ૧૮૦૫ તા૦ ૨૧ આગસ્ટને દિને ગોઘા ગ્રામમાં જન્મ્યા હતા. તેના પિતાનું નામ ઉદયશંકર અને માતાનું નામ **અ**જબબા હતું. શ્રી**ગૌ**રીશંકરના દોઢ વર્ષના વયે તેનાં માતા, અને તેર વર્ષના વયે પિતા સ્વર્ગત થયાં. શ્રી**વે**ણીલાલ નામે તેને એક ભ્રાતા હતા તે સંસ્કૃતપઠિત અને નૈષ્ઠિક અગ્નિહોત્રી હતા. અને **અ**ચીબા તથા **રા**જુબા નામે બે ભગિનીઓ

હતાં. પિતા ઉદયશંકર નિવૃત્ત થયા પછી શ્રીગૌરીશંકર, તેના માતુલ દેશાઈ ભવાનીદાસ અને તેનાં સ્ત્રી આદિત્યબાની છાયામાં રહેતા. તે દેશકાલમાં મલતું સામાન્ય વાચન-લેખન-ગણનનું શિક્ષણમાત્ર શ્રીગૌરીશંકરને મલ્યું હતું.

ગોઘાપાસે વીરપાલ નામે મહાદેવનું દેવાલય છે, તેમાં શ્રીગૌરીશંકરે, ઉપનયન થયા પછી ગાયત્રીપુરશ્ચરણ કરયું. તેથી તેઓની બુદ્ધિ નિર્મલા તથા નિશ્ચલા અધિક થઈ. શ્રીગૌરીશંકરને જલાશયોમાં તરવા ઉપર રુચિ બહુ હતી. તેના યુવાવસ્થાના સ્નેહીઓમાં મુખ્ય સ્નેહી મનોહરદાસ નામે વસાવડના એક નાગર હતા તે હતા. એ મનોહરદાસ સારા પક્ષવાદી (વકીલ) હતા, અને તેઓએ ઉત્તર વયમાં વેદાન્તનું સારૂ જ્ઞાન સંપાદન કરી સારી કવિતા રચી છે. તે કવિતા ‘ મનોહરપદ ’ નામના પુસ્તકમાં શ્રીગૌરીશંકરે જ પ્રસિદ્ધ કરાવી છે. એ મનોહરદાસે સંન્યાસાશ્રમ ગ્રહણ કરયો હતો. એ મનોહરસ્વામી પ્રતિ શ્રીગૌરીશંકરનો આદરભાવ અને સ્નેહમમતા બહુ હતાં.

શ્રીગૌરીશંકરે પોતાના ૧૪ વર્ષના વયે ગોઘામાં સૂત્રકાર્પટના વ્યાપારના ધનદાનો આરંભ કરયો. તેમાં નાણાંની અપેક્ષા હતી. તેની યથેચ્છ અનુકૂલતા ન થયાથી તે ધનદો મૂકી પોતાના ૧૬ વર્ષના વયે વિક્રમ સંવત્ ૧૮૭૭ માં ભાવનગર સંસ્થાનની રાજ્યસેવામાં તેઓએ પ્રવેશ કરયો. તેનું માસિક વેતન માત્ર રૂ. ૬।। અક્ષરે સવા છનું હતું.

શ્રીગૌરીશંકરની સારી બુદ્ધિ અને ઉદ્યોગ જોઈ ભાવનગર રાજ્યના તે વેલાના કાર્યભારી રા. રા. સેવકરામ કંઈ રાજ્યકાર્ય સારૂ વડોદરે ‘પોલિટિકલ રેસિડેન્ટ’ પાસે જતા હતા ત્યાં તેમણે શ્રીગૌરીશંકરને સાથે લીધા. રા. રા. સેવકરામને તે સહવાસમાં શ્રીગૌરીશંકરસંબન્ધમાં અધિક ઉચ્ચમત થયું, અને ભાવનગર પાછા આવ્યા પછી કુણ્ડલાના વહીવટકારરૂપે શ્રીગૌરીશંકરને મોકલ્યા. ત્યાંના ખુમાણ લોકો નિરંકુશ વર્તતા હતા તેઓને શ્રીગૌરીશંકરે કલબલથી કંઈક મર્યાદામાં આણ્યા અને કુણ્ડલાની સમ્પત્તિ વધારવા માંડી. એવામાં રા. રા. સેવકરામનો કાર્યભાર છૂટતાં શ્રીગૌરીશંકરને પણ ઘરે બેસવું પડ્યું.

શ્રીગૌરીશંકરનો ભાવનગર રાજ્યસહ સંબન્ધ થયો ત્યારે તે રાજ્યની સ્થિતિ અસ્પૃહણીય હતી. રાજ્યકુટુમ્બમાં ક્લેશ, રાજ્યમાં

અવ્યવસ્થા, કેટલાંક ગ્રામો ઉપરના અધિકારનું હરણ, ધનનો સંકોચ, આરબ-કોલી-આદિ શસ્ત્રધારક લોકોની ઉદ્ધતતા, બ્રિટિષ્સામ્રાજ્યના અધિકારીઓનો વિરુદ્ધ ભાવ, સંબન્ધી દેશીય સંસ્થાનો સહ કલહ, રાજાના વિશ્વાસુ મનુષ્યો અભણ અને સ્વાર્થી, અને તેઓ પોતપોતાની સંભાલમાં એવા ગુંચવાયલા કે રાજ્યનાં લાભહાનિને સમજવાની કે સંભાલવાની શક્તિ વા અવકાશ તેઓનામાં દેખાતાં નહિ, કોઇ કોઇ સ્થાને સારા મનુષ્યો હશે તેઓને પૂરો અધિકાર નહિ તેથી તેઓ નિરુપયોગી જેવા રહેલા. પરંતુ 'રાજ્યનાં ભાગ્ય મ્હોટાં છે,' એમ કહેવાય છે એ સત્ય જણાયું. એવા બહુ પ્રકારે પ્રતિકૂલ સન્ધિમાં રાજ્યનું રક્ષણ કરવા કોઇ સમર્થ પુરુષની પૂરી અપેક્ષા હતી. અપ્રાપ્ત રાજ્યના પ્રાપણરૂપ **યોગ** તથા તે પ્રાપ્ત રાજ્યના રક્ષણરૂપ **ક્ષેમ** થાય છે એ યોગ્ય પુરુષોએ કરી જ થાય છે એ નિ:સંશય છે. રાજ્યની શક્તિનો આધાર એકલાં જડ મહાલયો, નાણાં, કિલ્લા, પર્વતો, ધાતુનાં આભૂષણો વા શસ્ત્રાસ્ત્રો, સુન્દર વસ્ત્રોઆદિ ઉપર નથી, કિંતુ ચેતનવાન્ યોગ્ય પુરુષો ઉપર છે. પ્રતાપી પુરુષો જ સ્વપરાક્રમથી રાજ્યના રચક અને રક્ષક છે. અને એ જ કારણથી બુદ્ધિમાન્ મહારાજો સ્વધર્મજ્ઞ પુરુષરત્નોના સંગ્રહને જ સર્વોત્કૃષ્ટ સંગ્રહ અને અમૂલ્ય કોષ ગણે છે.

"What constitutes a State?

. . . .

Men, high-minded men,
With powers as far above dull brutes endued,
In forest, brake, or den,
As beasts excel cold rocks and brambles rude,
Men who their duties know
But know their rights, and knowing, dare maintain,"

. . . .

WILLIAM JONES.

"God give us men. A time like this demands
Strong minds, great hearts, true faith and ready hands."

ANON.

ભાવનગર રાજ્ય ઉપર અનેક પ્રકારના અભિયોગ (ફરીઆદીઓ) રાજકોટમાં તેમજ ખેડામાં, અમદાવાદમાં, અને સુરતમાં બ્રિટિષ્ રાજ્યનાં ન્યાયગૃહોમાં–કોર્ટોમાં ચાલતા હતા. ગોધા ધન્ધુકા પ્રગણાનાં ૧૧૬ ગ્રામો ઉપરથી ઈ. સન. ૧૮૧૬ માં ભાવનગર રાજ્યે અધિકાર ખોયો હતો તે સંબન્ધમાં બ્રિટિષ્ રાજ્યના અધિકારીઓ સાથેના વિવાદો, સુરાષ્ટ્રનાં દેશીય રાજ્યો તથા ગ્રાસીઆઓઆદિ સાથે દેશ-ગ્રામ-ક્ષેત્રસંબન્ધીના વિવાદો, લક્ષાવધિ નાણાના લેણદેણના અભિયોગો એ મુખ્ય હતા. સ્વરાજ્ય સંબન્ધના અનેક ઉપાધિઓ ઉપસ્થિત થાય તેની પીડા તો રાજ્યભારસહ સ્વાભાવિક જ હોય તેનું તો કહેવું જ શું ?

ભાવનગરના મહારાજ **વિજયસિંહે** એ રાજ્યવિપત્તિઓના નિવારણના કાર્યમાં શ્રી**ગૌરીશંકર**નો નિયોગ કરયો. અમદાવાદમાં અને સુરતમાં જે અભિયોગો ચાલતા હતા તેમાં રા. રા. **ગૌરીશંકરે** બહુ પ્રવીણતા દર્શાવી તેથી રાજ્યને લાભ થયા. મહારાજશ્રી **વિજયસિંહજી** ઉપર એક આરોપ મૂકાઈ તેઓને અમદાવાદની બ્રિટિષ્ કોર્ટમાં 'ઘસડવાનું' ઠર્યું હતું તેમાં રા. ગૌરીશંકરે મહારાજશ્રીના પ્રતિનિધિરૂપે વિવાદ કરી તથા તે સંબન્ધમાં લખાણ કરી અન્યાયને રોકી જય મેલવ્યો. ઈ. સન ૧૮૩૮ માં એક અભિયોગમાં સાક્ષીરૂપે મહારાજશ્રીને જવાનું આજ્ઞાપત્ર અમદાવાદના બ્રિટિષ્ અધિકારીપાસથી આવ્યું હતું. તેમ જવું પડે તો એક રાજ્યકર્તારૂપે અધમ ગણાય, અને વારંવાર તેવી પીડાઓ આવી પડે, એમ હતું. એ વિષયમાં રા. **ગૌરીશંકરે** કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટના સાહાય્યથી નિર્ણય કરાવ્યો કે રાજ્યકર્તા ઉપર એવો અધિકાર ચલાવી શકાય નહિ. એ સિદ્ધિથી મહારાજશ્રી વિજયસિંહજી બહુ પ્રસન્ન થયા અને પોતે શ્રીહસ્તે એક પ્રસાદપત્ર રાજમાન રાજ્યશ્રીયુત **ગૌરીશંકરપ્રતિ લખી** મોકલીને તેમાં રાજ્યભક્ત નાગરકાર્યભારીઓની પ્રશંસાપૂર્વક સંતોષ દર્શાવ્યો.

મહારાજ **વિજયસિંહે** સ્વામિધર્મી રા. રા. **ગૌરીશંકરની** બુદ્ધિ, ઉદ્યોગ, રાજકાર્યકુશલતા અને રાજ્યભક્તિ અનુભવીને ઇ. સન ૧૮૪૭ માં રાજકોટમાં 'બ્રિટિષ્ એજન્સી'માં કર્નલ **લેંગ**ના વારામાં પોતાના પ્રતિનિધિરૂપે તેઓને નિયોજ્યા; અને પછી કારભારીતુલ્ય તેઓનો અધિકાર થયો.

ક્રિશ્ચન ૧૯ મા શતકના આરંભમાં રા. **ગૌરીશંકરનું** જન્મ થયું હતું, તે જ શતકમાં બ્રિટિષ્ રાજ્યનો સંબન્ધ સુરાષ્ટ્રપ્રાન્ત (કાઠિયાવાડ) સાથે થયો હતો. સન ૧૮૦૭–૮માં કર્નલ **વાકરકૃત** સમાધાન (settlement) થયું.

સન ૧૮૨૨ માં રાજકોટમાં 'એજન્સી' (પ્રતિનિધિસ્થાન) સ્થપાઈને કાપ્ટન બાર્નવેલ પ્રથમ પ્રતિનિધિ–એજન્ટ થયા. એમ હોવાથી રા. ગૌરીશંકરનું ચરિત અને સુરાષ્ટ્રમાંના બ્રિટિષ્ રાજ્યનો વૃત્તાન્ત સમકાલીન છે. તેના મુખ્ય પ્રસંગો આ ચરિતમાં પ્રકટ થયા છે. અને તેનો મુખ્ય ભાગ રા. ગૌરીશંકરે પોતે જ પોતાની અસાધારણ સ્મરણશક્તિએ લખાવેલો છે તેથી વાચકવર્ગને ગૌરીશંકરજીવનચરિત્ર દ્વયાશ્રયતુલ્ય થશે, તેઓનું અનુસરણીય ચરિત્ર જાણવામાં આવશે અને તે સાથે સૌરાષ્ટ્રનો તત્સમકાલિક વૃત્તાન્ત પણ જાણવામાં આવશે.

રા. રા. ગૌરીશંકર રાજ્યના સર્વાર્થકારીસમાન તો સન ૧૮૪૭ થી જ થયા હતા. સન ૧૮૫૦ માં રા. રા. પરમાનન્દદાસ, જે રાજ્યના મુખ્ય પ્રધાન હતા, તે સર્ગ્ગત થતાં રા. રા. ગૌરીશંકરને પ્રધાનપદ પણ પ્રાપ્ત થયું.

પછી ઈ. સ. ૧૮૫૨ માં મહારાજ વિજયસિંહજી સર્ગ્ગત થયા. અને રાજ્યાસન ઉપર મહારાજ અક્ષયરાજ આવ્યા. તેઓ પણ સન ૧૮૫૪ માં સર્ગ્ગત થયા. તેથી તે જ સને ૧૮૫૪ માં મહારાજ યશસ્વતસિંહજી ભાવનગર સંસ્થાનના રાજા થયા.

રા. રા. ગૌરીશંકરને પ્રધાનપદ પ્રાપ્ત થયા પછી તેઓએ રાજ્યના અન્તર્ બહિર્ ઉભય કાર્યોની વ્યવસ્થા કરવા ઉપર લક્ષ આપ્યું. તેમાં પ્રથમ તો અન્તર્ની એકતાની અપેક્ષા હતી. તે સારુ શક્તિમાન્ પુરુષોને સાહાય્યમાં લીધા. રા. રા. દેશાઈ સન્તોષરામ તથા રા. રા. સામલદાસઆદિ રા. રા. ગૌરીશંકરના મુખ્ય સહાયકો હતા. पञ्चतन्त्र-માં કથે છે કે:— "સમર્થ તેજસ્વી અપિ અસહાય શું કરી શકશે? વાયુના સહાય વિનાનો જ્વલિત અગ્નિ પોતે જ શમી જાય છે, તેમ તે સમર્થ પુરુષ શમી જશે." એ ભૂતાર્થ સમીક્ષ્યકારી * ગૌરીશંકરને અજ્ઞાત ન હતો. સત્સમાગમથી સ્વયંપ્રકાશિતા વિદ્યા તથા સ્વાનુભવ તેઓવતે સ્નેહમમતાના તથા ઉદાર વૃત્તિના અનેક લાભો વિચક્ષણ † ગૌરીશંકરે જાણ્યા હતા. તે સાધનવતે દેશ-પરદેશના યોગ્ય મનુષ્યોને આકર્ષીને તેઓને રાજ્યના સહાયભૂત કર્યા હતા. પોતે બુદ્ધિમાન્ અને

* વિચારપૂર્વક કાર્યકર્તા.

† યથોચિત લૌકિક–અલૌકિક ક્રિયાઓમાં કુશલ.

સારા સહાયકોની પુષ્ટિ તેથી તેઓ મહાબલવાન્ થયા. તેઓના વિ ‑ વિનય, બુદ્ધિમત્તા, સમયસૂચકતા, આર્જવ (straight-forwardness) આદિ ગુણોએ સાર્વભૌમ બ્રિટિષ્ અધિકારીઓના મનમાં સારો સમાવેશ કરયો હતો. તેઓ બોલશે તે પાલશે એમ તેઓનો વિશ્વાસ પડ્યો હતો.

જે રાજ્યના રાજ્યકર્તા અન્વર્થ રાજા હોય છે તે તો પ્રજાના હિતમાં જ પોતાનું હિત માને છે. રાજ્યના સ્વામીએ રાજ્યના સેવક થવું એ જ રાજાનો પરમધર્મ છે એવું માની તદનુસાર શ્રેષ્ઠ રાજા વર્ત્તે છે. ભીષ્મપિતામહ ઉપદેશે છે કે:—

" यथा हि गर्भिणी हित्वा स्वं प्रियं मनसोऽनुगम्*।
गर्भस्य हितमाधत्ते तथा राजाप्यसंशयम् " ॥

'જેમ ગર્ભિણી સ્ત્રી પોતાના મનને અનુકૂલ એવા પ્રિયને ત્યજીને ગર્ભનું હિત ધારે છે તેમ રાજાએ અપિ (પોતાના પ્રિયનો—હિતનો—ત્યાગ કરીને પ્રજાના હિતને ધારવું એ) અસંશય છે.' તેવા રાજાના પ્રતાપથી यथा राजा तथा प्रजा એ ન્યાયે રાજ્યના લોક અપિ તેવા જ સારા થાય છે.

" तेन धर्मोत्तरश्चायं कृतो लोको महात्मना।
रञ्जिताश्च प्रजाः सर्वास्तेन राजेति शब्द्यते" ॥

महाभारत-शान्तिपर्व. ९९-१४९.

'તે મહાત્માએ કરી આ લોક ધર્મોત્તર* કરાયા અને સર્વ પ્રજા રઞ્જિતા (રાજી થયેલી) કરાઈયો તેણે તે **રાજા** એમ શબ્દાય છે—કહેવાય છે.'

યદ્યપિ યથાર્થ તો એમ છે તથાપિ પતિત કાલમાં રાજ્યનું અંગ દ્વિધા થાય છે.

અહુણા રાજ્યનાં બે અંગ હોય છે. એક રાજાનું પોતાના માની લીધેલા સ્વાર્થનું 'રાજ–અંગ'; અને એક પ્રજા–પ્રકૃતિ–રાજા એ સર્વના સ્વાર્થનું સંમિલિત 'રાજ્ય–અંગ.' રા. રા. ગૌરીશંકરે દેશકાલ વરતીને એ

* ધર્મપ્રધાન, ધર્મે કરી અધિક.

બે ભાગમાં પરસ્પર આઘાત થઈ ભારે ખડખડાત્ત વા ઝઝ્ઝનાત્ત થાય નહિ એમ સાવધાનતા રાખી. એ કારણથી રાજ્યકાર્યમાં એક રાગ રહ્યો.

"सदानुकूलेषु हि कुर्वते रतिं नृपेष्वमात्येषु च सर्वसम्पदः" ।

किरातार्जुनीयम् १-९.

'રાજાઓ અને તેઓના કાર્યભારીઓ પરસ્પર સદા અનુકૂલ સતે તેઓ વિષયે સર્વ સમ્પતો રતિ–પ્રીતિ કરે છે.' અર્થાત્ જે રાજ્યમાં રાજા પ્રજા તથા પ્રકૃતિની પરસ્પર અનુકૂલતા હોય છે તે રાજ્ય સમૃદ્ધિવાળું અને સંવર્ધમાન થાય છે, અને તેમાં રાજા પ્રજા સર્વ સુખી થાય છે. એવો એકરાગ જેટલા અંશમાં હતો તેટલા પ્રમાણમાં ભાવનગર રાજ્યને બહુ લાભ થયા.

આરબ જમાદારોનું સમાધાન થયું; રાજ્યના ભારે દેવાના નિકાલો થયા; સં. ૧૮૧૬માં રાજધાની ભાવનગરસહિત ૧૧૬ ગામો ઉપર જપ્તી કરીને અધિકાર બ્રિટિષ્ રાજ્યે હરી લીધો હતો અને તેથી અસંખ્ય પીડાઓ ઉપસ્થિત થતીઓ હતિયો તે સન્તાપ સન ૧૮૬૬માં દૂર થયો; 'જિહ્વ કુઠાર પણ હસ્ત સુવર્ણ' એવા રાજ્યપોષક કૃષિકારોને તથા વ્યાપારીઓને અનેક પ્રકારની અનુકૂલતા કરી આપ્યાથી દેશની સમૃદ્ધિ થવા માંડી; અખાત નૌકાસ્થાન (બંદરો) આદિની શુદ્ધિવૃદ્ધિથી દેશની સમ્પત્તિની વૃદ્ધિ થવા માંડી; રાજ્યગૃહો અને સરકો થયાં; શાલાઓ અને પુસ્તકશાલા સ્થપાઇયો; ઇત્યાદિ રાજ્યની વસતિના સુખનાં અનેક સાધનો પ્રવર્ત્યાં. તેનું ફલ આ થયું કે:—મહારાજ વિજયસિંહના વારામાં રાજ્યનું આય રૂ. ૭,૦૦,૦૦૦ સાત લાખનું હતું તે વધી પંચગુણિત રૂ. ૩૫,૦૦,૦૦૦નું થયું; ભાવનગરનું નામ બહુ દૂર દેશે ગવાવા માંડ્યું; ભાવનગરની પ્રજા તથા પદાર્થો દેશ વિદેશે પ્રખ્યાત થયાં; અને પ્રથમ વિદ્યાવૃદ્ધિનો આરંભ ભાવનગરમાં થયાથી તેનું મહાફલ આ થયું કે એક દશકમાં પ્રાયશ: ભાવનગરની નાગર પ્રજા, જેણે એ વિદ્યાનો લાભ ત્વરિત લીધો હતો તે નાગર પ્રજાનું સુરાષ્ટ્રમાં મુખ્ય અધિકારસ્થાનોમાં દર્શન થતું. અને એ, વિદ્યાપ્રિય ગૌરીશંકરની દીર્ઘદૃષ્ટિનો પ્રત્યક્ષ પરિણામ ગણાયો.

ભાવનગર રાજ્યના એવા સારા ઉદયનું પ્રધાન નિમિત્ત રા. રા. ગૌરીશંકર હતા. સદાગ્રહ, અવિરત શ્રમ, આપત્તિ સંપત્તિમાં ચિત્તની અવિકૃતિરૂપા ધૃતિ, સન્ધિવિગ્રહમાં દક્ષતા, રાજ્યસેવા, પ્રજામમતા, ઉદાર-

વૃત્તિ, ઇત્યાદિ સ્પૃહણીય તથા પ્રશંસનીય ગુણોએ કરી રા. રા. ગૌરીશંકરે ભાવનગરના ઉત્તરોત્તર રાજ્યકર્તા, પ્રજા, અને બ્રિટિષ્ મહારાજ્યના અધિકારીઓનો એવો ઉચ્ચ સદ્ભાવ સંપાદિત કર્યો કે બસ.

કર્નલ લેંગ, પછી કર્નલ બાર, પછી ગુર્જરવત્સલ પ્રખ્યાત મિ. એ. કે. ફાર્બસ, પછી કર્નલ કીટિંજ, પછી કર્નલ એન્ડરસન, પછી મિ. પીલ ઈત્યાદિ પોલિટિકલ એજન્ટો અને મિ. જે. બી. પીલ, મિ. ટી. સી. હોપ, મિ. વાઈલી ઈત્યાદિ ગૃહસ્થો, જે રાજ્યકાર્યપ્રસંગથી ભાવનગર સંસ્થાનના સંબન્ધમાં આવેલા તેઓએ એક રાગે રા. રા. ગૌરીશંકરની યોગ્યતાની પ્રસંગોપાત્ત પ્રશંસા કરેલી છે. ભાવનગર રાજ્યમાં અને સુરાષ્ટ્ર દેશમાં તો 'ગગાભાઈ' એ નામ કોઈકનેજ અજ્ઞાત હશે.

એવા સમર્થ મહાશય તથા 'વિમૃશ્યકારીને ગુણલુબ્ધા સમ્પતો સ્વયમેવ વરે છે' એમ ભારવિ કવે છે એમાં શો સન્દેહ છે.

વિક્રમ સંવત્ ૧૯૨૨ ફાલ્ગુન સુદિ ૫ ભોમ ઇસ્વા સન ૧૮૬૬ના માર્ચમાં ભાવનગરના મહારાજશ્રી યશસ્વત્સિંહજીએ એક રાજસભા ભરીને પોતાના વિજયી તથા યશસ્વી પ્રધાન રા. રા. ગૌરીશંકરની રાજ્ય-સેવાની પ્રશંસા કરીને 'તુર્ખા' નામે એક ગ્રામ ગ્રાસમાં આપી પોતાની ગુણજ્ઞતા દર્શાવી. એ રાજપ્રસાદ દાતા પ્રતિગ્રહીતા ઉભયને બહુ શોભાપ્રદ થયો.

ભાવનગર રાજ્યમાં જે જે સારાં પ્રજોપયોગિ કાર્યો થયાં તે સંબન્ધમાં પ્રસન્નતા દર્શાવવા તત્રભવતી મહારાણી વિક્ટોરિઆએ ભાવનગરના ઠક્કુર સાહેબ રાવલશ્રી યશસ્વત્સિંહજીને કે. સી. એસ. આઇ. ના સંમાનપ્રદ પદવતે ભૂષિત કર્યા. તે પ્રસંગે ઈ. સ. ૧૮૬૭માં ભાવનગરનું રાજ્યમણ્ડલ મુંબઈ આવ્યું હતું. એ વર્ષ સુધી સુરાષ્ટ્ર દેશમાંના રાજ્યકર્તા રાજાઓને તોપનું માન મળતું નહિ. એ સમયે તોપના માનનો આરંભ થયો. અને ભાવનગરના મહારાજશ્રીને તે માન પ્રથમ મળ્યું.

રા. રા. ગૌરીશંકર શાસ્ત્રસંસ્કારથી જાણતા હતા કે—

'क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा' । भ. गी. ४-१२

'આ મનુષ્યલોકમાં કર્મજા સિદ્ધિ શીઘ્ર થાય છે.' તે પ્રમાણે સ્વકર્મથી ઉપજતી–સ્વાશ્રયથી, સદાચારથી, તથા તજ્જનિત સદાશ્રયથી ઉપજતી ફલ-

સિદ્ધિ રા. રા. ગૌરીશંકરે મેલવી અને તેઓનો અભીષ્ટ અભ્યુદય થયો. એ સર્વ સમયમાં સ્વધર્મના શુભ સંસ્કારોને વર્ધમાન કરવામાં તેઓએ પ્રમાદ રાખ્યો ન હતો. ભાવનગર રાજ્યના ધુરંધર તેઓ હોવાથી યદ્યપિ મહાભાર તેઓએ વહવાતો હતો તથાપિ તેઓનો મનઃપ્રીતિકર ઉચ્ચાભિલાષ સ્વધર્મજ્ઞાનનું સંપાદન કરવાનો હતો. તેઓએ સિદ્ધાન્ત થયો હતો કેઃ—

"न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते" ।

भ. गीता. ४-३८.

'જ્ઞાનતુલ્ય શુદ્ધિકર આ વ્યવહારભૂમિમાં (કંઈ જ) છે નહિ.'

"सर्वेषामपि चैतेषामात्मज्ञानं परं स्मृतम् ।
तद्ध्यग्र्यं सर्वविद्यानां प्राप्यते ह्यमृतं ततः" ॥

मनुस्मृति. १२-८५

'એ સર્વમાં (વેદાભ્યાસ-આદિમાં ઉપનિષદ્‌ઉકત) આત્મજ્ઞાન છે તે પરમસ્મૃત છે. સર્વ વિદ્યાઓના મધ્યે તે જ અગ્ર્ય—પ્રધાન છે. કારણ તેથી જ અમૃત પમાય છે.' બુદ્ધિમાને સર્વોપરિ ગણાતા પરમપુરુષાર્થપ્રદ જ્ઞાનના પરિશીલનમાં રા. રા. ગૌરીશંકર અભિરુચિ રાખતા.

સ્વામીશ્રી પૂર્ણાનન્દ જેઓ 'ટોકરાસ્વામી' એ અપર નામે પ્રખ્યાત છે તેઓના શિષ્ય બ્રહ્મચારી નિત્યાનન્દ જેઓ 'ગણેશશાસ્ત્રી' એ સંજ્ઞાથી પ્રસિદ્ધ હતા તેઓને પ્રાર્થીને સંવત્ ૧૯૧૮ માં ભાવનગરમાં તેઓના પદ્ ધરાવ્યા. તેઓના મુખથી पञ्चदशी, नैष्कर्म्यसिद्धि, आत्मपुराण, शंकरभाष्यसहित प्रस्थानत्रय, उपदेशसाहस्री આદિ અષ્ટાદશ (૧૮) ગ્રન્થનું વિધિપૂર્વક શ્રવણ રા. રા. ગૌરીશંકરે તથા રા. રા. સન્તોષરામ દેશાઈએ વિક્રમ સંવત્ ૧૯૧૮ થી ૨૩ સુધી પાંચ વર્ષપર્યન્ત કર્યું. એ પ્રકારે શ્રવણ-મનન થયે અસંભાવના તથા વિપરીતભાવનારૂપ જ્ઞાનના પ્રતિબન્ધક દોષો છે તેનો નાશ થાય છે; તથા જ્ઞાનનિષ્ઠાયોગ્યતાલક્ષણા સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને એથી મોક્ષફલાવસાન-જ્ઞાનનિષ્ઠાની સિદ્ધિ થાય છે.

'ઉપાધિઓના ભેદથી એક એવ ચેતન નાનાત્વને પ્રાપ્ત છે. તે નામરૂપ ઉપાધિઓનું અધિષ્ઠાન જે 'सत्' તે જ સત્ય છે. તે सत् છે તે જ આત્મા છે અને તે सत् તે તું છું. શ્રવણ-મનન-નિદિધ્યાસનોએ કરી

કાર્યકારણસંઘાત જીવમાંના ચિદાભાસને तत्त्वमसि (તે તું છું) આદિ મહાવાક્યજન્ય ब्रह्मैवाहम् (સચ્ચિદાનન્દસ્વરૂપ બ્રહ્મ એવ હું જે કૂટસ્થ તે છું) ઇતિ જ્ઞાનથી, ઉપાધિનો વિલય થયે સતે, સ્વસ્વરૂપ જે સચ્ચિદાનન્દ, તેસહ અભેદે અવસ્થાન એ જ **મોક્ષ** છે.' એ ઉપનિષદોનો સિદ્ધાન્ત છે. તે શાસ્ત્રગુરુના પ્રસાદથી યથાર્થ જાણી તેઓ લબ્ધવિવેક થયા.

એ પ્રકારે, વિશિષ્ટવેદાન્તવિદ્યામાં સંપન્ન થયા. પછી તે વિદ્યાને અભ્યાસવતે અમ્લાના તથા અભિનવા રક્ષવાને સત્સમાગમમાં તે વિષયે તેઓ સંવાદ ચલાવતા. તેઓના વર્ગી સુજ્ઞ **ગોકુલજી** ઝાલાસહ એ પરાવિદ્યાવિષયક પત્રવ્યવહાર અપિ સારો ચાલ્યો જણાય છે. 'સુજ્ઞ **ગોકુલજી** ઝાલા તથા વેદાન્ત' નામે આ લેખકના પુસ્તકમાં એ શાસ્ત્રીય પત્રો પ્રસિદ્ધ થયા છે. રા. રા. **સામલદાસ** પણ પૂર્વોક્ત શ્રવણમાં એક શ્રોતા હતા. તેઓદ્વારા સુજ્ઞ **ગોકુલજીભાઇને** પત્રો લખાતાં અને સંવાદ પ્રવર્તતો. એકદેશીયોના સત્સમાગમમાં બુદ્ધિનું સંમેલન તથા સંશોધન થઈ આનન્દોત્સવ થાય એ સ્વાભાવિક છે. સ્વામી **રામકૃષ્ણભારતી**, **અધોક્ષજાનન્દ**, **સચ્ચિદાનન્દ**, **સદાનન્દગિરિ**, **કૈલાસપર્વત**, **રાજરાજેશ્વર**, **ચિદ્ઘનાનન્દગિરિ**, **બ્રહ્માનન્દ**, **ગમ્ભીરાનન્દસરસ્વતી**, આદિ અનેક મહાત્માઓનો સમાગમ રા. રા. **ગૌરીશંકરને** પ્રચલિત રહેતો.

એમ વ્યવહાર પરમાર્થ ઉભય વ્યવસાય વ્યવસ્થાપૂર્વક પ્રચલિત હતા. પરંતુ સંસારવ્યવહારની ચઞ્ચલતા અને અસ્થિરતા સુપ્રસિદ્ધા છે. મહારાજા **યશસ્વત્સિંહજી** સંવત્ ૧૯૨૬ ઈ. સન ૧૮૭૦ માં સ્વર્ગત થયા. તે વારે તેના કુમારશ્રી **તખ્તસિંહજીનું** વય ૧૨-૧૩ વર્ષનું હતું. ઠક્કુર સાહેબે મરણકાલે ઇચ્છાપત્ર (will) કર્યું હતું, કે કુમારશ્રીની બાલ્યાવસ્થામાં પોતાના પ્રધાન કાર્યભારી પ્રામાણિક. વિશ્વસનીય, અને સુપ્રતિષ્ઠિત રા. રા. **ગૌરીશંકર** છે તે રાજ્યકાર્ય ચલાવે, અને બ્રિટિષ્ મહારાજ્યના પ્રતિનિધિ-પોલિટિકલ એજન્ટ-ઉપરિસ્થરૂપે દૃષ્ટિ રાખે. તે કાલની રાજનીતિમાં તે રીતિ અનુકૂલ ન ગણાતી. કોઈ યૂરોપીય અધિકારીની યોજના એવે કાલે થવા પૂરો સંભવ હોય છે. તેમ ભાવનગરમાં પણ થાત. પરંતુ રા. રા. **ગૌરીશંકરની** યોગ્યતા તો સર્વમાન્યા હતી. રાજપુરુષની યોગ્યતા અને મહત્તા અને પ્રતિષ્ઠા રાજ્યને કેવી ઉપયોગિની થાય છે એનું એ પ્રસંગનો વૃત્તાન્ત ઉદાહરણ હતું. પોલિટિકલ ક. **એન્ડરસને** ભાવનગર-વિરુદ્ધ લખાણ કર્યું. અનેક પ્રકારની લોકવાર્તા ચાલવા માડી. રા. રા.

ગૌરીશંકરે ઉપમન્ત્રી* અને ઉપસચિવ† રાજ્યકાર્યકુશલ રા. રા. સામલદાસને મુંબઇપ્રાન્તાધીશ ગવર્નર સર સેમોર ફિટ્ઝજેરાલ્ડપાસે મોકલ્યા. તેઓ મુંબઇથી ભાવનગર રાજ્યના પ્રતિનિધિ શેઠ મેરવાનજી ભાવનગરીને સાથે લઈ ગવર્નર સાહેબ મહાબળેશ્વર હતા. ત્યાં ગયા. તે સમયે પોલિટિકલ સેક્રેટરી મિ. વેડ્રબર્ન જેવા ન્યાયી અને સમભાવી પુરુષ હતા. યથાવિધિ વૃત્તાન્ત નિવેદન થતાં ગવર્નર સાહેબે કોઈ મધ્ય માર્ગ કહાડવા સંકલ્પ કરયો, અને રા. રા. ગૌરીશંકરને સમક્ષ મલવા ઇચ્છા જણાવી. પુનામાં તેઓનું મિલન થયું. રા. રા. ગૌરીશંકરની કુશલતા અને દક્ષતા જોઈ ગવર્નર સાહબ બહુ પ્રસન્ન થયા. અને મિ. ઈ. એચ. પર્સિવલને સહકારી નિયોજી ભાવનગર સંસ્થાનનું રાજ્ય, સંયુક્તપ્રવર્તકોદ્વારા ચલાવવા નિર્ણય થયો. તેથી ભાવનગર રાજ્યના લાભ અને શોભામાં વૃદ્ધિ બની રહી.

એ સંયુક્તરાજ્યવ્યવહાર સન ૧૮૭૮ ના એપ્રિલ માસ સુધી ચાલ્યો. તેમાં લોકોપયોગિ બહુ કાર્યો થયાં. ભાવનગરમાં સન ૧૮૭૧ માં "ગૌરીશંકર જલાશય." સરકો, કૂવા, તલાવો. પૂલો, સૂત્રકાપડનાં યન્ત્રો, વૃક્ષારોપણ, સાર્વજનિક ધર્મશાલાઓ, કેટલાક સારા ધારા તથા નિયમો ઇત્યાદિ ઉપસ્થિત થયાં. સુરાષ્ટ્ર પ્રાન્તમાં પણ તે સન્ધિમાં બહુ પ્રસંગો—રાજકુમારપાઠશાલા, રાજસ્થાનિક સભા, અફીણ‡ તથા મિઠાસંબન્ધમાં વ્યવસ્થા, દિલ્લી દરબારમાં જવું ઇત્યાદિ ઉપસ્થિત થયાં. તેઓમાં પણ રા. રા. ગૌરીશંકર એક અગ્રેસર રાજપુરુષ હોય જ એમાં તો કહેવું શું! સહકારી મિ. પર્સિવલ એ સંબંધમાં લખે છે કેઃ-"રાજકાર્યનિમિત્ત આપના અને મારા સંયોગાદિથી વિયોગાવધિ કોઈ દિવસ કોઈ કાર્યમાં આપણો મતભેદ થયો નથી, તેથી આપને વિષે સરકારી રીતે તથા ખાનગી રીતે મને પૂરો સન્તોષ થયો છે." એ ગુણમાનપત્ર રા. રા. ગૌરીશંકરની રાજ્યનીતિજ્ઞતાના સૂચિપત્રસમાન છે.

રા. રા. ગૌરીશંકર જેવા રાજ્યકાર્યકુશલ અને બહુ પ્રકારે સંમાનનીય પુરુષને માન આપીને ગુણજ્ઞતા તથા પ્રસન્નતા દર્શાવવી એ બ્રિટિષ્ સામ્રાજ્યના મુખ્ય અધિકારી કર્તવ્ય ગણે એ તેઓના સંપ્રદાયને

---

* બુદ્ધિસહાય. † કાર્યસહાય.

‡ અફીણ સંબન્ધી નવા કરાર થયા તેથી બ્રિટિષ્ મહારાજ્યને રૂ. ૪,૦૦,૦૦૦) ચાર લાખના નવા કરનું આય થયું.

ઉચિત હતું. તદનુસાર ઈ. સ. ૧૮૭૭ના દિલ્લી દરબારમાં રા. રા. **ગૌરીશંકરને** (C.S.I.) સી. એસ. આઈ.નું માનદ પદ મળ્યું.

તત્રભવાન્ મહારાજશ્રી **તખ્તસિંહજીને** તા. ૫ એપ્રિલ સને ૧૮૭૮ ને દિને મિ. જે. બી. **પીલે** રાજ્યસભા ભરીને સંભાષણપૂર્વક રાજ્ય સ્વાધીન કર્યું. તે સમય પછી પણ રા. રા. **ગૌરીશંકર** જ પ્રધાનપદે રહ્યા. એ સન્ધિમાં 'ભાવનગર-ગોંડલ રેલવે'નો આરંભ થયો એ પણ રા. રા. **ગૌરીશંકરના** સંકલ્પનું શુભ ફલ હતું.

રા. રા. **ગૌરીશંકરનો** અભ્યુદય યથેષ્ટ થયો એ તેઓનો વૃત્તાન્ત જ સ્પષ્ટ કરે છે. જન્મસાફલ્યકર અભીષ્ટ જે નિઃશ્રેયસ તે સારૂ તેઓની તીવ્રવૃત્તિ થાય એ તેઓ જેવા બુદ્ધિમાનને સ્વાભાવિક હતું.

યથાકાલે લેવું અને યથાકાલે દેવું કિંવા ગ્રહવું તેમ જ મૂકવું જે પુરુષ જાણે છે તે જ પ્રવીણ પુરુષ ગણાય છે. અર્જન અને વિસર્જન એ ઉભય કાર્યની અનુકૂલતા કોઈ વિરલ પુણ્યાત્મા ભાગ્યશાલીને જ આવે છે. રા. રા. **ગૌરીશંકરને** રાજ્યભારથી મુક્ત થવાની અનુકૂલતા પણ યથેષ્ટ આવી. શુભસન્તતિ ઉદયશંકર અને અખણ્ડસૌભાગ્યવતી **અજબબાની** પ્રજા ભાવનગર સંસ્થાનમાં સર્વોપરિ પ્રધાનપદે સંબન્ધાવાને સૂજાઈ હોય એમ થયું હતું. તેઓની એક પુત્રી **અચીબાના** પતિ રા. રા. **સેવકરામ** દેશાઈ ભાવનગર સંસ્થાનના મુખ્ય કાર્યભારી થયા હતા. બીજી પુત્રી **રાજુબાના** પતિ રા. રા. **પરમાનન્દદાસ** પણ એ રાજ્યના પ્રધાન થયા હતા. **ગૌરીશંકર** એ **પરમાનન્દદાસના** અનુયાયી હતા. જેના અનુયાયી થવું તેના જ સુપાત્ર પુત્રને પોતાના અનુયાયી કરવાનું ભાગ્ય અને માન કોઈક જ પુણ્યશાલીને પ્રાપ્ત થાય છે. રા. રા. **ગૌરીશંકર** તેવા વિરલપુણ્યશાલી પ્રતીત થયા. તેઓ સંવત્ ૧૯૩૫ના પૌષ વદિ ૫ સોમવાર, તા. ૧૩ જાન્યુઆરી સન ૧૮૭૯, મકરસંક્રાન્તિના શુભ દિને રાજ્યભારથી મુક્ત થયા અને તે રાજ્યધુરામાં પોતાની ભગિનીના અને પૂર્વયાયી **પરમાનન્દદાસના** પુત્ર અને રાજ્યના ઉપપ્રધાન રા. રા. **સામલદાસ** નિયોજાયા. જે સ્વાશ્રયી પુરુષે રૂ. ૭૫) ના વાર્ષિક વેતનથી રાજ્યસેવામાં પ્રવેશ કરેલો તેનું, સદ્બુદ્ધિ તથા સદ્વર્તનથી રાજ્યસેવામાંથી મોક્ષણ સમયે, વાર્ષિક સદુપાર્જન—રૂ. ૨૦,૦૦૦) ના વંશપરંપરાના ગ્રાસરૂપ ગ્રામ અને રૂ. ૨૦,૦૦૦) વિશ્રામવૃત્તિ (પેન્શન) કુલ રૂ. ૪૦,૦૦૦)નું વર્ષાશન. કેવો અલ્પ આરમ્ભ અને કેવો વિસ્મયજનક મહાન્ અન્ત! દેશીય રાજ્યની યથાર્થ સેવાનાં એવાં અસાધારણ પ્રતિફલ છે.

આપણા બ્રિટિષ્ સામ્રાજ્યના એક મુખ્ય પ્રધાન લાર્ડ રોઝબરી, પૂર્વના મુખ્ય પ્રધાન પ્રખ્યાત પિટ્ટ(Pitt)ના જીવનચરિત્રમાં એક વૃત્તાન્ત લખે છે કે,—એક* પ્રસંગે રાજપુરુષોમાં સંવાદ ચાલ્યો કે મુખ્ય પ્રધાનમાં કયો ગુણ આવશ્યક છે. કોઇએ વક્તૃતા કહી, કોઇએ વિદ્યા કહી, કોઇએ પરિશ્રમ કહ્યો. પિટ્ટે 'સહનશીલતા'—'ક્ષમા' (Patience) કહી. પ્રતાપી પિટ્ટ પ્રધાનનો એ અનુભવસિદ્ધ શબ્દ એક ગ્રન્થસમ બોધક છે. રાજ્યપ્રસંગમાં સહનશીલતા વા ક્ષમાસમાન સિદ્ધિદાયક અન્ય કઈં છે નહિ. રા. રા. ગૌરીશંકરમાં એ ગુણ અધિક અંશે હતો.

મહાકવિ મિલ્ટન પણ કહે છે કે:—

"Who best can suffer best can do."

'જે સુતમ સહી શકે છે તે સુતમ કરી શકે છે.' એ યથાર્થ છે. સર્વ પ્રાણિપદાર્થનું આધારસ્થાન આ મહતી પૃથિવી તેની સહનશીલતા સર્વમાન્યા તથા લોકપ્રસિદ્ધા છે. મહાજનની મહત્તાનું માપ તેનામાં અન્યને આધાર–આશ્રય–આપવાની શક્તિઅનુસાર થાય છે. અને તે આધારનું બલ સહનશીલતામાં છે. સહનશીલતા અને ફલપ્રદતા એ મહત્તાનાં મુખ્ય લક્ષણ છે. સહનશીલતા વા ક્ષમા એ શક્તિમાન્‌નું ભૂષણ છે. महाभारत-માં ઉદ્યોગપર્વમાં તથા વનપર્વમાં પ્રસંગોપાત્ત વારંવાર વદે છે કે—

"क्षमा वशीकृतिर्लोके क्षमया किं न सिध्यति"

'લોકમાં ક્ષમા છે એ વશીકરણ છે, ક્ષમાએ કરી શું સિદ્ધ થાય નહિ.' અર્થાત્ ક્ષમાવતે સર્વ સિદ્ધ થાય છે.

વિક્રમના વિશમા અને ક્રાઇસ્ટના ઓગણિશમા શતકમાં આ દેશમાં, સમર્થ રાજ્યકાર્યભારીઓ પ્રધાનપદ પામીને પ્રખ્યાત થએલા, આ લેખકના જોયા જાણ્યામાં છે તે મુખ્ય અષ્ટ પ્રધાનો છે. દક્ષિણમાં સર ટી. માધવરાવ, મધ્યભાગમાં સર સલારજંગ તથા સર દિનકરરાવ અને પશ્ચિમ ભાગમાં સુરાષ્ટ્રાદિમાં સદ્‌ગતાનુક્રમે પઞ્ચ જન–સુજ્ઞ ગોકુલજી ઝાલા, સામલદાસ પરમાનન્દદાસ, ગૌરીશંકર ઉદયશંકર, હરિદાસ વિહારિદાસ તથા મણિભાઈ યશાભાઈ છે. તેઓ રાજ્યકાર્યમાં કુશલ હતા એટલું જ નહિ, કિંતુ મહત્તાએ તથા સુજનતાએ સંપન્ન થવામાં અને પુરુષાર્થસિદ્ધિમાં,—સ્વાશ્રય, ઉદ્યોગ,

---

* *Pitt* by Lord Rosebery, 1891, pp. 264–5.

ઉત્સાહ, સારગ્રહણશક્તિ, વિદ્યા, વિનય, સભ્યતા, ગુણરાગ, સત્યતા, રાજ્યભક્તિ, ન્યાયાર્જનતા, દીર્ઘદૃષ્ટિ, એકનિષ્ઠા, સત્સમાગમ, દક્ષતા, સદ્વૃત્તિ, સત્શક્તિ, ઉન્નતેચ્છા, સ્વધર્મજ્ઞતા, સમભાવઆદિ—સાધનગુણો જોઈએ તે ન્યૂનાધિક એ સર્વમાં હતા. પરંતુ પ્રત્યેકમાં તરી આવેલા ગુણો કઈંક આમ પ્રતીત થતા. સુજ્ઞ **ગોકુલજી** ઝાલામાં બ્રહ્મનિષ્ઠા, વિદ્વત્તા, રાજ્યનિષ્ઠાદિ; **સામલદાસ**માં બુદ્ધિમત્તા, ધૈર્ય, રાજ્યનીતિજ્ઞતાદિ; **ગૌરીશંકર**માં સ્મરણશક્તિ, રાજ્યનિષ્ઠા-બ્રહ્મનિષ્ઠાદિ; **હરિદાસ**માં સત્યનિષ્ઠા, સ્પષ્ટકથનતા, નિરભિમાનતાદિ; **મણિભાઈ**માં ઉત્સાહ, ઉદ્યોગ, * ઉન્નતેચ્છાદિ. સજ્જનો અન્યજનોના સુખના અનુમોદક તથા દુઃખના અનુશોચક હોય છે; સુખના ગુણકાંક થઈ જનસુખને વર્ધમાન કરે છે અને દુઃખના ભાંજકાંક થઈ દુઃખને ક્ષયમાણ કરે છે. સજ્જનો સર્વપ્રકારે કલ્યાણકારી છે.

મન્દબુદ્ધિ નગુરા વિષયાસક્ત પ્રાકૃત જનો રાજ્યભાર મૂક્યા પછી કુટુમ્બભારમાં કે ગ્રામભારમાં રજલીને કે વિષયવાસનામાં રગદોલાઈને આયુષ્ય ગાલી દે છે. પરંતુ મહાશય બુદ્ધિમાન્ પુરુષનો ઊર્ધ્વગામી પન્થ કંઈ અન્ય જ હોય છે. તે તો પોતાની પૂર્વાવસ્થામાં જ ઉત્તરાવસ્થાનાં સાધન સંપાદિત કરીને સજ્જ રહે છે, અને અધિકાધિક ઉન્નતિને ઉત્તરોત્તર પામે છે. એવા પ્રાપ્તવિવેક પુરુષ જ સ્વ-પર-કલ્યાણકારી થઈ કૃતકૃત્ય થાય છે. તેનું રા. રા. **ગૌરીશંકર**ના ઉત્તર વૃત્તાન્તથી દર્શન થશે.

રા. રા. **ગૌરીશંકર**ના અત્રાવધિ સજ્જીવનથી આપણા જાણવામાં આવ્યું છે કે તેઓ દીર્ઘદૃષ્ટિ, શુભસંસ્કારી તથા લબ્ધવિવેક હતા. તેઓનું વિદ્યાસંપાદન વિવાદાર્થે કિંવા વઞ્ચનાર્થે ન હતું કિંતુ સારાસારવિવેકાર્થે તથા વિનયાર્થે હતું; અને તેઓના અધિકારનો ઉપયોગ ગર્વ અને પરપીડાકાજે ન હતો કિંતુ લોકોપયોગી થવા સારૂ હતો; તેઓ નમ્રત્વથી જ ઉન્નતિ પામતા. તનુ-મનના આહારની શુદ્ધિથી જ સત્ત્વશુદ્ધિ અને તેથી તેઓને ધ્રુવા સ્મૃતિ પ્રાપ્ત થઈ હતી. સુગમ્યતાથી તથા પરકાર્યમાં અપ્રવેશ (accessibility and non-interference) થી જ તેઓ લોકપ્રિય અને બહુમાન્ય થયા હતા. તેઓમાં 'કાર્યદક્ષતા-મિશ્રિત-પટુતા, શાન્તિ-મિશ્રિત-નિર્ભયતા, અને વિનય-મિશ્રિત-સ્પષ્ટવક્તૃતા' હતાં. તેઓ શિષ્ટો પ્રતિ પ્રમોદવાન્, સમાનો પ્રતિ સ્નેહવાન્, કનિષ્ઠો પ્રતિ કરુણાવાન્ અને વિરુદ્ધો પ્રતિ ઉપેક્ષાવાન્ પ્રતીત થતા.

---

* આદરપૂર્વક યત્ન.

તેઓ સ્વધર્મસંબન્ધમાં સત્યમતધારી–સત્પથગામી (orthodox*)–હતા અને વ્યવહારસંબન્ધમાં તેઓ ઉચ્છેદક–મારક–નહિ કિંતુ પૂર્વ-પશ્ચિમના સારગ્રાહી અન્વર્થ સુ- ઉદ્ધારક વા સમુદ્ધારક (an improver, in contrast to a reformer†) સંસ્થાપક, રક્ષક, તારક હતા.

રા. રા. **ગૌરીશંકર** સંપૂર્ણ સ્વધર્મનિષ્ઠ હતા. તેઓ સનાતન વર્ણાશ્રમ-ધર્મના જ્ઞાતા હતા અને તેથી તેને શ્રેષ્ઠ માનતા હતા. તે વિમલવંશીને સ્વધર્મબોધે બહુ તુષ્ટિપુષ્ટિ આપી હતી તેથી તેઓ સદ્વિચારી અને સદાચારી હતા. તે સદ્ધર્મજ્ઞતાના સચ્ચારિત્ર્યથી તેઓ દેશીયોના તેમ જ યૂરોપીયોના બહુમાનને પાત્ર થયા હતા. દેશીયોનો તો તેઓ પ્રતિ પૂજ્યભાવ હતો. સારા યૂરોપીયોનો પણ તેઓ પ્રતિ કેવો ઉચ્ચ આદરસત્કાર હતો તે, તે યૂરોપીયોના લેખો અને ભાષણોમાં પ્રસિદ્ધ છે.

સ્થાનિક પોલિટિકલ એજન્ટોથી તે પ્રાન્તાધિપતિ ગવર્નરોપર્યન્તના તે સંમાનપાત્ર હતા. લાર્ડ **એલ્ફિન્સ્ટન**, (સન ૧૮૫૫-૬ માં પ્રથમ મલ્યા પછી) સર રસલ ક્લાર્ક (સન ૧૮૫૭-૬૨), સર **બાર્ટલ** ફ્રીયર (સન ૧૮૬૨-૬૭), સર **સેમોર** ફિટ્ઝ્‌જેરાલ્ડ (સન ૧૮૬૭-૭૨), સર **ફિલિપ** **વોડહાઉસ** (સન ૧૮૭૨-૭૭), સર રિચર્ડ ટેમ્પલ (સન ૧૮૭૭-૮૦), સર **જેમ્સ** ફર્ગ્યુસન (સન ૧૮૮૦-૮૫), લાર્ડ **રે** (સન ૧૮૮૫-૯૦) અને ત્યાર પછીના સર્વ ગવર્નરોની સંભાવનાના રા. રા. **ગૌરીશંકર** સત્પાત્ર હતા. તત્રભવતી મહારાજ્ઞી **વિક્ટોરિઆના** પૌત્ર પ્રિન્સ **આલ્બર્ટ** ઈ. સ. ૧૮૯૦ માં પ્રવાસાર્થે ભરતખંડમાં પદ ધરયા હતા. તેઓ ભાવનગર ગયા હતા. એક ગૃહસ્થને મલી શકે તેવા માનો ઉપર શિખર ચહડતું હોય તેમ તે સમયે થયું. રા. રા. **ગૌરીશંકરે** પુત્ર પૌત્ર પ્રપૌત્રીને સંપત્તિ સોંપી પોતે ચતુર્થાશ્રમ સ્વીકાર્યો હતો. તેઓના મઠરૂપ વાસસ્થાનમાં પ્રિન્સ **આલ્બર્ટે** પોતે પદ્ધારીને અપર્વ માન આપ્યું હતું. ડાક્ટર **માક્સ** મૂલર, સર એડવિન **આર્નલ્ડ**, સર **માનિયર** ઉલ્લિયમ્સ તથા **સર જાહન જાર્ડીન**, મિ. **વાઇલી** આદિ યૂરોપીય વિદ્વાનોના અપિ રા. રા. **ગૌરીશંકર** પ્રશંસાપાત્ર થઇ અધિક પ્રસિદ્ધ થયા છે.

---

* *Orthos*=right, and *doxa*=an opinion. Right—sound—in opinion and doctrine.

† જુઓ *Thoughts upon Government*, by Arthur Helps. Dedication.

દેશીયોમાં પણ તત્રભવાન્ મહારાજા હોલકરઆદિના, રાજ્યપ્રધાનોમાં પણ સર ટી. માધવરાવઆદિના, દેશહિતે રત દાદાભાઈ નવરોજી આદિના રા. રા. ગૌરીશંકર સદ્ભાવના તથા સ્નેહમમતાના પાત્ર થયા હતા.

રા. રા. ગૌરીશંકરની સ્મરણશક્તિ અસાધારણ હતી એ તો સુપ્રસિદ્ધ છે. તેઓ પ્રતિભાનવાન્ અને સમયોચિત ઉત્તર દાતા પણ હતા.

સર ટી. માધવરાવ, વડોદરા રાજ્યના મુખ્ય પ્રધાન સન ૧૮૭૮ માં ભાવનગર જોવા પધાર્યા હતા. સર્વ મંડલસહિત તેઓ "ગૌરીશંકર જલાશય" જોવા ગયા હતા. તે જોઈ બહુ પ્રસન્ન થયા અને વિનોદમાં રા. રા. ગૌરીશંકર પ્રતિ વદ્યા કે:—"આ તલાવનો જે ખર્ચ થયો હોય તેનો બમણો ખર્ચ લઈ એ તલાવ અમને વડોદરે મોકલી આપો." એના ઉત્તરમાં સમયસંવાદી રા. રા. ગૌરીશંકર વદ્યા કે:—"નામદાર ગાયકવાડ સરકાર અમારા મુરબ્બી હોવાથી આ તલાવ તેઓ નામદારને અમે નજર કરીએ, પણ એ તલાવ લઈ જવું એ આપના હાથમાં છે."

ઉપરનો સંવાદ થયો તે સમયે ઉભય રાજ્યોનું સંભાવિત મંડલ ત્યાં હતું તે સર્વને વિનોદાશ્ચર્ય થાય એ સ્વાભાવિક હતું.

રા. રા. ગૌરીશંકરમાં દાનવૃત્તિ પ્રિયવાક્સહિતા હતી, અને સ્વતન્ત્રતા માર્દવસહિતા હતી. એકલા પ્રભાવ તથા પ્રતાપને લીધે નહિ કિન્તુ તેઓના ચારિત્ર્યબલથી તેઓની મહત્તા હતી.

'તેઓ સ્વગુણોનાં ફલોએ કરી નત હતા, સજ્જનોના કુટુમ્બીસમ હતા,' ગુણોને એવ પૂજાસ્થાન ગણતા તેથી ગુણરાગી અને નિરભિમાની હતા. સુજ્ઞ ગોકુલજી ઝાલાના મુખથી એક વેદાન્તજ્ઞાનનો ગ્રન્થ શ્રવણ કર્યા પછી તે પ્રતિ પોતાનો સ્વાભાવિક સસ્નેહપૂજ્યભાવ પ્રદર્શિત કર્યો હતો એ, તથા પત્રવ્યવહારમાં પોતાના નામની સહિ 'ગગા ઉદયશંકર' એ સંજ્ઞાથી અન્ત સુધી કરતા એ એમના ગુણરાગ અને નિરભિમાનતાના પ્રત્યક્ષ પ્રમાણરૂપે પ્રસિદ્ધ છે.

તેઓ બાહ્યાન્તર્ દમ્ભરહિત રહેતા, તેઓ શુદ્ધ સ્વચ્છ અને મહાર્ઘ વસ્ત્રો ધારણ કરતા, અને અકૃત્રિમ સરલ અને વિનીત ભાવે વર્તતા. તેઓ નિયમિત સમયે નિયમિત કાર્યકારી તથા સમયપાલક હતા. તેઓ બહુ જ મિતાહારી હતા. તેઓની પિત્તપ્રકૃતિ હોવાથી દાડિમનો તાજો રસ કઢાવી મધ્યાહ્નોત્તર પીતા.

संस्कर्त्री उत्तरावस्था.

દેશના અસ્તકાલમાં જે શ્રી તથા સરસ્વતી નિસર્ગભિન્ના પ્રતીત થાય છે એટલું જ નહિ કિંતુ રાજ્યશ્રી, શૌર્યશ્રી, કલાશ્રી, વ્યાપારશ્રી, આદિ શ્રીઓ પોતે પણ એકસ્થા થવી એ દુર્લભ થઈ પડે છે, તે શ્રી તથા સરસ્વતીનો દુર્લભ એકસંશ્રય જે દેશમાં થાય છે તે દેશ અવશ્ય ઉદયદિશામાં હોય છે.

હાલ યૂરોપમાં એમ છે. ગ્લાડસ્ટન જેવાઓમાં રાજ્યશ્રી અને સરસ્વતીનો એકસંશ્રય પ્રસિદ્ધ છે. આ દેશમાં કાલિદાસ, માઘ, સાયણ માધવ, આદિમાં અપિ શ્રીનો તથા સરસ્વતીનો યોગ પ્રસિદ્ધ છે.

આપણા ગૌરીશંકરમાં અપિ એ દુર્લભ સંશ્રયના અંશો હતા એ જાણી કયા સમજુ દેશીયને આનન્દ નહિ થાય?

અધિકારી થયા વિના બોધક થવાના લોભી લેખકો ધર્મસંબન્ધી લેખો લખવાનો અવિવેક કરે છે અને પોપ કવે છે કે,—

"Fools rush in where angels fear to tread." 'જ્યાં પાદ મુકતાં પણ દેવદૂત જેવા બીને છે ત્યાં મૂર્ખો ધસે છે,' એ રીતિ અનિષ્ટ છે. તેમ ન કરતાં ઉત્તમ પ્રકારના ગ્રન્થોના શ્રવણ મનનથી પ્રાપ્તજ્ઞાન થઈ, એ યોગ્યતાપૂર્વક રા. રા. ગૌરીશંકરે ગ્રન્થ ગુમ્ફવાનો આરમ્ભ કરયો. વિ. સંવત્ ૧૯૪૦ માં श्रीस्वरूपानुसन्धान * નામે જે વેદાન્તવિષયક ગ્રન્થ, જેમાં 'બ્રહ્મ-આત્માના એકત્વનો સપ્ત પ્રક્રિયાએ કરી વિચાર' છે, અને જે સુજ્ઞ ગૌરીશંકર પોતે સવિનય લખે છે તેમ 'વેદાન્તનું શ્રવણ યથામતિ થયું તેના તાત્પર્યાર્થના અનુસન્ધાન'-અર્થે રચ્યો છે, અને 'જે લઘુ ગ્રન્થ નિર્ગુણ તથા સગુણ બ્રહ્મની ઉપાસનામાં પ્રવૃત્તિ થવા સારૂ તથા બ્રહ્મ આત્માના એકત્વવિષયે યથાર્થજ્ઞાન થવા સારૂ સર્વ મુમુક્ષુ અધિકારીઓને પરમ પ્રીતિથી ગ્રન્થ-કર્તાએ અર્પણ કર્યો છે,' તે ગ્રન્થ પ્રસિદ્ધ થયો. એ ગ્રન્થમાં ઉત્તમ સંગ્રહ છે તેથી સર્વ મુમુક્ષુઓને સૂચના છે કે એ ગ્રન્થ વારંવાર વિચારીને સંપૂર્ણ લાભ લેવો.

---

* ગૌ૦ જીવન ચરિત્રનું પૃષ્ઠ ૪૪૩ જુઓ.

મનઃકાન્ત વિષયના બહુ જનો ભાગી ભોગી થાય એમ સર્વપૂજ્ય આર્યજનોનો સ્વભાવ હોય છે. તદનુસાર રા. રા. ગૌરીશંકર પોતાના સંબન્ધમાં આવતા અધિકારી જનોને સંસ્કર્ત્રી અવસ્થામાં પ્રસંગોપાત્ત જ્ઞાનબોધ કરતા. જ્ઞાનીની દૃષ્ટિમાંથી વિરુદ્ધભાવ દૂર થાય છે એ સંબન્ધમાં તેઓ કહેતા કે :—

"જ્ઞાનીનો ગમો તે જેમ નાખે તેમ સમો,
અબુધનું બુધું તે જેમ નાખે તેમ ઉંધું."

વિખ્યાત સદ્ગત મણિભાઈ એકવાર ભાવનગર આવ્યા હતા. તેઓનો અનુકરણીય ગૌરીશંકર પ્રતિ બહુ ઉચ્ચ ભાવ હતો. ગુણરાગી ગૌરીશંકરની મમતા પણ ગુણી ઉદયવાન્ મણિભાઈ ઉપર બહુ હતી. રાજ્યકાર્યકુશલ મણિભાઈ જન્મસાફલ્યકર ધર્મજ્ઞાનમાર્ગમાં પણ પ્રવીણ થાય એવી શુભેચ્છાથી તેઓએ સ્નેહમમતાપૂર્વક એકા ઉપનિષદ્નું પુસ્તક મણિભાઈને આપીને જ્ઞાનમાર્ગમાં પણ વર્ધમાન થવાનો શુભાશીર્વાદ આપ્યો હતો. એ આશીર્વાદને સફલ કરવા ઉન્નતેચ્છાવાન્ મણિભાઈ પ્રયત્નવાન્ પણ હતા.

એક પ્રસંગે કોઇએ **स्वरूपानुसन्धान** ગ્રન્થની પ્રશંસા કરી પણ તે સાથે તેમાં સંસ્કૃત શબ્દો બહુ છે, તે સરલ ભાષામાં લખ્યો હોત તો સારૂં થાત એમ પણ તેણે કહ્યું. રા. રા. ગૌરીશંકર તે સાંભલી હસ્યા અને બોલ્યા કે :—'આચમન કરવું' તેને ઠેકાણે 'પાણી ફાકવું' એવું અમારાથી તો નહિ લખાય.

રા. રા. ગૌરીશંકર ઉપાર્જિત દ્રવ્યનો સત્પાત્રે ત્યાગ કરી તે રૂપે રક્ષણ કરવામાં પણ સારા હતા. તેઓએ સંવત્ ૧૯૧૧ના વર્ષમાં શ્રીકાશીમાં શ્રીહાટકેશ્વર મહાદેવનું સ્થાપન કરી એક ધર્મશાલા નિર્માણ કરી હતી. અને તેમાં સ્વામિશ્રી **रामकृष्णभारती**ને પદ્ધરાવ્યા હતા. તત્ર કાશીમાં તથા કરનાલીમાં સંન્યાસિઅન્નસત્ર સ્થાપ્યાં હતાં. ભાવનગરમાં **वेदशाला** સ્થાપી છે. તેઓશ્રીએ સ્વહસ્તે રૂ. ૭૧,૦૦૦) શિવાલયો, ધર્મશાલાઓ તથા જલાશયોમાં સમર્પ્યા હતા; રૂ. ૨૮,૦૦૦) વિદ્યાવૃદ્ધિ, અનાથદુઃખનિવારણઆદિમાં સમર્પ્યા હતા; અને રૂ. ૧૬,૦૦૦) સંસ્કૃત–પ્રાકૃત ગ્રન્થોની પ્રસિદ્ધિમાં તથા ગ્રન્થકારોને આશ્રયમાં સમર્પ્યા હતા. એમ કુલ રૂ. ૧,૧૫,૦૦૦)ને આશ્રયે તેઓનું ધર્માદાય હતું. તેઓના મહાગૃહસ્થાશ્રમને અનુરૂપ અન્ય

પ્રકીર્ણ દાનો તો હોય તેમાં તો વક્તવ્ય જ શું? તેઓ વિદેહમુક્ત થયા અનન્તર તેઓના પુત્રો રા. રા. વિજયશંકરે તથા પ્રભાશંકરે આરાધનાદિની ઉત્તરક્રિયામાં યથોચિત જ્ઞાતિભોજનાદિ કરીને તે સાથે રૂ. ૬૦,૦૦૦) ધર્માદાયમાં વાવી તે પ્રકારે પણ રા. રા. ગૌરીશંકરનું નામસ્મરણ રાખવા પ્રયત્ન કરચો છે.

श्रीसच्चिदानन्दसरस्वती.

યદ્યપિ 'ज्ञस्यानन्दमयं जगत्' (જ્ઞાનીને જગત્ આનન્દમય) છે તથાપિ કૃતાર્થ સુજ્ઞ વન્દ્ય ગૌરીશંકરે મનુષ્યદેહ સંપૂર્ણ સાર્થક કરવા વિક્રમ સંવત્ ૧૯૪૨ ના આષાઢ સુદિ ૮—૧૧ પર્યન્ત શ્રૌત-સ્માર્ત ક્રિયાઓ કરી સર્વનો ત્યાગ કરી સર્વને અભય તથા શુભાશીર્વાદ આપી પરમહંસ પરિવ્રાજકાચાર્ય ગુરુ ગોવિન્દાનન્દસરસ્વતીથી સંન્યાસાશ્રમ સંપાદિત કરચો. ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે, વારંવાર એવા કૃતકૃત્ય મહાત્માઓ ધન્ય છે. ગુરુએ શિષ્યને ઉચ્ચાસને આરોપી અભેદદૃષ્ટિએ પૂજન કર્યું અને श्रीसच्चिदानन्द-सरस्वती એ સંજ્ઞા સમર્પી વન્દન કર્યું.*

એ પ્રકારે મોક્ષૈકફલ ચતુર્થાશ્રમના,—શ્રવણમનનનિદિધ્યાસનોએ કરી પરતત્ત્વવિદિતવાને સંપાદ્યમાન,—વિદ્વત્સંન્યાસનું સંપાદન થયું. યાત્રાદિકની તેઓને અશક્તિ હોવાથી તે કુટીચક સંન્યાસ હતો. વિદ્વતસંન્યાસ જીવન્મુક્તિના વિલક્ષણ સુખાર્થ હોય છે. જગતની કિંવા પ્રપંચની પ્રતીતિસહિત બ્રહ્મસ્વરૂપે કરી અવસ્થિતિ એ जीवन्मुक्ति છે. જગતની કિંવા પ્રપંચની પ્રતીતિરહિત બ્રહ્મસ્વરૂપે કરી અવસ્થિતિ એ विदेहमुक्ति છે. નિરાવરણ પરિપૂર્ણ સવૃત્તિક આનન્દ એ જીવન્મુક્તિનો વિલક્ષણ આનન્દ છે.

શ્રીસચ્ચિદાનન્દ-સરસ્વતીનો મઠ એ, વિદ્વાનોનું, મહાત્માઓનું, તથા સંન્યાસીઓનું સમાગમસ્થાન થયું અને ત્યાં નિત્ય નિયમિત શાસ્ત્રશ્રવણ-સુખ વિસ્તરવા માંડ્યું.

પ્રાપ્તજીવન્મુક્તિ પ્રારબ્ધપ્રતિભાસનાશપર્યન્ત સર્વત્ર સ્વરૂપ એવ દર્શતા સ્વરૂપાનુસન્ધાનવાન્ સચ્ચિદાનન્દ-સરસ્વતી, વિક્રમાબ્દ ૧૯૪૮ ના માર્ગશીર્ષ સુદિ ૧ પુણ્ય તિથિએ, નિર્વાણમુક્તિ પ્રતિ પ્રાપ્ત થયા.

* એ તૃતીય-ચતુર્થાશ્રમના સન્ધિનું મૂલ ગ્રન્થનું ૧૩ મું પ્રકરણ વાંચવા સર્વ મુમુક્ષુઓને સૂચના છે. તેમાંથી બહુ પ્રકારના બોધ પ્રાપ્ત થઈ શકે એમ છે.

શંકર નિર્વાણમુક્તિ આવી વદે છે:—

" પ્રાય: જીવન્મુક્ત અકામ અસ્તકામ સ્થિતે છે, પરંતુ નિરતિશય સુખ-અર્થે—પરમાનન્દઅર્થે—આત્મકામ થાય છે અને તે પ્રાપ્ત થયે તે પુરુષને દેહાવસાન પ્રાપ્ત સતે તેના પ્રાણો ઉત્ક્રમણ કરતા છે નહિ, કિંતુ યથા લવણ સ્વકારણ જલમાં વિલીન થાય છે, તેમ તે જ્ઞાનીના પ્રાણાદિ સ્વાધિદૈવતમાં—સ્વસ્વ-કારણમાં—લય થાય છે અને તે પશ્ચાત્ તે પુરુષ અખંડ-આત્મ-સ્વરૂપે એવ સ્થિતે છે."*

" ब्रह्मैव सन् ब्रह्माप्येति ". बृहदारण्यक. ४-४-६.

(જીવ પ્રથમ ઉપાધિરહિત અવસ્થામાં બ્રહ્મ જ હતો, મધ્યે અવિદ્યાએ કરી ઉપાધિના યોગથી જીવદશાને પ્રાપ્ત થયો, પુન: વિદ્યાએ કરી બ્રહ્મત્વને એવ પામે છે.)

મન:સુખરામ સૂર્યરામ ત્રિપાઠી.

उपलेख.

મહાત્માઓનાં જીવનચરિતો દીપશલાકા જેવાં છે. તેઓનો એક પ્રસંગ, એક અંશ, એક ખણ્ડક, એક વાક્ય અને કોઈ વાર તો એક શબ્દ અપિ વાચકના અન્ત:કરણરૂપ દીપપાત્રની વર્તિને પ્રકટીને તેને પ્રકાશિત કરે છે; અને તે દીપ તેના ધારણકર્તાને તેમ જ અન્ય અનેક જનોને પ્રકાશ આપી સુખી કરે છે.

નિરપેક્ષ સુજનની સુજનતા તથા મહત્તા અલૌકિક છે. મદ્રાસ પ્રાન્તના એક પ્રાચીન ગદ્યકવિ શ્લેષમૂલક રૂપકે કરી કવે છે કે:—

" स्नेहप्रयोगमनपेक्ष्य दशां च पात्रं
धुन्वंस्तमांसि सुजनापररत्नदीप: ।
मार्गप्रकाशनकृते यदि नाभविष्य-
त्सन्मार्गगामिजनता खलु नाभविष्यत् " ॥

वादीभसिंहसूरिकृत गद्यचिंतामणि: । १-७.

---

* शतश्लोकी. श्लोक ४६.

અર્થ:—'સુજનરૂપ અપર રત્ન-દીપ જે સ્નેહ ((૧) તેલ (૨) પ્રીતિ)-ની, કે દશા ((૧) વાટ (૨) સ્થિતિ)ની, કે પાત્ર ((૧) કોડિઉં (૨) અધિકારિતા)ની અપેક્ષા રાખ્યા વિના, અન્ધકારનો નાશ કરે છે તે જો માર્ગનો પ્રકાશ કરવાને અર્થે ન હોત તો જનસમૂહ સન્માર્ગગામી ન થાત.'

એ યથાર્થ છે.

એવા પ્રેરક પ્રકાશો ભવિત્રી પ્રજાઅર્થે સન્માર્ગદર્શક થઈ દેશોન્નતિના નિમિત્ત થાય છે. એથી એવા મહાત્માઓનાં સ્વગુણાર્પક જીવનચરિતો પ્રસિદ્ધ કરવાં એ સર્વ શુભેચ્છકોનો ધર્મ છે. તેમાં સવિશેષ તેવા મહાત્માના બુદ્ધિદાયાદોનું તથા ધનદાયાદોનું એ આવશ્યક કર્તવ્ય છે.

રા. રા. ગૌરીશંકરના સત્પુત્ર રા. રા. વિજયશંકરે ભૂરિભોજન-ગયાશ્રાદ્ધપૂર્વક એ પિતૃગુણકીર્તનનું કર્તવ્ય કર્યું છે તે સારૂ તેઓ ધન્યવાદને પાત્ર છે.

પ્રથમ તો જીવનચરિતનાં સાધનનો સંગ્રહ દુર્લભ થયો હોય છે. કારણ નિરૂપ્ય મહાત્માના સમવયસ્કોમાંના બહુ જનોનો અભાવ થયો હોય છે. રા. રા. ગૌરીશંકરના જીવનચરિતનાં સાધનનો સંગ્રહ કરવાનું રા. રા. ગૌરીશંકર વિદ્યમાન હતા તે સમયથી આરંભાયું હતું. રા. રા. વિજયશંકરે પત્રવ્યવહારાદિનો સંગ્રહ રાખ્યો હતો. પ્રસંગોની સ્મરણી રા. રા. સાકરલાલ સવૈલાલે તથા રા. રા. દુલેરાય મહીપતિરાયે લખાતી. અને પછી રા. રા. સન્તોષરામ માધવજી નિરૂપ્ય મહાત્માના ઉપસહકારી જેવા હતા તેથી તેઓના જાણમાં પ્રાયશ: સર્વ રાજ્યપ્રસંગો હોવાથી તેઓએ એ સાધન-સંગ્રહ પરિપૂર્ણ કરાવ્યો. તે સંગ્રહ ઉપરથી પ્રથમ ઈંગ્લિષ્‌માં એક લેખ સર્કૃત સાક્ષર રા. રા. જવેરીલાલ ઉમયાશંકરે રચ્યો હતો. રા. રા. ગૌરીશંકર શરીરોપાધિથી મુક્ત થયા પશ્ચાત્ કોઇ યોગ્ય વિદ્વાન્ પાસે જીવનચરિત લખાવવા રા. રા. વિજયશંકરની પ્રશંસનીય પિતૃભક્તિના કારણથી તીવ્ર વૃત્તિ થઈ. તે કાર્ય સર્કૃત સાક્ષર રા. મણિલાલ દ્વિવેદીને સોંપવામાં આવ્યું. તેઓએ ૫–૬ પ્રકરણ લખ્યાં અને પછી તેઓનું શરીર શીર્ણ થયું. પશ્ચાત્ શેષ કાર્ય સાક્ષર રા. કૌશિકરામને સોંપવામાં આવ્યું. તેઓએ બૃહત્ સંગ્રહમાંથી તારણ કહાડી પ્રસ્તુત જીવનચરિત્ર રચ્યું છે, અને આશા છે કે એ ચરિત્ર બહુ લોકોપકારક થશે.

ઇંગ્લિષ્ ભાષામાં એક સંપૂર્ણ પરંતુ સંક્ષિપ્ત જીવનચરિત સાક્ષર રા. રા. દોલતરામ કૃપારામે રચ્યાય છે.

ભટ્ટ મોક્ષ મૂલર ભણે છે કે:—

"We buy experience cheapest in studying the lives of others."

Max Müller.—*The Science of Language,* Vol. I., p. 2.

'અન્ય જનોનાં જીવનચરિત્રોના અભ્યાસમાં આપણે સ્વલ્પાર્ઘે કરી (સાંઘામાં સાંઘી રીતિએ) અનુભવ લઇ શકીએ છિયે.' એ સત્ય છે.

પ્રસંગોપાત્ત સત્કૃત પૂર્વોક્ત પંચ મહાજનોમાંના સામલદાસના, હરિદાસના, તથા મણિભાઇના દાયાદોને અત્ર એકવાર પુનઃસ્મરણ કરાવવામાં આવે છે કે તેઓએ તેઓના મહાશય પૂર્વજ પ્રતિનો એક આવશ્યક ધર્મ છે કે—તેઓનાં શુભ જીવનચરિતો પ્રસિદ્ધ કરવાં—તે કર્તવ્ય કરવામાં પ્રમાદ ન રાખી સત્પુત્રતા અને સત્પાત્રતા દર્શાવવી.

સજ્જનોના સજ્જીવનની સંગૃહીતા સામગ્રી દેશોદયમાં બહુ ઉપયોગિની છે. દેશોદય થયે સારા લેખકોની સંખ્યા વધે છે. તેઓ ગુણાનુરાગી હોય છે. સ્વદેશી જનોના આદર્શ*રૂપ (model) ગુણાધિકોને પરીક્ષીને તેઓના કણ્ઠમાં સ્વરચિતા ગુણગન્ધિની પુષ્પમાલાઓ સમર્પીને તે દ્વારા સર્વ લોકને સુગન્ધ આપવા, તે ગુણજ્ઞો પ્રયતમાન થાય છે. અને જનમણ્ડલના મસ્તક પ્રતિ એવા ઉત્તમ સુગન્ધથી પુષ્ટિતુષ્ટિ સમર્પવામાં જ સ્વશક્તિનું સાફલ્ય માને છે.

શ્રીહર્ષ કવે છે કે:—

"वाग्जन्मवैफल्यमसह्यशल्यं
गुणाधिके वस्तुनि मौनिता चेत्" ॥ नैषध० ८-३२.

---

* જેના ગુણોને જોઈ અન્ય જનો તેવા ગુણોનો આશ્રય કરે તે મૂલગુણી.

જે વસ્તુમાં—વ્યક્તિમાં—ગુણોની અધિકતા છે તે વસ્તુવિષયે જો મૌનિતા (કંઈ બોલવું નહિ તે) હોય તો તે (ઈશ્વરદત્તા) વાણીના જન્મની અફલતા-સમાન છે. જે વાણીએ ગુણીના ગુણો ન ગાયા તે વાણી અસહ્ય શલ્ય (બાણના અગ્રભાગ) જેવી હૃદયમાં અસહ્ય વેદનાપ્રદ થાય છે. એમ માની વાગ્મી લેખકો વાણીરૂપ ઈશ્વરના પ્રસાદને ઈશ્વરદત્તગુણાન્વિત કરીને લોક-કલ્યાણાર્થે વહેંચે છે. એ યથાયોગ્ય છે.

યૂરોપીય વિચારકો પણ એ જ અનુસાર વચ્ચે છે.

"The truest liberality is appreciation."

"Love of truth shows itself in this, a man knows how to find and value the good in everything."—GOETHE.

'ગુણજ્ઞતા એ સત્તમ ઉદારતા છે.'

'સત્યતા પ્રતિ પ્રીતિ આમાં દર્શાય છે, કે પ્રત્યેક પ્રાણિપદાર્થમાં સાર કેમ શોધવો અને તેને કેમ મૂલવવો એ મનુષ્ય જાણે છે.'

એમ સાર શોધી જનમણ્ડલમાં લહાવો એ જ સજ્જનો કર્તવ્ય માને છે.

મ. સૂ. ત્રિ.

શ્રીમાન્

ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઈ.

(સ્વામી શ્રીસચ્ચિદાનન્દસરસ્વતી)

પ્રકરણ ૧.

ઉપોદ્‌ઘાત.

જીવનચરિતનો હેતુ—જીવનચરિત લખવા યોગ્ય માનને પાત્ર કોણ?—
આ ચરિત્રના નિરૂપણની પાત્રતા– ચરિત્રના
નિરૂપણનો ક્રમ.

શ્રીપરમાત્માની અપાર લીલામાં અનેક વ્યક્તિઓ થાય છે ને જાય છે. જેના ગુણકીર્ત્તનથી, નામસ્મરણથી જનસમાજને લાભ થવાનો સંભવ હોય એવા ભાગ્યશાલી મહાપુરુષો વિરલ થાય છે. મહાન્ કાર્લાઇલ કહે છે તેમ "ઇતિહાસ એ મહાપુરુષોનાં જીવનચરિત્રનો વિસ્તાર છે." જે પુરુષોએ જીવનને માત્ર આહારનિદ્રાદિ પામર વ્યાપારમય ન માનતાં, કોઇ ઉચ્ચ અને સર્વગ્રાહી ઉદ્દેશ સિદ્ધ કરવાના સાધનરૂપે સ્વીકાર્યું છે, આ કર્મભૂમિમાં અવતરી પરમ પુરુષાર્થ સિદ્ધ કરવાના ભવ્ય પ્રસંગરૂપે માન્યું છે, તેમના જીવનના વ્યાપારો જ ઇતિહાસરૂપ થઈ શક્યા છે.

यास्तेषां स्वैरकथास्ता एव भवन्ति शास्त्राणि ।

'મહાપુરુષોની જે સહજ વાતચીતો તે જ શાસ્ત્ર થાય છે' એમ રાજર્ષિ ભર્તૃહરિ કહી ગયા છે; ઉદાર, ઉન્નત, ભવ્ય

ઉદ્દેશ રાખી જીવિતને સ્વાર્થ, પરમાર્થ ઉભયમાં પ્રયોજનારા મહાજનોનાં વર્ત્તનો ઇતિહાસરૂપ થઇ ગયાં છે. એવા વિશાલ હૃદયના સજ્જનોની બુદ્ધિમાં એવા એવા વિશાલ ઉદ્દેશો સમાય છે, જેમાં સંકોચ, કૃપણતા, પામરતા હોય નહિ તેવાં સાર્વજનિક અને અશક્યપ્રાય લાગતાં એવાં એવાં કાર્યોનો ઉત્સાહ દર્શાય છે, કે તે મહાપુરુષો, એ પોતાના ઉદ્દેશ અને એ પોતાનાં કાર્યને પરમ પુરુષાર્થના કર્તવ્યરૂપે માની પોતાના જીવનનો સર્વ વ્યવહાર નિયમે છે. એમ થવાથી જ તેમનું જીવન સ્વાભાવિક રીતે એક વ્યક્તિને મૂકી અનેક વ્યક્તિને ઉપકારક થાય છે. તેમના હેતુ અને ઉદ્દેશ આખા સમયને રંગ લગાડી દે છે. અને એમ એક વ્યક્તિરૂપ નાના કેન્દ્રમાંથી પ્રસરતી સદ્વાસના-કિરણાવલિથી તે વ્યક્તિના સ્થાનથી અતિ વિદૂર એવા સમગ્ર દેશને નવા પ્રકારનું તેજ પ્રાપ્ત થાય છે.

અને આ પ્રકારે રાજા જેમ કાલનું કારણ છે તેમ મહાપુરુષો પણ કાલનું કારણ છે.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ भगवद्गीता ॥

શ્રેષ્ઠના આચરણને લોક અનુવર્ત્તે છે. મહાપુરુષોનાં જીવનચરિત આવાં પરમોપકારી હોવાથી, તેમના નામસ્મરણથી, તેમના ચરિતની આલોચનાથી, તેમના શરીરનો અસ્ત થયા પછી પણ, જનસમાજને પરમ કલ્યાણનો માર્ગ સાધવાનો ઉત્સાહ પ્રાપ્ત થઈ શકે છે. તે સુજનો જે મોટાં કાર્યો સિદ્ધ કરી શક્યા તે શાથી કરી શક્યા, તે કાર્ય સિદ્ધ કરવા જેવા ગુણો તેમનામાં કેવે પ્રકારે આવ્યા, તેમના ચરિતને દેશકાલે શી પુષ્ટિ કરી, અને દેશકાલ ઉપર તેમનું ચરિત કેવા સંસ્કાર મૂકી ગયું, અને એ સર્વ ઉપર દૃષ્ટિ કરતાં, એ એક વ્યક્તિના પ્રાદુર્ભાવથી સમસ્ત જનસમાજને શો લાભ થયો એની આલો-

ચના કરવાથી ભવિષ્યમાં થનાર સુજ્ઞ જનોને પોતાના જીવિતને પુરુષાર્થને માર્ગે લઈ જવાનાં અનેક દ્વાર સુઝી શકે, સ્વાર્થમાં પણ પરમાર્થની સિદ્ધિનો અવકાશ સમજાઈ શકે, અને એકંદર વિશ્વના ઉન્નતિપ્રતિ પ્રવર્તતા વ્યાપારના વેગમાં વૃદ્ધિ કરવાનું સાધન પોતે શી રીતે થઈ શકે તે સમજવામાં આવી શકે એ અર્થે જ જીવનચરિતના નિરૂપણની, અને ઇતિહાસના નિરૂપણની પ્રવૃત્તિ છે.

જીવનચરિતના નિરૂપણમાં આવા પરમ લાભ રહેલા હોવાથી, કોઈ પણ જીવનનું ચરિત તે જીવનના ઐહિક તિરોભાવ પછી જ કરવામાં આવે તો વક્તા શ્રોતા ઉભયને ઠીક પડે છે. દૂરથી જોતાં અતિપ્રકાશવાન્ તેજઃપુંજ ભગવાન્ સૂર્યનારાયણ પણ, છે તે કરતાં અતિ સ્વલ્પ જણાય છે. તથાપિ તેના અંગમાં જે વિરલ વિરલ ડાઘ છે તે લેશ પણ દૃષ્ટિમાં આવતા નથી, કેવલ તેના પ્રકાશનો જ પરમાહ્લાદક અનુભવ થતાં, જોનારને ભક્તિ અને દેવબુદ્ધિ ઉપજી આવે છે. અને મનુષ્યહૃદયમાં ભક્તિ અને શ્રદ્ધાનું બલ જેનાથી ઉપજાવી શકાય તે સર્વ પ્રકાર પરમ કલ્યાણકારી અને ઉપયોગી છે. ક્ષુદ્ર અને નિઃસાર વ્યર્થ જીવન તે જ છે કે જે કશામાં શ્રદ્ધા કરતું નથી, કશા ઉપર ભક્તિ ધરતું નથી. મહાજનો અને મહાપુરુષોવિષે પણ સૂર્યના જેવું છે. મનુષ્ય મનુષ્ય છે એટલામાં જ તેની દુર્બલતા, ક્ષુદ્રતા, અલ્પજ્ઞતા કહેવાયલી છે. તેને ઇતર મનુષ્યોથી ભિન્ન પાડીને વિલોકવાનું વિશેષ કારણ તેની મનુષ્યતા કરતાં તેનામાં જે દિવ્યતા હતી, જે કાર્યસાધક સામર્થ્ય હતું, જે આત્મબલ અને પરાક્રમ હતાં તેમાં રહેલું છે; અને તે મહાગુણોના નિરૂપણથી જ એ ગુણોની ભક્તિ અને એવા ગુણોની શક્તિઉપર શ્રદ્ધા ઉપજી આવે છે. અર્થાત્ કોઇ પણ નિરૂપ્યના ચરિતનું યથાર્થ નિરૂપણ કર્યાની સફલતા તેના આવા અતિમાનુષ સ્વરૂપનું ભક્તિ અને શ્રદ્ધા ઉપજાવે તેવી રીતે યથાર્થ નિરૂપણ કરવામાં જ રહેલી છે. આચાર અને વિચારવચ્ચે જે મહાભેદ છે તેમાંથી જ જીવનચરિત નિરૂ-

પવાના માર્ગનો આ ક્રમ ફલિત થાય છે. મનુષ્યના ક્ષણિક આચારો, તેની દુર્બલ પ્રકૃતિના વિકારો, તે સર્વ કેવલ અલ્પજીવી અને બહુ થોડી અસર કરનાર છે; તેના વિચાર, તેના વિચારે સાધેલાં ભવ્ય કાર્ય, એ સર્વ ચિરંજીવી અને બહુ વિશાલ અસર કરનાર છે અને ભવિષ્યની શ્રદ્ધા અને ભક્તિને પાત્ર છે. સમકાલીન, અને સમવયસ્ક જનો, જે તે તે વ્યક્તિના આચારના સંપર્કમાં આવી, પોતપોતાની બુદ્ધિના પ્રમાણમાં તેના સ્વરૂપને ગ્રહણ કરી શક્યા હોય તે, અને તેમના રાગદ્વેષનું પાત્ર તે વ્યક્તિ ઉભયનો અભાવ થયો હોય તેવે સમયે, નિરૂપ્ય વ્યક્તિના દિવ્ય અંશનો, તેના વિચારો અને તે વિચારોને સિદ્ધ કરવાના યત્નોનો, સમગ્રરૂપે વિવેક કરવાથી નિરૂપ્યના ગુણો ઉપર શ્રદ્ધા અને ભક્તિ થવાનો સારો પ્રસંગ આવે છે, અને એમ તેના ચરિત્રના નિરૂપણની સાર્થકતા થાય છે.

અને આમ કહેવામાં આ ચરિતના નિરૂપ્ય રા૦ રા૦ ગૌરીશંકરમાં અમુક દોષ હતા એવો લેશ પણ આરોપ કરવાનો, અને તે આરોપનો આ પ્રકારે પરિહાર કરવાનો આશય નથી. ચરિતનિરૂપણની પદ્ધતિ ઉપર એક સામાન્ય નિયમરૂપે અભિપ્રાય દર્શાવતાં, અંધકાર જેમ પ્રકાશને અધિક ઉદ્દીપિત કરે છે, તેમ આ સત્પુરુષનું નિષ્કલંક ચરિત એ અભિપ્રાયથી અધિક ઉદ્દીપ્ત થાય છે. દોષ હોય ત્યાં પણ તે નિરૂપ્ય નથી તો જ્યાં તે નથી જ ત્યાં તે વ્યક્તિના ચરિતનું નિરૂપણ કેટલું સ્વતંત્ર, સારગ્રાહી, ન્યાયપુરઃસર અને ઉપકારક થઈ શકશે એ કહેવાની અપેક્ષા નથી. રા૦ રા૦ ગૌરીશંકરનું ચરિત અનેક પ્રકારે બોધકારક અને ઉપયોગી છે. તે યથાર્થ રીતે મહાપુરુષ હતા. મહાપુરુષોનાં અનેક લક્ષણો ગણાવતાં જે સત્યપ્રિયતાને પ્રખ્યાત ઇંગ્રેજી વિદ્વાન્ કાર્લાઇલે પ્રધાનપણું આપ્યું છે, તે આ વીરના ગુણોનો મૂર્ધાભિષિક્ત ગુણ હતો. કાર્લાઇલ લખે છે કે :—

"A man whose word will not inform you at all what he means or will do, is not a man you can bargain with." (Hero-Worship, p. 197.)

"જે માણસના વચન ઉપરથી સમજાતું નથી કે એ શું ધારે છે અથવા શું કરનાર છે તે માણસ કામ પાડવા લાયક નથી."

જે વાર્તા મનમાં તે જ વાણીમાં અને તે જ કરણીમાં એવી મહાપુરુષોની સરલ નીતિ છે. અને એ સત્યપ્રિયતા જ મહાજનોનો પ્રધાન ગુણ છે. વિશ્વમાં ગમે ત્યાં જુવો—ધર્મમાં, રાજ્યમાં, વ્યવહારમાં—કોઈ પણ સ્થાને અસત્ય, પ્રપંચ, આડંબર, અને મિથ્યાચાર, દીર્ઘકાલપર્યંત વિજય પ્રાપ્ત કરી શક્યાં નથી, કે ચિરંજીવ એવી કોઈ પણ કાર્ય કે વિચારની સ્થાપના કરી શક્યાં નથી. નિષ્ફલતાથી અને વિઘ્નોના ઓઘથી અનેક રીતે પરાહત થતી પણ સત્યતા જ વિજયી અને ચિરંજીવી નીવડી છે. એ સત્યતાનો આશ્રય કરનારા જ મહાત્મા શૂરવીર, પરાક્રમી થઈ ગયા છે.

સત્યપ્રિયતા અને સત્યતા એટલે જે તથ્ય છે તે કહેવું અને મન, કર્મ, વાણીનું ઐક્ય રાખવું એટલું જ પૂર્ણ ન જાણવું. પોતે પોતાને સાચા રહેવું એ એ સત્યપ્રિયતાનો સાર છે, પોતે પોતાના જીવિતનો જે ઉદ્દેશ નિશ્ચયપૂર્વક માન્યો તેનો કોઈપણ પ્રસંગે ત્યાગ કરી આંદોલિત વૃત્તિનો આશ્રય ન કરવો એવી ઉગ્ર સત્યપ્રિયતા મહાજનોના જીવનનો ગુપ્ત મંત્ર છે.

मूर्ध्नि वा सर्वलोकस्य विशीर्येत वनेऽथवा ।

ઉત્તમ સુગંધિમાન્ પુષ્પો સર્વ લોકને માથે ચઢે કે વનમાં જ વેરાઇને સુકાય; તેને મધ્યગતિ જ નથી. મહાપુરુષો પોતાના જીવનના આવા ઉગ્ર ઉદ્દેશમાં જ જીવે છે; તેમનું સમગ્ર જીવન તે ઉદ્દેશમય હોય છે. વાણીમાં તે ઉદ્દેશની પ્રસિદ્ધિ કરીને તે કૃતાર્થતા માનતા નથી; તે તો સર્વદા કરી બતાવે છે. કાર્લાઈલ કહે છે તેમ "તેમની પદ્ધતિ પ્રસિદ્ધ કરવાને અને ભાષણો આપવાને કામની નથી; તેમને પોતાને પોતાના જીવનમાં અનુભવવાને ઉપયોગની છે."

"My system is not for promulgation. It is for me to live by."—CARLYLE.

આ પ્રકારની સમગ્ર જીવનના પ્રતિવ્યાપારમાં વ્યાપી રહેલી જે દૃઢ ભાવના તે આ સત્યપ્રિયતાનો સાર છે. એનું દર્શન જેનામાં જેટલે અંશે થાય તેટલે અંશે તેનું માહાત્મ્ય છે. વ્યવહારમાં, રાજ્યમાં, રણમાં, ધર્મમાં જ્યાં જેનામાં એ ગુણ જેટલે અંશે જણાય તેટલે અંશે તેની મહત્તા, અને અલૌકિક શક્તિ સર્વ જગત્‌ની વંદનાને પ્રાપ્ત થાય છે. આપણા નિરૂપ્યમાં મહાપુરુષોનો આ પ્રધાન ગુણ અનુપદે જણાયા વિના રહેશે નહિ. અને એ જ તેમના ચરિત ઉપર આપણને ભક્તિ ઉપજાવી તેવા ચારિત્રના પરાક્રમ ઉપર શ્રદ્ધા કરાવનારૂં મુખ્ય કારણ છે.

એક કુટુંબી અને ગૃહસ્થરૂપે તેમનું ચરિત ભક્તિપાત્ર છે, એટલું જ નહિ પણ તેમની પ્રસિદ્ધ રાજ્યસેવાનો સમય એક રીતે ભાવનગરના અને તેમ જ કાઠીઆવાડના મૂલ ઇતિહાસ જેવો છે. એ ઇતિહાસમાં તેમણે ઘણો ભાગ લીધેલો છે તેમણે કેટલાંક નવાં ધોરણો, જે સરકાર અને દેશી રાજ્યોને પરસ્પર લાભકારક અને માન ભરેલાં થઈ પડ્યાં છે, તે સ્થપાવવાનો યત્ન કરેલો છે. તેમનું ચરિત પ્રત્યેક રાજ્યકાર્ય કરનારને બહુ મનન કરવા યોગ્ય, અનુકરણ કરવા યોગ્ય, અને સ્મરણમાં રાખવા યોગ્ય છે.

રા૦ રા૦ ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિકે ઇંગ્રેજીમાં લખેલી રા૦ રા૦ ગૌરીશંકર ઉદયશંકર ઓઝાના જીવનચરિતની "સ્કેચ બુક"નો સ્વીકાર કરવાના પત્રમાં આપણા માજી વાઈસરોય નામદાર લોર્ડ નોર્થબ્રુક લખે છે કેઃ

"...........which I have read with much interest, and which I am sure is most valuable to his countrymen, and to all those who are interested in the progress of India, both by

the account it gives of the good work which can be done by an Indian statesman, and by the interesting sketch it contains of the relations of the Bhavnagar State with the British Government, which have been so advantageous and honourable to both parties."

"એ પુસ્તક મેં બહુ રસથી વાંચ્યું છે. મને નિશ્ચયપૂર્વક એમ લાગે છે કે એ લેખ રા. રા. ગૌરીશંકરના સ્વદેશી બંધુઓને તેમ જ હિંદુસ્થાનની ઉન્નતિ ઇચ્છનાર સર્વને ઘણો મૂલ્યવાન્ થઈ પડશે. કોઈ પણ રાજનીતિજ્ઞ દેશી કારભારી કેટલું કરી શકે તેનો આ લેખમાં જે વૃત્તાંત આપવામાં આવ્યો છે તેથી, તથા ભાવનગર રાજ્ય અને બ્રિટિશ સરકાર વચ્ચેનો સંબંધ જે ઉભય પક્ષને માનકારી અને લાભકારી નીવડ્યો છે તેનો જાણવાયોગ્ય સંક્ષિપ્ત સાર આ લેખમાં આવ્યો છે તેથી, તે ખરેખર મૂલ્યવાન્ થશે."*

---

*આ અને એવા જ તાત્પર્યના અનેક કાગળો રા. રા. ઝવેરીલાલભાઈ ઉપર તથા રા. રા. ગૌરીશંકરના પુત્ર અને હાલના ભાવનગર રાજ્યના દિવાન રા. રા. વિજયશંકરજી ઉપર આવેલા છે. મુખ્ય લેખકોનાં નામ નીચે પ્રમાણે છે:—

સર જ્યોર્જ બર્ડવુડ, ઈન્સ્પેક્ટર ઑફ ઇન્ડિયા મ્યુઝીઅમ, તથા સ્પેશિયલ આસિસ્ટંટ, સ્ટૅટિસ્ટિકલ ડિપાર્ટમેન્ટ, ઇન્ડિયા ઑફીસ.

સર વિલિયમ હંટર, કે. સી. એસ. આઈ., સી. આઈ. ઈ., એલએલ ડી., ઈમ્પીરિયલ ગેઝેટીઅરના કર્તા.

મિ. વિલિયમ ડિગ્બિ, મદ્રાસમાં પ્રથમ 'મેલ' પત્રના અધિપતિ હતા તે, અને હિંદુસ્થાનની પ્રજાના પ્રખ્યાત હિતૈષી.

ડૉક્ટર બ્યૂલ્હર, સી. આઈ. ઇ., ગુજરાત પ્રાન્તના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર, વિયેના યુનિવર્સિટિના સંસ્કૃત પ્રોફેસર, તથા આર્કિયોલૉજિકલ ખાતાના પ્રખ્યાત શોધકર્તા.

રેવરન્ડ ડૉક્ટર મેકિકન, મુંબઈની વિલસન કૉલેજના પ્રિન્સિપાલ.

મિ. જે. એ. બેન્સ, સી. એસ. આઈ., હિંદુસ્થાનના માજી સેન્સસ કમિશનર.

સર કુર્ટની ઈલ્બર્ટ, કલકત્તાની નામદાર વાઈસરૉયની ધારાસભાના માજી કાયદાના મેમ્બર.

કર્નલ બાર્ટન, કાઠીઆવાડના પોલિટિકલ એજન્ટ.

મિસ મેનિંગ, સ્ત્રીકેળવણીની ઉત્તેજક પ્રખ્યાત ઇંગ્રેજી વિદુષી.

કોઇપણ રાજ્યનો કારભાર વિજયી નીવડવાને માટે કારભારીમાં કેવા ગુણ હોવા જોઇએ એ ઘણો ગહન અને વિચારયોગ્ય વિષય છે. રાજનીતિને ઘણા પ્રવીણ રાજનીતિજ્ઞોએ "ભાંજઘડની કલા" (the art of compromise) એવું નામ આપેલું છે, અને તે નામની અન્વર્થતા એટલામાં સમજાય છે

સર જેમ્સ બી. પીલ, ઇન્ડિયા કાઉન્સિલના મેમ્બર.

કર્નલ નટ, સંસ્થાન ભાવનગરના નામદાર મહારાજા સાહેબ સર તખ્તસિંહજી, જી. સી. એસ. આઈ., એલએલ. ડી. ના ટ્યુટર અને કંપેનિયન, અને કાઠીઆવાડના એક્ટિંગ પોલિટિકલ એજંટ.

મિ. હાર્ટ, મુંબઈના નામદાર ગવર્નર સાહેબ સર જેમ્સ ફર્ગ્યૂસન તથા લૉર્ડ રેના પ્રાઇવેટ સેક્રેટરી.

ઓનરબલ સર રેમન્ડ વેસ્ટ, મુંબઈની નામદાર ગવર્નરની કાઉન્સિલના મેમ્બર.

ઓનરબલ સર ચાર્લ્સ સારજંટ, મુંબઈની હાઈ કોર્ટના ચીફ જસ્ટીસ.

ઓનરબલ મિ. ચાર્લ્સ પાર્સન્સ, મુંબઈની હાઇ કોર્ટના જજ્જ.

ઓનરબલ મિ. ઇ. ટી. કેન્ડી, મુંબઈની હાઇ કોર્ટના જજ્જ, તથા મુંબઈની યુનિવર્સિટિના વાઈસ ચાન્સેલર.

ઓનરબલ સર જેમ્સ બી. રીચી, મુંબઇની નામદાર ગવર્નરની કાઉન્સિલના મેમ્બર.

ઓનરબલ મિ. લેલી, સી. એસ. આઈ., ગુજરાત પ્રાન્તના રેવેન્યુ કમિશનર.

કર્નલ વુડહાઉસ, કાઠીઆવાડના આક્ટિંગ પોલિટિકલ એજંટ, અને કોલ્હાપુરના પોલિટિકલ એજંટ.

ઓનરબલ મિ. ફોર્બ્સ એડમ્સ, મુંબઈની ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડંટ, અને મુંબઈની ગ્રેહામ કંપનીના મુખ્ય.

સર ચાર્લ્સ ઓલિવંટ, મુંબઈની નામદાર ગવર્નરની કાઉન્સિલના મેમ્બર.

મિસિસ પીચી ફીપસન, મુંબઈની કામા હોસ્પિટલનાં લેડી ડોક્ટર.

બિશપ પોર્ટર, મુંબઈના લૉર્ડ બિશપ.

ઓનરબલ મિ. બદરૂદ્દીન તૈયબજી, મુંબઈની હાઈ કોર્ટના જજ્જ.

રા. બ. યશવંતરાવ કેલકર, મુંબઈ સરકારના ઓરિયેન્ટલ ટ્રાન્સલેટર.

ઓનરબલ રા. બ. રણછોડલાલ છોટાલાલ, સી. એસ. આઈ., મુંબઈ સરકારની ધારાસભાના મેમ્બર, અને અમદાવાદ મ્યુનિસિપાલિટિના માજી પ્રેસિડંટ.

કે રાજનીતિજ્ઞ કારભારીએ પ્રસંગ અને મનુષ્યોનો સારામાં સારો ઉપયોગ કરતાં શીખવું જોઇએ. પરંતુ કેવલ પ્રસંગ અને મનુષ્યોને અધીન થઇ પોતાનો કાંઇ જ નિશ્ચય ન રાખતાં, માત્ર પોતાના સ્થાનને સાચવવાને અર્થે જ હોય તેમ, આમ તેમ તણાયા કરવું, એ ખરી રાજનીતિજ્ઞતા કે ખરી "ભાંજઘડની કલા" નથી. પ્રસંગ અને મનુષ્યોને અનુસરી કામ લીધે જવું, એવો સાદો અર્થ આ સૂત્રનો સમજાયાથી રાજ્યના કારભારમાં પ્રપંચ, જૂઠ, ખુશામત, ઇત્યાદિ, જેને 'ખટપટ' એવા એક નામથી ઓળખવામાં આવે છે, તે વિના ચાલે નહિ એવી અવળી સમજણ ઘણાકના મનમાં પેશી ગઈ છે. "ભાંજઘડની કલા"

રા. રા. હરિદાસ વિહારિદાસ, સંસ્થાન જુનાગઢના મુખ્ય દિવાન.

મિ. શાન્તારામ નારાયણ, મુંબઈની હાઇ કોર્ટમા પ્લીડર અને સરકારી વકીલ.

મિ. ખંડેરાવ ચિમનરાવ બેદરકર, મુંબઈની હાઇ કોર્ટના માજી ડેપ્યુટી રજીસ્ટ્રાર અને હાલના ઈન્દોરના દિવાન.

સર જમશેદજી જીજીભાઇ, બેરોનેટ.

ઓનરબલ સર મનચેરજી મેહેરવાનજી ભાવનગરી, પાર્લામેન્ટના મેમ્બર.

ખા. બ. મનચેરજી મરઝબાન, મુંબઇની મ્યુનિસિપાલિટિના એક્ઝીક્યુટીવ ઈન્જીનીયર.

ખા. બ. જમશેદજી અરદેશર દલાલ, વડોદરા રાજ્યના વિદ્યાધિકારી તથા જોઈન્ટ સરસુબા.

દિ. બ. લક્ષ્મણ જગન્નાથ, વડોદરાના માજી દિવાન.

રા. બ. મુકુંદરાય મણિરાય, સુરતના ફર્સ્ટ ક્લાસ સબોર્ડિનેટ જજ્જ.

રા. રા. વિઠ્ઠલદાસ સામળદાસ, સંસ્થાન ભાવનગરના માજી દિવાન.

રા. બ. કૃષ્ણસુખરામ આત્મારામ, મુંબઇની હાઇ કોર્ટના ડેપ્યુટી રજીસ્ટ્રાર, તથા અમદાવાદના ફર્સ્ટ ક્લાસ સબોર્ડિનેટ જજ્જ.

રા. રા. હરિકૃષ્ણ દવે, ગોંડલના નામદાર મહારાજા સાહેબના પ્રાઇવેટ સેક્રેટરી.

રા. રા. પ્રાણનારાયણ મયાશંકર, ભાવનગર એંગ્લો વર્નાક્યુલર સ્કૂલના હેડમાસ્તર.

પંડિત રઘુનાથ, જોધપુરવાળા.

એનું વાસ્તવિક તાત્પર્ય એ છે કે કારભારીએ પોતે રાજ્ય કેવે ધોરણે ચલાવવું છે, રાજાને અને પ્રજાને કેવા સંબંધથી દોરવાં છે, રાજ્યની ઉત્તરોત્તર ઉન્નતિ શી રીતે સાધવી છે, એ સર્વની એક ભાવના કરી રાખી હોય, તેને પાર ઉતારવાનો યત્ન કરતાં જે જે પ્રસંગ અને જે જે મનુષ્ય વિરુદ્ધ જણાય તેને કોઈ વાર નમીને, કોઈ વાર સમજાવીને, કોઈ વાર દબાવીને, એમ અનેક કલાથી પોતાના નિશ્ચયને અનુકૂલ કરી લેવાં. નિશ્ચયને ત્યજ્યા વિના તે નિશ્ચય ઉતાવળથી કે અકારણ રાગદ્વેષથી ભાંગી પડે એમ ન થવા દેવું એટલામાં જ રાજનીતિનો અને રાજનીતિને અનુસરતા સુજ્ઞ રાજપુરુષોના કર્ત્તવ્યનો સાર છે, એમ તે વિષયના જાણનારા કહે છે. રા. રા. ગૌરીશંકરના ચરિતને લૉર્ડ નોર્થબ્રૂક જેવા રાજનીતિજ્ઞ મહાપુરુષ "રાજનીતિજ્ઞ દેશી કારભારી કેટલું કરી શકે" તેના દૃષ્ટાન્તરૂપે માને છે. તેમાં રાજનીતિનું જે લક્ષણ આપણે કહ્યું તેના ઉત્તમોત્તમ અર્થ ઉપર જ એમની દૃષ્ટિ છે એમ સ્પષ્ટ જણાઈ આવે છે. જે સત્યપ્રિયતા તે મહાપુરુષના સર્વ ગુણના સારરૂપે કહી છે તે જ રા. રા. ગૌરીશંકરને તેમના રાજકારભારમાં પણ મહત્ત્વ અને પ્રતિષ્ઠા અપાવી શકી છે. અને "ભાંજઘડની કલા"માં તેમની પ્રવીણતા, તેમને ભાંજઘડને અંગે સર્વદા વળગી રહેતી અધમતામાં ન પડવા દેતાં, રાજનીતિના એક દૃષ્ટાન્ત અને દર્પણરૂપે બનાવી શકી છે.

એક બીજી રીતે પણ આ મહાપુરુષનું ચરિત "લૉર્ડ નોર્થબ્રૂક"ના કહેવા અનુસાર, ભાવનગર અને "બ્રિટિશ" રાજ્યવચ્ચેના માનભરેલા અને લાભકારક સંબંધના ઈતિહાસ જેવું છે. અંગ્રેજ સરકારની થતી હુકુમતના સંધિમાં રા. રા. ગૌરીશંકરનું પ્રસિદ્ધ જીવન વ્યતીત થયલું છે; અને તેમણે જે જે કર્યું છે, કરાવ્યું છે, તે એકલા ભાવનગરના જ નહિ પણ આખા કાઠીઆવાડના ઈતિહાસને બહુ સારી અસર કરવાવાળું થઈ પડેલું છે. આમ એક ઉત્તમ રાજનીતિજ્ઞ હોવા ઉપરાંત પોતાના જ રાજ્યને

નહિ પણ સમગ્ર દેશી રાજ્યોને લાભ થાય, પ્રજા સુખી થાય, સરકારસાથેનો સંબંધ પ્રીતિભર્યો દૃઢ રહે, એવા વિશાલ અને દીર્ઘદર્શી આશયોથી પ્રસિદ્ધ જીવન ગાળનાર આ નરરત્નનું જીવન, એ જીવન ઉપર અભિપ્રાય આપતાં સર વિલિયમ હંટર જેને "possible nursery of native Statesmen" "ભવિષ્યના રાજકારભારીઓની શાલા" કહે છે તેવા કાઠીઆવાડમાં રાજનીતિના કાર્યમાં પ્રવર્તતા પ્રત્યેક પુરુષને નિત્ય મનન કરવાની પોથીરૂપ થઈ શકે, તો તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. મિ. ડિગ્બિએ તો રા. રા. ઝવેરીલાલભાઈવાળું ચરિત જોતાં જ, લંડનમાં પ્રસિદ્ધ રાજપુરુષોનાં જીવનચરિત આપતા *London Echo* (લંડન એકો) નામના પ્રતિષ્ઠિત પત્રમાં રા. રા. ગૌરીશંકરના ચરિતને બીજા મહાપુરુષોસાથે સ્થાન આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી.

મનુષ્ય કુટુંબી અને પ્રસિદ્ધ કાર્યભાર વહનારરૂપે અતિઉપયોગી અને વિશુદ્ધ જીવન ગાળી જાય તેની સાથે જીવિતના પરમનિદાન અને અંતવિષયે ભક્તિપૂર્વક વિચાર કરે તેનાથી તેના જીવનમાં જે ઉદારતા, સરલતા, પ્રેમ અને દીનતાનો ઉદય થઇ આવે છે તે અલૌકિક હોય છે. જીવિતના પરમાર્થવિષયે જો વિચાર કરવામાં આવે નહિ તો ઐહિક વિટંબનાઓના રાગદ્વેષમાં અથડાતું ચરિત સંકુચિત, કૃપણ, અને સ્વાર્થપ્રાય થઈ વ્યર્થ થઈ જાય. પ્રથમથી જ મનુષ્યનું લક્ષ જીવિતના પરમાર્થ ઉપર ઠરેલું હોવું જોઇએ, અને અતિ પ્રવૃત્તિમય જીવન ગાળ્યા પછી તે લક્ષનું શાંત રીતે મનન અને નિદિધ્યાસન કરવાનો સમય જીવિતના અવસાનકાલે માણસે લેવો જોઇએ. જેને પરમાર્થનો પરમ સાક્ષાત્કાર થયો છે તેવા મહાપુરુષો યદ્યપિ વ્યવહારસ્થ સતે અવિકારી રહી સર્વદા શાન્તિમાં વિહરે છે, તથાપિ અતિવ્યગ્રતાથી આકુલ એવા કારભારને અંતે તો શાન્તિનો રસ બીજા વિક્ષેપ વિના એકાકારપણે ભોગવવાની ઇચ્છા સર્વ કોઇ વિચારશીલ સુજનને રહે એ સ્વાભાવિક છે. આર્યાવર્તમાં તો પ્રથમથી એ પદ્ધતિ જ સુપ્રસિદ્ધ છે. છેક અર્વાચીન કાલમાં વિજયનગરના મહા-

રાજાના પ્રધાન માધવાચાર્ય અતિવિજયવતી રાજનીતિની ધુરાનું ચિરકાલપર્યંત વહન કરી, અંતે 'વિદ્યારણ્યસરસ્વતી' એ નામના મહાસમર્થ પંડિત, જ્ઞાની, અને જીવન્મુક્ત મહાત્મારૂપે સર્વ વિચારશીલ સુજનોને ઉત્તમ દૃષ્ટાન્ત થઇ ગયલા છે. એ વિચાર અને એવા દૃષ્ટાન્તો ઉપર લક્ષ કરી રા. રા. ગૌરીશંકરે પણ ભાવનગરની અતિવિજયવતી કાર્યધુરાને અર્ધશતક સુધી ઉપાડી ચતુર્થાશ્રમની નિવૃત્તિમાં જીવિતના પરમાર્થને સિદ્ધ કર્યો છે. (રા. રા. ગૌરીશંકરે સંન્યાસ ગ્રહણ કર્યો ત્યારે તેમનું નામ "**સ્વામી શ્રીસચ્ચિદાનંદસરસ્વતી**" એમ રાખ્યું હતું.) સ્વામી શ્રીસચ્ચિદાનંદસરસ્વતીનો વેદાન્તઉપર શ્રદ્ધાપૂર્વક અભેદ-સાક્ષાત્કાર સર્વ કોઇ બ્રાહ્મણને અનુકરણીય છે. પરમોપયોગી વ્યાવહારિક જીવનનો એ સંન્યાસ ઉત્તમોત્તમ પરિપાક છે. આ ભવ્ય પરિણામ પણ મહાપુરુષોના સત્ત્વરૂપ જે સત્યપ્રિયતા આપણે કહી આવ્યા છીએ તે જ છે. જે નિશ્ચય પોતાને સમજાયો તે ઘરમાં, રાજ્યમાં, વ્યવહારમાં, અને પરમાર્થમાં રા. રા. ગૌરીશંકરે સિદ્ધ કરી બતાવ્યો છે, અને એમાં જ એ મહાપુરુષનું માહાત્મ્ય છે.

ત્યારે રા. રા. ગૌરીશંકરને આપણે એક ગૃહસ્થરૂપે, એક રાજનીતિજ્ઞરૂપે, અને એક સંન્યાસીરૂપે વિલોકવાના છે. એમાંથી તે તે કાર્યસાથે સંબંધ રાખનાર સર્વ જનોને અનેકાનેક પ્રકારે શીખવાનું અને સમજવાનું મળવાનો સંભવ છે. જે સત્ત્વથી માહાત્મ્ય આવે છે તે સત્ત્વના આવિર્ભાવઉપર ભક્તિ આવતાં તેવું સત્ત્વ શ્રદ્ધાને પાત્ર થાય છે. અને ભક્તિ તથા શ્રદ્ધા અનુકરણબુદ્ધિને ઉત્તેજિત કરી નવી પ્રજાને જૂના દૃષ્ટાન્તઉપરથી નવા શ્રેયનો માર્ગ દર્શાવી શકે છે. કૈલાસવાસી રા. રા. ઝવેરીલાલભાઇએ આ ત્રણે સ્વરૂપ લક્ષમાં રાખી રા. રા. ગૌરીશંકરના જીવનચરિતનું રેખાચિત્ર (સ્કેચ) અંગ્રેજીમાં આપેલું છે; અને તે લેખ તેના ઉદ્દેશને સંપૂર્ણ રીતે યોગ્ય છે. તે લેખના જેવા જ ઉદ્દેશવાળો આ બીજો લેખ

વિસ્તારવાનું પ્રયોજન રા. રા. ગૌરીશંકરની સાથે જોઈન્ટ એડમિનિસ્ટ્રેટર રહી જેમણે ચિરકાલ તેમનો સમાગમ ભોગવ્યો છે તેવા મહેરબાન એડવર્ડ હોપ પરસીવલ સાહેબ રા. રા. ઝવેરીલાલભાઈને તેમના લેખનો સ્વીકાર લખી જણાવતાં જે લખે છે, તેથી કહેવાઈ રહેશે:—

"As a record of the work of Mr. Gavrishanker it is interesting; but I do not think I can encourage you to enlarge the book. The letters, conversations, and anecdotes which make longer biographies so readable are not obtainable. Mr. Gavrishanker's life has been spent so much in one place, his correspondence has been of a public nature generally, and the domestic life of a Hindu gentleman does not supply those lighter touches which can be used to show the private character of the individual. The home-life of a Hindu is still unfortunately a sealed book, and the particular work in which Mr. Gavrishanker especially excelled cannot be easily described. I refer to his tact and personal influence over those with whom he came in contact as shown more particularly in his treatment of the lawless *Grassias*. No one who is not well acquainted with Kattyawar can understand what the state and the province owe to him for his management of these turbulent people. You have done well with the materials at your disposal."

"રા. રા. ગૌરીશંકરના ચરિત્રસંગ્રહરૂપે આપનો લેખ રસાવહ છે; પણ હું ધારતો નથી કે આપ એ પુસ્તકને મોટું કરો એવી મારી પ્રાર્થના સફલ થવાનો અવકાશ હોય. પત્રો, વાતચીતો, કહાણીઓઆદિ, જેવડે જીવનચરિતના આ કરતાં મોટા લેખ રસિક થઈ શકે છે, તે આ ચરિતના સંબંધમાં મળી શકે તેમ નહિ હોય. રા. રા. ગૌરીશંકરનું જીવન એકને એક જ સ્થલે વીતેલું છે, એમના પત્રાદિ એકંદરે જોતાં સાર્વજનિક વિષયોસંબંધી છે, અને મનુષ્યના અંદરના ચરિતને પ્રકાશમાં લાવવાને જે નાની નાની ગૃહસંસર્ગની વાતો અને રમુજી ટુચ-

કાઓ ઉપયોગમાં લઈ શકાય તે હિંદુ ગૃહસ્થોને સંબંધે મળવાં કઠિન છે. હિંદુ ગૃહસ્થોની ગૃહસ્થિતિ જાણવી તે તો એ કરતાં પણ વધારે દુર્લભ છે. અને જે વિશિષ્ટ કાર્યશક્તિ રા. રા. ગૌરીશંકરનામાં સર્વોપરિ હતી, તેનું સહજે વર્ણન થઈ શકે તેમ નથી. તેમની ચતુરાઈ અને તેમની જાતની વગવિષે હું સૂચન કરૂં છું. જેમને જેમને તેમનો સંસર્ગ થતો તેમને તેમને તેની અસર થતી; નિરંકુશ થઈ ગયલા ગરાસીઆઓને વશ કરવામાં તે ગુણો સવિશેષ જણાયા હતા. કાઠીઆવાડનો જેને સારો પરિચય નથી, તે સહજ સમજી નહિ શકે કે ભાવનગર તેમ સમગ્ર કાઠીઆવાડના ઉપર આ નિરંકુશ લોકને અંકુશમાં લાવવાના વિષયમાં રા. રા. ગૌરીશંકરનો કેટલો ઉપકાર છે. આપની પાસે જે સામગ્રી હશે તેનો આપે સારો ઉપયોગ કર્યો છે."

મિ. પરસીવલના આ અભિપ્રાયપછી રા. રા. ગૌરીશંકરના જ્યેષ્ઠ પુત્ર અને હાલના ભાવનગરના માનવંતા દિવાન રા. રા. વિજયશંકરે વ્યાવહારિક, રાજકીય તથા પારમાર્થિક એવી જે જે નાની મોટી વાતો, કહાણી, કથાઆદિ મળી શકે તે પૂર્ણ પિતૃભક્તિથી ભેગી કરવા માંડી; અને ઘણાંક વર્ષે તે પ્રમાણે શ્રમ કરી તેમણે સોંપેલી સામગ્રીના આધારે પૂજ્ય શ્રીગૌરીશંકર (અથવા સ્વામી શ્રીસચ્ચિદાનંદસરસ્વતી) નું વધારે વિસ્તારવાળું જીવનચરિત્ર યોજવાનો યત્ન થયો છે.

પ્રકરણ ૨.

ભૂમિકા.

કાઠીઆવાડનો પૌરાણિક ઇતિહાસ—ગ્રીક ઇતિહાસ—સિકંદર તથા અશોક—શાહવંશ—ગુપ્તવંશ—વલ્લભીવંશ—ચાવડા રજપૂતો—કાઠી લોકો—સોલંકી વંશ—મહમુદ ગઝનવીની સ્વારીવખતે કાઠીઆવાડની સ્થિતિ—સિદ્ધરાજ જયસિંહ—કુમારપાળ—ભાવનગરના ઇતિહાસનો ઉપક્રમ—ગોહેલો—સેજકજી—રાણજી; મોખડાજી; ડુંગરજી—વીજોજી; કાનજી; સારંગજી—સારંગજીના વંશજો, વીસોજીસુધી—નવું શિહોર—વીસોજીના વંશજો, રતનજીસુધી—પ્રખ્યાત ભાવસિંહજી (૧૭૦૩-૧૭૬૪)-ભાવનગર શહેરનો પાયો—ભાવનગર દરબારનો બ્રિટિશ સરકારસાથે મૈત્રીસંબંધ-અખેરાજજી (૧૭૬૪—૧૭૭૨)—બ્રિટિશ સરકારસાથે મૈત્રીમાં વધારો—વખતસિંહજી (૧૭૭૨-૧૮૧૬); તેમનાં પરાક્રમો—હિંદુસ્થાનમાં બ્રિટિશ સામ્રાજ્યનો ઇતિહાસ—મહારાજા વખતસિંહજીના અંતસમયે દુ:ખદાયક બનાવો—ગોવધશિક્ષાનિમિત્ત રાજ્યહકુમતમાં ભંગ.

આ ચરિત્રના નિરૂપ્યનું પ્રસિદ્ધ જીવન રાજકીય અને સાર્વજનિક વિષયોમાં જે કાંઈ સિદ્ધ કરી શક્યું છે તેની યથાર્થ તુલના કરવાને અર્થે ભાવનગર રાજ્યનો, અને તે સંબંધે સમગ્ર કાઠીઆવાડનો, પ્રાચીન અર્વાચીન ઇતિહાસ જાણવો આવશ્યક છે. જેમણે ભાવનગરને સાધારણ સ્થિતિમાંથી પ્રથમ વર્ગના રાજ્યની સ્પૃહણીય પંક્તિમાં મૂક્યું, અને માત્ર ચાર લાખ જેટલી ઉપજને ચાળીસ લાખ જેટલી કરી આપી, એવા બુદ્ધિબલવાળા અને પુરુષાર્થશીલ પુરુષનું ચરિત વિલોકતાં સ્વાભાવિક રીતે આપણને ભાવનગરનો અને ભાવનગરની સાથે સમગ્ર કાઠીઆવાડનો ઇતિહાસ વિલોકવો પડે એ સ્પષ્ટ જ છે. કોઈ એક વર્તમાન સ્થિતિને શ્રેષ્ઠ કનિષ્ઠ માનવી તે આપેક્ષિક છે; તે સ્થિતિની તેના જેવી બીજી સ્થિતિઓ સાથે તુલના કરતાં શ્રેષ્ઠતા કે કનિષ્ઠતા કહી શકાય છે. તેમ જ તે સ્થિતિ પોતે પૂર્વની કેવી સ્થિતિમાંથી

ઉદ્‌ભવી છે એ ઉપરથી પણ તેની શ્રેષ્ઠતા કનિષ્ઠતા કહી શકાય છે. અને વાસ્તવિક રીતે જોતાં, પૂર્વ સ્થિતિમાંથી વર્તમાન સ્થિતિ શા પ્રકારે ઉદ્‌ભવી છે અને એ ઉદ્‌ભવ સારામાં સારો થઈ શકે તેવો છે કે કેમ, એટલું જ જોવાથી કોઇ પણ સ્થિતિને શ્રેષ્ઠ કનિષ્ઠ કહેવામાં આવે છે. તેની સમકાલીન એવી અન્ય સ્થિતિઓ સાથે તેને સરખાવવામાં પણ એની એ જ વાત ઉપર મુખ્ય લક્ષ રાખવું પડે છે. ત્યારે આ ચરિત્રનું નિરૂપણ આરંભતા પૂર્વે આપણે દેશકાલનું કાંઇક અવલોકન કરવા યત્ન કરીએ.

કાઠીઆવાડનો પૌરાણિક ઇતિહાસ.

ઉત્તરે કચ્છના ઉપસાગર અને પૂર્વે ખંભાતના ઉપસાગરની વચમાં આરબી સમુદ્રની અંદર ઝુલતા *દ્વીપકલ્પનું **"આનર્ત"** એ નામ પુરાણોમાં પણ પ્રસિદ્ધ છે. કૌરવ અને પાંડવોના મહાભારતમાં પ્રસિદ્ધ યદુવંશીય શ્રીકૃષ્ણભગવાન્‌ની રાજધાની દ્વારકા એ દ્વીપકલ્પના વાયવ્ય કોણના બિંદુ ઉપર આવેલી છે; અને દ્વારકા તથા સોરઠી સોમનાથ જેવાં અનેક પવિત્ર તીર્થો તથા પર્વતો- આદિ એમાં રહેલાં છે.

દેશનો મધ્ય ભાગ પહાડી છે, કિનારો દરિયાસાથે સંબંધ રાખનારો છે, અને પૃથ્વી રસાલ તથા ફલવતી છે. લૂંટફાટનો ધંધો કરનારને જેમ એ દેશની સ્વાભાવિક સ્થિતિ અનુકૂલતા કરી આપે તેવી છે, તેમ સાહસ, પરાક્રમ, અને બલથી રાજ્ય સ્થાપી શકે તેવી પ્રજાને ઉન્નત કરી પુષ્ટ કરવાને પણ તેની સ્વાભાવિક યોગ્યતા જણાઇ આવે છે. છેક પ્રાચીનમાં પ્રાચીન મહાભારતના

---

* આ દ્વીપકલ્પ કોઈ કાલે દ્વીપ જ હશે એમ ઘણા સપ્રમાણ લખનારા માને છે. કચ્છનું રણ સમુદ્ર હશે અને ખંભાતના અખાતથી એ રણને જુદું પાડનારો ખારાઘોડા તથા નળકંઠાવિગેરેનો ભાગ પણ સમુદ્રથી ઢંકાયલો હશે, જેથી કચ્છનો અને ખંભાતનો અખાત એકાકાર થઈ કાઠીઆવાડને એક બેટ બનાવી મૂકતો હશે, એમ ધારી શકાય છે.

કાલથી આપણે આ નાના સરખા દ્વીપકલ્પમાં અનેક રાજ્યોના ઉદયાસ્ત જોતા આવીએ છીએ.

પુરાણોમાંથી મળી આવતા ઇતિહાસને આધારે એમ જણાય છે કે મથુરામાં કંસનો વધ કર્યા પછી શ્રીકૃષ્ણે કાલયવન અને જરાસંધની સાથે યુદ્ધ માંડતા પૂર્વે દ્વારકામાં યાદવોને વસાવેલા હતા. દ્વારકા અથવા કુશસ્થલી તે આનર્ત દેશની રાજધાની હતી, અને ત્યાં બલદેવજીના સસરા રેવત રાજા રાજ્ય કરતા હતા.

શ્રીકૃષ્ણને પ્રદ્યુમ્ન તથા સાંબ બે પુત્ર હતા; અને પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધ, તથા તેના પુત્ર વજ્રનાભ હતા, જે યાદવોના સંહાર-સાથે શ્રીકૃષ્ણના તિરોભાવ પછી, અર્જુનને હાથે મથુરાના રાજ્યાસન ઉપર અભિષિક્ત થયા. એ સમયે અર્જુનના પ્રપૌત્ર પરીક્ષિતને હસ્તિનાપુરની ગાદી આપી પાંડવો હિમાલયભણી ગયા.

પુરાણમાં મળી આવતા આ ઇતિહાસ ઉપરથી જણાય છે કે આ દેશનું પ્રથમ નામ આનર્ત એવું હતું.

ગ્રીક ઇતિહાસ.

ગ્રીક ઇતિહાસ લખનારાઓના પુરાવામાંથી એમ જણાય છે કે સૌરાષ્ટ્ર એ નામ આનર્તને સ્થાને વપરાવા લાગ્યું. પણ તે આખા દ્વીપકલ્પને માટે નહિ, પણ સમુદ્રની પાસેના બધા કિનારાને લગાડવામાં આવતું હતું. સંસ્થાન નવાનગરના મહાલ જોડીઆથી માંડીને છેક ગોઘાસુધીનો કિનારાનો ભાગ જુદા જુદા દેશના વેપારધંધાના સંબંધમાં આવતો હોવાથી સારી રીતે વસેલો હતો, અને તેમાં ધનધાન્યસંપત્તિ પણ સારી હતી એમ જણાય છે. એ અર્ધગોલાકાર પટ્ટાને જ **સૌરાષ્ટ્ર** નામ અપાતું એવું અનુમાન થાય છે. આ પટ્ટાની પહોળાઈ બહુ થોડી હોવી જોઇએ, કેમકે અંદરનાં પહાડી જંગલોને સૌરાષ્ટ્ર એમ નામ ન આપતાં **આભીર** એ સંજ્ઞાથી પુરાણોમાં પણ કહેવામાં આવ્યો છે, ને છેક મધ્યકાલમાં જૂનાગઢના ચૂડાસમાને 'આહેર-રાણા' કહેતા હતા. પાછળના સમયમાં સૌરાષ્ટ્ર એ નામ આ મધ્ય ભાગને

અને ચૂડાસમાની રાજધાની જૂનાગઢને લગાડવામાં આવેલું છે; એમાં ઝાલાવાડ કે હાલારનો સમાવેશ કરવામાં આવ્યો નથી. મરેઠાના સમયસુધી ગોહેલવાડ અને કાઠીઆવાડ એ સૌરાષ્ટ્ર અથવા સોરઠના ભાગ હતા, અને શેરખાન બાબી સ્વતંત્ર થયા પછી સોરઠ એ નામ તેના મુલકને જ લગાડવામાં આવતું. ઇસ્વી સનના સોળમા શતકને અંતે અબુલફઝલે પોતાની 'આયને અકબરી'માં નવા ને જૂના સોરઠનાં જે પરગણાં ગણાવ્યાં છે તે જોતાં ઉત્તરનો સમુદ્રકાંઠો તે હાલાર કહેવાતો, મહુવા અને તે સમુદ્રકાંઠાનો ભાગ વાલાકમાં ગણાતો, ગોઘા તથા તેની આસપાસનો ભાગ ગોહલવાડ મનાતો, અને નાઘેરને સોરઠ કહેતા હતા.

સિકંદર તથા અશોક.

યાદવવંશ પછી સોરઠમાં કયા રાજા થયા તેનું આપણને સપ્રમાણ જ્ઞાન નથી. ઇસ્વી સન પૂર્વે ૩૨૭માં મહાન સિકંદરે આર્યભૂમિનો વાયવ્ય કોણનો વિભાગ પોતાના સામ્રાજ્યમાં ઉમેર્યો, અને તેના મરણ પછી ઉત્તરે હિમાલય, દક્ષિણે પાંડ્યદેશ, પૂર્વે મગધ, અને પશ્ચિમે સૌરાષ્ટ્ર એટલો વિસ્તીર્ણ રાજ્યવિભાગ ચક્રવર્તી મહારાજા અશોકને પ્રાપ્ત થયો. એ ચક્રવર્તીનાં શાસનો તેના રાજ્યના ચારે ખુણે મળી આવે છે. આ બૌદ્ધ સામ્રાજ્યના પરિવર્તપછી સિંધુનદીના પ્રદેશ ઉપર અને છેક સૌરાષ્ટ્રસુધી શક (બાક્ટ્રીઅન) લોકોનું રાજ્ય થયલું સમજાય છે. તેમના

શાહવંશ.

પ્રતિનિધિ સૌરાષ્ટ્રમાં સ્વતંત્ર થઈ ગયા, અને ક્ષત્રપ અથવા શાહવંશના તે સ્થાપનાર થયા. એમનું રાજ્ય સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છ, ગુજરાત, ખંભાત અને માળવાપર્યંત હશે એમ અનુમાન થાય છે. એ ક્ષત્રપ વંશના છવીશ રાજાઓનાં નામ લેખો, શિક્કાઓઆદિથી નિર્ણીત થાય છે. એમાંના રુદ્રદામાનો લેખ તો ગિરનાર ઉપર પ્રસિદ્ધ છે.

આ વંશનો ગુપ્તવંશના રાજાઓએ ઉચ્છેદ કર્યો લાગે છે.

ગુપ્તવંશ. એ ગુપ્તોનું રાજ્ય ગંગા અને બ્રહ્મપુત્રાની વચમાં હતું; અને કુમારગુપ્તે બાલવયમાં જ સૌરાષ્ટ્ર દેશ જીતી લીધો એવું કહેવાય છે. વામનસ્થલીમાં પોતાનો પ્રતિનિધિ મૂકીને તે પાછો ગયો; અને એના પછી થનાર સ્કંદગુપ્તે જૂનાગઢ પાસે ગિરનારમાં એક લેખ કોતરાવી જે હકીકત પ્રસિદ્ધ કરી છે તે કરતાં વધારે જાણવાનાં સાધનો આપણી પાસે આ સમયે નથી.

ગુપ્તવંશપછી સૌરાષ્ટ્રમાં વલ્લભી (અર્વાચીન વળા) ના રાજ્યનો વિસ્તાર આપણા દીઠામાં આવે છે.

વલ્લભી વંશ. આ વલ્લભી વંશનો એક સંવત્ પણ એ વંશના તામ્રપત્રાદિમાં મળી આવે છે. અને વિક્રમ સંવત્, હીજરી સંવત્, વલ્લભી સંવત્ તથા શ્રીસિંહ સંવત્ એવા ચાર સંવત્ એક જ સ્થાને દર્શાવતા વેરાવળવાળા પ્રસિદ્ધ લેખને આધારે વલ્લભી સંવત્નો આરંભ ઇસ્વી સન ૩૨૮ માં મનાય છે. આ વલ્લભીના રાજ્યનો વિસ્તાર ઘણો હશે, તથા તેની સમૃદ્ધિ બહુ વિપુલ હશે, એમ ચીનાઇ મુસાફર હવાન્સંગે પોતાના ગ્રંથમાં જે લખ્યું છે તે ઉપરથી સમજાય છે. એ રાજ્યનો ભંગ સિંધ તરફથી આવેલા મુસલમાનો કે ઇરાનીઓએ ઇસ્વી સન ૭૬૫ના અરસામાં કર્યો એમ અનુમાન કરવાને કારણો છે.

વલ્લભીના ભંગથી મહમદ ગઝનવીએ સોમનાથપાટણ લૂટ્યું ત્યાં સુધીનો અઢીસો વર્ષનો સમય સૌરાષ્ટ્રમાં જૂદી જૂદી જાતો અને નાનાં નાનાં રાજ્યોની સ્થાપનામાં વ્યતીત થયો લાગે છે.

ચાવડા રજપૂતો.

વલ્લભીનો ભંગ થયા પછી સમુદ્રના ઉપકંઠ વિનાનો જે મધ્યભાગ તે પાછો દુરધિગમ જંગલોથી અને લૂંટારાઓથી ભરાઇ ગયો. જે ઉપકંઠ સારી સ્થિતિમાં રહ્યો તેમાં અતિપ્રાચીન એવા ચાવડા (ચાપોત્કટ) વંશના તથા સૂર્યવંશી* ગોહિલ અથવા ઘેલોટ વંશના રજપૂતો રાજ્ય કરતા હતા.

કાઠી લોકો.

શક લોકોના ઉત્તરભણીના રાજ્યમાંથી અનેક વાર નવા નવા લોક આવીને સૌરાષ્ટ્રમાં રાજ્ય સ્થાપતા. તેવા એકાદ કલ્લોલમાં પાર્થિઅન લોકોનું એક ટોળું સૌરાષ્ટ્રમાં આવ્યું અને બાબરીઆ તથા આહેરો સાથે મળી તેમણે સૌરાષ્ટ્રમાં પોતાનો જમાવ કર્યો. એજ અર્વાચીન સમયના કાઠી લોકો છે એમ મનાય છે. સર્વથી પ્રથમ ચમારડીના વાળા કાઠીઓએ હુમલો કરેલો જણાય છે. આ કાઠીઓના પ્રાબલ્ય ઉપરથી તે જ લોકો પ્રખ્યાતિ પામ્યા અને સૌરાષ્ટ્રને તેમણે પોતાનું નામ આપ્યું.

સોલંકી વંશ.

ચાવડા પછી સોલંકી (ચૌલુક્ય) વંશનો પ્રથમ રાજા મૂળરાજ (૯૪૨–૯૯૭) થયો, તેણે જૂનાગઢના ચૂડાસમા ગ્રહરિપુનો પરાજય કરી સૌરાષ્ટ્રમાં પોતાનો અધિકાર બેસાડેલો જણાય છે.† આ સોલંકી વંશનો ભીમદેવ અણહિલપુર પાટણની ગાદીએ હતો (૧૦૨૨–૭૨), તેવામાં મહંમુદ ગઝનવીએ સોમનાથપાટણ ઉપર હલ્લો કરેલો છે.

---

* ભાવનગરના ગોહેલોને કર્નલ ટોડ સૂર્યવંશી લખે છે; જો કે તેઓ પોતે પોતાને ચંદ્રવંશી માને છે.

† જુઓ મિ૦ ફોર્બ્સની "રાસમાળા."

મહ'મુદ આવ્યો તે વખતે ઉત્તર કીનારાથી ખ'ભાળીઆ સુધીનો ભાગ જેઠવાઓના તાબામાં હતો, અને ઓખામ'ડળથી મીઆણી સુધીનો ભાગ ચાવડાઓના અધિકારમાં હતો. નવીબ'દર સુધી માંગરોળના અધિપતિ ગોહલો હતા; તેમ બરડાનો પ્રદેશ જેઠવાઓનુ' આધિપત્ય સ્વીકારતો હતો; અને નાઘેરથી મહુવા સુધી ચાવડા સર્વોપરિ હતા. મહુવાની પારનો વાલાક કિનારો કોળી લોકોના હાથમાં હતો, અને કાઠીઆવાડના મધ્ય પ્રદેશમાં જૂનાગઢના કીલ્લામાં વસતા ચૂડાસમા અધિકાર ધરાવતા હતા. સોમનાથને તોડયા પછી મહ'મુદે માત્ર પોતાનો પ્રતિનિધિ મૂકીને ગઝની પાછું ફરવું યોગ્ય ધારેલુ' જણાય છે. પણ આ મુસલમાન સત્તાને ચાવડાઓ થોડા સમયમાં પી ગયા લાગે છે. અણહિલવાડના ચૌલુકયોએ જૂનાગઢના ચૂડાસમાને હાર ખવરાવ્યા ઉપરાંત કાઠીઆવાડમાં વિશેષ કરેલુ' જણાતું નથી, પણ એમના જ આધિપત્યનો સ્વીકાર કરનારા કચ્છી ઝાલાઓએ ઇસ્વી સન ૧૦૯૦ના સ'ધિમાં કાઠીઆવાડના ઈશાન કોણ ભણી રાજ્યની સ્થાપના કરેલી સમજાય છે.

મહમુદ ગઝનવીની સ્વારી વખતે કાઠીઆવાડની સ્થિતિ.

સોરઠ અથવા કાઠીઆવાડને વશ કરવાની સ'પૂર્ણ યોજના તો સિદ્ધરાજ જયસિ'હે પોતાને અણહિલવાડની ગાદી મળ્યા (૧૦૯૪) પછી કરેલી છે. જૂનાગઢના ચૂડાસમા રાહાખે'ગારનો પરાજય કરી (૧૧૨૫) સિદ્ધરાજે આખા કાઠીઆવાડને પોતાના અધિકારમાં આણ્યુ'. સિદ્ધરાજ જૂનાગઢ તથા માંગરોળમાં પોતાના પ્રતિનિધિ મૂકીને ગુજરાત પાછો ફર્યો, પણ થોડા જ સમયમાં જૂનાગઢમાં રાહા નવઘણે અને મોરબીમાંથી* ગોહેલોએ તે પ્રતિનિધિને હાંકી કાઢયો.

સિદ્ધરાજ જયસિ'હ.

---

* એ વૃત્તાંતના સ્મરણાર્થે શ્રીસિ'હસ'વતની સ્થાપના થઈ સમજાય છે. જુઓ "કાઠીઆવાડ ગેઝેટીઅર."

કુમારપાળ.

સિદ્ધરાજ પછી કુમારપાળે જૈન ધર્મનો સ્વીકાર કરવાથી કાઠીઆવાડમાં શેત્રુંજી, ગિરનારઆદિ સ્થાનોને શણગારવા સુધારવામાં બહુ લક્ષ અપાયું જણાય છે. એ જ સમયમાં બાપજી રાઠોડના વંશજો જે વાઘેલ અને વાજા રાઠોડ કહેવાય છે તે દ્વારકાની યાત્રાને મિષે આવી, ચાવડાઓનો ઘાત કરી ઓખામંડળ પચાવી પડયા (૧૧૨૫).*

ભાવનગરના ઇતિહાસનો ઉપક્રમ.

કાઠીઆવાડની આટલે સુધીની પૂર્વ સ્થિતિ લક્ષમાં રાખવાથી આપણે હવે ભાવનગરની સ્થાપના કરનાર કુટુંબનો ઇતિહાસ સરલતાથી સમજી શકીશું. તે રાજ્ય વિસ્તારનારને દેશકાલની કેવી અનુકૂલતા હતી તે લક્ષમાં લઇશું; અને આ ચરિતના નિરૂપે તે રાજ્યની ઉન્નતિને અર્થે શું શું કરેલું છે તે સહજે દર્શાવી શકીશું.†

ગોહેલો.

ઇસ્વી સન ૧૧૯૩ માં ચોહાણ રાઠોડોનો તાતારના મુસલમાનોએ સંપૂર્ણ ઉચ્છેદ કરી, દિલ્હી અને કનોજમાં મુસલમાન રાજ્યની સ્થાપના કરી. તે પછી કનોજના જયચંદના પૌત્ર શિવજી અને સૈતરામ પોતાનો દેશ છોડીને પશ્ચિમ ભણીના રણમાં થઈ દ્વારકા જવાને મિષે, નવું રાજ્ય સ્થાપવાના આશયથી નીકળ્યા. જમનાથી સિંધુ સુધી, અને ગારા નદીથી આરાવલીના પર્વત સુધીના જે પ્રદેશ ઉપર આ પ્રવાસીઓનું મારવાડ એ નામનું મહારાજ્ય વિસ્તરનાર હતું, તે પ્રદેશમાં તે સમયે ઘણાક નાના

---

* "ટોડ રાજસ્થાન" (પુ૦ ૨, પૃષ્ઠ ૧૨).

† આટલા સુધીમાં કાઠીઆવાડમાં જે જે જાતો વસેલી આપણે જણાવી ગયા તે સંબંધે કેપ્ટન લીગ્રેન્ડ જેકબ પોતાના રીપોર્ટમાં લખે છે કે જેઠવા, ચૂડાસમા, સોલંકી, વાળા એ ચાર મૂળ વતની છે; અને ઝાલા, પરમાર, કાઠી, ગોહેલ, જટ, મુસલમાન, જાડેજા, મરેઠા એ બહારથી આવેલા છે. (પૃષ્ઠ ૩.)

નાના રાજા અને મંડલિકો રાજ્ય કરતા હતા; જેવા કે ઇડર અને મેહવાડમાં ડાભી લોકો, ખેરગઢમાં ગોહેલ લોકો, સાંચોરમાં દેવડા લોકો, ઈત્યાદિ.* જયચંદના પ્રપૌત્રોએ આ લોકોનો દગાથી નાશ કરી પોતાનું રાજ્ય સ્થાપવા માંડયું; તેમણે પ્રથમ મેહવાડના ડાભીઓને ઘેર મેહેમાન રહી તેમને કાપી નાખ્યા, અને પછી લુણી નદી ઉપર આવેલા ખેરગઢના ગોહેલોની પણ તેવી જ દશા કરી.

સેજકજી.

આ ગોહેલોના મુખ્ય સેજકજી (૧૨૬૦-૧૨૯૦) કેટલાક ગોહેલો સાથે સૌરાષ્ટ્રતરફ નીકળ્યા. અને જૂનાગઢના ચૂડાસમા રાહાકવાટના મુલકમાં પંચાલદેશમાં, શાહપુરના ઉજડ ટીંબાઆગળ પડાવ નાંખ્યો. રાહાકવાટે સેજકજીને શાહપુર વસાવવાની રજા આપી, તથા બીજાં બાર ગામોનો પટો કરી આપ્યો; એ જ અરસામાં સેજકજીએ પોતાની કુંવરી વાલમ કુંવરબાને રાહાના કુમાર ખેંગાર સાથે પરણાવી. શાહપુર આગળ સેજકજીએ જે ગામ વસાવ્યું તેને તેણે સેજકપુર એવું નામ આપ્યું; તથા આસપાસ બીજાં ચાળીશ ગામ આબાદ કર્યાં. વાલમ કુંવરબાની સાથે તેના સગા ભાઈ સારંગજી તથા શાહજી જૂનાગઢ ગયા; ત્યાંથી તેમને મોજે અરઠીલા સુદ્ધાં ૨૪ ગામ તથા તેટલાં જ ગામનું માંડવી પરગણું જાગીરમાં મળ્યું.† સેજકજીને બીજા પાંચ ભાઇ હતા, તેમાંના ચારને તેમણે બગડ, ટાટમ, તુરખા, પાળીઆદ, એ ગામ આપ્યાં. પણ પાંચમા વીસાજી ગામ લીધા વિના મોજે ખસ જઇને રહ્યા. અને ત્યાં ધંધુકીઆ મેરની દીકરી પરણી ખસીઆ કોળીની જાતના વિસ્તારનાર થયા.

---

* જુઓ "ટોડ રાજસ્થાન" (પુ૦ ૨.)

† શાહજીના વંશમાંથી પાલીતાણાની ગાદી ઉદ્ભવી છે; અને સારંગજીના વંશમાંથી લાઠીની ગાદી ઉદ્ભવી છે. જુઓ "કાઠિયાવાડ ગેઝેટીઅર" (પૃષ્ઠ ૨૮૪).

રાણજી; મોખડાજી; ડુંગરજી.

સેજકજી ૧૩૦૯ માં મરણ પામ્યા, અને તેમના પાટવી કુમાર રાણજી તેમની ગાદીએ બેઠા. એ રાણજીએ રાણપુર વસાવી કીલ્લો બાંધ્યો; પણ તે મુસલમાનોએ લઈ લીધો (૧૩૦૯-૧૦), અને લડાઈમાં રાણજી માર્યા ગયા. તેમના પુત્ર મોખડાજી હજી વધારે દક્ષિણ તરફ ઉતર્યા, અને સેજકપુર* તથા રાણપુર મુસલમાનોના હાથમાં રહેવા દઇ તેમણે વાળાઓ પાસેથી ભીમડાદ લઈ લીધું, તથા કોળીઓ પાસેથી ઉમરાળા સર કરી ત્યાં રાજગાદી સ્થાપી. પછી મોખડાજીએ ખોખરા તાબે કર્યું, અને મુસલમાન કસબાતીઓ પાસેથી ગોઘા પડાવી લઇ તેને કિલ્લો બાંધ્યો, તથા ગોઘાના બારામાં આવેલો પેરમનો ટાપુ બારીઆ જાતના ત્રિકાળીઆ કોળીઓ પાસેથી પોતાને હાથ લીધો. એ પેરમને કિલ્લો બાંધી મોખડાજીએ તે ઠેકાણે રાજધાની સ્થાપી. પેરમમાં રહીને મોખડાજી ગોઘાને તથા દરીઆમાં આવતા જતા માલને હરકત કરવા લાગ્યા. જે ઉપરથી દિલ્હીનો બાદશાહ મહંમુદ તઘલખ, જે તે સમયે ગૂજરાતમાં હતો, તેણે તેમના ઉપર ચઢાઇ કરી. મોખડાજી બહુ બહાદુરીથી લડયા, પણ છેવટે લડાઇમાં મરાયા, અને પેરમ તથા ગોઘા દિલ્હીના બાદશાહના તાબામાં ગયાં.† (૧૩૪૭.

મોખડાજીને બે કુમાર હતા: ડુંગરજી અને સમરસિંહ. ડુંગરજીને તેની મા રાતને સમયે ઉંડ સરવૈયામાં આવેલા હાથ-

---

* આ સેજકપુર તથા રાણપુરનો મુલક પછીથી ઉજડ થઈ ગયો, તે કાઠીઓએ આબાદ કર્યો એમ કહેવાય છે.

† ચારણ લોકો એવી વાત કહે છે કે એક વાણીઆનાં સોનાની રેતીનાં વહાણ ગોઘા આગળ દરીઆમાં તોફાન લાગવાથી પેરમમાં મોખડાજીને હવાલે કરેલાં તે તેણે વાણીઆને પાછાં ન આપવાથી વાણીઆએ પાદશાહને અરજ કરી આ લડાઈ કરાવી, પણ મુસલમાનો પાસેથી ગોઘા ગયાને લીધે લડાઈ થવાનો વધારે સંભવ લાગે છે. લડાઈમાં મોખડાજી બહુ બહાદુરીથી લડ્યા, અને તેમનું માથું પડ્યા છતાં પણ તેમનું ધડ સાત ગાઉસુધી લડયું. જ્યાં મોખડાજીનું માથું પડેલું તે સ્થાન હજી પણ ગોઘામાં પૂજાય છે.

સણીમાં તેને મોસાળ લઇ ગયાં, અને સમરસિંહને દેજબારાભણી ઉતારી દઇ તેને મોસાળ રાજપીપળે મોકલી દીધા. ત્યાં સમરસિંહને રાજપીપળાની ગાદીનો વારસો મળ્યો, અને તે એ ગાદીના મૂલ પુરુષ થયા. ગોઘામાંથી મુસલમાનો પાછા ફર્યા એટલે ડુંગરજીને તેમને મોસાળથી લાવી ગોઘાની ગાદી ઉપર બેસાડ્યા.

વીજોજી; કાનજી; સારંગજી.

ડુંગરજી પછી તેમના પુત્ર વીજોજી (૧૩૭૦) ગાદીનશીન થયા; તેમના પછી તેમના ત્રણ પુત્ર કાનજી, રામજી, અને રૂડોજી—એમાંના કાનજી (૧૩૯૫) ગાદીએ બેઠા. કાનજી પછી તેમના પુત્ર સારંગજી (૧૪૨૦) ગાદી ઉપર આવ્યા. તેઓ નાની વયના હોવાથી તેમના તરફથી તેમના કાકા રામજી રાજ્યવહીવટ ચલાવતા હતા. એ સમયે અમદાવાદના સુલતાનની ફોજ ખંડણી ઉઘરાવવા આવી, પણ ગોઘાની તીજોરીમાં નાણું ન હોવાથી, સારંગજીના કાકા રામજીએ પોતાના ભત્રીજાને ઓળમાં આપી પોતે ગાદી દબાવી. રામજીએ સારંગજીને છોડાવવાને કશો યત્ન ન કરવાથી આસપાસના સામંતોને માઠું લાગ્યું. અને તેવામાં ભાવનગર સંસ્થાનના ગુંદી કોળીઆકનો રહેનાર ભોજા નામનો કુંભાર, જે ઠામ વેચવા અમદાવાદ ગયો હતો તે ગધેડા ઉપર ભાર ભરી લાવતાં કેદખાનામાંથી તે ભારભેગા સારંગજીને ઉપાડી લાવ્યો. બાદશાહને તે વાતની ખબર પડતાં પાછળ ફોજ મોકલી. પણ કુંભારે ભાવનગર સંસ્થાનના ઉમરાળાના એક અતીતની જમાતના મહંત પ્રતાપગરને કુમાર સોંપી, તેમની ફોઇ પાસે ચાંપાનેરના રાવળ પ્રતાપસિંહને ત્યાં પહોંચાડવાનું કહ્યું. રાવળ પ્રતાપસિંહની મદદથી સારંગજી ફોજ લઇ ગોઘા ભણી આવ્યા, અને ઉમરાળે મુકામ કર્યો. રામજીએ લાઠી અને ગારીઆધારના ગોહેલોને બાર ગામ સાથે વાળુકડ અને તેટલાંજ ગામ સાથે ત્રાપજ આપવાનાં ઠરાવી લડાઇની તૈયારી કરવા માંડી, પણ તે ગોહેલો આ કામને અયોગ્ય ગણી સારંગજીને જઇ મળ્યા, એટલે રામજીએ શરણ થઇ સારંગજીને ગાદી પાછી આપી. સારંગજીએ લાઠી તથા

ગારીઆધારના ગોહેલોને રામજીએ જે આપવા કહેલું તે આપ્યું, અને રામજીને ઉખરલા, બડેલી, અગીઆળી, મોણપુર એ ટપ્પામાં ૩૩ ગામ કાઢી આપ્યાં.*

સારંગજીના વંશજો—વીસોજી સુધી

સારંગજી પછી તેમના પુત્ર શવદાસ (૧૪૪૫) ગાદીએ બેઠા, અને તેમના પછી રાજ્ય તેમના પુત્ર જેઠાજીના હાથમાં આવ્યું (૧૪૭૦). જેઠાજીને બે પુત્ર હતા—રામદાસજી અને ગંગદાસજી. તેમાંના રામદાસજી ગાદીનશીન થયા (૧૫૦૦), અને ગંગદાસજીને ચમારડી ગ્રાસમાં મળ્યું. રામદાસજીને ત્રણ પુત્ર હતા—સરતાનજી, સાદુલજી અને ભીમજી. સરતાનજીને ગોઘાની ગાદી મળી (૧૫૩૫), અને સાદુલજીને અધેવાડા તથા ભીમજીને ટાણા ગ્રાસમાં મળ્યાં. રામદાસજી કાશીની જાત્રાએ ગયલા ત્યાંથી પાછા આવતાં ચીતોડના સરદારની કન્યા પરણ્યા હતા, અને પરણી ઉઠીને તુરત જ ચીતોડ ઉપર આવેલી મુસલમાનોની ફોજ સામે લડતાં મરાયા હતા એમ કહેવાય છે.† સરતાનજી પછી તેમના પુત્ર વીસોજી ગાદીએ બેઠા (૧૫૭૦), અને તેમના બીજા કુમારો દેવોજી, વીરોજી અને મોકાજીને પછેગામ, અવાણીયા અને નવાણીયા, તથા બેળાગામ ગ્રાસમાં મળ્યાં.

---

* ચાંપાનેરના પતાઈ પ્રતાપસિંહજી રાવળની માગણીઅનુસાર સારંગજીએ "રાવળ" એવું ઉપનામ ધારણ કર્યું, જે અદ્યાપિ ભાવનગરના ગોહેલો રાખી રહ્યા છે. ભોજા કુંભારને સારંગજીએ કોળીઆકમાં જીવાઈની જમીન આપી, તથા રાજગાદીએ જે કોઇ બેસે તે એ ભોજાના વંશજો પાસે તિલક કરાવે એવો ઠરાવ કરી આપ્યો; પ્રતાપગરના ચેલા ગોવિંદગરને ઉમરાળામાં મઠ બાંધી આપ્યો, તથા જમીન પણ જીવાઇમાં આપી.

† એ સંબંધી નીચેની કવિતા ચારણો કહે છે :—

રામસિંહ રાજન, જાત્રા કાશીની કીધી,
કુટુંબસહિત સંઘ, ગંગા નાહ્યા ધર્મનિધિ,
ફેર પાછા લઈ ફોજ, આપ ઉદેપુર આવ્યા,
કુંભકરણની કન્યા પરણિયા શોભા પાવ્યા,
એ સમે કટક અસુરાણશો, આવ્ય મેવાડા ઉપરે,
મોવડી રામ દીધો મરણ, જંગ મચાડી જે તરે.

નવું શિહોર.

અણહિલપુરના સિદ્ધરાજ જયસિંહે વસાવેલાં અને બ્રાહ્મણોને ગ્રાસમાં આપેલાં બાર ગામની રાજધાની સિંહપુર (શિહોર)માં વસતા રણા તથા જાની બ્રાહ્મણોવચ્ચે સહજમાં કલહ ઉત્પન્ન થયો. જાની પક્ષનો કોઈ બ્રાહ્મણ રણા પક્ષની સ્ત્રી પરણ્યો હતો; આ સ્ત્રી દહિંની છાશ કરતાં છૂટા કેશ રાખી ખુલ્લે મોઢે વલોણું તાણતી હતી, તે ચોરે બેઠેલા બ્રાહ્મણોના દીઠામાં આવતાં તેના રૂપનાં વખાણ થયાં, જે તેના પતિએ સાંભળ્યાં. તેણે ઘેર જઈ સ્ત્રીનો ચોટલો કાપી નાંખ્યો, જેથી તે પોતાને પિયર જઈ રોવા લાગી. આ ઉપરથી રણા બ્રાહ્મણો ભેગા થઇ જમાઇને ઘેર લડવા ગયા, અને રણા તથા જાનીઓવચ્ચે મોટી કતલ ચાલી. રણા પક્ષવાળાએ ગારીઆધારના ગોહેલ કાંધાજીની મદદ આણી, અને જાની પક્ષવાળાએ ગોઘાના ગોહેલ વીસોજી ઉમરાળે આવ્યા હતા ત્યાં જઇ તેમની મદદ માગી. વીસોજીએ કાંધાજીને હરાવી શિહોર તાબે લીધું, અને જૂના શિહોરને રહેવા દઈ નવું શિહોર વસાવી તેને કિલ્લો બાંધ્યો, તથા શિહોર, ઉમરાળા, ગોઘા એ ઠેકાણાનાં પોતાનાં ગામોને જોડી દઇ, શિહોરમાં રાજધાની કરી.

વીસોજીના વંશજો—રતનજી સુધી.

વીસોજીને ત્રણ દીકરા હતા. તેમાંના ધુનાજી શિહોરની ગાદીએ બેઠા (૧૬૦૦), અને ભીમજીને હળીઆદ તથા કશીઆજીને ભડલી ગામ ગ્રાસમાં મળ્યાં.* ગારીઆધારના ગોહેલ કાંધાજીના દીકરાને ખેરડીના લોમાકાઠી સાથે વેર થઈ નાસતાં ધુનાજીને શરણે આવવું પડ્યું. ધુનાજી તેને મદદ કરી લોમાકાઠીસાથે લડતાં વેળાવદર આગળ રણમાં પડ્યા (૧૬૧૯).

ધુનાજીના દીકરા અખેરાજજી બાળપણમાં ગુજરી જવાથી તેના બીજા દીકરા રતનજી શિહોરની ગાદીએ બેઠા. ખશીઆ,

* વીસોજીના સમયમાં અકબર બાદશાહે ગૂજરાત લીધું.

ખુમાણ તથા સરવૈયા લોકો સાથે લડાઈમાં જય મેળવી તેમની પાછળ પડતાં માંડવી આગળ રતનજી પડ્યા (૧૬૨૦). રતનજીને હરભમજી, ગોવિંદજી તથા સારંગજી એટલા દીકરા હતા, અને લીલાજીબા દીકરી હતાં, જેને ભૂજના રાહા સાથે પરણાવ્યાં હતાં. હરભમજી ગાદીએ બેઠા, પણ બે વર્ષ રાજ્ય કરી અખેરાજજી એ નામધારી બે વરસના નાના કુમાર મૂકી મરણ પામ્યા (૧૬૨૨). કુમારની નાની વયનો લાભ લઈ તેના કાકા ગોવિંદજીએ ગાદી દબાવી, એટલે કુમારનાં મા આનાજીબાના મનમાં કુમારને મારી નાંખવાની ભીતિ લાગવાથી તે કુમારને તેની ફોઈ પાસે, વાછાણી કેશવજીઆદિની મદદથી ભૂજ લઈ ગયાં. આ વાછાણીઆદિ કુમારના પક્ષના લોકો પછી બહારવટે નીકળ્યા, એમની સામે થવા તથા શિહોરમાં પોતાનો બચાવ કરવા ગોવિંદજીએ જૂનાગઢના મુસલમાન ફોજદાર મુજફ્ફરખાનની મદદ માગી, અને ગોઘા ઉપરના પોતાના હક તેને સ્વાધીન કર્યા (૧૬૩૬). એ ફોજદારની ફોજ સાથે ફરતાં ગોવિંદજી મરણ પામ્યા, એટલે તેમના દીકરા સત્રસાલ (શત્રુશલ્ય) નો શિહોરમાં રાજ્યાભિષેક થયો. પણ કેશવજીઆદિ અખેરાજજીના પક્ષના બહારવટીઆઓ સત્રસાલને ઉપાડી ગયા, અને કાઠી સામત, ખુમાણવગેરેએ અખેરાજજીને ગાદી આપવાની જામીનગીરી કરી ત્યારે સત્રસાલને ગરાસ અપાવી, અખેરાજજીને ભૂજથી લાવી, તેમણે તેમનો રાજ્યાભિષેક શિહોરની ગાદી ઉપર કર્યો (૧૬૩૬). સત્રસાલને હમીરજી કરીને નાના ભાઈ હતા. તેમણે આહેરો પાસેથી કુકડ જીતી લીધું, તથા દિહોર વસાવ્યું; અને અખેરાજજીએ લોલીઆણાના મુસલમાન થાણદાર દેશાઈ રામજીની મદદથી સત્રસાલજીને વશ કર્યો. પછી ગારીઆધારના નોઘણજીએ અખેરાજજીની મદદ માગવાથી તેમણે કાઠીઓનો પરાજય કરી, નોઘણજીને પોતાનું રાજ્ય અપાવ્યું. અખેરાજજી ગોઘા પાછું મેળવવા યત્ન કરતા હતા, તેથી મુસલમાનોએ તેમને ગોઘા બંદરની ચોથનો પટો કરી આપ્યો. આ અખેરાજજી, જે ઘણા ઉદાર હોઈ

ચારણોને ગામનાં દાન આપતા, તેમને ચાર પુત્ર હતા—રતનજી જે તેમના પછી ૧૬૬૦માં ગાદીએ બેઠા, હરભમજી જેમને વરતેજનો ગ્રાસ મળ્યો, વજેરાજજી જેમને થોરડીનો ગ્રાસ મળ્યો, અને સરતાનજી જેમને મુગલાણાનો ગ્રાસ મળ્યો. રાવળ રતનજી તે પ્રખ્યાત ભાવસિંહજીના પિતા થાય.

પ્રખ્યાત ભાવસિંહજી (૧૭૦૩-૧૭૬૪).

ભાવસિંહજીનો જન્મ નીંગાળાના વાળાનાં દીકરી બાઈ કેશવબાને પેટે ૧૬૮૩ માં થયો, અને તેઓ વીશ વર્ષની ઉમરે ૧૭૦૩ માં શિહોરની ગાદીએ આવ્યા.. એ પછી ૧૭૨૧-૨૨ ના સમયમાં કંથાજી કદમબાંડે તથા પીલાજી ગાયકવાડ મહીનદીના કિનારા ઉપર અમદાવાદના મુસલમાન સુબા રૂસ્તમખાનને હાર ખવડાવી ખંડણી ઉઘરાવતા ઉઘરાવતા કાઠીઆવાડમાં આવ્યા. તેમણે શિહોરને ઘેરો ઘાલ્યો પણ ભૂલથી જૂના શિહોરના ઉજડ કિલ્લા ઉપર બળ અજમાવવામાં તે ફાવી શકયા નહિ, અને નવા શિહોરમાંથી રાતે રાતે ભાવસિંહજીએ તેમને બહુ નુકસાન પહોંચાડ્યું, જેથી તેઓ કાંઈ પણ કર્યા વિના ચાલ્યા ગયા. તે પછી અમદાવાદનો મુગલ બાદશાહનો સુબો જમે ઉઘરાવવા આવ્યો. તે જેમ લાઠીના જીજીબાવા તથા ગારીઆધારના નોઘણજીને આંકડાના રૂપૈયા ન ભરાવાથી નજરકેદ રાખીને ફરતો હતો, તેમ ભાવસિંહજીને પણ તેણે પોતાની ફોજમાં નજરકેદ રાખ્યા. પણ દસરાના દિવસનો પ્રસંગ લઈ ભાવસિંહજી ભારે કતલ મચાવી જીજીબાવા તથા નોઘણજીસહિત તેની ફોજના હાથમાંથી છટકી ગયા. એ સુબાએ શિહોરને ઘેરો ઘાલ્યો, પણ કાંઈ ન ફાવવાથી જૂનાગઢ ચાલ્યો ગયો. આ બધા સમયે ભાવસિંહજીના મનમાં એમ થયું કે નવા શિહોરની ભાળ શત્રુઓને બરાબર મળે તો તેમના ઘેરામાંથી ઉગરવાનો માર્ગ નથી, માટે આવી સ્થિતિમાં રહેવા કરતાં સમુદ્રને કાંઠે રાજધાની રાખવી એ વધારે સારૂં છે. આ વિચાર ઉપરાંત, ભાવસિંહજી જેવા દીર્ઘદૃષ્ટિવાળા પુરુષને, ખંભાત તથા સુરતનાં બંદરો જે

વિશાલ વ્યાપારનો વૈભવ ભોગવતા હતા તેમાં પણ ભાગ પડાવવા જેવું એક બંદર ઉભું કરવાનો વિચાર હોવો જોઈએ એમ ભાવનગર વસાવ્યા પછી તેમણે જે જે પ્રયત્ન કર્યા છે તે ઉપરથી સમજી શકાય છે. આવા અનેક વિચારોને અનુસરી તેમણે ગોઘાથી થોડેક છેટે આવેલું વડવા ગામ જે ખાડી ઉપર છે ત્યાં રાજધાની કરવાના હેતુથી પોતાનો નિવાસ ફેરવ્યો; અને એ ઠેકાણે ઈ. સ. ૧૭૨૩, સંવત્ ૧૭૭૯ના વૈશાખ શુદિ ૩ ને દિવસે ભાવનગર શહેરનો પાયો નાંખ્યો. એ શહેરની આબાદી કરવા તેમણે ઘણી ખબરદારી રાખેલી છે. આ સમયે (૧૭૩૦) ગોઘાનું બંદર બાબીઓની જાગીર હતું, ખંભાતમાં મોમીનખાન રાજ્ય કરતો હતો, અને સુરતમાં સોરાબખાન નવાબનો અમલ હતો.

ભાવનગર શહેરનો પાયો.

ભાવસિંહજીએ ગોઘાના બાબીને પોતાના બંદરની તરી જકાતમાં કાંઇક ભાગ આપી શાંત કર્યો એટલે મારવાડ, મેવાડ, ગુજરાત તથા સામા કાંઠાનાં બંદર, સુરત, ભરૂચ, મલબાર, મસ્કત, ઝાંઝીબારઆદિનો બધો વેપાર ભાવનગરમાં થઇને જવા આવવા લાગ્યો. આવી વૃદ્ધિ પામતી સમૃદ્ધિનું વધારે રક્ષણ કરવા માટે ભાવસિંહજીએ સુરતનો સોરાબખાન, જેને દિલ્હી દરબારમાં સારો લાગવગ હતો, તેનો સંબંધ સાચવવા માંડ્યો, અને જ્યારે ૧૭૩૨ માં સોરાબખાનને સુરત છોડવું પડ્યું ત્યારે તે ભાવનગર આવીને રહ્યો એવો એ સંબંધ ગાઢ થયો. ભાવસિંહજીએ સોરાબખાનના લાગવગનો ઉપયોગ ગોઘાના બાબીઓનું બળ નરમ પાડવામાં કર્યો, અને સોરાબખાને પોતાની લાગવગથી ગોઘાની જાગીર પોતે મેળવી લીધી. સોરાબખાનને આ પ્રકારે સોરઠમાં સ્વતંત્ર થવાની ઇચ્છા હતી, અને દિલ્હીથી તેણે ૧૭૩૪ માં સોરઠની નાયબ ફોજદારી મેળવી. બાબીઓને શાંત રાખવા તેણે ગોઘાને બદલે બાંટવા આપ્યું. અને એ રીતે શાંતિથી આગળ વધતાં તેણે વીરમગામનું સુબાપણું પણ મેળવ્યું. પરંતુ

અમદાવાદનો નાયબ સુબો રતનસિંહ ભંડારી વીરમગામની સુબાગીરીબાબત તેના સામો થયો, અને લડાઇ થઇ તેમાં સોરાબખાન માર્યો ગયો (૧૭૩૫). સોરાબખાનના મરણથી ભાવસિંહજીને કશી હાનિ થઇ નહિ. મરેઠા જેવા સમર્થ લૂંટારાનો પરાજય કરનાર ભાવસિંહજી સોરાબના મરવાથી અને ગોઘામાંથી બાબીના દૂર થવાથી વધારે સ્વતંત્ર અને બળવાન્ થયા, એટલે તેમણે ભાવનગરનું રાજ્ય વધાર્યું, ગોઘા કબજે કર્યું, અને સુરતના કિલેદાર સીદી સાથે ૧૭૩૯ માં કેટલાક અગત્યના કોલકરાર કર્યા. એ કોલકરારની રૂએ ભાવનગરની તરી જકાત ઉપર ૧। ટકો સીદીને આપવો, સુરતના વેપારીઓને કેટલીક જકાતની માફી આપવી, ભાવનગરના માલ ઉપર સુરતમાં જકાત લેવા ન દેવી, અને સીદી તથા ભાવસિંહજીએ સાથે રહી કીનારા ઉપરનો ચાંચીઆનો ધંધો બંધ પાડવા યત્ન કરવો, એમ ઠરેલું હતું. આ ઠરાવ કરવામાં ગુજરાતના સુબા મોમીનખાને શેરખાન બાબીને ગોઘા પાછું આપ્યું (૧૭૩૮) એ પણ એક કારણ હતું; જોકે શેરખાન સોરઠનો નાયબ ફોજદાર થવાથી ગોઘા પોતાને ફરી મળ્યું તેનો બહુ લાભ લઈ શકયો નહિ. મોમીનખાને શેરખાન પાસેથી કાંઇક અણબનાવ થતાં ગોઘા પાછું લેઇ, ૧૭૫૮ માં મરેઠાઓએ અમદાવાદ લીધું તેવામાં તેમને આપી દીધું, જેમની પાસેથી તે પેશ્વાના ભાગમાં ગયું. ભાવસિંહજી સુરતની મદદ લઇ ગોઘાને નરમ પાડવા યત્ન કરતા તે જ નીતિને અનુસરી ૧૭૫૯ માં જ્યારે બ્રિટિશ સરકારે સુરત લીધું, અને ૧૭૬૦ માં દિલ્હીથી સુરતનો પટો મેળવ્યો ત્યારે તેમણે બ્રિટિશ સરકારસાથે સીદીની સાથેના કોલકરારો પુનઃ ચાલુ કર્યા. આ સમયથી આ પ્રકારે ભાવનગર અને અંગ્રેજી રાજ્યના સંબંધનો આરંભ થાય છે.

ભાવનગર દરબારનો બ્રિટિશ સરકારસાથે મૈત્રીસંબંધ.

આ સાંધેમાં ભાવનગર પાસેનાં વરતેજ તથા ત્રાપજનાં ગામોમાં ભાયાતો તથા કોળીઓની તકરારો પડવાથી ભાવસિંહ

જીએ તે જીતી લીધાં, અને ભાવનગરના પોતાના રાજ્યમાં જોડી દીધાં, એ જ પ્રમાણે સરતાનપરના કોળી લોકો જે દરિયામાં ઘણી લૂંટ ચલાવતા હતા, તેમને વશ કરી સરતાનપર પણ તેમણે પોતાના રાજ્યમાં જોડી દીધું. આ પ્રકારે ભાવનગર વસાવી આબાદ કરી, શિહોરની નજીવી જેવી ઠકરાતને ભાવસિંહજીએ ભાવનગરના અતિસમૃદ્ધ બંદરવાળું અને બહોળા રાજ્યવિસ્તારસાથે પ્રતાપ અને વૈભવવાળું રાજ્ય કરી આપ્યું. "એંશી વર્ષની લાંબી જીંદગીમાં ભાવસિંહજીએ જેટલું કર્યું તેટલું આખા ભરતખંડમાં કોઈ પણ રાજા ભાગ્યે જ કરી શકયો હશે" એમ કર્નલ વોટસન તેમની સ્તુતિ ઉચ્ચારે છે.* ભાવસિંહજી ૧૭૬૪ માં મરણ પામ્યા.

---

* ભાવનગરની સ્થાપનાસંબંધે ચારણોના કાવ્યમાં ભાવનગરનું ભવિષ્ય ભાખેલું છે તે નીચે પ્રમાણે છે:—

વીશ આઠમા કળિ વૃતંત સંવત સતરં વૃખે ॥
વહે શેશ ગતં શતં આઠ પાયે ॥
ઓગણાશી વઈસખા શોમ પખા ત્રીજ અખા ॥
બધેતતં મુહુરતં પડિતં બોલાય ॥
આવીયા લગન મન્ન મગન ભયા પંડિત ॥
ધન ધન બને ગાવજેંદ્ર ઇંદ્રધામ ॥
તાકાજીહ અગ્રકારી એક મન્ન તત્ તારી ॥
નિરધારી ડીયા ભારી ભાવનગ્ર નામ ॥
વાકાહેન વેધા નામ અગામ બોલિયા વિપ્ર ॥
ખેધાજે જલંદાત કે મલંદા ખરાબ ॥
મલંદા ઝવેર મોતી ભૂલંદા આપકા મંદ્ર ॥
ગનીમે ઝુલંદાસેન ગુલંદા ગરાબ ॥
આખી બ્રહ્મ કથા જથા નોય કદી અવરથા ॥
પ્રથા આપ શ્રથા મંડે પાટકા ઉધોર ॥
બાગા નાગા ગોખ પાગા બોમહિ ઝરૂખા બાગા ॥
કોટ કંગરા બાગા ઝરૂખા કિંકોર ॥
હજારાં હજારાં લારાં બેવલી બજારાં હાટ ॥
થીયે હાટ હાટ શ્રાધ હજારાંહે થાટ ॥
પણીઘાટ ઘણીઘણી બોમસણી પાટ પાટ ॥

અખેરાજજી (૧૭૬૪–૧૭૭૨).

ભાવનગરની ગાદી ઉપર ભાવસિંહજીના વડા પુત્ર અખેરાજજી પચાશ વર્ષની ઉમરે બેઠા. ભાવસિંહજીએ પોતાના બીજા કુમારોમાંના વીસાજીને વળા અને બીજાં ગામ આપ્યાં હતાં; રામદાસજીને હળીઆદ તથા કેટલીક જમીન આપી હતી; ગોયાજીને રામપુર તથા એક ગામ આપ્યું હતું; અને પાંચમા દીકરાને રતનપુર તથા એક ગામ ગ્રાસમાં આપ્યું હતું. મુગલ બાદશાહી આ સમયમાં પડી ભાંગી, એટલે મહુવાંના મુસલમાન થાણદારો સ્વતંત્ર થઇ ગયા; પણ તે ખેરડીઆ સીપાઇઓ સ્વભાવે ગરીબ હોવાથી, તેમને આસપાસના ખશીઆ, ખુમાણ, બાબરીઆઆદિ બહુ કનડતા હતા. શેવડીવદરના મિશ્રી ખશીઆએ આ સીપાઇઓ પાસેથી મહુવા પડાવી લીધું, અને પોતે રાજા થવાની ઇચ્છા કરી છેક ભાવનગરસુધી લૂંટફાટ ચલાવવા માંડી. પણ અખેરાજજીએ આ ખશીઆને હાર ખવરાવી વશ કર્યા. ૧૭૫૮ માં મરેઠાઓને ગોઘા મળ્યું એમ કહેવાઇ ગયું છે, પણ એ ઠરાવ અમલમાં આવ્યો ન હતો, એટલે ૧૭૬૪-માં મોમીનખાનને ગોઘામાંથી હાંકી કાઢવામાં અખેરાજજીએ પેશ્વાને મદદ કરી, પેશ્વાપાસેથી ઇનામમાં કેટલીક ખંડણીની માફી મેળવી, તથા ગોઘાની તરી જકાતમાં ભાગ પ્રાપ્ત કર્યો. પણ ખંભાતનો નવાબ જેનું આ બંદર હતું તે અખેરાજજી ઉપર બહુ કરડી નજર રાખતો, અને વારંવાર ભાવનગરને હરકત થાય એવી યુક્તિઓ રચતો. તેને પણ ૧૭૭૧ માં બ્રિટિશ સરકારે પોતાની સાથેના કોલકરારમાં બાંધી લીધો કે તેણે અખેરાજજીને કશી હરકત કરવી નહિ, ભાવનગરના શહેર તથા બંદરને કોઇ રીતની કનડગત પહોંચાડવી નહિ, અને

પાટરાશે પણીઆરી શેરમે દ્વાર ॥
લાખ લાખ કોરી થકી વશીઆત આવે લાખ ॥
જાવે લાખ લાખ કોરી ચલાવે જીહાજ ॥
પાવે લાખ લાખ નકા સાંધા લાખપતિ ॥
ઓર ઠોર ઓ પતિનો લાખપતિ આજ ॥

ગોઘામાં લેવાતી જકાતના દરમાં વધારો કરવો નહિ. ગોઘાની અડચણ આ રીતે શાંત થયા છતાં તળાજાના કોળીઓ, જે ચાંચીઆનો ધંધો ચલાવતા, તેમના ઉપદ્રવથી વેપારને ઘણી હાનિ પહોંચતી તે અટકતી નહિ. અંગ્રેજ સરકારે તળાજાના કોળીઓને શિક્ષા આપવામાં અખેરાજજીની મદદ માગી, અને અખેરાજજીએ અંગ્રેજસંબંધનો લાભ વિચારી તુરત મદદ કરી. ૧૭૭૧ માં અંગ્રેજોએ તથા અખેરાજજીના લશ્કરે તળાજા સર કર્યું, અને અંગ્રેજોએ તે અખેરાજજીને આપવા માંડ્યું, પણ તેમને શેત્રુંજીની પાર મુલક વધારવાની રુચિ ન હોવાથી તે લીધું નહિ. લડાઈનો ખરચ લઈ અંગ્રેજ સરકારે તળાજા ખંભાતના નવાબને સોંપ્યું. અંગ્રેજ સરકાર અને અખેરાજજીના સારા સંબંધનો એક દૃષ્ટાન્ત આ સમયે એ મળે છે કે રઘુનાથરાવ પેશ્વા ઉપર મોટા પેશ્વાની અકૃપા થતાં તેમને, વડોદરાના રેઝિડન્ટ મિ. મેલેટ સાહેબની ભલામણથી, અખેરાજજીએ આશ્રય આપ્યો અને છેવટે પોતાના વહાણમાં મુંબઈ પહોંચાડ્યા. અખેરાજજી ૧૭૭૨ માં મરણ પામ્યા, અને તેમના કુમાર વખતસિંહજી ચોવીશ વર્ષની વયે ગાદીનશીન થયા.

બ્રિટિશ સરકાર સાથે મૈત્રીમાં વધારો.

વખતસિંહજી (૧૭૭૨–૧૮૧૬); તેમના પરાક્રમો.

આ સમયે ભાવનગરના રાજ્યનો વિસ્તાર આટલો હતો—(૧) શિહોર પરગણું, (૨) કોળીઆકવગેરે ગોઘાબારાનાં કંઠાળનાં ગામો, (૩) વરતેજનાં ગામો, (૪) ઉમરાળા પરગણું, (૫) ત્રાપજ પરગણું, (૬) ભંડારીઆનાં ગામો, (૭) દિહોરની બત્રીશી, (૮) બાખળકાનાં ગામો, (૯) ટાણા પરગણું, અને (૧૦) ભાલનાં ગામો. આ મુલકમાં વખતસિંહજીએ જે વધારો કર્યો છે તે ભાવનગર રાજ્યની હાલની હદ કરતાં કવચિત્ જ ઓછો રહે છે; અને ભાવસિંહજીએ સ્થાપેલાં શહેરને મોટું રાજ્ય કરવાનું માન ભાવસિંહજીભેગું વખતસિંહજીને પણ પૂર્ણ રીતે પ્રાપ્ત થાય છે. વખતસિંહજીને પ્રથમ તળાજાઉપર લક્ષ આપવું પડ્યું. ખંભા-

તના નવાબનો સુબો બહુ સ્વતંત્રપણે વર્તી ધર્મસંબંધે લોકોની લાગણીને દુ:ખવતો હતો, અને જે જે ગરાસીઆઆદિ ધર્મની વહારે ધાઇ તેની સામા થતા તેમને પકડીને મારી નાંખતો હતો. સર્વે મળી વખતસિંહજીને આ સુબાને નમાવવા વિનંતિ કરી, એટલે વખતસિંહજીએ ખંભાતના નવાબ પાસેથી અંગ્રેજ સરકારની મંજુરીથી રૂા. ૭૫,૦૦૦) આપી તળાજા ખરીદ કર્યું. પણ નવાબના સુબાએ તે ખાલી કરી આપ્યું નહિ, એટલે વખતસિંહજી ફોજ લઇને કિલ્લા ઉપર ચઢી આવ્યા, અને કિલ્લો સર કર્યો (ઇસ્વી સન ૧૭૮૦; સંવત્ ૧૮૩૬ ગોકુલઅષ્ટમીને દિવસે). પોતે તળાજે હતા તે જ સમયે કુમાર વજેસિંહનો જન્મ થયાની વધાઇ સાંભળી તળાજામાં પોતાના સસરા ઢાંકના વાળા ખીમાભાઇને મૂકી બે ગામ જીવાઇમાં આપી પોતે ભાવનગર ગયા.

આ સમય કાઠીઆવાડ અને આખા ગુજરાતમાં અવ્યવસ્થા અને ત્રાસનો હતો. વડોદરાના ફતેહસિંહરાવ ગાયકવાડ કાઠીઆવાડમાં બરોબર બંદોબસ્ત રાખી શકતા ન હતા, અને જૂનાગઢના પ્રખ્યાત દીવાન નાગર ગૃહસ્થ અમરજીથી હાર ખાઇ પાછા ગયા હતા. જૂનાગઢની સત્તા સર્વોપરિ હતી. પણ ત્યાં અંદર અંદરની અવ્યવસ્થાના પરિણામે નવાબ હામિદખાને અમરજીને મારી નંખાવ્યા અને દેશમાં અસ્તવ્યસ્તતા અને અંધેર પ્રસરી રહ્યું. એ બધાનો લાભ લઇ જતવાડાના તથા ખંભાત બારાના જટ, કોળીઆદિ લોકો આખો કાઠીઆવાડ લૂંટવા લાગ્યા. નાના નાના રાજારજવાડા બહારવટે નીકળી, તેમના ભેગા મળીને અવ્યવસ્થામાં વધારો કરવા લાગ્યા. લાઠી આસપાસના જેતપર તથા જસદણના કાઠીઓએ તથા એક આડા કાઠીએ લાઠીનો મુલક લૂંટી ઉજડ કરી નાંખ્યો. આ ઉપરથી લાઠીના ગોહેલ લાખાજીએ વખતસિંહજીની મદદ માગી, એટલે તેઓ લશ્કર લઇ તેમની મદદે ગયા, અને કાઠીઓને હાંકી કાઢી તેમણે લાઠીને પોતાના રક્ષણમાં લીધું. એ જ પ્રમાણે ચૂડાસમાનાં કેટલાંક ગામો તથા ભાલનાં કેટલાંક ગામોનું પણ પોતે રક્ષણ કર્યું. આવી રીતે

વખતસિંહજીના પરાક્રમની જેમ જેમ પ્રસિદ્ધિ થતી ગઈ, તેમ તેમ તેમની આણ આખા કાઠીઆવાડમાં વર્તવા લાગી.

જે મિશ્રી ખશીઆએ ખરેડીઆ સીપાઇઓ પાસેથી મહુવા લઈ લીધું હતું તેણે વાઘનગર પોતાના ભત્રીજા હમીર ખશીઆને આપ્યું હતું. એ હમીરે આ સમયનો લાભ લઇ ઝાંઝમેર, ઉંચડી, કોટડાવગેરે ગામો લઈ લીધાં, અને છેક તળાજા સુધી લૂંટફાટ કરવા માંડી. તળાજાથી ખીમોજીએ વખતસિંહજીને આ હમીરની ખબર લેવા ભલામણ કરી, એટલે વખતસિંહજીએ તેની સામે ચઢાઈ કરી ઝાંઝમેર સર કર્યું (૧૭૮૧). હમીર નાશીને ગોપનાથના મહંતને શરણે ગયો, પણ વખતસિંહજીની માગણીથી, તેને જીવતો મેલી દેવાની શરતે, મહંતે તેને સોંપી દીધો. વખતસિંહજીએ તેને એવી શરતે વાઘનગર જવા દીધો કે તેણે જીતેલો મુલક પાછો આપવો, તથા ત્યાર પછી ભાવનગરના મુલકને હરકત કરવી નહિ. બીજે જ વર્ષે (૧૭૮૨) આ હમીરને પોતાના કાકા મહુવાના જસા ખશીઆસાથે અણબનાવ થયો, એટલે તેણે થાકીને ૧૭૮૪ માં વખતસિંહજીની મદદ માગી. મહુવા તથા વાઘનગર બંદરમાં રહી આ જસો તથા હમીર ચાંચીઆનો ધંધો કરતા હતા, અને ભાવનગર જતું એક સાકરનું વહાણ, વેપારીને મારી નાંખી, લૂંટી લઇને તેમણે સાકરને ખુલ્લી રીતે મહુવામાં વેચવા મૂકી હતી. આ વાત વખતસિંહજીના જાણવામાં હતી એટલે તેઓ તેમને દંડ દેવા તત્પર જ હતા, જેથી આ પ્રસંગનો લાભ લઇ તુરત તેમણે મહુવા ઉપર ફોજ લઇ જવાની તૈયારી કરી. પંદર હજાર ફોજ તથા ઘણીક તોપો જે વખતસિંહજીના સૈન્યનું તે સમયે મુખ્ય અને પ્રથમ બલ હતું, તે સાથે તેઓ મહુવા ઉપર ગયા, અને છ દિવસ કિલ્લા ઉપર તોપોનો મારો ચલાવી સાતમે દિવસે તેમના આરબો મહુવામાં પેઠા. જસો રાજુલામુકામે ભોળા ધાંખડાને શરણે ગયો, અને તેને વખતસિંહજી ઉપર હુમલો કરવાને તૈયાર કરવા લાગ્યો. પણ વખતસિંહજીએ જ તેના ઉપર

ચઢાઈ કરી, એટલે તે શરણે થયો, તથા જસો નાસી ગયો. વખતસિંહજી જસાની પાછળ ડેડાણસુધી ગયા, પણ તેટલેથી પાછા ફરી રાજુલા તથા મહુવામાં થાણું મૂકી ભાવનગર આવ્યા. જસો ગિરમાં જઈ બહારવટે નીકળ્યો.

કુંડલા પરગણું આ સમયે ખુમાણ કાઠીઓનું હતું. તેમાંના મુખ્ય પુરુષ આલો ખુમાણ હતા. એ આલાને છ દીકરા હતા—ભોજ, મૂળુ, હાદો, લુણો, સુરો, અને વીરો. આલાના મરણપછી આ ભાઇઓને ગાદીવિષે કલહ થયો. એટલે ભોજ ખુમાણે વખતસિંહજીનો આશ્રય લઇ તેમને કુંડલા પરગણું લખી આપ્યું. વખતસિંહજીએ ફોજ મોકલી, પણ તેને ખુમાણ ભાઇઓએ કુંડલામાં પેસવા દીધી નહિ, અને તેમણે ઉલટી જૂનાગઢના નવાબની મદદ આણી; પણ તે ફોજને એ ખુમાણ ભાઇઓએ કુંડલામાં દાખલ થવા દીધી નહિ.

જસો ખશીઓ ગિરમાં બહારવટે હતો તેને વાઘનગરનો હમીર ખશીઓ છૂપી રીતે મદદ કરતો હતો, તેથી મહુવામાં વખતસિંહજીએ જે આરબ જમાદારને મૂકયો હતો તેને વાઘનગર લઇ લેવાનો હુકમ કર્યો. એ હુકમને અનુસરી તેણે વાઘનગર લઇ લીધું. એટલે હમીર ખશીઓ પણ જસાને મળી જઇ બહારવટે નીકળ્યો. મહુવા અને વાઘનગર તથા તળાજા એ ત્રણે ચાંચીઆનાં સ્થાન હતાં, તેનો આ પ્રમાણે વખતસિંહજીએ બંદોબસ્ત કર્યો, તેથી બ્રિટિશ સરકારે તેમને મુબારકબાદી અને ખુશાલી ભરેલું પત્ર ૧૪ મી ડીસેમ્બર ઇસિવી સન ૧૭૮૫નું મોકલ્યું.

વખતસિંહજી બંદરો તરફથી આ રીતે પરવાર્યા એટલે તેમણે કુંડલામાંથી પોતાની ફોજને પાછું ફરવું પડેલું તેનું વેર વાળવાનો વિચાર કર્યો. આ પ્રસંગે કુંડલા ઉપર જવું એક બીજા કારણથી પણ વધારે અનુકૂલ હતું. દીવાન અમરજીને મરાવી નાંખ્યા પછી (૧૭૮૪) જે અંધેર ચાલ્યું હતું તેમાં ગુંચવાઇ જઇ જૂનાગઢ ખુમાણોને મદદ કરી શકે એમ ન હતું. આ

સંધિ જોઈ વખતસિંહજીએ કુંડલાને ઘેરો ઘાલ્યો. કેટલીક લડાઇ થયા પછી હાદો અને મૂળુ મિત્યાળાગામે નાશી ગયા, અને કુંડલા વખતસિંહજીને તાબે થયું (૧૭૯૦). જૂનાગઢથી મિત્યાળામાં કાઠીઓને થોડીક મદદ આવી મળી, પણ વખતસિંહજીએ મિત્યાળે જઇ પહોંચી ત્યાંથી પાછા કાઠીઓને હાંકી કાઢ્યા. લીલીયા અને ગુંદરણના કાઠીઓને વખતસિંહજીના વિજયથી પોતાનો શ્રાસ સાચવવાની ચિંતા પેઠી, અને તેમણે જૂનાગઢની મદદ માગી, પણ તેમને બહુ સારી મદદ જૂનાગઢ આપી શક્યું નહિ. કુંડલા તથા સલડીમાં થાણાં મૂકી વખતસિંહજી ભાવનગર આવ્યા.

વખતસિંહજીને હવે ઘણા શત્રુ થયા હતા—ખુમાણ, ખશીઆ, કોળી, બાબરીઆ, તેમ જ જૂનાગઢના નવાબ. કુંડલાના ખુમાણોએ, જૂનાગઢ બરાબર મદદ આપી શક્યું નહિ તે જોઇ, જેતપુરના વીરા વાળાનો આશ્રય લીધો, અને ત્યાંથી સર્વે ચીતળના કુંપા વાળા પાસે આવ્યા. ત્યાં જસદણના વાજસુર ખાચર તથા સમગ્ર કાઠી પ્રજાનો અને ખશીઆ બહારવટીઆઓનો જમાવ કરી, વખતસિંહજી ઉપર હુમલો કરવાનો વિચાર થયો. આ વિચાર વખતસિંહજીના જાણવામાં આવતાં જ, પહેલાં જઇને છાપો મારવામાં લાભ છે એમ સમજી, તેમણે પોતાના ભાયાતો તથા લશ્કર ભેગું કરી ચીતળઉપર ચઢાઇ કરી, અને ચીતળને ઘેરો ઘાલ્યો. દોઢ માસસુધી ઘેરો ઘાલી રહ્યાને લીધે, કાઠીઓ કાયર થઇ વેરાઇ ગયા, અને વખતસિંહજીએ ૧૭૯૩ માં ચીતળ લીધું તથા વાળા કુંપાના ભાઇ ભાયા વાળાને કેદ પકડ્યા. ભાયા વાળાને મુકરર કરી ચીતળમાં થાણું મૂકી ગઢડા તથા બોટાદના કાઠીઓની પાછળ વખતસિંહજી ગયા. ગઢડા, બોટાદ, ભીમડાદ, અને બીજાં ગામો સર કરી બાબરાનો કિલ્લો જમીનદોસ્ત કરી, કાઠીઓને પૂર્ણ પરાજય પમાડી, જસદણના ખાચર ઉપર પોતે ઉતર્યા. વાજસુર ખાચર ભોંયરે નાશી ગયો, અને વખતસિંહજીએ જસદણનો કિલ્લો તોડી નાંખ્યો. પછી બોટાદવગેરે

પોતાના જીતેલા ભાગોનો બંદોબસ્ત કરી વખતસિંહજી ભાવનગર પાછા આવ્યા.

આ સમયે જસો ખશીઓ મરી ગયો, તેથી તથા કાઠીઓનો પરાજય થવાથી હમીર અને તેના ભત્રીજા ખીમા ખશીઆએ વખતસિંહજીને શરણ આવવાનું કહેણ મોકલ્યું. વખતસિંહજીએ, પોતાને બહુ શત્રુ હતા તે વાતનો વિચાર રાખી, આ કહેણનો સ્વીકાર કર્યો, અને હમીરને દશ તથા ખીમાને બાર ગામ આપી, તેમણે કોઇ વાર બહારવટે નીકળવું નહિ કે ભાવનગરના શત્રુઓને મદદ કરવી નહિ એવી શરત કરાવી લીધી.

ઉનડજી જે પાલીતાણામાં રાજ્ય કરતા હતા તેમના મનમાં શિહોર લેવાનો વિચાર ઘણા સમયથી આવ્યા કરતો હતો, કારણ કે વખતસિંહજીના પૂર્વજ વીસાજીએ ઉનડજીના પૂર્વજ કાંધાજીને શિહોરમાંથી હાંકી કાઢયા હતા, તેમ જ પોતાના પીતરાઇ વખતસિંહજીનો વિજય પણ તેમને પોતાને બહુ રુચતો ન હતો. ખુમાણ લોકો ચીતળ આગળ હાર્યા પછી ગિરમાં બહારવટે રહ્યા હતા તેમને બોલાવી ઉનડજીએ શિહોરઉપર ચઢાઇ કરવાની તૈયારી કરી. આ વાતની વખતસિંહજીને ખબર પડવાથી તેમણે જો કે પોતાની ફોજ કમી કરેલી હતી તોપણ જે બની શક્યું તે લશ્કર ભેગું કરી શિહોર તરફ કુચ કરી. પાલીતાણાનું લશ્કર ટાણા ભણી આવ્યું. ત્યાં આગળ વખતસિંહજીના લશ્કરનો ભેટો થતાં એક મુખી ખુમાણ મરાયો, અને લશ્કરમાં ભંગાણ પડવાથી પાલીતાણાની હાર થઇ (૧૭૯૪). ખુમાણો પાછા ગિરમાં બહારવટે રહ્યા, અને વખતસિંહજી ભાવનગર આવ્યા. ખુમાણો વચમાં વચમાં ઘણી લૂંટફાટ કરી ભાવનગરને કનડતા, પણ પ્રત્યેક પ્રસંગે વખતસિંહજી તેમને પૂરા પડતા.

૧૭૯૫ માં શિવરામ ગાર્દી નામનો ગાયકવાડ સરકારનો અમલદાર કાઠીઆવાડમાં ખંડણી ઉઘરાવવા આવી, મોટી ધરાઇ-

આગળ પડાવ કરી, શિહોર ઉપર નજર રાખીને રહ્યો. વખતસિંહજીએ પોતાના કારભારી નાગર ગૃહસ્થ રૂપજી દેશાઇની સલાહથી નાણાંની અછત બતાવી તેને ખંડણી આપવાની ના કહી. તેથી લોલીઆણા આગળ લડાઇ થઇ, જેમાં ત્રણ દિવસ મારામારી ચાલ્યા છતાં જયપરાજયનો નિશ્ચય થયો નહિ. પરંતુ વખતસિંહજીથી પરાજય પમાતાં આખા કાઠીઆવાડની ખંડણીને હાનિ પહોંચશે એમ સમજી શિવરામ ફરીથી લડાઇમાં ન ઉતરતાં ઉંડસરવૈયાભણી ચાલ્યો ગયો. શિવરામ ગાર્દીસાથે વખતસિંહજી રોકાયા હતા ત્યારે પણ પાલીતાણાના ઉનડજીએ થોડાક સ્વારો મોકલી શિહોર લૂંટવાની તજવીજ કરેલી, પણ પથાભાઇ નામના ગરાશીઆએ તેમને પાછા હાંકી કાઢેલા. આ ખબર પોતાને થતાં વખતસિંહજી શિહોર ગયા તો ત્યાં તેમના જાણવામાં આવ્યું કે ઉનડજી હાથસણી મુકામે શિવરામ ગાર્દીને મળ્યો છે, અને શિહોર ઉપર હલ્લો લઇ જવાનું તેને સમજાવે છે. વખતસિંહજીનાં માતા ઉનડજીનાં સગાં હોવાથી તેઓ તેમને પાલીતાણા ઉપર ચઢાઇ કરતાં વારંવાર અટકાવતાં હતાં, પણ આ સમાચાર જાણી વખતસિંહજીને ઘણો ક્રોધ આવ્યો, અને ફોજ લઇ પોતે પાલીતાણા ઉપર ચઢાઇ કરી. લડાઇ થઇ તેમાં ઉનડજી શેત્રુંજા ડુંગર ઉપર નાશી ગયો, અને વખતસિંહજી પાલીતાણાનો કિલ્લો તોડી પાડી ગારીઆધાર લૂંટીને પાછા ફર્યા. શિવરામ ગાર્દી પણ શિહોર ઉપર જવાનો વિચાર માંડી વાળી ચાલતો થયો.

આ વખતે રાજુલાનો મેરો ધાંખડો કે જે ભોળા ધાંખડાનો ભાઇ થાય તેણે ભાવનગરની સત્તા રાજુલામાંથી નાબુદ કરવાને જૂનાગઢની મદદ માગી. જૂનાગઢે ફોજ મોકલી ભાવનગરનું થાણું ઉઠાડી મૂકી રાજુલાનો કબજો લીધો. નવાબ હામીદખાનની મદદમાં ભાવનગરના શત્રુઓ ખાચર, ખુમાણ, વાળાઆદિ સર્વ કાઠીઓ હતા. તેમણે નવાબને હવે ભાવનગર ઉપર જવાની સલાહ આપી, જેનો સ્વીકાર કરી નવાબે ભાવ-

નગર તરફ ચાલવા માંડ્યું. વખતસિંહજી પણ પોતાની ફોજ લઇ સામા ચાલ્યા, અને વરલ ગામ આગળ ભેટો થયો. પણ જયપરાજયનો નિશ્ચય થયો નહિ, અને નવાબે લાઠી ઉપર થઇ મોજે જરખીઆ આગળ જઇ પડાવ કર્યો. વળી કાઠીઓએ નવાબને ભાવનગર ઉપર હલ્લો કરવાનો આગ્રહ કર્યો, એટલે નવાબ જુદી હકુમતના પાટણા ગામ તરફ ચાલ્યા. પણ વખતસિંહજી ઢસા ગામ આગળ પડેલા હતા તેથી ત્યાં લડાઇ થઇ. એવામાં પોરબંદરના રાજા રાણા જીયાજી જેઠવા જેમની સાથે વખતસિંહજીનાં બેન આપેલાં હતાં તેમણે વચમાં પડી સલાહ કરાવી, અને એવા કરાર થયા કે નવાબે કુંડલા, લીલીયા, રાજુલાઇત્યાદિ ઉપર કશો હક રાખવો નહિ, અને વખતસિંહજીએ નવાબને ઝોરતલબી આપ્યા જવી (૧૭૯૬).

આ વખતે ચીતળના કુંપા વાળાએ વખતસિંહજીસાથે સલાહ કરવાની ઇચ્છા દર્શાવી, એટલે વખતસિંહજીએ વિચાર કર્યો કે કાઠીઓની શત્રુતાથી જૂનાગઢને વારંવાર વચમાં આવવું ફાવે છે, માટે આ પ્રસંગનો લાભ લઇ સલાહ કરવી યોગ્ય છે. તે ઉપરથી તેમણે કુંપા વાળાને એવી શરતે ચીતળ પાછું આપ્યું કે તેણે ભાવનગરના બહારવટીઆને આશ્રય આપવો નહિ, અને કુંડલાના ખુમાણોને પણ મદદ કરવી નહિ (૧૭૯૭). આ ડહાપણભરેલી દીર્ઘદૃષ્ટિનું ફલ તુરત જ જણાયું. જૂનાગઢે ભાવનગર ઉપરથી દૃષ્ટિ ફેરવી બીજી દિશામાં ઉદ્યોગ આરંભ્યો, અને ખુમાણોને કોઇ પક્ષકાર રહ્યો નહિ. આમ થવાથી ગુંદરણ અને ખારાપાટના ખુમાણો વખતસિંહજીને શરણ થયા, તથા તેમના પછી હાદો ખુમાણ પણ શરણે આવ્યો. એ સર્વેને યોગ્ય ગ્રાસ કાઢી આપી વખતસિંહજીએ સર્વસાથે સલાહ કરી. જસદણના વાજસુર ખાચરે પણ સલાહ કરી. પરંતુ તેના મુલકના માલને જકાત વિના ભાવનગરમાં થઇ જવા દેતા હતા તે હક તેની પાસેથી વખતસિંહજીએ છીનાવી લીધો. ગઢડા

તથા બોટાદના ખાચરોને પણ તેમના મુલકમાંથી કેટલોક હક આપવામાં આવ્યો (૧૭૯૮).

આ સમય પછી વખતસિંહજીએ વિશ્રાંતિ લીધી, અને તે વિશ્રાંતિનો પ્રસંગ પોતાના રાજ્યની વ્યવસ્થા કરવામાં તથા ગાયકવાડ, પેશ્વા, અને અંગ્રેજ જે ગુજરાત અને સોરઠમાં સર્વોપરિ થવા લાગ્યા હતા તેમની સાથેના પોતાના સંબંધને સાચવી દૃઢ કરવામાં ગાળ્યો. આ સમય પછી બે ચાર જ વર્ષે વસાઇનું પ્રખ્યાત તહનામું અંગ્રેજ અને પેશ્વા વચ્ચે થયું, અને કાઠીઆવાડમાં અંગ્રેજોને મુખ્ય સત્તા પ્રાપ્ત થઈ. એ પ્રસંગ કેવી રીતે થઈ આવ્યો તે સમજવા માટે આપણે ચારસો પાંચસો વર્ષ પાછા જઈ, ભાવનગરે દિલ્હી, ગુજરાત, પુના, વડોદરા એ સ્થાનોના રાજ્યકર્ત્તાઓની અવ્યવસ્થાના જે સમયમાં પોતાના રાજ્યની વૃદ્ધિ કરી લીધી તે સમયનું અતિ-લઘુ પણ કાંઇક દિગ્દર્શન કરી જવું જોઇએ.

હિંદુસ્થાનમાં બ્રિટિશ સામ્રાજ્યનો ઇતિહાસ.

અણહિલવાડના પાટણની ગાદી ધોળકાના વાઘેલાઓને હાથ સોલંકીઓ પાસેથી ગઈ. એ છેલ્લો રાજા કરણ * વાઘેલો થયો. તેના હાથમાંથી અલાઉદ્દીન ખીલજીએ અણહિલવાડનું રાજ્ય છીનાવી† લીધું (૧૨૯૭). ખંભાત, ભરૂચ, અને સુરતનાં બંદર પણ તેણે હાથ કર્યાં. મુસલમાન લશ્કરના સરદારે સોમનાથ પાટણ લૂંટયું અને સોરઠનો નાઘેરભણીનો ભાગ વશ કરી, અણ-હિલવાડમાં મુસલમાન સુબો મૂકવામાં આવ્યો. તાતાર લોકો આ સમયે ઉત્તર હિંદુસ્થાનમાં પંજાબ, સિંધ, અને યમુનાસુધી

* "કાઠીઆવાડ ગેઝેટીઅર"માં લખે છે કે વનથળીના ઠાકોરો વાઘેલાના સંબંધી હતા (પૃષ્ઠ ૨૮૪).

† કરણના પ્રધાન માધવ અને કેશવ—તેમાંના માધવની પત્ની ઉપર કરણે બલાત્કાર કરવાથી તે જઇને મુસલમાનોને લઈ આવ્યો. એ વાતને સર અલેકઝાન્ડર કિન્લોક ફૉર્બ્સ સપ્રમાણ ગણતા નથી. (જુઓ રાસમાળા, પૃષ્ઠ ૨૧૪, નવી આવૃત્તિ.)

પ્રસર્યા હતા. દિલ્હીમાં તેમણે ગાદી સ્થાપી હતી; અને રજપૂત સંસ્થાનના ક્ષત્રિયો સાથે તે મહાયુદ્ધ ચલાવી રહ્યા હતા. વિજયના લોભથી અને ધર્મની ઝનુનથી તેઓ જ્યાંસુધી વધી શકાય ત્યાંસુધી વધતા હતા; પરંતુ આવા દૂર દેશમાં તેમની સત્તા સ્થિરતાથી જામી શકતી ન હતી. વારંવાર મુસલમાન સુબાઓ ગુજરાતમાં કે સોરઠમાં મૂકવામાં આવતા, પણ સોરઠ તથા ગુજરાત વાસ્તવિક રીતે અકબરના સમયમાં મોગલોના અધિકારમાં આવ્યાં હોય એમ જણાય છે.

ઈ૦ સ૦ ૧૩૪૭ માં મહમદ તઘલખે ગુજરાતઉપર સ્વારી કરી હતી, અને મોખડાજી ગોહેલ સાથે ગોઘા આગળ યુદ્ધ કર્યું હતું, પણ તેનું કોઈ સ્થાયી પરિણામ નીપજ્યું નથી. પછીથી ફીરોઝ તઘલખે ઝફરખાન નામના અમલદારને સોરઠનો સુબો નીમેલો જણાય* છે (૧૩૫૧). ત્યારપછી ગ્યાસુદ્દીન તઘલખે ગુજરાતની અવ્યવસ્થા દૂર કરવાને તથા લોક સાથે સમાધાન કરવાને પોતાના દરબારનો એક અમીર, જે તક્ષક વંશના હિંદુના કુલનો મુસલમાન હતો, તેને મુઝફ્ફરખાન એવા નામથી ગુજરાતનો સુબો નીમ્યો. તેણે અણહિલવાડમાં આવી પોતાનો અમલ શરૂ કર્યો † (૧૩૯૧). ૧૩૯૮ ના અરસામાં આ મુઝફ્ફરખાન મુઝફ્ફરશાહનું નામ ધારણ કરી પોતાના નામના શિક્કા પડાવી ગુજરાતનો રાજા થયો. ૧૪૧૧ માં તેના મરણ પછી તેનો દીકરો અહમદશાહ અણહિલવાડની ગાદીએ બેઠો, પણ તેને સાબરમતીને કાંઠે આવેલા આશાવળ ગામની હવા બહુ પસંદ હતી, તેથી તેણે પોતાનું નામ આપીને અહમદાવાદ શહેર ત્યાં વસાવી (૧૪૧૨), ગુજરાતની રાજધાની સ્થાપી. આ અહમદશાહે જૂનાગઢના રાહાને હરાવી પોતાનો ખંડીઓ બનાવ્યો (૧૪૧૪), અને ગોહેલો પાસેથી પણ ખંડણી લેવા માંડી. અહમદશાહે સોમનાથમાં પોતાનો સુબો મૂકયો, અને અણહિલવાડને બદલે અમદા-

* દેલવાડાના લેખમાં તેનું નામ છે; જુઓ "કાઠીઆવાડ ગેઝેટીઅર."

† "રાસમાળા," પૃષ્ઠ ૨૨૯.

વાદના પાદશાહનો અમલ ગુજરાત તથા સોરઠમાં ધીમે ધીમે બેસતો ચાલ્યો. અહુમદશાહ ૧૪૪૩ માં મરી ગયો, અને મહુમદ બેગડો ૧૪૫૮ માં અમદાવાદની ગાદીએ બેઠો. તેની વચમાં બે શાહ થઇ ગયા છે, પણ તે સમયમાં કાઠીઆવાડમાં મુસલમાન સત્તા સબલ થવાને બદલે નિર્બલ થયલી લાગે છે. અહુમદાવાદના શાહ ઘણું કરીને નંદરબાર તથા ખાનદેશ અને માળવા સુધી તેમ મહીની પાર ઇડર સુધી લડાઇઓ ચલાવતા, જેથી તેમને સોરઠ ઉપર બહુ લક્ષ આપવાનો સંધિ મળતો નહિ, તેમજ સોરઠમાં ગોહેલો અને કાઠીઓના દોરની સામે થવાને સાધારણ તૈયારી કામ આવે તેવી પણ હતી નહિ. ચૂડાસમાઓએ જૂનાગઢ ઉપરથી મુસલમાન સત્તાને ઉથાપી દીધી હતી, એટલે કોઈ નિમિત્તે કરીને મહુમદ બેગડાએ જૂનાગઢ ઉપર ચઢાઈ કરી (૧૪૬૭), પણ રાહામંડલિકે બહુ પ્રણિપત કરી ખંડણી આપવાનો સ્વીકાર કરી, તેને પાછો વાળ્યો. પણ એક અથવા બીજે નિમિત્તે મહમુદે જૂનાગઢ ઉપર પુનઃ બે ત્રણ સ્વારી કરી, અને રાહામંડલિકની પ્રણિપત કરવાની રાજનીતિ કામ ન આવતાં ૧૪૭૨ માં લડાઈ થઈ. જૂનાગઢ મુસલમાનોને હાથ ગયું, અને રાહાને ઈસ્લામી ધર્મ સ્વીકારવો પડયો.* મહમુદે દ્વારકા તથા ઓખામંડલ પણ લીધાં, અને આઠ વર્ષ સુધી સોરઠમાં રહી સોરઠની વ્યવસ્થા કરી, જુદાં જુદાં રાજ્યોની ખંડણી નક્કી કરી, રાહામંડલિકના પુત્રને બગસરા ચોવીશીનો જાગીરદાર (જેને પછીથી રાયજાદા કહેતા હતા) ઠરાવ્યો, જૂનાગઢમાં પોતાનો તાતારખાન નામનો થાણદાર મૂકયો, અને સોરઠમાં ઘણે ઠેકાણે થાણાં ઠરાવવામાં આવ્યાં.

* મુસલમાનોએ તેને "ખાન ઝહાન" એવું નામ આપ્યું છે, ને તેની કબર હજી અમદાવાદના માણેકચોકમાં પૂજાય છે. "મિરાત-ઇ-સિકંદરી" નો કર્તા તો રાહામંડલિકને, પરાજય પામી અમદાવાદ આવ્યા પછી શાહ આલમના ઉપદેશની અસરથી મુસલમાન થયલો જણાવે છે. ("રાસમાળા," પૃષ્ઠ ૨૭૪.)

મહમુદ બેગડાના મરણથી તે બહાદુરશાહ ગુજરાતનો રાજા થયો ત્યાં સુધી (૧૫૧૨–૧૫૨૬) એક બે શાહ થઈ ગયા. પણ કાઠીઆવાડમાં કોઇ જાણવાજોગ બનાવ બન્યા નહિ.

બહાદુરશાહના ઉપર દિલ્હીના બાદશાહ હુમાયુએ ચઢાઇ કરી તેનો પરાજય કર્યો તેથી થઈ આવેલી અવ્યવસ્થામાં સોરઠમાં જૂનાગઢનો સુબો તાતારખાન ગોરી સ્વતંત્ર થઈ ગયો, અને કચ્છના જાડેજા જામ રાવળે હાલારનો કબજો કરી (૧૫૩૫) નવાનગરની સ્થાપના કરી (૧૫૪૦); તથા ફતેહખાન બલોચ નામના મુસલમાન હાકેમે મોરબીનો કબજો કર્યો. હુમાયુએ ગુજરાત કે સોરઠમાં કાંઇ પણ સ્થાયી વ્યવસ્થા કરી જણાતી નથી, એટલે અકબરે ગુજરાત પોતાને સ્વાધીન લીધું (૧૫૭૨) ત્યાંસુધી અમદાવાદની ગાદી ઉપર ત્રણ શાહ થઈ ગયા, જેમના સમયમાં અવ્યવસ્થા અને ઉમરાવોના પ્રાબલ્ય વિના બીજું કાંઇ જાણવાજોગ થયું નથી. જૂનાગઢ અને મોરબી તથા નવાનગરના હાકેમો વધારે દૃઢતાથી સ્થિર થતા ગયા, અને બીજા અહમદશાહની નાની ઉમરનો લાભ લઈ ઉમરાવોએ રાજ્યની વહેંચણી કરી લીધી. તેમાં તાતારખાનને જૂનાગઢ પાળવાનો ઠરાવ થયો. અકબરે ગુજરાતના શાહની અવ્યવસ્થાને પ્રસંગે તેના ઉમરાવોમાંના ઇત્તિમાદખાનના નિમંત્રણનો લાભ લઇ અમદાવાદ જીતી લીધું, અને પોતાની શેહેનશાહતમાં ગુજરાતને ભેળ્યું, તથા અઝીઝકોકાને સુબો નીમી પોતે પાછો દિલ્હી ગયો. પરંતુ આ વિજય સોરઠ પર્યંત પહોંચેલો જણાતો નથી. સોરઠમાં તો તાતારખાનના વંશજોનું જ પ્રાબલ્ય ચાલતું રહેલું જણાય છે. ૧૫૮૧–૮૨ માં અકબરના સુબાએ જૂનાગઢ ઉપર સ્વારી કરી, પણ તેમાં તેનો પરાજય થયો, અને એ જ સંધિમાં અમદાવાદનો છેલ્લો સુલતાન મુઝફ્ફર જેને દિલ્હી કેદ રાખવામાં આવ્યો હતો, તેણે છૂટી આવીને અમદાવાદ પાછું લીધું (૧૫૮૩); પણ અઝીઝકોકાએ મુઝફ્ફરને હરાવી સોરઠમાં નસાડી મૂક્યો. ત્યાં તેણે નવાનગરના જામ સતાજી, જૂનાગઢના

દોલતખાન ગોરી, ખેરડીના લોમા ખુમાણ, જુનાગઢના રાયજાદા ખેંગાર, ઇત્યાદિની ફોજ ભેગી કરી, અને કોકા સામે ધોળ-પાસે ભૂચરમોરી આગળ યુદ્ધ કર્યું. જેમાં તેનો પરાજય થયો (૧૫૯૧). જૂનાગઢ મોગલોંએ લીધું, અને જૂનાગઢમાં મોગલ રાજ્યના ફોજદાર કે જે અમદાવાદના સુબાને તાબે ગણાતા તે રહેવા લાગ્યા. ત્યારથી સોરઠ સ્પષ્ટ રીતે મોગલોની શેહેનશાહતનો એક ભાગ થયું (૧૫૯૨).

અકબર પછી જહાંગીરના સમયમાં ગુજરાત તથા સોરઠ ઉપર લક્ષ અપાયું જણાતું નથી. શાહજહાનને અમદાવાદનો સુબો નીમવામાં આવ્યો હતો. પણ તેણે ૧૬૨૨ માં બળવો કર્યો, ત્યારથી ગુજરાતની સ્થિતિ હતી તેવીને તેવી અવ્યવ-સ્થાવાળી થઇ ગઈ. ૧૬૨૭ માં જહાંગીર પાદશાહ મરણ પામ્યો. ત્યાર પછી ચાર વર્ષે ગુજરાત અને કાઠીઆવાડમાં સત્તાશીઓ કાળ પડ્યો, જેથી એ અવ્યવસ્થામાં વધારો થયો. આ અવ્યવસ્થામાં કાઠીઆવાડના કાઠીઓ છેક ધોળકા, ધંધુકા અને અમદાવાદસુધી લૂંટ ચલાવવા લાગ્યા, તથા કાઠીઆવાડ તળમાં જેને જે રીતે ફાવ્યું તે રીતે રાજારજવાડાઓ વર્ત્તવા લાગ્યા. શાહજહાને આ અંધેર મટાડવાને અમદાવાદ સુબો મોકલ્યો (૧૬૩૬). તેણે બંદોબસ્ત કરી રાણપુરમાં થાણું મૂક્યું. મીરજા ઇસાતારખાન નામે અમીર જે સોરઠનો ફોજદાર હતો તે ગુજરાતનો સુબો થયો (૧૬૪૨), અને તેણે સોરઠમાં ચાલતી ભાગબટાઈની મેહેસુલ લેવાની પદ્ધતિ ગુજરાતમાં પણ દાખલ કરી આખા દેશમાં સારી આબાદી સ્થાપી. આગળ જતાં દારાશીકો શાહજાદા અમદાવાદનો સુબો થયો. ત્યારે ઈસા પાછો સોરઠનો ફોજદાર થયો, અને તેના વંશજો ઘણા વખત સુધી એ ફોજદારી ભોગવતા રહ્યા. આખા કાઠીઆવાડમાંથી આ ફોજ-દારો જમા વસુલ કરતા, અને નવાનગરના જામને કબજે રાખવા ઉપર ધ્યાન આપતા.

શિહોરમાં અખેરાજજી હવે ધીમે ધીમે બહાર પડતા હતા, એટલે તેમના ઉપર આ ફોજદારોનું ઝાઝું લક્ષ હતું નહિ; જો કે એ અખેરાજજીએ ગોઘામાં ચોથ દાખલ કરાવ્યાથી તેમના ઉપર કાંઇ લક્ષ ખેંચાવા લાગ્યું હતું ખરૂં. સોરઠ અને ગુજરાતની આવી સારી વ્યવસ્થા છેક ઔરંગજેબના મરણ (૧૭૦૭) સુધી ચાલી.

આ સમયમાં મરેઠાઓની સત્તા બહુ પ્રબલ થઈ ગઈ હતી, અને ઔરંગજેબ જેવા સમર્થ પાદશાહને પણ શિવાજીએ હંફાવ્યો હતો. શિવાજીની ઉન્નતિ કાઠીઆવાડ અને ગુજરાતના નાના મોટા રજવાડાઓ બહુ પ્રીતિથી ઇચ્છતા હતા, અને મોગલાઈમાં મરેઠાઓના ત્રાસથી જે ભંગાણુ પડયું તે સંધિમાં રાજપીપળાના રાજાઓ મરેઠાઓને મદદ કરવા લાગ્યા. સોરઠના ફોજદારોવડે ખંભાળીઆમાં પૂરાયલા જામે નવાનગર સર કરી લીધું (૧૭૦૯), પોરબંદરની સ્થાપના થઈ, અને મોરબીના મુસલમાન હાકેમો સ્વતંત્ર થવાના વિચાર ચલાવવા લાગ્યા. શિહોરના ગોહેલો તથા ધ્રાંગધ્રાઆદિના રાજાઓએ પણ ધીમે ધીમે પોતાની સત્તાનો વિસ્તાર કર્યો તથા ઘણાખરા મુસલમાન થાણદારો અને ફોજદારો સ્વતંત્ર થઈ ગયા. આ અવ્યવસ્થા ઔરંગજેબના મરણ પહેલેથી ચાલુ થઇ હતી, અને કાઠીઆવાડની એવી સ્થિતિ આવી હતી કે અમદાવાદનો સુબો લશ્કર લઇને આવે ત્યારે જૂનાગઢનો ફોજદાર તેનીસાથે રહી આખા દેશમાંથી પાદશાહી ખંડણી વસુલ કરાવી આપે તો જ વસુલ* આવી શકે (૧૬૯૨). ગુજરાતના સુબાઓ તેમ સોરઠના ફોજદારો પ્રતિનિધિ (ડેપ્યુટી) થી અમલ ચલાવવા લાગ્યા, અને એ વહીવટ એટલો બધો વધી ગયો કે તેને અંગે જ ચાલુ અવ્યવસ્થામાં ઘણોક વધારો થઇ આવ્યો. મરેઠાઓ પોતાની લૂંટ વધારતા સુરત લૂંટીને સુરત નજદીક આવેલા સોનગઢમાં પડાવ નાંખી રહ્યા, અને ગુજરાત તથા સોરઠના રાજાઓ તેમને

---

* મરેઠાઓની મુલકગિરીનો પ્રથમ આરંભ આ ઠેકાણેથી થાય છે.

મોગલ સત્તાનો ભંગ કરવાને તેડાં મોકલવા લાગ્યા. મરેઠાઓ પ્રથમ ડાભાડે નામના મરેઠી સેનાના એક સરદારના હાથ નીચે ગુજરાતમાં લૂંટ ચલાવવા આવતા અને સોનગઢ તથા રાજપીપળાના પહાડોમાંથી અમદાવાદ સુધી ફેરો કરીને પાછા જતા.

૧૭૨૨ માં પીલાજી ગાયકવાડ અને કંથાજી કદમબાંડે નામના બે અમલદારોના હાથ નીચે મરેઠાની ટુકડીઓ સોનગઢ, દાહોદ તથા વ્યારાના માર્ગે ગુજરાતમાં ઉતરીને કાઠીઆવાડમાં ઠેઠ શિહોર સુધી જઈ પહોંચી, જ્યાંથી પ્રખ્યાત ભાવસિંહજીએ તેમને પાછી હઠાવી એ વાત આપણે આગળ કહી ગયા છીએ. એ ભાવસિંહજી આ સમયમાં ધીમે ધીમે પોતાનું રાજ્ય વિસ્તારતા હતા, અને લોલીઆણાનું થાણું તેમણે લઈ લીધું હતું, તથા ભાવનગરની સ્થાપના ઘણી દીર્ઘદૃષ્ટિથી કરવા માંડી હતી એ વાર્તા કહેવાઈ ગયલી છે. મરેઠાઓની સ્વારીઓથી સોરઠના ફોજદાર તથા ગુજરાતના સુબાની સત્તા નરમ થઈ ગઈ હતી, જુદા જુદા રાજાઓ પોતપોતાનું રાજ્ય વિસ્તારતા હતા, અને કાઠીઓ નિરંકુશપણે લૂંટફાટ ચલાવ્યા જતા હતા. મરેઠાઓ ગુજરાતને પાયમાલ કરી સોરઠમાં બોરસદ તથા વીરમગામને માર્ગે થઈ ઉતરવા લાગ્યા; અને એ બે ગામનો કબજો કરવાની તેમણે તજવીજ કરી. આ સમય (૧૭૨૫) સોરઠનો ફોજદાર સલાબત મહમદખાન બાબી હતો અને અહમદાવાદનો સુબો હામિદખાન હતો. હામિદખાને મહી નદીની ઉત્તરના ભાગમાં મરેઠા સરદાર કંથાજીને ચોથ આપવાનું તથા દક્ષિણના ભાગમાં પીલાજી ગાયકવાડને ચોથ આપવાનું કબુલ કર્યું. પીલાજી ગાયકવાડે એ જ વર્ષમાં સોરઠ ઉપર સ્વારી કરી. પણ તુરત જ પાછા ફરી તેણે વડોદરા હાથ કર્યું (૧૭૩૨). કંથાજીએ એ જ વર્ષમાં પાવાગઢ હાથ કરી ગુજરાતમાં પોતાની ચોથ ઉઘરાવવા માણસો મૂક્યા. અમદાવાદના સુબાએ મરેઠાઓને વશ કરવા પેશ્વાની મદદ માગી, અને કંથાજી તથા પીલાજીને હાંકી કાઢવા પેશ્વાનો સરદાર ચીમનાજી આપ્પા ગુજરાતમાં

આવ્યો (૧૭૨૯). જો કે ડભોઈ આગળ ૧૭૩૧ માં પીલાજીની હાર થઈ અને પેશ્વાની ઉપરિ સત્તા મનાઈ તોપણ કોઇ સંતોષકારક સમાધાન થયું નહિ. તે પછી ગુજરાતના સુબા જોધપુરના રાઠોડ અભયસિંહે વડોદરા પડાવી લીધું, અને પીલાજીને મારી નખાવ્યો; તોપણ ગાયકવાડે વડોદરા પાછું લીધું, અને પીલાજીનો દીકરો દામાજી ગુજરાતને લૂંટતો લૂંટતો ઠેઠ જોધપુર સુધી જઈ પહોંચ્યો, અને અભયસિંહને અમદાવાદમાં પ્રતિનિધિ મૂકી જોધપુર સાચવવા જવાની ફરજ* પાડી (૧૭૩૨). દામાજી ગુજરાતમાં સર્વોપરિ થયો અને કંથાજીને પણ હાંકી કાઢી તેણે વીરમગામ લીધું (૧૭૩૬), તથા સોરઠ-પર ચઢાઈ કરી નિયમિત રીતે ત્યાંથી મુલકગિરિ (પેશકશી) વર્ષોવર્ષ ઉઘરાવવા માંડી. અમદાવાદના સુબાઓ પણ મુલકગિરિ ઉઘરાવતા અને મરેઠા કે મોગલ, જેની જે રીતે પ્રણિપત થાય તે રીતે, લડાઇથી કે મુલકગિરિ આપીને, ભાવસિંહજી પોતાનું નવું બંદર તથા રાજ્ય સાચવ્યાં કરતા હતા. આમ કરતાં ૧૭૪૮ માં જૂનાગઢનો ફોજદાર શેરખાન બાબી જે ગોઘાનો જાગીરદાર પણ હતો તે સ્વતંત્ર થયો, અને નવાબ બહાદુરખાન એવું નામ તેણે ધારણ કર્યું. અમદાવાદના સુબાઓ સોરઠમાં ખંડણી ઉઘરાવતા, મરેઠાઓ મુલકગિરિ ઉઘરાવતા, તેના ભેગી હવે સોરઠના ફોજદારો પ્રથમ મોગલોને નામે જે ખંડણી ઉઘરાવતા તે તેમણે સ્વતંત્ર રીતે ઉઘરાવવા માંડી. જૂનાગઢની ઝોરતલબીનો મૂલ આરંભ આમાંથી થયલો જણાય છે.

મોમીનખાન અમદાવાદનો સુબો હતો, તે સમયે જૂના-ગઢનો નવાબ સ્વતંત્ર થઈ ગયો. એ મોમીનખાનને અમદા-

* જુઓ "રાસમાળા, મહીકાંઠા ગવર્મેન્ટ સિલેક્શન, નંબરે ૧૨." આ ઇતિહાસ ઉપરાંત એવી દંતકથા પણ છે કે દામાજીને કીમીયાનો શોખ હતો. જોધપુર જવાના એકાદ પ્રયત્ન વખતે પાટણમાં તેમને કોઇક કીમીયાગરો મળ્યા, જેમની પાસેથી ઈલમ શીખવામાં, ભઠ્ઠીની ધુણીથી, તેમનો પ્રાણ ગયો. જોધપુર-તરફ જતાં તેને અટકાવવાને આ યુક્તિ થઇ હશે એમ કહેવાય છે.

વાદમાં સુબા થઈને પેસવું કઠિન પડ્યું, અને માજી સુબા અભયસિંહનો પ્રતિનિધિ રતનસિંહ ભંડારી તેના સામો થયો, જેથી તેણે દામાજી ગાયકવાડની મદદ લઈ અમદાવાદમાં પ્રવેશ કર્યો (૧૭૩૩). આ ઉપરથી અમદાવાદમાં મોગલો અને મરેઠાઓની અર્ધો અર્ધ સત્તા ચાલવા લાગી. ધીમે ધીમે દામાજી ગુજરાતમાં ઘણો પ્રબલ થઈ ગયો, કેમકે તેનો ઉપરિ પેશ્વા બાલાજી બાજીરાવ માળવા તથા દિલ્હીભણી મોગલોની સામે થવામાં રોકાયલો હોવાથી તેનાઉપર લક્ષ આપી શકતો ન હતો, તેમ મોગલ બાદશાહો પણ અમદાવાદના સુબાને મદદ કરી શકતા ન હતા. મોમીનખાન ૧૭૮૩ માં મરી ગયો ત્યાં સુધી મરેઠાઓની ગુજરાત તથા કાઠીઆવાડની બધી ખંડણી પોતે ઉઘરાવતો, અને ત્યાં સુધી જે જે સુબા આવ્યા તેમને એણે અથવા એના સરદારોએ અમદાવાદમાં પેસવા દીધા નહિ.

૧૭૫૧ માં દામાજીને રાજારામની વિધવા તારાબાઈની મદદમાં પેશ્વાઓની સત્તા તોડવા માટે સતારે જવું પડ્યું. પણ ત્યાં બાલાજી બાજીરાવે તેને કેદ કરી ઘણીક શરતો કરાવી લઈ છૂટો કર્યો—જેમાંની એક મુખ્ય શરત એ હતી કે ગુજરાત તથા કાઠીઆવાડની ઉપજમાં ગાયકવાડ અને પેશ્વાએ સરખો ભાગ લેવો. પેશ્વાના ભાઈ રાઘોબા દામાજીની સાથે આ શરતોનો અમલ કરાવવા ગુજરાતમાં આવ્યો, અને બંને લશ્કર અમદાવાદ આગળ આવ્યાં. દામાજી સતારે હતો તેવામાં જુવાંમર્દખાન બાબી જે મોગલ ભાગનો સુબો હતો તેણે અમદાવાદ હાથ કરી લીધું હતું, એટલે તેને હરાવી પાટણ, વડનગર, રાધનપુર અને મુઝપુર આપી પેશ્વા અને ગાયકવાડે અમદાવાદ લીધું* (૧૭૫૫).

---

* જુઓ "રાસમાળા", પૃષ્ઠ ૩૩૬. ખંડણી અને જમાની બંને વચ્ચે વહેંચણી થઈ તેમાં ધંધુકા, ગોઘા, વીરમગામ એટલાં પેશ્વાને મળ્યાં. વીરમગામતાબે તે વખતે હવેલી, વીરમગામ, લીંબડી, વાંકાનેર, ચૂડા, વઢવાણ, ઝીંઝુવાડા, હળવદ, રાણપુર, સુંવાળ, દશાડા, બજાણા, લખતર, પાટડી એટલાં હતાં.—"The Talukas in the Ahmedabad Zilla", Bombay Govt. Selection, No. CVI, New Series, p. 7.

આ પ્રકારની કાઠીઆવાડ તથા ગુજરાતની સ્થિતિને રહેવા દઈ આપણે હવે અંગ્રેજ હકુમતનો ટુંકો ઇતિહાસ આપીએ, અને આ સમયને વર્તમાન સમયની સાથે મેળવી, ભાવનગરની વ્યવસ્થામાં આજમ ગૌરીશંકર ઉદયશંકરે ભાગ લેવા માંડ્યો ત્યાં સુધી આવીએ. પ્રાચીન કાલથી આટલે સુધી અતિસંક્ષિપ્ત રીતે ઇતિહાસનું અવલોકન કરાવવાનો હેતુ એ છે કે એકંદર રાજ્યસ્થિતિ સમજવામાં આવતાં આ ચરિત્રના નિરૂપ્યે ભાવનગર તથા કાઠીઆવાડમાટે શું શું કરેલું છે તે સમજવામાં આવી શકે એટલું જ નહિ પણ મોગલ, ગાયકવાડ, પેશ્વા અને છેવટ અંગ્રેજ સરકારને કાઠીઆવાડનાં દેશી રાજ્યો ઉપર કેવા પ્રકારની સત્તા હતી અને છે, તેનું સ્વરૂપ ધ્યાનમાં આવતાં આજમ ગૌરીશંકરના કારભારસમયે ઉપસ્થિત થયલા કેટલાક મહત્ત્વના પ્રશ્નોની તુલના કરવામાં પણ વાંચનારને ઉપયોગી સાધન સહજે દૃષ્ટિગોચર થઈ શકે.

ભાવનગરની સાથેનો અંગ્રેજ સરકારનો સંબંધ શી રીતે અને કેવે પ્રસંગે થયો તે સમજવાને અંગ્રેજી સત્તાની સંક્ષિપ્ત હકીકત લખવી આવશ્યક છે.

રાણી ઇલિઝાબેથના સમયમાં વ્યાપાર કરવાની કંપની કરીને મદ્રાસ (ફોર્ટ સેંટ જ્યોર્જ) અને તેની આસપાસમાં રાજ્ય પ્રાપ્ત કરી રહેલા અંગ્રેજોએ બંગાળાના ઉપસાગર ઉપર હુગલી નદીના મુખ આગળ (ફોર્ટ વિલિયમ), કલકત્તામાં કોઠી ઘાલી હતી. ઔરંગજેબ પછીના જે દુર્બલ દિલ્હીપતિ થયા તેમાંના એકાદના મંદવાડને સમયે કંપનીના એલચીની સાથેના ડાકટરે સાહાય્ય કરવાથી પારિતોષિકમાં બંગાળાનું આધિપત્ય પણ પ્રાપ્ત કર્યું હતું;* અને બંગાળાનો નવાબ તે આધિપત્ય

* ફરોકશીઅર પાદશાહને, મારવાડના અજિતસિંહની કન્યા સાથે લગ્ન કરી, રજપુતોએ તેની સામે જે એકકો કર્યો હતો તે નરમ પાડવાની ઇચ્છા હતી; તેવામાં તેને પાઠું નીકળી આવ્યું. સુરતની સનંદ મેળવવા કંપનીના એલચી દિલ્હી આવેલા તેમનું કંઈ વળતું ન હતું. પણ પાઠાની વહાડકાપમાટે એલચી ખાતાના

સ્વીકારતો ન હતો, તેને ૧૭૫૭ માં પ્લાસીના મહાયુદ્ધને પ્રસંગે પૂર્ણ શિક્ષાએ પહોંચાડ્યો હતો. મદ્રાસ અને કલકત્તામાં આ રીતે વ્યાપારનો ત્યાગ કરી રાજ્યનું રૂપ ધારણ કરતી કંપનીના અમલદારો દિલ્હીપતિની ક્ષીણ થતી સત્તાને, અને મરેઠાઓના વૃદ્ધિ પામતા ઉદયને શાંતિથી જોયા કરતા હતા. મોગલ શહનશાહતના જૂદા જૂદા સુબા, હૈદરાબાદ, માળવા, ગુજરાત, સોરઠઆદિ સ્થાને સ્વતંત્ર થઈ ગયા હતા; મરેઠાઓએ સર્વનો પરાજય કરી રઘુનાથરાવે અટક અને હિમાલય સુધી શિવાજીનો ભગવો ઝુંડો ફરકાવ્યો હતો; અને બાજીરાવ પેશ્વાના વૈભવનું તેજ, વિશ્વાસરાવનો દિલ્હીની ગાદી ઉપર અભિષેક થતાં, અધિક ઉદ્દીપ્ત થયું હતું. પણ ૧૭૬૧ માં સિંધુ ઓળંગીને તાતારોનાં ટોળાં અહમદશાહ દુરાનીની સરદારી નીચે પુનઃ યમુનાને તટે ભેગાં થયાં; હોલકર, સિંધિયાઇત્યાદિ, સદાશિવરાવ ભાઉની એક લક્ષ સેનાસાથે યવનોથી આર્યત્વનું રક્ષણ કરવા તત્પર થયા. લખનૌના નવાબઆદિ મોગલો પ્રાણાંતની દશામાં પડેલી દિલ્હીની બાદશાહીનો ઉદ્ધાર થવાની આશા રાખી તેની વહારે ધાઈ આવ્યા. કુરુક્ષેત્રની વિકરાલ ભૂમિએ પુનઃ પોતાનું કરાલ મુખ વિકાસ્યું, અને આર્યાવર્ત્તનાં લક્ષાવધિ નરરત્નનો બલિ લીધો; મરેઠાઓના મહાસૈન્યના મરણના સમાચાર પુને લઈ જનાર કોઈ પણ રહ્યું નહિ; આખી પેશ્વાઈમાં કોઇને માથે રાતી પાઘડી રહી* નહિ. હિંદુસ્તાનની અવ્યવસ્થા અને અવદશાની સીમા ન રહી, કોઈ કોઇનું ધણી ન રહ્યું; જે જેને રુચે તેમ પોતાના રાજ્યની અને પોતાની વૃદ્ધિ કરવા લાગ્યું. આવે સંધિએ, જાણે આર્યાવર્ત્તના પુણ્યોદયથી જ દૈવયોગે મોકલ્યા હોય તેમ કલકત્તા અને મદ્રાસમાં

ડાકટર હેમિલ્ટનની મદદ લેતાં તે સારું થયું, અને લગ્ન થઈ શક્યાં. આ ઉપરથી ફરૌકશીઅરે પ્રસન્ન થઈ હેમિલ્ટનને બહુ બક્ષીસ આપી, અને એ ડાકટર હેમિલ્ટનની દેશપ્રીતિથી જ કંપની તથા અંગ્રેજ પ્રજાને આ દેશમાં રાજસત્તા પ્રાપ્ત થઈ. (જુઓ "ટોડ રાજસ્થાન," પુ૦ ૧, પૃષ્ઠ ૩૪૨.)

* આ યુદ્ધને ભાઉગર્દી પણ કહેછે.

તટસ્થ રહી બધો રંગ જોયા કરનારા પાશ્ચાત્ય રાજપુરુષો આગળ પડતા ગયા; સંધિ, વિગ્રહ—સર્વના નિયામક થતા ગયા, અને છેવટે અકબર કે બાલાજીના કરતાં પણ મોટું સામ્રાજ્ય સ્થાપી આખા ભરતખંડને ચારે ખુણે શાન્તિ અને શાન્તિના ફલરૂપ ઉન્નતિનાં બીજ વાવનાર થઈ શક્યા.

મુંબઈ તો ઇંગ્લંડના રાજાને ફીરંગીઓપાસેથી પહેરામણીમાં મળેલું હતું; અને થોડાંક માછીનાં ઝુપડાનું એ નગર તે રાજાએ કંપનીને સોંપી દીધું હતું (૧૬૬૮). કંપનીએ સુરતમાં કોઠી ઘાલેલી હતી, ત્યાંથી મુંબઇનું સ્થલ વધારે સગવડવાળું ધારી રાજધાની ત્યાં લઈ જવામાં આવી (૧૬૮૭). આ મુંબઇના બંદરની આબાદી કરવાના મૂલ ઉદ્દેશને લઇને જ ભાવનગરસાથે મળીને તળાજાના ચાંચીઆઓને વશ કરવાનો તથા પછીથી ગોઘા, ધોલેરાઆદિસંબંધે નાના પ્રકારના પ્રયત્ન કરવાનો ઉપક્રમ કંપનીએ આગળ જતાં કરેલો છે.

૧૭૫૦-૬૦ના વર્ષથી મુંબઇના ગવર્નર અને પુનાના પેશ્વાઓને સંબંધ ચાલ્યો આવતો હતો. મોગલ રાજ્યના પડી ભાંગવા સાથે સુરતમાં અવ્યવસ્થા થઈ ગઈ, જે ટાળીને કંપનીનો વ્યાપાર સુસ્થ કરી આપવા પેશ્વાને કહેવામાં આવ્યું. પણ તેણે સાહાય્ય ન કરવાથી એકલા અંગ્રેજોએ સુરતનો કિલ્લો લીધો (૧૭૫૯). સુરતના આધિપત્યને અંગે ભરૂચના નવાબ ઉપર પણ કંપની આધિપત્ય રાખતી હતી; જેનો સ્વીકાર ન થવાથી, કંપનીએ ભરૂચ પાછું લીધું (૧૭૭૨). ગુજરાતમાં આટલે સુધી વધ્યા પછી વડોદરાના ગાયકવાડે કંપનીને ગુજરાતમાં પૂર્ણ પ્રવેશ કરવાનો પ્રસંગ આપ્યો.

દામાજી ગાયકવાડના ચાર પુત્રો વચ્ચે દામાજીના મરણ પછી ગાદીને માટે વિગ્રહ ચાલ્યો. ગાયકવાડના ઉપરિ પેશ્વાએ સયાજીરાવને ગાદી આપી. પણ રઘુનાથરાવ પેશ્વાએ ગોવિંદરાવને ગાયકવાડની ગાદી આપી એટલે તેણે જઇને વડોદ-

રાને ઘેરો ઘાલ્યો. રઘુનાથરાવે પોતાના ભત્રીજા નારાયણરાવનું ખુન કરીને પેશ્વાઈ મેળવી હતી તેથી સરદારો તેની સામે થયા, અને રાઘોબા નાશીને ગોવિંદરાવને આશ્રયે આવ્યો. આવતાં આવતાં તેણે મુંબઇથી અંગ્રેજોની મદદ લીધી. પણ તેના આવતાં-પૂર્વે અડાસ આગળ ગોવિંદરાવનો પરાજય થઇ ગયો હતો. છતાં ખંભાત થઇને રઘુનાથરાવ સાથે અંગ્રેજી લશ્કર આવ્યું, અને પુનઃ અડાસના મેદાનમાં યુદ્ધ થયું, જેમાં ગોવિંદરાવ ગાયકવાડનો વિજય થયો (૧૭૭૫). અંગ્રેજોને આથી કશો જાણવાજોગ લાભ થયો નહિ, અને કલકત્તામાં જે ગવર્નર જનરલની પ્રથમ સ્થાપના થઈ હતી તેણે રાઘોબા સાથેના સંબંધને કેવલ અયોગ્ય જણાવી ઠપકો દીધો. પુનામાં નાના ફડનવીસઆદિ પ્રજ્ઞ પુરુષો સર્વોપરિ હતા. તેમણે રાઘોબાના સહાયભૂત અંગ્રેજોને ઉપદ્રવ કરવાથી પુનઃ (૧૭૮૦) કંપનીએ ડભોઇ ઉપર ઘેરો ઘાલ્યો, અને અમદાવાદ સ્વાધીન કર્યું. પણ તુરત જ સિંધિયાની સામે જવું પડવાથી તે છોડી દેવું પડ્યું. એ પ્રમાણે નાની મોટી લડાઇઓ કંપની અને મરેઠા સરદારો વચ્ચે ચાલ્યાં કરી. ૧૭૮૨ માં સિંધિયાના મધ્યસ્થ-પણાથી સર્વ વચ્ચે સંધિ* થયો, તેમાં ગુજરાત સંબંધે એટલુંજ ઠરેલું હતું કે ૧૭૭૫ માં વિગ્રહ આરંભાયો તે પૂર્વે જેની જે સ્થિતિ હતી તેટલામાં સર્વે રહેવું. આ સંધિને અંગે ડભોઈ પેશ્વાને અને ભરૂચ સિંધિયાને મળ્યું.† ફતેહસિંહ ગાયકવાડ ૧૭૮૯ માં મરણ પામ્યો ત્યારે સયાજીરાવનું રાજ્ય ચલાવવા માટે ગોવિંદરાવ ગાયકવાડ પ્રયત્ન કરવા લાગ્યો; પણ પુનેથી નાના ફડનવીસ તેને કેટલીક શરતો કર્યા વિના નીકળવા દેતો ન હતો. આવું વર્તન ૧૭૮૨ ના સંધિના ઉદ્દેશથી વિરુદ્ધ હતું, અને સયાજીરાવના મર-ણથી (૧૭૯૨) ગોવિંદરાવ ગાદીનો હકદાર હતો, એટલે કંપનીએ વચ્ચે પડી ગોવિંદરાવને વડોદરાના રાજ્ય ઉપર આવવામાં સાહાય્ય કર્યું (૧૭૯૩). પણ અમદાવાદમાં પેશ્વાના સુબાનો જે પ્રતિનિધિ

---

* સાલબાઈનું તહનામું.

† સિંધિયાપાસેથી કંપનીએ ૧૮૦૩ માં, તેણે વિગ્રહ ઉઠાવ્યાથી, લઈ લીધું.

આબા શેલુકર કરીને હતો તેની સાથે ગોવિંદરાવને બનતું ન હતું એટલે તેણે મોટી સેના ભેગી કરી શેલુકર ઉપર ચઢાઈ કરી અમદાવાદ પોતાને સ્વાધીન કર્યું. શેલુકર નાના ફડનવીસનો માણસ હતો, અને નાના ફડનવીસ ઉપર પેશ્વાની ઈતરાજી હતી તેથી પેશ્વાએ આ વાત અનુકૂલ માની, અને ગાયકવાડને અમદાવાદ પાંચ વર્ષને પટે વાર્ષિક પાંચ લાખના ઠરાવથી ઇજારે આપ્યું. ગાયકવાડના તે સમયના પ્રધાન રાવજી આપાજીનો ભાઈ કાકાજી (મહીપતરાવ) સુબો ઠર્યો (૧૮૦૦). એ જ વર્ષમાં ગોવિંદરાવ મરણ પામ્યો.

ગોવિંદરાવના દીકરા આનંદરાવ ગાયકવાડ ગાદીએ આવ્યા. પણ તેમના પિતાની રાખના દીકરા કાન્હોજીરાવે આ સમયે ઘણું તોફાન ઉઠાવ્યું અને આનંદરાવને કેદ કરી દુઃખ દેવા માંડ્યું, જે ઉપરથી રાવજી આપાજીઆદિ મંડળીએ તેને કેદ કરી આનંદરાવને પુનઃ ગાદી આપી. આ પ્રસંગે કડીમાં મલ્હારરાવ ગાયકવાડ જાગીરદારતરીકે રાજ્ય કરતો હતો. પીલાજી ગાયકવાડે પોતાના દીકરા ખંડેરાવને એ જાગીર આપી હતી, અને મલ્હારરાવ ખંડેરાવનો દીકરો હતો; ગાયકવાડને તે સવા લાખ ખંડણી ભરતો હતો, ને ગાયકવાડનો જાગીરદાર મનાતો હતો. એ મલ્હારરાવે ખંડણી આપવી બંધ કરી, અને કાન્હોજીરાવને અન્યાય થયો છે એમ જણાવી રાવજી આપાજી તથા આનંદરાવને યોગ્ય શિક્ષા દેવા લશ્કર ભેગું કરવા માંડ્યું. ફતેહસિંહની દીકરી વજરાબાઈ રાવજી આપાજી સાથે કાંઈ વાંધો પડવાથી સુરત કંપનીના આશ્રયમાં જઈ રહી. ગોવિંદરાવની રાખનો એક બીજો દીકરો મુકુંદરાવ કેટલાક હીરા અને દાગીના લઈ રણછોડજીની યાત્રાને નિમિત્તે કડીના મલ્હારરાવનો સહાય થયો, અને ગાયકવાડનો એક શિવરામ નામે સેનાપતિ પણ રાવજી આપાજીથી કંટાળીને મલ્હારરાવને મળ્યો. મલ્હારરાવે વિશનગર અને વીજાપુર લીધાં. રાવજીના ભાઈ બાબાજી નામના સેનાપતિના હાથ નીચેની ગાયકવાડી સેનાસાથે મલ્હારરાવના સૈન્યને ત્રણ વાર યુદ્ધ થયું; પણ કાંઈ નિશ્ચય થયો નહિ. આવી

સ્થિતિમાં રાવજી આપાજીએ, તેમ વજરાબાઇદ્વારા મલ્હારરાવે—એમ ઉભયે કંપનીની સાહ્યાય્ય માગી. મુંબઈના ગવર્નર મિ. ડંકને ઘણાંક* કારણો ધ્યાનમાં લઈ આનંદરાવનો પક્ષ કર્યો, અને કર્નલ વોકરને લશ્કર આપી ૧૮૦૨ માં સુરતથી વડોદરે મોકલ્યા. તેમને જણાયું કે આનંદરાવમાં રાજ્ય ચલાવવા જેવા ગુણ નથી, અને ગાયકવાડી રાજ્ય એકંદરે એવી અવ્યવસ્થામાં છે કે બહારથી ટેકો ન મળે તો તેનું ઠેકાણું રહે † નહિ. ૧૮૦૨ ના એપ્રિલની આખરે કડી લઇ લેવામાં આવ્યું. અને પોતાનું તથા પોતાના કુટુંબનું રક્ષણ થવાની શરતે મલ્હારરાવ શરણ થયો.‡ આનંદરાવ ગાયકવાડે, રાવજી આપાજીએ કંપની સાથે કરેલો ઠરાવ સ્વીકાર્યો, અને કંપનીને લશ્કરના ખર્ચપેટે અઠ્ઠાવીશી પરગણાનો પોતાનો ભાગ આપ્યો, તથા પ્રસન્ન ગઇ ચીખલી પરગણું પણ લખી આપ્યું, તેમ જ ૨૦૦૦ સબસીડીઅરી ફોજ રાખવાનો સ્વીકાર કર્યો. પછી કર્નલ વોકરે તળ વડોદરામાં આરબ જમાદારોની સત્તા તોડવાને મંગળ પારેખ તથા શામળ બહેચરવાળા પાસેથી અર્ધા રૂપૈયા કંપનીની બાંયધરીથી નવ ટકે અપાવ્યા અને અર્ધા ગાયકવાડે આપ્યા, અને એમ આરબોની ૪૨ લાખની માગણીનો નીકાલ કર્યો. આ મદદમાટે આનંદરાવે પુનઃ ૧૦૦૦ સબસીડીઅરી ફોજ સ્વીકારી. આ બધી સબસીડીઅરી ફોજના નિર્વાહમાટે ૧૮૦૩માં હંમેશ માટે ધોળકા, નડીઆદ, વીજાપુર, મહુધા, માતર એ પરગણાં તથા કડી ટપ્પો, કીમકટોદર, અને કાઠીઆવાડ ઉપર એક લાખની વરાત (કુલ રૂા. ૧૧,૭૦,૦૦૦) એટલું કંપનીને આપ્યું.§

* જુઓ "રાસમાળા" (પૃષ્ઠ ૩૭૭). આ મદદને બદલે રાવજી આપાજીએ મહારાજા આનંદરાવની સહીનો ચોરાશી પરગણાનો અને સુરતની ચોથનો પટો કંપનીને સ્વાધીન કર્યો. (જુઓ "એચીસન ટ્રીટી બુક", પૃષ્ઠ ૧૯૫–૯૬.)

† જુઓ "રાસમાળા" (પૃષ્ઠ ૩૭૯–૮૦).

‡ તેને નડીઆદમાં રાખવામાં આવ્યો. નડીઆદ પરગણાની ઉપજના સવા લાખ તેના ભરતબામાટે પ્રતિવર્ષ બાંધી આપ્યા. (જુઓ "એચીસન ટ્રીટી બુક," પૃષ્ઠ ૨૦૪).

§ જુઓ "મહીકાંઠા સિલેક્શન" (Bombay Government Record, No. XII).

પરંતુ આ પહેલાં બે વર્ષ ઉપર એક એવો અગત્યનો પ્રસંગ થઇ આવ્યો કે જેથી કંપનીને કાઠીઆવાડમાં પ્રવેશ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો. પુનામાં સિંધિયાના સાહાય્યથી બાજીરાવ પેશ્વા ગાદી ઉપર આવ્યો, તે વાત હોલકર અને તેના પક્ષકારોને રુચતી ન હતી. આ ઉપરથી પુનામાં તોફાન ઉઠ્યું, અને હોલકરથી ભય પામીને પેશ્વા વસઇમાં કંપનીને શરણે ગયો. કંપની આ સમયે, મૈસુરમાં ટીપુ સુલતાન કે જે ઇજીપ્ત સુધી આવી પહોંચેલા નેપોલિયનની મદદથી અંગ્રેજોને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢવાના તરંગો રચતો હતો, તેની સામે રોકાયલી હતી. તોપણ પેશ્વાની સ્થિતિનો લાભ લઈ ૧૮૦૨માં વસઈ મુકામે તેની સાથે કેટલાક અગત્યના કોલકરારો કરી, તેને આશ્રય આપવામાં આવ્યો. આ કોલકરારોથી પેશ્વાએ છવીશ લાખની ઉપજનો મુલક કંપનીને આપ્યો. તેમાં ધંધુકા, રાણપુર, ગોઘા એ પરગણાં તથા ખંભાતના બંદરઉપરનો હક પણ કંપનીને મળ્યો. ગાયકવાડે અમદાવાદ તથા કાઠીઆવાડની પેશ્વાભાગની ખંડણી એ બધું પેશ્વા પાસેથી પાંચ વર્ષને પટે (૧૮૦૦–૧૮૦૫) ઇજારે રાખેલું હતું (કારણ કે પેશ્વાના અધિકારીઓ નિયમસર પોતાની ખંડણી ઉઘરાવવામાં અશક્ત હતા, તેથી એ બાબતમાં મુખ્ય અધિકાર ગાયકવાડ સરકારનો ચાલતો હતો, ઇજારો તો માત્ર નામનો હતો), તેમાંથી આટલો ભાગ કંપનીને હવાલે થયો, અને ભાવનગર ઉપરની પેશ્વાની ખંડણી* પણ કંપનીને લેવાની ઠરી. ગાયકવાડના રાજ્યમાં વડોદરે રેસિડન્ટ રાખવામાં આવ્યો હતો, અને કર્નલ વોકર તે જગ્યા ઉપર નીમાયલા હતા. તેમની મારફતે હવે કાઠીઆવાડની વ્યવસ્થા કરવાનો કંપનીએ વિચાર કરવા માંડ્યો. પણ ૧૮૦૬–૭ સુધી તેનું છેવટ આવ્યું નહિ.

---

* જેને પેશવા "ખંડણી" કહેતા તેને મોગલો "પેશકશી" કહેતા. ગાયકવાડની મુલકગિરિ તેમ પેશવાની ખંડણી અથવા પેશકશી કહેવાય છે. જૂનાગઢના ફોજદારોએ ઝોરતલબી દાખલ કરી તે ઉપરાંત અમદાવાદના મોગલ સુબા એ પેશકશી લેતા હતા.

વડોદરાનો રેઝિડન્ટ પ્રથમ આ મુલકનો વહીવટ કરતો, પણ પછી ખેડામાં "કલેક્ટર ઓફ્ ધી ઇસ્ટર્ન ડિવિઝન" એ હોદ્દાથી એક અમલદાર રાખવામાં આવ્યો, તે એ મુલકનો વહીવટ કરવા લાગ્યો.

ગાયકવાડ જેવી રીતે કાઠીઆવાડમાં મુલકગિરિ કરતા તેવી રીતે તેમણે અદ્યાપિ બાબાજીને લશ્કર લઇ ખંડણી ઉઘરાવવા મોકલ્યો. વખતસિંહજીએ ખંડણી આપવાની ના પાડ્યાથી તેણે શિહોર ઉપર તોપનો માર ચલાવ્યો, પણ કાંઇ વળ્યું નહિ, જેથી પાછો ગયો. બીજે વર્ષે તેણે આવીને ભાવનગરની સીમની ઘડેચી નદી આગળ મુકામ કરી ભાવનગર ઉપર તોપોનો મારો ચલાવ્યો, અને ભાવનગર તરફથી પણ તોપો ચલાવવામાં આવી, પરંતુ આખરે સમાધાન કરવામાં આવ્યું. કંપનીને આશ્રયે રહેલા ગાયકવાડ સાથે સમાધાની કરવાથી લાભ વિચારી તથા ધંધુકા પરગણામાંનાં પોતાનાં ગામોની હકુમત બાબત કંપની સાથે તકરાર ચાલતી હતી તેઉપર લક્ષ રાખી, વખતસિંહજીએ સંધિ કર્યો અને રૂા. ૭૪,૦૦૦ ખંડણી આપવા કબુલ કર્યું.* આ પછી ૧૮૦૬ માં ગોંડલના ઠાકોર કુંભાજીએ પાલીતાણાના ઉનડજી સાથે પણ વખતસિંહજીને સમાધાન કરાવી આપ્યું. અને કસુંબા પીધા પછી ઉનડજીએ પીગળી ગામ વખતસિંહજીને આપ્યું.

ગાયકવાડ ફોજ મોકલીને મુલકગિરિ ઉઘરાવે તેથી કાઠીઆવાડના મુલકમાં ઘણી ખરાબી થતી હતી. પણ કંપની સરકારને, પેશવાનો કેટલોક કાઠીઆવાડનો મુલક મળવાથી, તથા ગાયકવાડ સાથે મિત્રાચારી હોવાથી, આ ખરાબી અટકાવવાને

---

* રા. રા. ગૌરીશંકર એમ કહેતા કે કર્નલ વોકર સાહેબનું એવું બોલવું થયું હતું કે આ ખંડણી તમે અમારી મારફત ઠરાવી હોત તો તમને રૂા. ૧૪,૦૦૦ નો ફાયદો થાત, પરંતુ એ સમયના કાર્યકર્તાનું કોઈ કારણસર તે વાતઉપર લક્ષ ગયું નહિ હોય એમ જણાય છે.

તથા પોતાના ભાગની ખંડણીની ઉઘરાત કરવાને કાઠીઆવાડનો બંદોબસ્ત * કરવાની વાત હવે પૂર્ણ લક્ષ ઉપર આવી. એવામાં ૧૯ ડીસેમ્બર ૧૮૦૩ ની તારીખની એક અરજી કાઠીઆવાડના કેટલાક તાલુકદારોએ ભાવનગરની સત્તામાંથી નીકળી કંપનીનો આશ્રય લેવા માટે કર્નલ વોકર (વડોદરા રેઝિડન્ટ) ઉપર મોકલી. તે ઉપરથી કર્નલ વોકર સાહેબે મુંબઇ ગવર્નરને† હકીકત જણાવતાં, તેમણે કાઠીઆવાડની એકંદર સ્થિતિનો રીપોર્ટ માંગ્યો, જે કર્નલ વોકરે મોકલી આપ્યો. એ ઉપરથી એમ ઠર્યું કે ગાયકવાડની મુલકગિરિફોજ સાથે રાખી કર્નલ વોકરે કાઠીઆવાડનો બંદોબસ્ત કરવો. ગાયકવાડ સરકારને પણ આવો બંદોબસ્ત થવાથી ઘણો લાભ હતો, એટલે તેમણે તે યોજના સ્વીકારી, અને કર્નલ વોકર સાથે પોતાની ફોજ મોકલી. ઘોટું નામના મોરબી સંસ્થાનના ગામ આગળ સર્વ રાજા રજવાડા, ઠાકોર, તાલુકદારઆદિને બોલાવવામાં આવ્યા. (રાજસ્થાનો તરફથી પ્રતિનિધિતરીકે મુખ્ય અધિકારીઓ આવેલા હતા, જેમાં ઘણો ભાગ નાગર ગૃહસ્થોનો હતો.) તેઓ સર્વની સાથે મુલકગિરિનો વાર્ષિક એક આંકડો ચલ્લુ માટે આપવાનો ઠરાવ કરવામાં આવ્યો, તથા સર્વની પાસેથી ફેલ જામીન અને આડ જામીનના દસ્તાવેજો કરાવી લેવામાં આવ્યા; જેથી કાઠીઆવાડમાં કંપનીની બાંયધરીથી બધે શાંતિ અને સમાધાનીનો પ્રસાર થયો. ‡ ગાયકવાડના અને પેશ્વાના જે જે હકો કાઠીઆવાડમાં હતા તેનું આ પ્રમાણે કંપનીના સાહાય્યથી નિરાકરણ થયું. ભાવનગરને જે રકમ ગાયકવાડ તથા પેશ્વાને આપવાની હતી તેમાં પેશ્વાની

* આ બંદોબસ્ત થતાં પૂર્વે ગાયકવાડના અમલદાર વિઠ્ઠલરાવ દેવાજીએ કાઠી લોકોનો ઘણો મુલક લીધો હતો, જેમાંથી અમરેલી તથા પંચમહાલ એ બંદોબસ્ત થતી વખતે ગાયકવાડને રહ્યાં. (જુઓ "કાઠીઆવાડ ગેઝેટીઅર," પૃષ્ઠ ૩૦૫).

† જુઓ "કર્નલ વોકરનો રીપોર્ટ" (૨૩ જાનેવારી ૧૮૦૪).

‡ સવિસ્તર હકીકત માટે પ્રત્યેક પ્રાંતવાર કર્નલ વોકરે ૧૮૦૭ માં જે જૂદા જૂદા રીપોર્ટો સરકારમાં કર્યા છે તે જુઓ.

રકમ તો કંપનીને જ ભરવાની હતી; અને ગાયકવાડ સરકારે પણ પોતાના ભાગની રકમ ૧૮૦૮ માં કંપનીને સબસીડીઅરી ફોજપેટે જમા કરવાની કહી, એટલે તે પેટે સુરતના નવાબના જે કાંઇ પેટાહક ભાવનગર ઉપર હતા તે પણ કંપનીને પ્રાપ્ત થયા.*

આ પ્રકાર ચાલતો હતો તેવામાં પેશ્વાએ ગાયકવાડને દશ વર્ષ માટે કરી આપેલો પટ્ટો પૂરો થયો (૧૮૧૫), અને તે તેણે ફરી કરી આપવા ના પાડી, તથા ગાયકવાડ પાસેથી કેટલુંક લહેણું કાઢી મોટી તકરાર ઉપસ્થિત કરી. એ તકરારના નિરાકરણ માટે કંપની સરકારની બાંયધરીથી વડોદરાના દીવાન ગંગાધર શાસ્ત્રીને પુને મોકલવામાં આવ્યા. પણ પેશ્વાના માનીતા ત્ર્યંબકજી ડેંગલે, જેને તેણે અમદાવાદનો સરસુબો નીમ્યો હતો, તેણે પુરંધરના દેવાલયમાં તેમને મારી નંખાવ્યા, જેથી કંપની સરકાર સાથે તેને મોટી તકરાર ઉભી થઇ. એ તકરારને પરિણામે ૧૮૧૭ માં પુના મુકામે જે સલાહ થઈ તેમાં ગાયકવાડ ઉપરના સર્વ હક તથા કાઠીઆવાડમાંના પોતાના સર્વ હક પેશ્વાએ કંપનીને આપી દીધા. આ પ્રકારે કંપનીને કાઠીઆવાડમાં પેશ્વાની સત્તા મળી. તે પછી ગાયકવાડે પણ કાઠીઆવાડ ઉપર કોઇ પણ હક કંપનીની મારફત વિના આગળ કરવો નહિ, એવી કબુલાત ૧૮૨૦ માં આપી. એટલું જ નહિ પણ ૧૮૨૨ માં જૂનાગઢની ઝોરતલબી પણ કંપની સરકાર ઉઘરાવી આપે એવું ઠર્યું. આથી કરીને ભાવનગરની એ સ્થિતિ થઇ કે ગાયકવાડ, પેશ્વા, સુરતના નવાબ, તથા જૂનાગઢ સર્વેના જે જે હકો ભાવનગર ઉપર હતા, તે કંપની સરકારને પ્રાપ્ત થયા. અને ભાવનગરને કંપની સરકાર સાથે જ સંબંધ રાખવાનું થઇ આવ્યું.† કંપની સરકારે ૧૮૨૦ માં પેશ્વાને ગાય-

* જુઓ કર્નલ વોકરનો ૩૦ એપ્રિલ ૧૮૦૮ નો રીપોર્ટ.

† એ સંબંધ એવો સારો હતો કે ભાવનગરના જામીનખતમાં કર્નલ વોકર પોતે કંપની તરફથી ભાવનગરના જામીન થયા હતા.

કવાડના હક પોતાને મળતાં કાઠીઆવાડ પોલિટિકલ એજન્સી સ્થાપી હતી, અને મહીકાંઠાનું સમાધાન કરનાર કેપ્ટન બેલેનટાઇનને વર્ષો વર્ષ જમા ઉઘરાવવા મોકલવામાં આવતા, તોપણ ૧૮૨૨* માં પ્રથમ પોલિટિકલ એજન્ટતરીકે કેપ્ટન બાર્નવેલને મોકલવામાં આવ્યા; અને અંગ્રેજ સરકારે કાઠીઆવાડની યથાયોગ્ય વ્યવસ્થા રાખવા માંડી.

મહારાજા વખતસિંહજીના અંતસમયે દુઃખદાયક બનાવો.

મહારાજા વખતસિંહજી સર્વ રીતે અતિઉજ્જવલ યશ પ્રાપ્ત કરી દ્વારકા, નર્મદાઆદિ પવિત્ર તીર્થની યાત્રા કરી, પોતે પ્રાપ્ત કરેલા વિશાલ રાજ્યની શાન્તિ અને સુખાકારી વિલોકતા વૃદ્ધાવસ્થામાં આરામ લેતા હતા. પણ એમના અંતસમયે કેટલાક એવા સંયોગો થઇ આવ્યા કે જેથી એમનો અંત કાંઇક સમીપ આવ્યો, અને પોતે જે ક્ષત્રિયવટથી રાજ્ય પ્રાપ્ત કરેલું તે ક્ષત્રિયવટનો સમય ન હોવાથી રાજ્યને સહજમાં ધક્કો લાગતો જોઇ તેમના ક્ષત્રિયહૃદયને બહુ ઓછું આવ્યું.

ખંડણીમાં વધારો.

૧૮૦૨ માં પેશ્વાના ગોઘા, રાણપુર, ધંધુકાઇત્યાદિ પરગણાના હક કંપની સરકારને મળ્યા, અને પૂર્વ વિભાગનો કલેક્ટર તેમનો વહીવટ કરતો એ વાત આપણે કહી ગયા છીએ. એ પરગણાનાં પેશ્વાને ખંડણી આપનારાં ભાવનગરનાં ગામોમાં ભાવનગરની હકુમત સ્વતંત્ર હતી, અને ખંડણી પણ ભાવનગરની મદદથી ઉઘરાવી લેવાતી. આ વાત ખેડાના કલેક્ટરને રુચતી નહિ હતી; તેમ જ આ રીતે ઉઘરાવવાની જે જમા તેનો આંકડો વધારી શકાય કે નહિ એ પણ એક નિરાકરણ થયા વિનાનો પ્રશ્ન હતો. કર્નલ વોકરે પોતાના રીપોર્ટમાં વારંવાર એ વાત બહુ આગ્રહથી ભાર દઇને પ્રતિપાદન કરી છે કે ભાવનગરના ઠાકોરનાં ગામો તેમનાં પોતાનાં છે, અને

* ત્યાં સુધી અમરેલીમાં ગાયકવાડનો જે સુબો રહેતો હતો તે આખા કાઠીઆવાડમાં સર્વોપરિ સત્તાનો હક ભોગવતો.

તેમાં તેમની પોતાની જ સર્વ રીતની હકુમત છે, કંપની તો માત્ર તેમાંથી ઉપરિ સત્તાતરીકે ખંડણી લેવાનો જ હક ધરાવે છે. છતાં ખેડાના કલેક્ટરઆદિ અમલદારો બંગાળાના જમીનદારો જેવા કાઠીઆવાડના તાલુકદારોને સમજી તેમની પાસેથી હકુમત લઇ લેવા ઉપર તેમ જ તેમની ખંડણીનો આંકડો વધારવા ઉપર દૃષ્ટિ રાખતા. કર્નલ વોકરે ખંડણીના આંકડા બાંધતી વખતે એમ ટીકા કરી છે કે વારંવાર મુલકગિરિલશ્કરને રાજાઓ ખંડણી આપતા જ નહિ, ન ચાલે ત્યારે જ આપતા અને લશ્કરના અમલદારો બની શકે તેટલું વધારે કઢાવવા તજવીજ કરતા. પરંતુ કર્નલ વોકરે ઠરાવ કરી આંકડો પાડ્યા પછી એ રકમમાં વધારો કરવાનો અવકાશ છે, એમ સાધારણ રીતે ધારવામાં હતું નહિ. આવી સ્થિતિમાં ધોલેરાના એક ભાગદારે પોતાનો ભાગ ભાવનગરને લખી આપ્યો, ત્યારે બીજાએ કંપનીને લખી આપી કંપનીનો આશ્રય માંગ્યો. આ તથા બીજી તેવી તકરારોની તપાસ કરવા ૧૮૦૨માં સર મીગલ ડીસોઝા નામના પોર્ટુગીઝ વ્યાપારીને ખેડાના કલેક્ટરે કાઠીઆવાડમાં મોકલ્યો. તેનું લક્ષ વ્યાપારની સરલતા કરવા માટે એ પરગણામાં કંપનીની હકુમત બેસાડવા ઉપર તથા ધોલેરા બંદરને આબાદ કરવા ઉપર હોવાથી તેણે મુંબઇના નામદાર ગવર્નરને પેશ્વાપાસેથી તે પરગણા મેળવવા ભલામણ કરી.* એ ભલામણનો અમલ થતા પહેલાં ખેડાના કલેક્ટર મિ. બહેરામ રોલ્સે ભાવનગર દરબારના કારભારી રા. સોમજી દેશાઇને બોલાવી કોઇ પણ રીતે સમજુત કરી, ગોઘા પરગણાનાં ગામોની જમામાં રૂપૈયે એક આનો તથા ધુંધુકા, રાણપુર પરગણાના ગામોમાં દોઢ આનો વધરાવી લીધો;

* જુઓ અમદાવાદ જીલ્લાના તાલુકદારોવિષે મિ. પીલનો રીપોર્ટ; ગવર્મેન્ટ સિલેક્શન નંબર ૧૦૬, પૃષ્ઠ ૮. મિ. પીલ મિ. ડીસોઝાને તાલુકદારોના લાભ સાચવવાનો ઉત્સાહ ધરાવનારતરીકે "their zealous, if not highly educated, agent" એમ વર્ણવે છે. વડોદરાના રેસિડન્ટ મેજર કર્નાક પોતાના જુલાઇ ૧૮૧૪ના રીપોર્ટમાં આ ગૃહસ્થની આવી અયોગ્ય વર્તણુકનાં બધાં કારણો દર્શાવી બહુ ટીકા કરે છે.

તથા આ વધારાનો પાંચ વર્ષનો પટ્ટો કર્યો (૧૮૧૦). આ વધારો થયો તેની બહુ ચિંતા જેવું ન હતું; પણ કર્નલ વોકરે આંકડો ઠરાવ્યા પછી જમાની રકમમાં વધારો થાય કે નહિ એ મોટા પ્રશ્નનું આ રીતે આડકતરૂં નિરાકરણ થઈ ગયું, અને તે ભાવનગરના ગેરલાભમાં થઇ ગયું એથી વખતસિંહજીને માઠું લાગ્યું.

ગોવધશિક્ષાનિમિત્ત રાજ્યહુકુમતનો ભંગ.

પણ એ કરતાં વધારે માઠું લગાડનારી વાત તેના પછી ચાર પાંચ વર્ષમાં જ થઇ આવી. એક બાજુએ ભાવનગરના રાજાને તાલુકદાર અને જમીનદાર ઠરાવી તેની સત્તા ઓછી કરવા યત્નો ચાલ્યાં કરતા હતા, તેવામાં બીજી બાજુએ ભાવનગર તળ કે જે ગોધા પરગણાનાં ગામોમાં આવી જતું હતું, ત્યાં એક એવો પ્રસંગ નીપજ્યો કે જેથી રાજાને સાધારણ રૈયત જેવા કરી મૂકવાની ઇચ્છા ફલીભૂત થઇ. સને ૧૮૧૩-૧૪ (સંવત્ ૧૮૬૯) માં જેને આપણા દેશમાં "અગણોતરો" કહે છે તે દુકાળ પડ્યો, અને ભૂખમરો બહુ જ વધી પડ્યો. વખતસિંહજી પોતાના કોઠારો ખોલી નાંખી મારવાડઆદિ સ્થાનેથી આવેલી "મઉ" પ્રજાને ખોરાકી આપતા હતા. પણ તેમાંના કેટલાક બદમાશોએ ગાયોને છુપી રીતે ચોરી કરી લઈ જઇ મારી નાંખી. આ ઉપરથી ભાવનગરમાં હડતાલ પડી, અને મહાજન ભેગું થઇ ઠાકોરની પાસે જઇ અડ્યું. ગોબ્રાહ્મણપ્રતિપાલ ક્ષત્રિયના બેઠાં નગરમાં ગોવધ થાય તેથી ક્ષત્રિયોમાં કેવું કલંક લાગે, રૈયતમાં પોતાની કેવી અપ્રતિષ્ઠા થાય, અને સ્વર્ગમાં પોતાને કેવી યાતના ભોગવવી પડે એવા વિચારથી, પશ્ચિમના કોઇપણ નવા વિચારોથી અપરિચિત ઠાકોરનું લોહી તપી આવ્યું, અને તેમણે ગોવધ કરનારને દેહાંતદંડની શિક્ષા આર્યધર્મશાસ્ત્રના શાસનાનુસાર દેવડાવી. રજપુતાણાનાં રાજસ્થાનોએ પોતાના રાજ્યમાં ગોવધ નહિ થવા દેવાનો કરાર નામદાર સરકાર સાથે થયલી ટ્રીટીમાં કરાવેલો છે* તેનું આ

* જુઓ "એચીસન ટ્રીટી બુક."

પ્રસંગે વિસ્મરણ થઇ જવાથી ખેડાના કલેકટરને પોતાની ધારેલી તક મળતાં તેણે સરકારમાં એ બાબત રીપોર્ટ કર્યો અને ગાય મારવા માટે દેહાંતદંડ દેનાર રાજાનો અધિકાર લઇ લેવો જોઇએ એવી ભલામણ કરતાં જણાવ્યું કે વખતસિંહજી એક તાલુકદાર એટલે જમીનદાર છે, અને જમીનદાર કંઇ જમીનના ધણી નથી, ધણી તો સરકાર છે, અને જમીનદાર તો માત્ર જમા વસુલ કરી આપે છે તેથી તેની પાસે કોઇ પ્રકારની રાજ્યહકુમત જોઇએ નહિ. કોર્ટ ઓફ ડિરેકટર્સે, ૧૮૧૫ માં પેશ્વાપાસેથી મળેલા મુલક ઉપર કંપનીએ ધણીપણાનો હક બેસાડવો વ્યાજબી છે એમ ઠરાવ્યું.* એટલે સરકારે ૧૮૧૬નો છઠ્ઠો એકટ પસાર કરી ભાવનગરના ઠાકોરની ગોધા, ધંધુકા અને રાણપુરનાં ૧૧૬ ગામોમાંથી રાજ્યહકુમત, જે સર્વોપરિ સત્તા ભોગવનાર જુલમગાર માજી રાજ્યોના વખતથી સેંકડો વર્ષપર્યન્ત સ્વતંત્રપણે ભોગવાઇ હતી, તે નજીવા બાનાથી લઇ લીધી. એ સંબંધી થયલા એકટના મથાળામાં જ ભાવનગરના રાજાને ભાવનગરનો "જમીનદાર" કહેવામાં આવેલા છે, અને આગળના હાકેમની ગફલતથી સ્વતંત્ર હકુમત ભોગવતા હતા એમ તેની સત્તાનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રકારે ભાવનગરના રાજાને સાધારણ રૈયત બનાવી દઇ કંપની સરકારે પોતાના સર્વોપરિપણાનો અમલ "જમીનદાર" શબ્દની ગેરસમજુતીથી કર્યો. તે પછી જમામાં વધારો કરી શકાય એ પ્રશ્નવિષે પણ કોર્ટ ઓફ ડિરેકટર્સે કાંઇ શંકા લીધા વિના યોગ્યતાનો અભિપ્રાય દર્શાવ્યો.

આ હકુમતના સંબંધમાં કાઠીઆવાડની તે સમયે દેખરેખ રાખનાર વડોદરાના રેઝિડન્ટ મેજર ૧૨વેટ કર્નાક સાહેબે ૧૮૧૪ માં કોર્ટ ઓફ ડિરેકટર્સને ઘણો લાંબો અને વિદ્વત્તા ભરેલો રીપોર્ટ, ઇતિહાસની હકીકતથી, ભાવનગરની સ્વતંત્ર સત્તા કરી આપવા સંબંધે કર્યો, પણ તુરત તેની કાંઇ અસર થઇ નહિ.

---

* જુઓ "ગવર્મેન્ટ સિલેક્શન," નંબર ૧૦૬.

અસહ્ય દુઃખદાયક આ બનાવ નજરે જોવાથી સને ૧૮૧૬-ની સાલમાં મહારાજા વખતસિંહજીનો સ્વર્ગવાસ થયો, અને કુમાર શ્રીવિજયસિંહજી ૩૬ વર્ષની વયે ગાદીનશીન થયા. આટલે સુધી ભાવનગરના રાજ્યનો ઇતિહાસ આવ્યો. તે સમયે આ ચરિત્રના નિરૂપ્ય રા. રા. ગૌરીશંકરની બાલ્યાવસ્થા હતી. હવે આપણે તેમનો બાલ્યકાલ વિલોકી તેમને વિજયસિંહજીની સેવામાં જોડાવાના પ્રસંગ સુધી આવીએ.

પ્રકરણ ૩.

બાલ્યાવસ્થા.

નાગરોનો ઇતિહાસ—'ઓઝા' કુટુંબ—રા. ગૌરીશંકરનો જન્મ અને તેમનું વર્ધન—ધર્મ તથા નીતિના સંસ્કારનો પાયો—રા. ગૌરીશંકરનું શિક્ષણ—મનોહરદાસનો સમાગમ.

નાગરોનો ઇતિહાસ.

જે જ્ઞાતિમાં આ ચરિત્રના નિરૂપ્ય રા. રા. ગૌરીશંકરનો ઉદ્દ્ભવ થયો તેને માટે કેપ્ટન લીગ્રેન્ડ જેકબ સાહેબ * લખે છે:—

"They are by profession a *corps diplomatique*, and devoted to the arts of government; (they are) a shrewd race and work their way into every Darbar by their ability and tact."

(તેમનો ધંધો જ રાજકાજ કરવાનો છે, રાજકારભારની કલા એ તેમનો વ્યાસંગ છે, એ એક ઘણો નિપુણ વર્ગ છે, પોતાની કુશલતા અને કલાથી પ્રત્યેક દરબારમાં યોજાય છે.)

પઠનપાઠનાદિ ષટ્કર્મનિષ્ઠ સાત્ત્વિક બ્રાહ્મણકુલના વંશજો 'નાગર' સંજ્ઞાને પામી રાજનીતિની કલામાં આવા પારંગત શા પ્રકારે થયા એ જાણવું અને વિચારવું અતિઉપયોગી અને શિક્ષા લેવા યોગ્ય થઈ પડે તેવું છે, તથાપિ અત્ર અપ્રાસંગિક છે: સંક્ષેપમાત્રથી એ વર્ગનો કાંઇક પ્રાચીન સંબંધ અત્ર કહેવો અપ્રાસંગિક નહિં થાય.

એ વાર્તા તો સુપ્રસિદ્ધ છે કે વેદ, સૂત્ર, સ્મૃતિ, કે પુરાણોમાં પણ ચાર વર્ણ કરતાં અન્ય કોઇ જ્ઞાતિનું નામ જડતું નથી; ઉત્તમોત્તમ વર્ણને પણ એક 'બ્રાહ્મણ' સંજ્ઞાથી જ સર્વત્ર લખી છે. છેક મૂળરાજ અને તે પછી વિશળદેવના સમય સુધી

* જેઓ કાઠીઆવાડના પોલિટિકલ એજંટ હતા, અને પાછલથી કચ્છ તથા સાવંતવાડીમાં પોલિટિકલ એજંટ થયા હતા.

ગુજરાતમાં જે ઘણી જ્ઞાતિઓ છે તેનું દર્શન થતું નથી. નાગરોની જન્મભૂમિ ગુજરાત છે, અને કોઈ પણ બ્રાહ્મણો તળ ગુજરાતના મૂલનિવાસી હોવાનો દાવો કરી શકે તો તે નાગરો જ છે એમ ધારી શકાય છે. આનર્ત દેશની રાજધાની પ્રાપ્તિપુરી (પરાંતિજ) પાસેના હટકેશ્વર તીર્થમાં વસતા બ્રાહ્મણોનાં બોતેર ગોત્રમાંથી અડસઠ ગોત્રે પ્રતિગ્રહ કરી 'નગરમાં' વાસ કર્યો એઆદિ કથા સ્કંદપુરાણાંતર્ગત 'નાગર ખંડ'માં પ્રસિદ્ધ છે; 'નાગર' શબ્દના એક બે વિલક્ષણ અર્થો પણ તે સ્થાને કરેલા સર્વ કોઇના જાણવામાં છે. પરંતુ ઇસ્વી સનનાં પ્રથમ બે ત્રણ શતકોમાં આર્યભૂમિના પશ્ચિમ પ્રદેશઉપર શક અને યવનોના જે મહાપ્રવાહ વહ્યા છે, જેમાંથી સૌરાષ્ટ્રનાં અનેક રાજ્યોની સ્થાપના થઈ છે, તેમના જ ભયથી પોતાનું રક્ષણ કરવા અરણ્યની એકાંતભૂમિ ત્યજીને આ પવિત્ર બ્રાહ્મણો રાજાને આશ્રયે 'નગર'માં વસી 'નાગર' સંજ્ઞાને પામ્યા એમ ઇતિહાસ વિચારતાં જણાઈ આવે છે. 'નાગર ખંડ'માં, નાગસેનાથી પોતાનું રક્ષણ કરવાને (न-गर) એવો મંત્ર શિવ પાસેથી પ્રાપ્ત કરી તેનો ઉચ્ચાર કરનારા 'નાગર' કહેવાયા, એવી જે કથા આપી છે તે પણ જે શક અને તક્ષકઆદિ 'નાગ' લોકોએ પરિક્ષતના ઇંદ્રપ્રસ્થને સાત દિવસમાં તોડી નાંખ્યું તેના જ ત્રાસની સૂચના કરે છે; અને નગરનો આશ્રય કરવાથી એ ભય દૂર થવાનો મંત્ર એમ સફલ થાય છે.

નગરવાસી થવાથી ષટ્ કર્મમાંનાં ત્રણનો કેટલાક બ્રાહ્મણોને ત્યાગ કરવો પડે એ સ્વાભાવિક છે; અને પાઠન, યાજન, પ્રતિગ્રહ એટલાં જે ન કરવા માંડે તે ગૃહસ્થ, અને બીજા બ્રાહ્મણ એમ બે પ્રકારના વર્ગ નાગરોમાં બંધાય એ સહજ છે. પણ હજી તેવા વિભાગ થયા ન હતા; તે સમયે તો અંદરના કલહથી, કે 'નાગર ખંડ'ને અનુસરીએ તો અભિમાન અને મદથી નાગરોના બાહ્ય અને આભ્યંતર એવા બે વિભાગ પડેલા હતા. એ કરતાં બીજા વિભાગ છેક ઇસ્વી સનના ૧૧ મા

શતક સુધી થયા નથી એમ કેટલાક શિલાલેખોના લખનાર નાગરોએ 'આભ્યંતર' કે 'બાહ્ય' એવું ઉપનામ પોતાને લગાડ્યું છે તેથી સમજાય છે. આ નાગરો વૃદ્ધનગર (વડનગર)-માં પરમ વૈભવ અને વિદ્યાનો પરિતોષ ભોગવતા બહુ દીર્ઘ કાલપર્યંત વસ્યા છે એ નિર્વિવાદ છે. જૈન, બૌદ્ધઆદિ જે જે તરંગો ગુજરાત ઉપર આવી ગયા તેમાં આ નાગરો જ દૃઢ વેદ-માર્ગાનુયાયી, શંકરભક્ત, અને બ્રાહ્મણત્વના આસ્તિક સેવન કરનારા રહ્યા છે. બૌદ્ધાદિનો પરાજય કરનાર શ્રીમત્ શંકરા-ચાર્યના તે અનુયાયી અને આજ્ઞાધારક છે. વૃદ્ધનગરની સ્થાપના 'રાજતરંગિણી'માં પ્રસિદ્ધ થયલા કનકસેને કરેલી એમ કહેવાય છે. અને શક તથા યવનોથી 'નાગરો'નું રક્ષણ કરનાર એ ચક્રવર્તીના પુત્રે વલ્લભીને વશ કરી ત્યાં કુશલ એવા 'નાગરો'ને વસાવેલા એવું ઇતિહાસથી સમજવામાં આવે છે.* વલ્લભીનું સામ્રાજ્ય સૌરાષ્ટ્રઆદિ ઘણા વિશાલ પ્રદેશઉપર હતું એટલે ખંભાતના અખાતના કિનારે હસ્તવપ્ર (હાથબ) નગરમાં પણ તે સમયે નાગરોને અધિકાર સોપવામાં આવ્યાથી, તેમનો ત્યાં પણ નિવાસ થયો હતો. શક કે યવનોએ વલ્લભીનો વિનાશ કર્યો ત્યારે જે રાણી ચિતોડની ગાદીના સ્થાપનારને ગર્ભમાં લઇ અંબાજી યાત્રાએ ગયાં હતા, તેણે નાગરોનો જ આશ્રય કરી, પ્રસવ થયા પછી પુત્ર તેને સ્વાધીન કરી, પતિ પાછળ ચિતા-પ્રવેશ કર્યો હતો. એ બાપારાવળને ઇડરની ગાદી અપાવી ચિતોડમાં સ્થાપનાર પણ નાગરો હતા, અને તેના વંશજોએ ચિતોડના રાજ્યમાં નાગરોને સારા અધિકાર તથા જાગીરો આપેલી છે. વલ્લભીપુરને સ્થાને 'વાળા'ઓએ વળા વસાવ્યું. ત્યાં પણ તેમણે નાગરોને બોલાવીને અધિકારમાં નિયોજ્યા. પરંતુ આ બધા પરાક્રમનું મૂલ નાગરોએ સોમનાથના રક્ષ-

* ચાટીના સંવત્ ૨૨૧ નો લેખ, લુસડીનું સંવત્ ૩૧૨ નું તામ્રપત્ર, ઉનાનો સંવત્ ૨૫૨ નો લેખ, એઆદિથી નાગરો ઇસ્વીસનના દ્વિતીય શતકમાં વૃદ્ધનગર અથવા આનંદપુરથી બહાર નીકળવા લાગ્યા એમ સમજાય છે.

ણમાં જે ધર્મભક્તિ, શૌર્ય, સ્વાર્પણ અને દૃઢતા દર્શાવ્યાં તેમાંથી થઇ આવ્યું જણાય છે. અણહિલપુર પાટણના વિશળદેવ રાજાએ પણ આ નાગરોને પોતે વસાવેલું વિશળનગર (વિશનગર) આપ્યું, તથા વાગ્ભટ્ટને પોતાનો મંત્રી કર્યો; તેની માતાએ ડભોઇમાં કપોતયજ્ઞ કરાવવા જે નાગરોને તેડાવ્યા તેમને નર્મદાને કાંઠે સાઠોદ આદિ 'છ પાદર' (ષટ્પદ્ર) આપ્યાં છે. કેટલાક નાગરોને તેણે ચિત્રોડ, કૃષ્ણોરઆદિ ગામ આપ્યાં છે, અને પ્રશ્નઆદિ કરનાર નાગરોને પણ કેટલાક ગરાસ આપી તેણે સારૂં ઉત્તેજન દીધું છે. જૂદે જૂદે રાજકીય પ્રસંગે જૂનાગઢ, નવાનગર, ગોઘા, દેલવાડા, પાટણ, માંગરોળ, કચ્છઆદિ સ્થાનોએ નાગરોનાં કુટુંબોએ નિવાસ કરેલા છે. જે નાગરો મૂલ વૃદ્ધનગરમાં રહ્યા તે વડનગરા થયા, વિશલનગરમાં રહ્યા ને વિશનગરા થયા, 'ષટ્પદ્ર'માં રહ્યા તે સાઠોદરા થયા, કૃષ્ણોર અને ચિત્રોડના નિવાસી કૃષ્ણોરા તથા ચિત્રોડા કહેવાયા, અને પ્રશ્નનો ધંધો કરનારા પ્રશ્નોરા એ ઉપનામને પામ્યા. દૂર દેશના નિવાસને લીધે પોતપોતાના હટકેશ્વરની આરાધના કરતા આ નાગરોમાં પરસ્પર સંબંધ બંધ થઈ ગયો, અને બાહ્ય તથા આભ્યંતર એવા મૂલ ભેદ ઉપરાંત, એ છએ વર્ગમાં રાજકાજના વધારે વધારે સંબંધથી, ગૃહસ્થ અને બ્રાહ્મણ એવા ભેદ બંધાયા.

વડનગરા નાગરોનાં ૧૨ ગામ કાઠીઆવાડ (સોરઠ) માં, ૧૨ ગુજરાતમાં, અને છ પોળ તથા બે ઝાંપા મળી બત્રીશ સ્થાનો ગણાય છે. એ નાગરોમાં ઘણા ઘણા તરવારબહાદુર, રાજનીતિજ્ઞ, કવિ, પંડિત, અને ભક્ત થઈ ગયા છે. નૃસિંહમેહેતા, પર્વતમેહેતા, અમરજી, રણછોડજી, રણછોડદાસ, ગાયકવાડના પ્રખ્યાત અમરેલીવાળા મજમુંદાર કુટુંબના ઘણાક પુરુષો, ગોઘાના દેશાઇ અને મજમુંદારો એમ એક કાઠીઆવાડમાં અનેક બહુ પ્રસિદ્ધિને પામ્યા છે; એટલું જ નહિ પણ રાજ્યો સ્થાપવામાં, નવા દેશો પ્રાપ્ત કરવામાં, નવી હકુમતને પોતાના

દેશમાં બંધબેસતી કરવામાં, સંધિ અને કરારોની વ્યવસ્થા કરવામાં, આ વર્ગના અનેક ભવ્ય પુરુષોએ અતિ સ્તુતિપાત્ર અને તેમના નામને શોભા આપનારો ભાગ લીધો છે. કચ્છ-રાજ્ય સાથેના કોલકરાર ઇંગ્રેજ સરકાર સાથે કરવામાં મુખ્ય-પણે લક્ષ્મીદાસ વલ્લભજી નામે નાગર ગૃહસ્થ હતા. તે શિવાય દયારામ બહાદુર નામે એક ગૃહસ્થ ૭૦૦ નાગરોના લશ્કરી ઉપરિતરીકે શ્રીકાશીમાળવામાં મુસલમાની શેહેનશાહતરફથી હતો. ગુજરાતી, ફારસી, સંસ્કૃત, વ્રંદ, આરબીઆદિ ભાષા-ઓના જ્ઞાનસાથે ઇતિહાસ, કાવ્યઆદિ રચનારાતરીકે ઘણાક પ્રસિદ્ધ થયા છે, અને અનેક નાગર ભક્તોને પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન થયાના મહિમાઉપર આજ અનેક ભક્તજનોનાં જીવ-નનો નિર્વાહ છે. સૌરાષ્ટ્ર, ગુજરાત, અને રજપૂતાનાસુધી નાગરોની પ્રખ્યાતિ છે એટલું જ નહિ, પણ અકબરની પાસે ઘણા નાગર મંત્રીઓ હતા એવું કહેવાય છે. મુગલાઇના અં-તને સમયે ફરોકશીઅરના આસમંડલમાં એક છબીલારામ કરીને બહુ કાર્યદક્ષ પુરુષ તેના પરમ વિશ્વાસપાત્ર હતા એમ પણ કર્નલ ટોડ સાહેબે લખ્યું છે. આખા સૌરાષ્ટ્રના ઘણાં ખરાં મોટાં રાજ્યોમાં નાગરો પોતાના શૌર્ય, પરાક્રમ અને સ્વામિભક્તિના માહાત્મ્યને લીધે વંશપરંપરાનાં ગામો અને જાગીરો અદ્યાપિ ભોગવે છે એ સુવિદિત છે, અને ત્યાંનાં દેશી રાજ્યોની સ્થિતિ અને શોભા નાગરોથી સચવાઇ છે એમ જણાય છે.

‘ઓઝા’ કુટુંબ.

સોમનાથના રક્ષણમાં ધર્માભિમાન અને સ્વામિભક્તિનું દર્શન કરાવનાર નાગરોનું જેમ સર્વત્ર માન વધ્યું તેમ ઉના દેલવાડાના વાજા રજપૂતોએ પણ નાગરમંત્રી રાખવાનું ઉચિત ધાર્યું. કેટલાંક નાગરકુટુંબો વડનગર ભાંગવાના સમયથી જ ઉંઝામાં નિવાસ કરી રહ્યાં હતાં તે પણ પોતાના સંબંધીઓની પ્રબલતા દેલવાડામાં દેખી ત્યાં રહેવા ગયાં. ઉંઝામાં નિવાસ થયાને લીધે ‘ઓઝા’ એવી

અવટંકવાળા આ દેલવાડાવાસી કુટુંબને બહુ સમય વિશ્રાંતિ મળી નહિ. દેલવાડામાંથી રજપૂતોનું રાજ્ય નાશ પામતાં ઓઝા શ્રીરંગના ચારે પુત્રો નારાયણ, વત્સરાજ, શ્યામજી, અને મૂળથાન ભિન્ન ભિન્ન સ્થાને નિર્વાહ શોધવા ચાલી નીકળ્યા. નારાયણનો વંશ નથી, વત્સરાજનો વંશ જૂનાગઢ, માંગરોળ અને વસાવડમાં છે, શ્યામજીનો વંશ રાજકોટમાં છે, અને મૂળથાનના વંશમાં આ ચરિત્રના નિરૂપ્ય રા. રા. ગૌરીશંકર અને તેમના વંશજો છે.

મૂળથાને દેલવાડાથી નીકળવાનો સંકલ્પ કર્યો ત્યારે ખંભાતના અખાત ઉપર આવેલા ગોઘા બંદરને પેરમના મોખડાજી ગોહેલ મુસલમાનોથી રક્ષણ કરી આબાદ કરવાની પેરવી કરી રહ્યા હતા, અને હસ્તવપ્રથી ઘણાંક નાગર કુટુંબોને તેઓ ગોઘામાં વસાવતા હતા. એ સંધિ પોતાને અનુકૂલ થશે એવું ધારી મૂળથાને પણ ગોઘામાં નિવાસ કર્યો.' એ પછી કેટલેક વર્ષે પ્રખ્યાત ભાવસિંહજીએ ભાવનગર વસાવ્યું, ત્યારે નાગરો હાથબ તથા ગોઘાથી ભાવનગરમાં પણ વસવા ગયા, અને ભાવનગરના રાજાઓના પ્રીતિપાત્ર થઈ નિરંતર તેમની સેવામાં તત્પર રહી અધિકાર, યશ, અને સમૃદ્ધિને પામ્યા.

આપણે ગત પ્રકરણમાં જોઈ આવ્યા છીએ કે ભાવનગરની સઘળી સંપત્તિનો ઉદ્ભવ ભાવસિંહજી અને વખતસિંહજીના સાહસ, પરાક્રમ અને દૂરદર્શીપણામાંથી થયલો છે. મહારાજા વખતસિંહજીએ જે જે લડાઇઓ કરી છે તેમાં તેમની સાથે તેમના નાગર મંત્રીઓ હંમેશા રહેલા છે, અને રૂપજી દેશાઇનું નામ એ પરાક્રમી રાજકર્ત્તાની સાથે સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધિને પામેલું છે. એ રૂપજી દેશાઈ તોપખાતાના અને ફોજખાતાના ખાસ ઉપરિ હતા; અને મંત્રીનું કામ કરવા ઉપરાંત તેઓ મહારાજાશ્રીને યુદ્ધમાં પણ સારી મદદ આપતા. પરંતુ યુદ્ધ અને બલથી પરાક્રમ દર્શાવી દેશની વૃદ્ધિ કરવાનો સમય હવે

અસ્ત થયો હતો; બ્રિટિશ શહેનશાહતે, સર્વને પોતપોતાની મર્યાદામાં સ્થાપન કરી, આખા સૌરાષ્ટ્રમાં શાન્તિ અને સુખાકારીનાં બીજ રોપ્યાં હતાં; તરવાર અને અંગબલવાળા કારભારને સ્થાને હવે કલમ અને બુદ્ધિબલનો કારભાર ચલાવવાનો સમય આવ્યો હતો; પરરાજ્યનો દેશ લઇને રાજ્યની આવક વધારવાને સ્થાને સ્વરાજ્યમાં જ પ્રજાની ઉન્નતિનાં સાધનો યોજી આવકની વૃદ્ધિ કરવાનો સમય આવ્યો હતો. આ નવી પદ્ધતિના કારભારને શોભાવનાર એક બાલક, મહારાજા વખતસિંહજીની તોપોની ગર્જના આખા સૌરાષ્ટ્રમાં વ્યાપી રહી હતી, તેવા સમયમાં જ ગોઘામાં જન્મ પામ્યો હતો.

રા૦ ગૌરીશંકરનો જન્મ અને તેમનું વર્ધન.



મૂળથાનથી આઠમી પેઢીએ રા. રા. ઉદયશંકર નામે પુરુષ થયા. અથર્વવેદી, ત્રિપ્રવર પાણિનીયસ્ ગોત્રની શૌનકી શાખાના આ ગૃહસ્થનો વિવાહ ગોઘાનિવાસી કુડાના ઇનામદાર દેશાઈ આણંદજીનાં પુત્રી અજબબા સાથે થયો હતો. રા. રા. ગૌરીશંકરનો જન્મ ઇસ્વી સન ૧૮૦૫ ના ઓગસ્ટ માસની ૨૧મી તારીખે (સંવત્ ૧૮૬૧ શ્રાવણ વદિ ૧) ગોઘામાં થયો હતો. તેમને માત્ર અઢાર માસના મૂકીને તેમનાં માતૃશ્રીએ સ્વર્ગવાસ કર્યો; જેથી તેઓ તેમનાં મોટાં બેન અચીબા, કે જે રા. રા. દેશાઇ સેવકરામ રાજારામ સાથે પરણ્યાં હતાં, તેમની સંભાળમાં રહી ઉછરવા લાગ્યા. ગૌરીશંકરને એક મોટા અને એક નાના એમ બે ભાઇ હતા, તથા અચીબા, અને રાજુબા (જે રા. રા. પરમાણંદદાસસાથે પરણ્યાં હતાં તે) બે બેનો હતાં.* નાના ભાઈ રા. ત્રિકમલાલ નાની વયમાં સ્વર્ગવાસ કરી ગયા હતા, અને મોટા ભાઈ રા. વેણીલાલભાઇ સંવત્ ૧૯૧૩ સુધી વિદ્યમાન હતા. તેઓ ઘણા ધાર્મિક, સંસ્કૃત, ગુજરાતીઆદિ ભાષામાં સારા પ્રવીણ,

* અચીબાના પુત્ર રા. રા. સંતોકરામ દેશાઇ; રાજુબાને ચાર પુત્રઃ— બાપુભાઈ, પરભુદાસ, અમથાભાઈ અને સામળદાસ. રા. રા. સામળદાસના પુત્ર રા. રા. વિઠ્ઠલદાસ તથા લલ્લુભાઈ.

श्रीः ।

શ્રીમાન્ ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઈ. એમની જન્મકુંડળી.

श्रीगणेशाय नमः । स्वस्ति श्री संवत् १८६१ शके १७२७ प्रवर्तमाने शुभकारि-श्रावणमासे कृष्णपक्षे तिथौ १ घटिकाः २८ पलानि ४७ भानुवासरे श्रीसूर्योदयादिष्ट-घटिकाः २४ पलानि ३१ समये रा. रा. ओझा श्री गौरीशंकर उदयशंकर एतेषां जन्म। सूर्यः ३-२६-११-४३ । लग्नं ८-९ । श्रीरस्तु शुभम् ।

श्रीमतां जन्मलग्नम्.	अथेदं भावलग्नम्.
	
☞ ગ્રહો સૂર્યાગ્રગામી છે,	તેથી રાજયોગ થયો છે.

અને કર્મકાંડ ઉપર બહુ શ્રદ્ધાવાળા હતા. પ્રથમ તેઓ ખાનગી વ્યાપાર કરતા, પણ પછીથી ભાવનગર દરબારની નોકરીમાં ભાવનગર સંસ્થાનના પહેલા નંબરના મહુવા મહાલના વહીવટદારના અધિકાર સુધી ચઢ્યા હતા. થોડા જ સમયમાં રાજસેવાનો પરિત્યાગ કરી તેમની વૃત્તિ ધર્મકર્મમાં આરૂઢ થઈ, અને આવસથ્ય લેઈ કાંઇક સમયે અગ્નિહોત્રનો તેમણે અંગીકાર કર્યો. પોતાના જ્યેષ્ઠ પુત્ર ઓધડભાઇને પણ તેમણે એ આવસથ્ય આપ્યું હતું. વેદમાર્ગ ઉપર તેમને બહુ શ્રદ્ધા હતી. અથર્વવેદાનુસાર કર્મ કરાવવા પ્રચાર ગુજરાત અને કાઠીઆવાડમાં થોડો થોડો હતો તે એમણે દક્ષિણમાંના સતારાપાસે કૃષ્ણા નદીને તીરે આવેલા માહુલી ગામેથી અથર્વવેદીઓને બોલાવી સર્વ કર્મોના ગ્રંથ તૈયાર કરાવી, સમગ્ર રીતે સ્થાપના કરી પ્રસિદ્ધ કર્યો. વેદાંતચિંતનમાં નિમગ્ન થઈ આતુરસંન્યાસ ગ્રહણ કરી તેઓ ઇસ્વી સન ૧૮૫૭ માં વિદેહમુક્ત થયા.

તેમના બીજા બે પુત્રોમાં રા. રા. જયંતીલાલ ઘણા ચાલાક, વિદ્વાન્ અને અનુભવી હોઇ રા. રા. ગૌરીશંકરના અતીવ પ્રીતિપાત્ર હતા. રા. ગૌરીશંકર રાજ્યાધિકારમાં સામીલ થયા પછી એ રા. જયંતીલાલ સરન્યાયાધીશ, રાજ્યખર્ચના ઉપરિ ઇત્યાદિ સારા અધિકાર ભોગવી, તરુણ વયમાં જ સ્વર્ગવાસ કરી ગયા. તેમના બીજા ભાઈ રા. રા. ગણપતલાલ જે સારા વિદ્વાન્ અને અનુભવી હતા તે પણ આતુરસંન્યાસ લઈ ઇસ્વી સન ૧૮૯૬ માં વિદેહમુક્ત થયા છે.

ધર્મ તથા નીતિના સંસ્કારનો પાયો.

રા. રા. ગૌરીશંકરના પિતાની વ્યાવહારિક સ્થિતિ બહુ સારી ન હતી, પરંતુ એ ધાર્મિક ગૃહસ્થોની ધર્મપરાયણ નીતિના સંસ્કાર બાલક ગૌરીશંકરના અંતઃકરણઉપર એવા સારા પડી ગયા કે તેમના સમગ્ર જીવનમાં ધર્માભિમાન, સદાચાર, શુદ્ધવૃત્તિ, અને વેદવેદાંતઉપર અતીવ પ્રેમભાવનું એક સૂત્ર

આપણે જોઈ શકીએ છીએ. તેઓ બાલક અવસ્થામાં "ગગા ઓઝા" એ નામે ઓળખાતા તે નામ સર્વ લોકોને એટલું બધું પ્રીતિ ઉપજાવનારૂં થઈ પડ્યું કે તેઓ રાજ્યકારભારની મુખ્ય પદવીએ પહોંચ્યા તોપણ લોકો તેમને "ગગાભાઇ" એ નામે વધારે સારી રીતે ઓળખતા તથા બોલાવતા હતા. ગગાભાઈના પિતા પણ તેમને માત્ર તેર વર્ષના મૂકીને કૈલાસસ્થ થયા, જેથી તેમના જ્યેષ્ઠ ભ્રાતા વેણીલાલભાઈ ઉપર સ્વાભાવિક રીતે તેમનો ભક્તિભાવ ઠરવા લાગ્યો. એ વેણીલાલે જ એમને યજ્ઞોપવીતાદિ સંસ્કાર કરી, ગોઘાના પ્રખ્યાત શાહુકાર રા. રા. વ્રજલાલ રતનજીનાં દીકરી કસળીબા સાથે પરણાવ્યા. પરંતુ પિતાનો સ્વર્ગવાસ થયા પછી ગગાભાઇ પોતાના મામા દેશાઈ ભવાનીદાસ અને મામી આદિત્યબા, જેને પોતે 'જીમામી' કહેતા, તેમની સાથે રહેવા લાગ્યા. એ મામા અને મામીએ તેમના પિતા તથા માતાની ખોટ તેમને લાગવા દીધી નહિ; અને એ ખાનદાન તથા પરાક્રમી કુટુંબના અનેક સંસ્કારો ભાવનગરના ભાવી કારભારીના હૃદયમાં તેમના સંસર્ગમાંથી પણ સંચિત થયા. જીમામી અને અચીબાના વાત્સલ્યમાં ઉછરેલા આ બાલકમાં ભવાનીદાસ જેવા આગ્રહી અને ઉદ્યોગી પુરુષના બલનો સંસ્કાર થતાં ભવિષ્યમાં કર્ત્તવ્યપરાયણતા, દયા, સત્ય, ધાર્મિકતાઆદિ જે ગુણો માટે 'ગગા ઓઝા' એ નામ પ્રખ્યાત થયું છે તેનાં બીજ રોપાવા લાગ્યાં.

આણંદજી દેશાઈના બંને પુત્ર માવજીભાઇ અને ભવાનીદાસ ઘણા કુશલ અને મુત્સદ્દી હતા. તેમાં માવજી દેશાઇ તો કવિતાનો પણ સારો શોખ રાખતા, અને પ્રસંગોપાત્ત કાવ્ય રચતા. એ માવજી દેશાઇએ કોઇ પ્રસંગે પોતાના સાતે ભાણેજોવિષે એક ભવિષ્યસરખો ઉદ્‌ગાર કાઢેલો છે, ને તે ગગાભાઇસંબંધે તો બહુ સારી રીતે સત્ય નીવડયો છે, એટલે તે અત્ર કહેવો ઉચિત છે:—

છપ્પય.

બજીભાઈ બળ બુદ્ધિ પ્રમાણ, જૂઠો જગમાં થાશે જાણ;
લાધો લખવે ભણવે લહ્યો, રૂઘનાથ રૂપૈયાનો રહ્યો;
રામૈયા મનમોજી થશે, થાપણ મૂકવા સૌ કોઈ જશે;
વેણીલાલ વિદ્યાનો કોટ, ગગલ મઘલ માયાનો મોટ;
વેણીલાલ કર્મકાંડ પાળશે, ગગો તો ફેરવી વાળશે;

એક છપ્પયનાં પણ બે ચરણ એમ છે કે:—

ગુણનિધિ ગૌરીશંકર, બુદ્ધિએ થાશે બંકો;
હાંકી કાઢશે હેડ, દેશમાં દેશે ડંકો.

'ફેરવી વાળવા'રૂપ પરાક્રમનું સ્થાન 'ગગો' આ મામાની કાવ્યરુચિના વારસ થવા ઉપરાંત પોતાના બીજા મામા ભવાનીદાસ પાસેથી મુત્સદ્દીપણાની પણ કેળવણી પામ્યો હતો.

કુડા ગામનો ગરાસ આ દેશાઇઓને મુગલોના વખતથી ઇનામમાં મળેલો છે. કુડા અમદાવાદ જીલ્લાનું ગોઘા પરગણાનું ગામ છે, અને તેઓ તેને અદ્યાપિ ભોગવે છે. એ કુડા ગામસંબંધે ગોઘા પરગણાના અવાણીઆના ગરાસીઆઓએ સરકારમાં એવો દાવો કર્યો હતો કે ગામ અમારૂં છે. આ દાવો ચાલતો હતો તેવામાં, એક પ્રસંગે, ભવાનીદાસ એકલા ગોઘેથી ભાવનગર જતા હતા. માર્ગમાં અવાણીઆના ગરાસીઆ મળ્યા, તેમણે બહુ આગ્રહ કરી પોતાને ઘેર મેમાન થવા માટે દેશાઇને વિનવ્યા. ભવાનીદાસ તેમની સાથે ગયા. પણ મેમાનગતિ થઈ રહ્યા પછી ગરાસીઆઓએ અતિશય ડર દેખાડી કુડા ગામમાં દેશાઇનો હક નથી એવી ફારકતી લખાવી લીધી. ભવાનીદાસ પંડે એકલા, એટલે ફારકતી તો લખી આપી, પણ પોતે ફારસીમાં કુશલ હતા તેથી ચાલાકી વાપરીને એક ખુણા ઉપર "તોબાખત અસ્ત, મંજુર નેસ્ત" એવું ફારસી અક્ષરથી લખી દીધું. જ્યારે ખેડાના કલેક્ટર હજુર આ કામ ચાલ્યું ત્યારે આ ફારકતી રજુ થઈ, પણ તેમાં ભવાનીદાસે 'મંજુર નેસ્ત'નો પેચ રાખેલો તે બતાવતાં જ કામ તેમના લાભમાં ચૂક્યું, અને કુડા ગામ હંમેશને માટે તેમનું ઠર્યું. આ 'મંજુર નેસ્ત'ની સમયસૂચકતા રા. રા. ગૌરી-

શંકરનામાં ઘણી સારી રીતે આવેલી હતી, અને ભાવનગરનો કારભાર ચલાવવાના જોખમભરેલા કામમાં તેમણે જે વિજય મેળવ્યો છે તેમાં પ્રામાણિકતાની સાથે આવી પ્રસંગે પ્રસંગે તુરત માર્ગ શોધી લેવાની સમયસૂચકતા તેમને બહુ સહાય થઇ છે તે આગળ જોવામાં આવશે.

ગૌરીશંકરનું શિક્ષણ.

પદ્ધતિપુરઃસર શિક્ષણ લેવાની તે સમયે વ્યવસ્થા હતી નહિ. ગોઘામાં ગામઠી નિશાળમાં ગગાભાઈ ભણવા જતા, પણ ત્યાં તેમનો અભ્યાસ બહુ સમય ચાલ્યો હોય એમ લાગતું નથી. પોતાના બંને મામા અને મોટા ભાઇ વેણીલાલભાઇની પાસેથી તેમને મુત્સદ્દીપણાની અને કાવ્યકલા તથા ધર્મકર્મની અભિરુચિની કેળવણી પરોક્ષ રીતે મળી જતી હતી. ભવાનીદાસનાં પત્ની 'જીમામી' ઘણાં ચતુર અને ધાર્મિક હતાં. તેમને કથાવાર્તાના શ્રવણનો બહુ અભ્યાસ હતો. ગગાભાઈ હંમેશા તેમની સાથે જતા, અને એ પ્રવૃત્તિમાંથી બાળક ગગાએ તો પ્રવૃત્તિમાત્રના લક્ષરૂપ શ્રીહરિના સ્તવનનો આ એક શ્લોક પાઠે કરી રાખ્યો હતો:—

येषां श्रीमद्यशोदासुतपदकमले नास्ति भक्तिर्नराणां
येषामाभीरकन्याप्रियगुणकथने नानुरक्ता रसज्ञा ।
येषां श्रीकृष्णलीलाललितरसकथासादरौ नैव कर्णौ
धिक्तान् धिक्तान् धिगेतान् कथयति सततं कीर्त्तनस्थो मृदंगः* ॥

આ પ્રકારે ઇંદ્રિયમાત્રનો વ્યાપાર હરિકીર્તનમાં અર્પવાના જે વચનનું સમજ્યા વિના જ બાલ્યકાલે ગગાભાઈ રટન કરતા

---

*ભાવાર્થ—કીર્તનસમયે વગાડાતો મૃદંગ નિરંતર કહે છે કે धिक् तान्, धिक् तान्, धिक् तान्, (તેમને ધિક્કાર છે, તેમને ધિક્કાર છે, તેમને ધિક્કાર છે!) કોને ધિક્કાર છે? જે પુરુષોને શ્રીકૃષ્ણનાં ચરણકમલપ્રતિ ભક્તિ નથી તેમને, ગોપીપ્રિય ભગવાનના ગુણકીર્તનમાં જેમની રસનાને અનુરાગ થતો નથી તેમને, અને શ્રીકૃષ્ણનો લીલાવૃત્તાંત શ્રવણ કરવા જેમના કર્ણ તત્પર થતા નથી તેમને.

તે જ વચન તેમના ઉત્તર કાળની ઐહિક તેમ પારમાર્થિક પ્રવૃત્તિનું નિયામક થઈ પડ્યું. તુરત વેળા તો યજ્ઞોપવીતસંસ્કાર થયા પછી વેદોક્ત રીતિએ તેઓ સંધ્યાગાયત્રીઆદિ કરતા, અને ગોધા પાસે શ્રીવીરપાળનાથ મહાદેવના દેવાલયમાં ગાયત્રી-પુરશ્ચરણનો પણ તેમણે આદર કર્યો. આવી જે ધાર્મિક બુદ્ધિ ઘડાઇ હતી તેના પરિપાકરૂપ શ્રદ્ધા, જે એક દુહો તે ઉત્તરાવસ્થામાં પણ બોલતા, અને બાલ્યસમયથી જ તેમણે સ્મરી રાખ્યો હતો, તેમાં જણાઇ આવે છે:—

કહત કઠિન, સમજુત કઠિન, સાધન કઠિન વિવેક;
હોઇ ઘુણાક્ષરન્યાયતેં, પુનિ પ્રત્યૂહ અનેક.

આમ સ્વાભાવિક રીતે જ પુરુષોપાસેથી બુદ્ધિપ્રધાન વ્યાવહારિક શિક્ષણ અને સ્ત્રીઓ પાસેથી હૃદયભાવપ્રધાન ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરતા આ બાલકનો સર્વ સમય આવા પ્રૌઢ વિષયોમાં જ વ્યતીત થતો એમ ન હતું. બાલ્યચાપલ્યને ઉચિત એવી રમતગમત અને સ્નેહીસંબંધીઓસાથે હળવું મળવું એ પણ ગગાભાઇના સહજ શિક્ષણનું એક અંગ હતું. રા. રા. સેવકરામ દેશાઇ, કકલ દેશાઇ, રામા વોહોરા, તુલજારામ મીઠાભાઇ, ત્રિભુવનદાસ કાનુગા, શેઠ પીતાંબરદાસ કલ્યાણજી, લાલભાઇચંદ, વૈદ્ય રણછોડભટ્ટ, જીવાભટ્ટ, એઆદિ તેમના મિત્રો હતા. તેમને ગેડીદડાઆદિ બાલકોચિત સર્વ રમતોનો સારો શોખ હતો, અને તરવાઉપર તો ઘણી જ પ્રીતિ હતી. તેમના પિતા રા. રા. ઉદયશંકરને તેમની સાત્ત્વિક પ્રકૃતિ ઉપરથી લોકો 'ભા' એવા ઉપનામથી ઓળખતા હતા, અને તેમણે જ એક વાર ગગાભાઇને પીપળા ઉપરથી રામકુંડ તળાવમાં નાખી દઇ તરવાનું શીખવાની ફરજ પાડી હતી એમ કહેવાય છે. રા. રા. ગૌરીશંકરના પીતરાઇ કાકા રા. રા. ત્ર્યંબકલાલ મુગટલાલ ગણદેવીમાં રહેતા હતા, અને પોતાના ભાઇ રા. રા. તુલજાશંકર જેમને મહારાજા ફતેહસિંહરાવ ગાયકવાડની કૃપાથી ગણદેવીની વહીવટદારી મળી હતી, તેમને સ્થાને વહી-

વટદારનું કામ કરતા હતા. એ ત્ર્યંબકલાલના ઉપર વડોદરાના રાજ્યને નાણું ધીરનાર પ્રખ્યાત શાહુકાર ગોપાળરાવ મૈરાલ તથા મહારાજા ગણપતરાવની સારી કૃપા હતી. આ પુરુષને વિદ્વાનો, સંન્યાસીઓ અને મહાત્માઓનો સમાગમ કરવા ઉપર બહુ પ્રીતિ હતી, અને સુરત તથા ધમડાચા, વલસાડ, ગણદેવીના પ્રસિદ્ધ શાસ્ત્રી દિનમણિશંકર, ભગવાન્ શાસ્ત્રી, યજ્ઞેશ્વર શાસ્ત્રી, ભવાનીશંકર દીક્ષિતઆદિનો તેમને બહુ પરિચય હતો. એમણે ગણદેવીમાં શ્રીનીલકંઠ મહાદેવની સ્થાપના કરીને ગોઘામાં અગ્નિહોત્રી નાગર બ્રાહ્મણ મોરારજીને બ્રહ્મપુરી ધર્માદાય આપેલી છે. આવા ધાર્મિક અને ચતુર પુરુષનો ગગાભાઇને બાલ્યકાલથી જ ઘણો પરિચય હતો, જેથી તેમની ધર્મવૃત્તિ ધીમે ધીમે સાકાર થતી ચાલી.

મનોહરદાસનો સમાગમ.

એવામાં વસાવડના એક નાગર નામે મનોહરદાસને બુદ્ધિમાન્ અને વિચક્ષણ જોઇ રા. રા. સેવકરામ ગોઘે લાવ્યા. મનોહરદાસે ગોઘાની દીવાની અદાલતમાં વકીલાત કરવા માંડી, અને તેમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. આ મનોહરદાસનો રા. રા. ગગાભાઇને બહુ સ્નેહ બંધાયો, અને મનોહરદાસના મનોભાવમાં જે કાંઇ ઉત્તમ વિકાસ હતો તેનું પ્રતિબિંબ એમના મનમાં એવું પડ્યું કે છેક વિદેહ થતા સુધી પણ એ મનોહરદાસના પદો ગાવામાં રા. રા. ગૌરીશંકર પરમ આનંદ માનતા.

મનોહરદાસ સ્વભાવે બહુ સ્વતંત્ર અને આગ્રહી હતા. ધંધો કરતે કરતે પણ તેમના અંતઃકરણમાં કલિયુગમાં પ્રવર્તતા પંથસંપ્રદાયાદિના પ્રકારો ઉપર નિર્વેદ આવતાં જગત્ ઉપર પણ નિર્વેદ આવવા માંડ્યો હતો. સંન્યાસ લીધા પછી રચેલી 'પુરાતનકથા' એ નામની ગુજરાતી વાર્તા અને 'વલ્લભમતખંડન' એ નામનો વિદ્વત્તાભરેલો સંસ્કૃત વાદગ્રંથ * તેમના આ નિર્વેદનાં ઉત્તમ પ્રતિબિંબ છે. કવિ નર્મદાશંકરે તેમનાં

* ફારસી ભાષામાં પણ મનોહરદાસનું જ્ઞાન ઉત્તમ પંક્તિનું હતું.

પદોનો સંગ્રહ 'મનહરપદ' એ નામથી પ્રસિદ્ધ કર્યો છે, તેમાં પણ તેમના હૃદયના આ ઉદ્‌ગારો વારંવાર ઉભરાય છેઃ—

ભલ કલિયુગમેં ભાંડ ભવૈયા, પરમહંસ બની બેઠત ભૈયા,
કુત્સિત નરકો કહત કનૈયા*—ભલ કલિ.

એ અને એવા ઉદ્‌ગારોથી સ્પષ્ટ સમજાય છે કે અભેદભાવનાના પરમ સાક્ષાત્કારની સમીપ આવ્યાનું ફલ જે અપરિચ્છિન્નતા તેનું આ પુરુષને સારૂં ભાન થયલું હતું. પરધર્મની નિંદા કરવામાં જ એમના બ્રહ્મજ્ઞાનનો અવધિ ન હતો; પરિચ્છેદની ગર્હા કરીને અપરિચ્છિન્ન સાક્ષાત્કાર ઉપજાવવાની તેમની મતિ હતી. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં જે નિઃસંગ કર્મના આશ્રયને ત્યાગ કહ્યો છે તેનો સ્પષ્ટ આભાસ સચ્ચિદાનંદબ્રહ્મતીર્થ (મનોહરદાસ)માં પદે પદે જણાય છે. ભગવદ્‌ગીતાઉપર તેમને એવી ભક્તિ હતી, અને તે સમયે એ માર્મિક ગાનનો અનુભવ કરવાનાં સાધનો ગુજરાતીમાં એટલાં સ્વલ્પ હતાં, કે સ્વાનુભવ દૃઢ કરવા તથા અન્યને ઉપકાર કરવા, તેમણે ગીતાનો ગુર્જર અનુવાદ પણ કરેલો છે. 'સનત્સુજાતીયઆખ્યાન' અને 'બંદીકથા' એ પણ તેમણે પોતાના આનંદમાં રચેલાં છે. ગીતામાં કહેલી નિઃસંગ કર્મભાવનામાં અકર્મ અનુભવવારૂપ સાક્ષાત્કાર એમનાં ઘણાં પદોમાં પ્રતીત થાય છેઃ—

હમ ખેલત નાથકે સંગ, આપન દૂર કછુ—હમ.
કબહુ સંયોગમેં, કબહુ વિયોગમેં, કબહુ બને એકરંગ,
કબહુ ખિયાલમેં, કબહુ કહાલમેં, મસ્ત બને બેઢંગ—આપન દૂર૦

વળી

મોટપ મેલો, હું મારૂં એ અજ્ઞપણું દુઃખદાઈ,
મહાવિષ્ણુતણે ચરણે અર્પો સઘળી કર્મકમાઇ.

આટલું વિવેચન કરવાથી સહજ સમજાય છે કે સચ્ચિદાનંદબ્રહ્મતીર્થ (મનોહરસ્વામી) નામાં શિખાસૂત્રત્યાગરૂપ સંન્યાસ

---

* આ મનોહર સ્વામીના માતામહ સુંદરજી ભક્ત કરીને હતા, તેમનું 'અવતારચરિત્ર' એ નામનું કાવ્ય છે તેમાં પણ લખ્યું છે કેઃ—

સજી સંન્યાસસ્વરૂપ, ધારી હારી નિજ ધર્મકો,
પુનિ પ્રપંચકે કૂપ, પડવેતે મરવો ભલો.

કર્યા છતાં નિરભિમાન સ્વકર્તવ્ય નિઃસંગ રહી કરવારૂપ અભેદ-સાક્ષાત્કારની ભાવના બહુ પ્રબલ હતી. પોતે સંન્યાસી થયા છતાં દોતકલમ સંન્યાસી થયાં નથી, એવું આંટીને પ્રસંગે વારંવાર ઉચ્ચરતા, અને શૂર, પરાક્રમી, ભવ્ય અને મસ્ત દશામાં વિચરતા આવા પુરુષના સમાગમથી, તે પુરુષ ઉપર પરમ પ્રીતિ હોવામાંથી રા. રા. ગગાભાઇના અંતઃકરણમાં ધર્માનુરાગ-ઉપરાંત નિરભિમાન નિઃસંગ કર્ત્તવ્યની ભાવનાનાં અંકુર ઉગવા લાગ્યાં, અને પકવ વયે તેમના યશરૂપ ફલનું વૃક્ષ થઇ તેમને સર્વ કાર્યમાં વિજયી કરી શક્યાં. કૃપણુતા, પામરતા, સંકોચ અને આલસ્યરૂપ નિવૃત્તિને પરમ મોક્ષ માનનારને આ સત્પુરુષનું અને તેમનું અનુકરણ કરનાર ગગાભાઇ જેવા મહાજનનું વૃત્ત સર્વથા મનન કરવા યોગ્ય અને અનુકરણમાં ઉતારવા યોગ્ય છે.

આવા સહજ શિક્ષણુના અનેક સંસ્કારો પ્રાપ્ત કરવામાં રા. રા. ગૌરીશંકરનું પ્રથમ વય વીત્યું. તેર ચૌદ વર્ષનું વય થતાં કાંઇ ધંધો, વ્યાપારઆદિ કરવાની આવશ્યકતા જણાતાં, તેમણે વ્યાપારનો માર્ગ લેવાનો વિચાર કર્યો. તેમના પિતામહ રા. રા. મોતીલાલ, જે પ્રથમ પેશ્વા સરકારની નોકરીમાં હતા તે પોતાના ઘરનાં વહાણુ કરાવી ગોઘા બંદરથી માલ લઇ જવા લાવવાનો વ્યાપાર કરતા. એ પ્રસંગથી વ્યાપારિવર્ગમાં ઓઝા કુટુંબનો લાગવગ ઠીક બંધાયો હતો. ગોઘા તે સમયમાં સૌરાષ્ટ્ર અને ગુજરાત તથા મુંબઇ, સુરત, કચ્છ, કરાંચી-આદિ વચ્ચેના વ્યાપારનું મથક હતુ. ગગાભાઇએ ગોઘામાં વણાતાં જાડા સુતરાઉ કાપડનો વ્યાપાર કરવાનો આરંભ કરેલો, પણ તેમાં કાંઇ જાણવાજોગ પ્રાપ્તિ થઇ હોય એવું સમજવામાં નથી. ચૌદ પંદર વર્ષનું વય થતાં ગગાભાઇની રુચિ ભાવનગર દરબારની નોકરી કરવાની થઇ, અને તેથી પોતાના બનેવી રા. રા. સેવકરામ દેશાઇદ્વારા તે નોકરીમાં તેમણે પ્રવેશ કર્યો.

પ્રકરણ ૪.

કારકુનથી કારભારી.

રા. રા. સેવકરામ પાસે નોકરી—ગોઘાનાં ગામોનો વહીવટ—ખુમાણોનું તોફાન—કુંડલા પરગણાની આબાદીનો વૃત્તાંત—મહારાજા વિજયસિંહજી ઉપર વિપત્તિપરંપરા—પરભુદાસનો દાવો—સુરતમાં રહી દરબારસેવા—મહારાજા વિજયસિંહજી ઉપર ફોજદારી પ્રસંગોનું ઉપસ્થિત થવું—૧૮૩૬ ની કમીટી—મારવાડીના દાગીના—મનસુખ બહાદુરનો પ્રસંગ—ઠાકોર શ્રી વિજયસિંહજીનો સ્વર્ગવાસ; ઠાકોર શ્રી અખેરાજજી—ઠાકોર શ્રી જશવંતસિંહજી—પોલિટિકલ એજન્ટ કર્નલ લેંગસાહેબનો પ્રયાસ—દરબારની અનેક વિપત્તિઓના પ્રસંગે રા. ગૌરીશંકરે બજાવેલી એકનિષ્ઠાપૂર્વકસેવાના દૃષ્ટાન્તો—એજન્સીમાં નીમણુક.

મહારાજા વિજયસિંહજી ગાદીએ બેઠા પછી, બ્રિટિશ સરકાર તરફથી જૂનાગઢની જોરતલબીનો નિકાલ કરવાને વડોદરાના રેઝિડન્ટના આસિસ્ટંટ કેપ્ટન બેલેન્ટાઇન કાઠીઆવાડમાં આવ્યા. વિજયસિંહજી પોતાના કારભારી જૂનાગઢના નાગર ગૃહસ્થ રા. જીભાઈ રાઘવજીને સાથે રાખી તેમને મળ્યા, અને જોરતલબી બાબતનો નિકાલ કરી દ્વારકાઆદિ ક્ષેત્રોની યાત્રા કરીને ભાવનગર પાછા આવ્યા. ભાવનગર આવ્યાને ઘણો સમય વીત્યો નહિ, એટલામાં કુંડલાના જે ખુમાણ કાઠીઓએ મહારાજા વિજયસિંહજી સાથે સમાધાન કરીં ગરાસ લીધો હતો તેમને અંદર અંદર તકરાર ઉઠી. એ તકરારનું સંતોષકારક નિરાકરણ ન થવાથી હાદો ખુમાણ પોતાના દીકરા જોગીદાસને સાથે લેઈ બહારવટે નીકળ્યો, અને કુંડલા પરગણાનાં કેટલાંક ગામ સળગાવી મૂકી, મીતીઆળા તથા નેસડી ગામ તે લોકોએ લૂટ્યાં અને નાશી જઈ ગિરનો આશ્રય લીધો.

મહારાજા વિજયસિંહજીએ આ બહારવટીઆઓને સુલેહથી રહેવાની ઘણીક સમજુત કરી, પણ તે તેમના માનવામાં આવી નહી. કુંડલાની સીબંદીના માણસો તથા લાઠી અને અમરેલીનાં કેટલાંક માણસો એ બહારવટીઆઓની પાછળ લાગુ થયાં; અને લીલીયા પરગણાના આંબા ગામ આગળ હાદા ખુમાણનો દીકરો ઘેલો ખુમાણ લાઠીના માણસોને હાથે મરાયો.* આથી રોષે ભરાઇને ઇસ્વી સન ૧૮૨૧ માં ખુમાણો પાછા ભાવનગરનો મુલક લૂંટવા લાગ્યા, અને કુંડલા પરગણાનું વંડા ગામ તેઓએ લૂટયું. કુંડલાની સીબંદીના માણસો આ બહારવટીઆઓની પાછળ પડ્યાં, અને ડેડાણ ગામ આગળ ભેટો થઇ જતાં, જોગીદાસ ખુમાણનો દીકરો માણસુર તેમને હાથે માર્યો ગયો. ખુમાણો આથી વધારે તોફાન કરવા લાગ્યા. અને આખા કાઠીઆવાડમાં એથી કરીને અવ્યવસ્થા વર્તવા લાગી, જે ઉપરથી કાઠીઆવાડમાં શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી રહેતા કેપ્ટન બેલેન્ટાઇને મહારાજા વિજયસિંહજીને બહારવટીઆઓનો પરાજય કરવા કહ્યું. આ ઉપર મહારાજાના કારભારી રા. જીભાઇએ બ્રિટિશ સરકારની મદદ માગી, એટલે કર્નલ સ્ટેનહોપ કેટલુંક લશ્કર લઇ બગસરે આવ્યા. તેમણે બહારવટીઆઓને ઘણી સમજુત આપી, પણ તે લોકોનું કહેવું એવું જ થતું કે જીભાઇ રાઘવજી મહારાજા વિજયસિંહજીને બદસલાહ આપી અમારૂં સમાધાન થવા દેતા નથી, માટે તેમને દૂર કર્યા વિના અમે સમાધાન કરવા રાજી નથી. કર્નલ સ્ટેનહોપે આ હકીકત પોલિટિકલ એજંટ કેપ્ટન બાર્નવેલને કહી, જે ઉપરથી તેમણે મહારાજા વિજયસિંહજીને ગોઘા મુકામે બોલાવી જીભાઇ રાઘવજીને રજા આપી દેશાઇ સેવકરામને કારભાર સોંપવાની ભલામણ કરી. આ વાતનો મહારાજાએ સ્વીકાર કર્યો, અને ત્યાંથી ભાવનગર જતાં રસ્તા ઉપર આવેલા રા. સેવકરામના ઘર આગળ ઉભા રહી તેમને બોલાવી ભાવનગર આવવાનું કહેતા ગયા.

*ખુમાણો અદ્યાપિ સુધી લાઠીનું પાણી પીતા નથી એવી વાત કહેવાય છે.

રા. રા સેવકરામ પાસે નોકરી.

સેવકરામ દેશાઇને ભાવનગરના રાજાઓસાથે પ્રથમથી સારો સંબંધ હતો. સેવકરામના પિતા રાજારામ દિલ્હીના પાદશાહ પાસે પ્રસિદ્ધિ પામેલા છબીલારામ બહાદુરના હાથ નીચે નોકરીમાં કસાયલા હતા, અને તેમના શરીર ઉપર એટલા બધા જખમ હતા કે એમને 'રાજારામ ઝાટકાળ'ના નામથી જ સર્વ ઓળખતા. મહારાજા વખતસિંહજીના સમયમાં ચીતળની લડાઇમાં કારભારી રૂપજી દેશાઇની સાથે સેવકરામ દેશાઇ પણ હતા; ત્યાં તેમની હોશીઆરી મહારાજાના સમજવામાં આવી હતી, અને કુંડલા પરગણામાં કાઠીઓનો બંદોબસ્ત કરવાને તેમણે તેમને મોકલ્યા હતા. આ પ્રસંગે પણ એ જ પુરુષનો નિયોગ કરવો મહારાજા વિજયસિંહજીને સમયાનુકૂલ અને યથાર્થ જણાયો. સેવકરામ દેશાઇ ભાવનગર ગયા, અને રા. નરસિંહદાસ તથા પરમાણંદદાસને સાથે રાખી તેમને કારભાર સોપવામાં આવ્યો. દેશાઇ સેવકરામને પોલિટિકલ એજંટ સાથે રહી ખુમાણોનો બંદોબસ્ત કરવાનું કામ હતું, અને પોલિટિકલ એજંટ તે સમયે, એજન્સી નવી જ સ્થાપાયાથી, દફ્તરોવગેરે લેવા વડોદરે ગયલા હતા એટલે સેવકરામ દેશાઇ પણ વડોદરે જવા તત્પર થયા. વડોદરે જવામાં સેવકરામ દેશાઇને એક કારકુન સાથે રાખવાનો હતો. પોતાના સંબંધી ગગાભાઇની તીવ્ર બુદ્ધિ, પ્રામાણિક રીતભાત, અને નોકરીમાં જોડાવાની ઇચ્છા દેશાઇના જાણવામાં હતી, એટલે તેમને જ એ કામ માટે પસંદ કરવામાં આવ્યા. સોળ વર્ષની વયે માત્ર સવા છ રૂપૈયાના માસિક પગારે રા. રા. ગૌરીશંકર કારકુનની નોકરી ઉપર દાખલ થયા, અને રા. સેવકરામ દેશાઇની સાથે વડોદરે ગયા. ત્યાં ખુમાણોનું સમાધાન કરી આપવા ચર્ચા થઈ, પણ પોલિટિકલ એજંટે તે વાત સરકારમાં લખી જણાવતાં સરકારે એવો ઠરાવ કર્યો કે ખુમાણોમાંના કેટલાકે ખુન કરેલાં છે તેથી તેમનું સમાધાન થઈ શકે એવું હવે રહ્યું નથી. આ ઉપરથી ખુમાણોનો પરાજય કરવાને પોલિટિકલ

એજંટે ભાવનગરના મહારાજાને કહ્યું, એટલે સેવકરામ દેશાઇને પોલિટિકલ એજંટ સાહેબની સ્વારીમાં રાખી મહારાજા પોતે કુંડલે રહેવા લાગ્યા. આ વખતે રા. ગગાભાઇને ગોધાબારાનાં ભાવનગર તાબાનાં ગામો જે હાલ દશક્રોઈ કહેવાય છે તેનો વહીવટ કરવાનું કામ સોંપેલું હતું.

ગોધાના ગામોનો વહીવટ.

એ કામને સંબંધે ખેતરમાં નીપજેલા અનાજની ઉભી ઢાળ વગેરે કરવાનું તેમણે એવી સારી રીતે ચલાવ્યું હતું કે તેથી તેમના ઉપરિ અધિકારીઓને ઘણો સંતોષ થયો હતો. કુંડલા પરગણામાં ખુમાણોએ એવો ત્રાસ વર્તાવ્યો હતો કે નાનાં નાનાં ગામો ઉજડ થઇ જઇ વસતિ આવીને તળ કુંડલામાં ભરાઇ હતી. કુંડલામાં પણ શાંતિ કે સ્વસ્થતા હતી નહિ. આવે પ્રસંગે કોઇ કુશલ પુરુષની યોજના કુંડલામાં કરવી આવશ્યક હતી, અને દેશાઈ સેવકરામની ભલામણથી મહારાજા વિજયસિંહજીની દૃષ્ટિ ગગાભાઇ ઉપર ઠરી. ગગાભાઇને કુંડલા પરગણાના ડેપ્યુટી વહીવટદાર તથા સીબંદીના ઉપરિ ઠરાવી કુંડલે મોકલવામાં આવ્યા. અઢાર ઓગણીશ વર્ષના જુવાન ગગાભાઈ ઢાલતરવાર બાંધી ઘોડેસ્વાર થઈ સીબંદીના માણસોસાથે બંદોબસ્ત રાખવાને ફરતા. રાત્રે પણ આખા ગામની ચોકી કરવી પડતી, અને ખુમાણોની લૂંટફાટથી કુંડલાનું રક્ષણ કરતા. વહીવટનો ધંધો કરનાર નાગરની ચતુરાઈની કસોટી થવાનો પ્રસંગ થોડી જ વારમાં આવ્યો, અને જે 'મંજુર નેસ્ત'ની સમયસૂચકતા ગગાભાઇનામાં તેમના મોસાળમાંથી આવેલી હતી તેણે એમને વિજય અપાવી, એમની ભવિષ્યની ઉન્નતિનો માર્ગ કરી આપ્યો.

ખુમાણોનું તોફાન.

એમ થયું કે ખુમાણોએ દક્ષિણ દિશામાં આવેલી ગિરમાં રહીને થોડાક માણસોથી કુંડલાના પાદરમાં સાંજની વખતે વહારકઢુ* તરીકે આવી કેટલાક માણસોને લૂંટી જખમી કરી નાશી ગયા. જેથી

---

* "વહારકઢુ" શબ્દનો અર્થ એવો થાય છે કે 'ગામની સીબંદીના માણસો મદદે જાય'; એવી રીતે કે બહારવટીઆઓ જ્યારે કોઈ ગામ લૂંટવા ઈરાદો

તેમને પકડવા માટે સીબંદીના ઘણાએક માણસોને જમાદાર કાળુ ભટ્ટીના ઉપરિપણા નીચે મોકલવામાં આવ્યા. તે બહારવટીઆનો ઇરાદો એવો હતો કે સીબંદીના માણસો વિગેરે પકડવા માટે આવે, ત્યારે પછી ઘણા માણસોથી કુંડલા ગામમાં પેશી દરબારની તીજોરી લૂંટવી, તેમ જ બીજી વસતિની લૂંટ ચલાવવી. એથી કુંડલા ઉપર ધાડ પાડી. સીબંદીના માણસો તેમનો પરાજય કરવાને તેમની પુંઠે પડ્યા. દરબારમાં ગગાભાઈ અને થોડા મુત્સદ્દીઓ વિના કોઈ રહ્યું નહિ, એટલે લૂંટફાટના ધંધામાં પ્રવીણ થયલા ખુમાણોએ દરબારી સીલક લૂંટી લેવાની ધારણાથી પશ્ચિમ દિશાએથી એક ટોળીને ગામમાં દાખલ કરી. સર્વને બહુ વિક્ષોભ થવા લાગ્યો. પરંતુ ગગાભાઇએ સમયસૂચકતાથી, દરબારી કિલ્લામાં જે તોપો હતી તેના બહાર કરવાનો હુકમ કરી દીધો. ઉપરાઉપરિ તોપોના બહાર થવાથી પશ્ચિમ દિશાએથી આવેલા બહારવટીઆઓ કિલ્લાને સુરક્ષિત સમજી ગભરાટમાં પડ્યા એટલુંજ નહિ, પણ દક્ષિણ દિશાએ ગયલી સીબંદીના ઉપરિ જમાદાર કાળુ ભટ્ટી કુંડલાના કિલ્લામાં ભય સમજી તુરત પાછા ફરીને ગગાભાઈની મદદે આવી પહોંચ્યા, તેથી કરીને કુંડલા ગામ અને તીજોરી લૂંટવાનો ઇરાદો પાર પડી શક્યો નહિ. આ પ્રકારે સહજમાં સર્વનો બચાવ થઇ શક્યો; અને બહારવટીઆઓ તળ કુંડલામાં નહિ પેસતાં ત્રણ ગાઉ ઉપરના જૂજ વસતિવાળા નેસડી ગામને લૂંટી ચાલતા થયા.

પરંતુ હજી સુધી ખુમાણોનું સમાધાન થઇ શક્યું હતું નહિ. અંદર અંદરની તકરારથી બહારવટે નીકળેલા ખુમાણો ઉઘાડી રીતે ભાવનગરસામે બહારવટું કરતા હતા, અને પોલિ-

---

રાખે છે ત્યારે તેઓ પ્રથમ પોતાના થોડાક માણસોને ગામની એક દિશાતરફ મોકલી વસતિના માણસોને નુકસાન કરાવે છે, તથા ગામના બીજા બધા માણસો નુકસાન થયલાની મદદે જાય ત્યારે બીજી દિશાતરફથી બહારવટીઆના માણસો ગામમાં પેશી લૂંટ કરે છે.

ટિકલ એજંટ ભાવનગરના ઠાકોરને એ બહારવટીઆઓનો કોઇ પણ રીતે નિકાલ કરવાનું કહ્યા કરતા હતા. બહારવટીઆઓને જેતપુરના તાલુકદાર વાળા કાઠીએ અંદરથી ગુપ્ત રીતે મદદ આપતા હતા. પણ એ વાત પોલિટિકલ એજંટ આગળ સિદ્ધ થઇ શકતી ન હતી. એવામાં ભાવનગર તાબાના ગામ જુનવદરના મેઘ રાઠોડની ભેંસો બહારવટીઆએ લઇ ગયા, જે ઉપરથી ભેંસોની તજવીજ કરતો તે રાઠોડ ખુમાણોનો પત્તો મેળવી સેવકરામ દેશાઇ આગળ આવ્યો. બહારવટીઆઓને પકડવાનું માન વિજયસિંહજી મહારાજને મળે એવા આશયથી તેમણે રાઠોડને કુંડલે મોકલી મહારાજાને બધો વૃત્તાંત જણાવ્યો. તુરત જ સીબંદીના માણસો મોકલવાનો બંદોબસ્ત થયો, અને જેતપુર તાબેના વલારડી ગામમાંથી જોગીદાસ તથા ઘેલા ખુમાણના દીકરાવગેરે ઘણાક ખુમાણોને પકડી લેવામાં આવ્યા. ત્યાંથી જેતપુરના ગામ ઘુઘરાલે આવતાં, ખુમાણો ગામમાં છે એવી ખબર મળી, પણ કાઠીએ ગામમાં પેસવા દેતા ન હતા, જેથી ખુમાણોમાંના ઘણાક નાશી ગયા, અને હાદો ખુમાણ એક ઘરમાં સંતાઇ ગયો. સીબંદીએ ગામમાં પેશી ઘરને આંતરી લીધું, ત્યારે હાદો ખુમાણ અને હીપો ચારણ ઘર પાછળ ઘઉંની વાડી હતી તેમાં ભરાઈ ગયા. આ ઠેકાણે તેને ઘેરી લેઇ શરણ થવા બહુ સમજુત કરી, પણ તે તેમણે સ્વીકારી નહિ. તરવાર તાણી તે સામો થયો; સીબંદીએ ગોળીબહાર કર્યા; અને હાદો તથા હીપો મરણ પામ્યા. આ બધી સ્વારીમાં મુત્સદ્દી ખાતે શિહોરના રહેનાર જેઠા મેહેતા કરીને એક વાણીઆ હતા, તેમણે સવિસ્તર વૃત્તાંત સેવકરામ દેશાઇને લખી જણાવ્યો, અને સીબંદીને લઇ પકડેલા ખુમાણોસહિત પોતે કુંડલે ગયા.

આ પત્ર પોલિટિકલ એજંટ કેપ્ટન બાર્નવેલને સેવકરામ દેશાઇએ વંચાવ્યો, જે ઉપરથી તેમની ખાત્રી થઈ કે જેતપુરના કાઠીઓના આશ્રયથી જ ખુમાણો આટલે સુધી ટકાવ કરી શક્યા છે. જેતપુરના વાળા કાઠીઓને તેડાવી પોલિટિકલ એજંટે

બહુ જ ધમકાવ્યા, અને જેતપુર ઉપર પાંચસો પાયદળની ટુંકડી-સહિત એક યુરોપીયન અમલદારને જસીએ મોકલ્યો. જસીથી વાળા કાઠીઓ એટલા બધા કાયર થઈ ગયા કે રાજકોટ મુકામે તેમણે પોલિટિકલ એજંટ સાહેબને હાદા ખુમાણના દીકરા જોગીદાસવગેરે મુખ્ય મુખ્ય ખુમાણ બહારવટીઆઓને લાવીને સોંપ્યા. તેમને તુરંગમાં રાખવામાં આવ્યા; અને જ્યારે ત્યાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા ત્યારે પણ જસદણના આલા ખાચર, ભડલીના ભાણ ખાચર, બગસરાના હરસુર વાળા, અને ડેડાણના દંતા કોટીલા એટલાની ફેલફીતુરબાબત જામીનગીરી લઈ એવી શરતે મુક્ત કરવામાં આવ્યા કે ભાવનગર જઈ, સમાધાન કરી, ભાવનગરના ઠાકોરનું જામીનખત લાવી આપ્યેથી એ જામીનગીરી છૂટે. ભાવનગર આવી ખુમાણો એ સમાધાન સંબંધે બહુ વષ્ટિ ચલાવી, પણ એકે પક્ષથી સંતોષકારક પરિ-ણામ આવ્યો નહિ. (ઇ. સ. ૧૮૨૪.)

જૂનાગઢના નાગર ગૃહસ્થ રા. રા. અમરજી દીવાન મરાયા પછી તેમના ભત્રીજા રા. રા. અનંતજીભાઇ ભાવનગરના રાજ્યમાં નોકર હતા, અને મહુવામાં ખુમાણ બહારવટીઆઓના બંદોબસ્ત માટે સીબંદીના ઉપરિ હતા. તે વખતે મહુવા પરગણાના બાબરીઆધાર, જે મહુવાથી પંદર માઇલ દૂર છે ત્યાં કાઠી ખુમાણો ગામની સીમમાં આવી ઢોર તથા માલ લઈ ગયા. આ વાતની રા. રા. અનંતજીભાઇને ખબર પડતાં, તે દિવસે પોતાના પિતાનું શ્રાદ્ધ હતું પણ તેની દરકાર કર્યા વિના, તેઓ કાઠી ખુમાણોની પાછળ ગયા અને તેમને જોતાં જ કાઠી ખુમાણો માલ તથા ઢોર પડતાં મૂકી નાશી ગયા. પણ રા. રા. અનંતજીભાઇનો વિચાર કાઠી ખુમાણોને જીવતા પકડી શિક્ષા આપવાનો હતો તેથી તેમની પાછળ ગયા, અને ભેટો થતાં લડાઈ થઈ તેમાં કાઠી ખુમાણોના કેટલાક માણસ માર્યા ગયા. આથી ગુસ્સે થઇ કાઠી ખુમાણોએ રા. રા. અનંતજીભાઇને બંદુકની ગોળી મારી, તે વાગવાથી અનંતજીભાઇ મરાયા અને

કાઠી ખુમાણો નાશી ગયા. આ ખબર મહારાજા વખતસિંહજીને પડતાં તેમના પરાક્રમબદ્દલ તેમના વંશવારસને મહુવા પરગણાનું વડલી ગામ વંશપરંપરા માથામાં આપેલું છે; અદ્યાપિ સુધી તે ગામ તેમના વંશજો ખાય છે.

સમાધાન ન થવાથી ખુમાણોએ ભાવનગર ઉપર વધારે જોસથી બહારવટું ચલાવ્યું. પ્રથમ તેમણે રાજુલા તથા કુંડલા પરગણામાં લૂંટફાટ ચલાવી. છેક ઈ. સ. ૧૮૨૯ માં તેમનું સમાધાન થયું ત્યાંસુધી ભાવનગરના મુલકમાં તે લોકોએ બહુ બહુ રીતે સંકટો ઉપજાવ્યાં જ કર્યાં. ખુમાણો ભાવનગર તાબાનાં ઘણાં ગામો વારંવાર લૂંટતા, ઢોર તથા માલ લઈ જતા, અને કોઈ કોઈ ગામે પટેલો વગેરેનાં ખુન પણ કરતા. ૧૮૨૬ માં તેમણે ઉમરાળા પરગણાનાં ધારૂકા ગામ તથા પીપરાળી ગામ માર્યાં. એ સમયે વિજયસિંહજી શિહોરમાં રહેતા હતા, તેમને ખબર થતાં તુરત તેઓ સીબંદી લઇ તેમની પાછળ થયા. કનાડ ગામ આગળ ભેટો થતાં સામ સામી લડાઇ થઇ તેમાં કાઠીઓનાં કેટલાંક માણસો મરાયાં એટલે ઢોર તથા માલ પડતો મૂકી તેઓ નાશી ગયા. બહારવટીઆઓ વારંવાર હાર ખાતા હતા, તથાપિ તેમનો ભાવનગર ઉપરનો ક્રોધ શાંત પડ્યો ન હતો. હવે તેમણે એવો નિશ્ચય કર્યો કે જૂદા જૂદા રાજ્ય ઉપરના જે જે બહારવટીઆ ગિરમાં રહેતા હતા તે સર્વને ભેગા કરી ભાવનગરને જ એક વાર લૂંટવું. બધા ભેગા મળી પાલીતાણે આવ્યા અને ત્યાંથી રાતોરાત ભાવનગર ઉપર ચાલ્યા, પણ નાગધણીબા ગામ આગળ પ્રાતઃકાલ થઈ જવાથી, તે જ ગામ લૂંટીને પાછા ફર્યા. ઠાકોર વિજયસિંહજીને ભાવનગરમાં ખબર થતાં સીબંદી લઈ તેઓ તેમની પાછળ ચઢ્યા, તથા ગિરમાં પેશવાનાં નાકાં પણ બાંધી રખાવ્યાં. શેત્રુજી નદીને કાંઠે ભેંટો થયો; તેમાં કાઠીઓનાં કેટલાંક માણસો મરાવાથી, ઢોરમાલવિગેરે પડતું મૂકી બાબરીઆવાડમાં આવેલા ડેડાણ ગામને રસ્તે થઈ તેઓ ગિરમાં પેશી ગયા. આટલેથી શાંતિ ન પામતાં જોગીદાસ ખુમાણ અને તેના માણસોએ

વળી હળીઆદ ગામ માર્યું, પણ ટાણા ગામના થાણદારે તેમની પાછળ પડી માલ પડાવી લીધો. આ પ્રકારે યદ્યપિ ખુમાણો ફાવતા હતા નહિ, તથાપિ વિજયસિંહજીને પોતાના મુલકની વારંવાર થતી ખરાબીથી, વસતિને થતી વિપત્તિથી, અને સીબંદીનો ખરચ વધી પડવાથી, આ બહારવટીઆઓનું જે તે પ્રકારે સમાધાન કરવાની રુચિ થતી હતી.

કાઠીઆવાડ પ્રાંતમાં એવો બલવાન્ રીવાજ ચાલતો આવેલો છે કે જે ભાયાત કે મૂળ ગરાસીઆ પોતાના દરબાર ઉપર બહારવટે નીકળી ભયંકર ગુન્હાની સાથે જે કાંઈ નુકસાન પહોંચાડે તે બદલ તેનો ગરાસ દરબાર ખાલસા કરી શકે છે. તે પ્રમાણે લીલીયા પરગણે ગુંદરણના ભીમા ખુમાણે સદરહુ બહારવટીઆની સાથે સામેલ રહી દરબારને કેટલુંક નુકસાન પહોંચાડેલું તે બદલ તેનો ગુંદરણવિગેરેનો ગરાસ દરબારે ખાલસા કરેલો હતો. તે આધારથી મજકુર ખુમાણોનો ગરાસ જીરા ગામ આખું, અને નેસડી તથા વિજપડી વગેરે ગામોનો ભાગ તે ખુમાણોએ દરબારને ખાલસે લખી આપ્યાનો દસ્તાવેજ સં.૧૮૮૫-ની સાલમાં કરી આપેલો છે. તે દસ્તાવેજમાં તેઓએ કબુલ કરેલું છે કે હવેથી અમે દરબાર સાથે કોઇ જાતનું ફીતુર નહિ કરીએ, સુલેહ જળવાય એમ નિરંતર વર્તીશું, અને દરબારની નોકરી એકનિષ્ઠાથી કરીશું. આ કરાર પ્રમાણે વર્તવા મજકુર ખુમાણોએ પરસ્પર જામીન આપેલા છે. આ પ્રમાણે બહારવટે નીકળનાર ભાયાત તથા મૂળ ગરાસીઆનો ગરાસ દરબાર ખાલસે કરી શકે છે એવો કુંડલા પરગણાના મોજે ઓરાલાના સુરા નાથા ખુમાણના કામમાં રા. રા. ગગાભાઇએ દાખલાવિગેરે બતાવવાથી છેવટ નામદાર મુંબઈ સરકારે નિર્ણયકારક ઠરાવ કરેલો છે, જે ઠરાવ કાઠીઆવાડનાં રાજસ્થાનોને પ્રસંગે ઉપયોગી થઈ પડે તેવો છે.

આ સમાધાન પોલિટિકલ એજંટ મિ. બ્લેન સાહેબને સમજાવતાં તેમણે પસંદ કર્યું, અને મુંબઇ સરકારે પણ તે ઉપર

પોતાની મંજુરી આપી, જેથી આ ઉપાધિનો નિકાલ થઇ ગયો. આ બધા પ્રસંગમાં રા. ગગાભાઈ કુંડલામાં વહીવટદાર હતા, અને જૂદે જૂદે પ્રસંગે તેમને હથિયાર ધારણ કરીને પણ પોતાની ફરજ બજાવવાના સંધિ આવતા હતા.

કુંડલા પરગણાની આબાદીનો વૃત્તાંત.

ઉપર પ્રમાણે ખુમાણોનું તોફાન ચાલતું હતું તેવામાં ઉજડ થઇ ગયલા કુંડલા પરગણાની આબાદી કરવાનું કામ દરબારે દેશાઇ સેવકરામને સોંપ્યું હતું. તેમણે તે કામ રા. ગૌરીશંકરને સોંપી કુંડલે મોકલ્યા. કુંડલા પરગણાનાં ગામો એવાં ઉજડ થઇ ગયાં હતાં કે ઘણાકમાં તો એક તસુ જમીન પણ ખેડાણ થઇ હતી નહિ, અને ખેતરો જંગલ જેવાં ભયંકર થઇ ગયાં હતાં. રા. ગૌરીશંકરે નાશી ગયલી વસતિને સમજાવીને પાછી આણી એટલુંજ નહિ, પણ પરરાજ્યોનાં ગામોમાંથી સારા સારા કણબીઓને લાવી બધાં ગામ આબાદ કર્યાં, જમીન ખેડાણ કરાવી, અને દરબારને કુંડલા પરગણાની સારી આવક થાય તેવી વ્યવસ્થા કરી આપી. ગામેગામ ખેડુતોની સગવડસારૂ ધીરધાર કરનાર વેપારી વાણીઆ તેમ જ કુંભાર, સુતાર, લુહારઇત્યાદિને વસાવી, જે કાઠીવગેરે કાંટીઆ લોકો હજી પણ લૂંટફાટના ભયથી ત્રાસ પમાડતા (અને વસતિને જેમની એટલી બધી દહેશત હતી કે ખેડુતો સ્વસ્થપણે ખેતી કરી શકતા નહિ, જેથી દરગામે બંદુકદાર હથીઆરવાળા સ્વારપાળા રાખવા પડતા, અને તેઓ ખેડુતોની સાથે સવારથી સાંજસુધી ખેતરોમાં હથીઆરબંધ રહેતા ત્યારે જ ખેડુતોથી ખેડ થઇ શકતી હતી, તેમ ફરતા સ્વારો પણ રાખવા પડતા હતા,) તેમના ગોર બ્રાહ્મણો, રાજગરઆદિને જીવાઇમાં જમીન આપી તે તે ગામમાં વસાવ્યા, અને એ ત્રાસ દૂર કર્યો. કુંડલા પરગણાની આબાદી કરવામાં, ઘણે ઠેકાણે કૂવા કરાવી, પીતના મોલ થઇ શકે એવી વ્યવસ્થા પણ રા. ગૌરીશંકરે કરી. કૂવા કરવામાં ખરચ થાય તેની જોગવાઇ ન હોવાથી તેમણે એવી યોજના કરી હતી કે જે ખેડૂતો પોતાને ખરચે કૂવા કરે તેમની

પાસેથી એ કૂવાના પાણીએ પકવેલા માલનો દરબારી ભાગ અમુક મુદ્દતસુધી લેવો નહિ. આ પ્રકારે રાજા પ્રજા ઉભયનાં સુખ અને સંપત્તિ સાચવીને કામ લેનાર ગગાભાઇ કુંડલાની વસતિને બહુ જ પ્રિય થઇ પડ્યા એટલુંજ નહિ, પણ મહારાજા વિજયસિંહજીએ પણ તેમને પોતાની પાસે બોલાવી, ઘણી શાબાશી આપી, પગારમાં વધારો કરી આપ્યો. આબાદી થતે થતે હાલ કુંડલા પરગણાની આવક રૂા. ૮,૦૦,૦૦૦ ની દરબારને થઇ છે; પરંતુ ગગાભાઇ જો લાંબો સમય કુંડલા પરગણા ઉપર ધ્યાન આપી શક્યા હોત તો એ કરતાં વધારે ઉપજ થાત એમાં સંશય નથી. પારકા રાજ્યની સરહદ ઉપર આવેલું, બહારવટીઆઓથી પાયમાલ થયલું અને પોતે હાથે રક્ષણ કરી આબાદ કરેલું, કુંડલા અને કુંડલા પરગણું રા. ગૌરીશંકરને અતિશય પ્રિય થયલું હતું. મુખ્ય પ્રધાન હતા ત્યારે પણ કુંડલાની ફિકર તેમને રહ્યાં કરતી, અને કુંડલાની વસતિ પણ જાણે પોતાના કોઇ મુરબ્બીશ્રીને જ રાવ ખાવા જતી હોય તેમ, અનેક આંટીને પ્રસંગે ગગાભાઇ પાસે જતી તથા સંતોષ પામતી.

કુંડલા પરગણાની આબાદી કરવાનું કામ આરંભે, ઘણી કરકસર અને દીર્ઘદૃષ્ટિ રાખ્યા છતાં, કેટલોક વ્યય કર્યા વિના થઇ શકે એવું ન હતું એ તો સ્પષ્ટ જ છે. રા. રા. સેવકરામ દેશાઇની મારફત આ બધો ખરચ થતો હતો એટલે તેને એક નિમિત્ત બનાવી, બીજા કોઈ ખાનગી કારણોને લીધે, કેટલાક લોકોએ ઠાકોરશ્રી વિજયસિંહજીના મનમાં તેમના વિષે શંકા ઉપજાવી, અને તેમનો કારભાર બંધ પડાવ્યો. સેવકરામ દેશાઇના કારભારનો આવી રીતે છેડો આવવાથી, રા. ગૌરીશંકર પણ નોકરી ઉપરથી ઘેર આવ્યા હતા, પણ તેમની શક્તિ અને હોશીઆરી ઠાકોરના જાણવામાં હતી, તેમ જ તેવી શક્તિ અને હોશીઆરીનો ઉપયોગ થાય તેવા પ્રસંગો પણ ઉપરા ઉપરિ બની આવવા લાગ્યા હતા, એટલે રા. ગૌરીશંકરથી રાજસેવામાંથી બહુ સમય દૂર રહી શકાયું નહિ.

મહારાજા વિજયસિંહજી ઉપર વિપત્તિપરંપરા.

આગળના પ્રકરણમાં કહેવામાં આવેલું છે તે પ્રકારે ભાવનગરનાં, પેશ્વાને ખંડણી આપનારાં, ગોઘા તથા ધંધુકા પરગણાનાં ૧૧૬ ગામોમાં બ્રિટિશ સરકારે પોતાની દીવાની ફોજદારી હકુમત દાખલ કરી ભાવનગરના રાજાને એક સાધારણ રૈયત જેવી સ્થિતિમાં આણી મૂક્યા હતા. પરાપૂર્વથી સ્વતંત્રતા ભોગવનાર અને સમૃદ્ધ રાજ્યકર્તા આવી દશામાં આવી પડે ત્યારે તેને જે નાનાં નાનાં અપમાનો અને કષ્ટો, ક્ષુદ્ર મનના પણ અધિકારે ચઢેલા નાના મોટા જનોભણીથી વેઠવાં પડે છે, તેનો વિચાર તેવી સ્થિતિમાં આવનારને જ થઇ શકે છે.

पंके निमग्ने कारिणि भेको भवति मूर्धगः ।

મહાન્ હસ્તી જેની દૃષ્ટિ પૃથ્વી અને પૃથ્વીતલના અધોગામી પ્રાણીપદાર્થને જોવાનો પણ અનાદર રાખે છે તે પણ જ્યારે પંકમાં નિમગ્ન થઇ, શરીરની સ્થૂલતાને લીધે, બહાર નીકળવાના પ્રત્યેક પ્રયત્ને વધારે વધારે ઉંડો કળી જતો જાય છે, ત્યારે કેવલ પૃથ્વીતલગામી અધમ દેડકું પણ તેના કુંભસ્થલ ઉપર બેસવામાં જ, તેને લાભ હો કે ન હો, પણ એવા દુષ્પ્રાપ્ય સ્થાને બેસવામાત્રમાં જ કૃતાર્થતા માને છે. અલ્પવિચારી, અલ્પજીવી મનુષ્યો પરોત્કર્ષના એટલા બધા અસહિષ્ણુ હોય છે કે પોતાને કશો સંબંધ ન છતાં તેઓ, ઉત્કર્ષવાન્ એવા કોઇકને અમે અપમાન આપી શક્યા, બે ઘડી ઉભો રાખી શક્યા, એટલું કરવામાં પણ સુખ અને સંતોષ માને છે. પંકનિમગ્ન મહાહસ્તીના જેવી, પ્રતાપી વખતસિંહજીના કુંવર મહારાજા વિજયસિંહજીની દશા હતી. વખતને વર્તી વખતસિંહે સિંહની પેઠે મુલક અને સમૃદ્ધિ પ્રાપ્ત કર્યાં હતાં; એ વિજયનો વારસો પોતાના કુમાર શ્રીવિજયસિંહને આપ્યો હતો, પણ તે સ્વતંત્ર રીતે ભોગવવાનો તેનો હક છિનાવી લેવામાં આવ્યો હતો. તેને માથે મોટી વિટંબના અને વિપત્તિનો પ્રસંગ ઉભો થયો હતો.

વખતસિંહજીના પ્રાણ એ વજ્રપ્રહાર શ્રવણગોચર થતાં જ ઉડી ગયા હતા. વિજયસિંહજી મહાન્ અંતર્દાહપૂર્વક એ વિપત્તિ સહન કરવામાં, તથા એમાંથી મુક્ત થવા અર્થે સમયાનુસાર તરવારને સ્થાને કલમના પ્રયોગો કરવામાં, પોતાના પિતાના નામને શ્રાદ્ધાંજલિ અર્પ્યા કરતા હતા. પણ એ શ્રાદ્ધના તર્પણનો મંત્રોચ્ચાર કરનાર કોઇ વીર બ્રહ્મવેત્તા તેમની દૃષ્ટિમાં ઉતર્યો ન હતો. મુગલાઇ, પેશ્વાઈ, અને ગાયકવાડીમાં પ્રસિદ્ધિ પામેલા દેશાઈ કુટુંબ ઉપર તેમની દૃષ્ટિ વારંવાર પડતી; 'રાજારામ ઝાટકાળ'ના દીકરા સેવકરામ, જે શ્રીમંત ગાયકવાડ સરકારના અમરેલી તાલુકાના મહાલ દામનગરના વહીવટમાં પ્રસિદ્ધ પામ્યા હતા, તેમને તેમણે દીવાન બનાવ્યા હતા. પણ હવે સાહસ અને બલનો સમય રહ્યો ન હતો; ચાતુર્ય, પ્રામાણિકતા, અને પોતાના વિચારો સ્પષ્ટ રીતે પરદેશી અંગ્રેજ અમલદારોના મનમાં ઉતારવાની વાક્પટુતા તથા હીંમત એની મુખ્ય આવશ્યકતા હતી. ગોઘાના વહીવટમાં, ખુમાણોના બહારવટામાં, કુંડલાની આબાદીમાં, નાની, નજીવી, નોકરીઉપર રહ્યે રહ્યે પણ ગગાભાઇએ જે ગુણોનું દર્શન કરાવ્યું હતું તેમાં વિજયસિંહજીને પોતાને જે સહાયની અપેક્ષા હતી તેના અંકુર જણાયા હતા, અને હકુમતને સંબંધે જે જે સૂક્ષ્મ સૂક્ષ્મ પ્રસંગો પોતા ઉપર આવી પડવા લાગ્યા તે પ્રત્યેકમાં તેમણે કોઇને કોઇ પ્રકારથી ગગાભાઇની યોજના કરવા માંડી.

પરભુદાસનો દાવો.

આવો પ્રથમ પ્રસંગ કેટલાક લેણદેણના દાવાઓના સંબંધમાં ઉભો થયો. ભાવનગરના દરબારને દીવાની ફોજદારી હકુમત રહી નહિ, એટલે તેમના ઉપર લેણાના દાવા અમદાવાદની દીવાની અદાલતમાં થવા લાગ્યા. ભાવનગરના એક વેપારી પરભુદાસ મથુરાદાસે દરબારને જૂદે જૂદે પ્રસંગે ધીરેલા જણાવી ઇ. સ. ૧૮૨૪–૨૫માં રૂા. ૧૧,૭૭,૦૦૦ (અગીઆર લાખ સીત્તોતેર હજાર)નો દાવો કર્યો. આ પરભુદાસ તે જેશંકર રઘુનાથજીની

દુકાનના ભાગીઆ હતા, અને જેશંકર પોતે કારભારી રા. પરમાણંદદાસના કાકાના દીકરા થતા હતા, એટલે વિપત્તિથી શંકાશીલ થયલા ઠાકોરના મનમાં પોતાના કારભારી રા. પરમાણંદદાસ રણછોડદાસ, તથા રા. નરસિંહદાસ ઉપર શંકા આવી, અને ગાયકવાડ સરકારના અમરેલીના સુબા રા. રા. વિઠ્ઠલરાવ દેવાજીના ભાઈ રા. ગોવિંદરાવને કારભાર સોંપવાનો વિચાર કર્યો. રા. ગોવિંદરાવે અંગ્રેજ સરકારની બાંહ્યધરી માગી, જે આપવાને વિજયસિંહજી જરા પણ રાજી કે તૈયાર ન હતા. એટલે એ વાત પડી રહી, તેમ અમદાવાદમાં પરભુદાસનો દાવો પણ દીવાની અદાલતે રદ કર્યો. સરકારે એવો ઠરાવ કર્યો હતો કે સન ૧૮૦૨ ના વસઇના કોલકરાર પૂર્વે ભાવનગરના ઠાકોરને જે કાંઇ ગામ ગરાસ મળ્યાં હશે તે વિષે દાવો સાંભળવામાં આવશે નહિ, તેમ જ ૧૮૨૩ ના કાયદાની કલમ ૩૧ મીની રકમ ૨ પ્રમાણે એવું ઠરાવ્યું હતું કે અમદાવાદના જડજની કોર્ટને ભાવનગર સામે ૧૮૧૫ પહેલાંના લેણાના દાવા સાંભળવાની હકુમત નથી. આ ઠરાવને આધારે પરભુદાસનો દાવો રદ થયો, પણ તેનો પ્રયત્ન ચાલતો જ રહ્યો. તેણે સુરતની સદર અદાલતમાં અપીલ કરી. પરભુદાસે અપીલ કરી એટલું જ નહિ, પણ સુરતના એક પારસી ગૃહસ્થ મિ. બમનજી ભાવનગરીએ પણ ભાવનગર ઉપર ત્રણ લાખનો દાવો તે જ અદાલતમાં દાખલ કર્યો. આ બધી તકરારોમાં દરબાર તરફથી લડત ચલાવવાને કોઇ કુશલ પુરુષની અપેક્ષા હતી. ગગાભાઈ ઉપર દરબાર વારંવાર દૃષ્ટિ કરતા, પણ તેમની ઉમર હજી કાચી ગણાતી હતી, એટલે તેમને કોઈ વૃદ્ધની સાથે રાખી પોતાનું કામ કરી લેવાની યોજના તેઓએ રચવા માંડી. રા. ગૌરીશંકર કુંડલેથી પાછા આવેલા હતા, એટલે રા. ગોકળ પારેખ નામે જે ગૃહસ્થ આ સમયે સુરત ખાતે દરબાર તરફથી નીમાયા તેમણે તેમને, રા. તેજપાળ મેહેતાની ભલામણથી, મદદગાર તરીકે સાથે લીધા

સુરતમાં રહી દરબારસેવા.

આ સમયે સુરતની સદર અદાલતના જડ્જો મિ. જેમ્સ સધરલેન્ડ, મિ. એડવર્ડ આયર્નસાઈડ અને મિ. જોન રોમર હતા. પરભુદાસની અપીલનું કામ મિ. રોમર આગળ ચાલ્યું. તેમણે ઠરાવ્યું કે પરભુદાસનું લેણું ઇ. સ. ૧૮૧૫ પહેલાનું હોવાથી અમદાવાદની દીવાની અદાલતને એ કામ સાંભળવાની હકુમત નથી એ વાત ખરી છે, પરંતુ તે મુદત પછીથી દરબાર તરફથી વસુલ આપેલું છે માટે છેલ્લા વસુલની તારીખથી મુદત લાગુ કરી શકાય છે. આવો ઠરાવ કરી તેમણે કામને ફરી તપાસ માટે અમદાવાદ પાછું મોકલવાનો હુકમ કર્યો. પરંતુ આ ઠરાવ અને હુકમવિષે પોતાના સાથી બીજા બે જડ્જોનો અભિપ્રાય લેવા માટે કામ રાખ્યું. તે સાહેબોનો એવો અભિપ્રાય થયો કે સરકારે જે ઠરાવ કર્યો છે તેમાં વસુલની મુદતથી મુદત ગણવી કે ન ગણવી એ વિષે કશો સ્પષ્ટ ઠરાવ નથી માટે સરકારમાં ખુલાસો પૂછાવવો. આવી રીતે આ કામનો અદબદ નિકાલ થવાથી ગોકળ પારેખને બહુ અસંતોષ થયો. પણ ગગાભાઇએ તેમને ધીરજ આપી સરકારમાં પોતાના રાજાની યોગ્ય દાદ પહોંચાડવાનો પ્રયત્ન બે વરસસુધી ચાલુ રાખ્યો. એમાંથી પરિણામ એ આવ્યો કે સરકારે ઇસ્વી સન ૧૮૨૬ નો પહેલો રેગ્યુલેશન પસાર કરી એમ ઠરાવ્યું કે ૧૮૧૫ ના એકટની રૂએ લેણદેણના દાવાની જે હકુમત ઠરી છે, તેમાં ગણવાની મુદતનો ફેરફાર વસુલ આવવાથી થઈ શકતો નથી. અમદાવાદની કોર્ટમાં ફરી તપાસ માટે ગયલું પરભુદાસના દાવાનું કામ જ્યારે નીકળ્યું ત્યારે આ ઠરાવને આધારે દાવો રદ કરવામાં આવ્યો. પરંતુ સર્વ બાજુથી ભલામણ થવાથી પરભુદાસના દાવાનો સવા લાખથી તથા બમનજીના દાવાનો દોઢ લાખથી ઘરમેળે નિકાલ કરવામાં આવ્યો. આ આપત્તિનો આ પ્રમાણે નિકાલ થવાથી રા. ગૌરીશંકરની હોશીઆરી અને મહેનતની ઠાકોર શ્રીવિજયસિંહજીને સારી પીછાન પડી, અને તેમનો તેમણે બહુ ઉપકાર માન્યો.

જે ઠાકોર પોતાની શાખ અને આબરૂ સાચવી સ્વતંત્ર-પણે કામકાજ કરતા તેમને પોતાની જ રૈયતની સામે અદાલતોમાં રહેવાના પ્રસંગો આવવા માંડ્યા, અને તેમાં પણ કાયદાની આવી બારીકીઓનો તેમને લાભ લેવો પડ્યો એટલેથી જ હકુમત છીનવી લેવાના માઠા પરિણામો અટક્યા ન હતા. દરબાર વારંવાર કંટાળો ખાતા, અને અનેક વાર પોલિટિકલ એજંટની મારફતે સરકારમાં હકુમત સંબંધી અરજીઓ કરતા પણ કશો સંતોષકારક પરિણામ આવતો નહિ.

ભાવનગરનાં ૧૧૬ ગામો ઉપર સરકારી હકુમત ચાલુ થયા પછી બે વર્ષને સુમારે પેશ્વા સરકારનું રાજ્ય અંગ્રેજ સરકારના હાથમાં આવવાથી અમદાવાદ શહેર તે સરકારને મળ્યું, અમદાવાદ જીલ્લો જૂદો પાડવામાં આવ્યો, અને આ ૧૧૬ ગામો ઉપર ત્યાંના કલેક્ટર અને માજીસ્ટ્રેટની હકુમત ચાલવા લાગી. ભાવનગરના પોલીસ ખાતાના અધિકારી તરીકે જે અમલદાર નીમાતા તેઓ ભાવનગરમાં ઘણી રીતે સ્વતંત્ર-તાથી વર્તતા, અને દરબારી રીતરીવાજથી વાકેફ ન હોવાને લીધે, ઘણીક અયોગ્ય ભૂલો કરતા. એ બાબત વારંવાર અમદા-વાદના કલેક્ટર સાહેબ પાસે ફરિયાદો કરવી પડતી, જેમાંથી સારા ભાગ્યે એવો પરિણામ આવ્યો કે દરબારે આ કામ ઉપર પોતાની પસંદગીનું માણસ સરકારની મંજુરી મેળવીને રાખી લેવું. આવો રસ્તો નીકળવાથી હકુમતને અંગે થઇ આવતી આ એક અડચણનો કાંઈક સંતોષકારક નીવેડો થયો, પરંતુ એવી નાની મોટી અનેક વિપત્તિઓ અને માનભંગ થવાની સંધિઓ ઓછી થઈ નહિ. તે બધી ગણાવતાં પાર આવે એમ નથી, માત્ર એક સ્વતંત્ર રાજ્યાધિપતિની સામાન્ય રૈયત જેવી સ્થિતિ થઇ જવાની પરાધીન દશાની જેને કાંઇપણ કલ્પના આવી શકે તે જ એ દુઃખનો ખ્યાલ કરી શકે.

મહારાજા શ્રીવિજયસિંહજી ઉપર ફોજદારી પ્રસંગોનું ઉપસ્થિત થવું.

અત્યારસુધી તો દીવાની કામની દખલ જ દરબારને નડતી હતી, પણ હવે ખટપટીઆ લોકોએ ફોજદારી ગુન્હાઓમાં પણ ઠાકોરશ્રીને રંજાડવાની તજવીજો રચવા માંડી. કુંડલાના એક મોરાર ગાંધી પાસે જીવણ પારેખનું લહેણું હતું. આ જીવણ પારેખનો મહારાજા શ્રીવિજયસિંહજી સાથે બહુ સારો નાતો હતો; ભાવનગરના રહેનાર જીવણ પારેખ, બોઘા રતનજી, વીરજી કુંવરજી અને ઝવેર હીરા એ ચારની 'ચોકડી'નું ઠાકોર શ્રીવિજયસિંહજી આગળ બહુ ચાલતું હતું. મોરાર ગાંધી ભાવનગર આવ્યો હશે ત્યારે આ ચોકડીવાળા જીવણ પારેખના કહેવાથી ઠાકોરે તેને દરબારમાં બોલાવી દેવું આપી દેવાની સમજુત કરવા માંડી, અને એક બે પહોર તેને વિચાર કરવા બેસાડી રાખ્યો. આ પ્રસંગનો લાભ લેઇ, તેના છોકરા પાસે, ખટપટીઆ લોકોએ અમદાવાદના માજીસ્ટ્રેટ આગળ, પોતાના બાપને ગેરકાયદેસર કેદ રાખ્યાની ફરીઆદ અપાવી. અમદાવાદના માજીસ્ટ્રેટ અને કલેકટરે ઠાકોરશ્રી તથા જીવણ પારેખ ઉપર કામ ચલાવવા હુકમ કર્યો, જે ઉપરથી ઠાકોર સાહેબ તરફનો જવાબ આપવા રા. રા. પરમાનંદદાસને અમદાવાદ મોકલવામાં આવ્યા. રા. ગગાભાઇ પણ એ કામની દેખરેખ માટે અમદાવાદમાં રહેલા હતા. ઠાકોર સાહેબ તરફથી ઘણે પ્રકારે સમજુત કરવામાં આવી કે માત્ર દેવા લેણાનો નીકાલ કરવા અર્થે જ પોતાની રૈયત એ મોરાર ગાંધીને બેસાડેલો હતો, તોપણ માજીસ્ટ્રેટે સરકારી હકુમતની અંદર એક ઇસમને કેદ રાખ્યો એમ ઠરાવી જીવણ પારેખ તથા ઠાકોર સાહેબનો ચાર ચાર હજાર રૂપૈયા દંડ કર્યો, અને ગોઘાના મામલતદાર ઉપર દંડ વસુલ કરવાનું લખતાં દંડ ન આપે તો કેદ કરી છ માસની કેદ ભોગવવા અમદાવાદ મોકલવા એવી તાકીદ કરી. આ બનાવથી ઠાકોર સાહેબને ઘણું જ માઠું લાગ્યું. વળી પોલિટિકલ એજંટની મદદ લેવાનો યત્ન થયો, અને મુંબઇ સરકારમાં એ

બાબત અરજી મોકલતાં એવો ઠરાવ થયો કે ૧૮૩૬ માં જે કમીટી નીમાઈ છે તે કમીટીમાં આ કામ પણ રજુ કરવું.

કમીટી શા કારણથી નીમાઈ હતી તે જોવા જેવું છે.

૧૮૩૬ની કમીટી.

અમદાવાદના કલેકટર અને માજીસ્ટ્રેટના હાથમાં ભાવનગરની હકુમત ગયલી હતી, ગોઘા બંદર ભાવનગરની પડોશમાં હતું ને તે સરકારનું હતું, તેમ જ થોડેક દૂર આવેલું ધોળેરા બંદર પણ સરકારનું હતું, કસ્ટમ ખાતાના ઉપરિપણાનો અધિકાર પણ એ સમયે અમદાવાદના કલેકટર પાસે હતો, તેથી ધોળેરા અને ગોઘા બંદરની આબાદી ઇચ્છીને ભાવનગરના બંદરને નરમ પાડવાની યુક્તિ અમલદારો કરી શકે એ સ્વાભાવિક છે. અમદાવાદના કલેકટરે ભાવનગર શહેરપાસે આવેલાં નારી તથા વરતેજ ગામ આગળ નાકાં બેસાડી ગોઘે જતો માલ વગર જકાતે જવા દેવો અને ભાવનગર જતા માલ ઉપર જકાત લેવી એવું ઠરાવ્યું; ભાવનગરના બંદરમાં પેશ્વા સરકારનો હક પ્રાપ્ત કરવાથી અંગ્રેજ સરકારનો હક હતો એટલે ત્યાં વેપારીનો માલ તોડવાછોડવાની બહુ ઉપાધિ વધારી મૂકી; આ અને એવાં ઘણાં ઘણાં નાનાંમોટાં વિઘ્નો ઉપજાવી વેપારીઓને બહુ કંટાળો પેદા થાય તેવી વ્યવસ્થા ઉપસ્થિત કરી. આથી ભાવનગરમાંથી ઘણાખરા વેપારી જતા રહ્યા હતા, અને જ મારવાડી વેપારીઓ રહેલા હતા, પરંતુ તે પણ છેવટ 'ચોકડી'વાળાની ગેરવર્તણુકથી નારાજ થઈ જતા રહ્યા હતા. એક તરફથી ભાવનગરનું બંદર આમ પડી ભાંગતું હતું ને બીજી તરફથી કસ્ટમ ખાતાવાળા (એટલે અમદાવાદના કલેકટરો) વારંવાર જકાતના દરમાં વધારો કર્યા જતા હતા. એવામાં સરકારે ઇ. સ. ૧૮૩૦-૩૧ માં કસ્ટમ ખાતું જૂદું સ્થાપ્યું, તેથી વળી આ અડચણોમાં વધારો થયો. આ બધી અડચણોને લીધે 'ચોકડી'*વાળાએ વારંવાર મુંબઈ સરકારમાં અરજીઓ કરેલી, તે ઉપરથી ઇ. સ. ૧૮૩૬ માં સરકારે એક કમીટી ભાવનગર દરબારની ફરિયાદોનો

* ચોકડીવાળા રાજ્યનું કામ ચલાવવાવાળા કારભારીઓ.

નિકાલ કરવા નીમી હતી. તે કમીટીમાં કસ્ટમ કમિશનર મિ. જોન પેલી, અમદાવાદના કલેક્ટર મિ. બ્લેન અને કાઠીઆવાડના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ કર્નલ લેંગ એટલા મેંબરો હતા. એ કમીટી આગળ જુદી જુદી ઓગણીશ બાબતો રજુ કરવામાં આવી હતી, જેનો વિગતવાર વિસ્તાર અત્ર કરવાનું પ્રયોજન નથી. આ કમીટી આગળ અમદાવાદના માજીસ્ટ્રેટે કરેલા દંડની વાત પણ રજુ કરવામાં આવી. કમીટીએ દંડ ગેરવ્યાજબી ઠરાવી, રૂપૈયા પાછા અપાવ્યા, માત્ર માજીસ્ટ્રેટના હુકમના માનની ખાતર પાંચસો રૂપૈયા ઠાકોર સાહેબનો દંડ કાયમ રાખ્યો, અને ચોકડીવાળાને ગુન્હામાંથી મુક્ત કર્યા.

મારવાડીના દાગીના.

આ કામ પત્યું ન હતું એવામાં વળી એક બીજો ફોજદારી પ્રસંગ ઠાકોર સાહેબના ઉપર ખટપટીઆ લોકોએ ઉભો કર્યો. મારવાડના એક ચંદુલાલ ઝવેરીએ પોતાની તરફથી નથુરામ નામના માણસને કેટલાક દાગીના આપી, અમદાવાદના પોતાના આડતીઆ શેઠ સામળદાસ મારફત તે દાગીના વેચવા મોકલ્યો. તેવામાં ભાવનગર તરફથી અમદાવાદમાં એક લાલાભાઇ શુકલ કામ કરતા હતા, તેમની મારફત એ દાગીના શેઠે ભાવનગર વેચવા મોકલ્યા. ભાવનગરના ઠાકોર સાહેબ મહારાજા શ્રીવિજયસિંહજીને દાગીના પસંદ પડતાં, તેમણે તે સાડા પાંચ હજાર રૂપૈયે વેચાણ રાખ્યા. આ રૂપૈયા ઝવેરીનો માણસ નથુરામ વચમાંથી લઇ ગયો, અને માલધણીને નાણાં પહોંચ્યાં નહિ. આથી આડત કરનાર સામળદાસ શેઠ આંટીમાં આવ્યા, એટલે તેમણે ઝટ રૂપૈયા કઢાવી લેવાને એવી તજવીજ કરી કે ભાવનગર ઠાકોરશ્રીને સામીલ રાખી તેમના કારભારી પરમાનંદદાસ તથા લાલાભાઇ શુકલ વગેરે ઉપર ચોરીનો માલ રાખ્યાનું તહોમત મૂકી અમદાવાદના માજીસ્ટ્રેટ પાસે ફરિયાદ નોંધાવી. માજીસ્ટ્રેટે કામ સેશન્સ કમિટ કર્યું, અને ઠાકોર સાહેબ શિવાય બધા તહોમતદારોને વારંટથી પકડી અમદાવાદ મોકલવામાં આવ્યા. ઠાકોર સાહેબને શી

રીતે અમદાવાદ લાવવા એ સવાલ હતો. ઠાકોર સાહેબ આગળ 'ચોકડી'નું પ્રબલ હોવાથી રા. રા. દેશાઇ* સંતોકરામ તથા તેમના મામા રા. રા. ગગાભાઇ ઝાઝું લક્ષ આપતા નહિં અને બતાવેલું કામ કરતા. પરંતુ આ કામને પ્રસંગે મહારાજા શ્રીવિજયસિંહજી તરફથી રા. રા. ગગાભાઇને અમદાવાદ મોકલવામાં આવ્યા અને તેઓ સેશન્સમાં ઠાકોર સાહેબની વતી હાજર થયા. ઠાકોર સાહેબને સમન્સ કે વારંટથી બોલાવવા કે નહિ બોલાવવા એ બાબત સેશન્સ જડજે, રા. ગગાભાઇની અરજી ઉપરથી, મુંબઇ સરકારમાં લખાણ કર્યું. મુંબઇ સરકારમાંથી ઠાકોર સાહેબને ન બોલાવવા ઠરાવ થયો, એટલું જ નહિ પણ સેશન્સ જડજના અભિપ્રાયને મળતા થઇ એમ ઠરાવવામાં આવ્યું કે આ કામમાં ફોજદારી ગુન્હો જ બન્યો નથી, વેચાણ ખુલ્લા બજારમાં થયું છે ને તેમાં ઠાકોરનો કશો ખોટો ઇરાદો નથી. માલધણીને નાણાં ઓછાં પહોંચ્યાં હોય તો તેણે ઠાકોર શિવાયના માણસો ઉપર દીવાની દાવો કરવો. આ રીતે આ કામનો નિકાલ થવાથી મહારાજા શ્રીવિજયસિંહજીની રા. રા. ગગાભાઇ ઉપર સારી મેહેરબાની થઇ.

મનસુખ બહાદુરનો પ્રસંગ.

આ પછી થોડી મુદતમાં વળી ઠાકોર સાહેબને અમદાવાદની કોર્ટમાં તાણી જવાની તજવીજ થવાનો પ્રસંગ ઉભો થયો. ઇ. સ. ૧૮૩૬ માં જીભાઇ રાઘવજી નામના ગૃહસ્થે ભાવનગરના મહારાજાની સામે અમદાવાદની કોર્ટમાં રૂા. ૪,૨૦,૦૦૦ (ચાર લાખ વીશ હજાર)નો દાવો કર્યો હતો. ભાવનગરના વકીલ તરીકે રા. રા. ગૌરીશંકરે આ દાવો લડી ભાવનગરના લાભમાં

---

* રા. ગૌરીશંકરને ભાવનગરની નોકરીમાં પ્રવેશ કરાવનાર દેશાઈ સેવકરામના દીકરા. તેઓ ગોઘામાં સરકારી નોકરીમાં હતા, અને તરી જકાતના વતનદાર હતા. ત્યાંથી તેઓ ભાવનગરની નોકરીમાં દાખલ થયા. ઠાકોર વિજયસિંહજી જ્યારે કુમારાવસ્થામાં હતા ત્યારે તેઓ કેટલાંક વર્ષ તેમની પાસે કારભારી- તરીકે હતા.

ફેસલો મેળવ્યો હતો. અને તે ફેસલો વડા જડજે મંજુર રાખ્યો હતો. અમદાવાદના જડજ મિ. ગ્રાંટના આસિસ્ટંટનો શિરસ્તેદાર એક મનસુખરામ કરીને હતો, જે "મનસુખ બહાદુર" કહેવાતો, અને જડજના ફેસલા પણ પોતાની ધારણા પ્રમાણે ઉતરાવી શકતો. આ માણસના ઉપર લાંચ લેવા બાબતની અરજીઓ સરકારમાં ગઇ, અને મિ. ગ્રાંટ પોતે તે માણસના મળતીઆ છે એવો શક પણ પેદા થયો. સરકારે તપાસ કરાવી, પણ પ્રત્યક્ષ પુરાવો મળ્યો નહિ. પરંતુ મિ. ગ્રાંટના એક આસિસ્ટંટ મિ. વિલિયમ ફ્રીઅર (જે મુંબઇના નામદાર ગવર્નર સર બાર્ટલ ફ્રીઅરના મોટા ભાઇ અને મુંબઇની ધારાસભાના મેમ્બર હતા) તેમનાથી ગામમાં ચાલતી આવી વાતો સહન થઇ નહિ, અને તેમણે જાતે તપાસ કરી પોતાના ઉપરિ વિરુદ્ધ સરકારમાં રીપોર્ટ કર્યો. મનસુખરામે લાંચ લઇ ગેરઈનસાફ કરાવ્યાનાં ચોસઠ કામ તેમાં નોંધ્યાં હતા, ને તે ચોસઠમાં જીભાઇ રાઘવજીવાળું કામ પણ હતું. મુંબઇ સરકારે મિ. ગ્રાંટની માગણી ઉપરથી તપાસ કરવા ઇ: સ. ૧૮૩૮ માં કમિશન નીમ્યું. કમિશને ભાવનગરના મહારાજાને સાક્ષી આપવાને હાજર થવા આગ્રહ કરવા માંડ્યો, કેમકે મનસુખરામે વીશ હજાર રૂપૈયા લાંચ લઇને જીભાઇ રાઘવજી વિરુદ્ધ ઠરાવ કરાવી આપ્યો છે એવું કહેવામાં આવેલું હતું. રા. રા. ગૌરીશંકરે ઘણી ઘણી રીતે સમજુત કરી, અને સવાલપત્રથી મહારાજાની સાક્ષી લેવા વિનતિ કરી, પણ કમિશનરોએ માન્યું નહિ, અને તેઓએ છેવટ વારંટ કાઢવાની ધમકી આપી. આ ઉપરથી રા. રા. ગૌરીશંકર એકદમ પોલિટિકલ એજંટ મેહેરબાન કર્નલ લેંગ સાહેબ પાસે જૂનાગઢ મુકામે ગયા, અને તેમને આગ્રહથી સમજાવી મુંબઇ સરકારમાં લખાણ કરાવી, ભાવનગરના મહારાજાને જાતે હાજર થવા ફરજ નહિ પાડતાં, સવાલપત્રથી જ તપાસવા એવો હુકમ કમિશન ઉપર મોકલાવ્યો. ઠાકોર શ્રીવિજયસિંહજી તો કમિશનનો હુકમ થતાં ગભરાઇને

અમદાવાદ આવવા ભાવનગરથી નીકળી ચૂકેલા હતા, અને તેમના મહાલ પાટણા સુધી આવ્યા હતા, પણ તેવામાં જ રા. રા. ગગાભાઈ સાહેબે તેમને આ હુકમના સમાચાર લખી મોકલાવ્યા, તેથી તેઓ બહુ રાજી થઈ ભાવનગર પાછા પધાર્યા. વળતા પહેલાં જ તેમણે એક પત્ર પોતાના હસ્તાક્ષરથી આ હોશીઆર અને એકનિષ્ઠાવાળા વકીલ રા. રા. ગગાભાઈને લખ્યું,* જેની મતલબ નીચે પ્રમાણે હતી:—

"નામદાર બ્રિટિશ સરકાર મને રાજા ગણી હાલ સુધી માનમરતબો જાળવતા આવેલા છે, પણ અમદાવાદના અધિકારીઓ મારા રાજાના દરજ્જામાં હાનિ પહોંચાડી મને એક રૈયતતરીકે ગણે છે, તેથી રાજ્યસ્થાનોમાં માહારી આબરૂ કમી થાય છે. એ વાતથી મને થોડી દીલગીરી નથી. અને તે અધિકારીને હરેક બાનું મળતા વારને દ્વેષબુદ્ધિથી મારૂં અપમાન કરવાને તેઓ તૈયાર જ રહે છે, તેનો મારા મનમાં ઘણો બળાપો રહ્યા કરે છે. પણ હંમેશાં હું એટલી તો ફિકર રાખું છું કે સદરહુ અધિકારીઓને કાંઇ પણ બાનું નહિ મળે એવા ઇલાજ કામે લગાડું છું. આ જગ્યાએ મારે વધારે પ્રશંસા કરવાની જરૂર નથી, પણ પ્રસંગોપાત્ત લખ્યાવિના રહેવાતું નથી કે મારા વડીલશ્રી મોટા ભાવસિંહજીના વખતથી રાજ્યની નોકરીમાં તમો નિમકહલાલ નાગરો જોડાયલા છો, એટલું જ નહિ પણ મારા પિતા શ્રીવખતસિંહજીએ લશ્કર લઇ ફતેહ મેળવેલ તે લશ્કરનું તોપખાનું તમો લોકોના ભરોસા ઉપર તમારા તાબામાં રાખવામાં આવતું હતું, અને તેથી દરેક લડાઇમાં દુશ્મનોનો પરાજય થતો. આ વાત મારા અનુભવથી કહું છું. તાત્પર્ય કે રાજ્ય ઉપર જે જે વખતે આફતો આવેલી તે વખતે તમો રાજ્યના જૂના અને અનુભવી કારભારીઓની બારીક બુદ્ધિથી અને એકનિષ્ઠાથી બજાવેલી નોકરીને લીધે તે આફતો

---

* આ પ્રકરણસંબંધે લખવું જોઇએ કે કમિશનની તપાસ ચાલતી હતી તે દરમ્યાન જ મિ. બ્રાંડે ગોળી ખાઇ આત્મઘાત કર્યો.

દૂર થયેલી છે એમ હું સારી પેઠે જાણું છું. આ વખતે પણ તમારી સંતોષભરેલી નોકરીથી પૂર્ણ સંતોષસાથે હું હવે ખુશીથી ભાવનગર જાઉં છું. ત્યાં તમારે ભાવનગર આવવું, એટલે રૂબરૂ વાતચીતથી વધારે સંતોષ થશે.”

આવી આવી અનેક અડચણો હકુમત લઇ લીધાને સંબંધે ઉભી થતી હતી, અને રા. રા. ગૌરીશંકર પ્રસંગે પ્રસંગે પોતાથી બનતું કરીને પોતાના ભવ્ય ગુણોનું પ્રત્યક્ષ કરાવી ઠાકોર શ્રીવિજયસિંહજીને વધારે વધારે ઉપયોગી અને પ્રિય થતા હતા. ઠાકોર શ્રીવિજયસિંહજીને પજવીને સ્વાર્થ કાઢી લેવાની તજવીજો ખટપટીઆ લોકો કરતા, એટલું જ નહિ પણ તેમના કુમારો ભાવસિંહજી તથા નારસિંહજી તથા અખેરાજજીની વચે પણ જાતજાતની તકરારો પડતી ત્યારે ઠાકોર સાહેબને અડચણ આવે એવા બખેડા તે લોકો ઉભા કરતા, અને હકુમત અમદાવાદ હોવાથી તેમને આવી પજવણી કરતાં ઠીક ફાવતું; અને એટલે સુધી ખટપટ વધી પડી કે જીલ્લાની હરકત સંવત્ ૧૯૦૬ માં અસહ્ય થતાં એક અરજી રા. રા. ગૌરીશંકરે નામદાર કોર્ટ ઓફ ડિરેક્ટર્સ તરફ કરી મોકલાવી.

ઠાકોર શ્રીવિજયસિંહજીનો સ્વર્ગવાસ; ઠાકોર શ્રીઅખેરાજજી.

ઠાકોર શ્રીવિજયસિંહજી તો સંવત્ ૧૯૦૮ ના ચૈત્ર માસ (સને ૧૮૫૨) માં દેવલોક થયા પછી તેમના પૌત્ર ઠાકોર શ્રીઅખેરાજજી જેઓ “દાજીરાજ”ને નામે ઓળખાતા તે ગાદીએ બેઠા. તેમણે પણ સંવત્ ૧૯૧૦ ના શ્રાવણ માસમાં સ્વર્ગવાસ કર્યો ત્યાંસુધી એ સઘળી ખટપટની હરકતો ભોગવી હતી, અને તેમની પછી ઠાકોર શ્રીજશવંતસિંહજી ગાદીનશીન થયા.

ઠાકોર શ્રી જશવંતસિંહજી.

તેમના વખતમાં વળી એક મોટી ખટપટ ઉભી થઇ, તે એવી રીતે કે સંવત્ ૧૯૧૩ (સને ૧૮૫૭) માં ભાવનગરની એક નાયિકાને કોઇએ મારી નાંખવા યત્ન કર્યો તેમાં, તથા વાળુકડનો એક લવજી વાણીઓ ઘણો મશહુર ચોર હતો તેનું ભાવનગરમાં કોઇએ ખુન

કર્યું તેમાં, મહારાજા શ્રી જશવંતસિંહજીને તથા તેમના કારભારીઓને ભેળવી દઈને હરકત પહોંચાડવાના હેતુથી અમદાવાદમાં ફરિયાદ કરાવી. આવી આવી અનેક પ્રકારની સતાવણીઓથી છૂટવા માટે સંપૂર્ણ પ્રયત્ન કરવાની આવશ્યકતા જણાતાં, પોલિટિકલ એજંટને અરજ કરવામાં આવી. જીલ્લાના અમલદારો કરતાં પોલિટિકલ ખાતાના અમલદારો દેશી રાજ્યના માનમરતબા અને વહીવટને વધારે સારી રીતે સમજી શકતા, અને હરેક પ્રસંગે મદદ કરતા હતા. ઠાકોરશ્રી ખુદ મહુવે પોતાની ખાલસા સ્વતંત્ર હકુમતમાં જઈ બેઠા અને રા. રા. ગગાભાઈ તથા રા. રા. દેશાઈ સંતોકરામ રાજકોટ ગયા.

પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબનો પ્રવાસ.

મેહેરબાન કર્નલ લેંગ સાહેબ તે સમયે પોલિટિકલ એજંટ હતા. તેમને આ બે કેસ સંબંધમાં સરકારી અમલદારોની રીતભાત વિષે જાહેર કરતાં તેઓએ સરકારમાં બહુ વિસ્તારથી લખાણ કર્યું. સરકારે ઇ. સ. ૧૮૫૯ નો ૬ઠ્ઠો એકટ પસાર કરી ભાવનગરનાં જે ૧૧૬ ગામો સરકારી હકુમતમાં ગયાં હતાં તેમાં પોલિટિકલ એજંટને માજીસ્ટ્રેટની સત્તા આપી; પરંતુ પોલીસની સત્તા જીલ્લામાં રહેવાથી સંતોષકારક વ્યવસ્થા થઇ નહિ. એટલે પોલિટિકલ એજંટે ફરી લખાણ કરવાથી તે સત્તા પણ સરકારે તેમને સોંપી. સરકારે પોલિટિકલ એજંટ પાસેથી ભાવનગરમાં કોઈ લાયક દેશીને પોલીસ સુપરિન્ટેન્ડન્ટ ઠરાવવા માગણી કરી, જે ઉપરથી તેમણે રા. રા. ગૌરીશંકરનું નામ આપ્યું, અને સરકારે તેમને તે અધિકાર ઉપર નીમ્યા, તથા આસિસ્ટંટ પોલિટિકલ એજંટને માજીસ્ટ્રેટનું કામ સોંપ્યું. આ પ્રમાણે જે વ્યવસ્થા થઇ તેથી ભાવનગરના ઠાકોર શ્રીજશવંતસિંહજીને કાંઇક નિરાંત થઈ, તેથી મહુવેથી પોતે પાછા ભાવનગર પધાર્યા. અને રા. ગૌરીશંકર ઇંગ્રેજી હકુમત ગેરવ્યાજબી રીતે ભાવનગર તથા તેનાં ૧૧૬ ગામો ઉપર બેઠી હતી તે તદ્દન કાઢી નંખાવવા તથા ઠાકોરશ્રીની સ્વતંત્ર હકુમત પાછી મેળવવાની કોશીશમાં

ઘણી જ મેહેનત કરવા લાગ્યા. આખર સને ૧૮૬૬ ના ફેબ્રુઆરી માસમાં તેમના અતિશ્રમનો બદલો મળ્યો, અને ત્યારથી ઇંગ્રેજ સરકારની હુકુમત સઘળી પ્રકારની ઉઠાવી લઇ ભાવનગરના ઠાકોર સાહેબના કાઠીઆવાડના બીજા પોતાના મુલકમાં જેવી રીતે હુકુમત ઠાકોરશ્રીની સ્વતંત્ર ચાલતી આવેલી છે તેવી જ રીતે ૧૧૬ ગામ ભાવનગર તળપદસહિતમાં ઠાકોરશ્રી ચલાવે તેવો ઠરાવ થયો.*

દીવાની ફોજદારી હુકુમત જવાને લીધે જે જે હરકતો થતી હતી તેના આ થોડાક દાખલા આપવાનો પ્રસંગ લીધો છે. પણ એ ઉપરાંત જમીનનાં મહેસુલ, સૈયરવેરો, કસ્ટમ્સ, એઆદિ ઉપજનાં સાધનોમાં પણ આ હુકુમત ગયાને લીધે જીલ્લાના કસ્ટમ્સ અને રેવેન્યુ ખાતાના અમલદારો જે મનસ્વી ફેરફારો કર્યા જતા તેથી દરબારને લાખો રૂપૈયાનું નુકસાન થયલું છે. એવું નુકસાન એક વારને માટે થઇને અટકેલુ નથી, પણ કેટલુંક કાયમ નુકસાન પણ એ વ્યવસ્થામાંથી ભાવનગરને માથે ચોંટી ગયલું છે. પરંતુ એ પ્રત્યેક વિષય ઘણો વિસ્તારવાળો હોવાથી, તેની ચર્ચા આ ઠેકાણે ન કરતાં યોગ્ય જગો ઉપર તેનું સવિસ્તર વિવેચન કરવું ઠીક પડશે. અત્ર તો સરકારે એક સહજ ગેરસમજથી, ભાવનગરના સ્વતંત્ર રાજાને પરતંત્ર રૈયત જેવા કરી નાંખવાથી કેવી કેવી અડચણો ઉપસ્થિત થઈ હતી તેનું કાંઇક દર્શન કરાવી, રા. રા. ગગાભાઇની કામ કરવાની કુશલતા ઘડાવાના અને તેમને બહાર આવવાના જે જે સંધિ મળ્યા તેની જ નોંધ લેવાનો આશય છે. માણસમાં ગમે તેવી યોગ્યતા છતાં તે યોગ્યતાનો ઉપયોગ કરાવે તેવો પ્રસંગ જ આવે નહિ ત્યાંસુધી તે પ્રકાશી શકતો નથી; પ્રસંગ જ માણસની પરીક્ષા કરાવે છે, તેમ કામ જ કામને શીખવે છે. ગગાભાઇના જે ગુણોએ તેમને આખા કાઠીઆવાડમાં

* આ બાબત વિસ્તારને માટે જુઓ પ્રકરણ ૬.

ઉત્તમોત્તમ દૃષ્ટાંતરૂપ કારભારીનું પદ અપાવ્યું છે, તે ગુણોનો ઉદ્ભવ, ભાવનગર ઉપર આવી પડેલી આ આપત્તિ સાથે, તેમણે લગભગ ૪૦ વર્ષ સુધી જે બાથ ભીડી છે અને ધૈર્યથી વિજય પામ કર્યો છે તેમાંથી જ થઈ આવ્યો છે, અને તેટલા જ માટે આ સંકટનું વર્ણન કર્યા વિના તેમના જીવનનો એક અતિ-ઉપયોગી ભાગ અંધારામાં જ રહી જાય એવું ધારી કેટલાક દાખલા અત્ર ટાંકી બતાવ્યા છે.

દરબારની અનેક વિપત્તિઓના પ્રસંગે રા. ગૌરીશંકરે બજાવેલી એકનિષ્ઠાપૂર્વક સેવાના દૃષ્ટાંતો.

આવી અનેક વિટંબનાઓને પ્રસંગે, ઘરમાં પોતાની સત્તા નહિ, અને ઘરમાં ચોર ઉત્પન્ન થયો તેને તાબે કરવાનું સરકારથી દબાણ થાય એવો એક પ્રસંગ પણ ભાવનગરના મહારાજા ઉપર થઈ આવ્યો. ઠાકોર શ્રીવખતસિંહજીએ ખશીઆ કોળીઓનો પરાજય કરી, મહુવા તથા વાઘનગરનો ગરાસ તેમને આપી તેમના બહારવટાનું સમાધાન કર્યું હતું એ વાત બીજા પ્રકરણમાં કહેવાઈ ગઇ છે. પરંતુ કોળી જાતની પ્રકૃતિ જ સંતોષ વાળીને બેસી રહે તેવી હોતી નથી, તેને કાંઇ ને કાંઇ તોફાન અને આડા અવળા કામ વિના ગમતું નથી. મોણપુરના સાર્દુલ ખશીઆએ પોતાની જાતના બીજા લોકોને ભેગા કરી એવો વિચાર કર્યો કે શેત્રુંજયના પર્વત ઉપર જૈન ધર્મનાં જે દેવાલયો છે તેમાંની મૂર્ત્તિઓ ઉપર લાખો રૂપૈયાના અલંકાર રહે છે, અને ત્યાં કોઈ જાપતો રાખતું નથી, માટે તે ઠેકાણે ચોરી કરી હોય તો સારો માલ હાથ આવે. આ વિચાર તેણે પાર પાડ્યો, અને સાત આઠ હજારના માલની ડુંગર ઉપરથી ચોરી કરી. આ વાત પોલિટિકલ એજંટને જાહેર થતાં, સાર્દુલ ખસીઓ ભાવનગરના રાજ્યની રૈયત હોવાથી, વળતર અપાવવા માટે ભાવનગર ઉપર મોસલ કરવામાં આવ્યા. મોસલને મહારાજા શ્રીવિજયસિંહજીએ આવતાં વારને મોણપર મોકલ્યા, અને ચોરીબાબત જવાબ માંગ્યો. સાર્દુલ

ખશીઆને તાલુકે ચરખાનો કાઠી ચાંપરાજવાળો જે બહારવટે હતો તેની સલાહ મળી, એટલે જવાબ આપવાની મુદત લઇ, તેણે માણસો ભેગા કર્યાં અને બહારવટે નીકળ્યો. પ્રથમ હુમલો તેણે ચાંપરાજની સાથે રહી તળાજા ઉપર કર્યો અને દરબારશ્રીના ઘોડારમાંથી ઘોડાં લઇને ચાલતો થયો. પણ કુંડલામાં તથા ભમોદરામાં ખબર થતાં ભાવનગરના માણસોએ અને ખુમાણોએ તેમનો પીછો પકડી લડાઇ કરી, જે ઉપરથી ઘોડાં પડતાં મૂકી તે નાશીને ગિરમાં ભરાયો. ગિરમાંથી નીકળી સાર્દુલે મહુવા પરગણાનું કોંજળી ગામ બાળી મૂક્યું, તેમાં એક સગર્ભા સ્ત્રી અને ઘણાં ઢોર પણ બળી ગયાં. મહારાજા શ્રીવિજયસિંહજીએ આ વાત સાંભળતાં જ પોતાના કુમાર ભાવસિંહજી તથા નારસિંહજીને ૧,૨૦૦ માણસો આપી સાર્દુલને પકડવા મોકલ્યા. તેમણે મોણપર જઈ કિલ્લો તોડી પાડ્યો, અને સાર્દુલનાં ઘરબાર ઉખાડી નાંખ્યાં, પણ સાર્દુલનો પત્તો નહિ લાગવાથી થાણું બેસાડી પાછા આવ્યા (ઇ. સ. ૧૮૩૬–૩૭). ફરીથી ગીરમાંથી બહાર આવી જ્યારે સાર્દુલે પોતાના ગામની ખરાબી જાણી ત્યારે તે બહુ ક્રોધે ભરાયો અને કુમાર શ્રીભાવસિંહજીના ગામ વરલ ઉપર જવાનો નિશ્ચય કરીને ચાલ્યો, પણ રસ્તામાં ઉંડ પરગણાનું દેપલા ગામ મારીને ઘણી લૂંટ લઇ ગિરમાં પાછો ગયો. ૧૮૩૮ માં છેવટ તેણે વરલમાં આવી એક વાણીઆનું ઘર સળગાવી અજવાળે લૂંટ ચલાવી. સીબંદીના માણસો આવી પહોંચવાથી મારામારી થઈ, જેમાં તેનો ભાણેજ પડ્યો ત્યારે તે નાશી ગયો. પોલિટિકલ એજંટની વારંવાર તાકીદ થવાથી મહારાજા શ્રીવિજયસિંહજીએ એવો જવાબ આપ્યો કે ખશીઓ જૂનાગઢની હદમાં ગિરમાં રહે છે માટે જૂનાગઢને પણ આ કામની તાકીદ કર્યા વિના તે પકડાવાનો નથી. જૂનાગઢને તાકીદ કરવામાં આવી એટલે જૂનાગઢે પણ મદદ મોકલી. જૂનાગઢ તાબાના ઉના પરગણાના ગામ મોઠામાં સાર્દુલ રહેતો હતો ત્યાં

ઘરને ઘેરો ઘાલી તેને પકડવામાં આવ્યો, અને મહુવે થઇ ભાવનગર લાવી, રાજકોટ પોલિટિકલ એજંટને સોંપી દેવામાં આવ્યો (૧૮૩૯). તેનાઉપર કામ ચાલી દશ વર્ષની કેદની શિક્ષા તેને થઇ, જે ભોગવવા તેને અમદાવાદના તુરંગમાં મોકલી દીધો. તેનો ગરાસ ભાવનગરના ઠાકોર સાહેબે ખાલસા કર્યો; માત્ર તેના બે દીકરાને એકેકું ગામ જીવાઇમાં આપ્યું; તથા સજા ભોગવીને સાર્દુલ આવે ને સારી ચાલના જામીન આપે તો તેને મોણપુર જીવાઇમાં આપવું ઠરાવ્યું. આ વ્યવસ્થા મુંબઈ સરકારે પણ મંજુર રાખી (૧૮૪૧).

મહારાજા શ્રીવિજયસિંહજીની બે રાણીઓને બધા મળી ત્રણ કુમાર હતા. તેમને સંબંધે મહારાજા શ્રીવિજયસિંહજીના કુટુંબમાં બહુ કલેશ ચાલતો. એમાં કોઇએ તેમના મનમાં રા. રા. ગગાભાઇ વિરુદ્ધ ભરાવેલું તેથી તેઓ તેમની પાસે ઝાઝું કામ લેતા નહિ, પણ જ્યારે જ્યારે સરકારી અમલદારો સાથે કામ પડતું ત્યારે ત્યારે રા. રા. ગગાભાઇ વિના બીજા કોઇ ઉપર તેમની દૃષ્ટિ ઠરતી નહિ. એ અરસામાં જ ભાવનગરના ફોજદારી ખાતાના મુખ્ય કારકુન કરશન બધેકા ઉપર દાગીના ચોરવા બાબતનું કામ અમદાવાદના સેશન જડજ આગળ ચાલ્યું. સામા પક્ષવાળાની એવી તજવીજ હતી કે મહારાજા શ્રીવિજયસિંહજીના હુકમથી બધેકો કાના મણીઆરના ઘરમાંથી જબરદસ્તીએ દાગીના લાવ્યો; આમ કહી વિજયસિંહજીને પણ આ કામમાં ગુન્હેગાર ઠરાવવાની મતલબ હતી. મહારાજા શ્રીવિજયસિંહજી તરફથી રા. રા. ગગાભાઇને અમદાવાદ મોકલવામાં આવ્યા; જ્યાં બહુ લાંબા વખત સુધી કોર્ટે તેમની જુબાની લીધી, પણ એ કામમાં મહારાજાશ્રી વિજયસિંહજીનો કશો સંબંધ નીકળ્યો નહિ, અને બધેકાને સજા થઇ. આ પ્રકારે હરેક આંટીને પ્રસંગે દરબારને રા. રા. ગગાભાઇ જ કામ આવતા, અને તેઓ દરબારને હરેક પ્રસંગમાં તનમનથી સર્વ રીતે દર-

બારના હક અને દરબારનો માનમરતબો સચવાય તેવી તજવીજ કરવામાં મહેનત કે દુઃખની પરવા રાખતા નહિ. પરંતુ આવાં નાનાં મોટાં કામો કરતાં, જેમાં રાજ્યના ખરા લાભો સમાયલા એવાં કેટલાંક અગત્યનાં કામોનો નિકાલ કરવાનો વખત પાસે આવતો જતો હતો. અમદાવાદના કલેકટર મિ. ફ્રોસેટ ગોઘે આવ્યા, અને ભાવનગરના સામે થયલી કેટલીક ફરિયાદોની તપાસ કરવાને ઠાકોરશ્રી વિજયસિંહજીને બોલાવવા લાગ્યા. રા. રા. ગગાભાઇવિના દરબારને આ કામ માટે બીજો કોઈ માણસ જોઇતો ન હતો. પણ તેઓ તો લગ્નપ્રસંગે ગણદેવી ગયલા હતા. વિજયસિંહજીએ એક ખાસ વહાણ 'ભવાની-પાસા' નામનું મોકલીને પોતાના આ વિશ્વાસુ નોકરને તુરત તેડાવી લીધા, અને તેઓ પણ પોતાનું ખાનગી કામ પડતું મૂકી, દરબારશ્રીની સેવામાં તુરત હાજર થયા. સૈયરવેરા બાબતની જે તકરાર મિ. ફ્રોસેટ સાથે રા. ગગાભાઇએ ચલાવી તે તે બાબતના પ્રકરણમાં લખાશે; પણ આ અરસામાં વળી રા. રા. ગગાભાઇની જરૂર દરબારને એક બીજે ઠેકાણે પડી.

એજન્સીમાં નીમણુક.

રા. ગિરજાશંકર કરુણાશંકર નામના નાગર ગૃહસ્થ, જેઓ દરબારના ખાનગી કારભારી હોઈ પોલિટિકલ એજંટની સ્વારીમાં દરબારી કામ માટે ગયલા તે મહામારી (કોલેરા)ના આજારથી 'મરણ પામતાં, તેમની જગ્યા ઉપર રહેવાને કોઇ યોગ્ય માણસની આવશ્યકતા ઉપસ્થિત થઇ. ભાવનગર દરબારને એજન્સીમાં આ સમયે ઘણાં ઘણાં અગત્યનાં કામોનો નિકાલ કરાવવાનો હતો. મહારાજાની પાસે રા. રા. પરમાનંદદાસ કારભારી હતા, પણ વૃદ્ધાવસ્થાને લીધે તેઓ હવે કામકાજમાંથી નિવૃત્ત થવા ઇચ્છતા હતા. મહારાજા શ્રીવિજયસિંહજીએ આ પ્રસંગે પણ તુરત જ રા. રા. ગગાભાઇ તથા રા. રા. દેશાઇ સંતોકરામને બોલાવી માણસ માટેની મુશ્કેલી જણાવી, જે ઉપરથી રા. રા. ગગાભાઇએ તુરત પોતાની

રાજકોટ જવાની ખુશી બતાવી, અને મહારાજા શ્રીવિજયસિંહ-જીનું મનમાનતું થતાં તેમને સંપૂર્ણ સંતોષ ઉપજ્યો. ઇ. સ. ૧૮૪૭ માં રા. રા. ગગાભાઇ પોલિટિકલ એજંટ મેહેરબાન કર્નલ લેંગસાહેબની સ્વારીમાં રાજકોટ ગયા; અને મહારાજાની પાસેનું રાજ્યનું મુલ્કી સર્વ કામકાજ પોતાના ભાણેજ રા. રા. દેશાઇ સંતોકરામને સોંપતા ગયા. આ પ્રકારે રા. રા. ગૌરી-શંકરને માથે ધીમે ધીમે, પોતાની જ હોશીઆરીથી ઠાકોરશ્રીનો વિશ્વાસ પ્રાપ્ત થતે થતે, આખા રાજ્યનો ભાર આવી પડ્યો, અને દેશાઈ સંતોકરામને રાજ્યકીય મુલ્કી કામમાં સાથે રાખી તેઓ ભાવનગરના કારભારીનું જોખમ ભરેલું કામ બજાવવા લાગ્યા.

પ્રકરણ ૫.

એજન્સીસાથેનો સંબંધ

એજન્સીનું સ્વરૂપ અને તેની ઉપયોગિતા—ક્રમે કરી ભાવનગર રાજ્યમાં મુત્સદ્દી-વર્ગનું પ્રાધાન્ય—ફટાયાઓની તકરારો—મોસલો બાબત—૭૬ ગામો બાબત જૂનાગઢસાથે તકરાર—આરબ જમાદારો—દરબારના કરજનો નિકાલ—મહારાજા શ્રીઅખેરાજજી.

સને ૧૮૨૦ માં શ્રીમંત ગાયકવાડ સરકારસાથે થયલા તહનામાને અનુસરીને નામદાર બ્રિટિશ સરકારે ઈ. સ. ૧૮૨૨ માં રાજકોટખાતે પોલિટિકલ એજન્સી સ્થાપી. તેનો સ્પષ્ટ ઉદ્દેશ ગાયકવાડની મુલકગિરિ બંધ પડાવી પેશ્વાના જે હકો પોતાને પ્રાપ્ત થયા હતા તેનો સંપૂર્ણ ઉપભોગ કરવાનો તથા કાઠીઆવાડનાં રાજસ્થાનોમાં સુલેહ જાળવવાનો જ હતો. કર્નલ વોકરે ૧૮૦૪ થી ૧૮૦૮ સુધીમાં કાઠીઆવાડના રાજારજવાડાઓસાથે જે બંદોબસ્ત કર્યો તે અનુસારે સર્વ રાજાઓ પરસ્પરમાં સંપ અને શાંતિ સાચવવાને બંધાયલા હતા, તેમ જ ગાયકવાડ સરકાર તથા પેશ્વાને જે રકમો જુદાં જુદાં રાજ્યોતરફથી ખંડણીની મળતી તેનો તે સાહેબે કરેલી વ્યવસ્થા પ્રમાણે જે ચલ્લુ આંકડો નિર્ણીત થયો હતો તે પ્રમાણે વંશપરંપરા ખંડણી ભરવાને સંસ્થાનો બંધાયલાં હતાં. એ રકમ ઉઘરાવવાનો બ્રિટિશ સરકારનો હક હતો, પરંતુ જેવી રીતે ગાયકવાડ સરકાર સંસ્થાનોની આંતર વ્યવસ્થામાં હાથ ઘાલતા નહિ તે જ પ્રમાણે તેમને સ્થાને આવેલી બ્રિટિશ સત્તાને તે અધિકાર ન હતો. આમ છતાં ભાવનગરના રાજાપાસેથી તેમના ચલ્લુ માલિકપણાનાં અને રાજ હકુમતનાં ૧૧૬ ગામો, જેની ખંડણી પેશ્વા સરકારને ભરાતી હતી, તે ઉપરની દીવાની ફોજ-

દારી હકુમત નજીવા કારણને લીધે છીનાવી લેવામાં આવી હતી, તેનું સંતોષકારક નિરાકરણ થતું ન હતું. પણ એવા બધા પ્રસંગોમાં પોલિટિકલ એજન્ટો જ કાઠીઆવાડનાં રાજસ્થાનોને સાહાય્ય કરતા હતા, તેથી એજન્સી સાથેનો પ્રત્યેક રજવાડાનો સંબંધ વધારે ગાઢો થતો જતો હતો. એજન્સી એક રીતે બધા દેશી રજવાડાના હકો જાળવવામાં પ્રતિનિધિ જેવી થઈ પડી હતી, અને તેના આશ્રય વિના કાઠીઆવાડના રાજ્યોની કેવી અવ્યવસ્થા થઇ હોત તે કલ્પવી પણ અશક્ય છે. નામદાર બ્રિટિશ સરકારના ખાલસા જીલ્લાના અમલદારો તરફથી ભાવનગરને કેવી કેવી અડચણો આવતી હતી તે આપણે જોઇ ગયા છીએ, અને એ બધી અડચણોને પ્રસંગે પોલિટિકલ એજંટોને જ રાજ્યની ખરી સ્થિતિ જાણવામાં હોવાથી તેઓ જ ભાવનગરની વહારે આવતા એમ પણ આપણે જોઇ ગયા છીએ. આવાં આવાં કામોના પ્રસંગથી પ્રત્યેક રાજ્યના વકીલો પોલિટિકલ એજંટની સ્વારીમાં રહેતા, અને ભાવનગરને તો આ સમયે કોઇ ખરા કુશલ પુરુષની જ તે સ્થાને યોજના કરવાની આવશ્યકતા હતી. રા. રા. ગૌરીશંકર જો કે ભાવનગરના કારભારી થયા તોપણ તેમને જે ખરૂં ઉપયોગી અને ચતુરાઇનું કામ કરવાનું હતું, તે રાજકોટ ખાતે જ હતું.

એજન્સીનું સ્વરૂપ અને તેની ઉપયોગિતા.

મહારાજા શ્રીભાવસિંહજીએ ભાવનગરની સ્થાપના કરી ત્યારથી આ સમયપર્યંત ભાવનગરના કારભારમાં નાગરો અને વાણીઆઓ વારંવાર સામેલ થતા આવતા હતા. નવું રાજ્ય સ્થાપનારને ઘણું કરી દ્રવ્યની બહુ જરૂર રહે છે, અને જે ધનાઢ્ય વ્યાપારીઓઆદિ તે સાધન પૂરાં પાડે છે તેમના ઉપર રાજ્યકર્ત્તાઓની મમતા સ્વાભાવિક રીતે રહે છે. રાજ્યનાં ગામો લખી આપી કરજદાર થતે થતે એ સંબંધ અન્યોન્યાશ્રય જેવો દૃઢ થઇ કારણ પ્રાપ્ત થયા છતાં પણ છૂટી શકતો નથી. રાજ્યકર્ત્તાઓ જેમ

ક્રમે કરી ભાવનગર રાજ્યમાં મુત્સદ્દી વર્ગનું પ્રાધાન્ય.

એક પક્ષે ધનાઢ્ય જનો ઉપર આધાર રાખતા થાય છે તેમ અન્ય પક્ષે સૈન્યના મુખ્ય અધિકારીઓની પણ તેમને મરજી સંપાદન કરવી પડે છે. આ બંને પક્ષની વચમાં ઘણી વાર અનેક પ્રકારની વિટંબનાઓ વેઠવાના પ્રસંગ રાજ્યકર્તાઓને આવે છે. એના દૃષ્ટાંત વડોદરાના શ્રીમંત ગાયકવાડસરકારની આરબ સીબંદી અને શાહુકાર લોકોના લેણદેણમાં, તેમ જ ખુદ ભાવનગરના આરબ જમાદારોના તોફાનમાં તેમ જ ભાવનગરના વ્યાપારી પરભુદાસ જેવાના દાવાઓમાં પ્રત્યક્ષ જણાય છે. જેમ જેમ નવો મુલક જીતવાની વાત પડતી મૂકી અંતર્વ્યવસ્થા કરવાનો સમય આવતો જાય છે, કોઈ ઉપરિ સત્તા પોતાનું પણ લઇ લેશે અથવા પોતાને નિરંતર અમુક કાયદે જ વર્તાવશે એવો સૂક્ષ્મ પ્રસંગ ઉપજી આવે છે, ત્યારે કેવલ દ્રવ્ય કે કેવલ બલનું ઝાઝું કામ રહેતું નથી. તે સમયે તો સ્વાભાવિક રીતે જ મુત્સદ્દી વર્ગનો આશ્રય લેવાની રાજ્યકર્તાઓને જરૂર પડે છે. વાણીઆઓનો જેમ ધનાઢ્ય વર્ગ હતો તેમ ગોધાના નાગરોનો મુત્સદ્દી વર્ગ હતો. મહેતા, પારેખઆદિ વણિગ્વર્ગનું પ્રાબલ્ય ભાવનગરના રાજ્યકર્તાઓ પાસે થયલું આપણા જાણવામાં છે. રા. રા. દેશાઈ સેવકરામ રાજારામને ગોધામાં તેમના ઘરઆગળ જઇ ઠાકોર સાહેબે ભાવનગર બોલાવી કારભાર સોંપેલો એ પણ જાણીતી વાત છે. આ પ્રસંગે પણ એ જ દેશાઇ સેવકરામના પુત્ર રા. રા. દેશાઈ સંતોકરામ, તેમ જ દેશાઇ સેવકરામની પાસે કેળવણી લઈ તૈયાર થયલા આપણા નિરૂપ્ય રા. રા. ગૌરીશંકરને મહારાજા શ્રીવિજયસિંહજીએ પોતાના ઉપરની અનેક વિટંબનાઓનો નીવેડો કરવા તેડાવેલા હતા.

તરવાર અને દ્રવ્યથી જે કામ થતું તે હવે કલમ અને હોંશીઆરીથી કરવાનો સમય આવ્યો હતો. જાણે સ્વાભાવિક રીતે જ હોય તેમ રા. રા. ગૌરીશંકરને દરબારમાં નાનાં મોટાં અનેક કામો કરવાના એક પછી એક એવા પ્રસંગો મળતા ગયા હતા. તે પ્રસંગોમાં તેમની ચતુરાઇથી અને સમયસૂચકતાથી

એવી રીતે વિજય મળતો રહ્યો હતો કે જેમ એક પાસથી તેમના અનુભવમાં વૃદ્ધિ થઈ મોટા અધિકાર માટેની તેમનામાં યોગ્યતા આવતી ગઇ, તેમ બીજી પાસેથી મહારાજા શ્રીવિજયસિંહજી પણ તેમની કુશલતા જોઈ તેમનાઉપર અધિકાધિક વિશ્વાસ સ્થાપતા ગયા. એ વિશ્વાસ ઉઠી જવા જેવા પણ અનેક પ્રસંગો વચમાં વચમાં થઈ આવતા હતા. પરંતુ જે કાર્યદક્ષતા, પ્રામાણિકતા, અને સ્વામિભક્તિથી રા. રા. ગગાભાઇ કર્ત્તવ્યપરાયણ રહેતા તે જ તેમને સર્વદા સહાય થતાં, અને મહારાજાશ્રીની ઇતરાજીથી, તેમને કાંઈ પણ હાનિ ન થતાં, ઉલટો લાભ થતો. તેમને પોતાને લાભ થતો એટલું જ નહિ, પણ રાજ્યને કોઈ હક સચવાયાથી, કોઈ હાનિ ઉગરી જવાથી, કે એવીજ એક કે બીજી રીતે, લાભ થઈ આવતો. એટલે રા. રા. ગગાભાઇની નીતિને રાજા પ્રજા સર્વે પરિણામે શ્રેયસ્કર જ સમજી લેતાં.

રા. રા. ગગાભાઈ કારભારી થયા, પણ ભાવનગર તળમાં આ સમયે ઝાઝો કારભાર કરવાનો હતો નહિ. હકુમત જવાને લીધે જીલ્લાના અમલદારો સામે જે તકરારો પડતી તેમ જ બીજા રાજારજવાડાઓ જે જે તકરારો ઉપસ્થિત કરતા તે સર્વનો નિકાલ અને નિવેડો પોલિટિકલ એજંટ આગળ થવાનો હતો. એ જ સર્વનું છેવટનું આશ્રયસ્થાન હતું. એટલે ભાવનગર તળમાં કારભાર કરવાનો હોય તે કરતાં ખરો કારભાર તો રાજકોટ અને પોલિટિકલ એજંટની સ્વારીમાં કરી બતાવવાનો આ સમય હતો, અને એ કામમાટે રા. રા. ગગાભાઇ સર્વ રીતે તૈયાર તેમ ખુશી હતા.

ઘર છોડીને પરદેશમાં રખડવાની નોકરીથી નાગરો મુત્સદ્દી છતાં એ સમયે કંટાળતા; રેલ્વે અને સ્ટીમરોની સગવડ નહિ તેવા સમયમાં "ઘર"થી દૂર રહેવામાં બહુ દુઃખ માનતા. એવા સમયમાં બેબે વર્ષ સુધી વિદેશ વેઠી સ્વામિસેવા કરવા સંબંધે રા. રા. ગગાભાઈ માટે દરબારના માજી કારભારી તેજપાળ

મેહેતાએ એક વાર જે સ્તુતિ કરેલી કે 'આ નાગર પરદેશ રહેતાં જરા પણ કચવાતો નથી એવો સ્વામિભક્ત છે' તે યથાર્થ જ ગણી શકાય.

ફટાયાઓની તકરારો.

પરંતુ એજન્સીમાં રહી જે કામકાજ કરવાનું રા. રા. ગગાભાઇને માથે પડ્યું તે પ્હેલાં ઘર આગળ, ભાવનગરમાં જ, તેમને દરબારની કેટલીક ખાનગી તકરારોના નિવેડા લાવવામાં રોકાવું પડ્યું. મહારાજા શ્રીવિજયસિંહજીને આઠ રાણીઓ હતી. તેમાંનાં નાનીબા ઉપર તેમની બહુ પ્રીતિ હતી. એ નાનીબાને બે ફટાયા કુમારો હતા. નારસિંહજી અને અખેરાજજી. ટીલાયત કુમાર ભાવસિંહજી અને તેમનાં માતુશ્રી વખ્તુબા ઉપર મહારાજાની આ પક્ષવાળાએ બહુ અકૃપા કરાવી નાંખી હતી, અને તેને પરિણામે વખ્તુબા તથા ભાવસિંહજી શિહોરમાં જ રહેતાં હતાં. આ દ્વેષના છાંટા આસપાસના માણસોને પણ ઉડેલા હતા, અને ઇ. સ. ૧૮૪૫માં ટીલાયત કુમાર શ્રીભાવસિંહજી દેવલોકસ્થ થયા ત્યારે તેમના ટીલાયત કુંવર અખેરાજજી (ઉર્ફે દાજીરાજ)ના અને તેમના પક્ષના માણસોના મનમાં, ફટાયા અખેરાજજી (ઉર્ફે અખુભા)એ ભાવનગરનો કૈલાસબાગ કે જે પોતાને તાબે હતો ત્યાં અનુષ્ઠાન કરાવી ભાવસિંહજીનો પ્રાણ લીધો, એવું આવેલું હતું. આ કલહને અંગે એક એકને મળવું હળવું બંધ થઇ ગયું, એટલું જ નહિ પણ ગામગરાસસંબંધી અનેક નાની મોટી તકરારો ઉત્પન્ન થઇ. રા. રા. ગગાભાઇ જેવા કુશલ મુત્સદ્દીની સહાયતા ન હોત તો એ તકરારોનું સંતોષકારક સમાધાન થવું ઘણું કઠિન હતું.

નાનીબા ઉપરની ઠાકોરશ્રીની અતિશય પ્રીતિનો એ પરિણામ થયો હતો કે નાનીબા અને તેમના જ બે ફટાયા કુમારો રાજ્યના ખરા માલિક થયા હતા. કારભારીઓ નાનીબાને પૂછીને કામ કરતા, એટલું જ નહિ પણ ખજાનો સુધાં તેમને હાથ રહેતો, અને તેમણે પોતાની સ્થિતિનો લાભ લઇ સારી

ઉપજવાળાં બાવીસ ગામ પોતાને જ ખાતે ચઢાવી લઈ તેની ઉપજ દરબારી તીજોરીમાં આવતી બંધ કરી હતી. આટલાથી સંતોષ ન પામતાં પોતાના કુમારો નારસિંહજી તથા અખુભાને આખું મહુવા અને કુંડલા પરગણું ગરાસમાં અપાવવાની પણ તેઓ મહારાજા શ્રીવિજયસિંહજી પાસે તજવીજ કર્યા કરતાં હતાં. ટીલાયત કુમાર શ્રીભાવસિંહજી હયાત હતા ત્યારે તેમણે મહારાજાશ્રીને આ સંબંધે ઘણી વાર કહેલું, તેમ જ તેમના દેવલોકસ્થ થયા પછી તેમના ટીલાયત કુમાર શ્રીઅખેરાજજીએ પણ વારંવાર વિજ્ઞપ્તિ કરેલી, પરતું તેની કશી અસર ન થતાં પિતા અને પૌત્ર વચ્ચે ઉલટો વિરોધ વધી પડ્યો, અને મુંબઇ સરકારમાં તેમ જ પોલિટિકલ એજંટ પાસે ઘણીક ફરિયાદો થઈ. કુમાર શ્રીનારસિંહજી (ઉર્ફે નારૂભા) અને અખુભાની એવી તકરાર હતી કે ભાવનગરના સ્થાપનાર મહારાજા શ્રીભાવસિંહજીએ પોતાના રાજ્યનો વિસ્તાર થોડો છતાં પણ વળાનું રાજ્ય ફટાયાને આપેલું છે તો અમને મહુવા અને કુંડલા એવો એક એક મહાલ મળે એમાં કાંઇ વધારે નથી. આની સામે ભાવસિંહજીના ટીલાયત કુમાર શ્રીઅખેરાજજીની એવી દલીલ હતી કે ભાવનગરના રાજ્યમાં એ રાજ્યના સ્થાપનાર મૂલ પુરુષથી માંડીને ફટાયાઓને માત્ર ત્રણ ગામ આપવાનો જ વહીવટ છે. મહારાજા શ્રીભાવસિંહજીએ વળા આપેલું તેનું કારણ એવું હતું કે તેઓને બે કુમારો જૂદી જૂદી રાણીથી એક જ દિવસે પ્રાપ્ત થયા હતા, પરંતુ કુમાર વિસાજીનો પછીથી જન્મ થતાં તેમને તેઓએ ગાદીના વારસ ગણ્યા નહિ, તેથી તેઓ રીસાઇને પેશ્વા તથા ગાયકવાડ સરકારની મદદ લઈ બહારવટે ફરવાનો વિચાર કરવા લાગ્યા; એ બખેડાનું સમાધાન થતાં તેમને વળા અને બીજા બે ગામ આપેલાં, અને વળાના રાજ્યનાં જે બીજાં ગામો હાલ વધેલાં છે તે તો તેમણે લખાવી લીધેલાં કે પરાક્રમથી પ્રાપ્ત કરેલાં ગામો છે. આ દલીલમાં ન્યાય પણ હતો. જ્યારે જ્યારે નવો રાજા થાય ત્યારે ત્યારે ફટાયાઓને વધારે ગરાસ આપ-

વામાં આવે તો રાજ્યની પૂર્ણતા અને સ્થિતિ પરિણામે અતિશય નિર્માલ્ય થઈ જાય, અને રાજ્ય કશા અર્થવાળું રહે જ નહિ. આ કારણથી ભાતૃવિભાગસંબંધી હિંદુ શાસ્ત્રનો સાધારણ નિયમ રાજાઓની બાબતમાં પ્રવર્તતો નથી. તે જ ધોરણે ફટાયાઓને ગરાસ પણ તેમનો મરતબો સચવાય તે સાથે રાજ્યની પૂર્ણતાને હાનિ ન થાય એ રીતે અપાવો જોઇએ. જે કાઠી રાજાઓ એક સમયે આખા કાઠીઆવાડમાં મોટાં રાજ્યવાળા હતા, અને જેમણે પોતાના પરાક્રમથી સૌરાષ્ટ્રને 'કાઠીઆવાડ' નામ આપ્યું, તે જ પુરુષોની આજ નિઃસત્ત્વ દશા થઈ છે તેનું આ જ મુખ્ય કારણ છે. કાઠીઓમાં ભાઇએ ભાગ થાય છે, અને તેથી જ રાજ્યની ખરાબી થતી ચાલે છે. બલિષ્ઠ અને પ્રરાક્રમી સત્તાનું ઐશ્વર્ય રાજ-પ્રકૃતિના સંરક્ષણમાંથી અને સમુદાયના બલમાંથી ઉદ્‌ભવે છે. તેના જ વિભાગ થતાં બલમાત્ર ક્ષીણ થઈ ઐશ્વર્યનો અસ્ત થાય છે.

ન્યાયપક્ષે આવો વાદવિવાદ ચાલતો હતો તેવામાં નારૂભા તથા અખુભાએ પોતાનો પક્ષ સબલ કરવાને બીજા પણ પ્રયત્નો કરવા માંડ્યા. જગત્‌ની ખટપટના અનુભવ વિનાના, સ્વાર્થની જાળમાં અતિશય ફસાયલા, અને નાનીબાની કૃપાથી સંપૂર્ણ સાધનસંપન્ન કુમારોને ગમે તેવા માણસો છેતરી શકતા અને ભમાવતા. આ સમયે મુંબઇના કોઈ પારસીએ તેમનો પક્ષ પકડ્યો; તેને કુમારો ભાવનગર લાવ્યા; અને પછી પોતે તેની સાથે મુંબઈ નામદાર ગવર્નર સાહેબને અરજ કરવા માટે ગયા. એ પારસીએ એક અરજી લખાવી સરકારમાં મોકલાવી, અને એક લાખ રૂપૈયા ખર્ચ માટે માગ્યા. તેણે કોઇ એક રખડતા અંગ્રેજને સારા ઠાઠથી કુમારો પાસે રાતની વખતે આણ્યો, અને 'આ ગવર્નર છે તે આપનું કામ કરી આપશે,' એવું સમજાવી એક લાખ રૂપૈયા પડાવી લીધા. એ પછી કુમારો રહેતા હતા તે બંગલામાં કામ કરનાર કોઇ માણસને વાગવા ઉપરથી પોલીસમાં ચોકસી શરૂ થઇ જે નિમિત્તે ભય બતાવી પેલા પારસીએ તેમને

મુંબઈથી ભાવનગર મોકલી દીધા, અને ગવર્નર સાહેબનો ચૂકાદો મોકલી આપવાનો વાયદો કર્યો. એ વાયદામાંથી કાંઈ જ નીકળવાનું ન હતું. નામદાર મુંબઈ સરકારે તો મૂલથી ચાલેલી જે તકરાર હતી તેના નિવેડામાં પોલિટિકલ એજંટ કર્નલ લેંગને લખી જણાવ્યું કે ફટાયા કુમારોને ત્રણ ત્રણ ગામ આપવાનો ઠરાવ કરવાની મહારાજા શ્રીવિજયસિંહજીને સમજુત કરવી, અને આ તકરારનું સમાધાન આણવું.

આ વિવાદ ચાલવાના પ્રસંગમાં રા. રા. ગૌરીશંકરને નાનીબા તેમના કુમારો અને તેમના માણસોની અકૃપા પ્રાપ્ત કરવાના ઘણા પ્રસંગો આવી ગયા. મહારાજા શ્રીવિજયસિંહજીની મરજી ફટાયાઓના તરફ હતી, છતાં રા. રા. ગગાભાઇએ તેમને સ્પષ્ટ કહ્યું કે રાજ્યના મૂલના દસ્તુર પ્રમાણે ત્રણથી વધારે ગામ ગરાસ આપી શકાય નહિ, વધારે આપવાનો રીવાજ પડે તો રાજ્યને પરિણામે ઘણી જ હાનિ થાય. નારૂભા તથા અખુભાને પણ તેમણે ઘણી ઘણી રીતે સમજાવવા યત્ન કર્યો હતો. કર્નલ લેંગ સાહેબ સરકારની સૂચના પ્રમાણે ભાવનગર આવી આ તકરારનું સમાધાન કરવા લાગ્યા, ત્યારે પણ રા. રા. ગગાભાઇએ મહારાજાને પોતાનો તેનો તે જ અભિપ્રાય કહી બતાવ્યો, અને નારૂભા તથા અખુભાને ગરાસ આપવાની સાથે ટીલાયત કુમાર શ્રીભાવસિંહજીના ફટાયા કુમારો જસવંતસિંહજી, રૂપસિંહજી તથા દેવીસિંહજી એ ત્રણ ભાઇઓને પણ તેટલો ગરાસ આપવો એવી વિજ્ઞપ્તિ કરી મહારાજા શ્રીવિજયસિંહજીને, નામદાર સરકારની ભલામણ, કર્નલ લેંગ સાહેબનું કહેવું, અને રા. રા. ગગાભાઈનો અભિપ્રાય એ સર્વ ઉપર લક્ષ આપતાં રાજ્યનું હિત શામાં રહેલું છે તે સમજાયું. એ સમયે ટીલાયત કુમાર શ્રીઅખેરાજજી શિહોરથી ભાવનગર પધારેલા હતા તેમને મહારાજા શ્રીવિજયસિંહજીએ પોતાની પાસે તેડાવ્યા અને ફટાયાઓને કેટલો ગરાસ આપવો તથા કયાં કયાં ગામ આપવાં તે વિષે તેમનો અભિપ્રાય માગ્યો. તેમણે પણ રા. રા. ગગાભાઇના વિચારને અનુસરતો

વિચાર દર્શાવ્યો, અને કયાં કયાં ગામ આપવાં તે સંબંધે મહારાજાશ્રીની મરજીમાં આવે તે આપવાં એમ કહ્યું. આ ઉપરથી મહારાજા શ્રીવિજયસિંહજીએ બહુ ખુશી થઈ પાંચે ફટાયામાંના દરેકને ત્રણ ત્રણ ગામ આપવા હુકમ કર્યો, અને કયાં કયાં ગામ આપવાં તે નક્કી કરવાનું રા. રા. ગગાભાઇને સોંપ્યું. ગામો મુકરર કરવામાં આવ્યાં, પણ નારૂભા તથા અખુભાએ ગામો લેવા ના પાડી, અને નામદાર મુંબઈ સરકારમાં અરજી કરી. નામદાર મુંબઇ સરકારે તેમની અરજી નામંજુર કરી મહારાજા શ્રીવિજયસિંહજીને લખી મોકલ્યું કે તેમને આપેલો ગરાસ તેઓ સંભાળે એમ સમજુત કરો, કેમકે એ ઠરાવમાં કશો ફેરફાર થઈ શકે તેમ નથી. આવું છેવટ આવ્યા છતાં પણ નારૂભા તથા અખુભાએ પોતાનો ગરાસ સંભાળ્યો નહિ, અને મહારાજા શ્રીવિજયસિંહજીની હયાતી સુધી રીસમાં રહ્યા. આ કામના પ્રસંગોમાં નાનીબા તથા તેમના કુમારો તરફથી રા. રા. ગૌરીશંકર અને રા. રા. દેશાઈ સંતોકરામઉપર વારંવાર એટલી બધી ઇતરાજી થતી કે એક વખત તો તેમણે રા. રા. દેશાઇ સંતોકરામને મારી નાંખવાનો અને રા. રા. ગગાભાઇનું ઘર ગોઘામાં છે (લૂંટી લેવાનો વિચાર કરેલો, પરંતુ સર્વના સારા ભાગ્યે તે વા(જાણવામાં આવતાં કાંઈ થઇ શકેલું નહિ. આવી આવી અંદર(અનેક ખટપટોમાં પણ રા. રા. ગગાભાઈ ધૈર્ય તથા પ્રામાણિક(તાથી પાર ઉતરતા, અને સર્વને સંતોષ ઉપજાવી શકતા.

મોસલોબાબત.

ફટાયાવિગેરેની તકરારોનું છેવટ આવી શકે તે પહેલ(રા. રા. ગગાભાઇને રાજ્યની બીજી કેટલી અગત્યની વાતો ઉપર લક્ષ આપવાનું હતુ(તેઓએ રાજકોટ એજન્સીમાં દરબારી કામોનો નિર્ણય કરવામ(કારભારીની જગ્યાનું કામ સંભાળવા માંડ્યું ત્યારે જે વા(સર્વથી પ્રથમ તેનું લક્ષ ખેંચ્યું તે ભાવનગર ઉપર એજન્સીએ(કરેલા મોસલોની હતી. એજન્સીમાં કામકાજના ધોરણના અમુ(નિયમો તે સમયે નક્કી હતા નહિ, અને રાજાઓ સામે, તેમન(

તાબાના ભાયાતો અને મૂલ ગરાસીઆ નાનાં મોટાં સર્વ કારણ માટે દાવા અને ફરિયાદો કરી શકતા. પોલિટિકલ એજંટો તે સાંભળતા, અને કાઠીઆવાડનાં દેશી રાજ્યોની અંતર્વ્યવસ્થામાં કેટલે દરજ્જે હાથ ઘાલી શકાય એ વાત સંદિગ્ધ છતાં પણ તેવા બધા દાવા અને ફરિયાદોનો નિકાલ કરવાનું પોતાને હાથ ધરતા. સને ૧૮૦૭ ના કર્નલ વૉકરના સેટલમેન્ટની રૂએ જે ફેલ જામીનવિગેરે આપવામાં આવેલા તે આધારે પણ લૂંટ વિગેરેના વળતર બાબતની તકરારોમાં એજન્સી વચમાં આવતી. ભાવનગર તરફથી રાજકોટ વકીલ રહેતો ખરો, પણ તેને કારકુનોવિગેરેની પૂરતી સગવડ આપવામાં આવી ન હતી, તેના ખર્ચ માટેનાં નાણાં તેને વખતસર મળતાં ન હતાં, અને એ તથા બીજાં રાજપ્રકરણી કારણોની ખબરઅંતરમાટે વારંવાર તેને ભાવનગર આવજાવ કરવાની જરૂર પડતી. આવી સ્થિતિ હોવાને લીધે એજન્સીમાં ભાવનગર વિરુદ્ધ ઘણીક ફરિયાદો નિકાલ થયા વગર પડી રહેતી, વકીલનો જવાબ અપાયો ન હોય તેથી પણ કેટલાંક કામ લંબાયાં કરતાં હતાં. પોલિટિકલ એજંટો આ ઉપરથી એમ કરતા કે પ્રત્યેક કામ બદલ એક અથવા વધારે પાળા કે સ્વાર દરબાર ઉપર મોસલ તરીકે મોકલતા. એવી રીતે મોસલીમાં મોકલવા માટે કેટલાક ખાસ નોકરો રાખેલા હતા, અને ગાયકવાડી પાગાનાં જે માણસો પોલિટિકલ એજંટની તેહેનાતમાં રહેતાં તેમનો પણ એ કામમાં ઉપયોગ થતો. એ મોસલોને પ્રત્યેકને ખોરાકી તથા તે ઉપરાંત બે, ત્રણ, પાંચ કે દશ રૂપૈયા સુધીનો રોજ આપવો પડતો, અને માગેલો જવાબ મળતા સુધી તે મોસલ ત્યાંનો ત્યાં કાયમ રહેતો. ભાવનગરને આવા ૮૩ મોસલોને કુલ રૂ. ૨,૫૦૦) દર મહીને આપવા પડતા અને તળ ભાવનગરમાં એજન્સી તરફના મોસલોની એક ટુંકડી જ રહેતી. અધિકારના દોરથી રાજાના ગામમાં રહેલા આ મોસલો દરબારી માણસો સાથે વિનયથી વર્તતા નહિ, અને વારંવાર બખેડા પેદા

થઇ દરબારને બહુ કંટાળો ઉપજતો. રા. રા. ગૌરીશંકરના ધ્યાન ઉપર આ મોસલોની વાત સર્વથી પ્રથમ આવી, અને આવી રીતે મોસલો કરવામાં દરબારનું અપમાન થાય છે એટલુંજ નહિ, પણ તે સમયની ભાવનગરની નાણાંસંબંધી સ્થિતિ જોતાં પ્રતિમાસ રૂ. ૨,૫૦૦ નો ખરચ પણ બહુ ભારે પડે છે એવું તેમને તુરત જ સમજાયું. અને એવી રીતે અપમાન અને ખરચ સહન કરીને બેસી રહેવાનું ખાસ કારણ પણ ન હતું. તે કામોના તુરત તુરત નિકાલ થઇ શકે એમ હતું અને એ વાતનો નિવેડો આવે તેવો સંભવ હતો. જે કામો માટે મોસલ થયા હતા તેમાંનાં કેટલાકનું સ્વરૂપ જોવાથી આ વાત સહજ જણાય તેવી છે:—

(૧) તાલુકે જેતપુરના બહારવટીઆ તે તાલુકાના ભાગદાર કાઠી જીવણા વાલા તથા ભલગીરીયા લુણવીર વગેરેએ જેતપુર અને જૂનાગઢનાં ગામોમાં લૂંટ કરી તથા વસતિની ખુનખરાબીવગેરે બહુ નુકસાન કર્યું. આ ઉપરથી જેતપુર તથા જૂનાગઢે એજન્સીમાં ફરિયાદ કરી કે એ બહારવટીઆઓને ભાવનગરના કુંડલા પરગણાનાં ગામોમાં આશ્રય મળેલો છે માટે નુકસાની અપાવો. આ ઉપરથી એજન્સીના અધિકારી સાહેબોએ ભાવનગર દરબાર ઉપર મોસલ કરેલા હતા. પણ રા. રા. ગૌરીશંકરે એ કામનો ખુલાસો કરી આપતાં કામ નાસાબીત થઈ ઉડી ગયું, અને મોસલો પાછા ખેંચી લેવામાં આવ્યા.

(૨) શેત્રુંજય ડુંગર ઉપર ખશીઆ લોકોએ ચોરી કર્યાની વાત આગળ કહેવાઇ ગઇ છે. ખશીઆ કોળી ભાવનગરની હદના રહીશ છે. માટે એ ચોરીનું વળતર ભાવનગર પાસેથી લેવા પાલીતાણાએ એજન્સીમાં દાવો કર્યો હતો. તે ઉપરથી પણ મોસલ કરવામાં આવ્યા હતા. રા. રા. ગૌરીશંકરે સરકારને એ કામ સોંપી દીધું, અને સરકાર ઠરાવે તે વળતર

આપવા કબુલ કર્યું, પણ પાલીતાણા તરફથી એ કામ સાબીત ન થતાં મોસલો પાછા ખેંચી લેવામાં આવ્યા.

(૩) ગાયકવાડ કંટિજંટ સ્વારો ઉપર સરકાર તરફથી દેખરેખ રાખવા કેપ્ટન લૉક સાહેબ રહેતા હતા. તેમને પોરબંદર જતાં પોરબંદરની હદમાં જાનથી મારી નાંખી મશહુર વાઘેર બહારવટીઆ વીધા માણેકે લૂંટ કરી. એ બહારવટીઆનાં ઓરત તથા છોકરાને મહુવા પરગણાના દીપડીઆ ગામના બાબરીઆ સોમાઈત ધાંખડાએ આશ્રય આપ્યો છે, એમ માની સરકારે દરબાર ઉપર મોસલ મેલ્યા હતા. રા. રા. ગૌરીશંકરે પોલિટિકલ એજંટને ખાતરી કરી આપી કે એ શક ખોટો છે, જે ઉપરથી મોસલો પાછા લઈ લેવામાં આવ્યા.

આ અને આવા પ્રકારનાં કામો માટે ભાવનગર ઉપર જે મોસલોનો મોટો ખર્ચ પડેલો હતો તે બધો રા. રા. ગગાભાઈએ પોતાની ચાલાકી અને હોશીઆરીથી એ કામનો નિકાલ કરાવી બંધ પાડી દીધો. અને પછીથી પણ એવી નિયમિત રીતે એજન્સી સાથે વ્યવહાર રાખ્યો કે મોસલોની પીડા હમેશ માટે દૂર થઈ ગઇ. અને ભાવનગર વકીલના દફતર અને તેના લખાણ વગેરેની તે ખાતાની વ્યવસ્થા એજન્સીમાં બહુ સ્તુતિપાત્ર ગણાવા લાગી.

૭૬ ગામો બાબત જૂનાગઢ સાથે તકરાર.

આ પછી જે બીજા અગત્યના કામ ઉપર રા. રા. ગૌરીશંકરે લક્ષ આપવાનું હતું, તે જૂનાગઢ સાથે કુંડલા તથા મહુવા પરગણાનાં છોતેર ગામની વાર્ષિક ઉપજ જૂનાગઢને અપાવવા બાબતમાં ઠરાવ કરવામાં આવ્યો તે હતું. એ બાબત એક ઘણી જૂની તકરાર હતી. સન ૧૮૪૭ માં એ સંબંધે મુંબઈ સરકારનો એવો ઠરાવ આવ્યો કે એ ગામોની વાર્ષિક ઉપજ કેટલી છે તે નક્કી કરવું. એ નક્કી કરવા માટે તે વખતના પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબે એ ગામો ઉપર

જપ્તી બેસાડી, અને જૂનાગઢ તથા ભાવનગરના એક એક માણસ રૂબરૂ જપ્તીદાર વહીવટ કરે એમ ઠરાવ્યું. રા. ગૌરીશંકરની એ જ વખતમાં એજન્સીમાં ભાવનગર તરફથી રહેવા નીમનોક થઈ હતી. અને સદરહુ જપ્તી થયાના બનાવથી મહારાજાશ્રી વિજયસિંહજીને પણ ઘણું જ માઠું લાગ્યું હતું. રા. રા. ગૌરીશંકરે તુરત જ જૂનાગઢનો દાવો ગેરવાજબી સાબીત કરી આપવાનો પ્રયત્ન આરંભ્યો.

આ ઘણી જૂની તકરારસંબંધે ઇ. સ. ૧૮૧૬ ની સાલમાં જૂનાગઢ તાબાના ઉના મહાલના વહીવટદારે વાલાસાન નવાબ સાહેબને એમ જાહેર કરેલું કે ઉનાતાબાનાં ૫૯ ગામ જે કે ભાવનગરનાં મહુવા તથા કુંડલા પરગણાની સરહદ ઉપર આવેલાં છે તે ત્યાંના થાણુદારોને ખુટવીને ભાવનગર દરબારે દબાવી લીધાં છે; કર્નલ વૉકર સાહેબે ૧૮૦૭–૮ માં જે બંદોબસ્ત કર્યો તેમાં એ ગામો ભાવનગરને નામે જણાવેલાં નથી, પણ પાછળથી ભાવનગરે દબાવી લીધાં છે તે વાત સ્પષ્ટ છે. આ વાત કોઇ અનુકૂલ પ્રસંગવિના ઉપાડવાથી લાભ થવાનો સંભવ નહિ એમ ધારી જૂનાગઢ તરફથી ચારેક વર્ષસુધી કાંઇ ઉપક્રમ થયો નહિ. જ્યારે શેઠ હંસરાજ જૂનાગઢના કારભારી થયા ત્યારે ઈ. સ. ૧૮૧૯–૨૦ માં આ તકરારનો ઉપક્રમ તેમના ભાઇ જે કે ઘોડાની ખરીદી અને વેચાણ કરવાનો વેપાર કરતા હતા તેમની મારફત, અમરેલીમાં વડોદરાના આસિસ્ટંટ રેઝિડન્ટના હોદ્દાથી રહેલા કૅપ્ટન બેલેનટાઇન આગળ કરવામાં આવ્યો. તેમણે ભાવનગરનો જવાબ લીધા વિના વડોદરાના રેઝિડન્ટ મારફત સરકારમાં જૂનાગઢના લાભમાં રીપોર્ટ કર્યો, અને એ ઓગણસાઠ ગામો પૈકી બાબરીઆવાડનાં છ ગામો ઉપર જપ્તી મૂકી. એ જપ્તી મૂકવાનું કારણ તેમણે એવું બતાવ્યું કે કર્નલ વૉકરે ભાવનગરના બાર તાલુકાની કુલ જમે રૂા. ૭૪,૫૦૦ ઠરાવેલી છે, તે ઉપરાંત આ છ ગામની જમેની રકમ છે, માટે તે ગામો ભાવનગરનાં નથી. અને બાકીનાં ગામો બાબત તેમણે જૂનાગઢની દલીલ ઉપર

વજન રાખ્યું કે ઝોલાપરી નદી જૂનાગઢ અને ભાવનગરની કુદરતી સરહદ છે, એટલે તે નદીની પાર ભાવનગરનાં ગામો હોઇ શકે નહિ, અને આ ગામો તે નદીની પાર છે, માટે ભાવનગરનાં નથી જ. છ ગામો ઉપર જપ્તી થઇ. તે સમયમાં ભાવનગર દરબારને અમદાવાદના કલેક્ટર સાહેબની સાથે સારો સંબંધ હોવાથી ભાવનગર દરબારે પોતાના ઉપર થયલો ગેરઇનસાફ લિખિતવાર તેમને જાહેર કર્યો, તેથી તેમણે કોઈ પંચથી આ તકરારનો નિવેડો લાવવા ભલામણ કરી. આ સંધિમાં કાઠીઆવાડ પોલિટિકલ એજન્સીની સ્થાપના થઇ (૧૮૨૨), અને પહેલા પોલિટિકલ એજંટ કેપ્ટન બાર્નવેલ સાહેબે ભાવનગરના મહારાજા તથા જૂનાગઢના નવાબ સાહેબને પોતાની પાસે તેડાવી પોતે જે ફેંસલો કરે તે બંનેએ કબુલ રાખવો, અને ભાવનગરે જૂનાગઢને કાંઇક નજરાણો આપવો એવી દરખાસ્ત કરી. આ દરખાસ્ત બંનેએ માન્ય કરી (૧૮૨૨), અને પોલિટિકલ એજંટે છ ગામ ઉપરથી જપ્તી ઉઠાવી લીધી.

આ તકરાર પાછી સાત આઠ વર્ષ પડી રહી. સને ૧૮૨૯–૩૦ માં સર ડેવિડ બ્લેન સાહેબ પોલિટિકલ એજંટ હતા ત્યારે જૂનાગઢતરફથી એ તકરાર તાજી કરવામાં આવી, પણ જૂનાગઢ તરફથી કોઈ હાજર ન થતાં તેની કાંઈ વિશેષ તજવીજ થઇ નહિ. પુનઃ ઇ. સ. ૧૮૩૯ માં તે તકરાર ઉપાડવામાં આવી, પણ તેનો તે જ પરિણામ આવ્યો. ઇ. સ. ૧૮૪૨ માં કેપ્ટન લીગ્રેંડ જેકબ સાહેબ પોલિટિકલ એજંટ હતા ત્યારે તે તકરાર જૂનાગઢે ફરીથી આરંભી. એ તકરારમાં તે વખતે ઓગણસાઠ ગામો ઉપરાંત બીજાં સત્તર ગામો ઉમેરવામાં આવ્યાં, એવું કહીને કે કેટલાક ઉજ્જડ ટીંબા તથા ગામો આ તકરાર ઉપસ્થિત થયા પછી પણ ભાવનગરે દબાવેલાં છે. કેપ્ટન જેકબ સાહેબે ભાવનગરનો જવાબ લીધાવિના સરકારમાં એવો એકતરફી રીપોર્ટ ઇ. સ. ૧૮૪૨ માં કરી મોકલ્યો કે છોતેર ગામો કર્નલ વૉકરના બંદોબસ્તમાં ભાવનગરનાં જણાતાં નથી,

માટે જૂનાગઢનાં છે, અને એ બંદોબસ્ત પહેલાં એ ગામો ભાવનગરનાં હતાં એવો પુરાવો ભાવનગરતરફથી આવતો નથી; માટે એ ગામોનો કબજો જૂનાગઢને સોંપાવી દેવો જોઇએ. આ રીપોર્ટનો જવાબ નામદાર મુંબઇ સરકારનો સને ૧૮૪૭ માં આવ્યો હતો કે ભાવનગરની બહુ લાંબી મુદતનો કબજો છોડાવી શકાતો નથી, પણ એ ગામોની વાર્ષિક ઉપજનો આંકડો નક્કી કરી તેટલા રૂપૈયા ભાવનગર દરબારની સને ૧૮૨૨ની કબુલાત પ્રમાણે ભાવનગર પાસે જૂનાગઢને દરવર્ષે અપાવવા.

આ ઉપરથી પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબે છોતેર ગામો ઉપર જપ્તી મૂકી હતી, અને રા. રા. ગૌરીશંકરને એ જપ્તી ઉઠડાવવા અથવા બરખાસ્ત કરાવવા, તથા જૂનાગઢની તકરારોના રદ્દીઆ આપવા પ્રયત્ન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. એ પ્રયત્ન તેમણે ઘણા આગ્રહથી અને ઘણી હોશીઆરીથી પાંચ સાત વર્ષ સુધી ચાલુ રાખ્યો, અને છેવટ એ કામમાં સારો જય મેળવ્યો. તકરારી ગામોનો કબજો તો ભાવનગરનો જ હતો અને ઘણો જૂનો હતો; એટલે જે વાત સાબીત કરવાની હતી તે એ હતી કે એ ગામો ભાવનગરને વાજબી રીતે મળેલાં છે, અથવા કર્નલ વૉકરે ૧૮૦૭–૮ માં ગોહેલવાડ પ્રાંતનો બંદોબસ્ત કરેલો તે પહેલાનાં ભાવનગરની માલિકીનાં છે અને બંદોબસ્તમાં લખવાં રહી ગયાં છે. રા. રા. ગૌરીશંકરે રાજકોટ મુકામે પોલિટિકલ એજંટ આગળ ભાવનગરનો પુરાવો દાખલ કરાવવા પ્રથમ એ તકરાર કરી કે આ કામમાં કેપ્ટન લીગ્રેંડ જેકબસાહેબે અમારો જવાબ લીધાવિના રીપોર્ટ કરેલો છે, માટે અમારો પુરાવો લેવાવો જોઇએ, અને પછી જે યોગ્ય લાગે તે ન્યાય આપવો જોઇએ. પુરાવો લેવાનો ઠર્યો એટલે તેમણે પ્રથમ એવી હકીકત બતાવી કે ૧૮૪૨ ની સાલમાં પરગણે ગઢડાના ચોથ ભાગીઆ કાઠી ખાચરો સાથેની તકરારના કામમાં ભાવનગરે પોલિટિકલ એજન્સીમાં પોતાના અસલ ચોપડા રજુ કરેલા છે, તે ચોપડા પાછા મેળવવા

પોલિટિકલ એજંટ મે. મેલેટ સાહેબ હજુર અરજ કરેલી તેનો લેખી જવાબ તેમના દફ્તરદાર જૂનાગઢના નાગર ગૃહસ્થ રા. રા. ભગવાનલાલ મદનજી મારફત મળેલો છે કે ચોપડા એજન્સીના દફ્તરખાનામાં નથી; એ જ ચોપડા હાલ એજન્સીના દફ્તરખાનામાં મોજુદ છે, અને તેમાં તકરારી ગામોપૈકી કેટલાંક કર્નલ વૉકરના બંદોબસ્ત પહેલાં ભાવનગરના કબજાભોગવટાનાં છે એવી સાબીતી છે. પોલિટિકલ એજંટ કર્નલ લેંગસાહેબે જાતે ચોપડા દફ્તરખાનામાંથી મંગાવીને જોયા, અને રા. રા. ગૌરીશંકરના કહેવા પ્રમાણે પુરાવો તેમાંથી મળ્યો. સાહેબે તે પુરાવો જૂનાગઢના કારભારી રા. રા. અમૃતલાલ અમરચંદ જે તે સમયે આફીસમાં આવેલા હતા, તેમને પણ બતાવ્યો, જેથી તેમને ચોપડાના ખરાપણાવિષે શંકા ન રહેતાં, તેમણે ચોપડામાં જણાવેલાં ગામોઉપરથી હાથ ઉઠાવી લેવા કબુલ કર્યું. આટલું થવાથી પોલિટિકલ એજંટને ઘણી સારી અસર થઈ, એટલે રા. રા. ગૌરીશંકરે તેમને વિશેષમાં કહ્યું કે તકરારી ગામોનો કબજો ભાવનગરનો છે, તે વિરુદ્ધ જૂનાગઢને વાંધો હોય તો પ્રત્યેક ગામવાર સાબીતી કરી આપવાનો બોજો જૂનાગઢને માથે છે; જૂનાગઢે તેવું કાંઈ કર્યું નથી; ભાવનગરનો જવાબ લેવાયો નથી; તો હવે આ કામમાં કેવો ન્યાય થયો છે તે વિચારી યોગ્ય માર્ગ લેવો આવશ્યક છે. આ ઉપરથી પોલિટિકલ એજંટે સરકારમાં રીપોર્ટ કરી મંજુરી મેળવી, અને પોતે કામ ફરી તપાસઉપર લીધું.

આ પ્રકારે કામની તપાસ આરંભાઇ ખરી, પણ પોલિટિકલ એજંટ કર્નલ લેંગનો અભિપ્રાય આ કામનું ગમે તે પ્રકારે ઘરમેળે સમાધાન થાય તેમ કરાવવાનો હતો. તેઓ ૧૮૪૯ માં ભાવનગર પધાર્યા, ત્યારે તેમણે મહારાજા શ્રીવિજયસિંહજીને સમાધાન માટે બહુ આગ્રહથી કહ્યું. મહારાજાએ રા. રા. ગૌરીશંકરને ખાનગી રીતે સમજાવ્યું કે ઇ. સ. ૧૭૯૬ માં મોટા ઠાકોર શ્રીવખતસિંહજીને અને જૂનાગઢના

નવાબ સાહેબ હામદખાનજીને ઢસા તથા પાટણા આગળ લડાઇ થયલી, અને ઘર મેળે સમાધાન થતાં નવાબ સાહેબે રાજુલા તાલુકાનો પરવાનો કરી આપેલો, તથા ઠાકોર શ્રીવખતસિંહજીએ દિલ્હીના બાદશાહને ભરવાની જોરતલબીની રકમ રૂા. ૩૨,૦૦૦)-માંથી રૂા. ૯,૦૦૦ કમતી કરાવીને રૂા. ૨૩,૦૦૦ જૂનાગઢને ભરવા કબુલ કરેલા; આ નવ હજાર રૂપૈયા પાછા ભરવા માંડીએ અને જૂનાગઢ છોતેર ગામની તકરાર મૂકી દે તો સમાધાન કરવું. આવી રીતે કરવાનું મુખ્ય કારણ એ હતું કે મહારાજા શ્રી-વિજયસિંહજીએ પોતે ઇ. સ. ૧૮૨૨ માં નજરાણો આપવા કબુલત આપેલી હતી. આ પ્રમાણે રાજા અને પ્રધાન વચ્ચે મસલત થઈ ખરી, પણ તે પ્રસંગે સમાધાનનો કાંઇ માર્ગ થઇ શકયો નહિ.

સમાધાન થવામાં હજી કેટલોક અંતરાય હતો. જૂનાગઢ સરકારે રા. અંબાશંકર રાઘવજી નામના મહુવાના એક નાગર જે ભાવનગરની નોકરીમાં હતા તેમને પોતાની નોકરીમાં રાખેલા હતા. એ અંબાશંકરના ભાઈ રા. જીભાઇ રાઘવજીએ આગળ ભાવનગરનો કારભાર કરેલો હતો, એટલે કેટલાક અસલ કાગળો તથા દસ્તાવેજો જીભાઇની મારફતે અંબાશંકરને મળેલા હતા, અને તેમાંના કેટલાક છોતેર ગામની તકરારમાં ઉપયોગી છે એ પ્રમાણે અંબાશંકરે જૂનાગઢ દરબારને સમજાવ્યા હતા. અંબાશંકર ઉપર ભાવનગરદરબાર એવું તહોમત રાખતા હતા કે તેણે મહુવા પરગણામાં નાળવેરાના કરીને વસતિ પાસેથી કેટલાક રૂપૈયા ઉઘરાવી ઉચાપત કરેલા છે, અને તે ભાવનગર દરબારની રૈયત છે. એ ઉપરથી ૧૮૪૯ માં તેને પરગણે ઉમરાળામાંથી કેદ કરવામાં આવ્યા હતા. જૂનાગઢ તરફથી અંબાશકરને મુક્ત કરવાની તજવીજ પોલિટિકલ એજંટ આગળ ચાલતાં તેમણે તેને છોતેર ગામ બાબતનું કામ ચાલતા સુધી મુક્ત કરી, તે પછી જે કાંઇ તકરાર હોય તેનો તેની પાસેથી ભાવનગર દરબાર જવાબ લે એવો હુકમ કર્યો. અંબાશંકરને

છૂટા કરવામાં આવ્યા, એટલે જૂનાગઢના કારભારી રા. રા. અનંતજી અમરચંદની સાથે રહી પોલિટિકલ એજંટ આગળ જે રજુઆત થઇ તેમાં તેણે ભાવનગરની વિરુદ્ધ ઘણોક પુરાવો છે એમ કહી તે પુરાવો રજુ કર્યો, પણ રા. ગૌરીશંકરે, સબલ કારણ આપી એ પુરાવો નિરુપયોગી અને છોતેર ગામની તકરારમાં લાગુ ન પડે એવો છે એમ સિદ્ધ કરી, અંબાશંકરની અપ્રામાણિકતા બતાવી આપી. અંબાશંકરે એવી દલીલ કરી કે નવાબ સાહેબે એક રાજુલા ગામ ભાવનગર દરબારને આપેલું છે, અને કર્નલ વોકર સાહેબે જે પરવાનો કરી આપેલો છે, તેમાં અગીઆર તાલુકાસાથે બારમો "રાજુલા **તાલુકો**" લખ્યો નથી, પણ "**મોજે** રાજુલા" એમ લખેલું છે, એટલે રાજુલા તાલુકાનાં જે બાબરીઆવાડનાં ગામો ભાવનગરે દબાવેલાં છે એમ તેમના પોતાના પરવાનાથી સાબીત થાય છે. આ દલીલઉપર જૂનાગઢના કારભારી બહુ આધાર રાખતા હતા. પરંતુ એ દલીલ તોડતાં રા. ગૌરીશંકરે દસ્તાવેજી પુરાવાથી સિદ્ધ કરી આપ્યું કે બાબરીઆવાડ પરગણાંનાં ગામો તેના માલિક મૂલ ગરાસીઆઓએ ઇ. સ. ૧૮૦૭–૮ પહેલાં ભાવનગર દરબારને અઘાટ લખી આપ્યાં છે, અને કેટલાંક ગામો તો મહુવા પરગણાનાં છે; અને પરવાનામાં "**મોજે** રાજુલા" લખ્યાની વાત જે કહેવામાં આવી છે તે વિષે અમે ખુદ નવાબ સાહેબનો બીજો પરવાનો રજુ કરીશું, જેમાં "**મોજે**" નહિ પણ "**તાલુકે**" રાજુલા એમ સ્પષ્ટ લખેલું છે.

આ પુરાવો રજુ થતા પહેલાં કેટલીક ગરાસવિષેની તકરારો માટે મહારાજા શ્રીવિજયસિંહજીના પૌત્ર કુમાર શ્રીઅખેરાજજી પોલિટિકલ એજંટની સ્વારી મહુવે હતી ત્યાં ગયા હતા. તે પ્રસંગે કુમારશ્રીપાસે તેમને એવી અરજ કરાવી કે છોતેર ગામ ઉપરથી હવે જપ્તી ઉઠાવવી જોઇએ, કેમકે તેની ઉપજનો અડસટ્ટો સમજવામાં આવી ગયલો છે. મહારાજાને અને કુમારને અણબનાવ હતો તેમાં કુમારશ્રીના કહેવાથી આટલું કામ

થશે તો મહારાજાની પ્રીતિ તેમના ઉપર થઇ આવશે એવો હેતુ રાખીને, તેમજ ઉપજ નક્કી થઈ ગઈ હતી એટલે જપ્તી વધારે વાર રાખવાની જરૂર હતી નહિ તેઉપર લક્ષ રાખીને અરજ કરાવતાં, પોલિટિકલ એજંટ કર્નલ લેંગસાહેબે જપ્તી ઉઠાવવા હુકમ કર્યો. એ ખબર ભાવનગર પહોંચતાં મહારાજાશ્રીને બહુ સંતોષ થયો, તથા કુમારશ્રીઉપર ઘણી સારી મમતા થઈ આવી.

કર્નલ લેંગસાહેબનો મુકામ મહુવેથી કુંડલે કેટલીક સીમાડાની તકરારનો નીકાલ કરવા જતો હતો, તેવામાં વચમાં ઝોલાપરી નદીની હદ બતાવી જૂનાગઢના કારભારીએ નદીની પાર ભાવનગરનાં ગામો નથી, માત્ર તકરારી દબાવેલાં ગામો જ છે એમ કહ્યું. આ દલીલનો જવાબ રા. રા. ગૌરીશંકરે એવો કર્યો કે નદી તો માત્ર દક્ષિણ દિશા તરફ છેવટના ભાગમાં આવેલી છે, અને એ નદીની પાર ભાવનગરનાં બિનતકરારી ઘણાં ગામો છે, જે નકશામાં જોવાથી સમજી શકાશે. આ ઉપરથી એ તકરારની નબળાઈ સાહેબના સમજવામાં આવી; પણ નવાબ સાહેબનો પરવાનો અને બીજા ઉપયોગી અસલ કાગળો રજુ કરવાના હજી બાકી હતા. તે બધા કાગળો લઇને બક્ષી મૂળજી હરિકૃષ્ણદાસ મહુવેથી કુંડલે આવતા હતા, તેવામાં રસ્તામાં વરસાદની ઋતુને લીધે, એક નહેરૂં ઉતરતી વખતે તેમાં એકાએક પૂર આવ્યું, અને બળદની ગાડી ડમણી ઉંધી વળી ગઈ. બક્ષીને તથા બળદને જેમ તેમ બહાર કાઢ્યા, પણ દસ્તાવેજોવગેરેની પેટી તણાઈ ગઈ, જે ઘણો શોધ કરતાં પણ હાથ લાગી નહિ. આ સમાચાર જાણી પોલિટિકલ એજંટ સાહેબને ઘણી દિલગીરી થઈ, પણ ભાવનગર દરબારે એ પુરાવાની ખોટ બીજી રીતે પુરી પાડવાની તજવીજ કરી.

મહારાજા શ્રીવિજયસિંહજીના જાણવામાં એમ હતું કે ઈ. સ. ૧૮૦૭–૮ માં કર્નલ વોકરે જે બંદોબસ્ત કર્યો તે વખતે તેમના માગવાથી ભાવનગર સંસ્થાનના તાલુકાનાં ગામોની યાદી

મહારાજા શ્રીવખતસિંહજીએ પોતાના તે સમયના વકીલ ભાવનગરના નાગર ગૃહસ્થ રા. રણછોડજી શિવચંદને મોકલી હતી. એ યાદીની નકલ દરબારી દફતરમાંથી ન મળતાં, વકીલપાસે હોવી જોઇએ એમ ધારી, રણછોડજીની દીકરીના દીકરા રા. ગગા ઉર્ફે ગૌરીશંકર જેશંકર દેશાઈ, જે તેમના વારસ હતા તેમને ઘેર તજવીજ કરાવી. તેમને ઘેરથી ગામોની યાદીની ચોપડી મળી આવી, જે મહારાજા શ્રીવિજયસિંહજીએ રા. રા. ગૌરીશંકરને મોકલી આપી. એ ચોપડી તેમણે પોલિટિકલ એજંટ સાહેબ આગળ રજુ કરી, જેથી એમ સાબીત થયું કે છોતેર ગામો કર્નલ વોકર સાહેબના બંદોબસ્ત પહેલાંથી ભાવનગરના તાબાનાં ગામો છે.

આ બધી હકીકતથી કર્નલ લેંગના મનમાં ભાવનગરના કહેવાનું ન્યાયીપણું સમજાયું, તથાપિ તેમણે એવી સલાહ આપી કે જૂનાગઢની પણ કેટલીક તકરારો મને યોગ્ય લાગે છે; વળી ઈ. સ. ૧૮૨૨ માં ભાવનગર દરબારે નજરાણો આપવાની કબુલત આપેલી છે, એટલે આ કામનો ઘરમેળે નિકાલ થાય તેવી તજવીજ કરવી જોઇએ. તકરારી ગામોપૈકી એકાવન ગામ આબાદ છે, તેની વાર્ષિક ઉપજ જમીદારે રૂા. ૨૩,૦૦૦ અને જૂનાગઢે રૂા. ૫૨,૦૦૦ ઠરાવેલી. પણ ભાવનગરના ફટાયાઓને ગરાસ આપવાની તકરારમાં એ ગામોની ઉપજના આંકડા રજુ કરવામાં આવેલા તે લક્ષમાં લઈ કર્નલ લેંગસાહેબે વાર્ષિક ઉપજ રૂા. ૩૪,૦૦૦) નક્કી ઠરાવી, અને જૂનાગઢના કારભારી રા. રા. અનંતજી અમરચંદ તથા ભાવનગરના કારભારી રા. રા. ગૌરીશંકરને સમજુતી આપી અંદર અંદર સમાધાન કરવાની બહુ આગ્રહથી ભલામણ કરી. બંનેએ ઘણો વખત વાતનો વિચાર કર્યો, પણ કાંઈ નિકાલ આવ્યો નહિ. પુનઃ ૧૮૫૪ ની સાલમાં વેરાવળ મુકામે સાહેબે સમાધાન માટે આગ્રહ કરવાથી એજન્સી દફતરદાર રાવબહાદુર બાપુભાઈ દયાશંકરને મધ્યસ્થ રાખી સમાધાન કરવામાં આવ્યું. તેમાં એમ ઠર્યું કે ભાવનગરે જૂના-

ગઢને જોરતલબીની રકમ શિવાય રૂ. ૯,૦૦૦) આપવા, અને પાછલી ઉપજ પેટે એકવાર રૂ. ૪૦,૦૦૦) આપવા, અને જૂનાગઢે છોતેર ગામઉપરથી પોતાનો હાથ ઉઠાવી એ તકરાર ચલાવવી બંધ કરવી. આ સમાધાન કર્નલ લેંગસાહેબને પણ પસંદ પડ્યું, અને એવી મતલબના પરસ્પરની કબુલાતના દસ્તાવેજો એજન્સીમાં દાખલ થયા. એ રીતે આ લાંબી તકરારનો નિવેડો રા. રા. ગૌરીશંકરને હાથે આવી ગયો.

જૂનાગઢની તકરારોનો નિકાલ થયો, મોસલોનો નિકાલ થયો, અને ફટાયાઓની તકરારો પ્રસંગોપાત્ત ઉપસ્થિત થતી, તેનો પણ નિકાલ થયાં કરતો પણ આ બધા સમયમાં જે એક વાતથી રાજ્યને બહુ ત્રાસ વેઠવો પડતો હતો, તે આરબ સીબંદીના જમાદારો અને માણસોની અયોગ્ય વર્ત્તણુકસંબંધી હતી. એ કામનો તુરત નિકાલ કરવાની ઘણી જ જરૂર હતી, પણ બીજા કામપ્રસંગને લઈ તે વાત કેટલાક સમય સુધી હાથમાં લઈ શકાઈ ન હતી.

આરબ જમાદારો.

જ્યારે બ્રિટિશ અમલ કાઠીઆવાડમાં હતો નહિ ત્યારે પ્રત્યેક સંસ્થાનના રાજાઓ પોતપોતાની સૈન્યસામગ્રી અને બુદ્ધિબલના પ્રમાણમાં પોતપોતાના રાજ્યનો વિસ્તાર સાધતા, અને પ્રતિપક્ષીઓથી પોતાનો બચાવ કરતા. આ કામમાટે શક્તિઅનુસાર લશ્કર રાખવું પડતું. આરબ, પઠાણ, મકરાણી, સિંધીવગેરે લોકોનાં ટોળાં પોતપોતાના જમાદારના હાથ નીચે રહી, લશ્કરી નોકરી માટે આ દેશમાં આવતાં; તેમને રાજાઓ પોતપોતાની જરૂરપ્રમાણે રાખતા; અને કામ થઈ રહ્યેથી ઘણી વાર તેમને રજા પણ આપવામાં આવતી. આવા ઘણાક આરબોને મહારાજા શ્રીવખતસિંહજીએ નોકરીમાં રાખેલા તે લોકો યુદ્ધમાં સહાય થઇ દેશ જિતવાનું સાધન થવાને લીધે ઉદ્ધત થઇ ગયલા એટલું જ નહિ પણ રાજ્યની લેણદેણ કરવાની પદ્ધતિને લીધે પણ તેમના અભિમાનમાં ઘણી વૃદ્ધિ થયલી. એવી પદ્ધતિ હતી કે રાજાને જ્યારે કરજ કરવું પડે ત્યારે

શાહુકાર લોકો આરબ જમાદારની બાંહ્યધરીવિના દરબારને નાણાં ધીરતા નહિ. મહારાજા શ્રીવખતસિંહજીના સમયમાં દરબારને દેવું પણ ઘણું થયું હતું અને તે બધા દેવામાં આ આરબ જમાદારોની બાંહ્યધરી હતી. આવી સ્થિતિ થવાથી જમાદારો અને તેમના માણસોને રજા આપી શકાતી ન હતી, તેમ તેમની ઉદ્ધતાઈ અને અપમાનભરેલી વર્તણુક સહન પણ થઈ શકતી ન હતી. એ સ્થિતિમાંથી રાજ્યને મુક્ત કરવાનું કામ ઘણું કઠિન હતું. કારણ કે વિચારશૂન્ય ઝનુની આરબો સાથે કામ લેવાનું હતું. ભાવનગર સુદ્ધાં ૧૧૬ ગામો ઉપર બ્રિટિશ હકુમત હોવાથી દરબારનાથી કશો પણ દંડપ્રયોગ થઈ શકે એમ ન હતો. આ સ્થિતિમાંથી રા. રા. ગૌરીશંકરના ઉદ્યોગ અને સમયસૂચકતાએ રાજ્યને મુક્ત કર્યું.

ઈ. સ. ૧૭૮૦ (સં. ૧૮૩૬)માં મહારાજા શ્રીવખતસિંહજીએ ખશીઆ કોળી લોકો પાસેથી મહુવા જીતી લીધું. ત્યારે જાયદી નામના એક આરબના જમાદારને, તેનાં ૨૦૦ માણસો સહિત, મહુવા તથા આસપાસના મુલકના બંદોબસ્ત માટે, મહુવામાં રાખ્યો હતો. તેને કુલ પગારના રૂપૈયા પચીશ હજાર બાર મહીને આપવામાં આવતા હતા. આ જમાદાર ગુજરી ગયા પછી પણ તેના સગાવહાલાઓ કારખાનું ચલાવતા, અને જ્યારે જ્યારે જમાદારની કોઇપણ કારણથી બદલી થતી ત્યારે શાહુકારોવગેરેની જૂની બાંહ્યધરીના દસ્તાવેજોને બદલે નવા કરી આપવામાં આવતા. આવો ક્રમ ચાલતાં જમાદારો કોઈ કોઈ વાર પોતાના પગારની રકમ માટે તેમ બાંહ્યધરીની રકમો માટે દરબારને દબાવવાનો પણ પ્રયત્ન કરતા. મહુવાનો જમાદાર નાસર જે જાયદી જમાદારના વંશનો હતો તેણે એવી માગણી કરી કે અમને પગાર બરાબર વખતસર મળતો નથી, માટે મહુવા તથા કુંડલા મહાલનો ઇજારો અમને આપો, એટલે તેની ઉપજમાંથી અમારો પગાર લઇને બાકીની રકમ અમે દરબારમાં ભરીશું. આ વાત મહારાજા શ્રીવિજયસિંહજીએ

માન્ય રાખી ઇજારો આપ્યો, પણ ઇજારો આપ્યા છતાં આરબો નોકરી બરાબર કરતા ન હતા, અને ઇજારાની વ્યવસ્થા યથાયોગ્ય થતી ન હતી, જેથી તે ઇજારો એક બે વર્ષે રદ થયો. આ ઉપરથી નાસરના મનમાં વધારે ઉદ્ધતાઇ ભરાવા લાગી, અને તેને નોકરીઉપરથી ખસેડવામાં આવ્યો તોપણ તે મહુવા છોડીને ગયો નહિ. ઈ. સ. ૧૮૩૨ માં નાસર મરી ગયો, અને તેના પુત્રો નાના હતા તેથી તેનો જમાઈ સૈયદ કારખાનાનો ઉપરિ થયો; તેના જમાઇના મરી ગયા પછી નાસરના દીકરાને જમાદારી સોંપવામાં આવી હતી.

આ જમાદારોની વર્તણુક દિનપ્રતિદિન બહુ ઉદ્ધત થતી ગઈ. દરબારને દબાવવા ઉપરાંત દરબારી માણસોને મહુવા પરગણાનો વહીવટ પણ તે લોકો કરવા દેતા નહિ. એ સંબંધે ઈ. સ. ૧૮૨૦ માં મહારાજા શ્રીવિજયસિંહજી મુંબઇના ગવર્નર નામદાર મોન્સ્ટુઅર્ટ એલ્ફિનસ્ટન સાહેબને મળવા અમદાવાદ ગયલા, ત્યારે અમદાવાદના કલેકટર સાહેબને વાતચીત કરેલી, પણ જમાદારો તરફથી પોતાના પગાર તથા બાંહ્યધરીનો નિકાલ થયા વિના કશું કરી શકાય નહિ એવો જવાબ મળતાં સાહેબે તે સંબંધે કાંઈ કર્યું નહિ. આવા પ્રસંગોથી જમાદારોની ઉદ્ધતાઈમાં બહુ વધારો થતો ચાલ્યો. જીભાઇ રાઘવજીના ભાઇ અંબાશંકર વગેરે ભાવનગરના વિરોધી માણસો પણ જમાદારોની પડખે ચઢી તેમનો ખભો થાબડવા લાગ્યા. ઇ. સ. ૧૮૨૨ માં ભાવનગરના કારભારી રા. રા. પરમાણંદદાસ રણછોડદાસ પોતાના લગ્નમાટે દેલવાડે જતાં મહુવે મુકામ કરવા ગયા તો તેમને પણ આરબોએ ગામમાં પેસવા દીધા નહિ. આરબોને એવી શંકા આવવા લાગી કે મહુવાના કિલ્લામાંથી બહાર નીકળીશું અને દરબારી માણસોને ગામમાં આવવા દઇશું તો દરબારી માણસો કિલ્લો કબજે કરી લેશે, તેથી કારભારીનું અપમાન કર્યું હતું એટલું જ નહિ પણ પરગણાઓમાં બહારવટીઆઓ વસતિને રંજાડતા હતા, તેથી તે લોકોને પકડવા જવામાટે વહીવટદારો તરફથી

તેમને કહેવામાં આવતું હતું તે માન્ય નહિ કરી તે લોકોએ જવાનું બંધ રાખ્યું હતું. આ લોકોની આવી ઉદ્ધતાઈ વધતે વધતે એટલી વધી કે રાજાને પણ તેમનાથી ડરીને તેમની મરજીપ્રમાણે કારભારીઓ રાખવા અને કાઢવા પડતા. આ પ્રકારે ભાવનગરનું રાજ્ય આ આરબોને સ્વાધીન થઈ ગયું હતું, અને મહુવા પરગણું તો ભાવનગરના હાથમાંથી ગયા જેવું જ હતું.

ઈ. સ. ૧૮૪૭ માં રા. રા. ગૌરીશંકરને પોલિટિકલ એજંટની સ્વારીમાં જવું ઠર્યું ત્યારે મહારાજા શ્રીવિજયસિંહજી તેમને પાંચેક માઈલ સુધી વળાવવા પધાર્યા હતા; અને તે સમયે તેમની વારંવાર માગણી આ આરબોનો નિકાલ કરવા સંબંધી હતી. તેમણે જુદા પડતાં કહ્યું "ગગા ઓઝા, જ્યાં સુધી આ જમાદાર મારો નોકર મારૂં મહુવા ખાલી નહિ કરે, ત્યાં સુધી હું થાળીમાં ધૂળની ચપટી મૂકી ખાઉં છું." રા. રા. ગૌરીશંકરને પણ આ વાતની ઘણી જ લાગણી હતી. પરંતુ પોલિટિકલ એજંટ આગળ બીજી અગત્યની તકરારોના કામને લીધે આ કામ કાઢવાનો પ્રસંગ આવ્યો ન હતો.

સને ૧૮૪૮ માં જમાદાર નાસરના દીકરા તાલબ તથા સાલેની તકરાર સાંભળવાનો પ્રસંગ પોલિટિકલ એજંટને મળી શક્યો. તે લોકોનું કહેવું એમ હતું કે અમારી સાઠ લાખ રૂપૈયાની બાંહ્યધરી છે, અને બાર લાખ રૂપૈયા અમારા કારખાનાના પગાર પેટે લેણા છે. તે બહોતેર લાખનો દરબાર નિકાલ કરે તો અમે મહુવા છોડીને જવા તૈયાર છીએ. રા. રા. ગૌરીશંકરે આના ઉત્તરમાં સાહેબને સમજણ પાડી કે ઘણા ખરા શાહુકારોની બાંહ્યધરી તો પ્રથમ જ્યારે સાલે અને તાલબના બાપ નાસરને બરતરફ કર્યો ત્યારે જ છોડાવવામાં આવેલી છે; કેટલાક લેણદારોના દસ્તાવેજો સરકારી સ્ટાંપ ઉપર છે, એટલે ભાવનગરઉપર સરકારની હકુમતને લીધે, તે લોકો રીતસર દાવો કરી નાણાં વસુલ કરી શકે એમ છે. આ પ્રકારે

તજવીજ કરી જોતાં જમાદારની બાંહ્યધરીના સાઠ લાખને બદલે માત્ર એક લાખ રૂપૈયા નીકળ્યા. જે ઉપરથી સાહેબની ખાતરી થઇ કે જમાદારો અયોગ્ય રીતે દરબારને સતાવે છે. ઈ. સ. ૧૮૪૯ માં જમાદારો વળી એવી તકરાર લાવ્યા કે દરબાર તો તેમને રાખવા રાજી છે, પણ રા. રા. ગગાભાઈ તેમને કઢાવે છે. સાહેબે એક પ્રસંગે મહારાજા શ્રીવિજયસિંહજીને મળી તે વાતની પણ ખાતરી કરી લીધી, અને જમાદારોને સમજુત-સાથે તાકીદ કરી કે તેમણે એકદમ મહુવા છોડીને જવું, નહિ તો તેમના ઉપર લશ્કરી રાહે ઉપાય લેવાતાં તેઓ ઘણા ખરાબ થશે. જમાદારોએ મહુવા ખાલી કરવા કબુલ કર્યું, પણ કોઇ સ્થળ રહેવા માટે માગ્યું; જે ઉપરથી મહારાજા શ્રીવિજય-સિંહજીની આજ્ઞાનુસાર રા. રા. ગૌરીશંકરે તેમને તળાજામાં રાખવાની વ્યવસ્થા કરી, જે સાહેબે માન્ય રાખી. જમાદારોએ મહુવાની કુંચીઓ સાહેબને સોંપી દીધી, અને સાહેબે તે રા. ગૌરીશંકરને સ્વાધીન કરી.

મહુવાનો કિલ્લો પોતાના સ્વાધીનમાં લઈ રા. રા. ગૌરી-શંકર ભાવનગર મહારાજાશ્રીની હજુરમાં ગયા ત્યારે મહારાજા શ્રીએ તેમનો સત્કાર કર્યો, અને હર્ષમાં આવી એમ ઉદ્ગાર કર્યો કે "હવે હું નિરાંતે ખાણું ખાઇશ." રા. રા. ગૌરીશંકર દર-બારમાંથી ઘેર ગયા ત્યારે તેમની પાછળ હજુરી માણસને મોકલી મહારાજાશ્રીએ એમ કહેવડાવ્યું કે "મહુવા પરગણું દરબારને ગયા જેવું હતું તે તમે પાછું આણ્યું તે માટે મહારાજા તમને એક ગામ ઇનામ આપવા કહે છે." રા. રા. ગૌરીશંકરે મહારાજા સાહેબનો ઘણો ઉપકાર માની કહેવડાવ્યું કે "જ્યાં સુધી ૧૧૬ ગામો ઉપરથી બ્રિટિશ હકુમત ઉઠી નથી ત્યાંસુધી મેં કાંઇ જ કર્યું નથી, અને હું કાંઇ પણ લેવાને પાત્ર થયો નથી; મારાથી એ નોકરી થશે ત્યારે આપ જે કાંઇ આપશો તે લઇશ."

જમાદારોની તકરારમાં હવે માત્ર તેમના ચઢેલા પગારની બાબત બાકી રહી હતી, તેનો નિકાલ પણ સને ૧૮૫૧ માં પોલિટિકલ એજંટ સાહેબની રૂબરૂ થઇ ગયો. બાર લાખ રૂપૈયા તે લોકો લેણા કાઢતા હતા તેને બદલે રૂ. ૩,૨૪,૫૨૫) લેણા ઠર્યા, અને દરબારે તે આપવા કબુલ કર્યા. આ રૂપૈયામાંથી જમાદારોના ખાનગી લેણદારોને આપવાના રૂપૈયા રાખી બાકીના દરબારે તેમને આપી દીધા. આટલું સમાધાન થયા છતાં જમાદારો કુંભણ ગામ છોડતા ન હતા, અને એમ કહેતા કે એ ગામ અમને લડાઇમાં બહાદુરી કર્યા બદલ વંશપરંપરા ગ્રાસમાં મળેલું છે. પરંતુ એવો તેમનો કાંઇ જ હક સાબીત ન થવાથી તે ગામ પણ પોલિટિકલ એજંટ સાહેબે ત્રીશ વર્ષ કરતાં વધારે વર્ષના ભોગવટાપછી તેમની પાસેથી છોડાવી દરબારને સ્વાધીન કર્યું. આ પ્રમાણે જમાદારો સાથેના સર્વ વિવાદનું એકંદર નિરાકરણ થયાના સમાચાર જાણી મહારાજા શ્રીવિજયસિંહજીએ બહુ સંતોષ દર્શાવી રા. રા. ગૌરીશંકર ઉપર કાગળ લખ્યો તેમાં લખેલું છે કે "તમો જે રીતે હજુરમાં બોલી ગયા હતા તે જ પ્રમાણે જમાદારની કુલ ફારકતી લીધી, અને તેને મહુવામાંથી ખટલાસુદ્ધાંત કાઢયો, એ તમારી ચાકરી દરબારે ઘણી પસંદ કરી છે. જેવો તમારા પંડનો દરબારને ભરૂંસો, તેવી જ તમોએ ચાકરી કરી અને કરશો." આટલું થવા પછી પણ તાલબ જમાદારનો ભાઇ સાલે જે ઘણો ખટપટી હતો તેણે ઇ. સ. ૧૮૫૩ માં મુંબઇ સરકારમાં એવી અરજી કરી કે મારા ભાઇએ મારી સંમતિવિના સમાધાન કર્યું છે માટે તે રદ કરવું જોઇએ. મુંબઈ સરકારે પોલિટિકલ એજંટ પાસે બધી હકીકત માગી ઠરાવ કર્યો કે એ કામમાં વચ્ચે પડી શકાતું નથી. એમ સર્વ પ્રકારે જમાદારો પોતાની અયોગ્ય ઉદ્ધતાઈમાં નિષ્ફળ થઈ શાંત પડી ગયા.

મહુવામાંથી નિકળી આરબોને તળાજામાં રહેવાની પરવાનગી મળી હતી. આ તકરારનું સમાધાન થયા પછી મહારાજા

શ્રીવિજયસિંહજીએ સાલેને બરતરફ કરી તેના ભાઇ તાલબને મહેરબાનીથી તેના ૧૦૦ માણસો સહિત નોકરીમાં રાખ્યો. તે પણ તળાજે રહેતો હતો. તળાજામાં આરબ લોકો જાહેર રીતે શિકારવગેરે કરવા લાગ્યા, જેથી વસતિનું મન દુખાવા લાગ્યું, અને બખેડા થવા માંડયા. તેથી તાલબ અને તેના માણસોને ભાવનગરમાં નોકરી ઉપર લાવવામાં આવ્યા. મહારાજા શ્રીવિજયસિંહજીના દેવલોક પધાર્યા પછી મહારાજા શ્રીજસવંતસિંહજીના સમયમાં ઇ. સ. ૧૮૬૩ની સાલમાં આ આરબોએ પાછું તોફાન કર્યું. જમાદાર પોતાના માણસોનો પગાર લઇ ઉડાવી દેતો અને તેમને પહોંચાડતો નહિ, જેથી અંદર અંદર તકરાર ઉઠતાં આરબો તોફાનઉપર ચઢી ગયા. જમાદારે દરબાર પાસે રૂપૈયા માગ્યા ત્યારે સ્વભાવિક રીતે દરબારે તેને આપવાની ના કહી, જેથી તે તથા તેના માણસો દરબારની સામે થયા, અને 'પગાર ચૂકવી આપો' એવી માગણી કરવા લાગ્યા. દરબારે આરબોને બરતરફ કરી તે લોકો જે દરબારી મકાનમાં રહેતા હતા તે ખાલી કરવાનો હુકમ કર્યો. તે મકાન ભાવનગરમાં કહેવાતા ગોઘાના દરવાજા પાસે હતું, એટલે ત્યાં રહીને ગામના તમામ લોકોને આરબો હરકત કરી શકે તેવી સ્થિતિ હતી. તેનો લાભ લઇ આરબોએ મકાન ખાલી કરવાની ના પાડી અને બહુ ઝનુનપર આવી ગયા. દરબાર પોતાની સીબંદી વગેરેથી આ પ્રસંગે કાંઈ કરી શકે એમ ન હતું, કારણકે હકુમત બ્રિટિશ સરકારની હતી. તેથી ૧૧૬ ગામોઉપર સરકાર તરફથી ઠરેલા માજિસ્ટ્રેટ મિ. કોલસનને અરજ કરતાં તેઓ જાતે ભાવનગર આવ્યા, અને જમાદારને મળી ઘણી સમજુત કરી. પણ આરબોએ કાંઇ ધ્યાન આપ્યું નહિ. આમ થયું ત્યારે સાહેબે દરબારની તોપ તથા સીબંદીની મદદ માગી, અને ગંગાજળીઆ કુવા પાસેના કોઠા ઉપર તોપ ચઢાવી લોકોને રસ્તામાં નહિ ફરતાં ઘરમાં રહેવાનો હુકમ કર્યો, તથા આરબોને મકાન ખાલી કરવા કહેવડાવ્યું,

અને 'જો હુકમ નહિ માને તો તમારા મકાન ઉપર તોપ ચલાવવામાં આવશે' એવું તેમને જણાવી દીધું. આરબો એવી ઝનુનપર આવી ગયા કે 'અમે ખુલ્લાં હથીઆરથી ગામમાં નીકળી પડીશું, અને વસતિને લૂંટીને ચાલ્યા જઇશું.' આવો બહુ સૂક્ષ્મ પ્રસંગ આવી ગયો હતો, એટલામાં રા. રા. ગૌરીશંકર પોલિટિકલ એજંટની સ્વારીમાંથી ભાવનગર આવ્યા, અને આ વૃત્તાંત સાંભળી ઘણા જ દીલગીર થયા. તુરત જ તેમણે સાહેબપાસે જઇ તોપ ચલાવવાનો વિચાર બંધ રખાવ્યો, અને મહારાજા શ્રીજસવંતસિંહજીને મળીને સમજણ પાડ્યા પછી, આરબોના જમાદારોને પોતાની પાસે બોલાવી સમાધાનની તજવીજ કરવા લાગ્યા. આરબોને પણ આ સંધિનો લાભ લેવાની બુદ્ધિ સુઝી, અને રા. રા. ગૌરીશંકર જેવા દરબારના વિશ્વાસપાત્ર અને બુદ્ધિશાલી પુરુષ ઉપર પોતાનો વિશ્વાસ મૂકવાનું મન થયું. તેમણે 'રા. રા. ગૌરીશંકર જે કરે તે અમારે કબુલ છે' એમ કહી મકાન ખાલી કર્યું, અને દરબારે તેમને રૂપૈયાની યોગ્ય રકમ આપી કાંઇ પણ હરકત થયાવિના ભાવનગરના મુલકની બહાર વિદાય કર્યા. આ પ્રકારે ઘણી લાંબી મુદતે આરબોસાથેની બધી તકરારોનું છેવટ આવી ગયું.

જમાદારોસાથેની તકરારનું મૂલ કારણ તેમણે લેણદારોની બાંહ્યધરી આપેલી તથા તેમનું પોતાનું પગારપેટે લેણું થયલું તે હતું. જમાદારોની પોતાની જવાબદારી છૂટી, તેમના પગાર વગેરે પત્યા, અને જમાદાર તેમના માણસોસહિત ગયા.

દરબારના કરજનો નિકાલ.

પરંતુ હજી ભાવનગર દરબારને માથે કેટલાક કરજનો બોજો રહેલો હતો. દરબારી મહાલોમાંના બે મહાલની ઉપજ તો મહારાજા શ્રીવખતસિંહજીના સમયથી પોતાની ખાનગી તીજોરીમાં જમે થતી હતી, અને બાકીના મહાલો જેને "મોટા દરબાર" ખાતું કહેવાતું તે ઉપજમાંથી રાજ્યનો બધો વહીવટ થતો. એ "મોટા

દરબાર" ખાતાની ઉપજ સાત કે આઠ લાખથી વધારે હતી નહિ, એટલે વારંવાર શાહુકારોનું કરજ કરવું પડતું. શાહુકારો એકથી સવા ટકો વ્યાજ લેતા, મનોતી અને વટાવ બદલ પ્રત્યેક સમયે અમુક રકમ લેતા, અને નોકરોના પગારવગેરેના રૂક્કા થાય તેનો ચુકાવ કરતાં નોકરોપાસેથી પણ બેથી ત્રણ ટકા સુધી કપાત કરતા. આપ્રમાણે કરજથી વ્યવસ્થા થતાં પણ નોકરોવગેરેનો પોકાર રહ્યાં કરતો. આવું દેવું લગભગ રૂા. ૧૬,૦૦,૦૦૦) નું હતું, અને તે વડોદરાવાળા શેઠ શામળ બેચર, અમદાવાદવાળા શેઠ વખતચંદ ખુશાલચંદ તથા વીરમગામના બારોટ ત્રિકમ ભીમસિંહનું હતું. આ લેણદારોપૈકી શેઠ વખતચંદના દીકરા શેઠ હેમાભાઇએ ઈ. સ. ૧૮૪૯ માં ભાવનગર આવી, દરબાર ઉપર બહુ તગાજો કરી, અમદાવાદની દીવાની કોર્ટમાં દાવો કરવાની ધમકી આપી હતી; જે ઉપરથી રા. રા. ગૌરીશંકરે તેમને શાંત પાડી બધા કરજનો નિકાલ કરવાની વાત તુરત જ ધ્યાન ઉપર લીધી. વળી મહારાજા શ્રીવિજયસિંહજીના ટીલાયત કુમાર અખેરાજજી જેમના ઉપર તેમની પ્રીતિ ન હતી, તેમણે પણ એજન્સીમાં તથા મુંબઈસરકારમાં આ કરજસંબંધે ફરિયાદ કરી હતી કે ફટાયા કુમાર અખુભા તથા નારસિંહજીને મહારાજા મેહેરબાની કરીને મનમાનતું દ્રવ્ય આપ્યા જાય છે, અને રાજ્ય ઉપર કરજ વધારે છે; જેથી પરિણામે ઘણી હાનિ થવાનો સંભવ છે. આ ઉપરથી મુંબઇ સરકારે પણ પોલિટિકલ એજંટની મારફતે કરજનો નિકાલ કરવો સારો છે એવી સલાહ દરબારને આપી હતી.

રા. રા. ગૌરીશંકરે આ બધા કરજનો તુરત જ ફડચો કરી નાંખ્યો. બધા લેણદારોનો હીસાબ કરી, અયોગ્ય રકમો કાઢી નાંખી, સાતથી આઠ લાખનું ચોખ્ખું દેવું તેમણે નક્કી કર્યું. એ દેવું આપી દેવામાટે એવી ગોઠવણ કરીકે રાજ્યના ખજાનામાં કેટલીક રૂપાની ઈંટો, કેટલાક રાળ, તથા કેટલાક સુરતી સીક્કાના રૂપૈયા હતા તે બધું મુંબઇથી આગબોટ મંગાવી,

ટંકશાળમાં મોકલી, તેના રૂપૈયા પડાવી મંગાવ્યા. એ રૂપૈયા આશરે આઠ લાખ થયા. એટલે તે રકમથી સર્વ લેણદારોનું કરજ સત્વર પતાવી નાંખી, ફારકતીઓ લેવામાં આવી. આ પ્રકારે ભાવનગર ઉપરનું તમામ કરજ એકદમ દૂર થઈ ગયું. જેથી મહારાજા શ્રીવિજયસિંહજીને તેમ પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબને ઘણી ખુશી પેદા થઈ; અને મુંબઈ સરકારમાં પણ તેમણે એ વાત જાહેર કરતાં તેમણે મહારાજા શ્રીવિજયસિંહજીને શાબાશી આપી, તથા રા. ગૌરીશંકરની ચાલાકીવીષે ઘણો સંતોષ દર્શાવ્યો. મુંબઈ સરકારે આ વાત નામદાર કોર્ટ ઓફ ડિરેકટર્સને જણાવતાં તેમણે પણ ઘણી પ્રસન્નતા દર્શાવી, જે પોલિટિકલ એજંટસાહેબે દરબારશ્રીને લખી જણાવી હતી.

મહારાજા શ્રી-અખેરાજજી.

આ બધી જુદા જુદા પ્રકારની વ્યવસ્થા ચાલતી હતી તેવામાં ઇ. સ. ૧૮૫૨ ના ચૈત્ર માસમાં મહારાજા શ્રીવિજયસિંહજીનો સ્વર્ગવાસ થયો, અને તેમના મૈયતટીલાયત પુત્ર ભાવસિંહજીના ટીલાયત કુમાર શ્રીઅખેરાજજી જેમને દાજીરાજ પણ કહેતા હતા તે ગાદીનશીન થયા. તેમના સમયમાં પ્રથમ વિવાદ ફટાયા કુમાર અખુભા તથા નારસિંહજી અને તેમના માતુશ્રી નાનીબાને સંબંધે ઉઠે એ સ્વાભાવિક હતું. નાનીબા દરબારમાં રહેતાં હતાં. તેમની પાસે દરબારના કેટલાક દાગીના હતા, જે ઉપરથી મહારાજા શ્રીઅખેરાજજીએ એમ હુકમ કર્યો કે દાગીના દરબારની મિલકત છે માટે પાછા લેવા અને નાનીબાએ દરબારમાંથી નીકળી બહાર રહેવું. બાઇ શ્રીનાનીબાએ આ હુકમને માન્ય કર્યો નહિ, તેથી તકરાર બહુ વધી પડી, અને પરસ્પરની સીબંદીનાં માણસોમાં લડાઇ જાગે એવા પ્રસંગો થવા લાગ્યા. ભાવનગર ઉપર હકુમત બ્રિટિશ સરકારની હતી, એટલે આવા પ્રસંગનો લાભ લઇ ખટપટીઆ લોકો દરબારની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા બહુ કરી શક્ત, પણ સારે ભાગ્યે ભાવનગરના રાજ્યકુટુંબસંબંધે માજીસ્ટ્રેટની સત્તા મુંબઈ

સરકાર સુધી અરજી કરી પોલિટિકલ એજંટને આગળ અપાવેલી હતી, એટલે તેવું કાંઇ થઈ આવ્યું નહિ. પોલિટિકલ એજંટને આ કસાકસીની વાત જાહેર કરતાં તેમણે ભાવનગરના ફોજદારઉપર બંદોબસ્ત રાખવા હુકમ લખ્યો, અને આસિસ્ટંટ પોલિટિકલ એજંટ મિ. નિકલસન સાહેબને તથા પોતાના દફ્તરદાર રાવ સાહેબ ઠાકરશીભાઇને પણ ભાવનગર મોકલ્યા. રા. રા. ગૌરીશંકરે આ મમતની તકરારમાં બંને પક્ષનું માન સાચવીને સમાધાન કરાવવાનો પ્રયત્ન આરંભ્યો, અને તેમાં મિ. નિકલસન સાહેબની તથા દફ્તરદાર સાહેબની પણ તેમને સારી મદદ થઇ પડી. છેવટ બાઇ શ્રીનાનીબા તથા તેમના બે કુંવરો દરબારમાંથી નીકળી પોતાને માટે કરાવેલા મકાનમાં રહેવા ગયાં, અને દાગીનામાંથી પણ કેટલાક પાછા આપ્યા. આ સંધિનો લાભ લઇ કુમાર શ્રીઅખુભા તથા નારૂભાને પણ પોતાનો ગરાસ સંભાળી લેવાની ભલામણ રા. રા. ગૌરીશંકરે કરી, જે તેમણે માન્ય રાખી પોતાનો ગરાસ સંભાળ્યો.

આ પ્રકારે સર્વથા અંદર તેમ બહાર શાંતિ થવાથી, હવે રાજ્યની વ્યવસ્થામાં ચિત્ત પરોવી શકાશે એવું રા. રા. ગૌરીશંકર ધારતા હતા. પણ તે ધારણા પાર પડી શકી નહિ. મહારાજા શ્રીઅખેરાજજી માત્ર સવા બે વર્ષ પર્યન્ત રાજ્યાધિકાર ભોગવી ઇ. સ. ૧૮૫૪ માં સ્વર્ગવાસી થયા, અને તેમના નાનાભાઇ મહારાજા શ્રીજસવંતસિંહજી ગાદીનશીન થયા. એમના ગાદીએ બેસવાના સંબંધમાં વળી એટલા બધા બખેડા ઉત્પન્ન થયા કે તેમાં જ કેટલોક સમય રોકવો પડયો, અને તે સર્વનું સમાધાન થયા પછી જ રા. રા. ગૌરીશંકર રાજ્યની અંતર્વ્યવસ્થા ઉપર ધ્યાન આપી શકયા. એ બખેડાઓ કેવા પ્રકારના હતા, અને તેમાં રા. રા. ગૌરીશંકરને કેટલો શ્રમ ઉઠાવવો પડ્યો હતો એઆદિ વાર્તા હવે પછીના પ્રકરણના આરંભનો યોગ્ય વિષય છે.

પ્રકરણ ૬.

મુખ્ય પ્રધાન; અને ૧૧૬ ગામોની હકુમત બાબત.

(૧૮૫૪-૧૮૭૦.)

ગોધાના મામલતદારની સખ્તાઇ અને ગેરવર્તણુક—મિ. રોજર્સ સાહેબે કરેલી જપ્તી—કર્નલ બાર સાહેબ—મહારાજા શ્રીજશવંતસિંહજીનો રાજ્યાભિષેક—ગાદીસંબંધે ફટાયાની તકરાર—જપ્તી ઉઠી-હકુમતબાબત; અનુદર્શન તથા ઇતિહાસ—કોર્ટ ઓફ ડિરેક્ટર્સ પ્રતિ અરજી—મુંબઇ સરકારના પક્ષ—કર્નલ લેંગ સાહેબનો રીપોર્ટ તથા અભિપ્રાય—કોર્ટ ઓફ ડિરેક્ટર્સનો ઠરાવ—પેશકશી—સાહ્યરવેરો વિગેરે બાબતો—મહારાજા શ્રીજશવંતસિંહજીના આધિપત્યમાં તકરારી બાબતોનો વૃત્તાંત તથા નિકાલ—મિ. ડેવીસ સાહેબ—મિ. પીલ સાહેબ—આપાજી રામચંદ્ર—હકુમતની બાબતનો નિકાલ—અમદાવાદ ખાતાની પોલીસ સત્તાનું બંધ થવું; પોલીસ સુપરિન્ટેન્ડન્ટ તરીકે રા. રા. ગૌરીશંકર—અમદાવાદના માજીસ્ટ્રેટના અમલનું બંધ થવું—મિ. પીલ સાહેબ આગળ હકુમતનું પ્રકરણ—સને ૧૮૬૦ ને કરાર—કર્નલ લેંગ સાહેબનો કાગળ—મુસદ્દા સંબંધી ઉઠેલા પ્રશ્ન—સ્ટેટ સેક્રેટરીનો ડિસ્પાચ, સને ૧૮૬૪—સને ૧૮૬૬ નું સરકારી જાહેરનામું—દરબારને સમગ્ર રાજ્યાધિકારની પુનઃ પ્રાપ્તિ—રા. રા. ગૌરીશંકરનો પ્રયાસ—દરબાર, અને રા. રા. ગૌરીશંકરને વંશપરંપરા તુરખા ગામની બક્ષીસ—રા. રા. ગૌરીશંકરનું ઉત્તર.

મહારાજા શ્રીઅખેરાજજીનો પુત્રસંતતિવિના સને ૧૮૫૪ ના ઓગસ્ટ માસમાં સ્વર્ગવાસ થવાથી, તેમના વારસસંબંધે નામદાર મુંબઈ સરકારનો નિર્ણય થતાસુધી રાજકુલના અત્યન્ત વિશ્વાસપાત્ર રા. રા. ગૌરીશંકરે રા. રા. સંતોષરામ દેશાઇને સાથે રાખી રાજ્યનો સમગ્ર બંદોબસ્ત પોતાને હાથ રાખ્યો, તેથી તેઓએ તેઅર્થે ચેતવણીના ઉપાયો યોજવા માંડ્યા. દરબારનું જામદારખાનું કે જેમાં ઉંચી કીમતના દાગીના હતા, તથા

રોકડ શિલક રૂપૈયા હતા તેને, તથા દરબારી દફ્તરવગેરેને પોતાના કબજામાં રાખ્યાં, અને તે ઉપર આરબોની ચોકી સ્થાપી. તે ઉપરાંત તેવખતના પોલિટિકલ એજંટ કર્નલ બાર સાહેબને પણ ઘટિત સૂચના આપી.

ગોઘાના મામલતદારની સખ્તાઈ અને ગેરવર્તણુક.

પરંતુ પૂર્વે નામદાર બ્રિટિશ સરકાર તરફથી મહારાજા શ્રીવિજયસિંહજીનો અભિભવ થઈ તેમના માનમરતબાનો જે ભંગ થયો હતો તેનું અનુસંધાન આ પ્રસંગે ઘણા જ અધિક અને ખેદકારક રૂપમાં અનુભવાયું. મહારાજા શ્રીઅખેરાજજીના સ્વર્ગવાસથી ઉત્પન્ન થયલો અશ્રુપ્રવાહ અટકયો ન હતો એટલામાં તો બ્રિટિશ સરકારના તાબાના ફરશરામ ગણેશ નામના ગોઘાના મામલતદાર પોતાના કારકુનો તથા સરકારી પોલીસના માણસોના આડંબરસહિત ભાવનગર આવ્યા. તેમનો ઇરાદો દરબારની તમામ મિલકત ઉપર જપ્તી બેસાડવાનો હતો. રા. રા. ગૌરીશંકર, કે જેમણે આ મનસુબાની આગળથી ખબર મેળવી હતી તેમણે દરબારના એક પ્રતિષ્ઠિત અધિકારિદ્વારા તે મામલતદારને ગોઘે પાછા ફરવાનો વિનયપૂર્વક સંદેશો કહેવડાવ્યો. પરંતુ મામલતદારે પોતાના અધિકારના ઉન્માદમાં તકરારો કરવા માંડી, અને તેનું સમર્થન ધમકીવડે કર્યું. આખરે રા. રા. ગૌરીશંકરના રાજકીય કૌશલથી તેને પોતાની ધારેલી મતલબ સિદ્ધ કર્યા વિના પાછા જવાની જરૂર પડી. પરંતુ જતાં જતાં પણ તે, દરબારના ગેરલાભમાં અમદાવાદના કલેકટરને રીપોર્ટ કરવાનો પોતાનો ઇરાદો જણાવી ભયસૂચન કર્યા વિના રહ્યો નહિ.

અને તેણે પોતાના શબ્દોનું વ્યવહારમાં રૂપાન્તર કરી દર્શાવ્યું. ઓગસ્ટ ૧૮૫૪ માં અમદાવાદના કલેકટર મિ. હેડો સાહેબને તેણે રીપોર્ટ કર્યો; તેમાં, મહારાજા શ્રીઅખેરાજજીને પુત્રસંતતિનો અભાવ, તેમના ત્રણ ફટાયા ભાઇઓને મળી ચુકેલા ત્રણ ત્રણ ગામોના ગરાસ, તથા દરબારી અધિકારી-

ઓએ દરબારી માલમિલકતની કરેલી વ્યવસ્થા એવિગેરે બાબત-ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. રાજ્યના વિરોધીઓ નબળા પ્રસંગનો ગેરવ્યાજબી લાભ લઇ રાજ્યને અનિષ્ટ કરે નહિ એ અર્થે સર્વ અગમચેતીના ઉપાયો લેવાના સ્વભાવવાળા રા. રા. ગૌરીશંકરે પણ અમદાવાદના નગરશેઠ હેમાભાઇ વખતચંદ ઉપર એક્સ્પ્રેસ ટપાલ મોકલી ત્યાંના કલેકટરને ઘટિત ખબર આપી. તેમાં તેઓએ મહારાજા શ્રીઅખેરાજજીનો નાની ઉમરમાં પુત્ર-સંતતિવિના સ્વર્ગવાસ થયાની હકીકત જણાવી, તથા તેવા સમ-યમાં સરકાર તરફથી અનુકંપા અને દિલાસો મળવાને બદલે ગોઘાના મામલતદારે બેસાડવા ધારેલી જપ્તી તથા આપેલી ધમકીઓનું વર્ણન કર્યું. એ તકરારનું સાચું સ્વરૂપ જાણવાઅર્થે મિ. હેડોસાહેબે ગોઘાના મામલતદારને તેના હોદ્દા ઉપરથી સસ્પેન્ડ કર્યો, તથા રા. રા. ગૌરીશંકરને પોતાની સમક્ષ અમદા-વાદમાં બોલાવ્યા. ત્યાં રા. રા. ગૌરીશંકરે જાહેર કરેલી હકી-કતથી હેડોસાહેબને મામલતદારની ગેરવર્તણુક સ્પષ્ટ જણાઈ આવી, અને તેને નોકરીઉપરથી છેક દૂર કરવાનો વિચાર જણાવ્યો. પરંતુ મામલતદારે રા. રા. ગૌરીશંકરની અતિનમ્રતાપૂર્વક ક્ષમા માગી, જેથી તેમના દયાળુ સ્વભાવને લીધે જ આ વિનિપાતથી તે બચ્યો.

મિ. રોજર્સસાહેબે કરેલી જપ્તી.

આ તકરારનો આ પ્રમાણે અંત આવ્યો, પણ તેથી સર્વ ભયની નિવૃત્તિ થઇ ન હતી. તાલુકદારી સેટલ-મેન્ટ ઑફીસર મિ. એલેક્ઝાન્ડર રોજર્સસાહેબ કે જેઓ મૂલથી સરકારતરફ વલણ ધરાવનાર હતા, અને જેમનો અભિપ્રાય ભાવનગર દરબારને અનુકૂલ ન હતો તેઓએ મહારાજા શ્રીઅખેરાજજીના મરણથી એક વિલક્ષણ લાભ લેવાની તક મેળવી. ભાવનગરસહિત ૧૧૬ ગામો અમ-દાવાદની હકુમતમાં હતાં, અને તેના મહારાજાને "જમીનદાર" ગણવામાં આવ્યા હતા, તેથી એ ગામો જમીનદારી ગામોની પંક્તિમાં મૂકાયાં. એવાં ગામોના વારસાસંબંધે બંધાયેલો

"વિંગેટરૂલ" એ પ્રકારનો હતો કે કોઇ જમીનદાર અપુત્ર ગુજરી જાય તો તેની વિધવાની હયાતીસુધી સરકાર તેના તરફથી તાલુકાનો વહીવટ કરે, અને હયાતી બંધ થયે તાલુકો ખાલસા ગણાય. ભાવનગર દરબારના ભાયાત અને વળા તાલુકાના ઠાકોર શ્રીહરભમજી જ્યારે સંવત્ ૧૮૯૬ (સને ૧૮૪૦)ની સાલમાં પુત્રસંતતિરહિત ગુજરી ગયા ત્યારે તેમની ગાદીના વારસતરીકે તેમના ભાયાત રાવળ શ્રીપ્રતાપસિંહજીને મુંબઇ-સરકારે કબુલ રાખ્યા હતા, અને તેમનાં ગોઘા પરગણામાં આવેલાં અમદાવાદ જીલ્લાના કાયદાની હકુમતવાળાં, કમલેજ-વિગેરે ગામો કાયમ રાખ્યાં હતાં, છતાં આ પ્રસંગે મહારાજા શ્રીઅખેરાજજીના નાના ભાઇ મહારાજા શ્રીજશવંતસિંહજીને ભાવનગરની ગાદીના વારસ ન ગણતાં મિ. રોજર્સસાહેબે ભાવનગરસહિત ૧૧૬ ગામોઉપર આ સખત કાયદાનો અમલ કરવો ધાર્યો, અને તે મતલબનો અસહ્ય દુઃખદાયક કાગળ મહારાજા શ્રીજશવંતસિંહજી ઉપર લખ્યો, જેમાં છેવટે જાણે તેમના આશ્વાસનમાટે લખ્યું હોય તેમ એટલું લખ્યું હતું કે આ નિયમ માજી ઠાકોરની ખાનગી મિલકતને તથા ગાદીને લાગુ પડશે નહિ. તે પછી મિ. રોજર્સસાહેબે રેવેન્યુ કમિશનરની મંજુરી મેળવી, સને ૧૮૫૪ ના સપ્ટેંબર માસમાં, ગોઘા તથા ધંધુકાના મામલતદાર મારફત ૧૧૬ ગામોઉપર જપ્તી બેસાડી; ગામોના મુખી તથા પટેલઉપર જુદા જુદા હુકમો મોકલાવ્યા; ગામની ઉપજવગેરે માલ તથા વેરાવગેરે રોકડ ઉપજ "તાલુકદાર"ના માણસોને આપવાની તેમને મનાઈ કરી; એટલુંજ નહિ, પણ દરબારી માણસો મહેસુલ ઉઘરાવવા એ ગામોમાં પ્રવેશ કરે નહિ તે માટે તેમને પણ શિક્ષાની ધમકી આપી. આ પ્રમાણે દરબારની પ્રતિષ્ઠાહાનિની પરાકાષ્ઠા થવાથી નવીન જ ગભરાટ ફેલાયો.

મિ. રોજેર્સ સાહેબના આ હુકમની ખબર તથા દરબાર તરફથી કરવાયોગ્ય તકરારની સૂચના રા. રા. ગૌરીશંકરે રાજકોટ ખાતે રહેતા દરબારી વકીલ રા. રા. સવાઈલાલ સોમજીને આપી. તેમણે સઘળો વૃત્તાન્ત આક્ટિંગ પોલિટિકલ એજંટ કર્નલ બારસાહેબને નિવેદન કર્યો. ૧૧૬ ગામો અમદાવાદની હકુમતમાં હોવાથી એ તકરારમાં વચ્ચે પડવા કર્નલ બારસાહેબે પ્રથમ આનાકાની કરી. આ સ્થલે એટલું જાણવું અગત્યનું છે કે, સને ૧૮૫૨ માં એટલે મહારાજા શ્રીવિજયસિંહજીની આખર અવસ્થામાં, દરબાર તરફથી ૧૧૬ ગામો ઉપરથી બ્રિટિશ સરકારની કાયદાની હકુમત ઉઠાડવા સંબંધી નામદાર "કોર્ટ ઑફ ડિરેક્ટર્સ" પ્રતિ વિલાયત અરજી કરવામાં આવી હતી, અને તે ઉપર પોલિટિકલ એજન્ટ કર્નલ લેંગસાહેબે પણ દરબારના લાભમાં પોતાનો વ્યાજબી અને ન્યાયી અભિપ્રાય મુંબઈસરકારને જણાવ્યો હતો. સને ૧૮૫૩ માં "કોર્ટ ઑફ ડિરેક્ટર્સ" તરફથી એવો ઠરાવ થઈ આવ્યો હતો કે દરબારના મુલકનો સંબંધ અમદાવાદસાથે ન રાખતાં કાઠિયાવાડ એજન્સીસાથે રાખવાથી વિશેષ અનુકૂલ પડશે, અને એસંબંધી ઘટિત વ્યવસ્થા કરવા તેમણે મુંબઈ સરકારને સત્તા આપી હતી; પણ તેનો કોઇ નિશ્ચયાત્મક પરિણામ આવ્યો ન હતો. આ પ્રસંગનું સ્મરણ કર્નલ બાર સાહેબને અપાતાં તેમને આ તકરારમાં નિર્લેપ રહેવું યોગ્ય લાગ્યું નહિ, તેથી તેઓએ દરબારપાસેથી દલીલદાખલાની સવિસ્તર યાદી માગી, અને તે યાદીનો ઇંગ્રેજીમાં તરજુમો કરાવી મુંબઈ સરકારમાં રીપોર્ટ કર્યો, તેમાં તેઓએ મહારાજા શ્રીજશવંતસિંહજીને ગાદીના વારસ ગણ્યા, મિ. રોજર્સ સાહેબની વર્તણુક ન્યાયથી વિરુદ્ધ ઠેરવી, અને દરબારની માલિકીનાં ગામોઉપરથી જપ્તી ઉઠાવવા પોતાનો અભિપ્રાય આપ્યો.

કર્નલ બાર સાહેબ.

મહારાજા શ્રીજશવંતસિંહજીનો રાજ્યાભિષેક.

એક તરફથી આ તકરાર ચાલતી હતી, અને બીજી તરફથી રા. રા. ગૌરીશંકર કે જેઓ ન્યાયની રીતિએ વર્તવામાં સદા નિર્ભય હતા તેઓ રાજગાદીસંબંધે રાજ્યના પરિપકવ અનુભવવાળા અધિકારીઓનો અભિપ્રાય પૂછતા હતા. રાજ્યના ધારાપ્રમાણે મહારાજા શ્રીજશવંતસિંહજીને રાજ્યાસનારૂઢ કરવામાં સંદેહનું કારણ નથી એવિષે તેઓ સર્વ એકમત થયા. કર્નલ બારસાહેબને આ સમાચાર જણાવવામાં આવ્યાથી તેઓએ પોતાની તરફથી પોતાના આસિસ્ટંટ કૅપ્ટન શોર્ટ સાહેબને ભાવનગર મોકલ્યા. સંવત્ ૧૯૧૦ ના શ્રાવણ વદિ ૪ (તા. ૧૨ આગષ્ટ ૧૮૫૪) ને દિવસે તે સાહેબ, તથા કાઠિયાવાડનાં રાજસ્થાનોથી આવેલા મુખ્ય અધિકારીઓના સમક્ષ મહારાજા શ્રીજશવંતસિંહજીનો યથાવિધિ પટ્ટાભિષેક થયો. દરબારનું જામદારખાનું, તીજોરી, દાગીનાવગેરે તમામ મિલકત નવીન મહારાજાશ્રીને સ્વાધીન કરવામાં આવી, અને મહારાજાશ્રીને ફટાયાતરીકે જે ત્રણ ગામો ટીમાણા, પાવડી અને માખણીઆ ગરાસમાં મળ્યાં હતાં તે પણ રાજ્યમાં પાછાં દાખલ કરવામાં આવ્યાં. હવે માત્ર મુંબઈ સરકારની મંજુરી જ બાકી હતી; તે અર્થે રા. રા. ગૌરીશંકરે બારસાહેબદ્વારા મુંબઇ ગવર્મેન્ટમાં રીપોર્ટ કરાવ્યો.

ગાદીસંબંધે ફટાયાની તકરાર.

પણ તે મંજુરી મળવામાં એક અણધાર્યું વિઘ્ન આવ્યું. ગરાસસંબંધે જે ફટાયાઓની તકરારવિષે આગલા પ્રકરણમાં લખાઈ ગયું છે તેમાંના ફટાયા અખુભાએ મુંબઈ સરકારમાં એ પ્રકારની અરજી કરી કે ભાવનગરની ગાદીના માલીક અખેરાજજીનો સ્વર્ગવાસ થયો, અને તેમને પુત્રસંતતિ ન હોવાથી રાજ્યગાદીનો હક પુનઃ મહારાજા શ્રીવિજયસિંહજીના વંશમાં દાખલ થયો; અને તેથી તેમના બીજા કુંવર ફટાયા નારુભા (નારસિંહજી) ને ગાદી મળવી જોઇએ. આઉપરાંત એ અરજીમાં રાજ્યના વિશ્વાસપાત્ર અધિકા-

રીઓઉપર વિવિધ આરોપ મૂકવામાં આવ્યા હતા. ફટાયા કુંવર નારુભાએ પણ પાછળથી એજન્સીમાં અને સરકારમાં એવી જ મતલબની અરજી કરી. ફટાયાઓને આવી ખોટી સલાહ આપનાર બે માણસ હતા: એક તો આરબનો જમાદાર સાલે બીન નાસર, જે જમાદાર પ્રકરણથી વાંચનારને અજાણ્યો નહિ હોય, અને બીજો આપાજી મુકુંદ નામનો દક્ષણી બ્રાહ્મણ, જે એજન્સીમાં નોકર હતો, અને કોઇ આરોપવશાત્ સરકારથી કાઠીઆવાડની હદપાર થવાથી અમદાવાદની હકુમત તળેના ભાવનગરશહેરમાં આવી રહ્યો હતો. આ અરજી મુંબઇ સરકારે જવાબસારૂ કર્નલ બારસાહેબ ઉપર મોકલી. તે વખતે તે સાહેબની સ્વારીમાં દરબારી વકીલ રા. રા. સંતોષરામ માધવજી હતા. તેમણે રા. રા. ગૌરીશંકરપાસેથી એ અરજીનો જવાબ મંગાવી કર્નલ બારસાહેબને સર્વ હકીકતથી વાકેફ કર્યા. બારસાહેબે સરકારમાં સવિસ્તર જવાબ લખી મોકલ્યો, જેમાં તેઓએ મહારાજા શ્રીજશવંતસિંહજીના હકની પુષ્ટિમાં વળા, જૂનાગઢ તથા ગોંડળ દરબારના દાખલા આપ્યા. આણી તરફ રા. રા. ગૌરીશંકરની સલાહ પણ કુમારશ્રી નારુભાને રુચિપાત્ર થતી હતી. આખરે તે સલાહનું માન રાખી નારુભાએ પોતાની અરજી પાછી ખેંચી લીધી, અને એજન્સીમાં પોતાનું રાજીનામું આપ્યુ. આ પ્રમાણે ફટાયાઓએ રાજગાદીના વારસાસંબંધે ઉપસ્થિત કરેલી તકરારનો અનાયાસે નીવેડો આવ્યો.

એ અંતરમાં, મહારાજા શ્રીજશવંતસિંહજીના રાજગાદીના વારસાની મંજુરી સરકારથી આવતાં વિલંબ થવાથી મહારાજાશ્રીનાં પિતામહી શ્રીવખતુબાને બહુ અધૈર્ય રહેતું હતું. વાત્સલ્યથી પ્રેરિત તે રાજમાતુશ્રીએ એજન્સીમાં પત્રો લખાવી પોતાના અધૈર્યના ઉદ્ગાર કાઢ્યા; તે સર્વ કાગળોની હકીકત, પોતાના અભિપ્રાયસહિત, કર્નલ બારસાહેબે સરકારમાં નિવેદન કરી. મહારાજા શ્રીજશવંતસિંહજીએ પણ પોતાના ગાદીનશીન થયાના સમાચાર તે વખતના ગવર્નર લોર્ડ એલ્ફિન્સ્ટન સાહેબને જણાવ્યા.

આ સર્વ કાગળોનું અવલોકન કરી, સને ૧૮૫૪ ના ઓક્ટોબર માસમાં, મુંબઈ સરકારે અખેરાજજીના સ્વર્ગવાસને લીધે દિલગીરી દર્શાવી, અને મહારાજા શ્રીજશવંતસિંહજીનો ગાદીવારસો મંજુર કર્યો. આ ઉત્સવરૂપ વૃત્તાન્તની મહારાજાશ્રીને ખબર આપવા સારૂ રા. રા. ગૌરીશંકરે પોતાના પુત્ર રા. પ્રભાશંકરને શિહોર મુકામે મોકલ્યા. મહારાજાશ્રીએ રા. રા. ગૌરીશંકરઉપર તેમની રાજસેવાની પ્રશંસાનો કાગળ લખ્યો.

જપ્તી ઉઠી.

હવે મિ. રોજર્સસાહેબે અયોગ્ય રીતે બેસાડેલી જપ્તી ઉઠાવવી બાકી રહી. તે સંબંધે રા. રા. ગૌરીશંકરે મુંબઇ ખાતાના દરબારી એજન્ટ મિ. મહેરવાનજી નસરવાનજી ભાવનગરીને દલીલદાખલાસહિત નામદાર ગવર્નર લોર્ડ એલ્ફિન્સ્ટન સાહેબની હજુરમાં મોકલ્યા. તેમણે સિદ્ધ કરી આપ્યું કે મહુવા, ઉમરાળાવગેરે મુલકગિરી તાબાનાં ગામોઉપર જેવી રીતે દરબારનું માલિકપણું છે તેવી જ રીતે ૧૧૬ ગામોઉપર પણ છે. આ ઉપરથી સરકારને મિ. રોજર્સ સાહેબનું કૃત્ય ગેરવ્યાજબી સમજાયું, અને તેમણે ૧૮૫૪ ના ઓક્ટોબર–નવેંબર માસમાં જપ્તી ઉઠાવવાનો ઠરાવ કરી રેવેન્યુ કમિશનરને અને પોલિટિકલ એજન્ટ કર્નલ બારસાહેબને મોકલાવ્યો. પણ તે ઠરાવસાથે એક અગત્યની શરત એ હતી કે એ ગામોની કુલ જમીનની માપણી સરકારી અધિકારીઓ કરે તેમાં દરબારે હરકત કરવી નહિ. આ શરત કરવાનું કારણ, કદાચ એ ગામોની વાર્ષિક જમેનો આંકડો વધારવાના આશયથી સરકારને મળ્યું હશે. ૧૮૫૪ ના ડિસેંબર મહિનામાં મિ. રોજર્સ સાહેબે ગોઘા તથા ધંધુકાના મામલતદારો ઉપર જપ્તી ઉઠાવવાનો હુકમ લખી મોકલાવ્યો. પરંતુ જપ્તી ઉઠતાં ઘણો વિલંબ થયો, તે એટલે સુધી કે ખેતરમાં પાકેલા અનાજના મોલની કાપણી ન થવાથી દરબારને સુમારે રૂ. ૧૦,૦૦૦) નું

નુકસાન* પહોંચ્યું, અને છેવટે જમીનની માપણી કરવાની સંમતિ મહારાજાશ્રીએ સમક્ષમાં મિ૦ રોજર્સ સાહેબને આપી. આખરે અમદાવાદના અધિકારીઓએ એ ગામોઉપરથી જપ્તી ઉઠાવી લેતાં, તેની માલિકી પુનઃ દરબારશ્રીને પ્રાપ્ત થવાથી મહારાજાશ્રીને ઘણો હર્ષ થયો, અને રા. રા. ગૌરીશંકરને ઘણી નિવૃત્તિ થઇ.†

હકુમતબાબત; અનુદર્શન તથા ઇતિહાસ.

આ પ્રકારે રા. રા. ગૌરીશંકરે એકનિષ્ઠાપૂર્વક રાજસેવાથી દરબારનાં અનેક વિઘ્ન ટાળ્યાં, પરંતુ ભાવનગરસહિત ૧૧૬ ગામો ઉપરથી સરકારી હકુમત સાંગોપાંગ ન ઉઠ્યાસુધી તેઓ પોતાને કૃતાર્થ, અને પોતાના શ્રમને સફલ માનતા ન હતા. તેથી એ ગામોઉપર દરબારનો કુલ અખત્યાર સ્થાપવાઅર્થે તેઓએ ભગીરથપ્રયત્ન આદર્યો. એ પ્રયત્નનું સ્વરૂપ યથાર્થ રીતે સમજવાઅર્થે એ ગામોની હકીકત તથા કુલ ઇતિહાસ જાણવો આવશ્યક છે.

મુગલ સરકાર, ગાયકવાડ સરકાર, પેશ્વા સરકાર, તથા ઇંગ્રેજ સરકાર—એમનો કાઠિયાવાડ પ્રાંતનાં રાજસંસ્થાનો સાથેનો સંબંધ, વડોદરાના રેસિડેન્ટ કર્નલ વોકરે પોતાના જુદી જુદી સાલમાં કરેલા રીપોર્ટોથી પરિસ્ફુટ કર્યો છે. સને ૧૮૦૪, ૧૮૦૬, ૧૮૦૮ વિગેરે સાલના રીપોર્ટથી તે સાહેબ સ્પષ્ટ રીતે જણાવે છે કે કાઠિયાવાડ પ્રાંતના રાજાઓ અકબર બાદશાહના વખતથી જ

---

*આ રૂ. ૧૦,૦૦૦)ના નુકસાન સંબંધે, તથા મિ૦ રોજર્સ સાહેબના હુકમથી જપ્તીખરચ દરબારપાસથી વસુલ કરવામાં આવ્યો તે સંબંધે રા. રા. ગૌરીશંકરે સરકારમાં તકરાર ચલાવી હતી; તેનું સમાધાન સર થીઓડર હોપસાહેબના રૂબરૂ સને ૧૮૬૦ ની સાલમાં સરકાર અને દરબારની પરસ્પર સંમતિથી થયું હતું.

† ભાવનગર દરબારનાં ગામોઉપર "વિંગેટરૂલ" લાગુ ન પાડવાનો સરકારી ઠરાવ કાઠિયાવાડનાં બીજાં રાજસંસ્થાનોને લાભકર દૃષ્ટાન્તરૂપ થઈ પડ્યો છે. સને ૧૮૬૩–૪ માં લાઠીના ઠાકોર અમરસિંહજી અપુત્ર મરણ પામ્યા, તે વખતે અમદાવાદ જીલ્લાની હકુમત તળેનાં તે સંસ્થાનનાં વાલુકડવગેરે ચાર ગામોઉપર સરકારે "વિંગેટરૂલ" લાગુ પાડ્યો ન હતો.

પોતાની સ્વતંત્રતા જાળવી રહ્યા છે, અને એ ન્યાયી નૃપે તેમને પોતાના હકો ભોગવામાં કંઇ પણ ખલેલ પહોંચાડી ન હતી. સને ૧૭૨૩–૨૪ માં દામાજી ગાયકવાડે કાઠિયાવાડમાં પગપેસારો કર્યો, અને ગાયકવાડી સત્તા જામતાં અમરેલીવિગેરે ઠેકાણે થાણાં સ્થપાયાં. સને ૧૭૩૯ માં પેશ્વા સરકારે ડભોઇઆગળ ગાયકવાડી સત્તાનો પરાજય કરી ગુજરાત તથા કાઠિયાવાડમાં ભાગ પડાવ્યો. સને ૧૭૭૫ ની સાલમાં અમદાવાદમાં મુગલ રાજ્યની સમાપ્તિ થવાથી ગાયકવાડ તથા પેશ્વાએ ગુજરાતનો મુલક વહેંચી લીધો. મુસલમાન અને તેમના પછી મરેઠાઓ વારાફરતી કાઠિયાવાડમાં વખતોવખત અને થોડાવધતા ભાગમાં પોતાની સત્તાનું જોર બતાવી કોઇ કોઇ નિર્બલ રાજાઓને દબાવતા, અને તેમની પાસેથી ખંડણી લેતા, પરંતુ તે શિવાય, હકુમતવિગેરે રાજ્યની આંતર વ્યવસ્થાના કામમાં પડતા નહિ. કદાપિ કોઈ બલવાન્ રાજા બહુ વિરોધ દર્શાવતો તો તેની સાથે યુદ્ધ કરી જયપરાજયના પ્રમાણમાં ખંડણીમાં વધઘટ કરતા; અર્થાત્ ટુંકાણમાં મુસલમાન અને મરેઠાઓ લૂંટ કરવાની મતલબથી જ સ્વારી કરતા, રાજહકુમતમાં વચ્ચે આવવાનો તેમનો લેશ પણ આશય ન હતો.

ઉપર કહ્યા પ્રમાણે ગુજરાતની ઉપજ અને કાઠિયાવાડની પેશકશીમાં પેશ્વાને ભાગ મળ્યો, પણ પેશ્વાનું લશ્કર વિશેષે કરીને ઉત્તર તથા દક્ષિણ હિંદુસ્તાનમાં ગુંથાઇ રહેતું, તેથી તેની વસુલાત ગાયકવાડ સરકાર તરફથી જ થતી.* આ સમયે બ્રિટિશ

* ભાવનગર દરબાર તરફથી ગાયકવાડ સરકારની મુલકગિરી ભરાતી હતી તેનો ચલ્લુ આંકડો કર્નલ વોકર સાહેબના સેટલમેન્ટને અનુસારે સને ૧૮૦૭–૮ થી રૂ. ૭૪,૫૦૦) નક્કી પાડવામાં આવ્યો, અને કંપની સરકાર દરબારના જામીન થયા. "સબસિડિયરી ફોજ"ના ખરચબદલ ગાયકવાડ સરકારે પોતાના કેટલાક મહાલો બ્રિટિશ સરકારને આપ્યા, તેની સાથે આ મુલકગિરીની રકમ પણ ચલ્લુમાટે સરકારને મળી. આ કારણથી ગાયકવાડ સરકારનો દાવો ભાવનગર દરબાર ઉપરથી બંધ થયો, તેમ જ એ રકમ ચલ્લુમાટે ઠરાવેલી હોવાથી તે પ્રમાણે લેવાને બ્રિટિશ સરકારે કબુલ કરેલું છે. પરંતુ પેશ્વાભાગની પેશકશીનો આંકડો ચલ્લુમાટે ઠર્યો ન હતો, તેથી તેમાં વચમાં પડવાનું સરકારને બની આવ્યું હતું.

સરકારની સત્તાનો સૂર્ય પ્રતિદિન અધિક અધિક તપતો હતો. પોતાના પ્રતિપક્ષીઓથી ત્રાસ પામેલો બાજીરાવ પેશ્વા વસઇમાં કંપની સરકારને શરણે થયો, અને તા. ૩૧ ડીસેંબર સને ૧૮૦૨-ને દિવસે તેની અને કંપની સરકારની વચ્ચે વસઇનું પ્રખ્યાત તહનામું થયું, જેમાં ઘણા અગત્યના કોલકરારો થયા. તેમાં "સબસિડિયરી ફોજ" ના ખરચબદલ પેશ્વાએ ગોઘા, ધંધુકા અને રાણપુર તાલુકા ઉપરના પોતાના તમામ હકો કંપનીને સ્વાધીન કર્યા. ભાવનગર દરબાર તરફથી ગાયકવાડ સરકારની મુલકગિરી જેમ ભરાતી હતી, તેમ પેશ્વા સરકારની પેશકશી ભરનાર દરબારના તાબાનાં ૧૧૬ ગામો એ ત્રણ તાલુકામાં આવ્યાં હતાં.

સને ૧૮૦૪ માં, એટલે વસઇના તહનામા પછી આસરે દોઢ વર્ષે, કરેલા પોતાના રીપોર્ટમાં કર્નલ વોકર સાહેબ સ્પષ્ટ લખે છે કે ગોઘા પરગણાનાં તમામ ગામોના માલિકો કંપની સરકારને જમે ભરે છે, પરંતુ તે ઉપરાંત બીજી કોઇ પણ પ્રકારની તાબેદારી ઉઠાવવાને તેઓ બંધાયલા નથી. તેમ જ ૧૮૦૬ ની સાલમાં કરેલા પોતાના રીપોર્ટમાં એ સાહેબ લખે છે કે હિંદુસ્તાનમાં કેટલીક અવ્યવસ્થા થવાથી રાજ્યનો ફેરફાર થયો તે સમયથી તે આજપર્યન્ત કાઠિયાવાડના સરદારો પોતાની આબરૂ તથા હકુમતનું રક્ષણ યોગ્ય રીતે કરતા આવ્યા છે. પેશ્વાનો હક માત્ર તાલુકદારો પાસેથી જમે લેવાનો હતો. તે જ હક ઇંગ્રેજ સરકારને મળેલો હોવાથી કાઠિયાવાડના રાજાઓ ખંડણી આપવા બંધાયલા છે, પરંતુ તેથી તેમની સ્વતંત્ર સત્તા કે હકુમતનો લોપ થતો નથી.

સને ૧૮૧૩ ના દુઃસહ દુષ્કાલની વ્યથાથી પીડાયલા મારવાડી મઉનું ટોળું ભાવનગર આવ્યું. તેમાંના કેટલાકે આર્યમાતા ગાયનો વધ કર્યાથી સર્વત્ર હાહાકાર વર્ત્યો, અને મહારાજા શ્રીવખતસિંહજીએ ધર્મશાસ્ત્રાનુસાર અપરાધીઓને દેહાન્તદંડ કર્યો. આ સમયે કંપની સરકારનો અમલ ગુજરાતમાં ખેડા

જીલ્લામાં હતો. એ ખેડા જીલ્લો તેમને સને ૧૮૦૩ માં ગાયકવાડ સરકાર પાસેથી મળ્યો હતો, અને તેની અંદર ગોઘા, ધંધુકા તથા રાણપુર પરગણાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભાવનગરમાં ગોવધ થયાના પ્રસંગે ખેડાના કલેકટર મિ. એહેરામ રોલ્સ સાહેબ હતા. ભાવનગર દરબારના વિરોધી લોકોના ભમાવવાથી એ સાહેબને ભાવનગર ઉપર કટાક્ષ હતો. ગોવધનું નિમિત્ત મળવાથી તેમણે દરબારવિરુદ્ધ ઉપરાચાપરી રીપોર્ટો મુંબઈ સરકારમાં કર્યા, અને તેમણે દરબાર તરફથી કંઇ પણ જવાબ ન માગતાં સને ૧૮૧૬ નો છઠ્ઠો આકટ પસાર કરી ભાવનગર સહિત ૧૧૬ ગામો ઉપરથી ભાવનગર દરબારની દીવાની તથા ફોજદારી હકુમત છીનવી લીધી, અને આ પ્રમાણે કર્નલ વોકર જેવા નિષ્પક્ષપાતી અધિકારીના અભિપ્રાય ઉપર પાણી ફેરવ્યું. ૧૮૧૬ ના આકટથી મહારાજા શ્રીવખતસિંહજી તો સામાન્ય તાલુકદારની નિકૃષ્ટ પંક્તિમાં મૂકાયા.

૧૧૬ ગામોની વિગત નીચે પ્રમાણે હતી :—

૭૬ ગોઘા પરગણામાં આવેલાં ભાવનગરસહિત ગામો.

૩૧ ધંધુકા પરગણા તાબાના પાટણા, ભડભીડવિગેરે ગામો.

૯ રાણપુર પરગણામાં ગણેલાં કસ્બે બોટાદ તથા હડદડવિગેરે ગામો.

ઉપર કહેલાં ૭૬ ગામોમાં ગોઘાના મામલતદારની ફોજદારી હકુમત ચાલતી હતી, અને તે એટલી સખત હતી કે ભાવનગરમાં રહેતા દરબારશ્રીના કુટુંબની પ્રતિષ્ઠાહાનિ થવાના પ્રસંગો પણ ઉપસ્થિત થતા. આ પ્રતિબંધોનું વર્ણન મહારાજા શ્રીવિજયસિંહજીએ અમદાવાદના માજિસ્ટ્રેટ ડનલોપ સાહેબ ઉપર વારંવાર કરવાથી તે ન્યાયી અને પ્રામાણિક અધિકારી તે

ઉપરથી મુંબઇ સરકારમાં રીપોર્ટ કરવા પ્રેરાયા, જેનો પરિણામ એ થયો કે ભાવનગરમાં દરબાર તરફથી ફોજદારી અમીન રાખવાની મંજુરી મુંબઇસરકારે આપી, અને તે બાબતનો ઠરાવ ૧૮૨૦ માં કર્યો. એ અમીનને અમદાવાદના માજિસ્ટ્રેટ સાહેબના તાબામાં રહીને કામ કરવાનું હતું, અને તેની ફોજદારી હકુમત ભાવનગરસહિત ૭૬ ગામો ઉપર હતી. *

ગોઘા અને ધંધુકા પરગણામાં આવેલાં ગામોના ખેડુતો એવા માથાફરેલ થઇ ગયા હતા કે તેઓ તે પરગણાઓના મામલતદારો ઉપર વારંવાર અરજીઓ કરતા, જેમાં તેઓ દરબારના વહીવટદારવિગેરે અધિકારીઓ ઉપર અનેક પ્રકારના આરોપ મૂકતા. અધિકારીઓનો બચાવ કરવાનું કામ રા. રા. ગૌરીશંકરને સોંપવામાં આવ્યું હતું. વસુલાતની બાબતમાં બ્રિટિશ સરકારના અમલદારોને વચમાં આવવાનો કંઈ હક નથી એવી દલીલનો તેઓ પ્રયોગ કરતા, પરંતુ એકંદરે ૧૧૬ ગામોમાંથી વસુલાત ઉઘરાવવાનું કાર્ય બહુ વિકટ થઇ પડ્યું હતું.

વળી એ ગામો ઉપર બ્રિટિશ સરકારની દીવાની ફોજદારી અદાલતોના હુકમ લાગુ થયાથી ભાવનગરના રાજ્યકર્તાઓ કેવી ભયગ્રસ્ત સ્થિતિમાં આવી પડ્યા હતા તે વૃત્તાંત ચતુર્થ પ્રકરણમાં ઘણે ભાગે કહેલો છે. તે ઉપરાંત પણ દરબારને અનેક અડચણો નડતી હતી.

---

* એ ફોજદારી અમીનનો અધિકાર મહારાજા શ્રીવિજયસિંહજીએ પ્રથમ પોતાના ભાણેજ અને ધ્રાંગધ્રા સંસ્થાનના ભાયાત ઝાલા નાનભાને આપ્યો; તેમની મદદમાં નાગર ગૃહસ્થ મહેતા ઇંદ્રજી આણંદજી હતા. તેમના પછી રા. રા. ગૌરીશંકરના ભાણેજ રા. પરભુદાસ પરમાણંદદાસને એ અધિકાર સોંપવામાં આવ્યો. ત્યાર પછી રા. પરભુદાસના નાના ભાઈ રા. સામલદાસને એ અધિકાર મળ્યો, જે રા. સામલદાસ રા. રા. ગૌરીશંકર પછી પ્રધાનપદે સ્થિત થયા હતા. રા. સામલદાસ પછી રા. પરમાણંદ પરજારામ ઓઝા, અને તેમનાપછી રા. રા. ગૌરીશંકરના ભત્રીજા રા. જયંતીલાલ વેણીલાલે ભાવનગરની ફોજદારીનું કામ ચલાવ્યું હતું. આ સર્વ સદ્ગૃહસ્થોએ પોતાના અમીનના અધિકારની ભોગવટમાં રાજાપ્રજાને પૂર્ણ સંતોષ આપ્યો હતો.

૧૮૨૧ નો કાયદો પ્રસિદ્ધ કરી બ્રિટિશ સરકારે એવી વ્યવસ્થા કરી હતી કે દાણચોરીનું અફીણ કોઇ પણ બંદરથી ચઢે નહિ, અને સરકારની વખારનું અફીણ સર્વત્ર ખરીદ થાય. મારવાડના કેટલાક વેપારીઓએ દાણચોરીના અફીણનો મોટો જથ્થો જાફરાબાદ બંદરથી રવાના કરવા મોકલ્યો હતો. દરમ્યાન ભાવનગર રાજ્યના કુંડલા પરગણાના વીજપડી ગામમાંથી તે દાણચોરીનું અફીણ ભાવનગર દરબારના દ્વેષી લોકોએ ઇંગ્રેજ સરકારના માણસો પાસે પકડાવ્યું, જેઓએ તે અફીણ અમદાવાદના માજિસ્ટ્રેટ સાહેબ ઉપર મોકલી દીધું. વળી તે દ્વેષી લોકોએ દરબારઉપર એવો આરોપ ઉપસ્થિત કર્યો કે એ અફીણ ભાવનગર દરબારે જાતે પોતાના મુલકમાં વેચાણ કરવાને મંગાવ્યું હતું. આ આરોપ મહારાજા શ્રીવિજયસિંહજી તથા તેમના અધિકારીઓ ઉપર સિદ્ધ કરવા અર્થે તેઓએ બનાવટી દસ્તાવેજો ઉભા કર્યા. અમદાવાદના સેશન્સ જડજ આગળ કામ ચાલતાં ભાવનગરના દ્વેષી લોકોનો યદ્યપિ પરાજય થયો, તથાપિ એ પ્રસંગથી દરબારને પ્રતિષ્ઠાહાનિરૂપ વિપત્તિનો સખેદ અનુભવ થયો હતો.

ભાવનગર રાજ્યના ઉપયોગ માટે ત્રાંબાના પૈસા પાડવાની ટંકશાળ ઘણાં વર્ષ થયાં ભાવનગરમાં હતી. અમદાવાદના કલેક્ટર સાહેબોના બહુ સખત હુકમોને માન આપી મહારાજા શ્રીવિજયસિંહજીએ એ ટંકશાળ બંધ પડાવી. પરંતુ તેમણે એ સંબંધી મુંબઇ સરકારમાં અરજી કરી, તેનો પરિણામ એ આવ્યો કે સને ૧૮૩૬ માં નીમાયલી કમીટી આગળ એ કામ પણ ચાલ્યું, અને સરકાર તરફથી દરબારને રૂ. ૨,૭૯૩) દર વર્ષે નુકસાનીબદલ આપવા ઠર્યા.

આવિગેરે વિપત્તિઓ મહારાજા શ્રીવિજયસિંહજી જેવા અધીશને બહુ વ્યથાકર થાય એ સ્વાભાવિક હતું; તેમાં વળી પોતાના શરીરઉપર વૃદ્ધાવસ્થાનાં ચિહ્ન જણાવાથી તેમના દુઃખમાં વધારો

થતો હતો. સને ૧૮૫૧ માં તેઓએ પોતાના વિશ્વાસપાત્ર રા. રા. ગૌરીશંકર તથા રા. રા. સંતોકરામ દેશાઇને પોતાની પાસે એકાંતમાં બોલાવ્યા, અને તેમની આગળ પોતાની દુઃખમય સ્થિતિનું કરુણાજનક વાણીમાં વર્ણન કર્યું. ભાવનગરના પૂર્વ રાજ્યકર્તાઓનો વિભવ તથા તેમની સ્વતંત્ર સત્તા, પોતાના સમયમાં અપાર સત્તાહાનિ તથા વ્યાપારભંગ, અને ભવિષ્યમાં પોતાના વંશજોની એથી પણ દુઃખતર સ્થિતિ આવવાનો સંભવ—એ સર્વનું વર્ણન મહારાજાશ્રીના મુખથી સાંભળતાં ઉભય નાગરવરોનું હૃદય દ્રવી ગયું. છેવટે મહારાજાશ્રીએ કહ્યું કે "મેં પોતે જેટલું દુઃખ અને સંકટ વેઠ્યું છે તેટલું મારા હવે પછીના વારસો જે આ રાજગાદીઉપર આવશે તે ભોગવી શકશે નહિ. માટે મારી એવી ફરજ છે કે હવે પછીના રાજ્યકર્તાઓઉપર સરકારી કાયદાની બારીકીનું દુઃખ આવી પડે નહિ, અને તેથી તેઓ મુક્ત થાય એવા ઉપાયો કામે લગાડવાના પ્રયત્ન કરવાનું મારી નજરમાં આવે છે. અને તે પ્રયત્નો તમે બંને જણા કરશો તો તેમાં જરૂર તમે ફતેહ પામશો, કેમકે તમે રાજ્યના જૂના, અનુભવી અને નિમકહલાલ નોકર છો, તેથી મારો તમારા બંનેનાઉપર પૂરો વિશ્વાસ છે. મારી છેવટની અવસ્થામાં હું નજરે જોઉં તેવો પ્રયત્ન તમારે કરવો. નામદાર સરકારપાસેથી આપણે વ્યાજબી ઇનસાફ માગવો, કે જેવી અમારી પ્રથમ સ્વતંત્ર સત્તા હતી તેવી સરકાર કાયમ રાખે." આનું ઉત્તર રા. રા. ગૌરીશંકરે બહુ ધૈર્યથી આપ્યું કે "આપની આજ્ઞાપ્રમાણે એ કામ અમે આજથી જ શરૂ કરીશું. આપના વારસો ભાવનગર રાજ્યઉપર સ્વતંત્ર અમલ ચલાવશે એમ અમે હીંમતની સાથે કહીએ છીએ. આપણાં દરબારી દફતરોથી દરબારની સ્વતંત્ર સત્તા અમે સાબીત કરી શકીશું, અને એ બાબતમાં નામદાર કંપની સરકારના અધ્યક્ષમંડલ ('કોર્ટ ઓફ ડિરેક્ટર્સ')ને વિલાયત અરજી મોકલવાની ગોઠવણ કરવામાં આવશે." આ ઉત્તરથી મહારાજાશ્રી પ્રસન્ન થયા હતા.

મહારાજાશ્રીના આદેશને અનુસરીને રા. રા. ગૌરીશંકર તથા રા. રા. સંતોકરામ દેસાઇએ અવિલંબે પ્રયત્ન આરંભ્યો. દરબારનાં દફતરોમાંના અસલ કાગળો ઉપરથી રા. રા. ગૌરીશંકરે અરજીનો મુત્સદ્દો ગુજરાતીમાં તૈયાર કરી મુંબઈના દરબારી એજંટ આજમ મહેરવાનજી નસરવાનજીપાસે તેનું ઇંગ્રેજીમાં ભાષાંતર તૈયાર કરાવ્યું. તે ઉપરથી બહુ પરિશ્રમે મુંબઇના કુશલ બારિસ્ટરોપાસે ઇંગ્રેજી અરજી તૈયાર કરાવવામાં આવી. ૫ ફેબ્રુઆરી સને ૧૮૫૨-ની તારીખ નાંખી તે અરજી નીચે પોતાનો સહીશિક્કો કરતાં મહારાજા શ્રીવિજયસિંહજી બોલ્યા કે "આ અરજીમાં બધી હકીકત યથાર્થ આવી ગયલી છે, તેના ઉપર નામદાર કોર્ટ ઓફ ડિરેક્ટર્સના સાહેબો ઇનસાફની રાહે જરૂર ધ્યાન આપશે એમ મને લાગે છે." એ અરજી નામદાર મુંબઇ સરકારઉપર મોકલવા રા. રા. ગૌરીશંકરે પોલિટિકલ એજંટ કર્નલ લેંગસાહેબને વિજ્ઞપ્તિ કરી, પરંતુ તે ઉપર તેમના તરફથી ધ્યાન ન અપાતાં રા. રા. ગૌરીશંકરે તે અરજી બહારોબહાર મુંબઈ મોકલાવી. ૧૮૫૨ ના માર્ચ માસમાં મુંબઈ સરકાર તરફથી કર્નલ લેંગસાહેબઉપર એવી મતલબનું લખાણ આવ્યું કે—

કોર્ટ ઓફ ડિરેક્ટર્સપ્રતિ અરજી.

"૧. ભાવનગરના ઠાકોર સાહેબની આ અરજી તમો પોલિટિકલ એજંટની મારફતે આવવી જોઇએ, તે પ્રમાણે ન આવતાં બહારોબહાર આવી છે તેનું કારણ શું?

મુંબઈ સરકારના પ્રશ્ન.

"૨. અરજી ઉપર ઠાકોર સાહેબનો જે શિક્કો છે તે, પૂર્વે આવેલા શિક્કા સાથે મુકાબલો કરતાં, જુદી રીતનો માલમ પડે છે તેનું કારણ શું?

"૩. અરજી નીચે 'રાજા વજેસિંહજી વખતસિંહજી' એવી સહી છે. ઠાકોર સાહેબ પ્રથમ 'રાઓળ-

શ્રીવજેસિંહજી' એવી સહી કરતા હતા, તો આ અરજીમાં 'રાજા' શબ્દ લખેલો છે તેનું શું કારણ?

"૪. ઠાકોર સાહેબનાં પૂર્વનાં લખાણોમાં ટીલાયત કુંવર અખેરાજજીનું નામ જોવામાં આવે છે, અને આ અરજીમાં તે નથી તેનું શું કારણ?

"ઉપરની ચાર કલમનો તપાસ કરીને આ અરજીસંબંધમાં તમારો અભિપ્રાય લખી મોકલવો."

કર્નલ લેંગસાહેબનો રીપોર્ટ તથા અભિપ્રાય.

લેંગ સાહેબ ઉપર આવી મતલબનું સરકારી લખાણ આવ્યા પછી થોડે જ અંતરે મહારાજા શ્રીવિજયસિંહજીએ સ્વર્ગવાસ કર્યો, અને મહારાજા શ્રી-અખેરાજજી ગાદીનશીન થયા. રા. રા. ગૌરીશંકર રાજ્યકાર્યમાં વ્યાપૃત હોવાને લીધે, સને ૧૮૫૨ ના સપ્ટેંબર માસપૂર્વે કર્નલ લેંગ સાહેબની સ્વારીમાં જઈ શક્યા નહિ. સરકારે પૂછેલા પ્રશ્નો સાહેબે રા. રા. ગૌરીશંકરને બતાવ્યા, અને તેમના જવાબ આપવા સૂચવ્યું. રા. રા. ગૌરીશંકરે આપેલા સવિસ્તર ઉત્તરથી કર્નલ લેંગ સાહેબની ખાતરી થઈ, અને તેઓએ એ જ સાલના ઓકટોબર માસમાં પોતાના અભિપ્રાયસહિત રીપોર્ટ કરી મોકલ્યો, જેની મતલબ નીચે પ્રમાણે હતી:—

"૧. એ અરજી ભાવનગરના કારભારીએ મુંબઈ સરકારમાં મોકલવા મારી પાસે રજુ કરી હતી, પણ ઠાકોર સાહેબનાં, કાયદાની હકુમત નીચે આવેલાં, ગામોસંબંધી ઠરાવ થઈ ચુકેલા છે એવું મારા જાણવામાં હતું, અને આ અરજીમાં કંઇ નવી હકીકત નહિ હોય એવું જાણીને મેં એ અરજી રાખેલી નહિ હતી. તેથી ઠાકોર સાહેબે એ અરજી બહારોબહાર મોકલેલી જણાય છે.

"૨. ઠાકોર સાહેબની જૂની મહોર ઘસાઈ ગયલી હતી તેથી બીજી નવી મહોર તૈયાર કરાવી તેઓએ તે મહોરનો શિક્કો કરેલો છે.

"૩. ઠાકોર સાહેબે પોતાની સહીમાં 'રાજા' એવો શબ્દ લખેલો છે તેનું કારણ ભાવનગર દરબારના કારભારી એવું બતાવે છે કે તેઓ ઠાકોર સાહેબ પોતાને તથા તેમના પિતાને સરકારે રાજાતરીકે કબુલ રાખેલા છે; અને તે ઠાકોર સાહેબને એવી આશા હતી કે તેમના વારસોસંબંધમાં સરકાર તેમના કુલનો ચાલતો આવેલો 'રાજા' ઇલિકાબ માન્ય રાખશે. 'રાઓળ'નો ખેતાબ પણ 'રાજા'ની બરોબરીનો જ ગણાય છે.

"૪. એ અરજી એકલા ઠાકોર સાહેબના નામથી લખેલી છે, અને ટીલાયત કુંવર અખેરાજજીનું નામ તેમાં લખ્યું નથી તેનું કારણ ભાવનગરના કારભારી એવું બતાવે છે કે જેવી મુશીબતો અને હરકતો ઠાકોર સાહેબ ઉપર ગુજરી હતી તેવી આયંદે તેમના વારસો ઉપર ગુજરે નહિ એવો બંદોબસ્ત કરવાનો હેતુ ઠાકોર સાહેબનો હતો. આ કારણથી તેઓએ ફક્ત પોતાના નામથી અરજી કરેલી હતી.

"ભાવનગરના ઠાકોર સાહેબે પોતાની અરજીમા જેટલી બીના લખેલી છે તે, હું મારી ખાતરજમાથી લખું છું કે, તમામ ખરી છે. અને તેનું જે દુઃખ ઠાકોરસાહેબ ઉપર, એમના સગાવહાલા ઉપર, તથા એમના નોકરચાકર ઉપર પડેલું છે તે સંબંધી હકીકત તેઓએ મને ઘણી વખત જાહેર કરેલી હતી, અને એ સંબંધી હું પણ સરકારમાં ઘણી વાર લખાણ કરી ચુક્યો છું. ઠાકોર સાહેબે પોતાની અરજીમાં લખેલા સબબો સામે કોઇ રીતનો વાંધો ઉઠાવી શકાય એમ નથી. કેમકે ઠાકોર સાહેબના, ગાયકવાડ ભાગમાં આવેલા, મહાલોમાં અદ્યાપિસુધી તેમનો સ્વતંત્ર અમલ ચાલે છે, અને વસઈનું

તહનામું પેશ્વા સરકાર સાથે સરકારને થયું ત્યાં સુધી પેશ્વા ભાગનાં ગામો, જે ભાવનગરના ઠાકોર સાહેબનાં માલિકપણાનાં છે તેમાં એ ઠાકોર સાહેબનો એક સરખી રીતનો સ્વતંત્ર અમલ ચાલતો હતો તેમાં લેશ પણ તફાવત નહિ હતો.

"કાઠીઆવાડ પ્રાંતમાં પેશ્વા ભાગની ખંડણીના તાલુકાઓ આવેલા છે. તે મહાલો આપણે પેશ્વા પાસેથી ફતેહ કરીને મેળવેલા છે, અને ઠાકોર સાહેબનાં ગોઘા, ધંધુકા અને રાણપુર પરગણાનાં ગામો ટ્રીટીની રૂએ આપણા તાબામાં આવેલાં છે તેથી એ બંને પ્રકારના મહાલોમાં જેટલો પેશ્વાનો હક હતો તેટલો જ આપણે હક ભોગવવા યોગ્ય છે. તે ઉપરાંત વધારે આપણાથી દખલગીરી થઇ શકે નહિ. પણ જો આપણા મનગમતો સબબ ગોઠવીને આપણો અમલ વધારવાની નજર રાખીએ તો તેવો સબબ કાઠિયાવાડ પ્રાંતમાં આવેલા પેશ્વા ભાગના મુલક ઉપર લાગુ પડી શકે. પણ જે મુલક પેશ્વાએ આપણને ટ્રીટી કરીને આપ્યો તેમાં તેનો જેટલો હક હોય, તે જ હક આપણાથી ભોગવી શકાય. પણ કહેવાને આશ્ચર્ય થાય છે કે ભાવનગરના ઠાકોર સાહેબના સંબંધમાં તો તમામ રીતે ઉલટું થયલું છે. કારણ કે પેશ્વા ભાગની ખંડણીનાં સંસ્થાનો, જે કાઠિયાવાડ-પ્રાંતમાં આવેલાં છે, તેમના રાજાઓ પોતાની અસલમુજબ સ્વતંત્ર સત્તા ભોગવ્યા જાય છે, અને ભાવનગરના ઠાકોર સાહેબ, જે સેંકડો વર્ષથી પોતાનો સ્વતંત્ર અમલ ચલાવતા આવેલા છે, જેમાં પેશ્વાએ પોતાના પૂર અમલના વખતમાં હાથ ઘાલેલો ન હતો તે અમલ આપણે તેના (ભાવનગર દરબારના) હાથમાંથી લઇ લીધો છે.

"ભાવનગરના દાવા જે સરકાર ઉપરના હતા તેનો નિર્ણય કરવા મુકરર કરવા થયલી કમીટી ઉપર સને ૧૮૩૬ ના ઓગસ્ટ મહિનામાં સરકારના સેક્રેટરી મિ. જોન વેલ્બી સાહેબે કાગળ લખેલો છે તેમાં ભાવનગરના ઠાકોર સાહેબ ઉપર જેટલી કાયદાની હરકતો તથા સખ્તીઓ છે તે સરકારે કબુલ કરેલી છે તેથી એ વિષે મારે વધારે લખવાની જરૂર નથી.

"સને ૧૮૧૩ ની સાલના દુષ્કાળમાં કેટલાક મઉ મારવાડીઓએ ભાવનગરમાં ગોહત્યા કરેલી એ તોહમતથી ઠાકોર સાહેબે તેમને દેહાંત શિક્ષા કરેલી, તેથી ઠાકોર સાહેબના ઉપર સરકારે ઘણી નાખુશી બતાવેલી હતી. તે વખતે પણ ઠાકોર સાહેબ સ્વતંત્ર રાજા હતા, અને પોતાની રૈયતનો જાન બચાવવા તથા દેહાંત શિક્ષા કરવાનો તેમના હાથમાં પૂર્ણ અખત્યાર હતો. અને તે તેમની સ્વતંત્ર સત્તા સર્વ લોકોના જાણવામાં પ્રસિદ્ધ રીતે હતી, એટલું જ નહિ પણ સરકારના અધિકારીઓએ પણ તે સ્વતંત્ર અમલ કબુલ રાખેલો હતો. ગોવધનો અપરાધ હિંદુશાસ્ત્રમાં દુષ્ટમાં દુષ્ટ ગણેલો છે એ વાતમાં બીલકુલ શક નથી. એ ગોહત્યા કરનારાઓ પહેલેથી ગાયો ચોરી કરી લઈ ગયા હતા, અને તે પછી તેઓએ તે ગાયોને મારી નાંખી. એ ચોરી કર્યાની વાત નામદાર સરકાર ભાવનગરના ઠાકોર પ્રતિ પોતાના ગુસ્સાના વખતમાં બીલકુલ ભૂલી ગયલા હતા. આપણા સુધરેલા દેશમાં પણ થોડાં વર્ષ ઉપર ફકત ચોરીને વાસ્તે માણસોને મારી નાંખતા હતા. તે જોતાં ઠાકોર સાહેબે આ દુષ્ટ લોકોને દેહાંતશિક્ષા કરેલી છે તેમાં કાંઈ તેમણે તેમના હિંદુ શાસ્ત્રના ચાલપ્રમાણે જુલમ કીધો કહેવાય નહિ. આ પ્રમાણે ઠાકોર સાહેબે પોતાનો દેશચાલ તથા શાસ્ત્રની રીતિપ્રમાણે પોતાનો હક તથા હોદ્દો બજાવ્યો, એટલા માટે તેમનો પુરાતન અને મુલ્યવાન્ દેશ તેમની સ્વતંત્ર સત્તામાંથી ગયો, એથી તેમને મોટું નુકસાન પહોંચે[illegible] છે એ આપણે ન્યાયની રાહે કબુલ કરવું જોઇએ.

[illegible] કાઠીઆવાડ પ્રાંતમાંહેલા તમામ નાના મોટા તાલુકદારો, [illegible]ની સાથે આપણે વધારે મિત્રાચારી રાખવાનો સબબ નથી, [illegible]માં રાજસ્થાનો અને તાલુકદારો પોતાની સ્વતંત્ર હકુમતનો [illegible]ભોગ કરે છે. પણ ભાવનગરના ઠાકોર સાહેબ જેઓએ છેક આ[illegible] મુલકમાં બ્રિટિશ અમલની સ્થાપના થઇ ત્યારથી સરકારને વખતોવખત વફાદાર રહી ઘણી સારી મદદ કરેલી

છે, તેમની સાથે આપણે ઘણું સારૂં સલુક રાખવું જોઇએ તેને બદલે તેમનો સ્વતંત્ર અમલ આપણે લઇ લીધેલો છે.

"ભાવનગરના ઠાકોર સાહેબ પોતાની ફરિયાદ સરકારપાસે અને સરકારના ઘણાક પોલિટિકલ એજંટ સાહેબ પાસે કરવામાં કોઈ દિવસ પાછળ પડેલા નથી, તેનો દાખલો ઠાકોર સાહેબની ઘણી અરજીઓ સરકારમાં દાખલ થયલી છે તેથી જોવામાં આવશે. તે મધ્યેની એક અરજી પોલિટિકલ એજંટ સર ડેવિડ બ્લેનસાહેબે પોતાના તા. ૧૬ મે સને ૧૮૨૯ ના પત્ર સાથે સરકારમાં મોકલી છે તે જોયેથી સરકારને વધારે ખાત્રી થશે.

"ઠાકોર સાહેબનાં ગામોઉપરની વાર્ષિક જમાની રકમમાં હરવખત ઘણો જ વધારો થતો ગયો છે, તેથી તેમને મોટું નુકસાન પહોંચેલું છે. વળી ભાવનગર દરબાર જેવા મોટા આબરૂદાર રાજાને તેમના સંસ્થાન ભાવનગર અને રાજધાનીના શેહેર શિહોરની અંદર આપણે એક રૈયતની માફક હલકા કરી નાંખેલા છે. તેથી તેમનું ઘણીક વખત અપમાન થવાથી એ હકીકત તેઓએ પોતાની અરજીમાં લખી જણાવેલી છે. તે[illegible] જ હાલ તાજેતર તેમની હલકાઇમાં વધારો એ થયલો મારા જોવામાં આવેલો છે કે ઠાકોર શ્રીવિજયસિંહજી સ્વર્ગવાસી થયા અને તેમના ઉત્તરકાર્યમાં રાજસ્થાનોના કેટલાક માણસો ભેગા થયલા હતા, તેવા વખતમાં મોસુફ ઠાકોર સાહેબની વિધવા રાણી બાઇશ્રી નાનીબા ઉપર તેમના લેણદાર[illegible]ભમાં સરકારી અદાલત તરફથી થયલા હુકમનામાઉપરથી તે [illegible]શ્રીની મિલકત ઉપર જપ્તી કરવાને માટે ગોઘાના મુનસફની [illegible]ર્ટનો નાજર આવેલો હતો. એ લેણદેણમાં ભારે વ્યાજની ર[illegible] ચઢાવીને તે લેણદારે હુકમનામું મેળવ્યું હતું. એ બધા રૂ[illegible] આપવા વિધવા રાણી નાનીબા અશક્ત હતાં, તેથી તેમ[illegible] આબરૂમાં હલકાઇ થાય એટલા માટે રાજકુટુંબની આબરૂ જાળવવા ખાતર હાલ ગાદીનશીન થયલા ઠાકોર સાહેબ અખેરાજજીને તે

બાઇના તરફથી જામીન થવું પડ્યું. અગર જો તેઓ ઠાકોર સાહેબની અને વિધવા રાણી નાનીબાની વચ્ચે લાંબી મુદતથી દુશ્મનાઇ ચાલતી આવેલી છે તે ઉપર નજર રાખવામાં આવે તો ઠાકોર સાહેબ તેના કદાપિ જામીન થાય નહિ, પણ કુટુંબની ઇજતમાં ખલલ નહિ પહોંચે તેટલા માટે મોસુફ ઠાકોર સાહેબને જામીન થવું પડ્યું છે.

"ઠાકોરના કારભારી રા. ગૌરીશંકર મને હરવખત એવું જાહેર કરે છે કે અમારી મરજી રૈયતના રક્ષણમાં બીલકુલ ખલેલ કરવાની નથી. ઉલટું તે રૈયતનું હરેક રીતે વધારે રક્ષણ થાય તેવી ગોઠવણ કરવામાં અમે ઘણા ખુશી છીએ. અને તે પ્રમાણે તેઓ સારી રીતે બંદોબસ્ત કરી શકશે. માટે સરકારના દાનાઇ-ભરેલા વિચારમાં મુનાસબ આવે તે પ્રમાણે ગોઠવણ કરીને ભાવનગરના ઠાકોર સાહેબને એ કાયદાની હકુમતના દુ:ખમાંથી દૂર કરશો એવો મને ભરોસો છે."

કોર્ટ ઓફ ડિરેક્ટર્સનો ઠરાવ.

સદરહુ રીપોર્ટ નામદાર મુંબઇ સરકારમાં ગયાથી તેઓએ અરજીસહિત સર્વ કાગળો કોર્ટ ઓફ ડિરેક્ટર્સના સાહેબો તરફ મોકલાવી દીધા. તે ઉપરથી તે સાહેબોએ સને ૧૮૫૩ ની સાલના જુન મહિનામાં નીચેની મતલબનો ઠરાવ કરી મોકલાવ્યો :—

"આ તકરારને આડત્રીશ વર્ષ થઇ ગયલાં છે, તેથી હવે નવેસરથી એનો તપાસ કરવો યોગ્ય નથી. પરંતુ સરકારના ઘણાક અધિકારીઓ જેમણે ઠાકોર સાહેબના કામનો જુદી જુદી વખત ઉપર તપાસ કરેલો છે તેઓ સર્વનો એક સરખો અભિપ્રાય થયલો છે કે ભાવનગરના ઠાકોર સાહેબની સાથે સરકારને જેવી મિત્રાચારી રાખવી જોઇએ તેવી રાખવામાં આવેલી નથી, તેમના ઉપર ઘણી સખ્તી ગુજરે છે, અને તેમને આપણે હલકાઇથી ગણીએ છીએ. ઇનસાફના કામમાં કોઇને વધતો કે ઓછો હક આપવો એ આપણી નીતિથી ઉલટું છે. ઠાકોર

સાહેબના મુલકનો ખરો સંબંધ અમદાવાદની સાથે નહિ મળતાં કાઠિયાવાડની સાથે વધારે અનુકૂલ પડે છે એ વાત વિચારમાં લેતાં એમનો તમામ દેશ કાઠિયાવાડ એજન્સી તાબે રહે તો ફાયદા જેવું લાગે છે, અને તેની સાથે ઠાકોર સાહેબ પણ ઘણી ખુશીની સાથે એ વાત કબુલ રાખશે અને તેથી એમના મનની ફિકર દૂર થશે. એટલા માટે એમને અમદાવાદના દીવાની ફોજદારી અમલથી મુક્ત કરીને કોઇ પ્રકારના પોલિટિકલ અમલને તાબે કરવા જોઇએ.

"જે પ્રમાણે હાલમાં ઠાકોર સાહેબના એક તાલુકાનો ભાગ પોલિટિકલ એજન્સીની સત્તા હેઠળ છે તે જ પ્રમાણે આ પેશ્વા ભાગના તાલુકામાં પણ તેમના ઉપર પોલિટિકલ એજન્સીની સત્તા રહેવી જોઇએ, અને એવી રીતનો બંદોબસ્ત ઠાકોર સાહેબના બાબતમાં કરવા માટે સને ૧૮૩૭ ની સાલમાં માજી ગવર્નર સર રોબર્ટ ગ્રાન્ટ સાહેબે ભલામણ કરેલી હતી, અને કર્નલ લેંગ સાહેબ પણ હાલ એવો જ બંદોબસ્ત કરવાની ભલામણ કરે છે, જે ઉપરથી તમે મુંબઇ સરકારે તમારો અભિપ્રાય બતાવેલો છે.

"એ સર્વ વિચારમાં લઇને અમે લખીએ છીએ કે એ બાબતમાં તમારે (મુંબઇ સરકારે) પુખ્ત વિચાર કરીને તમારી નજરમાં જે સારો બંદોબસ્ત આવે તે કરવો, અને હિંદુસ્તાનની ધારા કરનારી કાઉન્સિલને નવો આકટ કરવા સંબંધી લખી મોકલવું."

એ પ્રમાણે કોર્ટ ઓફ ડિરેકટર્સના સાહેબોએ ભાવનગર દરબારની વ્યાજબી અરજ ધ્યાનમાં લઇને જે ઠરાવ કરેલો તેના સમાચાર મુંબઈ સરકારે સને ૧૮૫૩ના ઓગસ્ટ માસમાં પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબને પત્રદ્વારા આપેલા હતા, જેમાં તેઓએ તે સાહેબનો અભિપ્રાય માગેલો હતો. કર્નલ લેંગસાહેબે એ સમાચાર રા. રા. ગૌરીશંકરને આપ્યાથી

તેઓએ એ સંબંધી વિચાર કરી ગોઠવણ કરવા સઘળી હકીકત તે સાહેબને જાહેર કરી હતી.

લગભગ ૩૮ વર્ષ સુધી ભાવનગર શહેર અને તેનાં ગામોની વસતિ સરકારી કાયદાના અમલ નીચે સુખશાંતિથી રહેલી હતી, તેથી તે કાયદાનો અમલ દૂર કરવામાં આવે ત્યાર પછી પણ તે વસતિને વ્યાજબી ન્યાય મળ્યો જાય એવી ગોઠવણ કરવા માટે કર્નલ લેંગસાહેબે વિચાર કરીને પોતાના અભિપ્રાયસહિત મુંબઇ સરકારમાં રીપોર્ટ કરીને મોકલાવ્યો હતો, કારણકે તે વખત ભાવનગર સંસ્થાનમાં અને કાઠિયાવાડપ્રાંતનાં રાજસ્થાનોમાં પોતાની વસતિને ન્યાય આપવા માટે નિયમિત ધોરણ ચાલતું ન હતું. એ સર્વ કાગળો મુંબઇ સરકારમાં જતાં તેઓએ એ સંબંધી ગુજરાત પ્રાંતના રેવેન્યુ કમિશનર અને તેમના તાબાના અમદાવાદના કલેકટર સાહેબનો અભિપ્રાય માગ્યો. અમદાવાદ ખાતાના અધિકારીઓનું વર્તન મૂલથી જ ભાવનગર દરબારથી વિરુદ્ધ હતું તેથી તેઓએ એ બાબત યોગ્ય લક્ષ ન આપતાં પોતાનો અભિપ્રાય આપવામાં અત્યંત વિલંબ કર્યો, તેથી હકુમતનું પ્રકરણ લાંબો વખત સુપ્ત રહ્યું.

હકુમતનું પ્રકરણ આટલેથી મૂકી હવે આપણે પેશકશી અને સાહ્યરવેરાની બાબતો, કે જેનો આખર નિકાલ હકુમતના સવાલ સાથે એક સાલમાં થયો, તેને અવલોકીએ.

પેશકશી.

પેશ્વાના હક કંપની સરકારને પ્રાપ્ત થતાં તેઓએ રૂા. ૧૧,૪૨૫–૮–૦ ની પેશકશીની રકમ તકરાર કર્યા વિના પાંચ વર્ષ સુધી સ્વીકારી. પછી ખેડાના કલેકટર મિ. બેહેરામ શેલ્સે તેમાં રૂા. ૩,૦૦૦) નો વધારો કરી ભાવનગર દરબાર ઉપર પોતાનો કટાક્ષ પ્રદર્શિત કર્યો. આ વહીવટ ત્રણ વર્ષ સુધી ચાલ્યો. સને ૧૮૧૬ માં

એટલે ગોવર્ધનો પ્રસંગ બન્યા પછી ખેડાના કલેક્ટર રોબર્ટસન સાહેબે પેશકશીની રકમમાં વધારો કરવાના ઇરાદાથી ગોધા મુકામ કર્યો અને પોતે જે આંકડો ઠેરવે તે સ્વીકારવા મહારાજા શ્રીવખતસિંહજીની સંમતિ નમ્ર અને મૃદુ ભાષણથી લઇ લીધી. પછી તે સાહેબે સાત વર્ષસુધીનો આંકડો ઠેરવતાં પેશકશીની રકમમાં લગભગ રૂા. ૧૮,૦૦૦)નો ગંજાવર વધારો કર્યો, એટલે કુલ આંકડો રૂા. ૩૨,૦૦૧) થયો. મહારાજાને આથી અત્યંત લાગણી થઇ, પરંતુ પ્રતિજ્ઞાભંગ થવાના ભયથી પ્રતિષ્ઠાભંગ સહન કરી રહ્યા; પણ ત્યારપછી તેમના શરીરને તથા પ્રાણને વિશેષ સંબંધ રહ્યો નહિ.

ઉપર કહ્યા પ્રમાણે રૂા. ૩૨,૦૦૧ નો પેશકશીનો આંકડો સને ૧૮૧૬–૧૮૨૩ એટલે સાત વર્ષ સુધી ભરાયો. એ રકમ કે જે સને ૧૮૨૩ સુધી સુરતી તથા સિક્કાઈ રૂપૈયામાં ભરવામાં આવતી હતી તેને કંપની સિક્કાના રૂપૈયામાં વસુલ કરવાના ઇરાદાથી સને ૧૮૨૩ માં અમદાવાદના કલેક્ટર મિ. ચેરી સાહેબે તેમાં વટાવનિમિત્ત રૂા. ૧,૦૦૦ નો વધારો કર્યો. કલેક્ટરના અધિકાર ઉપર ચેરી સાહેબ એક વર્ષપર્યન્ત રહ્યા. તેમના પછી મિ. વિલિયમસન સાહેબ નિમાયા. તેમણે ૧૮૨૪-માં દરબારી અધિકારીઓને પોતાની સમક્ષ બોલાવી સખત ધમકી આપી, અને આ નૂતન યુક્તિથી રૂા. ૩૩,૦૦૧ ના રૂા. ૫૩,૭૦૧ કર્યા. આ પ્રકારનો અમલ દશ વર્ષ સુધી ચાલ્યો, પછી સને ૧૮૩૫ માં મિ. જેકસન સાહેબ કલેક્ટર નીમાયા. તેમને એ રકમથી સંતોષ ન થવાથી તેઓએ આંકડો રૂા. ૬૩,૯૦૧ ઉપર લાવી મૂકયો. આવા મનસ્વી વધારાને ન સ્વીકારતાં દરબારે એ રકમ ભરવી બંધ કરી, ત્યારે મિ. જેકસન સાહેબે દરબાર ઉપર દરરોજ રૂા. ૩૦૦ દંડતરીકે વસુલ લેવામાટે મોસલ કર્યો. તે મોસલ ૨૭ દિવસ સુધી રહ્યો. પછી નિરુપાયે અને ઘણી અનિચ્છાએ મહારાજા શ્રીવિજયસિંહજીએ પેશકશીના રૂપૈયા ગોધા મામલતદારની તીજોરીમાં ભર્યા, તે-

માંથી તેણે રૂા. ૮,૧૦૦ મોસલના જમે કર્યા. આ સંબંધી મુંબઇ સરકારમાં અરજી થતાં તેમણે દરબારને રૂા. ૩,૧૦૦ પાછા આપ્યા, એટલે સરકારી અધિકારીઓનું અને દરબારનું એમ ઉભયનું માન સચવાયું ગણાયું.

સરકારી અધિકારીઓના હુકમનું માન રાખી મહારાજા શ્રીવિજયસિંહજી ઉપરપ્રમાણે વધારેલી જમેની રકમ આપતા હતા, પરંતુ તે સંબંધી તેમના અંતઃકરણમાં ભારે અપ્રસન્નતા રહેતી હતી, કારણકે ધોરણવિના અને નિષ્કારણ જમેની રકમમાં વધારો થતો જાય તો એ ગામો ઉપર દરબારશ્રીનું સ્વામિત્વ માત્ર નામનું જ રહ્યું ગણાય. આ બાબત વ્યાજબી ન્યાય મેળવવાને માટે તેઓએ મુંબઈ સરકારમાં લખાણ કર્યું, તેમણે અનેક નાની મોટી તકરારોનું નિરાકરણ કરવા અર્થે કસ્ટમ કલેકટર મિ. પેલી સાહેબ, અમદાવાદના કલેકટર મી. બેલ સાહેબ અને પોલિટિકલ એજન્ટ કર્નલ લેંગ સાહેબની કમીટી નીમી. એ કમીટીએ સને ૧૮૩૬ માં ગોઘા મુકામ કીધો. તેમની આગળ દરબારે પોતાના પૂરાવા રજુ કરતાં જણાવ્યું કે પેશ્વા સરકાર જે રકમ લેતા હતા તે રકમ બ્રિટિશ સરકારે પણ પાંચ વર્ષસુધી સ્વીકારી છે. પણ કમીટીના સાહેબોને આ પ્રકારના વાદવિવાદની પદ્ધતિ રુચી નહિ. તેઓએ રૂબરૂમાં પોતાનો અભિપ્રાય એ પ્રમાણે જણાવ્યો કે રૂા. ૩૨,૦૦૦ થી રૂા. ૫૨,૦૦૦ સુધીની કોઈ પણ રકમ નક્કી ઠરાવાશે. પણ તે સંબંધી તેઓએ કશો નિર્ણયરૂપ ઠરાવ કર્યો નહિ. મુંબઈ સરકારમાં પુનઃ લખાણ કરતાં તે તરફથી એવો જવાબ મળ્યો કે આ બાબતનો ખુલાસો પોલિટિકલ એજન્ટ-મારફત મળશે; પોલિટિકલ એજન્ટને પૂછતાં તેઓએ એ કામ મહેસુલી ખાતાને લગતું ઠેરવ્યું, અને અમદાવાદના કલેકટરને પૂછવા લખ્યું; કલેકટરપાસે ખુલાસો માગ્યો તો તેમણે કમીટીના અધ્યક્ષ કસ્ટમ કલેકટર મિ. પેલી સાહેબનું નામ આપ્યું. આ પ્રમાણે ભ્રમણામાં પડેલા અને સરકારના અલક્ષના પાત્ર થયેલા

મહારાજા શ્રીવિજયસિંહજીની પરતંત્રતામય સ્થિતિ અને વ્યર્થ આશાજન્ય પીડા દિવસે દિવસે અધિક અસહ્ય થવા લાગી.

કાઠિયાવાડનાં રાજસંસ્થાનોના શરણરૂપ પોલિટિકલ એજન્ટ-દ્વારા પાછી આ બાબતને ઉપસ્થિત કર્યા વિના બીજો માર્ગ હવે રહ્યો ન હતો, તેથી તે સાહેબની મદદ આ પ્રસંગે લેવામાં આવી. તેઓએ સરકારમાં રીપોર્ટ કર્યો, જેનો પરિણામ એ આવ્યો કે સને ૧૮૪૦ માં અમદાવાદના કલેક્ટર સર રોબર્ટ આરબુથનટ સાહેબ, રેવેન્યુ કમિશનર મિ. વૈબર્ટ સાહેબ, તથા તેમના આસિસ્ટંટ સર બાર્ટલ ફ્રિયર સાહેબ (જેઓ પાછળથી મુંબઇના ગવર્નર થયા) એ ત્રણ સાહેબોની કમીટી નીમાઈ. એ કમીટી આગળ ગોઘા મુકામે સઘળા આવશ્યક પૂરાવાસહિત મુખ્ય કારભારી રા. રા. પરમાણંદદાસ રણછોડદાસ, તથા રા. રા. ગૌરી-શંકર, કે જે તેમના તાબામાં રહી આસિસ્ટંટ કારભારી તરીકે કામ કરતા હતા તેઓ હાજર થયા; અને તે સાહેબોએ એવો ઠરાવ કર્યો કે ૧૮૪૦--૭૦ એ ત્રીસ વર્ષ સુધી દરબારે દરવર્ષે રૂ. ૫૩,૦૦૦) જમેના ભર્યા કરવા.

મિ. જાકસન સાહેબે ઠેરવેલી રૂ. ૬૩,૯૦૧ ની રકમના પ્રમાણમાં આ નવી રકમ ભરવાથી દરબારને પ્રતિવર્ષ રૂ. ૧૦,૯૦૧ નો લાભ હતો, અને તેટલા પૂરતો સંતોષ માનવાનું કારણ હતું; પણ ત્રીશ વર્ષ પછી એમાં વધારો નહિ થાય એવી કશી ખાત્રી ન હોવાથી દરબારને એ પક્ષે નિરંતર ભીતિ રહેતી. તેથી ચલ્લુનો આંકડો નક્કી કરાવવા અર્થે મહારાજાશ્રીએ નામદાર મુંબઇ સરકારમાં પોતાની તકરાર જારી રાખી. ચર્ચા કાયમ રાખવાથી સરકારે ડેપ્યુટી કસ્ટમ કલેક્ટર મિ. હેબર્ટ સાહેબ (જેઓ પછીથી મુંબઇની સદર અદાલતના જડજ થયા હતા) તથા પોલિટિકલ એજન્ટ કર્નલ લેંગ સાહેબની કસ્ટમના કામ સાથે જમાબંદીના કામ માટે કમીટી મુકરર કીધી. તે સાહેબો સને ૧૮૫૧ માં ભાવનગર મુકામે મળ્યા. આમાંના મિ. હેબર્ટ સાહે-

બનું વલણ સરકાર તરફ વિશેષ હોવાથી તેમનો અભિપ્રાય ચલ્લુનો આંકડો નક્કી કરવા સામે પડ્યો, અને કર્નલ લેંગ સાહેબનો અભિપ્રાય તેમ કરવાની તરફેણમાં હતો, તેથી આ કમિટી એકમત થઈ શકી નહિ. પોતાની આશા પૂર્ણ ન થયાના આ દુઃખદ સમાચાર મહારાજા શ્રીવિજયસિંહજીને કાને પડ્યા ત્યારે તેમને અત્યંત અસંતોષ થયો. આ પછી તેમનો દેહ વિશેષ ટક્યો નહિ. પેશકશીના પ્રકરણનો નિકાલ થતા પહેલાં તેઓએ સ્વર્ગવાસ કર્યો (૧૮૫૨).

હવે મહારાજા શ્રીજશવંતસિંહજીના આધિપત્યમાં અને રા. રા. ગૌરીશંકરના પ્રધાનપદસમયે આ પેશકશીના પ્રકરણનો શો નિર્ણય થયો તે જાણવા પહેલાં સરકારી હકુમત સાથે નિકટ સંબંધ ધરાવનાર સાહ્યરવેરોવિગેરે બાબતો આપણે અવલોકીએ.

સાહ્યરવેરો વિગેરે બાબતો.

સને ૧૮૪૪ નો ૧૯ મો આકટ પસાર કરી મુંબઈ સરકારે મીઠા ઉપરનો દર બંગાળી મણે રૂા. ૦-૮-૦ થી રૂા. ૧-૦-૦ એ પ્રમાણે વધાર્યો, તેમ જ તે સાથે પ્રજા ઉપર કસ્બાવેરો તથા બીજા કેટલાક પરચુરણ કરો, જેવા કે ખુશ્કી જકાત, માપા, ઇત્યાદિ લેવાનો અમલ બંધ કર્યો. ભાવનગરસહિત ૧૧૬ ગામો સરકારી હકુમતમાં હોવાથી તેમના ઉપર આ નવીન કાયદો લાગુ પાડવાનો અમદાવાદના કલેકટરે નિશ્ચય કર્યો. આટલા વખતપર્યન્ત સરકારી રેવેન્યુ ખાતાનો કોઈ પણ કાયદો દરબારને લાગુ પડ્યો ન હતો, અર્થાત્ તેવા કાયદાનો આ પ્રથમ જ પગપેસારો હતો તેથી, દરબારશ્રીને અચિન્તિત નવીન ભયની પ્રાપ્તિ થઇ. ‘એ ગામો ઉપરની દીવાની તથા ફોજદારી હકુમત સરકારના હાથમાં રહે તે ઉપરાંત મહેસુલ ખાતાના નિયમો તે ઉપર લાગુ થાય, અને જમાબંદીના આંકડામાં અધિકારીઓના તરંગને અનુસરીને વધારો થતો જાય તો પછી એ ગામો

ઉપર દરબારશ્રીના સ્વામિત્વનું કયું ચિહ્ન રહ્યું'' આવા ખેદ અને ભયથી મિશ્રિત ચિન્તા ભાવનગરગાદીના અધિપતિને થવા લાગી.

આ કાયદો પસાર થયો એટલે સને ૧૮૪૫ માં ગોઘાના મામલતદાર રા. રાવજી કૃષ્ણે, તથા ધંધુકાના મામલતદારે તેને પ્રથમ ભાવનગર શિવાયનાં ૧૧૫ ગામો ઉપર અમલમાં મૂકયો. ભાવનગર તળ ઉપર તેનો અમલ ન કરવાનું કારણ તેમને એ લાગ્યું કે ગોઘા પરગણાનાં ગામોની જે યાદી સરકારમાં હતી તેમાં ભાવનગરનું નામ હતું નહિ. પણ તેમના પછી અમદાવાદના રહીશ રા. મહાસુખરામ નરભેરામ નામના વાણિયા અધિકારઉપર આવ્યા તેમને સરકારી દફતરો તપાસતાં, ભાવનગરનું બહિષ્કરણ યોગ્ય લાગ્યું નહિ, કારણ કે ગામોની યાદીમાં ભાવનગરનું નામ જો કે ન હતું તોપણ 'જૂના વડવા' ગામનું નામ હતું, અને ભાવનગર શહેર તે ગામની સીમમાં વસેલું હોવાથી યાદીમાં અંતર્ગત જ ગણાય. આ અધિકારીની આવી સૂક્ષ્મ બુદ્ધિ અમદાવાદના કલેકટરને બહુ અનુકૂલ આવી, તેથી તેમણે ભાવનગરનો સમાવેશ કરી ૧૧૬ ગામો ઉપર એ ધારાને લાગુ કરવાનો ઠરાવ કર્યો; એટલે સાહ્યરવેરો, મકાત, માપુ, ઉભડ, કસ્બાવેરો, વિવાહચોરી, ઉચકોવગેરે વેરાથી દરબારને પૂર્વે જે ઉપજ વસુલ થતી હતી તે બંધ થવાથી ભારે નુકસાન વેઠવાનો પ્રસંગ આવ્યો, અને ભાવનગર શહેર મોટું બંદર હોવાથી, ખુશ્કી રસ્તે આવતા તથા રવાને થતા માલ ઉપરની જકાતની મોટી રકમ પ્રતિવર્ષ વસુલ આવતી હતી તે બંધ થવાથી દરબારને હાનિની સીમા રહી નહી.

गजानां पङ्कमग्नानां गजा एव धुरंधराः ।

જ્યારે હાથી ખાડામાં પડે છે ત્યારે તેને હાથી જ બહાર ખેંચી કાઢે છે. તેમ જ્યારે મહારાજાઓ આપત્તિમાં આવી પડે છે ત્યારે તેમને સાહાય્ય કરનાર તેમના કુશલ મંત્રીઓ જ હોય છે. તેથી, ભાવનગર દરબારની આવી દુઃખદ વ્યાકુલ

સ્થિતિ થતાં, તેમની આંખ રા. રા. ગૌરીશંકર ઉપર ઠરી. આ વખતે એટલે સને ૧૮૪૭ ની સાલમાં રા. રા. ગૌરીશંકર પોતાના ચિરંજીવી રા. * વિજયશંકરના વિવાહનિમિત્તે ગણદેવીમાં રોકાયા હતા. મહારાજાએ ખાસ પોતાનું વહાણ મોકલી તેમને ત્યાંથી આગ્રહપૂર્વક બોલાવ્યા. તેઓએ આવતા વારને સરકારી રેવેન્યુ કાયદાના અમલથી દરબારને થતા ભારે નુકસાનસંબંધે સરકારમાં લડત ચલાવવારૂપ યજ્ઞની દીક્ષા લીધી.

અમદાવાદના કલેક્ટર મિ. ફ્રોસેટ સાહેબ આગળ આ તકરાર ચલાવતાં તેમણે એ કામ રેવેન્યુ કમિશનરના અખત્યારનું ઠેરવ્યું. સને ૧૮૪૦--૭૦ એ ત્રીશ વર્ષ સુધી પેશ્વા ભાગનાં ગામો ઉપરની જમાનો આંકડો રૂા. ૫૩,૦૦૦ ઠર્યો હતો એ ઉપર આવી ગયું છે. એક પક્ષે એટલી રકમ પ્રતિવર્ષ સરકારમાં ભરવાની હતી, અને બીજે પક્ષે સાદ્યરવેરાવિગેરેનું લેવાણ સરકારે બંધ કર્યાથી દરબારને પ્રતિવર્ષ મોટી હાનિ થતી હતી, તેથી રા. ગૌરીશંકરે રેવેન્યુ કમિશનર સાથે એવો યુક્તિપુરઃસર વાદ ચલાવ્યો કે દરબાર હવેથી પેશકશીની રકમ ભરશે નહિ, કારણ કે દરબારના કંપેનસેશનવિગેરેના દાવાના રૂપૈયા નીચે પ્રમાણે સરકારપાસે લેણા નીકળે છેઃ—

રૂા. ૪,૦૦૦) ગોઘા બંદરમાં ભાવનગરનો હિસ્સો હતો તે છોડ્યા બાબત નુકસાની બદલ.

રૂા. ૨,૮૦૦) સરકારના હુકમથી દરબારે તાંબાના પૈસા પાડવાની ટંકશાળ બંધ કરી તે બાબત નુકસાની બદલ.

રૂા. ૯૦) બીજી પરચુરણ બાબતો.

રૂા. ૬,૮૯૦) કુલ વાર્ષિક.

રૂા. ૫૩,૦૦૦—રૂા. ૬,૮૯૦=રૂા. ૪૬,૧૧૦).

---

* જણાવવાને બહુ આનંદ થાય છે કે હાલના નેકનામદાર મહારાજા શ્રીભાવસિંહજીએ રા. વિજયશંકરજીને તેમના પ્રતાપી પિતાની ઉચ્ચ પ્રધાન પદવીઉપર સ્થાપ્યા છે.

આ પ્રમાણે દરબારે રૂા. ૪૬,૧૧૦) સરકારમાં ભરવા બંધ કર્યા. તે સમયે રેવેન્યુ કમિશનર સર ડેવિડ બ્લેન સાહેબ હતા. તે બહુ સુજ્ઞ, ન્યાયી અને પ્રામાણિક હોવા ઉપરાંત મહારાજા શ્રીવિજયસિંહજીસાથે સરકારને સંબંધે મૈત્રીનો દાવો રાખનાર હતા, તેથી તેમના અમલમાં ભાવનગર દરબાર ઉપર કોઈ રીતનું દબાણ થયું નહિ.

હવે ઉપરની મોટી રકમ દરવર્ષે સરકારી તીજોરીમાં ભરાતી બંધ થવાથી, સરકારને પણ દરબારને થતા નુકસાનના દાવાનું નિરાકરણ કરવાનો સ્વાર્થ હતો. તેથી તેમણે તે નુકસાનનો આંકડો નક્કી કરવા અર્થે અમદાવાદના કલેકટર મિ. એડવર્ડ ફ્રેસેટને મુકરર કર્યા. તે સાહેબે ગોઘા પાસેના કુડા ગામે પોતાનો મુકામ કર્યો અને તેમની પાસે, દરબારના મુખત્યારતરીકે, રા. રા. ગૌરીશંકર ઉપજના ચોપડા, દસ્તાવેજો-વિગેરે પૂરાવો લઈ ગયા. સાહ્યરવેરાવિગેરેથી દરબારને થતા ઉત્પન્નનો સરાસરી આંકડો ઠેરવવા અર્થે ફ્રેસેટ સાહેબે ૧૮૩૫-થી ૧૮૪૪ સુધીના દશસાલી ચોપડા માગ્યા. તે સમયમાં ગોઘા, ધોળેરાવિગેરે બંદરોની આબાદીથી ભાવનગર બંદરની ઉપજ ઘણી ઘટી ગઇ હતી, તેથી ફ્રેસેટ સાહેબની યુક્તિ સત્વર સમજી જઇ રા. રા. ગૌરીશંકરે તે પ્રમાણે કરવા ના પાડી, અને ચાળીશ સાલના ચોપડા ઉપરથી સરાસરી આંકડો નિર્ણય કરવા જણાવ્યું. રા. ગૌરીશંકરે આપેલા આ નિર્ભય ઉત્તરે ફ્રેસેટ સાહેબનો તીક્ષ્ણ સ્વભાવ જાગ્રત્ કર્યો, અને અનેક સખ્તાઇનાં વાક્યો તેમની પાસે ઉચ્ચરાવ્યાં. પરંતુ દરબારનું હિત કરવાના પ્રયાસમાં સરકારી અમલદારોની અવકૃપાથી વિશેષ લેપ રાખવાનો રા. રા. ગૌરીશંકરનો સ્વભાવ ન હતો. ચાળીશસાલી ચોપડા ઉપરથી આંકડો ઠેરવવાનો ફ્રૅસેટ સાહેબનો વિચાર હતો જ નહિ, તેથી તેમણે ક્રોધના આવેશમાં રા. રા. ગૌરીશંકરને રજા આપી. ભાવનગર આવતાં રા. રા. ગૌરીશંકરે

નામદાર મુંબઈ સરકારમાં એવા પ્રકારની અરજી કરી કે કંપેન-સેશનનું નિરાકરણ શાંત ચિત્તથી અને સ્વસ્થપણે કરવાનું છે, તેથી તે પ્રમાણે કરી શકે એવા અધિકારીની નીમણોક સરકારથી થવી જોઇએ. દરબારના સારા ભાગ્યે આ વાત સરકારના લક્ષમાં ઠસી, તેથી તેમણે રેવાકાંઠાના પોલિટિકલ એજંટ મિ. ટોમસ ઓગલવી સાહેબને એ કાર્યમાટે મુકરર કર્યા. તેઓએ ૧૮૪૮ ના માર્ચ મહિનામાં ગોઘે પોતાનો મુકામ કર્યો. તેમના સમીપ રા. રા. ગૌરીશંકર સમગ્ર પૂરાવાસહિત ગયા અને નીચેના બે મુખ્ય મુદ્દાઓ તેમણે રજુ કર્યા:—

(૧) દરબારનાં ગામોમાં હાલસુધી સરકારે રેવેન્યુ ખાતાના કોઈ પણ ધારા લાગુ કરેલા નથી, અને ભાવનગરનું બંદર મુંબઈ સરકારે પરરાજ્યનું* ગણેલું છે તેથી સને ૧૮૪૪નો ૧૯ મો આકટ તેના ઉપર લાગુ પડે નહિ.

(૨) એ આકટ લાગુ કરવાથી ભાવનગર દરબારને લાખો રૂપૈયાની ઉપજનું નુકસાન થયલું છે; તેનું વ્યાજબીપણું મિ. ચેરી સાહેબ, મિ. પેલી સાહેબ તથા મિ. જાકસન સાહેબના જુદી જુદી સાલના રીપોર્ટોથી સિદ્ધ થઇ શકે છે.

સઘળી બાબતોનો પૂર્ણ તપાસ કરી ઓગલવી સાહેબે ૧૮૪૮ ના જુન માસમાં રેવેન્યુ કમિશનર ઉપર રીપોર્ટ કરી મોકલ્યો તેમાં તેઓએ કુલ કંપેનસેશનનો આંકડો નીચે પ્રમાણે ઠરાવ્યો:—

રૂ. ૬૦,૪૦૦) ભાવનગર તળની ઉપજનું દરબારને નુકસાન.

રૂ. ૨૪,૦૦૦) ભાવનગર શિવાયનાં ગામો ઉપરના સાહારવેરા-વગેરેની ઉપજનું નુકસાન.

---

* પરરાજ્યનું એટલે ઉદાહરણતરીકે પોર્ટુગીઝ સરકારનાં દીવ, દમણ, ગોવા-જેવું. પરરાજ્યનાં બંદરોને સ્વરાજ્યનાં બંદરો સાથે હરીફાઇ કરવામાં સ્વાભાવિક રીતે કેટલાક ગેરફાયદા રહેલા હોય છે.

કુલ રૂ. ૮૪,૪૦૦). પણ આ રકમમાંથી તેઓએ રૂ. ૬,૯૦૦) બાદ કર્યા તે એવા કારણથી કે, સને ૧૮૪૪ નો ૧૯મો આકટ જેવા વેરાને લાગુ પડી શકે નહિ એવા કેટલાક વેરાઓની ઉપજ ગોઘાના મામલતદારે ભૂલથી બંધ કરેલી હોવાથી તે ઉપજ દરબારે ઉઘરાવી લેવી. આ પ્રમાણે છેવટ રૂ. ૭૭,૫૦૦) નું દરબારને નુકસાન તેમણે નક્કી કર્યું, અને તે પ્રમાણે સરકારને રીપોર્ટ કર્યાનું મહારાજા શ્રીવિજયસિંહજીને લખ્યું. પણ આ રીપોર્ટ સરકારને અપૂર્ણ લાગવાથી તેના ઉપર તેમણે કંઇ લક્ષ આપ્યું નહિ. તેથી એ બાબત પુનઃ પ્રયાસ કરવો પ્રાપ્ત થયો.

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટદ્વારા એ તકરારનું નિરાકરણ થવાના વિશ્વાસથી વિઘ્નબાહુલ્યથી અપ્રતિહત રા. રા. ગૌરીશંકરે સને ૧૮૫૦ માં કર્નલ લેંગ સાહેબઆગળ કંપેનસેશનના હીસાબની યાદી રજુ કરી. વાંચનારની સ્મૃતિમાં હશે કે દરબારતરફથી ગાયકવાડ સરકારમાં રૂ. ૭૪,૫૦૦ ની મુલકગિરી ખંડણીની રકમ દરવર્ષે ભરવામાં આવતી હતી, અને ગાયકવાડ સરકારે કંપની સરકારસાથે કરેલા તહનામાના અનુસારે એ રકમ દરબારથી બ્રિટિશ સરકારમાં ભરાતી હતી. ઓગલવી સાહેબે નુકસાની બદલનો (કંપેનસેશનનો) આંકડો મુકરર કર્યો હતો તેથી ઉત્તેજિત થયલા રા. રા. ગૌરીશંકરે, આ રૂ. ૭૪,૫૦૦ ની રકમમાંથી રૂ. ૪૦,૦૦૦ દરબાર વાળી લે એ પ્રકારની નામદાર મુંબઈ સરકારની મંજુરી મેળવી આપવા કર્નલ લેંગ સાહેબને યાદી આપી. પ્રથમ રૂ. ૪૬,૧૧૦ ભરવા બંધ કર્યા હતા, અને આ રૂ. ૪૦,૦૦૦ ભરવા બંધ થાય, એટલે એકંદરે રૂ. ૮૬,૧૧૦ સરકારમાં પ્રતિવર્ષ ભરવા બંધ કરી દરબારને નુકસાનથી મુક્ત કરવાનો રા. રા. ગૌરીશંકરનો સ્તુત્ય આશય હતો. આ બંધબેસતી ગોઠવણ લેંગ સાહેબને પસંદ પડતાં તેમણે નામદાર સરકારમાં દરબારને અનુકૂલ રીપોર્ટ કર્યો, અને આખરે એટલા રૂપૈયા ભરવા બંધ કરવાની મંજુરી મુંબઈ સરકારે

આપી, તેથી મહારાજાને તેમ જ તેમના મંત્રિમંડલને ઘણી નિવૃત્તિ થઇ.

આમ છતાં, સર્વ તકરારોનું સંપૂર્ણ રીતે સમાધાન થયું ન હતું, અને તે કરવાઅર્થે સરકાર તથા દરબારઉભય અનુકૂલ સમયની પ્રતીક્ષા કરતા હતા. એવામાં દરબારનાં બંદરસંબંધી કેટલીક ચર્ચા ઉપસ્થિત થઇ. આ હકીકત બંદરના પ્રકરણમાં સવિસ્તર જણાવવામાં આવશે. આ સ્થલે એટલું જ જાણવું અવશ્યનું છે કે બ્રિટિશ સરકારે પોતાનું ધોળેરા બંદર ચલાવવું જારી કર્યું ત્યારે ભાવનગર રાજ્યના ભાલ પરગણામાં આવેલું પ્રતિસ્પર્ધી સોંદરાઇ બંદર બંધ કરવાની તેમણે દરબારને તાકીદ આપી હતી. વળી ભાવનગર બંદરમાં બ્રિટિશ સરકારનો હિસ્સો હતો. એ બે બાબત તકરારનું નિરાકરણ કરવાઅર્થે મુંબઇ સરકારે ડેપ્યુટી કસ્ટમ કલેકટર મિ. હેન્રિ હેબર્ટ સાહેબ તથા પોલિટિકલ એજન્ટ કર્નલ લેંગસાહેબને નીમ્યા. આગળ કહ્યાપ્રમાણે તેઓ ૧૮૫૧ માં ભાવનગર મુકામે આવ્યા ત્યારે રા. રા. ગૌરીશંકરે તેમને દરબારના પૂરાવા દર્શાવ્યા. તે સંબંધે તેઓએ સરકારમાં રીપોર્ટ કર્યો તે ઉપરથી સને ૧૮૫૨ માં મુંબઇ સરકારે વિલક્ષણ યુક્તિથી દરબારના નુકસાનનો નિકાલ કરવો ધાર્યો. તેમણે કરેલા ઠરાવ ઉપરથી મિ. હેબર્ટ સાહેબે દરબારને પૂછયું કે ભાવનગર કસ્બામાં સને ૧૮૪૪ નો ૧૯ મો આકટ લાગુ કરવામાં આવે નહિ, અને બાકીનાં ૧૧૫ ગામો ઉપર તે જારી રાખવામાં આવે તેથી એ ગામોના સાહારવેરાવિગેરેની ઉપજનું દરબારને જે નુકસાન થાય તે બદલ ભાવનગરની તરી જકાતમાં પોતાના હિસ્સા ઉપરથી સરકાર હાથ ઉઠાવે, અને તે ઉપરાંત દરબારને દરવર્ષે રૂા. ૬,૦૦૦ આપે તો આ પ્રકારની ગોઠવણ દરબારને અનુકૂલ છે કે નહિ? સરકારની આ માગણી ઉપરઉપરથી દરબારના લાભમાં જણાતી હતી, પણ પરિપકવ વિચારશક્તિવાળા રા. રા. ગૌરીશંકર તથા દરબારના અન્ય જૂના અનુભવી અધિકારીઓ તેને અંદરથી

હાનિકારક સમજી ગયા. કારણ કે ૧૧૫ ગામો ઉપર સરકારી મીઠાના આક્ટનો અમલ સ્વીકાર્યો તો સરકારના બીજા રેવેન્યુ કાયદા લાગુ પાડવાનો પ્રસંગ કાલાંતરે ઉપસ્થિત થાય, તેમ જ રૂા. ૫૩,૦૦૦ ની પેશકશીની રકમમાં પણ સરકાર વધારો કરશે નહિ એવો નિર્ણયાત્મક પરિણામ આવ્યો ન હતો. વળી ભાવનગર બંદર પરરાજ્યનું બંદર ગણુવામાં આવતું હતું તેથી તેમાંથી સરકાર પોતાનો હિસ્સો છોડી દે, અને આગળ જતાં નવીન રીતના કાયદાઓ પસાર કરી બંદરને લાગુ પાડે તો તેથી પણ દરબારને હાનિનો પ્રસંગ આવે. આ પ્રમાણે દીર્ઘ-દૃષ્ટિ પહોંચાડી મિ. હેબર્ટ સાહેબના પ્રશ્નનો જવાબ નીચે પ્રમાણે આપવામાં આવ્યો :—

(૧). ભાવનગર કસ્બાંમાં સને ૧૮૪૪ નો ૧૯ મા આક્ટનો અમલ નહિ કરવાનું સરકારે ફરમાવ્યું છે, તે સાથે જૂના વડવા ગામ પણ ગણવું જોઇએ, કારણકે તે ગામ ભાવ-નગરના પરાતરીકે હોવાથી તેનો ભાવનગરમાં સમાવેશ થવો જોઇએ.

(૨). જે પ્રમાણે રાજગાદીનું ભાવનગર શહેર છે, તે પ્રમાણે દરબારની જૂની રાજગાદીનું કિલ્લે શિહોર ગામ છે, જેમાં દરબારના કુટુંબનો વાસ રહેછે. આ કારણથી શિહોર ઉપર પણ આ આક્ટ લાગુ થવો જોઇએ નહિ.

(૩). ૧૧૫ ગામોની વસુલાતનો વહીવટ દરબારની સત્તાથી ચાલ્યો આવે છે, તેના ઉપર સરકાર આ આક્ટનો અમલ કરવા માગે છે તેથી દરબાર લાચાર છે. પરંતુ એ ગામોની વસુલાતના વહીવટમાં બીજી કોઈ તરેહની હરકત સરકારતરફથી થવી જોઇએ નહિ, તેમ જ રૂા. ૫૩,૦૦૦ ની રકમ જમે લેવાય છે તેમાં વધારો નહિ થાય એવો સરકારે ઠરાવ કરવો જોઇએ.

(૪). ઉપલી શરત સરકાર કબુલ રાખે તો જ મીઠાના આકટના અમલવિષે દરબારથી કબુલાત આપી શકાય.

ઉપલી શરત રા. રા. ગૌરીશંકરે પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબદ્વારા મુંબઈ સરકારમાં પણ જણાવી, પરંતુ ત્યાંથી ઉત્તરરૂપે કશું આવ્યું નહિ.

મહારાજા શ્રીજશવંતસિંહજીના આધિપત્યમાં તકરારી બાબતોનો વૃત્તાંત તથા નિકાલ.

સને ૧૮૫૨ માં મહારાજા શ્રીવિજયસિંહજી કૈલાસસ્થ થયા, અને ૧૮૫૪ માં મહારાજા અખેરાજજીએ પણ સ્વર્ગવાસ કર્યો એટલે મહારાજા શ્રીજશવંતસિંહજીના વખતમાં હકુમત સાથે પેશકશી તથા સાહારવેરાવિગેરેની ઉપજની બાબત ઉપર કહ્યા પ્રમાણે સંશ્લિષ્ટ થઇ હતી. પ્રથમ એ બે તકરારોનો સમકાલીન નિર્ણય કેવી રીતે થયો તે આપણે જોઇએ.

કંપેનસેશનનો આંકડો નક્કી કરવા માટે રા. રા. ગૌરીશંકરે પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબદ્વારા સરકારમાં પાછું લખાણ કરાવ્યું. તે ઉપરથી સરકારે તે કામની તપાસ કરવા તાલુકદારી સેટલમેન્ટ ઓફીસર મિ. રોજર્સ સાહેબને ૧૮૫૬ માં નીમ્યા. પણ તેમનું સરકાર તરફ વધારે વલણ હતું, અને ભાવનગર દરબાર તરફ ન્યાયદૃષ્ટિ ન હોવાથી દરબારે તેમની નીમણોકસંબંધે વાંધો ઉઠાવ્યો, જેનું ફલ એ આવ્યું કે તેમને બદલે ભરૂચના કલેકટર મિ. સિ. જે. ડેવિસ

મિ. ડેવિસ સાહેબ.

સાહેબનો નિયોગ થયો. તે સાહેબનું ૧૮૫૮ની સાલમાં ભાવનગર આવવું થયું. રા. રા. ગૌરીશંકરે તેમની આગળ દરબાર તરફના સઘળા પૂરાવાના દાખલાદસ્તાવેજો રજુ કર્યા, અને મિ. ડેવિસ સાહેબે ૧૪ માસ સુધી બહુ ખંતપૂર્વક તજવીજ કરી તેની નોંધ કરી લીધી. પણ પાછળથી તેમની પ્રકૃતિ બગડવાથી તેમનું વિલાયતપ્રતિ પ્રયાણ થયું, અને તેઓએ કેવા પ્રકારનો

રીપોર્ટ સરકારમાં કર્યો તે કશું સમજાયું નહિ. દરમ્યાન અમદાવાદના અધિકારીઓની અપ્રીતિનાં ચિહ્ન પ્રતિદિન સ્પષ્ટ અને વૃદ્ધિંગત થતાં જતાં હતાં, પણ પોલિટિકલ એજન્ટની ન્યાયદૃષ્ટિને લીધે દરબારને તદ્વશાત્ દૃષ્ટ હાનિ થતી ન હતી.

મિ. ડેવિસ સાહેબના દીર્ઘ પ્રયાસનો આ પ્રકારે શોચનીય પરિણામ આવતાં રા. રા. ગૌરીશંકરે સરકારને પોલિટિકલ ખાતાના બીજા કોઈ અમલદારને નીમવા વિજ્ઞપ્તિ કરી. પણ સરકારે રેવેન્યુ ખાતાના અમલદારને નીમવાની ઇચ્છા દર્શાવી. આખરે સને ૧૮૫૯માં એલિએનેશન કમિશનર મિ. કુપર સાહેબના આસિસ્ટંટ મિ. જે. બી. પીલ સાહેબ (જેઓ પછીથી સર જે. બી. પીલ થયા, અને હાલ વિલાયતમાં ઈન્ડિયા કાઉન્સિલના મેંબર છે) ને એ કામ માટે મુકરર કરવામાં આવ્યા. તેઓ પોતાની મદદમાં અમદાવાદના રેવેન્યુ કમિશનરના દફ્તરદાર રા. રા. આપાજી રામચંદ્રને સાથે રાખી ભાવનગર મુકામે આવ્યા

મિ. પીલ સાહેબ.

રા. રા. આપાજી રામચંદ્ર કે જેમનું વલણ દરબારના સામા હતું તેઓ ભાવનગર આવ્યા કે તરત જ દરબારની વિરોધી ટોળીથી આદરાતિથ્ય પામ્યા. દરબારના વહીવટના ચોપડા બનાવટી છે એવી તે દ્વેષી પુરુષોએ રા. રા. આપાજીના મન ઉપર છાપ પાડી. કામની તપાસ ચાલતાં મિ. પીલ સાહેબે ભાવનગર બંદરની ખુશ્કી જકાતના લેવાણનો દાવો તપાસવા પોતાની ઇચ્છા જણાવી. રા. રા. ગૌરીશંકરે તેમના સમીપ પોતાના બે વિશ્વાસુ અધિકારીઓને ચોપડાસહિત મોકલ્યા. આપાજીએ તે ચોપડાને પોતાના કબજામાં રાખ્યા; વ્યાપારીઓના ચોપડા સાથે સરખામણી કરવા માંડી, અને સાલવાર જુદી જુદી બાબતોનાં પત્રકો કરવાનો ઉપક્રમ કર્યો. દરબારી ચોપડાઓ જુઠા પાડવાને આપાજીએ ઘણાં ફાંફાં માર્યાં, પણ કાંઇ વળ્યું નહિ. વ્યાપારીઓના ચોપડા

આપાજી રામચંદ્ર.

સાથે વિરોધ ધરાવતી કોઈ પણ બાબત ન નીકળવાથી મિ. પીલ સાહેબની દૃષ્ટિમાં દરબારના પૂરાવાનું વ્યાજબીપણું અને આપાજીનો આદિ, મધ્ય, અને અંતે ઉલટો મત સિદ્ધ થયો, તેથી તેમણે સરકારમાં લખાણ કરી આપાજીને તેમની મૂલ જગોઉપર મોકલ્યા.

સને ૧૮૫૯ના નવેંબર માસમાં કંપેનસેશનસંબંધે મિ. પીલ સાહેબે એવો ઠરાવ કર્યો કે ઓગલવી સાહેબે રૂા. ૭૭,૫૦૦)નો જે આંકડો ઠરાવ્યો હતો તેમાં તેઓએ ભાવનગર શહેર સંબંધી બે ત્રણ રકમો વધારે ગણી હતી, તેના રૂા. ૭,૦૦૦) ની વાર્ષીક રકમ બાદ કરતાં, સને ૧૮૪૫–૧૮૫૯ એ ચૌદ વર્ષનો એકંદર હીસાબ કરતાં ભાવનગર દરબારના નુકસાન (કંપેનસેશન) બદલ રૂા. ૯,૩૨,૨૧૫-૮-૦ થાય, અને સરકારના દરબાર પાસે જમાબંદીબદલ રૂા. ૧૦,૨૯,૨૭૦-૧૪-૦ લહેણા રહે, એટલે એકંદર ભાવનગર રાજ્યને રૂા. ૯૭,૦૫૫-૬-૦ નું બ્રિટિશ સરકારપ્રતિ દેવું નીકળે.

ઉપર પ્રમાણે મિ. પીલ સાહેબે નામદાર મુંબઈ સરકારમાં રીપોર્ટ કર્યો. તે સાથે તેમના ઉપરિ અધિકારી મિ. કુપર સાહેબનો અભિપ્રાય મળતો આવ્યો. એ તકરારનો છેવટનો નિકાલ કરવાઅર્થે મુંબઈના ગવર્નર નામદાર સર જ્યોર્જ રસલ કલાર્કે પોતાના પ્રાઈવેટ સેક્રેટરી મિ. થીઓડર હોપ * (જેઓ પછીથી વાઈસરોયની ધારાસભાના મેંબરતરીકે અને સર

---

* સર થીઓડોર હોપ સાહેબ ગુજરાત તથા કાઠિયાવાડમાં કેળવણી ખાતામાં ઘણા વખતથી રહેલા હતા, તેથી તેમને ગુજરાત અને કાઠિયાવાડ પ્રાંતનાં રાજસ્થાનોની સ્થિતિસંબંધી ઘણો સારો અનુભવ હતો. કાઠિયાવાડ પ્રાંતનાં રાજ્યોની ચાલતી આવેલી સ્વતંત્ર સત્તાના તેઓ પૂરા વાકેફગાર હતા, અને પોલિટિકલ કામની તકરારોનો નિર્ણય કરવામાં તેઓ પોતાના અનુભવના બલથી શક્તિમાન્ હતા. તેથી નામદાર ગવર્નર સાહેબ સર જ્યોર્જ રસલ કલાર્કે તેઓને ભાવનગરના નામદાર બ્રિટિશ સરકાર ઉપરના સર્વ દાવાઓનું નિરાકરણ કરવાને એ કામ સોંપ્યું હતું.

ભાવનગર દરબારશ્રીના એજંટ મિ. મેહેરવાનજી નસરવાનજી ભાવનગરીને રા. રા. ગૌરીશંકરની સંમતિથી સને ૧૮૪૮ ની સાલથી બ્રિટિશ સરકાર સાથેની

થીઓડર હોપતરીકે પ્રસિદ્ધ થયા), તથા મુંબઈ ખાતાના ભાવનગર દરબારના એજંટ આઝમ મેહેરવાનજી નસરવાનજી ભાવનગરીને પોતાના સમક્ષ બોલાવ્યા, અને સર્વ બાબતોનું સત્વર નિરાકરણ કરવાનું કામ તેમને સોંપ્યું. દરબારી એજંટને રા. રા. ગૌરીશંકર ભાવનગરથી દરબારના હિતમાં સલાહ આપતા હતા. જમેબંદી બાબતમાં એ ઉભય પ્રતિનિધિઓ એકમત ન થવાથી તેમનો પ્રયાસ પણ નિષ્ફલ જવાની સંધિમાં હતો. નામદાર ગવર્નર સાહેબે તે બંનેને રૂબરૂ બોલાવી શાંત રીતે તેમને સમજુતી આપી અંતે નિકાલ કરાવ્યો. મિ. પીલ સાહેબે સને ૧૮૫૯ સુધીનો પેશકશી તથા સાહ્યરવેરાનો હીસાબ ગણ્યો હતો તેમાં તા. ૧ મે ૧૮૬૧ સુધીનો હીસાબ ઉમેરતાં દરબારના સરકાર પાસે રૂા. ૧૨,૨૧,૦૪૧-૧૩-૭ કંપેનસેશનના લહેણા નીકળ્યા, અને સરકારના એકંદર રૂા. ૧૨,૭૧,૦૬૨-૧૧-૦ નીકળ્યા, એટલે છેવટે રૂા. ૫૦,૦૨૦-૧૩-૫ દરબારને દેવા નીકળ્યા. તે દરબારે ભરી દીધા. સરકાર સાથે

તકરારોના સંબંધના ઇંગ્રેજી લખાણ કરવાના કામસારૂ મહારાજા શ્રીવિજયસિંહજીએ દરબારી નોકરીમાં રાખ્યા હતા. તેથી તેઓ પણ દરબારના એ સઘળા દાવાઓમાં સંપૂર્ણ રીતે માહીતગાર હતા.

તેઓ બંનેને આ સર્વ બાબતનું નિરાકરણ કરવા માટે નામદાર ગવર્નર સાહેબે અને ભાવનગર દરબારે મંજુરી આપી હતી, અને તેઓ ઘણી સારી અને ડહાપણભરેલી રીતે ઉભય પક્ષનો હક સાચવીને સંતોષકારક નીવેડો લાવ્યા હતા. આ વાતને નીચે લખેલી હકીકતથી વધારે પુષ્ટિ મળે છે :—જ્યારે "ધાંધળી કેસ"નો ઘણો મોટો અને કઠિન તકરારનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે સર થીઓડર હોપ સાહેબ નામદાર ગવર્નર જનરલની કાઉન્સિલના મેંબર હતા. એ કેસનું કામ કલકત્તા સરકારમાં જતાં, એ બાબતમાં સર થીઓડર હોપ સાહેબ પૂરા વાકેફગાર હોવાથી સન ૧૮૭૬નું જાહેર નામું તથા આક્ટ પસાર કરતી વખતે, કાઠિયાવાડ પ્રાંત પરરાજ્ય છે એ સંબંધી તેઓએ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં લંબાણથી ઉત્તમ ભાષણ કર્યું છે, અને તેઓ સાહેબની માહીતગારીથી જ કાઠિયાવાડ પરરાજ્ય છે, અને ભાવનગર દરબારે પોતાના વ્યાજબી અને ખરા હકને માટે રજુ કરેલા અનેક દાખલા પૂરાવા વ્યાજબી છે એમ કાઉન્સિલના મેંબરો એકમત થયા, અને તે બાબતનો આક્ટ પસાર કરવામાં આવ્યો. આ બાબત સવિસ્તર હકીકત આગળ જણાવેલી છે.

થયલી ૧૮૬૦ની ટ્રીટીથી પેશકશીનો આંકડો પણ ચલ્લુ માટે રૂા. ૫૨,૦૦૦ ઠર્યો, એટલે લગભગ અર્ધા શતકના દીર્ઘ પ્રયાસે આ વાણી અને લેખિનીના યુદ્ધનો અંત આવ્યો.

હકુમતની બાબતનો નિકાલ.

પેશકશી અને સાદ્યરવેરાનાં પ્રકરણોનો આ પ્રમાણે છેવટનો નિકાલ થયો, પરંતુ જ્યાંસુધી ૧૧૬ ગામો ઉપર સરકારી હકુમતની નિઃશેષ નિવૃત્તિ થાય નહિ ત્યાંસુધી ભાવનગર રાજ્યની પ્રતિષ્ઠા નામમાત્ર જ રહે એમ હતું. આ કારણથી રાં. રા. ગૌરીશંકરે તે હકુમતને દૂર કરવા અર્થે ભગીરથશ્રમ આદર્યો. સરકારી હકુમતને લીધે દરબારના અધિકારીઓનું ચિત્ત ભયથી કેવું વ્યાકુલ રહેતું હતું, અને ભાવનગર રાજ્યની ગાદીના પતિ પણ કેવી રીતે સામાન્ય પ્રજાની પેઠે સાશંક રહેતા હતા તે આગળ કહેવાઈ ગયું છે. તેના અનુસન્ધાનમાં, એક વિશેષ વાત એ કહેવા જેવી છે કે સને ૧૮૫૭-૮ માં અમદાવાદના માજિસ્ટ્રેટ મિ. હેડોસાહેબ અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મિ. એગર સાહેબે દરબારના વિરોધીઓથી ઉશ્કેરાઇ કારભારી તથા હજુરીવિગેરે ઉપર ગંભીર તહોમતના મુકરદમાઓ ઉપસ્થિત કર્યા અને તેની જવાબદારી મહારાજા શ્રીજશવંતસિંહજીને શિર સ્થાપી. આવી દુઃસહ વિપત્તિની મર્યાદાથી દૂર થવા અર્થે મહારાજાશ્રીએ ભયત્રસ્ત ચિત્તવડે કેટલાક માસ સુધી મહુવા અને કુંડલામાં સ્થિતિ કરી. બીજી તરફ રા. રા. ગૌરીશંકરે પોલિટિકલ એજન્ટ કર્નલ લેંગ સાહેબને આ નિષ્ઠુર ઉપદ્રવ નિવેદન કરી તેમના દ્વારા મુંબઇ સરકારમાં તે બે સાહેબોની ગેરવર્તણુકવિષે સખત રીપોર્ટ કરાવ્યો. તેનો પરિણામ એ આવ્યો કે સને ૧૮૫૮ની સાલમાં એ ગામો ઉપરથી અમદાવાદ જીલ્લાની પોલીસની સત્તા બંધ થઇ, અને પોલિટિકલ એજન્ટની મારફતે પોલીસ સુપરિન્ટેન્ડન્ટનો અધિકાર રા. રા. ગૌરીશંકરને સોંપવામાં આવ્યો. સને ૧૮૬૬ની સાલમાં સરકારી હકુમત નિઃશેષ બંધ થઇ ત્યાંસુધી

અમદાવાદ ખાતાની પોલીસસત્તાનું બંધ થવું; પોલીસ સુપરિન્ટેન્ડન્ટ તરફેરી રા. રા. ગૌરીશંકર.

આ અધિકારનું રા. રા. ગૌરીશંકરે બહુ કુશલતાપૂર્વક અને રાજાપ્રજાના હિતમાં નિર્વહણ કર્યું, અને તે દરમ્યાન ગુન્હાની સંખ્યા પણ ઘણી ઘટી ગઇ. *

ઉપર પ્રમાણે વ્યવસ્થા કરવા ઉપરાંત, સરકારે માજિસ્ટ્રેટની ગેરવર્તણુક ઉપર પોતાની તીક્ષ્ણ દૃષ્ટિનો બીજો પૂરાવો જાહેર કર્યો. સને ૧૮૫૯ નો ૬ ઠો આક્ટ પસાર કરી મુંબઇની ધારાસભાએ ૧૧૬ ગામો ઉપર અમદાવાદના માજિસ્ટ્રેટની હકુમત બંધ કરી તે કાઠિયાવાડના પોલિટિકલ એજંટ તથા આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટને સ્વાધીન કરી, તેથી મહારાજા શ્રી-જશવંતસિંહજીને બહુ હર્ષ થયો, અને ત્યારથી એ સત્તાનો ન્યાયપુરઃસર ઉપયોગ થવાથી દરબાર અને એજન્સીવચ્ચે વિરોધ થવાનું પ્રયોજન રહ્યું ન હતું.

અમદાવાદના માજિસ્ટ્રેટના અમલનું બંધ થવું.

દરબારના દાવાનું નિરાકરણ કરવા માટે સને ૧૮૫૯ માં મિ. પીલસાહેબ રા. રા. આપાજી રામચંદ્ર સાથે ભાવનગર આવ્યા હતા તે પૂર્વે કહેવાઇ ગયું છે. એ પ્રસંગે તેઓએ હકુમત બાબત પણ ખંતથી તપાસ ચલાવ્યો હતો. તેમની આગળ રા. રા.

મિ. પીલસાહેબઆગળ હકુમતનું પ્રકરણ.

* રા. રા. ગૌરીશંકર પોલીસ સુપરિન્ટેન્ડન્ટનું કામ કરતા હતા તે વખતે મિ. વાઈલી સાહેબ કાઠિયાવાડના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ હતા, અને માજિસ્ટ્રેટનો ચાર્જ પણ તેમની પાસે હતો. રા. રા. ગૌરીશંકરની કાર્યદક્ષતાથી મિ. વાઈલી સાહેબને એટલો સંતોષ થયો હતો કે સને ૧૮૬૦–૬૧માં તેઓ કલકત્તામાં રેવેન્યુ ખાતાના અંડર સેક્રેટરીની જગાએ નીમાયા, તે વખતે કાઠિયાવાડના પોલિટિકલ એજંટ શોર્ટ સાહેબ ઉપર તેઓએ કલકત્તાથી એવી મતલબનો કાગળ લખ્યો કે "જ્યારે હું કાઠિયાવાડમાં હતો ત્યારે રા. ગૌરીશંકરે પોતાના રાજ્યકારભારના જોખમવાળા કામ સાથે પોલીસ સુપરિન્ટેન્ડન્ટનું કામ ઘણી બાહોશીથી ચલાવ્યું હતું. તેથી તેમને 'રાવ બહાદુર'નો ખિતાબ આપવા આપ મુંબઇ સરકારમાં રીપોર્ટ કરશો તો હું ખુશી થઇશ." શોર્ટ સાહેબે તે પ્રમાણે લખાણ કર્યું હતું, જેનો જવાબ સરકાર તરફથી એવો આવ્યો હતો કે "રા. ગૌરીશંકરની નોકરીથી સરકારને સંતોષ થાય છે, અને બીજી વખત એવી સારી નોકરી કર્યેથી તે બાબતમાં તેમને સારૂં માન આપવા માટે વધારે સારો વિચાર કરવામાં આવશે."

ગૌરીશંકર હાજર થયા ત્યારે તેમની પાસે ૧૧૬ ગામો ઉપર દરબારની માલિકીના સંપૂર્ણ પૂરાવા માગવામાં આવ્યા. મહારાજા શ્રીભાવસિંહજીએ ભાવનગર શહેર વસાવ્યું તે સમયના જૂના દાખલાઓ, તથા સને ૧૮૦૨ માં પેશ્વા સરકાર અને બ્રિટિશ સરકાર વચ્ચે વસઈનું તહનામું થયું તે પૂર્વે ૧૧૬ ગામોમાં ખુનવિગેરે ગુન્હા થતા તેની તપાસ દરબાર કેવી રીતે કરતા એ વિગેરેના પૂરાવાઓ રજુ કરવા રા. રા. ગૌરીશંકરને કહેવામાં આવ્યું. પેશ્વા સરકારે ૧૧૬ ગામો સંબંધે દરબારને જે જે પરવાના આપ્યા હતા તે તે, તથા બ્રિટિશ સરકારના અધિકારીઓએ પણ દરબારને પોતાની સ્વતંત્રતાના ઉપભોગમાં નિર્ભય રહેવાનાં લખાણો કર્યાં હતાં એ વિગેરે સર્વ અસલ પૂરાવા રા. રા. ગૌરીશંકરે મિ. પીલ સાહેબને દર્શાવ્યા, પરંતુ તેટલાથી સંતોષ ન માનતાં તે સાહેબે રા. રા. આપાજી રામચંદ્રને સાથે લઇ દરેક ગામમાં ફરી મૂળગરાસિયા, પટેલ, તલાટીવિગેરેને અગત્યના પ્રશ્નો કરી સર્વ હકીકતની નોંધ કરી, એટલું જ નહિ પણ પેશ્વા સરકારનાં જૂનાં દફતરો પુનાથી મંગાવી તેમાંથી પણ દાખલાઓ નોંધી લીધા. આખરે તેઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે ભાવનગરનો હકુમતસંબંધી દાવો ઘણો મજબુત છે, અને કેટલાંક ગામોઉપર દરબારની હકુમત નિર્વિવાદ રીતે સિદ્ધ થઇ શકે એમ છે, પરંતુ બધાં ગામોઉપર નિઃસંશયપણે સિદ્ધ થઈ શકતી નથી. અર્થાત્ હકતરીકે દરબારી હકુમત ન રાખતાં, મિત્રાચારીથી કાંઈ વચલો રસ્તો પકડવાને મજબુત કારણ છે. તેથી તેમણે સરકારમાં એવો રીપોર્ટ કર્યો કે ભાવનગર, વડવા, શિહોર, તથા તેના તાબાનાં દશ ગામોઉપર ભાવનગર રાજ્યના સ્વામિત્વનો સબલ આધાર છે તેથી તેટલાં ગામોઉપરથી સરકારની હકુમત ઉઠાવી લેવી, અને બીજાં ૧૦૩ ગામોઉપર તે કાયમ રાખવી. આ રીપોર્ટઉપરથી મુંબઇ સરકારે તા૦ ૨૩ ઓકટોબર ૧૮૬૦ ને દિવસે રેવેન્યુ ખાતા તરફથી એવો ઠરાવ કર્યો કે ઉપર કહેલાં ૧૩ ગામોને સરકારના રેગ્યુલેશન તાબાના ગોઘા પરગણામાંથી કાઢીને કાઠિયાવાડ

પોલિટિકલ એજન્સીને તાબે રાખવાને માટે નવો આક્ટ પસાર કરવાની જરૂર પડશે, તે આક્ટનો ખરડો કરવાની તથા તે ગામોની હદ મુકરર કરવાની સત્તા મિ. પીલ સાહેબને આપવી. આ પ્રમાણે અપૂર્ણ સમાધાન થવાથી દરબારને તથા રા. રા. ગૌરીશંકરને સંતોષ અને અસંતોષની મિશ્ર લાગણી થઇ. પરંતુ મુંબઈના ગવર્નર સર જ્યોર્જ રસલ ક્લાર્ક સાહેબ આ બાબતમાં બહુ આગ્રહપૂર્વક લક્ષ આપતા હતા, તેથી તેમની પ્રસન્નતાખાતર તેઓએ આ ઠરાવને માન આપ્યું, પણ તેટલાઉપરથી વ્યાજબી તકરાર આગળ ચલાવવી તેમણે બંધ પાડી ન હતી.

આ નવીન પ્રસંગથી મિ. પીલ સાહેબનું પાછું ભાવનગર આગમન થયું, અને તેમણે ભાવનગર તથા બીજાં બાર ગામોની હદ મુકરર કરી તેના નકશા તૈયાર કરાવ્યા. હવે કરારનો મુસદ્દો કરવો બાકી હતો. તે અર્થે તેમની મદદમાં રહેતાં રા. રા. ગૌરીશંકરને ભવિષ્યમાં દરબારને હાનિ ન પહોંચે એવી રીતે શબ્દો યોજવામાં બહુ શ્રમ પડ્યો હતો. તે મુસદ્દો સરકાર પાસે જતાં તેમણે પસંદ કર્યો, અને નામદાર ગવર્નર સાહેબ સને ૧૮૬૧ માં ભાવનગર પધાર્યા ત્યારે તે કરાર ઉપર તેમણે તથા મહારાજા શ્રીજશવંતસિંહજીએ પરસ્પર સહી કરી. તેનો સાર નીચે પ્રમાણે છે:—

સને ૧૮૬૦ નો કરાર.

"ભાવનગર ખુદ અને વડવા, શિહોર અને તેના તાબાનાં દશ ગામ રેગ્યુલેશન તાબાના ગોઘા પરગણામાંથી સરકાર કાઠિયાવાડ પોલિટિકલ એજન્સીતાબે નાખે છે તે કંઇ હકથી નહિ, પણ મેહેરબાનીથી કરે છે."

આ કરારથી ભવિષ્યમાં દરબારના હકને નુકસાન પહોંચશે નહિ એવા વિશ્વાસથી જ અને નામદાર ગવર્નર સાહેબની પ્રસન્નતા જાળવવી યોગ્ય લાગવાથી જ રા. રા. ગૌરીશંકરે એ કરારમાં

પોતાની સંમતિ આપી, પણ આખરે તેઓ પોતાનો ધારેલો અર્થ સિદ્ધ કરવામાં કેવી રીતે વિજયી થયા તે આગળ જણાશે.

કર્નલ લેંગ સાહેબનો કાગળ.

આ પ્રમાણે એકદેશી સમાધાન થયાના સમાચાર કર્નલ લેંગ સાહેબ કે જે ૧૮૬૦ માં અધિકારથી નિવૃત્તિ લઇ વિલાયત રહેતા હતા, તેમને તે વખતના પોલિટિકલ એજંટ કર્નલ બાર સાહેબદ્વારા મળ્યા. કર્નલ લેંગ સાહેબ બહુ સુજ્ઞ, તથા પ્રામાણિક હતા, અને તે શિવાય કાઠિયાવાડ પ્રાંતનો સંપૂર્ણ અનુભવ ધરાવતા હતા. રા. રા. ગૌરીશંકરસાથે તો તેમને ગાઢ પ્રીતિનો સંબંધ થઇ ગયો હતો, તેથી તેમણે પોતાના અધિકારના સમયમાં હકુમત-સંબંધી સંપૂર્ણ મદદ દરબારને કરવામાં ખામી રાખી ન હતી. આ સમાધાન એકદેશી છતાં લેંગ સાહેબને તેથી ઘણો આનંદ થયો, અને રા. રા. ગૌરીશંકરની પ્રશંસાનો બાર સાહેબ ઉપર તેમણે નીચે પ્રમાણે કાગળ લખ્યો :—

"I was delighted to see what a good, and on the whole, equitable settlement Government has made for the Bhavnagar Thakor. It must indeed be quite a new life to him in his family and adherents, and Gagga Oza and Santokram deserve at the Thakor's hands the very best he has to give them, and rewarded as they deserve to be or not for all their persevering and zealous exertions on behalf of their master's rights and dignity, they must feel the highest gratification at the complete success which has crowned all their honest and praiseworthy exertions. Pray tell Gagga Oza, with my best regards and kindest remembrances, how glad I am to hear this good news, and how sincerely I sympathise in all the well-deserved feelings of pride he must entertain."

"સરકારે ભાવનગર દરબારસંબંધી આવો સારો અને એકંદરે ન્યાયી ઠરાવ કર્યો તે જાણી હું ખુશ થયો છે. ખરેખર ઠાકોર હવે પોતાના કુટુંબમાં અને અનુયાયીઓની મધ્યે તદન નવી જ જીંદગી ભોગવતા હશે. ગગા ઓઝા (રા. ગૌરીશંકરનું લોકપ્રિય નામ) અને સંતોષરામ દેશાઈ ઠાકોર તરફથી ઉત્તમોત્તમ બદલાને પાત્ર છે. પોતાના ધણીના હકો અને પ્રતિષ્ઠા જાળવવા અર્થે તેઓએ ખંતથી અને ઉત્સાહપૂર્વક જે સઘળો પ્રયાસ કર્યો છે તેને માટે જે બદલો તેમને મળવો જોઇએ તે તેમને મળે અથવા ન મળે, પરંતુ તેમના પ્રામાણિક અને પ્રશંસાપાત્ર શ્રમની જે સંપૂર્ણ સિદ્ધિ થઈ તેથી તેમને અવશ્ય અત્યંત સંતોષ થવો જોઇએ. મારા તરફથી અત્યંત ખાતરસહિત સપ્રેમ સ્મરણ નિવેદન કરી ગગા ઓઝાને મેહેરબાની કરી કહેશો કે આ શુભ સમાચાર સાંભળી હું અત્યંત પ્રસન્ન થયો છું, અને તેમને જે સઘળી અભિમાનની યોગ્ય લાગણીઓ થતી હશે તેમાં હું અંતઃકરણપૂર્વક ભાગ લઉં છું."

મુસદ્દાસંબધી ઉઠેલા પ્રશ્ન.

હવે ભાવનગરસહિત ૧૩ ગામો ઉપરથી બ્રિટિશ સરકારની હકુમત ઉઠાવવા સંબંધે મિ. પીલ સાહેબે મુસદ્દો કરી મુંબઇ સરકારમાં મોકલી આપ્યો. ત્યાં એવો પ્રશ્ન ઉઠ્યો કે એ આકટ કઇ ધારાસભાથી પસાર થવાને યોગ્ય છે, હિંદુસ્તાન સરકારની કે મુંબઇ સરકારની? આ પ્રશ્નનું નિરાકરણ કરવા અર્થે મુંબઇ સરકારે સઘળા જરૂરિયાત કાગળો કલકત્તા સરકાર ઉપર મોકલ્યા. આ ઉપરથી તેઓએ એક અત્યંત અગત્યનો એવો મુદ્દો ઉત્પન્ન કર્યો કે જેને કાઠિયાવાડ પ્રાંતનાં રાજસંસ્થાનોના અસ્તિત્વસાથે નિકટ સંબંધ હતો. તે મુદ્દો એ હતો કે કાઠિયાવાડ સ્વરાજ્ય છે કે પરરાજ્ય? કાઠિયાવાડ જો સ્વરાજ્ય હોય તો ભાવનગર દરબારનાં ગામો ઉપરથી કાયદાની હકુમત ઉઠાવવાનો આકટ પસાર કરવાની

જરૂર છે અને પરરાજ્ય હોય તો આકટ કરવાની કંઈ જરૂર નથી. ફક્ત સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને તે ગામો ઉપરથી કાયદાની હકુમત ઉઠાવી શકાય.*

કાઠિયાવાડ પ્રાંતસંબંધે સ્વરાજ્ય અને પરરાજ્યના આ પ્રશ્નનો નિકાલ કરવાનું કામ કલકત્તા સરકારે મુંબઈ સરકારને સોંપ્યું તેથી તેઓએ તે વખતના પોલિટિકલ એજંટ કર્નલ કીટિંજનો અભિપ્રાય એ સંબંધે પૂછ્યો. હવે આ સવાલનું નિરાકરણ આગળ થઈ ગયું હતું; તે એ પ્રમાણે કે કર્નલ લેંગ સાહેબના લખવાથી હિંદુસ્તાન સરકારે કાઠિયાવાડ પ્રાંતનાં રાજ-સ્થાનોના પહેલા અને બીજા વર્ગના વિભાગ પાડી તેમની સ્વતંત્ર સત્તા મુકરર કરી હતી, અને કોર્ટ ઑફ્ ડિરેક્ટર્સ તરફથી પણ સને ૧૮૫૮માં તેની મંજુરી મળી હતી. પણ આ સંબંધે ઘણી શોધ કરવાની જરૂર હતી તેથી તે વિષય પાછો આ સમયે ચર્ચાયો, અને અધિકારીઓમાં પણ તેથી મતભેદ થવાનો પ્રસંગ આવ્યો. ખેદની વાર્તા એ હતી કે કાઠિયાવાડ પ્રાંતનાં રાજ-સ્થાનો, કે જે દફ્તરના દાખલાઓથી પોતાની સ્વતંત્રતા સિદ્ધ કરી શકે એવી સ્થિતિમાં હતાં તેમાંના કોઈને પણ એ બાબત પૂછ-વામાં આવ્યું નહિ. કયા અધિકારીએ કેવો અભિપ્રાય કયા કાર-ણથી આપ્યો છે તેથી પણ તેઓ અજાણ રહ્યાં હતાં. એ સર્વે અભિપ્રાયોના કાગળો—જેમાંના ઘણા રાજસંસ્થાનોની વિરુદ્ધ

* "If the Province of Kathiawad be deemed a foreign Province, not forming part of Her Majesty's dominions in India, the transfer of Bhavnagar and the ten villages from the jurisdiction of Ahmedabad to that of Kathiawad cannot be effected by the proposed Bill or by any act of either Legislature; for the transfer of a portion of British territory in India to a foreign state is of course not a fit subject for legislation at all."

હતા એમ અનુમાન કરવાને કારણ હતું—વિલાયતના નામદાર હિંદુસ્તાન ખાતાના સેક્રેટરીઉપર મોકલવામાં આવ્યા. તેઓએ સને ૧૮૬૪ માં ઘણો ન્યાયી અને વખાણવાલાયક ડિસ્પાચ કરી મોકલ્યો છે, તેમાં તેઓ સ્પષ્ટ જણાવે છે કે * કાઠિયાવાડ પ્રાંતના રાજાઓને બ્રિટિશ સરકારે ખાતરી આપેલી છે કે તેમના હકો સરકાર જાળવશે, અને કાઠિયાવાડ ઇંગ્રેજી મુલક નથી, તથા તેની વસતિ પણ ઇંગ્રેજી રૈયત નથી. સરકારના દીવાની ફોજદારી કાયદાઓ કાઠિયાવાડમાં લાગુ પાડવાનો બ્રિટિશ સરકારે કોઇ દિવસ અખત્યાર ભોગવ્યો નથી, અને જે સુધારા સરકારે દાખલ કરેલા છે તે રાજાઓની મદદ અને અનુમતિ લઇને કરેલા છે. તે રાજાઓના સ્વતંત્ર અખત્યારનો ઉચ્છેદ નહિ કરવાનો, તથા એ પ્રાંતની અંતર વ્યવસ્થામાં નહિ પડવાનો સરકારનો હેતુ છે, અને કાઠિયાવાડ પ્રાંત સાથે પહેલો સંબંધ થયો ત્યારથી સરકાર જે સત્તા ભોગવતા આવે છે, તે ઉપરાંત દીવાની અને ફોજદારી હકુમત સ્થાપવાની તથા બ્રિટિશ સરકારના કાયદાઓ અને ધોરણો લાગુ કરવાની નામદાર મહારાણી સરકારની મરજી નથી.

સ્ટેટ સેક્રેટરીનો ડિસ્પાચ, સને ૧૮૬૪.

---

* "It is sufficient to say that the Chiefs of Kathiawad have received formal assurance from the British Government that their rights will be respected, and that the Home Government of India so lately as 1858 repudiated the opinion that the Province of Kathiawad was British territory, or its inhabitants British subjects. We have never exercised the right to apply our Civil and Criminal codes of Procedure to Kathiawad, and whatever reforms we have introduced have been made in such a manner as to ensure the co-operation and support of the Chiefs. It has been our aim not to undermine their authority, and independence, nor to undertake the internal administration of the Province."—*Extract from the Despatch of the Secretary of State for India in Council, 31st August 1864.*

નિષ્કલંક ન્યાય આપવાને માટે જગત્પ્રસિદ્ધ નામદાર વિલાયતની સરકારથી ઠેઠ આવો વ્યાજબી ઇનિસાફ મળવાથી રા. રા. ગૌરીશંકરના સઘળા દીર્ઘ શ્રમનું સાર્થક્ય થયું, મહારાજા શ્રીજશવંતસિંહજીના હર્ષની સીમા રહી નહિ, રાજ્યના દ્વેષીઓ નિસ્તેજ થયા, અને જેમ મેઘમાલાથી ઢંકાઇ ગયલો સૂર્ય આવરણ ખસી જવાથી પુનઃ ઉજ્જવલ પ્રકાશ આપે છે તેમ ભાવનગર રાજ્યની સ્વતંત્ર સત્તા દેદીપ્યમાન શોભવા લાગી. સને ૧૮૬૦ નો એકદેશી કરાર તો સ્વતઃ જ આ સર્વદેશી ન્યાયી નિર્ણયમાં વિલીન અવસ્થાને પામ્યો. હવે આ નવા કરારનો મુસદ્દો કરવાનું કામ મિ. પીલ સાહેબ કે જેઓ તે વખતે ગુજરાત પ્રાંતના સેટલમેન્ટ ઓફીસર હતા તેમને સોંપવામાં આવ્યું અને તેઓએ પોતાના જૂના સહાયક રા. રા ગૌરીશંકરને આ કાર્ય સારૂ અમદાવાદ આવવા નિમંત્રણ કર્યું. ત્યાં કેટલીક ભાંજઘડ થયા પછી મુસદ્દો તૈયાર થયો; તેના કાગળો પોતાના રીપોર્ટ સાથે મિ. પીલ સાહેબે નામદાર મુંબઇ સરકારમાં મોકલ્યા. તે ઉપરથી તેઓએ સને ૧૮૬૬ ના જાનેવારી માસની ૨૯ મી તારીખના સરકારી ગેઝેટમાં નીચે પ્રમાણે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું :—

સને ૧૮૬૬નું સરકારી જાહેરનામું.

"મુંબઈ ઇલાકાના નેક નામદાર ગવનર સાહેબ બહાદુર અને સંસ્થાન ભાવનગરના ઠાકોર સાહેબ રાવળ શ્રીજશવંતસિંહજીવચ્ચે કરાર થયો છે, તે ઉપરથી આ જાહેરખબર આપવામાં આવે છે કે અમદાવાદ જીલ્લા મધ્યેનાં ધંધુકા, રાણપુર અને ગોઘા પરગણાનાં નીચે જણાવેલાં ભાવનગરના ઠાકોર સાહેબનાં ગામો મુંબઇ ઇલાકાની રેવેન્યુ, દીવાની તથા ફોજદારી કોર્ટોની હકુમતતળેથી કાઢીને તારીખ ૧ લી ફેબ્રુઆરી ૧૮૬૬ ઇસવી, સંવત્ ૧૯૨૨ ના માઘ વદિ ૨ ના રોજથી તે સર્વ ગામો કાઠિયા-

વાડ પ્રાંતમાં ભાવનગરના ઠાકોર સાહેબની પોતાના તાલુકાનાં ગામોમાં જેવી હકુમત છે તેવી જ ઠાકોર સાહેબની હકુમતથી કાઠિયાવાડની પોલિટિકલ એજન્સી નીચે રાખવામાં આવ્યાં છે."

આ શિવાય, મુસદ્દાપ્રમાણે કરાર તૈયાર કરવામાં આવ્યો તેના ઉપર એક પક્ષે મુંબઇના ગવર્નર સર બાર્ટલ ફ્રિયર સાહેબે અને બીજે પક્ષે ભાવનગરના મહારાજા શ્રીજશવંતસિંહજીએ સહી કરી. તેની આઠમી કલમ નીચે પ્રમાણે છે:—

"ઉપર લખેલી કલમો ઉપર નજર રાખી નેક નામદાર સરકાર નીચે પ્રમાણે કબુલ કરે છે:—

ગોઘા, ધંધુકા, અને રાણપુર પરગણાનાં ઠાકોર સાહેબનાં સર્વ ગામો, જેનાં નામ આ કરારના પરિશિષ્ટમાં લખેલાં છે તે સર્વ ગામો ઉપરથી નેક નામદાર સરકારે મેહેરબાની કરી નેક નામદાર સરકારના કાયદાઓ તથા આકટોની હકુમત કાઢી નાંખીને તે તમામ ગામો કાઠિયાવાડ પ્રાંતનાં ઠાકોર સાહેબની હકુમતમાં બીજાં ગામો છે તેવી જ ઠાકોર સાહેબની હકુમતથી કાઠિયાવાડ પોલિટિકલ એજન્સીતળે રાખ્યાં છે."

દરબારને સમગ્ર રાજ્યાધિકારની પુનઃ પ્રાપ્તિ.

૧૮૫૯ના ૬ ઠા આકટને અનુસારે કાઠિયાવાડ પ્રાંતના આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટને ભાવનગરસહિત ૧૧૬ ગામો ઉપર મેજિસ્ટ્રેટનો અધિકાર આપવામાં આવ્યો હતો, તે આ કરારથી નિવૃત્ત થતાં તે ખાતાનાં દફતરો દરબારને સ્વાધીન કરવામાં આવ્યાં, તથા ગોઘાના મુનસફનો એ ગામોસંબંધે અસલ દીવાની મુકરદમાઓ સાંભળવાનો, અને અમદાવાદની કો નો તેના ફેસલા ઉપરથી અપીલનો નિકાલ કરવાનો અધિકાર બંધ થયો. મહારાજા શ્રીજશવંતસિંહજીને તે વખતે જ પોતાના વાસ્તવિક આધિપત્યનું ભાન થયું. રાજકુલમાં જન્મ્યા છતાં, તથા ગાદીના પતિ થયા છતાં, તેમની જે સામાન્ય પ્રજાવત્ નિકૃષ્ટ સ્થિતિ થઈ હતી તે મટી જતાં તેઓ યથાર્થ-

પણ રાજા થયા. ગોવધ કરનારને દેહાન્ત શિક્ષા થવાના નિમિત્તથી સને ૧૮૧૬ માં ઇંગ્રેજી હકુમત એ ગામોમાં દાખલ થઇ, અને તરવારના ઉપયોગમાં પ્રવીણ શૂર ક્ષત્રિય મહારાજા શ્રીવખતસિંહજીનો તેથી વિનિપાત થવાથી તેમના આયુષ્નો તન્તુ ત્યાંથી જ તુટ્યો. તેમના પછી થયલા* મહારાજા શ્રીવિજયસિંહજીની પણ એ જ ઉત્કટ ઇચ્છા હતી કે પોતાના વંશજોને ૧૧૬ ગામો ઉપર દરબારના સંપૂર્ણ સ્વામિત્વનો વારસો આપવો. એ ઇચ્છા તેમની હયાતીમાં સિદ્ધ થવાનાં સુચિહ્ન તેમને જણાયાં નહિ. વૃદ્ધાવસ્થાને લીધે તેમનું શરીર પ્રતિદિન શિથિલ થતું જતું હતું. તેથી અંતકાલે તેમણે પોતાના વિશ્વાસપાત્ર રા. રા. ગૌરીશંકરને પોતાની આશાના ભંગથી ઉત્પન્ન થયલો માનસિક સંતાપ નિવેદન કર્યો, અને એ સંબંધે સર્વ ઘટિત અને બનતા ઉપાયો લેવા તેમને આદેશ કર્યો. મહારાજા શ્રીઅખેરાજજીનું શરીર થોડો જ સમય ટક્યું. ત્યારપછી મહારાજા શ્રીજશવંતસિંહજીના વખતમાં રા. રા. ગૌરીશંકરે જે ભગીરથપ્રયત્ન આદર્યો તેથી આપણે સજ્ઞાન થયા છીએ. પોતાનો ઇષ્ટાર્થ સાધવામાં તેમને જે પ્રતિબંધ નડ્યા હતા તે કંઇ સામાન્ય ન હતા. સરકારમાં વારંવાર જે દાદ કરવામાં આવતી તેનો પરિણામ બહુધા દરબારને પ્રતિકૂલ જ આવતો; પરંતુ વિઘ્નબાહુલ્યના પ્રતિહનનમધ્યે પણ આરંભેલા કાર્યને ન ત્યજવારૂપ ઉત્તમ પુરુષોના આગ્રહથી યુક્ત રા. રા. ગૌરીશંકરને આખરે પોતાના પ્રયત્નના સાફલ્યનો દૃઢ વિશ્વાસ હતો. પોતાના ધણીની સંપૂર્ણ ફરિયાદ સરકારમાં જાહેર કરવાનો પોતાનો ધર્મ તેમણે આદિથી અંત સુધી જાળવ્યો. ઘણે પ્રસંગે તેમના મિત્રો અને સલાહકારો તેમને સ્પષ્ટ રીતે એમ કહેતા કે "તમારી આશા વ્યર્થ છે," પણ તેમના કહેવાની તેમને લેશમાત્ર અસર ન થતાં તેઓ અભિનવ આગ્રહ દર્શાવતા, અને ઠેઠ નામદાર વિલાયતની સરકારથી ન્યાય મેળવવાનો પોતાનો અચલ નિશ્ચય જણાવતા.

રા. રા. ગૌરીશંકરનો પ્રયાસ.

તેથી જ્યારે ૫૧ વર્ષના દીર્ઘ સમય પછી ૧૧૬ ગામો ઉપર દરબારની હકુમત પાછી જારી થઇ ત્યારે મહારાજા શ્રીજશવંતસિંહજીને રા. રા. ગૌરીશંકરની રાજસેવાની, કુશલતાની, અવિરત શ્રમની, સાવધાનતાની, તથા રાજનીતિદક્ષતાની સંપૂર્ણ રીતે સ્વતઃ ખાતરી થઇ.

દરબાર, અને રા. રા. ગૌરીશંકરને વંશપરંપરા તુરખા ગામની બક્ષીસ.

રા. રા. ગૌરીશંકરની રાજભક્તિવિના એ ૧૧૬ ગામોનું સ્વામિત્વ પાછું મળવાનો અસંભવ મહારાજાશ્રીને અસંદિગ્ધપણે સમજાયો, તેથી એવા ઉત્તમ પ્રધાનની રાજ્યસેવાનો બદલો આપવાઅર્થે તેઓએ જાહેર દરબાર ભર્યો. તેમાં મહારાજાશ્રીએ પોતાના અધિકારીઓની સમક્ષ, રા. રા. ગૌરીશંકરે એકનિષ્ઠાથી અને નિમકહલાલીથી કરેલાં સર્વ રાજ્યકૃત્યોની પ્રશંસા કરી, અને ભાવનગર રાજ્યની પશ્ચિમ સરહદ ઉપર બોટાદ પરગણામાં આવેલું તુરખા ગામ ઇનામમાં તેમને તથા તેમની વંશપરંપરાને અર્પણ કર્યું. એ સંબંધે તૈયાર કરાવી રાખેલો લેખ રા. રા. ગૌરીશંકરને આપતાં તેમણે તે ઘણો ઉપકાર માની સ્વીકાર્યો, અને નીચે પ્રમાણે સવિનય પ્રતિભાષણ કર્યું :—

રા. રા. ગૌરીશંકરનું ઉત્તર.

“પોતાની બુદ્ધિશક્તિપ્રમાણે નોકરી બજાવવી એ નોકરનો ખાસ ધર્મ છે, તે પ્રમાણે મારાથી યથાશક્તિ દરબારશ્રીની જે નોકરી થયલી છે તેમાં મેં કાંઈ વધારે કરેલું નથી. ભાવનગરના રાજાઓ પુણ્યાત્મા અને ઈશ્વરભક્તિ કરવાવાળા તથા પોતાના ધર્મનું આચરણ કરવાવાળા છે, તેથી રાજ્ય ઉપર જે કાંઇ મુશ્કેલીઓ આવી પડે છે તે, તે રાજાઓના સુભાગ્યથી પોતાની મેળે જ દૂર થઇ જાય છે, એ એક ઇશ્વરની કૃપા માનવાની છે. આ તુરખા ગામની બક્ષીસનો જે લેખ આપ મને આજે આપો છો તેથી મારા વંશજો ભાવનગર દરબારશ્રીના આશ્રિતો થયલા છે અને તેઓ દરબારશ્રીના રક્ષણ નીચે જ આવેલા છે એમ હું માનું છું.”

પ્રકરણ ૭.

આભ્યંતર સુધારાનો આરંભ.

ભાવનગર બંદર—સ્વરાજ્યના બંદરના હક મળવા—વ્યાપારની અનુકૂલતાઓ—રેક્લેમેશન; સમુદ્રપાસેથી જમાબંદી—રા. રા. ગૌરીશંકરની અનુકંપા; કોળીની સ્રીનો પ્રસંગ—ભાવનગરની ખાડી—બંદર તથા વ્યાપારસંબંધે બંદોબસ્ત—સોંદરાઇ બંદર—મહુવા બંદર—કથીવદર બંદર—પીપાવાવ અથવા રાજુલાનુ બંદર—" વિક્ટર " બંદર—તળાજાનું બંદર—રા. રા. ગૌરીશંકરની નિરભિમાનતા તથા સાદાઇ—મહાલોની વ્યવસ્થા—રા. રા. ગૌરીશંકરનું ખેડુતવર્ગઉપર વાત્સલ્ય—રામ પટેલ—મહાલોમાં ફરવા જવું—પડતર જમીનનું ખેડાણ—મહારાજા શ્રીજશવંતસિંહજીનું રાજ્ઞીમંડલ—કુમાર શ્રીતખ્તસિંહજીનો જન્મ; તેમનું શિક્ષણ—કુમાર શ્રીજુવાનસિંહજી—કર્નલ લેંગ સાહેબ, અને મૂળ ગરાસીઆઓની તકરાર—દીવાની તથા ફોજદારી ન્યાયવ્યવસ્થા—પીલ સાહેબ, અને ગરાસીઆઓના દાવા—ગોપનાથનો બંગલો અને ઉતારો—૧૮૫૭ ના બળવાપ્રસંગે ભાવનગર દરબારે બ્રિટિશ સરકારને કરેલી મદદ—મહારાજા શ્રીજશવંતસિંહજી, કે. સી. એસ. આઇ.—રાજકુમાર કોલેજ—મહારાજા શ્રીજશવંતસિંહજીનો સ્વર્ગવાસ—ભાવનગર સંસ્થાનસંબંધે એજન્સીના રીપોર્ટો, ૧૮૬૭-૬૯.

૧૧૬ ગામો ઉપરથી સરકારી હકુમત ઉઠાવવામાં રા. રા. ગૌરીશંકરે જે ભાગ લીધો તે તેમના પ્રધાનપદને શોભાવવાને માટે બસ છે, પણ તેમની અચલ કીર્તિ તેટલા ઉપરથી જ સ્થપાઇ નથી. રા. રા. ગૌરીશંકરે ભાવનગર રાજ્યનાં મુખ્ય પ્રધાન રહી રાજ્યમાં નાના મોટા અનેક અંદરના સુધારા કરી રાજા તથા પ્રજાની સમૃદ્ધિ, સુખ અને પ્રતિષ્ઠા વધારી છે અને ભાવનગરને કાઠિયાવાડ પ્રાંતમાં એક નમુનાનું રાજ્ય બનાવી દઇ રાજનીતિજ્ઞ અને પ્રધાનરૂપે પોતાનો યશ દેશવિદેશ પ્રસાર્યો છે. એ અંદરના સુધારાના વર્ણનઅંગે પ્રથમ ભાવનગર રાજ્યનાં બંદરોની હકીકત આપવામાં આવે છે.

ભાવનગર બંદર.

ભાવનગર બંદર—સને ૧૭૨૩ માં મહારાજા શ્રીભાવસિંહજીએ ભાવનગર વસાવ્યું, ત્યારે ત્યાંની દરિયાની ખાડીના મનોહર દેખાવથી ત્યાં બંદર કરવાનો તેમને મનોરથ થયો, અને તે સિદ્ધ થયો. મૂલથી ભાવનગર બંદરને પ્રધાનપણે સુરત બંદર સાથે વ્યાપાર ચાલતો હતો. એ બે બંદરોવચ્ચે વહાણોમાંથી લૂંટ કરનાર ચાંચિયા લોકોનાં વહાણો ફરતાં હતાં અને તેમને લીધે જાનમાલને ભારે હાનિ પહોંચતી હતી. તે ટાળવા માટે મહારાજા શ્રીભાવસિંહજીએ લશ્કરી વહાણો બનાવ્યાં, અને તે લોકોનો પરાજય કર્યો. ત્યારથી વ્યાપારી લોકોની સારી સંખ્યા ભાવનગરમાં વસવા લાગી. ભાવનગર બંદરની સમૃદ્ધિ જોઇ ખંભાતના નવાબ અને જાફરાબાદના સીદીને અદેખાઈ આવવાથી તેમણે તે બંદર તોડી પાડવાનો પ્રયત્ન કર્યો પણ સુરતના કિલ્લેદાર સીદીની મદદ ભાવનગરને મળવાથી તેઓ પોતાના ઇરાદામાં ફાવી શકયા નહિ. સને ૧૭૩૯ ની સાલમાં ભાવનગરના મહારાજા અને સુરતના કિલ્લેદાર સીદી વચ્ચે એવો કરાર થયો કે એક પક્ષે મહારાજાએ બંદરની જકાતની ઉપજમાંથી ૧¼ % સવા ટકો સીદીને આપવો, અને સુરતથી ચઢતા વ્યાપારીઓના માલ ઉપર ઓછી જકાત લેવી; બીજે પક્ષે સીદીએ ભાવનગર બંદરને ભાવનગર રાજ્યના વૈરીસામે મદદ કરવી, અને ભાવનગરના વ્યાપારીઓનો માલ સુરત જાય તેના ઉપર બીલકુલ જકાત લેવી નહિ. સને ૧૭૬૦-માં દિલ્લીના બાદશાહે સુરતના કિલ્લેદાર સીદીનો હક બ્રિટિશ સરકારને સ્વાધીન કર્યો, ત્યારથી ભાવનગર રાજ્ય અને બ્રિટિશ સરકાર વચ્ચે મૈત્રીનું બીજ રોપાયું. ૧૭૬૧ ની સાલમાં બ્રિટિશ સરકારે જાફરાબાદના સીદી સાથે કરાર કર્યો: તેમાં તેઓએ ભાવનગર બંદરના લાભમાં નીચેની કલમ દાખલ કરી :—

" The city of Surat and the town of Bhownuggur being under the protection of Surat Castle, now in possession of the Honourable Company, by virtue of

the King's royal *Firman*, the merchants and inhabitants of both places are comprehended in this Treaty; therefore, should they be treated with violence in their trade or persons by the Jafferabad boats or forces, the Honourable Company will resent it."—*Aitchison's Treaties, Vol. IV, p. 165.*

"સુરત શેહેર અને ભાવનગર શેહેર એ બંને, સુરતનો કિલ્લો કે જે હાલમાં બાદશાહી ફરમાનથી કંપની સરકારના તાબામાં છે તેના રક્ષણતળે હોવાથી બંને શેહેરના વ્યાપારીઓ અને રહેવાશીઓના રક્ષણનો આ કરારમાં સમાવેશ થાય છે, માટે જો તેમના વેપાર અથવા જાનને જાફરાબાદનાં વહાણથી કે લશ્કરથી કાંઈ નુકસાન થશે તો સરકાર તેથી ગુસ્સે થઇ જવાબ લેશે"

સંવત્ ૧૮૨૦ (સને ૧૭૬૪) માં મહારાજા શ્રીભાવસિંહજીનો સ્વર્ગવાસ થયો. ત્યાર પછી મહારાજા શ્રીઅખેરાજજી ગાદીનશીન થયા. તેમના વખતમાં સને ૧૭૭૧ માં ઇંગ્રેજ સરકાર અને ખંભાતના નવાબ સાથે જે કરાર થયો તેમાં પણ ભાવનગરના હકને નુકસાન નહિ પહોંચાડવાની કબુલાત સરકારે નવાબ પાસેથી કરાવી લીધી છે.

"From the long friendship subsisting between the Honourable English Company and me, I have hearkened to the recommendation they have been pleased to give to Eckarajee and Gopaljee Servia. I will on no pretence whatever meddle with or trouble the ancient possessions of Eckarajee, the son of the late Bhowsung, nor the town or fort of Bhownuggur."—*Aitchison's Treaties, Vol. IV, p. 302.*

"કંપની સરકાર અને મારા વચ્ચેની લાંબા વખતથી ચાલતી દોસ્તીને લીધે અખેરાજજી અને ગોપાળજી સરવૈયા* બાબતમાં સરકાર જે ભલામણ કરવા રાજી છે તે હું કબુલ કરૂં છું. હું કાંઇ પણ બહાનું કાઢી ભાવસિંહજીના પુત્ર અખેરાજજીનાં જૂના વખતનાં કબજાનાં ગામો અથવા ભાવનગર શેહેરની વચમાં આવીશ નહિ અથવા તેને અડચણ કરીશ નહિ."

સને ૧૭૭૨ માં મહારાજા શ્રીવખતસિંહજી ભાવનગરની ગાદી ઉપર આવ્યા તેમણે વ્યાપારિવર્ગને ઘણું ઉત્તેજન આપ્યું. તેથી વ્યાપાર ઘણો વધ્યો, અને બંદરની આબાદી થઈ. પરંતુ તેમના અમલમાં પેશ્વા અને ઇંગ્રેજ સરકાર વચ્ચે વસઈનું પ્રખ્યાત તહનામું સને ૧૮૦૨ માં થવાથી તેમ જ ગોવધના પ્રસંગનિમિત્ત ૧૧૬ ગામો ઉપર સરકારી હકુમત સ્થપાવાથી, ભાવનગર બંદરઉપર અંગ્રેજ સરકારની સત્તાનો જમાવટ થયો. તેમણે કસ્ટમ ખાતાનાં માણસો ત્યાં રાખી જકાતમાં વધારો કર્યો, અને તેથી વ્યાપારિવર્ગમાં ભારે અપ્રસન્નતા ફેલાઈ. દરબાર ભારે નુકસાન વેઠી તેમને પ્રસન્ન રાખતા. મહારાજા શ્રીવિજયસિંહજી સને ૧૮૧૬ માં રાજ્યાસને બેઠા. તેમને વ્યાપારઉપર બહુ શોખ હોવાથી તેમણે અનેક નવાં વહાણો બંધાવી ચીનપર્યંત વ્યાપાર કરવા માંડ્યો, પરંતુ તેમના માલ ઉપર પણ સામાન્ય વ્યાપારીના માલની પેઠે સરકારથી જકાત લેવામાં આવતી. માત્ર એક લાખ રૂપિયા સુધીના માલ ઉપર જ છૂટ મૂકવામાં આવતી. સને ૧૮૩૧ માં મિ. હેરી બોરોડેલ સાહેબ ગુજરાતના કસ્ટમ કલેકટર નીમાયા, તેમણે ગોઘા બંદરનો હરીફ વ્યાપાર વધારવા અર્થે વિવિધ યુક્તિઓ કરી. ભાવનગર બંદરમાં આવતા માલની ગાંસડીઓ તોડી માલની તપાસ કરવાનો નવો નિયમ તેમણે દાખલ કર્યો; ભાવનગરમાં ખુશ્કી રસ્તે આવતા

* ગોપાળજી સરવૈયા ઉંડસરવૈયામાં આવેલા ડાઠા તાલુકાના તાલુકદાર હતા, અને મહારાજા શ્રીવખતસિંહજીના મામા થાય. તેઓ મહારાજા શ્રીવખતસિંહજીની સાથે, લશ્કરી નોકરીમાં સામેલ રહી, લડાઈઓમાં ભાગ લેતા હતા.

જતા માલ ઉપર વરતેજ અને નારી એ બંને ગામોને ઠેકાણે નાકાં બેસાડ્યાં, ગોઘે જતા આવતા માલ ઉપર ખુશ્કી જકાત માફ કરી, અને તરી જકાતસંબંધે પણ વ્યાપારીઓને અનુકૂલતા કરી આપી. એક તરફ આવાં હરીફાઇનાં પગલાં સરકારથી ભરવામાં આવતાં હતાં અને બીજી તરફ ભાવનગર બંદર ઉપર સરકારે નીમેલા માણસો ભારે અડચણ કરનાર નીવડ્યા હતા. એનો પરિણામ એ આવ્યો કે ધનાઢ્ય મારવાડીઓની સંખ્યાબંધ દુકાનો ભાવનગરથી ગોઘે સ્થપાઇ, જેથી બોરોડેલ સાહેબને અતિ સંતોષ થયો. તેઓએ તેમને અનુકૂલતા કરી આપી. તેથી ઉત્તેજન પામી ભાવનગરમાં રહેલા કસ્ટમ ખાતાના અધિકારીઓના ત્રાસથી કંટાળેલા બીજા વેપારીઓ જે રૂ, અનાજ તથા ઇમારતી કાટવગેરેનો લાખો રૂપિયાનો વ્યાપાર કરતા હતા તેઓ પણ ગોઘે જઇ વસ્યા. આથી ભાવનગરનો ઘણોખરો વ્યાપાર ગોઘે ઘસડાઇ ગયો અને તેથી મહારાજા શ્રીવિજયસિંહજીને કેવો ખેદ થયો હશે તે સહજ અનુમાન થઇ શકે છે. એટલું જ નહિ પણ ધોળેરા બંદરની ઉપજની જકાતનો ચાર ટકા જેટલો ભાગ જે ચૂડાસમા ગરાસીઆઓએ મહારાજા શ્રીવખતસિંહજીને સને ૧૮૦૧–૨ માં લખી આપ્યો હતો, તથા ધોળેરાના બાવળિયારી ગામમાં દરબારનો જે હક તથા જમીન હતી તે સર્વનું નુકસાન દરબારને, કર્નલ વૉકર સાહેબના આસિસ્ટંટ સર મીગલ ડીસોઝા, જેઓ ગોઘા, ધંધુકા અને રાણપુર પરગણામાં સને ૧૮૦૪ ની સાલમાં તપાસ કરવાને આવ્યા હતા, તેમને લીધે થયું. ધોળેરા તથા બાવળિયારી ગામનો કબજો ઇંગ્રેજ સરકારે લીધો, અને ધોળેરા બંદરને આબાદ કરી ત્યાંથી ગંજાવર વ્યાપાર ચલાવવો શરૂ કર્યો. આ પ્રમાણે ભાવનગર સામાં બીજું હરીફ બંદર ઉભું થવાથી ભાવનગર રાજ્યના વ્યાપારને મોટો ધક્કો પહોંચ્યો. આ બાબતની અરજી તે વખતના કારભારી રા. રા. પરમાણંદદાસ રણછોડદાસે બોરોડેલ સાહેબના વિશ્વાસપાત્ર રા. રા. ગોપાળભાઇ લક્ષ્મીનારાયણ, જેઓ

અમદાવાદના સાઠોદરા નાગર ગૃહસ્થ હતા, તેમના દ્વારા તેમને પહોંચાડી. તેનો પરિણામ એ આવ્યો કે વરતેજ અને નારી એ બંને ગામોને ઠેકાણેથી નાકાં ઉઠ્યાં, તે નાકાં ઉપર વસુલ આવેલા રૂપિયા દરબારને મળ્યા અને મહારાજાશ્રીના એક લાખ રૂપિયાના વેપાર ઉપર જકાતની છૂટ મૂકવામાં આવતી હતી તેને બદલે બે લાખ અને પાંત્રીસ હજારના માલ ઉપર છૂટ મૂકવામાં આવી. સને ૧૮૩૬ માં કસ્ટમ કલેક્ટર મિ. પેલી સાહેબ, અમદાવાદના કલેક્ટર મિ. બેલ સાહેબ, અને પોલિટિકલ એજન્ટ કર્નલ લેંગ સાહેબની જે કમિટી ગોઘા મુકામે મળી હતી તેમના આગળ રા. રા. ગૌરીશંકરે કારભારી રા. રા. પરમાણંદદાસના તાબામાં રહી બંદરસંબંધી પૂરાવા પણ રજુ કર્યા હતા, પણ તે કમિટીનાં પેશકશીવિગેરે બાબતનાં કૃત્યો જેમ નિષ્ફલ નીવડ્યાં તેમ બંદરસંબંધે પણ તેમનાતરફથી કાંઇ ન્યાય મળ્યો નહિ.

રૂની ખરીદી કરવાવાળા કેટલાક જુજ વેપારીઓ ભાવનગરમાં રહ્યા હતા તેથી તે વેપાર મંદમંદ ચાલતો હતો. તેને ઉત્તેજન આપવા અર્થે રા. રા. ગૌરીશંકરે રૂ ઉપર લેવાતી જકાતમાંથી છૂટ મૂકવાનો ઠરાવ કર્યો. બ્રિટિશ સરકારે સને ૧૮૩૫ ની સાલમાં રૂ ઉપરની આમદાની રવાનગી જકાત કાઢી નાંખી, છતાં ભાવનગર બંદરથી ચઢતા રૂઉપર તે જકાત લેવાનું સરકારે જારી રાખ્યું, અને ગોઘા તથા ધોળેરા બંદરથી ચઢતા રૂ ઉપર જકાત લેવામાં આવતી નહિ તેથી તે વેપારને પણ ભારે ધક્કો પહોંચ્યો. આખરે સને ૧૮૪૧-૪૨ માં મહારાજા શ્રીવિજયસિંહજીએ રૂઉપર જકાતના પાંચ ટકાના અઢી ટકા કર્યા, જેથી તે જુજ વ્યાપાર ટકી રહ્યો.

સને ૧૮૪૨ માં પોલિટિકલ એજંટ મિ. બ્લેન સાહેબનો ગોઘા મુકામ થયો ત્યારે મહારાજા શ્રીવિજયસિંહજી રા. રા. ગૌરીશંકરને સાથે લઇ તેમની મુલાકાત માટે ગયા, અને બંદર-

સંબંધી તમામ હકીકત તેમને નિવેદન કરી. તેમણે તે બાબત સરકારમાં રીપોર્ટ કર્યો પણ તેથી કંઇ સિદ્ધિ થઈ નહિ, તેથી મહારાજાશ્રીને એટલી બધી અપ્રસન્નતા થઇ કે શ્રાવણ શુદિ ૧૫ એટલે બળેવને દિવસે ભાવનગરના રાજાઓ સમુદ્રપૂજન કરવા જતા તે પ્રમાણે કરતાં તેમને અંત્યત કંટાળો આવતો. જે બંદરમાં જથાબંધ વહાણોનો સમાવેશ બહુ મુશ્કેલીથી થતો, જે બંદર તે વહાણોના અનેક ફરકતા વાવટાથી રમણીય દેખાતું, તથા જે બંદર ઉપર રાજાપ્રજાની સમૃદ્ધિ સૂચવનાર લાખો રૂપિયાનો માલ પડ્યો રહેતો તે આબાદ ભાવનગર બંદરની પડી ભાંગેલી સ્થિતિ પોતાની નજરે જોવાથી જેમની છાતી ભેદાઇ જતી હતી એવા તે મહારાજા ઘણો કંટાળો લાવી સમુદ્રપૂજનઅર્થે પોતાના કુમારોને જ મોકલતા હતા.

પોલિટિકલ એજંટને ઉપરાચાપરી ફરિયાદ કરવાથી સરકારે ૧૮૫૧ માં ગુજરાત પ્રાંતના કસ્ટમ કલેક્ટર મિ. હેન્રિ હેબર્ટ સાહેબ અને કર્નલ લેંગ સાહેબની જે કમિટી નીમી હતી, તેના રીપોર્ટ ઉપરથી સરકારે બંદરસંબંધી ઉપરથી મોહકારક અને અંદરથી હાનિકારક જે સમાધાન કરવાનો વિચાર જણાવ્યો હતો, અને જે કારણોને લીધે સરકારની શરત કબુલ ન રાખવી રા રા. ગૌરીશંકરને અને દરબારના જૂના અધિકારીઓને યોગ્ય લાગતાં સરકાર તરફથી કશો જવાબ મળ્યો ન હતો તે વિષય ગયા પ્રકરણમાં આવી ગયો છે.

સ્વરાજ્યના બંદરના હક મળવા.

૧૮૫૯ ની સાલમાં ભાવનગર રાજ્યના વિવિધ દાવાઓનો નિકાલ કરવા અર્થે મિ. જે. બી. પીલ સાહેબ નીમાયા હતા. તેમના આગળ રા. રા. ગૌરીશંકરે દરબાર અને સરકાર વચ્ચેની જૂની મૈત્રીના તથા પછીથી દરબારને થયલી ભારે અડચણો તથા નુકસાનીના પૂરાવા દર્શાવ્યા. તે ઉપરથી તેમણે બંદર બાબત એવો રીપોર્ટ કર્યો કે ભાવનગરના બંદરની ઉપજમાંથી સરકારને જે ભાગ મળે છે તે

કાયમ રાખવો, પણ ભાવનગર બંદરને પોર્ટુગીઝ સરકારના દિવ, દમણ, ગોવા જેવું પરરાજ્યનું બંદર નહિ ગણતાં જકાતની બાબતમાં લાભ આપવા અર્થે સ્વરાજ્યનું ગણવું. પીલ સાહેબના આ રીપોર્ટ ઉપરથી ૧૮૬૦ માં મુંબઇના ગવર્નર સર જ્યોર્જ રસલ કલાર્કે ભાવનગર તરફથી દરબારી એજંટ મિ. મેહેરવાનજી ભાવનગરીને અને સરકાર તરફથી સર ટી. સી. હોપ સાહેબને નીમ્યા હતા. તેમની વચ્ચે સમજુત થઈ બંદરસંબંધે નીચે પ્રમાણે કરાર થયો હતો :—

"(કલમ ૩). ભાવનગર બંદરમાં તરી જકાત લેવાની રીતિ હાલ ચાલે છે તેને બદલે નીચે પ્રમાણે લેવાને ઠાકોરશ્રી કબુલ કરેછે :-

(૧). સરકારી બંદરોમાં જે દરથી ખુંટો લેવામાં આવે છે અથવા હવે પછી આવશે તે પ્રમાણે સરકાર વસુલ કરશે; અને તેની જે ઉપજ આવે તેમાંથી એ બાબતનું જે ખરચ થશે તે બાદ જતાં બાકી રહેલો અવેજ ઠાકોરશ્રી લેશે.

(૨). પરરાજ્યનાં બંદરોની જકાત સરકારી બંદરોમાં જે પ્રમાણે લે છે અથવા હવે પછી લેશે તે જ પ્રમાણે આ ભાવનગરના બંદરમાંથી સરકાર વસુલ કરશે. અને જરૂરી ખરચ બાદ જતાં બાકીમાંથી $\frac{3}{4}$ અસલ હિસ્સાપ્રમાણે ઠાકોરશ્રી લેશે.

(૩). જે જકાત સરકાર વસુલ કરશે તે સરકારી બંદરની તારીફ (tariff) પ્રમાણે વસુલ કરશે.

(કલમ ૯.) સરકારી બંદરને કાયદાથી નફો મળે છે તે જ્યાંસુધી ઠાકોરશ્રીની મરજી હોય ત્યાંસુધી ભાવનગરના બંદરને પણ મળશે.

કાયદાનીચે રહેલાં ઠાકોરશ્રીનાં ગામોની નુકસાનીબદલ સરકાર બીજી જકાતમાં પોતાના હિસ્સાથી હાથ ઉઠાવી ફક્ત પરરાજ્યનાં બંદરોની જકાતમાંથી જેટલો હિસ્સો એટલે કે લે છે તેટલો આયંદે લેશે," વગેરે.

આવી રીતે દરબાર અને સરકાર વચ્ચે પરસ્પર કબુલાત-પૂર્વક સમજુત થવાથી ભાવનગર બંદરને સ્વરાજ્યના બંદરનો લાભ અને તમામ હક મળ્યા, તેથી જકાત વસુલ કરવામાં સરકારી અધિકારીઓને વચમાં આવવાનું રહ્યું નહિ, અને જકાતનું ધોરણ બાંધવાનો તથા વ્યાપારીઓને ઉત્તેજન અને અનુકૂલતા આપવાનો સંપૂર્ણ અધિકાર દરબારને ઘણે વર્ષે પ્રાપ્ત થયો. આખરે ૧૮૬૬ ના કરારથી બ્રિટિશ સરકારે ભાવનગર બંદર ઉપરથી પોતાનો તમામ હક ઉઠાવી લીધો અને સરકાર તરફની કસ્ટમ ખાતાની જે આફીસ હતી તે પણ દૂર થતાં દરબારને બંદરનો સ્વતંત્ર કબજો પ્રાપ્ત થયો.

અમદાવાદ અને મુંબઇ વચ્ચે રેલ્વે શરૂ થવાથી મારવાડના મુલકનો વેપાર અમદાવાદમાં નજીક પડવા લાગ્યો અને ગોઘા દૂર જણાયું, તેથી ગોઘામાં વસેલા ધનાઢ્ય મારવાડીઓની મોટી દુકાનો ત્યાંથી ઉઠી જઇને અમદાવાદમાં સ્થપાઇ. આ કારણથી, અને બીજે પક્ષે ભાવનગર બંદરને સ્વરાજ્યના બંદરનો લાભ સરકાર તરફથી મળતાં રા. રા. ગૌરીશંકરે જકાતના ચાલતા દર ઘણે અંશે ઓછા કર્યા અને વ્યાપારોત્તેજનાર્થે બીજાં અનેક સાધનો કામે લગાડ્યાં તેથી, ભાવનગરના જે વેપારીઓ પોતાનાં ઘરબાર મૂકીને ગોઘે જઈ વસ્યા હતા તે ત્યાંથી પોતાની દુકાનો બંધ કરી પુનઃ પોતાના અસલ વતન ભાવનગરમાં આવીને રહ્યા, અને તેમણે ત્યાં વ્યાપાર કરવાનો આરંભ કર્યો. વ્યાપારીના માલની બંદર ઉપર કે દુકાનમાંથી ચોરી ન થાય તે અર્થે રા. રા. ગૌરીશંકરે ચોકીનો ઘણો સખત બંદોબસ્ત રાખ્યો, અને કદાચ ચોરી થતી

વ્યાપારની અનુકૂલતાઓ.

અને ચોરાયલા માલનો પત્તો ન મળતો તો વેપારીને થયલા નુકસાનનું વળતર દરબાર પાસે અપાવતા. તે ઉપરાંત જે કોઇ વેપારી ભાવનગરમાં નવીન દુકાન સ્થાપે તેને દરબાર તરફથી ઘટિત માન તથા પોશાક અપાવતા. પ્રતિદિન સાયંકાલે બંદર ઉપર ફરવા જતા ત્યારે વેપારીઓની અડચણો રૂબરૂ સાંભળી તેને સદ્ય દૂર કરાવતા. એથી વ્યાપારિવર્ગમાં સુખશાન્તિનો પ્રસાર થયો, અભિનવ ઉત્સાહ સ્ફુર્યો, અને બંદરની સ્થિતિ સુધરતાં વેપાર ધમધોકાર ચાલવા માંડયો.

સરકાર અને દરબાર વચ્ચે સને ૧૮૬૦ માં કરાર થયો હતો, તે ઉપર મુંબઈના નામદાર ગવર્નર સર જ્યોર્જ રસલ કલાર્કે ભાવનગર આવી મહારાજા શ્રીજશવંતસિંહજીના સમક્ષ સહી કરી, તે વખતે તેઓ ભાવનગર બંદર જોવા પધાર્યા હતા. તે પ્રસંગે તેઓએ રા. રા. ગૌરીશંકરની પ્રશંસા કરતાં તેમને કહ્યું કે "આ ભાવનગર બંદરની ઉપજ દર વર્ષે રૂા. ૩૦,૦૦,૦૦૦) ત્રીશ લાખની તમારે દરબારને કરી આપવી." તેના જવાબમાં રા. રા. ગૌરીશંકરે નમ્રતાપૂર્વક કહ્યું કે "ત્રીશ લાખ રૂપૈયાની ઉપજ થવી તો મુશ્કેલ છે પણ એથી ત્રણ લાખ રૂપૈયા સુધીની ઉપજ દરબારશ્રીને થશે એમ હું ભરોસો રાખું છું." આથી ગવર્નર સાહેબે ઘણી પ્રસન્નતા બતાવી હતી.

રેકલેમેશન; સમુદ્ર પાસેથી જમાબંદી.

હવે બંદરને પૂર્ણ રીતે આબાદ કરવાના ઉપાયો લેવાની મહારાજાશ્રીએ રા. રા. ગૌરીશંકરને ભલામણ કરી, તેથી તે તરફ તેમનું વિશેષ લક્ષ ખેંચાયું. ભાવનગર શહેરની સમૃદ્ધિ અને વિસ્તાર રા. રા. ગૌરીશંકરની રાજકીય કુશલતાનો એક મુખ્ય વિષય હતો, અને તે અર્થે તેઓએ એક અસાધારણ યુક્તિ શોધી કાઢી.

શહેર ભાવનગરની ઉત્તર તરફ બંદરના દરવાજા બહાર હરજી ઝીણાના કહેવાતા સોકંજાથી તે ભાવનગરની ખાડી સુધી

ભરતી વખતે સમુદ્રનું પાણી બે ચોરસ માઇલ જેટલા વિસ્તારવાળી જમીન ઉપર ફરી વળતું હતું. આ કારણથી એ જમીનને નકામી પડેલી વારંવાર જોવામાં આવતાં, સમુદ્રનું ભરતીનું પાણી એ જમીન ઉપર ફરી વળતું અટકાવવા માટે આડો પાળો બાંધવાનો, અને શહેરમાં જગાનો ઘણો સંકોચ હોવાથી, તે જગાએ સીકંજાઓવિગેરે ઇમારતો કરાવવાનો વિચાર રા. રા. ગૌરીશંકરના મગજમાં ઘણા સમયથી રમ્યા કરતો હતો. પણ આ વાત વેપારી લોકો પસંદ કરતા નહિ. તેઓ કહેતા કે કદાપિ પાળો તુટે તો સીકંજાઓ તથા ઇમારતોનો નાશ થઇ જાય. પરંતુ રા. રા. ગૌરીશંકરે તેમને સારી પેઠે સમજણ પાડ્યાથી તેઓ આખરે કબુલ થયા. તેથી ઇ. સ. ૧૮૫૮ (સંવત્ ૧૯૧૪)ની સાલમાં રા. રા. ગૌરીશંકરે પોતાના બુદ્ધિપ્રયોગથી, સમુદ્રનું પાણી અટકાવવા, અને શહેરમાં એકઠું થતું વરસાદનું પાણી સમુદ્રમાં વાળવા ગોળ ખાડી પાસે ડોકની બાજુએ પૂર્વ પશ્ચિમ લંબાઇમાં માટીનો પાળો ચૌદ ફુટ પહોળો અને ચાર ફુટ ઉંચો નંખાવી તેમાં નાળાં બંધાવ્યાં. તે નાળામાં સાથેના નકશામાં નંબર ૨ ના સેકશનમાં બતાવ્યા પ્રમાણે લાકડાનો દરવાજો (હલંબી કાચની ઘોડી માફક ઝુલતો) બનાવ્યો. એ લાકડાનો દરવાજો સ્લોપમાં તરતો રાખેલો હોવાથી પાણીના ધક્કાથી ઉઘડી જતો, અને તેથી શેહેરનું વરસાદનું મીઠું પાણી ગોળ ખાડીમાં નીકળી જતું. કોઇ વખતે વરસાદનું શહેરમાંનું પાણી, અને સમુદ્રનું ભરતીનું પાણી એકી જ વખતે પાળાની બંને બાજુએ આવતું, ત્યારે સમુદ્રનું પાણી તો નાળામાંથી શેહેર તરફ આવી શકતું નહિ, કારણ કે સમુદ્રના ભરતીના પાણીનો ધક્કો દરવાજાને લાગતાં તે ઉલટો તુરત બંધ થઈ જતો. પણ શહેરમાંના વરસાદના પાણીનું લેવલ સમુદ્રની ભરતીના પાણીથી જ્યારે જ્યારે વધારે થતું ત્યારે વધારાનું પાણી પોતાની મેળે ગોળ ખાડીમાં ચાલ્યું જતું. સમુદ્રમાં ઓટ થવાના પ્રસંગે શહેરનું પાણી દરવાજામાંથી

નીકળી જતું. એ નાળું પાસેના નકશામાં क અક્ષરથી બતાવ્યું છે. આ પ્રમાણે પાળો બાંધવાથી હુરજી ઝીણાના કહેવાતા સીકંજાથી તે ડોક સુધીના ભાગની જમીન મીઠવાણુ થઈ જતાં ત્યાં સીકંજાઓ, પ્રેસો, તથા લાકડાની લાતીઓ થવાથી એ જમીન ઉપયોગી થઈ પડી છે, અને તેના વેચાણની લાખો રૂપૈયાની ઉપજ ભાવનગર દરબારને આવેલી છે. તેમ જ તે પ્રેસો, સીકંજાઓવગેરેને જોઈતું પાણી પૂરૂં પાડવા માટે તે જમીનમાં મોતી તળાવ નામનું મોટું સરોવર પણ કરવામાં આવેલું છે. પ્રથમ જ્યારે ખાડીની ભરતીનું પાણી ઘણી જમીન ઉપર ફરી વળતું ત્યારે બંદરના દરવાજાની બહાર રામેશ્વર મહાદેવને દેવાલયે દર્શન કરવા જવાને લોકો અશક્ત હતા. પણ ઉપરનો પાળો બંધાવાથી તે જમીન, કે જે હમેશાં કીચડવાળી રહેતી હતી, તે સૂકી પડતાં દેવાલયપ્રતિ સંચાર બહુ સરલ થયો, અને તે વખતથી રામેશ્વરને "સેતુબંધ રામેશ્વર"નું દેવાલય લોકો કહેવા લાગ્યા.

રા. રા. ગૌરીશંકરની આ યોજનાના પ્રતાપથી ઉપલી જગોએ હાલ સડક થયલી છે, અને નાળું બાંધવાથી ઘણો ફાયદો થતાં બંદરની પણ સારી સમૃદ્ધિ થયલી છે.

બંદરના દરવાજાથી કોટીઆ ખાડીસુધીની સડકો વિગેરેનો ભાગ સાથેના નકશામાં નંબર ૧ માં क નિશાનથી બતાવ્યો છે. એ નકશા ઉપરથી ખુલ્લી રીતે જણાય એમ છે કે દરવાજો પોતાની મેળે ઉઘાડબંધ થવાથી કાંઇ પણ કાયમ ખર્ચ નહિ થતાં ઘણી જમીન સૂકી પડવાથી આબાદ થયલી છે. તે ઉપરથી ભાવનગરમાં રૂવાપરી તરફ તેમ જ બીજી જે જે જગા ઉપર સમુદ્રનું પાણી ફરી વળતું તે તે જગા ઉપર જરૂર

જણાયા પ્રમાણે આડા પાળા બંધાવી દરવાજા મૂકવામાં આવેલા છે; આથી બીજી ઘણી જમીન સૂકી થતાં ઉપયોગી થયલી છે.

એ પાળ ઉપર રા. રા. ગૌરીશંકર ચોમાસાની મોસમમાં નિત્ય ફરવા જતા. આ પ્રમાણે બે માઇલ સમચોરસ જમીનનું સમુદ્ર પાસેથી સ્વાયત્તીકરણ (reclamation) કરવામાં આવ્યું. એ જમીન સૂકી થતાં તેના ઉપર હાલ રૂને દાબવાના પ્રેસો, બજાર અને વસતિનાં ઘરો ઉભાં થઈ ચિત્તનું આકર્ષણ કરે છે. પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબે જ્યારે આ જગા નજરે જોઇ ત્યારે તેઓને ઘણું સાનંદાશ્ચર્ય થવાથી તેઓએ રા. રા. ગૌરીશંકરને કહ્યું કે "દરિયા પાસેથી જમાબંદીતરીકે આ જમીન લેવામાં તમે ઘણી જ બુદ્ધિ વાપરી છે." પાળ બાંધવામાં થયલો ઘણો થોડો ખરચ, અને દરબારને લાખો રૂપિયાની થયલી ઉપજ આપણે લક્ષમાં લઇએ છીએ ત્યારે લેંગસાહેબનું આ વચન આપણને અક્ષરશઃ સત્ય લાગે છે.

હાલ જે બંદરની કોટીઆખાડી કહેવાય છે ત્યાં સુધી તે વખતે એટલો બધો કીચડ હતો કે માણસોને જવામાં ઘણી જ મુશ્કેલી પડતી, અને ગાડીઘોડાના સંચારનો તો અસંભવ જ હતો. એ જમીનને સને ૧૮૫૮–૫૯ માં સુધારી રા. રા. ગૌરીશંકરે જુવાળનાં પાણી અટકાવ્યાં, ગાડીઘોડા અને રેલ્વે-ગાડી પણ જઈ શકે એવી અનુકૂલતાવાળી સડકો બંધાવી, અને વેપારના માલની આમદાની અને રવાનગી સરલ રીતે થવા અર્થે મોટા વિસ્તારવાળો ડંકો બંધાવ્યો, જેથી પ્રજાવર્ગને અને વિશેષતઃ વ્યાપારીઓને ઘણું સુખ થયલું છે. (હાલમાં ઠેઠ બંદર સુધી રેલ્વે સડક લઇ જવામાં આવી છે, એટલે બંદર ઉપરનો માલ રેલ્વે ગાડીમાં ભરાઇ ભાવનગર રેલ્વે સ્ટેશન ઉપર લાવવામાં આવે છે.) રા. રા. ગૌરીશંકર પ્રજાના હિતમાં કેટલા તત્પર રહેતા તે નીચેનો પ્રસંગ સિદ્ધ કરી આપે છે.

કોટાઆખાડાના ઉત્તર તરફ દરબારી ભાલ પરગણાના ગામો આવેલાં છે. તે ગામોની વસતિને આવવા જવા તેમ જ મુસાફર લોકોને ઉતરવા સારૂ દરબાર તરફથી મછવા રાખવામાં આવે છે. તે મછવામાં જુજ પૈસા લઇને માણસને બેસાડી સામે પાર ઉતારવામાં આવે છે. આનો ઇજારો દરવર્ષે દરબારથી અપાય છે, અને ઇજારદાર દરબારે ઠરાવેલા દરથી અધિક લઇ શકતો નથી. એક સમયે એવું બન્યું કે રા. રા. ગૌરીશંકર સાંજે ડંકા ઉપર ફરવાને ગયા, ત્યાં એક કોળીની સ્ત્રીએ ઘણી જ આજીજી સાથે તેમને અરજ કરી કે "મારે ત્યાં વિવાહનું ટાણું છે અને આવતી કાલે સવારમાં વિવાહમંડપ કરવાનું મુરત છે, માટે હું માણેકથંભ લેવા અહિં ભાવનગર આવી હતી. તે થંભ લઇને મારે ઘેર જવાનું છે અને સામે કાંઠે ઉતરવું છે, પણ દરબારી કોટિયાનો ઇજારદાર મારી પાસેથી ચાર આના માગે છે. તે લીધા વગર મને કોટિયારસ્તે સામે પાર ઉતારતો નથી. મારી પાસે ચાર આના નથી, અને જો હું અહિં પડી રહીશ તો મારે ત્યાં વિવાહનું મુરત વીતી જશે. એવી મારા ઉપર મુશ્કેલી આવી પડેલી છે."

રા. રા. ગૌરીશંકરની અનુકંપા—કોળીની સ્ત્રીનો પ્રસંગ.

આ કોળી સ્ત્રીનું જરૂરિયાત કામ જાણી ઇજારદારે તેની પાસે વધારે પૈસા લેવાનો પ્રયત્ન કર્યો હતો, પણ તે સ્ત્રીના સારા ભાગ્યે રા. રા. ગૌરીશંકરનું ત્યાં જવું થયું. તેણે જાહેર કરેલી હકીકત સાંભળીને દયાલુ રા. રા. ગૌરીશંકરે ઇજારદારના માણસને તરત હુકમ આપ્યો કે "આ બાઇની પાસેથી કંઇ પણ લીધા વિના હમણાંને હમણાં બીજો મછવો મંગાવી, તેમાં તેને બેસાડી, તાકીદે સામે પાર ઉતારી દો." આ આજ્ઞા સાંભળી તે સ્ત્રીએ ખુશીનો પોકાર કર્યો. રા. રા. ગૌરીશંકરે ઘેર આવી ઇજારદાર પાસેથી ઇજારો છીનવી લેવાનો હુકમ કર્યો. પણ તેણે કરગરી માફી માગી ફરીથી એમ નહિ કરવા પ્રતિજ્ઞા કરી, તેથી તેને જવા દીધો હતો.

રાજાપ્રજાના હિતઅર્થે તથા પરદુઃખનિવારણઅર્થે રા. રા. ગૌરીશંકરને પોતાના અધિકારને અંગે દરરોજ સાંજે બહાર ફરવા નિકળવાનો અભ્યાસ હતો. તેથી પોલીસ ખાતાના અધિકારીઓને અને સીપાઇઓને, સુધરાઇ ખાતાના નોકરોને તથા ન્યૂનાધિક બીજાં ખાતાંના અધિકારીઓને જાગૃતિ રહેવાથી તેઓ પોતપોતાના અધિકારનું કામ નિયમિત, ન્યાયની રીતિએ અને લોકોને અડચણ ન પહોંચે એ પ્રમાણે કરતા.

ભાવનગરની ખાડી.

મુંબઈ બંદરમાં જે આગબોટો ફરતી હતી તેમના માલિક અને કપ્તાનના મનમાં કેટલાક લોકોએ એવી શંકા ઉપસ્થિત કરી હતી કે ભાવનગર બંદરની ખાડીમાં આગબોટ જઈ શકતી નથી. આ કારણથી સઘળી આગબોટ ભાવનગર બંદરમાં ન આવતાં ગોઘાના બંદર સુધી આવીને મુંબઈ ચાલી જતી હતી. તેથી એ બાબત ગોઠવણ કરવા અર્થે રા. રા. ગૌરીશંકરે દેશી રીતપ્રમાણે ખાડીના પાણીની માપણી કરાવી, જેથી સિદ્ધ થયું કે ભરતી વખતે ખાડીની પહોળાઈ ૨,૦૭૪ ફુટ, અને પાણીની ઉંડાઈ નાના જુવાળે ૨૨ ફુટ અને મોટા જુવાળે ૫૪ ફુટ રહે છે. આ હકીકત આગબોટના માલિકો તથા કપ્તાનોને જણાવી રા. રા. ગૌરીશંકરે તેમની સાથે એવો ઠરાવ કર્યો કે ભાવનગરની ખાડીમાં આવતાં કોઇ પણ આગબોટને કંઇ પણ નુકસાન થશે તો તેનો જવાબ દરબાર આપશે. ત્યારપછી ૧૧૬ ગામોના પ્રકરણસંબંધમાં, રા. રા. ગૌરીશંકર જાતે, રા. રા. સંતોષરામ દેશાઇસહિત, "ટાપ્ટી" નામની આગબોટમાં બેશી, મુંબઇના ગવર્નર સર બાર્ટલ ફ્રીઅર સાહેબને મળવા ગયા હતા. આ આગબોટ ભાવનગરની ખાડીમાં પહેલવહેલી જ ચાલી હતી, અને તેને કંઇ પણ અડચણ ન પહોંચવાથી, એ ખાડી આગબોટોને માટે અનુકૂલ છે એવો વિશ્વાસ લોકોને પડ્યો, અને તે વાત પ્રસિદ્ધ પણ થઈ. ત્યાર પછી મોટી મોટી આગબોટોનું બંદરમાં આવવું જવું થાય છે. દરબારે જાતે "લેડી ન્યાસા" નામની આગબોટ

ખરીદ કરી, "ભાવનગર" નામની આગબોટ બંધાવી, અને વેપારના ઉત્તેજન માટે, પ્રખ્યાત શેપર્ડ કંપનીને દરમહિને સામું લવાજમ આપી મુંબઇથી આગબોટો મંગાવી. આથી ભાવનગર બંદરના મુંબઇ, સુરતવિગેરે બંદરસાથેના વ્યાપારમાં પુષ્કલ વૃદ્ધિ થઇ, જેના આંકડા નીચે પ્રમાણે છે:—

	સાલ ઈ. સ.	માલની આમદાનીના રૂપિયા.	માલની રવાનગીના રૂપિયા.
*	૧૭૯૯-૧૮૦૦	૧૨,૯૪,૫૦૦	૨૨,૯૬,૫૦૦
†	૧૮૪૫-૪૬	૧,૪૧,૧૦૦	૨,૨૨,૩૦૦
‡	૧૮૭૩-૭૪	૬૩,૬૮,૦૦૦	૧,૦૮,૨૧,૬૦૦

બંદર તથા વ્યાપારસંબંધે બંદોબસ્ત.

ભાવનગર બંદર અને મુંબઇ બંદર વચ્ચે જથાબંધ રૂનો વ્યાપાર ચાલે છે, જેના ઉપર દરબારે ઘણી થોડી જકાત રાખેલી છે. વેપારીઓ ભાવવિગેરેમાં કાંઇ અડચણ કરી શકે નહિ તે માટે પ્રસંગે દરબારી કસ્ટમ ખાતાના અધિકારીઓને તથા રૂને તોળવાના કાંટાની દેખરેખ રાખવામાટે દરબારી કારકુનોને મોકલવામાં આવતા હતા. બીજા તાલુકાનું રૂ ભાવનગરમાં આવતું હતું તેથી એ બાબત દગલબાજી થવા ન પામે તે માટે રા. રા. ગૌરીશંકરે એવો હુકમ પ્રસિદ્ધ કર્યો હતો કે જે

* વસઇના તહનામાપૂર્વે.

† ૧૧૬ ગામોઉપર સરકારી હકુમતને લીધે.

‡ બંદર ઉપર દરબારની સ્વતંત્રતા સ્થપાયા પછી.

વેપારીનું રૂ દગાવાળું માલમ પડે તેનું ધોકડું બાળી નાંખવું. આથી ભાવનગરના રૂની શ્રેષ્ઠતાની ખ્યાતિ થઈ, અને ભાવ વધારે આવવાથી વ્યાપારીઓની બહુ સમૃદ્ધિ થઇ.

માલ તથા ઉતારૂ લઇને ભાવનગર બંદરમાં આવતાં તથા બંદરથી રવાને થતાં વહાણો તથા આગબોટોની યાદી, રા. રા. ગૌરીશંકરના હુકમથી, દરરોજ સવારમાં કસ્ટમખાતાના અધિકારી તરફથી તેમની પાસે આવતી. તેનું તેઓ બહુ લક્ષપૂર્વક અવલોકન કરી જે માલની ખામી જણાતી તે બાબતમાં વ્યાપારીઓને ઉત્તેજન આપતા, અને કસ્ટમ ખાતાના અધિકારીને પણ વારંવાર અમૂલ્ય સૂચનાઓ કરતા. તેમાં રૂનો વ્યાપાર વધારવા સંબંધે તેમનું ચિત્ત સર્વોપરિ ગુંથાઇ રહેતું. રૂની પાકી ગાંસડી ચંપાવવાના પ્રેસો પણ, મુંબઈના યુરોપીયન કંપનીવાળાને ભલામણ કરી, રા. રા. ગૌરીશંકરે કરાવ્યા છે, તેથી કાઠિયાવાડ પ્રાંતમાં ભાવનગર બંદરનું રૂ સઉથી એટલું શ્રેષ્ઠ વખણાયલું છે કે, મહારાજા શ્રીતખ્તસિંહજીના વખતમાં મોટો ખરચ કરી બંધાવેલી "સ્ટીમચેન ફેરી"ને ઉઘાડવાની ક્રિયા કરતી વખતે પોલિટિકલ એજંટ કર્નલ બાર્ટન સાહેબે પોતાના ભાષણમાં ભાવનગર બંદરને કાઠિયાવાડનું "લિવરપુલ" કહી તેની પ્રશંસા કરી હતી.

સોંદરાઇ બંદર.

સોંદરાઈ બંદર—આ બંદર ઉમરાળા પરગણામાં અને ખંભાતના અખાતને કાંઠે આવેલું છે. જ્યારથી ભાવનગરના રાજ્યકર્તાઓની સત્તા ઉમરાળા પરગણામાં સ્થપાઈ ત્યારથી એ બંદર દરબારના તાબામાં છે. વ્યાપારીઓના માલ તથા જાન સુરક્ષિત રહે તે અર્થે મહારાજા શ્રીભાવસિંહજીએ એ બંદરમાં ઘટિત ઉપાયો લીધા હતા. સને ૧૮૦૨ ની સાલમાં ઇંગ્રેજ સરકારે ધોળેરાના ચૂડાસમા ગરાસીઆઓ પાસેથી ધોળેરા અને તેના તાબાનાં ગામો વેચાણ અઘાટ લખાવી લીધાં તે વખતથી ધોળેરા બંદર ઉપર સરકારનું

સ્વામિત્વ સ્થપાયું. સોંદરાઇ બંદર ધોળેરા બંદરની નજીક આવેલું હોવાથી સરકારના અધિકારીઓએ દબાણ ચલાવી સોંદરાઇ બંદરને ચલાવવું બંધ કરાવ્યું તેથી એ બંદરનો વ્યાપાર ભાંગી પડ્યો; માત્ર ઘાસ અને તમરિયાંનો જુજ વ્યાપાર રહ્યો. એ બંદરસંબંધે રા. રા. ગૌરીશંકરે પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબદ્વારા સરકારમાં લડત ચલાવી હતી. તે ઉપરથી તે સાહેબ અને ગુજરાત પ્રાંતના કસ્ટમ કલેક્ટર મિ. હેબર્ટ સાહેબની જે કમિટી નીમાઈ તેની આગળ તેમણે કર્નલ વૅાકર સાહેબના રીપોર્ટવિગેરે પૂરાવા રજુ કર્યા હતા. કમિટી એકમત થવાથી મુંબઈ સરકારે એ બંદર ચલાવવાનો ઠરાવ કર્યો, પણ તે સાથે તેઓએ તેને પરરાજ્યનું બંદર ગણ્યું. આ પ્રમાણે ઠરાવ કર્યા છતાં સરકાર તરફથી લિખિત હુકમ મળ્યો નહિ, તેમ જ રોજર્સ સાહેબ પણ એ બંદરબાબત પોતાનો વિરુદ્ધ અભિપ્રાય દર્શાવતા હતા, તેથી રા. રા. ગૌરીશંકરે જારી રાખેલી તકરારના પરિણામરૂપે સને ૧૮૬૦ ના કરારથી એ બંદરસંબંધે નીચે પ્રમાણે શરતો થઇ હતી:—

(૧) સોંદરાઇ બંદરનો ઉઘાડ થવાથી સરકારને જે ખરચ થશે તે બદલ દર માસે રૂા. ૩૫) ભાવનગર કસ્ટમ કચેરીમાં ઠાકોરશ્રી ભરશે.

(૨) સરકાર મેહેરબાની કરીને સોંદરાઈ બંદર પરરાજ્ય માફક ચલાવવાને રજા આપે છે, પણ મીઠું, અફીણ અને ગાળેલો દારૂ સોંદરાઇ બંદરથી આવવા દેશે નહિ, અને એ ત્રણ જણસ શિવાય સોંદરાઇ બંદરથી ફક્ત હિંદુસ્તાનની પેદાશ તથા હિંદુસ્તાનની બનાવટના માલની રવાનગી, તથા ઉપરની ત્રણ જણસશિવાય સરકારી બંદરમાં વ્યાજબી રીતે થઈને હિંદુસ્તાન તથા હરકોઈ દેશાવરની પેદાશ અથવા બનાવટના માલની આમદાની થશે.

મસ્કતવગેરે પરદેશનાં બંદરોથી મોટાં વહાણો આવી શકે એવી સોંદરાઇબંદરની સ્થિતિ ન હોવાથી, ઉપરની શરતો દરબારતરફથી કબુલ રાખવામાં આવી હતી.

ઉપર પ્રમાણે કરાર થવાથી સને ૧૮૬૧ની સાલથી એ બંદર ચાલવું જારી થયું છે. વ્યાપારની અનુકૂલતામાટે ત્યાં કુરજા તથા દરબારી મકાનો રા. રા. ગૌરીશંકરે બંધાવ્યાં, ઠીઠ નામનું જૂનું તળાવ ખોદાવી તેના વિસ્તારમાં વધારો કર્યો, અને બંદરની ખાડીઉપર "જશવંતપુર" નામે ગામ આબાદ કર્યું. પણ ઘણાં વર્ષ થયાં ધોળેરા બંદરના વ્યાપારની જમાવટને લીધે એ બંદરની અભીષ્ટ સમૃદ્ધિ થઈ નહિ.*

આખરે સને ૧૮૬૬ના કરારથી સરકારે સોંદરાઈ બંદરને સ્વરાજ્યના બંદરનો લાભ આપ્યો, અને દરબારે એ બંદર-બાબત પોતાના તમામ દાવા પાછા ખેંચી લીધા. સોંદરાઇના વેપારનું સ્વરૂપ નીચેના આંકડાઓથી જણાય છે:—

સાલ ઇ. સ.	માલની આમદાનીના રૂપિયા.	માલની રવાનગીના રૂપિયા.
૧૮૭૪-૭૫	૬,૦૭૮	૧૧,૦૮૮
૧૮૭૫-૭૬	૨,૪૧૬	૨૦,૨૦૦

મહુવા બંદર.

મહુવા બંદર—જમાદારના પ્રકરણમાં કહ્યા પ્રમાણે સને ૧૮૪૯ સુધી મહુવા કસ્બો અને તેનું બંદર જમાદાર તાલબ તથા સાલે બીન નાસરના કબજામાં હતું. તે સમયે એ બંદરની સ્થિતિ ખરાબ

* વઢવાણ સિવિલ સ્ટેશન થતાં ધોળેરા બંદરને પણ ભારે ધોકો પહોંચ્યો.

હોવાથી જુજ વેપાર ચાલતો હતો. મહુવાનો કબજો દરબારને મળ્યા પછી તેની ઉપજ વધારવાના હેતુથી રા. રા. ગૌરીશંકરે એ કસ્બાનાં ઘણાં ખરાં ગામો મહુવાના શાહુકારોને તથા ગામના પટેલોને દર વર્ષે વધતી વધતી રકમ ઠેરવી ઇજારે આપ્યાં. આથી તમામ પડતર જમીનનું ખેડાણ થયું. ગામોની વસતિને માટે રા. રા. ગૌરીશંકરે જલાશયોની વ્યવસ્થા કરી. વ્યાપારીઓને ઉત્તેજન આપી દુકાનોનું સ્થાપન કરાવી, જકાતના દર ઘટાડી, મકાનના વેચાણનો કર ઓછો કરી, બેવડી જકાત બંધ કરી, જમીનનું સસ્તા ભાવે વ્યાપારીઓને વેચાણ કરી, ગામથી બંદરસુધી સડક બાંધી, બંદરની ખાડીમાં ડંકો બંધાવી, પાલીતાણા અને ઉંડ પરગણાનું રૂ તથા અનાજ બહારોબહાર મહુવે આવે એવી રીતે જેસર ગામઉપર થઇને ટુંકો રસ્તો બાંધી, તે ગામ અને મહુવાવચ્ચેનો પત્થરવાળો વિષમ રસ્તો કાપી વ્યાપારીઓના રક્ષણ માટે ચોકીના સ્વારપાળાને સ્થાપી, પૂલ અને ગરનાળા વાળી ૪૦ માઇલની સડક કુંડલાસુધી બાંધી, રૂના વ્યાપારની વૃદ્ધિઅર્થે ઘટિત ઉપાયો લઈ, અને સને ૧૮૬૬ માં બંદરમાટે સ્વરાજ્યના બંદરના લાભ મેળવી રા. રા. ગૌરીશંકરે * મહુવા બંદરની જે ચઢતી કલા કરી તે નીચેના આંકડાઓથી સ્પષ્ટ થાયછે :—

સાલ ઇ. સ.	માલની આમદાનીના રૂપિયા.	માલની રવાનગીના રૂપિયા.
૧૮૭૧–૭૨	૧૨,૨૬,૬૦૦	૨૩,૦૨,૦૦૦
૧૮૭૮–૭૯	૨૧,૨૩,૧૦૦	૨૩,૨૩,૫૦૦
૧૮૮૧-૮૨	૨૪,૬૭,૨૦૦	૫૫,૭૭,૬૦૦

* પ્રથમ મહુવામાં રૂની કાચી ગાંસડીઓ બાંધવાના સીકંજાઓ સાધારણ પ્રકારના હતા. હાલ ત્યાં પણ પાકી ગાંસડી બાંધવાના પ્રેસો થયા છે.

કથીવદરનું અથવા ડુંગરેનું બંદર—ચાંચ બંદરની મોટા પાટની ખાડી કથીવદરના બંદર સુધી આવેલી છે. આ જગા રા. રા. ગૌરીશંકરે સને ૧૮૫૫ માં પ્રત્યક્ષ જોઇ. તેની સ્થિતિ સુધારવામાટે તેઓએ ડંકો બંધાવ્યો, ઘણા વિસ્તારવાળું અને ઉંડું નવું જલાશય રચાવ્યું, ડુંગરથી બંદર સુધી સડક કરાવી, સીપાઇઓની ચોકી સ્થાપી, વ્યાપારીઓને દરબાર પાસેથી રૂપિયા ધીરાવી વ્યાપારને ઉત્તેજન આપ્યું, અને રૂની કાચી ગાંસડી બાંધવાના સીકંજા કરાવ્યા. આ બંદરને પણ સ્વરાજ્યના બંદરનો લાભ મળ્યો છે. તેના વ્યાપારનું સ્વરૂપ નીચે પ્રમાણે છે:—

કથીવદર બંદર.

સાલ ઇ. સ.	માલની આમદાનીના રૂપિયા.	માલની રવાનગીના રૂપિયા.
૧૮૭૦-૭૧	૧૩,૮૬૪	૧,૪૨,૫૦૦
૧૮૭૩-૭૪	૧૦,૭૦૦	૨,૪૫,૦૦૦
૧૮૭૪-૭૫	૧૫,૭૦૦	૩,૮૩,૦૦૦

પીપાવાવ અથવા રાજુલાનું બંદર—આ બંદર મહુવા પરગણામાં આવેલું છે. દરિયાના ખુલ્લા કિનારા ઉપર અગ્ર ભાગે આવેલું 'ચાંચ' નામનું ગામ છે. એ દરિયામાંથી જે ખાડી * નીકળે છે તેને 'ચાંચ બંદરની ખાડી' અથવા 'મોટો પાટ' કહેવામાં આવે છે. એ ખાડીના પશ્ચિમ

પીપાવાવ અથવા રાજુલાનું બંદર.

* એ ખાડીની સામે દરિયામાં 'ભેસલા' નામનો બેટ ચાંચની હદનો હોવાથી તેમાં જે પીરની જગા છે તેના ધૂપદીવાના ખરચની ગોઠવણ ભાવનગર દરબારથી કરવામાં આવે છે.

કિનારે સંસ્થાન જૂનાગઢ તાબાના બાબરિયાવાડ પ્રાંતની હદ આવેલી છે, અને એ ખાડીમાં થઇને પીપાવાવ તથા કથીવદર એ બંને શાખાની જુદી જુદી ખાડીઓમાં વહાણોનું જવું આવવું થાય છે. ઘણાં વર્ષો સુધી રાજુલાના વેપારીઓ એ બંદરમાં વેપાર ચલાવતા હતા, પણ તેમની સ્થિતિ નબળી હોવાથી એ બંદર સમૃદ્ધિમાન્ ન હતું. ઈસ્વી સન ૧૮૪૨–૪૩ ની સાલમાં જાફરાબાદ સંસ્થાનના સીદીએ નવીન તકરાર ઉપસ્થિત કરી. એ સંસ્થાનના શિયાળ બેટના દરિયાનાં ભરતી અને ઓટનાં પાણી ઉપર જાફરાબાદનું માલિકપણું થયું, અને એ પાણી મોટાપાટની ખાડીમાં થઇને પીપાવાવને બંદરે જતું હોવાથી જાફરાબાદના સીદીએ પીપાવાવનું બંદર ચાલતું બંધ કરવાના ઉપાયો લેવા માંડ્યા. રાજુલાના વેપારીઓના માલનું વહાણ ભરાતું હતું તેના ટંડેલો તથા ખલાસીઓને તેણે સખત માર માર્યો; હથિયારબંધ સીબંદી માણસોનું વહાણ રાખ્યું; અને બીજી અનેક રીતે મોટા ટંટાનું બીજ રોપ્યું. આ હકીકત એજન્સીના અધિકારી સાહેબોને ભાવનગર દરબારથી જાહેર કરાતાં, એ બાબતની તપાસ સરકારી જમીદારો સમક્ષ કરવામાં આવી. છેવટે પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબે સને ૧૮૫૭–૫૮ ની સાલમાં પોતાના આસિસ્ટંટ મેજર શોર્ટ સાહેબને એ જગોએ તપાસ કરવા મોકલ્યા, જે તપાસમાં રા. રા. ગૌરીશંકરે પોતે હાજર રહીને કેટલાક પૂરાવા રજુ કર્યા, અને જાફરાબાદની તકરાર ગેરવ્યાજબી સિદ્ધ કરી આપી. તેથી પ્રાચીન ઉપભોગ અને દસ્તાવેજના પૂરાવાથી કર્નલ લેંગ સાહેબે સને ૧૮૫૮ ની સાલમાં ભાવનગર દરબારના લાભમાં મુંબઇ સરકારપ્રતિ રીપોર્ટ કર્યો, જે ઉપરથી દરબારને થયલું નુકસાન આપવા એજન્સી તરફથી જાફરાબાદના સીદીઉપર તાકીદ કરવામાં આવી, અને મોસલ પણ કરવામાં આવ્યો.

સને ૧૮૫૩–૫૪ માં એ બંદર બાબત જૂનાગઢ સંસ્થાન સાથે તકરાર ચાલી. જૂનાગઢ સંસ્થાન અને ભાવનગર સંસ્થાન

વચ્ચે સીમાડાની હદ ઝોલાપરી નદી છે, અને હાલ વહેતી એ નદી પીપાવાવની ખાડીને મળતી હોવાથી એના ઉપર ભાવનગરનો હક નથી એમ જૂનાગઢે દાવો કર્યો. એ બાબતનું નિરાકરણ કરવા માટે આસિસ્ટંટ પોલિટિકલ એજંટ મેજર શોર્ટ સાહેબ એ જગાને સમક્ષ જોવા આવ્યા. તેમના આગળ એક પક્ષે જૂનાગઢના દરબારના મુખ્ય અમલદારો અને બીજા પક્ષે રા. રા. ગૌરીશંકર ગયા હતા. દરબાર તરફથી પૂરાવો આપતાં રા. રા. ગૌરીશંકરે જણાવ્યું કે હાલ ઝોલાપરી નદીના ચાલતા પ્રવાહને જૂનાગઢ તરફથી સરહદ કહેવામાં આવે છે તે વાસ્તવિક નથી. કારણકે તે નદીનો પ્રવાહ ફરી જઇને ભાવનગરની હદમાં પડેલો છે. ખરી સરહદની જૂની નદીનો પ્રવાહ તો ઘણે દૂર છે. એ પ્રવાહ બંધ થયલો હોવાથી એ નદીને “સુક ઝોલાપરી” કહે છે. આ ઉપરાંત બાબરિયાવાડનાં ગામના મૂળ ગરાસીઆની સાક્ષીથી રા. રા. ગૌરીશંકરે જૂનાગઢ દરબારની તકરારનું ગેર-વ્યાજબીપણું શોર્ટ સાહેબને સિદ્ધ કરી આપ્યું. તેથી પીપાવાવનું બંદર ભાવનગરની દરબારની સત્તામાં કાયમ રહ્યું.

ભાવનગર દરબારના દાવાનો નિકાલ કરવા માટે સરકારે ભરૂચના કલેકટર મિ. સી. જે. ડેવિસ સાહેબને નીમ્યા હતા. તેઓએ જ્યારે આ પીપાવાવ બંદરની મોટા પાટની ખાડી જોઈ ત્યારે તેમણે રા. રા. ગૌરીશંકરને પોતાનો એવો અભિપ્રાય જણાવ્યો કે “આ મોટા પાટની ચાંચની ખાડી ઘણી જ વખાણવાલાયક છે અને તેમાં મોટી આગબોટો પણ આવી શકે એમ છે. તેથી આ જગો સુધી રેલ્વે કરવામાં આવે તો મધ્ય હિંદુસ્તાન સુધીનો વેપાર આ બંદરે આવી શકે, એટલું જ નહિ, પણ આગબોટો પરભારી વિલાયત જઇ શકે એવી સગવડવાળું આ બંદર છે. તેથી આ મોટાપાટની ખાડી ઉપર તમારે જરૂર નવું શેહેર આબાદ કરીને વેપારની વૃદ્ધિ થાય એમ કરવું.” આવગેરે સલાહ ડેવિસ સાહેબે આપી હતી. બીજાં બંદરોની પેઠે આ બંદરમાં પણ રા. રા. ગૌરીશંકરે સુધારા કર્યા.

"વિકટર" બંદર.

સને ૧૮૯૦ ના માર્ચ મહિનામાં નામદાર કૈસરે હિંદ મહારાણી સાહેબના પૌત્ર શાહજાદા નામદાર પ્રિન્સ આલ્બર્ટ વિકટર ભાવનગર પધાર્યા તે વખતે તેમના હાથથી આ બંદરને ઉઘાડવાની ક્રિયા મોટા સમારંભવચ્ચે થઈ હતી અને તેનું નામ "વિકટર બંદર" * રાખવામાં આવ્યું છે. એ બંદરમાં માલની આમદાની તથા રવાનગીના આંકડા નીચે પ્રમાણે છે :—

સાલ ઇ. સ.	માલની આમદાનીના રૂપિયા.	માલની રવાનગીના રૂપિયા.
૧૮૭૦–૭૧	૭૧,૨૦૦	૬,૦૦૦
૧૮૭૧–૭૨	૭૫,૫૦૦	૮૦૦
૧૮૭૩–૭૪	૩૨,૬૦૦	૧૬,૭૫૦
૧૮૭૬–૭૭	૩૬,૪૦૦	૨,૭૦૦
૧૮૭૭–૭૮	૬૭,૭૯૨	૬૪૮
૧૮૭૮–૭૯	૧,૧૫,૩૬૭	૪૩,૪૭૭
૧૮૭૯–૮૦	૭૬,૩૬૫	૧,૭૯,૧૮૦
૧૮૮૧–૮૨	૧,૦૬,૧૬૮	૧,૬૮,૨૯૯
૧૮૮૫–૮૬	૧,૩૪,૫૨૯	૧,૦૬,૮૦૦
૧૮૮૭–૮૮	૧,૪૪,૫૨૦	૧,૩૫,૮૭૦
૧૮૮૯–૯૦	૨,૫૦,૯૫૫	૧,૧૫,૦૭૫
૧૮૯૨–૯૩	૨,૧૦,૧૫૦	૨,૭૯,૪૨૫
૧૮૯૬–૯૭	૨,૨૬,૯૨૫	૧,૫૭,૬૨૫
૧૮૯૯–૧૯૦૦	૨,૦૯,૮૭૫	૨,૧૩,૯૫૦

* પોર્ટ આલ્બર્ટ વિકટરમાં વહીવટદાર, ન્યાયાધીશ, ફોજદાર, થાણદાર વિગેરેની કચેરી માટે સારી અનુકૂલતાવાળું ભવ્ય મકાન બંધાવવામાં આવ્યું છે. જેને 'રાજગઢ' કહેવામાં આવે છે.

ધર્મશાળાનું મોટું મેડીબંધ મકાન છે તે રા. રા. પ્રભાશંકર વિ. દલપતરામ પટણી, જેઓ હાલના નામદાર મહારાજા સાહેબના હજુર સેક્રેટરી છે, તેમના નામ ઉપરથી 'પટણી ધર્મશાલા' કહેવામાં આવે છે. તેની નજીકમાં, લોકોના ઉપયોગ-સારૂ ઝોલાપરી નદીના પાણીની ટાંકી બાંધવામાં આવી છે. એ પાણી હાલ ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ માણસોને પૂરૂં પડે છે. એ ટાંકીમાં માણસોને પાણી પીવાની તેમ જ પાણી ભરવાની યુક્તિ કરેલી છે.

દવાખાનું તથા વર્કશોપનાં મકાનો પણ એ બંદરમાં બાંધવામાં આવ્યાં છે. વર્કશોપની નજીકમાં રેલ્વેના પાટા નાંખવામાં આવ્યા છે તે છેક બંદર સુધી પહોંચે છે. બંદર ઉપર વહાણમાંથી જે માલ ઉતરે છે તે વેગનમાં ભરી વર્કશોપનજીક લાવ-વામાં આવે છે, અને ત્યાંથી રાજુલા, ડુંગરવિગેરે સ્થલે લઈ જવા વ્યાપારીઓને બહુ અનુકૂલ પડે છે.

પોસ્ટ ઓફીસ, તાર આફીસ તથા મોદીખાનાવિગેરેનાં મકાનો પણ તૈયાર થયાં છે.

એક મોટું જલાશય 'પોટા તલાવ' બાંધવામાં આવ્યું છે. એક નહેરામાંથી નહેર ખોદી તેમાં પાણી લાવવાની ગોઠવણ થઈ છે.

દવાખાનાનું મકાન રા. રા. ગૌરીશંકરના નામથી બાંધવાનું કામ શરૂ થઇ ચુક્યું છે. તેનું ખાતમુહૂર્ત સંવત્ ૧૯૫૯ ના વૈશાખ શુદિ ૮ સોમવારે કરવામ આવ્યું છે, અને તેનો પાયો મિ. સીમ્સ સાહેબના હાથથી નાંખવામાં આવ્યો છે રા. રા. ગૌરીશંકરના નામથી એ મકાન પાછળ રૂ. ૫,૦૦૦ આપવામાં આવ્યા છે.

મોટા પાટની ખાડીમાં આગબોટ નજીક આવી શકે એવો ડક્કો બાંધવાની તૈયારી ચાલે છે.

ચાંચના ભૂશિરને આથમણે છેડે માનમંદિર (ઓબઝરવેટરી) તથા લાઈટ હાઉસ (કંડેલીયા) નાં મકાન બાંધેલાં છે, તેમાં "સન ડાયલ"નાં યંત્રો ગોઠવ વામાં આવ્યાં છે. આ કામ બહુ વખાણવાલાયક છે.

રાજગઢની પાસે સ્ટેશનનું મકાન બાંધવામાં આવ્યું છે, તે બહુ દર્શનીય છે.

આ બંદરમાં મિ. સીમ્સ સાહેબે એક બકાલાની વાડી બનાવી છે, જેને "સીમ્સ બાગ" કહે છે. (જોઈન્ટ એડ્મિનિસ્ટ્રેટર્સ સાહેબોના વખતમાં મિ. આર પ્રોક્ટર સીમ્સ સાહેબને સ્ટેટ એન્જીનીયર તરીકે નોકરીમાં દાખલ કરેલા હતા તેઓની તથા રા. રા. ગૌરીશંકરની વચ્ચે સારો મૈત્રીસંબંધ હતો. પોર્ટ આલ્બર્ટ વિક્ટર બંદર આબાદ કરવામાં તેઓ રા. રા. ગૌરીશંકરની સૂચનાનુસાર નામદાર મહારાજા સાહેબના હુકમથી સારી રીતે કામ ચલાવતા હતા. સન ૧૯૦૦ ની સાલમાં તેમને કોલેરા (મહામારી) નો રોગ લાગુ પડવાથી તેઓએ પોર્ટ આલ્બર્ટ વિક્ટરમાં પોતાનો દેહ છોડ્યો.)

પીપાવાવ ગામનજીક ઝોલાપરી નદીમાંથી, પંપદ્વારા નળ મૂકી, પોટા તળાવ પાસેની ટાંકીમાં પાણી લાવવામાં આવે છે.

પોર્ટ આલ્બર્ટ વિક્ટરથી જેસર સુધીની મોટી સડક બાંધવાનું કામ ચાલે છે, તેમાં હજારો મજુરો કામે લાગેલા છે. એ સડક જેસર, નોધણવદર થઈને સણો-સરાની બી.-જી.-જે.-પી. રેલ્વેની સડક સાથે જોડવામાં આવી છે.

તળાજાનું બંદર.

તળાજા અથવા સુલતાનપુરનું બંદર—આ બંદર ઘણાં વર્ષથી ચાલે છે, અને તેમાં તળાજાના વેપારીઓ વેપાર ચલાવે છે. રૂનો તથા કાટનો વેપાર વધારવા માટે રા. રા. ગૌરીશંકરે વ્યાપારીઓને અનુકૂલતા કરી આપી ત્યારથી એ બંદરની સ્થિતિ સુધરી છે. પાલીતાણા તથા ઉંડ પરગણાનાં કેટલાંએક ગામોનો વેપાર એ બંદરથી ચાલે છે. વ્યાપારનું સ્વરૂપ જણાવનાર આંકડા નીચે પ્રમાણે છે :—

સાલ ઈ. સ.	માલની આમદાનીના રૂપૈયા.	માલની રવાનગીના રૂપૈયા.
૧૮૭૦-૭૧	૧,૦૮,૬૦૦	૧૮,૨૦૦
૧૮૭૫-૭૬	૮૨,૯૦૦	૧,૦૩,૦૦૦
૧૮૮૦-૮૧	૭૪,૪૦૦	૬૬,૪૦૦

સને ૧૮૭૫ માં તળાજા નદીના કાંઠા ઉપર દરબારે મોટો ખરચ કરી વહીવટદાર, થાણદાર અને ન્યાયાધીશની કચેરીઓ માટે ઉતારો બંધાવેલો છે.

રા. રા. ગૌરીશંકરની નિરભિમાનતા તથા સાદાઈ.

મુખ્ય પ્રધાનના અધિકાર ઉપર છતાં રા. રા. ગૌરીશંકરને પોતાની પદવીનું અભિમાન હતું નહિ. દરબારી રીવાજપ્રમાણે મુખ્ય કારભારીનો પ્રથમ ભારે વૈભવ હતો. તેની આગળપાછળ સીબંદીના જથાબંધ માણસો ચાલતા, સાથે ચોપદાર રહેતો, રાત્રિએ દરબારી મસાલો કરવામાં આવતી, છત્ર પણ દરબારથી મળતું, અને પ્રવાસમાં પણ જથાબંધ સ્વારો સાથે રહેતા. સાદું ધોતિયું, અંગરખું, સાદી પાઘડી અને

સાદો ખેસ ધારણ કરવાના અભ્યાસવાળા રા. રા. ગૌરીશંકરને આ મોટો આડંબર બીલકુલ રુચતો નહિ, તેથી તેમણે બે ત્રણ શિવાયના સીબંદી માણસોને, તથા ચોપદાર, છત્રવિગેરે રસાલાને રજા આપી. મહારાજા શ્રીવિજયસિંહજી, પૂર્વોક્ત પ્રતિષ્ઠાનાં ચિહ્નો ધારણ કરવા માટે તેમને વારંવાર આગ્રહ કરતા, પરંતુ લઘુતામાં ગૌરવ માનનાર રા. રા ગૌરીશંકર એ સંબંધમાં તેમની સવિનય ક્ષમા માગતા. આવી સાદાઇથી તેઓ અધિક લોકપ્રિય થતા.

એક પ્રસંગે રા. રા. ગૌરીશંકરનું ભૂજ જવું થયું હતું. તે સમયે રેલ્વે તથા તારનું સાધન નહિ હોવાથી, રા. રા. ગૌરીશંકરે અગાઉથી માણસ મોકલી, ત્યાંના પ્રતિષ્ઠિત માજી દીવાન રા. રા. લક્ષ્મીદાસ* વલ્લભજીને પોતાના આગમનના સમાચાર જણાવ્યા હતા. રા. રા. લક્ષ્મીદાસ તેમને લેવા માટે થોડે સુધી સામે જવાની તૈયારી કરતા હતા, એવામાં રા. રા. ગૌરીશંકરની ગાડી તેમના ઘર આગળ આવી ઉભી રહી. રા. રા. લક્ષ્મીદાસે તેમને પૂર્વે કદિ જોયલા નહિ તેથી પૂછયું કે 'ગગા ઓઝા ક્યાં છે?' તેના ઉત્તરમાં રા. રા. ગૌરીશંકરે કહ્યું કે 'સેવક હાજર છે.' રા. રા. ગૌરીશંકરની સાદાઇ તથા દીવાનના દમામનો અભાવ અવલોકી રા. રા. લક્ષ્મીદાસે તેમની બહુ પ્રશંસા કરી હતી.

અન્ય પ્રસંગે ભાવનગરથી રાજકોટ જતાં રા. રા. ગૌરીશંકરે જસદણમાં કણબી પટેલને ઘેર, કારભારીઓના રીવાજપ્રમાણે, મુકામ કર્યો. ત્યાં કણબીની એક વૃદ્ધ સ્ત્રી, જે બોલવામાં ચાલાક હતી, તેણે રા. રા. ગૌરીશંકરને કહ્યું કે "અમારે ત્યાં પહેલા જે કારભારીઓ આવીને ઉતરતા તેમની

---

* રા. રા. લક્ષ્મીદાસે કર્નલ મેક્મોર્ડ તથા મિ. પોટિંજરના વખતમાં ભૂજના મહારાજા મહારાઓ શ્રીદેશળજીની સગીર વયમાં ઘણી સારી નોકરી કરી હતી, અને તેમને કચ્છ ભાયાતોની પેઠે સરકાર તરફથી બાંયધરી મળેલી છે. (જુઓ "કાઠીઆવાડ ગેઝેટીઅર.")

સાથે સીબંદીના સ્વાર, પાળા વિગેરે સંખ્યાબંધ રહેતા હતા અને તેમનો અમારા ફળિયામાં સમાવેશ પણ થતો નહિ. તમારી સાથે તો ફક્ત જુજ સીબંદીના માણસો છે, પણ મેહેતાઓ (કારકુનો)નું ધાડું વધારે છે એ જોઈ મને હસવું આવે છે." રા. રા. ગૌરીશંકરે આનો એવો જવાબ આપ્યો કે "મારે કાંઇ સીબંદીના માણસોથી કામ કરવાનું નથી, પણ કારકુનોની મદદથી દરેક કામમાં ફતેહ મેળવવાની છે, એટલા માટે મેં વધારે કારકુનો રાખ્યા છે. તેથી તમારે અચંબો પામવા જેવું નથી."

મહાલોની વ્યવસ્થા.

ભાવનગરના પૂર્વ રાજાઓના સમયમાં મહાલોનો જે વહીવટ ચાલતો હતો તેમાં સુધારો કરવાનો બહુ અવકાશ હતો. કેટલાંક ગામોનો કોઈ પણ મહાલમાં સમાવેશ થયો ન હતો, અર્થાત્ તે છૂટાં રહેતાં હતાં. ઇજારે આપેલાં ગામોનો વહીવટ ઇજારદારો કરતા, બાકીનાં ગામોનો વહીવટ વહીવટદારો કરતા, પણ એ વહીવટદારો અથવા ઇજારદારો મોસમની શરૂઆતમાં જ ગામોમાં જતા, અને ઉપજ વસુલ કરી પાછા ભાવનગર આવી રહેતા. તેથી તે મહાલો તથા ગામો પટેલ, તલાટી અને મપારાના વિશ્વાસ ઉપર જ રહેતા. આ રીવાજ મહારાજા શ્રીજશવંતસિંહજીને તથા રા. રા. ગૌરીશંકર ઉભયને પસંદ પડ્યો નહિ. કોઇ પણ ગામ તેને લગતા મહાલના તાબાવિનાનું રહે નહિ, અને વહીવટદારો પણ મહાલોમાં બારે માસ સ્થાયી મુકામ કરે એવી વ્યવસ્થા રા. રા. ગૌરીશંકરે કરી. તે અર્થે ભાવનગર રાજ્યના નીચે પ્રમાણે * નવ મહાલોમાં વિભાગ કરવામાં આવ્યા :-

(૧) પરગણે મહુવા.
(૨) પરગણે કુંડલા.
(૩) પરગણે લીલીયા.
(૪) પરગણે ઉમરાળા.
(૫) પરગણે ગઢડા.
(૬) પરગણે તળાજા.
(૭) પરગણે બોટાદ.
(૮) પરગણે ભાવનગર દશક્રોઇ.
(૯) પરગણે શિહોર.

* હાલ બે મહાલ વધેલા છે:—પોર્ટ આલ્બર્ટ વિક્ટર મહાલ, અને જેસર મહાલ.

ઉપર પ્રમાણે મહાલો મુકરર કરી દરેક મહાલ દીઠ વહીવટદાર, ડેપ્યુટી વહીવટદાર, કારકુનો, તથા સીબંદીના માણસોની નીમણોક કરવામાં આવી, તેમના પગારોનો તથા બીજી રીતે થતા વાર્ષિક ખરચનો નિયમ બાંધવામાં આવ્યો; ખેડુતો પાસેથી ઉપજ વસુલ કરવાનું ધોરણ વહીવટદારોને સમજાવવામાં આવ્યું, અને બાંધેલા નિયમપ્રમાણે વર્તવાની તેમની કબુલતના દસ્તાવેજો લેવામાં આવ્યા.

રા. રા. ગૌરીશંકરનું ખેડુતવર્ગઉપર વાત્સલ્ય.

ખેડુત વર્ગઉપર તો રા. રા. ગૌરીશંકરને અપરિમિત વાત્સલ્ય હતું. ખેડુતોની સંપત્તિ કેવી રીતે વધે, અને તેઓ કેવી રીતે પ્રસન્ન તથા સંતુષ્ટ રહે એ અર્થે રા. રા. ગૌરીશંકર અહર્નિશ પોતાની કુશાગ્ર બુદ્ધિનો ઉપયોગ કરતા હતા. તેઓ વારંવાર એમ કહેતા કે "ભાવનગર સંસ્થાનનાં જેટલાં ગામો છે તેનો દરેક ખેડુત કરજથી મુક્ત થાય, તેના ખળા ઉપર લેણદારો આવી તગાજો કરે છે તે કરતા બંધ થાય, ખેતી કરવાના બળદો ઉંચી કીમતના ઘણા સારા હોય, ગાડાંવિગેરે ઓજારો સારી સ્થિતિમાં હોય અને દરેક ખેડુતની સ્ત્રી પગમાં રૂપાનાં કલ્લાં તથા સારાં લૂગડાં પહેરીને ત્રાંબા પીતળનાં બેડાંથી જલાશયમાંથી પાણી ભરી લાવે એવું જોવાને હું બહુ આતુર છું." ખેડુત વર્ગ ઉપર આવા પક્ષપાતતુલ્ય મમત્વવાળા રા. રા. ગૌરીશંકરે મહાપ્રયાસે કરેલા સુધારાને લીધે તે વર્ગની સ્થિતિ સ્પૃહણીય સમૃદ્ધિવાળી થવી એ સ્વાભાવિક છે.

રામ પટેલ.

મહારાજા શ્રીવિજયસિંહજીના રાજ્યમાં એવો પ્રસંગ બન્યો કે કુંડલા પરગણાનાં ગામોનો ઇજારો, જે તે પરગણાના પ્રતિષ્ઠિત રામ પટેલને પ્રતિવર્ષ આપવામાં આવતો હતો, તે દરબારના અધિક લાભને અર્થે બીજા ખેડુત વર્ગના ઇજારદારને આપવામાં આવ્યો. કુંડલા પરગણાના સર્વ ખેડુતો રામ પટેલના તાબામાં હોવાથી તેને તે બાબત ઘણું અભિમાન હતું. પોતાનો ઇજારો બંધ કર્યાની ખબર

રામ પટેલને પડતાં તે મહારાજાની હજુરમાં ગયો, અને તેમના આગળ કેટલાંક ઉદ્ધત વાકયો બોલી જણાવ્યું કે ઇજારો ફેરવવાથી કુંડલા તથા લીલીયા પરગણાનાં કેટલાંક ગામોમાં ખેડુતો રહેશે નહિ, તેથી જમીન પડતર રહેશે, અને એ ગામો ઉજડ થઈ જશે. ગર્વથી ભરેલાં આ વાકયથી મહારાજાશ્રીનો ક્રોધાગ્નિ ઉદ્દીપ્ત થયો, અને તેમણે ગામો ખાલી કરવાની રામ પટેલને આજ્ઞા કરી, જેથી ઘણાં ખરાં ગામોના ખેડુતો પોતાનો સરસામાન ગાડીમાં ભરી જૂનાગઢ સંસ્થાનના તાબામાં રહેવા ગયા. નવા ખેડુતો બોલાવવામાં ઘણી મુશ્કેલીઓ અને પુષ્કળ દ્રવ્યની આવશ્યકતા હતી, તેથી ગામો નિર્જન થયાં. ઘણા પ્રયાસે પોતે આબાદ કરેલાં ગામો આ પ્રમાણે ઉજડ થવાથી રા. રા. ગૌરીશંકરને અતિખેદ થયો, તેથી તેમણે મહારાજાશ્રીને વિજ્ઞપ્તિ કરી કે “કણબી ખેડુતોની જીભ કુવાડા જેવી પરંપરાથી કહેવાતી આવે છે. પણ તેમના હાથ સુવર્ણના જેવા છે, કારણ કે તેઓ ત્રણે મોસમ ટાઢ, તડકો અને વરસાદનું દુઃખ સહીને દરબારશ્રીને લાખો રૂપૈયાની પેદાશ કરી આપે છે, અને તેમાં પણ રામ પટેલને તો આપે જ પોતાના પુત્રવત્ જાણીને તેનું લાલન કર્યું છે. તેના અભિમાનથી તેઓ કદાપિ અઘટિત રીતે બોલ્યા હોય તો તે ઉપર આપે બીલકુલ લક્ષ આપવું ન જોઇએ, પણ તેની મહેનત કે જે કમાઉ પુત્રના જેવી છે તે ઉપર ધ્યાન આપવું જોઇએ.” ખેડુત વર્ગઉપર હેતથી ભરેલા આવા કોમલ શબ્દથી મહારાજાશ્રીનો રોષ ઉતરી ગયો, અને તેમણે એ કામ રા. રા. ગૌરીશંકરને સોંપ્યું. તેમના કહેવાથી રામપટેલ અને બીજા મુખ્ય પટેલો કેટલીક મુદત પછી જૂનાગઢ સંસ્થાન છોડી પોતાના અસલ કુંડલા પરગણામાં આવી રહ્યા.

મહાલોમાં ફરવા જવું.

ખેડુતોની બરદાસ્તમાં તત્પર રા. રા. ગૌરીશંકર દર વર્ષે મહાલોમાં ફરવા નીકળતા ત્યારે નીચેની બાબત ઉપર મુખ્ય લક્ષ આપતા, અને આખા ભાવનગર સંસ્થાનમાં એકે એવું ગામ ન હતું કે જે તેઓએ જોયું નહિ હોય :—

(૧). દરેક ગામમાં વસતિના સુખાર્થે કૂવા, વાવ, તળાવ-આદિ જલાશયની ગોઠવણ છે કે નહિ?

(૨). ખેડુત લોકોની સ્થિતિ કેવી છે? તેઓ દેવાદાર છે કે દેવા વગરના? દેવાદાર છે તો શા કારણથી છે?

(૩). જમીન ખેડવામાં ખેડુતોને બળદવગેરે સાધનની ખામી છે કે નહિ?

(૪). ખેડુતો પાસેથી વસુલ કરવામાં આવતો કર તેમની સ્થિતિના પ્રમાણમાં વ્યાજબી છે કે ગેરવ્યાજબી?

(૫). મુસાફર લોકોને ઉતરવા સારૂ ધર્મશાલા, ચોરાવિગેરેની અનુકૂલતા છે કે નહિ?

(૬). ગામોની વસતિને ચોરતરફથી ભીતિ રહે છે કે નહિ!

(૭). સુતાર, લુહાર, દરજી, મોચી, ઘાંચી, વાળંદ, કુંભાર વગેરે મજુરી કરી ગુજરાન ચલાવનાર વર્ગની સ્થિતિ કેવા પ્રકારની છે? એમના ઉપર કાંઇ ગેરવ્યાજબી અડચણ થાય છે કે નહિ

પ્રજાની ઉન્નતિ અર્થે ઉપર પ્રમાણે પ્રશ્નો રા. રા. ગૌરીશંક વિચારતા, અને લોકહિતકર ઘટિત ઉપાયો લઇ તેનું સમાધાન કરતા. *

ભાવનગર સંસ્થાનમાં મુખ્ય પેદાશ રૂની હોવાથી, તેને જેમ બહોળો વ્યાપાર થાય તેમ કપાસનું વાવેતર કરવા રા. ર

*મહારાજા શ્રીવિજયસિંહજીને ઘોડાનો અત્યંત શોખ હતો, તેથી તેએ ઘોડારમાં જથાબંધ ઘોડા રાખતા. એ ઘોડાની ચંદીને માટે પુષ્કળ દાણાની જરૂ પડતી, તેમ જ ખવાસવગેરે નોકરોને દર મહીને પગારને બદલે દાણા આપવાન રિવાજ હતો, જેને "કણેતું" કહેવામાં આવતું હતું. દરબારના ભાગના એ દાણ પોતાનાં ગાડાંમાં ભરી ખેડુત લોકો ઘણે દૂરથી ભાવનગરમાં દરબારના કોઠારમ પહોંચાડતા. આ રિવાજ રા. રા. ગૌરીશંકરને ખેતીમાં પ્રતિબંધરૂપ લાગવાથ તેમણે તે બંધ કરી, ખેડુતોને આ અડચણથી મુક્ત કર્યા, જેથી તેઓએ ઘણ ખુશી બતાવી હતી.

ગૌરીશંકર ખેડુતોને સલાહ આપતા, અને તે અર્થે તેમને કૂવા તથા નદીના પાણીની અનુકૂલતા કરી આપતા. આરંભમાં પાણી પાવાથી કપાસની નબળી સ્થિતિ માલમ પડી, અને ખેડુતો નિરાશ થવા લાગ્યા. પણ રા. રા. ગૌરીશંકરે હવાવગેરે પ્રતિબંધક કારણોની તેમને સમજણ પાડી પાણી પાવાની યથાર્થ રીત દર્શાવી, જેના પરિણામમાં રૂના પાકમાં પુષ્કલ વૃદ્ધિ થઈ. સને ૧૮૫૬ માં નામદાર મુંબઇના ગવર્નર લૉર્ડ એલ્ફિસ્ટન સાહેબ ગોહિલવાડ પ્રાંતમાં મુસાફરીએ નીકળ્યા હતા ત્યારે તેઓ મુંબઇનાં પ્રખ્યાત ગ્રેજ્યુએટ ડાકટર નારણ દાજી, તથા ઓરિએન્ટલ ટ્રાન્સ્લેટર રા. રા. વિનાયકરાવ વાસુદેવ વગેરે સદ્‌ગૃહસ્થોસહિત પાણી પાયલા કપાસનું વાવેતર નજરે જોવા ભાવનગર સંસ્થાનના બોટાદ તથા ઉમરાળા મુકામે પધાર્યા હતા. તે સમયે તેઓએ રા. રા. ગૌરીશંકરના ખેડુતવર્ગઉપર વાત્સલ્યનો વિસ્તાર પ્રત્યક્ષ અવલોકી તેમને ધન્યવાદ આપ્યો હતો, અને એ જ પ્રમાણે તે વર્ગને ઉત્તેજન આપતા રહેવાની તેમને સલાહ આપી હતી.

પૂર્વોક્ત ઉપાયથી કપાસનો પાક વધ્યો, પણ યથોચિત સંભાળના અભાવે તેની ખરાબી થતી હતી. ખેડુત લોકો ઉગેલા કપાસનાં કાલાં વીણીને ગામને પાદર તેનો ખળામાં ઢગલો કરતા. એ ઢગલા ઉપર પવનના સપાટાથી ધૂળનું મિશ્રણ થતું, અને તેથી કપાસ હલકી પંક્તિમાં ખપવા લાગ્યો. આ ખરાબી અટકાવવાને રા. રા. ગૌરીશંકરે ખેડુતોને કપાસ પોતાને ઘેર લઈ જઈ માવજતથી રાખવાની સલાહ આપી, તેમ કરતાં કપાસનો ઉંચી પંક્તિનો ભાવ આવવા લાગ્યો. તે જ પ્રમાણે રૂમાં રેતીવગેરે પદાર્થનો કોઇ પ્રકારે સેળભેળ કરી ખેડુતો તથા વ્યાપારીઓ દગો કરવા ન પામે તે માટે સખત ઠરાવો બહાર પાડ્યા. આથી ભાવનગરના રૂની સર્વત્ર નામના થઈ. વળી અનાજ, કપાસ, શેરડીવગેરેનાં ઉંચી જાતના બીજ વાવવાને ખેડુતોને ઉત્સાહ પ્રગટે તે માટે તેઓને રા. રા. ગૌરીશંકર પોતાની પાસે બોલાવી

ઘણી વાતચીત કરી અમૂલ્ય સલાહ તથા ઉત્તેજનનો લાભ આપતા.

પડતર જમીનનું ખેડાણ.

ખેડુત વર્ગની દરિદ્રાવસ્થાને લીધે, દરબારની ઘણી જમીન ખેડાણવગરની પડતર પડી રહેતી હતી, તેથી ખેડુતને તથા દરબારને તેટલું નુકસાન હતું. આવા દીન દુર્બલ ખેડુતોની અડચણો દૂર કરી, વાણી તથા વર્તનથી તેમનું પ્રોત્સાહન કરી, તેમ જ બીજા નવા ખેડુતો બોલાવી, નવા કૂવાવગેરે સાધનો ઉપજાવી રા. રા. ગૌરીશંકરે પડતર રહેલી ઘણી જમીનનું ખેડાણ કરાવ્યું.

આ બધા સુધારાથી એક પક્ષે ખેડુતોની સ્થિતિ સુધરી, અને બીજે પક્ષે દરબારની ઉપજમાં પુષ્કલ વધારો થયો. મહારાજા શ્રીવિજયસિંહજીના વખતમાં રાજ્યની ઉપજ આસરે રૂ. ૭,૦૦,૦૦૦) સાત લાખ હતી, ત્યારપછી મહારાજા શ્રીઅખેરાજજીના વખતમાં તેમાં બે લાખ રૂપિયાનો વધારો થયો, અને સને ૧૮૭૦ માં એટલે ઉપરના સુધારાઓનો પૂર્ણ અમલ થયા પછી રૂ. ૩૫,૦૦,૦૦૦) થી રૂ. ૩૯,૦૦,૦૦૦) સુધીની વાર્ષિક ઉપજ થતી હતી; એટલે, લગભગ ત્રીશ વર્ષની અંદર, ઉપજ પાંચગણી થઇ.

મહારાજા શ્રીજશવંતસિંહજીનું રાણીમંડળ.

મહારાજા શ્રીજશવંતસિંહજી કુંવરપદે હતા ત્યારે હાલાર પ્રાંતના રાજપરા તાલુકાનાં ભાગદાર જાડેજા સુરાજીનાં કુંવરી શ્રીહરિબાસાથે તેમનો વિવાહ થયો હતો. ત્યાર પછી સને ૧૮૫૫ માં તેમનું રાણીમંડળ નીચે પ્રમાણે વધ્યું હતું:—

(૧). ગોઘા તાબાના ગામ તણસાના રાહ દાદભાના કુંવરી શ્રીહીરજીબા.

(૨) ગોંડલ સંસ્થાનમાં રહેલા ગરાસીઆ ઝાલા પંચાણજીનાં કુંવરી શ્રીસુભજીબા.

(૩) ઝાલાવાડ પ્રાંતના તાલુકે ખેરાળીના ઝાલા અદેસિંહજીનાં કુંવરી શ્રીનાનીબા.

(૪) પરગણે તળાજાના વાળા નાનભાનાં કુંવરી શ્રીમોટીબા.

આ પાંચ રાણીઓ મધ્યે બાઇ શ્રીહરિબા, બાઇ શ્રીસુભજીબા, બાઇ શ્રીનાનીબા, તથા બાઇ શ્રીમોટીબા એ ચાર રાણીઓનો સ્વર્ગવાસ થયો, તેથી સને ૧૮૬૦ માં મહારાજાશ્રીનો નીચેને સ્થલે પુનઃ વિવાહ થયો :—

(૧) રાજકોટ તાલુકાના ભાયાત, અને નવાનગરના મહારાજા જામસાહેબ વિભાજીના માસીના દીકરા ભાઇ જાડેજા ભૂપતસિંહજીનાં બ્હેન બાઇ શ્રીબાજીરાજબા.

(૨) માળિયા તાલુકાના જાડેજા સત્તાજીનાં કુંવરી બાઇ શ્રીબાજીબા.

(૩) ખેરાળી તાલુકાના ઝાલા વહેરાભાઇનાં કુંવરી બાઈ શ્રીઅમજીબા.

(૪) પરગણે તળાજાના જીવાઇદાર વાળા રણમલજીનાં કુંવરી બાઇ શ્રીનાનીબા.

રાજપરાવાળાં બાઇ શ્રીહરિબાએ કુંવરી શ્રીગગુબાને જન્મ આપ્યો, પણ નાની વયે તેમનો દેહ પડવાથી મહારાજાશ્રીને ઘણી લાગણી થઇ હતી.

કુમારશ્રી તખ્તસિંહજીનો જન્મ ; તેમનું શિક્ષણ.

સને ૧૮૫૮ માં (સંવત્ ૧૯૧૪ પૌષ વદિ ૭ ને દિવસે) એ રાણીએ પાટવી કુમાર શ્રીતખ્તસિંહજીને જન્મ આપ્યો, તેથી દરબાર અને પ્રજાવર્ગમાં ઘણો આનંદ ફેલાયો, અને બ્રાહ્મણોને તથા ગરીબોને દાન આપવામાં આવ્યાં. પરંતુ પાટવીકુમારનાં માતુશ્રી હરિબા જાતે પોતાના સુપુત્રનો રાજ્યાભિષેક જોવા રહ્યાં નહિ, પણ તેમને અલ્પ વયના મૂકી તેમણે સ્વર્ગ-

વાસ કર્યો, તેથી માતૃવિરહી તે કુમારનું લાલનપાલન અને સંવર્ધન મહારાજાશ્રીને શિર આવી પડ્યું.

કુમાર શ્રીતખ્તસિંહજી ૬–૭ વર્ષની વયના થયા ત્યારે તેમને શિક્ષણનિમિત્ત ગામઠી નિશાળે મૂકવામાં આવ્યા, અને વય વધતાં સુરતના પ્રખ્યાત નાગર બ્રાહ્મણ રા. પ્રાણનારાયણ મયાશંકર, ભાવનગરની એંગ્લો-વર્નાક્યુલર સ્કુલના હેડમાસ્ટર, એમના હાથ નીચે તેમણે ગુજરાતીનો અભ્યાસ વધાર્યો, અને ઇંગ્રેજી અધ્યયનનો ક્રમ શરૂ કર્યો.

કુમાર શ્રીજુવાનસિંહજી.

તણસાવાળાં શ્રીહીરજીબા સને ૧૮૬૨માં કુમાર શ્રીજુવાનસિંહજીનાં માતા થયાં. રાજકુમાર કોલેજમાં ઇંગ્રેજીનો સારો અભ્યાસ કરી એ કુમાર વિલાયતમાં અધ્યયનાર્થે એક વર્ષ ઉપર રહ્યા. તેઓ ભાવનગર પાછા ફર્યા, ત્યારે તેમને રાજ્યરીતિપ્રમાણે ગરાસમાં ત્રણ ગામો આપવામાં આવ્યાં, અને 'તેજપાળ મહેતાની હવેલી' એ નામથી ઓળખાતું વિશાલ અને રમ્ય ભવન આપવામાં આવ્યું. પણ વિશેષ વિખ્યાતિની આશા આપનાર તે કુમારે ૨૨ વર્ષની તરુણ વયે પરલોકવાસ કર્યો; એ શોચનીય વૃત્તાંતથી સંસ્થાનમાં ખેદ થયો.

કર્નલ લેંગ સાહેબ કે જેઓ કાઠિયાવાડ પોલિટિકલ એજંટના અધિકાર ઉપર સને ૧૮૪૭થી ૧૮૫૮સુધી રહ્યા તેઓને કાઠિયાવાડનો બહુ ગાઢ પરિચય હતો. તેઓનો સ્વભાવ બહુ જ દયાલુ હતો; પણ એ તેમની સૌમ્ય પ્રકૃતિનો ગેરલાભ ઘણા લેતા. રાજસંસ્થાનોના તાબાના ભાયાતો અને મૂળ ગરાસીઆઓની ફરિયાદ કર્નલ લેંગ સાહેબ બહુ દયાપૂર્વક સાંભળતા, અને તેથી તે લોકો તેમને "ગરીબપરવર" ઇત્યાદિ વિશેષણવડે સંબોધતા. દયાલુ સ્વભાવવાળા લેંગ સાહેબ આવી એકપક્ષી હકીકત સાંભળી, તેના ગુણદોષની પરીક્ષા કર્યા વિના જ, ફરિયાદીઓને દાદ આપવાની તાકીદ પોતાની હજુરમાં રહે-

નાર સંસ્થાનોના વકીલોને આપતા. તેમના આવા વર્તનથી સેંકડો ગરાસીઆઓનાં ટોળાં તેમની સ્વારીમાં ફરતાં, અને દરબારની સત્તાનો અનાદર કરતાં. ગાયકવાડ સરકાર અને પેશ્વા સરકાર આવી આંતર રાજ્યવ્યવસ્થામાં કદાપિ માથું ઘાલતા નહિ, અને તેમના જ હક ઇંગ્રેજ સરકારને પ્રાપ્ત થયલા હોવાથી તેમને પણ એ બાબતમાં વચ્ચે આવવાનો અધિકાર ન હતો. લેંગ સાહેબને તેમની આ ગેરવર્તણુક વિષે વારંવાર વિજ્ઞપ્તિઓ કરવામાં આવેલી, પણ તેનું કંઇ ફળ ન થવાથી સ્વતંત્ર સ્વભાવવાળા અને સ્વષ્ટવક્તા રા. રા. ગૌરીશંકરે તે સાહેબને એ સંબંધમાં જુસ્સાથી કહ્યું કે "એવા તાબાના લોકોની ફરિયાદ સાંભળવાથી એ લોકો માથે ચઢી જઇ અમારા રાજ્યની હકુમતનું કાંઇ પણ માન રાખતા નથી, અને તેમ થવાથી રાજ્યમાં ઘણી અવ્યવસ્થા ચાલે છે. એ લોકોનાં ટોળેટોળાં આપની સ્વારીમાં ફરે છે તેથી તેઓને પણ ખરચમાં આવવું પડે છે. રાજાઓ તો એવી નાહક તકરારો ઉત્પન્ન કરનાર ફરિયાદીઓની મુલાકાત લેવા પણ ખુશી નથી. વળી એજન્સીના અધિકારીઓને દેશના સુધારાઓનું કામ કરવાની સલાહ આપવાની જે અગત્ય છે તે તો એક બાજુ ઉપર રહી જાય છે, અને એવા ટોળાબંધ લોકોની ફરિયાદો સાંભળવાથી અધિકારીઓનો ખાલી વખત જાય છે. માટે આ જે રીતિ આપે દાખલ કરી છે તે માફ થવી જોઇએ."

આ બાબત લેંગ સાહેબના દયાલુ સ્વભાવે તેમની બીજી મનોવૃત્તિઓનો પરાભવ કર્યો હતો, તેથી રા. રા. ગૌરીશંકરના આ નિર્ભય પણ સત્ય વચનોની તેમના ઉપર અસર રહી નહિ, અને તેમણે પોતાનું વર્તન જારી રાખ્યું. આખરે એજન્સીમાં ચાલતાં કામોનું અવ્યવસ્થિતપણું એટલું બધું વધી ગયું કે તે મુંબઇ સરકારની દૃષ્ટિમાં આવ્યું. તેથી તેઓએ નવીન ધોરણ બાંધવા માટે અનુભવ, સુદક્ષતાઆદિ ગુણોવડે પ્રખ્યાત મિ. કિનલોક ફોર્બ્સ સાહેબની નીમણોક કરી.

ફોર્બ્સ સાહેબ આ પોતાના નવીન અધિકારઉપર આઠ માસથી વિશેષ રહ્યા નહિ, પણ એટલામાં તો તેમની સૂક્ષ્મ બુદ્ધિને એજન્સીમાં કામ ચલાવવાની રીત કઢંગી અને ન્યાયવિરુદ્ધ સિદ્ધ થઈ, પોતાની હુજુરમાં કામની રજુઆત કરનાર વકીલોનું ભાષણ તથા તેમની દલીલો સઘળું તેમને અવ્યવસ્થાથી પૂર્ણ જણાયું. તેથી તેઓએ નવી જ પદ્ધતિથી એજન્સીનું કામ ચલાવવાનો સવિસ્તર રીપોર્ટ સરકારમાં કર્યો. ભાવનગર રાજ્યસંબંધી તેમનો ઘણો ઉચ્ચ અભિપ્રાય હતો. સને ૧૮૬૦ ના પોતાના રીપોર્ટમાં તેઓએ એ બાબત સરકારમાં એવું લખાણ કર્યું છે કે ભાવનગરનું રાજ્ય કાઠિયાવાડ પ્રાંતના પૂર્વ તરફના દરવાજાનું રાજ્ય છે, અને સૂર્ય પૂર્વ દિશામાં ઉગે છે તેમ જમાનાને અનુસરતા રાજ્યસુધારાઓનો પ્રકાશ પ્રથમ ભાવનગરમાં થાય છે.

તેમના પછી કર્નલ બાર સાહેબ અધિકાર ઉપર આવ્યા. તેઓએ જૂનાગઢ સંસ્થાનની અંદરની તકરારોમાં વચ્ચે આવી સરકારમાં રીપોર્ટો કર્યા. તે વાંચી મુંબઈના ગવર્નર સર બાર્ટલ ફ્રીયર સાહેબને ફોર્બ્સ સાહેબના અભિપ્રાયનું યથાર્થપણું સ્પષ્ટ રીતે સમજાયું, તેથી તેઓએ ૧૮૬૩ ની સાલમાં મેજર કીટિંજ સાહેબ (જેઓ પછીથી જનરલ કીટિંજ વી.સી. થયા છે)ને પોલિટિકલ એજંટનો અધિકાર સોંપ્યો. ભાવનગરના મુખ્ય પ્રધાન રા. રા. ગૌરીશંકર તથા જૂનાગઢના પ્રધાન રા. રા. ગોકુલજી ઝાલાને મળી તેમના અનુભવનો સદુપયોગ કરવાની એ સાહેબને કિનલોક ફોર્બ્સ સાહેબે ભલામણ કરી હતી. તે ઉપરથી કીટિંજ સાહેબનું કાઠિયાવાડમાં આગમન થતાં તેઓએ રા. રા. ગૌરીશંકરને તથા રા. રા. ગોકુલજી ઝાલાને પોતાના સમીપ બોલાવ્યા, અને એજન્સીમાં નવો બંદોબસ્ત કરવાવિષે તેમનો અભિપ્રાય મેળવી લેંગ સાહેબની કાર્યપદ્ધતિને કેટલીક બાબતમાં ગેરવ્યાજબી ગણવામાં એકમત થયા. તેમના રીપોર્ટો ઉપરથી મુંબઇ સરકારે તે સાહેબની, તથા વડોદરાના રેઝિડન્ટ કર્નલ વા-

લિસની કમિટી નીમી, તેમની આગળ પણ રા. રા. ગૌરીશંકરે પોતાના વિશાલ અનુભવનો, સ્પષ્ટવક્તૃત્વનો અને પ્રામાણિકપણાનો લાભ આપ્યો હતો. આખરે ૧૮૬૪ ની સાલમાં એજન્સીનું કામ ચલાવવાની નવીન પદ્ધતિ રચાઇ, જેથી સંસ્થાનોના રૈયતના પરસ્પર દાવા અને ભાયાત તથા ગરાસીઆઓના રાજસ્થાન ઉપર જુજ દાવા, એજન્સીમાં ચાલવા બંધ થયા, અને આંતર ન્યાયવ્યવસ્થા સંસ્થાનોને સંપૂર્ણ રીતે સ્વાધીન રહી.*

દીવાની તથા ફોજદારી ન્યાયવ્યવસ્થા.

એ ધોરણને અનુસરીને ભાવનગર રાજ્યના મહુવા, કુંડલા, લીલીયા, ગઢડા, ઉમરાળા અને તળાજા એ છ મહાલોમાં દીવાની તથા ફોજદારી ન્યાયાધીશોનો અખત્યાર તે તે મહાલના વહીવટદારને આપવામાં આવ્યો, અને કામ ચલાવવાના કાયદાઓ તૈયાર કરી મહારાજાશ્રીની મંજુરી મેળવી પ્રસિદ્ધ કરવામાં આવ્યા. ઈનસાફ બહુ સગવડથી અને ઓછા ખરચથી મળે એવી રીતે કાયદાઓ રચાવવામાં આવ્યા.

૧૮૬૬ ના ઠરાવથી ભાવનગરસહિત ૧૧૬ ગામો ઉપર સરકારી હકુમત બંધ થવાથી તે સંબંધી ન્યાયની વ્યવસ્થા કરવી પણ રા. રા. ગૌરીશંકરને પ્રાપ્ત થઇ. તા. ૨-૧૧-૧૮૬૬ નો પહેલો ધારો સંવત્ ૧૯૨૩ કાર્તક શુદિ ૧ ના દરબારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયો છે, તેમાં ઠરાવ્યું છે કે ખુદ ભાવનગર, પરગણે શિહોર અને બોટાદવગેરે ગામોમાં અંગ્રેજ સરકારના ચાલતા કાયદાઓનો અમલ બંધ થઇ દરબારના ધારા ચલાવવામાં આવશે. ન્યાયાધીશોની નીમણોક નીચે પ્રમાણે કરવામાં આવી:-

શહેર ભાવનગરમાં—દીવાની ન્યાયાધીશ એક, તેનો અખત્યાર ભાવનગર, પરગણે શિહોર તથા તપા કોળિયાક તાબાનાં ગામોમાં.

---

* રાજસ્થાનિક સભાના સ્થાપનવિષે આગળ ઉપર લખવામાં આવ્યું છે.

પરગણે શિહોરમાં—ફોજદારી ન્યાયાધીશ એક. તેનો અખત્યાર કિલ્લે શિહોર તથા પરગણાનાં ગામોમાં.

તપે કોળિયાક—ફોજદારી ન્યાયાધીશ એક, તેનો અખત્યાર તપાનાં ગામોમાં.

પરગણે બોટાદ—ન્યાયાધીશ એક, તેનો દીવાની તથા ફોજદારી અખત્યાર કસ્બે બોટાદ તથા તેનાં પરગણાનાં ગામોમાં.

એ સર્વ ન્યાયાધીશોના ફેંસલા ઉપરથી અપીલ સાંભળવા માટે, સેશન જડજ સુધીના અધિકારવાળી સર ન્યાયાધીશની કોર્ટ ભાવનગરમાં સ્થાપવામાં આવી, અને તેમના ફેંસલા ઉપરથી અપીલ મહારાજાશ્રીની હજુરમાં સાંભળવાનો ઠરાવ કરવામાં આવ્યો. અપરાધીઓને સજા ભોગવવા માટે ભાવનગરમાં ૪૦૦ કેદીઓનો સમાવેશ થાય એવી રીતે મોટા પાયા ઉપર તુરંગ બાંધવામાં આવી, અને મહુવા, કુંડલાવગેરે મહાલોમાં પણ કેદખાનાં રચાયાં.

પીલ સાહેબ, અને ગરાસીઆઓના દાવા.

મુંબઇ સરકારે પસાર કરેલા ૧૮૬૨ ના છઠ્ઠા આક્ટના અનુસારે તાલુકદારો અને ગરાસીઆઓની સ્થિતિનો તપાસ કરવા તથા તેમને કરજથી મુક્ત કરવા બાબત ગોઠવણ કરવા અર્થે મિ. પીલ સાહેબની નીમણોક કરવામાં આવી હતી. તેઓનો મુકામ ગોઘે થતાં, તપે ત્રાપજના, તપે વરતેજના, તાલુકે વળાના પીપરિયા ગામના, તથા ભાલ, બોટાદ, અને ભાવનગર દશક્રોઈ તાબાનાં કેટલાંક ગામોના ગરાસીઆઓએ તેમના આગળ દરબાર સામે ફરિયાદો કરી. કેટલાકે ગામોમાં પોતાનો ભાગ દરબાર પાસેથી માગ્યો, અને કેટલાકે ઓઘાછૂટ લખી આપેલાં ગામોની મુદત પૂરી થવાથી તેમનો કબજો માગ્યો. દરબાર તરફથી બચાવ કરતાં રા. રા. ગૌરીશંકરે પીલ સાહેબ આગળ ગરાસીઆઓના લેખોને તથા તે ઉપર મારેલી દરબારી મહો-

રોની છાપને બનાવટી સિદ્ધ કરી આપી, અને તે ઉપરાંત જણાવ્યું કે સને ૧૮૦૨ પૂર્વે એ જમીન ઉપર દરબારનું સ્વામિત્વ હોવાથી મુંબઈ સરકારે પસાર કરેલા ૧૮૨૭ના પાંચમા કાયદાપ્રમાણે ગરાસીઆઓના દાવા કોઇ પણ દીવાની કોર્ટમાં ચાલી શકે એવા નથી. સને ૧૮૬૪ માં રા. રા. ગૌરીશંકર ગવર્નર સાહેબને મળવા મુંબઇ ગયા તે પ્રસંગે રેવેન્યુ કમિશનર ઓનરબલ સર બેરો એલિસ સાહેબને તેઓએ પીલ સાહેબસંબંધની ઉપરની હકીકત નિવેદન કરી, અને તેમણે પણ તે તરફ પોતાની નાપસંદગી બતાવી. ગોપનાથ મુકામે પીલ સાહેબને દરબારના કામ પ્રસંગે ફરીથી મળતાં રા. રા. ગૌરીશંકરે તેમને નિર્ભયતાથી કહ્યું કે "સરકારે તાલુકદારી આકટ પસાર કર્યો છે તે પ્રમાણે આપ કામ ચલાવતા નથી. જે ગરાસીઆ કરજમાં ડૂબી ગયા હોય તેના કરજનો નિકાલ કરી તેને કરજમાંથી મુકત કરવાનો એ આકટનો હેતુ છે. એમ છતાં અમારા તાબાના ગરાસીઆઓએ ગામો છોડાવવાના અને જમીન તથા ભાગ આપવાવગેરેના દાવા કરેલા છે તે સાંભળી તેનો તપાસ કરવાનું આપે જારી કરેલું છે તે આ આકટથી વિરુદ્ધ છે. એ કામો આગળ જતાં તકરારનું સ્વરૂપ વધી પડશે, અને અમારે બારિસ્ટરોને તથા વકીલોને બોલાવી આપના સામા ઉભા રાખવા પડશે. હું ધારૂં છું કે નામદાર સરકાર આપનો અભિપ્રાય માન્ય નહિ રાખે, અને આપ અમારા ખરેખરા સ્નેહી, મિત્ર અને શુભેચ્છક છો અને અમે દરબારની એકનિષ્ઠાથી સેવા કરનારા છીએ, માટે આપને રૂબરૂમાં ખરૂં કહેવું પડે છે તેથી આપે નાખુશી રાખવી નહિ જોઇએ."

રા. રા. ગૌરીશંકરનું એ ભાષણ પીલ સાહેબે બહુ ધૈર્યથી શ્રવણ કર્યું, તેની સત્યતા તેમને સમજાઈ, ગરાસીઆઓના દાવાની અરજીઓ તેમણે દફતર ઉપરથી દૂર કરાવી અને તે મતલબનું જાહેરનામું પણ પ્રસિદ્ધિમાં મૂક્યું.

ગોપનાથનો બંગલો અને ઉતારો.

પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબ ઉનાળામાં બહુધા પોતાનો મુકામ ગોપનાથ કરતા, અને હમેશાં દરિયાકિનારે ફરવા જવાની તેમને ટેવ હતી. દરિયાકિનારા પાસેની અમુક જગા તેમને પસંદ પડવાથી તેમણે તે સ્થલે મીઠા પાણીનો કૂવો કરાવવા રા. રા. ગૌરીશંકરને ભલામણ કરી. તળાજા પરગણાના મોજે મામસી ગામનો રહીશ ભગવાન કોળી કૂવાની બાબતમાં એટલો બધો પ્રવીણ હતો કે અમુક જમીનમાં કેટલા હાથ ઉપર મીઠું પાણી રહેલું છે તે, તે જમીનના વળા ઉપરથી કહી શકતો. રા. રા. ગૌરીશંકરે આ પ્રસંગે તે કોળીને લેંગ સાહેબ પાસે બોલાવ્યો, અને તેમણે પસંદ કરેલી જગા તેને બતાવી. તેણે અટકળ કરી કે ૩૦ હાથ ખોદતાં એ જમીનમાંથી મીઠું પાણી નીકળશે. આ તેનું અનુમાન ખરૂં પડ્યું અને લેંગ સાહેબ આશ્ચર્યમગ્ન થયા. એ કોળીને દરબાર તરફથી જીવાઇની જમીન આપવાની તેમણે મહારાજા શ્રીજશવંતસિંહજીને ભલામણ કરી; તે ઉપરથી મહારાજાશ્રીએ તેને જીવાઇમાં જમીન આપવાનો લેખ કરી આપ્યો, જે જમીન હાલ સુધી તેના વારસો ભોગવે છે. લેંગ સાહેબે પસંદ કરેલી જગાએ ખોદાવેલો કૂવો આજપર્યંત "લાંગિયો કૂવો" એ સંજ્ઞાથી ઓળખાય છે.

સને ૧૮૬૩ માં પોલિટિકલ એજંટ કર્નલ કીટિંજ સાહેબે ગોપનાથની ઉત્તમ અને આરોગ્યવર્ધક હવાથી પ્રસન્ન થઈ તે સ્થળે બંગલો બંધાવવાની રા. રા. ગૌરીશંકરને સૂચના કરી. આ વાત રા. રા. ગૌરીશંકરે મહારાજાશ્રીને નિવેદન કરી ત્યારે તેઓએ તે માટે ખરચની મંજુરી આપી, એટલે સને ૧૮૬૪ માં લાંગિયા કૂવાપાસે બંગલો તૈયાર કરાવવામાં આવ્યો. એ બંગલાના કંપાઉન્ડમાં ભગવાન કોળીના પુત્ર ગીગા કોળીની સલાહ લઇ કૂવો ખોદાવવામાં આવ્યો. તેમાંથી જલપ્રવાહ ઘણો મધુર અને ઉત્તમ નીકળ્યો, તે ઉપરથી નાળિયેરીવગેરે વૃક્ષોનું રોપણ બંગલાની મર્યાદામાં કરવામાં આવ્યું. ગોપનાથનું સ્થલ આર્યલોકનું

તીર્થક્ષેત્ર હોવાથી રા. રા. ગૌરીશંકરે ગોહિલવાડ પ્રાંતના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ મેજર લો સાહેબદ્વારા એવું જાહેરનામું પ્રસિદ્ધ કરાવ્યું કે ગોપનાથની હદમાં કોઈ પણ પુરુષ શિકાર કરી શકે નહિ. આ કારણથી ગોપનાથના બંગલામાં મુકામ કરનાર કોઈ પણ યુરોપિયન અધિકારી તે હદમાં મૃગયાવિહાર કરી શકતા નથી.

એજન્સીના અધિકારી સાહેબોનો ઉનાળામાં ગોપનાથ મુકામ થતો, ત્યારે દરબારના મુખ્ય મુખ્ય અધિકારીઓને તેમના સમીપ જવું થતું. તેમની અનુકૂલતાને માટે ૧૮૭૩ માં રા. રા. ગૌરીશંકરે સુંદર અને વિશાલ ઉતારો દરબાર તરફથી બંધાવ્યો. એ ઉતારાની હવા પણ બહુ આરોગ્યવર્ધક છે.

ગોપનાથની પાસે આવેલા ખંડેરા ગામની પૂર્વ દિશાએ દરિયાકિનારા ઉપર ઘણા વિસ્તારમાં રેતીવાળી જમીન પડતર રહેલી હતી. એ જમીનમાં નાળિયેરી, આંબા, કેસુરીનિયા, તથા બાવળવગેરે વૃક્ષોનું વાવેતર કરાવી, તેમાં નાવલી નદીનો પ્રવાહ વાળી, તથા બીજા નવા કૂવાઓ બંધાવી રા. રા. ગૌરીશંકરે દરબારને ઉપજ કરી આપી.

૧૮૫૭ ના બળવા પ્રસંગે ભાવનગર દરબારે બ્રિટિશ સરકારને કરેલી મદદ.

બ્રિટિશ સરકારે હિંદુસ્તાનમાં સ્થાપેલું સામ્રાજ્યમંદિર સને ૧૮૫૭ના બળવાથી કંપવા લાગ્યું. સ્ત્રીબાલકસહિત સેકંડો ઇંગ્રેજોની કમકમાટ ઉપજાવે એવી કતલ થઈ. સમસ્ત પ્રજાની રાજભક્તિથી, દેશી સંસ્થાનોના સાહાય્યથી, અને રાજભક્તિમાં રહેલી સેનાના પરાક્રમથી આખરે એ બળવાનું શમન થયું. આ પ્રસંગે ભાવનગર રાજ્યે પણ સર્વોપરિ બ્રિટિશ સત્તાને બનતી મદદ કરી, અને મહારાજા શ્રીજશવંતસિંહજી પોતાના મૈત્રીસંબંધમાં અવિચલ રહ્યા. મેવાડવગેરે સ્થાનોના બળવાખોરોના પ્રસિદ્ધ નાયક તાતીયા ટોપીના પરાજય-અર્થે, નામદાર મહારાણી સરકારના સૈનિકોની ફોજને વિલાયતથી

મુંબઇ થઇ ગોઘા બંદર ઉતારવામાં આવી હતી. તેનો ઉદ્દેશ અમદાવાદ જવાનો હતો. એ વખતે મુંબઈ અને અમદાવાદ વચ્ચે આગગાડીનો સંચાર ન હોવાથી એ ફોજને ચોમાસાના દિવસમાં અમદાવાદ પહોંચાડવી એ ભારે શ્રમનું કાર્ય હતું. દરબાર તરફથી રા. રા. ગૌરીશંકરે એ સૈનિકોને અન્ન, અશ્વ, વાહનાદિની એવી અનુકૂલતા કરી આપી કે તેમને માર્ગમાં કોઈ પ્રકારની અડચણ નડી નહી.

મહારાજા શ્રી-જશવંતસિંહજી, કે.સી. એસ. આઇ.

આ કારણથી, તેમ જ દરબાર તરફથી થયલાં લોકસુખાકારીનાં સાર્વજનિક કામોથી, અને પ્રજાવર્ગને ઇનસાફ આપવાને માટે બાંધેલી ઉત્તમ ન્યાયપદ્ધતિથી આકર્ષાઇ નામદાર બ્રિટિશ સરકારે મહારાજા શ્રીજશવંતસિંહજીને કે. સી. એસ. આઈ. (નાઇટ કમાન્ડર ઑફ ધિ સ્ટાર ઑફ ઇન્ડિયા) નો ચાંદસહિત-ઇલકાબ આપવાનો સને ૧૮૬૬માં નિર્ણય કર્યો. આ ઉપરથી સને ૧૮૬૬ ના જુન માસમાં પોલિટિકલ એજંટ કર્નલ કીટિંજ સાહેબે મહારાજાશ્રી ઉપર પત્ર લખ્યો, તેમાં તેમણે મહારાજા-શ્રીને મળેલા અપૂર્વ માન સંબંધી પોતાની પરમ પ્રસન્નતા નિવેદન કરવા ઉપરાંત રા. રા. ગૌરીશંકરે બજાવેલી દરબારની નોકરીની નીચે પ્રમાણે પ્રશંસા કરી :—

"You will doubtless recognise that the reason of this is that you are trying to rule your dominions in the spirit of the empire and not in accordance with the traditions of the last century, as is unfortunately still the case with so many Rajput Princes. You have, my dear friend, enjoyed the advantage of being served by a very able minister."

"આ સંમાનનું કારણ આપને નિઃસંશય જણાશે કે આપ આપના રાજ્યને બ્રિટિશ સરકારના સામ્રાજ્યની પદ્ધતિએ ચલાવો છો, અને ગયા શતકની પદ્ધતિ પ્રમાણે હજી પણ કેટલાક રજપુત રાજાઓ શોચનીય પ્રકારે રાજ્ય કરે છે તે પ્રમાણે આપ કરતા નથી. મારા પ્રિય મિત્ર, એક અતિસમર્થ પ્રધાનની સેવાનો આપે લાભ ભોગવ્યો છે."

તે વખતના ગવર્નર નામદાર સર બાર્ટલ ફ્રીયરે, મુંબઇમાં મોટો દરબાર ભરી, એ ઇલકાબ તથા ચાંદ મહારાજાશ્રીને જાહેર રીતે આપવાનો ઠરાવ કર્યો, તે ઉપરથી ૧૮૬૭ના ફેબ્રુઆરી માસમાં મહારાજાશ્રીનું, મુખ્ય પ્રધાન રા. રા. ગૌરીશંકરનું, તથા દરબારના મુખ્ય અધિકારીઓનું મુંબઇ જવું નક્કી થયું. પરંતુ ભાવનગરના રાજ્યકર્તાઓને અદ્યાપિસુધી બ્રિટિશ સરકાર તરફથી તોપનું માન મળતું ન હતું, એ વાત રા. રા. ગૌરીશંકરની દૃષ્ટિમાં ખામીરૂપે જણાઇ. એ અપૂર્ણતા દૂર કરવાઅર્થે, રા. રા. ગૌરીશંકરે પોતાના જ્યેષ્ઠ પુત્ર રા. રા. વિજયશંકરને આગળથી મુંબઇ મોકલ્યા. તેઓ એ બાબત નામદાર ગવર્નર સાહેબને, કાઉન્સિલના સભાસદ્ સર બેરો એલિસ સાહેબને, તથા આક્ટિંગ પોલિટિકલ સેક્રેટરી વેડરબર્ન સાહેબ (જેઓ પાછળથી સર વિલિયમ વેડરબર્ન અને પાર્લામેંટના મેંબર થયા) ને મળ્યા. હવે એ સમયે, કાઠિયાવાડનાં પહેલા વર્ગનાં સંસ્થાનોના મહારાજાઓને તોપનું માન આપવા સંબંધે પોલિટિકલ એજંટ કર્નલ કીટિંજ સાહેબના રીપોર્ટ ઉપરથી મુંબઇ સરકારે કલકત્તા સરકારમાં લખાણ કર્યું હતું, અને કલકત્તા સરકારથી એ લખાણ મંજુરીમાટે નામદાર સેક્રેટરી ઑફ સ્ટેટ ઉપર વિલાયત મોકલવામાં આવ્યું હતું એ વાત જાણવામાં આવી, પણ એ મંજુરી તે વેળા વિલાયતથી આવી ન હતી, અને મહારાજા શ્રીજશવંતસિંહજીને એ માન મળેલું જોવાને રા. રા. ગૌરીશંકરઆદિ બહુ આગ્રહ અને ઉત્કટ ઇચ્છા ધરાવતા હતા, તેથી રા. વિજયશંકરે નિવેદન કરેલી હકીકત ઉપરથી મુંબઇ સરકારે હિંદુસ્તાન સરકાર ઉપર ખાસ તાર મૂકી મહારાજાશ્રીને તોપનું માન આપવાની મંજુરી તારમારફતે મંગાવી.

મહારાજા શ્રીજશવંતસિંહજીને કે. સી. એસ. આઈ. નો ચાંદસહિત ઇલકાબ આપવા અર્થે ભરાયલા ભવ્ય દરબાર-પ્રસંગે મુંબઇના નામદાર ગવર્નર સર બાર્ટલ ફ્રીયર સાહેબે તથા મહારાજાશ્રી તરફથી રા. રા. ગૌરીશંકરે કરેલા ભાષણની

ઉપયોગિતાને લીધે, દરબારનો પૂરેપૂરો હેવાલ જે તે વખતના "દરબારી ગેઝેટ"માં રા. રા. ગૌરીશંકરની સહીથી પ્રકટ થયો હતો તે અત્ર આપવો ઉચિત ધાર્યો છે:—

"મલીકા માજ્જમા સાહેબની તરફથી મેહેરબાની કરી મહારાજા ઠાકોર સાહેબ જસવંતસિંહજીને સ્ટાર ઓફ ઇન્ડીઆની ઘણી જ ઉંચી પદવીના નાઇટ કમાન્ડરનો ખીતાબ આપ્યો. તેનો ચાંદ મુંબઇના નામદાર ગવર્નર સાહેબે પોતાના હાથથી આપવાની ખાહેશ બતાવી તેથી નામદાર મહારાજા ઠાકોર સાહેબની સ્વારીનું મહા માસમાં મુંબઈ પધારવું થયું હતું.

નામદાર ગવર્નર સાહેબની ભલામણ મુજબ કાઠીઆવાડના પોલીટીકલ એજંટ મેજર આર. એચ. કીટિંજ સાહેબ વી. સી., સી. એસ. આઈ., ઠાકોર સાહેબની સાથે મુંબઇ આવવા સારૂ મહા શુદ ૫, તા. ૯ ફેબ્રુઆરીની રાત્રે ભાવનગર આવી પહોંચ્યા. તેમની સાથે એજન્સી ખાતાના દફતરદાર રાજેશ્રી બાપુભાઈ પણ આવ્યા હતા.

ભાવનગરની ખાડીમાં હાજર રાખેલી બે આગબોટો મધ્યેથી એક આગબોટ ઉપર શુદ ૬, તા૦ ૧૦ મી નહુની સહવારમાં મહારાજા ઠાકોર સાહેબ, તેમના રીસાલા સહિત સવાર થયા; અને બીજી આગબોટ ઉપર મેહેરબાન મેજર કીટિંજ સાહેબ તથા તેમના દફતરદાર અને મુખ્ય પ્રધાન ગૌરીશંકર વગેરે બેઠા, અને બંને આગબોટો હંકારી તે વખત સલામતીની તોપોના બહાર ફરવામાં આવ્યા હતા.

બંને આગબોટો તે જ રોજ સાંજના કલાક સાડા પાંચ વાગતે સુરત પહોંચી ત્યાં બંદરના કીનારા ઉપર ઇસ્તેકબાલ સારૂ સુરત જીલ્લાના મેહેરબાન જડજ સાહેબ તથા ડેપ્યુટી કલેકટર સાહેબ અને પ્રીન્સીપલ સદર અમીન સાહેબ વિગેરે સરકારી અમલદારો પોલીસના માણસોની એક પાર્ટી સહિત આવ્યા હતા; તે અધિકારીઓની મહારાજા ઠાકોર સાહેબે મુલાકાત લીધી, ને ઠરાવી રાખેલા મુકામ ઉપર પધાર્યા.

મહા શુદ ૮, તારીખ ૧૨ મી ફેબ્રુઆરીના રોજ સહવારમાં રેલવેની સ્પેશીયલ ટ્રેન એટલે ખાસ ગાડી ઠરાવી હતી, તેમાં સ્વાર થઈ સર્વે અરકાન મુંબઈ તરફ રવાને થયું.

મુંબઈના રેલવેના સ્ટેશન ઉપર ટ્રેન સાંજના પાંચ વાગતે પહોંચી, ત્યાંહાં સરકાર તરફથી ઇસ્તિકબાલ સારૂ પોલીટીકલ સેક્રેટરી સાહેબ તથા નામદાર ગવર્નર સાહેબના પ્રાઇવેટ સેક્રેટરી સાહેબ તથા ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટર સાહેબ અને પોલીસ કમિશનર સાહેબ વગેરે અધિકારીઓ તેમ જ શેહેરના બીજા કેટલાક દેશી ગૃહસ્થો આવ્યા હતા. અને હાજર રાખેલી યુરોપીયન અમલદારની તાબાની એક લશ્કરી ટુકડીએ તે જ વખત સલામતી આપી; અને બેટરી ઉપરથી તોપના બાહાર અગીઆર કરી માન આપવામાં આવ્યું હતું, બાદ ઠાકોર સાહેબે સદરહુ અધિકારી સાહેબો સહિત તૈયાર રાખેલા વાલકેશ્વર ઉપરના એક બંગલામાં જઇ મુકામ કર્યું. અને અધિકારીઓ તથા બીજા ઘણાક દેશી ગૃહસ્થોને પાનગુલાબ આપ્યાથી તેઓ પોતપોતાને ઠેકાણે ગયા.

મુંબઈમાં રહેવું થયું તે અરસામાં નામદાર ગવર્નર સાહેબ તથા કાઉન્સીલના મેમ્બરો તથા કમાન્ડર ઇન ચીફ સાહેબ વગેરે કેટલાક સરકારી અધિકારીઓની મુલાકાતો લીધી હતી, તથા સરકારી ફોજની મનવાર (એટલે લડાઇનું વહાણ અથવા આગબોટ) તથા બીજાં કેટલાંક કારખાનાં તથા મકાનો જોવામાં આવ્યાં હતાં.

મહા વદિ ૨, તારીખ ૨૦ મી ફેબ્રુઆરીને બુધવારના રોજ સાંજના પાંચ વાગતાને સુમારે નામદાર ગવર્નર સાહેબે દરબાર ભરી ચાંદ આપ્યો તે સંબંધીની હકીકત નીચે પ્રમાણે:—

મુંબઈના સરકારી ગેજેટના તારીખ ૬ માર્ચના વધારા ઉપરથી.

મુંબઈના ગવર્નર નામદાર સર હેન્રી બાર્ટલ એડવર્ડ ફ્રીયર સાહેબ, જી. સી. એસ. આઈ., તથા કે. સી. બી., એમણે ભાવનગરના ઠાકોર સાહેબ રાઓળ શ્રીજસવંતસિંહજી ભાવસિંહજીને સ્ટાર ઓફ઼ ઇન્ડીઆની ઘણી જ ઊંચી પદવીના નાઇટ કમાન્ડરના દરજ્જાનો ચાંદ તથા સનદ આપવા સારૂ તારીખ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭ ને બુધવારના રોજ પરેલના સરકારી બંગલામાં એક દરબાર ભર્યો હતો.

નામદાર ઠાકોર સાહેબ, કાઠીઆવાડના આસીસ્ટંટ પોલીટીકલ એજંટ કપતાન લીજીટ સાહેબ, તથા ભાવનગરના પ્રધાન ગૌરીશંકર ઉદયશંકર તથા સામળદાસ પરમાણંદદાસ અને સવાઇગિર સેવાગર એઓસહિત ત્યાંહાં આવી પહોંચ્યા, ત્યારે હાજર રાખેલી પલટનની ટુંકડીએ માન

આપ્યું; તથા પગથીઆ સુધી સામે લેવા સારૂ સરકારના ચીફ સેક્રેટરી સાહેબ મી. એફ. એસ. ચેપમેન તથા આર્કિટંગ પોલિટિકલ સેક્રેટરી સાહેબ મી. ડબલ્યુ વેડરબર્ન અને ઓરીએન્ટલ ટ્રાન્સલેટર મિ. વિનાયકરાવ વાસુદેવજી તથા નામદાર ગવર્નર સાહેબના ખાસ રીસાલાના અમલદારો આવ્યા હતા.

સરવે, મુલ્કી, લશ્કરી, દરીયા વરધી, અને ધર્મખાતાના મુખ્ય મુખ્ય તથા મુંબઈના બીજા કેટલાએક ગૃહસ્થો આવી રહ્યા બાદ નામદાર ગવર્નર સાહેબ દરબાર ભરવાના દીવાનખાનામાં પોતાના ખાસ રીસાલા સાથે આવીને ઠરાવેલી જગ્યોએ બેઠા, તે વખતે શીરસ્તાની સલામતી આપવામાં આવી હતી.

નામદાર ગવર્નર સાહેબની ડાબી બાજુએ મુંબઈના લાર્ડ બીશપ રાઈટ રેવરંડ જાન હારડીંગ, ડી. ડી., તથા નામદાર લેફ્ટેનંટ જનરલ સર રોબર્ટ નેપીયર, કે. સી. બી., તથા કાઉન્સીલના મેમ્બરો, હાઇકોર્ટના જડજો, સરકારના સેક્રેટરીઓ, તથા સરકારના ઓરીએન્ટલ ટ્રાન્સલેટર, અને બ્રીગેડીયર જનરલ ઇ. એલ. રસલ સાહેબ; સિંધના મીર સાહેબ શાહા નવાજખાં, જુવારના રાજા, ચાપુલના લક્ષ્મણ મહાઇદ્ર સ્વામી, ફલટનના સરદાર માધોજી રાઓ જાન રાઓ નાઇક નીમ્બાલકર, જતના ડફલે અમૃતરાઓ રામરાઓ, જમખંડીના સરદાર રામચંદ્રરાઓ આપાસાહેબ, મેનવલીના ફરનીસ માધવરાવ બલાલ, સર જમસેદજી જીજીભાઇ બારોનેટ, તથા સીવીલ ખાતાના મુખ્ય મુખ્ય અધિકારીઓ, તથા મુંબઇની બ્રીગેડ ખાતાના, અને પાદશાહી દરીયા વરધી ખાતાના અમલદારો બેઠેલા હતા. તેમ જ કેટલાએક જસ્ટીસ ઓફ ધી પીસ તથા મુંબઈની યુનીવરસીટીના ફેલો પણ હાજર હતા.

નામદાર સાહેબની જમણી બાજુએ ભાવનગરના ઠાકોર સાહેબના પ્રધાન તથા તેમના બીજા અધિકારીઓ બેઠા હતા.

નામદાર ગવર્નર સાહેબ પોતાની જગ્યા ઉપર બેઠા પછી ભાવનગરના ઠાકોર સાહેબને ચાંદ આપવા સારૂ તેમને લઈ આવવા ઓનરેબલ કર્નલ મેરીયટ સાહેબ, તથા મેજર કીટિંજ સાહેબ, વી. સી, કમ્પાનીઅન ઓફ ધી મોસ્ટ એકઝોલ્ટેડ ઓરડર ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડીઆ, એઓને ફરમાવ્યું; અને ચાંદ તથા મલીકા માજજમાના ખુદ દસ્કતની સહીવાળી સનદો એક ગાદી ઉપર મૂકીને મિ. એ. ડી. સાસુન, કમ્પાનીઅન ઓફ ધી મોસ્ટ

એક્ઝોલ્ટેડ ઓરડર, તથા ડબલ્યુ વેડરબર્ન, આર્કિટંગ પોલિકિટલ સેક્રેટરી સાહેબ લાવ્યા.

ઠાકોર સાહેબની મુલાકાત થયા પછી નામદાર ગવર્નર સાહેબે કાઠી-આવાડના પોલિટિકલ એજંટ મેજર કીટિંજ સાહેબ, વી. સી , સી. એસ. આઇ., એઓના તરફ ઈંગ્રેજીમાં ભાષણ કર્યું.

એ ભાષણમાં કાઠીઆવાડની તવારીખ સરખી કેટલીએક હકીકત તથા મેહેરબાન મેજર કીટિંજ સાહેબની પેસ્તરની તથા હાલની કારકીર્દીની તારીફ કરી હતી.

ત્યારબાદ નામદાર સાહેબે ઠાકોર સાહેબપ્રતિ હિંદુસ્તાનીમાં નીચે પ્રમાણે ભાષણ કર્યું :—

"ઠાકોર સાહેબ! મલીક્કા માઅજમાના હિંદુસ્તાન ખાતાના વાઇસા-રાય અને ગવર્નર જનરલ તથા સ્ટાર ઓફ ઇન્ડીઆની ઘણી જ ઊંચી પદ-વીના ગ્રાંડ માસ્ટર નામદાર રાઇટ ઓનરેબલ સર જોન લોર્ડ મેયર લારેન્સ સાહેબ બારોનેટ, જી. સી. એસ. આઈ., તથા જી. સી. બી., એઓના તરફથી સ્ટાર ઓફ ઇન્ડીઆની ઘણી જ ઊંચી પદવીના નાઇટ કમા-ન્ડરનો ચાંદ તથા બાદશાહી સનદ આપને આપવાનો મને હુકમ મળ્યો છે; અને તેઓ નામદાર ગ્રાંડ માસ્ટર સાહેબે ફરમાવ્યું છે કે "તે ચાંદ આપતી વખતની ક્રિયામાં એ પ્રસંગને શોભા આપનારી કોઈ પણ બાબતની ખામી નહિ રાખતાં એટલા માન તથા આબરૂ પ્રતિષ્ઠાની સાથે એ ચાંદ આપવો કે જેથી એ પદવીને લગતા સર્વે કાર્યને ઘટે તેવું થવું જોઇએ, એવી મલીક્કા માઅજમાની ઇચ્છા છે. મલીક્કા માઅજમાએ આ મોટું માન કાઠીઆવાડના એક રાજાને આપ્યું તેનાં કારણો જે કે મને વિશેષ ખુશી પમાડે છે, તેમાંથી કેટલાંએક કારણો મેજર કીટિંજ સાહેબને મેં કહેલાં છે, અને મલીક્કા માઅજમાની સરકારથી તેમની મેહેરબાનીની આ નીશાની આપને આપવાનું શા કારણથી પસંદ કરવામાં આવ્યું તે ટુંકામાં હું કહું છું. સારી રીતે અને દયાભરેલું રાજ્ય ચલાવવાથી તથા વેપારને રક્ષણ આપવામાં સંભાળ રાખવાથી, તેમ જ લડાઇની બહાદુરી અને જે રીતે રજપૂત રાજાને ઘટે તેવી રીતે કરેલી શરતો પાળવાથી, આપના બુજરગો કેટલીએક પેહેડીઓ થયાં પ્રખ્યાત થઇ ગયા છે. ઈંગ્રેજ સર-કાર સાથે આપના બુજરગોને પહેલો કોલકરાર ચાંચીઆપણું બંધ પાડવા-

સંબંધનો થયેલો છે. એ દયાળુપણાના કામમાં આપના વડીલોએ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના અમલદારોને ઉદાર દીલથી મદદ કરેલી છે, અને ભાવનગરના ઠાકોરોએ ગયાં સાઠ વરસોથી વેપારી તથા ખેડુનું રક્ષણ કરવામાં તરી માર્ગે તેમ જ ખુશ્કી ઉપર પોતાથી બની શકતી સર્વે કોશેશો કરેલી છે. એ રીતે પરંપરાગત ચાલતી આવેલી આપના કુળની રાજનીતિપ્રમાણે આપની પેહેલાં થઇ ગયેલા ઠાકોર સાહેબે તથા આપે બરાબર રીતે ચલાવ્યું, અને આપે ભાવનગરને ગુજરાત માંહેનું એક મોટું બંદર બનાવ્યું. ત્રીશ વરસ કરતાં વધારે સમય પહેલાં જે વખતે હું ઘણો જુવાન હતો અને આપના દાદાના અને મહારા જુના દોસ્ત મિ. વીલીયમ રામ્સે સાહેબની સાથે હું ભાવનગર આવેલો ત્યારે તેમણે અમારી ઘણી બરદાસ્ત કરી હતી, તે વખત પછી જે કાંઈ સુધારા ત્યાં થયેલા છે તે સર્વે મારે પોતાને ફરી એક વખત ત્યાં આવીને જોવા બાબતની મેજર કીટિંજ સાહેબની ખાયેશ હું કબુલ રાખી શકયો નહિ તેથી હું ઘણો દીલગીર છું. બંદર-ઉપર જતાં અડચણ કરનારા કાદવના મેદાનમાં ડંકા તથા બંધ બંધાવ્યા, તથા રસ્તાઓ અને નિશાળો એ સર્વે, મેજર કીટિંજ માહારી ખાતરી કરે છે કે, આપના સારા રાજ્યકારભારની અને આપની રૈયતની સંભાળની પ્રખ્યાત નીશાનીઓ છે; અને આહીં મુંબઇમાં જે જે કેળવણીખાતાનાં કારખાનાં છે, અને જે એવા મોટા શેહેર શીવાય બીજે ક્યાંહી એકદમ હોતાં નથી તે કારખાનામાં પોતાની કેળવણી પુરી કરવાસારૂ ભાવનગરથી આવનારા ઘણાએક વિદ્યાર્થીઓને આપના તરફથી આશ્રય છે મળે છે એ વાત સાંભળવાથી મને વિશેષ ખુશી થાય છે; પરંતુ આપની કારકીર્દીનું જે ખાસ લક્ષણ હું ગણું છું, તથા જેથી મારા ધારવામાં આપની રૈયતને ઘણું જ સુખ મળવાનું થશે, તથા જેથી માહારી ખાતરી છે કે મલીકા માજમાની સરકારને પણ ઘણી જ ખુશી હાંસલ થશે, તે એ છે કે આપે ઇનસાફ ખાતાનું ધોરણ સુધારવા, તેમ જ બીજા કામકાજથી તેને અલગ કરવાની ડહાપણભરેલી રીતે તથા યથાયોગ્ય સંભાળ લીધી છે. ઇનસાફ ખાતાના કામકાજની સફાઈ તથા સંપૂર્ણતાનો આધાર રાજ્યાધિકારીનાં પોતાનાં આચરણ ઉપર રહે એવા રાજા પોતે રાજ્યકારોબારનું કામ ચલાવે એ ઘણું ખરાબીભરેલું થાય છે. કદાપિ રાજ્ય ચલાવનાર પોતે ન્યાય-ખાતાના કામમાં ઘણી ઉલટવાળો અને નિયમસર હોય તો પણ તેની વૃત્તિઓ તેમાં અવશ્ય ગુંચવાઇ જઇ પોતે થોડો ઘણો પક્ષપાતી થાય, તેથી એવા રાજ્યકારોબારમાં અપીલ કરવાનો ખરો હક પછી કોઇ જગ્યોએ રહે

નહિ. પણ જો કદાપિ રાજ્ય ચલાવનાર પોતાના ન્યાયખાતાના કામમાં ઘણો આળસુ અને ઢંગ વગરનો હોય ને એ કામ ઉપર લક્ષ રાખે નહિ અથવા વગર જુમ્માવાળા નોકરોને સોંપે તો તેથી તો વધારે ખરાબી થાય છે. આપનું ન્યાયખાતાનું કામકાજ બરાબર ચલાવવાને વાસ્તે આપનું ખાસ ધ્યાન તે ઉપર રાખ્યા શિવાય જે કાંઈ બંદોબસ્ત આપે કરેલો છે તેથી પશ્ચિમ હિંદુસ્તાનના રાજાઓને આપે એક ઉત્તમ નમુનો કરી બતાવ્યો છે. આપના ન્યાયાધીશોને ચાલવાનો છાપેલો ધારો મેં જોયો તેથી મારી ખાત્રી થઇ છે કે તેમાં આવેલી ઘણીએક બાબતો પસંદ કરવા લાયક તથા આપના મુલકને અનુકૂળ આવે તેવી હિંદુસ્તાનના મોટા મોટા સરકારી કાયદાના ધોરણ ઉપર છે. મેજર કીટિંજ સાહેબ મને કહે છે કે ન્યાયખાતાના અધિકારીઓ જેને પોતાની હુશીઆરી તથા પ્રમાણિકપણાને વાસ્તે પસંદ કરેલા તેઓને ઇનસાફ કરવાના ખાસ કામ સારૂ આપે મુકરર કરેલા છે; તેથી તેઓને વ્યાજબી પગાર મળે છે, અને વારંવાર તેઓનો ફેરફાર કરવામાં આવતો નથી. ઈનસાફ ખાતાનાં આ સર્વે રક્ષક અંગો જેમ બને તેમ કાયમ કરવાની આપ સંભાળ રાખશો તો તેથી મલીકા માજ્જમાની સરકારની પ્રસન્નતા આપ સંપાદન કરશો, એટલું જ નહિ પણ આપની રૈયતનું ભલું કરનાર તથા બીજા રાજાઓને નામીચો દાખલો આપનાર તરીકે આપનું નામ કાયમ ગણાશે. અહિંની સરકારમાં મારી પેહેલાં થઈ ગયેલા ગવર્નર સર જ્યાર્જ કલાર્ક સાહેબને, આપે જે કાંઈ ઉપર મુજબ કરેલું છે તે સર્વે વિગતવાર કહેવાથી મને ઘણી ખુશી હાંસલ થશે. તેમણે જે બંદોબસ્ત આપની સાથે કરેલો અને જે કે તેમણે વચન આપ્યા પ્રમાણે હું અમલમાં લાવ્યો તેની રૂઇથી જે પરગણાના ઇનસાફનું કામ સરકારના પરબારા અમલ નીચે લાંબી મુદત થયાં હતું તે આપના તાબામાં સોંપ્યું છે. સર જ્યોર્જ કલાર્ક સાહેબે આપની સારી રીતે રાજ્ય ચલાવવાની સાબેત થયેલી ખાયસ ઉપર ભરૂંસો રાખેલો, અને એ તેમનો ભરૂસો ખોટી જગ્યાએ રાખ્યો નથી એવી ખાતરી હું તેમને ખુશીની સાથે આપીશ. હવે વાઇસરાય સાહેબના હુકમ પ્રમાણે હું આપને ચાંદ આપું છે, અને આતુરતાથી ઉમેદ રાખું છું કે આ ઊંચો દરજ્જો લાંબી મુદત સુધી આપ ભોગવો, તથા આપના અમલ નીચે આવેલી રૈયત તરફ આપની સ્વાભાવિક સંભાળને લીધે આપને એ દરજ્જો ઘટારત છે એવું આપના સમજવામાં રહે."

ત્યાર બાદ ચાંદ તથા સનદો ઠાકોર સાહેબને આપ્યાં, અને તે વખતે સલામતીની તોપોના અગીઆર બહાર કરવામાં આવ્યા.

ઠાકોર સાહેબે (પોતાના પ્રધાનની મારફતે) નીચે મુજબ જવાબ આપ્યો :—

“નામદાર સાહેબ! અમારાથી જો સરકારની કાંઇ પ્રખ્યાત મદદ કરવાનું બન્યું હોત તો આ માન તેના બદલામાં મળ્યાનું અમારા સમજવામાં આવત. મગર મલીક્રા માજ્જમા તથા તેમના રાજ્ય તરફની અમારી હમેંશની આતુરતાભરેલી વફાદારીપ્રમાણે કરી બતાવવાનો ઇત્તેફાક આવી શક્યો નથી; તે ઉપરથી અમોને નિશ્ચય લાગે છે કે આપ નામદાર સાહેબ આ ઇલાકાના સર્વે રાજાઓના દીલથી માહેતગાર છો એટલે મલીક્રા માજ્જમાની હજુરમાં અમારે વાસ્તે મેહેરબાનીભરેલું જાહેર કર્યું હશે; તેથી અમારી તરફ આપે રાખેલા ભરૂંસાને વાસ્તે અમો આપનો ખરા દીલથી આભાર માનીએ છીએ.

અમો અમારા મુખ્ય મુખ્ય કારીગરોને અહિંસાથે લાવ્યા છીએ; અને ઉમેદ છે કે અમારૂં ભાવનગર પાછું જવું થયેથી ત્યાં જે કાંઈ બાંધકામો હાલ સુધી છે તેમાં આંહિ અમારા જોવામાં આવેલાની તારીફ઼ીદાખલ સારા સારાં બાંધકામોનો ઉમેરો કરીશું. મગર અમારા જાણવામાં છે કે સુધરેલા રાજ્યાધિકારો તરીકેની અમારી યાદગીરી રહેવાની ઉમેદ તો કેળવણીને ઉત્તેજન આપવાથી તથા ઇનસાફ ખાતાના કામકાજથી રાખી શકાય, તેથી અમારા મુલકમાં જે નિશાળો સ્થાપન કરવામાં આવેલી છે તેને ઉત્તેજન આપવાનું તથા તે નિશાળોમાંથી પોતાની કેળવણી સંપૂર્ણ કરવા જે જુવાનીઆઓ આ શેહેરમાં આવશે તેઓને મદદ આપવાનું જારી રાખીશું.

અમારા મુલકમાં થોડાંક વરસોથી લખેલા ધારા બાંધી પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે, અને તેમાં જે કાંઇ જરૂરી ફેરફાર તથા સુધારો કરવામાં આવે તેથી અમારી રૈયતને વાકફ રાખવા સારૂ અમારી તરફથી એક ‘દરબારી-ગેજેટ’ કાઢવામાં આવે છે; તેની પ્રતો આપ નામદાર સાહેબને અમો નજર કરીએ છીએ, જેથી ભાવનગર જમાનાની સાથે આગળ વધતું જાય છે એવાં ચિહ્ન માલુમ પડશે; અને અમો એવી રીતે રાજ્ય ચલાવવાની કોશેશ કરીએ છીએ કે જેથી નાઇટના ખીતાબને તથા અમારા જે પ્રખ્યાત સોબતીઓની સાથે અમારૂં નામ નોંધાણું છે તેને યોગ્ય અમો થઇએ.”

નામદાર ગવર્નર સાહેબે ત્યાર પછી પેનશન લીધેલા દફતરદાર રાવ-બહાદુર પરમાણંદદાસ પુરષોતમદાસને ગુજરાત વતન કમીશનના એક મેમ્બર દાખલ તેમણે કરેલી નોકરીને વાસ્તે એક શાલ જોટો બક્ષીશ આપ્યો

ત્યાર બાદ જુનાગઢના દીવાને નવાબ સાહેબ તરફનો ખરીતો નજર કર્યો

તે પછી પાન સોપારી નામદાર સાહેબે ઠાકોર સાહેબને, અને આક્ટિંગ પોલીટીકલ સેક્રેટરી સાહેબે મુખ્ય પ્રધાનને તથા રાવબહાદુર પરમાણંદદાસ પુરષોતમદાસને તથા જુનાગઢના દીવાનને, અને આસીસ્ટંટ સેક્રેટરી સાહેબે ઠાકોરસાહેબના રીસાલાના બીજા ગૃહસ્થોને આપ્યાં.

એ સર્વ કામ પુરૂં થઈ રહ્યા પછી નામદાર સાહેબ ઉભા થઈને ઠાકોર સાહેબની સાથે દાદરના મથાળા સુધી ગયા, ને ત્યાંથી તેમની ગાડી સુધી સરકારના ચીફ સેક્રેટરી તથા આક્ટિંગ પોલીટીકલ સેક્રેટરી સાહેબ અને નામદાર સાહેબના રીસાલાના અમલદારો ગયા હતા.

ઠાકોર સાહેબ સરકારી બંગલામાંથી સધાવ્યા તે વખત "ગાર્ડ ઓફ ઓનર"ની તરફથી સલામતી આપવામાં આવી હતી.

નામદાર ગવર્નર ઇન કાઉન્સિલના હુકમથી,

(સહી) **ડબલ્યુ વેડરબર્ન સાહેબ,**

સરકારના આક્ટિંગ સેક્રેટરી.

મહા વદિ ૫, તારીખ ૨૩ મી ફેબ્રુઆરીના રોજ સાંજના પાંચ વાગતે નામદાર ગવર્નર સાહેબ પોતાના ખાસ રીસાલાના અમલદારોસહિત ઠાકોર સાહેબના મકાન ઉપર મુલાકાત સારૂ પધાર્યા હતા. તે વખતે તેમની સાથે સરકારના પોલીટીકલ સેક્રેટરી સાહેબ તથા મેજર કીટિંજ સાહેબ તથા કંપતાન લીજીટ સાહેબ તથા ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટર, સર જમસેદજી જીજીભાઈ બારોનેટ, ઓનરેબલ મંગળદાસ નથુભાઈ તથા મિ. એ. ડી. સાસુન, સી, એસ. આઇ., વિગેરે આવ્યા હતા. એ મુલાકાતમાં નામદાર સાહેબ સાથે કેટલીએક વાતચીત થયા બાદ ઠાકોર સાહેબની તરફથી નામદાર ગવર્નર સાહેબને નજરાણો આપવામાં આવ્યો હતો; તે પછી પાન ગુલાબ આપ્યાં એટલે નામદાર સાહેબ ત્યાંથી વિદાય થયા.

મહા વદિ ૬ તારીખ ૨૪ મીની સવારમાં ઠાકોર સાહેબ તમામ રીસાલા સાથે રેલવેની સ્પેશીઅલ ટ્રેનમાં સવાર થઈ મુંબઇથી રવાને થયા, તેની સલામતીમાં બેટરી ઉપરથી તોપોના અગીઆર બહાર કરી માન આપવામાં આવ્યું હતું.

ભાવનગર સંવત્ ૧૯૨૩ ના ફાગણ શુદ ૧, તારીખ ૭ માર્ચ સને ૧૮૬૭.

ગવરીશંકર ઉદ્દેશંકર,

મુખ્ય પ્રધાન."

કાઠિયાવાડના રાજાઓમધ્યે આવું અદ્વિતીય સંમાન સરકાર તરફથી પામ્યા પછી મહારાજા શ્રીજશવંતસિંહજી વિવિધ સ્થલે યાત્રા કરી પુનઃ ભાવનગર નિવૃત્ત થયા.

રાજકુમાર કોલેજ.

કર્નલ કીટિંજ સાહેબ રાજસ્થાનોનું હિત નિરંતર વિચારતા, તે સાથે તેમનું દીર્ઘદર્શિત્વ પણ બહુ પ્રશંસાપાત્ર હતું. કાઠિયાવાડ પ્રાંતના રાજકુમારો રાજ્યાસનારૂઢ થાય ત્યારે તેઓ કેવળ પ્રાચીન પદ્ધતિને અનુસરીને રાજ્ય કરે તે કરતાં પાશ્ચાત્ય ઉન્નતિના સંસ્કાર પામી સમયાનુસાર પોતાની પ્રજાનું રંજન કરે તેમાં તેમનું હિત વિશેષ સમાયલું છે એમ કર્નલ કીટિંજ સાહેબનો સુદૃઢ અભિપ્રાય હતો, અને તે અભિપ્રાયની સિદ્ધિઅર્થે તેઓ અનુકૂલ યુક્તિનો વિચાર કરતા રહેતા. તેઓએ એવી યોજનાને શોધી કે કાઠિયાવાડ પ્રાંતના રાજકુમારો યોગ્ય વિદ્યાભ્યાસ કરી પોતાના અધિકારને યોગ્ય સાધનથી સંપન્ન થાય અને સ્વતંત્ર શક્તિથી પોતાના અધિકારનું નિર્વહણ કરે તે અર્થે રાજકોટમાં "રાજકુમાર કોલેજ" સ્થાપન કરવી. આ યોજનાને પાર પાડવા માટે વિવિધ રાજસ્થાનો પાસેથી નાણાં મેળવીને રાજકુમાર કોલેજનું મકાન બંધાવવાનો તેમણે નિશ્ચય કર્યો હતો, પણ એવામાં ૧૮૬૭માં તેમની બદલી રજપૂતાણાના ગવર્નર જનરલના એજંટતરીકે થઇ. તેમનો અધિકાર કર્નલ એન્ડરસન સાહેબને સોંપવામાં આવ્યો, તેમણે કીટિંજ સાહેબની યોજનાને અમલમાં મૂકવાનો આરંભ કર્યો, અને ૧૮૬૯ના એપ્રિલ માસમાં રાજકુમાર કોલેજના મકાનનું ખાતમુહૂર્ત નિર્ણય કરી કાઠિયાવાડ પ્રાંતના રાજાઓને તથા તેમના મુખ્ય કારભારીઓને રાજકોટ નિમંત્ર્યા. મહારાજા શ્રીજશવંતસિંહજીની

પ્રકૃતિ આ સમયમાં વિષમ થયલી હોવાથી, કુમારશ્રી તખ્તસિંહજી કે જેમનું વય તે વેળા ૧૧-૧૨ વર્ષનું હતું તેમને લઇને રા. રા. ગૌરીશંકર રાજકોટ ગયા. ત્યાં તેમનો યોગ્ય સત્કાર થયો. ખાતમુહૂર્તની ક્રિયા થઈ રહ્યા પછી બંને ભાવનગર પાછા ફર્યા.

મહારાજા શ્રી-જશવંતસિંહજી-નો સ્વર્ગવાસ.

મહારાજા શ્રીજશવંતસિંહજીને ઉદરરોગની વ્યથા હતી. તે ઉપર યોગ્ય ઉપચાર કરવામાં દેશી ચિકિત્સકોએ અને નામાંકિત ડાકટરોએ ન્યૂનતા રાખી નહિ, પણ તેમનો પ્રયત્ન સફળ થયો નહિ. દરદમાં વૃદ્ધિ થતી ગઇ, અને આખરે ૧૮૭૦ ના એપ્રિલની ૧૧ મી તારીખે ૪૩ વર્ષના વયે, એટલે ૧૬ વર્ષ ભાવનગરનું રાજ્ય કરી, મહારાજાશ્રીએ સ્વર્ગવાસ કર્યો. મહારાજાશ્રી બહુ સદ્ગુણી, દયાર્દ્ર હૃદયવાળા, ભારે સહનશકિતવાળા અને ધાર્મિક હતા, તેથી તેમના સ્વર્ગવાસથી તેમની સમગ્ર પ્રજામાં તીવ્ર શોક પ્રસર્યો. રા. રા. ગૌરીશંકરે પણ તેમના વિયોગજન્ય વ્યથાનો અનુભવ કર્યો. આ બનાવ પછી તેમણે ધોળું શિરોવસ્ત્ર ધારણ કરવું શરૂ કર્યું, અને એ ધોળી પાઘડીનો છેક ૧૮૮૬ માં સંન્યાસીના નૂતન વેષમાં લય થયો.'

ઉપરની દીલગીરીના સમાચાર ભાવનગર દરબારી વકીલદ્વારા પોલિટિકલ એજંટ કર્નલ એન્ડરસન સાહેબને મળતાં તેઓએ 'એજન્સી ગેઝેટ'નો નીચે પ્રમાણે વધારો પ્રસિદ્ધ કર્યોઃ—

"સંસ્થાન ભાવનગરના મહારાજા ઠાકોર સાહેબ સર જશવંતસિંહજી, નાઈટ કમાન્ડર ઑફ ધી મોસ્ટ એક્ઝોલ્ટેડ ઓરડર ઑફ ધી સ્ટાર ઑફ ઇન્ડિયા, સ્વર્ગવાસી થયાના ખબર પોલિટિકલ એજન્ટ સાહેબ ઘણી દિલગીરીથી જાહેર કરે છે.

આ દુઃખભરેલો બનાવ ભાવનગરમાં ચાલતા માસની તા૦ ૧૧ મી ને સોમવારને રોજ બન્યો છે.

મરહુમ ઠાકોર સાહેબમાં એવા સારા ગુણો હતા કે જેથી તેમની બધી રૈયતને તેઓ પ્યારા હતા, અને તેઓને હંમેશા જે માન મળતું તેની નિશાની-દાખલ કાઠિયાવાડની બધી સરકારી ઓફીસો આજનો દિવસ બંધ રાખવામાં આવશે.

રાજકોટ,તા૦ ૧૩ મી એપ્રિલ ૧૮૭૦. (સહી) ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસન,
પોલિટિકલ એજંટ, કાઠિયાવાડ."

દરબાર તરફથી મુખ્ય દીવાન રા. રા. ગૌરીશંકરે એ શોચનીય પ્રસંગને નીચે પ્રમાણે જાહેરનામાથી નિવેદન કર્યો:—

"લખવાને અત્યંત દિલગીરી થાય છે કે મહારાજા ઠાકોર સાહેબ જશવંતસિંહજી, નાઈટ કમાન્ડર ઓફ ધી મોસ્ટ એક્ઝોલ્ટેડ ઓરડર ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડિયા, એઓને સુમારે નવ મહિના થયાં માંદગી ચાલી જતી હતી, તેમાં ઘણો વધારો થયાથી ચૈત્ર સુદ ૧૦ સોમવાર, તા૦ ૧૧ મી માહે એપ્રિલ સને ૧૮૭૦ ના રોજ સુમારે ત્રેતાળીશ વર્ષની ઉમરમાં આ દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગવાસ કર્યો છે તેથી દરબારમાં તથા શહેર ભાવનગરમાં અને તેમના સર્વ ગામોની પ્રજામાં એ દુઃખદાયક ખબર ફેલાઈ જતાં તમામ લોકોને ઘણી દિલગીરી થયલી છે. અને તેથી ગામોના મહાજનવગેરે લોકોએ વ્યાપારવગેરેનું પોતાનું કામકાજ પાંચ દિવસસુધી બંધ રાખી સર્વેએ ગમી બતાવી હતી.

સ્વર્ગવાસી ઠાકોર સાહેબ સંવત્ ૧૯૧૦ ના શ્રાવણ વદ ૪, શનિવાર તારીખ ૧૨ મી આગષ્ટ ઈ. સ. ૧૮૫૪ ના રોજ ગાદીનશીન થયા હતા, તેથી તેમણે પંદર વર્ષ અને આઠ માસ સુધી આ સંસ્થાનનું રાજ્ય ઘણી સારી રીતે ચલાવ્યું, અને પોતાની રૈયત વગેરેની પ્રીતિ એટલી બધી સંપાદન કરેલી હતી કે તેમના પરોપકારી ગુણ ભૂલી જવાય તેમ નથી.

ભાવનગર, સંવત્ ૧૯૨૬ ચૈત્ર વદ ૨, તારીખ ૧૭ એપ્રિલ ૧૮૭૦. (સહી) ગવરીશંકર ઉદયશંકર,
મુખ્ય પ્રધાન."

કાઠિયાવાડ પ્રાંતના પોલિટિકલ એજંટ સાહેબો, રાજસ્થાનોવિષે પોતાના અભિપ્રાયસહિત એકંદર રીપોર્ટ મુંબઇ સરકારમાં કરતા. પણ કીટિંજ સાહેબના અધિકારપર્યન્ત એજન્સીમાં છાપખાનાના અભાવે એ રીપોર્ટો પ્રસિદ્ધિ પામ્યા નથી. ૧૮૬૭ ની સાલથી કીટિંજ સાહેબે વાર્ષિક રીપોર્ટોમાં રાજસ્થાનોની હકીકત પૃથક્ પૃથક લખવાનો રિવાજ દાખલ કર્યો.

ત્યારથી ભાવનગર રાજ્યવિષે નીચે પ્રમાણે હકીકત રીપોર્ટોમાં અન્તર્ગત થયલી છે :—

(૧૮૯૭ ની સાલમાં પોલિટિકલ એજંટ કર્નલ ફીટિંજ સાહેબના રીપોર્ટમાંથી ઉદ્ધરણ.)

ભાવનગર સંસ્થાનસંબંધે એજન્સીના રીપોર્ટો, ૧૮૯૭-૯૯.

"નામદાર મહારાજા સાહેબ જશવંતસિંહજી તથા તેમના કુશલ મંત્રી અને દીવાન આજમ ગૌરીશંકર ઉદયશંકર રસ્તાના ફેલાવમાં તથા બીજા ઉપયોગી અને લાભકારક જાહેર બાંધકામસારૂ પોતાના બજેટમાં દરવર્ષે અમુક રકમ જુદી કાઢે છે તેને માટે તેઓને મોટું માન ઘટે છે. આવો દાખલો, ભાવનગર રાજ્ય કે જે સુધારા તથા વધારાની દરેક બાબતમાં હંમેશા અગ્રેસર છે તેને ઘણી જ શાબાશી આપવા યોગ્ય છે."

(પોલિટિકલ એજંટ કર્નલ એન્ડરસન સાહેબે 'કાઠિયાવાડ એજન્સી ગેઝેટ'માં પ્રસિદ્ધ કરેલા જાહેરનામામાંથી ઉદ્ધરણ; સને ૧૮૯૮.)

"મોટા અને સુધરેલા ભાવનગર સંસ્થાને પોતાના અતિકુશલ પ્રધાન ગૌરીશંકર ઉદયશંકરના કાર્યભારથી ઘણા સુધારા સ્થાપન કર્યા છે અને ઘણાં સાર્વજનિક કામોની યોજના કરી છે.

અગાઉ હતી તેમાં વધારો કરીને મહુવા, કુંડલા, અને તળાજામાં પોસ્ટ ઓફીસો તેઓએ સ્થાપન કરી છે. ચાળીસ હજાર રૂપૈયાના વાર્ષિક ખરચે વખાણવા લાયક એક સ્થાનિક પોલીસ તેઓએ સ્થાપન કરી છે. વિશેષમાં તેઓએ વળી કેળવણી અને સુધારાને સારી રીતે મદદ આપી છે, અને પોતાની સ્થાનિક કોરટોના સમર્થ કારભારથી ઘણો સુધારો કરેલો છે એવું જણાય છે."

(સને ૧૮૯૮ ની સાલમાં કર્નલ એન્ડરસન સાહેબે કરેલા વાર્ષિક રીપોર્ટમાંથી ઉદ્ધરણ.)

"ભાવનગરના નામદાર ઠાકોર સાહેબ તેમના કુશલ અને સમર્થ દીવાન આજમ ગૌરીશંકર ઉદયશંકરની મદદથી પોતાના રાજ્યને આબાદ સ્થિતિમાં રાખે છે.

તે પ્રાંતનો આસિસ્ટંટ રીપોર્ટ કરે છે કે કેળવણીનો ઓહોળો ફેલાવો થતો જાય છે, જે વિષેનું માન મુખ્ય મુખ્ય રાજાઓને ઘટે છે. આ રાજાઓમાં ભાવનગરના ઠાકોર અગ્રેસર છે."

(સને ૧૮૬૯માં કર્નલ એન્ડરસન સાહેબે કરેલા વાર્ષિક રીપોર્ટમાંથી ઉદ્ધરણ.)

"જે વર્ષનો રીપોર્ટ ચાલે છે તે વર્ષમાં આ રાજ્ય, વૃદ્ધ પણ કુશલ મુખ્ય દીવાન રા. ગૌરીશંકરના કારભાર નીચે ચાલુ છે. ઠાકોરની તબીયત ક્ષીણ થતી હતી, અને વર્ષના છેલ્લા ભાગમાં તેમની જીંદગીની આશા મૂકવામાં આવી.

મારા ગયા વર્ષના રીપોર્ટમાં લખ્યા મુજબ તુરંગ પૂરી બંધાઇ ચુકી છે. તે એક સુંદર, સગવડવાળું, અને હવાના ખુલાસાવાળું મકાન છે. હિંદુસ્તાનની આ બાજુની તુરંગોથી જો કે ચઢે નહિ તો પણ આખા ઇલાકામાં તે ખરેખર ઉત્તમ છે."

મહારાજા શ્રીતખ્તસિંહજી સગીર વયના હોવાથી તેમનું વય પુખ્ત થતાસુધી ભાવનગર રાજ્યનો જે સંયુક્ત કારભાર રહ્યો તે, તથા તે અંગે થયલાં રાજકીય કૃત્યોમાં રા. રા. ગૌરીશંકરે લીધેલો સ્તુત્ય ભાગ આવતા પ્રકરણમાં લખાશે.

પ્રકરણ ૮.

સંયુક્ત કારભાર.

(જોઈન્ટ એડ્મિનિસ્ટ્રેશન.)

મહારાજા શ્રીજશવંતસિંહજીનું વસિયતનામું—કુમાર શ્રીતખ્તસિંહજીનું ગાદીનશીન થવું—રાજતિલક તથા દફતરની તપાસણી; તે ઉપરથી ઉશ્કેરાઇ એન્ડરસન સાહેબે કરેલો વિરુદ્ધ રીપોર્ટ—જોઈન્ટ એડ્મિનિસ્ટ્રેશન (સંયુક્ત કાર્યભાર)ની સ્થાપના—મિ. પાર્સીવલ સાહેબનો મેળાપ અને તારામૈત્રી—મહાલો અને ગામોની વ્યવસ્થા—વસુલાતી અધિકારીતરીકે રા. રા. વિજયશંકર ગૌરીશંકર—હીસાબી કામદાર—રાજ્યના નોકરોસંબંધી નિયમો—સુધરાઈ ખાતાની સ્થાપના—પાણીની તંગી; ગગાતળાવ—મિલ તથા પ્રેસો—કૂવાઓ—તળાવો; પૂલો, ઇત્યાદિ—માપણી—કર્નલ લો સાહેબ અને સુધારા વરાડ—પ્લાન્ટેશન (વૃક્ષારોપણ)—સડકો—સાર્વજનિક બાંધકામો વિગેરે—વસતિનાં ઘરો—મકાનોના વેચાણની રજીસ્ટ્રેશન ફીમાં ઘટાડો—રાજકુમાર કોલેજની વ્યવસ્થા; મહારાજાશ્રીનું શિક્ષણ—ધાંધળી કેસ, અને ૧૧૬ ગામોસંબંધી તકરારનું પુનઃ ઉપસ્થિત થવું; તેનો અંતિમ નિર્ણય—સને ૧૮૭૬ નો ૨૦ મો "ભાવનગર એક્ટ"—કુમાર શ્રી ભાવસિંહજીનો જન્મ—કૈસરે હિંદ બ્રિજ—ભાવનગર રાજ્યની આબાદી—મિ. પાર્સીવલ સાહેબની બદલી—મેજર વોટસન સાહેબ; તેમની સાથે સંયુક્ત કારભારમાં મહારાજાશ્રીનું જોડાવું—પાર સાહેબ—સંયુક્ત કારભાર વિષે રીપોર્ટો તથા અભિપ્રાયો.

મહારાજા શ્રી-જશવંતસિંહજીનું વસિયતનામું.

પોતાના રોગનું ગંભીર સ્વરૂપ મહારાજા શ્રી જશવંતસિંહજીને મૂલથી સમજાયું હતું, અને તા. ૧૦ એપ્રિલ ૧૮૭૦ ને દિવસે તો તેમણે પોતાના શરીરની આશા મૂકી, રા. રા. ગૌરીશંકર તથા રા. રા. દેશાઇ સંતોષરામને પોતાના સમીપ બોલાવ્યા; મૃત્યુને તૃણવત્ ગણનાર ક્ષાત્ર નિર્ભયતાથી અને સ્વધર્માનુષ્ઠાનથી પ્રાપ્ત થતા ધૈર્યબલથી તેમણે તેમના આગળ, રંકથી તે રાજાસુધી સર્વનાં શરીરની અનિત્યતાવિષે વિવેચન કર્યું, અને રાજ્યવ્યવસ્થાસંબંધે નીચે પ્રમાણે વસિયતનામું તૈયાર કરાવ્યું:—

"મારા શરીરે આજ આસરે નવ માસ થયાં માંદગી જારી રહેતાં હાલ ઘણી નાકૌવતી જણાય છે તેથી, તથા ડાક્તરના અભિપ્રાયથી મારી હયાતી વધારે દિવસ ટકવાની ઉમેદ રહેતી નથી તેથી, અમારી જીંદગીનો આખર વખત સમજીને અમારૂં શરીર નહિ હોય ત્યારે અમારા ટીલાયત કુમાર શ્રીતખ્તસિંહજી કે જે અમારી ગાદીના વારસ છે તેમની ઉમર ૧૩ વર્ષની છતાં તેઓ ઉમર લાયક થાય ત્યાં સુધી અમારા રાજ્યનું તમામ કામકાજ સારી રીતે ચલાવવા તથા સંભાળ રાખવા સારૂ આ ઠરાવ યાને "વિલ" અમારી હયાતી તથા હોશિયારીમાં કરૂં છું.

"અમારા મરહુમ દાદા ઠાકોર શ્રીવિજયસિંહજીના વખતથી હાલ સુધી એટલે ત્રણ પેઢી થયાં અમારા રાજ્યનું કુલ કામકાજ આજમ ગૌરીશંકર ઉદયશંકર ઘણી સારી રીતે પ્રમાણિકપણાથી ચલાવે છે, જેથી તેમના ઉપર અમારો અંતઃકરણપૂર્વક ભરોસો છે, અને તેઓની જ જાતથી અમારા રાજ્યનું હાલસુધી ઘણું બેહેતર થયલું છે, અને આયંદે પણ બેહેતર થશે એવી અમારી પૂરી ખાતરી છે. માટે કુમાર શ્રીતખ્તસિંહજી ઉમરલાયક થાય ત્યાં સુધી અમારા રાજ્યનું તમામ કામકાજ આજમ ગૌરીશંકર ઉદયશંકરે ચલાવવું, અને તેના ઉપર મ્હોટી બાબતની દેખરેખ, યાને "સુપરવિઝન" નામદાર સરકાર તરફથી કાઠિયાવાડના વાલાસાન પોલિટિકલ એજંટ સાહેબ રાખે એ રીતે અમારો ખાસ અભિપ્રાય છે."

ઉપર પ્રમાણે વિલ મહારાજાશ્રીએ લખાવ્યું, પરંતુ તેઓ સહી કરવા માટે ઘણા જ અશક્ત હતા, તેથી તેમણે વિલ નીચે પોતાની મ્હોર કરી, અને કુમાર શ્રીતખ્તસિંહજીપાસે સહી કરાવી.

મહારાજાશ્રીનો સ્વર્ગવાસ થતાં રા. રા. ગૌરીશંકરે આ અસલ વિલ લઇને મુંબઈ ખાતાના દરબારી એજંટ મિ. મ્હેરવાનજી નસરવાનજી ભાવનગરીને તથા એજન્સી ખાતાના એજંટ

આજમ સવાઇલાલ સોમજીને પોલિટિકલ એજંટ કર્નલ એન્ડરસન સાહેબ પાસે મોકલ્યા. તે વિલ તેઓએ જોયું, અને રા. રા. ગૌરીશંકર ઉપર એવી મતલબનો કાગળ લખ્યો કે "કુંવર સાહેબ નાની ઉમરના છે તેથી રાજ્યનો વહીવટ કરવા બાબત સરકારથી હુકમ આવી પહોચતાં સુધીમાં જેવો બંદોબસ્ત હાલ સુધી ચાલે છે તેમ વ્યાજબી રીતે ચલાવવાનો જુમ્મો એજન્સી તરફથી તમારા ઉપર રાખવામાં આવે છે. માટે મરહુમ ઠાકોર સાહેબને ઠેકાણે એજન્સીને સમજી અહિંના હુકમ પ્રમાણે કામકાજ ચલાવવું." આ પત્ર આવતા પૂર્વે રા. રા. ગૌરીશંકરે સાવચેતીના યોગ્ય ઉપાયો યોજ્યા હતા; રાજ્યની તીજોરી તથા જામદારખાનાઉપર આરબની ચોકી બેસાડી હતી, અને રાજ્યનું જરૂરી કામકાજ પોતે ચલાવતા હતા.

કુમારશ્રી તખ્તસિંહજીનું ગાદીનશીન થવું.

ત્યાર પછી તા૦ ૨૩ એપ્રિલ ૧૮૭૦ ને દિવસે કુમાર શ્રીતખ્તસિંહજીને ગાદીનશીન કરવા અર્થે ભાવનગરમાં દરબાર ભરવાનો મ્હોટો સમારંભ થયો. પોલિટિકલ એજંટ કર્નલ એન્ડરસન સાહેબ પોતાના એક્સ્ટ્રા આસિસ્ટંટ આજમ ધનજીશા હોરમશજી તથા શિરસ્તદાર આજમ માણેકજી પેસ્તનજીને સાથે લઈ રાજકોટથી ભાવનગર પધાર્યા હતા, અને ગોહિલવાડ પ્રાંતના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ કેપ્ટન રસલ સાહેબને સોનગઢથી ભાવનગર બોલાવવામાં આવ્યા હતા. એ ઉપરાંત બાઉન્ડરી કમિશનર મિ. વાર્ડન સાહેબ તથા ગાયકવાડ સરકારના અમરેલી પરગણાના આસિસ્ટંટ મિ. પ્રીડો સાહેબવિગેરે બીજા સરકારી અમલદારો તથા રાજસ્થાનોના અધિકારીઓ પણ દરબારમાં વિરાજ્યા હતા. ભરાયલા દરબારની સામેના વિશાલ ખંડમાં કુમારશ્રીના રાજ્યાભિષેક સંબંધી ધર્મશાસ્ત્રની ક્રિયા સમાપ્ત થયાપછી કર્નલ એન્ડરસન સાહેબ તેમને ભરાયલા દરબારમાં લઇ આવ્યા, ત્યાં બીછાવેલી સુંદર ગાદી પાસે કુમાર શ્રીતખ્તસિંહજી અને કર્નલ એન્ડરસન સાહેબ ઉભા

રહ્યા પછી પોલિટિકલ એજંટે ટુંકામાં નીચેની મતલબનું ભાષણ કર્યું:—

"તખ્તસિંહજી! આપ રાજકુમારને બદલે આજથી હવે આ સંસ્થાનના ઠાકોર સાહેબ, અને આ રાજ્યના સર્વોપરિ સત્તાધારી થયા છો. હું આશા રાખું છું કે આપના મરહુમ પિતાનો સારો દાખલો લઈ આપ રૈયતની પ્રીતિ સંપાદન કરશો, અને જે રીતે તેમણે બ્રિટિશ સરકાર સાથે મિત્રાચારીનો હક રાખેલો છે તે જ રીતે આપ પણ રાખશો. બ્રિટિશ સરકાર તથા પોલિટિકલ એજંટ સાહેબ ભાવનગર સંસ્થાન અને તેના રાજ્યકર્તાઓ તરફ જે રીતે આજસુધી મિત્રાચારી બતાવતા આવ્યા છે તે જ પ્રમાણે હમેશાં કાયમ રાખશે."

ઠાકોર સાહેબ શ્રીતખ્તસિંહજીએ આનો યોગ્ય જવાબ આપ્યો, ત્યારપછી રા. રા. ગૌરીશંકર નીચે પ્રમાણે બોલ્યા:—

"બ્રિટિશ સરકારે આ મુલકમાં સત્તા મેળવી તેની અગાઉ સુમારે પચાશ વર્ષ થયાં આ રાજ્ય સાથે સરકારને મિત્રાચારીનો હક ચાલ્યો આવે છે. એ હક હાલના ઠાકોર સાહેબની પાંચ પેઢી સુધીના રાજ્યકર્તાઓની કારકીર્દીમાં કાયમ રહેલો છે. તેઓ બ્રિટિશ સરકારની વફાદારીમાં ઘણી સારી રીતે રહેલા છે અને તેનો યોગ્ય બદલો સરકાર તરફથી પણ તેઓને મળેલો છે. મરહુમ ઠાકોર સાહેબ શ્રીજશવંતસિંહજીએ પોલિટિકલ એજંટ સાહેબોની સલાહને અનુસરીને આ રાજ્યમાં પોતાથી બની શક્યા પ્રમાણે સુધારો કરેલો છે, અને હજી કેટલોક કરવો બાકી છે તે ધીમે ધીમે પૂરો કરવાની અમે ચાહના રાખીએ છીએ.

આપે પોતાનું જરૂરી કામ એક બાજુ ઉપર રાખી આ ગરમ મોસમમાં ઠાકોર સાહેબ શ્રીતખ્તસિંહજીને તેમના પિતાએ કરેલા સ્વર્ગવાસથી થયલી દિલગીરી દર્શાવવા અર્થે રાજકોટથી અહિં સુધી આવી તસ્દી લીધી તે બાબત અમે આપનો

આભાર માનીએ છીએ, અને આ બાબતમાં બીજા સાહેબ લોકો તથા દેશી ગૃહસ્થો અહિં પધાર્યા છે તેમનો પણ ઉપકાર માનવામાં આવે છે."

આના પ્રતિભાષણરૂપે કર્નલ એન્ડરસન સાહેબે કહ્યું કે "હું સારી પેઠે જાણું છું કે રા. રા. ગૌરીશંકરે હાલના ઠાકોર સાહેબના પિતાની અને તેમના વડીલોની ૪૦ વર્ષસુધી નોકરી કરેલી છે, જેમાં વીશ વર્ષથી તો મુખ્ય પ્રધાન તરીકે તેઓ કામ ચલાવે છે, અને હું ઉમેદ રાખુંછું કે હજી પણ રા. રા. ગૌરીશંકર તેવી જ રીતે આ સંસ્થાનની નોકરી કરવાનું જારી રાખશે."

આ પ્રમાણે ભાષણો થયા પછી કર્નલ એન્ડરસન સાહેબે ઠાકોર સાહેબ શ્રીતખ્તસિંહજીને રાજસિંહાસને આરૂઢ કર્યા, અને તેમના સ્વર્ગવાસી પિતાની તરવાર તેમને અર્પણ કરી.

દરબાર બરખાસ્ત થયા પછી કર્નલ એન્ડરસન સાહેબને રાજ્યની શિલક તપાસાવવી યોગ્ય લાગી. તેથી તે અર્થે દરબારનો ખજાનો, ઝવેરાતના દાગીના, તથા ચોપડાવગેરેની ટીપ કરવા તેઓએ પોતાના એક્સ્ટ્રા આસિસ્ટંટ મિ. ધનજીશા હોરમસજી તથા શિરસ્તદાર મિ. માણેકજી પેસ્તનજીને ભાવનગરમાં રોક્યા, અને તેમના કાર્યમાં પ્રતિબંધ ન નડે એવી વ્યવસ્થા કરવા રા. રા. ગૌરીશંકરને સૂચના કરી. હિસાબ કરતાં રૂ. ૨૩,૦૦,૦૦૦)ની રોકડ શિલક તથા સુવર્ણ અને રૂપાના મૂલ્યવાન્ અલંકારો નીકળ્યા. ત્યાર પછી દરબારી દફતરની તપાસણી શરૂ થઇ. હીસાબી કામદારના પ્રમાદને લીધે પાછલાં કેટલાંક વર્ષોનો હીસાબ જે કાગળિયા ઉપર તૈયાર કરી રાખેલો હતો તે ચોપડાઓમાં દાખલ નહિ થયલો માલમ પડવાથી તે અપૂર્ણ હીસાબના ચોપડા મિ. ધનજીશાએ સીલમાં રાખ્યા, અને તત્સંબંધી ટીકા કરવાનો અવકાશ કર્નલ એન્ડરસનને પ્રાપ્ત થયો. તેજોદ્વેષી તેમના કેટલાક સલાહકારોએ તેમને એવી સલાહ

રાજશિલક તથા દફતરની તપાસણી; તે ઉપરથી ઉશ્કેરાઈ એન્ડરસનસાહેબે કરેલો વિરુદ્ધ રીપોર્ટ.

આપી કે લીંમડી, ગોંડલવગેરે સંસ્થાનોના અધિપતિની બાલ્યાવસ્થામાં સરકાર તરફથી સ્વતંત્ર એડ્મિનિસ્ટ્રેટર નીમવામાં આવ્યા હતા તે પ્રમાણે ભાવનગરમાં પણ કરવું. રા. રા. ગૌરીશંકરના સર્વમાન્ય રાજકીય કૌશલપરત્વે વાંધો લઇ શકાય એમ હતું નહિ, તેથી આવી અશુભ સલાહથી ઉશ્કેરાયલા એન્ડરસન સાહેબે મુંબઇ સરકારમાં રીપોર્ટ કરતાં જણાવ્યું કે રા. રા. ગૌરીશંકરની વૃદ્ધાવસ્થા થયલી હોવાથી તેઓ રાજ્યકાર્યભાર કરવા અશક્ત છે, અને તેથી એજન્સીની પસંદગીના અમલદારને ભાવનગર રાજ્યનો સ્વતંત્ર એડ્મિનિસ્ટ્રેટર નીમવો જોઇએ. આ રીપોર્ટ ઉપરથી મુંબઇના ગવર્નર સાહેબની ધારાસભાના વડા સભાસદ્ ઓનરબલ મેન્સ્ફીલ્ડ સાહેબે અમદાવાદના કલેક્ટર બોરોડેલ સાહેબને ભાવનગરના એડ્મિનિસ્ટ્રેટરતરીકે અને તેમના તાબામાં રા. રા. ગૌરીશંકરને ડેપ્યુટી એડ્મિનિસ્ટ્રેટર તરીકે નીમવાની મિનિટ કરી. આ સંબંધમાં મિ. બોરોડેલ સાહેબની ઇચ્છા પણ તારથી પૂછાવવામાં આવી. તેઓએ પોતાની પરમ પ્રસન્નતા દર્શાવી, અને પોતાનાં નિકટનાં માણસોને પોતાની સાથે ભાવનગર લઇ જવાની વ્યવસ્થા કરવાનો પણ આરંભ કર્યો.

ભાવનગર રાજ્યના હિતૈષીઓ જેમને હાથે તે સંસ્થાનનું હિત થવાની કદાપિ આશા રાખતા ન હતા એવા મિ. બોરોડેલ સાહેબને સ્વતંત્ર અધિકાર આપી ભાવનગરમાં નીમવાના પ્રયત્નના સમાચાર રા. રા. ગૌરીશંકરને મળતાં તેઓએ વિલંબવિના પોતાના ભાણેજ અને આસિસ્ટંટ દીવાન રા. સામળદાસ પરમાણંદદાસને ગવર્નર સાહેબ પાસે આગબોટને માર્ગે મોકલ્યા. આખર મોસમ ભરાઈ જવાથી સમુદ્રમાં આગબોટને ભારે તોફાન લાગ્યું, તે એટલે સુધી કે તેમાં બેઠેલા માણસોના જીવનની આશા પણ ત્યજવાનો સમય આવ્યો. સુભાગ્યથી, રાજ્યની એકાગ્રતાપૂર્વક સેવા કરનાર રા. સામળદાસ સર્વ વિઘ્નોને તરી સુરત સુખરૂપ પહોંચ્યા, ત્યાંથી તેઓ આગગાડી રસ્તે મુંબઈ ગયા. દરબારી એજંટ મિ. મેહેરવાનજી ભાવનગરીને

સાથે રાખી તેઓ ગવર્નર સાહેબને મહાબલેશ્વર મુકામે મળ્યા. એ મુલાકાતમાં રા. સામળદાસે ગવર્નર સાહેબ આગળ એન્ડરસનં સાહેબે વિરુદ્ધમાં કરેલા લખાણમાં હેતુભૂત અસૂયાગ્રસ્ત પ્રેરકો વિષે, તેમજ બોરોડેલ સાહેબને ભાવનગરમાં સ્વતંત્ર અધિકાર ઉપર નીમવા સામેના વાંધા, તથા તેના પૂરાવામાં તેમનું વ્યતીત વર્તન સર્વ નિવેદન કર્યું, અને વિજ્ઞપ્તિ કરી કે અનુભવસાથે અનુકંપાથી યુક્ત બીજા કોઇ અધિકારીને નીમવા ઉચિત છે.

જોઈન્ટ એડ્મિનિસ્ટ્રેશન (સંયુક્ત કાર્યભાર)ની સ્થાપના.

એ ઉપરથી ગવર્નર સાહેબે બોરોડેલ સાહેબની નીમણોક બંધ રાખી, અને રા. રા. ગૌરીશંકરને પોતાની પાસે પૂણા મુકામે બોલાવ્યા. ત્યાં થયલા સવિસ્તર સંલાપનો પરિણામ એ આવ્યો કે ભાવનગર રાજ્યના પ્રતિનિધિરૂપે રા. રા. ગૌરીશંકરની અને સાર્વભૌમ સત્તાના પ્રતિનિધિરૂપે શોલાપુરના આસિસ્ટંટ કલેકટર મિ. ઈ. એચ. પર્સિવલ સાહેબની નીમણોક થઇ. આ પ્રમાણે મુંબઇ ઇલાકામાં પહેલવહેલો "જોઇન્ટ એડ્મિનિસ્ટ્રેશન" (સંયુક્ત કાર્યભારપદ્ધતિ)નો પ્રયોગ થયો. આ સંબંધી નીચે પ્રમાણે મુંબઇ સરકારનો જુલાઇ ૧૮૭૦ નો ઠરાવ સેક્રેટરી મિ. વેડર્બર્ન સાહેબ દ્વારા મિ. પર્સિવલ સાહેબને મળ્યો :—

"(૧). મહારાજા ઠાકોર સાહેબ તખ્તસિંહજી પુખ્ત ઉમરના થાય ત્યાં સુધી નામદાર ગવર્નર ઇન કાઉન્સિલે ઘણી ખુશીથી આપને તથા રા. રા. ગૌરીશંકર ઉદયશંકરને એકઠા મળીને સંસ્થાન ભાવનગરનો રાજ્યકારભાર ચલાવવા સારૂ મુકરર કરતાં આપને તે વિષે સમાચાર આપવાને મને હુકમ થયો છે. આપનો પગાર દર માસે રૂ. ૧,૮૦૦ નો ઠરાવવામાં આવ્યો છે.

"(૨). રાજ્યનું સઘળું કામકાજ ચલાવવાની બાબતમાં મહારાજા ઠાકોર સાહેબે આજ સુધી જેટલો અખત્યાર ભોગવેલો છે તેટલા અખત્યારથી આપે તથા રા. રા. ગૌરીશંકર ઉદયશંકરે એકઠા મળીને કામકાજ ચલાવવું, અને કદાપિ કોઇ

બાબતમાં એક બીજાનો જુદો અભિપ્રાય પડે તો તે વખતે આપના બે મત ગણાશે.

"(૩). દીવાની તથા ફોજદારી કામોનો ઇનસાફ ભાવનગરમાં હાલ જે કાયદા તથા ધોરણપ્રમાણે ચાલે છે તે જ પ્રમાણે હવે પછીથી ચલાવવો, અને કદાપિ સદરહુ કાયદામાં કાંઇ ફેરફાર કરવાનું યોગ્ય જણાય તો તે વિષે પ્રથમ સરકારની મંજુરી સારૂ લખી મોકલવું, અને સરકાર તે મંજુર કરે ત્યાં સુધી તે પ્રમાણે અમલ થશે નહિ, અને મંજુર થયા પછી ભાવનગર ગેઝેટમાં છપાવી પ્રસિદ્ધ કરવો.

"(૪). જે કામમાં દેહાંતશિક્ષા કરવા જેવું જણાય તેમાં આપે સરકારની મંજુરી મેળવવી, અને બીજા સઘળા દીવાની તથા ફોજદારી મુકરદમામાં આપ બંનેના એકઠા ઇનસાફથી થયલો ઠરાવ છેવટનો રહેશે. કદાપિ કોઈ દીવાની અથવા ફોજદારી મુકરદમામાં તેની સામાન્ય દલીલોથી સરકારનો ખાસ હુકમ મેળવવાની આપને જરૂર જણાય તો તે બાબતમાં સરકારને લખી પૂછવાની આપને સ્વતંત્રતા આપવામાં આવે છે.

"(૫). મરહુમ મહારાજા ઠાકોર સાહેબ તેમની કારકીર્દીના છેલ્લા ભાગમાં રાજ્યનો હિસાબ તપાસી મંડાવી શક્યા નથી એવું સરકારને જાહેર થયું છે, તેથી આપ જે વખતે અધિકાર સંભાળો તે વખતે જે હિસાબ માંડ્યા વિનાનો બાકી હોય તે આપે એકદમ તપાસી મંડાવવો. આ બાબત ચોકસ ધ્યાન આપવાની જરૂર છે, અને એ વિષે તપાસ કરી તેના પરિણામનો આપે સરકારમાં રીપોર્ટ કરી મોકલવો.

"(૬). રાજ્યનું કામકાજ બાળક મહારાજા ઠાકોર સાહેબ ભાવસિંહજીના નામથી ચલાવવું અને જ્યારે તેઓ પુખ્ત ઉમરના તથા પોતાના રાજ્યનો કારભાર પોતાથી ચલાવવાને શક્તિમાન થશે ત્યારે આ ગોઠવણ રદ કરવામાં આવશે.

"(૭). નામદાર ગવર્નર સાહેબને ભરોંસો છે કે મરહુમ મહારાજા ઠાકોર સાહેબના કુટુંબને અને વિશેષે કરીને તેમની રૈયતને આ ગોઠવણ પસંદ આવશે, અને તેઓ આશા રાખે છે કે સ્થાનિક અધિકારીઓ તરફથી આપને એવા પ્રકારની મદદ મળશે કે જેથી એ રાજ્યના કામકાજસંબંધી હાલ જે ગોઠવણ કરવામાં આવી છે તેના કરતાં લોકના ફાયદાને માટે સરકારને વધારે હાથ નાંખવાની જરૂર રહેશે નહિ.

"(૮). સરકારની સાથે લખાણનો વ્યવહાર પોલિટિકલ એજંટ સાહેબ મારફત રાખવો; પરંતુ તેમના તરફથી રાજ્યના કામકાજમાં પરભારો હાથ નાંખી શકાશે નહિ.

મુંબઈ,	(સહી) ડબલ્યુ વેડર્બર્ન,
તા૦ ૨ જી જુલાઈ ૧૮૭૦.	સરકારના આક્ટિંગ સેક્રેટરી."

ગોંડલના હાલના મહારાજા શ્રી સર ભગવતસિંહજી, જી. સી. એસ. આઇ., એલએલ. ડી., જ્યારે સગીર ઉમરના હતા (૧૮૭૦) ત્યારે તે સંસ્થાનનું કામકાજ ચલાવવાસારૂ સરકાર તરફથી નીમાયલા મિ. ગુડ્ફેલો સાહેબે ત્યાંના જૂના અનુભવી નોકરોને રાજ્યસેવાથી દૂર કરી પોતાની સ્વતંત્ર સત્તાનો અત્યંત ત્રાસ પ્રજાજનમાં પ્રસરાવ્યો હતો. આ દૃષ્ટાન્તથી રા. રા. ગૌરીશંકરને ભાવનગર રાજ્યવિષે બહુ ચિન્તા રહેતી હતી, તેથી ઉપરના ઠરાવની નકલ જ્યારે તેમને પુણા મુકામે મળી ત્યારે તેમને પોતાના ઇષ્ટાર્થની સિદ્ધિથી બહુ હર્ષ થયો. હજીસુધી તેમને મિ. પર્સિવલ સાહેબ સાથે કોઇપણ પ્રસંગે મુલાકાત થઈ ન હતી, તેથી તેમનો સમાગમ કરવા તેમનું મન બહુ ઉત્સુક હતું. પુણા મુકામે ઉભયનો પરસ્પર મેળાપ થયો, અને તારામૈત્રીથી પરસ્પર આકર્ષણ થયું. રા. રા. ગૌરીશંકરે મિ. પર્સિવલ સાહેબ ઉપર પોતાના સરલ સ્વભાવની, પ્રામાણિકતાની, અને વિનયની તત્કાલ છાપ પાડી, અને તેમને ભાવનગર રાજ્યની કારભાર-

મિ. પર્સિવલ સાહેબનો મેળાપ, અને તારામૈત્રી.



VAJESHANKAR GAURISHANKAR,

Prime Minister, Bhavnagar State.

રા. રા. વજેશંકર ગૌરીશંકર,

સંસ્થાન ભાવનગરના મુખ્ય દીવાન.

ધુરાનું વહન કરવા સત્વર આપવા વિજ્ઞપ્તિ કરી. મિ. પાર્સિવલ સાહેબની દુરાગ્રહરહિત મૃદુ પ્રકૃતિ પણ ગુપ્ત રહી નહિ.

૧૮૭૦ ના આગસ્ટ મહિનામાં મિ. પાર્સિવલ સાહેબ પોતાના નવીન અધિકાર ઉપર ભાવનગર આવ્યા ત્યારથી સંયુક્ત કાર્યભારનો આરંભ થઈ રાજ્યમાં અનેક સુધારા થયા, અને રાજા પ્રજા ઉભયની સમૃદ્ધિમાં વધારો થયો.

મહાલો અને ગામોની વ્યવસ્થા.

મહાલો અને તેના તાબાનાં ગામોના વહીવટની પદ્ધતિમાં સુધારો કરવાનું કામ સંયુક્ત કાર્યભારીઓએ પ્રથમ હાથમાં લીધું. એક પક્ષે મિ. પાર્સિવલ સાહેબે ગુજરાત પ્રાંતમાં આવેલા જીલ્લાઓના વહીવટની રીતિનો પાકો અનુભવ મેળવ્યો હતો, અને અન્ય પક્ષે રા. રા. ગૌરીશંકર તો નાની ઉમરથી જ દરબારનાં ગામોના વહીવટમાં નિષ્ણાત હતા, તેથી એ વિષે બંને અધિકારીઓની સંપૂર્ણ અંશે યોગ્યતા અને દક્ષતા હતી. ખેડુતો પાસેથી ભાગબટાઇના લેવાણનો જે વહીવટ ચાલતો હતો તેને બંધ કરી તેઓએ ઉધડ રકમ લેવાનો ઠરાવ કર્યો, અને એ ઠરાવને પ્રયોગમાં મૂકવા અર્થે રા. રા. ગૌરીશંકરના જ્યેષ્ઠ પુત્ર રા. રા. વિજયશંકરની વસુલાતી અધિકારી-તરીકે નીમણોક કરવામાં આવી. તેઓએ દરેક ગામના ખેડુતો પાસેની જમીન અને અમુક વર્ષની ઉપજની સરાસરી, ગામના પટેલો તથા ત્રાહિત વાકેફ્ગાર પંચ વિદ્યમાન તપાસી, દરબારી ભાગના લેવાણ પૈકી વસુલ આવેલી રકમની સરાસરી ઉપરથી જે આકાર બેઠો તે પ્રમાણે દરેક ખેડુતનાં ખાતાં બાંધી આપ્યાં, અને ખેડુતના તાબાની જમીન ઉપર તે આકાર પ્રમાણેની રકમ લેવાનો ઠરાવ કર્યો. આ પદ્ધતિ ખેડુતવર્ગને બહુ અનુકૂલ આવી, અને તેઓએ પોતાના તાબાની જમીન ઉપરનો કર પ્રતિવર્ષ આપવાની કબુલાતના દસ્તાવેજો લખી આપ્યા; તે પ્રમાણે ઉપજ વસુલ કરવાનું વહીવટદારોનું કામ પણ સુગમતાભરેલું થઈ પડ્યું. સને

વસુલાતી અધિકારીતરીકે રા. રા. વિજયશંકર ગૌરીશંકર.

૧૮૭૨-૭૩-૭૪-૭૫ એ ચાર વર્ષની ખાતાબંધી આ પ્રમાણે ઠરાવવામાં આવી. રા. રા. વિજયશંકર કે જેઓ ભાવનગરમાં વસુલાતની બાબતમાં અસાધારણ અનુભવવાળા છે તેઓએ લીધેલો ભારે શ્રમ રાજા અને પ્રજા ઉભયના સંતોષપૂર્વક સફલ થયો. એવિષે મિ. પર્સિવલ સાહેબ સંયુકત કારભારના ૧૮૭૪-૭૫ ની સાલના વાર્ષિક રીપોર્ટમાં નીચે પ્રમાણે લખે છેઃ—

"The whole of the Revenue Department is under Mr. Wajeshankar Gawrishankar with one well-paid assistant. An immense quantity of work is done through this office. The improvement of the accounts, the *Khatabandee* Settlements, the assistance given to the Revenue Survey and the classification of land all add largely to the ordinary work of the office, and nothing can surpass the zealous care with which Mr. Wajeshankar superintends and manages everything."—(*Joint Administrators' Report,* 1874-75.)

"આખું વસુલાતખાતું મિ. વજેશંકર ગૌરીશંકરના ઉપરિપણા નીચે છે, અને તેમના હાથતળે એક સારા પગારવાળો આસિસ્ટંટ રહે છે. આ ખાતા મારફત કામનો પુષ્કળ જથો નિકળે છે. હિસાબશુદ્ધિ, ખાતાબંધી, વસુલાતની સરવઈમાં અને જમીનની પ્રતબંધીમાં મદદ—આ સઘળું એ ખાતાના સામાન્ય કામ ઉપરાંત કરવામાં આવે છે, અને મિ. વજેશંકર જે ખંતપૂર્વક કાળજીથી દરેક બાબતની વ્યવસ્થા કરે છે તે અનુપમ છે."— (જોઇન્ટ એડ્મિનિસ્ટ્રેટર્સનો રીપોર્ટ, ૧૮૭૪–૭૫.)

અનુકૂલતાપ્રમાણે ગામના સમુદાયનો તપો મુકરર કરી તપાથાણદારોની નીમણોક કરવામાં આવી. એ તપાથાણદાર ખાતાબંધીપ્રમાણે વહીવટ કરીને વહીવટદારપાસે ઉપજ મોકલતા. સર્વ ઉપર વહીવટદારની દેખરેખ રહેતી, અને ઉપજ વસુલ કરવાની જવાબદારી પણ તેમને શિર હતી. દરેક મહાલના વહીવટદારના તાબામાં તીજોરી રાખવાનું નક્કી કરવામાં આવ્યું

અને ચોપડામાં ગામોનો વહીવટ રાખવાનું ધોરણ તેમને બાંધી આપવામાં આવ્યું. વહીવટદારો ઉપર વસુલાતી અધિકારીનું ઉપરિપણું રહેતું, અને તે અધિકારી દરેક મહાલમાં ફરી યોગ્ય તપાસ રાખતા, તથા વહીવટદારો જે ખુલાસા પૂછતા તેનું નિરાકરણ કરતા. આ વસુલાતી અધિકારીને કોઈ વિષયે સ્પષ્ટીકરણ માગવાની આવશ્યકતા જણાતી તો તેઓ જોઇન્ટ એડ્મિનિસ્ટ્રેટર્સને રીપોર્ટ કરતા, અને તેમની આજ્ઞાનુસાર અમલ કરતા; તેમના દ્વારા મહાલોની તીજોરીની પેટા શિલક ભાવનગર દરબારની મુખ્ય તીજોરીમાં ભરાતી. મુખ્ય તીજોરીનો હિસાબ ચોપડામાં દાખલ કરવાના નમુના પણ તૈયાર કરવામાં આવ્યા. ઉત્તર પ્રાંતના રેવેન્યુ કમિશનર સર ડેવિડ બ્લેન સાહેબે જીલ્લાઓમાં પ્રસિદ્ધ કરેલા નિયમપ્રમાણે બંધાયલું આ પ્રકારનું વધારે સુધરેલું અને નિયમિત ધોરણ ભાવનગર સંસ્થાનમાં પહેલવહેલુંજ દાખલ કરવામાં આવ્યું, અને એ પદ્ધતિપ્રમાણે વ્યવહાર બહુ સંતોષપ્રદ નીવડ્યો છે.

હિસાબી કામદાર.

રાજ્યનાં જુદાં જુદાં ખાતાંઓમાં થનાર ખરચનું નિયમન કરનાર રાજ્યખરચનો કોઈ ઉપરિ અધિકારી હાલ સુધી હતો નહિ, તેથી સંયુક્ત કારભારીઓએ તે નવીન અધિકાર સ્થાપ્યો, અને તે અંગે પૂરતા જન તથા સાધનની સામગ્રીની વ્યવસ્થા કરી દરેક જુદા જુદા ખાતામાં થતા વાર્ષિક ખરચસંબંધે કેટલીક સત્તા આ નવીન હિસાબી કામદારને સોંપવામાં આવી, અને તેને કોઇ બાબત સ્પષ્ટીકરણ અથવા અનુમતિની અપેક્ષા રહેતી તો સહકારભારીઓ સાથે પત્રવ્યવહાર કરવાથી તે પૂર્ણ થતી.

રાજ્યના નોકરો સંબંધી નિયમો.

મોટા અધિકારીઓ તથા નાના નોકરો જેવી વૃત્તિથી રાજ્યની સેવા કરે છે તેના ઉપર રાજ્યની સમૃદ્ધિ વા અવદશાનો પ્રધાનપણે આધાર રહે છે. જે રાજ્યના સેવકોના અધિકાર તથા કર્તવ્યનો, સેવાનિમિત્ત તેમના બદલાનો, અને તેમના ચઢતા દરજ્જાનો

નિર્ણય તથા ક્રમ સ્થાપવામાં આવ્યો હોતો નથી, તે રાજ્ય મોડું વહેલું રાજ્યસેવકોના અસંતોષજન્ય પ્રમાદથી પડતી દશા પ્રતિ દોરાય છે. એથી ઉલટું, જે રાજ્યપદ્ધતિમાં આ સર્વ બાબતોનો યોગ્ય પ્રકારે નિર્ણય થાય છે તે ચિરસ્થાયી રહેવાનો ઘણો સંભવ છે, અને તેનો સમીપ દૃષ્ટાન્ત આપણા નામદાર બ્રિટિશ સરકારની ઉત્તમ રાજ્યવ્યવહારકલા છે. આવા રાજ્યના સ્થિરીભાવઅર્થે સંયુક્ત કારભારીઓએ આ વિષયે પોતાનું લક્ષ આપ્યું. રાજ્યનાં જુદાં જુદાં ખાતાઓમાં પ્રત્યેક મોટી પદવીના અધિકારીઓ તથા તેમના તાબાના નોકરોનાં કામનો નિર્ણય કરવામાં આવ્યો; દરજ્જા પ્રમાણે તેમનો પગાર ઠરાવવામાં આવ્યો, પ્રવાસપ્રસંગે મોદીખાનાની બહુ અડચણભરેલી પદ્ધતિ બંધ કરી તેમનું ભથું મુકરર કરવામાં આવ્યું, પગાર તથા ભથું પ્રતિમાસ મળે એવી વ્યવસ્થા કરવામાં આવી; અને રજાના નિયમો પણ તૈયાર કરાઇ પ્રસિદ્ધિમાં મૂકાયા. આમ થવાથી ભાવનગર રાજ્યયંત્રનાં સમગ્ર ચક્રો પોતપોતાનો નિર્ણીત વ્યાપાર કરવા લાગ્યાં, અને अव्यापारेषु व्यापारं જેવી અનિયમિત પદ્ધતિથી થતી હાનિ અદૃશ્ય થઇ.

સુધરાઈ ખાતાની સ્થાપના.

ભાવનગર શહેરમાં સુધરાઇખાતાનાં જે કામો અદ્યાપિ થતાં હતાં તે દરબારનાં ખરચથી થતાં હોવાથી તેમાં કોઈ પ્રકારનો નિયમ રહેતો હતો નહિ. તેથી સુધરાઇખાતાને સ્થાયી પાયા ઉપર મૂકી લોકહિતાવહ કરવાનું કામ સંયુક્ત કારભારીઓએ હાથમાં લીધું. સુધરાઈખાતાની ઉપજ કરવાસંબંધમાં મિ. પર્સિવલ સાહેબનો વિચાર રૈયત ઉપર ઘરવેરો નાંખવાનો હતો. બહુ લાલનપાલન કરી રાખેલી ભાવનગર રાજ્યની પ્રજાને આ કર અસંતોષ ઉપજાવનાર થયા વિના રહેશે નહિ એવા અભિપ્રાયથી રા. રા. ગૌરીશંકર એ બાબતમાં મિ. પાર્સિવલ સાહેબના વિચારને અનુસરી શકયા નહિ. તેમનો વિચાર સુધરાઈખાતાની ઉપજ પરોક્ષ રીતે ઉત્પન્ન કરવાનો હતો. આ સંબંધી ઘણી ભાંજઘડ ચાલી.

આખરે મિ. પર્સિવલ સાહેબે રા. રા. ગૌરીશંકરનો અભિપ્રાય માન્ય કર્યો, અને સંયુક્ત કારભારીઓએ ભાવનગર સુધરાઇધારો તૈયાર કરી, મુંબઇ સરકારની મંજુરી મેળવી, સંવત્ ૧૯૨૭ના આશ્વિન માસના દરબારી ગેઝેટમાં તે પ્રસિદ્ધ કર્યો. તે ઉપરાંત સુધરાઇખાતાની ઉપજ વસુલ કરવાનો ધારો સંવત્ ૧૯૨૮ના માઘ તથા ચૈત્ર માસના દરબારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો. એ ધારાપ્રમાણે સુધરાઈખાતાના અમલદારોની આવશ્યક જનસામગ્રી સાથે નીમણોક થઇ, અને તેમના દ્વારા જનહિતકર અનેક કાર્યોનો આરંભ થયો. પર્સિવલ સાહેબ તથા રા. રા. ગૌરીશંકર પ્રતિદિન સાયંકાલે નગરમાં ફરવા જતા, તેથી સુધરાઇખાતાની વ્યવસ્થા યોગ્ય રીતે રહેતી, અને પ્રજાજનઉપર કોઇ પ્રકારનો ત્રાસ કે દબાણ થવા પામતું નહિ. લોકોને પોતાના કર્તવ્યની શાંત રીતે સમજણ આપવામાં આવી, તેથી તેઓ વિરોધી ન થતાં આ સાર્વજનિક કાર્યમાં સહાયક થયા. આ લાભ મહુવા, કુંડલા, શિહોર તથા બીજા મહાલોને પણ આપવામાં આવ્યો, અને ત્યાંપણ સુધરાઇખાતું યથાસંતોષ પ્રવર્તતું થયું.


પાણીની તંગી; ગગાતળાવ.

ભાવનગર શહેરની વસતિ જીવનનિર્વાહક જલની તંગાસની અસહ્ય વિપત્તિથી પીડાતી હતી. ઉનાળામાં પિવાનું પાણી મેળવવાની પારવિનાની મુશ્કેલીઓ હતી. શહેરમાં જે દશવીશ કુવા હતા તે સુકાઇ જતા, અને કદાચિત્ કોઈમાં મલિન અને ડોળાયલું જલ રહેતું તો તેવા કૂવા ઉપર ઘણી સ્ત્રીઓનો સમૂહ થતો; તે સ્ત્રીઓ કંતાનની ખોખમાંથી ઢોળાતાં બાકી રહેતું ગંદું પાણી ભરી જતી. ઘણાં સ્ત્રીપુરુષો તો આખી રાત બહુ દૂરની જગાથી પાણી લઇ આવવાનો મહાશ્રમ ઉઠાવતા. આવે પ્રસંગે ઘણી વખત અકસ્માત્ અનિષ્ટ પણ થતું. જલના અભાવથી વસતિના આરોગ્યને સહાયક વૃક્ષોની સંખ્યા પણ જોઇતા પ્રમાણમાં શહેરમાં હતી નહિ. શારીરિક વિકારો પ્રાદુર્ભાવ પામ્યા. તેમાં વિશેષે કરીને

જ્વર, કંઠવ્યાધિ, અતિસાર, મરડો, કૃમિ, વાળા અને અજીર્ણાંશ-જન્ય રોગોથી પ્રજાજન બહુ વ્યથિત થતા. આ સઘળી બાબત ઉપર દરબારના મુખ્ય ડાક્ટર બરજોરજી બહેરામજી, એલ. એમ., એમણે સવિસ્તર રીપોર્ટ * કરી સંયુક્ત કારભારીઓનું લક્ષ ખેંચ્યું. રા. રા. ગૌરીશંકર કે જેમના અંતઃકરણમાં આ મહા-સંકટનિવારણના ઉપાયોની ઘટના નિરંતર થયા કરતી હતી તેઓ એક પ્રસંગે મિ. પર્સિવલ સાહેબને પોતાનું નિર્ધારિત સ્થાન બતાવવા તેડી ગયા. એ સ્થાન શહેરથી આસરે બે મા-ઇલ દૂર સ્થાપનાથ મહાદેવનું હતું. તેની નીચે ગઢેચી નદીનો પ્રવાહ ચાલે છે, અને તેની બંને બાજુએ ઉંચી ટેકરીઓ છે. એ ટેકરીઓની વચ્ચે આડો બંધ બાંધવાથી પુષ્કલ પા-ણીનો સમુદાય રહી શકે એવી અનુકૂલતા હતી. મિ. પર્સિ-વલ સાહેબ આ સ્થાન જોઇને બહુ પ્રસન્ન થયા, અને ત્યાં તળાવ કરવાની તેમણે અનુમતિ આપી, એટલે એ જગોએ મોટા પાયા ઉપર તળાવ બાંધવાનું કામ સને ૧૮૭૧ માં ઇજ-નેર મિ. ઇસ્ટ સાહેબ તથા તેમના આસિસ્ટંટ વેઈટ સાહેબને

---

* The scarcity of potable water during the entire summer added not a little to the increase of discomfort and disease. All the fresh water wells, except one or two, were quite dry; even the latter had only small pits in the bottom containing very muddy water. It was really a pitiful and painful sight to see 50 or 60 females gathering round the deep wells, struggling hard to gather in their canvas buckets the little water that remained. Most of the people were therefore obliged to depend for their water-supply on the temporary wells dug in the dry bed of the river Gudechee, and on a well in its vicinity which are about two miles distant from the centre of the town. The climate-changes and scarcity of water influenced the salubrity of the town to a marked degree, and brought on an increase of illness in the shape of malarious fevers, bronchitis, diarrhœa, dysentery, guinea-worm, dyspepsia in its various forms, &c."—(*Dr. Burjorji's Report to the Joint Administrators.*)



GAURISHANKAR LAKE, BHAVNAGAR.

ગૌરીશંકર સરોવર, ભાવનગર.

સોંપવામાં આવ્યું. તેઓએ એ બે ટેકરીઓ વચ્ચે સરસ મજબુત પત્થરનો ચુનાગછીથી બંધ બાંધવાનો આરંભ કર્યો. ભાવનગરથી આસરે સાત માઇલ દૂર ગોઘા પરગણાના ભીકડા ગામની હદમાં માળેશ્વરી નદી વહેછે, તેમાં આડો બંધ નાંખીને તેમાંથી એ તળાવમાં પાણી લાવવાની નહેર ખોદાવવાના કામનો પછી ઉપક્રમ કરવામાં આવ્યો, અને એ સંબંધમાં એવી રચના કરવામાં આવી કે એ બંધમાં પાણીનો અમુક જથો સ્થાયી રહે, અને વધારાનું પાણી માળેશ્વરી નદીના પ્રવાહમાં બંધ ઉપર થઇને ચાલ્યું જાય, અને તે બંધનું પાણી નહેરવાટે એ તળાવમાં આવે. ગઢેચી નદીને લગતા બંધની એવી નહેર બાંધવામાં આવી કે જેથી ભાવનગર શહેરના ગંગાજળિયા તળાવમાં પાણી કાયમ રહે, આસપાસના કૂવાના જલનો શોષ થાય નહિ, અને વસતિને આવશ્યક મીઠું પાણી પૂરું પડે. સને ૧૮૭૨માં, એટલે એક વર્ષ પછી, તળાવનું સઘળું કામ પૂરું થયું. એ તળાવનો ઘેરાવો આશરે પાંચ માઇલનો છે, અને તેના ઉપર એકંદરે છ લાખ રૂપૈયાનો ખરચ દરબારને થયો. શહેરથી તે તળાવના બંધ સુધી સુગમતાઅર્થે પુલ સાથે સડક પણ તૈયાર કરવામાં આવી. એ તળાવ ખુલ્લું કરવાની ક્રિયા સને ૧૮૭૨માં સંયુક્ત કારભારીઓએ મહારાજા શ્રીતખ્તસિંહજીના સમક્ષ કરી. તે પ્રસંગે મિ. પર્સિવલ સાહેબે રા. રા. ગૌરીશંકરપ્રતિ એવી દરખાસ્ત કરી કે "આ જગો અમને આપે નજરે બતાવેલી હતી, અને એ જગો ઉપર ફતેહમંદીથી આ તળાવનું કામ પૂરું થયું, જેથી ભાવનગર શહેરની તમામ વસતિને ઘણી સુખશાન્તિથી મીઠું પાણી મળી શકશે, અને તંદુરસ્તી જળવાઇ રહેતાં લોકોની આબાદીમાં ઘણો વધારો થશે. તેથી આ તળાવનું નામ આપના નામ ઉપરથી રાખવું જોઇએ." આ દરખાસ્તને મહારાજાશ્રીએ ટેકો આપ્યો, જેથી ત્યારથી તળાવની * સંજ્ઞા "**ગૌરીશંકર-**

* એ તળાવ રા. રા. ગૌરીશંકરના લોકપ્રિય નામ ઉપરથી "બગાતળાવ" તરીકે લોકોમાં વધારે પરિચિત છે.

તળાવ" એવી સ્થપાઈ, અને પ્રજાજનના હિતકર્તા અને દુઃખહર્તારૂપે રા. રા. ગૌરીશંકરનું નામ ભાવનગર રાજ્યસાથે અચલપણે સંલગ્ન થયું.

તળાવમાંથી નહેરવાટે શહેરના ગંગાજળિયા તળાવમાં પાણી આવ્યું. તે જોઈને પૂર્વે જલસંબંધી અસહ્ય વિપત્તિના અનુભવવાળી શહેરની વસતિએ આનંદનો આઘોષ કરી રા. રા. ગૌરીશંકરને વધાવી લીધા.

ગૌરીશંકરતળાવથી શહેરની વસતિને પુષ્કલ મીઠું પાણી મળવા લાગ્યું, એટલું જ નહિ પણ એ પાણી નળરસ્તે બંદર-સુધી લઇ જવામાં આવેલું હોવાથી વહાણના ખલાસીઓ એ પાણીનો છૂટથી ઉપયોગ કરે છે, તથા માલ લાવવા લઈ જવા માટે બંદર ઉપર જે ગાડાં આવે છે તેના બળદો પણ ત્યાં ટાંકી પાસે બાંધવામાં આવેલા અવાડાના જલથી પોતાની તરસ છીપાવે છે. એ તળાવમાં રહેલા પાણીના સમુદાયથી આસપાસની જમી-નના કૂવાઓમાં પુષ્કળ પાણી કાયમ રહેવા માંડ્યું, તેને લીધે કેટલીક બાગાયત જમીન થયલી છે. નિઃસત્ત્વ ભૂમિ રસાર્દ્ર થ-વાથી વૃક્ષોના વાવેતરને માટે યોગ્ય થઈ, જેથી તે પ્રદેશ બહુ રમણીય અને દર્શનીય થયો. વૃક્ષોના સદ્‌ભાવે વાતાવરણમાં સુધારો થયો, લોકો વિશેષ આરોગ્યના આનંદને અનુભવવા લાગ્યા; વળી અનાવૃષ્ટિકાલે તો એ તળાવના સદ્‌ભાવથી થતો લાભ અકથનીય થઈ પડ્યો છે.

મિલ તથા પ્રેસો.

ગૌરીશંકરતળાવનું પાણી વરાળયંત્રના કારખાનામાં સહે-લાઇથી પૂરૂં પડી શકે એટલો તેમાં સમુદાય રહેતો હતો, તેથી ભાવનગરમાં સુતર કાંતવાની મિલ ઘણા ખરચથી ઉભી કરવામાં આવી, તેમ જ રૂની પાકી ગાંસડી બાંધવાના પ્રેસો પણ તૈયાર કરવામાં આવ્યા. ત્યાર પછી યુરોપિયન વ્યાપારીઓ પણ ભાવનગરમાં આવી વ્યાપારાર્થે નિવાસ કરવા લાગ્યા; રૂની ખરીદીનો વ્યાપાર ધમધોકાર ચાલવા લાગ્યો, અને દરબારને જકાતની ઉપજ પણ વધી.

વડોદરાના ગાયકવાડ સરકાર નામદાર મહારાજા શિયાજી-રાવની સગીર ઉમરના સમયમાં તે રાજ્યનું કામકાજ તેમના દિવાન સર ટી. માધવરાવને સરકાર તરફથી સોંપવામાં આવ્યું હતું. તેઓ વડોદરા સંસ્થાનના અમરેલી મહાલમાં પધારેલા ત્યારે ભાવનગરના નામદાર મહારાજા સાહેબે રા. રા. ગૌરીશંકરની સલાહથી તેઓને ભાવનગર પધારવા માટે ખાસ નિમંત્રણ કરવા સારૂ રાજ્યના અધિકારીને મોકલવાથી તેઓ પોતાના રેવેન્યુ કમિશનર કાજી શાહાબુદ્દીન તથા બીજા અમલદારોસહિત ભાવનગર પધાર્યા હતા ભાવનગરના નામદાર મહારાજા સાહેબે તેઓને ઘણું માન આપ્યુ અને તેમની સરભરામાં વસુલાતી અધિકારી રા. વિજયશંકર અને રાજ્યખર્ચના ઉપરિ રા. વિઠ્ઠલદાસ સામળદાસને રાખેલા હતા. શેહેરનાં જોવા લાયક સ્થળો તેઓને બતાવવામાં આવ્યાં હતાં. ગૌરીશંકરતળાવ જે તે વખતે બંધાયું હતું તે તેઓને બતાવવા સારૂ નામદાર મહારાજા સાહેબ પોતે રા. ગૌરીશંકર તથા બીજા અમલદારો સહિત ગયા હતા. દિવાન સર ટી. માધવરાવ તથા કાજી શાહાબુદ્દીન આ તળાવના બંધ ઉપર તથા આસપાસની જગ્યોએ ફરી તળાવનું કામ ઘણી બારીકીથી જોઈને ઘણા ખુશી થયા હતા, અને પોતાના વડોદરા રાજ્યમાં તે વખતે આવું જળાશય નહિ હોવાથી તે બંધાવવા પૂર્ણ ઉત્સાહ દર્શાવ્યો હતો. એ પ્રસંગે દિવાન સર ટી. માધવરાવે રમુજતરીકે એમ પણ કહ્યું હતું કે "આ તળાવનો જે ખરચ થયો હોય તેનો બમણો ખરચ લઈએ તળાવ અમને વડોદરે મોકલી આપો." તેના ઉત્તરમાં રા. રા. ગૌરીશંકરે કહ્યું હતું કે "નામદાર ગાયકવાડ સરકાર અમારા મુરબ્બી હોવાથી એ તળાવ તેઓ નામદારને અમે નજર કરીએ. પણ તે તળાવ લઈ જવું આપના હાથમાં છે." દિવાન સર ટી. માધવરાવનું ભાવનગરથી વડોદરે પધારવું થયું ત્યારે તેઓએ આ તળાવસંબંધી વાત નામદાર ગાયકવાડ સરકાર પાસે કરતાં કહ્યું કે "આપણાથી નાનું રાજ્ય જે ભાવનગર છે તેમાં આવું તળાવ છે, અને આપણાં રાજ્યમાં નથી, તો જ્યાંસુધી

આપણા રાજ્યમા એવું તળાવ થાય નહિ ત્યા સુધા પુરા ખામા ગણાય." તે પછી વડોદરામાં મોટું જળાશય મહારાજા સર શિયાજીરાવના નામથી બંધાવવામાં આવ્યું. ત્યાર પછી અમદાવાદમાં, સુરતમાં, તથા રાજકોટમાં મોટાં જળાશય થયલાં છે. આ પ્રમાણે ગુજરાત અને કાઠિયાવાડમાં મોટા જળાશયની ઉત્પત્તિ પ્રથમ ભાવનગરના ગગાતળાવથી થાય છે.

તરી ખુશકી જકાત તથા માપાના લેવાણમાં જે અનિયમ તથા અવ્યવસ્થા હતી તેને દૂર કરી સંયુક્ત કારભારીઓએ તેના દરમાં ઘટાડો કર્યો, અને વ્યાપારની સુગમતાસાધક ધારાઓ "દરબારી ગેઝેટ"માં પ્રસિદ્ધ કર્યા, તેથી વ્યાપારી જન બહુ સંતુષ્ટ થયા.

આર્યભૂમિની પ્રજાનો પ્રધાન ભાગ જે ખેડુતવર્ગ છે તેનો આશ્રય કેવળ ભૂમિ ઉપર છે. એક વર્ષે સુવૃષ્ટિનો યોગ આવી બને છે તો કોટ્યવધિ રૂપિયાનો પાક થાય છે. આર્યભૂમિના આ ફલદાયિત્વને પાશ્ચાત્ય પ્રજાઓ કાચા સોનારૂપ માને છે, અને તેથી તેઓ તે પ્રતિ આકર્ષાયલી રહે છે. એથી ઉલટું જો કોઇ વર્ષે અનાવૃષ્ટિનો પ્રસંગ આવે છે તો લક્ષાવધિ ખેડુતો ભૂખમરાના ભોગ થઈ પડે છે, અને તેમનું ઉદરભરણ રાજસત્તાએ કરવું પડે છે. આ પ્રમાણે ભારતવર્ષની સમૃદ્ધિ અથવા દુઃસ્થિતિ જલના સદ્‌ભાવ વા અસદ્‌ભાવને અવલંબી રહે છે. જલનો આવો અતુલ મહિમા યોગ્ય રીતે સમજનાર સંયુક્ત કારભારીઓએ ખેડુતવર્ગને સ્થાયી જલલાભ કરવા અર્થે ગામેગામ કૂવા ખોદાવવાનો નિશ્ચય કર્યો, કે જેથી પાણીના સદ્‌ભાવે દુષ્કાલના વર્ષમાં પાકની ઉત્પત્તિ કરી શકાય ખેતીના અંગરૂપ પશુઓના નિર્વાહમાં પ્રતિબંધ આવે નહિ અને સુવૃષ્ટિના વર્ષમાં પીતના પાકથી દરબારને સારી ઉપજ આવે આ બાબત સઘળો અખત્યાર વસુલાતી અધિકારી રા. વિજયશંકરને આપવામાં આવ્યો, અને તેને લગતા ખરચની મોટ

કૂવાઓ.

રકમ પણ તેમના હાથમાં સોંપવામાં આવી.* તેઓ ગામે-ગામ ફર્યા, અને અનુકૂલ જગાનો નિર્ણય કરી ૧,૪૫૦ ચુના-ગછીથી બાંધેલા પાકા કૂવા, અને ૬૦૧ કાચા કૂવા મળી એકંદરે ૨,૦૫૧ કૂવા ચાર લાખ રૂપિયાના ખરચે તેમણે ખોદાવ્યા. એ કૂવાના પાણીથી ૨૦,૦૦૦ વીશ હજાર વીંઘાં જેટલી જમીનમાં પીતનો પાક થવા માંડ્યો અને દરબારની ઉપજમાં પણ વધારો થયો.

સંયુક્ત કારભારીઓ† દરવર્ષે મહાલોમાં ફરવા જતા ત્યારે ખેડુતોની સ્થિતિનો સુધારો તેમના અવલોકનનો મુખ્ય વિષય હતો. દ્ર યપરત્વે ખેડુતોની સ્થિતિ, બળદવગેરે તેમનાં ખેતીનાં સાધન, અને ખેતી કરવાની તેમની શક્તિ વિષે તેઓ પૂરૂં લક્ષ આપતા, અને જે કાંઈ ખામી માલમ પડતી તેને દૂર કરવાનો પ્રયત્ન કરતા. આ પ્રમાણે સૂક્ષ્મ તપાસ ચલાવવાથી કેટલાંક ગામોમાં ખેતી કરવાને અશકત કોળીવગેરે નબળી સ્થિતિના ખેડુતો માલમ પડ્યા, તેમને ઠેકાણે કણબી લોકોને બોલાવવામાં આવ્યા. આમ કરવાથી ૫૦,૦૦૦ પચાશહજાર વીંઘાં જેટલી જમીન જે દરબારને કંઇ પણ ઉપજ આપ્યા વિના પડતર પડી રહી હતી તેનું ખેડાણ થયું, અને ઉપજમાં મોટો વધારો થયો. શેરડીના વાઢસંબંધી લેવાણમાં ઘટાડો કર-વાથી ખેડુતોને ખાસ ઉત્તેજન આપવામાં આવ્યું, અને તેથી શેર-ડીના વાઢો પણ પ્રતિવર્ષ વૃદ્ધિંગત થવા લાગ્યા.

---

* ખેડુતવર્ગ ઉપર રા. રા. વિજયશંકરનું વાત્સલ્ય તેમના પ્રતાપી પિતાના કરતાં ન્યૂન નથી. લખતી વખતે તેઓ પણ આ પોતાના પ્રધાનપદને અંગે મહા-લોમાં ફરી ખેડુતોની સ્થિતિ નજરે જોઈ તેને સુધારવાનો સ્તુત્ય પ્રયાસ કરે છે.

† સર બેરો એલિસ સાહેબ જ્યારે નામદાર ગવર્નર જનરલની કાઉન્સિલના મેમ્બર હતા ત્યારે તેઓએ મિ. પાર્સિવલ સાહેબ ઉપર કલકત્તેથી ચીઠ્ઠી લખી હતી. તેમાં લખ્યું હતું કે "તમારી સાથે રા. ગૌરીશંકર જેવા ઘણા બાહોશ પુરુષ મદદગાર છે તેથી તમે ઘણા ભાગ્યશાળી છો. હું તે જગ્યા ઉપર હોઉં તો હું પણ પૂરો ભાગ્યશાળી પોતાને ગણું."

તળાવો, પૂલો, ઇત્યાદિ.

ફોર્બ્સ સાહેબની "રાસમાલા"થી જણાય છે કે ભાવનગર બંદરની ખાડીની ઉત્તર દિશાએ આવેલી ભાલની જમીન ઉપર મોજે ચમારડી તથા તાલુકે વળા સુધી દરિયાનું પાણી પૂર્વે ફરી વળતું હતું. વખત જતાં દરિયાના પાણીનો વેગ પૂર્વ દિશામાં પલટાયો, અને ભાલની જમીન જલાવરણથી રહિત થવાથી ત્યાં કેટલાંક ગામો વસ્યાં. એ સઘળી જમીન દરિયાને લગતી ક્ષારવાળી જમીન હોવાથી વસતિને માટે મીઠા પાણીનાં તળાવો ખોદાવવામાં આવ્યાં. પણ તેમાંહેલું પાણી ઉનાળામાં સૂકાઇ જતું, તેથી લોકો તે ઋતુ ભાવનગર શહેરમાં તથા આસપાસનાં ગામોમાં કાઢતા, અને વર્ષા ઋતુમાં તળાવો ભરાતાં પાછા પોતાને ઘેર જઇ જમીનનું ખેડાણ કરતા. કેટલીક જમીન પડતર હતી તેના ઉપર પુષ્કલ ઘાસ ઉગાડવામાં આવ્યું હતું. આ બાબત તરફ સંયુક્ત કારભારીઓનું લક્ષ ખેંચાતાં તેઓ શિયાળાની ઋતુમાં ભાલનાં ગામોમાં ફરવા ગયા, અને તે ગામોની સ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ તેમણે કર્યો. તેને સુધારવા માટે તેઓએ બારે માસ મીઠું પાણી રહી શકે એવી રીતે તળાવોને ઉંડાં ખોદાવવામાં આવશ્યક રકમની મંજુરી આપી. પડતર જમીન ઉપર નવીન વસતિને લાવી "મીઠાપર", "સખનેસડી" અને "નવું વેળાવદર" એવાં ત્રણ ગામો વસાવી તેનું ખેડાણ કરાવ્યું, અને રખાણ ઘાસના બીડની અમુક હદ બાંધી બાકી રહેલી વિસ્તારવાળી જમીનને પણ ખેતી માટે યોગ્ય કરી. ઘણા ભાગની જમીન ઉપર દરિયાનું પાણી ફરી વળતું તે માટીના કાચા બંધથી રોકવામાં આવ્યું, અને ભાવનગરથી ભાલનાં ગામોમાં સંચાર કરતાં વચમાં નદીનાં સરણાં દરિયાના પાણીને લીધે કીચડથી ભરપૂર રહેતાં હતાં તે સ્થલે જન તથા વાહનના સરલ સંચારમાટે કેટલાક પાકા પૂલો બાંધવામાં આવ્યા. આમાં સઉથી મોટો પૂલ ખારાધરાનો છે, જેના ઉપર રૂ. ૧૫,૦૦૦ સુધી ખરચ થયલો છે. બાકીનાં પૂલ નાના છે.

માપણી.

પ્રત્યેક ગામના ખેતરવાર નકશા તૈયાર કરાવી, દરબારની ખેડાણ અને પડતર જમીનના વિસ્તારનો નિર્ણય થાય, અને જમીનમાં સુધારો તથા ઉપજમાં વધારો કરવાનાં સાધનો દરબારને યોજવાનું બની શકે એવી રીતે સરકારી 'સરવઇ' પદ્ધતિપ્રમાણે ભાવનગર સંસ્થાનનાં તમામ ગામોની જમીનની માપણી કરાવવાનો રા. રા. ગૌરીશંકરનો મૂલથી વિચાર હતો, અને કુંડલા, લિલિયા તથા બોટાદવગેરે ઘણે સ્થલે કાચી માપણીનું કામ શરૂ થયું હતું, અને કાચી વીંઘોટી પણ લેવામાં આવતી હતી. તેમાં હવે મિ. પાર્સીવલ સાહેબ જેવા કાર્યદક્ષ અમલદારની તેમને સહાયતા મળવાથી તે વિચારને અમલમાં મૂકવાનો અનુકૂલ અવસર પ્રાપ્ત થયો. સંયુક્ત કારભારીઓએ એ સંબંધી એકમત થઈ મુંબઈ સરકાર પાસે સરવઇ ખાતાના એક પ્રવીણ અને અનુભવી અધિકારીની માંગણી કરી; તે ઉપરથી ૧૮૭૨ના અંતમાં મિ. ટી. આર ફર્નાન્ડીઝ સાહેબનું સરવઇ ખાતા માટે ભાવનગર આગમન થયું, અને તેમના તાબામાં જરૂરપૂરતા માણુસ તથા સાધનની સામગ્રીની સંયુક્ત કારભારીઓએ અનુકૂલતા કરી આપી. પરંતુ મિ. ફર્નાન્ડીઝ સાહેબની નીમણૂક કરવા સાથે મુંબઇ સરકારે એવો ઠરાવ કર્યો હતો કે એ સાહેબ ભાવનગર રાજ્યનાં તમામ ગામોની માપણી કરી નકશા તૈયાર કરી જમીન ઉપર વીંઘોટીનો જે દર ઠેરવે તે દરબારે માન્ય રાખવો, અને તેથી જો લોકો નારાજ થાય તો તેઓ મુંબઈના સરવઈ કમિશનર કર્નલ ફ્રાન્સિસ સાહેબને અપીલ કરી શકે, અને છેવટે તેમના ચુકાદા ઉપર પણ અપીલ મુંબઇ સરકારમાં તેઓ નોંધાવી શકે. ભાવનગર રાજ્યનાં તમામ ગામો-વિષે સંપૂર્ણ જ્ઞાનવાળા રા. રા. ગૌરીશંકરને આ શરતથી બહુ અપ્રસન્નતા થઇ. ભાવનગર રાજ્યની જમીન ઉપર વીંઘોટીનો દર ઠેરવવામાં ખેડુતોની સ્થિતિપક્ષે તેમના પોતાના અનુભવ કરતાં મિ. ફર્નાન્ડીઝ સાહેબનો અનુભવ ન્યૂન હોય એ સ્વાભાવિક હતું. જોકે તે કરતાં દર વિશેષ ઠેરવાય તો ખેડુતો નારાજ થઇ ગામો

મૂકી ચાલ્યા જાય, અને ઓછો ઠેરવાય તો દરબારને ઉપજનું નુકસાન પહોંચે એવો દ્વિધા ભય રા. રા. ગૌરીશંકરના અંતઃકરણમાં આ શરતથી થયો. પોતાના સહાયક મિ. પર્સિવલ સાહેબને આ બાબત તેઓએ નિવેદન કરી અને તેમની સંમતિ મેળવી સરકારની શરત સામા કારણપુરઃસર લખાણ કર્યું, જેનો સુપરિણામ એ આવ્યો કે વીંઘોટીનો આંકડો ઠેરવવાનો મિ. ફ્ર્નાન્ડીઝ સાહેબનો અધિકાર સરકારે રદ કર્યો.

જમીનની માપણી કરવાના કામમાં મિ. ફ્ર્નાન્ડીઝ સાહેબને અનેક પ્રતિબંધો નડ્યા. ઘણાંખરાં ગામોના સીમાડા નક્કી કરવાના હતા, કેટલીક બારખલી જમીનનો કયા વર્ગમાં સમાવેશ કરવો એ વિષે તકરાર ઉભી થઈ, અને કેટલીક જમીન ઉપર મૂલ ગરાસિયાઓએ પોતાના દાવા રજુ કર્યા. એ તકરારનો નિર્ણય થયા વિના ગામવાર પાકા નકશા તૈયાર કરવામાં અડચણ આવી. મિ. ફ્ર્નાન્ડીઝ સાહેબે આ બાબત ઉપરા ઉપરિ સંયુક્ત કારભારીઓને રીપોર્ટ કર્યો. તે રીપોર્ટો ઉપરથી સીમાડાનો નિર્ણય કરવા અર્થે સંયુક્ત કારભારીઓએ તે વખતના વસુલાતી અધિકારી રા. વિજયશંકરને પરગણાંમાં મોકલ્યા. તે પ્રમાણે તેઓએ ત્યાં જઇ કાઠી ખુમાણો તથા મૂળ ગરાસીઆઓ સાથે વાંધા પતાવી ઘણો શ્રમ લઇ સીમાડા તથા સરહદનો બહુ કુશલતાથી નિર્ણય કર્યો. એ બાબત મિ. ફ્ર્નાન્ડીઝ સાહેબે પોતાનો ચાર્જ છોડતી વખત પોતાના રીપોર્ટમાં સવિસ્તર દર્શાવી. આ પ્રમાણે મિ. ફ્ર્નાન્ડીઝ સાહેબે બહુ પ્રામાણિકતાથી કરેલું માપણીનું કામ થોડા સમયમાં જ સમાપ્ત થયું. પૃથક્ પૃથક્ ગામોના, મહાલોના, તથા એકંદરે આખા ભાવનગર રાજ્યનો એમ વિવિધ નકશાઓ તૈયાર કરવામાં આવ્યા, જેમાં બીજાં રાજ્યની સરહદ પણ દર્શાવવામાં આવી.

જમીનની તપસીલ.	વીંઘાં.
દરબારી વાવેતર લાયક જમીન.	૧૭,૪૪,૦૭૬.
પડતર, ગૌચરવગેરે.	૧૨,૨૦,૫૯૮.
ભાયાત, તથા મૂળ ગરાસીઆ, ચાકરીયાત, પસાયતાવગેરે તાબાની.	૧૫,૮૯,૧૦૮.
કુલ	૪૫,૫૩,૭૮૨. (૧૮,૨૧,૫૦૦ એકર)

દરેક મહાલના તાબાનાં ગામોની જમીનના આંકડાની યાદી રા. રા. ગૌરીશંકર નિરંતર પોતાની પાસે રાખતા, અને અમુક ઠેકાણે કૂવા કરાવી અમુક પાક કરાવવો, અમુક વીંઘાં ગૌચર જમીન રાખવી, અમુક પડતર જમીન ખેડાવવી, અમુક ઠેકાણે ઝાડોનું વાવેતર કરવું—એવગેરે બાબત સૂચનાઓ તેઓ વસુલાતી અધિકારીને વારંવાર કરતા. સંક્ષેપમાં, તેમનો ઉદ્દેશ ભાવનગર રાજ્યની ભૂમિને ગુજરાતની ભૂમિ જેવી રસાર્દ્ર અને ફલદાયી કરવાનો હતો.

કર્નલ લો સાહેબ અને સુધારાવરાડ.

મૂળ ગરાસીઆના તાબાની જમીન અને તેમના હકોનું નિરાકરણ કરવા માટે સર્વ રાજસ્થાનોની તથા ઇંગ્રેજ સરકારની સંમતિથી સ્થપાયલી રાજસ્થાનિક સભાના નિયમાનુસાર કર્નલ લો સાહેબ તેના પ્રમુખ નીમાયા હતા. તેઓ મુખ્ય મુખ્ય અને ગુંચવણભરેલા દેશરિવાજના કામોમાં રા. રા. ગૌરીશંકરની સલાહ મેળવતા. લોકોપયોગી સુધારાનાં કામો સરલતાથી થાય તે અર્થે મૂળ ગરાસીઆઓના તાબાની ઘરખેડ જમીન ઉપર એક એકરે બે આનાપ્રમાણે સુધારાવરાડ લેવાનો ઠરાવ કરવામાં આવ્યો અને

કર્નલ લો સાહેબની સંમતિથી તે પ્રત્યેક રાજસ્થાનમાં અમલમાં મૂકાયો. એ સુધારાવરાડના નવા કર સામે સમગ્ર રાજસ્થાનોના તાબાના ભાયાત અને મૂળ ગરાસીઆઓએ પોકાર કર્યો, અને મુંબઇ સરકારમાં, અને છેવટે હિંદુસ્તાનની સરકાર સુધી તેમણે લખાણો કર્યાં. કુંડલા પરગણાના કેટલાક ખુમાણ કાઠીઓએ તો મુંબઇ સરકારમાં એવી અરજી કરી કે એક રૂપિયાની ઉપજે બે આના પ્રમાણે, એટલે ઉપજના આઠમે ભાગે, લેવાતો સુધાવરાડ બહુ અયોગ્ય અને ત્રાસદાયક છે. એ ફરિયાદઉપરથી નામદાર મુંબઈ સરકારે આવા ઉપરથી ભારે દેખાતા કરને બંધ કરવાનો ઠરાવ કર્યો. આથી રા. રા. ગૌરીશંકરને બહુ અપ્રસન્નતા થઇ. નામદાર ગવર્નર સર ફિલિપ વુડહાઉસ તથા ઓનરબલ ગિબ્સ સાહેબ જેઓ તે વખતે કાઉન્સિલર હતા તેમની તેઓએ મુંબઇમાં મુલાકાત લઇ એવી વિજ્ઞપ્તિ કરી કે, મૂળ ગરાસીઆની અરજીમાં એક રૂપિયાની ઉપજે બે આનાપ્રમાણે સુધારાવરાડ લેવાનું લખેલું છે તે તદ્દન ખોટું છે, કેમકે એક એકરની સરાસરી ઉપજ ચારથી પાંચ રૂપિયા સુધીની થવા જાય, તેના ઉપર બે આનાનો કર લેવાય, એટલે ઉપજનો આશરે ૩૦–૪૦મો ભાગ થવા ગયો. આ સાંભળી ગવર્નર સાહેબને આશ્ચર્ય થયું, અને તરત જ તમામ કાગળો પોતાની પાસે મંગાવી દરબારના વિરુદ્ધમાં કરેલો પ્રથમ ઠરાવ તેમણે ફેરવ્યો, અને સુધારાવરાડની યોગ્યતા નિર્ણીત કરી. વળી મૂળ ગરાસીઆઓ ગામની ઉપજમાંથી પોતાનો રોકડ હક લીધે જાય છે, તેની દર સેંકડાની ઉપજ ઉપર પણ સુધારાવરાડનો અમલ કરવામાં આવ્યો તેથી કરીને ભાવનગર રાજ્યને ઉપજનું એક દ્વાર ખુલ્લું થયું, અને સાર્વજનિક સુધારાનાં કામો પણ વૃદ્ધિંગત થવા લાગ્યાં.

પ્લાન્ટેશન (વૃક્ષારોપણ.)

ભાવનગર રાજ્યને પ્રતિવર્ષ સ્થાયી ઉપજ જેથી આવે એવાં ફલદ્રુપ ઝાડોનું પડતર જમીનમાં વાવેતર કરાવવાની રા. રા. ગૌરીશંકરે તથા રા. રા. વિજયશંકરે દીર્ઘદૃષ્ટિ પહોંચાડી પોતાનો અભિપ્રાય મિ. પાર્સિવલ સાહેબને જણાવ્યો. તેઓ પણ એ બાબતમાં એકમત

થવાથી જંગલખાતાના કોઇ અનુભવી અધિકારી માટે મુંબઇ સરકારમાં લખાણ કરવામાં આવ્યું. જે ઉપરથી નામદાર સરકારે સુરતના રહેવાશી મુનશી નજમુદ્દીન ઇસમાલને સન ૧૮૭૨માં ભાવનગર મોકલ્યા. એ સંબંધમાં તેમને જુદી જુદી પડતર જમીન બતાવવાવગેરે આવશ્યક મદદ કરવાનું કામ વસુલાતી અધિકારી રા. વિજયશંકરને સોંપવામાં આવ્યું. તેઓએ પણ એ બાબત્ પુષ્કળ શ્રમ લીધો. આવા વાવેતરને માટે સર્વથી યોગ્ય મહુવાની જમીન જણાઇ, તેથી તે જગો જોવા આક્ટિંગ જોઇન્ટ એડ્મિનિસ્ટ્રેટર મિ. વોટસન સાહેબ તથા રા. રા. ગૌરીશંકર અને રા. વિજયશંકર જાતે મહુવા ગયા.* એ જગામાં માલણ નદીનો પ્રવાહ વાળી શકાય એમ હોવાથી વૃક્ષારોપણને માટે સંપૂર્ણ રીતે અનુકૂલતા હતી. ત્યાં નાળિયેરના પુષ્કળ પાકના સંભવનું અનુમાન થયે ગોવા બંદરથી ઉંચી જાતનાં નાળિયેરો મંગાવી ક્રમવાર રોપવામાં આવ્યાં, અને બાવળ, આંબા, કેસુરીનિયાવગેરે બીજાં ઝાડોનું પણ તેની સાથે વાવેતર કરવામાં આવ્યું. કૂવાઓ ખોદાવી તથા માલણ નદીના સારણનું પાણી વાળી વૃક્ષોને પૂરતું જલ મળ્યું. જેમાં કદાપિ ઘાસ ઉગવાનો પણ સંભવ કળાતો ન હતો એવી ઘણી રેતાળ જમીન આ પ્રમાણે સુધરી, અને કેટલીક તો બાગાયતની સ્થિતિમાં આવી. મહુવામાં એકંદરે ૧,૮૦૦ એકર જેટલા વિસ્તારવાળા પ્રદેશમાં ૧,૫૦,૦૦૦ દોઢ લાખ વૃક્ષોનું આ પ્રમાણે વાવેતર થયું, અને દરબારને જે શૂન્ય ઉપજ હતી તે પ્રતિવર્ષ બહુ વધવા લાગી.

---

* એ વિષે સંયુક્ત કારભારીઓ પોતાના સને ૧૮૭૫–૭૬ના રીપોર્ટમાં નીચે પ્રમાણે લખે છે—

......much is owing to the cordial assistance of Mr. Wajeshankar, the Head of the Revenue Department, who first suggested the Mahuwa plantation, and who has taken a strong personal interest in the work.

"વસુલાત ખાતાના ઉપરિ રા. વિજયશંકર કે જેમણે મહુવાના પ્લાન્ટેશનનો વિચાર પ્રથમ સૂચવ્યો હતો, અને જેઓ એ બાબત જાતે બહુ ઉત્સાહ અને પ્રીતિપૂર્વક કામ કરે છે તેમણે ખરા દીલથી કરેલી મદદને લીધે ઘણે અંશે કાર્યસિદ્ધિ થઈ છે."

મહુવા પ્લાન્ટેશન પાછળ ખરચ તથા તેની ઉપજના આંકડાઃ—

સાલ.	ખરચ.			ઉપજ.		
સને	રૂ.	આ.	પા.	રૂ.	આ.	પા.
૧૮૭૫	૧૦,૩૪૨	૧૦	૬	....		
૧૮૮૫	૯,૩૭૪	૧૨	૪	૩,૮૮૬	૬	૯
૧૮૮૯	૭,૫૧૨	૧૫	૫	૫,૨૫૪	૧૫	૯
૧૮૯૧	૭,૪૨૨	૬	૫	૭,૨૮૪	૪	૯
૧૮૯૨	૮,૬૫૪	૧૨	૭	૮,૭૧૮	૧૦	૬
૧૮૯૩	૯,૩૩૮	૧૨	૬	૧૦,૪૨૩	૩	૨
૧૮૯૫	૯,૪૮૮	૧૫	૧૧	૧૫,૬૫૧	૧૦	૧૦
૧૮૯૬	૮,૮૯૨	૧૦	૬	૧૭,૨૮૨	૫	૭

મહુવા ઉપરાંત ભાવનગર તળની કેટલીક નબળી પડતર જમીનને તેમ જ ખંઢેરા, ચોકવા, શિહોર, બેકડી, સેંદરડા, સનેસ, રાણીવાડા, કોળિયાકવિગેરે ગામોની જમીનને વૃક્ષારોપણનો લાભ આપવામાં આવ્યો. મહુવાસુધાં સર્વ "પ્લાન્ટેશન" મળી વૃક્ષોની સંખ્યા ૫,૫૦,૦૦૦ સાડા પાંચ લાખ થવા જાય છે.

સડકો.

રા. રા. ગૌરીશંકરને મૂળથી જ મહાલોમાં ફરવા જવાનો અભ્યાસ હોવાથી ભાવનગર રાજ્યના રસ્તાને સુધારવાની તેમની ધારણા હતી. એ ધારણા સંયુક્ત કારભારના સમયમાં મિ. પર્સિવલ સાહેબની મદદથી અને સ્ટેટ ઇન્જીનીયર મિ. સીમ્સ સાહેબની પ્રવીણતાથી સફલ થઈ. પત્થર અને ધૂળથી ભરેલા અને વાહનસંચારમાટે અત્યંત

પ્રતિકૂલ માર્ગોને ઠેકાણે સડકો બાંધવાનો નિશ્ચય થયો, અને મુખ્ય રસ્તાઓ ઉપર, નદી નહેરા ઉપર પૂલ અને ગરનાળાસહિત સડકની યોજના કરવામાં આવી. સને ૧૮૭૨–૭૭ એ પાંચ વર્ષમાં નીચે પ્રમાણે લગભગ ૨૦૦ માઇલ જેટલો પ્રદેશ ૧૧ લાખ રૂપિ-ખરચે બાંધેલી સડકથી સુશોભિત અને સંચારયોગ્ય થયો :—

ભાવનગરથી રાજકોટ રસ્તે ઢસાની સરહદ સુધી	૪૭	માઇલ.
ભાવનગરથી સોનગઢ થઇને કુંડલા જવાની તૈયાર થઇલી સડક……	૪૧	,,
કસ્બે કુંડલાથી મહુવા બંદર સુધી મોજે વીજપડી ઉપર થઇને……	૩૭	,,
ભાવનગરથી મહુવા રસ્તે મોજે ભંડારીઆ સુધી અને મહુવાથી ભાદરોડ સુધી……	૧૮	,,
ભાવનગર શેહેરની આસપાસ……	૧૫	,,
ભાવનગરથી ગોઘે જવાના રસ્તા ઉપર પીપલીયાના નેહેરા સુધી……	૯	,,
સોનગઢથી પાલીતાણાને રસ્તે મોજે પીપરલાથી મોજે સરોડની હદ સુધી……	૪	,,
મહુવા ગામથી બંદર સુધી……	૩½	,,
ભાવનગર શેહેરથી બંદર સુધી……	૫	,,
ભાવનગર શેહેર ફરતી સડક……	૭	,,
ભાવનગરથી તે બંદરની દરિયાની ખાડીને સામે કાંઠે ભાલના માઢિયા ગામ સુધી……	૪½	,,
ગોઘા અને ધંધુકા વચ્ચેની સડકને મળતી ભાવનગર શેહેરથી મોજે સીદસર સુધી……	૫	,,
ભાવનગર ગોઘાના દરવાજાથી ગૌરીશંકરતળાવ સુધી……	૩	,,
મહુવા ગામની ફરતી સડક……	૨¾	,,

(મહુવાથી પીપાવાવના બંદરસુધી સડક તૈયાર કરવાનું કામ ચાલે છે.)

મહુવા શેહેરથી દરબારના મુસાફરબંગલાસુધી	¼ માઇલ.
મહુવાથી વાઘનગર અને ગોપનાથ જવાને રસ્તે	૨ ,,
બીજી પરચુરણ સડકો........................	૫½ ,,

ઉપર પ્રમાણે સડકોની અનુકૂલતા થવાથી પ્રવાસની પીડાઓ દૂર થઈ, વેપારી માલનાં ગાડાંનો સંચાર વિશેષ થવા લાગ્યો, અને મુખ્યત્વે કરીને મહુવા શેહેરમાં આસપાસના મુલકમાંથી કુંડલા થઈને રૂનાં તથા દાણાનાં ગાડાં સુગમતાથી આવી શકવાથી તે શેહેરના વ્યાપારનો ઘણો વિસ્તાર થયો, તેમ જ મહુવા બંદરથી કાઠ તથા બંદરમાં આવતો માલવિગેરે કુંડલાવિગેરે સ્થળે જવા લાગ્યો.

સાર્વજનિક બાંધકામો, વિગેરે.

રમણીયતાના સંબંધે કાઠિયાવાડ પ્રાંતમાં ભાવનગર સંસ્થાન જે ઉંચી પદવી ભોગવે છે તેનું બીજ સંયુક્ત કારભારીઓના વખતમાં રોપાયું. નગરની શોભામાં વૃદ્ધિ કરનાર તેમ જ સાર્વજનિક ઉપયોગનાં અનેક કામો તેઓએ નિપુણ સ્ટેટ ઈન્જીનીયર મિ. સીમ્સ સાહેબની સલાહ લઈ કરાવ્યાં. તે બધાં સમાપ્ત થયાં ત્યારે ભાવનગર રાજ્યથી પાંચ છ ગણા મોટા વડોદરા રાજ્યના સુપ્રવીણ દિવાન સર ટી. માધવરાવે તેથી મોહિત થઈ સને ૧૮૭૮ના જાનેવારી માસની ૧લી તારીખે વડોદરામાં જાહેર ભાષણમાં સાર્વજનિક બાંધકામ સંબંધે ભાવનગરની ઉત્કૃષ્ટતા જણાવતાં કહ્યું હતું કે ત્રાવણકોરનું રાજ્ય આબાદીમાં, ઇંદોરનું

રાજ્ય કરકસરમાં અને ભાવનગરનું રાજ્ય જાહેર બાંધકામ-ખાતામાં વખણાયલું છે.*

રાધનપુરી નામનો ભાવનગરનો બજાર એટલો સાંકડો હતો કે તેમાં મહાકષ્ટે એક ગાડી ચાલી શકતી. દરબારના મહેલમાં જવાનો રસ્તો ત્યાં થઈને હતો, તે અડચણભરેલી સ્થિતિમાં હોવાથી બજારની દક્ષિણ દિશાએ આવેલી દુકાનો અને મકાનોના માલિકને કંપેનસેશનની ભારે રકમ આપી સંયુક્ત કારભારીઓએ જમીન હસ્તગત કરી. એ સર્વ મકાનો તોડી પાડવામાં આવ્યાં, તેથી માર્ગ સુગમ અને વિસ્તારવાળો થયો. જે વખતે બજારનાં મકાનો પાડવાનું કામ ચાલતું હતું, તે વખતે મુંબઇના નામદાર ગવર્નર સર સીમોર ફિટ્ઝેરલ્ડ સાહેબ કાઠિયાવાડના બીજા મુલકમાં થઇ ભાવનગર પધાર્યા હતા, અને એ રસ્તે થઇને તેઓ સાહેબ દરબારમાં પધારેલા તે વખતે રસ્તો પહોળો બનાવવા-સંબંધી તેઓએ કેટલીક સૂચનાઓ કરી હતી તેથી તે “ગવર્નર બજાર”થી ઓળખાય છે.

મહારાજા શ્રીવખતસિંહજી તથા મહારાજા શ્રીવિજયસિંહજીના વખતમાં તૈયાર કરાવેલો દરબાર જીર્ણ થઈ ગયો હતો. તેમાં હવાનો સંચાર બરાબર થતો ન હતો, અને રાણીમંડલ તો સૂર્યનારાયણના ઉજ્જવલ કિરણોથી અપરિચિત રહેતું. આ અડચણ દૂર કરવા અર્થે સંયુક્ત કારભારીઓએ દરબારી મકાનોની પૂર્વ તથા દક્ષિણ દિશાએ આવેલાં જૂનાં મકાનો તોડી પડાવ્યાં, અને હવાસંચારને યોગ્ય નવાં તૈયાર કરાવ્યાં, ઉત્તર

* વડોદરા રાજ્ય નામદાર સરકારની વફાદારીને લીધે પ્રખ્યાત છે એમ પણ સર ટી. માધવરાવ બોલ્યા હતા. તેના સંબંધમાં ભાવનગરમાં મહારાજા શ્રીતખ્તસિંહજીની જન્મતિથિના પ્રસંગે તખ્તસિંહજી હોસ્પિટલનો પાયો નાખવામાં આવ્યો તે વખતે ગોધાના રેવરન્ડ મિ. બીટી સાહેબે મેળાવડામાં કહ્યું હતું કે ભાવનગરનું રાજ્ય પણ સરકારની વફાદારી બાબતમાં મૂળથી જ પછાત રહ્યું નથી એ વાત પ્રસિદ્ધ છે.

દિશાએ મુખ્ય અધિકારીઓ માટે ઓફીસો તૈયાર કરાવવામાં આવી; તેમજ મોતીબાગના બંગલામાં અને વાડીમાં આવશ્યક સુધારા કરવામાં આવ્યા.

ભાલનાં ગામોમાં જવા આવવાની સુગમતા કરવા અર્થે ભાવનગર બંદરની ખાડી ઉપર માઢિયા ગામની જગોએ પૂલ બાંધવાની ધારણા પ્રથમ કરવામાં આવી હતી. પણ તેમ કરવામાં પુષ્કલ ખરચ થવાનો સંભવ જણાતાં સ્ટેટ ઇન્જીનીયર મિ. સીમ્સ સાહેબની સલાહથી સંયુક્ત કારભારીઓએ ભાવનગરની ખાડી ઉપર તરતો પૂલ બાંધવાનો નિશ્ચય કર્યો. આ ઉપરથી "સ્ટીમફેરી" બાંધવાનો ઉપક્રમ થયો. સંયુક્ત કારભારના વખતમાં એ કામ માટે રૂ. ૫૦,૦૦૦ (પચાસ હજાર)ની મંજુરી આપવામાં આવી હતી, પરંતુ પાછળથી એ રકમમાં ઘણો વધારો કરવામાં આવ્યો. આખરે એ કામ ૧૮૮૦ના ફેબ્રુઆરી માસમાં એટલે રા. રા. ગૌરીશંકરે પ્રધાનપદથી નિવૃત્તિ લીધા પછી સમાપ્ત થયું, અને પોલિટિકલ એજંટ કર્નલ એલ. સી. બાર્ટન સાહેબે તેને ખોલવાની ક્રિયા સ્વહસ્તે કરી. તે પ્રસંગે મિ. સીમ્સ સાહેબ પોતાના ભાષણમાં એવી મતલબનું બોલ્યા હતા કે "માજી દીવાન આજમ ગૌરીશંકર ઉદયશંકરનો હું ઉપકાર માનું છું, કારણ કે તેઓએ આ સ્ટીમફેરીસંબંધી, અને મારી બીજી સૂચનાઓ સંબંધી મને બહુ દૃઢપણે અને અંતઃકરણપૂર્વક ટેકો આપેલો છે, જેને લીધે એ સઘળાં કામોમાં હું ફતેહમંદ નીવડ્યો છું."

દરબારના જૂના નિવાસસ્થાનની પશ્ચિમ દિશાએ ઘણી ખરાબ સ્થિતિનાં મકાનો આવ્યાં હતાં, તેમાં દરબારની ઘોડાર પણ હતી. એ સર્વ મકાનોને તોડી પડાવી, અને વસતિનાં પાસેનાં મકાનોને કીમત આપી ખરીદી લઇ સંયુક્ત કારભારીઓએ તે સ્થલે "શાક બજાર" રચાવવાની કલ્પના કરી. એ સમયે મહારાજા શ્રીતખ્તસિંહજીના માંગલિક વિવાહના પ્રસંગને લીધે સુશોભિત મંડપ બનાવવા સારૂ વિલાયતથી આવશ્યક સાહિત્ય મંગાવવામાં

આવ્યું હતું. દીર્ઘદર્શી સંયુકત કારભારીઓનો પ્રશસ્ય ઉદ્દેશ એવો હતો કે એ શુભ પ્રસંગની સમાપ્તિ થયે એ સાહિત્યને કોઇ સ્થાયી ઉપયોગમાં લેવું. તે પ્રમાણે એ સાધનસામગ્રી "શાકબજાર" સ્થાપવાના કામમાં લગાડવામાં આવી. એ બજારનું નામ પર્સિવલ સાહેબના સ્મરણાર્થ "પર્સિવલ માર્કેટ" રાખવામાં આવ્યું, અને એ જગાએ શાકની દુકાનો સ્થાપવાથી ભાડાની વાર્ષિક રકમની ઉપજનું નવીન દ્વાર દરબારને હાથ લાગ્યું.

આ ઉપરાંત પુસ્તકાલય, એન્ડસ્ટેન્ડ, ઈન્જીનીયર આફીસો, પોલીસ સ્ટેશનો, પોસ્ટ આફીસ, તાર આફીસ, દરબારની વાઘાવાડીનો બંગલો, માંદા જાનવરને માટે તબેલો, હાઇકોર્ટ, હાઈસ્કુલ * વગેરે કેળવણીને લગતાં મકાનો, મુસાફર બંગલો, બંદર ઉપર દીવાદાંડી, દવાખાનાં, મહાલોમાં વહીવટદારની, ન્યાયાધીશની, થાણદારની તથા ફોજદારની ઓફીસોવગેરે અનેક દરબારી તથા સાર્વજનિક ઉપયોગનાં કામો, સંયુકત કારભારીઓના સમયમાં, મિ. સીમ્સ સાહેબના ઉત્સાહ અને નિપુણતાથી, તે વખતના વસુલાતી અધિકારી રા. વિજયશંકરની દેખરેખ નીચે થયાં, જેને લીધે કાઠિયાવાડ પ્રાંતમાં ઉંચા પ્રકારના સૌન્દર્ય સાથે ભાવનગરનું નામ જોડાયલું છે.

---

* નામદાર ડ્યુક ઓફ્ એડિનબરો સને ૧૮૭૦માં હિંદુસ્તાનમાં પધાર્યા હતા. તેઓ નામદારની યાદગિરી રાખવા માટે મહારાજા શ્રીજશવંતસિંહજીએ એક લાખ રૂપૈયાના ખરચથી કોઈ લોકોપયોગી સારૂં મકાન બાંધવા માટે કબુલ કર્યું હતું. તે પછી થોડા સમયમાં મહારાજાશ્રીનો સ્વર્ગવાસ થયો. તેઓએ આપેલી કબુલાત પ્રમાણે એક લાખ રૂપૈયાના ખરચથી આલફ્રેડ હોસ્પિટલ બાંધવા મહારાજા શ્રીતખ્તસિંહજી તરફથી સંયુક્ત કારભારીઓએ નક્કી કર્યું હતું, અને તેને માટે જગા મુકરર કરી મુંબઈના નામદાર ગવર્નર સાહેબ સર સીમોર ફિટ્ઝેરલ્ડ સાહેબના હાથથી પાયો નાંખવાની ક્રિયા કરવામાં આવી હતી. પણ પાછળથી તે હોસ્પિટલને બદલે આલફ્રેડ હાઈસ્કુલ બાંધવા સર્વાનુમતિએ વિચાર થવાથી તેને માટે સરકારમાંથી મંજુરી મેળવી કોલ્હાપુરના એન્જીનીયર કર્નલ મોન્ટે કરેલા નકશાપ્રમાણે આલફ્રેડ હાઈસ્કુલનું સુંદર મકાન બાંધવામાં આવ્યું છે, જે પાછળ લગભગ દોઢ લાખ રૂપૈયા જેટલો ખરચ થયો છે.

વસતિનાં ઘરો.

આટલું છતાં ભાવનગર રાજ્યનાં ગામોની વસતિનાં ઘરો નિકૃષ્ટ સ્થિતિમાં હતાં. તેનું કારણ એ હતું કે ભાવનગર, શિહોર, મહુવા વગેરે રાજ્યનાં સર્વ ગામો આબાદ થયાં ત્યારથી દરબારે કીમત લીધા વિના, ઇમારત બાંધવ માટે જમીન આપેલી હોવાથી તેના ઉપર દરબારનું માલિકપણું ગણાતું; અને ઘણે ઠેકાણે તો ઘરો તથા દુકાનો બાંધવાનો ખરચ પણ દરબાર તરફથી વસતિને ઉત્તેજનતરીકે મળ્યો હતો. તેથી તેવાં ઘરો અને દુકાનો ઉપર પણ દરબારનો સ્વામિત્વહક્ક હતો, એટલે પ્રજાજનો ઘર વાપરે પરંતુ રાજ્યની પરવાનગી વગર વેચી શકે નહિં. આમ હોવાથી લોકો સારાં પાકાં ઘરો બાંધવાને માટે આકર્ષાતા નહિ એ સ્વાભાવિક છે. ભાવનગર શિહોરવગેરે કેટલાંક મુખ્ય શેહેર શિવાયનાં ગામોમાં આસરે એક લાખ ઘરો એ પ્રમાણે બહુ નબળી સ્થિતિમાં ઇંટિ માટીથી કચરાનાં બાંધેલાં સંયુક્ત કારભારીઓને જણાયાં, તેથી એ બાબતનો સુધારો કરવા અર્થે તેઓએ પ્રયોગરૂપે એવો ધારો પ્રસિદ્ધ કર્યો કે ઘર અથવા દુકાન બાંધવાને માટે દરબાર ગામની પડતર જમીન અમુક રકમથી વેચાણ આપશે, તેથી તેના ઉપર દરબારની માલિકી રહેશે નહિ. આ ધારો વસતિને બહુ રુચિપાત્ર થયો. તેઓએ પડતર જમીન ખરીદ કરી તેના ઉપર પત્થર અને ચુનાથી વધારે સારાં અને સ્થાયી મકાનો બાંધવાનો આરંભ કર્યો, જેથી ગામનાં ઘરોના ખરાબ દેખાવનો ઘણે અંશે લોપ થયો. આવો સુપરિણામ આવવાથી એ ધારો પાછળથી મુખ્ય મુખ્ય ગામોને પણ લાગુ કરવામાં આવ્યો, અને વેચાણનો દર ઘણો હલકો રાખવામાં આવ્યાથી ભાવનગર, મહુવા, શિહોર અને કુંડલાવગેરે સ્થાનો બહુ રમ્ય અને દર્શનીય થયાં છે.

મકાનોના વેચાણની રજીસ્ટ્રેશન ફીમાં ઘટાડો.

પરંતુ એક મોટા પ્રતિબંધની નિવૃત્તિ અદ્યાપિ થઈ ન હતી. ભાવનગરવગેરે મુખ્ય કસ્બાઓમાં લોકો મકાનોની પરસ્પર વેચાણખરીદી કરતા તેમના ઉપર દરબાર તરફથી ચોથની ભારે રકમ લેવામાં આવતી હતી, અને તે વસુલ લઈને દસ્તાવેજો રજીસ્ટર કરવામાં આવતા હતા. આ ચોથના ત્રાસથી બચવાને માટે કેટલાક દસ્તાવેજોમાં વેચાણની રકમ ઓછી દર્શાવવામાં આવતી હતી, અને કેટલાક તો રજીસ્ટર પણ કરાવવામાં આવતા નહિ. મહારાજા શ્રીજશવંતસિંહજીના સમયમાં આ ચોથની રકમ ભાવનગર અને મહુવામાં વેચાણકીમતે દરસેંકડે પચીશ ટકા પ્રમાણે, અને કુંડલામાં દર સેંકડે તેત્રીશ ટકાપ્રમાણે દરબાર વસુલ કરતા. તે સમયથી જ રા. રા. ગૌરીશંકરે એમાં ઘટાડો કરવાના પ્રયત્નનો આરંભ કર્યો હતો. બધા કસ્બામાં દર સેંકડે સાડાબાર ટકાનો દર નિર્ણય કરવામાં આવ્યો હતો, અને સંયુક્ત કારભારીઓએ સાડાબારને બદલે સવા છ ટકાનો દર નક્કી કર્યો, જેથી સને ૧૮૭૨–૭૩ ની સાલમાં આસરે સાડા પાંચ લાખ રૂપૈયાની કીમતની મિલકતના વેચાણના, ત્રીશ ચાળીસ વર્ષસુધી નહિ રજીસ્ટર થયલા સુમારે ૭૦૦ દસ્તાવેજો રજીસ્ટર થયા, તે ઉપર દરબારને આસરે રૂ. ૩૫,૦૦૦ જેટલી ઉપજ આવી. ત્યાર પછી ભાવનગરમાં દર સેંકડે સવા છને ઠેકાણે ત્રણ ટકા એ પ્રમાણે વિશેષ ઘટાડો કરવામાં આવ્યો, તેથી લોકો બહુ પ્રસન્ન થયા, અને દરબારને પણ એકંદરે ઉપજમાં વૃદ્ધિ થઈ.

રાજકુમાર કોલેજની વ્યવસ્થા; મહારાજાશ્રીનું શિક્ષણ.

કર્નલ કીટિંજ સાહેબની હિતકર કલ્પનાના પ્રસ્તારવિશેષ-રૂપ રાજકુમાર કોલેજનું મકાન તૈયાર થયા પછી એ સંસ્થાના અધ્યક્ષતરીકે સૌમ્ય તથા શાંત પ્રકૃતિના, વિદ્વાન્ અને સર્વ પ્રકારે રાજકુમારોનું રક્ષણ કરવાની યોગ્યતાવાળા સિદ્ધ થયલા, દરભંગાના મહારાજના શિક્ષક તથા પછીથી બના-

રસ કોલેજના પ્રસિદ્ધ પ્રિન્સિપલ ચેસ્ટર મેકનાક્ટન સાહેબની નીમણોક કરવામાં આવી. એ રાજકુમાર કોલેજમાં મહારાજા શ્રીતખ્તસિંહજીને અભ્યાસાર્થે મોકલવા સારૂ પોલિટિકલ એજંટ કર્નલ એન્ડરસન સાહેબે સંયુક્ત કારભારીઓપ્રતિ લખાણ કર્યું. મિ. પર્સિવલ સાહેબ સ્વાભાવિક રીતે તેઓશ્રીને મોકલવાની તરફેણમાં હતા; પરંતુ રા. રા. ગૌરીશંકર પણ પાશ્ચાત્ય વિદ્યાલક્ષ્મીનો પ્રભાવ ન્યૂન સમજતા ન હતા. જૂના વિચારના કેટલાક મુખ્ય અમલદારોનો વિરોધ એ સંબંધમાં ઉપસ્થિત થયો, તે સર્વનું રા. રા. ગૌરીશંકરે બહુ કુશલતાથી સમાધાન કર્યું. ૧૮૭૧ ના ફેબ્રુઆરી માસમાં મહારાજા શ્રીતખ્તસિંહજીને રાજકોટ પધરાવવાનું મુહૂર્ત નક્કી કર્યું, ત્યાં તેઓશ્રીની અનુકૂલતા માટે આવશ્યક સાધન સામગ્રી તૈયાર કરાવી, અને મહારાજાશ્રીને ધૈર્ય તથા આશ્વાસન આપવા અર્થે થોડે સુધી તેમના પ્રવાસમાં પણ રા. રા. ગૌરીશંકર ભેગા રહ્યા. રાજકુમાર કોલેજના શિક્ષણનો લાભ લેવામાં મહારાજા શ્રીતખ્તસિંહજી પહેલવહેલા જ હતા; ત્યાર પછી સંસ્થાન લીંબડીના મહારાજા શ્રીજશવંતસિંહજી, વઢવાણના મહારાજા શ્રીદાજીરાજ, મોરબીના મહારાજા શ્રીવાઘજી તથા તેમના ફટાયા ભાઈ હરભમજી* તેઓશ્રીના સંગી અને સહાધ્યાયી થયા. મેકનાક્ટન સાહેબના હાથનીચે મહારાજાશ્રીએ ઇંગ્રેજી ભાષાનો સારો અભ્યાસ કર્યો, અને શારીરિક વ્યાયામમાં પણ પ્રવીણતા સંપાદન કરી. તેમના સંતોષપ્રદ અભ્યાસ વિષે પ્રસંગે પ્રસંગે સંયુકત કારભારીઓ ઉપર પ્રિન્સિપલતરફથી લખાણ આવતું હતું.

આસરે ત્રણ વર્ષ સુધી આ પ્રમાણે વિદ્યાર્થિઅવસ્થા મહારાજાશ્રીએ ભોગવી, ત્યાર પછી સંયુક્ત કારભારીઓએ ૧૮૭૩ ના નવેંબર માસમાં એવો રીપોર્ટ કરી મોકલ્યો કે સને

---

* જેઓ વિલાયત જઈ બારિસ્ટર થઈ આવેલા છે, પ્રથમ તેઓ બિરારના આસિસ્ટંટ કમિશનરનો માનવંતો હોદ્દો ભોગવતા હતા; ત્યાર પછી ભરતપુર રાજ્યના એડ્મિનિસ્ટ્રેટર તરીકે તેમની નીમણોક થઇ. હાલ તેઓ મેવાડના મોટા ઉદેપુર રાજ્યમાં કાઉન્સિલર છે.

૧૮૭૪ ના એપ્રિલ માસમાં મહારાજા શ્રીતખ્તસિંહજીનો માંગલિક લગ્નપ્રસંગ હોવાથી તેમનો વિદ્યાભ્યાસ ભાવનગરમાં જારી રાખવા અર્થે કોઇ યુરોપિયન અધિકારીની નીમણોક થવી જોઇએ. એ સંબંધમાં નામદાર મુંબઈ સરકારે પોતાની મંજુરી આપી. તે ઉપરથી ૧૮૭૪ ના માર્ચ મહિનામાં મહારાજાશ્રીએ પોતાના વિદ્યાલય રાજકુમાર કોલેજ સાથે પોતાનો સંબંધ છોડયો.* એપ્રિલ માસમાં મહારાજાશ્રીના નીચે પ્રમાણે ચાર સ્થલે યથાવિધિ વિવાહ થયાઃ—

૧. વઢવાણનાં બાઇ શ્રીનાનીબાસાથે; જેમના કુમાર શ્રીમંગળસિંહજીભાઇ.

૨. ગોંડલનાં બાઇ શ્રીમાજીરાજબાસાથે; જેમના કુમાર હાલના મહારાજા શ્રીભાવસિંહજીભાઇ.

૩. વાંકાનેરનાં બાઇ શ્રીહરિબા જેમને બે કુંવરીઓ થઈ; પ્રથમ કુંવરી શ્રીરામબા, જેમનો વિવાહ પોરબંદરના રાણા શ્રીભાવસિંહજી સાથે થયો, અને બીજાં શ્રીકેશબા જેઓ સ્વર્ગવાસી થયાં છે.

૪. તળાજાનાં બાઇ શ્રીનાનીબા.

વિવાહસમાપ્તિ પછી મુંબઇ સરકારે નીમેલા કાઠિયાવાડ પ્રાંતના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ કર્નલ નટ સાહેબ મહારાજાશ્રીના ટયુટર અને કંપેનિયનતરીકે ભાવનગરમાં આવ્યા. તેમની સાથે રહીને મહારાજાશ્રીએ પોતાના અભ્યાસમાં વધારો કર્યો, અને તેની પરિપૂર્ણતાઅર્થે, રાજકુમારોના હિતમાં મુંબઇ સરકારે પ્રસિદ્ધ કરેલા તા. ૭ એપ્રિલ ૧૮૭૫-

---

* મહારાજા શ્રીતખ્તસિંહજીએ રાજકુમાર કોલેજ છોડી ત્યારે તેઓ નામદારના સ્મરણાર્થે તે કોલેજના મકાનમાં રાજકુમારોને રહેવા માટે એક ભાગ એક લાખ રૂપૈયાના ખરચે બંધાવવામાં આવ્યો હતો. તેનું નામ તખ્તસિંહજી વિંગ આપવામાં આવેલું છે.

ના ઠરાવને અનુસરીને, મુંબઇ, આગ્રા, દિલ્હી, કલકત્તા, ઇંદોર, લાહોર, અમૃતસર, લખનોર, બનારસ, હરદ્વાર, ભરતપુરવગેરે ભરતખંડનાં મુખ્ય નગરોના અવલોકનાર્થે એક વર્ષપર્યન્ત તેમની સાથે પ્રવાસ કર્યો.

ધાંધળી કેસ, અને ૧૧૬ ગામો સંબંધી તકરારનું પુનઃ ઉપસ્થિત થવું; તેનો અંતિમ નિર્ણય.

૧૮૬૬ના આક્ટથી ૧૧૬ ગામો સંબંધી તકરારનો અંત આવ્યો હતો, અને દરબારની હકુમત એ ગામો ઉપર શાંતપણે પ્રવર્તતી હતી, એવામાં એક અણધાર્યો પ્રસંગ આવી પડવાથી એ તકરારે નવીન અને ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. ૧૧૬ ગામોમધ્યે આવેલા ધાંધળી નામના ગામના રહેવાશી ઔદીચ્ય બ્રાહ્મણ દેવરામ કાનજીએ સંવત્ ૧૯૧૨ (સને ૧૮૫૬)ની સાલમાં પોતાનું ખેતર તે જ ગામના રહીશ દામોદર ગોરધનને ત્યાં ઘરેણે મૂકયું હતું, તે છોડવવાનો દાવો દેવરામે ગોઘા મુનસફની કોર્ટમાં કર્યો. મુનસફે વાદી દેવરામના લાભમાં ઠરાવ કર્યો, તે ઉપરથી પ્રતિવાદી દામોદરે અમદાવાદના આસિસ્ટંટ જડજની કોર્ટમાં અપીલ કરી, જેનો નિર્ણય દામોદરના લાભમાં થયો. તે ઉપરથી મૂળ દાવાના વાદી દેવરામ કાનજીએ મુંબઈ હાઇકોર્ટમાં સ્પેશિયલ અપીલ દાખલ કરી. તે કોર્ટે એ કામને ફરી તપાસણીને માટે નીચેની કોર્ટમાં મોકલ્યું. એ તપાસણીમાં પ્રતિવાદી દામોદરના લાભમાં જ નિર્ણય રહ્યો. તે ઉપર વાદી દેવરામે અમદાવાદના જડજ સાહેબની કોર્ટમાં અપીલ કરી, જેનો નિકાલ તેના લાભમાં થયો. આ ઉપરથી મૂળ દાવાના પ્રતિવાદી દામોદરે મુંબઈ હાઇકોર્ટમાં સ્પેશિયલ અપિલ રજુ કરી, અને તેમાં એવી દલીલ બતાવી કે તકરારવાળું ખેતર ધાંધળી ગામમાં આવેલું છે, અને અમદાવાદના જડજ સાહેબના ચુકાદા પહેલાં એ ગામ મુંબઈ સરકારે પોતાના જાહેરનામાથી તેમની હકુમતમાંથી કાઢી નાંખી ભાવનગર રાજ્યની હકુમતમાં સોંપેલું હોવાથી તે બાબત કામ ચલાવવાની અમદાવાદના જડજની સત્તા નથી. મૂળ દાવાના વાદી દેવરામે પોતાના બચાવ-

સારૂ મિ. એન્સ્ટીવિગેરે પ્રસિદ્ધ બારિસ્ટરોને રોકયા હતા. દેવરામની સ્થિતિ એટલો ખર્ચ ઉપાડી શકે એવી ન હતી, અને તેને ભાવનગર રાજ્યના વિરોધીઓએ આશ્રય આપ્યો હોય એમ માનવાને કારણ હતાં. તે બારિસ્ટરોએ એવી અગત્યની તકરાર કરી કે મુંબઈના ગવર્નર તથા હિંદુસ્તાનના ગવર્નર જનરલ અને નામદાર સ્ટેટ સેક્રેટરી સાહેબને નામદાર બ્રિટિશ સરકારનો મુલક કોઇ પણ રાજાને આપવાની સત્તા નથી, તેથી ભાવનગર દરબારને જે ગામો સોંપવામાં આવેલાં છે તે કૃત્ય ગેરકાયદેસર છે. આ તકરાર ઉપર નામદાર હાઇ કોર્ટના જડજોનું લક્ષ ખેંચાયું, અને તેઓએ તે પ્રમાણે પોતાનો અભિપ્રાય પણ પ્રસિદ્ધ કર્યો. ૧૧૬ ગામો ઉપર દરબારી હકુમત સ્થાપવામાં રા. રા. ગૌરીશંકરે અનેક વર્ષ સુધી ઉઠાવેલા અગાધ શ્રમ ઉપરં આ પ્રકારે પાણી ફરી જવાનો સંભવ જણાયો, તેથી તેઓએ પોતાના સહાયક મિ. પર્સિવલ સાહેબને બધો વૃત્તાંત નિવેદન કરી પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબ ઉપર લખાણ કરી એવી માગણી કરી કે મુંબઈ સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ થયલું ૧૮૬૬ નું જાહેરનામું હિંદુસ્તાન સરકારની ગેઝેટદ્વારા પ્રસિદ્ધ થાય તો પૂરાવાના આકટની ૧૧૩મી કલમપ્રમાણે મુંબઇની હાઇ કોર્ટ ૧૧૬ ગામો બાબત વિક્ષેપ કરી શકે નહિ. સંયુકત કારભારીઓના અભિપ્રાય સાથે મિ. પીલ સાહેબનો અભિપ્રાય પણ મળતો આવવાથી તેઓએ મુંબઇ સરકારમાં લખાણ કર્યું, અને મુંબઇ સરકારે તે ઉપરથી હિંદુસ્તાન સરકારને સર્વ હકીકત જણાવી, તે ઉપર પૂરતું લક્ષ આપી તા. ૪ જાનેવારી ૧૮૭૩ના ગેઝેટથી તે સરકારે તેવી મતલબનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું.

રાજકીય કાર્યપ્રસંગે ૧૮૭૦ની સાલમાં રા. રા. ગૌરીશંકરનું મુંબઈ જવું થયું હતું. તે સમયે નામદાર ગવર્નર સર સીમોર ફિટઝેરલ્ડ સાહેબને ધાંધળી ગામના તકરારની સવિસ્તર હકીકત જાહેર કરતાં બચાવ માટે સરકાર તરફથી એડ્વોકેટ જનરલ સાહેબને રોકવાની તેઓએ વિજ્ઞપ્તિ કરી; તે ગવર્નર સાહેબે

સ્વીકારી. તે ઉપરથી તેઓએ હિંદુસ્તાન સરકારનું સને ૧૮૭૩ નું જાહેરનામું પૂરાવામાં બતાવી દરબારની હકુમતના વ્યાજબીપણાવિષે અનેક પ્રકારની તકરારો કરી. છેવટે ૧૮૭૩માં એ દાવાનો નિકાલ થયો તેમાં હાઇ કોર્ટના જડજ લોયડ સાહેબ અને કેમ્બેલ સાહેબે એવી મતલબનો ફેંસલો આપ્યો કેઃ—

"જે આકટની રૂઇએ હિંદુસ્તાનનું રાજ્ય ઇસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી નામદાર મહારાણી સાહેબે હસ્તક કરેલું છે તે આકટથી જે જે અધિકાર હિંદુસ્તાન ખાતાના સ્ટેટ સેક્રેટરી સાહેબને મળેલા છે તેમાં સરકારી મુલક કોઇને આપી દેવાની સત્તા તેમને મળેલી નથી, કારણ કે એવી સત્તા ઇસ્ટિ ઇન્ડિયા કંપની પણ ભોગવતી હતી નહિ.

"પૂરાવાના આકટની ૧૧૩ મી કલમ હિંદુસ્તાનની કાયદા બાંધનારી સભાએ જે પ્રસિદ્ધ કરેલી છે તે પ્રમાણે કરવામાં તે સભાને પ્રતિબંધ છે, કારણ કે પાર્લામેન્ટની સત્તાને કોઇ રીતે અસર કરે એવો ધારો હિંદુસ્તાનના કાયદા બાંધનારી સભાને કરવાનો અધિકાર નથી. તેથી પાર્લામેન્ટની સંમતિશિવાય પ્રસિદ્ધ કરેલી સદરહુ ૧૧૩ મી કલમ નિરર્થક છે, અને એ સભાએ એ કામ પોતાના અધિકારની મર્યાદાનું ઉલ્લંઘન કરી કર્યું એમ ગણાય.

"જે હકો નામદાર મહારાણી સાહેબની બીજી બધી રૈયત ભોગવે છે તે જ હકો તેમની હિંદુસ્તાનની પ્રજાના ગણાયલા છે એ વાત સને ૧૮૫૮ ના ઢંઢેરાથી સ્પષ્ટ છે. અને જે મોટામાં મોટો નિયમ રૈયતના પ્રજાધર્મ અને રક્ષણના હકમાં હાથ ઘાલવા માટે રાજ્ય સત્તાને અટકાવે છે, તે નિયમ મહારાણી સાહેબના રાજ્યના સઘળા અને દરેક ભાગને એક સરખી રીતે લાગુ પડવો જોઇએ.

"સલાહના વખતમાં રાજ્યનો કોઈ ભાગ કાયદાથી આપી દેવાનો હેતુ હોય તો એવો કાયદો બાદશાહી પાર્લામેન્ટની સંમતિ-

શિવાય હિંદુસ્તાનની ધારાસભા પ્રસાર કરી શકે નહિ, અને એ વાત નામદાર મહારાણી સરકાર મંજુર રાખી શકે નહિ. કારણ કે એવા કાયદાથી પાર્લામેન્ટની સત્તાને અને ગ્રેટબ્રિટન તથા આયર્લૅન્ડના સંયુકત રાજ્યના બંધારણ અને ધારાને અવશ્ય અસર પહોંચે છે, માટે પૂરાવાના કાયદાની કલમ ૧૧૩ મી જો કે નામંજુર કરવામાં આવી નથી, તોપણ નામદાર મહારાણી સાહેબના વર્ષ ૨૪ અને ૨૫માં બાબની ૬૭મી કલમની ૨૨ અને ૨૪–૨૫ની રકમથી ૧૧૩મી કલમનો સમાવેશ થતો નથી, તેથી તેમાં બતાવેલી સૂચનાપ્રમાણે અમે ચાલી શકતા નથી.”

મુંબઈ હાઇ કોર્ટે આ પ્રમાણે ઠરાવ કરી હિંદુસ્તાન સરકારનું જાહેરનામું માન્ય રાખ્યું નહિ, તેથી મુંબઈ સરકાર સાથે થયલી ૧૮૬૬ની ટ્રીટી પણ નહિવત્ થવાનો વિકટ પ્રસંગ ઉપસ્થિત થયો, એટલુંજ નહિ પણ ભાવનગર દરબારની હકુમતને અનુસરીને બહારવટિયાવિગેરે ગુન્હેગારોને દેહાંત શિક્ષા કરવામાં આવી હતી, તથા ભાવનગર જેલમાં અપરાધીઓને કેદ કરવામાં આવ્યા હતા એ સઘળાં કૃત્યો ગેરવ્યાજબી ઠર્યાં.

રા. રા. ગૌરીશંકરને આ ઠરાવના સમાચાર મળતાં અવર્ણનીય અસંતોષ થયો. પણ આવે પ્રસંગે પણ તેમના સ્વાભાવિક ધૈર્યનું સ્ખલન થયું નહિ. પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબમારફત તેઓએ મુંબઈ સરકાર પાસે એવી માગણી કરી કે મુંબઈ હાઇ કોર્ટના ઠરાવ ઉપર લંડનની પ્રિવિ કાઉન્સિલમાં અપીલ કરવી જોઇએ, અથવા તો એ તકરારની બરાબર હકીકત નામદાર હાઇ કોર્ટના જડજ સાહેબોના લક્ષમાં આવેલી ન હોવાથી તે ફેંસલો ફરીથી ધ્યાનમાં લેવા રિવ્યુ અપીલ દાખલ કરવી જોઇએ. મુંબઈ સરકારને પણ આ સમય અણીનો સમજાયાથી તેઓએ પોતાના અભિપ્રાયસહિત નામદાર સ્ટેટ સેક્રેટરી ઉપર વિલાયત લખાણ કરી મોકલ્યું, તે ઉપરથી નામદાર સ્ટેટ સેક્રેટરી સાહેબે બારિસ્ટરવગેરેનો ખરચ

કરી મૂળ દાવાના પ્રતિવાદી દામોદર ગોરધનના નામથી પ્રિવિ કાઉન્સિલમાં અપીલ દાખલ કરી. તે બારિસ્ટરોની તકરાર સાંભળી પ્રિવિ કાઉન્સિલના ન્યાયાધીશ સાહેબોએ તા. ૨૮મી માર્ચ ૧૮૭૬ ને દિવસે એવી મતલબનો ફેંસલો આપ્યો કે "સલાહના વખતમાં પાર્લામેન્ટની સંમતિશિવાય બ્રિટિશ કોર્ટોમાંની કોઇ કોર્ટની હકુમત તળે કોઇ દેશી રાજ્યનો મુલક આવેલો હોય તે મુલક દેશી રાજ્યને સ્વાધીન કરવા બ્રિટિશ રાજ્યના અધિકારીની સત્તા નથી, એટલે ઇંગ્રેજી રાજ્ય પરરાજ્યમાં સોંપી શકાય નહિ, એવો જે મુંબઇની હાઇ કોર્ટે ચુકાદો કર્યો છે તે ચુકાદાનો અભિપ્રાય અમે કબુલ રાખતા નથી. આ કામની હકીકત પૂરાવાના કાયદાની ૧૧૩મી કલમ ઉપર આધાર રાખતી નથી એવો અમારો અભિપ્રાય થાય છે.

"નામદાર મહારાણી સાહેબના વર્ષ ૨૪-૨૫ ના બાબ ૬૭-ની રકમ ૨૨ મુજબ હિંદુસ્તાનના રાજ્યના કોઇ ભાગવિષે અથવા રાજસત્તા અથવા બ્રિટિશ પ્રજાના ધર્મવિષે કોઇ પણ કાયદો બાંધવામાં ગવર્નર જનરલ અને કાઉન્સિલના સાહેબોને પ્રતિબંધ છે, પણ આ કામમાં કાંઇ આકટ પસાર કરી હિંદુસ્તાની ગેઝેટમાં પ્રસિદ્ધ કરેલી જાહેરનામાસંબંધી કોઇ મુલક સ્વાધીન કર્યાની નિર્ણયકારક સાબીતી ઠરાવી, તે સ્વાધીન કર્યાના વ્યાજબીપણા અને કાયદેસરપણાવિષેની ચોકસી થવાનો અમે અટકાવ કરી શકતા નથી. એટલે જે મુલક ભાવનગર દરબારને સ્વાધીન કરેલો છે તે વ્યાજબી અને કાયદેસર છે કે શી રીતે ? એ બાબતની ચોકસી કરી હિંદુસ્તાન સરકાર જે નિર્ણય કરે અને આકટ પ્રસિદ્ધ કરે તેમાં પ્રિવિ કાઉન્સિલ અટકાવ કરી શકે નહિ."

ઉપરના ઠરાવને અનુસરીને નામદાર સ્ટેટ સેક્રેટરીએ એ બાબતની પૂરતી ચોકસી કરી તેનો નિકાલ કરવાનો અધિકાર હિંદુસ્તાન સરકારને આપ્યો. તે ઉપરથી તેઓએ એ બાબ-

તને લગતા સઘળા કાગળો મુંબઈ સરકાર પાસેથી મંગાવી તપાસી ખાતરી કરી તા. ૫ ડીસેંબર ૧૮૭૬ ને દિવસે ઇંડિયા ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. તે મધ્યે લખેલું છે કે "નામદાર ગવર્નર જનરલ સાહેબ ઇન કાઉન્સિલ નામદાર સ્ટેટ સેક્રેટરીની મંજુરીથી ભાવનગરના ઠાકોર સાહેબ, તેમના વારસો તથા તેમના ઉત્તરાધિકારીઓને સદરહુ ૧૧૬ ગામો આ લેખથી આપે છે, અને જે શરતોથી અને જે ધારાઓની રૂઇએ તેઓ સદરહુ કાઠિયાવાડનાં ગામો ભોગવે છે તે જ શરતોથી અને તે જ ધારાઓને અનુસરીને એ ઠાકોર સાહેબ, તથા એમના વારસો તથા તેમના ઉત્તરાધિકારીઓ એ ગામો પણ ભોગવે."

આ પ્રકારનું જાહેરનામું પ્રસિદ્ધ થયા પછી એ વિષે આક્ટનો ખરડો ૨૩ મી ડીસેંબર ૧૮૭૬ ને દિવસે ભરાયલી નામદાર ગવર્નર જનરલ સાહેબની ધારાસભા આગળ રજુ કરવામાં આવ્યો. તે પ્રસંગે હિંદુસ્તાનની ધારાસભાના મેમ્બર ઓનરબલ હોબહાઉસ સાહેબે અને કાઠિયાવાડ પ્રાંતનો પૂર્ણ અનુભવ ધરાવનાર ઓનરબલ સર થીઓડોર હોપ સાહેબે તે સભામાં "કાઠિયાવાડ પ્રાંત પરરાજ્ય છે અને તે બ્રિટિશ મુલક નથી, તે પ્રાતનાં રાજ્યો સ્વતંત્ર છે," એવિગેરે મતલબનાં જે સવિસ્તર ભાષણ કર્યાં તેનો ઉલ્લેખ છઠ્ઠા પ્રકરણમાં કરવામાં આવ્યો છે. છેવટે સર્વાનુમતે "ભાવનગર આક્ટ" નામનો ૧૮૭૬ નો ૨૦ મો કાયદો ધારાસભામાં પસાર થયો, તેમાં એ કાયદાને પસાર કરવાનાં કારણોનું દિગ્દર્શન કરાવ્યા પછી બીજી કલમમાં લખ્યું છે કે "સદરહુ પરિશિષ્ટમાં દર્શાવેલાં ગામો સને ૧૮૬૬ ના ફેબ્રુઆરી મહિનાની સદરહુ ૧ લી તારીખે, તથા તે તારીખ પછી, મુંબઇ ઇલાકાની મહેસુલી તથા દીવાની તથા ફોજદારી કોર્ટોની હકુમતમાંથી કાઢ્યાં છે એમ સમજવું."

સને ૧૮૭૬ નો "ભાવનગર આક્ટ.

આ કાયદો પસાર થયો ત્યારે રા. રા. ગૌરીશંકર મહારાજા શ્રીતખ્તસિંહજીની સાથે, બાદશાહી મેળાવડામાં ભાગ લેવા અર્થે, દિલ્હી ગયા હતા. તેમને તે સ્થલે આ સુસમાચાર સર થીઓડર હોપ સાહેબે જાતે આવી આપવાથી બહુ સંતોષ અને આનંદસહ નિવૃત્તિ થઈ. પોતાના જ્યેષ્ઠ પુત્ર અને વસુલાતી અધિકારી રા. રા. વિજયશંકર જેઓ આ પ્રસંગે રાજકીય કાર્યોને લીધે ભાવનગરમાં હતા તેમને આ શુભ વૃત્તાન્ત રા. રા. ગૌરીશંકરે તારથી નિવેદન કર્યો. તેમના દ્વારા મિ. પર્સિવલ સાહેબને આ અનુકૂલ પરિણામની ખબર થતાં તેમને પણ પૂર્ણ હર્ષ થયો. આ પ્રમાણે, પાંચ વર્ષ સુધી સુપ્ત રહ્યા પછી મુંબઈ હાઇ કોર્ટના જડજોની લેખિનીથી જાગ્રત્ થઇ ભયંકર સ્વરૂપ ધરનાર ૧૧૬ ગામો વિષેના વાદવિવાદનું નિઃશેષ શમન થયું.

૧૮૭૫ના માર્ચ મહિનામાં મિ.* પર્સિવલ સાહેબ એક વર્ષની રજા લઈ પોતાના સ્વદેશ ઇંગ્લંડ ગયા, તેમના અધિકાર ઉપર મેજર વોટસન સાહેબ કામચલાઉ નીમાયા, તેઓએ પણ તેટલા સમય સુધી રા. રા. ગૌરીશંકર સાથે હળીમળીને રાજ્યધુરાનું વહન કર્યું.

સ્વદેશ ગયા પછી મિ. પર્સિવલ સાહેબ રા. રા. ગૌરીશંકર ઉપર અનેક સ્નેહાંકિત પત્રો લખતા, તેનો સાર એ હતો કે "સરકારના ઠરાવથી આપણે બંને જણા ભેગા થઇ ભાવનગરના રાજ્યકારભારનું કામ ચલાવીએ છીએ, તેમાં કોઇપણ વખતે અને કોઇ બાબતમાં તમારો અને મારો મતભેદ થયલો નથી તેથી મને ઘણી ખુશી થાય છે, અને દરેક કામમાં તમારા તરફથી મને જે ઉમદા પ્રકારની મદદ મળી છે તેથી હું બહુ સંતોષ પામું છું."

૧૮૭૫ના એપ્રિલ માસમાં મહારાજા શ્રીતખ્તસિંહજીનાં ગોંડલવાળાં રાણી શ્રીમાજીરાજબાને કુમાર શ્રી-(હાલના મહારાજા સાહેબ) ભાવસિંહજીનું માતૃપદ પ્રાપ્ત થયું. પણ કુમારને સાત માસની સ્વલ્પ વયમાં મૂકીને માતાએ પોતાના દેહનો ત્યાગ કર્યો. રાજ્ઞી શ્રીમાજીરાજબાનું અંતઃકરણ કુલીનતા, ઔદાર્ય-વિગેરે સદ્‌ગુણોથી અલંકૃત હતું તેથી તેમના સ્વર્ગવાસથી સર્વત્ર શોક પ્રસર્યો. કુમાર શ્રીભાવસિંહજી પોતાનાં માતામહી શ્રીમોધીબાના હસ્તે ગોંડલમાં ઉછર્યા, અને જ્યારે જ્યારે રા. રા. ગૌરીશંકરનું કોઇ નિમિત્તે રાજકોટ જવું થતું ત્યારે તેઓ કુમાર-શ્રીની પ્રકૃતિ જોવા અર્થે ગોંડલ જવા ચૂકતા નહિ.

કુમાર શ્રીભાવસિંહજીનો જન્મ.

નામદાર મહારાણી સાહેબ વિકટોરિયાએ "કૈસરે હિંદ"નું પદ ધારણ કર્યું તે પ્રસંગે તેમના સ્મરણાર્થે, રા. રા. ગૌરીશંકરની સલાહ લઈ, મહારાજા શ્રીતખ્તસિંહજીએ રાજકોટના પાદરમાં આવેલી આજી નદી ઉપર પૂલ બંધાવવા માટે એક લાખ રૂપૈયા* બક્ષીસ કરવાનો પોતાનો વિચાર તે વખતના નામદાર વાઇસરોય સાહેબને પોલિટિકલ એજન્ટ મિ. પીલ સાહેબદ્વારા જાહેર કર્યો. એ બક્ષીસ સરકાર તરફથી સ્વીકારાતાં તે નદી ઉપર પૂલ ("કૈસરે હિંદ બ્રિજ")ની યોજના થઇ, જે યોજના રાજકોટ નગરની વસતિને તથા પ્રવાસીઓને બહુ અનુકૂલ થઇ પડી છે.

કૈસરે હિંદ બ્રિજ.

એકંદરે સંયુક્ત કાર્યભાર સાત વર્ષ સુધી ચાલ્યો, તે સમયમાં અનેક લોકોપયોગી કામો થયાં, પણ તે સાથે રાજ્યખરચનું નિયમન યોગ્ય પ્રકારે કરાયલું હોવાથી ભાવનગર રાજ્યની દ્રવ્યસંબંધી સ્થિતિ પ્રશંસનીય અને સ્પૃહણીય હતી. તા. ૫ એપ્રિલ

ભાવનગર રાજ્યની આબાદી.

* પાછળથી એ પૂલનિમિત્તે સોળ હજાર રૂપૈયાની વિશેષ રકમ મહારાજાશ્રીએ આપી હતી, એટલે એકંદરે રૂ. ૧,૧૬,૦૦૦નો ખરચ થયો.

૧૮૭૮ના સરકારના ઠરાવથી પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબે ભાવનગરમાં મોટો દરબાર ભરી, ઉત્તમ સવિસ્તર ભાષણ કરી મહારાજા શ્રીતખ્તસિંહજીને સ્વતંત્ર અધિકાર સોંપ્યો. તે વખતે સુમારે રૂ. ૫૧,૦૦,૦૦૦) એકાવન લાખ રૂપૈયા શિલક હતા, અને મિ. પીલ સાહેબના ભાષણના ઉત્તરમાં મહારાજાશ્રી પણ બોલ્યા કે "મને ખરેખરો વિશ્વાસ છે કે મારા કારભારી રા. રા. ગૌરીશંકરે અને આસિસ્ટંટ કારભારી રા. રા. સામલદાસે મારી પ્રજાનું રક્ષણ કરવામાં તથા કલ્યાણ જાળવવામાં જે પ્રમાણે હજી સુધી મને મદદ કરેલી છે તે પ્રમાણે મારા સંસ્થાનની મારી ભવિષ્યની કારકીર્દીમાં કરવા તેઓ ચુકશે નહિ."

મિ. પાર્સિવલ સાહેબની બદલી.

સ્વદેશમાં એક વરસની નિવૃત્તિ ભોગવી સને ૧૮૭૬ના માર્ચ માસમાં મિ. પર્સિવલ સાહેબે ભાવનગર પ્રતિ પુનઃ પ્રયાણ કર્યું, પણ ત્યાર પછી તે રાજ્ય સાથે તેમનો સંબંધ વિશેષ વર્ષ સુધી ટક્યો નહિ. સને ૧૮૭૭નો વિકરાલ દુષ્કાલ દક્ષિણમાં અતિત્રાસ વર્તાવી રહ્યો હતો, તેવામાં મુંબઈ સરકારે મિ. પર્સિવલ સાહેબને શોલાપુરના કલેકટરના અધિકારઉપર સ્થાપ્યા. બીજે પક્ષે મહારાજા શ્રીતખ્તસિંહજીને જોઇન્ટ એડ્મિનિસ્ટ્રેશનમાં દાખલ કરી રાજકીય પ્રસંગોનો પૂર્ણ અનુભવ આપવાની રા. રા. ગૌરીશંકરની પ્રબલ ઇચ્છા હતી, તેથી તેઓએ સને ૧૮૭૬માં મિ. નટ સાહેબની નીમણોક જોઇન્ટ એડ્મિનિસ્ટ્રેશનમાં બંધ કરાવી. કેટલીક ભાંજઘડ ચાલ્યા પછી પર્સિવલ સાહેબને સ્થાને મેજર વોટસન સાહેબની નીમણોક થઇ. મિ. પર્સિવલ સાહેબે તથા રા. રા. ગૌરીશંકરે એકમત થઇ પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબ મારફત સરકારમાં એવો રીપોર્ટ કર્યો હતો કે મહારાજા શ્રીતખ્તસિંહજી યોગ્ય વયના થયલા હોવાથી રા. રા. ગૌરીશંકરને સ્થાને સંયુકત કારભારમાં તેઓશ્રીને દાખલ કરવા જોઇએ, અને વોટસન સાહેબે પણ મહારાજાશ્રીને

મેજર વોટસન સાહેબ; તેમની સાથે સંયુક્ત કારભારમાં મહારાજાશ્રીનું જોડાવું.

૨૧મા વર્ષથી નવ માસ પહેલાં ગાદી સોંપવા બાબત રીપોર્ટ કર્યો, તે ઉપરથી સને ૧૮૭૭ના એપ્રિલ માસના ઠરાવથી સરકારે આ વાતની પસંદગી બતાવી. ત્યારથી મહારાજાશ્રીએ રાજ્ય-કારભારમાં પ્રવેશ કર્યો, અને રા. રા. ગૌરીશંકર પોતાના પૂર્વ પ્રધાનપદ ઉપર સ્થિત થયા.

પાર સાહેબ.

મિ. પર્સિવલ સાહેબની જગાએ સંયુકત કારભારમાં નિમાયા પછી તે જ વર્ષના જુલાઈ માસમાં વોટસન સાહેબ રાજસ્થાનિક ન્યાયસભાના અધ્યક્ષની પદવીએ યોજાયા, તેથી મુંબઇ સરકારે કર્નલ પાર સાહેબને સંયુકત કારભારીતરીકે નીમ્યા. તેમની સાથે પણ અવિરોધપણે અને સમયાનુસાર ચાલેલો ભાવનગરનો રાજકારભાર બહુ હિતકર થયો.

જોઈન્ટ એડ્મિનિસ્ટ્રેશનસંબંધે પોલિટિકલ એજંટોના રીપોર્ટો :—

(સને ૧૮૭૧માં ક. એન્ડર્સન સાહેબના રીપોર્ટમાંથી ઉદ્ધરણ.)

"The medical dispensary under Mr. Burjorji Beramji has been a boon to many suffering patients.

The Joint Administrators are to be commended for their praiseworthy efforts in extending the benefits of the College to the Bhayats of the State, of whom three have joined since the College was opened."

સંયુક્ત કારભાર વિષે રીપોર્ટો તથા અભિપ્રાયો.

"મિ. બરજોરજી બહેરામજીના હાથનીચેનું દવાખાનું દુઃખી થતા માંદા માણસોને બક્ષીસરૂપ થઈ પડ્યું છે.

રાજ્યના ભાયાતોને કોલેજનો લાભ આપવા સંયુક્ત કારભારીઓએ કરેલા સ્તુત્ય પ્રયત્નો માટે તેઓને ધન્યવાદ ઘટે છે."

(સને ૧૮૭૨ માં ક. એન્ડર્સન સાહેબના રીપોર્ટમાંથી ઉદ્ધરણ.)

"The wealthy and important State of Bhavnagar is administered according to the laws of Bhavnagar by Mr. Percival, C.S., and Azam Gowrishankar Udeyshankar during the minority of the Thacore Takhtsingji now aged 15. It is most essential that one of every pair of Joint Administrators should be an old and faithful servant of the State, and Bhavnagar is fortunate in possessing an old minister of long-tried sagacity and patriotism. The administration is very prosperous, and the report of the Administrators tells of many judicious reforms and excellent public works. Bhavnagar has long been served by able men, and is generally more advanced than any state in the Province. There are no Barvatias, nor have any of its villages been plundered in 1872-73. The report sketches the system of Foujdars, Dappedars, District and Town Police, and states that Mukhies have been appointed in 1872-73 from the Patels in every village of the State."

"ઠાકોર સાહેબ તખ્તસિંહજી જેમની ઉમર હાલ ૧૫ વર્ષની છે તેમની બાલ્યાવસ્થાને લીધે મિ. પર્સિવલ અને આજમ ગૌરીશંકર ઉદયશંકર ભાવનગરના આબાદ અને મહત્ત્વવાળા સંસ્થાનનો ભાવનગરના કાયદાપ્રમાણે કારભાર કરે છે. અગત્યની બાબત એ છે કે સંયુક્ત કારભારીઓમાં એક તો રાજ્યનો જૂનો અને નિમકહલાલ સેવક અધિકારી જોઇએ, અને ભાવનગરને લાંબા અનુભવની નિરીક્ષણબુદ્ધિવાળા અને સ્વદેશાભિમાની જૂના દીવાન મળેલા છે એ બાબતમાં એ સંસ્થાન ખરેખર બહુ ભાગ્યશાળી છે. રાજકારભાર વર્ધમાન અને ઉન્નત સ્થિતિમાં છે અને સંયુક્ત કારભારીઓ રાજ્યમાં યોગ્ય સુધારા અને ઉત્તમ જાહેરકામો-બાબત પોતાના રીપોર્ટમાં લખે છે. ભાવનગરમાં લાંબા વખતથી કુશલ અને સમર્થ પુરુષો નોકરી કરતા આવ્યા છે અને સાધારણ રીતે આખા ઇલાકાના કોઇ પણ સંસ્થાન કરતાં તે આગળ વધેલું છે. ત્યાં બિલકુલ બહારવટિયા નથી એટલું જ નહિ પણ સને ૧૮૭૨-૭૩ માં તેનાં ગામડાનો કોઇ પણ રહીશ લૂટાયો

નથી. ફોજદાર, દફેદાર, ડિસ્ટ્રિક્ટ અને શહેર પોલીસના બંધારણ વિષે રીપોર્ટમાં હકીકત દર્શાવેલી છે, અને સંસ્થાનના દરેક ગામડામાં પટેલોમાંથી સને ૧૮૭૨–૭૩ માં મુખીઓની નીમણોક કરવામાં આવ્યાબાબત પણ લખાયું છે."

(સને ૧૮૭૩માં પીલ સાહેબે કરેલા રીપોર્ટમાંથી ઉદ્ધરણ.)

"This State (Bhavnagar) continues to flourish under the careful administration of Mr. Percival and Azam Gowrishankar Udeyshankar."

"આ સંસ્થાન (ભાવનગર) મિ. પર્સિવલ અને આઝમ ગૌરીશંકર ઉદયશંકરના સાવધાન કારભાર નીચે આબાદ થતું જાય છે."

(સને ૧૮૭૭ માં પીલ સાહેબે કરેલા રીપોર્ટમાંથી ઉદ્ધરણ.)

"The young Chief of this fine principality, Takhtsingji, succeeded his valued minister, Gowrishankar Udeyshankar, as Joint Administrator at the commencement of the year under report, the latter reverting to his former position as Minister."

"ચાલતા રીપોર્ટના વર્ષની શરૂઆતમાં આ રાજ્યના યુવાન્ મહારાજાશ્રી તખ્તસિંહજી તેમના બહુસંમત દીવાન ગૌરીશંકર ઉદયશંકરની જગાએ સંયુક્ત કારભારમાં દાખલ થયા, અને આઝમ ગૌરીશંકર ઉદયશંકરે દીવાન તરીકેનો પોતાનો અસલ અધિકાર ધારણ કર્યો."

(સને ૧૮૭૯ના ફેબ્રુઆરી માસની ૨૭ તારીખના મુંબઈ સરકારના વાર્ષિક રીપોર્ટમાંથી ઉદ્ધરણ.)

"As the Thakore Saheb was vested with sole authority on the 5th of April last, the Joint Administration has come to an end. It has lasted for eight years, during six of which Mr. Percival was the member appointed on the part of the British Government. The representative of the Bhavnagar State was the able and experienced minister, Mr. Gowrishankar Udayshankar,

C.S.I., until last year, when his place was taken by the Thakore Saheb himself. To Mr. Percival and Mr. Gowrishankar the acknowledgments of Government are due for the complete success with which the new and delicate experiment of a Joint Administration has been worked."

"ઠાકોર સાહેબને સ્વતંત્ર અધિકાર તા. ૫ મી એપ્રિલ સને ૧૮૭૮ ના રોજ મળ્યો તેથી સંયુક્ત કારભાર બંધ થયો છે. એ કારભાર આઠ વર્ષ ચાલ્યો, જેમાં છ વર્ષ સુધી સરકાર તરફથી મિ. પર્સિવલ સાહેબ મેમ્બર હતા, અને ભાવનગર સંસ્થાન તરફથી ત્યાંના પ્રવીણ અને પ્રતિષ્ઠિત પ્રધાન રા. રા. ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઇ., ગઇ સાલ સુધી હતા. ગઈ સાલમાં તેમની જગોએ ઠાકોર સાહેબ પોતે દાખલ થયા. સંયુક્ત કારભારની પદ્ધતિ નવીન અને બારીક છતાં મિ. પર્સિવલ સાહેબ તથા રા. રા. ગૌરીશંકરે જે સંપૂર્ણ કાર્યસિદ્ધિપૂર્વક કામ ચલાવ્યું છે તેમને માટે સરકાર તેમને ધન્યવાદ આપે છે."

(સને ૧૮૭૯ ના જાનેવારી ૨૩ મે વિલાયતથી સ્ટેટ સેક્રેટરી સાહેબનો ઠરાવ.)

"સંસ્થાન ભાવનગરનો રાજકારભાર હાલમાં ત્યાંના ઠાકોર સાહેબને સોંપેલો છે, તોપણ તેમની સગીર ઉમરમાં આ મોટા સંસ્થાનનો રાજકારભાર સંયુક્ત કારભારીઓએ જે રીતે ચલાવ્યો છે, અને જેને માટે આપે (મુંબઇ સરકારે) તેમને ધન્યવાદ આપ્યો છે તે સાથે અમે મળતા છીએ. ઠાકોર સાહેબના ગુણ અને સ્વભાવવિષે મુંબઇ સરકારનો આવો સારો અભિપ્રાય જોઈ અમે ખુશી થયા છીએ, અને મુંબઈ સરકારે જેવી રીતે આશા બતાવી છે કે તેમના રાજકારભારથી તેમની વસતિને સુખ થશે તથા તે કારભાર કાઠિયાવાડમાં બીજા રાજાઓને દૃષ્ટાન્તરૂપ થઈ પડશે તે જ પ્રમાણે અમે પણ બધી રીતે આશા રાખીએ છીએ."

૧૮૭૮ ના જુલાઈ માસના *Nineteenth Century* (નાઈન્ટીન્થ સેન્ચરી) નામના માસિકમાં "Protected princes of India" (હિંદુસ્તાનના રક્ષિત રાજાઓ) એ નામના લેખમાં પાર્લામેન્ટના મેમ્બર સર ડેવિડ વેડર્બર્ન લખે છે કે :—

"Perhaps the most successful of all arrangements has been that of "Joint Administrators," such as was adopted by the Bombay Government for the State of Bhavnagar. Here a member of the Civil Service was appointed to administer the State during a minority, in connection with a Brahman of high character and great experience, the minister of a former Chief. These two administrators exercised jointly the same powers as had been exercised by the late Thakor; a happy blending of European and Native ideas was accomplished, whereby local opinion was in unison with many reforms which appeared desirable from an English point of view; while in other case the danger was avoided of injuring the people by energetic endeavours to do them good against their will. The native minister, thoroughly understanding his own countrymen, kept his European colleague clear of the besetting error of forcing on changes, beneficial in themselves but premature."

"ભાવનગર સંસ્થાનમાટે મુંબઈ સરકારે સંયુક્ત કારભારની જે પદ્ધતિ સ્થાપી તે બધી વ્યવસ્થાઓમાં અત્યંત વિજયી નીવડી છે. આ સંસ્થાનમાં રાજાની સગીર અવસ્થાપર્યન્ત રાજ્યવ્યવસ્થાઅર્થે સિવિલ સર્વિસના અધિકારીને નીમવામાં આવ્યા હતા, અને તેમની સાથે ઉચ્ચશીલ તથા વિશાલ અનુભવવાળા એક બ્રાહ્મણ, કે જે પૂર્વ રાજાના પ્રધાન હતા, તેમને યોજવામાં આવ્યા હતા. સ્વર્ગવાસી મહારાજા જે સત્તાનો અમલ કરતા હતા તે સત્તા આ બે કારભારીઓ એકત્ર રહી વાપ-

રતા હતા. આ પ્રમાણે સ્વદેશી અને પરદેશી વિચારોનું યોગ્ય મિશ્રણ સિદ્ધ થયું, જેથી કરીને લોકરુચિ ઇંગ્રેજી વિચારપ્રમાણે યોગ્ય લાગતા ઘણા સુધારાઓને અનુકૂલ થઈ, અને અન્ય પક્ષે લોકોની મરજી ઉપરાંત તેમનું ભલું કરવાના ઉત્સાહપૂર્વક પ્રયત્નથી પ્રજાજનને નુકસાન થવાનું જોખમ દૂર થયું. દેશી પ્રધાન કે જેઓ પોતાના સ્વદેશીઓને સારી પેઠે પીછાનતા હતા તેઓ પોતાના યુરોપિયન સહાયકને, લાભકર પણ અકાલ સુધારાઓ બલાત્કારે કરવાની સામાન્ય ભૂલથી નિવારતા."

સર વિલિયમ હન્ટર "લૉર્ડ મેયોનું જીવનવૃત્તાન્ત" એ નામના ગ્રંથમાં લખે છે કે:—

"An experienced minister and a picked member of the Civil Service were selected by the Bombay Government as its joint rulers, and they quickly converted it into a model of prosperity and firm administration."

"મુંબઈ સરકારે ભાવનગર સંસ્થાનના સંયુક્ત નિયામક-તરીકે એક અનુભવી દેશી પ્રધાનને તથા સિવિલ સાર્વિસના ચુંટી કાઢેલા અધિકારીને પસંદ કર્યા, અને તેઓએ એ રાજ્યને સમૃદ્ધિ અને દૃઢ વ્યવસ્થાના દૃષ્ટાંતરૂપ સત્વર બનાવી લીધું."

પ્રકરણ ૯.

કેળવણી, ટપાલવગેરે સંકીર્ણ વિષયો.

સી. એસ. આઇ.નો ખિતાબ.

કેળવણી—કાઠિયાવાડ પ્રાંતમાં કેળવણીનો ઇતિહાસ—રા. રા. ગૌરીશંકરનું અગ્રેસરપણું—સ્ત્રીકેળવણી—કેળવણી અને કીટિંજ સાહેબ—કેળવણીનો વિસ્તાર—ટપાલ—રા. રા. ગૌરીશંકરે સૂચવેલી સરલ વ્યવસ્થા—દ્વેષીઓનો પરાજય—અફીણ—ભાવનગર રાજ્યની વફાદારી—અફીણબાબત સરકારનો પગપેસારો—મીઠું—સને ૧૮૧૬ નો ૧૯ મો આક્ટ—મીઠાબાબત સરકારનું વચમાં પડવું—રાજસ્થાનો સાથે મીઠાસંબંધી કરાર—રા. રા. ગૌરીશંકર, સી. એસ. આઈ.—રાજકોટમાં દરબાર—પીલ સાહેબનું ભાષણ—રા. રા. ગૌરીશંકરનું ઉત્તર.

પ્રાચીન કાલમાં વ્યવહારસાધક અને પરમાર્થસાધક વિદ્યાઓ તથા શાસ્ત્રોનું જે પ્રાબલ્ય અને તેના અધ્યયનમાં લોકોની જે અભિરુચિ તે કાલના અસંખ્યાત ગ્રન્થોથી જોવામાં આવેછે તેનું પ્રધાન કારણ વિદ્યારક્ષક શાસ્ત્રીય ગુરુશિષ્યસંપ્રદાય હતો. કાલાન્તરે દેશની અવ્યવસ્થાનું બીજ રોપાયું, રાજ્યકર્તાઓ શાસ્ત્રવિમુખ થવા લાગ્યા, અને વિદ્યાનું મૂલ્ય ઘટતું થતું ગયું. વિરલ વિદ્યાલયો હતાં તે વિદ્યોપજીવી બ્રાહ્મણવર્ગમાં વિદ્યાપ્રસારક થતાં; બાકી સામાન્ય પ્રજા વિશેષે કરીને અભણ હતી.

કેળવણી.

મુસલમાન રાજ્યની સ્થાપના હિંદુસ્તાનમાં થતાં લોકોની અભિરુચિનો નવીન પ્રવાહ પ્રતીત થયો. રાજભાષા ફારસીના અધ્યયનાર્થ પ્રજાજનોમાં અપૂર્વ વેગ જણાયો, અને

વ્યવહારસાધક તે ભાષાના જ્ઞાન પછી, સ્વકીય અથવા પરકીય, અપર ભાષાના પરિચયમાટે લોકોમાં ઉત્સાહ શેષ રહેલો જણાતો નહિ. આર્યવિદ્યાને સંમાનનીય ગણનાર અકબર જેવા કોઇક જ રાજા આ નિયમના અપવાદરૂપ હતા. અર્થાત્ તે વિદ્યાવિનિપાતસમયમાં ગામઠી નિશાળમાં આંક, કક્કો, બારાખડી, લેખનવાચન, દેશીલેખાં, નામું વગેરેનું જે જ્ઞાન અપાતું તે કરતાં સામાન્ય પ્રજાનું ઉચ્ચતર લક્ષ્ય હતું નહિ.

જ્યારે સાધારણ રીતે દેશની આવી સ્થિતિ હતી ત્યારે ખૂણા ઉપર આવેલા કાઠિયાવાડ પ્રાંતમાં ઘોર અજ્ઞાનાંધકાર વ્યાપી રહ્યો હોય એ આશ્ચર્ય નથી. શિક્ષણના પ્રકાશથી એ અંધકાર દૂર કરવાનો ધન્યવાદ આપણી આધુનિક સાર્વભૌમ સત્તાને ઘટે છે.

કાઠિયાવાડ પ્રાંતમાં કેળવણીનો ઇતિહાસ.

બ્રિટિશ સરકારની સત્તા કાઠિયાવાડ પ્રાંતમાં સુદૃઢ થયા પછી સને ૧૮૪૬ માં એવો ઠરાવ કરવામાં આવ્યો કે કાઠિયાવાડમાં કેળવણી આપવાના ખરચમાં સરકાર પોતાની ખંડણીમાંથી એક ટકો આપે, અને બાકીનાં નાણાં રાજસ્થાનો આપે. આ વ્યવસ્થા રાજસ્થાનોને રુચી નહિ, તેમ જ વિલાયતમાં નામદાર ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ડિરેક્ટર સાહેબોને પણ પ્રતિકૂલ જણાઇ તેથી તેનો અમલ થયો નહિ. ત્યાર પછી ૧૮૫૨ સુધી કેળવણીનિમિત્ત વિવિધ પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ કેળવણીના લાભોના અજ્ઞાનવાળા લોકોના અલક્ષને લીધે તેનું ફલ થયું નહિ.

૧૮૫૩ માં કર્નલ લેંગ સાહેબ પોલિટિકલ એજંટ હતા તેમની આગ્રહપૂર્વક સૂચનાથી સંસ્થાનોની રાજધાનીમાં ગુજરાતી શાળાઓ સ્થાપવામાં આવી, અને તેના સમસ્ત ખરચની દેખરેખ માટે એક મંડલ (કમિટી) નીમવામાં આવ્યું. ઇંગ્રેજી કેળવણી માટે એક શાલા રાજકોટમાં સ્થાપવામાં આવી, જે રાજસ્થાનોના સમસ્ત આશ્રયથી ચાલતી. તેના ઉપરિ રા. બ.

ભોગીલાલ પ્રાણવલ્લભદાસ ભણાવવાનું કામ કરવા ઉપરાંત કાઠિયાવાડ પ્રાંતની બધી નિશાળોની પરીક્ષાનું કામ કરતા.

રા. રા. ગૌરીશંકરનું અગ્રેસરપણું.

ભાવનગરમાં સ્થપાયલી ગુજરાતી શાલા પ્રથમ લોકોમાં વિવિધ વૃત્તિનો ઉદય કરનાર થઈ. પરંતુ ગ્રામ્ય શાલામાં શિક્ષણ પામેલા છતાં રાજ્યનાં સર્વ હિતકર કાર્યો કરવામાં તેમ જ કહેણીપ્રમાણે કરણી રાખવામાં પ્રવીણ રા. રા. ગૌરીશંકરનું અગ્રેસરપણું આ બાબતમાં પણ પૂર્ણ રીતે જણાયું. અજ્ઞ માતાપિતાઓને દૃષ્ટાન્ત આપવા અર્થે તેમણે પોતાના પુત્રોને એ નિશાળમાં મોકલ્યા, અને પ્રતિવર્ષ નવીન શાલાઓ સ્થાપવાનો ઉપક્રમ કર્યો.

સને ૧૮૫૬ માં મુંબઈના નામદાર ગવર્નર લૉર્ડ એલ્ફિન્સ્ટન સાહેબે કાઠિયાવાડની મુલાકાત લીધી. તેઓની સાથે ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન મિ. અર્સ્કિન સાહેબ, જેઓ પાછળથી મુંબઈ સરકારની ધારાસભાના સભાસદ્ થયા, તેઓ હતા. ગવર્નર સાહેબ, મિ. અર્સ્કિન સાહેબ, પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબ, તથા તે વખતના ગુજરાત પ્રાંતના પ્રવીણ ઇન્સ્પેક્ટર મિ. હોપ સાહેબ (પાછળથી સર ટી. સી. હોપ)–એ કુશલ નરચતુષ્ટયના ઉત્સાહને લીધે આખા કાઠિયાવાડમાં, અને વિશેષે કરીને ભાવનગરમાં, કેળવણીને અપૂર્વ ઉત્તેજન મળ્યું.

શિહોર મુકામે મોસુફ ગવર્નર સાહેબે મહારાજા શ્રીજશવંતસિંહજી તથા તેમના કુશલ પ્રધાન રા. રા. ગૌરીશંકરને ભાવનગરમાં ઇંગ્રેજી શાલા સ્થાપવાની સલાહ આપી. તે ઉપરથી રા. રા. ગૌરીશંકરે મહારાજાશ્રીને તેના લાભ સમજાવી સુદૃઢ પાયા ઉપર એક તેવી શાલા દરબારખરચે સ્થપાવી. એ શાલાના મુખ્ય શિક્ષકતરીકે સુરતના નાગર બ્રાહ્મણ રા. પ્રાણનારાયણ મયાશંકર, જેઓ અમદાવાદની સ્કુલના આસિસ્ટંટ માસ્ટર હતા, તેમને નીમવામાં આવ્યા, અને નિશાળ ઉપર સરકારી

કેળવણી ખાતાના અધિકારીઓની દેખરેખ રહેતી. ભાવનગરનું કેળવણીખાતું અંકુરાવસ્થામાં છતાં રા. રા. ગૌરીશંકર તે ઉપર એટલું લક્ષ આપતા કે ૧૮૫૫-૫૬ ની સાલના કેળવણી ખાતાના રીપોર્ટમાં હોપ સાહેબ લખે છે કે:—

"Much interest in education is taken by his (the Thakor's) chief Karbhari, Gaurishankar Uday-shankar."

"ઠાકોર સાહેબના મુખ્ય કારભારી રા. રા. ગૌરીશંકર ઉદયશંકર કેળવણીની બાબત ઉપર બહુ લક્ષપૂર્વક પ્રીતિ ધરાવે છે."

સ્ત્રીકેળવણી.

ભાવનગરસંસ્થાનના મહુવા, કુંડલા, બોટાદ અને તળાજા મહાલોમાં નિશાળો થોડા સમયમાં સ્થપાઈ એટલું જ નહિ, પણ ભાવનગર શહેરમાં સ્ત્રીશિક્ષકના હાથનીચે સ્ત્રીકેળવણીનું બીજ રોપાયું. કન્યાઓની કેળવણીબાબત એક પક્ષે લોકોના વહેમ અને બીજે પક્ષે સર્વ દેશી સુધારામાં રા. રા. ગૌરીશંકરના અગ્રેસરપણાવચ્ચે યુદ્ધ ચાલ્યું. તેમાં આખરે લોકોના વહેમનું ખંડન થયું. કન્યાશાળાનો અંત અવલોકવા લોકો તલપી રહ્યા હતા, પરંતુ રા. રા. ગૌરીશંકર, રા. સામલદાસ, તથા રા. છગનલાલ જેવા પ્રતિષ્ઠિત નાગર ગૃહસ્થોએ પોતાનાં ગૃહની કન્યાઓને કન્યાશાલામાં શિક્ષણાર્થ મોકલી, લોકોના વહેમનું ઉત્સાહમાં રૂપાન્તર કરી, "यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः" એ શ્રીગીતાના સિદ્ધાન્તનું સત્યત્વ પ્રયોગ-સિદ્ધ કરી આપ્યું. સ્ત્રીકેળવણી ઉપર કર્નલ લેંગ સાહેબ એટલું બધું ધ્યાન આપતા કે તેઓએ રાજકોટમાં પોતાના ખાનગી ખરચથી એક કન્યાશાલા ઉઘાડી ચલાવવા માંડી હતી, અને તેઓ પેન્શન લઈ વિલાયત ગયા ત્યાંસુધી તેનો ખરચ પોતે જ

આપતા.* રા. રા. ગૌરીશંકરના સ્ત્રીકેળવણી બાબત સોત્સાહ ખંતનાં આવાં સ્તુત્ય કૃત્યો જોઈ તેઓ બહુ પ્રસન્ન થતા. તા. ૨૫ મી નવેંબર ૧૮૫૯ ના પોતાના રીપોર્ટમાં કાઠિયાવાડના પોલિટિકલ એજંટ સાહેબ લખે છે કે—

"In Bhavnagar the liberality of the Durbar in building and improving school-houses has already excited the approbation of Government."

"ભાવનગરમાં નિશાળોનાં મકાન બંધાવવામાં અને સમરાવવામાં દરબારના ઔદાર્ય ઉપર સરકાર પોતાની અભિનન્દનની લાગણી દર્શાવી ચુકયા છે."

ભાવનગર કન્યાશાલાનાં લેડી સુપરિન્ટેન્ડન્ટ મિસ બ્રુક પોતાના તા. ૨૩ નવેંબર ૧૮૯૮ ના રીપોર્ટમાં તે શાલાનો ઇતિહાસ આબેહુબ ચિતારસહિત આપતાં રા. રા. ગૌરીશંકરની નીચે પ્રમાણે પ્રશંસા કરે છે:—

"Prejudice against Female Education in those days was much stronger and more invincible than we can have any idea now......Parents feared sending their daughters to school, lest by departing from all the accepted ideals of the seclusion of women they brought down upon them the dreaded and awful doom of widowhood ! History repeats itself here as elsewhere, in the fact that with the need arises the man specially fitted to cope with special circumstances. In this instance Mr. Gaurishankar Udeyshankar, C. S. I., the Dewan of His Highness Jasvantsinhji, a man of versatile parts and of more than local celebrity, was instrumental in bringing to His Highness'

* લેંગસાહેબના સ્મરણાર્થે કાઠિયાવાડના રાજાઓ તથા સંભાવિત ગૃહસ્થો તરફથી એકઠા કરવામાં આવેલા ફંડમાંથી રૂ. ૫,૫૦૦) આ કન્યાશાલામાટે જુદા કાઢવામાં આવ્યા હતા.

notice the growing need of introducing Female Education. A student of the Vedas, he had pondered upon the many brilliant examples therein of women as wise as they were virtuous ; and his mind ever eager for reform, for progress, had realised that what had been might once again be; that the women of India might, as in the ancient times before the Mahomedan invasion had thrust them back to seclusion and ignorance, take their proper place among the nations. Any way he determined to try Napoleon's famous advice. "Educate the future mothers of the country if you wish the land to prosper," seems to have made a very deep impression upon the mind of Mr. Gaurishankar. And so, in due time, with His Highness' concurrence, some rooms were engaged next door to his own house for the greater facility of constant supervision, the service of a female teacher secured, and nothing was wanted to start the school, nothing except the pupils! Mr. Gaurishankar, equal to every occasion, gathered from his own family and those of his relations about 10 Nagar girls, his own two daughters, aged 8 and 10 years respectively, being of the number. One can imagine the opposition he had to contend against, and how his bitterest "foes" were "those of his own household." However he carried the day, and with tact and persuasion induced some of the chief merchants of the place to allow their daughters to join, thus making up a small nucleus of about 25 children. At this juncture he made a bold request to His Highness, *viz.*, that His Highness should permit his own daughter, the Kunvari Shri Gagooba, a little lady of six years old, to attend the opening ceremony. His Highness readily consented, but the Rani Saheb had to be interviewed. This Mr.

Gaurishanker, accompanied by his son, did, and though many obstacles were placed in the way of granting the request, consent was at last obtained. On the day fixed for the opening of the Girls' School a splendid procession, such as one sees at the Balev Festival, proceeded from the old Darbar Palace to the school building."

"તે વખતમાં સ્ત્રીકેળવણીસંબંધી લોકોનો વહેમ એટલો બધો મજબુત અને અજિત હતો કે હમણાં આપણે તેનો ખ્યાલ પણ કરી શકીએ નહિ....સ્ત્રીઓને પડદામાં રાખવાના પરંપરાગત રિવાજને તોડી આપણે આપણી દીકરીઓને નિશાળે ભણવા મોકલીશું તો તેમના ઉપર વૈધવ્યરૂપ ભયંકર આપત્તિ આવી પડશે એમ ધારી માબાપ પોતાની છોકરીઓને નિશાળે ભણવા મોકલતાં ડરતાં હતાં! અસાધારણ સંયોગો સાથે બાથ ભીડી શકે એવા માણસની જ્યારે જરૂર પડે છે ત્યારે તેવા માણસનો પ્રાદુર્ભાવ થાય છે એ ઐતિહાસિક સિદ્ધાન્ત જેમ બીજે પ્રસંગે ખરો પડે છે તેમ આ પ્રસંગે પણ ખરો પડ્યો. પ્રસ્તુત પ્રસંગમાં મહારાજા શ્રીજશવંતસિંહજીના દીવાન રા. રા. ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ., જેઓની બુદ્ધિ બહુદેશી છે, અને જેમની કીર્તિનો પ્રસાર માત્ર ભાવનગરમાં જ નથી, તેઓ સ્ત્રીકેળવણીને દાખલ કરવાની વધતી જતી જરૂરિયાત મહારાજાશ્રીના ધ્યાન ઉપર લાવવામાં સાધનભૂત થયા. વેદના અભ્યાસી હોઇ તેઓએ, તેમાં વર્ણેલી ઉત્તમ સદ્‌ગુણ તથા શાણપણવાળી સ્ત્રીઓનાં ચરિતનું મનન કર્યું હતું, અને સુધારા તથા દેશોન્નતિબાબતમાં નિરંતર ઉત્સાહ ધરાવતા તેમના મનને સમજાયું કે 'સ્ત્રીઓની પૂર્વે જે સ્થિતિ હતી તેવી પુનઃ થવાનો સંભવ છે; અને મુસલમાન હુમલાએ તેમને હોજલપડદા તથા અજ્ઞાનમાં મગ્ન કર્યા પૂર્વે સ્ત્રીઓ દુનિયાની પ્રજાઓ મધ્યે જે માનનીય પદવી ભોગવતી હતી તેવી પદવી પુનઃ તેઓ ભોગવવાને શક્તિમાન્ છે.' ગમે તેમાં થાય તોપણ નેપોલિયનની પ્રખ્યાત સલાહ અજમાવી જોવાનો

તેમણે નિશ્ચય કર્યો. 'જો તમારે દેશ સુધારવો હોય તો તેની ભવિષ્ય માતાઓને કેળવો' એ નેપોલિયનના વચને રા. રા. ગૌરીશંકરના મન ઉપર પ્રબલ અસર કરેલી હોવી જોઇએ. અને તેથી થોડા વખત પછી મહારાજાશ્રીની સંમતિ મેળવી રા. રા. ગૌરીશંકરે, નિરંતર દેખરેખ રાખવાની વિશેષ સુગમતાના કારણથી, પોતાના ઘરની પાસે કેટલાક ઓરડા ભાડે રાખ્યા, એક સ્ત્રી શિક્ષકની નીમણોક કરી, અને નિશાળ ચલાવવામાં હવે કશું બાકી રહ્યું ન હતું, માત્ર ભણનારી છોકરીઓ જ બાકી હતી! દરેક પ્રસંગને પૂરા પડવાવાળા રા. રા. ગૌરીશંકરે પોતાના તથા પોતાના સગાનાં કુટુંબમાંથી આસરે ૧૦ નાગર છોકરીઓ ભેગી કરી, જેમાં ૮ અને ૧૦ વર્ષની એમની પોતાની બે દીકરીઓ હતી. રા. રા. ગૌરીશંકરને જે વિરોધસામા લડવું પડ્યું હશે તથા એમના પોતાના કુટુંબીઓએ જે અત્યંત તીવ્ર પ્રતિકૂલતા દર્શાવી હશે તે કોઇ પણ સહજ કળી શકશે. તોપણ તેમણે જીત મેળવી, અને ચાતુર્યે તથા અનુનયથી ભાવનગરના કેટલાક મુખ્ય શેઠિયાઓને પોતાની છોકરીઓને નિશાળે ભણવા મોકલવા તેઓએ સમજણ પાડી. આ પ્રમાણે આસરે ૨૫ છોકરીની સ્વલ્પ સંખ્યાથી ભાવનગરમાં સ્ત્રીશિક્ષણનો પાયો નખાયો. આ પ્રસંગે તેઓએ મહારાજાશ્રીને એવી વિનંતિ કરવાની હીમત ભીડી કે તેઓએ પોતાનાં છ વર્ષનાં દીકરી કુંવરી શ્રીગગુબાને કન્યાશાલા ખુલ્લી મૂકવાની ક્રિયાવખતે હાજર થવા દેવાં જોઇએ. મહારાજાશ્રીએ તરત હા પાડી, પરંતુ રાણી સાહેબની મુલાકાત લેવી જરૂરની હતી. પોતાના પુત્ર રા. વિજયશંકરની * સાથે રા. રા. ગૌરીશંકરે એ મુલાકાત પણ લીધી,

---

* ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેકટર મિ. રીચી સાહેબે સને ૧૮૯૦ માં ભાવનગર સંસ્થાનની સરકારી નિશાળો તપાસી હતી. તા. ૧૦ જાનેવારી ૧૮૯૧ના રીપોર્ટમાં તેઓ રા. વિજયશંકરની નીચે પ્રમાણે પ્રશંસા કરે છે:—

"અહિં મહુવામાં છોકરીઓની નિશાળની પરીક્ષા લઈ અમે ઘણા જ ખુશી થયા છીએ. એ છોકરીઓનો જમાવ કરવા મહેતાજીને શાબાશી ઘટે છે. પણ વિશેષ શાબાશી વહીવટદાર આજમ વજેશંકરને આપવી જરૂરની છે; સબબ કે બંને નિશાળોને પૈસાથી તથા જાતમહેનતથી મદદ કરવામાં તેઓ કોઇ દિવસ ચુકતા નથી."

અને એ વિનંતિ સ્વીકારવામાં અનેક પ્રકારની અડચણો આવ્યા છતાં, આખરે તેમની પણ સંમતિ મેળવવામાં આવી. કન્યાશાલા ખુલ્લી મૂકવાના દિવસે, બળેવના ઉત્સવઉપર જેવો ભવ્ય વરઘોડો નીકળે છે તેવો જૂના દરબારગઢથી કન્યાશાલાએ નીકળ્યો."

આ પ્રમાણે સને ૧૮૬૫ સુધીમાં કાઠિયાવાડમાં એકંદરે ૫૫ નિશાળો હતી, જેમાં ભાવનગર સંસ્થાનના આંકડા નીચે પ્રમાણે છે:—

ઇંગ્રેજી નિશાળ ભાવનગર શહેરમાં	૧
ગુજરાતી નિશાળ એકંદર	૭
કન્યાશાલા	૪
	૧૨

બોર્ડ ઓફ એજ્યુકેશન*ની સલાહથી કાઠિયાવાડમાં કેળવણીખાતાને સારા પાયા ઉપર મૂકવા માટે એક સભા સ્થાપવામાં આવી હતી, તેના અધ્યક્ષપદે પોલિટિકલ એજંટ સાહેબ હતા, અને રાજસ્થાનોના કારભારીઓ, સરકારી તથા રજવાડાના અમલદારો સભાસદ્ હતા.

કેળવણી અને કીટિંજ સાહેબ.

૧૮૬૩ માં કર્નલ કીટિંજ સાહેબ પોલિટિકલ એજંટના અધિકાર ઉપર આવ્યા તેમણે કેળવણી બાબત પ્રથમ સુધારો એ કર્યો કે, રાજકોટની ઇંગ્રેજી શાળા ભણાવવાનું તથા કાઠિયાવાડ પ્રાંતની નિશાળો તપાસવાનું જે કામ એક પુરુષને શિર રહેતું તેના વિભાગ કરવામાં આવ્યા. આ નવીન પદ્ધતિપ્રમાણે પ્રવીણ રા. પ્રાણલાલ મથુરાદાસની ડેપ્યુટી ઇન્સ્પેક્ટરતરીકે પ્રથમ નીમણોક થઈ. થોડા સમય પછી તેઓ એંક ખાતામાં જવાથી તેમની જગો રા.

* બોર્ડ ઓફ એજ્યુકેશનના વખતમાં ભાવનગરમાં દરબારના ખરચથી પહેલવહેલી નિશાળ સ્થાપવામાં આવી હતી.

ગોપાળજી સુરભાઈ દેશાઇને આપવામાં આવી. તેમના સમયમાં બીજો સુધારો એ કરવામાં આવ્યો કે કાઠિયાવાડ પ્રાંતની નિશાલો સમસ્ત ફંડથી ચાલતી હતી તે રીતિ બંધ પાડવામાં આવી, અને સંસ્થાનોના અધીશો પોતપોતાના ખરચથી પોતાની નિશાળોનો નિર્વાહ કરવા લાગ્યા. ઉંચા પ્રકારની કેળવણી આપવામાં તથા પ્રાંતની નિશાળોની દેખરેખના ખરચમાં સમસ્ત ફંડ ત્યારથી વપરાવા લાગ્યું, અને કેળવણી ખાતાના નોકરોના પેનશન માટે એક નવીન ફંડ ઉઘાડવામાં આવ્યું.

ત્યાંસુધી, વિદ્યાર્થીઓને જે શિક્ષણ આપવામાં આવતું હતું તેના બદલામાં કશી ફી લેવામાં આવતી હતી નહિ, પણ કર્નલ કીટિંજ સાહેબનો આગ્રહ ફી લેવા સંબંધે થયો. સંસ્થાનોના કારભારીઓ કે જે પ્રજાશિક્ષણને એક નિરપેક્ષ રાજધર્મરૂપો સમજતા હતા તેઓએ ફી સંબંધી મોટો વિરોધ દર્શાવ્યો, તે ઉપરથી કીટિંજ સાહેબને ભારે અપ્રસન્નતા થઈ, અને પોતાના અધ્યક્ષપદનું રાજીનામું આપવાની ઇચ્છા તેઓએ સરકારમાં જણાવી. કેળવણીના લાભમાં સરકારે તેમનું યોગ્ય રીતે સાન્ત્વન કર્યું. આખરે પ્રત્યેક વિદ્યાર્થી પાસેથી એક આનાની ફી લેવાનો ઠરાવ કરવામાં આવ્યો. એ ફીની ઉપજમાંથી અર્ધભાગ ઉપર કહેલા મહેતાજીઓના પેનશન ફંડમાં, તથા અર્ધ ઇનામ, સામનવગેરે ખરચમાં વાપરવામાં આવતો.

સમય જતાં નિશાળોની સંખ્યામાં વૃદ્ધિ થવાથી તપાસણીનું કામ એક પુરુષમાટે કઠિન અને દુષ્કર જણાવા લાગ્યું. તેથી ૧૮૭૭ સુધીમાં ચાર સબ ડેપ્યુટી ઇન્સ્પેકટરોની નીમણોક થઈ, અને ફીની ઉપજ પેટે પેનશન ફંડના બે વિભાગ કરી એક વિભાગની વ્યવસ્થા તપાસણીકામના ખરચ માટે કરવામાં આવી.

રા. ગોપાળજી સુરભાઇ કહેતા કે "કાઠિયાવાડ પ્રાંતમાં ભાવનગર પૂર્વ દિશામાં છે, સૂર્ય પૂર્વ દિશામાં ઉગે છે તેમ કેળવણીખાતાનો સૂર્ય પ્રથમ ભાવનગરમાં ઉદય પામેલો છે." તેમના તરફથી કેળવણીસંબંધી જે જે હિતકર સૂચનાઓ થતી તેનો

અમલ ભાવનગર સંસ્થાનમાં કરવામાં રા. રા. ગૌરીશંકર તરફથી વિલંબ થતો નહિ. પૂર્વ પ્રાંત (ગોહિલવાડ પ્રાંત) ની કમિટીની પ્રત્યેક બેઠકમાં રા. રા. ગૌરીશંકર પોતાના જ્યેષ્ઠ પુત્ર રા. વિજયશંકરને પોતાના પ્રતિનિધિરૂપે મોકલતા.

કેળવણીનો વિસ્તાર.

૧૮૭૧ માં મહુવા, શિહોર, કુંડલા, બોટાદ અને તળાજા એ પાંચ પરગણાની નિશાળોને "સેકન્ડ ગ્રેડ એંગ્લો વર્નાક્યુલર સ્કુલ"ના પાયા ઉપર મૂકવામાં આવી અને પ્રત્યેકમાં ઇંગ્રેજી ભણાવનાર શિક્ષકના હાથતળે એક અથવા બે ઇંગ્રેજી વર્ગો કાઢવામાં આવ્યા. આ પ્રકારની વ્યવસ્થાથી એ પાંચ નિશાળો ભાવનગરની મુખ્ય ઇંગ્રેજી નિશાળની શાખારૂપ થઈ પડી. અને તેમાં આરંભક ઇંગ્રેજી કેળવણી પામેલા વિદ્યાર્થીઓ પોતાનો ઇંગ્રેજી અભ્યાસ વધારવા અર્થે ભાવનગરમાં જવા લાગ્યા. સને ૧૮૭૦–૭૧ સાલના વાર્ષિક રીપોર્ટમાં આસિસ્ટંટ પોલિટિકલ એજંટ સાહેબ લખે છે કે :—

"Bhavnagar has always been forward in spreading education within its limits, and it has largely reaped the good fruits of so wise a measure."

"પોતાના મુલકમાં કેળવણીનો પ્રસાર કરવાની બાબતમાં ભાવનગર સંસ્થાન હંમેશ આગળ પડતું છે, અને આવા ડહાપણભરેલા પગલાનાં સારાં ફળ ઘણે ભાગે તે મેળવી ચુક્યું છે."

૧૮૭૨ માં ભાવનગર શહેરમાં હાઇસ્કુલ સ્થપાવાથી ઇંગ્રેજી કેળવણીને વિશેષ વેગ મળ્યો. તેના હેડમાસ્ટર તરીકે વિદ્વાન્ મિ. જમશેદજી નવરોજી ઉનવાળા, એમ. એ., એમને યોજવામાં આવ્યા, અને પ્રથમ વર્ષથી જ એ નવીન સંસ્થાએ સ્થાયી અભ્યુદયનાં સ્પષ્ટ ચિહ્ન જણાવ્યાં.

અભણ ખેડુતવર્ગ પણ કેળવણીના લાભ વિના રહે નહિ એવી રા. રા. ગૌરીશંકરની પ્રબલ ઇચ્છા હતી. ૧૮૭૯ ના વર્ષમાં રા. રા. ગૌરીશંકરે સરક્યુલર બહાર પાડી પ્રસિદ્ધપણે,

તથા ઈન્સ્પેકટરદ્વારા ખાનગી રીતે, પ્રજા સમસ્તને જણાવ્યું કે જો કોઇ ખેડુત ત્રણ વર્ષ સુધી પોતાના છોકરાને નિશાળે ભણાવશે તો તેની ફી દરબાર આપશે.

આ પ્રમાણે આવશ્યક સાંગોપાંગ ચક્રની પૂર્તિ થવાથી કેળવણીનું યંત્ર ભાવનગર સંસ્થાનમાં અસ્ખલિતપણે પ્રવર્તવા લાગ્યું, તેથી કાઠિયાવાડમાં એકંદરે ભાવનગર સંસ્થાનની પ્રજાને બહુ લાભ મળ્યો. ભાવનગરવાસીઓ વિવિધ સંસ્થાનોમાં મુખ્ય પ્રધાન, કારભારી, ન્યાયાધીશ, વકીલઆદિ ઉચ્ચ અધિકારને તથા એજન્સીમાં દફતરદાર, જ્યુડિશિયલ આસિસ્ટંટ તથા શિરસ્તદારવગેરે ઊંચી પદવીને ભોગવતા અને ભોગવે છે એ વાત, કેળવણીબાબત રા. રા. ગૌરીશંકરના શ્રમનું સાર્થક્ય અસંદિગ્ધપણે સૂચવે છે. *

---

* ૧૮૮૫ સુધીમાં, કાઠિયાવાડનાં બીજાં સંસ્થાનો સાથે સરખામણી કરતાં ભાવનગર સંસ્થાનમાં નીચે પ્રમાણે કેળવણીનો પ્રસાર હતો:—

નિશાળનું સ્વરૂપ.	ભાવનગર રાજ્યમાં સંખ્યા.	ભાવનગર શિવાય કાઠિયાવાડ પ્રાંતનાં નાનાં મોટાં સંસ્થાનમાં એકંદર સંખ્યા.
ગુજરાતી નિશાળો	૧૧૪	૪૯૭
સંસ્કૃત શાળાઓ	૨	૭
ઉર્દૂ શાળાઓ	૦	૪
કન્યા શાળાઓ...	૧૦	૪૩
રાત્રિશાળાઓ	૫	૪૧
એંગ્લો વર્નાક્યુલર શાળાઓ	૨	૧૪
હાઈ સ્કુલ	૧	૪
ટ્રેનિંગ કોલેજ	૦	૧ { ખર્ચમાં ભાવનગરનો ભાગ છે.
સામલદાસ કોલેજ બી. એ. સુધી ...	૧	૦
રાજકુમાર કોલેજ	૦	૧
ફીમેલ ટ્રેનિંગ કોલેજ...	૦	૧
	૧૩૫	૬૧૩

ટપાલ.

કેળવણીખાતાની પેઠે ટપાલખાતાબાબત પણ રા. રા. ગૌરીશંકરે પોતાની તીવ્ર બુદ્ધિનો પ્રભાવ જણાવ્યો. પ્રથમ હિંદુસ્તાનના બીજા ભાગોની પેઠે કાઠિયાવાડ પ્રાંતમાં પણ પત્રવ્યવહાર કાસદ મારફત ચાલતો. એ કાસદોને બહુ કરીને વ્યાપારીઓ કામ પ્રસંગે મોકલતા, અને તેમની સાથે ન્યૂનાધિક પરિચય ધરાવનારા લોકો તેમની સાથે પોતાના પત્રો મોકલતા. પણ આ પ્રકારે માત્ર બે નિર્ણીત સ્થલો વચ્ચે જ પત્રસંબંધ રહેતો; મધ્યસ્થ ગામનિવાસી જનોને તેનો લાભ મળતો નહિ. દરબારી કામના પત્રો તો તે અર્થે ખાસ નીમેલા માણસો મારફત લાવવા લઇ જવામાં આવતા.

સને ૧૮૬૪–૬૫ માં એટલે બ્રિટિશ સત્તા કાઠિયાવાડમાં સ્થપાયા પછી આસરે ૪૦ વર્ષે ગામેગામ ટપાલ આફીસો ઉઘાડવામાં આવી. પ્રથમ તો પત્રો પહોંચાડવાનું લવાજમ, સ્થાનની સમીપતા અથવા દૂરતાના પ્રમાણમાં ન્યૂનાધિક રાખવામાં આવ્યું, પણ ધીમે ધીમે એ પદ્ધતિમાં ફેરફાર કરી આખા હિંદુસ્તાનને માટે એકંદર ઠરાવવામાં આવ્યો.

સને ૧૮૫૧ પહેલાં આખા કાઠિયાવાડ પ્રાંતમાં રાજકોટ અને ભાવનગર એ બે શહેરોમાં જ ટપાલ આફીસો હતી, કારણ કે લોકો ત્યાં સુધી તેના લાભો સમજવા લાગ્યા ન હતા, અને તેથી ટપાલ આફીસ ઉઘાડવા સંબંધે વાંધો લેતા. ઘણા અજ્ઞ જનો તો એટલે સુધી માનતા કે પાશ્ચાત્ય રાજ્યકર્ત્તાઓની ઉન્નતિનાં સાધનરૂપ કેળવણીખાતું, ટપાલખાતું, ઇજનેર ખાતું, અને વૈદ્યક ખાતું એ સંસ્થાનોના ચાર પાયે શિષ્ટરૂપ છે!

રા. રા. ગૌરીશંકરે સૂચવેલી સરલ વ્યવસ્થા.

કાઠિયાવાડસાથે મુંબઇ તથા ગુજરાતનો સંબંધ સને ૧૮૫૨ સુધી રાજકોટથી વઢવાણને રસ્તે થઇને ચાલતો. આ રસ્તો બહુ આડકતરો હોવાથી મુંબઇથી રાજકોટ ટપાલ પહોંચતાં સાત દિવસ થતા. બુદ્ધિમાન્ રા. રા. ગૌરીશંકરે પોલિટિકલ એજંટ કર્નલ લેંગ સાહેબદ્વારા સુરતના કસ્ટમ કલેક્ટર મિ.

હેબર્ટ સાહેબને ગોઘા મુકામે મળીને તેમને એવી યુક્તિ સૂચવી કે મુંબઈની ટપાલ ભગવા દાંડીને રસ્તે સમુદ્રમાર્ગે લઇ જવાથી રાજકોટ વહેલી પહોંચશે. આ સૂચનાનો પ્રયોગ એ રીતે કરવામાં આવ્યો કે રાજકોટથી જસદણ ગઢડા ઉપર થઇ ભાવનગર અને ત્યાંથી ગોઘા બંદર સુધી ટપાલ પહોંચાડનાર હલકારા રાખ્યા. સમુદ્રરસ્તે ભગવાદાંડીએ ટપાલ પહોંચાડવા સારૂ ગોઘામાં ચાર બંદરબોટ રાખવામાં આવી, જેમાં ઉતારૂઓ પણ સુરત જતા હતા. ભગવા દાંડીથી ટપાલ સુરત તથા મુંબઇ બંદર જાય એવી ગોઠવણ કરવામાં આવી. આ ગોઠવણપ્રમાણે ટપાલની આમદાની રવાનગીનો ગોઘાથી રાજકોટ સુધીના હલકારાનો ખરચ બે વર્ષ સુધી ભાવનગર દરબારે આપ્યો, એટલું જ નહિ પણ ટપાલ વખતસર આવે જાય તે ઉપર રા. રા. ગૌરીશંકર જાતે દેખરેખ રાખતા હતા.

દ્વેષીઓનો પરાજય.

ગુજરાત પ્રાંતના ટપાલખાતાના ઇન્સ્પેક્ટિંગ સુપરિન્ટેન્ડન્ટ મિ. હેરિસન સાહેબને આ સરલ વ્યવસ્થા રુચી નહિ, અને તેઓએ એ વિષે પોતાના વિરોધનો સંચય કરી રાખ્યો. એ સમયે એવો ધારો હતો કે મુંબઇથી સીલબંધ આવતા થેલાઓ કર્નલ લેંગ સાહેબને જાહેર કરીને ભાવનગરમાં તોડવામાં આવતા, અને તેમાં ભાવનગરના પત્રો મૂકવામાં આવતા. આ ઉપરથી હેરિસન સાહેબે પોસ્ટમાસ્ટર જનરલદ્વારા સરકારમાં એવો રીપોર્ટ કર્યો કે ટપાલખાતાના નિયમપ્રમાણે રા. રા. ગૌરીશંકરના આ કાયદાવિરુદ્ધ કામમાટે તેમને જવાબદાર ગણવા જોઇએ. આ પ્રસંગની ખબર લેંગ સાહેબને મળી કે તરત જ તેઓએ મુંબઇ સરકારમાં લખાણ કર્યું કે એ ગોઠવણ તેમની પોતાની સંમતિથી જ કરવામાં આવી છે, અને હેરિસન સાહેબની વર્તણુક ઉપર સખત ટીકા કરી, જેનું વ્યાજંબીપણું સરકારને જણાતાં તેઓએ હેરિસન સાહેબને લેંગ સાહેબની સમક્ષ રા. રા. ગૌરીશંકરની ક્ષમા માગવાનો હુકમ કર્યો.

સમય જતાં લોકોને કેળવણીના લાભની પેઠે ટપાલખાતાના લાભ પણ સમજાવા લાગ્યા, તેથી પોસ્ટ ઓફીસો ગામે ગામ સ્થાપવામાં આવી.

ભાવનગરથી વઢવાણ સુધી રેલ્વેસંબંધ સ્થપાવાથી સને ૧૮૮૦ પછી ભગવાદાંડીનો રસ્તો બંધ થયો, અને મુંબઇની ટપાલ રેલ્વેમારફત ભાવનગર આવવા લાગી. રાજકોટની ટપાલ તો તે પૂર્વે જ રેલ્વેમારફત અમદાવાદ થઇને વઢવાણ રસ્તે રવાને થતી.

એજન્સીની સ્થાપના પહેલાં કાઠિયાવાડ પ્રાંતનાં બંદરોથી ચીનપર્યન્ત દૂર દેશ સાથે અફીણનો વ્યાપાર ચાલતો હતો, પણ અફીણનું બહોળું વાવેતર ન હોવાથી તેના ઉપર જકાતની ઉપજ રાજસ્થાનોને સાધારણ આવતી. બ્રિટિશ સત્તા સ્થપાતાં તે સરકારે, અફીણનો વ્યાપાર પોતાને સ્વાધીન રાખવાની ઇચ્છાથી, પોતાની સત્તામર્યાદામાં તદનુકૂલ ઉપાયો લેવા માંડયા. સને ૧૮૨૨માં કેપ્ટન બાર્નવેલ સાહેબ કાઠિયાવાડ પ્રાંતના પ્રથમ પોલિટિકલ એજંટ નીમાયા. તેઓએ અફીણસંબંધી રાજપદ્ધતિને અનુસરીને કાઠિયાવાડના રાજાઓ અને તાલુકદારો પાસેથી એવા કરાર કરાવી લીધા કે તેઓએ પોતપોતાના મુલકમાં ખપત જેટલું અફીણ સરકારની વખારમાંથી ખરીદવું, અને તે અફીણ સનંદી વેચનારને જ માત્ર આપવામાં આવે, તેમ જ કોઇ પણ રાજા અથવા તાલુકદાર પોતાના મુલકમાંથી અફીણ બહાર દેશાવર ખાતે મોકલે નહિ. એ જ મતલબનાં જાહેરનામાં આસિસ્ટંટ રેઝિડંટ મેજર બેલેન્ટાઇન કે જેઓ ગાયકવાડ સરકારના અમરેલી પ્રાંતમાં રહેતા હતા, તેઓએ પ્રસિદ્ધ કર્યાં. તેમાં સ્પષ્ટ લખ્યું હતું કે—

અફીણ.

"8. This arrangement is made for the purpose of prohibiting the export of opium, not for increasing the duty thereon.

9. The licensed purchaser of opium can obtain it at a price which shall be the aggregate of the original cost of the opium purchased by Government and the expense of carrying the same."

"આ ગોઠવણ કરવામા આવી છે તે અફીણની જકાત વધારવાને માટે નથી, પરંતુ તેનો પરદેશ નિકાસ બંધ કરવા અર્થે છે.

સરકારની ખરીદ કીમત અને અફીણને લાવવાનો ખરચ એ બેને એકત્ર કરી જે મૂલ્ય થાય તે મૂલ્યે સનંદી ખરીદ કરનારને અફીણ આપવામાં આવશે."

આ કરાર કરી રાજસ્થાનોનો હેતુ સર્વોપરિ સત્તા ઉપર પોતાની નિષ્ઠા સૂચવી તેની પ્રસન્નતા સંપાદન કરવાનો હતોઃ સરકારની વખારથી અફીણ ખરીદ કરવાથી પોતાનો અફીણના વાવેતરનો હક કાયમપણે લુપ્ત થાય છે કે થશે એવું કોઈના સમજવામાં હતું નહિ.

ભાવનગર રાજ્યની વફાદારી.

ભાવનગર રાજ્યે આ કરાર પ્રામાણિકપણે પાળ્યો. સને ૧૮૨૦–૨૧ની સાલમાં દાણચોરીનું અફીણ જાફરાબાદ બંદરે લઈ જવામાં આવતું હતું તેને ભાવનગર રાજ્યના મુલકમાં જપ્ત કરવામાં આવ્યું. દરબારની આ નિમકહલાલીથી સરકારનું ધ્યાન ખેંચાયું, અને અમદાવાદના કલેક્ટર ડનલોપ સાહેબે મહારાજા શ્રીવિજયસિંહને નીચે પ્રમાણે કાગળ લખ્યો:—

"Be it known that all your letters about opium have been received and the contents learnt ; further, you have done very well to seize the opium on the clue furnished by our man. You have observed the agreement regarding opium, wherefore Government will be pleased."

"અફીણસંબંધી આપના સઘળા પત્રો મળ્યા છે અને હકીકત જાણી છે તે વિદિત થાય. શિવાય અમારા માણસે આપેલા પત્તાથી આપે દાણચોરીનું અફીણ જપ્ત કર્યું એ બહુ ઠીક કર્યું. અફીણસંબંધી કરાર આપે પાળ્યો છે અને તેથી સરકાર રાજી થશે."

અફીણબાબત સરકારનો પગપેસારો.

લગભગ આઠ વર્ષસુધી અફીણની ખરીદી તથા વેચાણને આ પ્રમાણે વહીવટ ચાલ્યો. પછી ૧૮૨૮મ પોલિટિકલ એજંટ બ્લેન સાહેબે વખારમાંથ અફીણ આપવાના નિયમો પ્રસિદ્ધ કર્યા તથ સારી અને ઉતરતી જાતના અફીણના ભાવ સુરતી શેરે રૂ. ૫ાા તથા ૪ાા અનુક્રમે ઠેરવ્યા. લગભગ ર૦ વર્ષસુધી આ પ્રમાણે વ્યવહાર ચાલ્યો. એટલે ૧૮૫૧મ પુનઃ પોલિટિકલ એજંટ લેંગ સાહેબે સરકારના હુકમથી કાઠિયા વાડમાં પણ ખાલસા મુલકના ભાવે, એટલે બંગાળી શેરન રૂ. ૨૨) પ્રમાણે અફીણ વેચવાનો ઠરાવ બહાર પાડયો. પણ રાજાઓ તથા તાલુકદારો તરફથી સરકારમાં અરજી થવાથી રૂ. ૨૨)ને બદલે રૂ. ૧૫)નો ભાવ નક્કી થયો. ૧૮૬૩માં કર્નલ કીટિંજ સાહેબ પોલિટિકલ એજંટના અધિકાર ઉપર આવ્યા, તેઓએ કાઠિયાવાડ પ્રાંતના રાજાઓ તથા તાલુકદારોને સૂચના આપી કે કાઠિયાવાડમાં હજી દાણચોરીનું ઘણું અફીણ આવે છે તેનો કરાર પ્રમાણે બંદોબસ્ત થવો જોઇએ. આનો જવાબ રા. રા. ગૌરીશંકરે, ભાવનગર તરફથી, એજન્સી વકીલ રા. સવાઇલાલ સોમજીદ્વારા નીચે પ્રમાણે આપ્યો :—

"By this arrangement the stores should provide good Malva opium at the last mentioned price ; instead of which the drug supplied is of an inferior quality grown in Khandesh, Vishulnagar, and consequently the opium-takers not liking it, it is no inducement to the people

generally to purchase it, and it is also probable some eaters must be consuming smuggled opium. It is trusted that if the stores supply really good opium and at the settled price, the complaint would be remedied."

"આ પ્રકારે ગોઠવણ થવાથી છેલ્લે કહેલા દરથી સારૂં માળવાનું અફીણ વખારે પૂરૂં પાડવું જોઇએ; પણ તેને બદલે ખાનદેશ અને વિશલનગરના વાવેતરનું હલકી જાતનું અફીણ આપવામાં આવે છે તે બંધાણીઓને પસંદ આવતું નથી, તેથી તેને ખરીદ કરવા તેઓ લલચાતા નથી, અને કેટલાક અફીણ ખાનારાઓ દાણચોરીનું અફીણ પણ ખાતા હશે એ સંભવિત છે. આશા છે કે વખારમાંથી ઠરેલે ભાવે ખરેખરૂં સારૂં અફીણ મળશે તો દાણચોરીની ફરિયાદ દૂર થશે."

કીટિંજ સાહેબને આ વાતનું વ્યાજબીપણું સમજાયાથી તેમણે યોગ્ય રીતનો બંદોબસ્ત કર્યો, અને કેટલાંક વર્ષ સુધી રાજસ્થાનોને વિક્ષેપજનક હિલચાલ સરકાર તરફથી કરવામાં આવી નહિ.

કર્નલ એન્ડર્સન સાહેબ પોલિટિકલ એજંટ નીમાયા ત્યારે તેમને પણ દાણચોરીના અફીણની આ વાતવિષે સંદેહ ઉત્પન્ન થયો. તેથી તેઓએ એ બાબત કેટલાક નિયમો પ્રસિદ્ધ કર્યા, પંરતુ તેમાં અફીણનો ભાવ વધારવા સંબંધે અથવા તે ઉપર જકાત લેવા સંબંધે કશું હતું નહિ.

એકાએક સને ૧૮૭૮ માં, કંઇ પણ સવિસ્તર લખાણ થયા વિના, એજન્સી ગેઝેટમાં એવું જાહેરનામું પ્રસિદ્ધ થયું કે કાઠિયાવાડમાં અફીણ સરકારી ભાવે જ વેચાશે અને જકાત બદલ "પાસ ફી" માંથી ૨૦ % ટકા સંસ્થાનોને કાપી આપવામાં આવશે. એજન્સીના તીજોરી અમલદાર મિ. ધનજીશા હોરમસજીએ નીચે પ્રમાણે હુકમ કાઢયો :—

"In pursuance of English letter No. 852, dated 16th May 1878, from the Political Agent, the sale of opium to the licensed traders in opium from the Government stores is stopped. But opium shall be supplied to those States that will agree to pay the Government pass fee of Rs. 650 per chest when Government so desire it. Therefore to intimate this to all the states, forward copies of this to all the four prants."

Rajkote, 20th May 1878.

"પોલિટિકલ એજન્ટના ૧૮ મે ૧૮૭૮ તારીખના ઇંગ્રેજી પત્ર નંબર ૮૫૨ના અનુસારે સરકારી વખારમાંથી સનંદી ખરીદ કરનારાઓને અફીણનું વેચાણ બંધ કરવામાં આવ્યું છે.

પરંતુ, સરકાર માગે ત્યારે, અફીણની દર પેટીએ રૂ. ૬૫૦) ની "પાસ ફી" સરકારમાં ભરવાની કબુલાત આપનાર રાજસ્થાનોને સરકારી વખારમાંથી અફીણ આપવામાં આવશે. માટે આ વિષે સંસ્થાનોને ખબર કરવા સારૂ આ હુકમની નકલો સઘળા (ચાર) પ્રાંતમાં રવાને કરવી."

"પાસ ફી"માંથી ૨૦ % ટકા મળવાથી જકાત બદલ ગમે તેટલી ઉપજ સંસ્થાનોને થાય તો પણ રાજાઓના હુકમાં આ સરકારનો નવીન પગપેસારો જાણી કાઠિયાવાડના મુખ્ય સંસ્થાનોના કારભારીઓએ મુંબઈ સરકારમાં એ બાબત વિજ્ઞાપનપત્ર મોકલ્યું, તેમાં પાસ ફી દૂર કરવા માટે તથા અફીણના વાવેતરનો હક સંસ્થાનોને પુનઃ સ્વાધીન કરવા માટે વિજ્ઞપ્તિ કરવામાં આવી. તેના જવાબમાં પહેલી દાદનું નિરાકરણ પ્રિચર્ડ સાહેબના પત્રના નીચે પ્રમાણે "તાજાકલમ"ના લેખથી કરવામાં આવ્યું.

"Under the arrangements now in force, the chiefs are allowed 20 % or Rs. 130 per chest of the duty levied on opium consumed in Kathiawar. The opium duty now transferred to the chiefs is at about the same rate as the entire duty levied by Government in 1820-30, the duty retained by Government is little in excess of that levied in 1851-1857."

"હાલ ચાલતા વહીવટપ્રમાણે, કાઠિયાવાડમાં ખપતા અફીણ ઉપર જે "પાસ ફી" લેવામાં આવે છે તેના ૨૦ % એટલે દર પેટીએ રૂ. ૧૩૦) સંસ્થાનોના રાજાઓને આપવામાં આવે છે. આ પ્રમાણે રાજાઓને જે વળતર આપવામાં આવે છે તેનો દર ૧૮૨૦થી ૧૮૩૦ સુધીમાં સરકારની એકંદર ડ્યુટીના દરની લગભગ બરાબર છે, અને સરકારને હાલ જે ડ્યુટી મળે છે તે ૧૮૫૧થી ૧૮૫૭ સુધીની ડ્યુટી કરતાં થોડીક જ વધારે છે."

અફીણના વાવેતર સંબંધી બીજી વિજ્ઞપ્તિનો નિકાલ મુંબઈ સરકારે પોલિટિકલ એજંટદ્વારા નીચે પ્રમાણે જાહેર કર્યો:—

"The Memorialists should be told that Government regret that the cultivation of the poppy in Kathiawar is not compatible with the policy now being developed in the public interest with regard to the trade in opium."

"કાઠિયાવાડમાં અફીણનું વાવેતર, અફીણના વ્યાપારસંબંધે સામાન્ય લોકલાભ ઉપર લક્ષ આપતાં સરકારે જે પદ્ધતિ સ્થાપી છે તેને અનુકૂલ નથી એ કારણથી સરકાર દિલગીર છે એવું વિજ્ઞાપકમંડલને જાહેર કરવું."

પાસ ફીના ૨૦ % સંસ્થાનોને મળતા હતા તેને બદલે સરકારે મિ. હોપ સાહેબ અને પીલ સાહેબની ભલામણથી પાસ ફીનો ત્રીજો હિસ્સો આપવાનો ઠરાવ કર્યો એટલો જ માત્ર આ અરજીનો સુપરિણામ આવ્યો.

"પાસ ફી" લાગુ કરવાથી, કાઠિયાવાડમાંથી પ્રતિવર્ષ રૂ. ૪,૦૦,૦૦૦) ચાર લાખ રૂપિયા સુધીની ઉપજનું નવીન દ્વાર સરકારને સાંપડ્યું. એ સંબંધી ન્યાય મેળવવા અર્થે રા. રા. ગૌરીશંકરે દરબારી વકીલ દ્વારા એજન્સીમાંથી આવશ્યક પત્રો, રીપોર્ટોવગેરેની ખરી નકલો માગી, પણ તે નકલો આપવામાં આવી નહિ. આખરે મહારાજા શ્રીતખ્તસિંહજીએ ગવર્નર જનરલ લોર્ડ લિટન સાહેબને સવિસ્તર અરજી કરી સરકારના હુકમની અયોગ્યતા દર્શાવી ન્યાય માગ્યો, પણ સરકારે એ ગોઠવણ સ્થાયી કરેલી હોવાથી એ બાબત તકરારો સાંભળી તેની યોગ્યાયોગ્યતાનો નિર્ણય કરવા તેમની વૃત્તિ ન હતી. એટલે કાઠિયાવાડ પ્રાંતના સમસ્ત રાજાઓ તથા તાલુકદારો, અપ્રીણબાબત સરકારના અયોગ્ય પગપેસારાને સહન કરી રહ્યા.

મીઠું.

ઈશાન ખુણાના થોડા ભાગ શિવાય આખા કાઠિયાવાડ પ્રાંતની આસપાસ સમુદ્ર આવેલો હોવાથી લોકો અગર કરી મીઠાને પકાવી પોતાના ઉપયોગમાં લેતા અને આહારના આ આવશ્યક પદાર્થ ઉપર વેરો નાંખી રાજ્યની ઉપજ કરવી પૂર્વના રાજ્યકર્તાઓને યોગ્ય ન લાગેલી, તેથી મીઠાનો મરજીમુજબ ઉપભોગ તથા ઉપયોગ કરવામાં તેમને કોઇ પ્રકારના પ્રતિબંધ નડ્યા નહિ.

સને ૧૮૧૬ નો ૧૯ મો આક્ટ.

મીઠાસંબંધી ૧૮૧૬ નો ૧૯ મો આક્ટ પસાર કરી સરકારે ભાવનગર સંસ્થાનનાં બ્રિટિશ હકુમત તળેનાં ગામો ઉપર તેનો અમલ કર્યો, પરંતુ ભાવનગર તળમાં તો મીઠાના અગરો કરવાની સરકારે છુટ આપી હતી. સરકારી હકુમત ૧૮૬૬-માં નિઃશેષ દૂર થતાં બાકીનાં ૧૧૫ ગામોમાં ભાવનગર દરબારના અગરનું મીઠું પૂરૂં પાડવાનું જારી થયું. કાઠિયાવાડનાં બીજાં સંસ્થાનોના વ્યાપારીઓને પણ તે જ પ્રમાણે મીઠું વેચાણ આપવામાં આવતું. મીઠાને ખોરાકનો જરૂરિયાતનો પદાર્થ

જાણીને તેમ જ બળદવગેરે જાનવરોનાં મોંમાં તેને ઘસવાનો રિવાજ હોવાથી ખેતીમાં પણ તેનો ઉપયોગ સમજી દરબારો પોતાના અગરોનું મીઠું જુજ કીમતે વેચતા. માત્ર સાવચેતી એટલી રાખવામાં આવતી હતી કે બ્રિટિશ સરકારના ખાલસા મુલક ગોઘા, ધંધુકાવગેરે પરગણાના ગામોમાં એ મીઠું જવા પામે નહિ.

મીઠાબાબત સરકારનું વચમાં પડવું.

૧૮૭૮–૯ માં સરકારનું ધ્યાન મીઠા ઉપર ખેંચાયું, એટલે તેમણે આબકારી ખાતાના મિ. કેરી સાહેબને એ બાબત અધિકાર સોંપી રાજકોટ મોકલ્યા. તે સમયે કર્નલ બાર્ટન સાહેબ પોલિટિકલ એજંટ હતા. તેમના સમક્ષ મિ. કેરી સાહેબે રાજસ્થાનોના કારભારીઓ અને વકીલોનો મેળાવડો કર્યો, અને તેમને સૂચવ્યું કે તેઓએ બેમાંથી એક વાત કબુલ રાખવી પડશે, કાં તો સર્વ રાજસ્થાનોના મીઠાના અગરો સરકારને સ્વાધીન કરવા અને તે બદલ સરકાર વાર્ષિક કંપેનસેશન આપે, અથવા તો મીઠાના અગરો ઉપર સરકારી માણસોની વ્યવસ્થા રહે, ખાલસા મુલકના ભાવે કાઠિયાવાડમાં મીઠું વેચાય, અને તે માણસોના પગારવગેરેનો ખરચ બાદ જતાં શેષ રહેલી ઉપજ રાજસ્થાનોને સોંપવામાં આવે.

મુસલમાન તેમ જ ગાયકવાડ અને પેશ્વાની સર્વોપરિ સત્તા નીચે કાઠિયાવાડનાં રાજસ્થાનોએ છાંયડાતડકાના વિચિત્ર અનુભવ કર્યા હતા, પણ આ અનુભવ તો તેઓ સર્વેને અપૂર્વ હતો. તે સત્તાધારીઓએ મીઠાથી રાજલક્ષ્મી વધારવી કદાપિ યોગ્ય ધારેલી નહિ, તેમ જ બ્રિટિશ સરકારે પણ કાઠિયાવાડમાં સર્વોપરિ સત્તા મેળવ્યા પછી પણ અર્ધ શતક સુધી એ સંબંધે શામાટે મૌન ધર્યું હતું તે રાજસ્થાનોના પ્રતિનિધિઓ સમજી શક્યા નહિ. તેઓએ સુદૃઢ રહી એ વિષે પોતાનો ભારે વિરોધ દર્શાવ્યો. તેના ઉત્તરમાં કેરી સાહેબે

એમ જણાવ્યું કે કાઠિયાવાડ પ્રાંતની સરહદ બ્રિટિશ સરકારના ખાલસા મુલકની સાથે મળેલી હોવાથી કાઠિયાવાડનું મીઠું તે મુલકમાં ગુપ્તપણે આવવાનો સંભવ છે, આથી સરકારને થતું નુકસાન ટાળવાઅર્થે મીઠાના અગરો ઉપર સરકારી દેખરેખ સ્થાપવાની જરૂર પડી છે. હજી સુધી કાઠિયાવાડ પ્રાંતનું એક શેર મીઠું પણ સરકારી સરહદમાં ગુપ્ત રીતે ગયાનો એકે બનાવ બન્યો ન હતો, તોપણ એવા બનાવો ભવિષ્યમાં બને એવિષે સરકારને બહુ ચિન્તા રહેતી હતી. આ કારણથી કેરી સાહેબનો મીઠાબાબત બહુ દબાણપૂર્વક આગ્રહ હતો.

મહારાજા શ્રીતખ્તસિંહજીને કેરી સાહેબની દરખાસ્તની ખબર પડતાં ભારે દીલગીરી થઈ, અને પોતાના વૃદ્ધ પ્રધાન રા. રા. ગૌરીશંકર આગળ તેઓએ પોતાના અસંતોષના ઉદ્‌ગાર કાઢયા. કાઠિયાવાડ પ્રાંતનાં રાજસ્થાનોના સ્વતંત્ર અધિકારની પુરાતન કથા મહારાજાશ્રીને કહી સંભળાવી વૃદ્ધ મંત્રીએ અન્તમાં કહ્યું કે "નામદાર બ્રિટિશ સરકારની રાજનીતિ ન્યાયના ધોરણ ઉપર ચાલે છે. કાઠિયાવાડ પ્રાંતનાં સમસ્ત રાજસ્થાનોની ભેગી અરજી, અસરકારક લખાણ કરાવી, નામદાર ગવર્નર સાહેબની પાસે મોકલવામાં આવશે તો તેઓ નામદાર કે જે ન્યાય આપવાવાળા છે તે, તેના ઉપર જરૂર ધ્યાન આપ્યા વિના રહેશે નહિ; અને મારી વૃદ્ધાવસ્થા થયલી છે તો પણ એ કામ માટે નામદાર ગવર્નર સાહેબની પાસે જઈને તેમને બ્યાજબી હકીકત નિવેદન કરવા હું તત્પર છું."

રાજસ્થાનોના એજંટોએ એકમત થઈ કેરી સાહેબના દબાણનો સર્વ વૃત્તાન્ત નામદાર ગવર્નર સર રિચર્ડ ટેમ્પલને તારથી નિવેદન કર્યો, અને બીજી બાજુએ સંસ્થાનોના કારભારીઓએ એકત્ર થઈ મુંબઈ સરકારમાં હકની દલીલસાથેની અરજી કરી.

રાજસ્થાનોનો તાર ગવર્નર સાહેબને મળ્યો ત્યારે કેરી સાહેબને તો પોતાના મીઠાસંબંધી અધિકારથી નિવૃત્ત કરવામાં આવ્યા હતા. તેમની જગોએ બીજા કોઈ યુરોપિયન અધિકારી નીમાયા. તેમનો તથા પોલિટિકલ એજંટ કર્નલ બાર્ટન સાહેબનો અભિપ્રાય મળવાથી તેઓએ સરકારમાં રીપોર્ટ કર્યો. બાર્ટન સાહેબ રજા ઉપર વિલાયત જતાં તેમનો અધિકાર કર્નલ વોડહાઉસ સાહેબને સોંપવામાં આવ્યો. તેઓને નામદાર ગવર્નર સાહેબે મુંબઇ પોતાની સમક્ષ બોલાવી, વિવિધ સૂચનાઓ આપી ભાવનગર મોકલ્યા. તે ઉપરથી કર્નલ વોડહાઉસ સાહેબે ભાવનગર આવી, મીઠાના અગરવાળાં રાજસ્થાનોના મુખ્ય અધિકારીઓને પોતાની પાસે બોલાવી, કેરી સાહેબની દરખાસ્ત સરકારે નામંજુર કર્યાની હકીકત કહી સંભળાવી, તેથી મહારાજા શ્રીતખ્તસિંહજીના તથા અન્ય રાજસ્થાનોના ભયની નિવૃત્તિ થઇ. કર્નલ વોડહાઉસ સાહેબ સાથે રાજસ્થાનોના કારભારીઓને મીઠાસંબંધી કેટલીક ચર્ચા ચાલ્યા પછી એ બાબત પરસ્પર ઠરાવનો મુસદ્દો તૈયાર કરી ગવર્નર સાહેબની મંજુરી માટે મુંબઈ મોકલવામાં આવ્યો, પરંતુ એ મુસદ્દાથી કરવા ધારેલી ગોઠવણુ મીઠાના અગર વિનાનાં રાજસ્થાનોના ગેરલાભમાં જતી હતી તેથી તેઓએ એકત્ર થઈ ગવર્નર સાહેબ ઉપર ઉપરાઉપરિ તાર કર્યા. તેનો પરિણામ એ આવ્યો કે એ ગોઠવણુ બંધ રહી. કર્નલ બાર્ટન સાહેબ વિલાયતથી પાછા ફર્યા ત્યારે તેઓએ એ સંબંધી રાજસ્થાનો સાથે બહુ ચર્ચા ચલાવી અને આખરે પરસ્પર કરારનો જે મુસદ્દો કરવામાં આવ્યો તે હિંદુસ્તાન સરકારે પસંદ કર્યો, જેથી ૧૮૮૩ ની સાલમાં સરકાર સાથે થયલી ટ્રીટીથી ભાવનગર, જૂનાગઢ, નવાનગર, મોરબીવગેરે મીઠાના અગરવાળાં સંસ્થાનો ઘસિયું મીઠું વગર હરકતે પકવે છે, અને ધ્રાંગધ્રા સંસ્થાન પોતાના કુડા ગામના અગરમાં વડાગરૂં મીઠું પકવે છે.

રાજસ્થાનો સાથે મીઠાસંબંધી કરાર.

પૂર્વ કહેલાં ભાવનગરવગેરે સંસ્થાનોએ નીચેની મતલબના જુદા જુદા કરાર કર્યા:—"(૧) અમારા સંસ્થાનમાં મીઠાનો પાક હાલ થાય છે તે જારી રાખવો, પણ કાઠિયાવાડ પ્રાંતમાં જ ખપને માટે જેટલું મીઠું જોઇએ તેના કરતાં વધારે મીઠું પકવવા અથવા કાઢવા દઈશું નહિ.

"(૨). અમારા સંસ્થાનમાં આજસુધી જેમ ફક્ત ઘસિયું એટલે દરિયા તથા કૂવાના પાણીથી મીઠું પકાવવામાં આવે છે તેમ જ પકાવવામાં આવશે, અને અમારા સંસ્થાનમાં વડાગરૂં મીઠું પકાવવામાં આવશે નહિ.

"(૩). અમારા સંસ્થાનમાંથી દરિયા રસ્તે મીઠું ફક્ત અમારા સંસ્થાનની એક જગોએથી અમારા સંસ્થાનની બીજી જગોએ જ લઈ જવામાં આવશે, અને તેવે પ્રસંગે અમારા સંસ્થાન તરફથી ખસુસ બંદોબસ્ત કીધા પછી મોકલવામાં આવશે. એક જગોએથી બીજી જગોએ દરિયા રસ્તે કાંઇ પણ મીઠું લઇ જવાની ખાનગી માણસોને બંધી કરવામાં આવશે. અમારા સંસ્થાનતાબાની માછીમારની હોડીઓ અમારા સંસ્થાનની કોઇ જગો છોડતી વખતે ખરેખરાં માંછલાંને મીઠું ચઢાવવાના કામસારૂ દરેક હોડીમાં પચીશ મણ સુધી મીઠું લઈ જઇ શકે. અને બ્રિટિશ સરકારની મીઠાની જકાત આપીને તે બાબતના બ્રિટિશ પરવાના શિવાય કાઠિયાવાડની બહારની જગોએથી દરિયા રસ્તે આવેલું મીઠું અમારા સંસ્થાનમાં ઉતરવા દેવામાં આવશે નહિ.

"(૪). ઉપલા કરાર અમારી તમામ જાતની રૈયત પાળે તેના જવાબદાર અમારૂં રાજ્ય છે. અને કાઠિયાવાડની બહાર જમીન રસ્તે બીજા પરરાજ્યમાં અથવા બ્રિટિશ ઇંડિયામાં કાઠિયાવાડનું મીઠું બની શકતા પ્રયત્નથી, જતું બંધ કરવામાં આવશે.

"(૫). અમારા સંસ્થાનમાં હાલ જે મીઠાના અગરો છે તે વધારવામાં આવશે નહિ, અથવા તેમાં કોઇ મોટો ફેરફાર કરવામાં આવશે નહિ, અથવા કોઇ નવા અગરો અથવા મીઠું પાકી શકે તેવી જગા ખોળવામાં આવશે નહિ, અથવા કોઈ અગર કે મીઠું પાકી શકે તેવી જગામાં ફેરફાર કરવાની અથવા તેમાં વધારો કરવાની કે ખોળવાની પરવાનગી, કાઠિયાવાડ પ્રાંતના પોલિટિકલ એજંટ સાહેબ મારફત મુંબઇ સરકારની મંજુરી પ્રથમ મેળવ્યાવિના આપવામાં આવશે નહિ.

"(૬). અમારા સંસ્થાનમાંહેના મીઠાના અગરો તથા આપકુદરતી મીઠું પાકવાની જગાઓ ગમે તે વખતે કાઠિયાવાડ પ્રાંતના પોલિટિકલ એજંટ સાહેબ તથા આસિસ્ટંટ પોલિટિકલ એજંટ સાહેબ જોઈ શકશે, અને અમારા સંસ્થાનમાં મીઠાની થતી ઉપજ તથા ખપતસંબંધી તમામ બાબતો વિષે પૂરેપૂરી ખબર જ્યારે જ્યારે માગવામાં આવશે ત્યારે ત્યારે તેઓ સાહેબ તરફ પૂરી પાડવામાં આવશે."

રા. રા. ગૌરીશંકર, સી. એસ. આઈ.

રા. રા. ગૌરીશંકરની રાજભક્તિ, પ્રામાણિકતા, રાજાપ્રજાના હિતમાં નિર્ભયતા અને સ્પષ્ટવક્તૃત્વ, હિતકર કાર્યો કરવામાં અવિરત ઉત્સાહ, રાજનીતિદક્ષતા-આદિ ગુણોથી મહારાજા શ્રીજશવંતસિંહજીના ચિત્તનું આકર્ષણ થવાથી, તેઓએ તેમને તુરખા ગામની બક્ષીસ વંશપરંપરા કરી છે એ વિષય આગળના પ્રકરણમાં આવી ગયો છે. ત્યાર પછી પણ ઘણાં વર્ષ સુધી રા. રા. ગૌરીશંકરદ્વારા અનેક સુધારાનાં તથા લોકકલ્યાણકર કાર્યો થયાં. તેમના આ સર્વ ગુણો, જે જે યુરોપિયન અમલદારોને તેમનો પરિચય થતો તેનાથી ઢાંકયા રહેતા ન હતા. તેઓ પણ તેની સમક્ષ અને પરોક્ષ પ્રશંસા કરતા, અને પોલિટિકલ એજંટો તો વારંવાર રા. રા. ગૌરીશંકરની યોગ્યતાવિષે સરકારમાં પણ લખાણ કરતા. આ સર્વ ઉપરથી તેમને યોગ્ય સન્માન આપવાનો

અવસર સરકાર પણ જોયા કરતા હતા. કર્નલ વૉટસન સાહેબ તા. ૧૧ ડીસેંબર ૧૮૭૬ ના પત્રમાં લખે છે કે:—

"I saw in the paper the other day that it was rumoured that you would receive some honour at Delhi. I trust this may be the case. I quite agree with *The Times of India* that you deserve it every bit as much as Sir T. Madhav Row, and I think myself you deserve it more."

" દિલ્હી દરબારપ્રસંગે આપને કંઈ માન મળવા સંબંધી અફવા મેં થોડા દિવસ અગાઉ વર્તમાનપત્રમાં વાંચી. આ વાત ખરી પડે એમ હું ઇચ્છું છું. એ બાબત તમારી યોગ્યતા સંપૂર્ણ રીતે સર ટી. માધવરાવ જેટલી હોવા સંબંધે " ટાઇમ્સ ઑફ ઇન્ડિયા " જે લખે છે તેની સાથે હું તદન મળતો આવું છું. મારો પોતાનો અભિપ્રાય તો એ છે કે તમારી યોગ્યતા તેમના કરતાં વિશેષ છે."

નામદાર મહારાણી વિક્ટોરિયાએ તા. ૧ જાનેવારી ૧૮૭૭ ના સ્મરણીય દિવસે "એમ્પ્રેસ ઑફ ઇન્ડિયા " નો ખિતાબ ધારણ કર્યો તે નિમિત્ત, હિંદુસ્તાનની જૂની રાજધાની દિલ્હી નગરીમાં નામદાર વાઇસરોય લૉર્ડ લિટન સાહેબે અપૂર્વ અને અતિભવ્ય દરબાર ભર્યો. તે પ્રસંગે મહારાજા શ્રીતખ્તસિંહજીની સાથે રા. રા. ગૌરીશંકરનું દિલ્હી પ્રયાણ થયું હતું, એ સમયે જે જે નામાંકિત રાજાઓ તથા કારભારીઓને ઇલકાબવગેરે સન્માન મળ્યું હતું તેમનાં નામ " ઇન્ડિયા ગેઝેટ "માં પ્રસિદ્ધ થયાં હતાં. એ ગેઝેટની એક નકલ તે વખતના પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબ કે જેઓ દિલ્હી ગયા તેમને પ્રથમ મળી. તેમાં રા. રા. ગૌરીશંકરને " કંપેનિયન ઑફ ધી સ્ટાર ઑફ ઇન્ડિયા " નું પ્રતિષ્ઠાપદ મળ્યાની તથા ભાવનગર રાજ્યના

અધીશને અપાતું તોપનું માન ૧૧ થી ૧૫ વધ્યાના શુભ સમાચાર હતા તે જાણી, સંતોષ પામી, મિ. પીલ સાહેબે એ ખબર તત્કાલ રા. રા. ગૌરીશંકરને આપી અભિનન્દન કર્યું. રા. રા. ગૌરીશંકરના જ્યેષ્ઠ પુત્ર રા. વિજયશંકર, જેઓ તે વખતે વસુલાતી અધિકારીનું કામ મિ. પર્સિવલ સાહેબ પાસે રહી કરતા હતા, તેમને એ વૃત્તાન્તના ખબર તારથી જણાવવામાં આવ્યા, તેમના દ્વારા મિ. પર્સિવલ સાહેબને પહોંચતાં તેમણે નવીન પ્રતિષ્ઠાચિહ્ન પામેલા પોતાના સહાયકને નીચે પ્રમાણે દિલ્હી કાગળ લખ્યો :—

" The honour which has been conferred upon you is a source of pleasure and satisfaction to me, and to all who know you. We all feel that it is so well deserved. You have the gratification of knowing that the marked approval which the British Government have shown of the administration and loyalty of the chiefs of Kathiawar by the large increase to their salutes and honours is largely due to the excellent example which the State of Bhavnagar under your guidance has set before the other Chiefs of the Province. These events coupled with the settlement of the jurisdiction question in a way which removes all doubts for the future as to the position of Kathiawar, make this a year of which you may well be proud. If I offer you my most hearty congratulations, I am sorry you will not return at the same time as the Thakore that we may rejoice together."

" આપને અર્પણ કરવામાં આવેલા માનથી મને તેમ જ આપના પરિચયમાં આવેલા સર્વને આનંદ તથા સંતોષ થયો છે. આપ તેને માટે સંપૂર્ણ રીતે પાત્ર છો એમ અમારા સર્વની લાગણી છે. આપને જાણીને સંતોષ થશે કે કાઠિયાવાડ પ્રાંતના રાજાઓના તોપના માનમાં તથા તેમના ખિતાબોમાં વધારો

કરી સરકારે તેમની રાજ્યવ્યવસ્થાની અને સરકાર ઉપર વફાદારીની નિષ્ઠાની સ્પષ્ટ રીતે જે પસંદગી બતાવી છે તેનું મુખ્ય કારણ, આપના કારભાર નીચે ભાવનગર સંસ્થાને બીજા સંસ્થાનોના રાજાઓને આપેલો ઉત્તમ દૃષ્ટાન્ત છે. કાઠિયાવાડની સ્થિતિસંબંધે ભવિષ્યમાં શંકા ઉઠે નહિ એવી રીતે હકુમતના સવાલના નિરાકરણ સાથે બનેલા આ બનાવને લીધે આ વર્ષમાં આપને યોગ્ય મગરૂરી ધરવાનાં કારણો મળ્યાં છે. આપને મારી અત્યંત અંતઃકરણપૂર્વક મુબારકબાદી અર્પણ કરૂં છું. તો પણ આપ ઠાકોર સાહેબની સાથે પાછા ફરનાર ન હોવાથી આપણે ભેગા થઇને આનંદ લઈ શકીશું નહિ એથી મને દિલગીરી થાય છે.”

દરબારી વકીલ રા. હરિલાલ સવાઇલાલદ્વારા એ વર્તમાન એજન્સીના અધિકારી સાહેબોને પહોંચતાં તેઓને પણ હર્ષ થયો, અને આક્ટિંગ પોલિટિકલ એજંટ કર્નલ વોટસન સાહેબે પોતાનો આનંદ નીચેના પત્રથી રા. રા. ગૌરીશંકરને પ્રદર્શિત કર્યો :—

“I write a short line to congratulate you on the distinction you have received. I am sure that among the native Ministers of the Rajwârâ, none deserves it more than you do. I trust you may long live to wear it. Please congratulate the Thakor Saheb for me on his increased salute.”

“જે માન આપને મળ્યું છે તે વિષે આપને મુબારકબાદી આપવાને હું ટુંકાણમાં આ પત્ર લખું છું. રજવાડાના દેશી કારભારીઓમાં આ સન્માનને માટે આપની જેટલી યોગ્યતા છે તેટલી બીજા કોઇની નથી એવી મને ખાતરી છે. એ ચાંદ ધારણ કરવાને આપ દીર્ઘાયુષ્ ભોગવો એવી હું આશા રાખું છું. મારા તરફથી ઠાકોર સાહેબને તોપના માનમાં વધારાને માટે મુબારકબાદી આપશો.”

રાજસ્થાનિક કોર્ટના અધ્યક્ષ કર્નલ લો સાહેબ તરફથી નીચેનો ગુજરાતી કાગળ રા. રા. ગૌરીશંકર ઉપર લખાઇ આવ્યો :—

"આજ રોજ મેહેતા હરિલાલ સવાઇલાલે અમને ખબર આપ્યા કે નામદાર વાઇસિરાય અને ગવર્નર જનરલ સાહેબે આપને 'કંપાનિયન સ્ટાર ઓફ઼ ઇન્ડિયા' નો માનભરેલો ઇલકાબ આપ્યો છે. સદરહુ ખબર જાણી અમને ઘણી જ ખુશી હાંસલ થઇ છે. નામદાર વાઇસરાય અને ગવર્નર જનરલ સાહેબે આપના સદ્ગુણની બુજ જાણી આપને ઘટે તેવો ઈલિકાબ આપને બક્ષીસ કર્યો તે ઘણું સંતોષકારક છે. કાઠિયાવાડના પહેલી ક્લાસના રાજાઓને ૧૧ તોપનું માન હતું તે વધારી ૧૫ તોપનું કરાવવા આપના દિલમાં લાંબા વખતથી ઇન્તેજારી હતી, તે પણ નામદાર ગવર્નર જનરલ સાહેબે આ પ્રસંગે પૂરી પાડી છે એ પણ ઘણું ખુશી થવા જેવું છે, અને તે બાબત અમારા તરફથી ઠાકોર સાહેબ તખ્તસિંહજીને આપ મુબારકબાદી આપશો.

કાઠિયાવાડના બીજા કારભારીઓ પણ આપના જવા નામાકિતીને પહોંચી આવો માનભરેલો 'કંપાનિયન સ્ટાર ઓફ઼ ઇન્ડિયા'નો ઈલિકાબ મેળવે એવી અમે ઉમેદ રાખીએ છીએ."

અમદાવાદના કલેક્ટર મિ. એ. એ. બોરોડેલ સાહેબે કાગળ લખ્યો કે—

"I wish to express the pleasure I feel in seeing that you have obtained the Star of India for your long and excellent service to the Bhavnagar State. I trust you may be spared to enjoy your honours, and continue to the State the services which have made it what it is."

"ભાવનગર રાજ્યની આપે કરેલી લાંબી અને ઉત્તમ સેવા બદલ આપને સી. એસ. આઇ. નો ખિતાબ મળેલો જાણી મને થયલી ખુશી આ પત્રથી નિવેદન કરૂં છું. હું આશા રાખું છું કે આપને મળેલાં માનચિહ્ન ભોગવવાને માટે, તેમ જ આપની જે સેવાએ ભાવનગરને તેની આધુનિક ઉચ્ચ સ્થિતિએ સ્થાપ્યું છે તે સેવા ચાલુ રાખવા આપની હયાતી લાંબા વખત સુધી રહેશે."

ગવર્નર સર ફિલિપ વોડહાઉસે દિલ્હીમાં રા. રા. ગૌરીશંકરને સમક્ષ મુબારકબાદી આપતાં એવી મતલબનું કહ્યું કે "તમારી રાજ્યકારભાર કરવાની રીત ઘણી સુધરેલી છે. પોલિટિકલ એજન્ટના રીપોર્ટોથી તે વિષે સંપૂર્ણ હકીકત મારા જાણવામાં આવેલી છે, અને નામદાર મહારાણી સરકારે આપને જે માન આપેલું છે તે ઘણું જ યોગ્ય છે એમ હું ધારૂં છું."

રા. રા. ગૌરીશંકરના જૂના મિત્ર કર્નલ કીટિંજ સાહેબ જેઓ આ વખતે આસામના કમિશનર હતા અને દિલ્હી આવ્યા હતા, તેઓ તથા હિંદુસ્તાન સરકારની ધારાસભાના સભાસદ ઓનરેબલ સર ટી. સી. હોપ સાહેબે રા. રા. ગૌરીશંકરના નિવાસસ્થાને જઈ પોતાનો આનંદ જણાવ્યો. આ શિવાય અનેક યુરોપિયન તથા દેશી સદ્‌ગૃહસ્થોએ લોકપ્રિય, રા. રા. ગૌરીશંકરના સન્માનનિમિત્ત હર્ષનિવેદક અભિનંદક પત્રો લખ્યાં.

રાજકોટમાં દરબાર.

દિલ્હી દરબારપ્રસંગે સંસ્થાન નવાનગરના મહારાજા જામસાહેબ શ્રીવિભાજી, તથા ધ્રાંગધ્રાના મહારાજા શ્રીમાનસિંહજીને પણ "કે. સી. એસ. આઈ."નો ઇલિકાબ મળ્યો હતો. તેમને તથા રા. રા. ગૌરીશંકરને ચાંદ અર્પણ કરવા અર્થે, પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબે તા. ૧ જાનેવારી ૧૮૭૮ને દિવસે રાજકોટમાં દરબાર ભરવાનો ઠરાવ કર્યો, તે અર્થે તે પ્રસંગે રા. રા. ગૌરીશંકરનું રાજકોટ પ્રતિ પ્રયાણ થયું.

એજન્સીના દફ્તરદાર્ રા. દુલેરાય રૂગનાથરાય રા. રા. ગૌરીશંકરને તેડવા માટે કેવલરી સ્વારોસહિત તેમના મકાને ગયા. તેમની સાથે સુશોભિત વાહનમાં બેસી રા. રા. ગૌરીશંકર દરબાર હોલ આગળ પહોંચ્યા, એટલે ગોહિલવાડ પ્રાંતના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ ફિટ્ઝેરલ્ડ સાહેબે સામા આવી, સન્માન કરી તેમને યોગ્ય બેઠક આપી. મહારાજા જામ સાહેબ શ્રીવિભાજી તથા મહારાજા શ્રીમાનસિંહજીને ચાંદ આપ્યાની ક્રિયા થઈ રહ્યા પછી મિ. પીલ સાહેબે સ. રા. ગૌરીશંકરને મહારાણી સરકારની સનદ અને ધારાની સ્મરણીસહિત ચાંદનું અર્પણ કર્યું. ત્યાર પછી મિ. પીલ સાહેબે પોતાની સ્વાભાવિક વાક્પટુતાથી નીચે પ્રમાણે ઉત્તમ ભાષણ કરી રા. રા. ગૌરીશંકરની પ્રશંસા કરી :—

પીલ સાહેબનું ભાષણ.

"The decorations granted to these princes are the natural ornaments of exalted hereditary rank. But Azam Gowrishankar Udeyshankar has risen through every stage of laborious official life to this crown and consummation of an honourable public career—a career, which he began in a humble position in the old school of custom, and ends as a cautious leader in the new school of reform. He has not cherished isolation and ignorance, because they are old, nor set his face against improved communications and extended trade, because they are new. He has acted on the faith that the agencies which give health and wealth and intelligence to European nations will be equally useful servants to the Indian administrator who has the courage to enlist them. He is a living proof that the arts and manners of the West are not really abhorrent or uncongenial to the mind of the native patriot. In his later years he has taken part in an administration which has placed Bhavnagar in point of material advancement first among

the States of Kathiawar, and he has not less been selected for honour by Her Majesty's Government, because he has always been a devoted and outspoken advocate of the interests of his own state.

I will only add that it is to me a matter of satisfaction that these insignia are to be delivered by my hand to ....a minister, whose ability and independence I have observed with respect during an official intercourse of more than eighteen years, and whose character in its strength and sagacity is a worthy object of study and emulation to the men of his order."

" આ રાજાઓને અર્પણ કરાયલા ચાંદો તેઓને વંશપરંપરાથી પ્રાપ્ત થયલી ઉચ્ચ પદવીના સ્વભાવિક ભૂષણરૂપ છે. પરંતુ આજમ ગૌરીશંકર ઉદયશંકર તો પ્રત્યેક પ્રકારના શ્રમગ્રસ્ત અધિકારને ભોગવી પ્રતિષ્ઠામય લોકહિતકર જીવનરૂપી શિખર ઉપર ચઢ્યા છે. તેમની કારકીર્દીની શરૂઆત લોકરિવાજની જૂની પદ્ધતિમાં હલકી પદવીથી થઈ છે, અને તેની સમાપ્તિ સુધારાની નવીન પદ્ધતિમાં સાવધ અગ્રેસરતરીકે થઇ છે. અળગાપણું અને અજ્ઞાન અસલના વખતનાં છે એમ ધારી તેમણે તેનો સ્વીકાર કર્યો નથી, અને સુધરેલાં વ્યવહારસાધનો અને વિસ્તીર્ણ વ્યાપાર નવાં છે એમ ધારી તેઓ તેની સામે થયા નથી. તેમનાં કૃત્યોના આધારરૂપ તેમનો એવો દૃઢ વિશ્વાસ છે કે જે સાધનો પાશ્ચાત્ય પ્રજાઓને નીરોગતા, લક્ષ્મી, અને બુદ્ધિથી યુક્ત કરે છે તે સાધનોને પ્રયોગમાં મૂકવાની હિંમત હિંદુસ્તાનના રાજકારભારીઓમાં હોય તો તે સાધનો તેમને પણ તેટલાં જ ઉપયોગી થઈ પડશે. પાશ્ચાત્ય કલા અને આચારો અહિંના સ્વદેશાભિમાનીને વસ્તુતઃ તિરસ્કારપાત્ર અથવા પ્રતિકૂલ નથી એ વાતના તેઓ મૂર્તિમાન્ પૂરાવારૂપ છે. તેમણે પોતાની જીંદગીના

પાછલા ભાગમાં ભાવનગરના કારભારમાં જે ભાગ લીધેલો છે તેને લીધે ભાવનગર સંસ્થાન કાઠિયાવાડનાં સઘળાં રાજ્યોમાં સમૃદ્ધિપરત્વે પ્રથમ સ્થાને પહોંચેલું છે, અને તેઓ પોતાના રાજ્યના લાભોના નિરંતર એકનિષ્ઠાથી અને સ્પષ્ટવક્તૃત્વથી પક્ષધારી થયા છે એ પણ નામદાર મહારાણી સરકારે તેમને સંમાનાર્થ પસંદ કર્યાનું ઓછું કારણ નથી. વિશેષમાં હું એટલું જ કહીશ કે, જેમની કુશલતા અને સ્વતંત્રતાનું મેં ૧૮ વર્ષ ઉપરાંતના રાજકીય સમાગમમાં માનપૂર્વક નિરીક્ષણ કર્યું છે, અને જેમનું ચરિત દૃઢતા અને વિચક્ષણતાપક્ષે તેમની પંક્તિના પુરુષોને અધ્યયન અને સ્પર્ધા કરવા યોગ્ય છે એવા પ્રધાનને મારે હાથે ચાંદ આપવાનો છે તેથી મને ઘણો સંતોષ થાય છે.”

પીલ સાહેબનું ભાષણ સમાપ્ત થયા* પછી રા. રા. ગૌરીશંકરે તેનો નીચે પ્રમાણે જવાબ આપ્યો:—

રા. રા. ગૌરીશંકરનું ઉત્તર.

“મહેરબાન પીલ સાહેબ અને સદ્ગૃહસ્થો! ઇંગ્લંડનાં નામદાર મહારાણી અને એમ્પ્રેસ ઓફ ઇન્ડિયાએ આપના હસ્તક મને આપેલા માન માટે હું ઉપકૃત થયો છું. કાઠિયાવાડમાં બ્રિટિશ સરકારના આવવા અગાઉ પચાશ વર્ષથી તેમની અને ભાવનગરના સંસ્થાન વચ્ચેની મિત્રાચારીની ગાંઠ હમેશા અખંડ રહી છે. ભાવનગર સંસ્થાન સાથેનો મારો સંબંધ સને ૧૮૨૨ની સાલથી છે અને તે વખતથી હું તેના રાજ્યકર્તાઓના વિશ્વાસનો ઉપભોગ લીધા કરૂં છું. તે સંસ્થાનની નોકરી બજાવવામાં મને સોંપેલાં કામો કરતાં મેં કાંઇ વધારે કર્યું નથી. આપ પીલ સાહેબ ભાવનગર સંસ્થાનના કામકાજથી સંપૂર્ણ રીતે જાણીતા છો અને હું ખચીત કહું છું કે તે સંસ્થાન માટે મારી સેવાના જાણીતા હોઇને મને હમણાં અપાવેલા માનની આપે મારા વિષે ભલામણ કરી છે. મને અર્પણ કરેલા ચાંદને

માટે હું આપનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું, અને વિનંતિ કરૂં છું કે ઇંગ્લંડનાં નામદાર મહારાણી અને એમ્પ્રેસ ઑફ ઇન્ડિયાને મારા માનની લાગણી જણાવવાની આપ મેહેરબાની કરશો."

આ પછી દરબાર બરખાસ્ત થયો, અને રા. રા. ગૌરીશંકરને સન્માનપૂર્વક તેમના ઉતારાના મકાનસુધી પહોંચાડવામાં આવ્યા. ત્યાં જૂનાગઢના મુખ્ય દિવાન અને રા. રા. ગૌરીશંકરના પરમ મિત્ર રા. રા. ગોકુલજી ઝાલાઆદિ અધિકારીઓએ તેમના ગુણોની સ્તુતિ કરી, કારભારીઓમાં તેમને મળેલા અપૂર્વ માનનિમિત્ત પોતાનો આનન્દ અંતઃકરણપૂર્વક નિવેદન કર્યો, અને તેમનું દીર્ઘાયુષ્ ઇચ્છયું. રાજકોટનિવાસી નાગર બ્રાહ્મણો અને અન્ય વિદ્વાન્ બ્રાહ્મણોએ વૈદિક મંત્રથી વૃદ્ધ પ્રધાનને આશીર્વાદ આપ્યો. રા. રા. ગૌરીશંકર તરફથી તેમનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું. રા. રા. ગૌરીશંકરનું ભાવનગર પાછા ફરવું થયું ત્યારે મહારાજા શ્રી તખ્તસિંહજીએ પણ પોતાનો અન્યૂન આનન્દ દર્શાવ્યો. તે પ્રસંગે તેમના પ્રતિ રા. રા. ગૌરીશંકરે વિજ્ઞપ્તિ કરી કે "આપની મેહેરબાનીભરેલી નજરથી મને આ ચાંદનું માન મળેલું છે એટલાથી હું સંતોષ માનતો નથી, પણ ઉંચા દરજ્જાના માનભરેલો ચાંદ આપને મળે એવી હું ઇચ્છા રાખું છું તે પરમેશ્વર પાર પાડશે. એવું માન આપને મળેલું જોવાને હું ઘણો આતુર છું, અને ત્યારે જ મને વધારે સંતોષ થશે." સમય જતાં, મહારાજાશ્રીને પણ કે. સી. એસ. આઈ. અને જી. સી. એસ. આઇ. ના ચાંદ અનુક્રમે મળ્યા તેથી રા. રા. ગૌરીશંકરનાં વચનનું સાફલ્ય થયું.

ભાવનગર રાજ્યના અધિકારીઓ, તેમ જ રા. રા. ગૌરીશંકરે માતાપિતા જેટલા પ્રેમથી પાળેલી ભાવનગરની પ્રજાના પ્રતિનિધિઓ પણ આ સમયે પોતાના આનંદની લાગણી દર્શાવવામાં પાછા પડ્યા નહિ.

પ્રકરણ ૧૦.

ભાવનગર-ગોંડલ રેલ્વે;

અને

અધિકારઉપરથી ઉપરામ.

રેલ્વેની અંકુરાવસ્થા—રા. રા. ગૌરીશંકરનો દૃઢ નિશ્ચય—સર રિચર્ડ ટેમ્પલ અને રેલ્વેપ્રકરણ—નાણાંનો સવાલ—નીવેડો—સર જેમ્સ ફરગસનને હાથે રેલ્વેનું ખુલ્લું મૂકાવું—રા. રા. ગૌરીશંકરનો ઉપરામ અને રાજસેવાનું દિગ્દર્શન—અભિપ્રાયો, રીપોર્ટો, વગેરે.

રેલ્વેની અંકુરાવસ્થા.

રાજકોટ દરબારપ્રસંગે જે વિસ્તીર્ણ વ્યાપારના પક્ષધારી-તરીકે રા. રા. ગૌરીશંકરની પીલ સાહેબે પ્રશંસા કરી હતી તેના મુખ્ય સાધનરૂપ ભાવનગર–ગોંડલ રેલ્વેની કલ્પના રા. રા. ગૌરીશંકરના વિશાલ મસ્તિષ્કરૂપ મંદિરમાં ઘણાં વર્ષ થયાં રમ્યાં કરતી હતી. એ યોજના વિષે જૂના અભિપ્રાયના કેટલાક અધિકારીઓના વિરોધી મત હતા; તેમનું માનવું એવું હતું કે રેલ્વે કરવામાં આવી તો તેની ખોટ પૂરી પાડવા માટે ભાવનગર રાજ્યનો એક મહાલ અલગ રાખવો પડશે. દૂરદર્શી રા. રા. ગૌરીશંકરને આવા ભયસૂચક અજ્ઞાન પ્રલાપોથી સ્પર્શ ન થયો એ સ્વાભાવિક છે. પોતે ધારેલી રેલ્વેની યોજનાવિષે તેઓએ અનેક સરકારી અમલદારોને વાત કરી હતી, પરંતુ મુંબઇ સરકારના અલક્ષને લીધે, કેટલાંક વર્ષ સુધી તેમની યોજના સંબંધે વ્યવહારોપયોગી

ચર્ચા થઇ નહિ. ખાનગી સાહસથી ગોઘા અને ગોંડલ વચ્ચે રેલ્વે કરાવવાનો પ્રથમ વિચાર થયો હતો, પણ રા. રા. ગૌરીશંકરને તે વાત પસંદ પડી નહિ.

ભાવનગર અને વઢવાણવચ્ચે રેલ્વે થાય તો તે અર્થે ૪ % પ્રમાણે રૂા. ૪૦,૦૦,૦૦૦ ની લોન આપવા મિ. પર્સિવલ સાહેબે તથા રા. રા. ગૌરીશંકરે પોલિટિકલ એજંટદ્વારા સરકારમાં લખાણ કર્યું. તેની ચર્ચા કરવા માટે નામદાર ગવર્નર વોડહાઉસ સાહેબ, મિ. પીલ સાહેબ, મિ. પર્સિવલ સાહેબ, રા. રા. ગૌરીશંકર તથા નાયબ દિવાન રા. સામલદાસની કાઉન્સિલ ભરાઇ. એ કાઉન્સિલની બે બેઠક થઇ; એક ભાવનગરમાં, બીજી મુંબઇમાં. તે પ્રસંગે નામદાર ગવર્નર સાહેબ તથા મિ. પીલ સાહેબનો એવો અભિપ્રાય થયો કે જ્યાં બી. બી. સી. આઇ રેલ્વેનો છેડો હોય ત્યાંથી પચાસ માઇલની અંદર બીજી કોઈ રેલ્વે થઇ શકે નહિ એવો તે કંપની સાથે ઠરાવ થયલો હોવાથી ભાવનગર અને વઢવાણને રેલ્વે મારફત જોડવાં એ અશક્ય છે; માટે સંયુક્ત કારભારીઓએ બેમાંથી એક રસ્તો ગ્રહણ કરવો, કાં તો ભાવનગરથી બોટાદ સુધીની રેલ્વે ભાવનગર રાજ્યની હદમાં કરવી, કે જેથી બોટાદ અને વઢવાણવચ્ચે ૫૦ માઇલ કરતાં વધારે અંતર રહે, અથવા તો ભાવનગરથી ગોંડલસુધીની રેલ્વે કાઠિયાવાડમાં બાંધવી. વ્યાપારપરત્વે ભાવનગરનો પ્રધાનપણે મુંબઇ સાથે સંબંધ હોવાથી આ બંને યોજના તે માટે કેવળ નિરર્થક હતી, તેથી રા. રા. ગૌરીશંકરે એ બાબત બહુ વિરોધ દર્શાવ્યો, અને ગવર્નર સાહેબ તથા વડોદરા રેલ્વે કંપનીના એજંટવગેરે સામા પક્ષમાં છતાં પોતાના સ્વતંત્ર અભિપ્રાયથી અને દૃઢ નિશ્ચયથી ડગ્યા નહિ.

રા. રા. ગૌરીશંકરનો દૃઢ નિશ્ચય.

કાઉન્સિલે કરેલી ચર્ચાનો એ પ્રમાણે એક અભિપ્રાયમાં પરિણામ ન આવવાથી રેલ્વેનું પ્રકરણ પુનઃ કેટલાક સમય સુધી સુપ્ત રહ્યું. તા. ૨૮-૨-૧૮૭૧ ના ઠરાવથી

મુંબઈ સરકારે નિવેદન કર્યું કે ભાવનગર અને વઢવાણ વચ્ચે મીટર ગેજના માપની રેલ્વે કરવાની યોજનાની સરકાર અનુમતિ આપે એમ નથી. ધૃતિશીલ રા. રા. ગૌરીશંકરનો આ ઠરાવથી ધૈર્યભંગ ન થતાં તેમણે એજન્સીના અમલદારો સાથે રેલ્વેસંબંધી ચર્ચા ચાલુ રાખી, જેનું આખરે અનુકૂલ પર્યવસાન થયું.

ભાવનગરથી ગોંડલ અને બોટાદ સુધી રેલ્વેવિષે * સંયુક્ત કારભારીઓએ મુખ્ય પ્રધાન રા. રા. ગૌરીશંકરનો અભિપ્રાય પૂછ્યો તે તેમણે નીચે પ્રમાણે આપ્યો :—

" સંસ્થાન ભાવનગરના મહેરબાન જોઇન્ટ એડમિનિસ્ટ્રેટર્સ સાહેબો તરફ.

આ સંસ્થાનમાં રેલ્વે બાંધવાસંબંધી હાલમાં જે વિચાર ચાલે છે તે બાબતમાં આપની ઇચ્છાથી મારો અભિપ્રાય આ નીચે લખી જણાવું છું :—

૧. આ સંસ્થાનમાં નાણાંની સીલક હાલ સુધી સુમારે રૂા. ૫૧ લાખની ગણવામાં આવે છે. તેમાં રૂા. ૪૧ લાખની પ્રોમિસરી લોન ચાર ટકાના વ્યાજની વેચી શકાય તેવી છે, અને રૂા. ૫ લાખની લોન વેચી નહિ શકાય તેવી છે. તે શિવાય રોકડા રૂપૈયા સુમારે પાંચ લાખ છે તે પૈકી રૂા. ૧ લાખ આજી નદીના પૂલ સારૂ આપવાના છે. શિવાય સંસ્થાનમાં સડકો તથા બીજાં જાહેર બાંધકામોમાં થઇને સુમારે રૂા. ૩ લાખ ઉપરાંત ખરચવાની મંજુરી થઈ કેટલાંક કામોની શરૂઆત પણ થઈ ચુકેલી છે. તે જોતાં દુકાલવગેરે અગત્યનાં કારણને સારૂ કેટલીએક સીલક બાકી રાખવાની જરૂર છે. તેમ છતાં કાંઇ જ સીલક બાકી રાખવામાં ન આવે તો રેલ્વેના કામમાં વાપરી

---

* તે વખતે સંયુક્ત કારભારમાં મહારાજા શ્રીતખ્તસિંહજી તથા મિ. પાર સાહેબ હતા.

શકાય તેવી સદરહુ રૂા. ૪૧ લાખની લોનની જ રકમ છે, જેના કે, હાલના ભાવ પ્રમાણે વેચાય તો, રૂા. ૪૦ લાખને સુમારે સીલક ગણાય.

૨. સદરહુ રૂા. ૪૧ લાખની ચાર ટકાના વ્યાજની લોન એવા હેતુથી લેવામાં આવેલી છે કે દરસાલે તે રૂપૈયાનું જે વ્યાજ આવે તે આ સંસ્થાનતરફ નામદાર સરકારની પેશકશીવગેરેની જે વાર્ષિક રકમ ભરવામાં આવે છે તે રકમની બરાબર થઈ શકે.

૩. ભાવનગર સંસ્થાનના તથા કાઠિયાવાડના બીજા કેટલાક ભાગના લોકોના હિતને માટે કાઠિયાવાડમાં રેલ્વે કરવાસંબંધી આહિંથી ઇસ્વી ૧૮૭૫ની સાલસુધીમાં જે લખાણ કરેલું છે તેમાં બીજી કલમમાં બતાવેલો હેતુ રાખીને એ રેલ્વે બનાવવાના કામમાં નામદાર સરકારને ચાર ટકાના વ્યાજથી રૂપૈયા ધીરવાની દરખાસ્ત કરેલી છે અને હાલ સુધી મારો અભિપ્રાય એ જ પ્રમાણે કાયમ છે.

૪. હાલમાં દરબારના ખરચથી રેલ્વે કરવાની જે ચર્ચા ચાલે છે તે રેલ્વે જો ભાવનગરથી બોટાદ થઇને વઢવાણ સ્ટેશન સુધી જોડાઇ જાય તો જ તેની ઉપજમાંથી ચાલતો ખરચ કાઢતાં કાંઇ પણ નફો રહેવાનો સંભવ રહે. પણ જો એ પ્રમાણે ભાવનગરથી વઢવાણ સાથે જોડી ન દેવાય તો કાંઈ જ નફો રહેવાનો સંભવ નથી.

૫. કદાપિ હાલ તુરતમાં સરકારની મરજી વઢવાણસુધી રેલ્વે જોડી દેવાની નહિ હોય તો બીજો રસ્તો માત્ર ભાવનગરથી બોટાદ સુધી રેલ્વે કરવાનો છે. તે લાઇન ભાવનગરથી વરતેજ, શિહોર, ધારૂકા, ઉમરાળા, દડવા, ખોપાળા, ઉગામેડી, હામાપુર અને બોટાદ લઇ જવી અનુકૂલ પડે તેમ છે, શાથી કે એ રસ્તે જતાં ફક્ત એક જગોએ ગોઘા પરગણાના શામપરા ગામની હદ શિવાય બાકીની તમામ લાઇન આ સંસ્થાનની હદમાં જ જાય છે, અને બીજા પરાયા તાલુકાની હદ

આવતી નથી. વળી એ સ્ટેશનનાં ગામો તથા આજુબાજુનો મુલક રૂની પેદાશવાળો છે, તથા ખુદ બોટાદ ગામ રૂનું તેમજ બીજા વેપારનું સારૂં મથક છે અને એ રસ્તે ઉતારૂઓની આમદરફ્ત પણ કેટલેક દરજ્જે થવા સંભવ છે તેથી એ લાઇનપ્રમાણે ભાવનગરથી બોટાદ સુધી રેલ્વે કરવાથી તેનું કામ ઘણી સારી રીતે ચાલે તો તેની ઉપજ કદાપિ ચાલતા ખરચ જેટલી થવાનો સંભવ છે, પણ તેમાં ખરચાયલી રકમના વ્યાજતરીકે કાંઇ જ નફો થવાની આશા નથી, કારણ કે વરસાદની મોસમમાં બંદરેથી માલ જઇ શકતો નથી.

૬. સરકારની તરફથી હાલમાં નં. ૯૭૨ ના રેઝોલ્યુશનમાં સદરહુ પ્રમાણેની આ સંસ્થાનને ખર્ચે ભાવનગર સુધી કરવા ધારેલી રેલ્વેની લાઇન થાય તો તેને ગોઘાસાથે જોડી દેવાનો સરકાર પોતાનો હક રાખવા ઇચ્છા બતાવે છે. મગર તેમ થાય તો ભાવનગરના વેપારને તથા આબાદીમાં મોટું નુકસાન થવાનો સંભવ છે, જેને માટે કે મેહેરબાન પોલિટિકલ એજંટ સાહેબ તરફ નં. ૮૧ ના ઇંગ્રેજી કાગળમાં * વિસ્તારથી લખાયલું છે, તેથી તે જ પત્રમાં લખ્યા મુજબની શરતથી અથવા બીજી કોઇ તેવી જ રીતે ભાવનગરના વેપાર તથા આબાદીને નુકસાની ન લાગે તેવી સરત સરકારથી કબુલ રખાય તો જ આ સંસ્થાનની બનાવેલી રેલ્વેને ગોઘાસુધી જોડી દેવાનો હક આપી શકાય, અને જો તેવી સરત થાય નહિ તો ભાવનગરના ખરચે કોઇ પણ રસ્તે રેલ્વે બાંધવાનું કામ કરવું યોગ્ય નથી."

* આ કાગળ સંયુક્ત કારભારીઓએ ૧૪-૬-૧૮૭૭ ની તારીખે પોલિટિકલ એજંટ સાહેબ ઉપર લખ્યો હતો. તેમાં તેઓ ગોઘા બંદરને રેલ્વે સાથે જોડવાને સરકારની ઇચ્છાસંબંધે નીચે પ્રમાણે લખે છે :—

"As the connection of Gogha with the line in question would be a direct menace to the Port of Bhavnagar, and would probably simply ruin our trade, we cannot be expected to invest, with our eyes open, all the savings of the past few years in a scheme so fraught with jeopardy to the existence of our port.

સર રિચર્ડ ટેમ્પલ અને રેલ્વે પ્રકરણ.

કાર્યદક્ષ ગવર્નર સર રિચર્ડ ટેમ્પલની કારકીર્દીમાં રેલ્વે-પ્રકરણનું અણધાર્યા નિમિત્તથી દરબારના લાભમાં રૂપાંતર થયું. પ્રથમ તો જ્યારે તે નામદાર બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વેના એજન્ટ મિ. મેરિયટ સાહેબ તથા ગુજરાત પ્રાંતના રેવેન્યુ કમિશનર મિ. એશબર્નર સાહેબને સાથે

"As you are well aware, the extent of the British possessions in the Peninsula is not sufficient to warrant a very extended traffic, and therefore every article exported from Gogha in excess of Gogha *bârâh* products would be so much taken from the trade of Bhavnagar.

"We agree to construct the Railway from Bhavnagar to Botad at our own expense, and thenceforward as may hereafter seem advisable, on condition that Government before commencing the connection of Gogha with the Bhavnagar-Botad Railway, be pleased to first give us a year's notice of such intention and that then, if after hearing our arguments, Government persist in constructing the line, Government agree to re-imburse this State for all the cost we may incur in constructing our line to Botad, and assume itself the entire management and control of the line.

"But, if this proposal should not meet the views of Government then the only other understanding on which we could agree to construct the line under discussion is that Bhavnagar should be allowed to levy as land-customs Rs. 2 per candy of cotton, and on all other goods passing along our line to Gogha a one per cent. *ad valorem* duty, and on all goods imported along our line from Gogha a ½ per cent. *ad valorem* duty on such goods crossing our frontier."

"ભાવનગર-બોટાદ લાઇન સાથે ગોઘાને જોડવાથી ભાવનગર બંદરને સાક્ષાત્ ધોકો પહોંચવાના કારણથી, તેમ જ અમારો વેપાર છેક પાયમાલ થવાના સંભવથી, અમારા બંદરના અસ્તિત્વને આટલી બધી જોખમકારક યોજનાપાછળ, ગયાં થોડાં વર્ષમાં સંચય થયલાં તમામ નાણાં અમે જાણી બુજીને રોકીએ એવી આશા રાખવાની નથી.

રાખી સને ૧૮૭૭ ના નવેમ્બર માસમાં ભાવનગર પધાર્યા ત્યારે તેમનો આગ્રહ દરબાર પાસે ભાવનગરથી બોટાદ સુધી રેલ્વે બંધાવવાનો હતો. એટલી ટુંકી લાઇન બાંધવામાં આવે તો તેથી દરબારને થતું નુકસાન રા. રા. ગૌરીશંકરે નિર્ભયતાપૂર્વક તેમની આગળ નિવેદન કર્યું, પણ તે ચર્ચાનો કંઇ સારો પરિણામ આવ્યો નહિ. પરંતુ જ્યારે ગવર્નર સાહેબ, તેમની ધારાસભાના મેમ્બરો, મુંબઇ સરકારના સુધરાઈ ખાતાના સેક્રેટરી, હિંદુસ્તાનની રેલ્વેઓના કન્સલ્ટિંગ એન્જીનિયર, કાઠિયાવાડના પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબ, તથા બી. બી. સી. આઈ રેલ્વેના એજંટવગેરે સંભાવિત અધિકારીઓનું મંડલ પુણા મુકામે ૧૮૭૭ ના વિકરાલ દુષ્કાલ સામે કાઠિયાવાડ પ્રાંતમાં લેવા યોગ્ય ઉપાયસંબંધી વિચાર કરવા બેઠું, ત્યારે તેને દુકાળિયાંઓની મજુરીથી આરંભ કરવાલાયક રેલ્વેશિવાય બીજું સ્થાયી ઉપયોગનું કામ સૂજ્યું નહિ. બી. બી. સી. આઈ. રેલ્વેના એજંટે

આપ જાણો છો કે કાઠિયાવાડ પ્રાંતમાં બહોળો વ્યાપાર થઈ શકે એટલો બ્રિટિશ સરકારના મુલકનો વિસ્તાર નથી, અને તેથી ગોઘાતળમાં ઉત્પન્ન થતી વસ્તુઓ ઉપરાંત જે વસ્તુ ગોઘાથી નિકાસ થાય તે પ્રત્યેક ભાવનગર બંદરના વેપારમાંથી કમી થયલી સમજવી.

ભાવનગરથી બોટાદસુધી, અને ત્યાર પછી અનુકૂલતાપ્રમાણે આગળ, અમે અમારા પોતાના ખરચે રેલ્વે બાંધવા કબુલ છીએ, પણ તે એવી શરતે કે એ લાઈનસાથે ગોઘાને જોડવાનું કામ શરૂ કર્યા પહેલાં સરકાર અમને એક વર્ષની નોટિસ આપવા મેહેરબાની કરે, અને પછી અમારી તકરાર સાંભળ્યા છતાં પણ સરકારનો આગ્રહ ગોઘાને એ લાઇન સાથે જોડી દેવાનો રહે તો, ભાવનગરથી બોટાદસુધી લાઇન બાંધવામાં થયેલો તમામ ખરચ સરકાર વસુલ આપે, અને એ લાઈનની તમામ વ્યવસ્થા તથા દેખરેખ પોતાને હાથ રાખે.

પણ જો આ દરખાસ્ત સરકારના અભિપ્રાયને મળતી ન આવે તો બીજી એક જ શરતથી અમે એ લાઈન બાંધવા સ્વીકારીએ છીએ, તે એ કે ભાવનગરથી ગોઘે રવાને થતા રૂઉપર દર ખાંડીએ, ખુશકી જકાતતરીકે, રૂ ૨) નું ભાવનગર લેવાણ કરે, રૂશિવાયના માલ ઉપર કીમતના પ્રમાણમાં ૧ % એક ટકો જકાત લે, અને એ લાઈનઉપર ગોઘાથી રવાને થતો માલ ભાવનગરની હદબહાર જાય ત્યારે તેની કીમતના પ્રમાણમાં ½ % અડધો ટકો જકાત ભાવનગરને મળે."

પણ વઢવાણ સુધી લાઇન બાંધવા સંબંધે પોતાની તકરારો * પાછી ખેંચી લીધી, એટલે રા. રા. ગૌરીશંકરની ધારેલી ભાવનગરથી વઢવાણ સુધી લાઇન બંધાવવી સિદ્ધ થઈ.

સંયુક્ત કારભારીઓ (મહારાજાશ્રી તખ્તસિંહજી તથા પાર સાહેબ) પ્રથમ તો સાંકડા માપની રેલ્વેની તરફેણમાં ન હતા, પરંતુ પાછળથી વ્યાપારની સ્થિતિ વિચારી તેમને તે પ્રમાણે કબુલ રાખવું યોગ્ય લાગ્યું. ભાવનગરથી બોટાદ સુધીની સરવેનું કામ દરબારી ઇજનેર પ્રવીણ મિ. આર પ્રોકટર સીમ્સ સાહેબને સોંપવામાં આવ્યું હતું; ઢસાથી ગોંડલ અને ધોરાજીસુધીની સરવેનું કામ સરકારી ઇજનેર મિ. ફોર્ડ સાહેબની દેખરેખ નીચે રાખવામાં આવ્યું અને બોટાદથી વઢવાણ સુધીની સરવેનું કામ બી. બી. સી. આઇ. રેલ્વેવાળા મિ. હારશ્રીંગ્ઝ સાહેબે પોતે માથે લીધું. એ સરવે પૂરી થવાની તૈયારીમાં હતી એટલામાં સરકારે તેની તપાસણીમાટે કૅપ્ટન મેરિયટ સાહેબને નીમ્યા; તેઓએ સરકારમાં રીપોર્ટ કરી પોતાનો સંતોષ દર્શાવ્યો.

નાણાંનો સવાલ.

હવે એ યોજના પાછળ દરબાર નાણાં કેવી શરતે રોકે એ જ સવાલ અવશેષ રહ્યો હતો. રા. રા. ગૌરીશંકરવગેરે ભાવનગર રાજ્યના હિતૈષીઓનો એવો અભિપ્રાય હતો કે કાં તો દરબાર રેલ્વે પાછળ રૂા. ૪૦

* બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વે કંપનીના એજંટે પ્રથમ એ તકરાર લીધી હતી કે વઢવાણથી પચાસ માઇલ સુધી બીજી કોઇ રેલ્વે થઈ શકે નહિ એવો કંપની સાથે સરકારને ઠરાવ છે. આ તકરાર નડવા જતી હતી, પરંતુ ગવર્નર સર રિચર્ડ ટેમ્પલ સાહેબે વિલાયતમાં સ્ટેટ સેક્રેટરી સાહેબને એવો રીપોર્ટ કર્યો હતો કે નવી રેલ્વે બીજી કોઇ કંપની તરફથી થતી નથી. સરકારે જે ઠરાવ કરેલો છે તે બીજી કંપનીને લાગુ પડે છે. આ રેલ્વે તો ભાવનગર દરબાર પોતાના ખરચે કરે છે, તેથી તેમ થવાને કાંઇ અડચણ હોવી જોઇએ નહિ. તેમ જ વળી આ રેલ્વે બી. બી. સી. આઈ. ના માપથી નાના માપની થાય છે તેથી આ બાબત તે કંપનીએ તકરાર લાવવી જોઈએ નહિ. આ રીપોર્ટ વિલાયતમાં મંજુર રખાવાથી બી. બી. સી. આઈ. કંપનીએ પોતાની તકરાર આખરે પાછી ખેંચી લીધેલી છે.

લાખ ખરચે, અને ૪ % ચાર ટકા પ્રમાણે તેના વ્યાજની બાંયધરી સરકાર આપે અથવા તો સરકાર પોતાના ખરચે રેલ્વે બાંધે. મુંબઇ સરકાર તરફથી તો પોલિટિકલ એજન્ટ મિ. પીલ સાહેબને અગાઉથી જ સૂચના મળી ચૂકેલી હતી કે—

"It must be borne in mind that the Government of India will certainly decline to guarantee the interest on the outlay either directly or indirectly, as they are Local or Provincial, and not Imperial undertakings."

"રેલ્વેની યોજના રાષ્ટ્રિક નહિ, પણ સ્થાનિક અથવા પ્રાંતિક હોવાથી તેમાં રોકાયલાં નાણાંના વ્યાજની બાંયધરી, સીધી અથવા આડી રીતે, આપવાની હિંદુસ્તાન સરકાર ખચીત ના પાડશે એ લક્ષમાં રાખવાનું છે."

આ બાબતનો નિર્ણય કરવા અર્થે રા. રા. ગૌરીશંકરનું મુંબઇ જવું થયું ત્યારે તેમને ગવર્નર સાહેબ સાથે રેલ્વે બાબત વિશેષ ચર્ચા થઇ, પણ વ્યાજની બાંયધરીસંબંધે સર રિચર્ડ ટેમ્પલ સાહેબનો અભિપ્રાય તેથી બદલાયો નહિ. તેમણે અર્ધ-સત્તાવાર લેખથી પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબને સૂચના આપી કે—

"I think it is better to tell them (the Kathiawar Chiefs) at once that I regret I could not recommend that the interest on the outlay should be guaranteed by the British Government, or that these lines should be undertaken by the Government but rather by the Chiefs themselves. The Government would help of course, in regard to providing officers to design, &c., and the Bombay, Baroda and Central India Railway Company would help in working. But the financial responsibility would be with the Chiefs, whose country was to benefit by the works."

"રેલ્વેમાં રોકાતાં નાણાંના વ્યાજની બાંયધરી બ્રિટિશ સરકાર આપે, અથવા તો કાઠિયાવાડના રાજાઓને બદલે સરકાર પોતાના ખરચે રેલ્વે કરે એવી ભલામણ હું કરી શકતો નથી તેને માટે મારી દિલગીરી તે રાજાઓને એકદમ તમારે જાહેર કરવી એ મને ઠીક લાગે છે. ડિઝાઇનવગેરેના કામમાં યોગ્ય અધિકારીઓ પૂરા પાડી સરકાર અવશ્ય મદદ કરશે, અને બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે કંપની એ લાઇન ચલાવવાની બાબતમાં સહાયતા કરશે. પરંતુ નાણાંનું જોખમ તો જે રાજાઓના દેશને એ રેલ્વેથી ફાયદો થનાર છે તેમને શિર રહેશે."

આ ખબર મિ. પીલ સાહેબે મહારાજા શ્રીતખ્તસિંહજીને પહોંચાડી, જેઓએ રા. રા. ગૌરીશંકર, રા. સામળદાસ અને મિ. સીમ્સ સાહેબની સલાહ લઈ કેટલીક મુકરર શરતોથી રેલ્વે બાંધવાની યાદી તેના જવાબમાં રજુ કરી. એવામાં પીલ સાહેબની સિંધ બદલી થઈ, અને તેમના અધિકાર ઉપર કર્નલ બાર્ટન સાહેબ નીમાયા. તેમના વખતમાં દરબારની યાદી ઉપર સરકારે એવો અભિપ્રાય જણાવ્યો કેઃ—

"Whatever the ultimate decision may be, Government need not hesitate to convey to H. H. the Thakor Saheb of Bhavnagar an expression of their cordial appreciation of the public-spirited and enlightened manner in which he has furthered this important undertaking."

"આખર નિર્ણય ગમે તે થાય તોપણ, જે લોકલાભબુદ્ધિથી અને સુધરેલી પદ્ધતિથી ભાવનગરના ઠાકોર સાહેબે આ અગત્યની યોજનાને ઉત્તેજન આપ્યું છે, તેને માટે તેમના પ્રતિ પોતાની અંતઃકરણપૂર્વક ગુણજ્ઞતાની લાગણી દર્શાવવા સરકારને વિલંબ કરવાનું કારણ નથી."

રેલ્વેસંબંધી મુંબઇ સરકારનાં કૃત્યો હિંદુસ્તાનની સરકારમાં રજુ કરવામાં આવ્યાં, તેઓએ દરબારની શરતોમાં કેટલોક ફેરફાર કર્યો. એ ફેરફાર કબુલ રાખવામાં ન આવે તો રેલ્વેથી મળતા લાભ દરબારને સમૂળગા મળે નહિ એ પ્રકારે કર્નલ બાર્ટન સાહેબનો આગ્રહ થવાથી મહારાજા શ્રીતખ્તસિંહજીએ કેટલીક શરતોસહિત હિંદુસ્તાન સરકારની દરખાસ્ત આખરે સ્વીકારી. તે ઉપરથી ધોંડ અને મનમાર લાઇનના ચીફ એન્જીનીયર મિ. એલેક્ઝેન્ડર ઇઝાટ સાહેબને, પોતાના કામ ઉપરાંત ભાવનગર રેલ્વે બાંધવાનું કામ સોંપવામાં આવ્યું. પોતાના હાથતળે પૂરતાં માણસોની સામગ્રી રાખી ખંતીલા ઇઝાટ સાહેબે ભાવનગરથી વઢવાણ સુધી ૧૦૫ માઇલની રેલ્વેનું કામ સને ૧૮૮૦ના મે માસમાં સમાપ્ત કર્યું. તેર માસ જેટલા ટુંકા સમયમાં હિંદુસ્તાનની બીજી કોઇ પણ રેલ્વે બંધાયલી જણાવવામાં આવતી નથી. ઇઝાટ સાહેબને અને તેમના સહાયભૂત અધિકારીઓને સરકાર તરફથી યોગ્ય ધન્યવાદ મળ્યો.

નીવેડો.

સને ૧૮૮૦ ના નવેંબર માસમાં મહારાજા શ્રીતખ્તસિંહજીના આમંત્રણથી મુંબઇના નામદાર ગવર્નર સર જેમ્સ ફરગસનનું એ રેલ્વેને ખુલ્લી કરવા અર્થે ભાવનગર પધારવું થયું. તેઓએ એ લાઇન ઉપર સ્પેશ્યલ ટ્રેનમાં ભાવનગરથી સંસ્થાન લીમડી સુધી અને પાછા લીમડીથી ભાવનગર સુધી પ્રવાસ કર્યો. મહારાજા શ્રીતખ્તસિંહજીએ તથા લીમડીના ઠાકોર શ્રીજશવંતસિંહજીએ ગવર્નર સાહેબનો પૂરતી રીતે સત્કાર કર્યો. તે નામદારે પોતાના સંમાનમાં અપાયલા દરબારી ખાણાના પ્રસંગે મહારાજા શ્રીતખ્તસિંહ-

સર જેમ્સ ફરગસનને હાથે રેલ્વેનું ખુલ્લું મૂકાવું.

જીની ઉદારતા તથા સુજનતાની તેમ જ રાજનીતિદક્ષ રા. રાં. ગૌરીશંકરની પ્રધાનતરીકે યશસ્વી કારકીર્દીની ઉચિત પ્રશંસા કરી. પૂલ બાંધવાનો બીજા વર્ષથી ઉપક્રમ થયો. ભાવનગરથી ધોળા થઇને વઢવાણ સુધી મુખ્ય લાઇનપાછળ તથા ધોળાથી ધોરાજી સુધી શાખાપાછળ એકંદરે રૂા. ૯૮,૦૦,૦૦૦ ખરચ થયો છે. રેલ્વેની ખોટનો ખાડો પૂરવા માટે અનુભવહીન લોકો દરબારનો એક મહાલ અલગ રાખવાની સલાહ આપતા હતા. તેમ કરવાની જરૂર રહી નહિ, કારણ કે રેલ્વે ચાલતી શરૂ થઇ ત્યારથી રોકાયલાં નાણાંનું વ્યાજ ૪ ટકા પ્રમાણે દરબારને વસુલ આવ્યું છે.

રા. રા. ગૌરીશંકરનો ઉપરામ અને તેમની રાજસેવાનું દિગ્દર્શન.

ભાવનગર—ગોંડલ રેલ્વે ખુલ્લી મૂકવાની ક્રિયા મુંબઇના નામદાર ગવર્નર સાહેબને હાથે થઇ. તે પહેલાં રા. રા. ગૌરીશંકર રાજસેવાથી ઉપરામ પામ્યા હતા. તે સમયે તેમનું વય ૭૪ વર્ષ જેટલું હોવાથી તેમના શરીર ઉપર વૃદ્ધાવસ્થાની શિથિલતા સ્પષ્ટ રીતે પ્રતીત થતી હતી. રૂ. ૭૫ ના વાર્ષિક પગારથી કારભારી સેવકરામ દેશાઇના કારકુનતરીકે છેક ૧૩-૧૪ વર્ષની ઉમરથી તેમણે દરબારની નોકરીમાં પ્રવેશ કર્યો હતો. ત્યાર પછી મોજે કોળિયાકના વહીવટદાર તરીકે, સુરતમાં ગોકળ પારેખ પાસે શિરસ્તદારતરીકે, કુંડલાના ડેપ્યુટી વહીવટદારતરીકે, મુંબઇની સદર અદાલતમાં જરૂર કામપ્રસંગે વકીલતરીકે, તથા રાજકોટખાતે મુખ્ય કારભારી રા. રા. પરમાણંદદાસના મદદગારતરીકે એમ વિવિધ નાની મોટી પદવી તથા અધિકારો ભોગવી રા. રા. ગૌરીશંકરે પોતાની રાજભક્તિનું, પ્રામાણિકતાનું, નિર્ભયતાનું, સ્પષ્ટવક્તૃત્વનું, અવિરત ઉત્સાહનું, તથા એકનિષ્ઠાનું રાજ-

પ્રજા ઉભયને ભાન કરાવ્યું; મહારાજા શ્રીજશવંતસિંહજીના આધિપત્યમાં મુખ્ય પ્રધાનની પદવીએ વિરાજી, રાજ્યના હિતમાં, મુખ્યત્વે કરીને સ્વતંત્ર હકુમતની બાબતમાં, પોતાનાં તનમન રગદોળી પોતાના ઉચ્ચ અધિકારનું સાર્થક્ય કર્યું; મહારાજા શ્રીતખ્તસિંહજીની બાલ્યાવસ્થામાં વિવિધ યુરોપિયન અધિકારીઓસાથે કાર્યદક્ષતામિશ્રિત પટુતાથી, શાંતિમિશ્રિત નિર્ભયતાથી, અને વિનયમિશ્રિત સ્પષ્ટવક્તૃત્વપૂર્વક સંયુક્ત કારભારીતરીકે રાજ્યધુરાનું વહન કરી, અનેક સ્પૃહણીય સુધારામાં ભાગ લઇ, ભાવનગરને કાઠિયાવાડ પ્રાંતનાં સંસ્થાનોને મોખરે સ્થાપ્યું; મહારાજાશ્રી તખ્તસિંહજીને કર્નલ પાર સાહેબ સાથે સંયુક્ત કારભારમાં જોડી પોતે પોતાનો પૂર્વ મુખ્ય પ્રધાનનો અધિકાર પુનઃ ભોગવ્યો; અને ૧૮૭૯-માં, એટલે ૫૫ કરતાં વધારે વર્ષ સુધી દરબારની નોકરી કર્યા પછી પોતાના પ્રિય અને કુશલ ભાણેજ રા. રા. સામલદાસને પ્રધાનપદ સોંપી રાજ્યકાર્યોથી તેઓ ઘણા સંમાનપૂર્વક વિશ્રાન્તિ પામ્યા. ત્યાર પછી, જેમ સામાન્ય પંક્તિના વિષયી મનુષ્યો ચિન્તાગ્રસ્ત વૃદ્ધાવસ્થા ગાળી જનમંડલમાં ઉપહાસપાત્ર થાય છે તેમ ન થતાં રા. રા. ગૌરીશંકરે પ્રત્યગાત્માના અજરત્વ તથા અમરત્વના અનુભવાર્થ પ્રાચીન માર્ગ અનુસરી સ્થાયી યશ મેળવ્યો. એ તેમના જીવનના રૂપાંતરનું વર્ણન કરવા પહેલાં તેમનું શેષ રહેલું વ્યાવહારિક ચરિત પ્રસ્તુત પ્રકરણમાં તથા આગળનાં બે પ્રકરણોમાં વર્ણવવું આવશ્યક છે.

પોતાના યશસ્વી મુખ્ય પ્રધાન રા. રા. ગૌરીશંકરના ઉપરામસમયે મહારાજા શ્રીતખ્તસિંહજીએ સંવત્ ૧૯૩૫ માઘ શુદિ ૧ (તા. ૨૩મી જાનેવારી ૧૮૭૯)ના "ભાવનગર દરબારી ગેઝેટ"થી નીચે પ્રમાણે વૃત્તાંત પોતાની આજ્ઞાથી પ્રસિદ્ધ કરાવ્યો:—

"રાજ્યપ્રકરણી ખાતું.

જાહેર ખબર.

"આ સંસ્થાનના મુખ્ય પ્રધાન આજમ ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ., એઓએ પોતાની જગ્યાનું રાજીનામું આપ્યાથી તે સંબંધમાં નેકનામદાર મહારાજા શ્રીતખ્તસિંહજીએ આજ રોજ સવારમાં મોતીબાગના મહેલમાં દરબાર ભરેલો હતો.

"દરબારી હુદ્દેદાર મુત્સદીયો તથા સીબંદીના અમલદારો અને દરબારના ભાયાતો તથા બીજા કેટલાએક ગૃહસ્થો અગાઉથી આવીને પોતપોતાની ગોઠવી રાખેલી ખુરશીયે બેઠા, અને નેકનામદાર મહારાજા સાહેબ સુમારે સાત કલાકે એ દરબારના હોલમાં પધારી પોતાની તખ્ત ઉપરની ખુરશીયે બિરાજમાન થયા.

"થોડી વારમાં આજમ ગૌરીશંકર, સી. એસ. આઇ., તથા આજમ સામળદાસવિગેરે આવી પહોંચ્યા, અને નેકનામદાર મહારાજા સાહેબની જમણી બાજુની ખુરશીયે અનુક્રમે બેઠા બાદ નેકનામદાર મહારાજાશ્રીએ પોતે નીચે મુજબ ભાષણ વાંચી સંભળાવ્યું:—

"'ગૃહસ્થો,

"'આ ભાવનગર સંસ્થાનના મુખ્ય પ્રધાન આજમ ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ., એઓએ પોતાની જગ્યાનું રાજીનામું આપ્યું છે. તે સંબંધમાં આજ આ દરબાર ભરવામાં આવ્યો છે. તેમનો આ સંસ્થાનસાથે સંબંધ પચાશ વર્ષ ઉપરાંતનો છે. અમારા માનવંતા પૂર્વજો મહારાજા વિજયસિંહજી, અખેરાજજી અને મારા કૈલાસવાસી પિતાજી જશવંતસિંહજી પાસે રહી, તેમને સંતોષ આપી, તેમની મમતા મેળવી, અને આ સંસ્થાનના

હિતમાં કેટલાંક મોટાં મોટાં કામો કરેલાં એ વાત આ સંસ્થાનમાં બલકે આ પ્રાંતમાં એટલી બધી પ્રસિદ્ધ છે કે તેનો વિસ્તાર અત્રે કરવાની અગત્ય નથી. એમની રાજ્યભક્તિ તથા સારાં કામ અને આ સંસ્થાનનું સર્વ પ્રકારે સારૂં કરવાની ઇચ્છા અને આતુરતા એઆદિ ગુણોની કદર આ ભાવનગર સંસ્થાન તરફથી અને તેમાં વિશેષે કરીને મારા મરહુમ પિતાજી તરફથી થયલી છે, એટલુંજ નહિ પણ આપણાં મહારાણી કૈસરે હિન્દની સર્વોપરિ સત્તાએ પણ આજમ ગૌરીશંકરની રાજ્યભક્તિ જોઇ પોતાની પ્રસન્નતાદર્શક ચિહ્ન જે સી. એસ. આઇ.નો બહુ માનભરેલો ખેતાબ અને ચાંદ તેમને આપેલો છે. ઉપરની બીનાઓ આજમ ગૌરીશંકરને તેમ જ આ સંસ્થાનને ઉભયને શોભા આપે એવી અને સંતોષકારક છે એમ હરકોઇ કહી શકશે. આજમ ગૌરીશંકરે મારી પોતાની પાસે પણ આજસુધી પ્રમાણિકપણાથી અને રાજ્યનિષ્ઠાથી કામ કરી મને પુરો સંતોષ આપ્યો છે. તે પણ આ પ્રસંગે મારે પ્રસિદ્ધ કરવું જોઇએ.

" ' એવા એક અનુભવી અને નિમકહલાલ મુખ્ય દિવાન આ સંસ્થાનના કામથી હાથ ઉઠાવે એથી સારૂં ન લાગે એ સ્વાભાવિક છે. તો પણ એમના ૭૪ વર્ષના વય સામું જોતાં તથા એમની રાજ્યસેવા સામું જોતાં એમની ઉત્તરાવસ્થામાં એમણે ઇચ્છેલા આરામનો લાભ આપવો એ મારો ધર્મ છે એમ હું માનું છું.

" ' ઉપર પ્રમાણે પોતાના પિંડથી પોતે રાજ્યસેવા કરી છે તે સાથે બીજી સંતોષકારક વાત એ છે કે ભવિષ્ય કાળસારૂ પણ આ સંસ્થાનનું સારૂં ઇચ્છી આજમ સામળદાસ પરમાનંદદાસ જેવા કુળવાન્ અને બુદ્ધિમાન્ પુરુષને પરખી કહાડી, પોતાની પાસે રાખી, પોતાના અનુભવનો તમામ લાભ તેમને આપ્યો છે. આજમ સામળદાસના પિતા પરમાણંદદાસે આ સંસ્થાનના મુખ્ય પ્રધાનનું કામ લાંબી મુદત સુધી સંતોષકારક કરી લોકમાં



Mr. PRABHĀŚANKARA GAURĪŚANKARA,

Second Son of Gaurīśankara Udayaśankara, C.S.I.

રા. રા. પ્રભાશંકર ગૌરીશંકર,

રા. રા. ગૌરીશંકર ઉદયશંકરના દ્વિતીય પુત્ર.

કીર્તિ સંપાદન કરેલી એ વાત પ્રસિદ્ધ છે. તેમના સત્પુત્ર આજમ સામળદાસે સંસ્કૃત અને ફારસી આ બે ભાષાનો સારી રીતે અભ્યાસ કરેલો છે, અને આ સંસ્થાનની નિમકહલાલીથી નોકરી ત્રીસ વર્ષથી કરે છે. તે દરમ્યાન સરકારી જોઈન્ટ એડ્મિનિસ્ટ્રેટર મિ. પર્સિવલ તથા આજમ ગૌરીશંકરની નજરમાં તેમની પુરી યોગ્યતા હોવાને લીધે તેમણે મુંબઈ સરકારમાં લખી જ્યુડિશિયલ ખાતાની અપીલો ચુકવવાવગેરે કામમાં સરકારી યુરોપીયન અમલદારની સાથે તેમને જોઇન્ટ એડ્મિનિસ્ટ્રેટર ઠરાવવામાં આવ્યા હતા, અને અંતે પોતાની વિદ્વત્તા તથા પ્રમાણિકપણાવગેરે સદ્ગુણોથી મને પણ વારંવાર સારી અને હિતકારક સલાહ આપી મારો સંપૂર્ણ વિશ્વાસ તેમણે મેળવ્યો છે. એવા એક યોગ્ય ગૃહસ્થને પોતાની પાછળ પોતાની જગ્યો ઉપર મૂકી જવાનો અવસર આવે એ વાત આજમ ગૌરીશંકરને ઓછી માનદાયક નથી.

"'એ રીતની સ્થિતિને લીધે આજમ ગૌરીશંકરને પોતાના રાજ્યસેવાથી કમાયલો આરામ આપવા મેં સ્વીકાર કર્યું છે, અને આજમ સામળદાસને તેમની જગ્યોએ આ સંસ્થાનના મુખ્ય પ્રધાન ખુશીસાથે મેં નીમ્યા છે, અને હું ભરૂંસો રાખું છું કે રાજા પ્રજા ઉભયનું હિત કરવાનું કારભારીનું ભારે–કઠિણ કામ આજમ સામળદાસ સંતોષકારક રીતે કરશે.

"'આજમ ગૌરીશંકરની હયાતી સુધી તેમને હાલ જે જીવાઈ દરસાલ રૂપૈઆ વીશ હજાર મળે છે તે પુરેપુરી પેનશનદાખલ આ રાજ્ય તરફથી મળ્યા જશે. તેમના પુત્ર આજમ વિજયશંકરને આસિસ્ટંટ કારભારીની જગ્યો જે હુદ્દા ઉપર કે હાલ સુધી આજમ સામળદાસ હતા તે આપું છું, અને તેમની જગ્યો આજમ વિઠ્ઠલદાસને અને આજમ વિઠ્ઠલદાસની જગ્યો આજમ ગૌરીશંકરના બીજા પુત્ર પ્રભાશંકરને આપું છું.

"'મને આશા છે કે આજમ ગૌરીશંકરે મારી પાસે કહ્યું છે તે પ્રમાણે મૂળગરાસીઆના હકો નક્કી કરવાનું જે થોડુંક કામ બાકી રહ્યું છે તે પુરૂં કરશે, અને મોટાં કામોમાં પોતાના અનુભવ અને ડહાપણનો લાભ આ રાજ્યને આપતા રહેશે. મારી એમ પણ ધારણા છે કે આજમ ગૌરીશંકરની છબી કોઇ સારા દેશી ચિત્રકાર પાસે હાથથી ચિત્રાવી આ દરબારમાં રાખવી અને છેવટ પરમેશ્વર પાસે માગું છું કે આજમ ગૌરીશંકર ઘણાં વર્ષ સુધી આ રાજ્યના હિતૈષી- તરીકે આરામની સાથે લાંબું આયુષ્ય ભોગવે. મારી આ પ્રાર્થનામાં આ સભામાં બેઠેલા સર્વ ગૃહસ્થો સામીલ થશે એમ હું આશા રાખું છું.'

"સદરહુ ભાષણના ઉત્તરમાં આજમ ગૌરીશંકરે નામદાર મહારાજાશ્રીનો ઘણો આભાર માન્યો, અને તેમનું લખી રાખેલું ભાષણ તેમના ફરમાવ્યાથી તેમના પુત્ર આજમ વિજયશંકરે નીચે મુજબ વાંચી સંભળાવ્યું :

"'મહારાજા સાહેબ,

"'આપે જે વાક્યોમાં મારી રાજ્યસેવાની પ્રશંસા કરી તેને હું એટલો બધો યોગ્ય નથી એમ માનું છું, તોપણ તેથી મને ઘણો જ આનંદ અને સંતોષ થાય છે.

"'આપે વિદ્યાભ્યાસ કર્યો અને પછી સત્સંગ રાખી જે બહુ જ સંતોષકારક યોગ્યતા મેળવી છે તેની વારંવાર પ્રશંસા આપણાં મહારાણી કૈસરે હિન્દના અધિકારી સાહેબોના મુખથી મારા સાંભળવામાં આવે છે, અને મેં આપની હુજુરમાં પણ કામ કર્યું તેમ આપની યોગ્યતા મારા અનુભવમાં આવી. એ સર્વ ઉપરથી હું મારૂં વ્યાવહારિક પ્રયોજન સાર્થક થયું એમ માની જે હર્ષ અને સંતોષ પામું છું એ મારા ઉત્તરાવસ્થાના આરામમાં એક સુખકારક સાધન થઈ પડશે એમ હું અંતઃકરણથી માનું છું.

"'આજમ સામળદાસને આપે મારી જગ્યા આપી એથી પણ મને બહુ જ સંતોષ થયો છે. એ મારા કુટુંબી હોવાથી એની બાલ્યાવસ્થામાંથી એના ઉપર મારી સ્વાભાવિક પ્રીતિ છે. આ રાજ્યના પ્રખ્યાત માજી દીવાન પરમાણુંદદાસના એ પુત્ર છે, અને ત્રીશ વર્ષથી આપણા રાજ્યનું કામ મારા સમક્ષ કરે છે. તેમની બધી રીતે યોગ્યતા જોઈ ત્યારે મને એમ લાગ્યું કે મારી પાછળ મુખ્ય પ્રધાનનું કામ કરવાને તે જ પુરી રીતે લાયક છે, અને એવો જ પ્રસંગ આપની સમજણભરેલી ગુણજ્ઞતાથી આજ આવ્યો તેથી મને ઘણો આનંદ અને સંતોષ થયો છે.

"'રાજાની અને પ્રજાની બંનેની પ્રીતિ મેળવી કારભારીનું કામ કરવું એ ખરેખર દુર્ઘટ છે. મારા ઉપર આપના માનવંતા પૂર્વજોએ અને આપે કૃપાદૃષ્ટિથી જોઇને મારી સેવાને વધારે માની લીધી છે પણ મારાથી જે કાંઇ મારો ખરો ધર્મ બજાવવાનું યથાશક્તિ બની આવ્યું હોય તો તે આપના માનવંતા વડીલોએ તેમ જ આપે મારી સલાહ માન્ય કરીને તે પ્રમાણે અમલ થવામાં ઉત્તેજન આપ્યું તેથી જ કાંઇ પણ રાજ્યના તથા પ્રજાના હિતનું કામ બનેલું છે, અને તે કારણથી આપના મરહુમ મુરબ્બીઓનો તથા આપનો મારા ઉપર જે આભાર થયલો છે તે આ પ્રસંગે દર્શાવવો એ હું મારી ફરજ સમજું છું.

"'આપના કૈલાસવાસી પિતા જશવંતસિંહજીએ મારી રાજ્યસેવાના બદલામાં મને વંશપરંપરા એક ગામ બક્ષીસ આપેલું છે, અને આપ હું કામમાંથી દૂર થાઉં છું તે છતાં મારી હયાતીસુધી ભરપગાર જેટલું પેનશન આપવા કહો છો એટલું જ નહિ પણ મારા પુત્રોને પણ મોટા હોદ્દાની જગો આપી મારાઉપર ઉપકાર કરો છો એ મારા આખા કુટુંબ ઉપર વંશપરંપરા નહિ ભુલાય એવો આ રાજ્યનો આભાર છે, અને તે સારૂ મારી

પ્રજા વંશપરંપરા આપની અને આપના રાજ્યની જે સેવા કરે તે ઓછી છે.

"'રાજસ્થાનિક સભા આ પ્રાંતમાં સ્થપાઈ છે તેના સંબંધમાં ભાયાત અને મૂળગરાસીઆના હકોવગેરેના ઠરાવો કરવાનું કામ છે તે ઘણે દરજે પુરૂં થયા જેવું આજસુધી મેં કર્યું છે. હવે તેમાં જે કાંઇ શેષ હશે તે પણ હું મારા હાથથી જ પુરૂં કરવાની ધારણા રાખું છું, અને તે ખુશીથી કરીશ. રાજપ્રસંગમાં જે જે કામમાં આપ મારી સલાહ લેવાનું માન મને આપશો તે પ્રસંગે તેમ કરવા મારો ધર્મ જ છે તે બહુ ખુશી સાથે હું બજાવીશ.

"'અંતે અંતઃકરણથી પ્રાર્થના કરૂં છું કે સર્વશક્તિમાન્ ઇશ્વર આ રાજ્યનું અને આપનું સર્વ પ્રકારે સારૂં કરે અને આપના સુખમાં, રાજ્યમાં, કીર્તિમાં, અને વંશમાં સર્વથા વૃદ્ધિ કરે.'

"ત્યારબાદ આજમ સામળદાસે નીચે પ્રમાણે ભાષણ કર્યું:—
"'મહારાજા સાહેબ,

"'આ સંસ્થાનના મુખ્ય પ્રધાનની માનભરેલી જગ્યો આપ મને આપો છો તેનું કારણ આપની કૃપાદૃષ્ટિવિના બીજું હું માનતો નથી. મારા કુટુંબ ઉપર આ રાજ્યની પૂર્વેથી મમતા અને કૃપાદૃષ્ટિ ચાલી આવે છે તજ્જન્ય ઉપકારમાં આ એક વધારો કરી મને અને મારા વંશજોને આપે ઘણા આભારમાં નાંખ્યા છે.

"'મારા વડીલ શ્રીગૌરીશંકર જેવા અનુભવી અને પ્રખ્યાત પ્રધાનની પાછળ એમના જેવું કામ કરવાની આશા મારા જેવાને રાખવી કઠિન છે તોપણ આપની ખુબીથી અને કૃપાદૃષ્ટિથી હું યથામતિ બની શક્યા પ્રમાણે રાજ્યસેવા બજાવીશ, તથા આ રાજ્યની પ્રજાના હિતસારૂ બનતું યત્ન કરીશ.

"'આપે અને મારા વડીલ શ્રીગૌરીશંકરે કારભારીના કામની કઠિનતા વિષે જે કહ્યું છે એ ખરૂં છે. એ જ પ્રમાણે આપણા સંસ્કૃત ભાષા જાણનાર એક વિદ્વાન્‌નો પણ અભિપ્રાય છે. તેણે કહ્યું છે કે :—

नरपतिहितकर्ता द्वेष्यतां याति लोके
जनपदहितकर्ता त्यज्यते पार्थिवेन ।
इति महति विरोधे विद्यमाने समाने
नृपतिजनपदानां दुर्लभः कार्यकर्ता ॥

એટલે—ફક્ત રાજાનું જ હિત કરનાર લોકના દ્વેષનો ભોગ થઇ પડે છે; જે પ્રજાનું જ હિત કરે છે તેને રાજા તજે છે. આવા મોટા વિરોધવચ્ચે રાજા અને પ્રજા એ બંનેનું સમાન રીતે કાર્ય કરનાર દુર્લભ હોય છે.

"'પણ એ પ્રમાણે રાજ્યકારભારની કઠિનતા જે સ્થલે રાજાના વિચારો પોતાના અને પ્રજાના હિતસંબંધી જુદા જુદા હોય ત્યાં આવવાનો સંભવ છે. પરંતુ પ્રજાનું રંજન અને પાલન કરી પ્રજાનું હિત તે જ પોતાનું હિત છે એ યથાર્થ રાજધર્મ સમજી તે પ્રમાણે વર્તવાના આપના વિચારો હું જાણું છું તેથી હું એ સંબંધમાં પોતાને ભાગ્યશાળી જાણું છું.

"'આપણાં મહારાણી સાહેબ કૈસરે હિન્દના રાજ્યના કેટલાએક બહુ સારા નિયમો જે આપ ઘણા પસંદ કરો છો તેનું પણ એ જ ધોરણ છે. તેમણે સને ૧૮૫૮માં પ્રસિદ્ધ કરેલા અમૂલ્ય ઢંઢેરામાં લખ્યું છે કે 'અમારી પ્રજાની સમૃદ્ધિમાં અમારી શક્તિ છે; તેમના સંતોષમાં અમારૂં સંરક્ષણ છે; અને તેમના આભારમાં અમારૂં ઉત્તમ પ્રતિફલ છે;'ઇત્યાદિ.

"'આપણા પૂર્વે થઇ ગયલા મહાપ્રતાપી રાજાઓ પણ એવા જ વિચારથી વર્તતા. મહાભારતના શાંતિપર્વમાં ભીષ્મપિતા-

મ્હેં યુધિષ્ઠિર રાજાને રાજનીતિ સમજાવતાં મુખ્યત્વે એવું વાક્ય કહ્યું છે કે :—

स्वहितं तु परित्यज्य यद्यल्लोकहितं भवेत्. —ઇત્યાદિ,

એટલે, પોતાનું હિત તજીને જે જે લોકનું હિત હોય તે લક્ષમાં રાખવું.

"'એવા એવા ઉત્તમ વિચારો આપે જાણેલા છે, અને તે પ્રમાણે વર્તવા આપનો હેતુ છે, તેથી કારભારીના કામની કઠિનતાનો ભાગ દૂર થઈ જાય છે. અને એ પ્રમાણે જ્યાં પ્રજાનું હિત એ જ રાજાનું હિત એમ સમજે છે, તથા પ્રજાનું કલ્યાણ કરવું એ જ પોતાનો સ્વધર્મ છે એમ જે રાજા માને છે, ત્યાં કારભારીનું કામ કઠિન તો શાનું જ થાય? બલકે એ કામ સુખકારક થઈ પડે છે. આપ જેવા સમજુ અને સદ્‌વિચારવાળા રાજાના સમયમાં તે અનુભવનો લાભ મળવાની મને પુરી આશા છે. મારા વડીલ શ્રીગૌરીશંકરે મારી બાલ્યાવસ્થામાંથી જ મારૂં સદા સુભ ઇચ્છી મારી વૃદ્ધિ થવામાં પ્રયત્ન કરેલું છે, તે સારૂ આ પ્રસંગે તેમનો ખરા અંતઃકરણથી ઉપકાર માનવો એ હું મારો ધર્મ સમજું છું.

"'પરમ કૃપાળુ ઈશ્વરપાસે છેલી મારી એટલી જ પ્રાર્થના છે કે આપે જે મમતાથી અને કૃપાથી માનભરેલો અધિકાર આપ્યો છે, તેને યોગ્ય મને કરીને મારા હાથથી રાજ્યના અને પ્રજાના હિતકારક થતાં પ્રયત્નો તે સર્વશક્તિમાન્ ઈશ્વર સફળ કરે, અને એવાં સારાં કામોમાં હમેશાં મને મદદ આપે.'

"ઉપર પ્રમાણે ભાષણ થઇ રહ્યા બાદ નેકનામદાર મહારાજશ્રીએ આજમ ગૌરીશંકર તથા આજમ સામળદાસને તેમ આજમ વિજયશંકર તથા આજમ વિઠ્ઠલદાસ અને આજમ પ્રભાશંકર એ દરેકને સાલજોટા તથા પાઘડીઓનો પોશાક

આપ્યો, અને પાન સોપારી તથા પુલના તોરા અને ગુલાબજળ અપાયા બાદ દરબાર બરખાસ્ત કર્યો.

ભાવનગર, સંવત્ ૧૯૩૫ના પોષ વદ ૫, સોમવાર, તા. ૧૩ જાન્યુઆરી સને ૧૮૭૯.	નેકનામદાર મહારાજા સાહેબના હુકમથી (સહી) **રતીલાલ વિ. માણેકલાલ,** સેક્રેટરી.”

અભિપ્રાયો, રીપોર્ટો, વગેરે.

સને ૧૮૭૮ની સાલમાં પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબના રીપોર્ટમાંથી ઉદ્ધરણ:—

“A few months after, the able and respected minister of the State, Azam Gowrishankar Udeyshankar, C.S.I., laid down the cares of office, and sought well-earned repose. He was succeeded as Diwan by his nephew, Azam Samaldas.”

“થોડા માસ પછી આ સંસ્થાનના કુશલ અને માનવંતા દિવાન આજમ ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઇ., એમણે પોતાના અધિકારની ચિન્તામાંથી મુક્ત થઇ સૂપાર્જિત વિશ્રામ લીધો. તેમની જગોએ તેમના ભાણેજ આજમ સામલદાસ પરમાણંદદાસ દિવાનતરીકે આવ્યા.”

સને ૧૮૭૮-૭૯ની સાલમાં ગોહિલવાડ પ્રાંતના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ મિ. ફિટ્ઝેરલ્ડ સાહેબે કરેલા રીપોર્ટમાંથી ઉદ્ધરણ:—

“There are, I believe, few native statesmen who can say that they have uninterruptedly held the helm of affairs in one and the same Native State for a period of 32 years, and enjoyed the confidence of four successive ruling Chiefs, and there are none, I am sure, who can show a longer and more honourable career than Mr. Gowrishankar,.........and in retiring as he has now done into private life, he carries with him the affection and respect not of the Bhavnagar State only, but of the whole Province.”

"૩૨ વર્ષસુધી એક જ સંસ્થાનના કારભારને મોખરે અવિચ્છિન્નપણે રહેલા અને વારાફરતી ચાર અધીશોના વિશ્વાસપાત્ર થયલા થોડા જ રાજનીતિજ્ઞ દેશી પુરુષો મારા માનવાપ્રમાણે હશે, અને મને ખાતરી છે કે રા. રા. ગૌરીશંકરના કરતાં કોઈએ પણ દીર્ઘ અને માનભરેલી નોકરી બજાવેલી નથી. * * * હાલમાં પોતાના અધિકારથી તેઓ નિવૃત્તિ પામ્યા છે તે એકલા ભાવનગર રાજ્યના નહિ, પરંતુ આખા કાઠિયાવાડ પ્રાંતના સ્નેહ અને સંમાનપૂર્વક પામ્યા છે."

સને ૧૮૭૮–૭૯ ની સાલમાં પોલિટિકલ એજંટ કર્નલ બાર્ટન સાહેબના રીપોર્ટમાંથી ઉદ્ધરણ:—

"The fine old Minister of the State, Azam Gowrishankar Udeyshankar, C.S.I., finally retired from political life during the course of the year. He has been uninterruptedly in the service of Bhavnagar ever since 1822, and, having passed through inferior grades with credit, was appointed Diwan in 1847. He held this responsible appointment under three successive sovereigns, by all of whom he was equally trusted, and when the late Thakor Sir Jaswantsingji died in 1870, he was appointed Joint Administrator with an officer of the British Government. He reverted to the office of Diwan when His Highness the Thakor Saheb was invested with full authority, and has now retired into private life followed by the respect and admiration, not only of Bhavnagar but of all Kathiawar. His Highness the Thakor Saheb has, as a mark of his Minister's service, continued to him the pay and allowance he enjoyed as Diwan for the remainder of his life.

It would be impossible within the limits of this report to enumerate all the services rendered by this able

politician to the State he served and to Kathiawar in general. He cleared the State from a load of debt, and took a prominent part in the negotiations, which, after a controversy extending over twelve years, resulted in the restoration to Bhavnagar of the jurisdiction over 116 villages, of which it had been deprived for 50 years.

But his exertions were not confined to Bhavnagar. Wherever in Kathiawar an intricate dispute regarding land or money had to be solved, his advice and assistance, as an arbitrator, were largely sought, and he was no less trusted by the sovereign than by the able officers who have in succession presided over the affairs of Kathiawar.

He is the only statesman in Kathiawar who has had the distinction of a Companionship of the Star of India conferred on him."

" આ વર્ષમાં ભાવનગર સંસ્થાનના સુજ્ઞ.વૃદ્ધ પ્રધાન આજમ ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઇ., રાજકીય વ્યવહારોથી નિવૃત્ત થયા. છેક સને ૧૮૨૨ ની સાલથી તેઓ અવિચ્છિન્નપણે દરબારની નોકરીમાં રહ્યા છે, અને યશપૂર્વક ઉતરતી પદવીઓમાં દરબારની સેવા કરી તેઓ ૧૮૪૭ માં દિવાન નિમાયા. આ જુમેદાર પ્રધાનપદ તેઓએ અનુક્રમે ત્રણ રાજાઓના સમયમાં ભોગવ્યું. એ સર્વ રાજાઓનો તેમના ઉપર એક સરખો વિશ્વાસ હતો, અને જ્યારે મરહુમ ઠાકોર સાહેબ સર જશવંતસિંહજી ઇ. સ. ૧૮૭૦ માં સ્વર્ગવાસી થયા ત્યારે ઇંગ્રેજ સરકારના એક અમલદારની સાથે તેઓ સંયુક્ત કારભારી નીમાયા. જ્યારે ઠાકોર સાહેબ શ્રીતખ્તસિંહજીને કુલ અખત્યાર સોંપવામાં આવ્યો ત્યારે તેઓ દિવાનના અધિકાર ઉપર પાછા ફર્યા. માત્ર ભાવનગરના જ નહિ પણ આખા કાઠિયાવાડ પ્રાંતના પૂજ્યભાવ

અને સપ્રેમ સંમાનસહિત હાલ તેઓએ નિવૃત્તિ સેવી છે. તેમની નોકરીની કદરખાતર જે પગાર તથા ભથ્થું દિવાન તરીકે તેમને મળતું તે ઠાકોર સાહેબે તેમની જીંદગીપર્યન્ત કાયમ રાખ્યું છે.

વિશેષે કરીને ભાવનગર રાજ્યની અને સામાન્ય રીતે કાઠિયાવાડ પ્રાંતની જે જે બધી સેવાઓ આ સમર્થ રાજનીતિજ્ઞ પુરુષે બજાવી છે તેનું વર્ણન આ રીપોર્ટની ટુંકી મર્યાદામાં કરવું અશક્ય છે. તેમણે દેવાના ભારથી રાજ્યને મુક્ત કર્યું, અને ૧૧૬ ગામો ઉપર દરબારની હકુમત ૫૦ વર્ષ સુધી દૂર રહી હતી તે પાછી મેળવવા સંબંધમાં ૧૨ વર્ષ સુધી જે ઝગડો ચાલ્યો તેમાં મુખ્ય ભાગ લીધો.

પરંતુ તેમનો શ્રમ એકલા ભાવનગરનિમિત્ત ન હતો. કાઠિયાવાડમાં જ્યાં જ્યાં જમીન કે પૈસા સંબંધી ગુંચવાડા-ભરેલો સવાલ ઉઠતો ત્યાં ત્યાં પંચતરીકે તેમની સલાહ તથા મદદ વારંવાર માગવામાં આવતી, અને કાઠિયાવાડ પ્રાંતનાં રાજ્યકૃત્યોના અધ્યક્ષરૂપે જે સમર્થ પોલિટિકલ એજંટો વારા ફરતી થઈ ગયા છે તેમનો જેટલો વિશ્વાસ તેમના ઉપર હતો તેથી ન્યૂન વિશ્વાસ તેમના રાજાઓનો હતો નહિ.

સી. એસ. આઇ. નો ખિતાબ ધારણ કરનાર કાઠિયાવાડમાં તેઓ એક જ રાજનીતિજ્ઞ પુરુષ છે."

ઉપરના રીપોર્ટ ઉપર મુંબઈ સરકારનો ઠરાવ:—

"The past year also saw the retirement from the public service of his State of the ablest native politician in Kathiawar, Azam Gowrishankar Udeyshankar, who had held for over 30 years the responsible office first of Diwan, then of Joint Administrator and finally again for a short period, of Diwan of the Bhavnagar State, and had ever discharged his onerous duties to the complete satisfaction alike of his Chief and of the British officers of the Agency.

Government hope that he may live long to enjoy the honourable repose he has earned so well, and that his successors may emulate him in the ability, integrity and courtesy he displayed in the performance of the high and varied functions of his office."

"કાઠિયાવાડ પ્રાંતના સર્વથી સમર્થ રાજનીતિજ્ઞ આજમ ગૌરીશંકર ઉદયશંકર ગયા વર્ષમાં દરબારી નોકરીથી નિવૃત્ત થયા. તેઓએ પ્રથમ ભાવનગર સંસ્થાનના દિવાનતરીકે, ત્યારબાદ સંયુક્ત કારભારીતરીકે, અને ફરીને ટુંક મુદત માટે દિવાનતરીકે એમ ત્રીશ વર્ષ ઉપરાંત અધિકાર ભોગવ્યો. તે દરમ્યાન તેમણે રાજાના તેમ જ એજન્સીના સરકારી અમલદારના સરખા અને સંપૂર્ણ સંતોષપૂર્વક પોતાની ભારે ફરજો બજાવી છે.

સરકાર આશા રાખે છે કે જે માનવંતો વિશ્રામ તેમણે આટલી બધી સારી રીતે ઉપાર્જિત કર્યો છે તે ભોગવવાને તેઓ લાંબા વખત સુધી જીવે, અને તેમના અધિકારની વિવિધ પ્રકારની તથા ભારે ફરજો બજાવવામાં તેમણે જે શક્તિ, પ્રામાણિકતા, તથા વિનયના ગુણો બતાવ્યા છે તે પરત્વે તેમના ઉત્તરાધિકારીઓ તેમનું ઉત્સાહપૂર્વક અનુકરણ કરે."

રા. રા. ગૌરીશંકરના ઉપરામ પછી **ટાઇમ્સ ઑફ ઇન્ડિયા** નામના મુંબઇના પ્રતિષ્ઠિત દૈનિક પત્રમાં પ્રસિદ્ધ થયલા લેખમાંથી ઉતારો:—

"The career of Gowrishankar Udeyshankar, C.S.I., who has just retired from the active duties of Diwan of Bhavnagar, is worth attention, as illustrating the nature of the work which native statesmen have before them in administering the territories not within the red line

marking British limits. Mr. Gowrishankar kept the helm at Bhavnagar through three successive reigns, and only resigns now when his age and service entitle him to repose. To his sagacity and talent for the administrative details of Government, Bhavnagar owes all prosperity and her present position as one of the best governed States in Kathiawar. In the course of the last twenty years, her revenues have gone on showing a steady improvement, the present annual income of the State being close upon 30 lakhs of rupees, and the expenditure not exceeding twenty-six lakhs of rupees."

"રા. રા. ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ., જેઓએ હાલમાં જ ભાવનગરના દિવાનની જુમેદાર નોકરી છોડી છે તેમની કારકીર્દી ધ્યાન આપવા યોગ્ય છે, કારણ કે નકશામાં રાતા રંગથી જણાવવામાં આવતા બ્રિટિશ સરકારના મુલકની બહાર દેશી રાજ્યોનો કારભાર કરવામાં રાજનીતિકુશલ દેશી પુરુષોએ જે કાર્ય કરવાનું છે તેનો તે સારો ચિતાર આપે છે. અનુક્રમે ત્રણ રાજાઓના રાજ્યમાં ભાવનગરના મુખ્ય નિયંતાની પદવી ભોગવી રા. રા. ગૌરીશંકર તેમની ઉમર તથા નોકરીને લીધે હકદાર થઈને જ અત્યારે નિવૃત્તિ લે છે. ભાવનગરની આબાદી તથા આખા કાઠિયાવાડમાં ઉત્તમ વ્યવસ્થિત સંસ્થાનોમાં તેની ગણત્રી, તેમના ડહાપણ તથા રાજ્યકારભાર કરવામાં તેમની અનુભવસિદ્ધ બુદ્ધિના પ્રભાવને લીધે છે. છેલ્લાં વીશ વર્ષ દરમ્યાન તેની મહેસુલ નિરંતર વધતી આવી છે. અત્યારે આખા સંસ્થાનની વાર્ષિક ઉપજ લગભગ ત્રીશ લાખ રૂપૈયા છે, અને ખરચ છવીશ લાખ કરતાં વધારે નથી."

વિલાયતમાં પ્રસિદ્ધ થતા *Home-work* (હોમવર્ક) નામના પત્રના તા. ૩ ફેબ્રુઆરી ૧૮૮૭ ના અંકમાં કર્નલ એન્ડર્સન સાહેબ લખે છે કે:—

"Assisted by a family of able, wise and enlightened Ministers, "Nagar Brahmins" of whom the greatest has been Gowrishankar Udeyshanker, and to whom the young Chief and his State owe a deep debt of gratitude, Bhownaggar may now be considered the first State in Kathiawar for advancement and wise and healthy administration."

"સમર્થ, શાણા અને સુધરેલા નાગર પ્રધાનોનું કુલ કે જેમાં રા. રા. ગૌરીશંકર ઉદયશંકર સર્વથી શ્રેષ્ઠ છે, અને જેનો ભારે ઉપકાર તરુણ મહારાજાએ તથા તેમની પ્રજાએ માનવાનો છે, તેના સાહાય્યથી ભાવનગર રાજ્ય કાઠિયાવાડ પ્રાંતમાં સુધારા, તથા સુદક્ષ અને સ્વસ્થ કારભારને માટે હાલ અગ્રેસર કહી શકાય એમ છે."

પ્રકરણ ૧૧.

મહાજનોસાથે સંબંધ.

લૉર્ડ એલ્ફિન્સ્ટન—આગબોટ; "દેશી લોકો"—સર જ્યોર્જ રસલ ક્લાર્ક—સર બાર્ટલ ફ્રીયર—નામદાર શાહજાદા પ્રિન્સ ઑફ વેલ્સ—સર સીમોર ફિટ્ઝેરલ્ડ—રાજસ્થાનિક સભાનું સ્થાપન—સર ફિલિપ વોડહાઉસ— કુંડલાનું અશ્વ-પ્રદર્શન—દિલ્હી દરબાર—સર સલાર જંગ અને સર ટી. માધવરાવ—મહારાજાશ્રી હોલ્કર—મહારાજા શ્રીદિગ્વિજયસિંહજી—રા. રા. બિહારીલાલ નથનીરામ—કાશી-મહાયાત્રા; પર્સિવલ સાહેબની બદલી—મહારાજા શ્રીતખ્તસિંહજીને રાજ્યકાર્ય-ભારમાં દાખલ કરવા વિષે મુંબઈમાં ગવર્નર સાહેબની મુલાકાત—વૉટસન સાહેબ—સર રિચર્ડ ટેમ્પલ—સર જેમ્સ ફરગસન—ગવર્નર સાહેબનું રા. રા. ગૌરીશંકરને ત્યાં પધારવું.

કવિકુલશિરોમણિ માઘ શિશુપાલવધ માં કહે છે કે तुङ्गत्वमितरा नाद्रौ नेदं सिन्धावगाधता । अलंघनीयताहेतुरुभयं तन्मनस्विनि ॥ પર્વતમાં ઉંચાઈ છે તો ગાંભીર્ય નથી, અને સમુદ્રમાં ગાંભીર્ય છે તો ઉંચાઇ નથીઃ બુદ્ધિપ્રકર્ષયુક્ત મહાપુરુષોમાં ચરિતોન્નતિ અને હૃદયગાંભીર્ય ઉભય હોવાથી તેઓ અલંઘનીય હોય છે. આ વાક્ય આપણા ચરિત્રનિરૂપ્ય રા. રા. ગૌરીશંકરને યથાર્થ રીતે લાગુ પડે છે. જે જે મહાજનો સાથે તેમને રાજકીય પ્રસંગને લીધે અથવા નિમિત્તાન્તરથી સંબંધ થયલો તે સર્વ તેમના આ બે મુખ્ય ગુણથી ઉપલક્ષિત સદ્‌ગુણસંપત્તિની સાક્ષી પૂરે છે. તેવા પુરુષો સાથે થયલી વાર્તા, ચર્ચાવગેરે આ પ્રકરણનો વિષય છે.

લૉર્ડ એલ્ફિન્સ્ટન.

૧. લૉર્ડ એલ્ફિન્સ્ટન સાહેબ મુંબઈના ગવર્નરની પદવીએ સને ૧૮૫૩ થી ૧૮૬૦ સુધી રહ્યા. તેઓ સને ૧૮૫૫–૫૬માં ગુજરાત તથા કાઠિયાવાડની મુસાફરીએ પધાર્યા હતા. મહારાજા શ્રીજશવંતસિંહજીએ પોતાના તરફથી તેમને આમંત્રણ કરવા ખરીતાસાથે પોતાના દિવાન

રા. રા. ગૌરીશંકરને સામૈયાતરીકે મોકલાવ્યા હતા. રા. રા. ગૌરીશંકરને ધંધુકા પરગણાના રાણપુર મુકામે નામદાર ગવર્નર સાહેબની પ્રથમ મુલાકાત થઇ. બીજી મુલાકાત પરગણે બોટાદ તાબાના નિંગાળા મુકામે થઇ. તે પ્રસંગે તેમની સાથે અનેક રાજદ્વારી વાતો તથા ગુજરાત અને કાઠિયાવાડની પ્રાચીન તથા અર્વાચીન ઐતિહાસિક વાતો થઇ, તેમ જ કપાસના વાવેતર તથા તેને પાણી પાવાનો વિષય પણ નિકળ્યો. ત્યાર પછી ગવર્નર સાહેબે છેવટે શિહોર મુકામ કર્યો ત્યાં મહારાજા શ્રીજશવંતસિંહજીએ તે નામદારની મુલાકાત લીધી અને ૧૧૬ ગામો સંબંધી પોતાની પરતંત્રતામય દુઃખદ સ્થિતિનું વર્ણન કર્યું. તે લક્ષપૂર્વક સાંભળી ગવર્નર સાહેબ રા. રા. ગૌરીશંકરને ઉદ્દેશી બોલ્યા કે "હું મુંબઈ જઈને તમારી અરજી ઉપર જરૂર ધ્યાન આપીશ." અને મહારાજાશ્રીને ઉદ્દેશી કહ્યું કે "આપ સ્વતંત્ર રાજા છો એ જ કાયમ રહેશે. માટે થોડા દિવસ અમદાવાદની હકુમત આપે સહન કરવી, તેમાં ગભરાવું નહિ." શિહોરથી ગવર્નર સાહેબનો મુકામ ગોઘે થયો ત્યાં પણ રા. રા. ગૌરીશંકર તેમની સાથે રહ્યા હતા. ગવર્નર સાહેબની સાથે તેમના ચીફ સેક્રેટરી મિ. યંગ સાહેબ, કેળવણી ખાતાના ડિરેક્ટર મિ. અર્સ્કિન સાહેબ, ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટર રા. વિનાયકરાવ વાસુદેવ તથા ડાક્ટરતરીકે રા. નારાયણ દાજીવગેરે અમલદારો હતા. તેમની મુલાકાતો પણ રા. રા. ગૌરીશંકરને વારંવાર થતી.

આગબોટ; "દેશી લોકો."

ગવર્નર સાહેબના વિવેક, નમ્રતા, મિલનસાર સ્વભાવઆદિ ગુણોથી રા. રા. ગૌરીશંકર આકર્ષાયા, તેમ જ બીજે પક્ષે રા. રા. ગૌરીશંકરનો બુદ્ધિપ્રભાવ તથા ઉચ્ચ અનુભવ ગવર્નર સાહેબને અન્યૂન સંતોષ આપનાર થયા. ગવર્નર સાહેબ ગોઘાથી સુરત જવાના હતા, તે અર્થે તેમને લેવા સારૂ સરકારી આગબોટ આવી હતી. સર્વ પ્રતિષ્ઠિત મંડલને વિદાય કરવા સારૂ એ આગબોટ ઉપર રા. રા. ગૌરીશંકર ગયા હતા. તે પ્રસંગે ગવર્નર સાહેબે રા. વિનાયક-

રાવજીમારફત આગબોટનું નીચેનું સાંચાકામ જોવા માટે રા. રા. ગૌરીશંકરને કહ્યું. કસ્ટમ ખાતાના ડેપ્યુટી કમિશનર સ્ટુઅર્ટ સાહેબ જે પાસે ઉભા હતા તેમણે આ સાંભળી ગવર્નર સાહેબને કહ્યું કે "દેશી લોકો એવા કામમાં શું સમજે?" તેના ઉત્તરમાં ગવર્નર સાહેબ બોલ્યા કે "અનુભવી યુરોપિયનના જેટલી તેમનામાં સમજવાની શક્તિ છે. તેમ છતાં તેમની તમોને પૂરી ખબર જણાતી નથી." પછી ઘણા સંમાનપૂર્વક આગબોટના કપતાન અને સ્ટુઅર્ટ સાહેબને સાથે મોકલી આગબોટનું સલૂન તથા તમામ સાંચાકામ લોર્ડ એલ્ફિન્સ્ટન સાહેબે રા. રા. ગૌરીશંકરને બતાવ્યું હતું.

સર જ્યોર્જ રસલ ક્લાર્ક.

૨. સર જ્યોર્જ રસલ ક્લાર્ક મુંબઈના ગવર્નરના અધિકાર ઉપર સને ૧૮૬૦થી ૧૮૬૨ સુધી રહ્યા. તેઓ ગુજરાત તથા કાઠિયાવાડની મુસાફરીએ સને ૧૮૬૧માં નીકળ્યા હતા, તે પ્રસંગે રા. રા. ગૌરીશંકરનું તેમને બોટાદ મુકામે મળવું થયું. ત્યાં તેમને ગવર્મેંટના સેક્રેટરી મિ. હોપ સાહેબસમક્ષ નામદાર ગવર્નર સાહેબસાથે કાઠિયાવાડની સ્થિતિસંબંધે તથા ભાવનગર અને બ્રિટિશ સરકારના પરસ્પર સંબંધવિષે અસલ દફતરના દાખલાસહિત સવિસ્તર વાર્તા થઈ. સને ૧૮૬૦ના કરારસંબંધે રા. રા. ગૌરીશંકરે તેમનો ઉપકાર માનતાં કહ્યું કે "આપ નામદાર સાહેબે છેવટ નિવેડો મહેરબાન હોપ સાહેબ અને અમારા દરબારના એજંટ મિ. મેહેરવાનજી ભાવનગરીદ્વારા આણ્યો તેથી અમારૂં રાજ્ય આપ નામદાર સાહેબનું પૂરૂં આભારી છે. તેમાં જો કે અમારી માગણીપ્રમાણે પૂરૂં થયું નથી, તોપણ રાજધાનીનું શહેર ભાવનગર અને શિહોર તથા તેમનાં દશ ગામો ઉપરથી કાયદાની હકુમત મોકુફ કરવાનો આપ નામદાર સાહેબે જે ઠરાવ કર્યો છે તેથી હાલ સંતોષ માનીએ છીએ." આના જવાબમાં ગવર્નર સાહેબ સર રસલ ક્લાર્ક બોલ્યા કે "એ બાબતના કુલ કામથી અમે વાકેફ છીએ, અને જે તમારી માગણી છે તે પ્રમાણે સર-

કારે કરેલું નથી તોપણ અમે બને તેટલું કર્યું છે, અને ઉમેદ છે કે થોડી મુદ્દતે સઘળું સારૂં થશે.” વિશેષમાં ગવર્નર સાહેબે કહ્યું કે “તમારી સ્મરણશક્તિ, અનુભવ અને નિમકહલાલી, તેમ જ ભાવનગર રાજ્યમાં તમે કરેલા સુધારાવગેરે બાબત મિ. હોપે મને કહ્યું હતું તે તમારી મુલાકાતમાં મારા અનુભવમાં આવવાથી મને સંતોષ થયો છે, અને હવે ભાવનગર આવીને તમે કરેલા સુધારાવગેરે જોઈશ ત્યારે વધારે સંતોષ થશે.”

ભાવનગર જઇ ગવર્નર સાહેબે બંદર, સડકો, ડંકા, દરબારી મકાનો, મહેલો, ઇંગ્રેજી ગુજરાતી નિશાળ, પુસ્તકાલયવગેરે બાંધકામો જોઈ બહુ પ્રસન્નતા દર્શાવી. બંદરની કોટિયા ખાડી જોવાના પ્રસંગે ગવર્નર સાહેબે રા. રા. ગૌરીશંકરને પૂછ્યું કે “આ બંદરની હાલ વાર્ષિક ઉપજ કેટલી આવે છે?” તેના જવાબમાં રા. રા. ગૌરીશંકર બોલ્યા કે “હાલ સુમારે ત્રીસ હજારની વાર્ષિક ઉપજ આવે છે.” તે ઉપરથી નામદાર સર જ્યોર્જ રસલ કલાર્ક સાહેબે કહ્યું કે “આ બંદર ઘણું સારૂં છે. તેથી દશ વર્ષ પછી તેની વાર્ષિક ઉપજ ત્રીસ લાખ રૂપૈયા થશે એમ હું આશા રાખું છું. માટે દશ વર્ષ પછી તેટલી વાર્ષિક ઉપજ દરબારના દોસ્તતરીકે હું દરબારની વતી તમારી પાસેથી માગી લઇશ.” તેના જવાબમાં રા. રા. ગૌરીશંકરે સવિનય વિજ્ઞપ્તિ કરી કે “આપનું સખુન મુબારક હો. ત્રીશ લાખ રૂપૈયાની ઉપજ થવી તો મુશ્કેલ છે. પરંતુ અમે હાલ સર્વ વેપારીઓને ઉત્તેજન આપી તેમને ઘણી સારી રીતની સગવડ કરી આપવાનાં સાધનો કામે લગાડ્યાં છે, જેથી વેપારીઓને કોઇ પણ જાતની હરકત નહિ થાય. તેથી આયંદે ત્રણ લાખ રૂપૈયાની વાર્ષિક ઉપજ દરબારને આવશે એવી આશા રાખી શકાય છે.” આ ઉત્તરથી ગવર્નર સાહેબને ઘણો હર્ષ થયો હતો.

સર બાર્ટલ ક્રીયર.

૩. સર બાર્ટલ ક્રીયર સાહેબની મુલાકાત રા. રા. ગૌરીશંકરને સને ૧૮૬૪ માં મુંબઈ મુકામે થઈ હતી. માજી ગવર્નર સર જ્યોર્જ રસલ કલાર્ક સાહેબના વખતમાં થયલો કરાર એકદેશી હોવાથી કાઠિયાવાડ એજન્સી અને અમદાવાદના અધિકારીઓ એ ઉભયની સર્વોપરિ સત્તાથી દરબારનું કષ્ટ વ્યવહારમાં વૃદ્ધિંગત થતું જણાયું. તેથી મહારાજા શ્રીજશવંતસિંહજીએ વિશેષ આગ્રહ કરી રા. રા. ગૌરીશંકરને ગવર્નર સાહેબની પાસે મોકલ્યા હતા. એ પ્રસંગે ૧૧૬ ગામો ઉપરાંત બીજી કાઠિયાવાડની રાજપ્રકરણી વાતો થઈ હતી. ભાવનગર રાજ્યનો ચાળીશસાલી જમાબંધીનો આંકડો આસિસ્ટંટ રેવેન્યુ કમિશનરતરીકે બાર્ટલ ક્રીયર સાહેબે સને ૧૮૪૦ માં જાતે જ નક્કી કર્યો હતો, તે વખતે કારભારી રા. રા. પરમાણુંદદાસના મદદગારતરીકે રા. રા. ગૌરીશંકરને તેમની મુલાકાત થઈ હતી. એ વાતનું સ્મરણ ગવર્નર સાહેબને અપાતાં તેઓએ આનંદ દર્શાવ્યો.

મહારાજા શ્રીજશવંતસિંહજીને કે. સી. એસ. આઇ. નો ખિતાબ આપવા માટે પરેલના ગવર્મેન્ટ હાઉસમાં દરબાર ભરાયો તે વખતે રા. રા. ગૌરીશંકરને તેમની બીજી મુલાકાત થઇ. દરબાર બરખાસ્ત થયા પછી ગવર્નર સાહેબે રા. રા. ગૌરીશંકરને કહ્યું કે "મહારાજાશ્રીને માન મળ્યું છે તે તમારી રાજભક્તિ અને નિમકહલાલ નોકરીનું પરિણામ છે." એ ઉપરાંત બીજી ત્રણ ચાર મુલાકાત રા. રા. ગૌરીશંકરને ગવર્નર સાહેબ સાથે થઇ. તેમાં કાઠિયાવાડ એજન્સીના બંદોબસ્તસંબંધી, રેલ્વેસંબંધી અને બીજા લોકોપયોગી વિષયસંબંધે ચર્ચા ચાલી હતી. એ મુલાકાતમાં ગવર્નર સાહેબે રા. રા. ગૌરીશંકરનો ફોટોગ્રાફ માગ્યો, પરંતુ સાદાઇને લીધે રા. રા. ગૌરીશંકરે છબિ પડાવેલી ન હોવાથી તે આપવાનો યોગ આવ્યો નહિ.

સને ૧૮૭૫ ની સાલમાં નામદાર કૈસરે હિંદ વિક્ટોરિયાના જ્યેષ્ઠ પુત્ર શાહાજાદા પ્રિન્સ ઑફ વેલ્સ હિંદુસ્તાનની મુસાફરીએ નિકળ્યા. તેમની સાથે એલચીતરીકે તે વખતે ઇન્ડિયા ઑફીસના મેમ્બર સર બાર્ટલ ફ્રીયર સાહેબ હતા. નામદાર પ્રિન્સ ઑફ વેલ્સની મુલાકાતમાટે રાજમંડલનું મુંબઈ જવું થયું હતું. મહારાજા શ્રીતખ્તસિંહજીની સાથે રા. રા. ગૌરીશંકર મુંબઈ ગયા હતા. તે વખતે સર બાર્ટલ ફ્રીયર સાહેબનો પણ વારંવાર મેળાપ થતો હતો. સર બાર્ટલ ફ્રીયર સાહેબે રા. રા. ગૌરીશંકરસંબંધે યોગ્ય પ્રશંસાવચનો ઉચ્ચારી તેમને નામદાર પ્રિન્સ ઑફ વેલ્સને ઓળખાવ્યા, અને મહારાજાશ્રીને પણ કહ્યું કે "આ ગૌરીશંકરજી આપના રાજ્યના ઘણા જૂના અને નિમકહલાલ નોકર છે, તેમણે પોતાની કારકીર્દીમાં આપના રાજ્યને એક બગીચાની માફક કરી શોભાવ્યું છે." આ પ્રસંગે સર બાર્ટલ ફ્રીયર સાહેબે રા. રા. ગૌરીશંકરનો ફોટોગ્રાફ પાછો આગ્રહપૂર્વક માગ્યો. ફોટોગ્રાફ ન પડાવ્યો હોવાનું કારણ રા. રા. ગૌરીશંકરે જણાવ્યાથી સર બાર્ટલ ફ્રિયરે દરબારી એજન્ટ મિ. મનચેરજી ભાવનગરી જેઓ પાસે હતા તેમને કહ્યું કે "હું મુંબઇમાં છું એટલામાં પડાવીને મને મોકલી આપો, તથા એમણે જે રાજકીય સેવા કરી છે તેની ઇંગ્રેજીમાં નોંધ ઉતરાવી મોકલાવો." આ પ્રમાણે ગવર્નર સાહેબના ખાસ આગ્રહથી બોર્ન એન્ડ શેપર્ડની કંપનીને ત્યાં છબિ પડાવવાની જરૂર સાદા સ્વભાવવાળા રા. રા. ગૌરીશંકરને જણાઈ. છબિ તથા નોંધ ગવર્નર સાહેબને યોગ્ય સમયે મળી અને પ્રીતિપ્રદ થઈ.

નામદાર શાહજાદા પ્રિન્સ ઑફ વેલ્સ.

સર સીમોર ફિટ્ઝેરલ્ડ.

૪. સર સીમોર ફિટ્ઝેરલ્ડ સાહેબ સને ૧૮૬૭ થી ૧૮૭૨ સુધી મુંબઇના ગવર્નરની પદવી ઉપર રહ્યા. સને ૧૮૬૯ માં સુરતના કલેકટર મિ. હોપ સાહેબે ભરૂચમાં મોટું પ્રદર્શન ભર્યું હતું તે ખુલ્લું મૂકવાની ક્રિયા કરવા નામદાર ગવર્નર સાહેબ પધાર્યા હતા. એ પ્રસંગે મહારાજા શ્રીજશવંતસિંહજી પોતાની નરમ પ્રકૃતિને લીધે જઇ શક્યા નહિ, તેથી કુમાર શ્રીતખ્તસિંહજીને મોકલવા નિશ્ચય કરી તેમની સાથે જવા રા. રા. ગૌરીશંકરને તેઓએ આજ્ઞા કરી. આ પ્રમાણે રા. રા. ગૌરીશંકરને ગવર્નર સાહેબની પ્રથમ મુલાકાત ભરૂચ થઈ. કાઠિયાવાડના પહેલા બીજા વર્ગના જે રાજાઓ પ્રદર્શનમાં આવ્યા હતા તેમના મકાન ઉપર "રીટર્ન વિઝિટ" આપવા સારૂ ગવર્નર સાહેબ પધાર્યા હતા. પણ કુમાર શ્રીતખ્તસિંહજી ટીલાયત કુમારની પદવીએ હોવાથી ગવર્નર સાહેબ "રીટર્ન વિઝિટ" આપવા અર્થે નહિ પધારે એવો તે વખતના પોલિટિકલ એજંટ કર્નલ એન્ડર્સન સાહેબનો મજબુત અભિપ્રાય થયો. આથી રા. રા. ગૌરીશંકરને બહુ અપ્રસન્નતા થઈ; એક તો ટીલાયત કુમારની પદવીને અપમાન થયું કહેવાય અને બીજું મહારાજા શ્રીજશવંતસિંહજીને ભારે અસંતોષ થાય. આ વાત રા. રા. ગૌરીશંકરે ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટર રા. વિનાયકરાવ વાસુદેવજી, તથા ગવર્નરની કાઉન્સિલના મુખ્ય મેમ્બર ઓનરેબલ એલિસ સાહેબમારફત ગવર્નર સાહેબને પહોંચાડી. રા. રા. ગૌરીશંકરના કારણનું વ્યાજબીપણું તેમને જણાવાથી તેઓ "રીટર્ન વિઝિટ" આપવા પધાર્યા હતા. તે વખતે કુમારશ્રીનું વય ૧૧-૧૨ નું હતું. એ વયમાં તેમણે કરેલું ગુજરાતી લખાણ રા. રા. ગૌરીશંકરે ગવર્નર સાહેબને બતાવ્યું તેના જવાબમાં ગવર્નર સાહેબે કુમારશ્રીને કહ્યું કે "આપ ગુજરાતી ભણો છો તે જ રીતે ઇંગ્રેજી ભણી ઇંગ્રેજીમાં મારા ઉપર લખાણ કરી મોકલાવશો તો હું ઘણો ખુશી થઇશ." મિ. હોપ સાહેબ પણ

ગવર્નર સાહેબની સાથે હતા તેમણે ભાવનગર રાજ્યને સુધારામાં અગ્રેસર, ઘણી ઉપજવાળું, આબાદ તથા નમુનાલાયક કહી રા. રા. ગૌરીશંકરના રાજ્યકારભારની બહુ પ્રશંસા કરી.

મહારાજા શ્રીજશવંતસિંહજીના સ્વર્ગવાસ પછી ભાવનગરનો રાજ્યકારભાર ચલાવવા વિષે પોલિટિકલ એજંટ કર્નલ એન્ડર્સન સાહેબનો મતભેદ પડ્યો હતો એ પૂર્વે કહેવામાં આવ્યું છે. મુંબઈ સરકારમાં પોતાનો અભિપ્રાય જણાવતાં તેમણે રા. રા. ગૌરીશંકરની વૃદ્ધાવસ્થા તથા ક્ષીણ થઈ ગયલી માનસિક શક્તિવિષે આક્ષેપ કર્યો હતો. તેનું સત્યાસત્યત્વ નિર્ણય કરવા માટે ગવર્નર સર સીમોર ફિટ્ઝેરલ્ડ સાહેબે રા. રા. ગૌરીશંકરને પોતાના સમીપ પૂના મુકામે બોલાવ્યા. કાઉન્સિલ હોલમાં ગવર્નર સાહેબે લેવી ભરી હતી તેમાં રા. રા. ગૌરીશંકર પણ ગયા. ગવર્નર સાહેબે રા. વિનાયકરાવને આજ્ઞા કરી હતી કે "ગૌરીશંકરને કહેવું કે મહેરબાની કરી મને મળ્યાવિના નહિ જશો, અને તેમને આપણા બીજા મુલાકાતના હોલમાં બેસાડજો." આ હોલમાં રા. રા. ગૌરીશંકરને બેસાડવામાં આવ્યા. થોડી વાર પછી ગવર્નર સાહેબ આવ્યા. તેમણે રા. રા. ગૌરીશંકરને કહ્યું કે "આવા ચોમાસામાં આપ વૃદ્ધને અહિં કામપ્રસંગે બોલાવ્યાથી જે શ્રમ પડ્યો છે તેને માટે હું દિલગીર છું. હવે જે કામપ્રસંગે તમારે અને મારે વાતચિત કરવાની છે, તે હાલમાં બે દિવસનું મારે જરૂરી કામ છે તેથી ફારક થઈને તમને બોલાવી કરીશ."

પછી નીમેલે દિવસે ગણેશખીણની અંદર રા. રા. ગૌરીશંકરને નામદાર ગવર્નર સાહેબની મુલાકાત થઈ. તે પ્રસંગે મિ. પર્સિવલ સાહેબ કે જેઓ ભાવનગરના જોઈંટ એડ્મિનિસ્ટ્રેટર થવાના હતા તેઓ પણ આવી પહોંચેલા હોવાથી તેમણે "ઇન્ટરપ્રેટર" (દુભાષિયા) નું કામ કર્યું. રાજ્યના બંદોબસ્ત વિષે પોતાનો અભિપ્રાય પૂછાતાં રા. રા. ગૌરીશંકરે કહ્યું કે "જેમ

રાજ્યનું ભલું થાય અને કશી અડચણ પડે નહિ તેવી શૈલીથી કામ ચાલવું જોઇએ. એવી રીતનો કારભાર પોતાની હયાતી પછી મને જ કરવાને સ્વર્ગવાસી ઠાકોર શ્રીજશવંતસિંહજીએ પણ ફરમાવ્યું હતું, તે પ્રમાણે ચાલે છે. હવે પછી તે કરવા તૈયાર છું. પરંતુ તે સંબંધમાં હાલના પોલિટિકલ એજંટ સાહેબનાં જે જે લખાણો અમારા વિરુદ્ધમાં કાંઇ કારણસર થયલાં છે તે ઉપર વિચાર કરતાં કોઇ સારા ઇંગ્રેજી અધિકારીસાથે જોઇંટ તરીકે રહી હું તે કામ કરવાનું વધારે પસંદ કરૂં છું. આપ નામદાર સાહેબે મહેરબાન પર્સિવલ સાહેબની નીમણુક કરી છે, તેમની સાથે જો કે મને બીલકુલ પરિચય નથી છતાં હું ઘણી ખુશીથી તેમની સાથે રહીને કામ કરીશ." રાજ્યકારભારના ધોરણવિષે રા. રા. ગૌરીશંકરે નીચે પ્રમાણે યાદી તૈયાર કરી રાખી હતી:—

"૧. રાજ્યનું તમામ કામકાજ મહેરબાન પાર્સિવલ સાહેબ તથા ગૌરીશંકર એ બંને જણના એક મતથી ચાલે.

૨. જ્યુડિશિયલ કામ ઇસ્વી સન ૧૮૬૪ના દરબારી ધારા પ્રમાણે ચાલે.

૩. એ ધારામાં જેટલો અખત્યાર દરબારશ્રીની હજુર કોર્ટનો ઠરાવેલો છે તેટલો અખત્યાર સદરહુ બંને જણાનો રહે.

૪. હિસાબના ચોપડામાં જે કાંઇ નામું અધુરૂં છે તે પણ સદરહુ બંને જણા પૂરૂં કરાવીને સરવૈયું કઢાવી સરકારને જાહેર કરે.

૫. તાલુકાનું સર્વ કામકાજ ઠાકોરશ્રી તખ્તસિંહજીના નામથી ચાલે."

એ યાદી ગુજરાતીમાં વાંચવાનું રા. રા. ગૌરીશંકરે શરૂ કર્યું એટલે ગવર્નર સાહેબે તેમને અટકાવતાં કહ્યું કે "યાદીને બાજુ ઉપર રાખી બધી હકીકત તમારે મોંઢેથી જાહેર કરો." તે ઉપરથી રા. રા. ગૌરીશંકરે પ્રત્યેક બાબતસંબંધે એવું સ્પષ્ટ

અને સવિસ્તર વિવેચન કર્યું કે ગવર્નર સાહેબને એન્ડર્સન સાહેબના આક્ષેપની અયોગ્યતા સ્પષ્ટ સમજાઈ, અને વૃદ્ધ પ્રધાનના યુવાવસ્થાસદૃશ ઉત્સાહની ખાતરી થઈ. તે ઉપરાંત રા. રા. ગૌરીશંકરની નિઃસ્વાર્થતા પણ આ પ્રસંગે ગુપ્ત રહી નહિ. ગવર્નર સાહેબે પૂછ્યું કે "મિ. પર્સિવલની સાથે તમને જોઇંટતરીકે જોડવામાં આવે તો પણ કોઇ કામમાં તમારા બંનેના મત વિરુદ્ધ પડ્યા તો તેનું શું કરવું?" આના ઉત્તરમાં રા. રા. ગૌરીશંકર બોલ્યા કે "વિરુદ્ધ મત પડવા સરખું છે જ નહિ અને પડશે જ નહિ. કદાચ આપ નામદાર સાહેબ ધારો છો તેમ બને તો તેઓ મિ. પર્સિવલ સાહેબના બે મત અને મારો એક મત." આ ઉત્તર સાંભળી ગવર્નર સાહેબ પોતાના પ્રશંસાના ઉદ્ગાર કાઢી બોલ્યા કે "તમારૂં નિઃસ્વાર્થપણાનું સ્પષ્ટવક્તૃત્વ સાંભળી હું ઘણો જ ખુશી થયો છું. કોઇ ગુન્હેગારને દેહાંત શિક્ષા કરવી પડે તથા નવો ધારો કરવો પડે તો તેની સરકાર તરફથી મંજુરી માગવી."

સને ૧૮૭૧ માં રાજકોટમાં રાજકુમાર કોલેજને ઉઘાડવાની ક્રિયા પોતાને હાથે કર્યા પછી સર સીમોર ફિટ્ઝેરલ્ડ સાહેબ ભાવનગર પધાર્યા. તે વખતે તેમના સંમાનાર્થે મહારાજાશ્રી તખ્તસિંહજી, મિ. પર્સિવલ સાહેબ, રા. રા. ગૌરીશંકર તથા બીજા મુખ્ય અમલદારો બંદર ઉપર કોટિયા ખાડીના ડંકે સામા ગયા હતા. નામદાર ગવર્નર સાહેબ ઉતર્યા કે તરત તેમને યોગ્ય સંમાન આપી ચાર ઘોડાની ગાડીમાં બેસવાની વિજ્ઞપ્તિ કરવામાં આવી. પહેલી બેઠકમાં ગવર્નર સાહેબ બેઠા પછી તેમની સાથે મહારાજાશ્રી તખ્તસિંહજી બેઠા, અને સામા પોલિટિકલ એજંટ એન્ડર્સન સાહેબ બેઠા. તેમની પાસે ગવર્નર સાહેબના "એડીકાંગ" બેસવાની તૈયારીમાં હતા એટલામાં ગવર્નર સાહેબે તેમને રોક્યા અને રા. રા. ગૌરીશંકરને તે સ્થાને બેસાડવા સૂચના કરી. ભાવનગરમાં ગવર્નર સાહેબ જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી રા. રા. ગૌરીશંકરને આ પ્રમાણે બેઠક આપવામાં

આવી હતી. કોઇ સમયે એન્ડર્સન સાહેબને બીજી ગાડીમાં બેસવાનું કહી તેમની જગોએ પર્સિવલ સાહેબને બેસાડતા. ભાવનગર રાજ્યને બહિર્ અંતર્ સુધારાના પાયા ઉપર સુસ્થિત થયલું જોઇ ગવર્નર સાહેબે બહુ સંતોષ દર્શાવ્યો, અને સંયુક્ત કારભારીઓનું સારી રીતે અભિનન્દન કર્યું.

રાજસ્થાનિક સભાનું સ્થાપન.

માજી પોલિટિકલ એજંટો કર્નલ લેંગ સાહેબ અને બાર સાહેબના વખતમાં રાજ્યના તાબાના ભાયાતો અને મૂળ ગરાસીઆઓની ફરિયાદ એજન્સીમાં સાંભળવાની અનર્થકર પદ્ધતિને લીધે બહુ અવ્યવસ્થા થઈ ગઈ હતી. આક્ટિંગ પોલિટિકલ એજંટ મિ. ફોર્બ્સ સાહેબે સને ૧૮૬૦ માં રીપોર્ટો કરી એજન્સીના અંધેર ઉપર સરકારનું લક્ષ ખેંચ્યું. ત્યાર પછી કર્નલ કીટિંજ સાહેબ પોલિટિકલ એજંટના અધિકાર ઉપર આવ્યા. તેઓએ એવો ઠરાવ કર્યો કે સંસ્થાનોના તાબાના ભાયાતો તથા મૂળગરાસીઆઓ બ્રિટિશ સરકારની બાંયધરીવાળા ન હોવાથી તેમની ફરિયાદો એજન્સીમાં સાંભળવી નહિ. આ નિશ્ચયને અનુસરીને કર્નલ કીટિંજ સાહેબે પાલીતાણા સંસ્થાનના તાબાના સેંજલિયા ગામના મૂળ ગરાસીઆ દાજીભાઇની ફરિયાદ સાંભળવાની ના પાડી. તે ઉપરથી દાજીભાઇએ ઠેઠ વિલાયત પહોંચી નામદાર સ્ટેટ સેક્રેટરીની હજુરમાં અરજી આપી. વિલાયતથી મુંબઇ સરકાર ઉપર એવો ડિસ્પાચ આવ્યો કે એવી ફરિયાદ એજન્સીએ સાંભળવી. આ ડિસ્પાચ ઉપરથી મુંબઇ સરકારના પોલિટિકલ ખાતાના સેક્રેટરી વેડર્બર્ન સાહેબે એવી મતલબની યાદી કરી એજન્સી ઉપર મોકલી કે "એવા તાબાના લોકોની ફરિયાદો સાંભળવામાં હકુમત ચલાવવાનું એજન્સીના અધિકારીઓનું કામ જો કે નથી, તોપણ રાજ્યપ્રકરણી રીતથી સરદારો, અને ગરાસીઆઓવચ્ચે સમાધાની રહે તે અર્થે એવા તાબાના લોકોની ફરિયાદ સાંભળવા એક પંચાયતના ગૃહસ્થોને ઠરાવી તે કોર્ટના ઉપરિ જ્યુડિશિયલ આસિસ્ટંટને ઠરાવવાથી કામ બરાબર ચાલશે." આ

યાદી ઉપરથી તે વખતના પોલિટિકલ એજંટ એન્ડર્સન સાહેબે સર્વ રાજસ્થાનોના અભિપ્રાયો માગ્યા અને સર્વ તરફથી તેવી ગોઠવણ સામે વિરોધ લેવામાં આવ્યો.

એન્ડર્સન સાહેબનો પોતાનો દૃઢ અભિપ્રાય એવો હતો કે એવી ફરિયાદો જ્યુડિશિયલ આસિસ્ટંટ સાંભળે. એ કામ ચલાવવાનું ધોરણ નક્કી કરવા અર્થે મુંબઇ સરકારે મિ. જોન જાર્ડિન સાહેબને રાજકોટ મોકલ્યા હતા. તેઓએ તથા એન્ડર્સન સાહેબે રાજસ્થાનોના મુખ્ય કારભારીઓને બોલાવી સને ૧૮૭૧ માં સભા ભરી. એ સભામાં રા. રા. ગૌરીશંકર તથા તેમના સ્નેહી જૂનાગઢના મુખ્ય દિવાન રા. રા. ગોકુલજી સંપત્તિરામ ઝાલા હતા. સર્વ કારભારીઓએ એકમત થઈ એવો જવાબ આપ્યો કે અમારા તાબાના લોકોની ફરિયાદ જ્યુડિશિયલ આસિસ્ટંટ સાંભળી કામ ચલાવે તેમ કરવાની અમારી ખુશી નથી એટલું જ નહિ, પણ કારભારીઓએ ગવર્નર સાહેબ ઉપર પોતાના વિરોધનાં કારણ દર્શાવનાર અરજી કરી, અને તાર મૂકી તે નામદારને વિજ્ઞપ્તિ કરી કે પહેલા વર્ગનાં સંસ્થાનોના કારભારીઓને પોતાની હજુરમાં બોલાવી તેમની તકરાર સાંભળ્યાવિના એ સંબંધી છેવટનો ઠરાવ ગવર્નર સાહેબ કરે નહિ. આ ઉપરથી ભાવનગર, જૂનાગઢ, નવાનગર અને ધ્રાંગધ્રા એ ચાર સંસ્થાનોના મુખ્ય કારભારીઓને ગવર્નર સાહેબ હજુર પૂણા મુકામે બોલાવવામાં આવ્યા. ગવર્નર સાહેબે કહ્યું કે કર્નલ કીટિંજ સાહેબે ચલાવેલું ધોરણ નામદાર સ્ટેટ સેક્રેટરી સાહેબ બીલકુલ પસંદ કરતા નથી. તેથી રાજ્યોના તાબાના મૂળ ગરાસીઆઓ તથા ભાયાતોની ફરિયાદ સાંભળવાનો વહીવટ એજન્સીમાં ઘણાં વર્ષથી ચાલતો આવેલો છે તે કાયમ રાખવાને હું ધારૂં છું, કેમકે તે લોકો પણ સરકારની બાંયધરીવાળા છે.” આના જવાબમાં નિર્ભય સુજ્ઞ ગોકુલજી ઝાલાએ નિવેદન કર્યું કે “તાબાના લોકોને સરકારની બાંયધરી આપેલી છે એમ જે આપ ફરમાવો છો તે આપ નામદારને કોઇ અમલ-

હારે ભૂલ ખવરાવેલી જણાય છે; કારણકે બાંયધરી આપ્યાનો કશો આધાર નથી." આના સમર્થનમાં રા. રા. ગૌરીશંકરે ઉત્તર આપ્યું કે "ભાવનગર સંસ્થાનના તાબાના ગુંદરણના મૂળ ગરાસીઆ ગોરખા ખુમાણના કામમાં આપની જ કાઉન્સિલે જે ઠરાવ કરેલો છે તેમાં 'એવા મૂલ ગરાસીઆઓ કર્નલ વોકર સાહેબની બાંયધરીવાળા નથી એમ સ્પષ્ટ લખેલું છે. તેથી આપનું ફરમાવવું વિરુદ્ધતાભરેલું છે. અને જ્યુડિશિયલ આસિસ્ટંટ સાહેબના ઉપરિપણા નીચે કોર્ટ સ્થાપન કરવામાં આવે તો તે કોર્ટમાં નામદાર બ્રિટિશ સરકારના કાયદાઓનું ધોરણ લાગુ પડે. પણ નામદાર સ્ટેટ સેક્રેટરી સાહેબે તા. ૩૧ આગસ્ટ ૧૮૬૪ નંબર ૬૪ ના ડિસ્પાચમાં સ્પષ્ટ લખેલું છે કે કાઠિયાવાડના રાજાઓને બ્રિટિશ સરકારે ખાતરી આપેલી છે કે તેમના હકો સરકાર જાળવશે, અને કાઠિયાવાડ પ્રાંત ઇંગ્રેજી મુલક નથી તેમ જ તેની વસ્તિ પણ ઇંગ્રેજી રૈયત નથી એમ ગણવામાં આવશે. ડિસ્પાચની નકલ રા. રા. ગૌરીશંકરે પોતાની સાથે રાખી હતી તે તેમણે ગવર્નર સાહેબને વાંચવા આપી અને વિશેષમાં વિજ્ઞપ્તિ કરી કે "આપ નામદાર ફરમાવો છો તે પ્રમાણે કોર્ટ સ્થાપન કરવામાં આવે તો અમારા રાજાઓનો માનમરતબો ન જળવાતાં રાજ્યોના હકનો લોપ થયા વિના રહેશે નહિ, અને કાઠિયાવાડ પ્રાંતમાં વધારે સુલેહભરેલું પરિણામ થવાની સરકાર આશા રાખે છે, તેને બદલે ઉલટા એવા તાબાના લોકો નિરંકુશ થઇ જવાથી આગળ ઉપર વખતે તેનું માઠું પરિણામ નીપજવાની ધાસ્તી રહે છે. આ કારણથી અમે સર્વ ઘણા દિલગીર થયા છીએ, અને ગભરાટમાં છીએ." આ પ્રમાણે બે કલાક સુધી ચર્ચા ચાલી. આખરે ગવર્નર સાહેબને કારભારીઓનું કહેવું સત્ય જણાયું, અને તેઓએ વેડર્બર્ન સાહેબને એવી વ્યવસ્થા કરવા કહ્યું કે જેથી રાજ્યોના હક કાયમ રહે અને સ્ટેટ સેક્રેટરી સાહેબના લખાણનો હેતુ પણ પાર પડે.

સેક્રેટરી વેડર્બર્ન સાહેબે મિ. જાર્ડિન સાહેબને સામેલ રાખી એ બાબત રાજસ્થાનોના કારભારીઓ સાથે ઘણી ચર્ચા ચલાવી, તેના પરિણામમાં સર્વની સંમતિથી એવો ઠરાવ થયો કે (૧) કાઠિયાવાડ પ્રાંતમાં રાજસ્થાનિક સભા સ્થાપવી; (૨) તેનો અધ્યક્ષ રાજસ્થાનોની પ્રસંદગીનો એક યુરોપિયન અધિકારી નીમાય; (૩) તે અધ્યક્ષની સાથે રાજસ્થાનોના પ્રતિષ્ઠત અને પ્રામાણિક છ સભાસદ્ નીમાય; એ છ સભાસદ્‌માંથી બે સભાસદ્ સભાનું કામ ચલાવવા અર્થે અધ્યક્ષ સાથે વારા ફરતી સામેલ રહે; રાજસ્થાનોના તાબાના ભાયાતો તથા મૂળ ગરાસીઆઓના જે હકો હોય તે પ્રથમ રાજસ્થાનોમાં યોગ્ય તજવીજ ચલાવી નક્કી કરવામાં આવે; (૬) તે હકો નક્કી કરવાના ઠરાવો રાજસ્થાનોથી કરવામાં આવે તે ઉપર ભાયાતો તથા ગરાસીઆઓ નારાજ થાય તો તેની અપીલ રાજસ્થાનિક સભામાં દાખલ થાય; (૭) અપીલ દાખલ થતી વખતે દાવાની કીમતનો સુમાર ગણી સેંકડે સવા છ ટકા પ્રમાણે ફીના પૈસા અપીલ કરનાર સભામાં ભરે; (૮) ગરાસીઆઓના હકનો સુગમપણે નિર્ણય થઇ શકે તે અર્થે રાજસ્થાનો સરવે ખાતું સ્થાપન કરી જમીનની માપણી કરાવે, જેના ઉપર રાજસ્થાનિક સભાના તાબાના યુરોપિયન સરવે સુપરિન્ટેન્ડન્ટની દેખરેખ રહે; (૯) રાજસ્થાનિક સભાના તમામ "એસ્ટાબ્લિશમેન્ટ" નો ખરચ સર્વે રાજસ્થાનો વરાડ કરીને આપે; (૧૦) ફીની રકમ વસુલ આવે અથવા કોઇ સંસ્થાન ઉપર મોસલ કરવામાં આવે તેની ઉપજ સભાના ફંડમાં જમે થાય; (૧૧) મામુલી કામમાં જે પ્રમાણે તાલુકદારી કોર્ટોના ઠરાવ આખરના ગણવામાં આવે છે તે જ પ્રમાણે રાજસ્થાનિક સભાએ કાનુનોપ્રમાણે તજવીજ કરીને કરેલા ઠરાવો આખરના ગણાય, તે ઉપર એજન્સીમાં અથવા બીજી કોઇ કોર્ટોમાં અપીલ ચાલે નહિ; પણ સભાના કામકાજ ઉપર સર્વોપરિ સરકારની સામાન્ય સત્તા કાઠિયાવાડના પોલિટિકલ એજંટ મારફત રહે, અને તે સત્તા રાજસ્થાનિક સભાએ કરેલા ઠરાવો કબુલ રાખે.

આ પ્રમાણે પરસ્પર સમજુતીથી બંધાયલું રાજસ્થાનિક સભાનું ધોરણ વ્યવહારમાં સંતોષકારક નીવડ્યું. તેના પ્રથમ અધ્યક્ષરૂપે કર્નલ લો સાહેબ યોજાયા. તેમણે તથા એન્ડર્સન સાહેબ પછી નીમાયલા પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબે એ સભાની કીર્તિ તથા ઉપયોગિતામાં વધારો કર્યો.*

સર ફિલિપ વોડહાઉસ.

(૫.) સર ફિલિપ વોડહાઉસ સાહેબ સને ૧૮૭૨ થી ૧૮૭૭ સુધી મુંબઈના ગવર્નરની પદવી ઉપર રહ્યા. સને ૧૮૭૫ માં તેઓ રાજકોટ પધાર્યા તે વખતે તેમને કાઠિયાવાડ પ્રાંતના રાજાઓ તરફથી માનપત્ર આપવાનું ઠરાવ્યું હતું. મહારાજા શ્રીતખ્તસિંહજી કે જેમણે તરત જ રાજકુમાર કોલેજ છોડી કર્નલ નટ સાહેબના હાથતળે શિક્ષણ લેવાનું શરૂ કર્યું હતું તેમણે આ ઇંગ્રેજી માનપત્ર સમસ્ત સભાવચ્ચે ધૈર્ય અને નિર્ભયતાથી વાંચી બતાવ્યું. તે ઉપરથી સર્વ અમલદારોને, અને વિશેષે કરીને રા. રા. ગૌરીશંકરને બહુ હર્ષ થયો. આ પ્રસંગે વૃદ્ધ પ્રધાને મહારાજાશ્રીને કહ્યું કે "આપ નામદારશ્રીની ચાર પેઢી સુધીના રાજાઓની હું નોકરી કરતો આવ્યો છું. તેમાં આપે આ બાબતમાં પહેલી જ આગેવાની કરી છે. તેથી મારા અંતઃકરણમાં એટલા તો હર્ષના ઉભરા આવે છે કે તે હું શબ્દોથી કહી શકતો નથી. પણ હું મારા અંતઃકરણથી આપને એવો આશીર્વાદ આપું છું કે આપ નામદાર લાંબી જીંદગી ભોગવી જમાનાને અનુસરીને રાજ્યકારકીર્દી સારી રીતે ચલાવો તથા નિરંતર સુખી રહો."

રાજકુમાર કોલેજના વાર્ષિક રીપોર્ટ ઉપરથી સરકારે તા. ૧૮ જુન ૧૮૭૪ ના ઠરાવ નં૦ ૩૪૧૫ થી જણાવ્યું કે સરકારની દેખરેખ નીચે જે સગીર ઉમરના રાજાઓ હોય તેમની રાજ્યપ્રકરણી બાબતમાં પુખ્ત ઉમર ૨૧ વર્ષથી

---

* રાજસ્થાનિક સભાનું ધોરણ સને ૧૮૯૯ માં બંધ કરવામાં આવ્યું છે.

ગણાશે, અને તે ઉમરે તેમનો તાલુકો તેમને સોંપવામાં આવશે. આ ઠરાવનો અર્થ સંદિગ્ધ જણાવાથી રા. રા. ગૌરીશંકરની સૂચનાથી કાઠિયાવાડનાં મુખ્ય સંસ્થાનોના કારભારીઓનું ગવર્નર સાહેબને રાજકોટમાં મળવું થયું. ગવર્નર સાહેબે લિખિત અરજી માગી તે પ્રમાણે તે આપવામાં આવી. પછી તા. ૭ એપ્રિલ ૧૮૭૫ ના ઠરાવથી, સરકારે આગલા ઠરાવનું એવી રીતે સ્પષ્ટીકરણ કર્યું કે જો કોઇ સગીર ઉમરનો રાજા કે જેનો તાલુકો સરકારની દેખરેખ નીચે રહેલો હોય તેણે રાજકુમાર કોલેજમાં વિદ્યાભ્યાસ કરી એવા ગુણ સંપાદન કર્યા હોય કે જેથી તે સ્વતંત્રપણે રાજ્યનું કામકાજ ચલાવી શકે તો તેની ૨૧ વર્ષની ઉમર થતાં સરકાર પોતાની તમામ દેખરેખ તેના તાલુકાઉપરથી ઉઠાવી લે, અને તેટલી ઉમરે પહોંચ્યા પછી કદાપિ કાંઇ બુદ્ધિની ન્યૂનતા જણાય તો સરકાર કોઇ સારા પ્રામાણિક કારભારીને મુકરર કરી આપે, કે જેથી ચાલતા જમાનાને અનુસરીને રાજ્યનું કામ કાજ ચાલે; પણ ૨૧ વર્ષની ઉમરે પહોંચેલા રાજાના રાજ્યકારભારમાં તો સરકારની દેખરેખ કોઇ પણ રીતે રહી શકે નહિ.

આ મુલાકાતપ્રસંગે, સર્વ કારભારીઓએ ગવર્નર સાહેબની રજા લીધા પછી તેઓ સાહેબે રા. રા. ગૌરીશંકરને પોતાની પાસે પાછા બોલાવી કહ્યું કે "ભાવનગરમાં જોઇંટ એડ્મિનિસ્ટ્રેશન ખાતું નવીન પ્રકારની જ ગોઠવણથી સ્થાપન કરવામાં આવ્યું છે. તેનો રાજ્યકારભાર ઘણી સારી રીતે ચાલે છે એ સાંભળીને મને ઘણી ખુશી થાય છે. એટલું જ નહિ પણ મિ. પાર્સિવલ સાહેબને દરેક રાજ્યકામમાં તમે ઘણી ઉમદા મદદ આપો છો તે મિ. પાર્સિવલ સાહેબથી સાંભળીને પણ મને પૂરો સંતોષ થાય છે. બીજાં રાજસ્થાનો જે સરકારી દેખરેખ નીચે છે તેની ઘણી તકરારો મારી પાસે આવે છે, પણ ભાવનગર રાજ્યની એક પણ તકરાર આવતી નથી. એનું કારણ રાજ્યમાં તમારા જેવા અધિકારીઓ પુખ્ત વિચારના અને પ્રામા-

ણિકપણાને અનુસરીને ચાલવાવાળા હોવાથી રાજ્યનું કામ ફતેહમંદીથી ચાલે છે એમ હું માનું છું." પોલિટિકલ એજંટ મિ. પીલ સાહેબ જે આ સમયે ગવર્નર સાહેબની પાસે જ હતા તેમણે આ પ્રશંસાવાક્યોનું યોગ્ય રીતે સમર્થન કર્યું.

કુંડલાનું અશ્વપ્રદર્શન.

ઉંચી જાતના ઘોડામાટે કાઠિયાવાડ પ્રાંત પ્રસિદ્ધ છે. ભાવનગર રાજ્યનું કુંડલા પરગણું પણ મૂળ ગરાસીઆ, કાઠી ખુમાણોવગેરે વસતિને લીધે ઘોડામાટે પ્રસિદ્ધિ પામેલું હોવાથી કુંડલા મહાલમાં અશ્વપ્રદર્શન ખુલ્લું કરી ઇનામો આપવાની ક્રિયા નામદાર ગવર્નર સર ફિલિપ વોડહાઉસને હાથે કરાવવામાં આવી હતી. જે સ્થલે પ્રદર્શન ભરવામાં આવ્યું હતું તે સ્થલે પૂર્વે કાઠી ખુમાણોવગેરે બહારવટીઆઓનાં અતિઘાતકીપણાનાં કૃત્યોમાટે તેમનો પરાજય કરવા સારૂ રા. રા. ગૌરીશંકર સેના લઇ ગયા હતા; તે બહારવટીઆઓ સામે યુદ્ધમાં મદદમાટે સરકારી પલટનને અનેક વાર બોલાવવી પડી હતી; આ પ્રમાણે અનેક શૂરોનું રક્ત રેડાયું હતું. આ સઘળો ઇતિહાસ રા. રા. ગૌરીશંકરે મહારાજા શ્રીતખ્તસિંહજીદ્વારા ગવર્નર સાહેબને ઇંગ્રેજીમાં નિવેદન કરાવ્યો. "કાઠીઓ બહારવટે નીકળેલા તે વખતે આ પરગણાનો ઘણો ભાગ ઉજડ હતો; ખેતી થઈ શકતી નહિ. તે પણ એક વખત હતો, અને હાલ નામદાર ઇંગ્રેજ સરકારની સર્વોપરિ સત્તાની રાજનીતિથી એવી તો સુલેહશાંતિ જળવાયલી છે કે હાલ આ જમીન જુદી જ રીતનો દેખાવ આપે છે, એ પણ એક વખત છે. એટલુંજ નહિ પણ આ પરગણામાં કપાસ ઘણો સારો થાય છે. રૂની પેદાશ દરવર્ષે ઘણી સારી થાય છે, જેથી કરીને આ પરગણાના ખેડુતો ઘણા માતબર છે." આમ કહીને સારો પોશાક પહેરી આવેલા એ પરગણાના કેટલાએક મુખ્ય મુખ્ય પટેલોને રા. રા. ગૌરીશંકરે ગવર્નર સાહેબને મેળવ્યા. ગવર્નર સાહેબે બહુ સંતુષ્ટ થઈ કહ્યું કે "આ પરગણાની ઐતિહાસિક હકીકત સાંભળી મને ઘણો સંતોષ થયો છે. કાઠિયાવાડ

પ્રાંત કાઠીઓના નામથી પ્રસિદ્ધ છે. જ્યારે હું કુંડલામાં આવ્યો તે વખતે દરબારે મારા ઇસ્તેકબાલસારૂ ઉભા રાખેલા ઘણા કાઠી સ્વારોને તેમના ઘોડા તથા ચળકતા ભાલાવગેરે હથિયારો-સહિત મેં નજરે જોયા તેથી મને કાઠીઓની પૂરી રીતે ઓળખ પડી છે, અને સ્વારોનો દેખાવ જોઇ મને પૂરી ખુશી થયલી છે. પ્રદર્શનના પ્રસંગઉપર ખાસ કરી મને આવવાનું નિમંત્રણ કર્યું તેથી આ કાઠિયાવાડની પેદાશના ઘોડા એક જથે જોવાની મને સારી તક મળી તેથી પણ મને પૂરો સંતોષ થયો છે. વળી મહારાજા શ્રીતખ્તસિંહજી નાની ઉમરમાં મારી સાથે ઇંગ્રેજીમાં છૂટથી વાતચિત કરે છે અને તમારા ત્વરાભરેલા ભાષણનું ઇંગ્રેજીમાં બરાબર ભાષાંતર કરી બતાવે છે તેથી હું પ્રસન્ન થયો છું. આનું કારણ તેઓએ રાજકુમાર કોલજમાં કેળવણી લીધાનું છે."

પ્રદર્શનમંડપના એક ભાગમાં આ પ્રમાણે વાર્ત્તાવિનોદ ચાલતો હતો, અને બીજા ભાગમાં ભરાયલા સદ્‌ગૃહસ્થો વાત કરતા હતા કે "પ્રથમના જમાનામાં યુરોપિયન સરદારોની કહેલી વાતો કારભારીઓ રાજાને સમજાવતા હતા, એ પણ એક જમાનો હતો, અને હવે તેથી ઉલટી રીતે રાજા ઇંગ્રેજીમાં જે નામદાર ગવર્નર સાહેબ ફરમાવે છે તે કારભારીને સમજાવે છે, એ પણ સુધરેલા જમાનાની તાસીર છે."

કુંડલાથી પાલીતાણા ઉપર થઈ ગવર્નર સાહેબ ભાવનગર પધાર્યા. રા. રા. ગૌરીશંકરની પ્રબલ ઇચ્છા સંયુક્ત કારભારમાં મહારાજા શ્રીતખ્તસિંહજીને દાખલ કરવાની હતી. એ સંબંધી તેઓએ નામદાર ગવર્નર સાહેબને એ પ્રકારે વિજ્ઞપ્તિ કરી કે "મહારાજા સાહેબની ઉમર હાલ સત્તર વર્ષની થયલી છે. રાજકુમાર કોલેજમાં કેળવણી લીધાથી તેઓએ આપ નામદાર સાહેબને રાજકોટમાં જે માનપત્ર વાંચી સંભળાવ્યું અને કુંડલામાં પ્રદર્શનવખતે બીજી મુલાકાતમાં આપ નામદાર સાહેબની સાથે તેઓએ ઇંગ્રેજીમાં છૂટથી વાતચિત કરેલી છે તેથી તેમની

હોશિયારીની આપને ખાતરી થયલી હશે. હવે જોઇંટ એડ્મિનિસ્ટ્રેશનમાં મારી જગાએ દાખલ થઇ તેઓ સાહેબ પોતાના રાજ્યનો અનુભવ મેળવે તેવી ગોઠવણ કરવા મહેરબાની કરશો." એ ગોઠવણ ગવર્નર સાહેબને બહુ પસંદ આવી. તેમણે પોલિટિકલ એજંટ મારફત એ બાબત લખાણ કરવા રા. રા. ગૌરીશંકરને કહ્યું.

દિલ્હી દરબાર.

ઇ. સ. ૧૮૭૭ના જાનેવારી માસમાં ભરાયલા પ્રસિદ્ધ દિલ્હી દરબારમાં ભાગ લેવા અર્થે જ્યારે નામદાર વાઇસરોય લોર્ડ લિટન સાહેબ ૧૮૭૬ના ડીસેંબર માસમાં કલકત્તેથી દિલ્હી પધાર્યા તે વખતે દિલ્હીના રેલ્વે સ્ટેશનઉપર તેમના સંમાનાર્થ હાજર રહેવાનું સર્વ રાજાઆદિને આમંત્રણ કરવામાં આવ્યું હતું. મહેરબાન કર્નલ કીટિંજ સાહેબ કે જેઓ તે સમયે આસામના કમિશનરની પદવીએ હતા તેઓ આ પ્રસંગે પોતાના જૂના મિત્ર રા. રા. ગૌરીશંકરને હર્ષભેર મળ્યા. સ્ટેશનના પ્લાટફોર્મ ઉપર હૈદરાબાદના દિવાન સર સલાર જંગ અને વડોદરાના દિવાન

સર સલાર જંગ અને સર ટી. માધવરાવ.

સર ટી. માધવરાવ એ બે પ્રતિષ્ઠિત પુરુષવરો ફરતા હતા. રા. રા. ગૌરીશંકરની તેમને ઓળખ પાડતાં કર્નલ કીટિંજ સાહેબે કહ્યું કે "રાજસ્થાનોના કારભારીઓમાં સર્વથી પહેલા નંબરે આ વૃદ્ધ કારભારી છે, જેઓએ પોતાની બુદ્ધિશક્તિથી ભાવનગરના રાજ્યને એક નમુનાદાખલ કરી દીધેલું છે. તેમની રાજ્યના કામકાજની રીતિ સર્વ કારભારીઓએ ગ્રહણ કરવા યોગ્ય છે."

આ પ્રમાણે પોતાના કાર્યબંધુ રા. રા. ગૌરીશંકરની પ્રથમ ઓળખ થવાથી સર સલાર જંગ તથા સર ટી. માધવરાવ બહુ પ્રસન્ન થયા, અને સ્ટેશન ઉપર કેટલોક સમય રાજદ્વારી વાર્તામાં તથા પ્રેમસંભાષણમાં ચાલ્યો ગયો.

નામદાર વાઇસિરોય સાહેબની સાથે દિલ્હી આવવામાં ઓનરેબલ સર ટી. સી. હોપ સાહેબ પણ હતા. તેઓ બીજે દિવસે ઘોડે બેસી ખબર કર્યા વિના મહારાજા શ્રીતખ્તસિંહજીની કેમ્પમાં અચાનક પધાર્યા, અને ખુશી બતાવતાં કહ્યું કે "ભાવનગરના રાજ્યકર્ત્તાઓ મારા જૂના દોસ્ત છે, તેમ જ ગૌરીશંકરજી કે જેઓ પોતાની વૃદ્ધાવસ્થા છતાં અહિં સુધી આવ્યા છે તે પણ મારા જૂના મિત્ર છે. આ સંબંધને લીધે ખાનગી રીતે પ્રથમથી ખબર આપ્યા વિના હું મળવા સારૂ આવ્યો છું." મહારાજાશ્રીએ તથા રા: રા. ગૌરીશંકરે હોપ સાહેબના અચિન્તિત સમાગમથી પોતાના હર્ષની લાગણી જણાવી. હોપ સાહેબે ભાવનગરના રાજાઓની સ્વતંત્રતાવિષે પોતે તેમ જ હોબહાઉસ સાહેબે હિંદુસ્તાન સરકારની કાઉન્સિલમાં કરેલાં ભાષણનો સાર આ પ્રસંગે કહી બતાવ્યો.

મહારાજા શ્રીતખ્તસિંહજીને રા. રા. ગૌરીશંકર તથા રા. સામલદાસ સાથે નામદાર વાઇસરોય સાહેબની યોગ્ય સંમાનપૂર્વક મુલાકાત થઇ. તે વખતે વાઇસરોય સાહેબે મહારાણીશ્રીતરફથી મહારાજાને રાજચિન્હનો "બેનર" (ધ્વજ) અર્પણ કર્યો, તથા મહારાણીશ્રીની મુખમુદ્રાયુક્ત બે રૂપાના ચાંદ રાતી ફીત બાંધેલા આપ્યા. તે સાથે એમ કહ્યું કે "એક ચાંદ આપના વૃદ્ધ પ્રધાનને આપવો અને બીજો આપની નજરમાં યોગ્ય લાગે તેને આપવો." તેઉપરથી મહારાજા સાહેબે વાઇસરોય સાહેબના સમક્ષ રા. રા. ગૌરીશંકર તથા રા. સામલદાસને એક એક ચાંદ આપ્યો. નામદાર વાઇસરોય સાહેબ "રિટર્ન વિઝિટ" આપવા સારૂ મહારાજાશ્રીના તંબુમાં પધાર્યા તે વખતે તેમનો યોગ્ય સત્કાર કરવામાં આવ્યો.

મુંબઇના ગવર્નર સાહેબ સર ફિલિપ વોડહાઉસ પણ દિલ્હીના દરબારમાં ભાગ લેવા માટે પધાર્યા હતા. તેઓ પણ મહારાજા-

સાહેબની કેમ્પમાં મુલાકાત લેવા માટે આવ્યા. તેમને યોગ્ય સંમાનપૂર્વક બેઠક આપ્યા પછી તેઓએ કહ્યું કે "આપને નામદાર મહારાણી સાહેબે જે રાજચિહ્નોનો "બેનર" આપ્યો તેથી મને ઘણી જ ખુશી ઉત્પન્ન થઇ છે." રા. રા. ગૌરીશંકર પ્રતિ વળતાં ગવર્નર સાહેબે પૂછ્યું કે "અહિં ટાઢ ઘણી સખત પડે છે, અને તમારી વૃદ્ધાવસ્થા છે તેથી પ્રકૃતિ કેમ રહે છે?" તેના ઉત્તરમાં રા. રા. ગૌરીશંકરે સસ્મિત મુખમુદ્રાથી કહ્યું કે "મારી પાસે બેઠેલા દરબારશ્રીના અધિકારીઓ યુવાવસ્થાવાળા છતાં તેઓએ આ સખત ટાઢની મોસમને લીધે ડગલા ઉપર શાલો ઓઢેલી છે, અને મારી વૃદ્ધાવસ્થા છતાં હું ડગલા ઉપર ફક્ત ખેસ રાખું છું તેનું કારણ એ છે કે આપ નામદાર સાહેબની મહેરબાનીરૂપી ગરમી મને પ્રાપ્ત થઇ છે." પોલિટિકલ એજંટ પીલ સાહેબ જેઓ પાસે હતા તેમણે આનું ઇંગ્રેજી ભાષાંતર કરી ગવર્નર સાહેબને કહી સંભળાવ્યું, અને આ આલંકારિક પટુ ભાષણથી ગવર્નર સાહેબે બહુ પ્રીતિ દર્શાવી.

શ્રીમંત ગાયકવાડ સરકારની કેમ્પમાં સર ટી. માધવરાવને મળવા રા. રા. ગૌરીશંકર ગયા હતા. તે સમયે સંભાષણના પ્રસંગે સર ટી. માધવરાવે કહ્યું કે "આપણા દેશી રાજાઓ અભિમાનથી એમ માને છે કે 'અમે જ મુલકના રાજા છીએ,' અને બીજા રાજાઓને મળવાના પ્રસંગે બેઠકનો કેટલોક વાંધો લાવે છે; પણ નામદાર બ્રિટિશ સરકારનું રાજ્ય તેમના જોવામાં આવવાથી તેમને સમજાય છે કે દેશી રાજ્યો ચંદ્રમાપાસે તારો હોય તેવી રીતનાં છે. માટે આવી રીતનું વધારે પડતું અભિમાન રાખવું યોગ્ય નથી." પછી શ્રીમંત ગાયકવાડ સરકાર અને મહારાજા શ્રીતખ્તસિંહજીએ કેમ્પોમાં પરસ્પર મુલાકાત લીધી હતી.

મહારાજા શ્રી-હોલકર.

મહારાજા શ્રીતખ્તસિંહજી પોતાના હિંદુસ્તાનના પ્રવાસમાં ઇન્દોરના મહારાજા શ્રીતુકાજીરાવ હોલકરને મળ્યા હતા, તેથી ઉભયવચ્ચે મૈત્રીનો સંબંધ બંધાયો હતો. આ પ્રસંગે તેઓ રા. રા. ગૌરીશંકરને સાથે રાખી મહારાજા શ્રીહોલકરની મુલાકાતમાટે તેમની કેમ્પમાં ગયા. રા. રા. ગૌરીશંકરનો તો હોલકર સરકાર સાથે આ પ્રથમ જ સમાગમ હતો. એ સમયે વાતચિતના પ્રસંગમાં મહારાજા શ્રીહોલકર સરકારે રા. રા. ગૌરીશંકરને પૂછ્યું કે "ભાવનગર સંસ્થાનનાં કેટલાં ગામો છે, અને તેની વાર્ષિક ઉપજ કેટલી આવે છે?" તેના જવાબમાં રા. રા. ગૌરીશંકરે કહ્યું કે "અમારાં ૬૭૫ ગામો છે અને તેની ઉપજ સુમારે ત્રીસ લાખ રૂપૈયા તીજોરીમાં વસુલ થાય છે." આથી આશ્ચર્ય પામી મહારાજા શ્રીહોલકર સરકારે કહ્યું કે "મારા રાજ્યમાં સુમારે ૩૦૦૦થી ૩૫૦૦ સુધી ગામો છે જેની વાર્ષિક ઉપજ સાઠ સિત્તેર લાખ સુધી આવે છે, અને તમારાં થોડાં ગામ છતાં આટલી બધી ઉપજ આવે છે તેનું શું કારણ?" તેના જવાબમાં રા. રા. ગૌરીશંકરે કહ્યું કે "અમારા મુલકમાં કપાસની નીપજ સારી થાય છે, અને કેટલાંક ગામો એવાં છે કે જે દરેકની ઉપજ સુમારે વીશથી ત્રીશ હજાર સુધીની આવે છે. આ કારણથી અમારે ઉપજ વધારે આવે છે, અને હજી પણ સુધારો જારી રાખેલો છે તેથી ઉપજમાં વધારો થશે એવી આશા રહે છે." આ ઉપરથી હોલકર સરકારે રા. રા. ગૌરીશંકરને બીજે દીવસે ખાસ ખાનગી મુલાકાત માટે નિમન્ત્રણ કર્યું, અને ગામની ઉપજ વધારવાસંબંધે વાત ઉપસ્થિત કરી. રા. રા. ગૌરીશંકરે એ સંબંધી પોતાની સલાહ આપતાં જણાવ્યું કે "પ્રથમ સર્વ વસતિને જેમ સુખ થાય એવા ઉપાયો રાજ્યતરફથી કરવા જોઇએ, જેથી કોઇ પણ કારણને લીધે વસતિને નારાજ થવાનું રહે નહિ. રાજ્યના અમલદારો વસતિ ઉપર કોઇપણ રીતે જુલમ કરી ન શકે એવો પક્કો બંદોબસ્ત રાખવો જોઇએ. જો ખેડુત લોકો કરજદાર થઈ ગયા હોય

તો મુકરર કરેલા અધિકારીની મારફત એવો રસ્તો કાઢી આપવો કે તે લોકો કરજથી મુક્ત થાય. તેઓ જે જમીન ખેડતા હોય તેનો રાજભાગ પ્રથમથી તો ઓછો લેવાનું રાખવું એટલે ખેડુતો પૈસાવાળા થઇને ખેડ કરવાના બળદ તથા ઓજારો સારી જાતનાં મેળવી શકે. જેટલી જમીન પડતર હોય તે તમામ ખેડાણ થાય એવી નજરથી નવા ખેડુતો લાવીને ગામો આબાદ કરવા જોઇએ; અને જેમ બને તેમ ઘઉં, તલ, ચોખા, તથા કપાસનું વાવેતર વધારે થાય એમ ખેડુત લોકોને સમજુતીસાથે ઉત્તેજન આપવું. રાજભાગનું લેવાણ કોઇ પણ રીતે જાસ્તી કરીને લેવું નહિ જોઇએ, એટલું જ નહિ પણ ખેડુત લોકો પાસેથી લેવાણમાં જમીનની ગુંજાસપ્રમાણે ઉધડ ખાતાબંધીનો એક આંકડો મુકરર કરવો અથવા વીંઘોટી બાંધવી, જેથી કરીને ખેડુત લોકો પોતાના તાબાની જમીન ખેડવામાં વધારે ઉત્સાહ ધરાવશે. આથી તમામ પડતર જમીન ખેડાણ થઈ જશે. શરૂઆતમાં તો ઉપજ થોડી આવશે, પણ પાંચ સાત વર્ષે ખેડુતોની સ્થિતિ સારી થતાં ઉપજ વધતી જશે.” આ પછી ન્યાયખાંતાસંબંધી સવિસ્તર ચર્ચા ચાલી, તે સમાપ્ત થતાં મહારાજાશ્રી હોલકર સરકાર બહુ પ્રસન્ન થઈ બોલ્યા કે “ઘણા અનુભવી અને સારી સલાહ આપવાવાળા આપના જેવા વૃદ્ધ કારભારી ભાગ્યે જ મળી શકે છે. હું ધારૂં છું કે ભાવનગરનું રાજ્ય નસીબદાર છે કે જેના આપ આવા અનુભવી કારભારી છો, પણ દિલગીરી એટલી છે કે અમારા રાજ્યથી ભાવનગરનું રાજ્ય ઘણે દૂર આવેલું છે, તેથી વખતો વખત આપની અમૂલ્ય સલાહનો લાભ લેવા અમને અનુકૂલતા મળે એમ જણાતું નથી. તોપણ પ્રસંગોપાત્ત અમારે કોઇ બાબત આપની સલાહની જરૂર પડશે તો પત્ર લખી પૂછીશું, અને આપ તસ્દી લઈ જવાબ લખશો. આપે જે ઉપદેશતરીકે હકીકત કહી બતાવી તેનો મારે સંપૂર્ણ રીતે ઉપયોગ કરવાનો છે, અને વખતોવખત અનુકૂલતા પ્રમાણે કરતો રહીશ. આપની સાથેની વાતચિતથી મને ઘણો જ સંતોષ થયો છે.”

મહારાજા શ્રી-દિગ્વિજયસિંહજી.

તે શિવાય આઉધ પ્રાંતમાં આવેલા બળરામપુરના મહારાજા શ્રીદિગ્વિજયસિંહજીનો સમાગમ રા. રા. ગૌરીશંકરને દિલ્હીમાં થયો હતો. તેઓ સંસ્કૃતમાં બહુ કુશળ હતા, અને વેદાન્તશાસ્ત્રના ઉજ્જ્વલ સંસ્કાર ધરાવતા હતા. તેમની સાથે રા. રા. ગૌરીશંકરને વેદાન્તશાસ્ત્રસંબંધી ચર્ચા ચાલી હતી. અને ૧૮૫૭ના બળવામાં સર્વોપરિ બ્રિટિશ સત્તાને મદદ કરવામાં દેશી સંસ્થાનોએ જે ભાગ લીધો હતો તે વિષે પણ વાત થઇ હતી.

રા. બિહારી-લાલ નથનીરામ.

ભરતપુરના મહારાજા શ્રીજશવંતસિંહજીના એજંટ રા. બિહારીલાલ નથનીરામ નામના મથુરાના વડનગરા નાગર ગૃહસ્થ હતા. તેઓએ કચ્છ ભુજમાં મહારાવ શ્રીદેશળજીના સમયમાં ઉત્તમ કારભાર કરી પોતાની કુશલતા સિદ્ધ કરી હતી. તેઓ બ્રાહ્મ ધર્મમાં બહુ અનુરાગી હતા. આ પ્રસંગે તેમની તથા રા. રા. ગૌરીશંકરની વચ્ચે બ્રાહ્મણધર્મસંપ્રદાય, વેદાધ્યયન, આચારશુદ્ધિવગેરે વિષયોઉપર સંભાષણ થયું.

કાશીમહા યાત્રા; પાર્સિવલ સાહેબની બદલી.

દિલ્હી દરબારની ક્રિયા સંપૂર્ણ થયા પછી મહારાજા શ્રીતખ્તસિંહજી ભાવનગર ફર્યા, અને ધાર્મિક રા. રા. ગૌરીશંકરે કાશીમહાયાત્રાનિમિત્ત પ્રયાણ કર્યું. આસરે એક પખવાડિયું વારાણસીમાં વીતાવ્યા પછી શ્રાદ્ધભૂમિ શ્રીગયાક્ષેત્ર જવાની તૈયારી થતી હતી, એટલામાં ભાવનગરથી મહારાજાશ્રીનો તાર એવી મતલબનો આવ્યો કે “નામદાર મુંબઈના ગવર્નર સાહેબે પાર્સિવલ સાહેબની બદલી શોલાપુરના કલેકટરની જગાએ કરવાનો ઠરાવ કર્યો છે, અને ભાવનગરના જોઇંટ એડ્‌મિનિસ્ટ્રેશનખાતે બીજો કોઇ યુરોપિયન અમલદાર સરકાર ઠેરવશે. તે બાબત ગવર્નર સાહેબને અત્રે તારથી વિનંતિ કરી છે કે અમારા દિવાન રા. રા. ગૌરીશંકર આપની પાસે આવીને હકી-

કત જાહેર કરે ત્યાં સુધી બીજા અમલદારની નીમણુક આ રાજ્યખાતે કરવી મહેરબાની કરી મુલતવી રાખશો. માટે આપ ત્વરાથી મુંબઇ જઇ નામદાર ગવર્નર સાહેબને મળો.” આ કારણથી શ્રાદ્ધતીર્થ શ્રીગયાજીને બદલે મોહમયી પુરીપ્રતિ પ્રયાણ કરવાનો અનિવાર્ય પ્રસંગ ઉપસ્થિત થયો. એ સમયે ગવર્નર સાહેબસાથે થયલી મુલાકાતનો સમગ્ર વૃતાન્ત રા. રા. ગૌરીશંકરે ઉપકારભારી રા. સામલદાસ તથા પોતાના જ્યેષ્ઠ પુત્ર રા. વિજયશંકર ઉપર નીચેના પત્રોથી સ્વહસ્તે લખ્યો છે:—

મહારાજા શ્રીતખ્તસિંહજીને રાજ્યકાર્યભારમાં દાખલ કરવાવિષે મુંબઈમાં ગવર્નર સાહેબની મુલાકાત.

“મુંબઇ, તા. ૨૯ મી જાનેવારી સને ૧૮૭૭, ચંદ્રવાર.

સર્વોપમાયોગ્ય ભાઈ શ્રીસામલદાસ પરમાણંદદાસ તથા વજેશંકર ગૌરીશંકર. મુ. ભાવનગર. નામદાર ગવર્નર સાહેબને આજ ૧૧॥ વાગતે મળવાનો વખત ઠરાવ્યો હતો તે પ્રમાણે પહોંચવાસારૂ અમે તથા મનચેરજી શેઠ ઉતારેથી નીકળી દશ મિનિટ બાકી રહી તે વખત ત્યાં પહોંચ્યા. તેટલામાં એડીકાંગ મિ. કરી સાહેબ મળ્યા. તેમણે ખબર આપ્યા કે નામદાર સાહેબ કોઇ મડમ મળવા આવ્યાં છે તેની સાથે વાત કરે છે. એમ કહીને અમને બેસવાની જગા આપી. દરમ્યાન નામદાર તેઓને વળાવવા દાદર સુધી આવીને પાછા હોલમાં જતાં અમારી અને તેઓની આંખ એક થતાં અમે સલામ કરી તે લઇને હોલમાં જઇ પોતાના પ્રાઇવેટ સેક્રેટરી વોડહાઉસ સાહેબને અમારી પાસે મોકલ્યા. તેમણે આવી અમોને ખબર પૂછી સ્ટાર ખાતે મુબારકબાદી આપી. નામદાર સાહેબ તરફ જતાં મનચેરજી શેઠને પૂછ્યું કે ‘તમે દુભાષિયાનું કામ કરી શકશો?’ તેમણે હા કહ્યાથી પોતે અમો બંનેને હોલમાં પહોંચાડી પોતાની આફીસમાં ગયા ને અમે અંદર ગયા. ત્યાં નામદાર સાહેબે ઉભા થઈ હાથ મેળવી મુલાકાત લીધી.......

"અમે મળ્યા તે જ વખતે તેમણે મુસાફરીવિષે પૂછતાં પાંચ દિવસ પ્રયાગમાં અને તેર દિવસ કાશીમાં રહ્યાનું કહેતાં પોતે કહ્યું કે 'ગયાજી જઈ આવ્યા?' તેના જવાબમાં અમે જાહેર કર્યું કે 'ગયાજી જવાનો વિચાર કર્યો હતો, પણ ઠાકોર સાહેબે તાર મોકલી એકદમ આપની હજુરમાં જવાનું જણાવ્યાથી ૪૮ કલાક સુધી એક સાથે ગાડીમાં બેસીને અહિં આપની હજુરમાં આવ્યો છું, અને ગયાજી જવાનું હાલ બંધ રહ્યું તે આગળ ઉપર કોઇ પ્રસંગે નીકળવું થયેથી જવાનો વિચાર રાખ્યો છે.' તે વગેરે કેટલીક વાતો પ્રીતિપૂર્વક કરી હતી તે સેહેજ જાણવા સારૂ લખ્યું છે.

"તેઓ નામદારે ભલામણ કરી સી. એસ. આઈ. નો ખિતાબ ઇનાયત કરાવ્યાખાતે તેઓનો યોગ્ય શબ્દોમાં ઉપકાર માનવામાં આવ્યો. તેના જવાબમાં તેમણે જણાવ્યું કે 'હું શું ભલામણ કરી શકું? તમારી લાયકીથી તમને સરકારે ખિતાબ આપ્યો છે.'

"ત્યાર બાદ તેઓ નામદારે પોતે જ વાત કાઢી કે મિ. પર્સિવલની જગા ઉપર નીમણોક કરવાની છે તે વિષે શું વિચાર કરવાનો છે?' તેના જવાબમાં અમે જાહેર કર્યું કે 'મહારાજા તખ્તસિંહજીને ૧૯ વર્ષ પૂરાં થયાં છે અને વીશમું ચાલે છે, અને મહારાજાની આપે ઘણી વખત મુલાકાત લીધી છે તેથી તેમની સભ્યતા તથા લાયકીવિષે મારે આપને ખાતરી કરી આપવા જેવું રહ્યું નથી. આપ સારી રીતે જાણો છો કે હવે તેઓ રાજ્યનું કામ ચલાવવાને પૂરા લાયક થયલા છે માટે મહેરબાની કરીને તેઓને અખત્યાર સોંપો તો મહારાજા તથા હું બંને મળી ચલાવીશું.' તે વાત સાંભળીને ફરમાવ્યું કે 'તખ્તસિંહજી ઠાકોર સાહેબને હું સારી પેઠે ઓળખું છું, અને તેમને વિષે મારો ઉંચો મત છે. તેઓ રાજ્ય ચલાવવાને લાયક છે એમ પણ મારા મનમાં આવે છે. પરંતુ સરકારી

એક ધારો બંધાઇ ગયો છે કે ૨૧ વર્ષ પૂરાં થયેથી સપુરત કરી શકાય તે ધારો તુટે અને ઓફીસરો સામે થાય તેથી હાલ એ વાત બની શકે નહિ.' તે ઉપર અમે ફરી અરજ કરી કે 'આપના મતમાં તમામ અખત્યાર સોંપવામાં અંદેશો રહેતો હોય તો બે વર્ષ સુધી અમો તથા ઠાકોર સાહેબ જોઇંટ રીતે કામ ચલાવીએ. તેમાં પણ કાંઇ મોટી વાત જન્મટીપ અથવા નવાં કામો કરવા જેવી હોય તો ખુદ મહેરબાન પીલ સાહેબને અમે પૂછી તેમની સલાહ લઇ કરીએ એટલે હરકત નહિ આવે.' આ વાતના ઉત્તરમાં તેઓ સાહેબે જણાવ્યું કે 'જોઇંટ એડ્મિનિસ્ટ્રેશનનો બંદોબસ્ત વિલાયતસુધી પસંદ થયલો છે, તથા તેની જમાવટ સારી થઈ છે, અને એ બંદોબસ્ત સર્વ ઠેકાણે વખણાય છે. તેની મુદત પૂરી થતાં અવલ એ બંદોબસ્ત તોડી નાંખી હું નવો બંદોબસ્ત કરૂં એ વાત સારી દેખાય નહિ.' અમોએ અરજ કરી કે 'આ અમારી માગણી આપની મહેરબાની ઉપર આધાર રાખે છે તો તે વાતમાં હું બહુ તસ્દી આપતો નથી, પણ મારી એક વાત ઉપર આપ મહેરબાની કરીને ધ્યાન આપશો કે મહારાજા શ્રીતખ્તસિંહજીને વિષે આપને સારી અસર છે તેનું ફલ લોકોના જાણવામાં આવે, તેમ જ હાલ રાજકુમાર કોલેજમાં જે કુંવરો કેળવણી લે છે તથા હવે પછી લેવા જશે તેઓના સમજવામાં આવે કે સારી સભ્યતા મેળવીને લાયક થાય તો તેમના ઉપર સરકાર ખુશી થાય છે અને તેનું ફલ સારી રીતે તેમને મળે છે એ દાખલો બેસાડી રાજાના મનમાં પણ તેવો અસર થવાસારૂ, હાલ નહિ તો મહારાજાને વીશમું વર્ષ ચાલે છે તે પૂરૂં થયેથી રાજ્ય સોંપવા વિષે આપે મહેરબાની કરીને સરકારી દફતરમાં ઠરાવ લખી રાખવો જોઇએ કે આઠ નવ માસ સુધી જોઇંટ ખાતું ચાલે, પછી બંધ થાય.'

"આ વાત ઉપર કેટલોક વિચાર મનમાં કરીને પોતે પૂછ્યું કે 'શું તમારી એવી મતલબ છે કે એકવીશ વર્ષ આખર થવાને

બદલે શરૂ થતાં ઠાકોર સાહેબને રાજ્યની સપુરત કરવી?' તેના ઉત્તરમાં અમે હા કહી, એટલે પોતે ફરમાવ્યું કે 'એ વાત હું ધ્યાનમાં લઇને નોટ લખી રાખીશ.'

વોટસન સાહેબ.

'અને હવે મિ. પર્સિવલની જગા ઉપર નીમણોક કરવાની બાબતમાં તમારે શું કહેવાનું છે?' એવું અમને પૂછ્યું ત્યારે અમે જાહેર કર્યું કે 'મેજર વોટસન સાહેબ એક વર્ષ અમારી સાથે કામ કરી ગયેલા છે તેમની નીમણોક થાય તો ઠીક.'

જવાબમાં નામદાર સાહેબ બોલ્યા કે 'ગોંડળમાં રીવ્ઝ સાહેબ છે તેને તમે ઓળખો છો?' અમે હા કહી 'સારી રીતે; તેમની વર્તણુકથી, તેઓ કાઠિયાવાડમાં હતા તેથી, વાકેફ છું. પણ અમારાં કેટલાંક કામોમાં વોટસન સાહેબ વધારે વાકેફ છે.' તે સાંભળીને પોતે કહ્યું કે 'વોટસન સાહેબ કરતાં રીવ્ઝ સાહેબ સીનિયર છે તેથી તેનો પહેલો હક છે. તે હક શી રીતે રદ કરાય?' તે વિષે અમે વિનંતિ કરી કે 'મૂળ ગરાસીઆનાં તથા ભાયાતોનાં સેટલ કરવાનાં ઘણાં કામો બાકી છે અને તે શિવાય પણ કેટલાંએક મોટાં કામો આરંભેલાં છે, જે કામોમાં તથા ગરાસિયાના કામમાં અજાણ્યા સાહેબ કરતાં વોટસન સાહેબ વાકેફ છે, તેના હાથથી ઠીક નીવેડો થશે.'

તે સાંભળી રહ્યા તેટલામાં અમે ફરીને કહ્યું કે 'આ વાત આપને વધારે ધ્યાનમાં લેવા જેવી છે. જે બંદોબસ્ત છ વર્ષથી જમાવટ ઉપર આવીને વખણાય છે એવું આપ કહો છો તે બંદોબસ્ત મેજર વોટસન સાહેબને ઠરાવશો તો તેમનાથી અંતસુધી બરાબર જળવાઇ રહેશે, અને રીવ્ઝ જેવા અજાણ્યાને નીમવાથી તુટી જશે તે હું સારી રીતે આપને જણાવું છું.' તે વાકયોની મતલબ ફરીને મનચેરજી પાસે અંગ્રેજીમાં કહેવડાવી પોતે સમજી લીધી, અને વિચાર કરી અમને કહ્યું કે 'મેજર વોટસન સાહેબ કબુલ કરશે?' તે વાતની અમે હા

પાડી ત્યારે પોતે ફરમાવ્યું કે 'એ વાત હું ધ્યાનમાં લઈને જેમ જલદી બંદોબસ્ત થશે તેમ કરીશ.'

અમોએ અરજ કરી કે 'મારે દાંત બંધાવવાના છે તેથી ચાર પાંચ દિવસ અહિં મારે રહેવાનું થશે. તેટલામાં એ વાતની ખબર મને મહેરબાની કરીને આપશો તો આભાર થશે.' તે વાત પોતે ખુશીથી મંજુર રાખી ફરમાવ્યું કે 'વેળાસર બંદોબસ્ત કરીને તમને મુંબઈમાં ખબર આપીશ.'*

શુભેચ્છક ગગા ઉદેશંકરના આશીર્વાદ."

એ સંબંધી ભાવનગર દરબારના એજંટ મી. મનચેરજી મેહેરવાનજી ભાવનગરી રા. સામલદાસઉપર નીચે પ્રમાણે લખે છે :—

"લિ. સેવક મનચેરજી મેહેરવાનજીની સલામબંદગી સેવામાં કબુલ રાખશો. આજે મુરબીશ્રીએ ગવર્નર સાહેબની સાથે મુલાકાતમાં ઘણી જ મજબુત રીતે નામદાર ઠાકોર સાહેબને અખત્યાર મળવાની બાબતમાં કહ્યું અને તે વખતે નામદાર સાહેબે અંગ્રેજીમાં મહારાજાશ્રીને માટે અતિશય આનંદકારી શબ્દો કહી સંભળાવ્યા હતા.'

સર રિચર્ડ ટેમ્પલ.

(૬) સર રિચર્ડ ટેમ્પલ સાહેબ સને ૧૮૭૭ થી સને સને ૧૮૮૦ સુધી મુંબઇના ગવર્નરના અધિકાર ઉપર રહ્યા. તેઓ ૧૮૭૭ ના નવેંબર માસમાં મુંબઇથી ગોઘે ઉતરીને ભાવનગર પધાર્યા હતા. તે સમયે રા. રા. ગૌરીશંકરસાથે રેલ્વેબાબત સવિસ્તર ચર્ચા થઇ હતી. વઢવાણસાથે ભાવનગર જોડાય નહિ એવી રેલ્વે દરબારખરચથી કરવા રા. રા. ગૌરીશંકરે બહુ નિર્ભયતાથી

---

*જોઇંટ એડ્મિનિસ્ટ્રેટરતરીકે પોતે વોટસન સાહેબની નીમણુંક કર્યાની ખબર નામદાર ગવર્નર સાહેબે પોતાના વચનપ્રમાણે રા. રા. ગૌરીશંકરને મુંબઈમાં જ આપી હતી.

અને આગ્રહપૂર્વક ગવર્નર સાહેબને ના પાડી, તેમ જ ગોઘાને રેલ્વેસાંથે જોડી દેવા સામે વિરોધ દર્શાવ્યો. ભાવનગર રાજ્યના કોઇ પ્રતિપક્ષીતરફથી સર રિચર્ડ ટેમ્પલ સાહેબને એવી અસર કરવામાં આવી હતી કે રા. રા. ગૌરીશંકરે ગોઘાનો તમામ વેપાર તોડી પાડેલો છે. એ સંબંધમાં ગવર્નર સાહેબે પૂછતાં રા. રા. ગૌરીશંકરે જવાબ આપ્યો કે "આપને અમારા કોઇ દુશ્મનના કહેવાથી ઉલટી રીતની અસર થયલી છે, કેમકે મારવાડનો વેપાર ગોઘે આવતો તે અમદાવાદની સાથે મુંબઇની રેલ્વે જોડાયાથી અમદાવાદરસ્તે થઈને મુંબઈ જાય છે. તેમાં વેપારી લોકોને ભાડાવગેરેનો ફાયદો થયલો છે. એ મારવાડી લોકોની એક પણ દુકાન ભાવનગરમાં છે જ નહિ, અને જો ભાવનગરમાં એક પણ દુકાન છે એમ કોઇ સાબીત કરે તો આપ ફરમાવો તેવી ગુન્હેગારી આપવાને હું તૈયાર છું." આ પ્રમાણે હકીકત સાંભળી ગવર્નર સાહેબ શાંત થયા અને કહ્યું કે "એ બાબત હું તપાસ કરીશ."

ગવર્નર સાહેબને ભાવનગરથી વિદાય કરવા માટે રા. રા. ગૌરીશંકરને જવાનું હતું પણ તેમની પ્રકૃતિ સારી ન હોવાના કારણથી તેઓએ પોતાના જ્યેષ્ઠ પુત્ર રા. વિજયશંકરને તે અર્થે મોકલ્યા. એ પ્રસંગે ગવર્નર સાહેબે રા. વિજયશંકરને કહ્યું કે "ગૌરીશંકરની સાથે રેલ્વે પ્રકરણવગેરે બાબતમાં મારે જે જુદી જુદી વાત થયલી છે તેથી મને ઘણો જ સંતોષ થયો છે. તેઓ પોતાના રાજ્યના એવા નિમકહલાલ દિવાન છે કે પોતાના રાજ્યને કોઇ પણ રીતે નુકસાનીમાં નહિ ઉતરવા દેવાના હેતુથી મારી સાથે ઘણી છૂટથી દલીલો કરી છે. એ હું બહુ પસંદ કરૂં છું, કેમકે પોતાના રાજ્યની બેહેતરી ચાહવી એ દિવાનનું મુખ્ય કામ છે. અને તેમણે મને જે જે હકીકતો કહેલી છે તે ઉપર મારે જરૂર વિચાર કરવાનો છે. તેથી ગૌરીશંકરને મારા સલામસાથે કહેવું કે તમારા જાહેર કરવાથી મને જરાએ નાખુશી થયલી નથી; ઉલટી તમારી નિમકહલાલ વર્ત-

ણુક જોઈ મને સંતોષ થયલો છે. તેઓની બાબતમાં મિ. પીલ સાહેબે અને મિ. પાર સાહેબે મને જે હકીકત કહેલી છે તેની આ મુલાકાતમાં વાતચિત કરવાને લીધે મારી વધારે ખાતરી થઈ છે.”

સર જેમ્સ ફરગસન.

(૭) સર જેમ્સ ફરગસન સાહેબ સને ૧૮૮૦ થી ૧૮૮૫ સુધી મુંબઇના ગવર્નર હતા. ભાવનગર રેલ્વે ખુલ્લી મૂકવાની ક્રિયાઅર્થે તેઓ ૧૮૮૦ માં સ્ટીમરરસ્તે ભાવનગર પધાર્યા હતા. એ સમયે રા. રા. ગૌરીશંકરે રાજ્યકારભારથી વિશ્રાન્તિ લીધી હતી. પોલિટિકલ એજંટ કર્નલ બાર્ટન સાહેબદ્વારા રા. રા. ગૌરીશંકરનો ગવર્નર સાહેબસાથે મેળાપ થયો હતો. ગવર્નર સાહેબે કહ્યું કે “જોઈંટ એડ્મિનિસ્ટ્રેશનના વખતમાં બહુ દીર્ઘદૃષ્ટિ પહોંચાડી કરેલાં લોકોપયોગી બાંધકામો, ગગાતળાવ, અને બીજાં મકાનો જોઈ મને ઘણો સંતોષ થયો છે. આ રેલ્વેનો ઉપક્રમ પણ તમારી કારકીર્દીમાં થયલો છે તેથી ભાવનગર દરબારને ઘણો નફો થશે, એટલું જ નહિ પણ બીજા આડકતરા ફાયદા થયા વિના રહેશે નહિ. તમે એક સો વર્ષ સુધી જીવો અને તમારી જાતની સલાહથી ભાવનગર દરબારને ઘણા ફાયદા થાઓ. મુખ્યત્વે કરીને આ રેલ્વેના પ્રસંગમાં વેપારનો વધારો થઈ રાજ્યની આબાદી વધતી જાય તથા રેલ્વેની ઉપજમાં પણ વધારો થાય તેનાં ફળ તમે નજરે જુઓ.” આના ઉત્તરમાં રા. રા. ગૌરીશંકરે ગવર્નર સાહેબનો યોગ્ય શબ્દોમાં ઉપકાર માન્યો હતો.

મહારાજા શ્રીતખ્તસિંહજી તથા સ્ટેટ એન્જીનીયર મિ. સીમ્સ સાહેબની સાથે ગૌરીશંકરતળાવ જોઈ બહુ પ્રસન્નતા દર્શાવી ગવર્નર સાહેબ બોલ્યા કે “ગૌરીશંકરે દીર્ઘદૃષ્ટિ પહોંચાડી આ તળાવ બંધાવેલું છે તેથી વસતિને ઘણો જ ફાયદો થશે. પણ જેમનું નામ આપી આ તળાવનું નામ પાડેલું છે તે રા. રા.

ગૌરીશંકરનું "બસ્ટ" * આ તળાવની કોઇ પણ જગાએ ગોઠવવું જોઇએ; જેથી તેમના નામની પ્રસિદ્ધિ કાયમને માટે જળવાઈ રહે." મહારાજાશ્રીએ આ સૂચના ઉત્સાહપૂર્વક ઉપાડી લીધી, અને તળાવના ઉત્તરાદિ બંધની ભીંતમાં રા. રા. ગૌરીશંકરના બસ્ટને સ્થાપવાની વ્યવસ્થા કરાવી. એ બસ્ટ અદ્યાપિ તે સ્થલે વિરાજમાન છે.

સર જેમ્સ ફરગસસન સાહેબ બીજી વખત ૧૮૮૪ના નવેંબર માસમાં જૂનાગઢથી ધોરાજી થઇ રેલ્વેરસ્તે ભાવનગર પધાર્યા હતા. તે સમયે તેમની સાથે ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટર પ્રસિદ્ધ વિદ્વાન્ રાવબહાદુર શંકર પાંડુરંગ પંડિત હતા. મહારાજા શ્રીતખ્તસિંહજીના સન્માનાર્થે ભાવનગર પ્રજાજને બંધાવેલી "તખ્તસિંહજી ધર્મશાલા" ખુલ્લી મૂકવાની ક્રિયા નામદાર ગવર્નર સાહેબના હાથથી તે સમયે કરવામાં આવી હતી.

ગવર્નરસાહેબનું રા. રા. ગૌરીશંકરને ત્યાં પધારવું.

ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટર રાવબહાદુર શંકર પાંડુરંગ પંડિતને મિ. બર્જેસ સાહેબે ખાસ ભલામણ કરી હતી કે નામદાર ગવર્નર સાહેબનું જ્યારે ભાવનગર પધારવું થાય ત્યારે રા. રા. ગૌરીશંકરની મુલાકાતવેળાએ તેમની વાડીમાં તેમના જ્યેષ્ઠ પુત્ર રા. વિજયશંકરે મિ. વોટસન સાહેબની સૂચનાનુસાર પ્રાચીન સિક્કાઓ, શિલાલેખો, તામ્રપત્રોઆદિનો જે સંગ્રહ કરેલો છે તે અવશ્ય જોવા જવું. નામદાર ગવર્નર સાહેબે રા. રા. ગૌરીશંકરની મુલાકાત લેવા પોતાની ઇચ્છા પોલિટિકલ એજંટ મિ. વેસ્ટ સાહેબદ્વારા જણાવી. તે ઉપરથી તા. ૨૫ નવેંબર સને ૧૮૮૪ ને દિવસે સર જેમ્સ ફરગસન સાહેબ રા. રા. ગૌરીશંકરની વાડીએ પધાર્યા. વાર્તા ચાલતાં રા. રા. ગૌરીશંકરે કહ્યું કે "અમારા નામદાર મહારાજા સાહેબ રાજ્યનું કામ ઘણી સારી અને સંતોષકારક રીતે ચલાવે છે તે જોઈ મને ઘણી ખુશી થાય

* મસ્તકથી વક્ષઃસ્થલસુધીના ભાગની પાષાણમય પ્રતિમા.

છે, અને આપના હાથથી જે રેલ્વે ખુલ્લી કરવાની ક્રિયા કરાવી હતી તે રેલ્વે પણ ખરચ કાઢતાં ચાર પાંચ ટકાનો વાર્ષિક નફો આપે છે એ વાતથી પણ મને સંતોષ થાય છે. કેમકે જ્યારે રેલ્વે બાંધવાનો અમે નિશ્ચય કર્યો તે વખતે આ રાજ્યના અને પરાયા રાજ્યના માણસો અને કેટલાક યુરોપિયન ગૃહસ્થો પણ અમારા મતની વિરુદ્ધ થઈ એમ બોલતા હતા કે આ ભાવનગરની રેલ્વે કરવાથી કંઇ પણ નફો આવશે નહિ, અને દરવર્ષે દરબારને ઉલટો ખરચ કરવો પડશે. પાસેન્જર લોકો જોઇએ એટલા મળી શકશે નહિ તેમ જ વેપારનો માલ પણ રેલ્વેને પૂરો પડી શકે એટલો મળી શકશે નહિ. તેથી ભાવનગર દરબારને માથે ચલ્લુની જમે તરીકે આપવાનું આ રેલ્વે કરવાનું સાહસ કામ ઉઠાવેલું છે. આ તેમનું કહેવું મને બિલકુલ રુચતું નહિ તોપણ મારા મનમાં અંદેશો રહ્યા કરતો હતો. પણ કર્નલ વોટસન સાહેબે આપેલી મદદવગેરે કારણથી, નામદાર મહારાજા સાહેબના સુભાગ્યે, હાલ તો દરવર્ષે સુમારે ત્રણ લાખ રૂપૈયા સુધીની રેલ્વેની ઉપજ આવે છે, જેથી પ્રથમ વિરુદ્ધ બોલવાવાળા લોકોના અભિપ્રાય તદ્દન ખોટા પડ્યા છે, આથી પણ મને અત્યંત ખુશી થાય છે." એમ કહીને, ઇંગ્રેજીમાં તૈયાર કરાવી રાખેલું રેલ્વેની વાર્ષિક ઉપજનું પત્રક રા. રા. ગૌરીશંકરે ગવર્નર સાહેબને આપ્યું. તે સ્વીકારતાં સર જેમ્સ ફરગસન સાહેબ બોલ્યા કે "તમે રેલ્વેનું બીજ રોપ્યું તેનું ફલ નજરે જુઓ છો એ મોટી ખુશીની વાત છે, અને રાજ્યનું કામકાજ ચલાવવાનાં જે ધોરણો તમે મુકરર કરેલાં છે તે કાયમ રાખીને નામદાર મહારાજા સાહેબ રાજ્યનું કામકાજ ચલાવે છે એ સાંભળીને પણ મને ખુશી થાય છે."

ગવર્નર સાહેબની પ્રશંસા કરતાં રા. રા. ગૌરીશંકરે કહ્યું કે "હિંદુસ્તાનમાં મૂકાતા તારના સંદેશાનું લેવાણ ઘણું ભારે પડતું હતું તેમ જ અનિયમિત રીતથી ચાલતું હતું. પણ એ બાબતમાં આપે તસ્દી લઈ સુધારો કરાવ્યો, એટલું જ નહિ પણ

લેવાણનો દર ઓછો કરાવ્યો તેથી આખા હિંદુસ્તાનની વસતિનો આપે આશીર્વાદ મેળવ્યો છે. એ વાતમાં હું આપને મુબારકબાદી આપું છું."

રા. રા. ગૌરીશંકરસાથે સંલાપની સમાપ્તિ થતાં ગવર્નર સાહેબ રા. વિજયશંકરનો પ્રાચીન શોધસંગ્રહ જોવા પધાર્યા. સંગ્રહથી તેઓએ બહુ પ્રસન્ન થઇ "વિઝિટર્સ બુક"માં પોતાનો અભિપ્રાય નીચે પ્રમાણે દર્શાવ્યો :—

"I was very happy to be able to visit the venerable and respected Mr. Gourishankar in his own house, and I saw with interest his valuable collection of ancient MSS., sculpture, coins, &c, which has already become famous.

(Sd.) JAMES FERGUSSON,

25th November 1884. *Governor of Bombay.*"

"પૂજ્ય અને સંમાનપાત્ર રા. રા. ગૌરીશંકરની મુલાકાત એમના પોતાના ઘરમાં લઇને મને ઘણો સંતોષ થયો, અને પ્રાચીનલેખો, શિલ્પકામ, સિક્કાવગેરેનો એમનો જે કીમતી સંગ્રહ પ્રસિદ્ધિ પામી ચુકયો છે તે મેં રસપૂર્વક જોયો.

(સહી) **જેમ્સ ફરગસન,**

તા૦ ૨૫ નવેંબર ૧૮૮૪. મુંબઇના ગવર્નર."

ગવર્નર સાહેબ વિદાય થતી વખતે, રા. રા. ગૌરીશંકરે તેમનો ઉપકાર માનતાં કહ્યું કે "આપે અહિં મારા મકાન ઉપર પધારી મને જે માન આપ્યું છે તેથી આપની મેહેરબાનીની યાદગીરી હમેશાં કાયમ રહેશે. આપના પધારવાથી મને તથા મારા કુટુંબને ઘણી જ ખુશી થઈ છે." કર્નલ વેસ્ટ સાહેબ આ ઉપરથી ગવર્નર સાહેબપ્રતિ બોલ્યા કે "કાઠિયાવાડ પ્રાંતના રાજસ્થાનના વૃદ્ધ દિવાનને અમે પોલિટિકલ એજંટો તો તેમના

મકાન ઉપર માન આપવા માટે જઇએ છીએ, પણ આપ નામદાર ગવર્નર સાહેબે અહિં સુધી પધારવાની તસ્દી લઈ આપેલું માન કાઠિયાવાડનાં રાજસ્થાનના દિવાનવર્ગના ગૃહસ્થોમધ્યે પહેલું જ છે." નમ્રતામાં ઉન્નતિ માનનાર સર જેમ્સ ફરગસને આના જવાબમાં કહ્યું કે "એવા જૂના, અનુભવી, વફાદાર અને બીજાં સંસ્થાનોના કારભારીઓને દૃષ્ટાન્તરૂપ ગૃહસ્થને તમે પોલિટિકલ એજંટો માન આપો છો, વળી તેમને સી. એસ. આઈ.નો ઈલિકાબ પણ મળી ચુકયો છે, તેથી મારે વધારે બીજું શું માન આપવાનું રહ્યું? તેમની મુલાકાત લીધાથી ઉલટો મને ઘણો સંતોષ થયો છે."

પ્રકરણ ૧૨.

રાજ્ય તથા વ્યવહારસંબંધી પત્રો.

જે. બી. પીલ સાહેબ—બી. એચ. એલિસ સાહેબ—જોન જાર્ડિન સાહેબ—સર બાર્ટલ ફ્રિયર સાહેબ—સર ટી. માધવરાવ—એ. એ. બોરેડેલ સાહેબ—જ્યોર્જ બ્યૂલર સાહેબ—મિ. દાદાભાઈ નવરોજી—એલેક્ઝાન્ડર ઇગ્રાટ સાહેબ—ઈ. એચ. પર્સિવલ સાહેબ—ચેસ્ટર મેક્નાફ્ટન સાહેબ—બાર્ટન સાહેબ—એચ. એલ. નટ સાહેબ—સી. ઈ. જી. ક્રોફર્ડ સાહેબ—એફ. એસ. પી. લેલી સાહેબ—ડબલ્યુ બ્રધર ફ્રેરિસ સાહેબ—સી. કેરોલ સાહેબ—ડબલ્યુ વર્ડ્ઝ્વર્થ સાહેબ—જોન ફ્લેમિંગ સાહેબ—પી. લીજીટ સાહેબ.

એક પ્રસિદ્ધ સંસ્કૃત પંડિત કહે છે તે પ્રમાણે वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः । करणं परोपकरणं येषां केषां न ते वन्द्याः ॥ "જેમનું મુખ પ્રસન્નતાનું મંદિર છે, જેમનું હૃદય દયાન્વિત છે, જેમની વાણીમાંથી અમૃત ઝરે છે, અને જેમનાં આંતર તથા બાહ્ય કરણો પરોપકારમાં વ્યાપૃત રહે છે એવાં પુરુષો કોની વંદનાને પાત્ર નથી?" આ સર્વ ગુણોએ રા. રા. ગૌરીશંકરના હૃદયમાં નિવાસ કરીને તેમની કીર્તિનું દૂતત્વ કર્યું હતું. રા. રા. ગૌરીશંકરની સુજનતાઆદિ સદ્ગુણસંપત્તિ એટલી બધી મનોહર હતી કે તેમના પરિચયમાં આવેલા પરદેશી અધિકારીઓ પણ તેમની સાથે સુદૃઢ અને સાહજિક મિત્રતાસદૃશ સ્નેહથી વર્તતા, તેમને પોતાના કુટુંબના સંમાનનીય અંગરૂપે માનતા, તેમના કુશલ સમાચાર વારંવાર પૂછતા, પોતાની અંતરની લાગણી તેમના પ્રતિ નિવેદન કરતા, તેમનો અભિપ્રાય પૂછી તે પ્રમાણે વર્તવામાં આનંદનું ભાન કરતા, તેમના અભિનન્દનથી પ્રસન્નતાને અનુભવતા, અને પોતાના ગોપનીય પ્રસંગો પણ તેમને જણાવતા. આવો અકૃત્રિમ સ્નેહ ધરાવનાર

પોતાના શતાવધિ મિત્રમંડલસાથે રા. રા. ગૌરીશંકરને અવિચ્છિન્ન પત્રવ્યવહાર ચાલતો. એ પત્રોની સંખ્યા એટલી વિપુલ છે કે તે સમસ્તને પ્રકટ કરવા અર્થે એક મોટું ભિન્ન પુસ્તક અપેક્ષણીય છે, અને તેની યથાર્થ મહત્તા પણ સંપૂર્ણ અંશે ત્યારે જ સમજી શકાય એમ છે. પ્રસ્તુત લેખની મર્યાદામાં તે સર્વ પત્રોનો સમાવેશ થવો અશક્ય હોવાથી, રા. ગૌરીશંકરના રાજકીય સંબંધ તથા સુહૃત્સંબંધ ઉપર પ્રકાશ પાડે તેવા મુખ્ય પત્રો નીચે આપવામાં આવે છે * :—

"KOTH, 15*th December* 1864.

MY DEAR ROBERTSON,

You will find him (Mr. Gowrishankar) straightforward and intelligent on the affairs he has to talk about, and he holds the first place among the Kathiawad Karbharees in the opinion of most of the Officers of the province. I have always found him reasonable and candid in regard to the claims of his Durbar, and have had more satisfaction in doing business with him than with any other Native Agent.

જે. બી. પીલ સાહેબ. †

Yours very truly,

J. B. PEILE."

* પત્રોની વ્યવસ્થા મુખ્યત્વે કરી સમયક્રમપ્રમાણે કરવામાં આવી છે.

† કાઠિયાવાડના પોલિટિકલ એજંટ. સદરહુ ચીઠી પીલ સાહેબે મુંબઈ સરકારના રેવેન્યુ સેક્રેટરી મિ. રોબર્ટસન ઉપર ભાવનગરના સરકારતરફના દાવાવિગેરેના તપાસ કર્યા પછી લખેલી, અને તેની નકલ તેઓએ રા. રા. ગૌરીશંકરપર મોકલી હતી.

"કોઠ, ૧૫ ડિસેમ્બર ૧૮૯૪.

મારા પ્રિય રોબર્ટસન,

રાજકીય બાબતમાં રા. રા. ગૌરીશંકર તમને એકમાર્ગી તથા બુદ્ધિશાલી જણાશે, અને કાઠિયાવાડ પ્રાંતના ઘણા ખરા અધિકારીઓના અભિપ્રાયમાં એઓ સંસ્થાનોના કારભારીઓમાં શ્રેષ્ઠ પદવીને ભોગવે છે. ભાવનગર દરબારના દાવાસંબંધે એઓ મને હમેશાં ન્યાયપૂર્વક વાત કરનાર અને ઉઘાડા દીલના માલમ પડ્યા છે, અને બીજા બધા રાજ્યોના પ્રતિનિધિઓ કરતાં એમની સાથે કામ કરવાથી મને વિશેષ સંતોષ થયો છે.

આપનો બહુ સાચો,

જે. બી. પીલ."

"INDIA OFFICE, *May 7th.*

MY DEAR THAKOR SAHEB,

બી. એચ. એલિસ સાહેબ.*

I need not add to the excellent advice which Mr. Peile offered to you on the occasion. I am sure you will follow it, and it will be the easier to do so, as you are fortunately able to avail yourself of the wise counsel of my friend Gowrishankar.

Your friend,

B. H. ELLIS."

"ઇન્ડિયા ઓફીસ, ૭ મે.

મારા પ્રિય ઠાકોર સાહેબ,

આપના ગાદીનશીન થવાના વખતે મિ. પીલે આપને જે ઉત્તમ સલાહ આપી છે તેમાં મારે વધારો કરવાની જરૂર નથી.

---

* સ્ટેટ સેક્રેટરી સાહેબના કાઉન્સિલર. મહારાજાશ્રી તખ્તસિંહજીએ એ પત્રની નકલ આપવાની કૃપા કરવાથી તેને અહિં દાખલ કરવામાં આવી છે.

મને ખાતરી છે કે આપ તેને અનુસરશો, અને તેમ કરવું આપને વિશેષ સરલ પડશે, કારણ કે મારા મિત્ર ગૌરીશંકરની ડહાપણભરેલી સલાહનો સુભાગ્યે લાભ લેવા આપ શક્તિમાન્ છો.

આપનો મિત્ર,

ઓ. એચ. એલિસ."

"HIGH COURT HOUSE,

BOMBAY, *July 27th*, 1874.

MY DEAR FRIEND,

It always pleases me to hear of the welfare of Takhtasing. I hope he will grow up to be the good Raja described in the *Dharum Shaster*. . . . In future days when the *takrars* and pleasures and pains of the present time shall have become *Mâyâ* and vanity as the *Shasters* say, people will talk of the good Raja, and they will say that Gaurishankar was his *Pradhân*. . . .

જોન જાર્ડિન સાહેબ.*

Your sincere friend,

JOHN JARDINE."

"હાઇ કોર્ટ હાઉસ, મુંબઈ, ૨૭ જુલાઈ ૧૮૭૪.

મારા પ્રિય મિત્ર,

મહારાજા તખ્તસિંહજીના શુભ સમાચાર જાણી મને હુમેશાં આનંદ થાય છે. મને આશા છે કે એઓ મોટા થતાં ધર્મશાસ્ત્રમાં કહેલાં ઉત્તમ રાજાનાં લક્ષણો સંપાદન કરશે. . . . ભવિષ્યમાં, આધુનિક સમયની તકરારો અને સુખ:દુખ જે

---

* મુંબઈ હાઇકોર્ટના ન્યાયાધીશ.

શાસ્ત્રના કહેવા પ્રમાણે માયા અને ભ્રાન્તિરૂપ છે તેનો લય થયા પછી, લોકો એ ઉત્તમ રાજાની વાતો કરશે અને કહેશે કે ગૌરીશંકર તેમના પ્રધાન હતા. . . .

આપનો પ્રામાણિક મિત્ર,

જોન જાર્ડિન."

"GOVERNMENT HOUSE,

CALCUTTA, MONDAY, 28*th December* 1875.

MY DEAR SIR,

સર બાર્ટલ ફ્રિયર સાહેબ.*

Accept my best thanks for your letter of 20th December, and for the notes and photographs which I shall greatly value as memorials of one of the ablest and best of native modern statesmen.

Yours, &c.,

H. B. E. FRERE."

"ગર્વમેન્ટ હાઉસ, કલકત્તા, ૨૮ ડિસેંબર ૧૮૭૫.

મારા પ્રિય સાહેબ,

૨૦ મી ડીસેમ્બરના આપના પત્રને લીધે તેમ જ આપે મોકલેલી આપની રાજસેવાની નોંધ તથા ફોટોગ્રાફને લીધે હું બહુ આભારી થયો છું. આધુનિક કાલના એક અતિસમર્થ અને શ્રેષ્ઠ દેશી કારભારીના સ્મારક ચિહ્નતરીકે તેને હું બહુ કીમતી ગણીશ.

આપનો,

એચ. બી. ઈ. ફ્રીયર."

---

* મુંબઈના ગવર્નર સાહેબ, અને નામદાર શાહજાદા પ્રિન્સ ઓફ વેલ્સની હિંદુસ્તાનની મુસાફરીદરમ્યાન તેમના એલચી.

"BHAVNAGAR, 1*st March* 1876.

To SIR T. MADHAV RAO.

MY DEAR SIR,

સર ટી. માધવરાવ. *

I lately visited the Kundla district under this State which lies on the frontier of your Amreli Mahal, and on enquiry found that the old system of revenue administration was still working there. I hope the matter will receive your early attention. . . . . . .

Sincerely yours,

GOWRISHANKAR UDEYSHANKAR."

"ભાવનગર, ૧ માર્ચ ૧૮૭૬.

મારા પ્રિય સાહેબ (સર ટી. માધવરાવ),

આ રાજ્યનો કુંડલા મહાલ જે આપના રાજ્યના અમરેલી મહાલની સરહદ ઉપર આવેલો છે તેમાં હું થોડા વખત ઉપર ફરવા ગયો હતો, અને તપાસ કરતાં મને માલમ પડ્યું કે અમરેલી મહાલમાં હજી સુધી વસુલાતની જૂની પદ્ધતિ ચાલે છે. આ વિષયઉપર આપ વહેલું ધ્યાન આપશો એવી હું આશા રાખું છું. . . . . . .

આપનો પ્રામાણિક,

ગૌરીશંકર ઉદયશંકર."

"BARODA, 14*th March* 1876.

MY DEAR SIR,

. . . My friend Mr. Manibhai has shown me a printed paper which summarises the services you have rendered. They are services you have reason to feel proud

* વડોદરા રાજ્યના મુખ્ય દીવાનસાહેબ.

of. And it is honourable to the State that it not only made an acquisition of you, but has had the rare good sense to keep such acquisition so long. . . .

The system of levying the Government tax in kind by sharing the actual produce, which prevails in the Gaekwar's Amreli Mahals, is open to very grave objections. It must be superseded by one more in harmony with modern ideas. But time is required to carry out such reforms. I shall be glad to know how you did the work in your State.

Yours sincerely,

T. MADHAV RAO."

"વડોદરા, ૧૪ માર્ચ ૧૮૭૬.

મારા પ્રિય સાહેબ,

. . . ભાવનગર દરબારની આપે બજાવેલી નોકરીની છાપેલી ટુંકી નોંધ મારા મિત્ર મિ. મણિભાઇએ મને બતાવી છે. આપે બજાવેલી સેવા એવી છે કે તેથી આપને ગર્વ ધરવાનું કારણ રહે છે. અને રાજ્યને પણ માન ઘટે છે, કારણ કે દરબારે આપને મેળવ્યા એટલું જ નહિ, પણ આટલા લાંબા સમયસુધી આપને રાખવાની વિરલ સુબુદ્ધિ વાપરી. . . .

ગાયકવાડ સરકારના અમરેલી મહાલમાં ભાગબટઈના લેવાણનો જે વહીવટ ચાલે છે તેની સામે બહુ ગંભીર વિરોધ લઇ શકાય એમ છે. આધુનિક વિચારને વિશેષ અનુકૂલ પડે એવી પદ્ધતિ તેને બદલે દાખલ કરવી જોઇએ. પણ આવા સુધારા કરવા માટે સમયની અપેક્ષા છે. આપે આપના રાજ્યમાં એ બાબત કેવી વ્યવસ્થા કરી તે જાણીને હું ખુશી થઇશ.

આપનો પ્રામાણિક,

ટી. માધવરાવ."

"AMRELI, *8th December* 1878.

MY DEAR SIR,

. . . Myself and my highly esteemed friend Khan Bahadur Kazi Shahabudin have been closely working into the state of things and rectifying many matters. It will give me great pleasure to let you know the particulars personally, when I hope to profit by your great knowledge and experience in the instance of one or two reforms of vital importance which I am reserving for further deliberation. . . .

The invitation to Bhavnagar is so cordial that I feel I should as cordially respond to it. In all probability, therefore, I will return to Baroda *via* Bhavnagar. . . .

Yours very sincerely,

T. MADHAV RAO."

"અમરેલી, ૮ ડિસેમ્બર ૧૮૭૮.

મારા પ્રિય સાહેબ,

. . . હું અને મારા બહુમાન્ય મિત્ર ખાનબહાદુર કાજી શાહબુદ્દીન દરેક બાબતની સૂક્ષ્મ તપાસ કરીએ છીએ, અને ઘણી બાબતોમાં સુધારો કરીએ છીએ. એની સવિસ્તર હકીકત આપને સમક્ષમાં જણાવવાથી મને ઘણી ખુશી થશે, અને તે વખતે એક બે અત્યંત અગત્યના સુધારા જે મેં ભવિષ્ય વિચારમાટે રાખી મૂકયા છે તે બાબત આપના વિશાલ જ્ઞાન અને અનુભવનો લાભ લેવા હું આશા રાખું છું. . . .

ભાવનગર આવવાનું નિમંત્રણ મને એવું અંતઃકરણપૂર્વક કરવામાં આવ્યું છે કે તેટલા જ ખરા દીલથી મારે તેને માન્ય

કરવું જોઇએ. તેથી બહુ કરીને હું ભાવનગર થઇને વડોદરે પાછો ફરીશ. . . .

આપનો બહુ પ્રામાણિક,

ટી. માધવરાવ.”

“ Bhavnagar, 28*th December* 1878.

To Major H. L. NUTT.

My Dear Sir,

I have been here these two days and am to leave by steamer early to-morrow morning. But I cannot depart from this place without telling you what great pleasure this visit has afforded me.

After what I have witnessed here, I have no hesitation in characterising Bhavnagar as a truly model Native State in many important respects. Bhavnagar, under remarkably favourable auspices, has evidently had such a start in the career of progress that I am afraid it will take long for larger States even to approach it. All honour is due to those who have placed Bhavnagar in this enviable position. . . .

I have had the happiness of meeting and conversing with Mr. Gaurishankar, a wonderful old statesman whom I regard with feelings of admiration mingled with reverence.

Yours sincerely,

T. MADHAV RAO.”

"ભાવનગર, ૨૮ ડીસેમ્બર ૧૮૭૮.

મારા પ્રિય સાહેબ (મિ. નટ*),

હું બે દિવસથી અહિં છું, અને આવતી કાલે સવારના પહોરમાં આગબોટને રસ્તે વિદાય થનાર છું. તોપણ ભાવનગરની મુલાકાતથી મને જે અતિઆનંદ થયો છે, તે આપને જણાવ્યાવિના અહિંથી વિદાય થવું હું યોગ્ય ધારતો નથી.

મેં અહિં જે જે જોયું છે તેના આધારથી હું નિઃશંકપણે કહી શકું છું કે ઘણી અગત્યની બાબતોમાં ભાવનગર સંસ્થાન ખરેખર એક નમુનો લેવા લાયક દેશી રાજ્ય છે. અસાધારણ અનુકૂલતાવાળા સંયોગોવચ્ચે ભાવનગર રાજ્ય સુધારાને માર્ગે દેખાઈતું એટલું બધું આગળ વધી ગયું છે કે મને શંકા રહે છે કે એને પહોંચી વળતાં પણ મોટાં રાજ્યોને બહુ સમય જોઈશે. જેમણે ભાવનગર રાજ્યને આવી અદેખાઇ ઉપજાવે એવી સ્થિતિમાં મૂકયું છે તેમને સંપૂર્ણ રીતે ધન્યવાદ ઘટે છે. . . .

મિ. ગૌરીશંકર, જેઓ એક અદ્ભુત વૃદ્ધ રાજનીતિજ્ઞ પુરુષ છે, અને જેમના પ્રતિ મારો પૂજ્યબુદ્ધિમિશ્રિત પ્રશંસાભાવ છે તેમની સાથે મળી વાતચીત કર્યાથી મને આનંદ થયો છે.

આપનો પ્રામાણિક,

ટી. માધવરાવ."

"BARODA, 12*th October* 1879.

MY DEAR SIR,

I am glad you perused the Baroda Administration Report and appreciate our labours here. The approbation

---

*સદરહુ પત્ર કાઠિયાવાડના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ મિ. નટ સાહેબઉપર આવેલો; તેમના તરફથી તે મળતાં અહિં દાખલ કરવામાં આવ્યો છે.

of one so experienced as yourself is no small reward. I assure you that the sentiments you have expressed are a source of great encouragement to me in my arduous work. . . .

I doubt indeed if you have a rival in statesmanship and actual service in the whole of Gujarat. Bhavnagar ought to erect your statue, and I feel confident that it *will* do so. . . .

Yours very sincerely,

T. MADHAV RAO."

"વડોદરા, ૧૨ ઓકટોબર ૧૮૭૯.

મારા પ્રિય સાહેબ,

"વડોદરા એડ્મિનિસ્ટ્રેશન રીપોર્ટ" આપે વાંચ્યો અને અહિં અમારા શ્રમની આપ કીમત જાણો છો તેથી હું ખુશી થયો છું. આપના જેવા અનુભવી પુરુષનું અભિનન્દન કંઈ તુચ્છ બદલો નથી. હું આપને ખાતરીપૂર્વક કહુંછું કે મારે માટે આપે દર્શાવેલી પ્રશંસાની લાગણી મારા આયાસમય કાર્યમાં મને મોટા ઉત્તેજનરૂપ થઈ છે. . . .

આખા ગુજરાતમાં, રાજનીતિજ્ઞતા અને રાજ્યની સાક્ષાત્ નોકરીપરત્વે આપની સ્પર્ધા કરી શકે એવો કોઇ પુરુષ હોય એમ હું માનતો નથી. ભાવનગરે તો આપની પ્રતિમા સ્થાપવી જોઇએ, અને તે પ્રમાણે તે કરશે જ એવો મને વિશ્વાસ છે. . . .

આપનો બહુ પ્રામાણિક,

ટી. માધવરાવ."

"AHMEDABAD, 19*th September* 1879.

MY DEAR SIR,

એ. એ. બોરો-ડેલ સાહેબ. *

I have received with great pleasure your kind letter. . . . I read with great interest the proceedings at Rajkote on the opening of the bridge and the wing of the College. Takhtasingji is a credit to Kathiawar and to all who have had the care of him. . . .

Sincerely yours,

A. A. BORRODAILE."

"અમદાવાદ, ૧૯ સપ્ટેંબર ૧૮૭૯.

મારા પ્રિય સાહેબ,

આપનો સ્નેહાંકિત પત્ર મને મળ્યો તેથી બહુ ખુશી થયો છું . . . આજીનો પૂલ તથા રાજકુમાર કોલેજની "વિંગ" ખુલ્લી મૂકવાની ક્રિયાવિષેનો વૃત્તાન્ત મેં બહુ રસપૂર્વક વાંચ્યો છે. મહારાજા તખ્તસિંહજી કાઠિયાવાડ પ્રાંતને, તથા જેઓ એમના પાલનવર્ધનમાં સહાયભૂત છે તે સર્વને માનનું કારણ છે. . . .

આપનો પ્રામાણિક,

એ. એ. બોરોડેલ."

AHMEDABAD, 8*th October* 1879.

MY DEAR SIR,

જ્યોર્જ બ્યૂલર સાહેબ. †

I have been extremely glad to learn . . . that you are doing well, and are engaged in the study of that philosophy which is justly the pride of India and especially of the Brahmans. I, too, hope that I shall shortly

---

* અમદાવાદના કલેકટર.

† ગુજરાત પ્રાંતના એજ્યુકેશનલ ઇન્સ્પેકટર.

have the pleasure of seeing you again and of talking with you on the subject which interests both of us so very much. I can assure you that from the first time when I met you in 1869, it has given me always sincere pleasure to meet and to converse with you. You have so often exerted yourself on behalf of the Educational Department that it gives me very great pleasure if I can do anything for you in return.

Yours truly,

G. BÜHLER."

"અમદાવાદ, ૮ ઓક્ટોબર ૧૮૭૯.

મારા પ્રિય સાહેબ,

આપની પ્રકૃતિ સારી છે, તથા આર્યભૂમિને અને વિશેષે કરીને બ્રાહ્મણોને ગર્વના કારણરૂપ બ્રહ્મવિદ્યાના અધ્યયનમાં આપ પરાયણ રહો છો એ જાણી મને અત્યંત હર્ષ થયો છે. મને પણ આશા છે કે હું આપને થોડા સમયમાં મળી, આપણ ઉભયને અતિઆનંદ આપનાર એ વિષયઉપર આપની સાથે વાત કરી પ્રસન્ન થઈશ. પ્રથમ ૧૮૬૯ માં મને આપનો મેળાપ થયો તે સમયથી, આપની સાથે મળી વાતચીત કરવાથી નિરંતર મને અંતઃકરણપૂર્વક આનંદ થાય છે તે ખાતરીપૂર્વક માનશો. કેળવણી ખાતાસંબંધે આપે એટલી બધી વાર શ્રમ લીધો છે કે તેના બદલામાં જો હું કંઈ પણ કરી શકું તો મને ઘણી ખુશી થાય.

આપનો સત્ય,

જી. બ્યૂલર."

"BHAVNAGAR, 15*th September* 1880.

To G. BÜHLER, Esq.

MY DEAR SIR,

I am certainly grieved to learn that you have resolved to retire from the Government service and to leave the shores of India for your mother-land. Your benevolent exertions to improve the Sanskrit Literature have won for you a great renown and have benefitted India to a great extent. India will lose in you her learned friend, but I hope you will continue to strive after her welfare, and will never forget your friends.

Yours very sincerely,

GOWRISHANKAR UDEYSHANKAR."

"ભાવનગર, ૧૫ સપ્ટેંબર ૧૮૮૦.

મારા પ્રિય સાહેબ (બ્યૂલર સાહેબ),

સરકારી નોકરીમાંથી નિવૃત્તિ પામી, હિંદુસ્તાન છોડી આપે સ્વદેશપ્રતિ પ્રયાણ કરવાનો નિશ્ચય કર્યો છે તેથી મને ખરેખર ખેદની લાગણી થઇ છે. સંસ્કૃત સાહિત્યના સુધારાઅર્થે પરોપકારી પ્રયત્ન કરી આપે મહાકીર્તિ સંપાદન કરી છે, અને તેથી આર્યભૂમિને પણ બહુ લાભો થયલા છે. આપના વિદાય થવાથી હિંદુસ્તાનને એક વિદ્વાન્ મિત્રની ખોટ પડશે, પણ મને આશા છે કે આર્યભૂમિના કલ્યાણને માટે આપ પ્રયત્ન જારી રાખશો અને આપના મિત્રોને કદાપિ ભૂલી જશો નહિ.

આપનો બહુ પ્રામાણિક,

ગૌરીશંકર ઉદયશંકર."

"BHAVNAGAR, 12*th July* 1880.

MY DEAR MR. DADABHAI,

. . . We appreciate your kindness in favouring us with your views on the Opium Question. I am glad you think with us in regard to our demand to be excused payment of duty. . . .

મિ. દાદાભાઈ નવરોજી. *

Perhaps you are aware that His Highness our Thakor Saheb has launched a great part of the savings of the last few years in building a railway connecting this port with Wadhwan on the north and Dhoraji on the west. It is on the narrow gauge, but it is as much as will suffice for our need, and we expect it to be a productive work. . . .

I had the pleasure of seeing you in Bombay in 1875 during the tour of His Royal Highness the Prince of Wales. I am really gratified to have now after a long interval an opportunity of communicating with you.

Yours sincerely,

GOWRISHANKAR UDEYSHANKAR."

"ભાવનગર, ૧૨ જુલાઈ ૧૮૮૦.

મારા પ્રિય મિ. દાદાભાઈ,

અફીણસંબંધે આપે આપના વિચાર જણાવવા મહેરબાની કરી તેથી અમે આભારી થયા છીએ. અફીણ ઉપરની જકાત કાઢી નાંખવા સંબંધી અમારી માગણીને આપ મળતા આવો છો તેથી મને ખુશી થઈ છે. . . .

* પ્રસિદ્ધ સ્વદેશભક્ત અને બ્રિટિશ પાર્લામેન્ટના મેમ્બર.

કદાચ આપને માલમ હશે કે અમારા મહારાજાશ્રીએ ગયાં કેટલાંક વર્ષમાં બચેલાં નાણાંનો મોટો ભાગ, ઉત્તર દિશામાં વઢવાણસાથે અને પશ્ચિમ દિશામાં ધોરાજીસાથે આ બંદરને જોડનાર રેલ્વેમાં રોક્યાં છે. એ રેલ્વે સાંકડા માપની છે, પરંતુ અમારી જરૂરિયાતને માટે તે બસ છે, અને લાભકારક નીવડશે એવી અમે આશા રાખીએ છીએ.

નામદાર શાહજાદા પ્રિન્સ ઓફ્ વેલ્સની મુલાકાતવખતે સને ૧૮૭૫ માં મને આપનો આનંદકર મેળાપ મુંબઈમાં થયો હતો. દીર્ઘ અંતર પછી, આપની સાથે પત્રવ્યવહાર ચલાવવાની તક મને મળ્યાથી મને ખરેખર સંતોષ થાય છે.

આપનો પ્રામાણિક,

ગૌરીશંકર ઉદયશંકર."

" LONDON, 20*th August* 1880.

MY DEAR AZAM GAWRISHANKAR,

. . . I am glad that H. H. the Thakor Saheb has laid down a railway to your port. These railways honestly, economically and carefully managed will pay, but more than that, will do a deal of indirect good in promoting the production of the territory and the prosperity of the people. My view is and has been all along, as you are aware, that every Native State, if administered carefully and honestly, should share a far greater degree of prosperity than British provinces can ever attain. Every thing is in favour of the Native States.

Yours truly,

DADABHAI NAOROJI."

"લંડન, ૨૦ આગસ્ટ ૧૮૮૦.

મારા પ્રિય આજમ ગૌરીશંકર,

નામદાર ઠાકોર સાહેબે ભાવનગર બંદરનો રેલ્વેસાથે સંબંધ કર્યો તે જાણી હું ખુશી થયો છું. પ્રામાણિકપણે, કરકસરથી અને સાવધાનતાથી એવી રેલ્વેઓની વ્યવસ્થા કરવામાં આવે તો તેમાંથી નફો થાય, અને એથી પણ વિશેષ લાભ એ છે કે રાજ્યમાં ઉપજતા પદાર્થો તથા લોકોની સમૃદ્ધિ તેથી વધે છે. આપ કદાચ જાણતા હશો કે મારો અભિપ્રાય હાલ અને મૂલથી જ એવો છે કે પ્રામાણિકતાથી તથા સાવધાનતાથી દેશી રાજ્યોનો કારભાર ચલાવવામાં આવે તો પ્રત્યેક દેશી રાજ્ય, બ્રિટિશ સરકારના મુલક કરતાં અતિશય આબાદ થાય. દરેક બાબત દેશી રાજ્યોના લાભમાં છે.

આપનો સત્ય,

દાદાભાઈ નવરોજજી."

"DINAPORE, 8*th May* 1883.

MY DEAR MR. GOWRISHANKAR,

એલેક્ઝાન્ડર ઇઝાટ સાહેબ. *

. . . For the Railway the people are much indebted to your great influence, and your name will long be held in reverence not only amongst your own people, but amongst the British officials, as one of the best and ablest administrators of the State.

Yours very sincerely,

ALEXANDER IZAT."

---

* ભાવનગર-ગોંડળ રેલ્વે બાંધનાર એન્જીનીયર.

"દીનાપોર, ૮ મે ૧૮૮૩.

મારા પ્રિય મિ. ગૌરીશંકર,

. . . રેલ્વેમાટે લોકોએ આપની ભારે પ્રતિષ્ઠા તથા લાગવગનો આભાર માનવાનો છે, અને આપનું નામ આપના પોતાના પ્રજાજનમાં જ નહિ, પરંતુ રાજ્યના શ્રેષ્ઠ અને અતિસમર્થ એક કારભારીતરીકે બ્રિટિશ અધિકારીઓના મંડલમાં, લાંબા વખતસુધી અર્ચનીય રહેશે.

આપનો બહુ પ્રામાણિક,
એલેક્ઝાન્ડર ઈઝાટ."

"Gloucester, *January* 1884.

My Dear Mr. Gowrishankar,

ઈ. એચ. પર્સિવલ સાહેબ.*

I heard lately from Mr. Crawford, who told me what he had seen at Bhavnagar and at poor deserted Gogo. He says that he above everything enjoyed a talk with you. I should like very much to have one also, but I am tied down with five children and other matters, and do not wish to leave home for a long time. . . .

Yours sincerely,

E. H. PERCIVAL."

"ગ્લૉસ્ટર, જાનેવારી ૧૮૮૪.

મારા પ્રિય મિ. ગૌરીશંકર,

થોડા વખતઉપર મારા ઉપર મિ. ક્રોફર્ડનો પત્ર આવ્યો હતો, તેમાં તેઓએ ભાવનગરમાં તથા દયા ઉપજાવનાર ઉજડ

*ભાવનગર સંસ્થાનના સંયુક્ત કારભારી.

ગોધામાં જે જોયું તે વિષે તેઓ લખે છે. સઉ કરતાં આપની સાથે વાત કરવાથી એમને બહુ આનંદ થયો એમ તેઓ જણાવે છે. હું પણ આપની સાથે વાત કરવાને ઉત્સુક છું. પરંતુ પાંચ છોકરાં અને બીજા ઉપાધિથી વીંટળાયલો હું લાંબા વખત સુધી ઘર છોડવા માગતો નથી. . . .

આપનો પ્રામાણિક,

ઇ. એચ. પર્સિવલ."

"RAJKOT, 18*th February* 1884.

MY DEAR MR. VAJESHANKAR,

. . . There are many in Kathiawar for whom I have much regard and respect, but there is no one in my opinion who more deserves to be respected than he. I hope you will kindly give him my best *salams*.

ચેસ્ટર મેક્નાફ્ટન સાહેબ.*

Sincerely yours,

CHESTER MACNAGHTEN."

"રાજકોટ, ૧૮ ફેબ્રુઆરી ૧૮૮૦.

મારા પ્રિય મિ. વજેશંકર,

કાઠિયાવાડમાં ઘણાને માટે મને બહુ આદર તથા માનની લાગણી થાય છે, પરંતુ મારા અભિપ્રાયપ્રમાણે આપના પિતા કરતાં કોઇ પણ પુરુષ અધિક સંમાનપાત્ર નથી. હું આશા રાખું છું કે મારી ઘણી સલામ આપ એમને કૃપા કરી નિવેદન કરશો.

આપનો પ્રામાણિક,

ચેસ્ટર મેક્નાફ્ટન."

---

* રાજકુમાર કોલેજના પ્રિન્સિપલ.

"BHAVNAGAR, *4th March* 1884.

MY DEAR COL. BARTON,

બાર્ટન સાહેબ.* I am glad to know that you and Mrs. Barton are in the enjoyment of excellent health. It needs no assurance on my part that I always feel myself deeply indebted to you for your feeling of regard and affection to me, which, I hope, will never be abated by your sojourn in your mother-land and retirement from the sphere of active life.

Yours very sincerely,

GOWRISHANKAR UDEYSHANKAR."

"ભાવનગર, ૪ માર્ચ ૧૮૮૪.

મારા પ્રિય કર્નલ બાર્ટન સાહેબ,

આપની તથા મિસિસ બાર્ટનની તબીયત સારી છે તે જાણી મને ખુશી થઇ છે. આપ મારા પ્રતિ આદર અને મમત્વની લાગણી ધરાવો છો તેને માટે હું આપનો ઉપકારી છું એની આપને ખાતરી કરવાની જરૂર નથી. આપની જન્મભૂમિમાં પાછા ફરવાથી તથા પ્રવૃત્તિમય જીવનથી નિવૃત્તિ લેવાથી એ લાગણીમાં કદી ન્યૂનતા નહિ થાય એવી હું આશા રાખું છું.

આપનો બહુ પ્રામાણિક,

ગૌરીશંકર ઉદયશંકર."

* કાઠિયાવાડના પોલિટિકલ એજંટ.

" BOMBAY, 5*th March* 1884.

MY DEAR SIR,

Before leaving India I must write you a few lines on behalf of myself and Mrs. Barton. I have known you now for so many years, and am glad to think that after your long and faithful service to the State, you are still leading an honoured and respected life, and that your sons are following in your foot-steps. Wishing you and your family every prosperity.

I remain,

Yours very sincerely,

L. C. BARTON."

" મુંબઈ, ૫ માર્ચ ૧૮૮૪.

મારા પ્યારા સાહેબ,

હિંદુસ્તાન છોડવા પૂર્વે મારા તરફથી તેમ જ મિસિસ બાર્ટનના તરફથી આપને છેલ્લી સલામની થોડી લીટીઓ મારે લખવી જોઇએ. મારો આપની સાથેનો પરિચય ઘણાં વર્ષ સુધીનો છે, અને મને જાણીને ખુશી થાય છે કે રાજ્યની લાંબી અને નિમકહલાલ નોકરી બજાવ્યા પછી આપ માન અને પ્રશંસાપાત્ર જીવન વ્યતીત કરો છો, અને આપના પુત્રો આપનું અનુકરણ કરે છે.

આપ સકુટુંબ સર્વ રીતે સુખસંપન્ન રહો એમ ઇચ્છું છું.

આપનો બહુ પ્રામાણિક,

એલ. સી. બાર્ટન."

"Rajkot, 1st *January* 1885.

My Dear Mr. Gowrishankar,

Everything in Bhavnagar appears to be as progressive as wisdom and wealth can make it, and you must, I am sure, feel great pleasure and pride in beholding such magnificent results of your former labours.

Your sincere and grateful friend,

CHESTER MACNAGHTEN."

"રાજકોટ, ૧ જાનેવારી ૧૮૮૫.

મારા પ્રિય મિ. ગૌરીશંકર,

ડહાપણ અને દ્રવ્યથી જેટલો સુધારો બની શકે તેટલો સુધારો ભાવનગરમાં દરેક બાબતમાં જોવામાં આવે છે, અને મને ખાતરી છે કે આપના પૂર્વ શ્રમના આવા ભવ્ય પરિણામ જોઈ આપને બહુ આનંદ તથા અભિમાનની લાગણી થતી હશે.

આપનો પ્રામાણિક અને આભારી મિત્ર,

ચેસ્ટર મેક્નાફ્ટન."

"Wadhwan Civil Station,

15*th September* 1885.

My Dear Old Friend,

. . . Under God's blessing I hope to do my duty well, but I inform you that letters like yours help wonderfully, for they inspire me with confidence.

એચ. એલ. નટ સાહેબ. *

Very sincerely yours,

H. L. NUTT."

---

* મહારાજાશ્રી તખ્તસિંહજીના ટ્યુટર અને કંપેનિયન.

"વઢવાણ સિવિલ સ્ટેશન, ૧૫ સપ્ટેંબર ૧૮૮૫.

મારા પ્રિય જૂના મિત્ર,

ઈશ્વરના આશીર્વાદથી હું મારી ફરજ યોગ્ય રીતે બજાવવા આશા રાખું છું, પણ તે સાથે હું આપને જણાવું છું કે આપના જેવાના પત્રોથી મને ચમત્કારિક મદદ મળે છે, કારણ કે તેથી મને હિંમત રહે છે.

આપનો બહુ પ્રામાણિક,

એચ. એલ. નટ."

"BOMBAY, *New Year's Day*, 1886.

MY DEAR MR. GOWRISHANKAR,

સી. ઈ. જી. ક્રોફર્ડ સાહેબ.*

I have been very fortunate in the past year in being chosen for the appointment I now hold; my only cause of regret about it is that it cuts me off from Kathiawar, and from you and all my friends there.

Yours very sincerely,

C. E. G. CRAWFORD."

"મુંબઈ, બેસતું વર્ષ ૧૮૮૬.

મારા પ્રિય મિ. ગૌરીશંકર,

હાલ જે અધિકાર હું ભોગવું છું તે ઉપર મારી નીમણુક થયાથી ગયા વર્ષમાં હું સુભાગી નીવડ્યો છું. મને ખેદનું કારણ માત્ર એટલું જ છે કે એથી કરીને કાઠિયાવાડથી, આપનાથી, અને ત્યાંના મારા સર્વ મિત્રોથી હું છૂટો પડ્યો છું.

આપનો બહુ પ્રામાણિક,

સી. ઈ. જી. ક્રોફર્ડ."

---

*મુંબઈની હાઇકોર્ટના રજિસ્ટ્રાર.

"GLOUCESTER, 1*st January* 1886.

MY DEAR THAKOR SAHEB,

. . . It is difficult to estimate the good which Mr. Gowrishankar and the family of the Nagar Brahmans, of whom he is now the ablest representative, have done for the Bhavnagar State, and in congratulating you on your honours, I congratulate them too.

Yours very sincerely,

E. H. PERCIVAL."

"ગ્લૉસ્ટર, ૧ જાનેવારી ૧૮૮૬.

મારા પ્રિય ઠાકોર સાહેબ,*

. . . ગૌરીશંકરે તથા નાગર બ્રાહ્મણોનું કુલ, કે જેના તેઓ હાલ સર્વથી વૃદ્ધ પ્રતિનિધિ છે, તેણે ભાવનગર રાજ્યનું જે કલ્યાણ કર્યું છે તેનું માપ કરવું કઠિન છે, અને આપને મળેલા માન-માટે આપને મુબારકબાદી આપતાં હું સાથે લાગી તેમને પણ મુબારકબાદી આપું છું.

આપનો બહુ પ્રામાણિક,

ઈ. એચ. પર્સિવલ."

"PORBANDAR, *July* 6*th*, 1886.

MY DEAR MR. VITHALDAS,

. . . Please give my kind regards to Mr. Gowrishankar, and tell him I have been hoping for his promised letter. I should much value his advice, and if his letter is in Gujarati, I shall be quite able to read it.

એફ. એસ. પી. લેલી સાહેબ. †

Yours sincerely,

F. S. P. LELY."

---

*આ કાગળની નકલ મહારાજાશ્રી તખ્તસિંહજીએ આપવાની કૃપા કરવાથી તે અહિં દાખલ કરવામાં આવી છે.

† પોરબંદરના એડ્મિનિસ્ટ્રેટર.

"પોરબંદર, ૬ જુલાઈ ૧૮૮૬.

મારા પ્રિય મિ. વિઠ્ઠલદાસ,*

. . મહેરબાની કરી મારી સ્નેહપૂર્વક આદરની લાગણી મિ. ગૌરીશંકરને જણાવશો, અને કહેશો કે એમણે લખવા કહેલા પત્રની હું રાહ જોઉં છું. એમની સલાહ મને બહુ કીમતી થઈ પડશે, અને એમનો કાગળ ગુજરાતીમાં હશે તો તે હું બરાબર વાંચી શકીશ.

આપનો પ્રામાણિક,

એફ. એસ. પી. લેલી."

"SONGADH, 31*st* *July* 1886.

MY DEAR THAKOR SAHEB,

ડબલ્યુ. બ્રધર ફેરિસ સાહેબ. †

. . . In the retirement of Mr. Gowrishankar the State has lost a firm prop, but he will doubtless continue to advise when necessary.

Your sincere friend,

W. BRO. FERRIS."

"સોનગઢ, ૩૧ જુલાઈ ૧૮૮૬.

મારા પ્રિય ઠાકોર સાહેબ,‡

રાજ્યકાર્યોથી રા. રા. ગૌરીશંકરના ઉપરામ પામવાથી રાજ્યે સુદૃઢ સ્તંભ ખોયો છે, પણ મને ખાતરી છે કે જરૂરી પ્રસંગે એઓ પોતાની સલાહ આપશે. . . .

આપનો પ્રામાણિક મિત્ર,

ડબલ્યુ. બ્રધર ફેરિસ."

---

* રા. રા. સામલદાસના પુત્ર, જેઓ તેમના પછી ભાવનગરના દીવાન થયા. આ પત્રની નકલ તેઓના તરફથી મેળવી અહિં દાખલ કરવામાં આવી છે.

† ગોહિલવાડ પ્રાંતના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ.

‡ આ પત્રની નકલ મહારાજાશ્રી તખ્તસિંહજીએ કૃપા કરી આપવાથી તે અહિં દાખલ કરવામાં આવી છે.

"OBER DOBLING, 18*th* *September* 1886.

MY DEAR MR. VAJESHANKAR,

Many thanks for your kind letter which accompanied the *Bhagavat Gita.* I have been deeply touched by the kindness which your venerable father has shown to me, and by the letter which he has sent me. I shall always highly value the present as well as the letter, because they come from a man whom I have greatly admired and esteemed from the moment that I made his acquaintance. I have never forgotten the great impression which he made on me, when I first visited Bhavnagar in February 1869, nearly 18 years ago.

Yours very sincerely,

G. BÜHLER."

"ઓબર ડોબ્લિંગ (યુરોપ), ૧૮ સપ્ટેંબર ૧૮૮૬.

મારા પ્રિય મિ. વજેશંકર,

भगवद्गीता સાથે આપનો જે પત્ર મને મળ્યો તે માટે હું બહુ આભારી થયો છું. આપના પૂજ્ય પિતાએ મારા પ્રતિ દર્શાવેલી સ્નેહદૃષ્ટિથી તેમ જ એમણે લખાવી મારા ઉપર મોકલેલા પત્રથી મારૂં હૃદય અતિઆર્દ્ર થયું છે. જેમનો પરિચય થતા વારને મારા અંતરમાં અત્યાદર તથા પ્રશંસાની વૃત્તિનો ઉદય થયો હતો એવા પુરુષે મોકલેલી ભેટ તથા પત્ર હું નિરંતર કીમતી ગણીશ. ૧૮૬૯ ના ફેબ્રુઆરી માસમાં, એટલે ૧૮ વર્ષ પૂર્વે, મેં જ્યારે ભાવનગરની પ્રથમ મુલાકાત લીધી ત્યારે એમણે મારા ઉપર જે પ્રબલ અસર કરી છે તેનું મને કદિ વિસ્મરણ થયું નથી.

આપનો બહુ પ્રામાણિક,

જી. બ્યૂલર."

"MAHABLESHWAR, 31*st* *December* 1886.

MY DEAR SIR,

. . . I read sometime ago Mr. Mansukhram's account of Gokalji Zala, and was particularly interested in what he says about the support which the doctrines of the Vedanta afforded to those two Karbharees in the midst of their anxieties.

Yours very truly,

JOHN JARDINE."

"મહાબલેશ્વર, ૩૧ ડીસેંબર ૧૮૮૬.

મારા પ્રિય સાહેબ (રા. વજેશંકર),

. . . રા. મનસુખરામે લખેલો સુજ્ઞ ગોકુલજી ઝાલાનો વૃત્તાન્ત મેં થોડા વખત ઉપર વાંચ્યો, અને એ બે વિચક્ષણ કારભારીઓના (રા. ગૌરીશંકર તથા રા. ગોકુલજીના) અંતઃકરણને તેમની ચિન્તાના પ્રસંગોમાં વેદાન્તસિદ્ધાન્તે આપેલા અવલંબનવિષે એઓ જે લખે છે તેમાં મને વિશેષ કરીને રસ પડ્યો હતો.

આપનો બહુ સત્ય,

જોન જાર્ડિન."

"1*st* *January* 1887.

MY DEAR MR. VAJESHANKAR,

સી. કેરોલ સાહેબ. *

I hope God will be pleased to spare your venerable father for many years to come amongst his happy family of grand and great-grand children, and to his many friends, amongst whom it gives me the greatest pleasure to consider myself numbered.

Yours very sincerely,

C. CARROLL."

---

* ભાવનગર–ગોંડલ રેલ્વેના સુપરિન્ટેન્ડન્ટ.

"તા. ૧ લી જાનેવારી ૧૮૮૭.

મારા પ્રિય મિ. વજેશંકર,

મને આશા છે કે ઈશ્વર આપના પૂજ્ય પિતાને, પૌત્રો તથા પ્રપૌત્રોના સુખી કુટુંબમધ્યે, તથા જેમાં મારો સમાવેશ થવાના વિચારથી મને અત્યંત હર્ષ થાય છે એવા તેમના બહોળા મિત્રમંડલમધ્યે, દીર્ઘાયુષ્ અર્પણ કરશે.

આપનો બહુ પ્રામાણિક

સી. કેરોલ."

"BOMBAY, *March 4th*, 1887.

MY DEAR MR. VAJESHANKAR,

ડબલ્યુ. વર્ડ્ઝ-વર્થ સાહેબ *

I am very sensible of the kindness which prompted you to congratulate me on my nomination to a Companionship of the Order of the Indian Empire, and I beg to thank you for it most sincerely. Please also express to your venerable father, for whose character I cherish the highest esteem, my respectful thanks for the sympathetic message which I value very highly.

Most sincerely yours,

W. WORDSWORTH."

"મુંબઈ, ૪ માર્ચ ૧૮૮૭.

મારા પ્રિય મિ. વજેશંકર,

"સી. આઈ. ઈ." નો ખિતાબ મને મળ્યાબાબત આપે કૃપા કરી મને મુબારકબાદી આપી તેથી મને બહુ આભારની

---

* પ્રસિદ્ધ વિદ્વાન, અને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજના પ્રિન્સિપલ.

લાગણી થઈ છે, અને તે બદલ આપનો હું ખરા અંતઃકરણથી ઉપકાર માનું છું. આપના પૂજ્ય પિતાના ચરિતને હું પરમ પ્રશંસાપાત્ર ગણું છું, અને આપના તરફથી આવેલા બહુ કીમતી અને સમભાવભરિત સંદેશામાટે મારી વિનયસહિત ઉપકારની લાગણી એમને જણાવશો.

આપનો અત્યંત પ્રામાણિક,

ડબલ્યુ. વર્ડ્ઝવર્થ."

"BHAVNAGAR, 14*th April* 1888.

MY DEAR SIR,

I have been astonished to find him (your father) at his great age so clear and vigorous in his mind, and his memory so fresh. . . .

જોન ફ્લેમિંગ સાહેબ.*

Yours very truly,

JOHN FLEMING."

"ભાવનગર, ૧૪ એપ્રિલ ૧૮૮૮.

મારા પ્રિય સાહેબ (રા. વજેશંકર),

આટલી વૃદ્ધાવસ્થામાં આપના પિતાની બુદ્ધિ આવી સ્વચ્છ અને પ્રબલ, અને તેમની સ્મરણશક્તિ આવી તાજી જોઇને હું આશ્ચર્ય પામ્યો છું. . . .

આપનો બહુ સત્ય,

જોન ફ્લેમિંગ."

---

* વિલાયતવાળી "જોન ફ્લેમિંગ એન્ડ કંપની" એ નામની મુંબઈની પેઢીના મુખ્ય ભાગીદાર.

"PALANPUR. 30*th July* 1888.

MY DEAR VAJESHANKAR,

I beg you will kindly convey my best compliments to your worthy father, and tell him I am always glad to hear of his welfare and that of his family, which I consider to be the foremost family in Kathiawar in all good works and loyalty to the British Government.

પી. લીજ્યટ સાહેબ. *

Yours sincerely,

P. LEGEYT."

"પાલનપુર, ૩૦ જુલાઇ ૧૮૮૮.

મારા પ્રિય વજેશંકર,

વિનંતિ કે મારી ઘણી સલામ આપ આપના ગુણભાજન પિતાને નિવેદન કરશો, અને કહેશો કે એમના, તથા એમનું કુટુંબ જેને હું સર્વ સારાં કામોમાં અને બ્રિટિશ રાજ્યપ્રતિ વફાદારીમાં આખા કાઠિયાવાડ પ્રાંતમાં અગ્રેસર માનું છું તેના, શુભ સમાચાર જાણવાથી મને હમેશાં ખુશી થાય છે.

આપનો પ્રામાણિક,

પી. લીજ્યટ."

---

* પાલણપુર સંસ્થાનના પોલિટિકલ સુપરિન્ટેન્ડન્ટ.

પ્રકરણ ૧૩.

સ્વામીશ્રી સચ્ચિદાનન્દસરસ્વતી.

ઉપોદ્ઘાત—રા. રા. ગૌરીશંકરની ધર્મનિષ્ઠા, અને વેદાન્તાસ્થા—"સ્વરૂપાનુસન્ધાન"—તેઉપર અભિપ્રાયો:—દિ. બા. મણિભાઈ જશભાઈ—શ્રીયુત મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી—શાસ્ત્રી કરૂણાશંકર ઇંદ્રજી—"આર્યધર્મપ્રકાશ"—રા. રા. નવલરામ લક્ષ્મીરામ—"ગુજરાતશાલાપત્ર"—શાસ્ત્રી ગોવર્ધન ધનશ્યામ પંચનદી—જે. બી. પીલ સાહેબ—જે. એમ. હન્ટર સાહેબ—પ્રોફેસર મેક્સ મ્યૂલર—વેદશાલાસ્થાપન—સંન્યાસગ્રહણનિશ્ચય—મહારાજાશ્રી તખ્તસિંહજીપ્રતિ અંતિમ પત્ર—સંન્યાસવિધિ- સંન્યાસસંબંધી પત્રાદિ:—દરબારી જાહેરનામું—મહારાજાશ્રી વિભાજી—મહારાજાશ્રી યશવંતસિંહજી—એચ. બર્ડવુડ સાહેબ—જી. બ્યૂલર સાહેબ—ડબલ્યુ. બ્રધર ફેરિસ સાહેબ—ટી. આર. ફરનાન્ડીઝ સાહેબ—જી. આર. ગુડફેલો સાહેબ—જી. ઈ. હેન્કોક સાહેબ—જે. એમ. હન્ટર સાહેબ—આર. એચ. કીટિંજ સાહેબ—ચેસ્ટર મેક્નાફ્ટન સાહેબ—સર ટી. માધવરાવ—જે. બી. પીલ સાહેબ—ઈ. એચ. પર્સિવલ સાહેબ—જોન ડબલ્યુ. વેટસન સાહેબ—ડબલ્યુ. વેડર્બર્ન સાહેબ—પ્રોફેસર મોનિયર વિલિયમ્સ.

ઉપોદ્ઘાત.

ચૈતન્યની ઉદ્ભૂત કલાને પ્રાપ્ત પ્રાણિમાત્રના પ્રાપ્તવ્યરૂપ સુખને શોધી તેના ઉપભોગને માટે મનુષ્ય વિવિધ પ્રયત્નો આરંભી પોતાના આયુષ્યને વ્યતીત કરે છે. સ્વભાવથી પરાઙ્મુખ સૃજાયલો માનવેંદ્રિયગ્રામ શબ્દસ્પર્શાદિ વિષયનિકરથી અભીપ્સિત આનંદની ઉપલબ્ધિમાટે પ્રવર્તે છે, અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ આંતર કરણોને પ્રાપંચિક સુખવાસનાના ઉપરાગવાળાં કરે છે. વિષયો જાતે દેશ, કાલ અને વસ્તુરૂપ પરિચ્છેદત્રયથી વ્યાપ્ત હોવાને લીધે વૈષયિક સુખ અખંડ, અનામય અને નિર્વિકાર હોવું ઘટતું નથી. વળી વિષયની સંખ્યા પણ વ્યાવહારિક દૃષ્ટિએ ગણનાતીત હોવાથી કોઇ

પણ અલ્પશક્તિસમેત પુરુષ સર્વ વિષયનો યુગપત્ ભોગ કરવા સમર્થ નથી.

વિષયભોગજન્ય અતૃપ્તિ સર્વ જીવોને એ પ્રમાણે ન્યૂનાધિક પ્રમાણમાં અવશ્ય થાય છે, પરંતુ તે અતૃપ્તિ નિવારી નિત્યતૃપ્ત થવાનો માર્ગ સર્વને બુદ્ધિગોચર થતો જણાતો નથી. વિષયવાસનાના પ્રાબલ્યવાળા બહુસંખ્ય જીવો તો, વિષયજન્ય અતૃપ્તિનો નિરાસ અન્ય વિષયના ઉપભોગથી કરવાની આશા રાખી, તેવી પ્રવૃત્તિ કરે છે, પણ તેમના સંબંધમાં શ્રીમનુભગવાન્ કહે છે કે—

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

"વિષયોના ઉપભોગથી કામ કદાપિ શાંત થતો નથી, પરંતુ જેમ બલિદાનથી અગ્નિ પ્રદીપ્ત થાય છે તેમ ઉલટો વધે છે." એકે કાલે સર્વ વિષયોનો ભોગ કરવા અલ્પજ્ઞ જીવ શક્તિમાન્ નથી, પણ કદાપિ થાય તો તત્સંબંધે તે જ મહાત્મા વદે છે કે—

यश्चैतान्प्राप्नुयात्सर्वान् यश्चैतान्केवलांस्त्यजेत् ।
प्रापणात्सर्वकामानां परित्यागो विशिष्यते ॥

"જે પુરુષ સર્વ વિષયોને પ્રાપ્ત કરે, અને જે પુરુષ સર્વ વિષયોનો ત્યાગ કરે એ ઉભયમાં ત્યાગ કરનાર પુરુષ શ્રેષ્ઠ છે."

એક વિષયથી અન્ય વિષય ઉપર વૃત્તિની સંક્રાન્તિ કરવાનો જીવનો સિદ્ધ સ્વભાવ પણ ન્યૂન ક્લેશનો ઉત્પાદક નથી. श्रीयोगवासिष्ठ માં કહ્યું છે તે પ્રમાણે—

घटात्पटमुपायाति पटाच्छकटमुत्कटम् ।
चित्तमर्थेषु चरति पादेपष्विव मर्कटः ॥

"જેમ વાંદરો વૃક્ષો ઉપર કૂદકા મારે છે તેમ મનુષ્યચિત્ત ઘટથી પટ ઉપર, અને પટથી શકટ ઉપર એમ વિષયોમાં વેગથી કૂદકા મારે છે."

ચિત્તના આવા વિપરીત અને ક્લેશપ્રદ સ્વભાવનો ધ્વંસ કરવાની ઇચ્છાવાળા વિરલ મહાભાગ શ્રેયઃસાધકો વિચારે છે કે "સ્ત્રી, પુત્ર, ધનાદિ વિષયોથી અબાધ્ય સુખ મળવાની આશા નથી; અબાધ્ય, અને અવિક્રિય સુખ તો માત્ર તે જ વસ્તુથી મળી શકે કે જે જાતે દેશ, કાલ અને વસ્તુથી અપરિચ્છિન્ન હોઇ સુખસ્વરૂપ હોય; આ વસ્તુ તો સમગ્ર દૃશ્યપ્રપંચના અભિન્નનિમિત્તોપાદાનકારણરૂપ, એક, અદ્વિતીય, સત્તાસ્વરૂપ, ચિન્માત્ર, આનંદઘન બ્રહ્મતત્ત્વ જ છે, જે સર્વ પ્રાણિપદાર્થોના આત્મરૂપ છે, નિઃશેષ વિશ્વના અંતર્, મધ્યે તથા બહિર્ વ્યાપક હોઇ અસંગ અને નિરુપાધિક સ્થિત છે; જે પરમાત્મતત્ત્વના આધારવડે જ સૂર્ય, ચંદ્ર, વિદ્યુદગ્નિઆદિનો પ્રકાશ છે, દ્યાવા-પૃથિવીનું અવસ્થાન છે, આકાશાદિ મહાભૂતો શબ્દાદિ પોતપોતાના ધર્મોથી સમેત છે, અર્થાત્ જગન્માત્રની પ્રતીતિ છે."

"न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवति" (बृहदारण्यकोपनिषद्).

નામ અને રૂપ એ ઉભયથી જગત્ ગ્રથિત છે, અને એ ઉભય જ જગત્નો સ્વભાવ છે. સત્, ચિત્, અને આનંદ એ ત્રણ આત્માનાં લક્ષણ છે. તેથી જે કોઇ વિશ્વગત પદાર્થ જીવની વૃત્તિને પ્રિય લાગે છે તે, તે વિષયના આનંદજનકતારૂપ સ્વભાવને લીધે નથી, પણ ભોક્તૃભાવને પામેલા જીવાત્માના પારમાર્થિક સ્વરૂપના સ્ફુરણને લીધે છે.

પરમાત્મા સર્વ પ્રદેશમાં હોવાથી સર્વ પ્રાણીઓને પ્રાપ્ત છે, પરંતુ કંઠાભરણન્યાયે, અથવા તો पंचदशी માં श्रीविद्यारण्य-મુનિ કહે છે તેમ

अध्येतृवर्गमध्यस्थपुत्राध्ययनशब्दवत् ।
भानेऽप्यभानं भानस्य प्रतिबन्धेन युज्यते ॥

અધ્યેતૃવર્ગમધ્યસ્થ પુત્રના અધ્યયનશબ્દવત્, અવિદ્યારૂપ પ્રતિબંધને લીધે તેની પ્રતીતિ થતી નથી. એ અવિદ્યા અથવા માયા પરબ્રહ્મથી કોઈ સ્વતંત્ર પદાર્થ નથી, પરંતુ તેની સદસદ્વિલક્ષણ, અનિર્વચનીય અને અઘટિતઘટનાપટીયસી શક્તિરૂપ છે. જેમ "મેઘથી આવૃત થયલો સૂર્ય" એવો લૌકિક શબ્દવ્યવહાર થાય છે, પરંતુ પ્રત્યેક બાહ્ય પદાર્થ જોવામાં નેત્રને સૂર્યપ્રકાશના સાહાય્યની આવશ્યકતા હોવાથી સૂર્યના તેજના અભાવે મેઘની પ્રતીતિ થવાનો જ સંભવ નથી, તે પ્રમાણે "માયાથી આવૃત બ્રહ્મ" એ શબ્દો જ બ્રહ્મનું સ્વયંપ્રકાશત્વ અને માયાનું બ્રહ્મપ્રકાશ્યત્વ સિદ્ધ કરી આપે છે.*

અતત્માં તદ્બુદ્ધિરૂપ અધ્યાસ કરાવનાર આ અવિદ્યાશક્તિનો સદ્ભાવ અધિકારીમાં સ્વીકારીને સત્શાસ્ત્રોની પ્રવૃત્તિ છે, અને વિદ્યાશક્તિરૂપ કુઠારથી તે અવિદ્યાવૃક્ષના આત્યંતિક ઉન્મૂલનપૂર્વક અદ્વૈતબ્રહ્મનો અબાધિત સાક્ષાત્કાર કરવાઅર્થે તેનો ઉપદેશ છે. પરબ્રહ્મને જીવના પરમ જ્ઞાતવ્યરૂપે, તથા સર્વ ક્લેશોની ક્ષતિ અને પરમાનંદની પ્રાપ્તિને જીવના પરમ પ્રાપ્તવ્યરૂપે સ્થાપી વેદાન્તયોગાદિ શાસ્ત્રો સ્વસિદ્ધાન્તાનુસાર જીવોએ કર્તવ્ય વિવિધ સાધનોનું પ્રતિપાદન કરે છે.

વ્યવહારદૃષ્ટિથી અભ્યુદયરૂપ પ્રેય અને પરમાર્થદૃષ્ટિથી તત્ત્વસાક્ષાત્કારરૂપ શ્રેય એવા પુરુષાર્થના બે વિભાગ મૂલથી પ્રાચીન

---

* જુઓ શ્રીશંકરવિરચિત शतश्लोकीઅંતર્ગત નીચેનો શ્લોકઃ—

नासीत्पूर्वं न पश्चादतनुदिनकराच्छादको वारिवाहो
दृश्यः किन्त्वन्तराऽसौ स्थगयति स दृशं पश्यतो नार्कबिम्बम् ।
नो चेदेवं विनार्कं जलधरपटलं भासते तर्हि कस्मात्
तद्वद्विश्वं पिधत्ते दृशमथ न परं भासकं चालकं स्वम् ॥

પ્રાજ્ઞ પુરુષોએ પાડ્યા છે. અતિતમસ્‌થી વ્યાપ્ત કાષ્ઠપાષાણાદિ સૃષ્ટિગત પદાર્થો પોતાના કર્તવ્યના ભાનરહિત જોવામાં આવે છે, અને ઉદ્દેશવિના પ્રવૃત્તિનો બહુધા અસંભવ હોવાથી એવા પદાર્થો ગાઢ—ઘન સુષુપ્તિમાં લીન, અર્થાત્ ચિત્‌ચેષ્ટારહિત, પ્રતીત થાય છે. સત્ત્વગુણની પ્રધાનતાવાળો જીવસંજ્ઞક અભિમાની સ્વકર્માનુસાર પોતાનાં જ્ઞાતવ્ય, પ્રાપ્તવ્ય તથા કર્તવ્યની પ્રતીતિવાળો હોવાથી તદર્થ પ્રવૃત્તિ કરતો દૃષ્ટિગોચર થાય છે.

જ્યાંસુધી પ્રબલ તમોગુણરૂપ મેઘ સત્ત્વપ્રકાશનું આવરણ કરે છે, ત્યાંપર્યન્ત

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥

એ ગીતાવાક્યપ્રમાણે દેહી પ્રમાદ, આલસ્ય, જાડ્ય, નિદ્રા, સંમોહાદિ અનેક અનિષ્ટ ગુણોના બંધનને વશ રહે છે. કર્મસત્તાવશાત્ જો તમોગુણ ગૌણપણાને પામે છે, અને રજોગુણ સત્ત્વ તથા તમસ્ ઉભયનો અભિભવ કરનાર થાય છે તો અભિમાની પ્રવૃત્તિપ્રવાહમાં પડી કામ, ક્રોધ, લોભ, આશા, તૃષ્ણા, રાગ, દ્વેષાદિજન્ય દુઃખપરંપરાને ભોગવે છે.

દુઃખ પણ રાજસ પ્રવૃત્તિનું સ્વભાવથી અનુષંગિ છે. નિર્વિકાર નિત્ય સુખની જીવોને આશા હોય છે, પરંતુ સ્ત્રી, પુત્ર, ગૃહ, ક્ષેત્ર, યશ, અધિકાર, યૌવન, સત્તાદિ પદાર્થો, જે ઉપર કહ્યા પ્રમાણે સર્વનિસર્ગનિયામક કાલસત્તાના પ્રભાવે ષડ્‌વિકારને અધીન રહે છે, તેનાથી અક્ષય આનંદની ઉપલબ્ધિની આકાંક્ષા અવસાને નિષ્ફલ અનુભવાય છે. રાજર્ષિ ભર્તૃહરિ કહે છે તેમ માનભંગ થવાના, દ્રવ્યક્ષય થયે યાચક નિરાશ જવાના, સંબંધિવર્ગ મરણાધીન થવાના, પરિજન અપાસ્ત થવાના, અને યુવાવસ્થાનો શનૈઃ શનૈઃ હ્રાસ થવાના પ્રસંગો સાંસારિક દશા ભોગવનાર પ્રત્યેક જીવને ન્યૂનાધિક પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે

સ્વતઃ દુઃખાનુભવ, અથવા પરદુઃખદર્શન અંતઃકરણમાં નિત્યાનિત્યવસ્તુવિવેકનો ઉદય કરે છે. શ્રીકઠશ્રુતિ કહે છે કે

श्रेयश्च प्रेयश्च मनुष्यमेत-
स्तौ सपरीत्य विविनक्ति धीरः ।
श्रेयोऽहि धीरोऽभि प्रेयसो वृणीते
प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ॥
पराचः कामाननुयन्ति बाला-
स्ते मृत्योर्यन्ति विततस्य पाशम् ।
अथ धीरा अमृतत्वं विदित्वा
ध्रुवमध्रुवेष्विह न प्रार्थयन्ते ॥

"વ્યાવહારિક અભ્યુદય અને નિઃશ્રેયસ એ બે જીવનાં કર્તવ્યરૂપે તેની પાસે આવે છે; પ્રાજ્ઞ પુરુષ તેમાંથી નિઃશ્રેયસઉપર રુચિ કરે છે, અને મન્દ જીવ પ્રાપ્તિ અને રક્ષણપરત્વે વ્યાવહારિક અભ્યુદયની સ્પૃહા રાખે છે. અનાત્મ પદાર્થવિષે આસક્ત અજ્ઞ જીવો પુનઃ પુનઃ જન્મમરણરૂપ સંસૃતિને અનુભવે છે; પરંતુ પ્રાજ્ઞ પુરુષો અનિત્ય પદાર્થોમધ્યે નિત્ય પદાર્થ મેળવવાની ઈચ્છા રાખતા નથી."

નિત્યાનિત્યત્વ, સારાસારત્વ તથા આત્માનાત્મત્વનું ભાન કરાવનાર વિવેકવૃત્તિના પ્રાદુર્ભાવરૂપ અરુણોદય થયા પછી વિષયમાત્રઉપર તીવ્ર અસ્પૃહા અર્થાત્ વિરક્તિરૂપ સૂર્યપ્રભાનો ઉજ્જ્વલ પ્રકાશ હૃદયાકાશને દીપ્તિમાન્ કરે છે. દુઃખાનુભવ અને પરદુઃખદર્શન એ હેતુદ્વયપ્રમાણે એ વિરાગ જ્ઞાનગર્ભ અને નિર્વેદજન્ય એ બે ભેદવાળો છે.

વિરાગોત્તર, મનોનિગ્રહરૂપ શમ, બાહ્યેન્દ્રિયનિગ્રહરૂપ દમ, ગુરુવેદાન્તવાક્યઉપર વિશ્વાસરૂપ શ્રદ્ધા, નિગૃહીત મનના શ્રવણાદિ સદ્વ્યાપારમાં સ્થાપનરૂપ સમાધાન, આંતર બાહ્ય કરણોના તત્ત્વજ્ઞાનસાધનાતિરિક્ત વિષયવિષે વ્યાપારનિરોધરૂપ

ઉપરતિ, તથા શીતોષ્ણાદિદ્વંદ્વસહિષ્ણુતારૂપ તિતિક્ષા—એ ષટ્સંપત્તિસમેત થયલો અભિમાની વિધૂતકલ્મષ અને વિશુદ્ધહૃદય બની સંસારશૃંખલાના ત્યાગની પારમાર્થિક ઇચ્છાવાળો, અર્થાત્ મુમુક્ષુ થાય છે. એવા અંતર્નિષ્ઠ મુમુક્ષુની સ્થિતિ વર્ણતાં શ્રીશંકર ભગવાન્ વદે છે કે—

> आत्माम्भोधेस्तरंगोऽस्म्यहमिति गमने भावयन्नासनस्थ:
> संवित्सूत्रानुविद्धो मणिरहमिति वा चेन्द्रियार्थप्रतीतौ ।
> हृष्टोऽस्म्यात्मावलोकादिति शयनविधौ मग्न आनंदसिन्धा-
> वन्तर्निष्ठो मुमुक्षुः स खलु तनुभृतां यो नयत्येवमायुः ॥ शतश्लोकी ॥

"તેને જ અન્તર્નિષ્ઠ મુમુક્ષુ કહી શકાય કે જે ગમનકાલે એવી ભાવના કરે છે કે 'બ્રહ્મસાગરમાં હું એક તરંગરૂપ છું,' આસનસ્થિતિસમયે એવી ભાવના કરે છે કે 'ચૈતન્યરૂપ સૂત્રથી અનુવિદ્ધ હું એક મણિરૂપ છું,' ઇન્દ્રિયનો વિષયસાથે સંનિકર્ષ થવાના સમયે એવી ભાવના કરે છે કે 'વિષયમાં મારા સ્વરૂપના દર્શનથી હું હર્ષ પામું છું,' અને શયનસમયે એવી ભાવના કરે છે કે 'હું આનન્દસિન્ધુમાં મગ્ન છું'—આ પ્રમાણે જે પોતાના આયુષ્‌ને વ્યતીત કરે છે." આવી તીવ્ર મોક્ષેચ્છાથી પ્રેરાયલો શરીરી અધિકારી ગુરુશાસ્ત્રનો ઉપદેશ શ્રવણ કરી, તેનું મનન કરી, વિજાતીય વૃત્તિના પ્રવાહને સમૂલ નિરોધી પરિણામે જ્ઞેયસ્વરૂપ આત્મામાં પોતાનું જ્ઞાતૃત્વ વિલીન કરે છે, અર્થાત્, અનિત્યમાં નિત્ય, આદિ ચિત્‌શક્તિરૂપ, અસંખ્યાત સૃષ્ટ પદાર્થોના અદ્વૈત કારણરૂપ, મન અને વાણીથી અગોચર, આનંદસ્વરૂપ, વિશ્વના ઉત્પત્તિસ્થિતિલયના હેતુભૂત, જ્ઞાતવ્યના પરાવધિરૂપ, અને ત્રિકાલાબાધ્ય પરમાત્મતત્ત્વથી અભિન્ન થઈ રહે છે. આવા સિદ્ધ પુરુષોની સ્થિતિને ઉદ્દેશીને શાસ્ત્રો કહે છે કે 'तेषां शान्तिः शाश्वती नेतरेषाम्' તેઓની શાંતિ નિત્ય હોય છે, બીજાની નહિ; 'भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे' એવા પુરુષની હૃદયગ્રન્થિ

ભેદાય છે, સર્વ સંશયો ઉચ્છેદ પામે છે, અને કર્મો ક્ષીણ થાય છે; 'तरति शोकमात्मवित्' આત્માને જાણનાર શોકાતીત થાય છે; ઇત્યાદિ.

મુક્તિમંદિરપ્રતિ પ્રયાણના આ અતિવિષમ માર્ગને સરલ કરવા અર્થે શ્રીમનુયાજ્ઞવલ્ક્યાદિ સમર્થ સ્મૃતિકારોએ દ્વિજવર્ગને માટે વિવિધ આશ્રમો સ્થાપી તે પ્રત્યેકનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે, તથા તે પ્રત્યેકમધ્યે ભિન્ન ભિન્ન કર્તવ્યનું સવિસ્તર નિરૂપણ કર્યું છે. એ વર્ણન વાંચનાર બુદ્ધિશાલી પુરુષને લાગ્યા વિના રહે એમ નથી કે જે સમયે પવિત્ર આર્યભૂમિમાં વર્ણાશ્રમવ્યવસ્થા સાંગોપાંગ પ્રવર્તતી હશે તે સમયે આ દેશની શારીર, માનસ, નૈતિક, આર્થિક અને ધાર્મિક ઉન્નતિ કેવી પ્રૌઢ હશે, તથા આધુનિક આર્યપ્રજામાં અસંદિગ્ધપણે પ્રતીત થતાં અનેક વિનિપાતચિહ્નો, ચતુર્વર્ણના ચતુઃસહસ્ર કરતાં અધિક વર્ણો થવાને લીધે તેમ જ પ્રધાનપણે વિષયભોગસાથે સંબંધ ધરાવનાર ગૃહસ્થાશ્રમવિનાના સર્વ આશ્રમોનો લોપ થવાને લીધે, કેટલે અંશે નહિ હોય.

પ્રાચીન કાલમાં ઉપનયનસંસ્કારને પામેલો દ્વિજ બ્રહ્મચારી ગુરુકુલમાં નિવાસ કરી ગુરુગત વિદ્યાબલ તથા અધ્યાત્મબલ પામતો. નિત્ય સ્નાનાદિ શારીર શૌચ, ઇન્દ્રિયસમુદાયના નિયમનરૂપ માનસ તપ, દેવાર્ચન, સ્વાદુ ભોજનનો, સંગીતાદિ વિલાસોનો, તથા દ્યૂતાદિ નિન્દ્ય પ્રવૃત્તિનો ત્યાગ, ઇત્યાદિ કઠિન નિયમોના પાલનપુરઃસર વેદાધ્યયન તથા ગુરુશુશ્રૂષાના મહિમાના અનુભવવાળો બ્રહ્મચારી નશ્વર વિષયસુખમાં લુબ્ધ થતો નહિ. બ્રહ્મચર્યદશાનો અનુમાનજનિત વિરાગ ગૃહસ્થાશ્રમના સેવનથી અનુભવસિદ્ધ થતો, અને તે દશામાં સંચયને પામેલો પુણ્યરાશિ ગૃહસ્થાશ્રમમાં વેદાધ્યયનરૂપ બ્રહ્મયજ્ઞથી, તર્પણરૂપ પિતૃયજ્ઞથી, અગ્નિહોત્રરૂપ દેવયજ્ઞથી, બલિરૂપ ભૂતયજ્ઞથી, અને અતિથિપૂજનરૂપ તથા ઉપકારશ્રેણિરૂપ મનુષ્યયજ્ઞથી વૃદ્ધિને પામતો.

ગૃહસ્થાશ્રમનું અમર્યાદ સેવન ઉપહાસપાત્ર ન થાય તે અર્થે દીર્ઘદર્શી શ્રીમનુ ભગવાન્ ઉપદેશ કરે છે કે—

गृहस्थश्च यदा पश्येद्वलीपलितमात्मनः ।
अपत्यस्यैव चापत्यं तदारण्यं समाश्रयेत् ॥

"પોતાના શરીરઉપર કરચલી તથા પળિયાંનો આવિર્ભાવ થતાં, અને પુત્રને ઘેર પુત્રની પ્રાપ્તિ થતાં ગૃહસ્થે અરણ્યવાસ સ્વીકારવો." આ અત્યંત હિતકર નિયમ સ્થાપી શાસ્ત્ર ગૃહસ્થને બ્રહ્મચર્યાશ્રમમાં અધીત સંસારના મિથ્યાત્વનું સ્મરણ આપે છે, અને આઘોષ કરે છે કે હવે પ્રવૃત્તિપ્રદેશનો અંત તથા નિવૃત્તિપ્રદેશનો આરંભ સમુપાગત થયો છે. એકાન્તનિવાસ અને તત્ત્વવિચાર એ સાધનોના મહાપ્રભાવથી સર્વ સાંસારિક બંધોના ત્યાગની તીવ્ર ઇચ્છાવાળા થયલા વાનપ્રસ્થને માટે સ્મૃતિકારો અંતિમ સંન્યાસાશ્રમનું વિધાન કરે છે, જે આશ્રમના નિયમોના યથાર્થ પાલનથી કર્મના મૂલભૂત સંકલ્પનો નાશ થયે સાભિમાન પ્રવૃત્તિમાત્ર શમે છે, અને જીવન્મુક્તિના અકથનીય આનંદનો અનુભવ થાય છે. ચતુર્થાશ્રમીઓનું કર્તવ્ય પ્રતિપાદન કરતાં મહર્ષિ શ્રીમનુ વદે છે કે—

नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम् ।
कालमेव प्रतीक्षेत निर्देशं भृतको यथा ॥
दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत् ।
सत्यपूतां वदेद्वाचं मनःपूतं समाचरेत् ॥
अतिवादांस्तितिक्षेत नावमन्येत कंचन ।
न चेमं देहमाश्रित्य वैरं कुर्वीत केनचित् ॥
क्रुध्यन्तं न प्रतिक्रुध्येदाक्रुष्टः कुशलं वदेत् ॥

"સંન્યાસીએ મરણની તેમ જ જીવવાની ઇચ્છા રાખવી નહિ, પરંતુ જેમ સેવક સ્વામીની આજ્ઞાની રાહ જુએ છે તેમ માત્ર કાલની પ્રતીક્ષા કરવી; પ્રાણિહિંસા ન થાય તે અર્થે

બરાબર જોઇને પગ મૂકવો, ગાળેલું પાણી પિવું, સત્ય ભાષણ કરવું, શુદ્ધ આચરણ રાખવું, કઠોર વાક્ય સહન કરવાં, કોઇનું અપમાન કરવું નહિ, કોઇ સાથે વૈર બાંધવું નહિ, ક્રોધ કરનાર પ્રતિ ક્રોધ કરવો નહિ, અને નિન્દા કરનાર પ્રતિ કુશલવાક્યોનું ઉચ્ચારણ કરવું," ઇત્યાદિ.

ઉપર વર્ણેલી આશ્રમવ્યવસ્થા કાલ્પનિક નહિ, પરંતુ પ્રયોગસિદ્ધ હતી તેના અનેક ઐતિહાસિક પુરાવાઓ આર્યાવર્ત્તના અનુભવવાળા ચક્રવર્તી એલેક્ઝાન્ડર ધિ ગ્રેટના અનુયાયીઆદિના લેખોથી મળી આવે છે, અને તેનું રહસ્ય સમજાવતાં પ્રસિદ્ધ ભટ્ટ મેક્સ મ્યૂલર પોતાના "What to do with our Old People" (આપણા વૃદ્ધ પુરુષોનું શું કરવું?) એ નામના નિબંધમાં લખે છે કે —

"To all who have ears to hear, that voice (the voice of nature) declares in unmistakable tones that there is a time for everything. There is a time to be young, and there is a time to be old."

"જેમને સાંભળવાને કાન છે તે સર્વને નિસર્ગધ્વનિ અસંદિગ્ધ સ્વરોથી આઘોષ કરે છે કે પ્રત્યેક વસ્તુને માટે યોગ્ય સમય હોય છે. યુવાવસ્થાનો જેમ યોગ્ય સમય હોય છે તેમ વૃદ્ધાવસ્થાનો પણ હોય છે."

આશ્રમવ્યવસ્થાના સારભૂત આ નિયમના અપાલનથી, શ્રીશંકરભગવાનની ઉક્તિઅનુસારે કહીએ તો

"बालस्तावत्क्रीडासक्तस्तरुणस्तावत्तरुणीरक्तः ।
वृद्धस्तावच्चिन्तामग्नः परे ब्रह्मणि कोऽपि न लग्नः ॥"

એ દશા પ્રાપ્ત થવાથી, અર્થાત્ બાલ્યાવસ્થા ક્રીડામાં, યુવાવસ્થા દૈવીસંપત્તિના આવિર્ભાવને પ્રતિકૂલ તથા આસુરીસંપત્તિના વર્ધનને અનુકૂલ વર્તનમાં, અપરા વિદ્યાની પ્રાપ્તિમાં

તથા વિષયસુખોના ઉપભોગમાં, અને વૃદ્ધાવસ્થા ચિન્તાપરંપરામાં વ્યતીત થવાથી આધુનિક જનસમાજસ્થિતિ લુપ્તધર્મબલ અનુભવાય છે, અથવા તો પૂર્વોક્ત પાશ્ચાત્ય પંડિતવર પોતાના એ જ લેખમાં કહે છે તે પ્રમાણે

"Our modern society is out of gear, because that lesson of Nature is not obeyed. . . . What might be the real ideal for a cab-horse is not necessarily the right ideal for a human being."

"આધુનિક જનસમાજની અવ્યવસ્થાનું કારણ એ છે કે આ સૃષ્ટિબોધ પાલવામાં આવતો નથી. જેમ ભાડુતી ગાડીનો ઘોડો મરણપર્યન્ત ગાડીએ જોડાયાં કરે છે તેમ મરણપર્યન્ત પ્રવૃત્તિ કર્યા કરવી એ મનુષ્યપ્રાણીનું લક્ષ્ય હોવું જોઇએ એવો નિયમ નથી."

રા. રા. ગૌરીશંકરની ધર્મનિષ્ઠા, અને વેદાન્તાસ્થાની બીજાવસ્થા.

રા. રા. ગૌરીશંકરનું અંતઃકરણ નાની વયથી ધર્મસંસ્કારવાળું હતું, તેથી આસ્તિક શાસ્ત્રોના વિચારોનું બીજ તેમનામાં મૂલથી હતું. તેઓએ ૨૦ વર્ષની સુકુમાર વયે રા. સેવકરામ રાજારામ દેશાઇસાથે અનેક પૌરાણિકોનાં મુખથી શિવપુરાણ, विष्णुभागवत, देवीभागवत, भारतसार ઇત્યાદિ ધર્મવિષયક ગ્રન્થોનું શ્રવણ કર્યું હતું; વળી मंत्रमहोदधि, शारदातिलक આદિ મન્ત્રશાસ્ત્રના ગ્રંથો પણ તેમની જાણબહાર ન હતા. એ ગ્રન્થોમાંથી ગાયત્રીમન્ત્ર, શિવપંચાક્ષરમન્ત્ર, અને મૃત્યુંજયમહામન્ત્રના વિષયો તેઓએ સારી રીતે જાણી લીધા હતા, અને ગોઘામાં એકાન્ત સ્થલે શિવાલયમાં ગાયત્રીની ઉપાસના પણ કરી હતી. मिताक्षरा, द्वादशमयूख આદિ ધર્મશાસ્ત્રના ગ્રન્થો પણ તેમને અપરિચિત ન હતા. આટલું છતાં સંવત્ ૧૮૮૫-સુધી રા. રા. ગૌરીશંકરની વેદાન્તસિદ્ધાન્ત ઉપર અભિરુચિ પ્રકટ જણાઇ ન હતી. તે વર્ષથી તેમને વસાવડા દેશાઇ નાગર

મનોહરદાસ નાનકડાનો સમાગમ થયો. તેમનાં રચેલાં પદ્યો, પ્રાકૃત सनत्सुजातीयआख्यान, તથા સંસ્કૃત વાદગ્રન્થોવિષે આગળ કહેવાઈ ગયું છે. રા. મનોહરદાસ જેઓએ વેદાન્ત-દર્શનનું સમીચીન રીતે પરિશીલન કર્યું હતું તેઓએ સંવત્ ૧૮૯૪ માં સંન્યાસ ગ્રહણ કરી 'સચ્ચિદાનન્દ બ્રહ્મતીર્થ' એવી સંજ્ઞા ધારણ કરી. એ સત્પુરુષના સહવાસથી રા. રા. ગૌરી-શંકરને શાસ્ત્રધુરંધર વેદાન્તદર્શનઉપર પ્રબલ વ્યાસંગ લાગ્યો. તેમની પાસેથી રા. રા. ગૌરીશંકરે उपनिषदो, गीतावગેરે शास्त्रप्रतिपादित બોધની ઉપલબ્ધિ કરી, અને વેદાન્તશ્રવણ-ઉપર તેમની અભિરુચિ વૃદ્ધિંગત થતી ગઇ. તેઓ રા. રા. ગૌરીશંકરને વારંવાર પ્રબોધતા કે "જગત્‌માં પરમેશ્વરથી વિમુખ લોકોના અનેક પંથો ચાલે છે, પણ તત્સંબંધી ચર્ચા નિષ્પ્ર-યોજન છે. જેમ કોઇ રાત્રદિવસ દુષ્ટ કર્મ કરનાર પ્રસિદ્ધ પાપીની પછવાડે અહર્નિશ ભટકનાર પુરુષ પોતાના કર્તવ્યથી ભ્રષ્ટ થાય છે તેમ પાખંડ ધર્મોની કથાવાર્તામાં નિરત પુરુષનું જીવન પણ વ્યર્થ વહી જાય છે. તેથી એવી ચર્ચા પડતી મૂકી હું કહું છું કે શ્રુતિ, યુક્તિ અને અનુભવથી સિદ્ધ અદ્વૈતશાસ્ત્ર, અર્થાત્ વેદાન્તશાસ્ત્ર, જે એક, અદ્વિતીય, સચ્ચિદાનન્દ પરબ્રહ્મ સ્વરૂપનું પ્રતિપાદન કરનાર છે એ જ ખરૂં શાસ્ત્ર છે અને તે પ્રમાણે સદ્વિચારયુક્ત રહેવું એ જ શ્રેયસ્કર ધર્મ છે. બાકી બીજાં બધાં ફાંફાં છે." સંવત્ ૧૯૦૧ માં શ્રીસચ્ચિદાનન્દ બ્રહ્મતીર્થસ્વામીએ સ્થૂલ દેહોપાધિનો ત્યાગ કર્યો તે પહેલાં તો રા. રા. ગૌરીશંકરને તેમના સુસમાગમજન્ય વેદાન્તધ્વનિ સંપૂર્ણ રીતે લાગી રહ્યો હતો.

રાજકીય કાર્યપ્રસંગે અમદાવાદ રહેવું થતાં સંવત્ ૧૮૯૨ માં શ્રીગોપાળસ્વામીની મંડળીવાળા સદાનંદજી નામના મહાત્મા-સાથે તેમને સંપર્ક થયો. પછી સચ્ચિદાનન્દસ્વામી નામના મહાત્મા સંવત્ ૧૯૦૨ માં ભાવનગર ચાતુર્માસ્ય વીતાવવા આવ્યા તેમના દ્વારા हरिमीडेस्तोत्र રા. રા. ગૌરીશંકરે શ્રવણ કર્યું અને

વેદાન્તચર્ચાજન્ય લાભ મેળવ્યો. અનન્તર રામકૃષ્ણભારતીસ્વામી કાશી પુરીથી ભાવનગર પધાર્યા તેમનો સમાગમ લગભગ ૮ વર્ષ સુધી રા. રા. ગૌરીશંકરને રહ્યો. પંચદશીઆદિ વેદાન્તના પ્રકરણગ્રન્થોનો તથા વાક્યસુધા આદિ શ્રીશંકરોક્તિનો પરિપક્વ ઉપદેશ તેમના મુખથી રા. રા. ગૌરીશંકરે મેળવ્યો. એ સ્વામી હઠયોગમાં પ્રવીણ હતા, તેથી રા. રા. ગૌરીશંકરે તેમની પાસેથી પ્રાણાયામની શાસ્ત્રીય પદ્ધતિ શીખી લીધી. વળી દ્વારિકામાં દીર્ઘ સમય નિવાસ કરી રહેલા પ્રસિદ્ધ શ્રીટોકરાસ્વામીનો પણ સંવત્ ૧૯૦૪ થી રા. રા. ગૌરીશંકરને સહવાસ રહ્યો.

રાજકાર્યપ્રવૃત્ત છતાં અને વ્યાવહારિક ઉચ્ચાધિકારસંપન્ન છતાં વેદાન્તશાસ્ત્રઉપર રા. રા. ગૌરીશંકરનો આવો અકૃત્રિમ અનુરાગ, તથા વિદ્વત્તાનો સત્કાર કરવામાં તેમની અતિઉદારતા જોઈ, વિવિધ સ્થલેથી વિદ્વન્મંડલ તથા સત્પુરુષમંડલ તેમના પ્રતિ આકર્ષાયું. તેમની પાસેથી રા. રા. ગૌરીશંકર શ્રદ્ધાભક્તિપૂર્વક શાસ્ત્ર શ્રવણ કરતા, તેમના પ્રતિ પોતાની શંકા નિવેદન કરી દીનપણે સમાધાન યાચતા, અને શાસ્ત્રસિદ્ધાન્તોને ગ્રહણધારણ કરવામાં પોતાની અસાધારણ પટુતાથી તેમને આનંદસહ વિસ્મય પમાડતા. આયાસપ્રદ રાજકીય વ્યવસાય સેવવા છતાં રા. રા. ગૌરીશંકરને આ પ્રકારે શાસ્ત્રવિષયક બહુશ્રુતત્વ અનાયાસે પ્રાપ્ત થયું.

રાજકીય પ્રકરણોમાં પણ તેમનાં આવરણ તેમની ધર્મપરાયણતા તથા શાસ્ત્રનિષ્ઠાને ઉત્તેજે એવાં હતાં. જૂનાગઢના પ્રસિદ્ધ દિવાન જેઓ તેમના ચરિત્રનિરૂપક સાક્ષરવર્ય શ્રીયુત મનઃસુખરામના લેખથી “સુજ્ઞ ગોકુલજી ઝાલા” એ સંજ્ઞાથી સર્વને પરિચિત છે, તથા જેમનો વેદાન્તઉપર પરમ અનુરાગ તે લેખમાં પ્રતિપૃષ્ઠ પ્રકાશે છે તેઓ રા. રા. ગૌરીશંકરના પરમ મિત્ર હતા. વળી ભાવનગરના ઉપકારભારી રા. રા. સંતોષરામ

સેવકરામ દેસાઈ તથા રા. સામલદાસ પણ પોતાની સૂક્ષ્મ બુદ્ધિના, તથા શાસ્ત્રરતિના યોગે, પરમાર્થપ્રતિ તેમની વૃત્તિના વલણને વેગ આપનાર હતા. આ ઉપરાંત સત્‌શાસ્ત્રસંગી રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી પોતે તથા રા. રા. નૃસિંહપ્રસાદ હરિપ્રસાદ બુચ–આદિ વિદ્વાનોનો પણ રા. રા. ગૌરીશંકરને સામયિક સંપર્ક રહેતો.

મહાત્માઓના સત્સમાગમઉપરાંત સ્વગૃહમાં વેદાન્તકથા પ્રતિદિવસ ચાલુ રહે તે અર્થે રા. રા. ગૌરીશંકરે યોજના કરી હતી. એ કામમાટે તળાજાવાળા જગજીવન પંડ્યા, વલસાડ-વાળા વિદ્વાન્ શાસ્ત્રી ભવાનીશંકર દીક્ષિતજી, અને ધમડાચાવાળા પ્રખ્યાત ભગવાન્ શાસ્ત્રીના પૌત્ર ભાનુશંકર શાસ્ત્રી અનુક્રમે રાખવામાં આવ્યા, અને શ્રુતાર્થનું નિયમિત મનન રહે તે અર્થે સંવત્ ૧૯૩૭ થી ગોધાના વિદ્વાન્ કવિ ભવાનીશંકર નરોત્તમ દ્વિવેદીને નિરન્તર સમીપ રહેવા યોગ્ય અનુકૂલતા કરી આપ-વામાં આવી. એ કવિવિષે પ્રાથમિક વિદ્યાનુરાગબુદ્ધિએ સમય જતાં વૃદ્ધ શ્રીમાન્ ગૌરીશંકરના અંતરમાં વાત્સલ્યનું રૂપ ધર્યું, અને છેવટ સુધી તેઓ તેમને પુત્રવત્ લાલનીય પાલનીય ગણતા.

આમ છતાં, અધિકારઉપરથી નિવૃત્ત થયા પછી પણ પોતાના પ્રતાપી વૃદ્ધ પ્રધાનને પૂર્ણ નિવૃત્તિવેતન (full pension) આપનાર મહારાજા શ્રીતખ્તસિંહજીની કૃપાનો નિષ્ક્રય આપવા રા. રા. ગૌરીશંકર ભૂલી ગયા ન હતા. તેઓ રાજ્યના મુખ્ય વિષયોમાં પોતાની સલાહ આપતા, જેને મહારાજાશ્રી તથા રા. સામલદાસ બહુ પ્રીતિપૂર્વક અનુસરતા. તેમાં મુખ્યત્વે કરીને મૂળ ગરાસીઆના પ્રકરણસંબંધી પોતાના દીર્ઘ અનુભવનો લાભ અધિકારીઓને આપવાનું રા. રા. ગૌરીશંકરે જારી રાખ્યું હતું. એટલું જ નહિ પણ રેલ્વે, બંદર, ગગાતળાવઆદિ રાજ્યના અભ્યુદયનાં સાધનોવિષે તેઓ સૂક્ષ્મ તપાસ કરાવતા અને પોતાની કુશાગ્રબુદ્ધિની છાપ પાડતા. પરંતુ તેમના લક્ષ્યનું

સંપૂર્ણ અંશે પરિવર્તન થયું હતું. સત્શાસ્ત્રશ્રવણે તેમના હૃદયમાં વ્યાવહારિક ઉચ્ચતમ અધિકારની નીરસતા સ્થાપી હતી, તથા આધ્યાત્મિક ઉચ્ચ અધિકારની પ્રાપ્તવ્યતાને જાગ્રત્ કરી હતી, અર્થાત્ અધિકારઉપરથી ઉપરામ પામ્યા પછી વ્યવહારવિષયક તેમની પ્રીતિ ગૌણ અને મંદ હતી, અને પરમાર્થવિષયક તેમનો વ્યાસંગ પ્રધાન અને તીવ્ર હતો એ નિઃસંશય છે.

રા. રા. ગૌરીશંકરને ત્યાં થતી શાસ્ત્રકથાનો લાભ લેવા અર્થે અનેક ભાવિક જનોનું મંડલ ભેગું થતું.

स्वरूपानुसंधान. રા. રા. ગૌરીશંકરના બહુશ્રુતપણાથી તેઓ સંતોષ પામતા અને તેમના શ્રવણને પુસ્તકના આકારમાં રચાયલું જોવાને ઉત્કટ ઇચ્છા વારંવાર દર્શાવતા. તેમની વિજ્ઞપ્તિથી પ્રેરાઈ રા. રા. ગૌરીશંકરે મુમુક્ષુઓના ઉપયોગમાટે તથા પોતાના મનનાર્થે स्वरूपानुसन्धान નામનો શાસ્ત્રવિષયક ગ્રન્થ સને ૧૮૮૪ માં ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કર્યો. એ ગ્રન્થમાં उपनिषदो, स्मृतिओ, श्रीगीता, योगवासिष्ठ, पंचदशी, स्वाराज्यसिद्धि, શ્રીશંકરના પ્રકરણગ્રન્થો—આદિને અનુસરીને વેદાન્તશાસ્ત્રના સિદ્ધાન્તોનું સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પ્રતિપાદ્ય વિષયને સાત પ્રક્રિયાઓમાં વિભક્ત કરવામાં આવ્યો છે. પ્રથમ પ્રક્રિયામાં, મંગલાચરણના અનુષ્ઠાન પછી બ્રહ્મનાં લક્ષણ, જીવ તથા ઈશ્વરનું સ્વરૂપ, આત્માનો પંચકોશથી વ્યતિરેક, તથા योगवासिष्ठમાં કહેલી શુભેચ્છાદિ સપ્ત ભૂમિકાઓનું ઉત્તમ પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે. तत् પદાર્થ તથા त्वं પદાર્થનું શોધન, દ્રષ્ટા અને દૃશ્યનો, સાક્ષી અને સાક્ષ્યનો, કારણ અને કાર્યનો વિવેક, તથા વેદચતુષ્ટયનાં મહાવાક્યોસંબંધે વિચાર—એ દ્વિતીય પ્રક્રિયાના વિષય છે. તૃતીય પ્રક્રિયા પ્રધાનપણે આત્માવિષે કર્તૃત્વ, ભોક્તૃત્વઆદિનો પ્રતિષેધ કરી સમાધિના ભેદનું પ્રતિપાદન કરે છે. જાગ્રત્આદિ અવસ્થાઓ, તથા પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક એ ત્રિવિધ સત્તાઓ ચતુર્થ

પ્રક્રિયામાં પરિસ્ફુટ રીતે વર્ણાઈ છે. પાંચમી, છઠ્ઠી અને સાતમી પ્રક્રિયાઓમાં અનુક્રમે શ્રુતિપ્રસ્થાનનાં ભાષ્ય, સૂત્રભાષ્ય તથા સ્મૃતિપ્રસ્થાનનાં ભાષ્યોના આધારે વેદાન્તસિદ્ધાન્તોનું, સાધનોનું, તથા ફલનું યોગ્ય રીતે પ્રતિપાદન થઈ ઉપસંહાર કરવામાં આવ્યો છે.

વેદાન્ત, ગુરુ અને ઈશ્વર—એ ત્રયીને શાસ્ત્ર જીવનપર્યન્ત વન્દ્ય ગણે છે. તેમાં ઈશ્વિરાનુગ્રહવિના યથાર્થલક્ષણોપેત શ્રીસદ્ગુરુની પ્રાપ્તિ થતી નથી, અને શ્રીસદ્ગુરુની ઉપસત્તિના અભાવે સચ્છાસ્ત્રસિદ્ધાન્તનો પ્રકાશ બુદ્ધિમાં પડતો નથી. એ સંબંધમાં રા. રા. ગૌરીશંકર પોતાના स्वरूपानुसन्धान ગ્રન્થમાં (પૃષ્ઠ ૫) વિવેચન કરે છે કે—

" यावन्नानुग्रहः साक्षाज्जायते परमेश्वरात् ।
तावन्न सद्गुरुं कश्चित् सच्छास्त्रं वापि नो लभेत् ॥

'અર્થ—જે વ્યાપક પરમેશ્વર આ જગત્ના ઉત્પત્તિ, સ્થિતિ, લયવગેરેનો કારણભૂત સર્વ નામરૂપક્રિયાત્મક ભૂતભૌતિકમાં અન્તર્યામિરૂપે રહેલો છે એવા પરમેશ્વરનું સ્મરણ, ભજન, નમસ્કારાદિ શુદ્ધ ભાવનાપૂર્વક કરવાથી તેનો કૃપારૂપ અનુગ્રહ થાય છે. તે જ્યાંપર્યન્ત ન થાય ત્યાંસુધી કોઇ પણ પુરુષ સદ્ગુરુને તથા સચ્છાસ્ત્ર (વેદાન્તશાસ્ત્ર) ને પામે નહિ."

પૃષ્ઠ ૬ થી ૯ સુધી રા. રા. ગૌરીશંકર બ્રહ્મના સર્વજ્ઞત્વ, સર્વનિયંતૃત્વ, સર્વાન્તર્યામિત્વ અને સર્વયોનિત્વ— એ ગુણોનું શ્રુતિપ્રમાણપૂર્વક પ્રતિપાદન કરે છે. કોશપંચકથી વ્યતિરિક્ત આત્મસ્વરૂપનો વિચાર કરતાં રા. રા. ગૌરીશંકર લખે છે કે :—

"માતાપિતાએ ભોજન કરેલાં યવ, વ્રીહિઆદિક અન્નથી જે વીર્ય ઉત્પન્ન થયું તેથી સ્થૂલ દેહ ઉત્પન્ન થયો અને જે દેહ, ઉત્પત્તિથી અનન્તર ક્ષીરઆદિક અન્ને કરીને જ વૃદ્ધિ

પામે છે અને નાશાનન્તર અન્ન (પૃથ્વી)માં જ લય પામે છે તે દેહ અન્નમય કોશ એટલે અન્નનો જ વિકાર છે, તે આત્મા નહિ, કેમકે જન્મથી પૂર્વે અને મરણથી અનન્તર તેનો અભાવ છે; જેમ ઘટ અનાત્મા છે તેમ .•. . . . .

"જે વાયુ દેહને વિષે પગથી આરંભીને મસ્તકપર્યન્ત વ્યાપીને વ્યાનરૂપે સામર્થ્ય આપતો થતો ચક્ષુરાદિ ઇન્દ્રિયોને પ્રવર્તાવે છે તે વાયુ પ્રાણમય કોશ એ પણ આત્મા નહિ, કેમકે તે ક્ષુધાતૃષાદિક ધર્મથી પીડિત છે, અને આત્મા તો તે ધર્મથી અતીત છે . . . . . .

"દેહને વિષે અહંતાભિમાનને તથા ગૃહાદિકને વિષે મમતાભિમાનને જે કરે છે તે મનોમય કોશ એ પણ આત્મા નહિ, કેમકે કામ, ક્રોધાદિક અવસ્થાએ કરીને અનિયત સ્વભાવ છે અને શ્રુતિમાં પણ મનને અન્નમય કહે છે—એટલે વિકારી છે, જેમ વિકારી દેહ આત્મા નથી તેમ.

"સત્ત્વ ગુણનું કાર્ય જે બુદ્ધિ તે સ્વચ્છ છે તેથી વિશેષ ચિદાભાસે યુક્ત છે, તે સુષુપ્તિકાલને વિષે લીન થાય છે અને પુનઃ જાગ્રત્કાલને વિષે મસ્તકથી આરંભીને નખાગ્રપર્યન્ત શરીરને વિષે વ્યાપે છે તે વિજ્ઞાનમય કોશ—તે પણ આત્મા નહિ, કેમકે વિલયાદિ અવસ્થાવાન્ (સુષુપ્તિમાં લય પામે) છે; જેમ ઘટ આત્મા નથી તેમ.

"ભોક્તા શબ્દે કરીને વાચ્ય આનંદમય કોશને વિષે અનાત્મપણું દેખાડવાને તેનું સ્વરૂપ કહે છે કે, પુણ્ય કર્મના ફલના ભોગકાલને વિષે જે વૃત્તિ અન્તર્મુખ છતી આનંદના પ્રતિબિંબને ભજે છે એ જ વૃત્તિ પુણ્યકર્મફલભોગનો ઉપરામ છતે નિદ્રારૂપે કરીને લય પામે છે તે આનન્દમય કોશ—એ પણ કાદાચિત્ક એટલે સુષુપ્તિમાં જ અભિવ્યક્ત થાય છે માટે તે પણ આત્મા નહિ; જેમ વિદ્યુત્, અભ્રાદિ પદાર્થો આત્મા નહિ તેમ." (પૃષ્ઠ ૧૫-૭.)

જ્ઞેયરૂપ શબ્દાદિ વિષયો તથા ભોગ્યરૂપ જાગ્રદાદિ તથા બાલ્યાદિ અવસ્થાઓ પરસ્પર ભેદયુક્ત હોય છે, પરંતુ તેનો સાક્ષી આત્મા એકરૂપ અવિચલ હોય છે. આ સિદ્ધાન્તને વર્ણવતાં રા. રા. ગૌરીશંકર વિવરણ કરે છે કેઃ—

" शब्दस्पर्शादयो वेद्या वैचित्र्याज्जागरे पृथक् ।
ततो विभक्ता तत्संविदैकरूप्यान्न भिद्यते ॥

" અર્થ: જાગ્રત્ અવસ્થાને વિષે દૃશ્ય એવા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વિષયો તે એક બીજાથી વિચિત્ર છે માટે ભિન્ન ભિન્ન છે, અને તે શબ્દાદિકથી પૃથક્ કર્યું એવું જે જ્ઞાન તે એકરૂપ છે; જેમકે શબ્દજ્ઞાન, સ્પર્શજ્ઞાન, રૂપજ્ઞાન, રસજ્ઞાન, ગંધજ્ઞાન એ રીતે સર્વ જ્ઞેય વિષયોમાં જ્ઞાનની એકરૂપતા છે, માટે તે જ્ઞાન ભેદ પામતું નથી.

એ રીતે સ્વપ્નાવસ્થા તથા સુષુપ્તિ અવસ્થામાં પણ જે વિષયો છે તે જ્ઞેયરૂપ છે અને તેનો જ્ઞાનરૂપ સાક્ષી એકરૂપે જવર્તે છે, એટલે જાગ્રદાદિ તથા બાલ્યાદિ અવસ્થાઓ પરસ્પર વ્યભિચારને પામે છે, પણ તેનો જ્ઞાનરૂપ સાક્ષી એ અવસ્થાઓમાં અનુસ્યૂતપણે અવ્યભિચારી છતાં તેનો અનુભવ કરે છે." (પૃષ્ઠ ૩૩-૪.)

શ્રીકૃષ્ણપરમાત્મા અર્જુનને પ્રબોધતાં શ્રીગીતાના ચતુર્થ અધ્યાયમાં વદે છે કે લોકપ્રસિદ્ધ કર્મો, વેદવિહિત કર્મો, નિષિદ્ધ કર્મો, તથા અકર્મ–એ સર્વનું સ્વરૂપ અવગન્તવ્ય છે. આમ કહીને શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને ઉપદેશ કરે છે કે—

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥

આ શ્લોક ઉપર વ્યાખ્યાન કરતાં રા. રા. ગૌરીશંકર કહે છે કે " કર્મ એટલે દેહ, ઇંદ્રિયો અને અંતઃકરણવગેરેથી કરાય

તે, અર્થાત્ લૌકિક અને વૈદિક એવો સર્વ પણ વ્યાપાર કર્મ કહેવાય છે; તે ચેષ્ટામાત્ર ઔપાધિક કર્મને વિષે જે આત્માના યથાર્થ સ્વરૂપનો જાણનાર વિદ્વાન્ પુરુષ તે અકર્મભાવને જુએ, એટલે મૂઢ પુરુષ પોતે અકર્મરૂપ છતો પણ અન્ય દેહેંદ્રિયાદિકનો કર્મે કરીને કર્મવાન્ થાય છે, તથાપિ આત્મવેત્તા પુરુષ તો 'બ્રહ્મ જ હું છું' એ પ્રકારે બ્રહ્મને વિષે જ આત્મત્વના વિજ્ઞાનથી પોતાને દેહાદિકના સંબંધનો અભાવ છે માટે દેહેંદ્રિયાદિએ કરેલાં કર્મને અકર્મરૂપ જ જુએ છે, કેમ કે તે દેહાદિકૃત કર્મને વિષે અહંતામમતાએ કરીને સ્વત્વનો અભાવ છે; બીજાએ કરેલાં કર્મને વિષે બીજાને સ્વકીયપણું ઘટતું જ નથી, માટે વિદ્વાન્ પુરુષ દેહાદિકકૃત કર્મને અકર્મરૂપ જ જુએ છે; તથા અકર્મને વિષે કર્મપણાને જ જુએ છે. યદ્યપિ મૂઢ પોતાને વિષે દેહાદિકનો અધ્યાસ કરીને તે દેહાદિકના વ્યાપારનો ઉપરામ થયે છતે 'હું તૂષ્ણીં સુખે કરીને બેઠો છું', પણ દુઃખકારક કાંઇ જ કર્મને કરતો નથી,' એ પ્રકારે દુઃખરૂપ દેહેન્દ્રિયના નિરોધને વિષે સુખબુદ્ધિથી દેહાદિકની અક્રિયાએ કરીને પોતાને વિષે અક્રિયપણું માને છે, પરંતુ મૂઢની દૃષ્ટિએ જે તૂષ્ણીંભાવરૂપ અકર્મ તેને વિષે માનસિક નિરોધ ક્રિયા રહેલી જ છે; માટે વિદ્વાનને તૂષ્ણીંભાવરૂપ અકર્મને વિષે કર્મત્વનું દર્શન ન્યાયથકી, દૃષ્ટાન્તથકી અને અનુભવથકી સિદ્ધ છે, તાત્પર્ય એ કે વિદ્વાન્ની દૃષ્ટિએ સંઘાતકૃત કર્મના અસંગથી આત્મા અકર્મરૂપ છે, અને મૂઢની દૃષ્ટિએ સંઘાતકૃત કર્મના તાદાત્મ્યસંસર્ગાધ્યાસથી આત્મા કર્તારૂપ છે." (પૃષ્ઠ ૫૫–૭.)

દેહાદિ અશુચિ પદાર્થોમાં શુચિબુદ્ધિ, વિષયાદિ અનાત્મ પદાર્થોવિષે મમબુદ્ધિ, અનિત્ય પદાર્થોમાં નિત્યબુદ્ધિ, તથા સાંસારિક દુઃખપરંપરામાં સુખબુદ્ધિ કરાવનાર અતિપ્રબલ અધ્યાસની જનનીરૂપ અનાદિ માયાને વિવશપણે જ્યાંસુધી જીવ વર્તે છે ત્યાંપર્યન્ત શુદ્ધ, બુદ્ધ, નિત્યમુક્ત આત્મસ્વરૂપની

તેને ઉપલબ્ધિ થતી નથી. આ અર્થને સ્પષ્ટ કરતાં રા. રા. ગૌરીશંકર કહે છે કે—

"अनादिमायया सुप्तो यदा जीवः प्रबुध्यते ।
अजमनिद्रमस्वप्नमद्वैतं बुध्यते तदा ।।

અર્થ:—જે આ સંસારી જીવ તે બીજરૂપ એવું તત્ત્વનું અગ્રહણ, તથા કાર્યરૂપ અન્યથાગ્રહણસ્વરૂપ એવો અનાદિ કાળથી પ્રવૃત્ત માયારૂપી બે પ્રકારનાં જે સ્વપ્ન તેણે કરીને 'આ મારો પિતા; આ મારી સ્ત્રી; આ મારો પુત્ર; આ મારો દૌહિત્ર, પૌત્ર, ક્ષેત્ર તથા પશુઓ; એ સર્વનો હું સ્વામી છું, સુખી છું, દુઃખી છું; આણે મને ક્ષય પમાડ્યો; આણે મને વૃદ્ધિ પમાડ્યો' એ પ્રકારનાં સ્વપ્નોને જાગ્રત્ તથા સ્વપ્નરૂપ સ્થાનદ્વયને વિષે જોતો છતો સુઈ રહે છે (અજ્ઞાનમાં મગ્ન રહે છે); પરંતુ જ્યારે વેદાન્તોના અર્થતત્ત્વના જાણનાર પરમ દયાળુ ગુરુએ 'તું પૂર્વે કહ્યા પ્રમાણે સુખદુઃખાદિ હેતુફળરૂપ નથી; કિંતુ 'तत्त्वमसि' એ રીતે બોધ પમાડ્યો હોય ત્યારે તે એમ જાણે છે કે એ બ્રહ્મસ્વરૂપને વિષે બાહ્ય તથા આંતર એવા જન્માદિ ષડ્ભાવ વિકારો છે જ નહિ; માટે અજ એટલે બાહ્યાભ્યંતર સર્વ ભાવવિકારે રહિત; તથા જે આનંદાત્મસ્વરૂપને વિષે જન્માદિકનું કારણભૂત અવિદ્યાત્મક અજ્ઞાનરૂપી બીજરૂપ નિદ્રા વિદ્યમાન નથી, માટે અનિદ્ર, તથા તે તુર્યસ્વરૂપ આત્મા સ્વપ્નરહિત છે, કેમકે અન્યથાગ્રહણરૂપ સ્વપ્નનું નિમિત્તભૂત અવિદ્યાનો નાશ થયો છે; અને જે હેતુથી અજ, અનિદ્ર, અસ્વપ્નરૂપ છે તે હેતુથી અદ્વૈત એટલે સર્વદ્વૈતપ્રપંચથી રહિત એવા તુર્ય આત્મસ્વરૂપને જાણે છે."

પંચમ પ્રક્રિયામાં ઈશાદિ મુખ્ય દશ ઉપનિષદોના આધારે જીવબ્રહ્મની એકતાનો વિમર્શ કરવામાં આવે છે. પ્રત્યેક ઉપનિષદ્નાં પ્રમાણોને છેડે તેના નિષ્કર્ષનો નિર્દેશ કરનાર શ્લોકવડે ઉપસંહાર કરવામાં આવે છે:—

ईशोपनिषद् નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૧૩૨) :—

" सत्ये मय्येव भातं चरमचरमतोऽन्तर्बहिश्चाहमेको
मत्तोऽन्यन्नास्ति किंचिज्जगदपि सवितुर्मंडले पूरुषोऽहम् ।
इत्थं यस्य प्रबोधो गुरुवरकरुणापांगतस्तस्य तृष्णा
संदेहो मोहशोकौ भयजननजरामृत्यवो नैव सन्ति " ॥

અર્થ:—સત્યસ્વરૂપ મારે વિષે જ ભાસમાન થયું એવું જગત્ મારા થકી કિંચિન્માત્ર પણ અન્ય નથી; અને આન્તરથી પણ આન્તર તથા બાહ્ય હું જ છું; તથા સૂર્યમંડલમાં જે પુરુષ તે હું જ છું. એ પ્રકારે શ્રેષ્ઠ ગુરુના કરુણાયુક્ત કટાક્ષથી જેને પ્રબોધ પ્રાપ્ત થયો હોય તે પુરુષને તૃષ્ણા, સંદેહ, મોહ, શોક, ભય, જન્મ, જરા, મરણ-ઇત્યાદિ વિકારો રહે જ નહિ, કિંતુ બ્રહ્મરૂપ જ હોય છે."

केनोपनिषद् નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૧૪૫-૬) :—

" स्वान्तप्राणाक्षिवाणीप्रभृति च विषयाभासकं यस्य योगाद्
यन्न प्राप्नोति चैनद्विदितमविदितं यद्भवेन्नात्मरूपम् ।
इन्द्राद्या देवमुख्या अपि किल न विदुर्यस्य शक्तिं निगूढां
तद् बुद्धं येन सोऽसौ भवति नरवरोऽनंतसौख्यप्रतिष्ठः ॥ "

અર્થ :—મન, પ્રાણ, ચક્ષુ, વાક્ ઇત્યાદિ ઇન્દ્રિયોનું કદંબ જેની સત્તાસ્ફૂર્તિના વશથી જ વિષયોનું અવભાસક છે; તથા મન-આદિ જેને વિષય કરી શકતું નથી; તથા જે તત્ત્વ વિદિત એટલે જાગ્રત્ સ્વપ્ન અને અવિદિત એટલે નામરૂપાત્મક વ્યાકૃતથી તથા અવ્યાકૃતથી અન્ય છે એટલે કૂટસ્થ સાક્ષી છે; વળી ઇંદ્રાદિ દેવતાઓ પણ જેની નિગૂઢ ચિચ્છક્તિને જાણતા નથી; તે પ્રત્યક્ અભિન્ન બ્રહ્મત્ત્વ જેણે સાક્ષાત્કાર કર્યું હોય, તે પુરુષ બ્રહ્મરૂપ છતો અપરિચ્છિન્ન સુખને વિષે પ્રતિષ્ઠા પામે."

કઠોપનિષદ્ નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૧૫૬-૭) :—

"सूक्ष्मात्सूक्ष्मो महीयान्महत उत धिया साधनैर्यो न लभ्यो
बुद्धिस्थो योऽशरीरो रविविधुदहना यस्य भासा विभान्ति ।
षड्भिर्भावैः स्वभावै रहित उपसदास्तीति रूपेण वेद्य-
स्तं साक्षात्कृत्य धीरो गुरुवचनबलाज्जायते नित्यशांतः ॥

અર્થ:—જે પ્રત્યગાત્મા સૂક્ષ્મથકી સૂક્ષ્મતર છે; તથા મહાન્થી મહત્તર છે; તથા જે બુદ્ધિમાં અંતર્યામિરૂપે રહ્યો છતો પણ બુદ્ધિએ ગ્રહણ કરી શકાતો નથી; તથા વિવેકાદિ સાધનચતુષ્ટય તથા શ્રવણાદિના રાહિત્યથી અલભ્ય છે; તથા જે ત્રિવિધ શરીરથી રહિત છે; તથા સૂર્ય, ચંદ્ર, અગ્નિઆદિ તેજો જેની પ્રભાએ કરીને જ ભાસમાન થાય છે; તથા જે જન્માદિ ષડભાવવિકારે રહિત છે; તથા જે ઉપનિષદ્ વાક્યોથી અસ્તિ એટલે સન્માત્રરૂપે કરીને જ વેદ્ય છે તે પ્રત્યક્ અભિન્ન બ્રહ્મનો ગુરુનાં વચનોના બળથી સાક્ષાત્કાર કરીને ધીર પુરુષ નિત્ય શાન્ત બ્રહ્મસ્વરૂપ હોય છે."

मुण्डकोपनिषद् નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૧૬૬-૭):—

"जायन्ते विस्फुलिंगा अनलत इह यद्वत्प्रदीप्तात्सरूपा-
स्तद्वत्सर्वेऽपि भावाः खलु यत उदिता यांति यस्मिँल्लयं ते ।
अप्राणः सर्वविद्यः प्रणववरधनुः स्वात्मबाणैकलक्ष्य-
स्तं जानन्नामरूपे त्यजति स भवति ब्रह्मरूपो विशोकः ॥

અર્થ:—જેમ દેદીપ્યમાન અગ્નિથી વિસ્ફુલિંગો ઉત્પન્ન થાય છે અને અગ્નિમાં જ લય થાય છે તેમ જ આકાશાદિ સર્વ પદાર્થો જેનાથી ઉત્પન્ન થાય છે અને જેને વિષે જ પાછા લય પામે છે; તથા જે પ્રાણરહિત અને સર્વવેત્તા છે; તથા જે ૐકારરૂપ ધનુષ્‌ને વિષે સંધાન કરેલા સ્વસ્વરૂપભૂત આત્મારૂપ બાણનો એક લક્ષ્યરૂપ છે તે પ્રત્યક્ અભિન્ન બ્રહ્મને સાક્ષાત્કાર કરનાર પુરુષ નામરૂપનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થયો છતો શોકરહિત હોય છે."

प्रश्नोपनिषद् નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૧૮૯–૯૦) :—

" प्राणश्रद्धाखवायुज्वलनजलधरा इन्द्रियं मानसं च
भक्तं वीर्यं तपश्चाथ सकलनिगमा कर्मलोकाश्च नाम ।
यस्माज्जाताश्च यस्मिन्विलयमुपगताः षोडशैताः कला यः
सर्वेषां संप्रतिष्ठा खलु तदधिगमाज्जायते वीतमृत्युः ॥"

અર્થ : --પ્રાણ, શ્રદ્ધા, આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, ઇન્દ્રિયો, મન, અન્ન, વીર્ય, તપ, સર્વ વેદો, કર્મ, લોક, નામ-એ ષોડશ કલાઓ જેથી ઉત્પન્ન થઈને જેમાં પાછી વિલય પામે, અને જે સર્વનો સંપ્રતિષ્ઠારૂપ એટલે પરમાધિષ્ઠાનરૂપ છે તે પ્રત્યક્ અભિન્ન બ્રહ્મના સાક્ષાત્કારથી પુરુષ વીતમૃત્યુ એટલે સંસારરહિત હોય છે."

मांडूक्योपनिषद् નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૧૯૦–૧):—

" जाग्रत्स्वप्नः सुषुप्तिस्त्रितयमपि मतेः साक्षिणी यस्य तुर्या
सर्वेषां यस्तु साक्षी गुणमलरहितोऽप्यात्तनानाभिधानः ।
भूताद्योऽचिन्त्य एतत्सकलगुणनुतः प्रत्यगीशोऽयमात्मा
ब्रह्मोंकारादिगम्यं विदितामिति भवेद्येन स ब्रह्मभूतः ॥

અર્થઃ—અકાર, ઉકાર, મકારાત્મક જે જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ તે મતિની અવસ્થાઓ છે; એ ત્રણેની સાક્ષીરૂપ અર્ધ માત્રાએ ઉપલક્ષિત ચિત્ છે તે સર્વનો સાક્ષી ચિદાત્મા ગુણરૂપ મળે કરીને રહિત છતો પણ ગ્રહણ કરી છે વિશ્વ, વૈશ્વાનર ઇત્યાદિ નાના સંજ્ઞાઓ જેણે એવો હોય છે; તથા જે સર્વ ભૂતોનો પણ આદ્ય છે; તથા અચિન્ત્યસ્વરૂપ છે; તથા જે અનંત ગુણોથી સ્તુત્ય હોય છે તે પ્રત્યક્ અભિન્ન ઈશરૂપ આત્મા જ ૐકારાદિએ કરીને ગમ્ય એટલે ઉપલક્ષિત એવું બ્રહ્મરૂપ છે. એ રીતે પ્રત્યક્ અભિન્ન બ્રહ્મ જેણે સાક્ષાત્કાર કર્યું હોય તે બ્રહ્મભૂત હોય છે."

તૈત્તિરીયોપનિષદ્ નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૨૦૧) :—

"सृष्ट्वाकाशादि देहावधि सकलमिदं तत्प्रविश्यांतरस्थो
यः सर्वेषामधीशो नियमयति सदानंदचिद्रूप एकः ।
अन्नादीन्पंच कोशान्निजगुरुवचसा संविविच्यात्मरूपं
तं विद्वान्नित्यतृप्तोऽखिलभयरहितो वर्तते सर्वभूतः ॥

અર્થઃ—જે સચ્ચિદાનન્દસ્વરૂપ આકાશથી આરંભીને દેહ-પર્યન્ત સર્વ જગત્‌ને સૃજીને તેની અંદર પ્રવિષ્ટ થયો છતો સર્વને નિયમમાં રાખે છે તે પ્રત્યક્‌સ્વરૂપ ગુરુવચનના બળે અન્નાદિ પંચકોશોથી પર છે એવી વિવેચના કરીને બ્રહ્મથી અભેદે જે સાક્ષાત્કાર કરે તે પુરુષ સંસારભયે રહિત થયો છતો અને નિત્યતૃપ્ત છતો પૂર્ણ બ્રહ્મરૂપ હોય છે."

ऐतरेयोपनिषद् નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૨૧૨-૩) :—

"यो लोकाँल्लोकपालान्सकलमपि पुरा भोग्यजातं हि तेषां
सृष्ट्वान्तः संप्रविश्य स्थिरचरमखिलं प्रेरयत्यांतरस्थः ।
दृष्ट्वा नात्रैषदन्यत्सकलजगदधिष्ठानरूपोऽहमेकः
प्रज्ञानं ब्रह्म येनाधिगतमिति सनावाप्तकामोऽमृतः स्यात् ॥

અર્થઃ—જે લોકને તથા લોકપાલોને તથા સર્વ એવાં ભોગ્ય-જાતને સૃજીને તેની અંદર પ્રવેશ કરીને સ્થિરચરાત્મક સર્વને પ્રેરે છે એટલે સવ્યાપાર કરે છે, તે પ્રત્યગાત્મરૂપ હું જ સર્વ જગત્‌નો અધિષ્ઠાનરૂપ બ્રહ્મ છું, મારા સ્વરૂપથી કિંચિન્માત્ર પણ અન્ય નથી–એ રીતે 'प्रज्ञानं ब्रह्म' એટલે પ્રત્યક્‌થી અભિન્ન બ્રહ્મ જેણે સાક્ષાત્કાર કર્યું હોય તે, પ્રાપ્ત થયા છે સર્વ કામો જેને અર્થાત્ પૂર્ણકામ એવો છતો અમૃતરૂપ હોય છે."

छांदोग्योपनिषद् નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૨૩૩-૪) :—

"मृद्रूपे ज्ञात एतद् घटमुखमखिलं तज्जमस्मान्न भिन्नं
तद्वच्छ्रीदेशिकेनानुभवति सततं तत्त्वमस्येव मुक्तः ।

यस्मादाकाशमुख्यं भवति जगदिदं ब्रह्म तच्चाहमस्मी-
त्येतन्मत्तो न भिन्नं स भवति मनुजो ब्रह्म न ब्रह्मवेत्ता ॥

અર્થઃ—જેમ મૃત્તિકાનું રૂપ જાણ્યે છતે તેથી ઉત્પન્ન થયલા ઘટશરાવાદિ સર્વ પદાર્થો મૃન્માત્ર જણાય છે, ભિન્ન જણાતા નથી; તેમ જ શ્રીઆચાર્યે तत्वमसि એ પ્રકારે ઉપદેશ કર્યે છતે, જેથકી આકાશાદિ સર્વ જગત્ ઉત્પન્ન હોય છે તે બ્રહ્મ હું જ છું અને કાર્યરૂપ સર્વ જગત્ પણ હું જ છું; મારાથી ભિન્ન કિંચિન્માત્ર નથી એ રીતે પ્રત્યગભિન્ન બ્રહ્મસ્વરૂપનો જે સાક્ષાત્કાર કરે તે બ્રહ્મરૂપ જ હોય છે, બ્રહ્મવેત્તા નહિ."

बृहदारण्यकोपनिषद् નો પિંડિતાર્થસૂચક શ્લોક (પૃષ્ઠ ૨૫૮-૯):—

"यस्यानन्दस्य मात्रा विविधसुखमिदं येन सर्वेऽपि जीवाः
प्राणंत्यव्याकृतं प्राग् जगदिदमखिलं व्याकरोन्नामरूपैः ।
अन्तर्यामी हृषीकाधिप इति विदितं व्यापकं ब्रह्म तत्रा-
हं ब्रह्मास्मीति येनैव विलयमसवस्तस्य नैवोच्छलन्ति ॥

અર્થઃ—સાર્વભૌમ આનંદથી આરંભીને હિરણ્યગર્ભપર્યન્ત ઉત્તરોત્તર શતગુણિત એવા આનંદો જેના જ અંશરૂપ છે; તથા સર્વે જીવો જેની સત્તાથી જ પ્રાણન કરે છે; તથા પૂર્વે અવ્યાકૃત એવા જગત્‌ને નામરૂપે કરીને જે વ્યાકરણ કરતો હવો; તથા જે અન્તર્યામીરૂપે કરીને મનઆદિ ઇન્દ્રિયોનો અધિપતિ એટલે પ્રેરક છે તે પ્રત્યક્સ્વરૂપ હું જ વ્યાપક બ્રહ્મરૂપ છું એ પ્રકારે अहं ब्रह्मास्मि એ વાક્યે કરીને પ્રત્યક્ અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરનાર જે વિદ્વાન્ પુરુષ તેના પ્રાણ આ જ દેહને વિષે વિલય પામે છે, ઉત્ક્રમણ કરતા નથી."

મમબુદ્ધિને લીધે અભીપ્સિત માનેલા પુત્રાદિ વિષયો સ્વતઃ પ્રિય નથી, પરંતુ વસ્તુતઃ પ્રિય આત્મસ્વરૂપને લીધે ઇષ્ટ છે, તેથી પરમાર્થતઃ અભિપ્રેત પ્રત્યક્સ્વરૂપ બ્રહ્મ અન્વેષ્ટવ્ય

છે એ સિદ્ધાન્ત બૃહદારણ્યકોપનિષદ્‌માં શ્રીયાજ્ઞવલ્કયમુનિ પોતાની સ્ત્રી મૈત્રેયીપ્રતિ પ્રબોધે છે. अथातो ब्रह्मजिज्ञासा એ આદિમ વેદાન્ત-સૂત્રને અંગે રા. રા. ગૌરીશંકર છઠ્ઠી પ્રક્રિયામાં (પૃષ્ઠ ૨૬૬–૮) એ સિદ્ધાન્તને નીચે પ્રમાણે વ્યક્તાર્થ કરે છે:—

" आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः

અર્થઃ—હે મૈત્રેયિ! द्रष्टव्य એટલે પરાગ્વૃત્તિના તિરસ્કાર-પૂર્વક પ્રત્યક્પ્રવણ વૃત્તિએ કરીને આત્માનો સાક્ષાત્કાર કરવો; તે સાક્ષાત્કાર કરવામાં સાધન श्रोतव्यः એટલે પ્રથમ આચાર્ય-થકી ઉપનિષદ્‌વાકયે કરીને અદ્વૈત આત્મસ્વરૂપનો વિચાર કરવો તે શ્રવણ; તથા मंतव्यः એટલે તે આત્મસ્વરૂપનું શ્રુત્યનુસારી તર્કે કરીને મનન કરવું એટલે જે શ્રવણ કર્યું તેને યુક્તિએ કરીને આત્માને વિષે ઘટાવવું; જેમકે

दंतिनि दारुविकारे दारु तिरोभवति सोऽपि तत्रैव ।
जगति तथा परमात्मा परमात्मन्यपि जगत्तिरोधत्ते ॥

અર્થઃ—લાકડાનો બનાવેલો હસ્તી બહિર્મુખ વૃત્તિથી જોયો હોય તો તેને વિષે કાષ્ઠ તિરોધાન પામે છે અને હસ્તી જ ભાસે છે; તથા આન્તર દૃષ્ટિથી જોયો હોય તો કાષ્ઠમાત્ર ભાસે અને તેને વિષે હસ્તી તિરોહિત થઇ જાય છે; તેમ બહિર્મુખ વૃત્તિએ જોવાથી જગત્‌માત્ર દેખાય છે, અને તેને વિષે પરમાત્મા તિરોધાન પામે છે એટલે જણાતો નથી, તથા અન્તર્મુખ વૃત્તિએ જોવાથી એક પરમાત્મા જ જણાય છે અને તેને વિષે જગત્ તિરોધાન થઇ જાય છે.

તથા निदिध्यासितव्यः એટલે શ્રવણ મનન થકી નિશ્ચય કરેલા આત્મતત્ત્વને વિષે ચિત્તની એકતાનતારૂપ એટલે બ્રહ્માકાર વૃત્ત્યારૂઢતારૂપ ધ્યાન કરવું."

અંતિમ પ્રક્રિયામાં સ્મૃતિપ્રસ્થાનના અનુસારે તત્ત્વવિચાર કરવામાં આવે છે. વેદાન્તના મુખ્યસિદ્ધાન્તપ્રતિપાદક શ્રીગીતાના કેટલાક શ્લોકોનું વ્યાખ્યાન કર્યા પછી તેના ઉપસંહારમાં રા. રા. ગૌરીશંકર લખે છે કેઃ—

"महावाक्यरत्नावलीનું વાક્ય :

शास्त्रेण नश्येत् परमार्थदृष्टिः कार्यक्षमं नश्यति चापरोक्षात् ।
प्रारब्धनाशात्प्रतिभासनाश एवं त्रिधा नश्यति चात्ममाया ॥

અર્થઃ—शास्त्रेण એટલે સ્વસ્વરૂપને વિષે અપ્રવણ છે શીલ જેનું એવા અજ્ઞાનીને સ્વસ્વરૂપપ્રવણતાનો જે ઉપદેશ કરનાર તે ઉપનિષદ્ વ્યાસસૂત્રાદિ અદ્વૈત શાસ્ત્ર કહેવાય છે; તે અદ્વૈત શાસ્ત્રના શ્રવણથી જન્ય એવા પરોક્ષ જ્ઞાને કરીને પૂર્વે જ દ્વૈત પ્રપંચને વિષે પારમાર્થિક સત્યપણું હતું તેનો નાશ થાય; અને તદનન્તર પ્રપંચને વિષે જે कार्यक्षमत्व એટલે વ્યાવહારિક સત્યપણું તે પણ મનનથકી જન્ય એવા બ્રહ્માત્મૈકત્વના અપરોક્ષ જ્ઞાનથી નષ્ટ થાય; તદનન્તર જગત્‌ને વિષે પ્રાતિભાસિક સત્યત્વ પણ નિદિધ્યાસનથી જન્ય એવા સમ્યક્ જ્ઞાને કરીને એટલે દૃઢ બોધે કરીને પ્રારબ્ધાદિ ત્રિવિધ કર્મોનો નાશ થયે છતે નષ્ટ હોય છે; એ રીતે ત્રણ પ્રકારે આત્માને વિષે અધ્યસ્ત માયા નાશ પામે છે; અર્થાત્ જે કાળે દૃઢ તત્ત્વજ્ઞાન હોય તે જ કાળે વિદ્વાન્ પુરુષ વિદેહમુક્ત હોય છે." (પૃષ્ઠ ૩૧૧-૨.)

श्रीविष्णुसहस्रनाम માં શ્રીવિષ્ણુ ભગવાન્‌ની કેટલીક સંજ્ઞાના યૌગિકાર્થનું વિવરણ કર્યા પછી રા. રા. ગૌરીશંકર તેના ઉપસંહારમાં महावाक्यरत्नावलीના નીચેના શ્લોકનું અવતરણ કરે છે:—

"निमिषार्धं न तिष्ठन्ति वृत्तिं ब्रह्ममयीं विना ।
यथा तिष्ठन्ति ब्रह्माद्याः सनकाद्याः शुकादयः ॥

અર્થઃ—શુકદેવને આદિ લેઈને બ્રહ્મઋષિયો, તથા સનકાદિક નિત્યમુક્તો તથા બ્રહ્માદિક દેવતાઓ એક નિમિષના અર્ધ માત્ર પણ બ્રહ્માકાર વૃત્તિવિના રહેતા નથી; તેમ જ બ્રહ્મવેત્તાઓમધ્યે વરીયાન્ એવા જીવન્મુક્તો રહે છે." (પૃષ્ઠ ૩૨૯.)

અસાર તથા અનિત્ય પદાર્થથી સાર તથા નિત્ય વસ્તુનો ભેદ કરાવનાર વિવેકદૃષ્ટિ ઉત્તરોત્તર વૈરાગ્યાદિ સાધનોમાં પરિણામ પામે છે. નિદિધ્યાસનની પરિપક્વ દશામાં સર્વભેદાતીત બ્રહ્મતત્ત્વનો અબાધિત સાક્ષાત્કાર થતાં વિવેકદૃષ્ટિ જાતે જ વિલીન થઈ જાય છે એ સારભૂત બોધ श्रीसनत्सुजातीयभाष्यथी ગ્રહણ કરતાં રા. રા. ગૌરીશંકર વદે છે કે—

"त्यज धर्ममधर्मं च उभे सत्यानृते त्यज ।
उभे सत्यानृते त्यक्त्वा येन त्यजसि तत्त्यज ॥

અર્થઃ—હે શિષ્ય! શ્રુતિસ્મૃતિએ જે અર્થ વિધાન કરેલો તે ધર્મ; તથા શ્રુતિસ્મૃતિએ જે અર્થ નિષેધ કરેલો તે અધર્મ; તથા ચક્ષુરિંદ્રિયે કરીને જે વિષય કરેલો અર્થ તે સત્ય; તથા મને કરીને વિષય કરેલો જે અર્થ તે અનૃત એ સર્વને આત્મસ્વરૂપથી અનતિરિક્ત જાણીને ત્યાગ કર; વળી જે આત્માકાર વૃત્તિએ કરીને તું સત્યઅનૃતનો ત્યાગ કરે છે તે વૃત્તિનો પણ ત્યાગ કર, એટલે સર્વોપાધિરહિત શુદ્ધ બ્રહ્મમાત્ર હો." (પૃષ્ઠ ૩૫૦.)

બંધમોક્ષના સ્વરૂપવિષે રા. રા. ગૌરીશંકર श्रीयोगवासिष्ठના આધારે વદે છે કે—

"ज्ञानस्य ज्ञेयतापत्तिर्बन्ध इत्यभिधीयते ।
तस्यैव ज्ञेयताशांतिर्मोक्ष इत्यभिधीयते ॥

અર્થઃ—હે રામ! જ્ઞાનસ્વરૂપ આત્માને જે જ્ઞેયતાની આપત્તિ એટલે દૃશ્યતાની પ્રાપ્તિ તે બંધ કહેવાય છે; તથા એ

જ આત્માને જે જ્ઞેયતાની શાંતિ એટલે નિવૃત્તિ તે મોક્ષ કહેવાય છે." (પૃષ્ઠ ૩૬૨.) તદનન્તર ઉપસંહારના મંગલાચરણપૂર્વક તથા પૂર્વાચાર્યોને પ્રણતિપુરઃસર स्वरूपानुसंधान ગ્રન્થની સમાપ્તિ થાય છે.

એ ગ્રન્થ રા. રા. ગૌરીશંકરના વિસ્તીર્ણ મિત્રમંડલમાં તેમ જ અનેક સ્વદેશી તથા પરદેશી વિદ્વાનોને ઉપાયનરૂપે અર્પણ કરવામાં આવ્યો. તે સર્વે પત્રાદિદ્વારા તેનું યોગ્ય રીતે અભિનન્દન કર્યું.

"રા. રા. પરમસ્નેહી ભાઇશ્રી વજલભાઇ સાહેબ,

મુ. ભાવનગર.

"स्वरूपानुसन्धान" ગ્રન્થ ઉપર અભિપ્રાયો.

દિ. બા. મણિભાઈ જશભાઈ.

ભુજથી લિ. સેવક મણિભાઇ જશભાઇના યથાયોગ્ય. વિશેષ આપનો કૃપાભરેલો પત્ર પહોંચ્યો. તેમાં લખેલ મુરબ્બી શ્રીગગાભાઈ સાહેબે રચેલ स्वरूपानुसन्धान નામનું વેદાન્તતત્ત્વનું પુસ્તક પણ આવ્યું. એ પુસ્તક મને આપે સ્નેહભાવથી મોકલ્યા સબબ આપનો આભાર માનું છું. મુરબ્બી શ્રીગગાભાઇ સાહેબે વેદાન્તનાં તત્ત્વો ગુજરાતી કોમને સ્વાનુભવસિદ્ધાન્તથી જણાવવા કોશીશ કરી છે એ અત્યંત સ્તુતિપાત્ર છે, એટલું જ નહિ પણ રાજ્યકારભારનાં પ્રૌઢ કામોનાઅંતરાયમાં પોતે આવા ગહન વિષયમાં લક્ષ આપ્યુંછેતેની સ્પષ્ટ સાબીતી છે. આવા ગ્રન્થ એમના જેવા અનુભવી ગૃહસ્થને હાથે થાય એથી હાલની ઉછરતી પ્રજાને અનુપમ દાખલો મળે છે, અને આપણી સ્વજ્ઞાતિના ગૃહસ્થોને એમના શુભ નામથી મગરૂર થવાનું છે . . . .

તા. ૨૪ જુલાઈ ૧૮૮૪.

લિ. શુ. સે. મણિભાઈ જશભાઇના પ્રણામ."

૪૫૮ શ્રીમાન્ ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઇ.

"મુંબઈ, ગિરગામ, ચિનાબાગ,

સંવત્ ૧૯૪૦ના આષાઢ સુદિ ૧૧ ગુરુ.

રા. રાજશ્રિયા વિરાજિત, શુભગુણગણાલંકૃત, પરમ વિવેકી, સુજ્ઞ ગૌરીશંકર ઉદયશંકર,

નિ. ભાવનગર.

શ્રીમુંબઇથી લિ. સેવક મનઃસુખરામ સૂર્યરામના સચ્ચિદાનન્દસ્મરણપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સેવામાં પ્રવિષ્ટ થાય.

રા. રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી.

વિનંતિ કે આપનું કૃપાપત્ર તથા "સ્વરૂપાનુસન્ધાન"નાં પ્રુફે આવ્યાં હતાં અને હાલમાં એ સંપૂર્ણ ગ્રન્થની પ્રતિ ૧ આવી એ સર્વ પહોંચ્યાં. તે સંબંધમાં આભારયુક્ત અંતઃકરણથી મારૂં અભિનન્દન આપની સેવામાં પહોંચે જી.

આપની ઇચ્છાનુસાર એ ગ્રન્થ સાદ્યન્ત હું વાંચી ગયો છું. આપની અસાધારણ સ્મરણશક્તિ તો પ્રસિદ્ધ જ છે; અનેક મહાત્માનો આપને સત્સમાગમ થયલો, અને સર્વોત્કૃષ્ટ વેદાન્તશાસ્ત્રમાં આપની અભિરુચિ, તેથી તે વિષે આપે જે દૃઢ શ્રવણાદિક કરેલું તેના ફલરૂપ એ "સ્વરૂપાનુસન્ધાન" ગ્રન્થ લોકના હિતાર્થે અને ઉપયોગાર્થે આપે પ્રસિદ્ધ કર્યો તેથી લોકોપકાર થયો છે જી.

આપના જેવા રાજ્યપ્રસંગમાં એક સર્વોપરિ પ્રધાન, અનેક ઉપાધિ છતાં, શ્રદ્ધાપૂર્વક આત્મજ્ઞાન સંપાદન કરવા પૂર્વાવસ્થામાંથી જ પ્રયત્ન કરે એ જ પ્રથમ તો વિરલતા છે. તેમાં વળી સંપાદિત વિદ્યાને લોકોપયોગસારૂ ગ્રન્થદ્વારા પ્રસિદ્ધ કરે એ તો વિશેષ દુર્લભતા છે, તેથી એ પ્રયત્ન ખરેખર પ્રશંસનીય છે.

આ દેશના ઉદયકાલમાં પૂર્વે સર્વોપરિ બ્રહ્મવિદ્યાના ઉપદેશકો રાજ્યવર્ગી પુરુષોમાં અજાતશત્રુઆદિ રાજાઓ અને

મધ્યકાલમાં માધવસાયણાદિ પ્રધાનો થયા છે. પરંતુ આધુનિક કાલમાં તો આપ જેવાએ ઉત્તમોત્તમ વિદ્યાના ઉપાસક જોઈ દેશાભિમાનીઓને સંતોષાનન્દ થવાનું કારણ છે.

સ્વરૂપાનુસન્ધાન એટલે પોતાના (પારમાર્થિક) રૂપનું અન્વેષણ અથવા ચિન્તન, આપે જે રીત્યા અનુભવેલું તે આ ગ્રન્થમાં પ્રકટ કર્યું છે. તેમાં આપે જે જે પ્રક્રિયાઓ લખી છે તે શાસ્ત્રીય, પ્રામાણિક અને આચારિક છે જી.

આપણા મનુષ્યોના પરમગુરુ શ્રીમત્ શંકરાચાર્યના પુરુષાર્થપ્રદ અમર ગ્રન્થોના (वाक्यसुधाઆદિ પ્રકરણ ગ્રન્થોથી તે પ્રસ્થાનત્રયનાં ષોડશ ભાષ્યોસુધી બધાના) થોડા ઘણા વિચારો આપના ગ્રન્થમાં આવી જાય છે; અને કેવો સારો તાત્પર્યાર્થ આપના સમજવામાં છે એ તેમાં પ્રકાશે છે.

જીવ, ઈશ, શુદ્ધ ચેતન, અજ્ઞાન, અજ્ઞાન તથા શુદ્ધ ચેતનનો સંબંધ, અને જીવઈશ્વરનો શુદ્ધ ચેતનસાથે ભેદ—એ અનાદિ ષટ્પદાર્થવિષે, જીવની મુક્તિના સાધનચતુષ્ટયવિષે, તથા જીવન્મુક્તિવિષે ન્યૂનાધિક વિચારો પ્રસંગોપાત્ત આપના "સ્વરૂપાનુસન્ધાન"માં આવી ગયા છે જી. જેને શાસ્ત્રના સંસ્કાર હોય તેને દૃગ્દૃશ્યનો વિચાર કરવામાં આપનો ગ્રન્થ સારો સાહાય્યકારી થવાનો.

જીવન્મુક્તિનું સુખ આપ ભોગવો એવી ઈશ્વરને પ્રાર્થનાસહિત આ પત્ર સમાપ્ત કરૂં છું. સુજ્ઞ જનોને ઉપાધિ છતાં પણ એ દશા અતિ દુર્લભ નથી, તો આપને તો બહુ પ્રકારે ઈશ્વર કૃપાથી અનુકૂલતા છે.

આપ જાણો જ છો કે શ્રીશંકરભગવાન્ उपदेशसाहस्री માં વદે છે કેઃ—

> क्षीरात्सार्पिर्यथोद्धृत्य क्षिप्तं तस्मिन्न पूर्ववत् ।
> बुद्ध्यादेर्ज्ञस्तथाऽसत्यान्न देही पूर्ववद्भवेत् ॥

વિ. મનઃસુખરામ સૂર્યરામ."

"બ્રહ્મનિષ્ઠ રા. રા. ગૌરીશંકર ઉદયશંકર ઓઝા,

ભાવનગર.

શાસ્ત્રી કરુણાશંકર ઇંદ્રજી.

જુનાગઢથી લિ. કરુણાશંકર ઇંદ્રજીના આશીર્વાદ. વિશેષ આપે રચેલો स्वरूपानुसन्धान ગ્રંથ આપે મોકલ્યો તે વાંચી મને ઘણો સંતોષ થયો છે. આ ગ્રન્થ રચી આપે સંસ્કૃત ભાષાથી અજાણ્યા ગુજરાતીઓની સારી સેવા બજાવી છે. હાલ કાળે સંસ્કૃત ભાષાનો હ્રાસ થતો જાય છે માટે આવા ગ્રન્થોની જરૂર છે . . . . . આપે પ્રક્રિયાઓ એવી રીતે ગોઠવી છે કે જો કોઈ ચિત્ત દઈ વાંચે તો માત્ર શાસ્ત્રાર્થને બાદ કરતાં કોઈ વેદાન્તની બાબત જાણવામાં બાકી રહે નહિ. આપ જેવા પુરુષો આવા ગ્રન્થો પ્રકટ કરી ભરતવર્ષવાસીઓને પોતાના જ્ઞાનનો લાભ આપે એમ ઈશ્વર પાસે માગું છું. તા. ૧-૯-૮૪."

"आर्यधर्मप्रकाश."

" સ્વરૂપાનુસન્ધાન " નામનું ગુજરાતી ભાષા અને બાળબોધ લિપિથી છપાયલું પુસ્તક " આર્યધર્મપ્રકાશ " ને મળ્યું તે ઉપકારસહિત માન્ય કરવામાં આવ્યું છે. આ પુસ્તક ભાવનગરના માજી દીવાન રા. રા. ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ.—એમણે રચ્યું છે. જેમણે ભાવનગરના રાજ્યની લગામ હાથમાં લઈ તે રાજ્યની અને પોતાની કીર્તિ ચારે ફોરે ફેલાવી દીધી છે એવા એક રાજ્યકાર્ય કરનારા પુરુષે આત્મસ્વરૂપ ઓળખવા સંબંધી આ એક પ્રૌઢ પુસ્તક લખી પોતાનું શાસ્ત્રીય વિષયમાં પણ તેવું જ ઉત્તમ જ્ઞાન બોધસહિત દેખાડી આપ્યું છે એ અતિઆનંદની વાત છે (સંવત્ ૧૯૪૧.)"

"રાજકોટ, તા. ૩ સપ્ટેંબર ૧૮૮૪.

સદા મહેરબાન, રાજમાન રાજ્યશ્રી ભાઇ વજેશંકરજી,

મુ. ભાવનગર.

રા. રા. નવલરામ લક્ષ્મીરામ.

આપ સાહેબે મહિના એક ઉપર "સ્વરૂપાનુસન્ધાન"ની એક પ્રત મને ભેટ મોકલી હતી તેથી મારા ઉપર ઘણો ઉપકાર થયો છે, અને તેને હું આપની સદા મહેરબાનીની એક નિશાની જ સમજું છું. આપણા તીર્થરૂપની એ કૃતિ જોઇ મને કેટલું સાનંદાશ્ચર્ય લાગ્યું તે આજ રોજ મેં "ગુજરાત શાળાપત્ર"ની જે નકલ બુકપોસ્ટની માર્ફતે આપને ભેટ મોકલી છે તેમાં "ગ્રંથકારરૂપે રા. રા. ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઇ" એ મથાળા હેઠે લખેલો વિષય વાંચવાથી કંઇક માલમ પડશે.

તીર્થરૂપના વેદાન્તજ્ઞાનવિષે ઘણું અમે સાંભળતા હતા. પણ આ સ્થલે તેમણે તે સઘળું મૂર્તિમાન્ કર્યું છે. ઈશ્વર એવા પુરુષને પૂર્ણ દીર્ઘાયુ કરો કે એમની અપૂર્વ બુદ્ધિનો લાભ ભાવનગરને જ નહિ પણ આખા મુંબઈ ઇલાકાને મળતો કાયમ રહે, અને ગુર્જર ભૂમિના યશમાં એવા રત્નપુત્રથી ઉત્તરોત્તર વધારો થયા જ કરે. તથાસ્તુ.

લિ. આપનું સદા શુભચિંતક સેવક

નવલરામ લક્ષ્મીરામના

સ્નેહપૂર્વક પ્રણામ."

"ગ્રંથકારરૂપે રા. રા. ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઈ.

"ગુજરાત શાળાપત્ર."

ભાવનગરના માજી દિવાન, અને મુંબઈ ઇલાકાખાતે હિંદુસ્તાનના આ એક મોટા રાજનીતિજ્ઞ પુરુષે ગ્રંથકારરૂપે દેખાવ આપી આખી પ્રજામાં સાનંદાશ્ચર્ય ઉત્પન્ન કર્યું છે. એ ગુર્જરરત્નની અસાધારણ રાજ્યપ્રકરણી બુદ્ધિનું તો પ્રત્યક્ષ પ્રમાણ ભાવનગરની વર્તમાન સ્થિતિ જ છે કે જે, જ્યારે એમના હાથમાં આવ્યું ત્યારે ગણ્યાં ગાંઠ્યાં થોડાં જ ગામનું નાનું સરખું એક અજાણ્યું રાજ્ય હતું, અને હાલ તે કાઠિયાવાડમાં પહેલા વર્ગનું, સુધારાવધારામાં સૌથી આગળ પડતું, અને રાજાપ્રજાની આબાદીમાં નમુનાલાયક રાજ્ય સરકાર સુધી મનાઇ ચૂક્યું છે. રાજ્યશ્રી ગગાભાઇનું નામ યૂરોપમાં પણ અજાણ્યું નથી. પાર્લામેન્ટમાં પ્રસંગોપાત્ત એમની રાજ્યપ્રકરણી બુદ્ધિનાં હર્ષભેર વખાણ થયલાં છે. પણ હાલ "સ્વરૂપાનુસન્ધાન" એ નામનું એક સમર્થ પુસ્તક વેદાન્ત જેવા ગહન વિષયઉપર લખી એ ગૃહસ્થે પોતાનો પારમાર્થિક અભ્યાસ, અદ્ભુત સ્મરણશક્તિ, તથા વૃદ્ધાવસ્થામાં પણ અખંડિત ઉદ્યોગ એ નિર્વિવાદ પણે જાહેર કર્યા છે."

પંડિત શ્રીગટ્ટુલાલજી.

"તમે સ્વકૃત 'स्वरूपानुसन्धान' પુસ્તક વિપ્ર ભવાનીશંકરહસ્તક મને મોકલાવ્યું તે પ્રમોદમહોદધિપ્લવમાનમાનસ થઇ મેં સાદર સ્વીકાર્યું છે. . . . . આ ગ્રંથમાં ઠેકાણે ઠેકાણે અનેક ઉપનિષદ્વાક્યો તથા ગીતાદિ સ્મૃતિવાક્યો એવા સુંદર અનુક્રમથી ગોઠવ્યાં છે કે એકનો અર્થ સમજ્યા પછી ઉઠતી આશંકાનું નિવારણકારણ તરત મળી આવે. . .

અંતે એટલું જ કહું છું કે કેવલાદ્વૈતપ્રકાશાવલીની આશા ધરનાર ધીર પુરુષોએ આ સ્વરૂપાનુસન્ધાન અમોલ્ય રત્ન નિરંતર હૃદયમાં તથા કંઠમાં ધારવું જોઇએ. આ ગ્રંન્થ રચવામાં તમારો શ્રમ સારી રીતે સફલ થયો છે, તેથી આ ગ્રન્થદ્વારા તમારી કીર્તિ મહીમંડળમાં અખંડ ઉદ્દંડ જાગરૂક રહો એમ આશીર્વાદ."

"POONA, 9*th July* 1884.

MY DEAR AND ESTEEMED FRIEND,

I had much pleasure in receiving your letter and also the book which you were kind enough to send me. I was glad to see in this book a proof that your intellectual powers are as vigorous as ever, and that you find pleasure in literary pursuits. I wish I had more leisure for the same. Official duties appear day by day to grow heavier, and to leave less time for any private concerns. . . .

Ever your attached friend,

J. B. PEILE."

"પુણા, ૯ જુલાઇ ૧૮૮૪.

મારા પ્રિય અને સંમાન્ય મિત્ર,

જે. બી. પીલ સાહેબ.

આપનો પત્ર તથા આપનું રચેલું પુસ્તક જે આપે કૃપા કરી મોકલ્યું તે મળ્યાથી મને ઘણી ખુશી થઇ. આપની બુદ્ધિ હજી સુધી અતિસમર્થ છે, તથા સાહિત્યના વિષયમાં આપને રસ પડે છે એ જોઇ મને બહુ આનંદ થયો. એમ કરવાને મને પણ ફુરસદ મળે એમ હું ઇચ્છું છું, પરંતુ સરકારી કામનો

ઓજો પ્રતિદિન વધતો જાય છે, અને ખાનગી કામને માટે નિવૃત્તિ ઓછી રહે છે. . . .

આપનો સદા સ્નેહાસકત મિત્ર,

જે. ઓ. પીલ.”

“ UPLETA, *7th July* 1884.

MY DEAR GOWRISHANKAR,

Many thanks for the handsomely-bound volume of Vedanta Philosophy which you have just published. I must confess surprise at the activity of your mind, when most of us have lost the energy to attempt to unravel the metaphysical problems with which your book deals. I hail your book as a sign of the continued vigour of your mind and body, and hope that you will long continue a temporal as well as spiritual adviser to those around you. . . .

I am,

Your sincere friend,

J. M. HUNTER.”

“ ઉપલેટા, ૭ જુલાઇ ૧૮૮૪.

મારા પ્રિય ગૌરીશંકર,

જે. એમ. હન્ટર સાહેબ.

આપે પ્રસિદ્ધ કરેલું વેદાન્તશાસ્ત્રસંબંધી સુંદર બાંધણી-વાળું પુસ્તક મને મળ્યું તેથી આપનો ઘણો આભાર માનું છું. આપના ગ્રન્થથી પ્રતિપાદન કરાયલા અતીન્દ્રિય ગૂઢ વિષય સમજવાની શકિત જે અવસ્થામાં અમારામાંના ઘણા ખરા ખોઇ બેસે છે

તે અવસ્થામાં (વૃદ્ધાવસ્થામાં) આપનું બુદ્ધિસામર્થ્ય આટલું બધું જોઇ હું ખચીત વિસ્મય પામ્યો છું. આપનાં તનમનની શક્તિની અક્ષીણતાના ચિહ્નરૂપે આપના ગ્રન્થનો હું સત્કાર કરૂં છું અને આશા રાખું છું કે આપની આસપાસના માણસોને પારમાર્થિક તેમ જ વ્યાવહારિક બાબતમાં સલાહ આપવાનું આપ લાંબા વખત સુધી જારી રાખશો. . . . .

હું છું,

આપનો પ્રામાણિક મિત્ર,

જે. એમ. હન્ટર."

પોતાના વિશાલ સંસ્કૃતજ્ઞાનને લીધે, આર્યશાસ્ત્રોઉપર શ્રદ્ધાને લીધે, ઉત્કૃષ્ટ પંક્તિની સાક્ષરતાને લીધે, તથા અનુકરણીય સુજ્ઞ સ્વભાવને લીધે સમસ્ત ભૂમંડલ ઉપર ઉજ્જવલ કીર્ત્તિને પામેલા ભટ્ટ મૅક્સ મ્યૂલર વિલાયતથી स्वरूपानुसन्धान માટે નીચે પ્રમાણે લખે છે :—

"7, NORHAM GARDENS,

OXFORD, *5th December* 1884.

DEAR SIR,

I have to thank you for your kind letter and for your valuable present, *The Svarupânusandhâna.*

If you had sent me a necklace of precious stones, it might have been called a magnificent present; but it would not have benefited myself, my true *Atman.* The necklace of precious sentences which you have sent me has benefited myself, my true *Atman,* and I therefore consider it a far more magnificent pre-

sent than stones or pearls. Besides in accepting them I need not be ashamed, for they become only truly my own, if I deserve them, that is, if I really understand them. While we are still in our first and second *As'rama*, we must differ from one another according to the country in which we have been born, according to the language we speak, and according to the *Dharma* in which we have been educated. But when we enter into the third and fourth *As'ramas*, we differ no longer: ज्ञात्वा देवं सर्वपाशापहानिः।

Though in this life we shall never meet, I am glad to have met you in spirit, and remain in true sympathy

Yours gratefully and sincerely,

F. MAX MÜLLER."

" ૭, નૉરહેમ ગાર્ડન્સ,

ઓક્સફર્ડ, ૫ ડીસેમ્બર ૧૮૮૪.

પ્રિય સાહેબ,

આપના કૃપાપત્ર તથા स्वरूपानुसन्धानની કીમતી ભેટમાટે હું આપનો આભાર માનું છું.

આપે મારા ઉપર બહુ મૂલ્યવાળી મણિમાલા મોકલી હોત તો તે એક સુંદર ઉપહાર કહેવાત, પરંતુ તેથી કંઇ મારી જાતને, મારા પારમાર્થિક આત્માને લાભ થાત નહિ. જે મહાર્હ વાક્યોની માલા આપે મારા ઉપર મોકલી છે તેથી મારી જાતને, મારા ખરા આત્માને લાભ થયો છે, અને તેથી મણિમાલા અથવા મોતીના હાર કરતાં એ ઉપહારને હું બહુ સુંદર ગણું છું. વળી તેને સ્વીકારતાં મારે શરમાવાનું પ્રયોજન નથી, કારણ કે જો હું

તેને પાત્ર થાઉં, અર્થાત્ તેને વસ્તુતઃ સમજું તો તે ઉપહાર મારો જ થઈ રહે છે.

જ્યાંસુધી આપણે પ્રથમ તથા દ્વિતીય આશ્રમમાં છીએ ત્યાંસુધી દેશપરત્વે, ભાષાપરત્વે, તથા ધર્મપરત્વે આપણો પરસ્પર ભેદ રહે છે. પરંતુ જ્યારે આપણે ત્રીજા તથા ચોથા આશ્રમમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે તો આપણી વચ્ચે કશો ભેદ રહેતો નથીઃ શ્રુતિ કહે છે કે

'ज्ञात्वा देवं सर्वपाशापहानिः'

'બ્રહ્મજ્ઞાનથી સર્વ બંધનોનો અંત આવે છે.'

જો કે આ જીંદગીમાં આપણે કદાપિ મળવાના નથી, તથાપિ આપનો આધ્યાત્મિક સમાગમ થવાથી મને આનંદ થયો છે, અને સત્ય સ્નેહપૂર્વક હું રહું છું

આપનો ઉપકૃત અને પ્રામાણિક,

એફ. મેક્સ મ્યૂલર."

વેદશાલાસ્થાપન.

વ્યવહારમાં જેમ રા. રા. ગૌરીશંકરે અનેક દુર્ઘટ કાર્યોની ઘટનાથી પોતાની રાજ્યભક્તિને સિદ્ધ કરી હતી તેમ પરમાર્થમાં પણ તેઓની ધર્મનિષ્ઠા અપ્રકટ રહેવા પામી નહિ. વિપ્રવર્ગને પુરાતન વેદધર્મ-ઉપર મંદાસ્થાયુક્ત જોઈ રા. રા. ગૌરીશંકરને બહુ અસંતોષ રહેતો હતો, અને રા. બિહારીલાલ નથનીરામ (મથુરાના વડનગરા નાગર અને કચ્છના માજી દીવાન) જેવા વૈદિક ધર્મનિષ્ઠ પુરુષના સમાગમમાં તત્સંબંધી ચર્ચા ચાલતાં તે અસંતોષની લાગણી પ્રસંગે પ્રસંગે બહુ ઉદ્દીપ્ત થતી હતી. આ અસંતોષને દૂર કરવાના ઉપાયોનું રા. રા. ગૌરીશંકર ચિંતન કર્યા કરતા હતા. અંતે સંવત્ ૧૯૪૧ ના ફાલ્ગુન

સુદિ ૬ શુક્રવાર તારીખ ૨૧ ફેબ્રુઆરી ૧૮૮૫ ને દિવસે તેઓએ સ્વહસ્તે વેદશાલાનું સ્થાપન કર્યું. ભિન્ન ભિન્ન વેદોના અધ્યાપનાર્થે ચાર પ્રવીણ ગુરુઓ રાખવામાં આવ્યા. આ પુણ્ય વૃત્તાન્ત પ્રસિદ્ધ થતા વારને જૂનાગઢ, પ્રભાસ, કરનાળી, તથા ગુજરાતનાં કેટલાંક ગામોવગેરે દૂર પ્રદેશથી વેદ ભણવા ઇચ્છનાર સંખ્યાબંધ વિદ્યાર્થીઓનું ભાવનગર પ્રતિ પ્રેરણ થયું. સંધ્યા, રુદ્રી, સંહિતા, પદ, બ્રાહ્મણ, સૂત્રઆદિનું અધ્યયન વેદશાલામાં કરાવવામાં આવતું. કેટલાક વિદ્યાર્થીઓએ આપાતતઃ વિદ્યાસંપન્ન થઇ શાલા છોડી, અને કેટલાક પરિપકવ અભ્યાસ થતા પર્યન્ત અવસ્થિતિ કરી રહ્યા. વિદ્યાર્થીઓની સામયિક પરીક્ષા લેવામાં આવતી, અને તેના પરિણામપ્રમાણે યોગ્ય વિદ્યાર્થીઓને વેતન તથા પારિતોષિક અર્પણ કરવામાં આવતાં. ગાયકવાડી રાજ્યની વેદપરીક્ષામાં વિજયી નીવડવાથી કેટલાકને ત્યાંથી પણ ઉત્તમ પ્રમાણપત્રો મળ્યાં.

સુરાષ્ટ્રના શ્રદ્ધાલુ અધિકારીઓએ તથા ભાવિક સદ્ગૃહસ્થોએ એ પ્રશસ્ય સંસ્થાને તનુબલથી, મનોબલથી અને ધનબલથી ઉત્તેજન આપ્યું. તેના સ્થાપી અધ્યક્ષરૂપે રા. રા. વિજયશંકર કામ કરતા. પ્રતાપી તથા પ્રતિષ્ઠિત પિતાના અનુરૂપ જ્યેષ્ઠ પુત્ર તેઓ અદ્યાપિ વેદશાલાસંબંધી કાર્યને પોતાના પરમ ધર્મરૂપ માની બહુ આગ્રહપૂર્વક ઉત્સાહથી, અને પ્રસન્નતાપુરઃસર કરે છે. શાલાપરત્વ નીચે પ્રમાણે વ્યય રા. રા. ગૌરીશંકરદ્વારા કરવામાં આવતો હતો, અને હજી તેમના વંશજોથી કરાય છે :—

રૂા. ૮૦૦) ચાર ગુરુઓના.
રૂા. ૨૪૦) વિદ્યાવેતન.
રૂા. ૧૨૦) ઘરભાડું.
રૂા. ૨૪) પાણીવાળાને.
રૂા. ૨૪) પરચુરણ.

કુલ રૂા. ૧,૨૦૮) વાર્ષિક.

શ્રીગૌરીશંકરવેદશાલાની વાર્ષિક પરીક્ષાના સમયે એક પ્રસંગે મહારાજા શ્રીતખ્તસિંહજી પધાર્યા હતા. વેદશાલાનું કામ સારી રીતે ચાલતું જોઈ તેઓ બહુ પ્રસન્ન થયા, અને સ્વહસ્તે ગુરુઓને તથા વિદ્યાર્થીઓને પરિતોષિક આપી પ્રતિવર્ષ પરીક્ષામાં રૂ. ૧૦૦) ઇનામના આપવા ઠરાવ કર્યો. એ રકમ ભાવનગરના નામદાર મહારાજાશ્રીના નામથી અદ્યાપિ અપાય છે.

શ્રીગૌરીશંકરવેદશાલા સ્થાપન થઈ ત્યારથી તે સંવત્ ૧૯૫૭ ભાદ્રપદ સુદિ ૨ સુધીમાં તે શાલામાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓએ અભ્યાસ કર્યો છેઃ—

ઋગ્વેદમાં	૯૨	વિદ્યાર્થીઓ.
યજુર્વેદમાં	૨૬૪	”
સામવેદમાં	૧૩૦	”
અથર્વવેદમાં	૨૦	”
એકંદર	૫૦૬	વિદ્યાર્થીઓ.

વિદ્યાર્થીઓને પારિતોષિક આપવા અર્થે વેદશાલાના વાર્ષિક સમારંભ થતા. તે સમયે જૂના તથા નવા વિચારના બહુસંખ્ય સામાન્ય પુરુષો તથા સંભાવિત સજ્જનો ત્યાં એકત્ર થતા. તેવા એક પ્રસંગે કવિ ભવાનીશંકર નરોત્તમ દ્વિવેદીએ નીચે પ્રમાણે કવિતા રચી શ્રોતૃમંડલનું મનોરંજન કર્યું હતુંઃ—

“ વિપ્રોને વેદાધ્યયનાર્થ વિજ્ઞપ્તિ.

પદ્ય.

ભૂદેવો ! ભાવેથી વેદ ભણો, ભાવેથી વેદ ભણો—ભૂદેવો !
શુદ્ધ સ્વધર્મનો હ્રાસ થયેથી, વધ્યો અધર્મ ઘણો—ભૂદેવો !
વેદાધ્યયનાદિક મુખ્ય કર્મ, (આ) ધર્મ છે વિપ્રતણો— ભૂદેવો !
ખાઇ મિષ્ટાન્નો પશુસમ પડવાં, એ ધર્મ નહિ આપણો—ભૂદેવો !

દૂર પ્રમાદને કરી પ્રીતેથી, સુખના સોપાન ચણો—ભૂદેવો !
અતિ ઉત્કૃષ્ટ તે બન્યા નિકૃષ્ટ, વધ્યે અધર્માચરણો—ભૂદેવો !
વેદવિના તો ભેદ ભ્રમાવે, (આ) ખેદ સમૂળ ખણો—ભૂદેવો !
વેદવિહીન રહ્યો દ્વિજ જે છે, તેને તો અધમ ગણો—ભૂદેવો !
વેદ ભણી બ્રાહ્મણત્વ પામો, થઇએ પવિત્ર બ્રાહ્મણો—ભૂદેવો !
સ્થાપી શ્રીગૌરીશંકરે શાળા, કરો સાર્થક દ્વિજગણો—ભૂદેવો !
ધર્મોદ્ધારાર્થે સ્થાપીને, કીધો આભાર ઘણો—ભૂદેવો !
જય જય ચાહીએ સઉ જન સાચે, સ્થાપનકર્તાતણો—ભૂદેવો !
આ શાલા ઈશ રાખો ચિરાયુ, લાભ મળો લક્ષગણો—ભૂદેવો !
ભવાની આ ભલી તક ન ભૂલી જતાં, ઓ ભાઇઓ ભણો રે
ભણો—ભૂદેવો !"

સંન્યાસગ્રહણાર્થ નિશ્ચય.

પોતાના અંતઃકરણની સ્વાભાવિક ધર્મનિષ્ઠાના પ્રભાવથી તેમ જ મહાત્માઓના સમાગમ તથા સત્શાસ્ત્રોના પરિશીલનથી અધિક સત્ત્વબલ પામેલા રા. રા. ગૌરીશંકરે, પોતાના શરીરની અધિક શિથિલતા થતાં, વિચાર કર્યો કે "વ્યાવહારિક રાજ્યકાર્યાદિક ઉપાધિઓ કર્યા કરીએ તો જીવનપર્યન્ત પહોંચે એમ છે. વેદશાસ્ત્રની આજ્ઞાપ્રમાણે વૃત્તિની અંતર્મુખતાથી જીવન સાર્થક ન કરતાં પ્રમાદમાં જ શરીરપાત થઈ જાય તો પછી આટલો સમય સત્શાસ્ત્રશ્રવણાદિ કર્યું અને તેથી જે કાંઇ સમજ્યા તે સઘળું વ્યર્થ જ ગયું. વૃદ્ધોનું પણ એવું વચન છે કે :—

'जातीशतेषु लभते किल मानुषत्वं तत्रापि दुर्लभतरं खलु भो द्विजत्वम् ।
तद्यो न पालयति लालयतीन्द्रियाणि तस्यामृतं क्षरति हस्तगतं प्रमादात् ॥

વળી શાસ્ત્રની એવી આજ્ઞા છે કે પુત્રને ઘેર પુત્ર થાય ત્યારે સંન્યાસ લેવો. પૂર્વ સુકૃતવશાત્ મનુષ્યશરીર, તેમાં પણ ઉપર કહ્યા પ્રમાણે મને બ્રાહ્મણશરીર, અને તેમાં પણ વેદાન્ત-

શાસ્ત્ર ઉપર અનુરાગ પ્રાપ્ત થયો છે. એ સર્વ શ્રેષ્ઠતાની પ્રાપ્તિ આ શરીરે કરીને થઇ, માટે આ શરીરનો આપણા ઉપર કાંઇ ઓછો ઉપકાર નથી. એ ઉપકારના બદલામાં એ શરીરને શાસ્ત્રવિધિથી સંસ્કારવાળું કરવું અવશ્યનું છે. સંન્યાસ ગ્રહણ કરવાથી તે સંસ્કારવાળું થાય છે તેથી તે માટે મારે તૈયાર થવું જોઇએ."

એ પ્રમાણે રા. રા. ગૌરીશંકરનો સંન્યાસ ગ્રહણ કરવાનો નિશ્ચય થતાં તદર્થ માંગલિક મુહૂર્ત નિર્ણીત કરવામાં આવ્યું. પોતાના વ્યાવહારિક સેવ્ય મહારાજા શ્રીતખ્તસિંહજીપ્રતિ રા. રા. ગૌરીશંકરે નીચે પ્રમાણે છેલ્લો પત્ર લખ્યો :—

મહારાજા શ્રીતખ્તસિંહજી પ્રતિ અંતિમ પત્ર.

"સંસ્થાન ભાવનગરના નેક નામદાર મહારાજા રાઓળ શ્રી સર તખ્તસિંહજી બહાદુર, જી. સી. એસ. આઈ. ની પવિત્ર સેવામાં—

નમ્રતાપૂર્વક વિનંતિ કરવાની કે આપ નામદાર સાહેબને વિદિત થયલું છે કે હાલમાં મારી પ્રકૃતિ વ્યાધિ તથા વયને લીધે પ્રતિદિવસ ક્ષીણ પડતી જાય છે અને આ ક્ષણભંગુર દેહનો બહુ ભરોસો નથી. વળી આપણા શાસ્ત્રોની આજ્ઞાનુસાર બ્રાહ્મણોએ ચોથો આશ્રમ ગ્રહણ કરવો જોઇએ, એટલે કે સંન્યસ્ત ગ્રહણ કરવું તે પ્રમાણે મારી પૂર્ણ ખુશીથી મેં આવતી કાલે સંન્યસ્ત ધારણ કરવાનો નિશ્ચય કરેલો છે. એ રીતે સંસારની વૃત્તિઓને ત્યાગ કરી એ આશ્રમમાં પ્રવેશ કર્યા પહેલાં નીચેની હકીકત આપ નામદારના ધ્યાન ઉપર લાવવાની રજા લઉં છું.

મારી વય નોકરી કરવા લાયક થઈ ત્યારથી તે હું નોકરીથી વિરકત થયો ત્યાંસુધી આપના માનવંતા વડીલો મહારાજા શ્રીવિજયસિંહજી અને અખેરાજજી, તથા આપના કીર્તિવંત કૈલાસવાસી પિતા શ્રી સર જશવંતસિંહજી અને છેવટે આપ પુણ્યશાલી અને માનવંતા નામદારની હજુરમાં પણ મેં યથા-

શક્તિ સેવા બજાવેલી છે. તેમ જ હું નોકરીથી વિરક્ત થયા-નંતર આજ પર્યન્ત આપ નામદાર સાહેબે તથા આપના માજી દીવાન મારા પ્રિય ભાણેજ ભાઈ સામલદાસ અને તેમના સુજ્ઞ પુત્ર ચિરંજીવી વિઠ્ઠલદાસ આપ નામદારના હાલના દીવાને મારી સલાહ જે જે વખત પૂછેલી તે તે વખતે તથા મારી સ્વેચ્છાથી મારે જે જે સૂચનાઓ કરવા યોગ્ય હતી તે તે વખતે મેં સલાહ અને સૂચનાઓ આપેલી છે, જો કે આપ નામદારે એ સર્વ વાત સ્વીકારી મને એ બાબત માન આપેલું છે એ સર્વ વાતને માટે હું આપનો ઘણો જ આભારી છું.

ભાવનગરનું રાજ્ય પ્રતિવર્ષ તેના દરેક માનવંતા રાજ્ય-કર્તાઓના વખતમાં ખ્યાતિને પામતું આવેલું છે, અને છેવટે આપ નામદારના બુલંદ નસીબથી કરીને તેની મહત્તા અને કીર્તિ એટલી બધી વધેલી છે કે તે આખા કાઠિયાવાડમાં સર્વ કરતાં શ્રેષ્ઠ ગણાયેલ છે, અને આપ નામદાર સાહેબે લીધેલી કેળવણીથી અને ઈશ્વરકૃપાથી આપનામાં સર્વ પ્રકારની સદ્‌ગુણ-આદિ યોગ્યતા પ્રાપ્ત થઈ છે. નામદાર બ્રિટિશ સરકાર તર-ફથી સર્વોત્તમ માન મેળવવામાં આ પ્રાન્તમાં સર્વથી પહેલે નંબરે આપ નામદાર સાહેબ છો, એટલું જ નહિ પણ નામદાર સર-કારના મહોટા અમલદારો તરફથી આપની વારંવાર શ્રેષ્ઠ પ્રશંસા થયલી છે અને થાય છે. તેથી મારી સાંસારિક અવસ્થાનું યથાર્થ સાર્થક થયલું છે એમ હું સમજું છું અને તે સર્વ વાતથી મને અત્યંત હર્ષ અને સંતોષ પ્રાપ્ત થાય છે.

છેવટે હાલ હું ઘણી ખુશીની સાથે વિનંતિ કરૂં છું કે સર્વશક્તિમાન્ પરમેશ્વર આપ નામદારની સત્કીર્તિ, સત્સંતતિ અને સંપત્તિમાં હમેશ વૃદ્ધિ કરે, અને તે સાથે આપ દીર્ઘા-યુષ્ય ભોગવો એવો મારો અંતઃકરણપૂર્વક આપ નામદાર સાહેબના પ્રત્યે આશીર્વાદ છે.

આ જગોએ મારે આપ નામદાર સાહેબને એ ભલામણ કરવાની અગરજો જરૂર રહેતી નથી કેમકે મને ખાતરી છે કે

આપ નામદારની હજુરમાં મારા પુત્રો તથા મારા સહકુટુંબીઓ કામ કરે છે તેઓના ઉપર જેવી કૃપા રાખી સંભાળ રાખતા આવેલા છો તેવી જ રાખશો. થયલી સેવાની યથાસ્થિત કદર જાણવી એ ખાસ ગુણની ભાવનગરના માનવંતા ઉત્તરોત્તર થયલા રાજ્યકર્તાઓમાં ઈશ્વરી બક્ષીસ થયલી છે. અને તેઓ સર્વને મેં ખાસ રીતે ભલામણ કરેલી છે કે હાલ સુધી તેઓ વફાદારીથી અને એકનિષ્ઠાથી રાજ્યની નોકરી કર્યે જાય છે તે જ પ્રમાણે વર્તે જાય. વળી આપ નામદાર સાહેબને વધારે નમ્રતાપૂર્વક કહેવાની રજા લઉં છું કે મારી જ્ઞાતિના સર્વ ગૃહસ્થોની ખ્યાતિ તે આપ નામદારની કૃપાનું સુચિહ્ન છે, અને એઓને શોભાવવામાં આપની જ વડાઈ છે. તે પ્રમાણે આપ મેહેરબાની રાખી નિભાવતા જશો એવો મને પક્કો ભરોસો છે.

આપ આરોગ્ય રહી ચિરંજીવી રહો એવી ઈશ્વર પાસે મારી અહર્નિશ પ્રાર્થના છે. અને મારાથી યથાશક્તિ આ રાજ્યની જે સેવા થઈ છે, તેને માટે આપ નામદાર સાહેબ તથા આપના વડીલો તરફથી મારો જે ઉત્તમ સત્કાર થયો છે તેના સંબંધમાં પણ આ સમયે છેવટ ઘણો જ ઉપકાર માનું છું.

સંવત્ ૧૯૪૨ ના આષાઢ સુદિ ૧૧ રવિવાર, તા. ૧૧-૭-૧૮૮૬.

લિ. ગગા ઉદેશંકરની તાજીમ કબુલ કરશો.”

સંન્યાસવિધિ.

સંવત્ ૧૯૪૨ ના આષાઢ માસની શુક્લ અષ્ટમીથી એકાદશીપર્યન્ત ભાવનગર સામુદાયિક કૌતુકનું સ્થાન થઈ રહ્યું. એ ચાર દિવસો સુધી રા. ગૌરીશંકરને ચતુર્થ આશ્રમમાં પ્રવેશ કરાવનાર શ્રૌત સ્માર્ત ક્રિયાઓનો સમારંભ તેમની વાડીમાં ચાલ્યો. અમદાવાદવાળા વેદશાસ્ત્રસંપન્ન કર્મકાંડકુશલ રામભટ્ટજીના પુત્ર દામોદર ભટ્ટજીને એ ક્રિયાઓ કરાવવા માટે આમંત્રણ કરી બોલાવવામાં આવ્યા

હતા, તેમણે તથા ભાવનગરનિવાસી નાગર બ્રાહ્મણ વેદશાસ્ત્રસંપન્ન શુક્લ જયાનંદ બજીભાઈએ નીચે પ્રમાણે સંન્યાસનો વિધિ કરાવ્યો તેમની સાથે વે. મૂ. ત્રિપાઠી મયાશંકર વલ્લભજીઆદિ અન્ય વિદ્વાન્ બ્રાહ્મણોની સંખ્યા પણ વિપુલ હતી.

પ્રથમ દિવસે દેહશુદ્ધિને માટે પૂર્વાંગ ઉત્તરાંગ પ્રાચ્યોદીચ્ય દ્વાદશાબ્દ ગોદાનપૂર્વક પ્રાયશ્ચિત્તનું અનુષ્ઠાન કરવામાં આવ્યું. એ પ્રસંગે ઉદાર પ્રકૃતિવાળા રા. રા. ગૌરીશંકરે લક્ષ્મીને તૃણવત્ ગણી તેનું પાત્રવિષે વિતરણ કરવામાં ન્યૂનતા રાખી નહિ. અષ્ટ શ્રાદ્ધાદિક ક્રિયા બીજે દિવસે થઈ, અને ત્રીજો દિવસ ક્ષૌર, માતૃકાપૂજન, નાંદિશ્રાદ્ધ, પુણ્યાહવાચન, ઉપોષણ, અગ્નિવિચ્છેદનિમિત્ત પ્રાયશ્ચિત્તાદિ ક્રિયાઓમાં વ્યતીત થયો. સાગ્નિક થયલા રા. રા. ગૌરીશંકરે તે રાત્રિએ જાગરણવિધિ પાળ્યો. પછી અંતિમ દિવસે રા. રા. ગૌરીશંકરે સ્નાનસંધ્યાદિક ષટ્કર્મથી નિવૃત્ત થઈ વિરજાહોમ કર્યો; અન્ન, વસ્ત્ર, ગાય, સુવર્ણાદિકનું દાન બ્રાહ્મણોને કર્યું; અતિથિઓને ભિક્ષા કરાવી; ગૃહ્યાગ્નિનું ઉપસ્થાન કરી તે અગ્નિમાં કાષ્ઠનું પાત્ર બાળી, ધાતુપાત્રો પોતાના ગુરુ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીગોવિંદાનન્દ સરસ્વતીને સમર્પણ કરી, અગ્નિનો પોતા વિષે આરોપ કરી કાણું મૃગચર્મ લઈ, ઘરથી બહાર નિકળી

'सर्वे भवन्तु वेदाढ्याः सर्वे भवन्तु सोमपाः ।
सर्वे पुत्रमुखं दृष्ट्वा सर्वे भवन्तु भिक्षुकाः ॥

'સર્વ વેદાધ્યયન કરજો, સોમયાગાદિક યજ્ઞ કરજો, અને પુત્રનાં મુખ જોઈ સંન્યાસી થજો'

ઇત્યાદિક પુત્રોને અંતિમ આશીર્વાદ દઇ, તથા

'नो देहो नेन्द्रियाणि क्षरमतिचपलं नो मनो नैव बुद्धिः
प्राणो नैवाहमस्मीत्यखिलजडमिदं वस्तुजातं कथं स्याम् ।
नाहंकारो न दारागृहसुतसुजनक्षेत्रवित्तादि दूरः
साक्षी चित्प्रत्यगात्मा निखिलजगदधिष्ठानभूतः शिवोऽहम् ॥



SWAMI SHREE SACHCHIDANAND SARASVATI,

(GAURISHANKAR UDEYSHANKAR, C.S.I., Prime Minister, Bhavnagar State.)

સ્વામી શ્રીસચ્ચિદાનંદ સરસ્વતી,

(રા. રા. ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ., સંસ્થાન ભાવનગરના મુખ્ય દીવાન.)

'હું દેહ નથી, ઇન્દ્રિયગણ નથી, વિકારિ અને અતિચંચલ મન નથી, પ્રાણ નથી; તો અખિલ જડ પદાર્થોના સંઘાતરૂપ વસ્તુસમૂહ ક્યાંથી હોઉં? હું અહંકાર નથી, સ્ત્રી નથી, ગૃહ નથી, પુત્ર નથી, સ્વજન નથી, ક્ષેત્ર નથી, ઇત્યાદિ નથી, પરંતુ એ સર્વથી અતીત, સાક્ષી, ચિદ્દ્ઘન, પ્રત્યક્સ્વરૂપ અને વિશ્વપ્રપંચના અધિષ્ઠાનભૂત શિવસ્વરૂપ છું' એમ કહી સર્વનું વિસર્જન કર્યું. રા. રા. ગૌરીશંકરનાં આ વાક્યથી તેમના પુત્રાદિક સંબંધીઓનાં સ્નિગ્ધ અંતઃકરણ સ્વાભાવિક રીતે દ્રવી ગયાં. ત્યાર પછી જલાશય પ્રતિ જઈ, દ્રવ્યના વિભાગ કરી, પુત્રાદિકના ભાગ તેમને સોંપી એક ભાગ પોતાનો રાખી, સંન્યાસપ્રદ આચાર્ય, ઉપદેશક ગુરુને તથા અન્ય યતિ બ્રાહ્મણોને વહેંચી આપીને પુત્રૈષણા, વિત્તૈષણા તથા લોકૈષણાના ત્યાગપૂર્વક, નાભિપર્યન્ત જલમાં રહી સ્નાનવિધિ તથા પ્રૈષોચ્ચાર કરી શિખા સ્વહસ્તે ખેંચી કાઢી, ઉપવીત હાથમાં લઈ, જળસાથે હોમ તથા પરમેશ્વરપ્રાર્થના કરી, દિગંબર થઇ રા. રા. ગૌરીશંકર પાંચ પગલાં ઉત્તર દિશા પ્રતિ ગયા, એટલે આચાર્યે કષાયવસ્ત્ર, કૌપીન, કટિવસ્ત્ર અને દંડ એટલાં વાનાં આપ્યાં. તે ધારણ કરી કમંડલુ આસન લઇ હાથમાં સમિધ્ રાખી ગુરુ પાસે જઈ નમસ્કાર કરી ગરુડાસને બેસીને 'હે શ્રીગુરો! સંસારરૂપ દાવાનલથી તપ્ત થયલો હું આપને શરણે આવ્યો છું, મારી રક્ષા કરો' એ પ્રકારે પ્રાર્થના કરી. ગુરુએ ધ્યાન કરી જલવડે શંખ ભરી પ્રણવથી મંત્રી રા. રા. ગૌરીશંકરનો અભિષેક તથા શાંતિપાઠ કરી તેમના મસ્તક ઉપર હસ્ત સ્થાપી મહાવાક્યનો ઉપદેશ કર્યો. પછી ગુરુએ રા. રા. ગૌરીશંકરને ઉચ્ચાસને બેસાડી તેમનું પૂજન કર્યું અને વસ્ત્ર ઓઢાડીને, "पश्यामि देवान्" થી "भुंक्ष्व राज्यं समृद्धम्" પર્યન્ત શ્રીગીતાના અગિયારમા વિશ્વરૂપાધ્યાયનો પાઠ કરી પ્રથમ નિર્ણય કરી રાખેલી શ્રીસચ્ચિદાનન્દસરસ્વતી એવી સંજ્ઞા રા. રા. ગૌરીશંકરને અર્પણ કરી, અને તેમને ઉપદેશ કર્યો કે "આજ પછી સંન્યાસના અધિકારીને તારે સંન્યાસદીક્ષા

હેવી અને યોગપટ્ટ કરવા, જ્યેષ્ઠ યતિઓને નમસ્કાર કરવા." અનન્તર ગુરુએ કટિસૂત્ર, તથા પાંચ મુદ્રાઓથી અલંકૃત દંડ શિષ્યને આપી સંપ્રદાયપ્રમાણે તેને વંદન કર્યું. એ સમયે ઇતર સંન્યાસીઓએ તથા એકત્ર થયલા સર્વ ગૃહસ્થોએ સ્વામિશ્રી સચ્ચિદાનન્દસરસ્વતીને નમસ્કાર કર્યા, તેના સ્વીકારમાં સ્વામીશ્રીએ "नारायण" શબ્દને ઉચ્ચાર કર્યો. ઉચ્ચાસનથી ઉતરી સ્વામીશ્રીએ પોતાના ગુરુ શ્રીગોવિંદાનન્દસરસ્વતીને તેના ઉપર બેસાડ્યા અને તેમનું પૂજન કર્યું.

આ પ્રમાણે પ્રાચીન સંપ્રદાયપ્રમાણે મનુષ્યના ઉચ્ચતમ અધિકારરૂપ સંન્યાસનો દીર્ઘ વિધિ સમાપ્ત થયો. સ્વામીશ્રીની પ્રકૃતિ વૃદ્ધાવસ્થાને લીધે બહુ જર્જર હતી, તોપણ તેમની મુખમુદ્રાઉપર હર્ષોદ્રેક અને પરમ પ્રસન્નતાનાં ચિહ્નો સર્વ પ્રેક્ષકમંડલને સ્પષ્ટ રીતે જણાતાં હતાં.

સંન્યાસસંબંધી પત્રાદિ.

સ્વામીશ્રીના સંન્યાસગ્રહણના વર્તમાનથી તેમના વિશાલ સ્વદેશી વિદેશીય મિત્રમંડલમાં, તેમ જ સંસ્થાનોના અધીશોને કેવી લાગણી થઈ તેનું પ્રતિબિંબ તેમના પત્રાદિમાં સ્પષ્ટ રીતે પડે છે:—

દરબારી જાહેરનામું.

"અમારા રાજ્યના ઘણા પ્રખ્યાત અને ઉત્કૃષ્ટ પ્રકારની નિમકહલાલીથી સેવા બજાવનાર માજી મુખ્ય દીવાન આજમ ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ. એઓએ હિંદુધર્મના શાસ્ત્રના વિધિપ્રમાણે પોતાના બ્રાહ્મણદેહનું સાર્થક અને પરમ કલ્યાણ થવાનું સાધન જે સંન્યસ્ત તે આજ રોજે ધારણ કર્યું છે તે નિમિત્તે આજનો તથા આવતી કાલનો એવી રીતે બે દિવસ તહેવાર દાખલ ગણી દરબારી સર્વ આફીસો બંધ રાખવી.

આજમ ગૌરીશંકરે સંવત્ ૧૯૩૫ ની સાલમાં જ્યારે અમારા રાજ્યના મુખ્ય પ્રધાનની પદવીનું કાજ છોડ્યું તે વખતે

તેમની રાજ્યસેવા તથા પ્રામાણિકપણાવિગેરેસંબંધી અમારા વિચારો યોગ્ય પ્રકારે પ્રસિદ્ધ કરેલા છે અને આ પ્રસંગે પણ આ જાહેરખબરદ્વારાએ તેમની રાજ્યભક્તિ વિષે અમારો ઘણો ઉંચો અભિપ્રાય અને પૂર્ણ સંતોષ જણાવવામાં આવે છે કે તેમણે રાજ્યકારભારનું કામ છોડયા પછી પણ અમારા રાજ્યની હમેશ બેહેતરી ચાહીને હાલ સુધી વખતોવખત જરૂરી પ્રસંગે પૂછવામાં આવતું ત્યારે કીમતી સલાહ તથા સૂચનાઓ આપી છે. એ પ્રમાણે તેમની રાજ્યભક્તિનો દરબારી સર્વ અધિકારીઓએ દાખલો લઇને વર્તવા જેવી તેમની રીતિ અને નીતિમાટે જેટલું બોલવામાં આવે તે યોગ્ય છે, અને તેમણે એવી લાંબી મુદ્દતની એકનિષ્ઠાથી આ રાજ્યની કરેલી નોકરીની સાથે એટલી લાંબી ઉમર ભોગવીને મોટી આબરૂ પ્રતિષ્ઠા તેઓ પામેલા છે, અને છેવટે પોતાના દેહનું કલ્યાણ ઉપર જણાવ્યા પ્રમાણે કર્યું તેથી એવા ભાગ્યશાલી પુરુષ ઘણા થોડા જ હોય છે એમ અમો માનીએ છીએ.

સંવત્ ૧૯૪૨ ના આષાઢ સુદિ ૧૧ સોમવાર, તા. ૧૨ જુલાઈ સને ૧૮૮૬.

તખ્તસિંહજી,

મહારાજા, સંસ્થાન ભાવનગર."

નવાનગરના મહારાજા શ્રીવિભાજી.

"મહારાજાધિરાજ જામશ્રી વિભાજી તથા કુમાર શ્રીજશવંતસંઘજીવચનાત્ ભાવનગર રા. વજેશંકર ગૌરીશંકરજોગ—

જત તમારા વડીલ રા. ગૌરીશંકરે ત્યાંના રાજ્યમાં ઘણી સારી નોકરી કરી રાજ્યની સમૃદ્ધિ વધારી સારા પાયા ઉપર લાવેલ છે તથા તેમની રાજ્યકારકીર્દીના દરમ્યાન કાઠિયાવાડના રાજ્યસ્થાનોના લાભમાં રહી રાજ્યસ્થાનોનો સારો મત અને

પ્રતિષ્ઠા મેળવી તેમ જ સરકારમાં પણ ઘણી સારી આબરૂ તથા ઇલકાબ મેળવ્યા પછી યોગ્ય વખત આવ્યે રાજ્યપ્રકરણી કામથી વિરક્ત થયા અને છેવટે હાલમાં સંન્યસ્ત ગ્રહણ કર્યું તે સાંભળી અમે ઘણા ખુશી થયા છીએ. હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે જે કરવું જોઈએ ને ઘટે તે તેમણે કર્યું છે આ હકીકત સ્વામીશ્રીને અમારા દંડવત્ સાથે કહેશો.

નવાનગર, સંવત્ ૧૯૪૩ ના આષાઢ સુદિ ૧૪, તા. ૧૫-૭-૧૮૮૬ ઇસ્વી.”

“લીંબડી, ૮ સપ્ટેંબર ૧૮૮૬.

લીંબડીના મહારાજા શ્રીયશવંતસિંહજી.

સ્વસ્તિ શ્રીભાવનગર મહાશુભસ્થાને અનેક શુભોપમાવિરાજમાન, રાજમાનરાજ્યશ્રી વજેશંકર વિ. ગૌરીશંકર.

એતાન શ્રીલીંબડીથી લ. મહારાણા શ્રીયશવંતસિંહજીના રામરામ વાંચવા.

વિશેષ રા. રા. ગૌરીશંકરભાઇએ મહારાજ સાહેબનો કારભાર કરી તે દરમ્યાન સંસ્થાન ભાવનગરના રાજ્યહક સાચવી જે જે કામ હતાં તેમાં પોતાની મહેનત અને દીર્ઘદૃષ્ટિથી ફતેહ પામ્યા અને યશ મેળવ્યો એ ઘણું ખુશી થવા જેવું છે. અને આજ દિન સુધીમાં કાઠિયાવાડમાં એવા ખેરખાં અને નિમકહલાલ માણસો મારા જોવામાં આવ્યા નથી.

તેમ સંસ્થાનના હિતને માટે ખરા અંતઃકરણથી મહેનત કરી રાજ્યની આબાદાની કરી અને યશ મેળવ્યો તેવી જ રીતે પોતાના દેહનું પણ તેમણે સાર્થક કર્યું. ઈશ્વરકૃપાવિના એમ બનવું બહુ મુશ્કેલ છે.

આ વખતે પોતે સંન્યાસ લીધો અને દેહનું સાર્થક કર્યું તે સંતોષ પામવા જેવું છે. પણ બીજી રીતે વિચાર કરીએ તો તેમની નેક સલાહ અને કીમતી અભિપ્રાયની ખામી આવી ગણાય.

ભાવનગર સંસ્થાન તરફ તો પોતાની આખી જીંદગી-પર્યન્ત નેક નિષ્ઠાથી કામો કરી નોકરી બજાવી છે, પણ પ્રસંગે પ્રસંગે બીજાં સંસ્થાનોને પણ જરૂર વખતે મદદ આપી આડા હાથ દીધા છે. દીલગીરી માત્ર એટલી છે કે હાલમાં એવું બીજું કોઇ નથી.

મારા તરફથી દર્શન કરવાને માટે અહિંથી દેશાઇ માણેકલાલ આશારામને મોકલ્યા છે. મહારાજ સાહેબને રામરામ કહેશો."

"BOMBAY, 2*nd September* 1887.

DEAR MR. VAJESHANKAR,

I had the pleasure to receive this morning the beautifully-executed portrait of your father in his new dress as a *Sanyasi*, and thank you much for so kindly sending it to me. I shall value it much as a memento of one who has borne so distinguished a part in the history of Kathiawad for many years, and has been content in his old age after a life of exceptional energy and usefulness to retire from worldly affairs and spend his life in meditation and study.

Yours sincerely,

H. BIRDWOOD."

"મુંબઈ, ૨ સપ્ટેંબર ૧૮૮૭.

પ્રિય મિ. વજેશંકર,

એચ. બર્ડવુડ સાહેબ.

સંન્યાસીનાં વસ્ત્રમાં આપના પિતાની સુંદર છબિ આજ સવારે મને પહોંચી તેથી મને બહુ હર્ષ થયો. એ બદલ આપનો ઘણો ઉપકાર માનું છું. ઘણાં વર્ષ સુધી કાઠિયાવાડના ઇતિહાસમાં જેમણે અતિપ્રસિદ્ધ ભાગ લીધો છે, અને જેઓ અસાધારણ વ્યવસાય અને ઉપયોગિતાને અંતે વૃદ્ધાવસ્થામાં ધ્યાન અને અભ્યાસમાં પોતાનો સમય વીતાવી સંતુષ્ટ રહે છે એવા પુરુષના સ્મારક ચિહ્ન રૂપે હું તેને બહુ કીમતી ગણીશ.

આપનો પ્રામાણિક,

એચ. બર્ડવુડ."

"VIENNA, *8th September* 1887.

DEAR SIR,

Many thanks for your letter and the photograph of the venerable Swamiji which has given us great pleasure. I am truly glad to see how well your venerable father looks, and trust that he may be long spared to you, and continue to take part in every thing if not as a भोक्ता, yet as उपद्रष्टा

Yours very sincerely,

G. BÜHLER."

"વિયેના, તા. ૮ સપ્ટેંબર ૧૮૮૭.

પ્રિય સાહેબ (રા. વજેશંકર),

આપનો પત્ર મને મળ્યો છે, તથા પૂજ્ય સ્વામીજીની છબિ પણ પહોંચી છે તેથી અમને ઘણો આનંદ થયો છે. આપના પૂજ્ય પિતા છબિમાં કેવા સારા શોભે છે, તે જોઈ મને ખરેખર બહુ આનંદ થાય છે અને મને આશા છે કે તેઓ ભોક્તારૂપે નહિ તો ઉપદ્રષ્ટારૂપે દરેક કામમાં ભાગ લેવા અર્થે દીર્ઘાયુષ ભોગવશે . . . . .

જી. બ્યૂલર સાહેબ.

આપનો બહુ પ્રામાણિક,

જી. બ્યુલર."

"SONGADH, 14*th July* 1886.

MY DEAR SIR,

I do not know if I ought to say so, but I feel very sorry to hear of the step Mr. Gowrishankar has taken. My regret is personal and selfish, for doubtless he has done what will give him the greatest happiness for the rest of his life ; but it is a disappointment to myself and many others I know of to feel that we can no longer draw upon his treasure of information. His loss to the State will be great. His ripe experience was a rock of strength. I cannot claim to be an old friend, but I trust that his vows will not prevent his seeing me if I go to him when in Bhavnagar. If they do, I can only regret that I had not opportunities of knowing better the Swami while he was yet a layman.

With kind regards,

Yours faithfully,

W. BROTHER FERRIS."

"સોનગઢ, તા. ૧૪ જુલાઇ ૧૮૮૬.

મારા પ્રિય સાહેબ (શા. વજેશંકર),

. . . . . . મારે એમ કહેવું જોઇએ કે નહિ તે હું જાણતો નથી, પરંતુ મિ. ગૌરીશંકરે જે પગલું ભરેલું છે તે જાણી મને ઘણો ખેદ થયો. મારો ખેદ મારા પોતા સંબંધી અને સ્વાર્થી છે, કારણ કે એમણે તો નિઃસંશય એવું કર્યું છે કે જેથી એમના શેષ જીવનપર્યન્ત એમને અત્યંત આનંદ રહેશે. પરંતુ એમના અનુભવભંડારનો હવે લાભ મળશે નહિ એથી મને તથા મારા પરિચયવાળા બીજા અનેકને નિરાશતા થઈ છે. ભાવનગર રાજ્યને એમની ભારે ખોટ પડશે; એમનો પરિપકવ અનુભવ મજબુત ખડક જેવો હતો. એમની સાથે જૂની મૈત્રીનો હું દાવો રાખી શકતો નથી, પણ મને આશા છે કે હું ભાવનગરમાં આવીશ ત્યારે મને મળવાથી એમના નિયમમાં બાધ આવશે નહિ. જો બાધ આવશે તો મને માત્ર એટલી દીલગીરી રહી જશે કે વ્યવહારદશામાં સ્વામીનો વધારે પરિચય કરવા મને તક મળી નહિ.

ડબલ્યુ. બ્રધર ફેરિસ સાહેબ.

સસ્નેહ ખાતરસહિત આપનો વિશ્વાસપાત્ર,

ડબલ્યુ. બ્રધર ફેરિસ."

'POONA, 30*th December* 1886.

MY DEAR MR. VAJESHANKAR,

I was much moved when I heard of the step your good father took some time ago in retiring from the cares and troubles of the world. It is one quite in accord with the noble actions which distinguish his long

and useful career. . . . What English people have most admired in him has been his thorough openness of character and his fearlessness to uphold his own opinion when his conscience told him it was good.

Believe me,

Yours very sincerely,

T. R. FERNANDEZ."

" પુના, ૩૦ ડીસેમ્બર ૧૮૮૬.

મારા પ્રિય મિ. વજેશંકર,

ટી. આર. ફરનાન્ડીઝ સાહેબ.

. . . . . . સાંસારિક ચિન્તા અને ઉપાધિથી આપના સુજ્ઞ પિતા થોડા વખત પહેલાં વિરક્ત થયાના સમાચાર સાંભળી મને ઘણી લાગણી થઈ. જે ઉમદા કૃત્યોથી એમનું દીર્ઘ અને પરોપકારી જીવન પ્રસિદ્ધ થયલું છે તેને આ પગલું કેવળ અનુરૂપ છે . . .

અત્યંત ઉઘાડું દીલ, અને 'અમુક સારૂં છે' એમ પોતાનો અંતરાત્મા કહે તો પોતાના અભિપ્રાયને જાળવી રાખવામાં નિર્ભયતા—એ બે ગુણો એમના ચરિતમાં ઇંગ્રેજ લોકોને સર્વથી શ્રેષ્ઠ પ્રશંસાપાત્ર માલમ પડ્યા છે.

મને માનો,

આપનો બહુ પ્રામાણિક,

ટી. આર. ફરનાન્ડીઝ."

" BHUJ, *24th August* 1886.

MY DEAR MR. VAJESHANKAR,

. . . I prize it (the photograph) much, not solely on the score of old acquaintance, but on the grounds of its

representing a man who has led a long, busy, useful and honourable life and at the end is able to retire into religious contemplation and enjoy the unspeakable blessing of peace that knoweth no understanding.

Yours very sincerely,

G. R. GOODFELLOW."

"ભૂજ, ૨૪ આગસ્ટ ૧૮૮૬.

મારા પ્રિય મિ. વજેશંકર,

જી. આર. ગુડફેલો સાહેબ.

. . . . . . આપે મોકલેલી રા. રા. ગૌરીશંકરની છબિ એમની સાથેના જૂના પરિચયને લીધે હું બહુ કીમતી ગણું છું એટલું જ નહિ, પણ જે પુરુષ દીર્ઘ, ઉદ્યોગમય, પરોપકારી અને સન્માનભરિત જીવન વીતાવી આખરે એકાન્ત ધ્યાનમાં રહી અનિર્વચનીય અને વાગતીત શાંતિસુખનો ઉપભોગ કરવાના અધિકારી થયા છે તેવા પુરુષનું સ્મરણ એ છબિથી છતું હોવાથી હું તેને બહુ મૂલ્યવાળી માનું છું . . . . . .

આપનો બહુ પ્રામાણિક,

જી. આર. ગુડફેલો."

"30th *July* 1887.

MY DEAR MR. VAJESHANKAR,

I am much obliged to you for your kind congratulations on the marriage of my daughter, and for the photograph of your revered father in his costume as a *Sanyasi.* I hope he may yet live to wear it for many years and continue to give us the benefit of his wisdom.

Yours sincerely,

G. E. HANCOCK."

"૩૦ જુલાઈ ૧૮૮૭.

મારા પ્રિય મિ. વજેશંકર,

મારી પુત્રીના લગ્નવિષે આપે મને મુબારકબાદી આપી, તેમ જ આપના પૂજ્ય પિતાની સંન્યાસીનાં વસ્ત્રમાં છબિ મારા ઉપર મોકલી તેથી હું બહુ આભારી થયો છું. તેઓ એ વેષને હજી બહુ વર્ષ સુધી ધારણ કરશે, અને આપણને તેમના ડહાપણનો લાભ આપવાનું જારી રાખશે એવી મને આશા છે.

જી. ઈ. હેન્કોક સાહેબ.

આપનો પ્રામાણિક,

જી. ઈ. હેન્કોક."

"MANEKWADA, 13*th July* 1886.

MY DEAR GOWRISHANKAR,

I received your letter informing me that you had decided to retire from worldly affairs and become a *Sanyasi* with surprise and pain. It is the last thing I should have expected of a man of your strong common sense.

I never could see the virtue of the Sanyast condition. Not only so, but I am convinced it is morally wrong and displeasing to God. A man has no more right to do it than to commit suicide.

The highest life is to faithfully fulfil one's duty in the position God has placed us in; the happiest life is to forget oneself in one's efforts to benefit one's fellow-creatures. You are doing just the reverse. . .

I write this in the earnest hope that it may have some effect in making you change your purpose. Put it

off, and consult your best friends on the subject. It is too serious a step to be taken so hurriedly. Hoping to hear you have taken my advice

I am,

Your sincere friend,

J. M. HUNTER."

"માણેકવાડા, ૧૩ જુલાઈ ૧૮૮૬.

મારા પ્રિય ગૌરીશંકર,

જે. એમ. હન્ટર સાહેબ.

સાંસારિક કાર્યોથી વિરક્ત થઈ સંન્યાસ ધારણ કરવાનો આપનો નિશ્ચય જણાવનાર આપના પત્રથી મને આશ્ચર્ય તથા દુઃખ થયું. આપના જેવા વ્યવહારોપયોગી બુદ્ધિબલવાળા પુરુષ તરફથી એવી કૃતિની મેં કદિ આશા રાખી ન હતી. . .

સંન્યાસી અવસ્થામાં મેં કશો પણ લાભ જોયો નથી એટલુંજ નહિ, પણ એ સ્થિતિ નીતિવિરુદ્ધ અને ઈશ્વરને અપ્રિય છે એમ હું ખાતરીપૂર્વક માનું છું. આત્મઘાત કરવાનો જેમ કોઈને અધિકાર હોતો નથી, તેમ સંન્યાસી થવાનો પણ કોઈને નથી.

ઈશ્વરે જે સ્થિતિમાં આપણને મૂક્યા હોય તેમાં રહી આપણી ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવી એ શ્રેષ્ઠ જીવન છે. આપણા જાતિભાઈઓનું ભલું કરવાના પ્રયત્નમાં આપણી જાતનું અભાન થઈ જવું એ પરમ સુખમય જીવન છે. આપે તો આનાથી છેક ઉલટું કર્યું છે. . .

આ લખાણથી હું દૃઢ આશા રાખું છું કે તમારો આશય ફેરવવામાં એની થોડીક અસર થશે. એ વિચાર છોડી દો, અને એ વિષે તમારા ઉત્તમ મિત્રોની સલાહ લો. આવું ગંભીર પગલું

આટલી ઉતાવળથી ભરવું ન જોઇએ. મારી સલાહ આપે સ્વીકારી છે એ પ્રકારના ઉત્તરની આશા રાખતો

હું છું,

આપનો પ્રામાણિક મિત્ર,

જે. એમ. હન્ટર."

"ELSEMERE, *9th August.*

MY DEAR BHOWNUGGREE,

. . . I view the step (Mr. Gowrishankar's *Sanyas*) from two points. As a religious act it is, I think, unnecessary, because in a well-ordered house an old man should be able to have quiet, and to contemplate without disturbance, but as a signal that the ancient minister is determined no longer to be troubled by affairs of State, the measure is wise. I have, throughout my life, considered that a wise man should, if he possibly can, drink no cup to the dregs, but should leave each occupation as soon as the necessity for action is over.

Yours most sincerely,

R. H. KEATINGE."

"એલ્સમીઅર, ૯ આગસ્ટ.

મારા પ્રિય ભાવનગરી (મિ. મનચેરજી મહેરવાનજી),

આર. એચ. કીટિંજ સાહેબ.

. . . . . . મિ. ગૌરીશંકરનો સંન્યાસ હું બે દૃષ્ટિથી જોઉં છું. ધર્મકૃત્યતરીકે મારા વિચારપ્રમાણે એની જરૂર નથી, કારણ કે સારી વ્યવસ્થાવાળા ઘરમાં વૃદ્ધ પુરુષને એકાન્તમાં અને વિક્ષેપવિના ધ્યાન કરવાની અનુકૂલતા હોવી જોઇએ, પરંતુ 'વૃદ્ધ પ્રધાનનો હવેથી રાજ્યકાર્યની ઉપાધિથી દૂર રહેવાનો નિશ્ચય

થયો છે' એ પ્રકારની ઘોષણારૂપે એ પગલું ડહાપણભરેલું છે. મારી આખી જીંદગીમાં મારો પોતાનો એવો વિચાર થયો છે કે ડાહ્યા પુરુષે બનતા! સુધી કોઈ વ્યવહારને ઠેઠ સુધી ખેડવો નહિ, પરંતુ સ્વતઃ પ્રવૃત્તિ કરવાની જરૂર ન જણાય કે તરત જ તેથી ઉપરામ લેવો. . .

તમારો અતિપ્રામાણિક,

આર. એચ. કીરિંજ."

"RAJKOT, 16*th July* 1886.

MY DEAR MR. VAJESHANKAR,

. . . Your letter has touched my heart. It is hard to think that we shall have no more intercourse with him in this world, that one whom we so much respected and loved is withdrawn from us for ever. But indeed we know that this mortal life, the pomp and vanity of the world which is seen, is not the end of all things, that there is another life beyond the veil, a higher and a nobler one, into which our eyes cannot penetrate. It is that higher immortal existence, the joy of unseen immortality which he, your good father, is seeking now, and we may feel happiness in knowing he will find it, for I cannot doubt—and indeed I am sure, as sure as I am of my own existence—that such a good life can only end here to complete itself in the good and in God.

He will not be lost to us either altogether, for his name and example will be honoured and remembered for many long years in his loved Saurashtra.

Yours sincerely,

CHESTER MACNAGHTEN."

"રાજકોટ, ૧૬ જુલાઈ ૧૮૮૬.

મારા પ્રિય મિ. વજેશંકર,

ચેસ્ટર મેક્નાક્ટન સાહેબ.

. . . . . . આપના પત્રથી મારૂં અંતઃકરણ દ્રવીભૂત થયું છે. આપના પિતા સાથે હવેથી આ જગતમાં આપણને સંબંધ રહેશે નહિ, અને જે પુરુષને આપણે આટલા બધા સન્માનનીય ગણતા અને ચાહતા, તેઓ આપણાથી સદા માટે વિરક્ત થયા છે એ વિચાર બહુ કષ્ટપ્રદ છે. પણ ખરેખર આપણે જાણીએ છીએ કે આ મર્ત્ય જીવન, જગત્નો તમાશો અને માયા—એ કંઇ અંતિમ ગતિ નથી, અને આપણી દૃષ્ટિને અગોચર ગુપ્ત બીજી વધારે શ્રેષ્ઠ અને ઉમદા સ્થિતિ છે. એ અદૃષ્ટ અમર સ્થિતિના આનંદની અન્વેષણામાં હાલ આપના સુજ્ઞ પિતા છે, અને એ આનંદ એમને મળશે જ એમ જાણીને આપણને સંતોષ માનવાનું કારણ છે. કારણ કે નિઃસંશય મારા પોતાના અસ્તિત્વ જેટલી જ મને એ બાબત ખાતરી છે કે આવા ઉત્તમ ચરિતનો સાર વસ્તુ પરમેશ્વરમાં પરિણામ આવ્યા વિના રહે નહિ.

આપણને પણ એમણે છેક ત્યજી દીધા નથી, કારણ કે એમનું નામ અને એમનો દૃષ્ટાન્ત એમના પ્રિય સૌરાષ્ટ્રમાં ઘણાં વર્ષ સુધી સન્માન પામશે અને સ્મરણ કરાશે. . .

આપનો પ્રામાણિક,

ચેસ્ટર મેક્નાક્ટન."

"MADRAS, 14*th* *August* 1887.

MY DEAR SIR (MR. VAJESHANKAR),

. . . The photograph you have kindly sent me of your father in his present *ashrama* is exceedingly inter-

esting as perpetuating the likeness of a truly great man. I shall preserve the photograph with sentiments of high respect and admiration.

Yours sincerely,

T. MADHAV RAO."

"મદ્રાસ, ૧૪ આગસ્ટ ૧૮૮૭.

મારા પ્રિય સાહેબ (શ. વજેશંકર),

સર ટી. માધવરાવ.

. . . આપના પિતાની ચતુર્થાશ્રમની છબિ આપે મારાઉપર કૃપા કરી મોકલી તે મને બહુ પ્રીતિકર થઈ છે, કારણ કે તે એક ખરેખરા મહાપુરુષની પ્રતિકૃતિરૂપ છે. એ છબિને હું બહુ માન અને પ્રશંસાની લાગણીથી સંભાળી રાખીશ.

આપનો પ્રામાણિક,

ટી. માધવરાવ."

"POONA, 15*th July* 1886.

MY DEAR OLD FRIEND,

On receiving your letter of the 8th I could not but feel affected and grieved at the thought that I am not to hear from you any more. Our friendship is one of very long standing, and it takes me back to the earliest part of my official life, when I often profited by your advice. I am glad to think that our friendship has never varied and that in its course my respect for you as an Indian statesman of the best type has constantly

increased. I think you do well to seek rest and opportunity for reflection in seclusion from the cares of the world, but I deeply regret that if I am able to re-visit Kathiawar, I shall miss one to meeting whom again I have always looked forward with pleasure.

Your friend as always,

J. B. PEILE."

"પુણા, ૧૫ જુલાઈ ૧૮૮૬.

મારા પ્રિય ચિરમિત્ર,

જે. બી. પીલ સાહેબ.

આપનો તા. ૮ નો પત્ર મને મળ્યો છે, અને હવે પછી આપનો પત્ર મને મળશે નહિ એ જાણી મને શોક તથા ખેદની લાગણી થયાવિના રહી નહિ. આપણો મૈત્રીસંબંધ ઘણા લાંબા કાળનો છે. મારી સૌથી પહેલી રાજકીય નોકરીનો વખત, કે જે દરમ્યાન મને આપની સલાહનો વારંવાર લાભ મળતો હતો, ત્યારથી તે સંબંધનો આરંભ છે. અને મને ખુશી થાય છે કે એ સંબંધમાં ન્યૂનતા થઈ નથી, અને શ્રેષ્ઠ પંક્તિના દેશી રાજનીતિજ્ઞતરીકે આપના વિષે મારી માનબુદ્ધિ નિરંતર વૃદ્ધિંગત થયલી છે. સાંસારિક ચિન્તાથી નિવૃત્ત થઈ વિશ્રાન્તિ, અને આત્મધ્યાન કરવાના અવસરનો લાભ લેવામાં આપે મારા વિચારપ્રમાણે ઠીક કર્યું છે, પણ મને તીવ્ર ખેદ એ થાય છે કે હું કદાચ પાછો કાઠિયાવાડ આવીશ તો આપને મળવાના આનંદનો લાભ લઈ શકીશ નહિ.

સદા પ્રમાણે આપનો મિત્ર,

જે. બી. પીલ."

"GLOUCESTER, 18*th November* 1886.

MY DEAR VAJALBHAI,

I could not make up my mind to felicitate him on thus withdrawing his loving heart and great intellect from the world in which God has placed him, before the time when the same power which gave him these talents shall take them back. It seems to me to be an invention of man and not of God, to see merit in leaving the world and our duties therein. If it is a merit to leave it when old, why not when young? No, good old men are as valuable in the world as good young men, and have no more right to deprive us of their experience than the young have to cease their work.

Yours sincerely,

E. H. PERCIVAL."

"ગ્લોસ્ટર, ૧૮ નવેંબર ૧૮૮૬.

મારા પ્રિય વજલભાઈ,

ઈ. એચ. પર્સિ-વલ સાહેબ.

. . . જે ઈશ્વરે આપના પિતાને સુબુદ્ધિ આપી તેમને જગત્‌માં અમુક સ્થિતિમાં મૂક્યા તે ઈશ્વર તે સુબુદ્ધિ પાછી ખેંચી લે તે પૂર્વે, જગત્‌ઉપરથી પોતાનું પ્રેમી અંતઃકરણ અને સમર્થ બુદ્ધિ ખેંચી લેવામાં આપના પિતાને મુબારકબાદી આપવાનું મારા ચિત્તમાં ગોઠ્યું નહિ. સંસારનો અને સંસારમાં આપણી ફરજનો ત્યાગ કરવામાં પુણ્ય માનવું એ ઈશ્વરસ્થાપિત નિયમ નથી, પણ મનુષ્યની શોધ છે. વૃદ્ધાવસ્થામાં સંસારનો ત્યાગ કરવામાં પુણ્ય હોય તો યુવાવસ્થામાં શામાટે નહિ? નહિ, જગત્‌માં વૃદ્ધ પુરુષો પણ જુવાન્ પુરુષો જેટલા જ ઉપયોગી છે, અને

જેમ જુવાન્ પુરુષોને પોતાની ફરજોથી નિવૃત્ત થવાનો હક નથી તેમ વૃદ્ધ પુરુષોને પણ પોતાના અનુભવનો લાભ લેતા આપણને બંધ કરવાનો અધિકાર નથી.

આપનો પ્રામાણિક,

ઈ. એચ. પર્સિવલ."

"The Kothi, Rajkot, *July* 10*th* 1886.

My Dear Old Friend,

I am very sorry to hear that we are going to lose you from the active world, and that you are going to become a member of the world of religious contemplation, and become a *Sanyasi.* You will be a great loss to the Bhavnagar Durbar and all your friends, and to none more than myself. We have worked together as Joint Administrators of the State and have known each other for many years. Farewell, old friend!

Believe me always,

Your sincere friend,

JOHN W. WATSON."

"કોઠી, રાજકોટ, ૧૦ જુલાઈ ૧૮૮૬.

મારા પ્રિય ચિરમિત્ર,

જોન ડબલ્યુ. વોટસન સાહેબ.

સંસારથી નિવૃત્તિ પામી આપ સંન્યાસી થવાના છો તેથી વ્યાવહારિક જગત્માં આપની સાથે હવે સંબંધ રહેશે નહિ એ જાણી મને બહુ દીલગીરી થઇ છે. ભાવનગર દરબારને, આપના સર્વ મિત્રને, અને સઉ કરતાં મને આપની ભારે ખોટ પડશે. ભાવનગર

રાજ્યના સંયુક્ત કારભારીતરીકે આપણે સાથે કામ કર્યું છે, અને આપણો પરસ્પર પરિચય ઘણાં વર્ષનો છે. પ્રિય મિત્ર, છેલ્લી સલામ !

આપનો પ્રામાણિક મિત્ર,

જોન ડબલ્યુ. વોટસન."

"POONA, 13*th July* 1886.

MY DEAR FRIEND,

We must all feel deeply the loss of your wise advice and valuable experience indeed. I regard your retirement as a national loss. At the same time you are no doubt taking this important step after careful consideration, and I trust that, after giving so many well-spent years to the service of your country you will find much religious consolation in the life you are adopting.

Your sincere friend,

W. WEDDERBURN."

"પુણા, ૧૩ જુલાઇ ૧૮૮૬.

મારા પ્રિય મિત્ર,

આપની ડહાપણભરેલી સલાહ અને કીમતી અનુભવની ખોટ અમને સર્વને અવશ્ય જણાશે. ખરેખર મારી દૃષ્ટિમાં તો આપના સંન્યાસગ્રહણથી આખા દેશને આપની ખોટ લાગશે. તે સાથે આ પગલું આપ પક્વ વિચારથી

નિઃસંશય ભરો છો, અને મને આશા છે કે એ સ્થિતિમાં આપને ધર્માનુષ્ઠાનજન્ય આશ્વાસન મળશે.

આપનો પ્રામાણિક મિત્ર,

ડબલ્યુ. વેડર્બર્ન."

પ્રોફેસર મોનિયર વિલિયમ્ઝ.

"બુદ્ધિઝમ" નામના ગ્રન્થના કર્તા પ્રવીણ સાક્ષર પ્રોફેસર મોનિયર વિલિયમ્ઝે તે ગ્રન્થના પૃષ્ઠ ૭૪ સંમુખ સ્વામી શ્રીસચ્ચિદાનન્દસરસ્વતીની છબિ મૂકી છે, અને તે સંબંધમાં તેઓ પ્રસ્તાવનાના પૃષ્ઠ ૧૩–૧૪ માં લખે છે કે—

"The portrait .....is well worthy of attention as illustrating the connection between Buddhism and Brahmanism. It is from a recently taken photograph of Mr. Gavri-S'ankar Uday-S'ankar, C.S.I., a well-known and distinguished Brahman of Bhavnagar, who (with Mr. Percival) administered the State during the minority of the present enlightened Maharaja. Like the Buddha of old he has renounced the world, that is, he has become a *Sanyasi*, and is chiefly engaged in meditation. He has consequently dropped the title of C.S.I., and taken the religious title Svami S'ri Saccidananda-Sarasvati. His son Mr. Vijay-S'ankar kindly sent me the photograph, and with his permission I have had it engraved."

"બુદ્ધ ધર્મ અને વેદધર્મના સંબંધના દૃષ્ટાન્તરૂપે એ છબિ બહુ લક્ષપાત્ર છે. રા. રા. ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઇ., જેઓ ભાવનગરના સુવિદિત અને પ્રખ્યાત બ્રાહ્મણ છે, અને

જેઓએ હાલના સુધરેલા મહારાજાની સગીર ઉમરમાં મિ. પર્સિવલ સાથે તે સંસ્થાનનો કારભાર ચલાવ્યો હતો, તેમના થોડા વખત ઉપર લેવાયલા છાયાચિત્ર ઉપરથી એ છબિ લેવામાં આવી છે. પુરાણ બુદ્ધની પેઠે તેઓએ સંસારત્યાગ કર્યો છે, અર્થાત્, તેઓ સંન્યાસી થયા છે, અને મુખ્યત્વે કરીને ધ્યાનમાં લીન રહે છે. આ કારણથી તેઓએ પોતાનો સી. એસ. આઇ.-નો ખિતાબ લુપ્ત કર્યો છે, અને 'સ્વામી શ્રીસચ્ચિદાનન્દ-સરસ્વતી' એ પ્રમાણે ધર્મસંજ્ઞા ધારણ કરી છે. એમના પુત્ર મિ. વિજયશંકરે એમની છબિ મારા ઉપર સસ્નેહ મોકલી હતી, અને તેમની પરવાનગીથી મેં આ છબિ કોતરકામથી તૈયાર કરાવી છે."

Asiatic Quarterly Review (એશિયાટિક ક્વાર્ટર્લિ રિવ્યુ). નામના પત્રમાં સર જોન જાર્ડિન સાહેબ લખે છે કે :—

સર જોન જાર્ડિન.

"After waiting a while to guide his young ward in affairs of State, Gaurishankar, feeling that his day was far spent, thought the hour had come when he might worthily retire. For the twice-born Brahman, disciplined by study of *Vedas*, the sacred law ordains that when the hair turns grey, or when a man has seen his son's child, he should leave the world and home to dwell in the forest, in company with the gentle deer, 'pondering God's mysteries untold, and tranquil as the glacier snows.' A still deeper seclusion follows when the hermit, freed from religious ritual, becomes an ascetic, giving himself up to the Divine philosophy. Such putting away of worldly ambitions is rare even in India in these changed times, and we cannot wonder that some of Gaurishankar's European friends sought to dissuade him by the arguments of our Christian ethics. But these kindly-meant efforts were in vain."

"તરુણ મહારાજા શ્રીતખ્તસિંહજીને રાજ્યકારભારમાં કેળવવા અર્થે થોડો વખત રાહ જોયા પછી, રા. રા. ગૌરીશંકર, કે જેમને પોતાની પ્રૌઢ વૃદ્ધાવસ્થાનું ભાન થતું હતું, તેમણે વિચાર કર્યો કે હવે નિવૃત્તિ સેવવાનો યોગ્ય સમય આવ્યો છે. વેદાભ્યાસથી નિયતાત્મા થયલા દ્વિજને ધર્મશાસ્ત્ર આજ્ઞા કરે છે કે જ્યારે કેશ ધોળા થાય, અથવા પુત્રને ઘેર સંતતિ થાય ત્યારે તેણે સંસાર તથા ગૃહનો ત્યાગ કરવો, અને હિમની પેઠે પોતાના અંતરમાં ઠરી જઈ પરમેશ્વરની અવર્ણનીય અદ્‌ભુત લીલાનું ધ્યાન કરતાં અરણ્યમાં સુકુમાર ચિત્તવાળાં હરણસાથે વાસ કરવો. ધર્મકર્મથી મુક્ત થયલો વાનપ્રસ્થ તત્ત્વજ્ઞાનશરણ થઇ જ્યારે સંન્યાસી થાય છે ત્યારે આ ઉપરામની કલા એથી પણ ચઢતી થાય છે. આ બદલાયલા જમાનામાં આવો સાંસારિક કામનાનો પરિત્યાગ આર્યભૂમિમાં પણ દુર્લભ છે, અને રા. રા. ગૌરીશંકરના કેટલાક યુરોપિયન મિત્રોએ ખ્રિસ્તિધર્મના નીતિસિદ્ધાન્તોની દલીલથી તેમને સંન્યાસી થતાં અટકાવવાનો પ્રયત્ન કર્યો તેથી આપણને આશ્ચર્ય થશે નહિ. પરંતુ શુભ આશયવાળા આવા પ્રયત્નો રા. રા. ગૌરીશંકરનો નિશ્ચય ફેરવવામાં નિષ્ફલ ગયા."

પ્રકરણ ૧૪.

વિદ્વત્પરિચય, મહાત્મસમાગમ, તથા પત્રવ્યવહાર.

સત્પુરુષસમાગમ—રા. રા. ગોપાળભાઈ લક્ષ્મીનારાયણ—વ્યાસ શ્રીજયકૃષ્ણજી—સુજ્ઞ ગોકુલજી ઝાલા—પંડિત શ્રીગોપીનાથજી—શીઘ્રકવિ શંકરલાલ માહેશ્વર ભટ્ટ—અન્ય વિદ્વાનો, શાસ્ત્રીઓઆદિ—સ્વામી શ્રીસચ્ચિદાનન્દ બ્રહ્મતીર્થજી—સ્વામી શ્રીઅદ્વૈતાનન્દજી—સ્વામી શ્રીરામકૃષ્ણ ભારતીજી—સ્વામીશ્રી અધોક્ષજાનન્દજી—સ્વામી શ્રીસચ્ચિદાનન્દજી—સ્વામી શ્રીપૂર્ણાનન્દજી—મહારાજ શ્રીનૃસિંહભારતીજી—બ્રહ્મચારી શ્રીનિત્યાનન્દજી—સ્વામી, શ્રીસદાનન્દગિરિજી—સ્વામી શ્રીકૈલાસપર્વતજી—સ્વામી શ્રીચિદ્‌ઘનાનન્દગિરિજી—સ્વામી શ્રીરાજરાજેશ્વરજી—સ્વામી શ્રીબ્રહ્માનન્દજી—સ્વામી શ્રીગંભીરાનન્દસરસ્વતીજી—સ્વામી શ્રીઅચ્યુતાનન્દજી—સ્વામી શ્રીદક્ષિણામૂર્તિજી—સ્વામી શ્રીસચ્ચિદાનન્દજી (જુવાન સ્વામી)—અન્ય મહાત્માઓ.

यूयं वयं वयं यूयमित्यासीन्मतिरावयोः ।
किं जातमधुना येन यूयं यूयं वयं वयम् ॥

સત્પુરુષસમાગમ.

સારાસાર દૃષ્ટિના વિકાસપૂર્વે, વ્યવહારમાં માનેલા મિત્રમંડલઉપરનો પ્રબલ અભિનિવેશ તેમના વિષે અભેદનું ભાન કરાવે છે, પરંતુ વૈરાગ્યદશામાં એ અભિનિવેશની નિવૃત્તિ થઈ પુનઃ ભેદ જાગ્રત્ રહે છે.

આ વાક્યાર્થ સ્વામી શ્રીસચ્ચિદાનન્દસરસ્વતીના ચરિતને સર્વાંશે લાગુ પડે છે. અધિકારના અંગે તેઓ અનેકસંખ્ય સ્વદેશી વિદેશી મિત્રોથી પરિવેષ્ટિત રહેતા હતા. તે મિત્રો તેમના ઉપર નિર્વ્યાજ પ્રેમ રાખતા, સુખદુઃખમાં તેમના

સમભાગી થતા, અને તેમના બહુવિધ ગુણોની વિશુદ્ધ ભાવથી શ્લાઘા કરતા. પરંતુ તે અવસ્થાના ઘણા મિત્રો સાથે તેમનો પ્રણયગ્રન્થિ વિશેષતઃ વ્યવહારને અવલંબી રહ્યો હતો. સ્વામીશ્રીને પરમાર્થની અપેક્ષાએ વ્યવહારની ગૌણતા સમજાતાં, તેવા વ્યાવહારિક સુહૃન્મંડલ ઉપર તેમનો અનુરાગ સ્વાભાવિક રીતે શિથિલપ્રાય થયો. પૂર્વાશ્રમમાં જેમ તેમનો વિશુદ્ધ યશ વિલાયતની પાર્લમેન્ટ સુધી પ્રથિત થયો હતો, તેમ ઉત્તરાશ્રમમાં તેમની વેદાન્તધર્મનિષ્ઠા અતિદૂર દેશપર્યન્ત પ્રસરી. સંન્યાસથી પવિત્ર થયલા તેમના અંતઃકરણમાં પોલિટિકલ એજંટોને સ્થાને અનેક સદ્વિદ્યાવિભૂષિત વિદ્વદ્વરોએ નિવાસ કર્યો, અને ગવર્નર-આદિ ઉચ્ચ અધિકારિવિષયક પ્રણય બહુસંખ્ય જ્ઞાનશાલી મહાત્માઓ તથા સત્પુરુષોના સમાગમમાં વિલયને પામ્યો. દર્શનથી, શ્રવણથી, અને ભાષણથી અંતઃકરણને દ્રવીભૂત કરનાર ચતુર્થાશ્રમના આ નવીન પ્રણયિવર્ગના સાંનિધ્યથી ભાવનગરપુરી એક નાની સરખી કાશીપુરી જેવી પ્રકાશી રહેતી.

એ વિદ્વાનોના, સત્પુરુષોના તથા મહાત્માઓના પાવન સમાગમમાં વેદાન્તશ્રવણ, વેદાન્તકથા, તથા વેદાન્તચર્ચાપૂર્વક સ્વામીશ્રી નિષ્ક્લેશ ચિત્તથી સમયનું અતિવહન કરી

तच्चिन्तनं तत्कथनमन्योन्यं तत्प्रबोधनम्।
एतदेकपरत्वं च ब्रह्माभ्यासं विदुर्बुधाः ॥

એ વાક્યનું સાર્થક્ય કરતા એટલું જ નહિ, પણ તેમની સાથે પોતાની પારમાર્થિક મૈત્રીરૂપ લતાને નિરંતર પત્રાદિ જલસિંચનદ્વારા અમ્લાન રાખતા. આ તેમના પારમાર્થિક સુહૃત્સમુદાયના સ્વરૂપની, તથા તેમની સાથે ચાલેલા પત્રવ્યવહારની જિજ્ઞાસાને પરિપૂર્ણ કરવા અર્થે આ પ્રકરણની પ્રવૃત્તિ છે.

રા. રા. ગોપાળભાઈ લક્ષ્મીનારાયણ.

રા. રા. ગોપાળભાઈ લક્ષ્મીનારાયણ.

આ અમદાવાદનિવાસી સાઠોદરા નાગર ગૃહસ્થે ખેડાના ડેપ્યુટી કલેકટરવિગેરેનો અધિકાર ભોગવ્યો હતો. તેઓ બ્રાહ્મણના ષટ્કર્મમાં તથા વેદાન્તસિદ્ધાન્તમાં દૃઢ આસ્થાવાળા, સરલ સ્વભાવના, પ્રામાણિક અને શુદ્ધશીલ હતા. સંવત્ ૧૮૯૦ માં તેઓ સુરતમાં કસ્ટમ ખાતામાં દફતરદાર હતા ત્યારે સ્વામીશ્રીને પૂર્વાશ્રમમાં તેમનો પ્રથમ સમાગમ થયો હતો.

*“ શ્રી ૧।

દેશ-સ્વવર્ણ-વાત્સલ્યાકર, શ્રીમંત સ્નેહસાગર ભાઈ સાહેબ (રા. રા. ગૌરીશંકર),

આપના શુભેચ્છકના નમસ્કાર દેહવ્યવહારથી પ્રવિષ્ટ થાય. ઘણા દિવસથી શરીરસુખશાતાના સમાચાર જાણવામાં નથી. એ સાંભળવાની અપેક્ષા રહે છે તે પૂર્ણ થાય એ સુદિન છે.

સ્વધર્મના સારા ઉત્કૃષ્ટ ગ્રન્થો સારા યોગ્ય વિદ્વાનના મુખથી સાંભળવામાં તથા જોવામાં બહુ પ્રકારે આવેલા જાણી સ્વાર્થ-પરાર્થના હિતને માટે વિનંતિઃ--

સંન્યાસાશ્રમ કુટીચર, બહૂદક, હંસ, પરમહંસ, એ ચાર પાયરીએ અધિકારીપ્રમાણે નામ ને કર્મે કરી છેવટ દ્વૈતવૃત્તિ નિવૃત્ત થઈને અદ્વૈત એક હંસ સર્વ પ્રકારથી અનુભવસિદ્ધ થયે કર્મ છૂટવાનો પ્રકાર છતાં આધુનિક થોડી મુદ્દતે ત્યાગ કરવાનો સંપ્રદાય ચાલે છે એનો તથા હંસાશ્રમ પ્રથમથી દંડી મુંડી થઈ શિખાસૂત્રનો ત્યાગ કરી, કર્મસંન્યાસ કહી, ત્રિકાલ સંધ્યા, તર્પણ, દેવપૂજા, પ્રણવનો જપ કરવાનો વહીવટ રાખી બ્રાહ્મણ-

---

* આ પત્રમાં તથા અન્ય કેટલાક પત્રમાં અન્વય બરાબર નથી. વાચકવર્ગ તેના ભાવપ્રતિ લક્ષ કરશે એવી આશા છે.

ભિમાનથી તેમની ભિક્ષાઉદક લેવાનો સંપ્રદાય ને શિખાસૂત્રના ત્યાગની સાથે વર્ણાશ્રમને દેહ છૂટી એવું કહેવામાં તથા વહીવટમાં પૂર્વ દેહનો સંબંધ છૂટી દેવમૂર્તિનું અભિમાન રાખે છે અને કર્મ કરે છે. અને બૃહદારણ્યાદિ ઉપનિષદ્ તથા તેના ભાષ્યનું બોલવું--હંસની ત્રીજી પાયરીમાં કર્મ ન છૂટતાં ચોથીમાં છૂટવાનું છે. તથા આદૈ જટિલ સંન્યાસી, દત્તો, નારાયણ, શિવ, શ્વેતકેતુઆદિ ઘણાં નામ કોઇ ગ્રંથમાં છે, તથા પુરાણમાં ઘણી જગા છતાં એ સંન્યાસીની પદ્ધતિ 'વિશ્વેશ્વરી' નામની છે. તે ગ્રંથ આર્ષ કિંવા મહા વિદ્વાનનો કરેલો તેની શૈલીથી જણાતો નથી. તેમ પૂર્વાપરસંબંધ મેળવવાનો પ્રકાર પણ સમજાતો નથી. તેમ એ વિના योगानन्दी નામનો ગ્રન્થ એ વિષેનો કહે છે પણ આ પ્રાન્તમાં તે મળતો નથી. તેમ એ સંન્યાસાશ્રમ સર્વને લેવો કિંવા પોતાની વૃત્તિને અનુસાર એ સમજાતું નથી. તેમ મુમુક્ષુએ કેવું આચરણ રાખવું એ સ્પષ્ટ જણાતું નથી. હરેક કરવાપણું તથા સમજવાપણું દેહને લઇને છે ને એ ગયા પછી મુક્તબદ્ધનું સુખદુઃખ સમજવાનું સાધન બીજું નથી એઆદિ આપના જાણવા સાંભળવા અનુભવમાં જે જે પ્રકારે હોય તે. . . . શ્રેયસ્કર જાણી લખાવી મોકલશો એ વિજ્ઞાપના. મિતિ સંવત્ ૧૯૩૭ જ્યેષ્ઠ સુદિ ૧૦ વાર ભૌમ."

રા. રા. ગૌરીશંકરનું ઉત્તર (પૂર્વાશ્રમમાં લખેલું).

*   *   *   *

"**પ્રશ્ન ૧.**—સંન્યાસાશ્રમ ચાર પ્રકારના તે સંબંધી વિસ્તાર લખી સંન્યાસાશ્રમ સર્વને લેવો કિંવા પોતાની વૃત્તિને અનુસારે?

ઉત્તર.--આ જન્મમાં અથવા જન્માંતરમાં પુણ્યવિશેષના પછી વિવેકાદિ ચાર સાધનયુક્ત થઇને વેદાન્તશ્રવણમાં નિયમપૂર્વક પ્રવૃત્ત થવા સારૂ મુખ્ય પરમહંસ સંન્યાસનું વિધાન શાસ્ત્રમાં લખ્યું છે. संन्यस्य श्रवणं कुर्यादिति । અને શાસ્ત્રમાં જે

કુટીચર, બહૂદક, હંસ એ ત્રણ પ્રકાર લખ્યા છે તે તો અતિમંદ જે કે સ્ત્રીપુત્રાદિકને વિષે બહુ જ આસક્તિમાન્ મુમુક્ષુ હોય તેમને અનુક્રમે પરમહંસ થવા સારૂ છે એટલે એ વાતમાં મધ્યમ અથવા ઉત્તમ અધિકારીએ શાસ્ત્રમાં વાકયો જોઇને મનને વધારે શ્રમ આપવો તે ઉચિત નથી. શિવાય विश्वेश्वरीपद्धति વિષે તો આપે જે પ્રમાણે લખ્યું છે તે જ પ્રમાણે છે. માત્ર જેને સંન્યાસ કરવો હોય અથવા કર્યો હોય તેને એ ગ્રંથમાંનાં ઘટિત વાકયો જોઇને અતિશય વિરક્તિ રાખવી એ સાર છે. શાસ્ત્રમાં બે પ્રકારના સંન્યાસ લખ્યા છે:—

(૧) વિવિદિષાસંન્યાસ એટલે સ્વરૂપ યથાર્થ જાણવા સારૂ, અને (૨) વિદ્વત્સંન્યાસ એટલે પુણ્યના અતિશયથી કોઇક ગૃહસ્થ વિરક્તિપૂર્વક શ્રવણાદિક કરી યથાર્થ સ્વરૂપનો અનુભવ કરી જીવન્મુક્તિના વિશેષ સુખસારૂ સંન્યાસ કરે, જેમ કે યાજ્ઞવલ્કયાદિએ પાછળથી સંન્યાસ કરેલ છે તે પ્રમાણે.

પ્રશ્ન ૨.—મુમુક્ષુએ કેવું આચરણ રાખવું એ જાણવું જોઇએ.

ઉત્તર.—ઉત્તમ મુમુક્ષુએ વેદાંતનાં શ્રવણાદિકથી પોતાનું ખરૂં સ્વરૂપ એટલે દૃશ્ય, દ્રષ્ટા, સાક્ષ્ય, સાક્ષી, તથા પંચ-કોશના વિવેકપૂર્વક त्वं પદાર્થનું શોધન, તથા અધ્યસ્ત, અધિષ્ઠાન, કાર્યકારણ વિગેરેના વિવેકપૂર્વક તત્ પદાર્થનું શોધન કરીને મહાવાકયના અર્થપ્રમાણે જીવબ્રહ્મની એકતાની દૃઢતા થાય એટલે 'પ્રત્યક્ અભિન્ન બ્રહ્મ હું છું' એ પ્રમાણે જેની બુદ્ધિ વૃત્તિમાં નિશ્ચય થાય એવા અધિકારીએ શાસ્ત્રના અનુસારે તથા લોકમાં અનિંદિત વ્યવહાર હોય તે પ્રમાણે असक्तिरन-भिष्वंगः पुत्रदारगृहादिषु એ રીતે આસક્તિરહિત ઉદાસીનવત્ આચરણ રાખવું. અને જે નિવૃત્તિમાં રહીને ઉપર કહ્યા પ્રમાણે બ્રહ્માનન્દનું સુખ ભોગવે તેને જીવન્મુક્તિનું સુખ પ્રાપ્ત થઇને વિદેહકૈવલ્ય થાય. તથા પ્રવૃત્તિવિષયક પ્રારબ્ધના બલથી જે

નિવૃત્તિમાં રહી શકે નહિ અને સ્વરૂપનો અપરોક્ષ અનુભવ તો યથાર્થ છે તેને જીવન્મુક્તિના સુખનો લાભ થાય નહિ, પણ વિદેહકૈવલ્ય તો અવશ્ય થાય.

પ્રશ્ન ૩.—હરેક કરવાપણું તથા સમજવાપણું દેહને લઈને છે. એ ગયા પછી મુક્તબદ્ધનાં સુખદુઃખ સમજવાનું બીજું સાધન નથી.

ઉત્તર.—સ્થૂલ દેહ તો માત્ર ભોગાયતન છે, અને લિંગ શરીર એટલે સાભાસ અંતઃકરણ તે તો ખરી રીતે જોઇએ તો ગયું કહેવાય નહિ કેમકે આત્મજ્ઞાનવિના તેનો નાશ થતો નથી. તે જ બંધમોક્ષનું કારણ છે. તેમાં અશુભ વાસનાએ હુંમારાપણાથી બહિર્મુખ વિષયાકાર વૃત્તિ બની રહે તે બંધનું કારણ છે, અને શુભ વાસનાએ હું મારાપણાના રાહિત્યથી જે અંતર્મુખ વૃત્તિ, એટલે બ્રહ્મથી અભિન્ન પ્રત્યક્ સ્વરૂપના વિચારમાં સંલગ્ન રહે અને કર્તાભોક્તાદિ ધર્મો સાભાસ અંતઃકરણના છે, હું તો તેનો સાક્ષી અસંગ નિર્વિકાર છું એ રીતે તદાકાર વૃત્તિ રહે તે મોક્ષનું કારણ છે. સારાંશ—દેહ તો સુષુપ્ત્યાદિકમાં પણ નાશ પામ્યાં જ કરે છે, પરંતુ પુરુષાર્થથી જીવન્મુક્તિ સાધવી એ જ દેહ પ્રાપ્ત થવાનું સાફલ્ય છે. इह चेदवेदीदथ सत्यमस्ति न चेदिहावेदीन्महती विनष्टिः એવી કેનશ્રુતિ છે.

ઉપર લખેલી મતલબને મળતી વાતો ગીતાઉપર शंकरानन्दी ટીકાનો અધ્યાય તેરમો તથા पंचदशी નો तृप्तिदीप અવલોકન કરવાથી ખુલાસેથી આપના સમજવામાં આવશે. માત્ર શંકરાનન્દજીનો આગ્રહ સંન્યાસ ઉપર વધારે છે, પરંતુ તેમણે જ વસિષ્ઠાદિકનાં પ્રમાણ એ જ અધ્યાયમાં સ્વીકારેલ છે. તે વસિષ્ઠજીના योगवासिष्ठ ગ્રન્થમાં ઘણા ગૃહસ્થોવિગેરેને જીવન્મુક્ત લખ્યા છે.

"સંક્ષેપશારીરક"નો શ્લોકઃ—

जन्मान्तरेषु यदि साधनजातमासीत् संन्यासपूर्वकमिदं श्रवणादिकं च।
विद्यामवाप्स्यति जनः सकलोऽपि यत्र तत्राश्रमादिषु वसेन्न निवारयामः ॥"

વ્યાસજી મહારાજ શ્રીજયકૃષ્ણજી જીવનરામજી.

વ્યાસ શ્રીજયકૃષ્ણજી.

મુંબઈમાં રહી વેદાન્તસિદ્ધાન્તોનું ઉત્તમ વ્યાખ્યાન કરવાથી આ સદ્બોધપ્રવર્તક પુરુષની ખ્યાતિ સારી રીતે પ્રસરેલી છે. સ્વામીશ્રીને તેમનો પ્રથમ સંબંધ પૂર્વાશ્રમમાં સંવત્ ૧૯૦૭ માં પત્રદ્વારા થયો હતો. ત્યાર પછી સંવત્ ૧૯૨૬માં એમનાથી કેટલાક વેદાન્તગ્રન્થોનું મુંબઈમાં તેઓએ શ્રવણ કર્યું. સંવત્ ૧૯૪૪ માં વ્યાસજી મહારાજ પોતાના પુત્રના લગ્નવિધિનિમિત્ત કુંડલે ગયા હતા, તે સમયે સ્વામીશ્રીએ તેમને આગ્રહ કરી ભાવનગર નિમંત્ર્યા હતા. ત્યાં તેમની સ્થિતિ લગભગ એક માસપર્યન્ત રહી. સ્વામીશ્રીએ તેમના મુખથી શ્રીગીતાના તેરમા અધ્યાયનો થોડો ભાગ શ્રવણ કર્યો હતો. શાસ્ત્રીય તથા લૌકિક દૃષ્ટાન્તોથી પોતાની કથાને શોભાવવાની વ્યાસજીની શૈલીને લીધે એટલા કાલમાં માત્ર ત્રણ શ્લોકનું જ વિવેચન થયું હતું. स्वरूपानुसन्धान ગ્રંથ પ્રકટ થયાપૂર્વે, અભિપ્રાયસારૂ શ્રીવ્યાસજી મહારાજને નિવેદન કરવામાં આવ્યો હતો. તેથી તેઓએ બહુ પ્રસન્નતા દર્શાવી તેને પ્રસિદ્ધિમાં મૂકવાની પોતાની અનુમતિ આપી હતી.

"સર્વશાસ્ત્રસંપન્ન, કૃપાસાગર વ્યાસજી શ્રીજયકૃષ્ણજી.

મુ. શ્રીમુંબઈ.

સેવામાં ભાવનગરથી લિ. સેવક ગગા ઉદયશંકરના સાષ્ટાંગ નમસ્કાર. વિશેષ આપની પાસેથી આ તરફ આવ્યા પછી પ્રભાતે સ્વામીશ્રી ચિદ્ઘનાનન્દજી પાસે महावाक्यरत्नावली ટીકાસહિત

આપે લખાવી આપી હતી તે તથા દક્ષિણામૂર્તિસ્તોત્ર ઉપર વાર્તિકકારની કારિકા જેને માનસોલ્લાસ કહે છે તે સટીક, તથા અપરોક્ષાનુભૂતિ એ સર્વનું અનુક્રમે શ્રવણ થયું હતું, અને આઠ વાગતા સુધી ભાનુશંકરપાસે શંકરાનન્દી ગીતાનું અને ત્રીજે પહોરે યોગવાસિષ્ઠ એ રીતે શ્રવણ ચાલે છે.

અમદાવાદમાં સાઠોદરા નાગર રાજેશ્રી ગોપાળભાઈને યથામતિ વેદાન્તનું શ્રવણ છે. તેઓએ કાગળ ૩ * અનુક્રમે મારી ઉપર લખ્યા અને સંન્યાસવિધિવિગેરે પ્રશ્નો લખી ખુલાસો પૂછ્યો હતો. તેના ઉપર ત્રણ પત્રોથી ઉત્તર યથામતિ મેં લખી મોકલ્યા છે. તે પ્રશ્નોત્તરના ત્રણ કાગળો આપને નિવેદન થવા મોકલ્યા છે. તે ફુરસદે ધ્યાનમાં લઈ તેમાં કાંઇ ન્યૂનાધિક જેવું લખાણું હોય તો તેના ખુલાસાસહિત લખી મોકલશો. સારાંશ—મારા સમજવામાં જે વાત છે તેના અનુસારે ઉત્તર લખ્યો છે. . . . .

ચિ. વિજયશંકરને આપે શ્રવણના ખબર પૂછ્યા હતા તે વાતનો ઉત્તર ઉપર લખ્યો છે. કૃપા છે તે પ્રમાણે રાખશો. એ વિનંતિ. સાલ ૧૯૩૮ ના કાર્તિક સુદ ૧૧ બુધવાર.

લિ. સેવક ગગા ઉદેશંકરના

સાષ્ટાંગ નમસ્કાર."

"स्वस्ति श्रीमद्भावनगरकृतावासेषु निखिलसद्गुणमणिसमुद्रकेषु ब्रह्मात्मशब्दप्रत्यर्थविनिर्मुक्तसर्वाधिकसर्वोत्तरभूतब्रह्मात्मशब्दार्थ एवाहं नेतरदित्याकारब्रह्मविद्यासादितसर्वात्मभावभासितान्तःकरणेषु रा. रा. श्रीमदुदयशंकरतनुजगौरीशंकराह्वयेषु सर्वदा शुभचिंतनकमुम्बापुरस्थजीवनरामतनुजजयकृष्णार्पिताः स्वस्वरूपस्मरणपूर्विकाशिषां राशयः सन्तु । अपरं चात्र श्रीमदखंडानन्दसद्गुर्वनुग्रहावाप्तसद्विचारेण मनोवृत्तावानन्दोऽस्ति तत्र श्रीमत्सु तदस्त्वित्यभ्यर्थये सर्वदा श्रीशंकरात् । अपरं च प्राकृतभाषया।

* આ ત્રણ પત્રોનું તથા સ્વામીશ્રીએ આપેલાં ઉત્તરોનું તાત્પર્ય એકસરખું હોવાથી રા. ગોપાળભાઈ તથા સ્વામીશ્રીના એકેક પત્ર જ ઉપર આપવામાં આવ્યા છે.

પ્રથમ આપનું પત્ર ૧ બે ત્રણ માસ પહેલાં આવેલું હતું. તેમાં આપે આપના સ્વામીજી ચિદ્ઘનાનન્દપાસે યોગવાસિષ્ઠના શ્રવણના સમાચાર લખ્યા હતા તેથી તે વખત મન ઘણું પ્રસન્ન થયું હતું. તે પછી કાર્તિક સુદિ ૧૧ નું લખેલ આપનું પત્ર ૧, તથા અમદાવાદના સાઠોદરા નાગર રા. ગોપાળભાઇએ આપના ઉપર ત્રણ પત્રો લખી તેમાં પ્રશ્ન પૂછેલા તે પત્રો તથા તેને પ્રત્યુત્તરના આપના લખેલા ત્રણ પત્રોનો સાર સર્વ લખી તેમાં ન્યૂનાધિકતા તપાસવાસારૂ મને આપે મોકલેલ તે પહોંચ્યા. અનન્તર તે ત્રણ પત્રોનો આપનો લખેલ ઉત્તર સર્વ વાંચી જોતાં મારૂં મન અત્યંત સંતુષ્ટ થયું છે. તેમ विद्यारण्यमुनि પણ કહે છે કે

ज्ञात्वा सदा तत्त्वनिष्ठाननुमोदावहे वयम् ।
अनुशोचाम एवान्यान्न भ्रान्तैर्विवदामहे ॥

અને આપે શાસ્ત્રાભિપ્રાયપૂર્વક સ્વાનુભવથી અવિરુદ્ધ દેશકાલઅનુસાર અત્યુત્તમ યથાર્થ ઉત્તર લખ્યો છે તેમાં સદ્વિચારરૂપ નિર્મલ જલને પાડાની પેઠે ડોળી નાખનાર કુતર્કી જનોવિના સારગ્રાહી સજ્જનોને કાંઇ શંકા જેવું જણાતું નથી અને

स्वं बालं रोदमानं चिरतरसमयं शान्तिमानेतुमग्रे
द्राक्षां खर्जूरमाम्रं सुकदलमथवा योजयत्यंबिकाऽस्य ।
तद्वच्चेतोऽतिमूढं बहुजननभवान्मौढ्यसंस्कारयोगाद्
बोधोपायैरनेकैरवशमुपनिषद् बोधयामास सम्यक् ॥

यया यया भवेत्पुंसां व्युत्पत्तिः प्रत्यगात्मनि ।
सा सैव प्राक्रिया साध्वी ॥

ઇત્યાદિ શ્રીશંકરગુર્વાદિકોનાં વાક્યોથી પણ સકલ પ્રક્રિયાનું પ્રત્યગભિન્ન બ્રહ્મબોધપૂર્વક અજ્ઞ ચિત્તને સમાધાન કરવામાં પર્યવસાન છે તેમ સ્પષ્ટ રીતે જાણવામાં આવે છે, અને સંન્યાસાદિ સાધનોનું શ્રેષ્ઠપણું પણ આત્મબોધદ્વારા મોક્ષની

હેતુતાથી છે, ને સ્વાત્મબોધ વિના કેવળ વ્યવહારત્યાગથી મોક્ષ પ્રાપ્ત થતો નથી તે વિષે આપ્ત પુરુષ કહે છે કે—

व्यवहारपरित्यागो नैव मोक्षस्य कारणम् ।
संत्यक्तव्यवहारास्तु संति मूर्खाः सहस्रशः ॥

તેમ યથાર્થ વિરક્તતા પણ સ્વસ્વરૂપમાં નિષ્ઠાવિના સિદ્ધ થતી નથી. તેવી રીતે વિદ્વાન્ લોકો સ્વાનુભવનિરૂપણ કરે છે.

न विरक्ता धनैस्त्यक्ता न विरक्ता दिगंबराः ।
विशेषरक्ताः स्वपदे ते विरक्ता मता मम ॥

તેમ ગૃહસ્થ વિદ્વાન્ ગૃહવિષે કેવી રીતે રહે તે વિષે પ્રચંડપાખંડખંડનદ્વારા જગદુદ્ધારક પરમકૃપાલુ શ્રીશંકરાચાર્યે અતિઉત્તમ રીતે સમાધાન કરેલું છે. તે વાક્ય આ છે:—

तिष्ठन् गेहे गृहेशोऽप्यतिथिरिव निजं धाम गंतुं चिकीर्षु-
र्देहस्थान् दुःखसौख्यान्न भजति सहसा निर्ममत्वाभिमानः ।
आयाता यास्यतीदं जलदपटलवद्यात्रयास्यत्यवश्यं
देहाद्यं सर्वमेवं प्रविदितविषयो यश्च तिष्ठत्ययत्नः ॥

ઇત્યાદિ અનેક પ્રકારે અનુભવસહિત શાસ્ત્રોમાં છે તે આપને અવિદિત નથી. તેથી વિશેષ લખતો નથી. બીજું આપના શ્રવણાભ્યાસથી કાલક્ષેપના સમાચાર આપના લખવાથી જાણ્યા. आसुप्तेरामृतेः कालं ઇત્યાદિ વાક્યોથી તેમ જ કર્તવ્ય છે તથા

प्रियं वक्ति पुरोऽन्यत्र विप्रियं कुरुते भृशम् ।
निगूढमपराधं च शठोऽयमिति कीर्त्यते ॥

એવા વાક્યથી નિરૂપિત શઠ મનુષ્યોનો સંગ કદાપિ ન હોવો જોઇએ. તેવા પુરુષો વ્યવહાર તથા પરમાર્થને બાધ કરનાર છે તે આપ જાણો છો. બીજું સ્વામીજી ચિદ્ઘનાનન્દજી

દ્વારકા થઇને અહિં પધાર્યા છે. મને દર્શન થયું. વૃત્તિ શાંત છે. સારા મહાત્મા છે. આપ ધન્ય છો એવા પુરુષોના સમાગમથી. એવા વિરક્ત પુરુષ જગત્‌માં દુર્મિલ છે . . . . .

અહિં હાલ શ્રવણમાં પ્રાતઃકાલે પંચદશીનું તૃપ્તિદીપ ચાલે છે, તેમાં પ્રારબ્ધ કર્મ તથા બ્રહ્મવિદ્યાનો પરસ્પર વિરોધ નથી એ પ્રસંગ આજના શ્રવણમાં હતો. અને સાયંકાલે स्वात्मनिरूपण આર્યાનું શ્રવણ ચાલે છે. તેમાં આજે

स्वात्ममये महति पटे विविधजगच्चित्रमात्मना लिखितम् ।
स्वयमेव केवलमसौ पश्यन् प्रमुदं याति परमात्मा ॥

ઇત્યાદિ પ્રસંગ ચાલવાનો છે. આપ પાસે જે હાલ શ્રવણ ચાલતું હોય તે વૃત્તાંત લખ્યાથી માલમ પડશે . . . . . વિજયશંકરભાઈની સદ્વિચારમાં સારી અભિરુચિ જોઈને મન સંતુષ્ટ થાય છે . . . . સ્નેહ છે તેવો રાખી સ્વાનુભવસહિત પત્ર લખશો. इत्यलम् । સંવત્ ૧૯૩૮ ના માર્ગશીર્ષ વદિ ૫ શનિવાર."

"સંવત્ ૧૯૪૪ અધિક ચૈત્ર વદિ ૧૧ શનિવાર.

સર્વસદ્‌ગુણસંપન્ન, બ્રહ્મવિદ્વરિષ્ઠ, વેદમૂર્ત્તિ, વ્યાસજી શ્રીજયકૃષ્ણજી મહારાજ. મુંબઈ.

શ્રીભાવનગરથી સ્વામી સચ્ચિદાનન્દસરસ્વતીના ઘણા સ્નેહસાથે નારાયણસ્મરણ વિદિત થાઓ. . . . .

સ્વામીશ્રી આનંદગિરિજી અત્રે પધારતાં તેમનાથી ત્યાંના વર્તમાન તથા ચિ. ભાઈ મૂળશંકરસાથે આપ વખતોવખત લખાવો છો તે સર્વ વર્તમાનથી આનંદમાં વૃદ્ધિ થઇ છે. આજ રોજે જ ત્યાંથી રા. રા. ઝવેરીલાલભાઇના પત્રાંતર આપશ્રી તરફના શ્રવણના સમાચાર લખાઈ આવતાં અત્યાનંદ થયો છે.

અત્રે શ્રવણમાં પ્રાતઃકાલે શ્રીયોગવાસિષ્ઠ નિર્વાણ પ્રકરણમાં ભુશંડ મુનિનું આખ્યાન સમાપ્ત થતાં શ્રીરામચંદ્રજીને શ્રીવસિષ્ઠમુનિ સર્વાત્મભાવનો ઉપદેશ કરે છે તે પ્રસંગ ચાલે છે. મધ્યાહ્નોત્તર संक्षेपशारीरकनुं શ્રવણ થાય છે તે સહજ વિદિત થશે.

તસ્દી આપવાની એ છે કે ઉપદેશપંચક "वेदो नित्यमधीयताम्" સટીક સંસ્કૃત પુસ્તક અમારી પાસે હતું, પરંતુ હમણાં લાધતું નથી, માટે આપની પાસે તે છે એવું સ્વામીશ્રી આનંદગિરિજીએ કહ્યું છે તો કૃપા કરી બુકપોસ્ટ રવાના કરી મોકલાવવા શ્રમ લેશો જી.

આજ્ઞાથી દર્શનાભિલાષી સેવક ભવાનીશંકર વિ. નરોત્તમના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ અંગીકાર કરશોજી."

"સ્વસ્તિ શ્રીમદમાનિત્વાદિસદ્‌ગુણગુંફગુંફિતાંગગણ, બ્રહ્મત્મૈક્યનિષ્ઠાપરાયણ, પરમ કૃપાલુ, નારાયણમૂર્ત્તિ, સ્વામીશ્રી સચ્ચિદાનન્દસરસ્વતીની સેવામાં. મુ. ભાવનગર.

મુંબઇથી લ. જયકૃષ્ણ જીવનરામના અનૃતજડદુઃખતાવિરુદ્ધાત્મસ્વરૂપસ્મરણપૂર્વક ॐ नमो नारायणेति વિદિત થાય. આહીં શ્રીમદખંડાનંદસદ્‌ગુર્વનુગ્રહથી આનંદ છે. આપ આનંદરૂપ છો. परं च આપનું કૃપાપત્ર ૧ પ્રથમ ચૈત્ર વદિ ૧૧ નું લખેલ આવ્યું હતું જે વાંચી મન અત્યંત સંતુષ્ટ થયું. આપના પ્રાતઃકાલ તથા મધ્યાહ્નોત્તરના શ્રવણવિચારથી સત્કાલક્ષેપના સમાચાર વાંચી મનમાં आसुप्तेरामृतेः कालं नयेद्वेदान्तचिन्तया ઇત્યાદિ વાક્યોને સફલ કરો છો એમ નિશ્ચય થાય છે. આહીં પ્રાતઃકાલે ૬ વાગાથી ૭ વાગા સુધી કેનનું વાક્યભાષ્ય ચાલે છે; તે પછી ૭ા થી ૯ સુધી आत्मपुराण તથા प्रबोधचन्द्रोदय ચાલે છે, અને સાયંકાલે योगवासिष्ठ ના નિર્વાણનો ઉત્તરાર્ધ ચાલે છે. તેમાં હાલ ૫–૧૦ દિવસથી ચિરંજીવી रामगीता ચલાવે છે. સદ્વિચારથી અપૂર્વ આનંદ થાય છે તે આપને અનુભવ છે. . . . . .

સ્વામીજીસાથે साधनपंचकनुं આપે કહેવડાવેલ તે પુસ્તક લખાવીને આપને મોકલવાનું મેં કહેલ, પણ થોડા દહાડા લેખક ન મળ્યો અને લેખક મળ્યો તે વખતે પુસ્તક કોઇ બીજી પોથીમાં બંધાઇ ગયેલ તેથી તે ગોતવું પડ્યું. પછી કોઇ શરીરઉપાધિથી વિલંબ થયો તે ક્ષમા કરશો. હાલ આજ જ પુસ્તક લખાઇને આવ્યું. તે પુસ્તક પેનના અક્ષરથી શોધી મોકલ્યું છે, તે શાસ્ત્રીજી પાસે શુદ્ધ કરાવી લેશો. અહિંથી ભાઈ પ્રભુરામ, રા. ઝવેરીલાલભાઇ તથા સમસ્ત સત્સંગીમંડળીએ આપની સેવામાં સાષ્ટાંગ નમસ્કાર લખાવ્યા છે. આપનો સ્નેહ સર્વદા યાદ આવ્યાં કરે છે. सुज्ञेष्वलं पल्लवितेनेति ।

સંવત્ ૧૯૪૪ના દ્વિતીય ચૈત્ર વદિ ૧૩ ભૌમે.

विवेकवाक्यम् :—

शान्तेऽनन्तमहिम्नि निर्मलचिदानन्दे तरंगावलि-
निर्मुक्तेऽमृतसागरांभसि मनाङ् मग्नोऽपि नाचामति ।
निःसारे मृगतृष्णिकार्णवजले श्रांतो विमूढः पिब-
त्याचामत्यवगाहतेऽभिरमते मज्जत्यथोन्मज्जति ॥

આ શ્લોકનું આજ વ્યાખ્યાન ચાલ્યું હતું."

" ॐ श्रीहरिः ॥

વેદમૂર્ત્તિ, બ્રહ્મવિદ્વરિષ્ઠ, વ્યાસજી શ્રીજયકૃષ્ણરામજી જીવનરામજી.

મુ. શ્રીમુંબઈ.

શ્રીભાવનગરથી સ્વામી સચ્ચિદાનન્દસરસ્વતીના નારાયણસ્મરણ. વિશેષ આપનું પત્ર મિતિ કા૦ કૃ૦ ૧૦ સોમવારનું આવ્યું તેનું વૃત્તાંત વાંચી ઘણો સંતોષ થયો.

૧. નિત્ય શ્રવણમાં પ્રાતઃકાળે આપ પ્રથમ माण्डूक्य વિચારો છો એ જાણી આનંદ થયો. એ ગ્રન્થની મૂળ શ્રુતિ ૧૨ ઉપર શ્રીગૌડપાદાચાર્યની કારિકાઓ અને તેઉપર શ્રીશંકરભાષ્ય તથા આનન્દગિરિટીકા એ સર્વનું નિષ્કૃષ્ટાર્થરૂપ મનન કરવાથી ઉત્તમાધિકારીને ત્વંપદાર્થના શોધનપૂર્વક તત્પદાર્થની એકતાથી અજ્ઞાનનિવૃત્તિપૂર્વક અપરોક્ષ જ્ઞાન દૃઢ થાય છે. ईशादि ઉપનિષદોનાં વ્યાખ્યાનમાં પણ આ માંડૂક્ય ગ્રન્થ અગ્રણી ગણાય છે.

जाग्रत्स्वप्नः सुषुप्तिस्त्रितयमपि मतेः साक्षिणी यस्य तुर्या
सर्वेषां यस्तु साक्षी गुणमलरहितोऽप्यात्तनानाभिधानः ।
भूताद्योऽचिन्त्य एतत्सकलगुणनुतः प्रत्यगीशोऽयमात्मा
ब्रह्मोंकारादिगम्यं विदितमिति भवेद्येन स ब्रह्मभूतः ॥

माण्डूक्यमेकमेवालं मुमुक्षूणां विमुक्तये ।
तथाऽप्यसिद्धं चेज्ज्ञानं दशोपानिषदं पठ ॥

૨. માંડૂક્યભાષ્યનાં ચાર પ્રકરણ:—(૧) ૐકાર અથવા આગમ; (૨) વૈતથ્ય; (૩) અદ્વૈત; અને (૪) અલાત. એ ચાર પ્રકરણના તાત્પર્યના અનુસારે શ્રીવસિષ્ઠજીએ ઉત્પત્તિ, સ્થિતિ, ઉપરામ અને નિર્વાણ વર્ણવ્યાં છે એમ કેટલાએક મહાત્માઓ ગણના કરે છે. સારાંશ કે:—

પામર દૃષ્ટિ, યૌક્તિક દૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિ એ ત્રણ પ્રકારથી શ્રીવસિષ્ઠજીએ નિર્વાણ પ્રકરણના ઉત્તરાર્ધના ૧૯૦મા સર્ગમાં શ્રીરામચંદ્રજીપ્રત્યે વર્ણવી છે. તેમાં પામરદૃષ્ટિ, એટલે પોતાના સ્વરૂપની ભૂલથી અનાત્મા એવા દેહાદિકને વિષે હું મારાપણાનો જે અધ્યાસ, તેની નિવૃત્તિની ઇચ્છાવાળા મુમુક્ષુ તેનું યૌક્તિક અને તત્ત્વદૃષ્ટિથી નિરાકરણ કરવું એટલે અપરોક્ષ જ્ઞાન થાય. બીજી યૌક્તિક દૃષ્ટિ, એટલે ઉપનિષદોમાં જે અધ્યારોપદૃષ્ટિએ કરીને સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ, લયવગેરેનો યંત્ર ઇશ્વર ચલાવે છે જેમ કે 'सदेव सौम्येदमग्र आसीत्,' 'एकविज्ञानेन सर्वं

विज्ञातं भवति ' તેના દૃષ્ટાન્તમાં મૃત્તિકા, સુવર્ણ અને લોહ એ ત્રણોનું 'वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्' ઇત્યાદિ તથા તેજ, આપ અને અન્ન, રોહિત, શુક્લ અને કૃષ્ણ ઇત્યાદિ દૃષ્ટાન્તોએ કરીને યુક્તિઓ દર્શાવી વિવર્તવાદનું આશ્રયણ કર્યું છે. ત્રીજી તત્ત્વદૃષ્ટિ એટલે સચ્છાસ્ત્રનું શ્રવણાદિક અને સદ્ગુરુનો ઉપદેશ તથા પોતાના અનુભવવડે જીવન્મુક્તને ચરમ સાક્ષાત્કારરૂપ બ્રહ્માકારવૃત્તિનું પ્રાકટ્ય થવું, જેને કે અજાતવાદ કહે છે. અને તે માંડૂક્યમાં તથા યોગવાસિષ્ઠમાં પ્રાધાન્યપણે છે.

नाममात्रमिदं विश्वमिन्द्रजालसमोपमम् ।
येन सम्यक् परिज्ञातं न तत्र रमते बुधः ॥

पिण्डावस्था घटत्वे मनसि कलयतो हेतुकार्यत्वधीः स्या-
न्मृण्मात्रं यद्वदेकं स्फुटमभिभृशतो नैव हेतुर्न कार्यम् ।
तद्वन्मायिप्रपंचौ झटिति कलयतो ब्रह्म विश्वस्य हेतुः
सन्मात्रं त्वेकरूपं पटु परिमृशतो नैव मायी न विश्वम् ॥

૩. श्रीयोगवासिष्ठ ગ્રંથની રચનામાં વેદાન્તનાં પ્રસ્થાનત્રય, તથા તેના પ્રકરણગ્રન્થો, તથા ઇતિહાસ, પુરાણોવગેરે સર્વનું તાત્પર્ય વિસ્તારથી વર્ણવ્યું છે; અર્થાત્ ગંગા, યમુનાદિક નદીઓનું જેમ એક અયન સમુદ્ર છે તેમ સમગ્ર વેદાન્તનું રહસ્ય श्रीयोगवासिष्ठ ગ્રન્થ છે, જેનાં શ્રવણાદિકે કરીને મુમુક્ષુ જનો નિશ્ચય જીવન્મુક્ત થાય એવી શ્રીવસિષ્ઠજીની પ્રતિજ્ઞા પણ છે. તેમ જ એ ગ્રન્થમાં લવણ, ચૂડાલાદિ ઘણાં આખ્યાનો અને અનેક દૃષ્ટાન્તોથી અજાતવાદ સિદ્ધ કર્યો છે. એવો એ ગ્રન્થ અપૂર્વ છે.

यद्वाक्यामृतपायिनां प्रतिपदं सत्यं सुधा नीरसा
यद्वाक्यार्थविचारणादभिमतः स्वर्गोऽपि कारागृहम् ।
यद्वाणीविशदात्मपूर्णमनसां तुच्छं जगत्तूलवत्
तस्मै श्रीगुरवे वसिष्ठमुनये नित्यं नमस्कुर्महे ॥

ઉપર પ્રમાણે મારા સમજવામાં છે તેમ લખ્યું છે તેમાં કાંઈ ન્યૂનાધિક જણાય તો કૃપા કરી લખી જણાવશો."

સુજ્ઞ ગોકુળજી સંપત્તિરામ ઝાલા.

સુજ્ઞ ગોકુળજી ઝાલા.

રાજ્યકાર્યઉપાધિનું ઉત્તમ રીતે નિર્વહણ કરવા છતાં વેદાન્ત-શાસ્ત્રઉપર દૃઢ અનુરાગવાળા આ પ્રશસ્ત પુરુષ, અને તેમના વ્યવહાર તથા પરમાર્થે ઉભયથા પરમ સુહૃદ્ શ્રીસ્વામીજીવચ્ચે વેદાન્તવિષયક વિનોદ-ચર્ચા પત્રદ્વારા વારંવાર ચાલતી.

રા. રા. ગોકુળજીના પત્રમાંથી ઉતારો:—

"(૧). અમારી વૃત્તિથી નિદિધ્યાસનપૂર્વક અપરોક્ષ નિશ્ચય કરેલ છે. તેમાં કશો સંદેહ અમને નથી. એ વૃત્તિદ્વારા અપરોક્ષ થવા સંભવ છે એમ શાસ્ત્રકારનાં વાક્ય છે.

पंचदश्यां तृप्तिदीपे

अस्तु बोधोऽपरोक्षोऽत्र महावाक्यात्तथाऽप्यसौ ।
न दृढः श्रवणादीनामाचार्यैः पुनरीरणात् ॥

अहं ब्रह्मेति वाक्यार्थबोधो यावद्दृढीभवेत् ।
शमादिसहितस्तावदभ्यसेच्छ्रवणादिकम् ॥

ઇત્યાદિથી એમ લાગે છે કે મહાવાકયથી બોધ તો અપ-રોક્ષ જ થાય છે. મહાવાકય પરોક્ષબોધજનક નથી. પરંતુ તે અપરોક્ષ દૃઢાદૃઢ ભાવથી બે પ્રકારનો—શાસ્ત્રદૃષ્ટિ તથા અનુભવથી લાગે છે. ત્યાં चित्रदीप (पंचदशी)નું વાકય:—

तत्रापरोक्षविद्याप्तौ विचारोऽयं समाप्यते ।

એ રીતે અપરોક્ષ વિદ્યા—જે દૃઢ હોય તેથી વિચારની સમાપ્તિ, એટલે અભ્યાસ (નો) અભાવ; ને અદૃઢ અપરોક્ષ ઉપર એ જ ગ્રંથકારે અભ્યાસ લખ્યો છે.

આ જગ્યોએ એમ પણ કોઇ શંકા કરશે કે—જે અદૃઢ અપરોક્ષ કહ્યો છે તેને જ અમે પરોક્ષ જ્ઞાન કહીશું તો તે વાત શાસ્ત્રઅનુભવવિરુદ્ધ લાગે છે; કારણ વાક્યનું સામર્થ્ય વસ્તુઅનુસાર બોધ કરવાનું છે. વસ્તુ અપરોક્ષ છે તો વાક્યબોધ અપરોક્ષ જ હોવો જોઇએ. નીકર મહાવાક્યતાની સ્વરૂપહાનિ આવે. અને અમને આ વાત અનુભવમાં પણ યથાર્થ આવે છે. કારણ જો અપરોક્ષ વસ્તુ વૃત્તિએ જાણેલ જોયેલ હોય તો જ તેનું અવલંબન દૃઢતાપર્યન્ત વૃત્તિ કરી શકે. મહાવાક્ય અપરોક્ષ બોધક છે એઉપર ઘણો સિદ્ધાન્તશાસ્ત્રાર્થ છે. આ પ્રસંગ ટુંકામાં જ હાલ લખ્યો છે. આ સ્થળમાં શંકા કરનાર બે તર્ક કરી શકે છે—એક તો વાક્યજન્ય બોધજ્ઞાન અપરોક્ષ (હોય) તે વારે પરોક્ષ જ્ઞાનનું શું લક્ષણ? તો તેનું ઉત્તર એ જે ગુરુશાસ્ત્રપ્રમાણઉપર વિચાર નિદિધ્યાસન (કર્યા) વિના (કેવળ) વિશ્વાસથી તે (પ્રમાણ) માનવું (એટલે) વાક્યમાત્ર જાણવું તેને જ અમે પરોક્ષ કહું છું. બીજો તર્ક એ જે અપરોક્ષ જ્ઞાનને અભ્યાસ ન ઘટે, અને માનિયે તો એકદેશી પરિસંખ્યાનરૂપ સિદ્ધાન્ત થાય. તેનો ઉત્તર પરિસંખ્યાનવાદી પરોક્ષ નામમાત્રની આવૃત્તિથી અપરોક્ષ માને છે તેવું આ માનવું નથી.

આ વૃત્તિમાં પંચદશીનાં વાક્ય યથાર્થ અનુભવથી પ્રત્યક્ષ થયેલ છે. પંચદશીના એકાદશ પ્રકરણમાં લખ્યું છે:—

द्यप्यसौ चिरं कालं समाधिर्दुर्लभो नृणाम् ।
थापि क्षणिको ब्रह्मानन्दो निश्चाययत्यसौ ॥

द्धालुर्व्यसनी योऽत्र निश्चिनोत्येव सर्वथा ।
नेश्चिते तु सकृत्तस्मिन् विश्वसेदन्यदाऽप्ययम् ॥

अपरोक्षानुभूतिनું વાક્ય:—

ह्मैवास्मीति सद्वृत्त्या निरालंबतया स्थितिः ।
यानशब्देन विख्याता परमानन्ददायिनी ॥

निर्विकारतया वृत्त्या ब्रह्माकारतया पुनः ।
वृत्तिविस्मरणं सम्यक् समाधिर्ज्ञानसंज्ञकः ॥

એ રીતે ક્ષણિક વૃત્તિ તો ધારિયે તે વારે થઈ શકે છે. એ વૃત્તિ ચિરકાળ હોવી જોઇએ. તે કર્તવ્ય જીવન્મુક્તિસુખસિદ્ધિસારૂ છે. 'येषां वृत्तिः समावृद्धा' ઇત્યાદિ ત્યાં જ વાક્ય છે. દોલત કમાણામાં તો વાંધો અમારા મનથી નથી. તેને યથાર્થ ભોગવવાની આતુરતા રહે છે.

(૨). અપરોક્ષ જ્ઞાનવાળાનાં લક્ષણ યથાસ્થિત આપણામાં ભાસે છે કે શી રીતે? તેનું અમને અનુભવમાં એમ જ છે કે

'इच्छन्नप्यज्ञवन्नेच्छेत् किमिच्छन्निति हि श्रुतिः' ।
'रागो लिंगमबोधस्य सन्तु रागादयो बुधे' ।

ઇતિ પંચદશીનાં તૃપ્તિદીપગત વાક્ય તેવાં જ પ્રત્યક્ષ ભાસે છે. એટલે કામાદિ બળવાન્ અજ્ઞવત્ નથી; કંઇ સ્વાધીનવત્ છે. જેમ જેમ અભ્યાસવૃદ્ધિ તેમ તેમ કામાદિની શિથિલતા થવાની છે. વિદ્યમાન છે તે ભર્જિતબીજવત્ છે.

(૩). વિદ્વાનનાં લક્ષણ સર્વના જાણવામાં બરોબર આવતાં નથી; પણ વિદ્વાનો તેનાં (વિદ્વાનોનાં) લક્ષણ સમાગમથી જાણી શકે. અષ્ટાવક્રનું વાક્ય છે કે :—

भ्रान्तस्येव दशास्तास्तास्तादृशा एव जानते ।

(૪). યથાસ્થિત લક્ષણ વિદ્વાનનાં પોતામાં ન ભાસે ત્યાંસુધી અપ્રતિબદ્ધ દૃઢ અપરોક્ષ જ્ઞાનવાન્ સાક્ષાત્કાર કહી શકાય નહિ, એમ શાસ્ત્રવાક્યથી જાણવામાં છે.

(૫). અમારી દૃષ્ટિમાં વિદ્વાનને યથાર્થ લક્ષણ સંપાદન થવાની પૂરી જરૂર છે. અને તે સત્કારપૂર્વક નિત્ય નિરંતર નિદિધ્યાસનાદિના અભ્યાસની વૃદ્ધિથી થાય છે. એ અભ્યાસસારૂ

સંન્યાસાદિ શાસ્ત્રોક્ત આવશ્યક છે. વિદ્વત્સંન્યાસીને પણ ઐતરેયોપનિષદ્‌ભાષ્યાદિમાં યથાવિધિ આવશ્યકપણે ઉક્તિ છે. તે જ રીતે અમારા મનમાં નિશ્ચય છે.

(૬). ભાષ્યાદિ એક વાર સર્વ અવલોકનમાં આવેલ છે. મુખ્ય ગીતાભાષ્યમાં જ સર્વસ્વ છે, તેમાં કંઇ વાંધો લેવા જેવું નથી. બ્રહ્મચારીજી * કહે છે તેમ જ છે, પણ કેટલેક પ્રસંગે મુમુક્ષુ, બોધેચ્છુ, બુભુત્સુને સરળ રસ્તો કૃપાળુ ગુરુએ બતાવવો જોઇએ તો જ તેની વૃત્તિ પ્રચાર કરી શકે. જે વારે અસ્મદાદિને રામમહારાજાદિનો બોધ કિંચિત્ પણ શ્રદ્ધોત્પાદક થયો તે વારે આપ જ બ્રહ્મચારીજીની વ્યાખ્યા કિંચિત્ સમજવા મનને બને છે. નીકર પ્રારંભ જ આકરી રીતથી થાય તો હું જાણું છું કે વૃત્તિ ભયાનક વાકયોથી પાછી હઠે.

(૭). અપરોક્ષ જ્ઞાનનિષ્ઠામાં અમે મનથી સંદેહ રાખતા નથી. અભ્યાસની ન્યૂનતાથી તે સંબંધી લાહો નથી. તથાપિ વ્યવહારાદિ અનેક પ્રસંગમાં બોધજન્ય સહાયતા અવશ્ય મળ્યાં કરે છે. એ અનુભવ હું જાણું છું, અને આપને ઘણે પ્રસંગે મનના સમાધાનમાં આવતો જ હશે. ને એટલી વાત પણ રામાદિગુરુપ્રતાપ માનવો જોઇએ. આ પ્રસંગ મારા બોલવાથી શાસ્ત્રીજીને ભારે પડેલ ખરો, પરંતુ જેવું મનમાં તેવું બોલાણું લખાણું છે. એ જ વિનંતિ."

રા. રા. ગૌરીશંકરતરફથી ઉત્તર.

* * * *

"વિનંતિ જે

(૧). વૈરાગ્યાદિ ૪, શ્રવણાદિ ૩, અન્વયવ્યતિરેક ૧— એ આઠ સાધનવાન્ પુરુષને સંપ્રદાયશુદ્ધ ગુરુના ઉપદેશથી મહા-

* ગણેશશાસ્ત્રી બ્રહ્મચારીજી. શ્રીસ્વામીજીના આ પુરુષસાથે સમાગમનો વૃત્તાન્ત આ પ્રકરણમાં આગળ આપવામાં આવ્યો છે.

વાક્યજન્ય આવરણભંગપૂર્વક અપરોક્ષ જ્ઞાન થાય છે એવો શાસ્ત્રનો સિદ્ધાન્ત છે. તે સાધન મુમુક્ષુને યત્નસાધ્ય અને જ્ઞાનીને સ્વભાવભૂત દેખાણાં જોઇએ. તે વિના અપરોક્ષ જ્ઞાન થયાનું જે કહેવું તે કથનમાત્ર જણાય છે. 'नायमात्मा बलहीनेन लभ्यः' ઇત્યાદિ.

(૨). કદાપિ એવું માને કે—વૈરાગ્યાદિ સાધન તો અમારે પૂર્વ જન્મમાં થઇ ચૂકતાં તે સ્વભાવભૂત છે, પણ તે બીજા દેખી શકતા નથી, તો તે વાત અસંભવિત જણાય છે. કારણ કે જેનો પૂર્વપુણ્યસંસ્કૃત જન્મ હોય તેનું વ્યવહારમાં પણ પગલું પ્રાકૃત પુરુષનાથી વિલક્ષણપણે તૃષ્ણારહિત ઉદાસીનવત્ પડે. વળી જેમ કોઇની બુદ્ધિમાં શાસ્ત્રાભ્યાસ પૂર્વસંસ્કારજન્ય થોડી મહેનતે ઉદય થવાનું જણાય છે તેમ પૂર્વ જન્મમાં સાધન થઈ ચૂક્યાનું કહેનારાને સ્રી, દ્રવ્ય, પુત્રાદિક કામનાઓના ત્યાગપૂર્વક સત્ય, દયા, સંતોષાદિકની વૃદ્ધિ થયાનાં ચિહ્નો જણાતાં નથી. અને ગીતાના ૨–૧૩–૧૪ વગેરે અધ્યાયમાં જે લક્ષણ લખ્યાં છે તે પ્રમાણે પરસંવેદ્ય લક્ષણો તે બીજાને અવશ્ય જણાયાં જોઇએ. તે પ્રમાણે કાંઇ દીઠામાં આવતાં નથી, અને ઉલટી રીતે રાગદ્વેષપૂર્વક વ્યવહારમાં સંલગ્નતા જણાય છે તે જોતાં પૂર્વ જન્મમાં સાધન થઇ ચૂક્યાં છે એવું જે બોલવું તે યોગ્ય જણાતું નથી.

किं च पुण्यरतः पूर्वं ज्ञानमाप्नोति नान्यथा ।
पश्चाच्च तद्वासनया पुण्यमेव करोत्यसौ ॥

(૩). 'અમારો વ્યવહાર તો રાગાભાસ છે તથા ભર્જિતબીજવત્ વર્તીએ છીએ' એવું વિરક્તિરહિત પુરુષને બોલવું તે યથાર્થ કહેવાય નહિ. કાં જે જ્યાંસુધી હું મારાપણાનું અભિમાન તથા સ્રી, પુત્ર, દ્રવ્યાદિની લાલચ છૂટે નહિ તથા તેનો ત્યાગ સાત્ત્વિકી રીતે થયો નથી ત્યાંસુધી તો 'अहो ते बोधवैभवम्' એ પંચદશીના વાક્યપ્રમાણે કહેવાય, અને રાગાભાસ

તથા ભર્જિત બીજનું જે શાસ્ત્રમાં લખ્યું છે તે તો સ્ત્રીપુત્રાદિકના ત્યાગપૂર્વક ભોજનાચ્છાદનમાત્ર વ્યવહાર જેનો હોય તેને સારૂ છે, કાંઇ સકામ પુરુષને સારૂ નથી એવું અમારાથી સમજાય છે. તે पंचदशीनां વાક્ય તો 'वैराग्यबोधोपरमाः' ઇત્યાદિમાં પૂર્વાપર વિરોધ આવે નહિ તે રીતે नैष्कर्म्यसिद्धिनां વાક્યસાથે મેળવીને વિચાર કરવો જોઇએ.

(૪). વૃત્તિમાં ક્ષણપળ બ્રહ્માનન્દનો અવિર્ભાવ થયાનું જે માનવું તે યથાશાસ્ત્ર સમાધાનપૂર્વક અધિકારી થઈ અભ્યાસ કર્યાવિના તે આનન્દનો આવિર્ભાવ થઇ શકે એવું અમારા વિચારમાં આવતું નથી; અને કદાપિ કોઇ સાધનપૂર્વક થયા વિના એવા આનન્દનો આવિર્ભાવ થયાનું માનતું હોય તો તે આભાસમાત્ર જાણવો, કારણ કે જેને યથાશાસ્ત્ર બ્રહ્માનન્દનો આવિર્ભાવ થતો હોય તેને અજ્ઞવત્ વ્યવહાર થવાનો પણ સંભવ લાગતો નથી. તે બાબત આચાર્યનું વાક્ય છે કે :—

अविदितपरमानन्दो वेत्ति नरो विषयमेव ।
रमणीयं तिलतैलमेवं मिष्टं येन न दृष्टं घृतं स्वप्ने ॥

(૫). જીવન્મુકત છતાં તેનું સુખ નહિ અને દૃષ્ટ દુઃખ તો રહે છે એમ જે માનવું એ વાત પણ वदतो व्याघातः જેવી છે. કાં જે आत्मानं चेद्विजानीयात् એ વાક્યપ્રમાણે થયું હોય તેને દૃષ્ટ દુઃખ રહે જ નહિ; અને તે દુઃખ મટ્યું હોય નહિ ત્યારે તો સાધનપૂર્વક અપરોક્ષ જ્ઞાન થયું એમ શી રીતે કહેવાય ?

तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः

(૬). ગુરુએ પ્રથમથી સહેલો ઉપાય બતાવ્યો તો વિદ્યામાં પ્રવેશ થયો એવું જે માનવું તે પણ યથાર્થ કહેવાય નહિ. કાં જે કોઇ રોગી બાળકને માતા ઔષધ પાય તે અગાઉ કદાપિ સાકરનો ગાંગડો ખવરાવે તોપણ તે પછી કડવું ઔષધ પાય તો

જ રોગની નિવૃત્તિ થાય, તેમ કદાપિ મંદ વૈરાગ્યપૂર્વક ગુરુથી પરોક્ષ જ્ઞાન સાંભળ્યું તોપણ પાછળથી ત્યાગપૂર્વક સાધનો બરાબર સંપાદન કરવાં જોઇએ; જેમકે ગીતામાં 'यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम्' એ વાક્યપ્રમાણે સંપ્રદાયશુદ્ધ ગુરુ હોય તે તો પ્રથમથી જ સાધન યુક્તિપૂર્વક ઉપદેશ કરે તે વિના અપવાદદૃષ્ટિનો આશ્રય લઈ ગુરુ બતાવે ને તેથી કૃતકૃત્યતા માનવી એ વાત તો 'कुशला ब्रह्मवार्तायाम्' ઇત્યાદિ વાક્યોના જેવી કહેવાય.

(૭). સાધનસહિત નિરંતર પરાગ્વૃત્તિનો ત્યાગ અને પ્રત્યક્પ્રવણ વૃત્તિપૂર્વક નિર્વિકલ્પસમાધિયુક્ત જો મહાવાક્યથી આવરણભંગ થઈ સાક્ષાત્ જ્ઞાન થાય તો જ શરીર છૂટ્યાપછી તેના પ્રાણ ઉત્ક્રમણ થાય નહિ. અને તેમ થયા વિના ફક્ત પાનાં વાંચવાથી કિંવા સાંભળવાથી જન્મમરણ મટે તેવું કોઇ શાસ્ત્રના આધારથી જણાતું નથી. માટે બની શકે તે રીતે ત્યાગપૂર્વક સાધનયુક્ત થવામાં પુરુષાર્થ કરવો, અને તેમ થતાં સુધી કૃતકૃત્યતા નહિ માનતાં केनोपनिषद्‌ના વાક્યભાષ્યમાં જે આચાર્યની ઉક્તિ છે તે બરાબર અવલોકન કરવી જોઇએ."

* * *

પંડિત શ્રીગોપીનાથજી.

પંડિત શ્રીગોપીનાથજી.

જયપુર સંસ્થાનની સંસ્કૃત પાઠશાલાના અધ્યાપક આ વિદ્વાન્ પંડિતસાથે સ્વામીશ્રીને પૂર્વાશ્રમથી વેદાંન્તવિષયક પત્રવ્યવહાર ચાલતો હતો. સંન્યાસ ગ્રહણ કર્યા પછી સ્વામીશ્રીના દર્શનાર્થ સંવત્ ૧૯૪૭ માં પંડિતજી પોતાના પૌત્ર લક્ષ્મીનાથઆદિસહિત ભાવનગર આવ્યા હતા. તેઓએ स्वानुभवाष्टक, स्वानुभवसार, भावनगरप्रशास्तिઆદિ ગ્રન્થો રચ્યા છે. પંડિતજીના માઘ શુક્લ ૪ સંવત્ ૧૯૪૧ ના પત્રમાંથી ઉતારો:—

" आर्या: ।

" न ह्यन्तर्मुखवृत्तिं विनाऽऽवृतिर्ध्वंसमुपयाति ।
तस्याः स्वरूपमस्माद् वक्तव्यमहं यतः कुर्याम् ॥
अविषयतामापन्नः फलस्य न ज्ञाततां घटो भजते ।
आत्माऽप्यफलव्याप्तेरज्ञातत्वं तथा प्रयाति पुरा ॥
अज्ञातत्वज्ञानं घटात्मनोः साम्यमुपयातम् ।
तस्मात्प्रतीतिभेदः प्रदर्शनीयः कृपां कृत्वा ॥
अविषयतात्मनि बोधस्त्वस्या आभासगोऽत्र यद्भाणि ।
साक्षिणि तेन विषयताबलाद्भवेद्धर्मधर्मित्वात् ॥
धर्मित्वमत्र साक्षिण्यविषयतायां च धर्मता स्पष्टा ।
न विना धर्मिज्ञानं धर्मज्ञानं च संभवेन्नूनम् ॥
अविषयतावद्धर्मिज्ञानं लोके परोक्षमाख्यातम् ।
साक्षिज्ञानं तादृशमपरोक्षत्वं कुतः गन्ता ॥
आवृतिनाशादिति चेत्प्रतीत्यभेदात्प्रतीतिरस्य कथम् ।
अंगीकरणीयः स्यामुपदेष्टव्यः स्वकीय इति मत्वा ॥ "

શીઘ્રકવિ શંકરલાલ માહેશ્વર ભટ્ટ.

શીઘ્રકવિ શંકરલાલ માહેશ્વર ભટ્ટ.

રાજસંસ્કૃતપાઠશાળાના શાસ્ત્રી મોરબીનિવાસી પ્રશ્નોરા નાગર આ પ્રસિદ્ધ શીઘ્રકવિનો સમાગમ સ્વામીશ્રીને પૂર્વાશ્રમમાં તથા ઉત્તરાશ્રમમાં અનેક પ્રસંગે ભાવનગરમાં થયો હતો. સંસ્કૃતકાવ્યરચનામાં સારી પ્રતિષ્ઠાને પામેલા એ શીઘ્રકવિએ सावित्रीचरित्र, चंद्रप्रभाचरित्र, सेव्यसेवकभावानिबंध, अनसूयाभ्युदयઆદિ અનેક ગ્રન્થો રચેલા છે. તેમની વિનીતતા તેમની વિદ્યાના પરમ ભૂષણરૂપ છે.

" श्रीमत्परमहंसपरिव्राजकादिसद्गुपमासुशोभितानां

स्वस्तिश्रीमद्भावपुर्यां स्थिताना-
मप्यद्वैतानन्दकुंजास्थितानाम् ।
नानाभावेष्वप्यजातस्पृहाणां
सन्मुक्तिश्रीलाभलग्नस्पृहाणाम् ॥

सद्वेदान्तांभोधिसंसेवनेन
प्राप्तब्रह्मानन्दपीयूषभाजाम् ।
क्षांत्या दांत्या संयुतानां च शांत्या
प्रेम्णा भक्त्या चाश्रितानां विरक्त्या ॥

स्वामिश्रीमत्सच्चिदानन्दनाम्नां
पादांभोजे मत्प्रणामाब्जमालाः ।
भक्त्यामोदप्रेमसारस्य पूर्णा
भूयो भूयः कोटिशः प्रोल्लसन्तु ॥

अस्त्यत्र श्रीपार्वतीप्राणबन्धोः
प्रेमालोकैर्युष्मदीयाशिषा च ।
श्रेयोऽस्माकं श्रीमतां तत्सदा स्या-
दित्थं नित्यं प्रार्थये श्रीपरेशम् ॥

युष्माकं सत्पत्रदूतो मदीयं
नेत्रद्वंद्वं हर्षसिन्धौ निमग्नम् ।
आर्याश्चक्रे चैत्रमासे वलक्षे
पक्षे पुण्यद्वादशीभौमवारे ॥

दृष्ट्वा तं वः पत्रदूतं तु रम्यं
प्रापानन्दं यं मदीयोऽन्तरात्मा ।
तं निर्जीवा लेखिनीयं मदीया
स्वामिन् कैः कैर्दर्शयेत् सा प्रकारैः ॥

भूयोऽप्येवं सत्कृपापत्रदूतः
संप्रेष्यो मन्मानसाह्लादसिद्ध्यै ।
इत्येषा मे प्रार्थना स्वामिवर्यै-
र्धार्या स्वीये मानसेऽच्छे दयार्द्रैः ॥

तत्त्वानुसन्धानसमाह्वयो यः
संप्रेषितः सद्गुरुभिः प्रबन्धः ।
आह्लादयामास मधौ नवम्यां
शनौ समे मानसमन्त्यपक्षे ॥

अपारमुपकारस्य भारमात्मशिरस्यहम् ।
वहामि चिद्घनानन्दस्वामिनां श्रीमतामपि ॥

समस्तशास्त्रांबुधिपारगानां
श्रीचिद्घनानन्दयतीश्वराणाम् ।
पदाब्जयुग्मे नितरां लसन्तु
प्रणामपुष्पांजलयो मदीयाः ॥

किं बहुना श्रीमत्स्विति विरम्यते (संवत् १९४३) चैत्रकृष्ण-त्रयोदश्यां गुरौ मोरबीपुरनिवासिना भट्टमाहेश्वरात्मजनुषा शंकरलालेन प्रणामपुष्पाञ्जलिसहस्रार्पणपूर्वम् । इति शम् । ”

અન્ય વિદ્વાનો, શાસ્ત્રીઓ આદિ.

આ ઉપરાંત વિદ્વન્મંડળમાં તથા શાસ્ત્રિમંડળમાં, અમદાવાદનિવાસી મહારાષ્ટ્ર બ્રાહ્મણ અગ્નિહોત્રી રામભટ્ટજી, ધમડાચાના વેદાન્તનિષ્ઠ ભગવાનશાસ્ત્રી, સુરતનિવાસી વેદશાસ્ત્રસંપન્ન ભદ્રશંકર, દિનમણિશંકર, તથા યજ્ઞેશ્વરશાસ્ત્રી, ભાવનગર સંસ્થાનના તળાજા ગામના નિવાસી જગજીવન પંડ્યા, સતારાસમીપ કૃષ્ણાતીરનિવાસી ગણેશભટ્ટજી, રામબાવાના શિષ્ય અને જામનગરનિવાસી શ્રીમાળી બ્રાહ્મણ મહારાજ વિશ્વનાથજી, વડનગરા નાગર બ્રાહ્મણ

નરભેરામ પંડ્યા, પ્રશ્નોરા બ્રાહ્મણ મહીધરભટ્ટજી, તેમના પુત્ર જીવનરામશાસ્ત્રી, તથા સારસ્વત બ્રાહ્મણ કેશવજી શાસ્ત્રી, ભારતમાર્તંડ પંડિતવર્ય શીઘ્રકવિ ગટ્ટુલાલજી તથા તેમના પિતા ઘનશ્યામજી, રામબાવાના શિષ્ય તથા વડોદરાનિવાસી મહારાજ શ્રીબાપુબાવા તથા છોટુમહારાજ, પ્રાચીનશોધસંબંધી પોતાના પાંડિત્યથી પાશ્ચાત્ય દેશોપર્યન્ત વિખ્યાતિને પામેલા જૂનાગઢનિવાસી પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ પંડિત ભગવાનલાલ ઇંદ્રજી, શ્રીરામબાવાના પ્રતાપી શિષ્ય પંડિત પીતાંબરજી, પ્રથમ ગોઘામાં અને પછી ભાવનગરમાં નિવાસ સ્થાપી રહેલા વડનગરા નાગર બ્રાહ્મણ શુકલ જયાનંદ બજીભાઈ—આદિ અનેક સત્પુરુષોનો સમાગમ સ્વામી શ્રીસચ્ચિદાનન્દસરસ્વતીને પૂર્વાશ્રમ તથા ઉત્તરાશ્રમમાં વિવિધ પ્રસંગે રહેલો હતો.

સ્વામીશ્રી સચ્ચિદાનન્દ બ્રહ્મતીર્થજી.

ઉપર પ્રમાણે, ગૃહસ્થદશા ભોગવનાર વિદ્વાનો તથા સત્પુરુષોસાથે સ્વામીશ્રીના સમાગમનું નિરૂપણ થયું. પરંતુ તેમના સમાનાશ્રમી જે અનેક સંન્યાસી મહાત્માઓના પુણ્ય સંબંધરૂપી વાટિકામાં તેમની વૃત્તિ સંતત વિહાર કરતી તેનું વર્ણન અવશિષ્ટ છે. એ મહાત્મમંડલમાં અગ્રગણ્ય સ્વામીશ્રી સચ્ચિદાનન્દ બ્રહ્મતીર્થજી (પૂર્વાશ્રમના મનોહરદાસ) એમણે સ્વામીશ્રીને પૂર્વાશ્રમમાં ઉપકારક થઈ તેમની ચિત્તનદીના પ્રવાહને નિર્વિષય અને નિરતિશય આનંદના માર્ગે કેવી રીતે વાળ્યો હતો તે વૃત્તાન્ત વિસ્તરપૂર્વક પૂર્વ પ્રકરણમાં નિરૂપિત થઈ ગયો છે. આ પ્રકરણના શેષ ભાગમાં અન્ય સંન્યાસી મહાત્માઓનો ભિન્ન ભિન્ન કાલે થયલો સંબંધ વર્ણવામાં આવે છે.

સ્વામીશ્રી અદ્વૈતાનન્દજી.

સ્વામીશ્રી અદ્વૈતાનન્દજી.

આ સ્વામી પૂર્વાશ્રમે વડનગરા નાગર હતા, અને ગણદેવીમાં સ્વર્ગવાસી રા. રા. ત્ર્યંબકલાલ મુગટલાલજી, જેઓ સ્વામીશ્રીના પૂર્વાશ્રમના કાકા થાય, તેમની પાસે રહેતા. તે સમયે સ્વામીશ્રીને પૂર્વાવસ્થામાં ૩૩ વર્ષની વયે તેમનો સમાગમ તે સ્થલે થયો

હતો. અદ્વૈતાનન્દજી સ્વામીમાં વિરાગ આરૂઢ પ્રતીત થતો હતો, તેમ જ યોગસિદ્ધાન્તો તથા વેદાન્તસિદ્ધાન્તો ઉપર તેમની નિષ્ઠા પ્રશંસનીય હતી. તેમના મુખથી સ્વામીશ્રીએ શા. ત્ર્યંબકલાલસહિત વેદાન્તકથાનું શ્રવણ કર્યું હતું.

સ્વામીશ્રી રામકૃષ્ણભારતીજી.

સ્વામીશ્રી રામકૃષ્ણભારતીજી.

આ સ્વામી પૂર્વાશ્રમે મારવાડી બ્રાહ્મણ હતા. તેમનો નિવાસ કાશીમાં હતો. ગોઘાના મારવાડી વ્યાપારીઓના સાગ્રહ આમંત્રણથી તેઓ સંવત્ ૧૯૦૧ માં પ્રથમ ગોઘે પધાર્યા હતા; ત્યાર પછી તેમનું ભાવનગર આવવું થયું તે સમયે સંવત્ ૧૯૦૧ થી સંવત્ ૧૯૧૦ સુધી સ્વામીશ્રીને તેમનો સમાગમ રહ્યો હતો. તેમના મુખથી સ્વામીશ્રીએ પૂર્વાશ્રમમાં પંચદશી, વાક્યસુધા આદિ ગ્રન્થોનું શ્રવણ કર્યું હતું. રાજ્યકાર્યપ્રસંગે રા. રા. ગૌરીશંકરનું પોલિટિકલ એજન્ટની સ્વારીમાં ફરવું થતું ત્યારે તેઓ આ સ્વામીજીને પોતાની પાસે રાખી તેમનાથી વેદાન્તશ્રવણ કરતા હતા. ભાવનગરમાં તેમની કથાના શ્રવણાર્થે ઘણા લોકોનો સમુદાય એકઠો થતો. ધર્મકાર્ય તથા પરોપકારાદિ કાર્યોસંબંધે રા. રા. ગૌરીશંકર તેમની આજ્ઞા લઈ તે પ્રમાણે વર્તતા. તેમને અર્થે રા. રા. ગૌરીશંકરે કાશીમાં એક સુંદર સ્થલ રચાવી તેમાં શ્રીહાટકેશ્વર મહાદેવનું સ્થાપન કરેલું છે. સ્વામીશ્રી રામકૃષ્ણભારતીજી સંવત્ ૧૯૩૬ માં કાશીક્ષેત્રમાં સમાધિસ્થ થયા.

સ્વામી શ્રીરામકૃષ્ણભારતીજીનો પત્ર.

" स्वस्ति श्रीनगरपालीमध्ये स्थितश्रीमत्परमहंसपरिव्राजकस्वामीश्रीरामकृष्णभारतीना आशीर्वादपूर्वक नारायण बंदर भावनगरमध्ये ओझा गौरीशंकर उदयशंकर तथा देशाई संतोषराम सेवकरामना प्रति वांचजो. जे तमे शिक्षानो लख्यो छे सो प्रपंच स्वप्नकी न्यांई मिथ्या

है. अरु जो स्वप्नमें प्रपंच सत् भासता है सो ज्योतिःस्वरूप आत्माको सत्तासे भासे है. तैसे जाग्रत्‌भी ब्रह्मसत्तातें भासे है सत्‌की न्यांई. सो जाग्रत्, स्वप्न, सुषुप्ति तीनुं तुल्य है. तैसेहिं ब्रह्मआत्मा तुल्यसत्तास्वरूप है. सो ब्रह्मआत्मज्ञान प्रथम आत्मज्ञानसे होता है. जैसे सूक्ष्म ज्ञानसे स्थूल ज्ञान होता है. सूक्ष्म नाम पिंडका; स्थूल नाम ब्रह्मांडका. सो सूक्ष्म तीन प्रकारका है; स्थूल, सूक्ष्म, कारण भेद करीके. सो ये तीनुं शुक्तिविषे कल्पित विशेष अंशकी न्यांई है. जैसे शुक्तिमें तीन अंश है एक तो सामान्य अंश है. दूसरो विशेष अंश है, तीसरो कल्पित विशेष है, तैसे ब्रह्मआत्माके विषे तीन अंश है; एक तो सामान्य अंश, दूसरो विशेष अंश, तिसरो कल्पित विशेष अंश, जैसे शुक्तिमें श्वेतपणा है ताकुं विवेकी सामान्य अंश कहे है. अरु जो नीलपृष्ठत्रिकोण है ताकुं विशेष अंश कहे है. अरु जो रूपाकी प्रतीति है ताकुं कल्पित विशेष अंश कहे है. अरु जो काल्पित विशेष अंश है सो सामान्य अंशविषे मिथ्या है, परंतु सत्‌की न्यांई भासे है. सो विशेष अंशके ज्ञानतें नष्ट होता है. अरु जो ब्रह्मआत्माविषे सत् अरु अहंभाव सामान्य अंश है. अरु जो आनंद, असंगता विशेष अंश है अरु जो विराट्, हिरण्यगर्भ, अरु ईश्वर इन तीनुका जो भेद ताकुं कल्पित विशेष अंश कहे है—'तत्' पदका लक्ष्य ब्रह्मके विषे. अब 'त्वम्' पद विषे तीनुं अंश कहे है. अहं, अहं, अहं ऐसी अंतःकरणके विषे जो आवरणरहित सर्व कालमें प्रतीति है सो ताकुं सामान्य अंश कहे है. अरु जो आनंद असंगता है ताकुं विशेष अंश कहे है. अरु जो अहं, अहं, अहं ऐसे सामान्य अंशविषे जो में देह हुं, मनुष्य हुं, ब्राह्मण, संन्यासी, स्त्री, नपुंसक, श्रेष्ठ, अभीष्ट, कर्ता, भोक्ता मैं हुं, अरु ज्ञानी, अज्ञानी, रागी, त्यागी मैं हुं, इस प्रकारकी जो अहं-कारकुं लिये दो प्रकारकी इन्द्रियांविषे जो प्रतीति है, मैं काना हुं, एक तो इसप्रकारकी प्रतीति होती है, बीजी मेरी आंख दुखे है सो

तादात्म्याध्यासने आत्मविषे इस प्रकारकी प्रतीति होती है, प्रसिद्ध, मैं अंधा हुं, बधिरा हुं, भुका, प्यासा हुं, सुखी, दुःखी जन्म मेरा भया है, में मरुंगा, इसप्रकारकी जो प्रतीति ताकुं आंतर प्रतीति कहे है. अरु जो मेरा प्राण, मेरी बुद्धि, मेरा मन, मेरी इन्द्रियां, अरु मेरा घर, मेरी स्त्री, इस प्रकारकी जो प्रतीति सो बाह्य है ताकुं विशेष कल्पित अंश कहे है ताकी निवृत्ति जैसे शुक्तिके नीलपृष्ठत्रिकोणके विशेष ज्ञानतें कल्पित विशेष रूपेकी निवृत्ति होती है, तैसेहि आत्माके विषे जो आनंद असंगतारूप विशेष अंशके ज्ञानतें कल्पित विशेष अंशकी निवृत्ति होती है.

सो विशेष अंश अविद्याकरके आच्छादित है. अरु सत्ताचेतनता सब प्राणीविषे प्रसिद्ध है. आनंद, असंगता प्रसिद्ध नहि है. सामान्यतातें जाग्रत् सुषुप्तिमें प्रतीति है. सो जाग्रत्में तो ज्ञानीकुं आनन्दका आविर्भाव है. अरु अविवेकियोंकुं सुषुप्तिमें सुख अरु असंगता होती है. 'मै दुःखरहित सुखसुं सोया' दुःखका जो भान न होता सोहि असंगता है. सुखस्वरूप ये आपहि है. अरु येहि सुखतें जगत् उत्पन्न होता है. अरु येहि सुखप्रियरूपताकुं भोगते होये जीवते है. याहि सुषुप्तिआनंदमे सबका, ज्ञानी अरु अज्ञानीका, लय है. अरु विदेहकैवल्य, महाप्रलय, अरु मरण इनमें आवरण निरावरण इतना भेद है. मुक्तिमें आवरण नहि. इन तिनमें आवरण है. तातें सबकुं सुख अरु असंगताका भान है. परंतु मोक्ष नहि. अरु ज्ञानीका मोक्ष है. काहेतें आवरणरहित है तातें. सो आवरण दो प्रकारका है. एक तो कारणरूप, दूसरा कार्यरूप. अरु कारणरूप जो है सो दो प्रकारका है. एक तो आत्माकी अभानताकुं जनावता है. दूसरा आत्माके असत्पणाकुं जनावता है. ता दोनुं आवरणकी निवृत्ति परोक्षज्ञान अपरोक्षज्ञानतें होती है. सो परोक्ष अपरोक्ष ज्ञान

तत्त्वमसि महावाक्य उपदेशतें गुरुद्वारा होता है. अरु जैसे घटका शब्द, ज्ञान, अरु अर्थ ए तीनुं तीन स्थान विषे रहे है. घट शब्द तो मुखविषे रहे है. अरु घटका ज्ञान है सो अंतःकरणविषे रहे है. अरु अर्थ है सो मृत्तिकाविषे रहे है. तैसेहि तत्त्वमसि शब्द है सो मुखविषे रहे है. ताका उच्चारण सामवेदी करते है—ज्ञानअर्थविना. अरु ताका ज्ञान है सो संस्कृतबुद्धिविषे रहे है. अरु अर्थ है सो तो रागद्वेषरहित बुद्धिविषे रहे है. अथवा सर्वव्यापी ब्रह्मस्वरूप अर्थ है. ता तत्त्वमसि महावाक्यके ज्ञान अरु अर्थकी जो प्राप्ति तीन प्रकारके संबंधतें होती है. सो संबंध अर्थसहित कहते है.

एक तो सामानाधिकारण्यसंबंध, द्वितीय विशेषणविशेष्यसंबंध, तृतीय लक्षणलक्ष्यसंबंध. प्रथम जो दो शब्द एक अर्थकुं जणावे ताकुं सामानाधिकरण्य कहे है. जैसे ‘ सोऽयं देवदत्तः ’ सः अयम् ए जो दो शब्द तिनकी जो प्रवृत्ति एक देवदत्तशरीर ताके जनावनेंमें तात्पर्य है. अब लक्षणलक्ष्यभावसंबंध कहे है. अरु जो देशकालवस्तु-सहित मिल्या सो देवदत्तका जो शरीर ताकुं भिन्न करी के जो लखावे—देश काशी, काल प्रभात, वस्तु आभूषण, हस्तीउपर आरुढ, वीस वर्षकी आयुष् इन तिनुंतें न्यारा जो शरीरमात्रकुं जणावे ताकुं लक्षण कहे है. अरु लक्षण करके जो वस्तु जाणी जाती है ताकुं लक्ष्य कहे है. सोऽयं शब्द है सो तो लक्षण है. अरु देवदत्तका जो शरीर सो लक्ष्य है. इति तृतीयसंबंधः अब द्वितीय विशेषणविशेष्य-भावसंबंध कहे है. ‘ सः अयं देवदत्तः ’ अयं सः, सः शब्द है सो विशेषण है, सः अयं इस प्रकार उच्चारण कियेते. अरु अयं शब्द विशेष्यरूप है. विशेषण नाम मिली वस्तुका है. जैसे गौ विषे कृष्णरंग मिल्या है, सो रंग विशेषणरूप है. अरु गौ है सो विशेष्य-रूप है. विशेषण है सो व्यावर्तक है. व्यावर्तक नाम विशेषणरूप

जो वस्तु ताकुं उपाधितें भिन्न लखावताका है. जैसे सहस्र गौवां खडी है. कोइ पुरुषने आपने भ्रातासें कहा 'तुम जायकर गौ लावो'. सो पुरुष गौवां पास जायके देखत भया. 'गौ बहुत खडी है. कौनसी ले जावे?' सो नहि जानत भया. तब चला आया. सो बोलता भया 'कौनसी गाय है ताकुं ले आउं?' तिस पुरुषने सामान्यताते देखीभी है, परंतु विशेषण विना नहि जानता भया. जब विशेषण ताकु कहा की 'कृष्णा गौ ले आवो,' तब सब गौवांरूपी उपाधिका त्याग करके एक विशेषणरूपी जो कृष्ण रंग ता करके संयुक्त जो विशेष्यरूप गौ ताकुं विशेषण देखकर तत्काल ले आया. तैसेंहि कोइ पुरुष काशीका रहनेवाला बडा आदमी तिसने सब ऐश्वर्य, हस्ति-घोडा त्याग कर संन्यासी होय कर द्वारकांदेशविषे आवत भया. तांहां द्वारका देशविषे कोइ ताका पूर्वज्ञाति मिलता भया. अरु भिक्षाकाभी कही गया. तांहां भिक्षाकी तैयारी भइ. तब कोइ पुरुषकुं भेजा कि 'स्वामीकुं ले आवो'. तांहां तो स्वामी बहुत बैठे देखीकर चला आया. तब उस पुरुषने शब्द उच्चारण किया, 'सोऽयं देवदत्तः' सो काशी देशविषे देखाथा, अरु प्रातःकाल था, हस्तीउपर आप बैठा था, अरु हाथ कान विषे कडा कुंडल पहरेथे, अरु वीस वर्षकी आयुष् थी सो हि यह पुरुष है. सो शब्दको जो अर्थ विशेषणरूप जो देश, काल, अरु वस्तु ता करिके प्रत्यक्ष देश द्वारका, प्रत्यक्ष काल तिसरा याम, अरु प्रत्यक्ष वस्तु दंड, कमंडल, भगवां वस्त्र, अरु चाळीश वर्षकी आयुष्, अरु सर्व संन्यासी इन संपूर्णका त्याग होय कर विशे-षणतें अरु एक शरीरमात्रका ग्रहण भया इति 'अयं सः' इस प्रकार उच्चारण करणेतें. ये सो है जो काशीमें देखाथा इस प्रकारतें अयं शब्द है सो तो विशेषण भया, सो शब्दका अर्थ विशेष्यरूप भया.

॥ इति विशेषणविशेष्यभावसंबंधः दृष्टान्तरूपः ॥

अब दार्ष्टान्त कहे है. संबंध तीन करिके. एक तो सामानाधिकरण्य, द्वितीय विशेषणविशेष्यभावसंबंध, अरु तीसरा लक्षणलक्ष्यभावसंबंध. शब्द दो भिन्न भिन्न तत्त्वं असि, पद तिन एक अर्थकुं जो प्रतिपादन करे ताकुं सामानाधिकरण्य कहे है. सम नाम ब्रह्मका है. सो ब्रह्म तुं है, सो शब्दका अर्थ जो परोक्ष देश अव्याकृत माया, अरु परोक्ष काल प्रलय, परोक्ष वस्तु गुणोंकी साम्यावस्था प्रकृति– ए तिनुं तत् पदकी उपाधि. अब त्वं पदकी उपाधिकुं कहे है. अपरोक्ष देश हृदय, अपरोक्ष काल सुषुप्ति, अपरोक्ष वस्तु देह, इंद्रिया, अन्तःकरण ये तिनुं सो सृष्टिके आदिमें एक सत्रूप था. अव्याकृतरूपी देशमें, अरु प्रलयरूपी कालमें, प्रकृतिरूपी वस्तुमें जो सत् था सोई अब जगत्के आकार होय कर हृदयरूपी देश विषे प्राप्त आय भया. अरु सुषुप्तिरूपी कालविषे, अरु देह, इंद्रियां, अंतःकरणरूपी वस्तुके आकार होत भया भिक्षुकी न्यांई. तांहां स्वज्ञातितुल्य ईश्वरका जो श्वासोंरूप वेद सो जीवरूपी भिक्षुकुं प्राप्त भयः पुण्योंके प्रतापतें तांहां वेदने ए कहा कि ईस जीवरूपी भिक्षुकुं हे ब्रह्मवेत्तारूपी पुरुष! तुम भिक्षाकी तुल्य जो स्वरूपज्ञान ताकुं तुम बोधन करो. सो ये क्षुधारूपी जन्ममरणका जो दुःख ताकुं त्याग कर आनंदरूपी तृप्तिकुं प्राप्त होवे. तांहां ब्रह्मवेत्ता गुरु है सो संन्यासीरूप जो चिदाभासताकुं विशेषणसहित तत्त्वमसि महावाक्यका उपदेश करे है. 'तत्त्वं असि' सो जगत्की उत्पत्तितें पूर्व अव्याकृत देश, प्रलय काल, प्रकृतिरूप जो वस्तु ता करके जो संयुक्त था सो ये जगत्की उत्पत्तिविषे ब्रह्माकुं आदि ले देवतामनुष्यकीडीकुं ले करी सबके हृदयरूपी देशविषे साक्षीरूप जो प्रकाशे है, अरु सुषुप्तिरूप कालविषे, अरु देह इंद्रियां अंतःकरणरूपी वस्तुविषे जो विराजमान है सो सत्स्वरूप तुं है. इस प्रकारका जो ब्रह्मवेत्ता गुरुने उपदेश किया तिस तत् पदरूपी विशेषण करके विशेष्यरूप जो प्रत्यक्ष देशकालवस्तु तिनतें भिन्न

भिक्षुकी न्यांई एक आत्माकाहि ग्रहण भया. 'त्वं तत्' तुं सोहि है. सत्स्वरूप इस प्रकारका अनुलोम प्रतिलोम कहनेते त्वं पदकुं विशेषणता भई, अरु तत् पदकुं विशेष्यता भई ॥ इति विशेषणविशेष्यभावसंबंधः ॥

लक्षण जो महावाक्य सो परोक्ष देशकालवस्तु अरु अपरोक्ष जो देशकालवस्तु तिनका त्याग करके लक्ष्यरूप जो ब्रह्म आत्मा ताकी एकताकुं जो कहे 'इति लक्षणलक्ष्यसंबंध': ।

अथ प्रथम चलतेहि जो स्वप्नकी न्याई प्रपंच कहाथा, अरु सूक्ष्मके ज्ञानतेंहि स्थूलका ज्ञान होता है सो दोनुई या देखावेंगे. जाग्रत्का प्रपंच ब्रह्मांडकुं आदि लेकर जो है सो मिथ्या होणेकुं योग्य है. किस हेतुतें? दृश्य है तातें. जहां जहां दृश्यता है तहां तहां मिथ्या है. जैसे स्वप्नका प्रपंच स्वप्रत्यक्ष है अरु मिथ्या है. तैसेंहि जाग्रत्का प्रपंच मिथ्या है. अरु अपणा जो सूक्ष्म स्वप्नके मिथ्या ज्ञानतें स्थूल जो ब्रह्मांडताका मिथ्यापणा निश्चय होता है. इस प्रकार सूक्ष्म ज्ञानतेंहि स्थूलका ज्ञान होता है.

अब त्वं पदके ज्ञानतें तत् पदका ज्ञान होता है सो कहे है. ये प्रत्यक् आत्मा है सोहि ब्रह्मस्वरूप है. काहतें? सच्चिदानन्दस्वरूप है तातें. जांहां सच्चित्आनंदरूपता है तांहि ब्रह्मतें अभिन्नता है. जैसे ब्रह्मविषे सच्चित्आनन्दकी अभेदता है तैसेहि प्रत्यक् आत्मा विषेभी सच्चित्आनंदकी अभेदता है. याहितैं प्रत्यक् आत्मा ब्रह्महि है. ब्रह्म है सोहि प्रत्यक् आत्मा है. 'अहमस्मि ब्रह्म', 'ब्रह्मैव अहमस्मि', में ब्रह्म हुं, ब्रह्म है सो मैंहि हुं. इस प्रकार वारंवार स्वरूपाकार वृत्ति करना ताकुं निदिध्यासन कहे है. तिस अभ्यासकुं सविकल्प समाधिभी कहे है. समाधि नाम चित्तकी एकाग्रताका है. एकाग्रता नाम ब्रह्माकार वृत्तिका. अरु जैसे अज्ञानी........देहाभिमानसें विपरीत कार्य करतेभी है तोंभी देहाभिमान खंडित नहि होता

है. तैसेहि ज्ञानीकी वृत्ति ब्रह्माकार सदाहि रहे है अभ्यासके बलतें, जैसी अज्ञानीकी देहाभ्यासतें है. याहितें विवेकीका निश्चय दो प्रकारका है. व्यवहारमें तो शास्त्रदृष्टितें प्रारब्धका अरु परमार्थमें स्वरूपका निश्चय है. सो तों श्रुति अरु गुरु अरु अनुभवतें है. सोये उपदेशसाहस्रीमें लिखा है—'आरब्धस्य फलं ह्येते भोगो ज्ञानं च कर्मणः' अर्थः—प्रारब्ध कर्मका फल दो है. एक तो ज्ञान फल है. दुसरा फल सुखदुःख है. भोगरूप अरु पूर्व जन्मविषे जोग अरु भोग ताके अर्थ किया देहेन्द्रियां करके जो शुभाशुभ कर्म ताकुं प्रारब्ध कहे है. इति शिक्षापत्री : याको विचार सूक्ष्म दृष्टितें होता है सो वारंवार करना. संवत् १९०८ मिति भादरवा वदि एकादशी वार शुक्र."

રા. રા. ગૌરીશંકરનો પત્ર.

"મહારાજ સ્વામીશ્રી રામકૃષ્ણભારતીજીની સેવામાં વિનતિ કે નિત્યપ્રતિ બે ત્રણ ઘટી રાત્રિ બાકી રહે તે સમયે એકાંતમાં સ્વરૂપસ્થિતિનો વિચાર થાય છે. મુખ્ય वाक्यसुधाઉપર આપની કરેલી ટીકા છે તે તથા વેદાન્તના બીજા ગ્રંથો શ્રવણ કરવામાં આવ્યા. તેના ભાવાર્થપ્રમાણે પરાક્વૃત્તિના ત્યાગપૂર્વક પ્રત્યક્પ્રવણ વૃત્તિ રાખી યથાશક્તિ આપની કૃપાથી ચાલે છે. સિવાય ત્રીજે પહોરે आत्मपुराण અથવા પ્રકરણગ્રન્થનું શ્રવણ પણ થાય છે.

જીવન્મુક્તની વર્તણુકના નિયમસંબંધમાં દીક્ષિતજીને કેટલીએક શંકા 'वैराग्यबोधोपरमाः' તથા 'रागाभास' વગેરે पंचदशीનાં વાક્યો ઉપરથી છે, પરંતુ તેનો નિર્ણય મહાત્માની સમક્ષ થાય તેવું છે.

निर्वासनस्य विरसस्य निरेषणस्य शास्त्रादृते क इव तत्त्वविनोदहेतुः ।
शास्त्रार्थसज्जनमतोऽप्यमलस्य तस्य संवेदनेष्वनभिसन्धिमतः स्वरूपम् ॥

લિ. સેવક ગગા ઉદેશંકરના ઘણા કરી

ॐ नमो नारायणाय વાંચવા."

સ્વામીશ્રી અધોક્ષજાનન્દજી.

સ્વામીશ્રી અધોક્ષજાનન્દજી.

આ સ્વામી પૂર્વાશ્રમમાં જામનગરના વડનગરા નાગર બ્રાહ્મણ હતા, અને તેઓ "કચરા પંડ્યા" એ સંજ્ઞાથી ઓળખાતા હતા. તેઓ નિસ્પૃહી તથા શાંત પ્રકૃતિના હતા, અને વેદમાં એટલે સુધી નિષ્ણાત હતા કે કાશીમાં તેમની વિદ્વત્તા જોઇ ત્યાંના પંડિતો કહેવા લાગ્યા કે "આ તો સાક્ષાત્ વેદમૂર્ત્તિ બૃહસ્પતિતુલ્ય છે, અને કચરા પંડ્યા એ એમનું નામ યથાર્થ છે, કારણ કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની મૂર્ત્તિ ઘડતાં અવશેષ રહેલ કચરામાંથી જ આ આ મૂર્ત્તિ ઘડાયલી હોય એમ ભાસે છે." એમના સમાગમનો લાભ રા. રા. ગૌરીશંકરને સંવત્ ૧૯૦૧ માં મળ્યો હતો.

સ્વામી શ્રીસચ્ચિદાનન્દજી.

સ્વામી શ્રીસચ્ચિદાનન્દજી.

આ સ્વામિપ્રમુખ સાત સંન્યાસીઓના મંડળનું આગમન સંવત્ ૧૯૦૨ માં ભાવનગર થયું હતું. તે સર્વ વેદાન્તશાસ્ત્રમાં નિપુણ હતા, અને જે જે સ્થલે ભિક્ષા કરવા જતા ત્યાં હરિમીંડે સ્તોત્રનો પાઠ કરતા. એ સ્તોત્રનો પ્રચાર ત્યારથી જ આણી પાસે થયો છે. રા. રા. ગૌરીશંકરે તેમના મુખથી એ સ્તોત્ર તથા અનેક વેદાન્તપ્રક્રિયાઓ સારી રીતે સમજી લીધી હતી.

સ્વામીશ્રી પૂર્ણાનન્દજી (ટોકરાસ્વામી).

સ્વામીશ્રી પૂર્ણાનન્દજી.

વ્યાકરણ, ન્યાય, વેદાન્તાદિ શાસ્ત્રમાં પ્રાવીણ્ય પામેલા આ સ્વામી પૂર્વાશ્રમે મહારાષ્ટ્રી બ્રાહ્મણ હતા. તેમનો નિવાસ બહુધા દ્વારકામાં રહેતો. સંવત્ ૧૯૦૪ માં રા. રા. ગૌરીશંકર તે ક્ષેત્રની યાત્રાર્થે ગયા હતા તે સમયે તેમને આ સત્પુરુષનો સમાગમ થવાથી તેમ જ

તેમના મુખથી અનેક વેદાન્તકથાઓનું શ્રવણ થવાથી પરમ સંતોષ થયો હતો. શ્રીટોકરા સ્વામી છેવટે કરનાળી પધાર્યા હતા અને તે જ તીર્થમાં સમાધિસ્થ થયા.

મહારાજ શ્રીનૃસિંહભારતીજી.

મહારાજશ્રી નૃસિંહભારતીજી.

શૃંગેરીમઠાધિપતિ આ શંકરાચાર્ય મહારાજની સ્વારી સંવત્ ૧૯૦૯ માં ભાવનગર આવી હતી. એઓ અતિવૃદ્ધ હતા, અને માત્ર ફલાહારથી દેહનિર્વાહ કરતા. સંસ્કૃત ભાષામાં તેઓ મહાસમર્થ ગણાતા અને તે ભાષામાં જ વાર્તા કરતા. એ સત્પુરુષનો યોગ્ય સત્કાર કરી રા. રા. ગૌરીશંકરે તેમના સમાગમનો લાભ લીધો હતો.

બ્રહ્મચારીશ્રી નિત્યાનંદજી.

બ્રહ્મચારી શ્રી-નિત્યાનન્દજી.

આ વિદ્વાન્ પુરુષ ‘ગણેશ શાસ્ત્રી’ એ સંજ્ઞાથી વિશેષ પ્રસિદ્ધ હતા. દ્વારકાથી પંચતીર્થીની યાત્રા કરતાં તેઓ સંવત્ ૧૯૧૮ માં ગોઘે પધાર્યા હતા, અને તેઓએ પોતાનો નિવાસ ‘રામકુંડ’ થી ઓળખાતા રમ્ય સરોવર ઉપર બાંધેલા નૃસિંહમંદિરમાં સ્થાપ્યો હતો.

એક સમયે રા. રા. ગૌરીશંકરનું, ગોઘાના પ્રસિદ્ધ ઇંગ્રેજી ડાક્ટર * એન્ડિંગસાહેબ પાસે ઔષધોપચાર કરાવવા નિમિત્ત, ગોઘે આગમન થયું. ત્યાં ધાર્મિક રા. પરમાનંદદાસ પુરુષોત્તમદાસ વોરા † દ્વારા તેમને શાસ્ત્રીજીનો પ્રથમ સમાગમ થયો. શાસ્ત્રીજીની વિદ્વત્તા તથા નિસ્પૃહતા જોઈ રા. રા. ગૌરીશંકરે કહ્યું કે “હું યાત્રા કરવા સારૂ શ્રીદ્વારિકા ગયો હતો અને ત્યાં

* આ સાહેબ મુંબઈના ગવર્નર સર બાર્ટલ ફ્રીયરના પરમ કૃપાપાત્ર હતા. તેમનો સ્વભાવ બહુ સરલ હતો.

† રા. રા. ગૌરીશંકરના કુટુંબી અને કરાંચીના માજી દફતરદાર.

શ્રીટોકરાસ્વામીનાં મને દર્શન થયેલાં. મારે કેટલાક કારણથી વિશેષ દિવસ રોકાવવું થતાં હમેશ શ્રીટોકરાસ્વામીપાસે કથા શ્રવણ કરવા જતો, તેથી મને તે મહાત્માની કથા ઉપર અત્યંત અભિરુચિ થઈ. છેવટ ત્યાંથી નીસરવા વખતે તે શ્રીટોકરાસ્વામીને ભાવનગર પધારવા મેં વિનંતિ કરી અને તેમના મુખથી કથા શ્રવણ કરવા ઘણી ઉત્કંઠા બતાવી, ત્યારે તેમણે કહ્યું કે મારાથી ત્યાં અવાય તેમ નથી, પણ વેદાન્ત તથા ન્યાય વગેરેમાં ઘણા કુશલ ગણેશશાસ્ત્રી છે તેમને હું ભલામણ કરીશ તો તેમનો સમાગમ થયે તેમની પાસેથી ષોડશ ભાષ્યનું તમારે શ્રવણ કરવું."

રા. રા. ગૌરીશંકરનું આ પ્રકારનું ભાષણ સાંભળી શાસ્ત્રીજીએ કહ્યું કે "આપને શ્રીટોકરાસ્વામીએ જેની પાસે ષોડશ ભાષ્ય શ્રવણ કરવા આજ્ઞા આપી છે, તે ગણેશશાસ્ત્રી આ શરીરનું નામ છે. ઇચ્છાથી સમાગમનો યોગ આવે તો રા. રા. ગૌરીશંકર તથા દેશાઇ સંતોષરામ સેવકરામને ષોડશ ભાષ્ય શ્રવણ કરાવવાની તેઓએ મને પણ આજ્ઞા આપી છે." આ શ્રવણ કરતાં જ રા. રા. ગૌરીશંકરે શાસ્ત્રીજીને સાષ્ટાંગ પ્રણામ કર્યા, અને આ પ્રમાણે તે ઉભયના દીર્ઘ સંબંધનું કાકતાલીય ન્યાયથી બીજ રોપાયું.

રા. રા. ગૌરીશંકરની આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિથી પ્રેરાઇ શ્રીગણેશશાસ્ત્રીજીએ ભાવનગરમાં રા. રા. દેશાઇ સંતોષરામ સેવકરામની વાડીમાં નિવાસ કર્યો. તેમની કથાનો પ્રતિદિન પાંચ છ ઘટીપર્યન્ત એકાસનથી પ્રીતિપૂર્વક લાભ લઇ રા. રા. ગૌરીશંકરે નીચેના ગ્રન્થોનું નિયમપૂર્વક શ્રવણ કર્યું :—

(१) उपनिषद् ઉપર શ્રીશંકરભાષ્ય તથા તે ઉપર આનંદગિરિકૃત ટીકા; (२) श्रीव्याससूत्र ઉપર શારીરક ભાષ્ય, તે ઉપર આનંદગિરિકૃત તથા રત્નપ્રભા ટીકા; (३) श्रीमद्भगवद्गीता સભાષ્ય; (४) श्रीविष्णुसहस्रनाम સટીક; (५) श्रीसनत्सुजातीय;

(६) सूत्रवृत्ति; (७) वेदान्ताधिकरणमाला; (८) श्रुतिसारसमुद्धरण; (९) उपदेशसाहस्री; (१०) पंचदशी; (११) नैष्कर्म्यसिद्धि; (१२) आत्मपुराण; (१३) हरितत्त्वमुक्तावली; (१४) वाक्यसुधा; (१५) वाक्यवृत्ति; (१६) आत्मनिरूपण; (१७) शंकरदिग्विजय; (१८) दक्षिणामूर्त्तिमानसोल्लास.

શ્રવણનો આરંભ થયાપૂર્વે જે શ્રોતા જનો આવ્યા હોય તેમને શ્રવણસ્થાનમાં યોગ્ય ક્રમથી બેસારીને દ્વાર બંધ કરાવવાનો શાસ્ત્રીજીનો નિયમ હતો. શ્રવણનો આરંભ થઇ રહ્યા પછી કોઇથી પણ માંહિ પ્રવેશ થઈ શકતો નહિ, તેમ જ સમગ્ર શ્રોતૃમંડલને પણ વાણીના વ્યાપારનો નિરોધ કરવો પડતો હતો. શ્રવણનું ગ્રહણ તથા ધારણ કરવામાં રા. રા. ગૌરીશંકરનું સામર્થ્ય જોઈ શાસ્ત્રીજી બહુ પ્રસન્ન થતા અને કહેતા કે "અદ્વૈતનિષ્ઠાવાન્, સદ્‌ગુણયુક્ત અને મોટા રાજ્યકારભારી છતાં નિરભિમાની નર ગગાભાઇસરખા શ્રોતા મને કોઇ મળ્યા નથી." રા. રા. ગૌરીશંકરને તેમનો સમાગમ સંવત ૧૯૧૮ થી સંવત્ ૧૯૨૩ પર્યન્ત રહ્યો.

રા. રા. ગૌરીશંકરનો પત્ર.

મહારાજશ્રી નિત્યાનન્દજી,

મુ. સિદ્ધપુર.

વિનતિ વિશેષ–આપના કૃપાપત્ર ૨ તેમાં એક શ્રીબોટાદથી, તથા બીજો શ્રીવીરમગામથી લખેલા પહોંચ્યા. વાંચી પરમ આનંદ થયો. . . . . .

શિહોર મુકામે આપે જે વાત કહેલી છે તે પ્રમાણે વર્તણુક થવા મનમાં ધારણા છે.

"चतुर्भिरुह्यते यद्वत्" એ શ્લોકનું વ્યાખ્યાન नैष्कर्म्यसिद्धि માંથી ચિ. સામળપાસે પુસ્તકમાંથી વંચાવી સાંભળતાં તેમાં જે અભિપ્રાય છે તે વાત મનમાં રાખીને જેટલું બાહ્ય વૃત્તિના ફેલાવામાં ઓછું થાશે તેવો ઉદ્યોગ બની આવશે તેટલો કરશું. પરંતુ સમુદ્રને ખાલી કરવામાં, कुशाग्रेणैकबिन्दुना એ દૃષ્ટાન્ત-પ્રમાણે થાતાં, આપની કૃપા અને ઈશ્વરના અનુગ્રહથી વિજાતીય પ્રવાહના તિરસ્કારપૂર્વક જ્યારે સજાય પ્રવાહની વૃદ્ધિ થઇ આવે ત્યારે ખરૂં.

લિ. સેવક ગગા ઉદયશંકરના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ."

શ્રીનિત્યાનંદજીનો પત્ર.

"શ્રીનવાનગરથી લિ. બ્રહ્મચારી નિત્યાનંદજીના ભાવનગર-મધ્યે ગૌરીશંકર ઉદયશંકર તથા સંતોષરામ સેવકરામ દેશાઇને અનેક આશીર્વાદપૂર્વક નારાયણસ્મરણ. વિશેષ લખવાનું કારણ એ કે તમારા તરફથી . . . . . લખેલો કાગળ પહોંચ્યો. લખેલો મજકુર ધ્યાનમાં આવ્યો.

વિશેષ લખવાનું કે—શ્રવણાદિક ચાલતું હશે. પરંતુ કોઇ કારણનિમિત્ત અંતઃકરણમાં ખેદ થાય તો

वर्चस्के संपरित्यक्ते दोषतश्चावधारिते ।
यदि दोषं वदेत् तस्मै किं तत्रोच्चरितुर्भवेत् ॥

અર્થ—જે મલમૂત્રાદિક મલિન વસ્તુ તેનો દોષ થકી નિશ્ચય કરી પરિત્યાગ કીધો ત્યાર પછી કદાપિ કોઇ પુરુષ તે ત્યાગ કરનારના દોષને કહે તેમાં ત્યાગ કરનારને શું થાય? એટલે શી હાનિ થાય? કાંઇ નહિ.

शिर आक्रम्य पादेन भर्त्सयत्यपराङ्मुखः ।
दृष्ट्वा साधारणं देहं कस्मात्सक्तोऽसि तत्र भोः ॥

અર્થ—પશુઆદિકનું મુએલું શરીર પડેલું હોય તેનું માથું કૂતરો પોતાના પગતળે દબાવીને બીજાં કૂતરાં પાસે આવે તો તેની ભર્ત્સના કરે છે, એટલે તે મુએલું શરીર પોતાને ભક્ષણ કરવાનું છે એવું માની બીજાં કૂતરાંની સાથે લડવાનાં ચિહ્ન દેખાડે છે. એ રીતે સર્વના દેહ સાધારણ જોઈને તેને વિષે આસક્તિ કેમ કરે છે?

मन्यसे तावदस्मीति यावदस्मान्न नीयसे ।
श्वभिः क्रोडीकृते देहे नैवं त्वमभिमंस्यसे ॥

અર્થ—જ્યાંસુધી આ દેહથકી દેહાંતર એટલે બીજા દેહને તુંને નથી પમાડ્યા ત્યાંસુધી કૂતરાની બરાબર આ દેહ, અથવા કૂતરા વિષય (ભક્ષણ) કરે એવો જે દેહ, તેને વિષે "હું છું" એમ માને છે, પણ એ પ્રમાણે તું ન માનીશ.

माण्डूक्यमेकमेवालं मुमुक्षूणां विमुक्तये ।
तथापि तव शंका चेद्दशोपनिषदं पठ ॥

અર્થ—મુમુક્ષુ પુરુષોની મુક્તિ માટે એક माण्डूक्योपनिषद् ઘણું (બસ) છે. તોપણ તારે શંકા હોય તો દશ ઉપનિષદ્નો અભ્યાસ કર.

આ પ્રમાણે વિચાર કર્યા કરી ચિત્ત સમાધાન રાખશો. योगवासिष्ठमां કહ્યું છે કે મુમુક્ષુ લોકોએ વ્યવહારખાતે પ્રારબ્ધ રાખવું, પરમાર્થખાતે પુરુષાર્થ તે પુરુષાર્થ.

'उत्सेक उदधेर्यद्वत् कुशाग्रेणैकबिंदुना' इति न्यायेन

જેમ કુશાગ્રે કરીને એક એક બિંદુવડે સમુદ્રના ઉત્સેક-માટે પ્રયત્ન તેવી જે રીતે પુરુષાર્થખાતે પ્રયત્ન કરવો.

એવડો એ વિચાર કરીને આપણું ચિત્ત સમાધાન કરવા યોગ્ય છે. તાત્પર્યાર્થ એ કે જેવી શૂરપરીક્ષા રણાંગણને વિષે થાય છે તેમ મુમુક્ષુના ચિત્તની પરીક્ષા તેવા કામે થાય છે.

સંવત્ ૧૯૨૧ આષાઢ વદ ૧૪, શુક્રવાર."

સ્વામીશ્રી સદાનન્દગિરિજી.

સ્વામીશ્રી સદાનન્દગિરિજી.

આ સ્વામી પૂર્વાશ્રમમાં કાશ્મીરના સારસ્વત બ્રાહ્મણ હતા. સંન્યાસ ગ્રહણ કર્યા પછી તેઓ મેવાડના ઉદેપુરના મહારાજાશ્રી સ્વરૂપસિંહજીની પાસે ગુરુ તરીકે તેમના આગ્રહથી ઘણાં વર્ષસુધી રહ્યા હતા, અને ધર્મશાસ્ત્રાદિ વિષયોમાં તેમને યોગ્ય ઉપદેશ કરતા. મહારાજાના સ્વર્ગવાસપછી શ્રીસદાનન્દગિરિજી ગુજરાતમાં આવ્યા. સંવત્ ૧૯૧૮–૧૯ માં તેમનું ભાવનગર પધારવું થતાં રા. રા. ગૌરીશંકરને તેમનો સમાગમ થયો. વેદ, વેદાન્ત, ન્યાય, વ્યાકરણાદિમાં તેઓ બહુ નિપુણ હતા, અને શીઘ્ર કાવ્ય રચવામાં એટલા બધા પ્રવીણ હતા કે તેમના સામાન્ય ભાષણમાં પણ સંસ્કૃત કવિતાનો પ્રવાહ ચાલતો. તેઓએ सहस्राक्ष નામનો સમર્થ સંસ્કૃત ગ્રંથ રચેલો છે. शैवसुधाकर આદિ કૃતિ પણ તેમની છે. તેમની મુખમુદ્રા બહુ તેજસ્વી, ગૌર, અને મનોહર હતી.

મહારાજા સર શ્રીજશવંતસિંહજીને શ્રીસદાનન્દગિરિજી ઉપર પૂર્ણ ભક્તિભાવ હતો. તેઓએ તેમના સાંનિધ્યમાં મહારુદ્ર, વિષ્ણુયાગ, સહસ્રચંડી, જસુનાથ મહાદેવની પ્રતિષ્ઠાઆદિ મોટાં ધાર્મિક કર્મો કર્યાં હતાં. મહારાજા શ્રીતખ્તસિંહજીએ પણ સંવત્ ૧૯૨૧ માં પોતાની કુમારાવસ્થામાં રા. રા ગૌરીશંકરની સલાહથી અને મહારાજાશ્રી જશવંતસિંહજીની આજ્ઞાપ્રમાણે એ સ્વામીશ્રીનો ઉપદેશ ગ્રહણ કર્યો હતો.

શ્રીસદાનન્દગિરિજીના સમાગમનો અને તેમના મુખથી શાસ્ત્રશ્રવણનો લાભ રા. રા. ગૌરીશંકરે અનેક પ્રસંગે લીધો હતો, અને તે મહાત્માના વિદ્વત્તાદિ ગુણોની તેઓ નિરંતર બહુ પ્રશંસા કરતા.

સ્વામીશ્રી કૈલાસપર્વતજી.

સ્વામીશ્રી કૈલાસપર્વતજી.

નેપાળની રાજધાની ખટમંડુમધ્યે, ત્યાંના અધીશના દીવાન સરજંગ બહાદુર તથા તેમના પુત્ર જગતજંગ બહાદુરપાસે આ સ્વામીશ્રીનો નિવાસ રહેતો હતો. સંવત્ ૧૯૨૬–૨૭ માં તેમનું ભાવનગર પધારવું થયું હતું. પોતાનું શરીર કાશીક્ષેત્રમાં છૂટે એવા હેતુથી સ્વામીશ્રી આખર અવસ્થામાં ગંગાતીર ચોસઠીઘાટ રાણામહેલમાં રહેતા હતા. ત્યાં તેમની યોગ્ય શુશ્રૂષા ઉદેપુરના રાણા સાહેબ તરફથી કરવામાં આવતી હતી. સંવત્ ૧૯૪૭ માં સ્વામીશ્રી કૈલાસપર્વતજી સમાધિસ્થ થયા. श्लोकबद्ध भगवद्गीताटीका, त्रैवर्णिकसंन्यासका सार, शंकरदिग्विजयसार, प्रत्यक्तत्त्वचिन्तामणिઆદિ ગ્રન્થો તેઓએ રચેલા છે; તેમાંના પ્રથમ બે ગ્રન્થો સ્વામીશ્રી સચ્ચિદાનન્દસરસ્વતીએ પૂર્વાશ્રમમાં છપાવી પ્રકટ કરેલા છે.

સ્વામીશ્રી કૈલાસપર્વતજીનો પત્ર.

" स्वस्ति श्रीमत्सारासारविचारचातुरीधुरीणेषु श्री-श्री-श्रीमन्निखिलशिष्टाग्रगण्यमहाशयगौरीशंकरशर्मसु श्रीस्वामिशिवनिवासाचलानां शुभाशीराशयो भवंतु । तथा महाशयशामलदासविजयशंकरशर्मसु तथाऽन्येष्वज्ञातनामकसाधुसच्छास्त्रसेविषु च । शमिहास्ति श्रैमत्कं तदीहे श्रीपशुपतिनाथेभ्यः । उदंतस्तु नृगिरा ।

प्रथम सपुस्तक रजिष्टर पत्र हमने भेजा रहे उसके उत्तर पत्रकी प्रतीक्षाके निमित्त कश्मीरकोभी पत्र अबतक नहि भेजा, अब संशयकी निवृत्त्यर्थ अपने शरीरोंके आनंदका सूचक शीघ्र अवश्य पत्र भेजना. हमारे पत्र पूगनेमें विलंबमें सबब यह हैकी बहुत दिनसें इस संघातमें उदरव्याधि अंगवेदना अधिक है. शरीरदृष्टिसें सुखदुःख अनुभव होता है. विचारदृष्टिसें दृश्यमार्जनपुरःसर शांत अचल सुख अनुभव होता है. अभ्यासकी कमती होनेसें चतुर्थ भूमिमें स्थिति है. अतएव कदाचित् दृश्यतादात्म्यस्फुरणनिमित्त दुःखानुभव भी होता है. इस हि वास्ते माघसें पठनपाठन........छोडकर एकान्तमें विचार कर आरब्धशेषको व्यतीत करते है. पंच घंटा बजेपर एक घंटा सत्संगी लोकोंके वास्ते पुरसद दे छोडा है. यद्यपि इच्छा रहेकी श्रीगोदाके स्नाननिमित्त आप लोकोंका दर्शनमेला हो जाता, परंतु शरीरके शैथिल्यनिमित्त इहांसे गमन श्रीमहाराजने मंजुर नहि करा.......... सति शरीरे स्वास्थ्ये च सति पुनः पत्रं प्रेषयिष्यामि नो चेच्चरममिदं पत्रं बोध्यम् । आप लोकोने भी शरीरादि दृश्यको नश्वर समज कर प्रत्यक्‌दृष्टिमें यथाशक्ति यत्न बनाई राखना . . . .

श्लोकः* ।

सतां सप्तपदी मैत्री त्रिपदी सत्सतां भवेत् ।
सत्सत्सु च महांतो ये तेषां मैत्री पदे पदे ॥

संवत् १९४०, आषाढ शुक्ल २."

* અર્થ—સજ્જનોની સાત પદે (ડગલે) મૈત્રી સમજવી. સજ્જનોમાં જે સારા તેની ત્રણ પદે મૈત્રી સમજવી, અને સજ્જનમાં જે સજ્જન અને તેમાં જે મોટા તેની પગલે પગલે મૈત્રી સમજવી.

શા. શા. ગૌરીશંકરતરફથી પત્ર.

"स्वस्ति श्रीमन्नेपालभूमंडलान्तर्गतकाष्ठमंदिराख्यपत्तनालंकारायमाणनिकेतनेषु आत्मविद्याभिनिवेशनष्टक्लेशेषु श्रीमत्कैलासपर्वत इत्युपाधिकृताभिधेयेषु इतो भावपत्तनतः गौरीशंकरेण कृताः प्रणामांजलयः समुल्लसन्तुतरां सुतराम् । परं च भाषया ।

आपके प्रेषित पत्रद्वय प्राप्त भया. प्रथम पत्र एक गत वर्षमें भाद्रपद कृष्णदशमीका लिखा "त्रैवर्णिकसंन्यासका सार" नामक पुस्तकसहित, और दुसरा आपके आषाढ शुक्ल द्वितीयाका लिखा सो पहुंचा. यह पत्रद्वयकी प्राप्तिसें दर्शनतुल्य आनंद हुवा.

प्रथम पत्र पहुंचा इस समयमें शरीर व्याधिस्थ होनेके लिये अशक्त रहा, और शास्त्रीजी भानुशंकरजीका भी स्वगृहप्रति पधारना हुवा था, इसी कारनसें आपका आगत पत्रका प्रत्युत्तर लिखवेमें विलंब भई, वास्ते आप क्षमा करेंगे.

"त्रैवर्णिकसंन्यासका सार" ग्रन्थका अत्र शास्त्री भानुशंकरजीसें श्रवण किया सो यामें जो जो प्रमाण दिये हैं सो सब यथार्थ है. तथाच यह ग्रन्थकी प्रति एक स्वामी श्रीचिद्घनानन्दजीके पास आ गई है, उनकों अवलोकन करके स्वामीजी भी प्रसन्नता बतलाते है. . .

आपको उदरव्याधि भयाके संबंधमे विस्तारपूर्वक लिखा सो वांचकर चित्तमें खेद हुवा, परंतु अब ईश्वरकृपासें व्याधि निवृत्त भया होगा, तथापि आपने यह शरीर तो व्याधिग्रस्त है इनका विचारपूर्वक चित्तका समाधान रखनेमें आता है—इत्यादि आपण आह्निक लिखके विदित किया याते प्रसन्न भयाहुं. और यह रीतिसें प्रवृत्त रहना आप जैसे महात्माओंकों योग्य है.

आपने कृपा करके शरीरादिककी नश्वरता और प्रत्यक्स्वरूप साक्षीकी निरंतर स्मृति तथाच दृश्य पदार्थसें चित्तवृत्तिका संकोच रखना इत्यादि सदुपदेश लिखा सो वांचकर कृतार्थता भई है.

इहां गत वर्षमें संस्कृत "योगवासिष्ठ" तथा "उपदेशसाहस्री"का श्रवण चालु रहा. यह ग्रंथोकी समाप्ति हुवा पिछे द्वारिका पुरीके शारदामठका शंकराचार्यके गद्दिपर वर्तमान समयमें स्वामीश्री राज-राजेश्वरशंकराश्रमजी बिराजते है इनका अत्र आगमन भया था. यह स्वामीजी वेदांतमें बहुत अच्छे विद्वान् है. और अत्र इनका पंच मासपर्यन्त बिराजना भया. यातें इनसें "केनोपनिषद्भाष्य" तथा "नैष्कर्म्यसिद्धि" का श्रवण करनेमें आया, और अब शास्त्री भानु-शंकरजीसें "स्वाराज्यसिद्धि" तथा "शंकरानन्दीगीता"का श्रवण चलता है.

निरंतर स्वस्वरूपविचार प्रस्थानत्रयका अनुसारसें चलता है. यह संबंधिक "स्वरूपानुसन्धान" नामका ग्रन्थ एक गुर्जरभाषांतर-समेत निर्मित करके छपवाया है. इनकी प्रति एक आपकी सेवामें भेजता हुं, सो आपका आश्रममें जो कोइ महात्मा गुर्जर भाषाकों जाने ऐसा होय उनसें विचारमें लेकर दृष्टिपूत करेंगे. . . . .

आजसें तीन मास पिछे गोदावरीकी यात्राका मेळा जमेगा. यह प्रसंगनें आप अत्र पधारीके दर्शनका लाभ प्राप्त करेंगे ऐसी उमेद रही. परंतु अबका पत्रमें लिखा है सो दृष्टिपथ करनेसें मालुम होता है की आपका शरीरकी शिथिलताके लिये गोदावरीकी यात्रानिमित्त पधारनेका विचार निवृत्त हो गया है. यातें मैं दिलगीर हुं. तथापि जैसे आप प्रतिसमय स्मरणमें रखके पत्रदूतद्वारा संभाळ लिया करते हो, ऐसेही अहर्निश कृपा रखिके आनंद देते रहोगे, यातें मैं उपकृत होवूंगा."

રા. રા. ગૌરીશંકરના સંન્યાસસંબંધમાં સ્વામીશ્રી કૈલાસપર્વતજીનો પત્ર.

" स्वस्ति श्रीयुतसारासारविचारचातुरीधुरीणमहानुभावपरप्रेष्ठनिखिलागमनिगमरहस्यज्ञेषु श्री-श्री-श्रीयुतपूज्यपादस्वामिसाच्चिदानन्देषु श्रीयुतपर्वतस्वामिनां सतारवस्वर्णमनुपुरस्सरा अनवद्यानंतनतयो भवंतु। शमिहास्ति श्रीमतां कृपया। भवंतस्तु तद्रूपा एव। श्रीमतां पत्रमिहागतं श्रावणशुक्लाष्टम्यां तदवलोक्य श्रीमतामवश्यकर्तव्यकरणमवधार्यानन्दाब्धौ निमग्ना वयम्। भवच्छरीरे या मदीया मैत्रीभावना तस्या अपि पालनमिदानीं सम्यग् जातमतो धन्या यतो वै पुण्यवशात् प्राप्तब्राह्मणशरीरस्य साफल्यं कृतं श्रीमद्भिरिदानीं यत्र कुत्र वसन्नप्यारब्धशेषभोगोऽसंगतया कार्यः। बृहस्पताविव भवादृशेषु बुद्धिसागरेष्वधिकोपदेशोक्तिः केवलं लज्जाया एव भवति तथापि स्नेहवशात्स्थूणानिखननन्यायेन लिख्यते तत्सर्वं क्षन्तव्यम्। विचारदृष्ट्या तु सर्वं खपुष्पवदलीकमेव प्रतीयते व्यवहारदृष्ट्या तु प्रबलशत्रुवदतीव दुःखसाधनं भाति शरीरादिदृश्यजातमतोऽस्य परिहारे यत्नस्य शैथिल्यं न कार्यम्। अस्मिन् विश्वासोऽपि न करणीयः। किं बहुना सर्वज्ञेषु। हस्तकंपादिवशात् पत्रलेखने श्रमो भवति स्नेहवशादिदं पत्रं तु यथा कथंचित्स्वहस्ताक्षरनिर्मितं प्रेषितं पुनश्चान्येभ्यो लेखयित्वा प्रेषयिष्यामि। ....दर्शनाभिलाषा भवति सात्विदानीं निष्फला भात्युभयत्र शारीरकसामर्थ्याभावात्. संवत् १९४३, मितौ श्रावण शु० १० चंद्रवासरे."

સ્વામીશ્રી ચિદ્દ્ઘનાનન્દગિરિજી.

સ્વામીશ્રી ચિદ્દ્ઘનાનન્દગિરિજી.

આ સત્પુરુષ સંવત્ ૧૯૨૯માં કાશીથી ભાવનગર પધાર્યા હતા, અને ત્યાં સંવત્ ૧૯૪૨ સુધી રહ્યા હતા. એ દીર્ઘ સમયમાં તેમના મુખથી રા. રા. ગૌરીશંકરે श्रीमद्भगवद्गीता, आत्मपुराण, सिद्धान्तलेश, स्वाराज्यसिद्धि, संक्षेपशारीरक, षोडशभाष्यઆદિ અનેક સદ્ગ્રન્થોનું શ્રવણ કર્યું હતું.

સ્વામીશ્રી ચિદ્‌ઘનાનન્દજીએ आत्मपुराण, भगवद्‌गीता, तत्त्वानुसंधान, न्यायप्रकाश આદિ ગ્રન્થોનું પ્રાકૃતમાં સુંદર અને વિદ્વત્તાભરેલું ભાષાંતર કરેલું છે. भगवद्‌गीतानुं ભાષાંતર, અને तत्त्वानुसंधानનું ભાષાંતર રા. રા. ગૌરીશંકરે પોતાના જ ખરચથી છપાવ્યું હતું, તેમ જ आत्मपुराणનું ભાષાંતર છપાવવામાં તેઓએ ઉત્તમ પ્રકારની મદદ કરી હતી. પોતાના ગુરુ ઉદ્ધવાનન્દગિરિજી સમાધિસ્થ થયા પછી શ્રીચિદ્‌ઘનાનન્દજી સ્વામીએ કાશીપુરીમાં તેમના સ્થાનમાં જ નિવાસ કર્યો; તેમની હયાતીસુધી તેમની ભિક્ષાની વ્યવસ્થા રા. રા. ગૌરીશંકરતરફથી કરવામાં આવતી હતી.

રા. રા. ગૌરીશંકરનો પત્ર.

"શ્રીમત્ પરમહંસપરિવ્રાજક, કૃપાસાગર, સ્વામી શ્રીચિદ્‌ઘનાનન્દજી.

મુ. શ્રીમુંબઈ.

વિનંતિ કે આપનો કૃપાપત્ર શ્રીદ્વારિકાપુરીથી કાર્તિક વદિ ૧૪ રવિવારનો ગઈ કાલે પહોંચ્યો. વાંચી પરમ આનંદ થયો. જૂનાગઢથી દ્વારિકા પહોંચ્યાસુધીનું વર્તમાન જાણી સંતોષ થયો છે.

આપશ્રી મુંબઈ માર્ગશીર્ષ સુદ ૩ ગુરુવારે પધાર્યાના ખબર ચિ. વજલભાઈના પત્રથી જાણી ખુશી થઈ છે.

આપ અહિંથી પધાર્યા પછી ભાનુશંકર પોતાને ઘેર ગયા છે તે થોડા દિવસમાં પાછા આવશે. ત્યાં સુધી જયાનંદ પાસે महाभारत ગ્રન્થમાં સનત્સુજાતીયનું આખ્યાન છે તે તથા बंदी अष्टावक्र આખ્યાન છે તે શ્રવણ કર્યું, ને હાલ अनुगीतानुं શ્રવણ ચાલે છે. ભાનુશંકર આવશે ત્યારે સવારમાં उपदेशसाहस्री અને ત્રીજે પહોરે योगवासिष्ठ નું શ્રવણ થાશે.

મુંબઇથી પંડિતશ્રી પીતાંબરજી હાલ અહિં આવેલા છે તે તથા સ્વામીશ્રી કૈલાસપર્વતજીની મંડળીમાહેના સ્વામીશ્રી પૂર્ણાનન્દજી આવેલા છે તેઓ શ્રવણમાં આવે છે. . . . . .

લિ. ગગા ઉદેશંકરના ઘણા કરી

ૐ नमो नारायणाय વાંચવા."

સ્વામી શ્રીચિદ્ઘનાનન્દજીનો પત્ર.

" स्वस्तिश्रीमत्सकलशुभगुणसंपन्न, ब्रह्मविद्वरिष्ठ, परमहंस, परिव्राजकाचार्य स्वामीश्री सच्चिदानन्दसरस्वतीजी.

लि० श्रीकाशीजीसें स्वामी चिद्घनानन्दगिरिका " नमो नारायणाय " वांचना, तथा इहां रहनेहारे स्वामी विश्वानन्द, आनन्दगिरि-आदिक सर्वकुं कहना, तथा विजयशंकरादिक सर्वकुं नारायण कहना. और हमारे सर्व आनंद है. आपके आनन्द श्रीविश्वनाथसें चाहते है. आपका आनंदपत्र श्रावण कृष्णपक्ष ३० का लिख्या हुवा हमारे भाद्रपद शुक्ल ६ कुं पहोंच्या. वाचके आनंद भया. और आपणे लिख्या जो प्रातःकाल योगवासिष्ठका उपशम प्रकरण तथा मध्याह्नोत्तर श्रीसदानन्दव्यासकृत श्लोकबद्धगीताकी टीका तथा उपदेशसाहस्री तथा प्राकृत योगवासिष्ठका निर्वाण प्रकरण श्रवणमें चलता है सो बहुत श्रेष्ठ है. इसी प्रकार वेदान्तके श्रवणसें कालक्षेप कर्या चाहिये. आपके निमित्तसें दुसरेभी कंइ मुमुक्षुजनोकुं श्रवण होता है. और हमनेभी इहांसे पुस्तक भेजा है सोभी श्रवण करी लेना. " नमः शिवाय " इस पंचाक्षर मंत्रराजका श्रीपद्मपादाचार्यने भाष्य करे है, तिसपरी श्रीरामनिरंजनस्वामीने टीका करी है. ते ग्रंथ हथुवापुरके राजाने श्रीकाशीजीमें छपाया है. तिसमें प्रथम आपनी वंशावली रखी है. २७ पृष्ठतें आगे ग्रंथका

आरंभ है. तहांसे लेके श्रवण करना. और श्रीदरबारने स्वामी लोकोंका अन्नक्षेत्र जसनाथमें कर्या है यह आपने लिखा सो बहुत श्रेष्ठ कर्या है. प्रसंगसे हमारो आशीर्वाद कह देना. हमारे इहां वेदान्त-परिभाषाके दो पाठ चलते है, तथा दो पाठ न्यायके चलते है. जास्ती परिश्रम नहि होई सकता. श्रीपर्वतस्वामी आनंदमें है. जबी मिलते है तबी आपका नारायणस्मरण कहते है. तिनोनेभी आपकी तरफ लिखाये है........आपका आनंदपत्र हमेसा लिखते रहेना. भाद्रपद सुद ९ संवत् १९४३."

સ્વામીશ્રી રાજરાજેશ્વર શંકરાચાર્ય મહારાજ.

સ્વામીશ્રી રાજરાજેશ્વરજી.

શ્રીદ્વારકાના શારદામઠાધિપતિ અને શાસ્ત્રનિષ્ણાત આ મહાત્માનું સંવત્ ૧૯૩૯ માં ભાવનગર પધારવું થયું હતું. ત્યાં તેઓ પ્રજાજનસમુદાયતરફથી સન્માન પામી લગભગ ચાર માસ સુધી સ્થિતિ કરી રહ્યા હતા. એ અરસામાં રા. રા. ગૌરીશંકરે તેમના મુખથી नैष्कर्म्यसिद्धि, केनोपनिषद् નું વાક્યભાષ્ય તથા પદભાષ્યઆદિ અનેક ગ્રન્થોનું શ્રવણ કર્યું હતું. તેમની વિદ્વત્તા અને ઉત્તમ વિવરણશક્તિથા પરમ સંતોષને પામેલા રા. રા. ગૌરીશંકર તેમને ઉદ્દેશી કહેતા કે "એમને नैष्कर्म्यसिद्धिઆદિ વેદાન્ત-ગ્રન્થો એવા ઉપસ્થિત છે કે તેમનું વ્યાખ્યાન કરતી વખતે તે ગ્રન્થોની ટીકા ફીકી જ પડી જાય છે, અને ઉત્તમ વિવેચન તેઓ જિહ્વાગ્રે જ કરે છે, જે સાંભળી સારા વિદ્વાનો પણ સાનંદાશ્ચર્ય પામ્યા વિના રહેતા નહિ." સ્વામીશ્રી રાજરાજેશ્વરજી પૂર્વાશ્રમે દક્ષિણી બ્રાહ્મણ હતા, અને તેઓએ પ્રથમથી જ સંસ્કૃત તથા ઇંગ્રેજી ભાષાનું, તેમ જ ઇંગ્રેજી કાયદાનું ઉત્તમ જ્ઞાન મેળવ્યું હતું. વેદાન્તશાસ્ત્રમાં પોતાના ઉંડા પ્રવેશને લીધે તેઓએ પોતાની આચાર્યપદવીનું ઉત્તમ રીતે સાર્થક્ય કર્યું હતું. રા. રા. ગૌરીશંકરની અપૂર્વ સ્મરણશક્તિ, સદ્ગુણ-

સંપત્તિ અને શાસ્ત્રનિષ્ઠાની તેઓ બહુ પ્રશંસા કરતા. સ્વરૂપાનુસન્ધાન ગ્રન્થની ચતુર્થ પ્રક્રિયા સાંભળી તેઓએ એ ગ્રન્થ વિષે સ્થાલીપુલાકન્યાયે કહ્યું કે "જેમ ચોખાનો મોટો ચરૂ ચઢેલો હોય તેમાંથી એક ચોખો ચાંપી જોયાથી તેની પરિપકવતા જણાઇ આવે છે તેમ આ ચતુર્થ પ્રક્રિયા મેં સાંભળી તેથી મને ખાતરી થઈ છે કે આ સ્વરૂપાનુસન્ધાન ગ્રન્થ ઉત્તમ બનેલો છે." આ પ્રમાણે સ્વામીશ્રી રાજરાજેશ્વરની પ્રશંસાયુકત સંમતિ મળવાથી એ ગ્રન્થને પ્રસિદ્ધિમાં મૂકવામાં આવ્યો હતો.

સ્વામીશ્રી રાજરાજેશ્વરમહારાજનો પત્ર.

"..... आपका पत्र मिति आश्विन पक्ष ९ का पहुंचा. सो वांचीके आपकी सात्विकी वृत्तिपूर्वक अद्वैतमें अच्छी तरेहकी निष्ठा देखीके परमाल्हाद हुवा है.

वेदान्तका "श्रीयोगवासिष्ठ" ग्रन्थमें बहुत राजावों तथा ऋष्यादिक सर्व राजव्यवहारादिक अच्छी तरेहसें करते हुये जीवन्मुक्त रहे है सो वार्ता प्रतिपादन करी है. और ए ग्रन्थ प्राकृतमें तथा संस्कृतमें छपाया है, उसीके अभ्यासतें तथा वेदान्तके प्रकरणग्रन्थोंमेंसे आत्मबोध, अपरोक्षानुभूति, और आत्मनिरूपणआर्या ये तीनो वा एकादका अवकाशसें श्रवण मनन होवे तो वे पुरुषकुं राजकीय व्यवहार करते हुये ज्ञानमें प्रतिबद्धता होवे नहि. उसके दृष्टान्तमें श्लोक :—

पुंखानुपुंखविषयेषु च तत्परोऽपि
ब्रह्मावलोकनधियं न जहाति योगी ।
संगीततालपरिनृत्यवशं गताऽपि
मौलिस्थकुंभपरिरक्षणधीर्नटीव ॥

सुज्ञेषु बहुना किम् ।

मिति संवत् १९४२ आश्विन शुक्लपक्ष १, भौमवार.

नारायणस्मृतिः"

સ્વામીશ્રી બ્રહ્માનન્દજી.

સ્વામીશ્રી બ્રહ્માનન્દજી.

આ સ્વામી પૂર્વાશ્રમમાં પંજાબમધ્યે રહેતા હતા. તરુણ અવસ્થામાં સંન્યાસદીક્ષા ગ્રહણ કરી તેઓ તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા, અને ત્રણ ચાર પ્રસંગે તેમનું ભાવનગર આગમન થયું હતું. તે સમયે તેમના ઉપદેશનો મુમુક્ષુ જનોને લાભ મળ્યો હતો. प्रबोधशतक, योगकल्पतरु, विचारदीपकઆદિ સંસ્કૃત ગ્રન્થો તેમના રચિત છે.

સ્વામીશ્રી બ્રહ્માનન્દજીનો પત્ર.

"भावाख्ये पुरसुंदरे वसति यो विद्वज्जनैः संस्तुतो
बोधानन्दमये निमग्नहृदयः कामादितो निःसृतः ।
शान्त्यौदार्यदयादिसद्गुणयुतो लोके नुतो यः सदा
गौरीशंकरसंज्ञको विजयते संन्यासमार्गे रतः ॥

येनोपात्तसमस्तभोगरचना त्यक्ताऽतिसंतोषतः
कीर्तिर्यस्य च राजतेऽतिविशदा लोके ययातेर्निभा ।
सच्चिन्मोदसरस्वतीति विदितो यो मानवैः ख्याप्यते
तं वंदे यतिपुंगवं मधुकरं वेदान्तपुष्पाश्रितम् ॥"

સ્વામીશ્રી ગંભીરાનન્દસરસ્વતીજી.

સ્વામીશ્રી ગંભીરાનન્દસરસ્વતીજી.

આ મહાત્માના ગુરુસ્થાનનો મઠ શ્રીકાશીક્ષેત્રે ગંગાતીરે દશાશ્વમેધના ઘાટ ઉપર "ગૌડ સ્વામીનો મઠ" એ નામથી પ્રસિદ્ધ છે. એ સ્થાનમાં હાલ તેમના સમર્થ ગુરુબંધુ શ્રીવિશુદ્ધાનન્દ સરસ્વતીજી વિરાજે છે. શ્રીગંભીરાનન્દસરસ્વતીજી ભાવનગર સંસ્થાનનાં મહુવા, શિહોર, ઉમરાળાવગેરે અનેક સ્થલોએ પધાર્યા હતા. ભાવનગર તલમાં તેમનું આગમન થયું ન હતું.

શા. શા. ગૌરીશંકર અને તેમની વચ્ચે પ્રાસંગિક પત્રવ્યવહાર ચાલતો.

શ્રીગંભીરાનન્દજીનો પત્ર.

" जाड्यं धियो हरति सिंचति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्ति
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥

अर्थः—सत् जो महात्मालोक तिनका संग करना. तिसके कियेसें कुसंग जो दुष्ट लोक अथवा दुष्ट वासना तिनका संग छूटी जाता है. यह मोटा अर्थ जगत्के पुरुष करते है.

दुसरा यह अर्थ है—सत् कहियें आत्मा सच्चिदानन्दरूप सो में हुं. और ब्राह्मण, क्षत्रिय, वैश्य, में नहि हौ. इनको त्याग करीके आपने स्वरूपका संग करना. इसमें यह हेतु है. जैसें रसीको ना जानी करीके सर्पभ्रांति होती है, सो सर्पभ्रान्ति रसीके जानेंसें छूटती है . . . . . इसी माफक सत्संग आत्माका करना. सोइ सर्व शास्त्रनका सिद्धान्त है.

प्रश्न—आत्माके संगसें क्या होता है ?

उत्तर—" जाड्यं धियो हरतीति "

प्रथम जो महात्मालोकोंका संग करे यह जो सत् पदका अर्थ है तिसतें क्या होता है सो कहतें है. महात्माके मुखतें जो अनेक प्रकारका ज्ञान सुनौं तौं बुद्धिकी जडतारूप अज्ञान. नाश होता है. यह वात शास्त्रनमें आचार्य लोकोंने कही है सो मोठा अर्थ जानना इसमें वासिष्ठका वाक्य प्रमाण है सो कहते है.

गुरूपदेशनं राम व्यवस्थामात्रपालनम् ।
ज्ञप्तेस्तु कारणं साक्षाच्छिष्यप्रज्ञैव केवला ॥

अर्थ—हो राम ! गुरु और महात्माका जो उपदेश है सो तो व्यवस्था कहियें मर्यादा, परंपरा, गुरुशिष्यका प्रवाह तिसीका प्रतिपालन करता है. ज्ञप्ति जो है ज्ञान, "अहं ब्रह्मास्मि" इसका कारण तौं शिष्यकी जा प्रज्ञा, बुद्धि सो है. . . . .

और मुख्य जो आत्माका अर्थ कह्या है की सत् आत्माका संग करना तिसतें जाड्यरूप जो अविद्यासहित आपने कार्यके नाश होता है यह बात सत्य है. तिसके पश्चात् ज्ञान प्रकाश होता है. यह आत्माके संगका फल है.

प्रश्न—और आत्माके संगका क्या फल है ?

उत्तर—"सिंचति वाचि सत्यमिति"

मिथ्याभाषण नहि करना इस प्रकारकी वाणीकुं सत्य बोलता है.

प्रश्न—सत्य कौन है ?

उत्तर—"तत्वमसि", अहं "ब्रह्मास्मि" इत्यादिक वेदवाणी जो है सो सत्य वाणी है. और व्यवहारकी जो वाणी सो भी सत्य कहता है.

प्रश्न—और क्या फल है ?

उत्तर—"मानोन्नतिं दिशतीति."

मान जो है नाम प्रतिष्ठा सो सर्वत्र उसकी होती है. इस लोकमें और परलोकमें मुक्तिरूप प्रतिष्ठा पावता है. जिस मुक्ति प्रतिष्ठाने जन्म नहि होता तिस प्रतिष्ठाको प्राप्त होता.

प्रश्न—और सत्संगका क्या फल है ?

उत्तर—" पापमपाकरोतीति. "

पाप जो जन्मान्तरोंका है सो सब नाश होता है. इसमें बहुत प्रमाण है. जैसे अग्नि काष्ठकों भस्म करता है इसी माफक ज्ञानाग्नि पापकों नाश करता है.

प्रश्न—और क्या फल है ?

उत्तर—" चेतः प्रसादयतीति. "

जब सत् आत्माकों संग प्राप्त होता है तब चित्त प्रसन्न हो जाता है. जैसे अनेक कालका मणि अथवा धनादिक भूली गये तौंवलग चित्त व्याकुल होता है ति पश्चात् किसी उपाय प्राप्त हुवा तों जैसा मन प्रसन्न होता है तैसे आदि कालका आत्मा मणिकी माफक माया करीके भूली गया तो चोरासी जन्ममें बडा दुःख पावता है. कोइ पुण्य करीके आत्माका जब संग हुवा तब सर्व दुःख नाश हुये और मन प्रसन्न हो जाता है. यह सिद्धान्त है.

प्रश्न—और क्या फल है ?

उत्तर—" दिक्षु तनोति कीर्तिमिति. "

दिग् जो दिशा है तिसमें कीर्ति नाम यश होता है. सर्वत्र लोकोमें आत्मारूप करीके ख्याति होती है. इसमें श्रुति प्रमाण है. ' ब्रह्मविद् ब्रह्मैव भवति ' (अर्थ—सत् आत्माकों जाननेवाला आत्मरूप होता है.) यह सर्वका सिद्धांत है. इसी हेतु करीके सत्संगति क्या क्या फल नहि देती ? संपूर्ण फल देती है.

इसी करीके कोटि कामको त्याग करीके आत्मा सत्‌स्वरूपका संग करना एहि हमारा सिद्धांत है. और एहि हमारा मिलना है. और शरीर तौं हाडचामके मिलनेसें क्या होवेगा. और आत्मारूप करीके हम तुम सदा मिलेहि है एहि निश्चय करना. ॥ शुभमस्तु ॥ [संवत् १९४३]"

स्वाभीश्री सच्चिदानन्दसरस्वतीजीनो पत्र.

" स्वस्ति श्रीमत्परमहंस, परिव्राजकाचार्य, ब्रह्मविद्वरीयान्, महात्मा स्वामी श्रीगंभीरानन्दजी महाराजकी सेवामें शुभ मुकाम उमराळा—श्रीभावनगरसें शिष्यवर्गान्तर्गत स्वामी सच्चिदानन्दसरस्वतीका ॐ नमो नारायणाय.

विज्ञप्ति यह है कि द्विवेदी भवानीशंकर आपनी पाससें आया उनके कहणेसें मालुम हुवाकि मेरीपर आपकी संपूर्ण कृपादृष्टि है और थोडे रोजमें अवकाशसें इधर पधारनेका आपश्रीने कहा है सो सुनके बहुत प्रसन्नता भई है. महात्माका वचन सत्यही होता है. उससें भरुसां है कि आप इहां पधारीके बहुत रोजकी दर्शनाभिलाषा पूर्ण करोगे. आपतो कृपामूर्त्तिही हो.

श्रीमद्भगवद्गीताभावप्रकाशटीका (सदानंदपंडितकृत), और हरितत्त्वमुक्तावली, और तोटक (श्रुतिसारसमुद्धरण) सटीक ग्रन्थ छपा है. सो आपकी इच्छा होवे और मंगवावोगे तो भेज देवूंगा. . .

इहांसें स्वामी गोविंदानन्दसरस्वती तथा स्वामी वैष्णवानन्दसरस्वतीनें आपकुं ॐ नमो नारायणाय लिखवाया है. और आपने इन दोनों स्वामीओकुं स्मरण कीया उसतें बहुत इन दोनों स्वामी

उपकृत हुवे है. इस माफक स्मरणमें रखोगे. . . . . मिति संवत् १९४४, पौष शुक्ल १ गुरुवार शुभम्."

સ્વામીશ્રી અચ્યુતાનન્દજી.

સ્વામીશ્રી અચ્યુતાનન્દજી.

સંવત્ ૧૯૪૨ માં આ મહાત્મા લીંબડી થઇને પોતાના શિષ્યમંડલસહિત ભાવનગર પધાર્યા હતા. તે સમયે સ્વામીશ્રી સચ્ચિદાનન્દસરસ્વતીએ તેમનો બોધપ્રદ સમાગમ અનુભવ્યો હતો. હિંદુસ્તાની ભાષામાં લખેલો અને રા. રા. ગૌરીશંકરના કુટુંબથી પ્રસિદ્ધિ પામેલો दशोपनिषत्सार ગ્રન્થ સ્વામીશ્રી અચ્યુતાનન્દજીનો રચેલો છે.

સ્વામી અચ્યુતાનન્દજીનો પત્ર.

" श्रीमच्छंकररूपिणं स्वमनघं स्वात्मैकचित्तं सदा
दृष्ट्वाऽसारमिदं जगत्तदनिशं तित्यक्षुमेकान्ततः ।
तद्वत्तत्त्वदृशां सभापतिजनैः सम्पूजनीयं पुरा
वन्दे बोधमयं दयालुहृदयं सच्चित्सुखं सर्वदा ॥

संवत् १९४३ ज्येष्ठ वदि १ रवौ."

સ્વામીશ્રી દક્ષિણામૂર્ત્તિ.

સ્વામીશ્રી દક્ષિણામૂર્ત્તિજી.

બહુધા શ્રીકાશીક્ષેત્રમાં સ્થિતિ કરી રહેલા અને થોડો સમય પોતાના સાંનિધ્યથી કરનાળી ક્ષેત્રને પાવન કરનાર આ સ્વામી રા. રા. ગૌરીશંકરે સંન્યાસ ગ્રહણ કર્યા પછી તરત જ સંવત્ ૧૯૪૨ માં ભાવનગર પધાર્યા હતા. આ મહાત્મા પૂર્વાશ્રમે તૈલંગ બ્રાહ્મણ હતા. અને વિશ્વેશ્વરીઆદિ ગ્રન્થોમાં નિરૂપિત કરેલા દંડી સ્વામીઓના ધર્મોને પાલવામાં બહુ આગ્રહી હતા. તેમની સ્થિતિ ભાવનગરમાં થોડો સમય રહી, પરંતુ તેટલા સમયમાં તેમનો

સમાગમ, તથા ત્યાર પછી તેમની સાથે પત્રવ્યવહાર સ્વામીશ્રી સચ્ચિદાનન્દસરસ્વતીને બહુ સંતોષપ્રદ અને તત્ત્વનિષ્ઠાપોષક થયો હતો.

સ્વામીશ્રી દક્ષિણામૂર્ત્તિનો પત્ર.

"संवत् १९४२ आश्विनस्य सिते पक्षे पंचम्यां मंदवासरे.

यत्सच्चिदानन्दघनं प्रशान्तं सृष्टेः पुरासीदविशेषमेकम् ।
पश्चाद्विराटसूत्रमहेशसंज्ञां समष्टिरूपां समवाप्य मध्ये ॥
व्यष्टिप्रभेदेन च देवतिर्यङ्मनुष्ययोनिं बहुशोऽनुभूय ।
आचार्यवाक्यादचिरेण मुक्तं तद् ब्रह्म यूयं भवतां स आत्मा ॥"

સ્વામીશ્રી સચ્ચિદાનન્દજી.

સ્વામીશ્રી સચ્ચિદાનન્દજી (જુવાન સ્વામી.)

"જુવાન સ્વામી" નામથી પ્રસિદ્ધિ પામેલા આ મહાત્મા 'સુજ્ઞ ગોકુલજી ઝાલા તથા વેદાન્ત' ના વાચકોને અપરિચિત નહિ હોય. સંવત ૧૯૦૬ માં જૂનાગઢઆદિ સ્થલવર્તી શ્રદ્ધાલુ આસ્તિક જનોને પોતાના સમાગમનો લાભ આપી સ્વામીજી ભાવનગર પધાર્યા હતા. તે સમયે રા. રા. ગૌરીશંકર તેમના સમાગમથી પવિત્ર થયા હતા. પંચદશીઆદિ ગ્રન્થો તેમને ઉત્તમ રીતે ઉપસ્થિત હોવા ઉપરાંત તેમનું વક્તૃત્વ પણ અસાધારણ હતું. તેઓ પોતાના શ્રોતૃમંડલને વારંવાર નીચેના પદ્યથી પ્રબોધતા :—

'ન આઉંગો, ન જાઉંગો, ન મરૂંગો, ન જીવુંગો.
ગુરુકે હુકમસેં જ્યોંકો ત્યોં રહુંગો.
સૈન્ધવઘનવત્ ઠસાઠસ.'

પાછળથી સ્વામીજીની સ્થિતિ નાંદોદ તથા નર્મદાતીરસ્થ ચાણોદમાં રહી હતી. તેઓ ચાણોદમાં સમાધિસ્થ થયા.

અન્ય મહાત્માઓ.

આ ઉપરાંત સ્વામીશ્રી સદાનંદગિરિજી, સ્વામીશ્રી બલદેવાનન્દજી, ઉદાસીનપંથના સ્વામીશ્રી અનંતાનંદજી અને સ્વામીશ્રી કેશવાનન્દજી, સ્વામીશ્રી વિશુદ્ધાનન્દસરસ્વતીના શિષ્ય સ્વામીશ્રી આત્માનન્દસરસ્વતીજી તથા સ્વામીશ્રી સહજાનન્દસરસ્વતીજી, કાશીના સુપ્રસિદ્ધ સ્વામીશ્રી કૃષ્ણાનન્દસરસ્વતીજી, ભૃગુક્ષેત્રવાળા સ્વામીશ્રી અદ્વૈતાનન્દજી, કાઠિયાવાડમાં વિચરતા સ્વામીશ્રી બ્રહ્માનન્દજી, ભાવનગરવાળા સ્વામીશ્રી સ્વયંપ્રકાશાનન્દસરસ્વતીજી (પૂર્વાશ્રમે ભાવનગરના વડનગરા નાગર ગૃહસ્થ દેશાઈ વજેશંકર ગુલાબરાય કકલ), અમૃતસરવાળા સ્વામીશ્રી લક્ષ્મણનાથજી, સ્વામીશ્રી ઉમેદગિરિજી, સ્વામીશ્રી જીવણગિરિજી, મારવાડના સ્વામીશ્રી શિવાનન્દજી, તથા કચ્છ માંડવીવાળા પ્રખ્યાત મહંત શ્રીસુખલાલગિરિજી–આદિ સત્પુરુષસમુદાય પણ સ્વામીશ્રી સચ્ચિદાનન્દસરસ્વતીને વિવિધ સમયે, પૂર્વાશ્રમમાં વિરાગવૃક્ષસંવર્ધક, તથા ઉત્તરાશ્રમમાં અસંગસ્થિતિપાલનમાં ઉપકારી થયો હતો.

પ્રકરણ ૧૫.

ફલવાસનારહિત વ્યવહાર.

સ્વામીશ્રીનું આહ્નિક—અસંગ અવસ્થામાં નિર્દોષ વ્યવહારની ઉપપત્તિ—પ્રાચીન શોધખાતું—"વિઝિટર્સ બુક"માં સંભાવિત સદ્‌ગૃહસ્થોના અભિપ્રાય—લોર્ડ રે સાહેબની મુલાકાત—લોર્ડ રે સાહેબનું ભાષણ—રા. રા. ગૌરીશંકરની પ્રશંસા—લેડી રે—જનરલ ક્રીટિંજ સાહેબની મુલાકાત—શાહજાદા પ્રિન્સ આલ્બર્ટ વિક્ટરની મુલાકાત—જ્ઞાતિસંસ્થાસંબંધી સ્વામીશ્રીના અભિપ્રાય.

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

સ્વામીશ્રીનું આહ્નિક.

નિયમિત આહારવિહાર કરનાર, નિયમિત પ્રવૃત્તિ કરનાર, તથા નિદ્રા અને જાગ્રત્ દશાના નિયમિત વિભાગ પાડનાર પુરુષે આચરેલો યોગ તેનાં દુઃખોનો નાશ કરે છે એમ શ્રીકૃષ્ણપરમાત્મા અર્જુનને ઉપદેશે છે. વ્યવહારમાં રા. રા. ગૌરીશંકરની જે અદ્‌ભુત વિજયપરંપરાઓ થઈ તેમાં પ્રધાનપણે યોગ્ય કાલે યોગ્ય ક્રિયા કરવાનો તેમનો અત્યંત આગ્રહી સ્વભાવ કારણભૂત હતો. બાલહઠ, સ્ત્રીહઠઆદિ, અનેક હઠોનું નીતિશાસ્ત્રકારો વર્ણન કરે છે. એ હઠના શુભ અને અશુભ એવા બે ભેદ પડી શકે છે. નિયમપુરઃસર સર્વ કાર્યો કરવાની રા. રા. ગૌરીશંકરની યુવાવસ્થાની શુભ હઠ વૃદ્ધાવસ્થામાં શિથિલિત શરીરસામર્થ્યને લીધે ન્યૂન ન થતાં ઉલટી વૃદ્ધિંગત થઇ હતી એ તેમના ઉત્તરાશ્રમના નીચેના આહ્નિકથી સ્પષ્ટ સિદ્ધ થાય છેઃ—

પૂર્વાહ્ણ (૪·૩૦-૫·૩૦)–શયનોત્થાન; સપ્રણવ શિવપંચાક્ષરમંત્રજાપ તથા શિવસ્મરણના શ્લોકો; સપ્રણવ વિષ્ણુદ્વાદશાક્ષર-

મંત્રજાપ તથા વિષ્ણુસ્મરણના શ્લોકો; સપ્રણવ નારાયણઅષ્ટાક્ષર-મંત્રજાપ તથા નારાયણસ્મરણના શ્લોકો; મનહરપદ્યકીર્તન; શ્રીગુરુપ્રતિ નમસ્કાર; ઈશ્વરનું ધ્યાન અને શ્રુતિસ્મૃતિપ્રમાણપૂર્વક આત્મવિવેચન.

	(૫·૩૦–૬·૩૦)	દંતધાવનાદિ વ્યવહાર; શિવ-સ્મરણ; आदित्यहृदयના શ્લોકો; કર્મ, ઉપાસના અને જ્ઞાનસંબંધે વિચાર; સ્નાન.
	(૬·૩૦–૭·૩૦)	સંન્યાસીના નિત્યકર્મનું પાલન.
	(૭·૩૦–૮·૩૦)	વેદાન્તશ્રવણ.
	(૮·૩૦–૯)	ભોજનવ્યવહાર.
	(૯–૧૦)	દિદૃક્ષુસત્કાર (મુલાકાત લેવા અથવા દર્શન કરવા આવનાર લોકોનો મેળાપ.)
	(૧૦–૧૨)	વેદાન્તકથા.
મધ્યાહ્ન	(૧૨–૧·૩૦)	નિવૃત્તિ.
અપરાહ્ણ	(૧·૩૦–૩)	વેદાન્તસિદ્ધાન્તચર્ચા.
	(૩–૫)	વેદાન્તશ્રવણ.
	(૫–૭)	સ્વદેશી વિદેશીય ગૃહસ્થોઆદિ મળવા આવે તે નિમિત્ત.
સાયંકાલ	(૭–૭·૩૦)	લઘુ આહાર.
રાત્રિ	(૭·૩૦–૯)	ધ્યાન.
	(૯–૪·૩૦)	નિદ્રા.

અસંગ અવસ્થામાં નિર્દોષ વ્યવહારની ઉપપત્તિ.

સ્વામીશ્રીની વૃત્તિ આ પ્રમાણે અહર્નિશ નિયત વ્યાપાર કરતી. પૂર્વાહ્ણ અને અપરાહ્ણ મળી ત્રણ કલાક સંસારી પુરુષોના સંગમાં વ્યતીત કરવારૂપ સ્વામીશ્રીનું વર્તન દોષાસ્પદ હોવાની શંકા શાસ્ત્રમાં ઉંડા પ્રવેશ વિનાના પુરુષોને થાય તો તેના સમાધાનમાં સ્વામીશ્રીના ગાઢ પરિચયમાં આવેલા સ્વર્ગવાસી વિદ્વદ્વર્ય રા. ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક પોતાના "રા. રા. ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઈ., એમનું લઘુ જીવનચરિત" એ નામના ઈંગ્રેજી પુસ્તકમાં લખે છે કે—

"Complete seclusion in his case would be scarcely possible. The love and esteem, in which he is held not only in Bhavnagar but in Kathiawad is so great, the purity of his motives stands so confessed, and has inspired such reverence for him that to be debarred even for a day from the privilege of his audience would be regarded by the people of Bhavnagar as little short of a calamity. Nor is such seclusion strictly enjoined by the Hindu *Shastras* on one whose renunciation takes the form of a *Vidvad-Sanyas.* He is accordingly open to visits from all during hours which do not interfere with the performance of his religious duties. Some people have looked upon this as inconsistent with the life of a religious *Sanyasi*, and are prone to regard him as a political *Sanyasi*, but numerous authorities from the *Shastras* and precedents founded on the lives of eminent *Sanyasis* may be cited in justification and support of the Swami's procedure."

"સ્વામીશ્રીના સંબંધમાં ઐકાન્તિક અસંગાવસ્થા રહેવી શક્ય નથી. એકલા ભાવનગરના નહિ પરંતુ આખા કાઠિયાવાડના

લોકો તેમના ઉપર એટલો બધો પ્રેમ રાખે છે અને તેમને એટલું બધું સંમાન આપે છે, તેમ જ તેમના આશયની શુદ્ધતા, સાધુવૃત્તિ, તથા ચરિતોન્નતિ એટલી બધી સ્પષ્ટ છે અને તેમને વિષે એટલી બધી પૂજ્યબુદ્ધિ કરાવનાર છે કે એક દિવસ પણ તેમને મળવામાં પ્રતિબંધ કરવામાં આવે તો ભાવનગરની પ્રજા તેને મહાવિપત્તિતુલ્ય ગણ્યા વિના રહે નહિ. અને આર્યશાસ્ત્રો પણ વિદ્વત્સંન્યાસ ગ્રહણ કરનાર સંબંધે કેવલ અસંગાવસ્થાનું વિધાન કરતાં નથી. આમ હોવાથી પોતાનાં ધર્મકૃત્યોમાં વિક્ષેપ ન કરે એવા સમયમાં તેમની મુલાકાત લેવાની સર્વને છૂટ છે. આવું વર્તન ધાર્મિક સંન્યાસીની વૃત્તિને વિરોધી છે એમ કેટલાક લોકો માને છે, અને તેઓનું વલણ સ્વામીશ્રીને રાજનીતિજ્ઞ સંન્યાસીરૂપે ગણવા પ્રતિ છે; પરંતુ શાસ્ત્રોનાં અનેક પ્રમાણો * તથા પ્રસિદ્ધ સંન્યાસીઓનાં ચરિતો સ્વામીશ્રીના વર્તનનું સમર્થન કરે છે અને તેને યોગ્ય સિદ્ધ કરી આપે છે."

આ પ્રમાણે સ્વામીશ્રીના ઉત્તરાશ્રમમાં પણ ફલવાસનારહિત વ્યવહારના અનેક ગૌણ પ્રસંગો પ્રાપ્ત થતા.

પ્રાચીનશોધખાતું.

જ્યારે કર્નલ વોટસન સાહેબ કાઠિયાવાડની રાજસ્થાનિક કોર્ટના અધ્યક્ષ નીમાયા ત્યારે "કાઠિયાવાડ ગેઝેટિયર" તૈયાર કરવાનું કામ મુંબઈ સરકારે સર એમ. કેમ્પબેલ સાહેબના સહાયકતરીકે તેમને સોંપ્યું હતું. પ્રાચીન શોધમાં પ્રવીણ એક ઉત્તમ વિદ્વાન્‌તરીકે વોટસન સાહેબની પ્રશંસા ડાકટર બર્જેસ, તથા ડાકટર બ્યૂલર

---

* જેવાં કેઃ—

उपाधिस्थोऽपि तद्धर्मैर्न लिप्तो व्योमवन्मुनिः ॥

कृष्णो भोगी शुकस्त्यागी नृपौ जनकराघवौ ।
वसिष्ठः कार्यकर्ता च पञ्चैते ज्ञानिनः समाः ॥

निवृत्तरागस्य गृहं तपोवनम् ॥

श्रीयोगवासिष्ठમાં ચૂડાલા તથા શિખિધ્વજનું આખ્યાન—ઇત્યાદિ.

જેવા સમર્થ પુરુષોએ કરી હતી તેથી આ કામ માટે તેમની સંપૂર્ણ યોગ્યતા હતી. " કાઠિયાવાડ ગેઝેટિયર " ને અંગે, ગોહેલ વંશની પ્રથમ સૌરાષ્ટ્રમાં ક્યારે સ્થાપના થઈ તે સંબંધી તેમ જ બીજા અધીશોસંબંધી પ્રમાણભૂત ઐતિહાસિક આધારો મેળવવાની જરૂર જણાઈ. તે ઉપરથી સને ૧૮૮૧ માં વોટસન સાહેબની સલાહથી શ્રીમહારાજા સાહેબની આજ્ઞાને અનુસરીને ભાવનગરમાં પ્રાચીનશોધખાતું સ્થાપવામાં આવ્યું, જે આખા કાઠિયાવાડમાં પ્રથમ જ હતું. આ ખાતાની સંપૂર્ણ દેખરેખ તે સમયના નાયબ દિવાન કુશલ રા. વિજયશંકર ગૌરીશંકરને સોંપવામાં આવી. ગોહેલ રાજાઓને લગતો વૃત્તાંત તેઓએ મેળવવા અર્થે સને ૧૮૮૨ થી, કાઠિયાવાડના જુદા જુદા ભાગોમાં, પૂર્વમાં ગોઘાથી તે પશ્ચિમમાં દ્વારકાસુધી, તેમ જ દક્ષિણમાં દિવથી તે ઉત્તરમાં એડગઢ બાડમેર અને મેવાડમાં ઉદેપુરસુધી પંડિતોને મોકલ્યા. તેનો પરિણામ એ આવ્યો કે એકંદર આસરે ૪,૦૦૦ સિક્કાઓ (જેમાંના કેટલાક તો અપૂર્વ હતા) તથા શિલાલેખો, તામ્રપત્રો અને તાલપત્રો એ પંડિતોને મળી આવ્યાં, જેથી ગોહેલ વંશ-ઉપરાંત બીજા વંશોના ઇતિહાસ ઉપર પ્રકાશ પડ્યો. કેટલાક સિક્કાઓ એલેક્ઝાંડર ધી ગ્રેટ, એપોલોડોટસ, પ્રાહેટસ બીજો, પ્રાહેટસ ત્રીજો, વોલોગેસસ ચોથો, માઇથ્રેડેટીસ બીજો, અને ગોલોરેઝીઝઆદિ યવન વંશસંબંધી હતા; ચંદ્રગુપ્ત, કુમારગુપ્ત અને સ્કંદગુપ્તના સમયના કેટલાક સિક્કાઓ ગુપ્ત વંશના ઇતિહાસને પરિસ્ફુટ કરનાર થઈ પડ્યા; તેમ જ નાહાપાન, જયદામા, રુદ્રદામાઆદિ શાહ વંશોના સિક્કાઓનો પણ બહોળો જથો ઉપલબ્ધ થયો. કાઠિયાવાડનાં જુદાં જુદાં ગામોમાંથી ૫૦૦ કરતાં વિશેષ પ્રતિલિપિઓ (ફેક્સિમિલિઝ), રબિંગો, દેવાલયોના સ્તંભઉપરના લેખો તથા શિલાલેખો મળી આવ્યા. જુદા જુદા સમયમાં કાઠિયાવાડ પ્રાંત ઉપર રાજ્ય કરી જનાર રજપૂત રાજાઓના ઇતિહાસને પેરમના ટાપુમાંથી તથા વળા (અસલ વલ્લભીપુર) માંથી નીકળેલાં ઉત્ખાત દ્રવ્યો

(ફોસિલો)એ સુવ્યક્ત કર્યો. તે ઉપરાંત વલ્લભીનાં તામ્રપત્રો તથા તાલપત્રઉપર લખેલાં પુસ્તકો ભાવનગરની તવારીખમાં બહુ ઉપયોગી થયાં.

ભાવનગરની આસપાસ ૭૦ માઇલ સુધીનાં ઐતિહાસિક ગામોમાં ખોદાણ કરવાથી ઘણી પ્રાચીન વસ્તુઓ મળી આવી. એ ગામોમાં મુખ્ય મહુવા (અસલ મધુમતી), કતપુર (અસલ કુંદનપુર), તળાજા (અસલ તાલધ્વજ), ટીમાણા (અસલ ટિમ્બાણક), હાથબ (અસલ હસ્તવપ્રક) આદિ છે.

આ જૂના શોધોના સંગ્રહથી સ્વામીશ્રી સચ્ચિદાનન્દસરસ્વતીના આશ્રમની રમણીયતામાં વધારો થયો. અને એ સંગ્રહસ્થાન એકલા હિંદુસ્તાનના નહિ પરંતુ યુરોપના વિદ્વદ્વર્ગમધ્યે ઉત્તમ પ્રસિદ્ધિને પામ્યું છે.

"વિઝિટર્સ બુક"માં સંભાવિત સદ્‌ગૃહસ્થોના અભિપ્રાય.

સંગ્રહસ્થાનને અંગે રાખવામાં આવેલી "વિઝિટર્સ બુક"માં વિયેનાના પ્રખ્યાત હુલ્ઝ સાહેબ, જેઓ હાલ મદ્રાસ ઇલાકામાં આર્કીઓલોજિકલ સર્વે ખાતાના ઉપરિ છે, તે લખે છે કે—

"Mr. Vajeshankar's extensive collection of Indian Antiquities consists of inscriptions, coins, sculptures and fossils......The collection of facsimiles of Hindu and Musalman inscriptions with rough editions is unparalleled and worthy of so able a scholar and antiquarian as Mr. Vajeshankar"—*E. Hultzch,* Ph. D., Vienna University, 18th November 1884.

"હિંદુસ્તાનની પ્રાચીન વસ્તુઓનો વિસ્તીર્ણ સંગ્રહ જે રા. વિજયશંકરે કર્યો છે તેમાં લેખો, સિક્કાઓ, કોતરકામો અને ઉત્ખાતદ્રવ્યો છે . . . . . હિંદુ અને મુસલમાની લેખોની

પ્રતિલિપિઓનો સંગ્રહ અદ્વિતીય છે, અને રા. વિજયશંકર જેવા સમર્થ, વિદ્વાન્ અને પ્રાચીનશોધશાસ્ત્રકુશલ પુરુષને અનુરૂપ છે."

મુંબઇના ગવર્નર સર જેમ્સ ફરગસન સાહેબ લખે છે કે—

"I was very happy to be able to visit the venerable and respected Mr. Gaurishankar in his own house; and I saw with interest his valuable collection of ancient MSS., sculpture, coins, &c., which has already become famous."—*James Fergusson,* Governor of Bombay, 25th November 1884.

"પૂજ્ય અને સંમાન્ય રા. ગૌરીશંકરને એમના પોતાના ઘરમાં મળવાથી મને ઘણો આનંદ થયો. પ્રાચીન હસ્તલેખો, કોતરકામો, સિક્કાઓવગેરેનો એમનો કીમતી સંગ્રહ જે પ્રસિદ્ધ થઈ ચુકયો છે તે મેં રસપૂર્વક જોયો."

ઇટાલીમાં આવેલા ફ્લોરેન્સ શહેરના સંસ્કૃત પ્રોફેસર કાઉન્ટ એંજેલો ડિ ગ્યુબરનેટીસ લખે છે કે—

"Of my visit to Kathiawad, one of the deepest records should be the kindness with which I was received in the house of the very meritorious and illustrious Gaurishankar, where it was possible for me to admire how the noblest was transmitted through three generations, and where I found collected all the kindness and the science of the most flourishing State of Kathiawad."—*Count Angelo de Gubernatis,* Professor of Sanskrit in Florence, the Town of Flowers, 6th November 1885.

"કાઠિયાવાડ પ્રાંતની મારી મુલાકાતદરમ્યાન ધાર્મિક અને પ્રતાપી ગૌરીશંકરના ઘરમાં મારૂં જે આદરપૂર્વક આતિથ્ય કરવામાં આવ્યું તેની છાપ મારા હૃદયમાં ઉંડી પડી છે. ત્રણ જમાનામાં અત્યંત ઉમદા ગુણોનું સંક્રમણ જોવાની તક એમને ત્યાં મને મળી, અને એમના ઘરમાં કાઠિયાવાડ પ્રાંતના અતિસમૃદ્ધ રાજ્યના સ્નેહ તથા વિદ્યાનો સંગ્રહ મેં જોયો."

સરકારી પ્રાચીનશોધવિષયક સર્વેખાતાના ઉપરિ ડાક્ટર બર્જેસ સાહેબ લખે છે કે—

"The collection.........is about the largest of the kind in existence, and it is to be hoped my friend Mr. Vajeshankar Gaurishankar, the collector and owner of the whole, will be able by-and-by to publish its contents for the elucidation of the history of this part of the Indian continent."—*Jas. Burgess*, C.I.E., LL.D., Government Archæological Surveys, 10th December 1885.

"સંસ્કૃત અને બીજા લેખોનો આવો સંગ્રહ ઘણું કરીને બીજે કોઈ સ્થલે હાલમાં નથી, અને મને આશા છે કે મારા મિત્ર રા. વિજયશંકર જે આખા સંગ્રહના શોધક અને માલિક છે તેઓ હિંદુસ્તાનના આ ભાગના પ્રાચીન ઇતિહાસને સુસ્પષ્ટ કરવાઅર્થે પોતાના સંગ્રહાન્તર્ગત વૃત્તાન્ત ધીમે ધીમે પ્રસિદ્ધ કરશે."

પૂણાની ડેકન કોલેજના માજી પ્રોફેસર અને પ્રસિદ્ધ વિદ્વાન્ તથા કવિ સર એડ્વિન આર્નોલ્ડ સાહેબ લખે છે કે—

"I esteem it a special privilege, while in this hospitable capital, to have made the acquaintance of the venerable and accomplished Mr. Gaurishankar Uday-

shankar, C.S.I. I found him full of years and honours amid a noble collection of Sanskrit MSS. books, inscriptions, antiquities and natural history objects . . . I consider myself honoured by having clasped his hand . . ."—*Edwin Arnold*, C.S.I., M.A., 12th December 1885.

"અતિથિસત્કારક આ રાજધાનીમાં પૂજ્ય અને વિશારદ રા. ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઇ., નું ઓળખાણ થવાથી અધિકારવિશેષ મને મળ્યો હોય એમ હું માનું છું. સંસ્કૃત લેખો, પુસ્તકો, કોતરકામોવગેરેના ઉમદા સંગ્રહમધ્યે મેં વર્ષ અને સંમાનથી પૂર્ણ એ પુરુષને જોયા . . . . એમના હસ્તનો સ્પર્શ થવાથી મને પોતાને માન મળેલું હું સમજું છું."

એલ્ફિન્સ્ટન કોલેજના માજી સંસ્કૃત પ્રોફેસર ડાકટર પીટર્સન લખે છે કે—

"I had very great pleasure yesterday in seeing and talking to the venerable ex-minister of this State and distinguished *Vedantist*, Mr. Gowrishankar. I have long desired to know him. I have also had the pleasure of inspecting Mr. Vajeshankar's valuable collection of coins, MSS., and antiquities . . . Mr. Vajeshankar has made a splendid beginning, and I earnestly trust that the enlightened and munificent Bhavnagar Government will encourage this and other works to prosecute this important work."—*Peter Peterson*, M.A., D.SC., Professor of Oriental Languages, Elphinstone College, Bombay, 20th March 1886.

"આ રાજ્યના પૂજ્ય માજી દીવાન અને પ્રસિદ્ધ વેદાન્તી રા. ગૌરીશંકરને કાલે મળી તેમની સાથે વાર્તાલાપ કરવાથી મને ઘણો આનંદ થયો. ઘણા વખત થયાં એમને મળવાની

મારી ઇચ્છા હતી. સિક્કાઓ, લેખો અને પ્રાચીન શોધોનો સંગ્રહ જે રા. વિજયશંકરે કરેલો છે તે જોવાથી પણ મને ખુશી થઈ. . . . આ વિષયમાં રા. વિજયશંકરે ભવ્ય આરંભ કર્યો છે, અને મને આશા છે કે ભાવનગરનું સુધરેલું અને ઉદાર રાજ્ય આ અગત્યનું કાર્ય આગળ ચલાવવા તેમના સંગ્રહને તથા એવા બીજા પ્રયત્નને ઉત્તેજન આપશે."

ઇંગ્લંડમધ્યે વોકિંગની ઓરીએન્ટલ ઇન્સ્ટિટ્યૂટના પ્રિન્સિપલ પ્રસિદ્ધ વિદ્વાન્ જી. ડબલ્યુ. લાઇટનર સાહેબ લખે છે કે—

". . . A true Brahmin, in intellect, morality, knowledge and goodness, the venerable *Sanyasi*, whose mind is as clear and vigorous as ever, inspires even more profound respect among those who approach him than when he rendered to his State right loyal service in the midst of the brilliancy of the Delhi Imperial Assemblage. A worthy father of worthy children, he has the satisfaction of seeing his son Mr. Vajeshankar enjoy the esteem of learned men for his antiquarian researches as illustrated by an interesting and varied collection . . . "—*G. W. Leitner*, LL.D., Principal of the Oriental Institute, Woking, England.

"પૂજ્ય સ્વામીશ્રી સચ્ચિદાનન્દસરસ્વતી જેઓ બુદ્ધિ, નીતિ, જ્ઞાન અને સૌજન્યપરત્વે એક ખરેખરા બ્રાહ્મણ છે, અને જેમની બુદ્ધિ અત્યંત નિર્મળ અને સમર્થ છે તેઓ, ભવ્ય દીલ્હી દરબારના સમયમાં દૃઢ રાજભક્તિપ્રેરિત પોતાની રાજ્યસેવાની અવસ્થા કરતાં પણ આ અસંગ દશામાં વિશેષ સંમાનને પાત્ર છે. તેઓ કે જે લાયક પુત્રોના લાયક પિતા છે તેમને જાણીને સંતોષ થશે કે તેમના પુત્ર રા. વિજયશંકરે પોતાના રમણીય અને વિસ્તારવાળા પ્રાચીન શોધસંગ્રહને લીધે વિદ્વદ્વર્ગની પ્રશંસા સંપાદન કરેલી છે."

'ટાઇમ્ઝ ઓફ ઇન્ડિયા' નામના મુંબઇના પ્રસિદ્ધ દૈનિક પત્રના અધિપતિ ટી. જે. બેનેટ સાહેબ લખે છે કે—

"The two interviews, which I have had with Mr. Gowrishankar, have been to me deeply interesting, and I shall long remember the hour that I have spent in listening to the veteran statesman, as he told over again the 'story of his wars.' He has indeed been the Sir Salar Jung of Bhavnagar, only more fortunate than that great statesman inasmuch as his efforts to obtain a rendition of alienated rights were crowned with success. May he be long spared to guide with his wise counsels the rulers of a State, which he has done so much to make the model State of Kathiawar!"—*T. J. Bennett*, Editor, *The Times of India*, Bombay, 16th November 1887.

"રા. ગૌરીશંકર સાથે મને જે બે મુલાકાતો થઇ છે તેથી મને ઘણો આનંદ થયો છે, અને એમની રાજકીય લડતોનો વૃત્તાન્ત સાંભળવામાં મારો જે કલાક ગયો છે તેનું મને લાંબા વખતસુધી સ્મરણ રહેશે. તેઓ ભાવનગર રાજ્યના સર સલાર જંગ છે, અને દરબારના લુપ્ત થયલા અધિકારો પાછા મેળવવામાં તેઓ વિજયી નીવડ્યા એટલે પક્ષે તેઓ તે મહાન્ રાજનીતિજ્ઞ પુરુષ કરતાં પણ સુભાગી છે. જે રાજ્યને કાઠિયાવાડ પ્રાંતનું નમુનાનું રાજ્ય બનાવવા માટે તેઓએ આટલો બધો પરિશ્રમ કર્યો છે તેના અધીશોને પોતાની શાણી સલાહનો લાભ આપવાઅર્થે એઓ હજી બહુ જીવો!"

પારિસના સંસ્કૃત પંડિત સેનાર સાહેબ લખે છે કે—

"वरमेकस्मादनेके जाड्याद्द्रिया शमो हिमात् ।
दुर्गत्वात् प्रियवादित्वं शीलं शिलासमुच्चयात् ॥

इति गौरीशंकरास्ते भव्नगरे स्थिताः पराः ।
जम्बुद्वीपस्यालंकारो नैवंनामा महागिरिः " ॥

"ગૌરીશંકર નામનું હિમાલય પર્વતનું ઉચ્ચ શિખર એક છે, રા. ગૌરીશંકર (માનાર્થે) અનેક છે; પર્વત જડ છે, રા. ગૌરીશંકર વિદ્યાસંપન્ન છે; પર્વતમાં હિમ છે, રા. ગૌરીશંકર શમયુક્ત છે; પર્વત વિકટ છે, રા. ગૌરીશંકર પ્રિયવાદી છે; પર્વત શિલાસમુદાયનો બનેલો છે, રા. ગૌરીશંકર શીલવાળા છે; આ પ્રમાણે જંબુદ્વીપના અલંકારરૂપ રા. ગૌરીશંકર તે નામના પર્વત કરતાં બધે પક્ષે શ્રેષ્ઠ છે."

પોતાના બુદ્ધિપ્રભાવથી, વાક્ચાતુર્યથી, અને નિર્ભય પ્રકૃતિથી વિખ્યાતિને પામેલા ઓનરેબલ ફીરોજશાહ મેહેરવાનજી મહેતા લખે છે કે—

"I had the pleasure of making Mr. Gaurishankar's acquaintance when he was Joint Administrator with Mr. Percival 17 years ago, and it was a great gratification to me to be able to renew it on the present occasion of a professional visit to Bhavnagar. It was wonderful to see how his mental and intellectual vigour was utterly unimpaired, and it was a great pleasure to have a talk with him about past events, which his richly stored memory made extremely interesting. It is not to be wondered that the Swami is now esteemed as a venerable Institution of this flourishing State, whose prosperity owes so much to him. Mr. Vajeshankar's rich collection was extremely interesting."—*Pherozeshah M. Mehta*, 18th January 1889.

"૧૭ વર્ષ પહેલાં પર્સિવલ સાહેબની સાથે રા. ગૌરીશંકર સંયુક્ત કારભારી હતા ત્યારે મને તેમનું ઓળખાણ

થયું, અને આ પ્રસંગે મારા ધંધાનિમિત્ત મારૂં ભાવનગર આવવું થતાં તેમને પુનઃ મળવાથી મને ઘણો સંતોષ થયો છે. એમનું બુદ્ધિબલ અને માનસિક શક્તિઓ હજી બિલકુલ ક્ષીણ થયાં નથી એ આશ્ચર્યની વાર્તા છે. અતીત પ્રસંગો કે જે એમની અતિપ્રબલ સ્મરણશક્તિને લીધે અત્યંત મનોહર લાગે છે તે સંબંધે એમની સાથે સંભાષણ કરવાથી મને ઘણી પ્રસન્નતા થઈ. આ આબાદ રાજ્ય કે જેની સમૃદ્ધિ પ્રધાનપણે એમને લીધે છે તેની એક પૂજ્ય સંસ્થારૂપે સ્વામીશ્રીને સંમાન મળે એ આશ્ચર્ય પામવા જેવું નથી. રા. વિજયશંકરનો બહોળો સંગ્રહ પણ બહુ આનંદજનક થયો."

અમદાવાદની ગુજરાત કોલેજના માજી પ્રિન્સિપલ વિદ્વાન્ જમશેદજી અરદેશર દલાલ પોતાના પત્રમાં લખે છે કે—

"AHMEDABAD, 31*st December* 1886.

MY DEAR MR. VAJESHANKAR,

. . . It was a rare treat to go over your excellent collection of coins and MSS. and fossils under your guidance. But what was rarest of all and peculiarly unique was to be able to see face to face the venerable Swamiji, who has laid aside his arms of politics, of which he has made so noble and triumphant a use, for the yellow cap and gown of a devotee. To be able to see such a man and fall at his feet is worth a pilgrimage; and I consider it my great good fortune that I have been able to accomplish it so easily in a pilgrimage of pleasure to your beautiful city.

Yours sincerely,

JAMSEDJI A. DALAL."

"અમદાવાદ, ૩૧ ડીસેંબર ૧૮૮૬.

મારા પ્રિય રા. વજેશંકર,

. . . . . . સિક્કા, લેખો, તથા ઉત્ખાત દ્રવ્યોવગેરેનો આપનો ઉત્તમ સંગ્રહ આપની સાથે રહી જોવાનો જે ઉત્સવ મને પ્રાપ્ત થયો તે દુર્લભ હતો. પરંતુ સર્વથી દુર્લભ અને અસાધારણ એ હતું કે પૂજ્ય સ્વામીજી કે જેમણે પોતાનાં વિજયપ્રદ રાજનીતિશસ્ત્રોનો ત્યાગ કરી સંન્યાસીનાં કષાયવસ્ત્રો ધારણ કર્યાં છે તેમનાં સમક્ષ દર્શન મને થયાં. આવા પુરુષનાં દર્શન કરી તેમને પગે પડવું એ યાત્રાતુલ્ય છે, અને હું મારૂં પરમ સુભાગ્ય સમજું છુ કે આપના રમણીય નગરની મુલાકાતઅર્થે આવેલા મને તે અલભ્ય લાભ અનાયાસે પ્રાપ્ત થયો . . . . .

આપનો પ્રામાણિક,

જમશેદજી અરદેશર દલાલ."

સ્વામીશ્રીના વિદેહકૈવલ્યપછી, તથા રા. રા. વિજયશંકરના મુખ્ય પ્રધાનના અધિકારના સમયમાં એ પ્રાચીન-શોધસંગ્રહસંબંધે નીચેના નામાંકિત સદ્ગૃહસ્થોના અભિપ્રાયો "વિઝિટર્સ બુક"માં દાખલ થયા છે :—

"I am very glad to have had the opportunity of visiting Mr. Vajeshankar's house and inspecting his valuable collection of antiquities, and of making his acquaintance. Scholars who go to the trouble and expense of bringing together such collections deserve every encouragement, specially as the workers in such fields in this country are unfortunately few. H. E. Lord Sandhurst regrets that his many other engagements

do not allow him leisure to inspect Mr. Vajeshankar's collection."—*A. M. T. Jackson*, Private Secretary to the Governor of Bombay, 22nd November 1898.

"મિ. વજેશંકરના ઘરની મુલાકાત લેવાની, તેમનું ઓળખાણ કરવાની અને તેમનો મૂલ્યવાન્ પ્રાચીન શોધસંગ્રહ જોવાની મને તક મળી તેથી હું બહુ રાજી થયો છું. આવા સંગ્રહો ભેગા કરવાનો શ્રમ લેનાર અને ખરચ કરનાર વિદ્વાનો હરેક રીતે ઉત્તેજનને પાત્ર છે, મુખ્યત્વે કરીને એ કારણથી કે આવા વિષયોમાં કામ કરનારા આ દેશમાં દુર્ભાગ્યે થોડા છે. નામદાર ગવર્નર લૉર્ડ સેન્ડ્હર્સ્ટ સાહેબને, બીજા ઘણા પ્રસંગોમાં રોકાણને લીધે, મિ. વજેશંકરનો સંગ્રહ જોવાને અવકાશ નથી તેથી તેઓ સાહેબ દિલગીર છે."—મુંબઈના નામદાર ગવર્નર લૉર્ડ સેન્ડ્હર્સ્ટના પ્રાઈવેટ સેક્રેટરી મિ. જેક્સન સાહેબ, ૨૨ નવેંબર ૧૮૯૮.

"After inspecting the copper-plate grant which Mr. Vajeshankar brought I regret more than ever that time did not permit me to see his whole collection when I was at Bhavnagar. All these antiquities are of immense interest."—*Lord Sandhurst*, Governor of Bombay, 11th August 1899.

"મિ. વજેશંકર જે તામ્રપત્ર લાવ્યા તે જોઈ મને અત્યંત દિલગીરી થઈ કે હું જ્યારે ભાવનગર હતો ત્યારે તેમનો આખો સંગ્રહ જોવાનો મને અવકાશ મળ્યો નહિ. પ્રાચીન શોધની આ બધી વસ્તુઓ અત્યંત રસજનક છે."—મુંબઈના નામદાર ગવર્નર લૉર્ડ સેન્ડ્હર્સ્ટ સાહેબ, ૧૧ ઓગસ્ટ ૧૮૯૯.

"I was greatly pleased to see Mr. Vajeshankar Gowrishankar Oza's collection of coins, fossils, &c.

It is a very interesting Museum reflecting credit on Mr. Vajeshankar's antiquarian research."—His Highness *Bhagvatsingji*, Thakor Saheb of Gondal, 22nd December 1898.

"રા. વજેશંકર ગૌરીશંકર ઓઝાએ સિક્કા, ઉત્ખાતદ્રવ્ય વિગેરેનો કરેલો સંગ્રહ જોઈ મને ઘણો આનંદ થયો. એ સંગ્રહ ઘણો મનોહર છે, અને રા. વજેશંકરની પ્રાચીનશોધમાં કુશલતાને દીપાવનાર છે."—ગોંડલ સંસ્થાનના ઠાકોર સાહેબ **શ્રીભગવતસિંગજી**, ૨૨ ડીસેંબર ૧૮૯૮.

"It (the collection) is very useful to archæologists and students of the early history of this country, and is the best of all the private collections of this sort started by native scholars. Therefore this gentleman deserves the highest credit for preserving so valuable relics of the past glory of India. His extensive collection of fossils will also be very interesting to geologists."—*Gowrishankar Hirachand Oza*, Antiquarian, Udeypur State, Rajputana, 14th February 1899.

"રા. વજેશંકરનો સંગ્રહ પ્રાચીનશોધશાસ્ત્રના વિદ્વાનોને તથા આ દેશના પુરાતન ઇતિહાસના અભ્યાસકોને બહુ ઉપયોગી છે, તથા દેશી વિદ્વાનોએ ભેગા કરેલા આવી જાતના સર્વ ખાનગી સંગ્રહોમાં ઉત્તમ છે. આ કારણથી હિંદુસ્તાનના પ્રાચીન પ્રતાપનાં આવાં સ્મારકચિહ્ન સંઘરી રાખવા અર્થે રા. વજેશંકરને ઘણો જ ધન્યવાદ ઘટે છે. ઉત્ખાત દ્રવ્યોનો એમનો વિસ્તીર્ણ સંગ્રહ પણ ભૂસ્તરશાસ્ત્રના વિદ્વાનોને બહુ રસજનક જણાશે."—સંસ્થાન ઉદેપુરના પ્રાચીન શોધશાસ્ત્રી **ગૌરીશંકર હીરાચંદ ઓઝા**, ૧૪ ફેબ્રુઆરી ૧૮૯૯.

"It gave me very great pleasure to be able to visit Mr. Vajeshankar this morning, and I was deeply interested in all the specimens of curious collections which he showed me. He is himself an excellent specimen of the grand old school of genial self-respecting native gentlemen who adhere to the best traditions of the past..

The Bhavnagar State is fortunate in possessing such a devoted servant of the people."—*J. Pollen*, LL.D., I.C.S., 8th September 1899.

"આજ સવારે મિ. વજેશંકરની મુલાકાત લેવાનો યોગ આવ્યો તેથી મને ઘણી ખુશી થઈ, અને એમણે સંઘરેલી વિચિત્ર વસ્તુઓના જે તમામ નમુનાઓ મને બતાવ્યા તે મેં બહુ રસપૂર્વક જોયા. મિ. વજેશંકર જાતે, પૂર્વના ઉત્તમ આચાર-વિચારોને વળગી રહેનારા આનંદી અને ટેકીલા દેશી સદ્ગૃહસ્થોના જૂના ભવ્ય સંપ્રદાયના એક ઉત્તમ નમુનારૂપ છે.

ભાવનગર સંસ્થાનનું સુભાગ્ય છે કે તેને આવા એક પ્રજાભક્ત મળ્યા છે."—**જે. પોલન** સાહેબ, એલ.એલ. ડી., આઇ.સી.એસ., ૮ સપ્ટેંબર ૧૮૯૯.

"The Dewan Vajeshankar has, during the last few years, very much increased his interesting and valuable collection of antiquities. I trust he will go on collecting, for students must appreciate his good work."—*E. H. Percival*, 25th January 1900.

"દીવાન રા. રા. વજેશંકરે, ગયાં થોડાં વર્ષ દરમ્યાન, પોતાના મનોહર અને કીમતી પ્રાચીન શોધસંગ્રહને વધાર્યો છે. મને ભરોસો છે કે તેઓ હજી વધારતા જશે, કારણકે પ્રાચીન

શોધશાસ્ત્રના અભ્યાસકો એમના સારા કાર્યની અવશ્ય કદર કરશે."—**ઈ. એચ. પર્સિવલ** સાહેબ, ૨૫ જાન્યુઆરી ૧૯૦૦.

લોર્ડ રે સાહેબની મુલાકાત.

૧૮૮૬ ના ડિસેંબર માસમાં મુંબઈના લોકપ્રિય ગવર્નર લોર્ડ રે સાહેબ મહારાજા શ્રીતખ્તસિંહજીને જી. સી. એસ. આઈ. નો ખિતાબ અર્પણ કરવા અર્થે રાજકોટ પધાર્યા તે પ્રસંગે તે નામદારે મહારાજાશ્રીને પૂછ્યું કે "આપના વૃદ્ધ પ્રધાન રા. ગૌરીશંકરે સંન્યાસ ગ્રહણ કર્યો છે એવું મેં સાંભળ્યું છે, તો જ્યારે હું ભાવનગર આવું ત્યારે તેઓ મને મળી શકશે કે કેમ?" તેના ઉત્તરમાં મહારાજાશ્રીએ નિવેદન કર્યું કે "મળવામાં કાંઈ પણ અડચણ હું ધારતો નથી, તોપણ આપ નામદાર ભાવનગર પધારશો ત્યારે તે સંબંધી નિર્ણય થશે." ત્યાર પછી લોર્ડ રે સાહેબ પોતાનાં સુજ્ઞ સ્ત્રી લેડી રે, તથા પોતાના સ્ટાફના અમલદારોસહિત જૂનાગઢને રસ્તે ભાવનગર પધાર્યા. તેમની સાથે આક્ટિંગ પોલિટિકલ એજંટ કર્નલ વોડહાઉસ સાહેબ પોતાની પુત્રીસહ હતા.

પોલિટિકલ સેક્રેટરી લીવાર્નર સાહેબે સ્વામીશ્રીને કહેવાડ્યું કે "મારે વઢવાણથી મુંબઈ જવાનું હતું પણ ફક્ત આપની મુલાકાત લેવાને માટે જ હું ભાવનગર આવેલો છું." આ ઉપરથી થયલી ગોઠવણને અનુસારે લીવાર્નર સાહેબને સ્વામીશ્રીના આશ્રમમાં તેમની મુલાકાત થઈ. રા. ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક તે પ્રસંગે હાજર હતા. મહારાજાશ્રી તખ્તસિંહજીને જી. સી. એસ. આઈ. નો ખિતાબ મળ્યા બાબત તથા રેલ્વેની સમૃદ્ધ સ્થિતિ બાબત સ્વલ્પમાં વાતચીત થયા પછી લીવાર્નર સાહેબે સ્વામીશ્રીને પૂછ્યું કે "સંન્યાસનું વિધાન કરવામાં શાસ્ત્રનો શો હેતુ છે? પરમેશ્વરની જે ભક્તિ કરવાની છે તે સંન્યાસ ગ્રહણ કર્યા શિવાય ગૃહસ્થાશ્રમમાં શું થઈ શકતી નથી?" આ પ્રશ્નના ઉત્તરમાં સ્વામીશ્રીએ કહ્યું કે "ગૃહસ્થા-

શ્રમમાં રહીને પરમેશ્વરની ભક્તિ તો થઈ શકે છે, પરંતુ ગૃહસ્થદશામાં જગત્‌ના સત્યત્વની ગ્રંથિ સબલ બંધાઇ ગયલી હોવાથી જગત્‌ના મિથ્યાપણાનો નિર્ણય જેટલી સહેલાઇથી સંન્યાસદશામાં થઈ શકે છે તેટલી સહેલાઈથી ગૃહસ્થાશ્રમમાં થઈ શકતો નથી. આ કારણથી રાગદ્વેષ, કામક્રોધાદિ વિકારોનાં બીજનો નાશ થાય તે અર્થે શાસ્ત્ર સંન્યાસનું વિધાન કરે છે. અસંગ અવસ્થામાં ચિત્તની સ્થિરતા સરલ રીતે થઈ શકે છે, અને તે થતાં સર્વ સ્થાવર જંગમ પદાર્થોમાં પરબ્રહ્મના વ્યાપકપણાનો સાક્ષાત્કાર કરવાનો અધિકાર વૃત્તિને પ્રાપ્ત થાય છે. તેથી ઉચ્ચ નીચ યોનિઓમાં ભ્રમણરૂપ સંસારની નિવૃત્તિ થાય છે. આ પ્રકારના વેદાન્તસિદ્ધાન્તને અનુસરીને મેં સંન્યાસદીક્ષાનું ગ્રહણ કર્યું છે. સાંસારિક ઉપાધિઓનો હું સંસર્ગ રાખતો નથી તેથી મને અત્યંત શાંતિ તથા સુખનો અનુભવ થાય છે.” પછી લીવાર્નર સાહેબ અન્ય વિષય લઈ બોલ્યા કે “આપણે ઘણા વખત અગાઉ મુંબઇમાં મળ્યા હતા. આ પ્રસંગે ફક્ત આપને મળવાને માટે જ હું અહિં આવ્યો છું. આપે આ રાજ્યની દરેક બાબતમાં એવી નિમકહલાલીથી નોકરી કરેલી છે કે તેથી રાજ્યને ન ધારી શકાય એવો સારો નફો મળ્યો છે એમ હું મારા જાતના અનુભવથી માનું છું, અને આપને આ વખતે નિવેદન કરતાં મને ઘણી ખુશી થાય છે. વળી અહિં ભાવનગરનું બંદર મેં જોયું છે તેમાં પણ ઘણો સુધારો થયલો છે અને તેથી પ્રતિદિન વેપારમાં ઘણો વધારો થશે એમાં કંઇ પણ શક રાખવા જેવું નથી. ભાવનગર બંદરની ખાડી ઘણી જ સારી છે. કદાપિ ભારે તોફાન થાય તો પણ એ ખાડીમાં રહેલાં વહાણો અને સ્ટીમરોને કોઇ પણ પ્રકારની ધાસ્તી થવાનો સંભવ નથી.”

નામદાર ગવર્નર લોર્ડ રે સાહેબે પોલિટિકલ એજંટ વોડહાઉસ સાહેબદ્વારા સ્વામીશ્રીને મળવાનો વખત મુકરર કરાવ્યો

હતો, અને તે સાથે તેઓએ એ પ્રકારની સૂચના આપી હતી કે "મારે સ્વામીજીની સાથે કાઠિયાવાડના પ્રથમ ઇતિહાસસંબંધી કેટલીક ખાનગી વાતો કરવાની છે, તેથી પ્રથમ હું અને લેડી રે સ્ટાફસહિત સ્વામીજીને મળવાને તેમના આશ્રમ ઉપર આવીશું. સંભાષણનો પ્રસંગ સમાપ્ત થયા પછી ફક્ત સ્વામીજી, કર્નલ વોડહાઉસ તથા હું પોતે એમ ત્રણ જણા ખાનગી વાતચીતમાં રહીશું. બીજા જે ગૃહસ્થો મુલાકાત લેવા આવ્યા હોય તેમણે રજા લેવી, અને લેડી રેએ પ્રાચીનશોધસંગ્રહસ્થાન જોઇ દરબારના મોતીબાગમાં જવું." આ પ્રમાણે લોર્ડ રે સાહેબે સ્વામીશ્રીને મળવાનો વિચાર જણાવ્યો. સ્વામીશ્રીએ તે નામદારની મુલાકાત લેવા ખુશી બતાવી. રા. રા. ગૌરીશંકરના જ્યેષ્ઠ પુત્ર રા. વિજયશંકર ગાડી લઇ લોર્ડ રે સાહેબને ગૌરીશંકરવાટિકામાં પધારવા આમંત્રણ કરવા ગયા. ગવર્નર સાહેબ સ્વામીશ્રી પાસે આવવા તુરત જ તૈયાર થયા, અને રા. વિજયશંકરને પોતાની ગાડીમાં બેસવા વોડહાઉસ સાહેબદ્વારા આજ્ઞા કરી. રસ્તામાં રા. વિજયશંકર સાથે રાજ્યસંબંધી કેટલીક વાતચીત થતાં ગવર્નર સાહેબે બહુ સંતોષ બતાવ્યો હતો. સને ૧૮૮૬ ના ડિસેંબર માસની ૧૫ મી તારીખે લોર્ડ રે અને સ્વામીશ્રી સચ્ચિદાનન્દસરસ્વતી એ બે મહાપુરુષોનો પરસ્પર સમાગમ થયો. સ્વામીશ્રીએ ગવર્નર સાહેબને વ્યાવહારિક રીતિએ ઘટિત સ્વાગત કહ્યું. વાર્તાનો આરંભ કરતાં ગવર્નર સાહેબ બોલ્યા કે "આપે સંન્યાસ ગ્રહણ કરેલો છે તેથી મને મળવામાં અડચણ આવશે એવો મારા મનમાં અંદેશો રહેલો હતો. પણ તે શંકા દૂર કરી આપે મારી મુલાકાત લીધી તેથી મને અત્યંત ખુશી થઈ છે." ઉત્તરમાં સ્વામીશ્રીએ કહ્યું કે "બ્રાહ્મણે વૃદ્ધાવસ્થામાં સંન્યાસ ગ્રહણ કરવો એવી આર્યશાસ્ત્રોની આજ્ઞા છે તે પ્રમાણે મેં સંન્યાસ ગ્રહણ કર્યો છે. સાંસારિક ઉપાધિના ત્યાગને લીધે આ દશામાં પરમેશ્વરની ભક્તિ નિવૃત્તિથી કરવા હું શક્તિમાન્ થયો છું. તોપણ મહારાજા

સાહેબનું હરેક રીતે હિત ઇચ્છવું અને તેમને આશીર્વાદ આપવો તેના સંસ્કાર મારા મનમાં રહેલા છે, કારણકે દરબારની નોકરી મેં પૂર્વથી નિમકહલાલીથી કરી છે. આ કારણથી હું વખતોવખત મહારાજા સાહેબને સલાહ પણ આપ્યા કરૂં છું જેનું તેઓ માન રાખી પોતાની ખુબીમાં વધારો કરે છે એમ હું સમજું છું. કાઠિયાવાડ પ્રાંતના બીજા કોઇ પણ રાજાને નહિ મળેલો એવો જી. સી. એસ. આઇ. નો બહુ માનવંતો ચાંદ આપ નામદારના હાથથી મહારાજા સાહેબને મળ્યો એ વાતથી પણ મને અત્યંત ખુશી થાય છે." રે સાહેબે પ્રસન્ન થઇ કહ્યું કે "ભાવનગર રાજ્યના આપ નિમકહલાલ વૃદ્ધ દીવાનને મારૂં આ પહેલી વખત મળવું થાય છે તેથી મને આનંદ થાય છે. મારી પહેલાં થઈ ગયલા ગવર્નરોના લખાણુથી તથા પોલિટિકલ એજંટોના રીપોર્ટોથી આપની રાજ્યકારભાર ચલાવવાની શક્તિવિષે મારા વાંચવામાં આવ્યું છે, એટલું જ નહિ પણ કાઠિયાવાડના જૂના અનુભવી જનરલ કીટિંજ સાહેબના કહેવાથી પણ આપનામાં રહેલા ઉંચા ગુણોની મને ખાતરી થયલી છે. ભાવનગર રેલ્વેનું બીજ રોપનાર આપ છો. એ રેલ્વેથી ભાવનગર દરબારને યોગ્ય નફો મળ્યો જાય છે તે બાબતનું માન આપને જ ઘટે છે, ઉપજ વધારવાનાં સાધનો આપે યોજ્યાં તેથી જ આ રાજ્યની આટલી બધી ઉપજ આવે છે. વળી લોકોપયોગી બાંધકામોમાં પણ આપના વખતમાં પુષ્કળ રૂપિયાનો ખરચ થયલો છે. એ બધી હકીકત મેં મહારાજા સાહેબને રાજકોટમાં ચાંદ આપતી વખતે મારા ભાષણમાં જણાવેલી છે." આ પ્રમાણે વાતચીત થયા પછી નામદાર ગવર્નર સાહેબે લેડી રેની સ્વામીજીસાથે મુલાકાત કરાવી. લેડી રેએ કહ્યું કે "આપ વૃદ્ધ પ્રધાનના સંન્યાસીરૂપે દર્શન કરીને મને અત્યંત ખુશી થાય છે." પછી લેડી રે તથા બીજા સદ્‌ગૃહસ્થો રા. વિજયશંકર તથા રા. ઝવેરીલાલ યાજ્ઞિકસાથે 'પ્રાચીનશોધસંગ્રહ'ના ઓરડામાં પધાર્યા, અને

સ્વામીશ્રીસાથે ગવર્નર સાહેબ તથા પોલિટિકલ એજંટ સાહેબ જ રહ્યા. કાઠિયાવાડ પ્રાંતમાં બ્રિટિશ સરકારની સર્વોપરિ સત્તાની મર્યાદાવિષે એક કલાક સુધી ખાનગી સંભાષણ થયા પછી લોર્ડ રે સાહેબના કહેવાથી સ્વામીશ્રીએ પોતે પૂર્વાશ્રમમાં કરેલી દરબારની દીર્ઘ અને અનેકવિધ સેવાનું સંક્ષેપથી વર્ણન કર્યું. આ વાતચીતથી લોર્ડ રે સાહેબને જે અસર થઇ તે તે નામદારે પોતે "સામલદાસ કોલેજ" નું મકાન ખુલ્લું મૂકવાની ક્રિયાના પ્રસંગે પોતાના નીચેના ભાષણથી મહારાજાશ્રી તખ્તસિંહજીને નિવેદન કરી :—

લોર્ડ રે સાહેબનું ભાષણ; રા. રા. ગૌરીશંકરની પ્રશંસા.

"With your Highness' permission I paid to that distinguished administrator an official visit yesterday, thereby showing the importance attached by the British Government and its representatives to able and wise Dewans in Native States. Certainly, of all the happy moments it has been my good fortune to spend in India, those which I spent in the presence of that remarkable man remain engrafted on my memory. I was struck as much by the clearness of his intellect as by the simplicity and fairness and openness of his mind; and if we admire wise administrators, we also admire straightforward advisers—those who tell their chiefs the real truth about the condition of their country and their subjects. In seeing the man who freed this State from all encumbrances, who restored civil and criminal jurisdiction to those villages, who settled your disputes with Junagadh, who got rid of refractory Jemadars, I could not help thinking what could be done by singleness of purpose and strength of character."

"આપ નામદારની પરવાનગીથી મેં ગઈ કાલે તે પ્રસિદ્ધ કારભારીની મુલાકાત આધિકારિક રીતિથી લીધી, અને તેથી સિદ્ધ કરી આપ્યું કે બ્રિટિશ સરકાર અને તેના પ્રતિનિધિઓ દેશી રાજ્યોના સમર્થ અને પ્રાજ્ઞ દીવાનોને કેટલા મહત્ત્વના ગણે છે. ખરેખર, હિંદુસ્તાનમાં મેં જે સુખમય ક્ષણો ગાળી છે તે મધ્યે, જે ક્ષણો મેં તે વિખ્યાત પુરુષની સમક્ષ ગાળી છે તે મારી સ્મૃતિમાં આરૂઢ રહે છે. તેમના અંતઃકરણની સરલતા, ઋજુતા, અને નિષ્કપટતાથી જેટલું મને આશ્ચર્ય થયું તેટલું જ મને તેમની બુદ્ધિની નિરાવરણતાથી થયું. આપણે વિચક્ષણ કારભારીઓની પ્રશંસા કરીએ છીએ તે સાથે આપણે એકમાર્ગી ઉપદેશકોને પણ વખાણીએ છીએ, કે જેઓ પોતાના રાજાઓને તેમના દેશ અને તેમની પ્રજાની સત્ય સ્થિતિ સમજાવે છે. જે પુરુષે આ રાજ્યને કરજના સર્વ ભારથી મુક્ત કર્યું, દરબારનાં ગામો ઉપર દરબારની દીવાની અને ફોજદારી હકુમત પાછી સ્થાપી, જૂનાગઢ સાથે દરબારની તકરારોનો નીવેડો આણ્યો, અને દરબારના વિરોધી દુરાગ્રહી જમાદારોનાં ત્રાસનો અંત આણ્યો તે પુરુષને મળવાથી, પ્રયોજનનિષ્ઠા અને ચારિત્ર્યદૃઢતાથી કેટલું બધું થઈ શકે છે એ વિચાર મને આવ્યા વિના રહ્યો નહિ."

સ્વામીશ્રીસાથેનો વિશ્રંભાલાપ સમાપ્ત થયા પછી લોર્ડ રે સાહેબ પ્રાચીનશોધસંગ્રહસ્થાન જોવા પધાર્યા અને જુદી જુદી વસ્તુઓનો ઇતિહાસ સાંભળી બહુ પ્રસન્ન થયા. "વિઝિટર્સ બુક"માં તેઓ લખે છે કે –

"Having had the pleasure of a long conversation with the veteran and distinguished Ex-Dewan, I was unable to do justice to the remarkable collection of his son, but I was made fully aware of the treasures it contains and admired the learning which had inspired its collection. I trust the collection may be made

accessible to the increasing number of students of Indian Antiquities, whose gratitude will be the owner's never-failing reward."—*Lord Reay*, Governor of Bombay. 16th December 1886.

"આ રાજ્યના જ્ઞાનવૃદ્ધ અને વિખ્યાત માજી મુખ્ય પ્રધાનસાથે લાંબી વાતચીત કરવાના કારણથી તેમના પુત્ર રા. વિજયશંકરનો પ્રાચીનશોધસંગ્રહ હું યથાસંતોષ જોઇ શકયો નહિ. પરંતુ એ સંગ્રહસ્થાનમાંની કીમતી ચીજોવિષે હું આગળથી સંપૂર્ણ રીતે વાકેફ થયલો હતો, અને જે વિદ્વત્તાને લીધે રા. વિજયશંકર આવો સંગ્રહ કરવા પ્રેરાયલા છે તેની હું પ્રશંસા કરૂં છું. હિંદુસ્તાનના પ્રાચીન શોધોના વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યા માટે એ સંગ્રહ ખુલ્લો મૂકવામાં આવશે એવી હું આશા રાખું છું, અને તેઓ જે આભાર માનશે તે આ સંગ્રહસ્થાનના માલીકને અમોઘ સંતોષજનક થશે."

એ જ પુસ્તકમાં લેડી રે પણ લખે છે કે—

"I have seen the valuable collection of Antiquities with the greatest interest, and I shall now read the books kindly given me, describing the contents of the museum—all more or less memoranda of the history of Kathiawad, of its races, its princes, its geology, especially of Bhavnagar."—*Lady Reay*. 16th December 1886.

લેડી રે.

"મેં ઘણા જ આનંદપૂર્વક આ કીમતી પ્રાચીનશોધસંગ્રહ જોયો છે, અને હવે પછી, આ સંગ્રહસ્થાનમાંની ચીજોનું વર્ણન કરનાર તથા કાઠિયાવાડ પ્રાંત, તેની પ્રજાઓ, રાજાઓના વંશ, તથા ભૂતલસ્થિતિ, અને મુખ્યત્વે કરીને ભાવનગરની ભૂતલસ્થિતિનું ન્યૂનાધિક વર્ણન કરનાર પુસ્તકો જે મને સ્નેહપૂર્વક આપવામાં આવ્યાં છે તે હું વાંચીશ."

જનરલ કીટિંજ સાહેબની મુલાકાત.

જનરલ કીટિંજ સાહેબ જેઓ સને ૧૮૬૩ થી ૧૮૬૭ સુધી કાઠિયાવાડના પોલિટિકલ એજંટના અધિકાર ઉપર હતા, અને જેમની સાથે સ્વામીશ્રીને પૂર્વાશ્રમમાં ગાઢ મૈત્રીસંબંધ બંધાયો હતો તેઓ નોકરીથી નિવૃત્તિ થઇ સ્વદેશ વિલાયતમાં નિવૃત્તિ ભોગવતા હતા. ત્યાં તેમની નીમણુક બી. બી. એન્ડ. સી. આઇ. રેલ્વે કંપનીના બોર્ડ ઓફ્ ડિરેક્ટર્સના સભાસદ્તરીકે થઇ. આ અધિકારને અંગે સને ૧૮૮૬ માં તેઓ પોતાનાં સ્ત્રીસાથે કાઠિયાવાડ પધાર્યા હતા. કાઠિયાવાડ પ્રાંતના સર્વ રાજાઓએ રાજકોટમાં એકત્ર થઈ ગવર્નર લોર્ડ રે સાહેબસાથે તેમને યોગ્ય સંમાન આપ્યું, અને કીટિંજ સાહેબે પણ તેમને કેટલાંક હિતકર વચનો કહ્યાં. લોર્ડ રે સાહેબ ભાવનગર પધાર્યા તે સમયે જનરલ કીટિંજ પણ તેમની સાથે હતા. આગળથી નિર્ણીત કરેલા સમયે તેઓ સાહેબનું તથા તેમનાં સ્ત્રીનું સ્વામીજીની મુલાકાત લેવા માટે તેમના આશ્રમે આવવું થયું. સ્વામીજીને જોઇને કીટિંજ સાહેબનાં નેત્રમાંથી હર્ષાશ્રુ ખર્યા, અને સંન્યાસગ્રહણથી કઠિન થયલું સ્વામીજીનું અંતઃકરણ પણ પોતાના પૂર્વાશ્રમના પ્રિય મિત્રને વીશ વર્ષના અંતર પછી મળવાથી દ્રવીભાવને પામ્યા વિના રહ્યું નહિ. કીટિંજ સાહેબે કહ્યું કે "રા. વિજયશંકરે પોલિટિકલ એજંટ કર્નલ વોડહાઉસની મારફતે મને અહિં આવવા આમંત્રણ કર્યું હતું પણ કદાપિ આવું આમંત્રણ આપ્યું ન હોત તોપણ આપસમાન જૂના દોસ્તને મળવા ખાતર હું અહિં ભાવનગર આવ્યા વિના રહેત નહિ. આપણે વીશ વર્ષની મુદતે પરસ્પર મળીએ છીએ તેથી પ્રભુનો ઉપકાર માનવો જોઇએ. આપને પૂર્વે ગૃહસ્થાશ્રમમાં મેં જોયલા અને હાલ સંન્યાસાવસ્થામાં જોઉં છું તેથી પણ મને આશ્ચર્યની સાથે ઘણો આનંદ થાય છે. પ્રામાણિકપણાથી અને શુદ્ધ બુદ્ધિથી રાજ્યકારભાર કરવાની આપની રીતિનો મને પૂરો અનુભવ છે. તેનો દાખલો હિંદુસ્તાનનાં મુખ્ય મુખ્ય રાજ્યસ્થાનોના કાર-

ભારીઓએ લેવા લાયક છે એ પણ હું સારી પેઠે જાણું છું. જે જે રાજ્યકર્ત્તાઓને તથા તેમના કારભારીઓને હું મળેલો છું તેમને આપની પદ્ધતિપ્રમાણે રાજ્ય ચલાવવાની હું ભલામણ કરતો આવ્યો છું." પછી કીટિંજ સાહેબના કહેવાથી સ્વામીશ્રીએ રેલ્વે, સડકો, એજન્સીની કાર્યપદ્ધતિ, ગરાસીઆપ્રકરણ, રાજકુમાર કોલેજ, ભાવનગર રાજ્યની સારી વ્યવસ્થા, મહારાજા સર તખ્તસિંહજીની રાજ્ય ચલાવવાની સુરીતિ, પર્સિવલ સાહેબની ઉત્તમ કારકીર્દી—ઇત્યાદિ વ્યતીત પ્રસંગો તેમને કહી સંભળાવ્યા. તે સાંભળીને કીટિંજ સાહેબે કહ્યું કે " આપનાથી આ કાઠિયાવાડ પ્રાંતની જૂની હકીકતો સાંભળવાથી આ પ્રાંતનો જૂનો થઇ ગયલો અનુભવ મારા અંતઃકરણમાં પાછો તાજો થાય છે. હરેક રીતે રાજાઓનું સારૂં થાય, તેઓના રાજ્યમાં જમાનાને અનુસરતા ધારાઓ દાખલ થાય અને તેમની સર્વ રૈયત સુખમાં રહે એ જોવાને હું બહુ આતુર છું. ઇંગ્લંડમાં નામદાર બ્રિટિશ સરકારના જે જે મુખ્ય અમલદારોસાથે મારે મળવું થાય છે તેમના ઉપર હું કાઠિયાવાડના રાજાઓની સ્વતંત્રતાની છાપ પાડું છું, અને આપના નામની ઓળખાણ પાડી આપની રાજ્યકામકાજ ચલાવવાની રીતિનાં હું વખતોવખત તેમનાં આગળ વખાણ કરૂં છું. આપની ખ્યાતિ ઇંગ્લંડના મુખ્ય મુખ્ય અધિકારીઓમાં પ્રસરેલી છે એ જણાવવાને પણ મને બહુ ખુશી થાય છે. પરમેશ્વર પાસે મારી એવી પ્રાર્થના છે કે આપ લાંબી જીંદગી ભોગવી આપની અમૂલ્ય સલાહનો લાભ રાજસ્થાનોને આપતા રહો. આપ ગામની નજીકના વાડીના બંગલાવાળા મકાનમાં રહો છો એ વાત હું પસંદ કરતો નથી. આપની વૃદ્ધાવસ્થામાં વિશ્રાંતિ લેવાને માટે એક નાનો બગીચો સુંદર વૃક્ષો તથા સુગંધિ પુષ્પોવાળો હોવો જોઇએ, તેની વચમાં યોગ્ય પ્રમાણનો જુદા જુદા ઓરડાવાળો બંગલો હોવો જોઇએ. એ ફુલઝાડની હવાથી આપની તંદુરસ્તી ઘણી સારી રીતે જાળવાઇ રહેશે, અને એ લીલા દેખાવવાળા

બગીચા ઉપર આપની દૃષ્ટિ પડવાથી આપના અંતઃકરણમાં આનંદનું ભાન થયા વિના રહેશે નહિ. માટે અવશ્ય આપને તે પ્રમાણે રહેવાની હું ભલામણ કરૂં છું." આ સ્નેહમય ભાષણના ઉત્તરમાં સ્વામીશ્રીએ કહ્યું કે "આપની સલાહ પસંદ કરવા લાયક છે, અને તે સંબંધી ગોઠવણ આગળ ઉપર અનુકૂલતાપ્રમાણે થઇ રહેશે." પછી સ્વામીશ્રીના આહ્નિકની દરેક ઝીણી હકીકત અત્યંત પ્રેમમય જિજ્ઞાસાથી પૂછી લઇ કીટિંજ સાહેબ પ્રાચીન શોધસંગ્રહસ્થાનમાં ગયા, અને "વિઝિટર્સ બુક"માં તેઓએ નીચે પ્રમાણે પોતાનો અભિપ્રાય જણાવ્યો:—

"I have seen the museum with great pleasure, but I have not been able to give my attention to it as I should have desired, as my thoughts have been full of my old friend Mr. Gowrishankar, and of how he is to spend his days of retirement. I am not satisfied to see him living in a room. He ought to live in a garden with one or two rooms attached. In the room nothing grows; there is no object to love. If he transfers himself to a garden he cannot but watch the plants, and in their growth and their youth forget his own age. I could not live in a palace, but I sometimes think that I could be happy even if shut up in a very small garden, and a large one would soon become a world full of life and death and all the changes incidental to growth and necessary to happiness and forgetfulness of self."—*R. H. Keatinge.* 18th December 1886.

"આ સંગ્રહસ્થાન જોઇ હું ઘણો જ ખુશી થયો છું, પણ મારી ઇચ્છાપ્રમાણે હું તેના ઉપર ધ્યાન આપી શક્યો નથી, કારણકે મારા સઘળા વિચાર મારા જૂના મિત્ર રા. ગૌરીશંકર તરફ દોડ્યા કરે છે, અને મને એમ થાય છે કે એઓ પોતાના નિવૃત્તિના દિવસો કેવી રીતે ગાળી શકશે. તેઓ એક ઓરડીમાં

રહે છે એ જોઈને મને સંતોષ થતો નથી. એક બે ઓરડાવાળા બગીચામાં તેઓએ રહેવું જોઇએ. તેમની ઓરડીમાં એક છોડ ઉગેલો નથી. તેમની પ્રીતિનું આકર્ષણ કરનાર ત્યાં કાંઇ પણ નથી. જો તેઓ પોતાનું સ્થાન બદલી બગીચામાં રહેવાનું રાખે તો છોડવાઓને બારીકીથી તપાસ્યાવિના, અને તેમના વિકાસમાં પોતાની વૃદ્ધાવસ્થા ભૂલી ગયાવિના રહે જ નહિ. હું તો મહેલમાં કદિ રહી ન શકું, પણ મને વખતે વિચાર આવે છે કે એક નાના સરખા બગીચામાં મને પૂરવામાં આવે તો ત્યાં હું સુખેથી રહી શકું. મોટો બગીચો તો જન્મ, મરણ અને વૃદ્ધિના વ્યતિકરોને લીધે એક જગતરૂપ જ થઇ રહે, અને તેથી પોતાની જાતનું સુખદ વિસ્મરણ થયા વિના રહે નહિ."

શાહજાદા પ્રિન્સ આલ્બર્ટ વિકટરની મુલાકાત.

નામદાર કૈસરેહિંદ મહારાણી સાહેબના પૌત્ર શાહજાદા પ્રિન્સ આલ્બર્ટ વિકટર હિંદુસ્તાનનો પ્રવાસ કરવા અર્થે સને ૧૮૯૦ ના ફેબ્રુઆરી માસમાં મુંબઇ પધાર્યા તે સમયે તેમની સાથે રજપુતાનાના ગવર્નર જનરલના માજી એજંટ સર એડ્વર્ડ બેડ્ફર્ડ સાહેબ, જેઓ હાલ લંડનમાં પોલીસ કમિશનરની જગાએ છે, તેઓ હતા. નામદાર શાહજાદાનો કાઠિયાવાડ પ્રાંતમાં પ્રવાસક્રમ મુંબઇમાં નક્કી કરતી વખતે લોર્ડ રે તથા લેડી રેએ બેડ્ફર્ડ સાહેબને કહ્યું કે "જ્યારે મેહેરબાન પ્રિન્સ આલ્બર્ટ વિકટર સાહેબનું ભાવનગરમાં પધારવું થાય ત્યારે ત્યાંના વૃદ્ધ દિવાન મિ. ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ., કે જેઓએ હાલમાં સંન્યાસ ગ્રહણ કરેલો છે તેમની મુલાકાત તેમના આશ્રમ ઉપર જઇને અવશ્ય કરવા લાયક છે એવી અમે ભલામણ કરીએ છીએ. તેઓ વૃદ્ધ દિવાનની મુલાકાત થયાથી નામદાર પ્રિન્સ સાહેબને કાઠિયાવાડના રાજ્યસ્થાનોસંબંધી સારી માહિતી મળી શકશે." આના જવાબમાં બેડ્ફર્ડ સાહેબે કહ્યું કે "અમે હિંદુસ્તાન આવવા અર્થે જ્યારે ઇંગ્લંડ છોડ્યું ત્યારે સ્ટેટ

સેક્રેટરીની ઓફીસવાળા સર જ્યોર્જ બર્ડવુડે અમને ભાવનગરના વૃદ્ધ દિવાનની મુલાકાત લેવાને ભલામણ કરી હતી; અને આપ પણ તે જ પ્રમાણે કરો છો તેથી તે વાત હું પસંદ કરૂં છું. સ્વામીજીની મુલાકાતને પ્રવાસક્રમમાં દાખલ કરવામાં આવશે.” આક્ટિંગ પોલિટિકલ એજંટ લેલી સાહેબમારફત મહારાજાશ્રી તખ્તસિંહજીને આ પ્રસંગની ખબર થતાં તેમણે એ સમાચાર સ્વામીશ્રીના કુટુંબીઓને આપ્યા તે ઉપરથી શાહજાદા આલ્બર્ટ વિકટર સાહેબના યોગ્ય સત્કારમાટે તૈયારી કરવામાં આવી. તા. ૯ માર્ચ ૧૮૯૦ ના દિવસે તેઓ નામદાર વઢવાણથી સ્પેશિયલ ટ્રેનમાં ભાવનગર પધાર્યા. તેમને લેવા માટે નામદાર મહારાજા સર તખ્તસિંહજી વઢવાણ સુધી સામા ગયા હતા. ભાવનગર સ્ટેશને તેમને માન આપવા સારૂ દરબારી સર્વ અમલદારો હાજર થયા હતા. રા. ગૌરીશંકરના જ્યેષ્ઠ પુત્ર રા. વિજયશંકર, જેઓ તે વખતે નાયબ દીવાનનું કામ કરતા હતા, તેમને બેડફર્ડ સાહેબસાથે ગાડીમાં બેસવા ગોઠવણ થઈ હતી. સ્વામીશ્રીની મુલાકાત લેવા બાબત લૉર્ડ રે સાહેબે તથા સર જ્યોર્જ બર્ડવુડ સાહેબે કરેલી ભલામણની વાત બેડફર્ડ સાહેબે તેમને આ પ્રસંગે કહી હતી.

તા. ૧૦ માર્ચ ૧૮૯૦ ને દિવસે સવારમાં પ્રિન્સ વિકટર સાહેબ સ્વામીશ્રીના આશ્રમ ઉપર પધાર્યા. તે સમયે સ્વામીશ્રીના પૂર્વાશ્રમની પૌત્રીઓ, કે જેઓ બાલ્યાવસ્થાનો નિર્દોષ આનંદ ભોગવતી હતી, તેઓએ સોનારૂપાનાં પુષ્પથી તથા સાચા મોતીથી પ્રિન્સ સાહેબને વધાવી લીધા. તેમના આસનાર્થ સોનેરી કિનખાબની ગાદીવાળો સુંદર કોચ તૈયાર રાખવામાં આવ્યો હતો. ગોહિલવાડ પ્રાંતના આસિસ્ટંટ પોલિટિકલ એજંટ ફેરિસ સાહેબ તે વખતે હાજર હતા, તેઓ દ્વિભાષીનું કામ કરતા હતા. પોતાને માટે રચેલા આસન ઉપર વિરાજ્યા પછી પ્રિન્સ સાહેબે સ્વામીજીને મળવાથી પોતાને થયલો આનંદ દર્શાવ્યો. ત્યાર પછી

સ્વામીજીની સેવામાં રહેનાર વિદ્વાન્ કવિ ભવાનીશંકર નરોત્તમ દ્વિવેદીએ સ્વામીજીની સૂચનાનુસાર લખેલી નીચેની ગુજરાતી કવિતા મધુર કંઠથી ગાઈ સંભળાવી :—

"પદ (રાગ ઠુમરી).

શ્રીમન્ વિકટર! રહો સુખી સદાય.
શાહજાદા આલ્બર્ટ બહાદૂર! શ્રીમન્.
પ્રિય મહારાણીજીના પૌત્ર પધાર્યે,
આખું હિંદ પ્રહર્ષે ઉભરાય --શાહજાદા.
ભારતભૂમિ બહુ શુભ ભાગ્યશાલી,
ભાવે ભેટ્યા ભવિષ્યના સ્વરાય—શાહજાદા.
ધન્ય ઘડી, ધન્ય ભાવનગર નૃપ,
ધન્ય ધન્ય સર્વે મળી સુહાય—શાહજાદા.
ઈશ ચિરાયુ સત્-ચિત્-સુખ આપો,
કષ્ટો ટાળી, કરો કૃપા સહાય—શાહજાદા."

આ કવિતાનો ઇંગ્રેજીમાં સાર ફ્રેરિસ સાહેબે પ્રિન્સ વિકટર સાહેબને કહી બતાવ્યો, તેમ જ એ આશીર્વાદાત્મક પદ્યનું સુશોભિત પત્ર પણ તે નામદારને અર્પણ કરવામાં આવ્યું.

સ્વામીજીએ પ્રિન્સ સાહેબને કહ્યું કે "આપ કે જે હિંદુસ્તાનના ભવિષ્યમાં બાદશાહ થવાના છો તેમણે આ આશ્રમ-ઉપર પધારવાનો શ્રમ લીધો તેથી મારા પૂર્વાશ્રમના કુટુંબીઓ બહુ ઉપકૃત થયા છે અને તેમને અત્યંત આનંદની પ્રાપ્તિ થઈ છે" એમ કહી સ્વામીજીએ પ્રિન્સ સાહેબને પોતાના પૂર્વાશ્રમના પુત્રો, પૌત્રો, તથા પૌત્રીઓને પૃથક્ પૃથક્ મેળવ્યાં, તેથી વિકટર સાહેબ બહુ પ્રસન્ન થયા.

ત્યાર પછી સ્વામીજીએ કહ્યું કે "હવે હું ટુંકામાં એક હકીકત આપવાને જાહેર કરવા માગું છું. તે એ છે કે આગળ

હિંદુસ્તાનમાં મુસલમાન બાદશાહો થઇ ગયા અને મરેઠાઓએ પણ આ દેશ ઉપર પોતાની સત્તા જમાવી હતી. પરંતુ વસતિ ઉપર તેમનો એટલો તો જુલમ હતો કે તેની તવારીખો વાંચવાથી કમકમાટ ઉત્પન્ન થાય છે, અને તેનો થોડો અનુભવ મને મારી જાતે પણ થયલો છે. તેમની જગોએ નામદાર કૈસરેહિંદ મહારાણી સાહેબના અમલનું હિંદુસ્તાનમાં સ્થાપન થવાથી તમામ વસતિને એટલી તો સુખશાંતિ મળેલી છે કે 'રાજ્યનો જુલમ' એ શબ્દ કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો છે! પોતપોતાના પ્યારા ધર્મપ્રમાણે વર્તવામાં વસતિને કશી રીતની અડચણ પડતી નથી, અને ઈશ્વરે બક્ષેલા મનુષ્યનીતિના સ્વતંત્ર હકો સર્વ સુખશાંતિથી ભોગવે છે, એટલું જ નહિ પણ રાજાથી તે ગરીબ સ્થિતિના માણસને એક સરખી રીતે ઇનસાફ મળે છે. તેથી સર્વ પ્રજાજનો નામદાર મહારાણી સરકારને આશીર્વાદ આપ્યા જાય છે એ અત્યંત ખુશી થવા જેવું છે. એ મારી કહેલી હકીકત આપ નામદાર મહારાણી સરકારને વિદિત કરશો.

"હિંદુસ્તાનમાં જ્યારથી નામદાર બ્રિટિશ સરકારના રાજ્યના સ્થાપના થઇ ત્યારથી તેમની સાથે ભાવનગરના રાજ્યકર્તાઓને દોસ્તીનો સંબંધ ચાલ્યો આવે છે. દરિયામાં લૂંટ કરનાર જે ચાંચિયા લોકોનાં વહાણો ફરતાં તેનો પરાજય ભાવનગર દરબારશ્રીએ કરેલો છે. આથી દરિયારસ્તે ચાલતા વેપારમાં થતી અડચણો દૂર થતાં નામદાર મુંબઇ સરકારે ભાવનગર દરબારે એ સંબંધી આપેલી મદદનો આભાર માની ઘણી ખુશી જણાવેલી છે. આ પ્રમાણે શરૂઆતથી તે હાલ સુધી ભાવનગર દરબાર નામદાર બ્રિટિશ સરકારના પૂરા વફાદાર છે, તેના સર્વ દાખલા સરકારી દફતરોમાં મોજુદ છે. એવા વફાદાર ભાવનગરના રાજ્યમાં આપે પધારી નામદાર મહારાજા સાહેબને જે માન આપ્યું છે તેથી પણ મને અત્યંત ખુશી થાય છે."

સ્વામીજી આ હકીકત જાહેર કરતા હતા તે વખતે બેડ્‌ફર્ડ સાહેબે પ્રિન્સ સાહેબને એવો ઇસારો કર્યો કે "આપે આ બાબત ઉપર પૂર્ણ લક્ષ આપી તેને યાદ રાખવાની છે." આ ઉપરથી સ્વામીજીએ કહેલો સર્વ વૃતાન્ત પ્રિન્સ સાહેબે અત્યંત કાળજીથી સાંભળ્યો અને તેના જવાબમાં છેવટે કહ્યું કે "આપ વૃદ્ધ દિવાનની હકીકત સાંભળવાથી મને બહુ ખુશી થાય છે, અને એ હકીકત હું જ્યારે ઇંગ્લંડ જઇશ ત્યારે નામદાર મહારાણી સાહેબને જરૂર જાહેર કરીશ."

ત્યાર પછી જૂના શોધનું સંગ્રહસ્થાન અવલોકવા અર્થે નામદાર પ્રિન્સ સાહેબે સ્થાનાંતર કર્યું, અને ત્યાં ગોઠવેલી દરેક ચીજને લક્ષપૂર્વક જોઈ તેના જૂના ઇતિહાસથી વાકેફ થઈ બહુ પ્રસન્નતા દર્શાવી. "વિઝિટર્સ બુક" તેમની સહીથી અલંકૃત થયલી છે.

બેડ્‌ફર્ડ સાહેબ, કે જેઓ હિંદુસ્તાની ભાષા ઘણી સારી રીતે જાણતા હતા, તેઓએ કાઠિયાવાડના જૂના ઇતિહાસસંબંધે સ્વામીશ્રીસાથે સંભાષણને અંતે કહ્યું કે "આપના અંતઃકરણમાં એક તવારીખતરીકે આ બધી હકીકતો સમાયલી છે. આટલી વૃદ્ધાવસ્થામાં આપની આવી યાદગીરી જોઇને મને ઘણું આશ્ચર્ય થાય છે. હું પ્રથમ હિંદુસ્તાનમાં રહી ગયો હતો તે વખતના મારા વિચારો હાલ આપની સાથે વાતચીત કરવાથી તાજા થાય છે. અને હું પરમેશ્વર પાસે એટલું માગું છું કે આપ લાંબી જીંદગી ભોગવો, અને હવે પછીના ઉછરતા જુવાનોને આપની યાદગારીનો લાભ હમેશાં આપતા જાઓ."

છેવટે પ્રિન્સ સાહેબને યથોચિત સંમાનપૂર્વક વિદાય કરવામાં આવ્યા. જતી વખતે તે નામદારે સ્વામીશ્રીને કહ્યું કે "આપનો ફોટોગ્રાફ ગૃહસ્થાશ્રમ અને સંન્યાસી અવસ્થાનો મને જરૂર મોકલાવશો." તે ઉપરથી સ્વામીશ્રીની ઉભય અવ-

સ્થાની છબિઓ તથા તેમનું ઇંગ્રેજીમાં લખાયલું ચરિત (સ્કેચ) પ્રિન્સ સાહેબને અર્પણ કરવામાં આવ્યાં હતા.

પ્રિન્સ સાહેબના વિદાય થયા પછી ફેરિસ સાહેબે સ્વામીશ્રીને નીચે પ્રમાણે વિનોદવાર્તા કહી. આક્ટિંગ પોલિટિકલ એજન્ટ લેલી સાહેબની તબીયત દુરસ્ત નહિ હોવાથી નામદાર પ્રિન્સ સાહેબને આપની મુલાકાત કરાવવા માટે હું અહિં આવેલો હતો. તે પહેલાં પાનવાડીના બંગલામાં નામદાર પ્રિન્સ સાહેબે મને મળીને એમ કહ્યું કે 'મેં તમને કોઇ જગ્યોએ જોયલા છે એમ મને સાંભરે છે.' તેના જવાબમાં મેં ઘણી નમ્રતાપૂર્વક કહ્યું કે 'ઇંગ્લંડની કોલેજમાં આપ અને હું સાથે જ ભણતા, અને મેં પોતે આપને કેટલોક વિદ્યાભ્યાસ કરાવેલો છે, તથા આપની સાથે રમતોમાં પણ હું સામેલ થયલો છું તે આપ ભૂલી નહિ ગયા હો.' એવું કહ્યાથી તુરત જ નામદાર પ્રિન્સ સાહેબને યાદ આવ્યું અને તેઓએ કહ્યું કે 'તમે મિ. ફેરિસ તો નહિ?' આના જવાબમાં મેં હા કહ્યાથી પ્રિન્સ સાહેબ મને મળીને બહુ જ રાજી થયા, અને મારી નોકરીની બધી હકીકત તેઓએ મને પૂછી."*

જ્ઞાતિસંસ્થાસંબંધે સ્વામીશ્રીના અભિપ્રાય.

પરિપકવ અનુભવ તથા દીર્ઘદૃષ્ટિવાળા સ્વામીશ્રીની અમૂલ્ય સલાહ એકલા રાજદ્વારી વિષયોસંબંધે જ લેવામાં આવતી હતી એમ ન હતું. સાંસારિક બાબતોવિષે પણ તેમના અભિપ્રાય પ્રસંગોપાત્ત પૂછવામાં આવતા. જ્ઞાતિના બંધારણવિષે, તથા તેમાં કરવા યોગ્ય સુધારાઓવિષે તેમના વ્યવહારોપયોગી વિચાર નીચે પ્રમાણે હતા :—

"આ વિષય ઘણો જ હિતકારી છે અને તે ઉપર કસાયલી કલમથી સરસ વિવેચન થવાની જરૂર છે. એ બંધારણથી

*સને ૧૮૯૨માં પ્રિન્સ આલ્બર્ટ વિક્ટરના અકાલ મરણથી નામદાર મહારાણી વિક્ટોરિયાના રાજ્યમાં સર્વત્ર તીવ્ર ખેદ પ્રસર્યો.

જેટલા જેટલા ફાયદા છે, અને તેની વિરુદ્ધ ચાલવાથી જેટલા ગેરફાયદા છે તેટલા બધા લોકોના જાણવામાં આવે તો હિંદુ પ્રજાનું થોડું શ્રેય થાય નહિ. અન્ન, વસ્ત્ર અને આબરૂ મેળવવાના કદી જુદા ઉપાય હશે, પરંતુ તે જાળવવા પાછળ પણ આખી દુનિયા લાગેલી છે. તે જો જ્ઞાતિબંધારણથી ઉલટા ચાલી જાળવવા પુરુષ વિચાર કરે તો જે જે પ્રયત્નો તે કરશે તે સઘળા આડે માર્ગે કરેલા કહેવાશે, અને પરિણામે જાળવવાને બદલે એ ત્રણે વસ્તુ ખોવાનો વખત આવશે. માટે મારો ખાસ એવો મત છે કે જેમ બને તેમ જ્ઞાતિનાં સારાં બંધારણ બાધવાં, અને તેને સર્વ પ્રકારે માન આપી દરેક હિંદુ ભાઇએ વર્તવું. પણ તે બંધારણ બાંધનારે નાના મોટા તેમ જ ગરીબ અને શ્રીમંત સર્વની સગવડ ઉપર બરાબર લક્ષ આપવું જોઇએ. દરેક જ્ઞાતિના મુખ્ય નિયમો તો એક સરખા જ હોવા જોઇએ, અને તેથી મારા અભિપ્રાયમાં નીચે પ્રમાણે ગોઠવણ થવી દુરસ્ત લાગે છે :—

૧. દરેક જ્ઞાતિમાં ઓછામાં ઓછા ચાર અને વધારેમાં વધારે આઠ સુધી ગૃહસ્થોને અધ્યક્ષ નીમવા. તેઓ સત્યવાદી, સમદૃષ્ટિવાળા, ધર્મમાં ચુસ્ત, નિર્લોભ તથા વ્યાવહારિક પક્વ અનુભવવાળા હોવા જોઇએ. તે દરેકની ઉમર ઓછામાં ઓછી પાંત્રીશ વર્ષની હોવી જોઇએ.

૨. તેઓએ જ્ઞાતિસંબંધી હરેક તકરારનો વ્યાજબી રાહે નિકાલ કરવો.

૩. પોતાની જ્ઞાતિમાં ધર્મ બરાબર પ્રવર્તે એવી યોજના તેઓએ કરવી.

૪. ધર્મનો માર્ગ જેમણે ત્યાગ કર્યો હોય તેમને, દંડ લઇને કે સમજાવીને, પાછા ધર્મને માર્ગે ચઢાવવા.

૫. એક શાસ્ત્રી અઠવાડિયામાં એક વાર અનુકૂલ સમયે સર્વ જ્ઞાતિબંધુઓસમક્ષ નીતિ તથા ધર્મના વિષયઉપર વ્યાખ્યાન આપે એવી વ્યવસ્થા કરવી.

૬. દરેક જ્ઞાતિમાં નાણાનું ભંડોળ કરવું, અને તે વધારવા પાછળ અધ્યક્ષોએ ખંત રાખવી. તેમાંથી કાંઇ ખરચ કરવો યોગ્ય લાગે તો જેટલા અધ્યક્ષો હોય તેના બે તૃતીયાંશ ભાગનો મત થાય તો જ કરવો.

૭. નાણાંસંબંધી સ્થિતિ ઉપર વિચાર રાખી ન્યાતખાતે એક મકાન લઈ તેમાં જ્ઞાતિના ઇષ્ટ દેવની મૂર્તિ પધરાવવી. આ મકાનમાં જમવા જમાડવા તથા ઉતારા આપવા વગેરેની વ્યવસ્થા કરવી જોઇએ.

૮. વિવાહ તથા ઉત્તરકાર્ય વગેરે પ્રસંગોમાં ઉડાઉપણે કોઇ જ્ઞાતિભાઈ ખરચ ન કરે તેવી દેખરેખ અધ્યક્ષોએ રાખવી.

૯. અધ્યક્ષોએ વિવાહસંબંધી ખરચ, સ્ત્રીને અપાતું પલ્લું, તથા ઉત્તરકાર્યને લગતા ખરચ બાબતના નિયમો કરવા, અને તે નિયમો ભંગ કરનારને દંડ કરવો.

૧૦. સ્થાવર જંગમ મિલકત તથા સ્ત્રીવગેરેને લગતા જ્ઞાતિના અંદર અંદરના દીવાની અને ફોજદારી કજીયા જ્ઞાતિના અધ્યક્ષપાસે નીકાલ થવા આવે અને સરકારદરબારે સ્થાપેલી કોર્ટમાં જાય નહિ તેમ બનતા સુધી કરવા જ્ઞાતિભાઇઓને સમજુત આપવી. કોર્ટે જતાં પૈસા તથા પ્રતિષ્ઠાની કેટલી હાનિ થાય છે તે તેમને સારી રીતે જણાવવું. પરંતુ અધ્યક્ષોએ તેમને વ્યાજબી ન્યાય આપવો. ગેરવ્યાજબી ન્યાય મળ્યેથી જ્ઞાતિબંધુઓ અધ્યક્ષોપાસેથી ન્યાય મેળવવા ખુશી રહેશે નહિ.

૧૧. કોઇ ગુંચવાડા ભરેલી મોટી તકરાર આવી પડે તો સર્વ જ્ઞાતિભાઇઓને એકઠા કરી તેમના મત લેવા, અને સામટા મતે તે બાબતનો નિકાલ કરવો.

૧૨. જ્ઞાતિબંધુઓની કેળવણી ઉપર પૂરતું ધ્યાન આપવું, અને તે દિવસે દિવસે વૃદ્ધિ પામે એવાં સાધનો યોજવાં. અધ્યક્ષોએ ખુબ ધ્યાનમાં રાખવું જોઇએ કે જેમ કેળવણી વૃદ્ધિ પામે તેમ તેનાં ફળ મીઠાં છે.”

પ્રકરણ ૧૬.

વિદેહમુક્તિ તથા ઉપસંહાર.

વિદેહમુક્તિ—દરબારી જાહેરનામું—અનુશોચનના તારો તથા પત્રો—રા. રા. ગૌરીશંકરે મૂકેલો અમૂલ્ય સદ્‌ગુણસંપત્તિનો વારસો.

વિદેહમુક્તિ.

વિવેકચૂડામણિમાં શ્રીશંકર ભગવાનના વચનપ્રમાણે મનુષ્યજાતિમાં જન્મ, પુરુષત્વ, વિપ્રત્વ, વૈદિકધર્મપાલન, વિદ્વત્તા, આત્માનાત્મવિવેક, અને સ્વરૂપસાક્ષાત્કારયોગ્ય ચતુર્થાશ્રમમાં સ્થિતિ—એ દુર્લભ વરોને પામેલા મહાભાગ સ્વામી શ્રીસચ્ચિદાનન્દસરસ્વતીએ સં. ૧૯૪૮ માર્ગશીર્ષ સુદિ ૧ અને મંગલવાર તારીખ ૧ ડીસેમ્બર સને ૧૮૯૧ને દિવસે ૮૬ વર્ષની વયે પોતાના ધ્યેય અપરિચ્છિન્ન સનાતન બ્રહ્મતત્ત્વમાં વૃત્તિવૃંદને લીન કરી અનાત્મ પરિચ્છિન્ન અને નશ્વર સ્થૂલ દેહોપાધિનો શાંતિપૂર્વક ત્યાગ કર્યો. એ મહાપુરુષની વિદેહમુક્તિના સમાચાર ભાવનગરમાં તેમ જ ઇતર સ્થલોમાં વિદ્યુદ્વેગે પ્રસરી સર્વત્ર તીવ્રશોકજનક થયા. તેમની ઉપકારસંતતિના વિપુલ ભારને ઉત્તમાંગે વહન કરનાર ભાવનગરના પ્રજાજનો સહસ્રશઃ તેમની સમાધિસ્થિતિનાં દર્શન કરી પોતાનાં અંતઃકરણને પાવન કરવા અર્થે તેમના આશ્રમમાં આવ્યા. વિદેહમુક્ત સ્વામીશ્રીની શાંત અને તેજસ્વી મુખમુદ્રાઉપર પોતાની દૃષ્ટિ સ્થાપવામાં પુરુષો અને સ્ત્રીઓવચ્ચે તથા વૃદ્ધો અને બાલકોવચ્ચે તે સમયે શુભ સ્પર્ધા ચાલી રહી. નારાયણના પુણ્યનાદપુરઃસર, અસંખ્યાત જનોથી પરિવેષ્ટિત સ્વામીશ્રીના અચેતન પણ ધન્ય શરીરને નગરના મુખ્ય મુખ્ય ભાગોમાં સંમાનાર્થ ફેરવ્યા પછી તેના ઉપર તેમના આશ્રમમાં સંન્યાસદશાને ઉચિત સંસ્કાર કરવામાં



A VIEW OF THE FUNERAL PROCESSION.

પૂજ્ય સ્વામી શ્રીસચ્ચિદાનંદ સરસ્વતીજી વિદેહ થયા પછી સમાધિસ્થ કરવા
તેમને લઈ જવામાં આવ્યા તે સમયે રસ્તે થયલો મેળાવડો.

આવ્યા. તેમના પ્રતાપી નામને દીપાવનાર તેમના યોગ્ય પુત્ર રા. વિજયશંકર તથા રા. પ્રભાશંકરે આ સમયે વિત્તને તૃણવત્ તુચ્છ ગણી પોતાનો ઉદારભાવ પ્રજાજનોમાં પરિસ્ફુટ કર્યો.

દરબારી જાહેરનામું.

ભાવનગર રાજ્યની સમૃદ્ધિસાથે અતિનિકટ સંબંધ ધરાવી રહેલા રા. રા. ગૌરીશંકરના દેહપાતનનો શોકજનક વૃત્તાન્ત સાંભળી નામદાર મહારાજા શ્રીતખ્તસિંહજીએ તે પ્રસંગનિમિત્ત નીચે પ્રમાણે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું:—

"અમારા રાજ્યના ઘણા પ્રખ્યાત અને ઉત્કૃષ્ટ પ્રકારની નિમકહલાલીથી સેવા બજાવનાર માજી દીવાન આજમ ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ., એમણે ગઈ કાલે સાંજના ૬ કલાકને અમલે પોતાનો દેહ ત્યાગ કરી સ્વર્ગવાસ કર્યો છે તેના સમાચાર સાંભળી અમોને અતિખેદ અને ભારે દિલગીરી થઇ છે.

આજમ ગૌરીશંકર જેમણે હિંદુશાસ્ત્રની વિધિપ્રમાણે પોતાના બ્રાહ્મણદેહનું સાર્થક અને પરમ કલ્યાણ થવાનું સાધન જે સંન્યસ્ત સં. ૧૯૪૨ ની સાલમાં ધારણ કર્યું હતું તેઓએ સં. ૧૯૩૫ની સાલમાં જ્યારે અમારા રાજ્યના મુખ્ય પ્રધાનના ઓદ્ધાનું કામ છોડ્યું તે વખતે તેમની રાજ્યસેવા તથા પ્રમાણિકપણાવગેરેની અમે ઘટતી પીછાન તથા સ્તુતિ જાહેર કરી હતી તે અમારી રૈયતના સઘળા લોકોના દીલમાં હજી તાજી હશે.

આ દુ:ખદાયક બનાવના કારણથી અમારા નામીચા માજી દીવાન તરફ માનદાખલ એવો હુકમ કરીએ છીએ કે દરબારી સર્વે કામકાજ, તમામ ઓફીસો તથા કોર્ટો આજ રોજ બંધ* રાખવી, તથા આજ રોજ પીલ ગાર્ડનમાં બેંડ બજાવવું બંધ રાખવું.

* ભાવનગરની પ્રજાએ એક દિવસ હડતાલ પાડી પોતાનો શોક દર્શાવ્યો હતો.

સં. ૧૯૪૮ના માગશર સુદ ૧, બુધવાર તા૦ ૨ ડીસેમ્બર સને ૧૮૯૧.

(સહી) **તખ્તસિંહજી,**
મહારાજા, સંસ્થાન ભાવનગર."

રા. રા. ગૌરીશંકરના વિસ્તીર્ણ મિત્રમંડલ તથા પ્રશંસકમંડલનાં મન સ્વાભાવિક રીતે ગંભીર શોકસમુદ્રમાં નિમગ્ન થયાં.*

અનુશોચનના તારો તથા પત્રો.

મહારાજા શ્રીહોલકરે ઇંદોરથી પોતાના પ્રધાન રા. રા. ખંડેરાવ ચિમનરાવ બેદરકરદ્વારા રા. વિજયશંકર ઉપર તાર કર્યો કે:—

"In Swamiji's death India loses one of its greatest men. I sympathise with you and family."

"સ્વામીજીના દેહપતનથી હિંદુસ્તાને પોતાનો એક શ્રેષ્ઠ નર ખોયો છે. આપના તરફ તથા આપના કુટુંબ તરફ દીલસોજી દર્શાવું છું."

રત્નાગિરિના ડિસ્ટ્રિક્ટ જજ એસ્ટન સાહેબે તાર કર્યો કે:—

"Accept assurances of heart-felt sympathy. I can only imperfectly express here my regret, hearing death of the venerable statesman, who commanded respect and esteem of all Kathiawad before he retired from his post of Joint Administrator of its leading State."

" અંતઃકરણપૂર્વક લાગણીની ખાતરી આપું છું તે સ્વીકારશો. જે પૂજ્ય રાજનીતિજ્ઞ પુરુષ કાઠિયાવાડ પ્રાંતના મુખ્ય સંસ્થાન ભાવનગરના સંયુક્ત કારભારીના અધિકારથી

---

* જામનગરના મહારાજા સાહેબ જામશ્રી વિભાજી, કે. સી. એસ. આઈ., તથા જસદણના દરબારશ્રી આલા ચેલા, સી. એસ. આઈ., વિગેરેએ પણ અનુશોચનપત્રો લખી લાગણી દર્શાવી હતી.

નિવૃત્ત થયા પૂર્વે આખા પ્રાંતના સંમાન અને પ્રશંસાને પાત્ર હતા તેમના મરણથી મને જે શોક થયો છે તેનું આ તારથી અપૂર્ણ જ વર્ણન થઈ શકે."

દિવાન બહાદુર મણિભાઈ જશભાઈએ વડોદરાથી તાર કર્યો કે :—

"Exceedingly sorry. Accept heart-felt sympathy. India has lost a renowned statesman and patriot, and we a venerable grand leader and supporter."

"હું અત્યંત દિલગીર છું. અંતઃકરણની લાગણી કબુલ કરશો. આર્યભૂમિએ એક વિખ્યાત રાજનીતિકુશલ અને સ્વદેશવત્સલ પુરુષ ખોયો છે, અને આપણને એક પૂજ્ય મહાન્ નાયક તથા સહાયકની ખોટ પડી છે."

જૂનાગઢના પ્રધાન રા. રા. હરિદાસ વિહારીદાસે તાર કર્યો કે :—

"For Swamiji's sake and our duty towards him, we should rejoice at his body's extinction, and are only sorry for our self-interest. My sincere consolation to your and Prabhashankarbhai's sorrows. Purushottamraeji joins."

"સ્વામીજીની ખાતર, અને તેમના પ્રતિ આપણો ધર્મ લક્ષમાં લેતાં તેમના દેહપતનને માટે આપણે રાજી થવું જોઈએ. જે દિલગીરી છે તે માત્ર આપણા સ્વાર્થને માટે જ છે. તમને તથા પ્રભાશંકરભાઈને આ દિલગીરીમાં મારા તરફથી અંતઃકરણપૂર્વક દિલાસો છે. પુરુષોત્તમરાયજી ઝાલા આમાં સામેલ થાય છે."

શ્રીયુત મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ મુંબઈથી તાર કર્યો કે :—

"Our revered Swami's re-union with Paramatma causes great grief to our interested minds. Accept sincere sympathy."

"આપણા પૂજ્ય સ્વામીના વિદેહમોક્ષનો પ્રસંગ આપણાં સ્વાર્થી અંતઃકરણને બહુ શોકોત્પાદક થયો છે. અંતઃકરણની લાગણી કબુલ કરશો."

રા. વિજયશંકરજીપ્રતિ પત્રદ્વારા પુનઃ એ સાક્ષરવર લખે છે કેઃ—

"આપનું પત્ર પહોંચ્યું. બ્રહ્મીભૂત સ્વામી શ્રીસચ્ચિદાનંદ-સરસ્વતીસંબંધમાં આપે જે લખ્યું તે યથાર્થ છે. આ જગત્‌માં માતાપિતાની ન્યૂનતા કોઇથી પણ પૂરી થાય એમ નથી; તેમાં આપના પ્રતાપી પિતા જેવાની ન્યૂનતા તો આખા દેશને છે, તો કુટુંબમાં લાગે તેમાં તો આશ્ચર્ય જ શું?

એવા અસાધારણ પુરુષો જગત્‌માં કોઇ કોઇ પ્રસંગે જ પ્રકટે છે અને તેઓ બહુ જનોના કલ્યાણનું સાધન થાય છે. તેમાં પણ વ્યવહારમાં અને પરમાર્થમાં ઉભયમાં કુશલતાસંપન્ન તત્ત્વજ્ઞ પુરુષો તો બહુ જ વિરલ. આપના પિતાશ્રી પૂર્વોક્ત વર્ગમાંના હોવાથી તેમના સંબંધમાં આવનાર બહુસંખ્ય મનુષ્યોનું શુભ થયલું છે. તેમને ખેદ થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ નિઃસાર સંસારનો સ્વભાવ જ સંયોગવિયોગ કરાવી સુખદુઃખમાં નાંખવાનો હોવાથી તેનું સ્વરૂપ સમજી સદ્વિચારથી મનનું સમાધાન કરવું એ જ સારો ઉપાય છે, અને એવા દૃષ્ટાંત-યોગ્ય અનુકરણીય પુરુષોનાં સદાચરણમાંથી ઉપદેશ લઈ સન્માર્ગે ચઢવા પ્રયત્ન કરવો એ જ તેમના ઉપર સદ્‌ભાવ રાખેલાનું ફલ પામ્યા તુલ્ય છે. તેમના પ્રતિ આપણા સત્ય સ્નેહનું ખરૂં પ્રમાણ તો એ જ ગણાશે કે તેમને જે ઉચ્ચ ગુણો પ્રિય હતા તે સદ્-

ગુણોની વૃદ્ધિ આપણામાં થાય એવા પ્રયત્ન સતત પ્રચલિત રાખવા........આપ જેવા પિતૃભક્તને અધિક લખવા અગત્ય નથી."

લીંબડીના ઠાકોર સાહેબ લખે છે :—

"સર્વશુભોપમાલાયક, રાજમાન રાજેશ્રી વિજયશંકર તથા પ્રભાશંકર ગૌરીશંકર. મુ૦ ભાવનગર.

વિશેષ સ્વામીજી શ્રીસચ્ચિદાનન્દસરસ્વતીજીએ દેહ મુક્ત કર્યાના ખબર આપના તારથી જાણી અમને દિલગીરી થયલી છે. પૂર્વાશ્રમમાં તેમણે સ્વસ્થાન ભાવનગરની નિમકહલાલીથી ઘણી સારી રીતે સેવા બજાવી એ સંસ્થાન ભાવનગરને ઘણી આબાદી-ભરેલી હાલતમાં લાવી મુકેલ છે, એટલું જ નહિ પણ રાજ્ય-હકનાં ઘણાં અગત્યનાં કામોમાં જબરદસ્ત પ્રયાસ કરી એ કામોમાં તેમણે જય મેળવ્યો છે એ તેમને ઓછું સ્તુતિપાત્ર નથી. વળી કાઠિયાવાડનાં સ્વસ્થાનોને પોતાના બહોળા અનુભવથી રાજ્યનું હિત થાય તેવી પ્રસંગોપાત્ત સલાહ આપી ઘણી મદદ આપેલી છે એ હકીકત સારી રીતે પ્રસિદ્ધ છે. એટલે અહિં વિસ્તારથી લખવાની જરૂરીઆત નથી. મારા પોતાના તરફ તેઓનો પ્રેમ સારો હતો, અને સંન્યસ્ત લીધા પછી પણ તેઓએ મારા તરફ વિશેષ કૃપાદૃષ્ટિ બતાવેલી છે. એવા મહાત્મા સ્વામીજીના વિયોગ-દુઃખથી સર્વેને, અને તેમાં વિશેષે કરીને આપને વધારે, ખેદ થાય એ સ્વાભાવિક છે. પરંતુ આપ સારી રીતે જાણો છો કે આવી બાબતમાં આપણે સર્વે નાઈલાજ છીએ.

સ્વામીજી તો પૂરા નસીબદાર કે શાસ્ત્રની આજ્ઞામુજબ બધા આશ્રમ સેવીને તેઓએ છેવટ સંન્યસ્ત ધારણ કરી વાસ્તવિક રીતે પોતાના દેહનું સાર્થક કર્યું. અલબત એવા મહાત્મા ગુરુના વિયોગનું દુઃખ સહન થઈ શકે તેવું નથી. તોપણ બીજી બાજુ તરફ જોતાં પોતાના આત્માનું શ્રેય કરી તેઓ પરમ ગતિને

પ્રાપ્ત થયા એમ જાણવાથી એ વિયોગદુઃખની નિવૃત્તિ થઈ શાન્તિ થાય છે. બાકી વર્તમાન કુશળ છે. તા૦ ૨૪ ડીસેમ્બર ૧૮૯૧. મુ૦ લીંબડી.

હું છું,
આપનો શુભેચ્છક,
યશવંતસિંહજી."

ગોંડલના શ્રીમહારાજાસાહેબનાં માતુશ્રી બાઇશ્રી મોઘીબા લખે છે કેઃ—

"અનુભવી અને પ્રસિદ્ધ તમારા પિતાની ખરેખરી ખામી તમને તો હોય જ, પણ નામદાર ભાણેજ શ્રીતખ્તસિંહજી મહારાજને પણ દિલગીરી થયલી છે. અને એમને સ્વામીજી તરફની ખામી છે એટલું જ નહિ, પણ અમો તથા બીજાઓને તેમના તરફની ખામી જણાય છે. તેઓ તો પૂર્ણ નસીબદાર કે શુભ કીર્તિ લઇને પરલોકનિવાસી થયા. તે બાબતમાં તમારે મનમાં ખેદ નહિ લાવતાં ખુશી રહી સંતોષ માનવાનું છે."

ગોંડળના દીવાન મિ. બેજનજી મેરવાનજી લખે છે :—

"ગોંડળ હજુર આફીસ, મુ૦ રાજકોટ,
તા. ૮ ડીસેમ્બર સને ૧૮૯૧.

સકલગુણજાણ, સર્વશુભોપમાવિરાજમાન, રાજમાન રાજેશ્રી વિજયશંકર ગૌરીશંકર ઓઝા. મુ૦ ભાવનગર.

શ્રીરાજકોટથી વિનંતિ. બેજનજી મેરવાનજીના સલામ. બાદ લખવા હાંસલ કે આપના પૂજ્ય પિતાજી મહેરબાન ગૌરી-શંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઈ., જેમણે સંન્યસ્ત ગ્રહણ કરવાથી સ્વામીજી સચ્ચિદાનન્દસરસ્વતી નામ ધારણ કરેલું તેઓએ આ ફાની દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગવાસ કર્યાના દુઃખદાયક ખબર

સાંભળી આહીં દરબારમાં સર્વેને ઘણો ખેદ થયલો છે. પણ ઈશ્વરની મરજીને આધીન થઇ શોચ કરી બેસી રહેવા શિવાય બીજો ઇલાજ નથી. તેઓની ખોટ આપને અને આપના કુટુંબને તો કદી પુરી પડે તેમ નથી, પરંતુ સ્વસ્થાન ભાવનગરને, અને ખરૂં કહીએ તો આપણા આખા કાઠીઆવાડને, તેમની નેક સલાહ અને અનુભવસિદ્ધ રાજ્યહકની માહેતીની મોટી ખામી રહેવાની કે જે કોઇ કાળે પુરી પડવા ભરૂસો નથી.

હવે મરહુમ સ્વામીજીની આરાધનાના પ્રસંગ ઉપર આ સંસ્થાન તરફથી રા. રા. મણિલાલ વિ. ગોવિંદરામ દેશાઇને બીજાં રાજ્યનાં માણસોસમાગમ મોકલ્યા છે, ને તેમના સાથે એ અવસરે દેવાનો પોશાક મોકલ્યો છે તે આપ સ્વીકારશો એમ આપનો ભરૂસો છે.......વિનંતિ.

બેજનજી મેરવાનજીના સલામ.”

કુમારશ્રી હરિસિંહજી* રૂપસિંહજી નીમચથી લખે છે :—

“દુનિયાના મહાપુરુષોમાં પણ સ્વામીશ્રી પહેલી પંક્તિમાં બિરાજતા હતા. તેમનો યશ તવારીખમાં નિરંતર પ્રકાશી રહેશે. એમના જીવનચરિત્રથી અમારે, ભાવનગરના રાજ્યને અને આખા કાઠિયાવાડને અભિમાન છે, તો આપ તેમના પુત્રોને તો કેટલું હોવું જોઇએ? આવા પુરુષો દુનિયા છોડી હજાર વર્ષે જાય એ પણ કોઇને રુચે નહિ. પણ એવાં અમારા દેશનાં ક્યાં ભાગ્ય છે? એઓ તો ધર્મશાસ્ત્રપ્રમાણે સર્વ આશ્રમો ભજવી સચ્ચિદાનંદસ્વરૂપ થઈ ગયા, પણ એમના પૂજ્ય સ્થૂલ દેહનાં દર્શન આપી પાવન કરવાનું અમારૂં મટાડતા ગયા, એટલે સ્વાર્થે અમને તો અતિશોક થયા વિના રહેતો નથી.”

---

* ભાવનગર રાજ્યના કુટુંબી. એઓ લાન્સર્સના કમાન્ડન્ટના ઓદ્ધા-ઉપર હતા.

સર જેમ્સ ફરગસન* પોતાના પત્રમાં લખે છે :—

"23rd December 1891.

DEAR MR. VAJESHANKAR,

I received with much regret the news of the death of your venerable and much respected father. He had attained a great age, and as one of our writers has said 'the best of our life is an honoured old age.'

His memory will long endure, and his family and descendants will honour it. Whatever be the future state of men, we may be sure that it has a reward for a well-spent life.

Believe me,
Yours faithfully,
JAMES FERGUSSON."

"તા૦ ૨૩ ડીસેમ્બર ૧૮૯૧.

પ્રિય મિ. વજેશંકર,

આપના પૂજ્ય અને બહુમાન્ય પિતાના મરણના સમાચાર સાંભળી મને ઘણો ખેદ થયો. એઓ બહુ વૃદ્ધ હતા; અને અમારો એક લેખક કહે છે કે મનુષ્યના જીવનનો ઉત્તમ ભાગ સંમાનાર્હ વૃદ્ધાવસ્થા છે.

એમની યાદગીરી બહુ લાંબા વખત સુધી પહોંચશે અને એમના કુટુંબીઓ તેને માન આપશે. મનુષ્યની મરણોત્તર સ્થિતિ ગમે તે હોય, પણ એટલું તો નક્કી છે કે જીવનનો સદુપયોગ નિષ્ફળરહિત નથી.

આપનો વિશ્વાસપાત્ર,
જેમ્સ ફરગસન."

* મુંબઈના માજી ગવર્નર, અને પાર્લામેન્ટના મેમ્બર.

પ્રોફેસર મેક્સ મ્યૂલર લખે છે :—

"7, NORHAM GARDENS, OXFORD,
January 4, 1892.

MY DEAR SIR,

I heard with deep regret of the death of your venerable father. To him it must have been true *Moksha*, but to his children and friends the departure of such a man is always a great sorrow. I have always felt deeply interested in your father, and have often expressed my admiration for him. It is a privilege to have been brought in contact with such men.

Believe me, to remain with kind regard,

Yours very truly,
F. MAX MÜLLER."

"૭, નોર્હેમ ગાર્ડન્સ, ઓક્સ્ફર્ડ,
તા. ૪ જાનેવારી ૧૮૯૨.

મારા પ્રિય સાહેબ,

આપના પૂજ્ય પિતાના મરણથી મને ભારે શોકની લાગણી થઈ છે. એમનો તો ખરો મોક્ષ થયો છે, પણ તેમનાં છોકરાં તથા મિત્રોને એવા માણસોના જવાથી બહુ દુઃખ છે. હું આપના પિતા ઉપર સર્વદા ભાવ રાખતો, અને તેમનાં મેં ઘણી વખતે વખાણ કરેલાં છે. એમની સાથે સંબંધ થવાથી મને અસાધારણ અધિકાર મળેલો હું સમજું છું.

સ્નેહખાતરસહિત,
આપનો બહુ સત્ય,
મેક્સ મ્યૂલર."

વિલાયતની ઇન્ડિયા ઓફીસના મેમ્બર સર જ્યોર્જ બર્ડવુડ વિલાયતથી લખે છે :—

"I beg you to accept my most sincere condolences on the bereavement that has befallen you and your family. I always held your father's name in the most reverent regard, not only for his remarkable abilities and high character, but for his perfect loyalty to the faith of his forefathers. When such men as he cease out of the land, India will no longer be the India of history."

"આપના પિતાના જવાથી આપને તથા આપના કુટુંબીઓને જે દુઃખ પડ્યું છે તે માટે મારૂં અંતઃકરણનું આશ્વાસન સ્વીકારશો. આપના પિતાપ્રતિ મને અત્યંત પૂજ્યબુદ્ધિ હતી, તે માત્ર તેમના પ્રશંસાપાત્ર બુદ્ધિસામર્થ્યને લીધે અથવા તેમના ઉચ્ચ શીલને લીધે નહિ, પણ પોતાના પૂર્વજોના ધર્મઉપર તેમની પૂર્ણ આસ્થાને લીધે. જ્યારે એમના જેવા પુરુષો દેશમાંથી ચાલ્યા જશે ત્યારે આર્યભૂમિ ઐતિહાસિક આર્યભૂમિ રહેશે નહિ."

સર જે. બી. પીલ સાહેબ લખે છે :—

"INDIA OFFICE,
WHITEHALL, S. W.. *December* 3.

MY DEAR VAJESHANKAR,

...... I need not say that I feel the passing away of one who was so long and so closely connected with my life in Kathiawad, but he was of such ripe age that I could not expect to meet him again in this world.

His death closes a chapter in the history of the Province, in which he bore a great part. He saw great changes and adapted himself to them with wonderful

breadth of mind. He had always in view the interests of his own state, and therewith the interests of all the greater Chiefs, and he stood up for them with great courage and independence, yet always with courtesy and self-respect, so that to carry on public business with him was always an agreeable duty. I wish that Kathiawad and India had many like him.

Yours sincerely,
JAMES B. PEILE."

"ઇન્ડિયા ઓફીસ,
વ્હાઇટહોલ, ડીસેમ્બર ૩.

મારા પ્રિય વજેશંકર,

. . . . . . રા. ગૌરીશંકર, કે જેમની સાથે મારી કાઠિયાવાડની નોકરીદરમ્યાન હું લાંબો વખત ગાઢ સંબંધમાં રહ્યો હતો તેમના જવાથી મને દુઃખ થાય એ કહેવાની જરૂર નથી, પરંતુ તેમની ઉમર એટલી પકવ હતી કે તેમને ફરીથી આ દુનિયામાં મળવાની મને આશા ન હતી.

આપના પિતાના જવાથી કાઠિયાવાડ પ્રાંતના ઇતિહાસનું એક પ્રકરણ સમાપ્ત થયું છે. તેમણે ઘણા મોટા ફેરફારો જોયા, અને તેઓ પોતાની આશ્ચર્યકારક વિશાલ બુદ્ધિથી તે સર્વને અનુરૂપ થયા. તેઓ નિરંતર પોતાના રાજ્યના અને તેની સાથે બીજાં મોટાં રાજ્યોનાં અધીશોનો હક સંભાળતા. તેઓ તે-માટે નિડરપણે અને સ્વતંત્રતાથી બાથ ભીડતા, પણ તે સાથે વિનયમર્યાદા અને પોતાનું માન સાચવતા, તેથી કરીને તેમની સાથે જાહેર કામકાજ કરવાને બહુ અનુકૂલ પડતું. કાઠિયાવાડ તથા હિંદુસ્તાનમાં તેમના જેવા બીજા ઘણા હોય તો કેવું સારૂં !

આપનો પ્રામાણિક,
જેમ્સ બી. પીલ."

ભાવનગર સંસ્થાનના માજી સંયુક્ત કારભારી ઈ. એચ. પર્સિવલ સાહેબ લખે છે :—

"KINSBURY HOUSE,
GLOUCESTER, 10*th December* 1891.

MY DEAR VAJALBHAI,

Mr. Sims has told me of the death of your father. I feel grieved at the loss to you and your family, and at the thought that I shall not see him again. He has lived a long, valued and respected life, and died at a good old age, retaining his strength of mind to the last. There is much consolation to you in this. It was a happy thing that after so many years of hard work, he could still take so much interest in all that was going on around him, and could see the fruits of his labours in the prosperity of the State. and the honour bestowed upon his Chief. He was certainly a good man and much respected, and I have every sympathy for you on being deprived of his love and protection.....

Believe me,
Your friend,
E. H. PERCIVAL."

"કિન્ઝબરી હાઉસ,
ગ્લોસ્ટર, ૧૦ ડીસેમ્બર ૧૮૯૧.

મારા પ્રિય વજલભાઈ,

આપના પિતાના મરણના સમાચાર મિ. સિમ્સે મને કહ્યા છે. આપના પિતાને હવે હું ફરીથી મળી નહિ શકું તેથી મને ઘણી દિલગીરી થાય છે. તેઓ લાંબી અને માનભરેલી જીંદગી ભોગવી પૂર્ણ વૃદ્ધાવસ્થાએ ગુજરી ગયા. તેમની માનસ શક્તિ છેવટ સુધી અક્ષીણ હતી એ આશ્વાસનનું કારણ છે. ઘણા વર્ષપર્યન્ત સખત નોકરી કર્યા પછી પણ

પોતાની આસપાસ જે બનતું તેમાં તેઓ મન લગાડી શકતા, અને રાજ્યની આબાદીમાં તથા પોતાના રાજાને મળેલા માનમાં પોતાના શ્રમનું ફળ જોતા. ખરેખર તેઓ સુજ્ઞ પુરુષ હતા. તેમના પ્રેમ તથા રક્ષણની તમને ખોટ પડી છે તેથી મને ખેદની લાગણી થાય છે.

મને માનજો,
આપનો મિત્ર,
ઈ. એચ. પર્સિવલ."

કાઠિયાવાડના માજી પોલિટિકલ એજંટ આર. એચ. કીટિંજ સાહેબ લખે છે :—

"12, Onslow Square,
South Kensington, S. W., 15*th January* 1892.

My dear friend,

I received with sincere regret the very sad news of your father's death. I have long looked upon him as one of my oldest and most admired friends, and I must feel his loss and sincerely sympathise with you and your family in the great loss.

Yours very sincerely,
R. H. KEATINGE."

"૧૨, ઓન્સ્લો સ્કવેર,
સાઉથ કેન્સિંગ્ટન, ૧૫ જાનેવારી ૧૮૯૨.

મારા પ્રિય મિત્ર,

આપના પિતાના મરણના અત્યંત શોચનીય સમાચાર મેં બહુ ખેદપૂર્વક સાંભળ્યા. તેઓ મારા એક જૂનામાં જૂના અને અત્યંત પ્રશંસાપાત્ર મિત્ર હતા, અને તેમની ખોટને લીધે મને ભારે લાગણી થાય છે."

આપનો બહુ પ્રામાણિક,
આર. એચ. કીટિંજ."

મુંબઇની હાઇ કોર્ટના માજી જડજ સર જોન જાર્ડિન સાહેબ લખે છે :—

"MATHERAN, *5th December* 1891.

DEAR MR. VAJESHANKAR,

......The death of your much esteemed father...... affects me as an old friend, who knew his work and esteemed his character many years ago.......I have always thought that it was to him and Mr. Percival that the Native States are indebted for the system of Joint Administration, which proved so great a success in the time of the present Chief's minority....To all of you, his descendants, who will perpetuate his name, it will, I hope, be some consolation to reflect that he left this form of existence in the City and State which he had done so much to improve and where his name and fame were best known and respected......

Yours sincerely,

JOHN JARDINE."

"મેથેરાન, ૫ ડીસેમ્બર ૧૮૯૧.

પ્રિય મિ. વજેશંકર,

. . . . . આપના બહુ સંમાન્ય પિતાના મરણથી, હું કે જે ઘણા વર્ષ પહેલાં તેમના સુકૃત્યોથી જાણીતો હતો અને તેમના ચરિતને પ્રશંસાપાત્ર ગણતો હતો, તેને જૂના મિત્ર તરીકે લાગણી થાય છે . . . મારો દૃઢ અભિપ્રાય છે કે સંયુક્ત કારભારની પદ્ધતિને માટે દેશી રાજ્યો આપના પિતા તથા પર્સિવલ સાહેબનાં આભારી છે . . . . . જે રાજ્ય અને શહેર તેમણે આટલું બધું સુધાર્યું અને જ્યાં તેમનું નામ અત્યંત પ્રખ્યાત છે તથા પૂજાય છે ત્યાં તેમણે પોતાના દેહનો ત્યાગ કર્યો એ વિચારથી તમે સઘળા તેમના વંશજો, જે તેમનું નામ કાયમ રાખશો, તેમને કાંઇક સંતોષ મળશે એવી હું આશા રાખું છું.

આપનો પ્રામાણિક,

જોન જાર્ડિન."

કાઠિયાવાડના માજી પોલિટિકલ એજંટ જે. એમ. હન્ટર સાહેબ લખે છે :—

"CAMP DANTA, 13*th December* 1891.

DEAR MR. VAJESHANKAR,

Your telegram announcing the sad news of the death of my dear old friend, the Swami, was a great shock to me, the more so as I had not been able to go and see him before leaving Kathiawad......Your father's death has destroyed the last remaining link with the past. I wish the present generation contained more of his stamp.

Yours sincerely,

J. M. HUNTER."

"કાંપ દાંતા, ૧૩ ડીસેમ્બર ૧૮૯૧.

પ્રિય મિ. વજેશંકર,

આપના પિતાના મરણના સમાચાર આપનાર આપના તારથી મારા અંતઃકરણને ભારે ધક્કો પહોંચ્યો, વિશેષે કરીને એ કારણથી કે હું છેવટે તેમને મળી શક્યો નહિ. એમના મરણથી કાઠિયાવાડ પ્રાંતના અતીત ઇતિહાસની છેલ્લી સાંકળ તુટી ગઈ છે. ચાલુ જમાનામાં એમના જેવા વિશેષ માણસ હોત તે કેવું સારૂં!

આપનો પ્રામાણિક,

જે. એમ. હન્ટર."

રાજસ્થાનિક સભાના માજી અધ્યક્ષ અને કાઠિયાવાડના માજી પોલિટિકલ એજંટ જી. ઇ. હેનકોક સાહેબ લખે છે :—

"CAMP BAGATHAL, *3rd December* 1891.

MY DEAR MR. VAJESHANKAR,

......I feel that the whole Province has lost in him a sound adviser, the Rajasthanik Court a strong supporter, and I, a personal friend.

Yours sincerely,
G. E. HANCOCK."

"કાંપ બગથલ, ૩ ડીસેમ્બર ૧૮૯૧.

મારા પ્રિય મિ. વજેશંકર,

. . . . . એમના જવાથી આખા કાઠિયાવાડ પ્રાંતને એક કુશલ સલાહકારની, રાજસ્થાનિક સભાને એક સમર્થ સહાયકની, અને મને એક અંગમિત્રની ખોટ પડી છે.

આપનો પ્રામાણિક,
જી. ઈ. હેન્કોક."

રાજકુમાર કોલેજના માજી અધ્યક્ષ ચેસ્ટર મેક્નાફ્ટન સાહેબ લખે છે :—

"RAJKOT, *7th December* 1891.

MY DEAR MR. VAJESHANKAR,

My thoughts have been with you very often since I heard of your honoured father's death. For him we cannot grieve, but rather must feel thankful that, after so long and fruitful a life, far beyond man's ordinary capacity, he is now at rest. I think he would not have desired to linger longer in this world himself. Indeed, he had quitted it in spirit long before he left it in body.

But I can very well understand that his death means a sad blank to you all, who can no more look on his beautiful face, or listen to his wise and tender voice......

To me, too, Kathiawad seems poorer, because your father has gone. For it is no exaggeration to say that he was the greatest man in this Province, and not only very great in ability, but very noble also in character. I am sure there was no one more loved as well as more honoured and respected on this side of India.......

Believe me to be,
Your sympathising friend,
CHESTER MACNAGHTEN."

"રાજકોટ, ૭ ડીસેમ્બર ૧૮૯૧.

મારા પ્રિય મિ. વજેશંકર,

આપના સંમાન્ય પિતાના મરણના સમાચાર સાંભળ્યા પછી હું આપનું વારંવાર ચિંતન કર્યા કરૂં છું. એમને માટે આપણે દુઃખી થવાનું પ્રયોજન નથી, પરંતુ ઉલટો ઈશ્વરનો આભાર માનવો જોઈએ કે આટલી બધી અસાધારણ લાંબી અને ઉપયોગી જીંદગી ભોગવ્યા પછી તેઓ નિવૃત્તિ પામ્યા છે. હું ધારૂં છું કે તેઓ જાતે જ આ જગત્‌માં વિશેષ સ્થિતિ કરવા રાજી ન હતા. તેઓએ પોતાના શરીરથી જગત્ છોડ્યું તેથી ઘણો વખત-અગાઉ તેઓએ ખરેખર પોતાના આત્માથી તેનો ત્યાગ કર્યો હતો.

પણ હું સારી રીતે સમજી શકું છું કે એમના જવાથી તમને સર્વને દુઃખદ શૂન્યકાર પ્રાપ્ત થયો છે. એમની સુંદર આકૃતિ જોવાનો તથા એમનો કોમળ ઉપદેશધ્વનિ શ્રવણ કરવાનો પ્રસંગ હવેથી તમને મળવાનો નથી. . . . . .

આપના પિતાના દેહપતનથી મને પણ કાઠિયાવાડ પ્રાંત શૂન્ય લાગે છે, કારણ કે આ પ્રાંતમાં તેઓ સર્વથી શ્રેષ્ઠ હતા એમ કહેવામાં કંઇ પણ અતિશયોક્તિ નથી; તેઓ અક્કલમાં મ્હોટા હતા એટલુંજ નહિ, પરંતુ તેમની રીતભાત બહુ ઉમદા હતી. મને ખાતરી છે કે હિંદુસ્તાનના આ તરફના ભાગમાં તેમના કરતાં વિશેષ લોકપ્રિય, યશસ્વી, અને સંમાનપાત્ર પુરુષ કોઇ ન હતો.

મને માનજો,
આપનો દુઃખસંગી મિત્ર,
ચેસ્ટર મેક્નાફ્ટન."

પાલનપુર સંસ્થાનના માજી પોલિટિકલ સુપરિન્ટેન્ડન્ટ પી. એચ. લીજીટ સાહેબ લખે છે :—

"LONDON, *18th February* 1892.

MY DEAR VAJESHANKAR,

......It will be very long time before Bhavnagar sees another Gugga Oza. Such men are great land-marks in the history of a Province. We all shall pass away, but his name and fame will remain for centuries.......

Yours sincerely,
P. H. LEGEYT."

"લંડન, ૧૮ ફેબ્રુઆરી ૧૮૯૨.

મારા પ્રિય વજેશંકર,

........ભાવનગરમાં બીજા ગગા ઓઝાનો પ્રાદુર્ભાવ થતાં ઘણો લાંબો સમય લાગશે. આવા પુરુષો પ્રાંતના ઇતિહાસમાં મોટા સીમાચિહ્ન જેવા હોય છે. આપણે બધા વહ્યા જઈશું, પરંતુ તેમનું નામ અને તેમની કીર્ત્તિ શતકો સુધી રહેશે.

આપનો પ્રામાણિક,
પી. એચ. લીજીટ."

ભાવનગર રાજ્યના માજી એન્જીનીઅર આર. પ્રોક્ટર સિમ્સ સાહેબ લખે છે :—

"WHITEHALL CLUB,
Parliament Street, S. W.,
4th December 1891.

DEAR MR. VAJESHANKAR,

... ..The event is one that, of course, was expected, and you will have been prepared for it, but it is none the less a shock to feel that one who was so potent for good in the destinies of Bhavnagar had passed beyond our reach. All his old friends will be affected by the news

Yours sincerely,
R. PROCTOR SIMS."

"વ્હાઈટહૉલ ક્લબ, પાર્લામેન્ટ સ્ટ્રીટ,
૪ ડીસેંમ્બર ૧૮૯૧.

પ્રિય મિ. વજેશંકર,

........એ દુઃખદ બનાવ બનશે એમ સઉના ધારવામાં હતું, અને તમે પણ તેને માટે તૈયાર જ રહ્યા હશો. તોપણ એ બનાવથી કંઇ ઓછો ધોક્કો લાગવાનો નથી, કારણ કે જે પુરુષ ભાવનગરનો ભાગ્યોદય કરવામાં સમર્થ સત્તારૂપ હતા તેઓ આપણને છોડીને ચાલી ગયા છે. આ ખબરથી તેમના સઘળા જૂના મિત્રોને બહુ લાગણી થશે.

આપનો પ્રમાણિક,
આર. પ્રોક્ટર સિમ્સ."

મુંબઈના નામદાર ગવર્નર સાહેબના માજી કાઉન્સિલર જે. બી. રીચી સાહેબ લખે છે :—

"BRIERS, SURREY, 26*th December* 1891.

MY DEAR SIR,

......There is no need for me to say how sincerely I sympathise with your grief......He always thought more of others than himself, and of his country more than all.

Yours very sincerely,
J. B. RICHEY."

"બ્રાયર્સ, સરે, ૨૬ ડીસેમ્બર ૧૮૯૧.

મારા પ્રિય સાહેબ,

........આપના દુઃખમાં હું અંતઃકરણપૂર્વક ભાગ લઉં છું તે આપને જણાવવાની મને જરૂર નથી....તેઓ નિરંતર પોતાના હિત કરતાં બીજાનું હિત અને સર્વ કરતાં વિશેષ દેશહિત વિચારતા.

આપનો બહુ પ્રામાણિક,
જે. બી. રીચી."

મુંબઈના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થ અને ધારાસભાના માજી સભાસદ્ સોરાબજી શાપુરજી બંગાલી, સી. આઇ. ઇ., પોતાના ગુજરાતી પત્રમાં લખે છે :—

"એ બનાવથી અલબત તમો સાહેબને તથા સ્વામીજીના કુટુંબને ઘણું લાગ્યું હશે, પરંતુ અમારી સમજપ્રમાણે જે કંઇ ખોદાએ કર્યું છે તે સ્વીકારવા જોગ છે. સ્વામીજીએ દુનિયામાં કીર્તિ મેળવી પોતાના વખતમાં રાજકારોબારથી લાખો માણસોને સુખનો માર્ગ કરી આપ્યો, અને પછી દુનિયાની માયાથી દૂર રહીને સંન્યાસી થયા. એવા એક્કા નર પૃથ્વીમાં મળવા મુશ્કેલ પડે છે."

અમદાવાદના માજી કલેક્ટર એ. એ. બોરોડેલ સાહેબ લખે છે :—

"16, St. James's Square,
London, S. W., 10*th January* 1892.

Dear Sir,

......Pray believe that I feel for you in the loss of your good father, and my old and esteemed friend......

He was a man who did honour to his race and his country, and I have heard nothing but expressions of regret for his memory. His name and services will live, and you can have no higher model to follow......

Very faithfully yours,
A. A. BORRODAILE."

"૧૬, સેન્ટ જેમ્સીઝ સ્કવેર,
લંડન, ૧૦ જાન્યુઆરી ૧૮૯૨.

પ્રિય સાહેબ,

........આપના પિતા, જેઓ મારા જૂના અને સંમાન્ય મિત્ર હતા, તેમના મરણથી મને આપને માટે લાગણી થાય છે તે નિવેદન કરૂં છું.

તેઓએ પોતાની જાતિ અને પોતાના દેશને સંમાનપાત્ર કર્યા છે, અને તેમની યાદગીરીમાટે મેં શોકોદ્‌ગાર શિવાય કશું સાંભળ્યું નથી. તેમનું નામ અને તેમની સેવા રહેશે, અને એમના શિવાય અનુકરણીય ઉચ્ચતર લક્ષ્ય આપને નથી.

આપનો બહુ વિશ્વાસપાત્ર,
એ. એ. બોરોડેલ."

લંડન ખાતાના "ઇસ્ટ ઇન્ડિયા એસોસિએશન" નામના મંડલે રા. રા. ગૌરીશંકરના કુંટુંબીઓ ઉપર નીચે પ્રમાણે અનુશોચનપત્ર લખી મોકલ્યું :—

"WESTMINSTER CHAMBERS,
3, Victoria Street,
LONDON, S. W., *22nd January* 1892.

To

The members of the family of the late Dewan Gowrishankar Udeyshankar Oza, C.S.I., late Joint Administrator, Bhavnagar.

FROM

The East India Association.

The members of the Council of the East India Association have received with much sorrow the news of the death of Dewan Gowrishankar Udeyshankar, C.S.I. They desire to express their sympathy with the members of his family in the great affliction which has befallen them. The Council feel that the death of such a chief is a great loss not only to the Presidency of Bombay, but India generally, and they feel that this Association has lost one of its best supporters."

"વેસ્ટમિન્સ્ટર ચેમ્બર્ઝ,
૩, વિક્ટોરિયા સ્ટ્રીટ,
લંડન, ૨૨ જાન્યુઆરી ૧૮૯૨.

ઇસ્ટ ઇન્ડિયા એસોસિએશન તરફથી,

ભાવનગર સંસ્થાનના માજી સંયુક્ત કારભારી દીવાન ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઈ.—એમના કુંટું-બીઓ પ્રતિ.

ઇસ્ટ ઇન્ડિયા એસોસિએશનની કાઉન્સિલના સભાસદો દીવાન ગૌરીશંકર ઉદયશંકર, સી. એસ. આઈ., એમના મરણના સમાચાર સાંભળી બહુ દિલગીર થયા છે. એમના કુટુંબીઓ-ઉપર જે ભારે દુઃખ આવી પડ્યું છે તેમાં તેમનો સમભાવ દર્શાવવા તેઓ ચાહે છે. કાઉન્સિલ માને છે કે આવા અગ્રણીના મરણથી એકલા મુંબઈ ઇલાકાને નહિ, પરંતુ આખા હિંદુસ્તાનને ભારે ખોટ પડી છે, અને આ એસોસિએશને તેનો એક ઉત્તમ સહાયક ખોયો છે."

પરિવ્રાજકાચાર્ય બ્રહ્મનિષ્ઠ મહાત્મા સ્વામી શ્રીચિદ્ઘનાનન્દજી કાશીથી લખે છે :—

"શ્રી સ્વામી સચ્ચિદાનન્દસરસ્વતીકે વિદેહમોક્ષકા આપને લિખા સો વાંચકર ચિત્તમેં બહુત ખેદ ભયા. ઐસે સજ્જન પુરુષોકા વિયોગ હોણા બહુત અઘટિત હૈ. પરંતુ પરમેશ્વરકી નિયતિમેં કોઇકા ઉપાય નહિ હૈ. જિસ ઉત્તમ પુરુષો કે શરીરસેં બહુત લોકોકા ઉપકાર હોવે હૈ ઐસે ઉત્તમ પુરુષોકે શરીરકી સ્થિતિકું સર્વ લોક ચાહતે હૈ. પરંતુ કાલકી ગતિ બલવાન્ હૈ. ઐસે ઉત્તમ શરીરોકુંભી નહિ રહેણે દેતા. આપ વિચારવાન્ હો. ઉત્સવપૂર્વક શ્રીસ્વામીકે ઉત્તર કાર્યકું કરીકે પત્રદ્વારા સર્વ સમાચાર લિખના."

મહાપુરુષોનાં ચરિતો કેવાં તેજસ્વી હોય છે! પ્રત્યેક દેશનો ઇતિહાસ પ્રધાનપણે મહાપુરુષોની અચલ કીર્તિસ્તંભરૂપ કૃતિઓથી ગ્રથિત હોય છે. પ્રજાજનના સુભાગ્યે કોઇ મહાપુરુષ પ્રાદુર્ભાવ પામી અજ્ઞાન, અસત્ય, પાખંડ, વહેમ, દંભ, જાડ્યઆદિ સમાજદોષો સાથે યુદ્ધ કરી અનેકસંખ્ય જનોને ઉચ્ચ વર્તનવાળા, ઉચ્ચતર લક્ષ્યવાળા, સુખભોગી અને સમૃદ્ધ કરે છે. મહાપુરુષો બહુ વિરલ હોય છે, તોપણ તેઓ અજ્ઞેય યોગથી કાલે કાલે ઉદ્ભવને પામે છે એ વાર્તા ઇતિહાસ અને અનુભવના પ્રમાણથી નિઃસંશય છે. પ્રસંગોપાત્ત જો એવા પુરુષોનો ઉદય થતો ન હોય તો જનસમાજની અધોગતિ થયા વિના રહે નહિ.

મહાપુરુષોનાં ચરિતઉપર અનુરાગ, તેમની સ્વચ્છ મૂર્તિનું હૃદયદેશમાં સ્થાપન, પ્રશંસાપુષ્પમાલાથી તેમનું અર્ચન, અને તેમના વર્તનના અનુકરણરૂપ તેમનું દાસત્વ—એ ગુણો મનુષ્યના હૃદયમાં સ્વભાવથી રહેલા છે, અને તદ્વશાત્ તે ઊર્ધ્વ ગતિને માટે યોગ્ય થાય છે. પ્રસિદ્ધ વિદ્વાન્ કાર્લાઇલ કહે છે :—

"In all times and places the hero has been worshipped. It will ever be so. We all love great men: love, venerate and bow submissive before great men.... Ah, does not every true man feel that he is himself made higher by doing reverence to what is really above him? No nobler or more blessed feeling dwells in man's heart."

"સર્વ દેશકાલમાં મહાપુરુષ પૂજાય છે. સદાકાલ આમ જ રહેવાનું. આપણે બધા મહાપુરુષોને ચાહીએ છીએ, એટલુંજ નહિ પણ તેમને પૂજ્ય માનીએ છીએ, અને વિનયપૂર્વક તેમને પ્રણામ અર્પીએ છીએ. શું પ્રત્યેક મનુષ્યને એવી લાગણી નથી થતી કે પોતાનાથી યથાર્થ શ્રેષ્ઠ પુરુષનું અર્ચન કરવાથી પોતે જ ઉચ્ચતર બને છે. ? મહાપુરુષપૂજન કરતાં મનુષ્યના અંતઃકરણની કોઈ પણ વૃત્તિ આર્યતર અને ધન્યતર નથી."

આ જ અર્થનો બોધ કરતાં વિખ્યાત અમેરિકન કવિ લોંગફેલો કહે છે :–

"Lives of great men all remind us
We can make our lives sublime."

"મહાપુરુષોનાં ચરિતો આપણને બોધ આપે છે કે આપણે પણ આપણા ચરિતને ઉન્નત કરી શકીએ એમ છે."

રા. રા. ગૌરીશંકરે મૂકેલો અમૂલ્ય સદ્ગુણસંપત્તિનો વારસો.

આ ચરિત્રના નિરૂપ્ય શ્રીમાન્ ગૌરીશંકરની મહત્તા સ્થાપનાર અસાધારણ ગુણસંપત્તિ આગળના લેખથી વાચકને અપ્રકટ રહી નહી હોય. આ સ્થલે ઉપસંહારરૂપે તેમના મુખ્ય સદ્ગુણ-વિભવનો સમુચ્ચય કરવામાં આવે છે.

એકનિષ્ઠાપૂર્વક રાજસેવા—અયોધ્યાપતિ મહારાજા દશરથના સચિવોનું વર્ણન કરતાં શ્રીવાલ્મીકિઋષિ કહે છે કે ‘शुचयश्चानुरक्ताश्च नित्यं प्रियहिते रताः’ તેઓ પવિત્ર અંતઃકરણવાળા, અનુરાગયુક્ત અને નિરંતર રાજાના કલ્યાણમાં પરાયણ હતા. શ્રીમાન્ ગૌરીશંકરનું ચરિત્ર રાજનીતિજ્ઞ પુરુષોના આ અગ્રગણ્ય ગુણથી દેદીપ્યમાન વર્તે છે. ભાવનગરના અધીશોનો વિભવ તથા સમૃદ્ધિ વધે, તેમની ઉજ્જ્વલ પ્રતિષ્ઠા તથા સત્કીર્તિ સર્વત્ર પ્રસરે, તેઓ સારાસારપરીક્ષા કરવામાં નિપુણ થાય, અને પોતાની પ્રજાને સુખી તથા સમૃદ્ધ કરવા અર્થે બનતા ઉપાયો યોજે એ રા. રા. ગૌરીશંકરનું પરમ નિઃસ્વાર્થ ઉચ્ચતમ વ્યાવહારિક લક્ષ્ય હતું, અને તેમનો પ્રયત્ન પણ લક્ષ્યને અનુરૂપ અશ્રાંત અને અવિરત હતો. રાજ્યહિતના આ ઐકાન્તિક ચિન્તનમાં તેઓ કુટુંબસુખનો પરિત્યાગ કરી, શરીરની ઉપેક્ષા કરી, વિકટ પ્રવાસો આદરતા, અને સ્વગૃહથી વારંવાર દીર્ઘ સમયપર્યન્ત દૂર રહેતા. તેઓ પોતાના શરીરને ભાવનગર રાજ્યની પ્રજાના કલ્યાણને માટે અર્પાયલું માનતા, અને રાજાની આજ્ઞાથી તેમને જે જે અધિકાર સોંપવામાં આવતો તેનું તેઓ લોકના હિતમાં સંપૂર્ણ રીતે નિર્વહણ કરતા. તેમની વૃત્તિ કોઇ પણ અધિકારને ગૌણ અથવા પ્રતિકૂલ માનતી નહિ. આ રીતિએ તેઓએ મુખ્ય પ્રધાન તથા સંયુક્ત કારભારીની ઉચ્ચ પદવીનો ઉપભોગ કર્યો, છતાં પોતાની પ્રતિષ્ઠાને તેઓ ભાવનગરપૃથ્વીપાલોના પ્રસાદરૂપે માનતા. ભાવનગરના અધીશો બહાર પડી પોતાના પ્રતાપની છાપ પાડે એ તેમની પ્રબલ ઇચ્છા હતી, અને પોતાના સત્તાવિષયક લોભથી તેમની

શુભ સ્વતંત્રતાનું નિયંત્રણ કરવામાં તેઓ આનંદ માનતા ન હતા. મહારાજા શ્રીતખ્તસિંહજીને પક્વ વયપૂર્વે ભાવનગરના કારભારમાં દાખલ કરવા અર્થે તેમનો મહાપ્રયાસ તેમના આ સ્તુત્ય ગુણના ઉદાહરણરૂપ છે, અને સમર્થ મંત્રી પોતાના રાજાને અધિક યશસ્વી કરે છે એ અન્યોન્યાશ્રય રા. રા. ગૌરીશંકરનો સમસ્ત કારભાર અન્વર્થ કરે છે.

અસાધારણ એકાગ્રતાપૂર્વક કરેલી આવી રાજસેવાનું ફલ પણ અસાધારણ હોવું ઘટે છે; અને તેનું સ્વલ્પમાં વર્ણન કરતાં રા. ઝવેરીલાલ પોતાના ઇંગ્રેજી "સ્કેચ"માં લખે છે:--

"Those only can appreciate the full significance of the cautious reforming Minister's labours and liberal measures he carried with a view to place Bhavnagar in the front rank of the Native States in Kathiawad, who had known the Bhavnagar of a generation back, and who can compare it with the Bhavnagar of the present day. When Mr. Gowrishankar assumed the Dewanship of Bhavnagar, the area of the State was nearly 17,00,000 acres with a population of about 3,00,000 and a yearly revenue of Rs. 8,00,000. When he retired into private life, the territory of Bhavnagar extended over an area of 18,00,000 acres, its population was 4,25,000 and its revenue Rs. 32,00,000."

"કાઠિયાવાડ પ્રાંતના દેશી રાજ્યોના અગ્રે ભાવનગર રાજ્યને સ્થાપવા અર્થે, સાવધાનતાપૂર્વક સુધારા કરનાર પ્રધાન રા. રા. ગૌરીશંકરના પ્રયાસનું, અને તેમણે ઉદારતાપૂર્વક યોજેલાં સાધનોનું સત્ય સ્વરૂપ તો તેઓ જ સમજી શકે કે જેઓએ એક જમાના અગાઉના ભાવનગરને જોયું હતું અને જેઓ તે સમયના ભાવનગરની હાલના ભાવનગરની સાથે તુલના કરી શકે એમ છે. જ્યારે રા. રા. ગૌરીશંકરે ભાવનગરનું પ્રધાનપદ સ્વીકાર્યું ત્યારે રાજ્યનું ક્ષેત્રફલ આસરે ૧૭,૦૦,૦૦૦

એકર હતું, વસતિ ૩,૦૦,૦૦૦ માણસની હતી અને વાર્ષિક ઉત્પન્ન રૂ. ૮,૦૦,૦૦૦ હતું. જ્યારે તેઓએ અધિકારઉપરથી ઉપરામ લીધો ત્યારે ભાવનગર રાજ્યનો વિસ્તાર ૧૮,૦૦,૦૦૦ એકર જેટલો હતો, વસતિ ૪,૨૫,૦૦૦ માણસની હતી અને ઉપજ રૂ. ૩૨,૦૦,૦૦૦ હતી."

મહાપુરુષોની મહત્તાના તારતમ્યમાં, તેમની મહત્તાનું બીજ જે તેમનો બુદ્ધિપ્રકર્ષ અને નીતિપ્રકર્ષ તે ઘણે અંશે સમાન હોય છે, પણ ઉપાધિભેદથી તે બીજનો વૃક્ષરૂપ વિસ્તાર ન્યૂનાધિક થાય છે. સ્વલ્પ ભૂમિના અધીશનો મંત્રી તે પ્રમાણમાં સંમાન પામે છે, વિસ્તીર્ણ પૃથ્વીવિભાગના અધિપતિના નિપુણ સચિવની તેથી અધિક પ્રશંસા થાય છે, અને બ્રિટિશ રાજ્ય જેવા વિપુલ રાજ્યના ગ્લેડસ્ટનસદૃશ મુખ્ય પ્રધાનનો યશ દિગંત ગર્જના કરી રહે છે. દેશી રાજ્યના ઇતિહાસમાં અમર નામને પામેલા સર ટી. માધવરાવ, સર સલારજંગઆદિ પ્રધાનોની વિશેષ અગ્રગણનામાં, તેમનો ઉપાધિવિસ્તાર હેતુભૂત હતો. શ્રીમાન્ ગૌરીશંકરની રાજનીતિકલાની મર્યાદા ઓછી હતી, તોપણ તેમની સાથે અને પૂર્વોક્ત પ્રથિત પ્રધાનોસાથે વિશેષ પરિચયમાં આવેલા પુરુષો તો તેમની કુશલતામાં ન્યૂનતા જોતા નહિ, એટલુંજ નહિ પણ કર્નલ કીટિંજ સાહેબ જેવા અનુભવી અધિકારીઓ તો રા. રા. ગૌરીશંકરનો દૃષ્ટાંત સર ટી. માધવરાવ જેવા પુરુષને પણ અનુકરણ કરવા યોગ્ય માનતા.

પ્રોફેસર મેક્સ મ્યૂલર તો રા. રા. ગૌરીશંકરની યૂરોપના વિશ્વવિખ્યાત પુરુષોસાથે તુલના કરે છે. "ફોર્ટનાઇટ્લિ રિવ્યૂ" નામના ક્રમિક પત્રના ફેબ્રુઆરી ૧૮૯૯ ના અંકમાં "A Prime Minister (એક મુખ્ય પ્રધાન)" નામના પોતાના નિબંધમાં તે ઉત્તમ વિદ્વાન્ લખે છે કે :—

"If we were to enter into the details of what was actually achieved by this native statesman, we should find that few Prime Ministers even of the greatest states of Europe had so many tasks on their hand, and performed them so boldly and so well......... If Bismarck made Germany, Gowrishankar made Bhavnagar. The two achievements are so different that even to compare them seems absurd, but the methods to be followed in either case are after all the same; nay, it is well-known that the making or regulating of a small watch may require more nimble and careful fingers than the large clock of a cathedral."

"આ દેશી રાજનીતિકુશલ પુરુષે જે જે કાર્યો કર્યાં તેનો વિસ્તાર જો આપણે કરીએ તો આપણને માલૂમ પડશે કે યૂરોપનાં મોટાંમાં મોટાં રાજ્યોના પણ થોડા જ મુખ્ય પ્રધાનોને આવાં મહાભારત કાર્યો કરવાનાં હતાં, અને થોડાક જ આવાં કાર્યોને આટલી બધી નિર્ભયતાથી અને ઉત્તમપણે કરી શક્યા હતા . . . . જેમ બિસ્માર્કને લીધે જર્મની છે, તેમ ગૌરીશંકરને લીધે ભાવનગર છે. એ બે પરાક્રમોમાં એટલો બધો ભેદ છે કે તેમની તુલના પણ અઘટિત છે, પરંતુ આખરે રાજ્યના હિતાર્થે યોજવાના ઉપાયો ઉભય પક્ષે સરખા જ છે એટલુંજ નહિ, પણ એ વાત સર્વને સુવિદિત છે કે દેવળના મોટા ઘડીયાળને બનાવવામાં અથવા સમારવામાં જે અંગુલિચાપલ્ય અને સાવધાનતા અપેક્ષિત છે તેના કરતાં એક નાનું ઘડીયાળ બનાવવામાં તથા સમારવામાં વિશેષ જોઇએ છે."

અક્ષોભ્યતા—પોતાનો ઇષ્ટાર્થ સિદ્ધ કરવામાં રા. રા. ગૌરીશંકરને અનેક વિકટ વિઘ્નદુર્ગો નડતા, પણ કથાસરિત્સાગરમાં કહ્યા પ્રમાણે अक्षोभ्यतैव महतां महत्त्वस्य हि लक्षणम् । મહાપુરુષોના સ્વભાવનુસાર તેઓ તેથી અક્ષોભ્ય અને અવ્યાકુલ રહેતા. સત્તા

તથા અધિકારના લોભવાળા, અસૂયાદોષથી ગ્રસ્ત, અને પ્રપંચ વિસ્તારવામાં આશંકારહિત વિવિધ મનુષ્યો તેમના પ્રતિ શાત્રવ દર્શાવતા, તેમના આશયનું પ્રતિકૂલ રૂપાન્તર કરતા; સરકારી અધિકારીઓ વારંવાર પોતાના સ્વાતંત્ર્યદંડનો ઉપચાર કરી તેમણે સિદ્ધ કરવા ધારેલા અર્થમાં વિક્ષેપ ઉપસ્થિત કરતા; પ્રસંગે પ્રસંગે ભાવનગરના કેટલાક જૂના વિચારના અધિકારીઓ પણ તેમના કરવા ધારેલા સુધારામાં સંમતિ આપતા નહિ; સમયે સમયે એજન્સી તરફથી પણ ધારેલા કાર્યમાં અપેક્ષિત આશ્રય મળતો નહિ—આટલું છતાં

विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ।

એ ઉક્તિના અનુસારે પ્રારબ્ધ કાર્યના ત્યાગનો વિચાર રા. રા. ગૌરીશંકરના હૃદયમાં કદાપિ સ્ફુરતો નહિ. તેમનો એક દૃઢ વિશ્વાસ એવા પ્રકારનો હતો કે

अप्राप्यं नाम नेहास्ति धीरस्य व्यवसायिनः ।
आपदि स्फुरति प्रज्ञा यस्य धीरः स एव हि ॥

"પ્રયત્નશીલ ધીર પુરુષને કશું અપ્રાપ્ય નથી. વિષમ પ્રસંગોમાં જેની પ્રજ્ઞા સ્ફુરે તે જ ધીર પુરુષ છે." આ અવિચાલ્ય નિશ્ચયને લીધે તેમનું બુદ્ધિસામર્થ્ય વિઘ્નપ્રતિહત ન થતાં ઉલટું ઉત્તેજિત થતું. તે સાથે તેમની પરમ આસ્થાનો બીજો એ વિષય હતો કે બ્રિટિશ સરકારનું રાજ્ય ન્યાયના ધોરણથી ચાલે છે, અને આ દેશના તેમના પ્રતિનિધિઓથી ન્યાય ન મળે તોપણ ઇંગ્લંડની પાર્લામેન્ટનાં દ્વાર ઉઘાડાં છે.

નિર્ભય સ્વભાવ—કોઇ પણ ઉચ્ચ કાર્ય કરવા ઇચ્છનાર પ્રત્યેક મનુષ્યને ન્યૂનાધિક અંશે નિર્ભય સ્વભાવ સંપાદન કરવો પડે છે. ઘણે પ્રસંગે એવું બને છે કે મનુષ્યના શુભ આશયોને જનસમાજ યથાર્થ રીતે ગ્રહણ ન કરી શકતો હોવાથી, અથવા આવરણબલે વિપરીત રીતે ગ્રહણ કરતો હોવાથી તે મનુષ્યોની કૃતિઉપર પ્રબલ ટીકાધારાસંપાત ચાલે છે. આવે સમયે ઇષ્ટાર્થસિદ્ધિ અને જનમંડલપ્રીતિસંપાદન એ બે વૃત્તિઓવચ્ચે સંઘર્ષ ચાલે છે. પોતાનું ઉચ્ચ કાર્ય ગૌણ ગણી તેને પડતું મૂકી જે જનોએ લોકલજ્જાશીલ સ્વભાવ પ્રકટ કર્યો છે તેઓ ભવિષ્ય પ્રજાએ અનુકરણ કરવા યોગ્ય ચરિતનો વારસો ન મૂકતાં ઉપહાસાસ્પદ થયા છે. પ્રત્યુત જે પુરુષો "विद्यते नहि स कश्चिदुपायः सर्वलोकपरितोषकरो यः" એ વાક્યને પોતાના વર્તનસિદ્ધાન્તરૂપ સ્થાપી સમાજત્રપાને પોતાના ચરણતલે રગદોળી પોતાના સ્થાપિત શુભ લક્ષ્યને તાકી રહે છે તે પોતાના દૃષ્ટાન્તથી ઇતર અનેક મનુષ્યોનાં અંતઃકરણમાં રહેલાં ધૈર્યબીજકોને અંકુરિત કરે છે. આ ક્ષાત્ર સ્વભાવ શ્રીમાન્ ગૌરીશંકરમાં સંપૂર્ણ અંશે હતો. લોકોની વિરુદ્ધ ટીકાને લીધે પોતાના નિશ્ચયથી ડગી જવું એ તેઓ સમજ્યા ન હતા તે અનેક ઉદાહરણોથી સ્પષ્ટ થાય છે. રેલ્વે તથા સ્ત્રીકેળવણીની બાબતમાં તેઓ લોકલજ્જાને વેગળી મૂકી, પોતાનો ધારેલો અર્થ સિદ્ધ કરી, લોકહિતકર પરિણામો લાવવા શક્તિમાન્ થયા હતા; એટલું જ નહિ પરંતુ બ્રિટિશ સરકારની વાર્ષિક જમાની રકમ રોકવા જેવું ગંભીર પગલું ભરવામાં પણ તેઓ નિર્ભય રહ્યા હતા. એ પ્રસંગે જૂનાગઢના દિવાન રા. રા. અનંતજી અમરચંદ તથા નવાનગરના કારભારીતરીકે મુખ્ય વકીલ રા. રા. દુર્લભજી મૂળશંકરે તેમને એવું પગલું ન ભરવા બહુ સમજાવ્યા હતા, પરંતુ શ્રીમાન્

ગૌરીશંકર પોતાના નિશ્ચયથી ચળ્યા નહિ. નિર્ભય સ્વભાવના અંગે રાજ્યના લાભમાં તેમનું સ્પષ્ટવક્તૃત્વ પણ આશ્ચર્યકારક હતું. પોલિટિકલ એજંટ તથા ગવર્નર સાહેબ આગળ પણ તડફડ કરવા વિના તેમને બીજી વાત ન હતી.* પોતાના સ્પષ્ટવક્તૃત્વના સ્વભાવને ઉપરિ સત્તા અપમાનરૂપે માને તો તેવે પ્રસંગે છેક પોતાનું રાજીનામું આપવા પ્રયત્ન તેમની વૃત્તિનો વેગ રહેતો, પરંતુ તેમનું રાજીનામું સ્વીકારવા જેવો પ્રસંગ ઉપસ્થિત કરવા કોઇ વિચારતું જ નહિ એ તેમનું ન્યૂન સંમાનનીયપણું સૂચવનાર નથી.

શાસનસાથે સાધુતા—ઉષ્ણાંશ અને શીતાંશના વિચિત્ર સંમેલનથી જેમ મનુષ્યપ્રકૃતિનો નિર્વાહ ચાલે છે, તથા ભેદ અને અભેદના અનિર્વચનીય આશ્રયથી જેમ મુમુક્ષુ વ્યવહારપરમાર્થની સિદ્ધિ કરે છે, તેમ શાસન અને સાધુતાના સમુચિત મિશ્રણથી મહાપુરુષ સર્વ પ્રસંગોમાં પોતાના પૂર્ણ મહત્ત્વની છાપ પાડે છે. એ મિશ્રણ રા. રા. ગૌરીશંકરની પ્રકૃતિમાં ઉત્તમ પ્રકારનું જોવામાં આવતું હતું. તેઓ જાતે નિયમિત જીવનના ધુરંધર દૃષ્ટાન્તરૂપ હતા. કાશીયાત્રાના દૂર પ્રવાસમાં પણ, કંઠે પ્રાણ આવે તદપિ, આગગાડીમાં જલ ન પિવાનો જે આગ્રહ તેમનાં માતપિતાએ દર્શાવ્યો હતો તે આગ્રહ સંપૂર્ણ રીતે તેમને વારસામાં મળ્યો હતો. ઉદાહરણરૂપે તેઓ પોતાની પ્રકૃતિને એટલી અધીન વર્તાવતા કે વૃદ્ધાવસ્થામાં પણ ભોજન પછી ઓડકાર લાવવામાં તેઓ નિષ્ફલ જતા નહિ.

---

* એક સમયે એક પ્રસિદ્ધ યુરોપિયન અધિકારીસાથે રા. રા. ગૌરીશંકરને મુંબઈના ગવર્નર સાહેબને મળવું થયું હતું. તે અધિકારીસંબંધી પ્રસંગ નિકળતાં રા. રા. ગૌરીશંકરે ગવર્નર સાહેબ આગળ નિર્ભયતાથી કહ્યું કે "એઓ સાહેબ ઘણા સારા છે, પરંતુ મિજાજી બહુ છે." મુલાકાત પૂરી થયા પછી તે અધિકારીએ રા. રા. ગૌરીશંકરને નીચે પ્રમાણે ધન્યવાદ આપ્યો હતો. "મારી રૂબરૂ ગવર્નર સાહેબને મારા દોષ કહેવાની તમારી હિમત ચાલી એ કારણથી હું તમને શાબાશી આપું છું."

પોતાના સંબંધમાં આવનાર સર્વ મનુષ્યો—પછી તેઓ કારકુન હોય, અધિકારી હોય કે કુટુંબી હોય—અમુક નિયમને અનુસરીને યંત્રવત્ પ્રવૃત્તિ કર્યા જાય એ તેમની પરમ ઇચ્છાનો વિષય હતો. તેમનો પ્રતાપ એવો પ્રબલ હતો, અને તેમનો પોતાનો દૃષ્ટાન્ત એવો ઉપદેશક હતો કે તેમની સાથે સંબંધમાં આવનાર સર્વ લોકો નિયમભંગથી તેમની અપ્રસન્નતાના ઇષ્ટ ભયમાં રહેતા; તેમ છતાં તેમની સાધુતાનો ઉદ્રેક એટલો બધો હતો, તેમનું સૌજન્ય એવા ઊંચા પ્રકારનું હતું, અને મનુષ્ય માત્રપ્રતિ તેમની મૈત્રી એવી દૃઢ હતી કે તેમના પરિચયમાં આવેલા સર્વ પોતાને તેમના પરમ કૃપાપાત્ર માનતા. તેમની ગેરહાજરીમાં પણ તેમની હાજરી જેવો જ ડર અન્યને લાગતો. રા. ઝવેરીલાલ યાજ્ઞિક લખે છેઃ—

"So faultless, so spotless, so sacred has been his private life that his relatives and friends as well as those who were associated with him in the business of the State, while he was Minister of Bhavnagar, feared lest their weak points, moral or social, should ever reach the ears of the old man. It was not to be wondered at that the good opinion of so stern a disciplinarian should be held in high esteem, when it is remembered that such opinion was a passport to honour and preferment, not merely in Bhavnagar, but in the whole of Kathiawad."

"તેમની ખાનગી જીંદગી એવી નિર્દોષ અને નિષ્કલંક છે કે રાજ્યકાર્યને લીધે તેમની સાથે સંબંધ ધરાવનાર પુરુષોને, તેમ જ તેમના સગાઓને અને મિત્રોને, તેમના સંયુક્ત કારભારદરમ્યાન, ડર રહેતો કે રખેને પોતાનાં નૈતિક અને વ્યાવહારિક અપલક્ષણો એ વૃદ્ધ પુરુષને કાને જાય. આવા ઉગ્ર શાસ્તાનો સદભિપ્રાય એકલા ભાવનગરમાં નહિ, પણ આખા

કાઠિયાવાડમાં સંમાન અને સત્પદવીના સાધનરૂપ હતો એ વાત આપણે જ્યારે સંભારીએ છીએ ત્યારે આપણને આશ્ચર્ય થતું નથી કે તે સદભિપ્રાયની ઉચ્ચ ગણના શામાટે કરવામાં આવતી હતી."

महतां तादृशं तेजो यत्र शाम्यन्त्यनौजसः ।
अस्तं याति प्रकाशेन तारका हि विवस्वतः ॥

સૂર્યના પ્રકાશથી જેમ તારાઓ અસ્ત થઇ જાય છે તેમ ન્યૂન તેજવાળા મનુષ્યોને અસ્ત કરનાર તેજ રા. રા. ગૌરીશંકરના સ્વભાવથા પૂર્ણાંશે હતું; તથાપિ તેમના હૃદયની મૃદુતા ન્યૂન ન હતી. રાજકીય બાબતોમાં રા. રા. ગૌરીશંકરના જે કારકુનો તેમના સમક્ષ અને પરોક્ષ કંપતા અને કંપતા રહેતા તે કારકુનોપ્રતિ તેઓ ઇતર સમયે પોતાના સ્નિગ્ધ મિત્ર અથવા નિકટ સંબંધિવત્ વર્તતા. રાજકોટમાં રાજ્યકાર્યનિમિત્ત રા. રા. ગૌરીશંકરને જે લાંબા વખત સુધી રહેવું થયું હતું તે દરમ્યાન તેઓ અને તેમનું કારકુનમંડલ પ્રતિદિન સાંયકાલે કીર્તન, ધર્મકથા તથા વિનોદવાર્ત્તાને માટે એકત્ર થતું. આ મંડલને "ઉઘાડમથ્થી મંડળી" એ રમુજી નામથી ઓળખાવવામાં આવતું હતું. આવે પ્રસંગે, રા. રા. ગૌરીશંકરની અતિસરલતાને લીધે, અધિકારી કોણ અને કારકુન કોણ એ નક્કી કરવું કઠિન થઈ પડતું હતું.

પોતાથી બહુ ઉતરતા મનુષ્યપ્રતિ જ્યારે રા. રા. ગૌરીશંકરનું વર્તન આવું સરલ હતું, ત્યારે તેમના મિત્રવર્ગપ્રતિ, તથા સમાનપદવીધારી અધિકારીઓપ્રતિ તેમના અભિમાનની ઘણી ગલિતાવસ્થા હોય એ સ્વાભાવિક જ છે. આનો એક ઉત્તમ દૃષ્ટાન્ત શ્રીયુત મનઃસુખરામભાઇ નિવેદન કરે છે:—*

"એ વેલા (સં. ૧૯૨૯ માં) રા. રા. ગૌરીશંકરજી વેદાન્તનું કોઇએક સુન્દર સંસ્કૃત પુસ્તક સાથે લાવ્યા હતા.

* જુઓ "સુજ્ઞ ગોકુલજી સંપત્તિરામ ઝાલા તથા વેદાન્ત," પૃષ્ઠ ૨૪૩–૪.

સુજ્ઞ ગોકુલજીભાઇના મુખથી તેનું શ્રવણ કરવા તેઓની ઇચ્છા હતી. તે પ્રમાણે થતું. વયોવૃદ્ધ ગૌરીશંકરજી ઉપર સુજ્ઞ ગોકુલજીભાઈ પોતાના વડિલજેવો ભાવ રાખી આદરસત્કાર દેતા. તેમ કૃપાલુ ગગાભાઇ પણ તેઓના ઉપર બહુ સ્નેહમમતા રાખતા; એટલું જ નહિ કિન્તુ ગોકુલજીભાઇની જ્ઞાનસમૃદ્ધિને લીધે પૂજ્યબુદ્ધિ પણ રાખતા. રાજકોટમાંથી છૂટા પડતાં પૂર્વે ગૌરીશંકરજીપાસે ગોકુલજીભાઇ આજ્ઞા માગવા ગયા. તે વેલા કૃપાલુ ગગાભાઇએ ગોકુલજીભાઇના જ્ઞાનની બહુ પ્રશંસા કરી અને વિયોગપ્રસંગને લીધે ગદ્‌ગદકંઠ થયા. પછી નીચે નમી પ્રણામ કર્યા. ગોકુલજીભાઇને એ કૃપાલુ ગગાભાઇની ક્રિયા વિપરીતા લાગી અને પોતે લજ્જાવાન્ થઈ વિનતિ કરી કે:— ‘આપની તો મહત્તા છે જ, પરંતુ એમ થયે પ્રત્યવાય માની મારૂં મન સંકોચાઈ પોતાને દૂષિત ગણે. આપની કૃપાદૃષ્ટિ અને આશીર્વાદમાં જ અમારૂં કલ્યાણ છે.’ ઇત્યાદિ. ગગાભાઇએ ઉત્તર દીધું કે:— ‘આપ જ્ઞાનવૃદ્ધ છો, તેથી ગુરુપદપાત્ર છો.’ ઇત્યાદિ.”

सकलगुणभूषा च विनयः (વિનય સર્વ ગુણના ભૂષણરૂપ છે) એ વચન કેવું યથાર્થ અને સરહસ્ય છે! સદ્ગુણમંદિરના શિખરે સુવર્ણકલશરૂપે દીપતો એ ગુણ રા. રા. ગૌરીશંકરમાં પ્રકૃતિસિદ્ધ હતો.

ઔદાર્ય—સત્પુરુષની લૌકિક સંપત્તિ એકલી જ નહિ, પરંતુ તેની શારીર, વાચિક અને માનસ શક્તિઓ પણ પરહિતકરણમાં વ્યાપૃત હોય છે.

किमत्र चित्रं यत्सन्तः परानुग्रहतत्पराः ।
न हि स्वदेहशैत्याय जायन्ते चन्दनद्रुमाः ॥

“સત્પુરુષો પરાનુગ્રહમાં તત્પર હોય છે એમાં શું આશ્ચર્ય છે? પોતાના દેહની ઠંડકને માટે કંઇ ચન્દનવૃક્ષોની ઉત્પત્તિ નથી.” વસ્તુતઃ ચરિતોદારતા તે આ જ છે, અને તે રા. રા. ગૌરીશંકરમાં ઉત્તમ રીતે અભિવ્યક્ત હતી. સુપાત્ર બ્રાહ્મણાદિના ઉત્તેજનમાં, અનાથની અનાથતા ટાળવામાં, વિપત્તિમાન્ વિદ્યાર્થીને

વિદ્યા પ્રાપ્ત કરાવવામાં, રોગીને ઔષધોપચાર મેળવી આપવામા, અનેક હિતકર કાર્યો તથા સંસ્થાઓના સ્થાપન તથા નિર્વહણમાં, સ્વલ્પ સાધનવાળાં સંબંધીઓની આશાઓ પૂરવામાં—એમ અનેક પ્રકારે મહોદાર રા. રા. ગૌરીશંકરની વ્યાવહારિક સંપત્તિ બહુસંખ્ય જનોને ઉપકારક થઈ પડી છે. ભાવનગર રાજ્યના હિતાર્થે તેઓ પોતાના દેહને સંતત કેવો રગદોળતા તે તેમના ચરિતગત વિવિધ પ્રસંગોએ સ્ફુટ કર્યું છે. વાણીથી તેઓ ગુણી જનના ગુણનું વર્ણન કરવામાં હર્ષ માનતા.

नागुणी गुणिनं वेत्ति गुणी गुणिषु मत्सरी ।
गुणी च गुणरागी च विरलः सरलो जनः ॥

સામાન્ય નિયમ એવો છે કે ગુણરહિત મનુષ્ય ગુણીની પરીક્ષા કરી શકતો નથી, અને ગુણી પુરુષ બીજા ગુણી પુરુષોની ઈર્ષ્યા કરવાવાળો હોય છે; પરંતુ જાતે ગુણી હોઈ ગુણવાન્ ઉપર અનુરક્તિ થવી એ ગુણ કોઇક જ સરલ પુરુષમાં જોવામાં આવે છે. રા. રા. ગૌરીશંકરમાં આ વિરલ સરલતા હતી.

તેઓ જાતે વારંવાર નીચેનો શ્લોક ઉચ્ચારી પોતાના ચરિતની ઘોષણા કરતા :—

प्राप्य चलानधिकाराञ्शत्रुषु मित्रेषु बन्धुवर्गेषु ।
नापकृतं नोपकृतं न सत्कृतं किं कृतं तेन ॥

"જગત્‌માં ક્ષણિક અધિકાર પ્રાપ્ત કરીને જેણે શત્રુનો પરાજય કર્યો નહિ, મિત્ર ઉપર ઉપકાર કર્યો નહિ, અને બન્ધુવર્ગનો સત્કાર કર્યો નહિ તેણે શું કર્યું ?" ભાવનગરરાજ્યના ઉદયપ્રતિબંધક અનેક પ્રતિકૂલ પ્રસંગરૂપ શત્રુઓના કિલ્લાને જમીનદોસ્ત કરનાર, પોતાના સ્વદેશીય તેમ જ વિદેશીય વિસ્તીર્ણ મિત્રમંડલને સ્નેહ, ઉપકાર, વિનયાદિ અમોઘ સામગ્રીથી વશ કરનાર, અને પોતાના નાગરબંધુઓની યોગ્યતા બહાર પાડી "નાગર" નામ સર્વત્ર ગજાવનાર, રા. રા. ગૌરીશંકરે પોતાના આ પ્રિય શ્લોકને પોતાના ચરિતથી અન્વર્થ કર્યો છે એમ કયો મતિમાન્ મનુષ્ય નહિ કહે?

બુદ્ધિબલ—રા. રા. ગૌરીશંકરના સમયની રૂઢિપ્રમાણે, તેમની અલ્પ મર્યાદાવાળી કેળવણીને લીધે, અને નાનપણથી તેમના અતિવ્યવસાયવાળા જીવનને લીધે તેમને દીર્ઘ પ્રયાસથી સિદ્ધ થતી ઉચ્ચ પ્રકારની વિદ્વત્તા સંપાદન કરવાનો અવકાશ જ મળ્યો ન હતો, પરંતુ તેમની કેટલીક સ્વભાવસિદ્ધ માનસ શક્તિઓ એટલી બધી પ્રબલ હતી કે આધુનિક વિસ્તીર્ણ વિનયનની ન્યૂનતા તેમનામાં જણાતી નહિ. તેમનું ભણતર અનુભવની મહાપાઠશાલામાંથી સિદ્ધ થયું હતું. પ્રો. મેક્સ મ્યૂલર કહે છે—

"His education would not perhaps have enabled him to pass the Indian Civil Service Examination, and yet what an excellent Civil Servant would he have made? Examinations prevent many evils, but they cannot create or even discover the qualities necessary for a ruler of men."

"રા. રા. ગૌરીશંકરને જેટલી કેળવણી મળી હતી તેટલા ઉપરથી તેઓ કદાચ 'ઇન્ડિયન સિવિલ સર્વિસ'ની પરીક્ષા પસાર કરી શકયા ન હોત, તોપણ તેઓ કેવા ઉત્તમ 'સિવિલ સર્વન્ટ' થઈ શકયા હોત? પરીક્ષાઓથી ઘણા અનર્થો દૂર થાય છે, પરંતુ લોકનાયકને આવશ્યક ગુણો કંઇ પરીક્ષા સર્જી શકતી નથી, એટલું જ નહિ પણ તેમને ઓળી પણ શકતી નથી."

તાત્પર્યનું આકર્ષણ કરવાની શક્તિ રા. રા. ગૌરીશંકરમાં બહુ તીવ્ર હતી, જેના પ્રભાવથી આપણે તેમને એક પક્ષે રાજકીય કાર્યોમાં મુખ્ય મુદ્દાઓને તારવી કાઢી તેને ખંતથી વળગી રહી વિજય મેળવતા, અને બીજે પક્ષે પરમાર્થમાં વેદાન્તજેવા કઠિન શાસ્ત્રના મર્મો સમજવાના સામર્થ્યવાળા જોયા. પરંતુ તેમનું સર્વોત્તમ મનોબલ તો તેમની અદ્‌ભુત સ્મરણશકિતમાં હતું. એ તેમની શક્તિ એટલી અમર્યાદ હતી કે તેમની સાથે સ્વલ્પ પણ પરિચયમાં આવનાર મનુષ્યને તેમનું મગજ અતીત

પ્રસંગોના ભંડારરૂપ જણાયાવિના રહેતું નહિ. ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રસંગનો સંસ્કાર એક વાર તેમના અંતઃકરણઉપર પડ્યો કે તેમની પ્રબલ સ્મૃતિ તેને યથેચ્છ પુનરુપસ્થિત કરતી. જે પુરુષમાં તાત્પર્યગ્રાહક શક્તિનો ઉત્કર્ષ હોય છે પરંતુ સ્મરણશક્તિ ઉત્તમ હોતી નથી, તે પુરુષનું મનોબલ વિશાલતા અથવા વિસ્તારની બાબતમાં અપૂર્ણ રહે છે; જેનામાં સ્મરણશક્તિનો ઉત્કર્ષ હોય છે પરંતુ તાત્પર્યગ્રાહક શક્તિ ઉત્તમ હોતી નથી, તેનું મનોબલ સૂક્ષ્મતા અથવા ગાંભીર્યની બાબતમાં અપૂર્ણ રહે છે. જેમ યથાર્થ મહાપુરુષ નાની તેમ જ મોટી બાબતમાં મહાન્ (great in small things as well as great) હોય છે, તેમ યથાર્થ બુદ્ધિબલસંપન્ન પુરુષની મતિ સૂક્ષ્મ તેમ જ સ્થૂલ વિષયમાં પ્રવેશ કરે છે. રા. રા. ગૌરીશંકરનું મતિબલ આવા પ્રકારનું હતું.

વૃદ્ધાવસ્થામાં પણ રા. રા. ગૌરીશંકરની સ્મરણશક્તિ અલુપ્ત રહી હતી એ અપર આશ્ચર્ય હતું. રા. ઝવેરીલાલ એ સંબંધે સ્વાનુભવથી લખે છે—

"Though eighty-four years old, Mr. Gowrishankar is in possession of mental faculties which still retain their old vigour. His memory is still powerful. His mind is a storehouse of past experiences which he is able to recall at pleasure. In the freshness of light which he throws on the topic before him lies the charm of his conversation. Talk to him about a previous Governor of Bombay, who had visited Kathiawad and whom he had seen, talk to him about a former Political Officer of Kathiawad whom he had known, and you are placed in possession of past reminiscences that give you an insight into the character of that Governor or that Political Officer. Perhaps no living native statesman of Kathiawad has ever, in course of business or otherwise, been brought to the personal notice of the Governors of

this Presidency as Mr. Gowrishankar. He possesses the rare advantage of having known personally Mountstuart Elphinstone, Sir John Malcolm, Sir George Clerk, Sir Bartle Frere and Governors of Bombay from Sir Seymour Fitzgerald to Lord Reay. Regarding most of these Governors he would enliven his hearers by short and pithy anecdotes which cannot but impart point and liveliness to his conversation."

"રા. રા. ગૌરીશંકરનું વય ૮૪ વર્ષનું છતાં તેમની માનસ શક્તિઓ અદ્યાપિ પૂર્વવત્ સમર્થ છે. તેમની સ્મરણશક્તિ હજી પ્રબલ છે. તેમનું મગજ વ્યતીત અનુભવોના સંગ્રહસ્થાનરૂપ છે, જે અનુભવોને તેઓ ઇચ્છાપ્રમાણે પુનઃ ઉપસ્થિત કરી શકે છે. ચાલુ પ્રસંગ ઉપર જે અભિનવ પ્રકાશ તેમનું મગજ પાડી શકે છે તેમાં તેમની વાર્તાનું આકર્ષણ રહેલું છે. કાઠિયાવાડમાં આવેલા અને તેમણે દીઠેલા મુંબઇના કોઇ માજી ગવર્નર વિષે, અથવા તેમના પરિચયવાળા કાઠિયાવાડના કોઇ પૂર્વ પોલિટિકલ એજંટવિષે તેમની સાથે વાત ઉપાડવાથી તમને અનુભવ થશે કે રા. રા. ગૌરીશંકર તમને એવા વ્યતીત પ્રસંગો કહી બતાવે છે કે જેથી તમે તે ગવર્નર અથવા રાજકીય અમલદારના ચરિતમાં સૂક્ષ્મ પ્રવેશ કરી શકો. રાજકીય કાર્યસંબંધમાં અથવા તો બીજી રીતે, આ ઇલાકાના ગવર્નરોના લક્ષમાં રા. રા. ગૌરીશંકરને જેટલું આવવું થયું છે તેટલું ઘણું કરીને કાઠિયાવાડના આધુનિક કોઇ પણ રાજનીતિજ્ઞ પુરુષને આવવું થયું નથી. માઉંટસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન, સર જોન માલ્કમ અને સર બાર્ટલ ફ્રીયર સાથે, તથા સર સેમોર ફિટ્ઝેરલ્ડથી માંડી લોર્ડ રે સુધીના મુંબઇના ગવર્નરો સાથે સાક્ષાત્ પરિચય હોવાનો વિરલ લાભ એમને મળ્યો છે. એમાંના ઘણા ખરા ગવર્નરોસંબંધી માર્મિક ટુચકાઓ કહી તેઓ પોતાના શ્રોતાઓને વિનોદ પમાડે છે, અને આથી તેમની વાર્તા અવશ્ય વેધક અને રસવાળી થાય છે."

રા. રા. ગૌરીશંકરની હૃદયંગમ વાર્તાશૈલીથી લોર્ડ રે જેવા પુરુષોઉપર જે અસર થઇ હતી તે પૂર્વે આવી ગયું છે. એ સંબંધમાં તેમ જ રા. રા. ગૌરીશંકરના સૌજન્યોદ્રેકસંબંધમાં કાઠિયાવાડના માજી આસિસ્ટંટ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર રા. બ. ગોપાળજી સુરભાઈ "કાઠિયાવાડની તથા ભાવનગરની કેળવણી-ખાતાની સને ૧૮૭૮–૭૯ સુધીની હકીકત" એ નામના રીપોર્ટમાં લખે છે:—

"ખરૂં જોઇએ તો આજમ ગૌરીશંકરભાઈના સુધારાને લીધે ભાવનગર ઓળખાયું, અને ભાવનગરને લીધે કાઠિયાવાડ દુનિયામાં જાહેરમાં આવ્યું. એ દીવાન સાહેબે અગરજો આ જમાનાની કેળવણી લીધી નથી, અને ફક્ત ગામઠી નિશાળે જ ભણેલા તોપણ ઘણી ઉંચી કેળવણી પામેલા કારભારીઓના કરતાં એમની નજર વધારે પહોંચતી. એમની સ્વાભાવિક શક્તિની ખીલવણી પણ વહેલી પોતાની મેળે સારી થઈ જણાય છે એ જ મોટી આનંદઆશ્ચર્યની વાત છે. એમને 'કાઠિયાવાડમાં દરેક સુધારાના પાયોનીઅર (અગ્રેસર)'નો ઇલકાબ આપીએ તો લાયક છે........

એમની સાથે થોડા વખતની મુલાકાતમાં પણ ગમે તે ખાતાનો દેશી કે યુરોપીઅન અમલદાર હરકોઇ ખાતાનો પ્રસંગ કાઢી વાત કાઢે તો તે ખાતાની નાની મોટી તમામ બાબત જૂની યા નવી હોય તોપણ સર્વજ્ઞની માફક આજમ ગૌરીશંકર એવી ત્વરાથી પોતે તે સંબંધી માહેતી બતાવે તથા નવી સૂચના કરે કે પેલો અનુભવી અમલદાર, પોતાના ખાતાનું ખાસ જ્ઞાન છતાં, ગભરાટમાં પડી જઇ એ દીવાન સાહેબની ચાલાકીથી હેરત પામ્યા વિના રહે નહિ. કોઇ પણ અમલદાર કે ગૃહસ્થ એવો નથી આવ્યો કે ભાવનગરનો સુધારો અને આજમ ગૌરીશંકરના વિવેક, નમ્રતા અને ચાલાકીથી ખુશી થયો ન હોય.

એમના બધા ઉત્તમ ગુણોમાં એક ગુણનાં જેટલાં વખાણ કરીએ એટલાં ઓછાં છે. તે એ કે હરકોઇ જાતનો ગમે તે દેશનો માણસ હોય તોપણ તેનામાં સારા ગુણ અને ચાલાકી દેખે તો તેને ઘટારત ઉત્તેજન આપી હરેક રીતે તેનું સારૂં થાય એવી જાતની તેને મદદ કરે. ગુણ આગળ પોતાનો વહાલો દીકરો હોય કે ગમે તેવો પાસેનો સગો હોય તો તેની દરકાર ન રાખતાં તે માણસને તેના ગુણપ્રમાણે ઉત્તેજન આપે. એ ગુણ સમદૃષ્ટિનો ઘણો વખાણવા લાયક છે. પોતાનું ગળું કાપવાનો પ્રયાસ કરનાર ઉપર પણ દયા રાખી તેને માફ કરી તેને રૂડે રસ્તે ચઢાવતાં (તેઓ) જોવામાં આવ્યા છે. એ રૂડા દીવાનની જે અનુપમ કીર્ત્તિ બંધાઈ છે તેમાં આ ગુણે કંઇ થોડો ભાગ લીધો નથી.

એમના જેવા ઉદાર સ્વભાવના, સાચાબોલા, પ્રમાણિક, લાંબી નજરવાળા, અને રાજકારભારને લાયક જે ગુણ જરૂરના છે તેથી સુશોભિત દીવાન કાઠિયાવાડમાં થોડા જ થયા હશે."

એક પ્રસંગે આ લેખકના એક નિકટ સંબંધીને વૃદ્ધ રા. રા. ગૌરીશંકરના સમાગમનો યોગ આવ્યો હતો. જન્મ, જ્ઞાતિ, કુલવિગેરે સંબંધી પૃચ્છા કર્યા પછી રા. રા. ગૌરીશંકરે તેમને કહ્યું કે "અમારે અને તમારે જૂનું ઓળખાણ છે. સુરત અમે રહેલા તે અરસામાં તમારા દાદા——નો સમાગમ અમને થતો. અમે તમારે ત્યાં શ્રીખંડપૂરી જમ્યા છીએ." આ શ્રીખંડપૂરીનો પ્રસંગ આસરે ૬૦ વર્ષ અગાઉ બન્યો હતો, અને તે જાણે તાજો જ બન્યો હોય, તેમ તેનું કથન કરનાર રા. રા. ગૌરીશંકરની અદ્‌ભુત સ્મરણશક્તિથી તે પુરુષને તત્કાલ ચકિતભાવ થયો એ કહેવાની આવશ્યકતા નથી.

રાજનીતિજ્ઞતા—મુક્તિના સરલ સાધનરૂપ સંગીતશાસ્ત્રનો મહિમા પંચમ વેદસમાન મનાયલો હોવા છતાં, આપણા દેશમાં આધુનિક કાલમાં એ વિદ્યા પ્રધાનપણે અયોગ્ય

પાત્રગત હોવાથી જેમ તેનો વિનિપાત થયો છે, તેમ કુટિલપણે રાજ્યાધિકાર ચલાવનાર મનુષ્યોના પ્રસંગે પ્રસંગે પ્રાદુર્ભાવને લીધે 'રાજનીતિ'નો શુભ અર્થ સર્વ દેશમાં ન્યૂનાધિક ભ્રંશને પામ્યો છે એ શોચનીય છે. ઉદાહરણરૂપે ઇંગ્રેજીમાં Political શબ્દ, જે વસ્તુતઃ રાજનીતિજ્ઞનો વાચક છે, તે શનૈઃ શનૈઃ ખટપટીનો વાચક થયો છે. જનસમાજમાં જેમ પ્રજાઓની ઉન્નતિ-અવનતિ થયા કરે છે તેમ દેશકાલઉપાધિને લીધે કેટલાક શબ્દનો ઉચ્ચાધિકાર તથા ભ્રંશ થયા કરે છે. ભ્રષ્ટ શબ્દાર્થને પુનઃ તેના ઉચ્ચપદે સ્થાપનાર અસાધારણ વ્યક્તિઓનો અવિર્ભાવ જો પ્રસંગે પ્રસંગે થતો ન હોય તો સમય જતાં વિદ્યાનું અવિદ્યામાં અને કલાનું કપટમાં રૂપાંતર થયાવિના રહે નહિ. એવી અસાધારણ વ્યક્તિઓમાં રા. રા. ગૌરીશંકરનો સમાવેશ થાય છે. પ્રથમ પ્રકરણમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે રાજનીતિને અંગે પ્રપંચ કરવામાં પ્રવીણતા, કાવતરાં કરવામાં કુશલતા, ખટપટી સ્વભાવ, વક્રવર્તન, સ્વાર્થાંધતા, પરાર્થની ઉપેક્ષા, અંતઃકરણમાલિન્યઆદિ અશુભ ગુણોસંબંધી સામાન્ય જનસમુદાયમાં જે ભ્રાંતિ પ્રવર્તતી જોવામાં આવે છે તેનો નિરાસ રા. રા. ગૌરીશંકરે પોતાની ઉત્તમ નિષ્કલંક રાજનીતિથી પોતાના ચરિતમાં કર્યો છે. રાજા પ્રજાના ઉત્તમ હિતની ઉચ્ચ પવિત્ર ભાવના, જે શુદ્ધ રાજનીતિનું પ્રથમ લક્ષણ છે, તે રા. રા. ગૌરીશંકરના ચરિતમાં પ્રતિપદે પ્રકાશી રહે છે. એ ઉચ્ચ ભાવના સિદ્ધ કરવામાં જે જે સામગ્રીની અપેક્ષા છે તે તે સામગ્રીનો યથાદેશ યથાકાલ સમીચીન પ્રયોગ રાજનીતિને એક ભવ્ય કલાની પદવીએ સ્થાપે છે.

એ સામગ્રીમાં રાજનીતિવિદ્ પુરુષને પ્રથમ તો ઉત્તમ પ્રકારની કાર્યશક્તિની અપેક્ષા છે; અંગીકૃત કાર્યમાં અખંડિત ઉત્સાહની જરૂર છે; પ્રબલ પ્રતિબંધોથી અવિચાલ્ય રહેવારૂપ ધૈર્યની આવશ્યકતા છે; દેશકાલબલનું હસ્તામલકવત્ જ્ઞાન તેને હોવું ઘટે છે; મનુષ્યપ્રકૃતિજ્ઞાન તથા તેના ફલિતરૂપે વિવિધ

મનુષ્યોના વિવિધ અધિકારોનો નિર્ણય એ તેનો પાઠ છે; જનતાને આંગળીને ટેરવે નચાવવાનું સિદ્ધ નાયકનું લક્ષણ તેનામાં સહજસિદ્ધ હોય છે; કવચિત્ નમીને તો કવચિત્ નમાવીને વિરોધી મનુષ્યોનો વિરોધ શમાવવાના ચાતુર્યનો તેને વારંવાર પ્રયોગ કરવો પડે છે; ભવિષ્યની પ્રજાને ઉપભોગ્ય વૃક્ષોનું બીજારોપણ, ઉત્તમ કૃષિકારની પેઠે, દીર્ઘદૃષ્ટિ પહોંચાડી પૂર્વથી કરવું પડે છે; સામાન્ય વ્યવહારમાં ઉઘાડા દીલનું વર્તન રાખવા સાથે અનેક ગોપનીય પ્રસંગો, સમુદ્રની પેઠે, મહોદરથી ગુપ્ત રાખવા પડે છે; લોકરુચિને માન આપવા સાથે લોકરુચિના નિયામકનું દુર્ઘટ કાર્ય કરવું પડે છે; કેટલાક ફેરફારો शुभस्य शीघ्रम् ના નિયમે અધૈર્ય સેવી સત્વર કરવાના હોય છે તો કેટલાક ફેરફારો ધૈર્ય સેવી આગામી સમયને સમર્પણ કરવાના હોય છે; अन्तरेको बहिर्नाना અંતરમાં અવિકાર છતાં સર્વ મનુષ્યો અને સર્વ સ્થિતિને અનુરૂપ થવાની જે નિપુણતા જીવન્મુક્ત પુરુષ પરમાર્થમાં સંપાદન કરે છે તે રાજનીતિજ્ઞ પુરુષને વ્યવહારમાં સંપાદન કરવાની હોય છે.

આવી દુઃસાધ્ય રાજનીતિકલામાં રા. રા. ગૌરીશંકરે પોતાની નિષ્ણાતતા ઉત્તમ પ્રકારે સિદ્ધ કરી છે. રાજકુલમાં અનેક ભારે વિરોધોના પ્રસંગો શમાવી શાંતિ પ્રસારવી; સાર્વભૌમ સત્તાસાથે અનેક સંઘર્ષના પ્રસંગોમાંથી, અનુનયમિશ્રિત સ્વાતંત્ર્યથી, ભવ્ય વિજય મેળવી નીકળવું; જે ઠેકાણે સુધારાનું નામ નહિ તે સ્થલને સુધારાના નમુનારૂપ બનાવવું; અને એક સામાન્ય તાલુકાનું સુસમૃદ્ધ સંસ્થાનમાં રૂપાંતર કરવું એમાં કંઇ સાધારણ રાજનીતિચાતુર્યની અપેક્ષા નથી. અને એ બધા સુધારા રા. રા. ગૌરીશંકર એક જ ઉચ્ચ અધિકારઉપર આરૂઢ રહીને નહિ, પરંતુ પીલ સાહેબે પોતાના રાજકોટના ભાષણમાં જણાવ્યા પ્રમાણે વિવિધ આયાસમય પદવીઓ ભોગવી, મારફાડ કર્યા વિના, એકંદરે બહુ શાંતિથી કરી શક્યા એ તેમનું અત્યંત અભિનંદનીય ચાતુર્ય સૂચવે છે. કલમ, કડછી, અને બરછી એ ત્રિવિધ નાગરનો અધિકાર, જે લોકોક્તિમાં કહેવાય છે, તે તેમણે સાક્ષાત્ સિદ્ધ કર્યો હતો. તેમના ચરિતમાં એક સમય

એવો હતો કે એક સામાન્ય કારકુનતરીકે તેમને નીચી મુંડી ઘાલી લખ્યા કરવું પડતું હતું, અન્ય સમય એવો હતો કે અનેક કષ્ટપ્રદ પ્રવાસમાં આહારસિદ્ધિ પણ તેમને આયાસ વેઠી કરી લેવી પડતી હતી; એક સમય એવો હતો કે પોલીસ ખાતાના અંગરૂપે તેમને કેડે તરવાર બાંધવી પડતી હતી, અન્ય સમય એવો હતો કે તેમની કલમના શેરાઉપર અનેક અત્યંત મહત્ત્વની બાબતો અવલંબી રહી હતી; એક સમય એવો હતો કે પોતાના સંસ્થાનઅર્થે વિજયપરંપરાઓ મેળવવાના પ્રયાસમાં તેમને બ્રિટિશ ન્યાયાધીશો, કાઠિયાવાડના પોલિટિકલ એજંટો તથા મુંબઇના ગવર્નરો સમક્ષ ઉભા રહેવું પડતું હતું, અન્ય સમય એવો હતો કે અનેક ભવ્ય વિજયને પ્રાપ્ત થયલા પરંતુ અભિમાનથી સદા શત યોજન દૂર રહેનારા એવા તેમની સલાહની રાહ અનેક સંસ્થાનાધીશો ચાતકની પેઠે જોયા કરતા હતા; એક સમય એવો હતો કે તેઓ પોતાની સ્વતંત્ર સત્તાથી પ્રધાનપદનું નિર્વહણ કરતા હતા, અન્ય સમય એવો હતો કે ભાવનગરનો રાજ્યકારભાર ચલાવવામાં તેઓ એક વિદેશીય અધિકારી સાથે જોડાયલા હતા.

રા. રા. ગૌરીશંકરનો નિષ્કલંક કારભાર તથા તેમની બહુદેશી દક્ષતા વર્ણતાં રા. ઝવેરીલાલ કહે છે—

"For Mr. Gowrishankar to have maintained his policy, his principles, and his prestige intact and unstained by a single wrongful or questionable act during an unbroken period of fifty-five years, for him to have retained the esteem and confidence of each successive ruler of Bhavnagar on the one hand and of the Political Agent of Kathiawad on the other during all that time, shows vigilance, tact and a degree of political courage and sagacity which were very rare in those days...... He was a constant referee of many Chiefs, Zemindars, Nobles, and Bhayads in the Province. What made his advice so valuable to all was its singular disinterestedness and the transparent purity of his motives......His

influence was found to be invariably and unerringly exerted in putting an extinguisher to private feuds and disagreements among a wide and widening circle of relatives, friends and members of his caste. To promote harmony among them he often made personal sacrifices."

"રા. રા. ગૌરીશંકર પોતાની રાજનીતિને, પોતાના સિદ્ધાન્તોને તથા પોતાની પ્રતિષ્ઠાને, એક પણ અયોગ્ય અથવા શંકા કરવા યોગ્ય કૃત્યથી કલંકિત થયાવિના, પંચાવન વર્ષના અખંડ સમયસુધી, જેવી ને તેવી જાળવી શક્યા, અને તે લાંબા સમયસુધી એક પક્ષે ભાવનગર સંસ્થાનમાં વારાફરતી આવતા પ્રત્યેક અધીશની* તથા બીજે પક્ષે કાઠિયાવાડ પ્રાંતના તે સમયના

---

* સને ૧૮૬૦માં પ્રકટ થયલા પોતાના *Essays on the External Policy of India* (હિંદુસ્તાનની બાહ્ય રાજ્યનીતિવિષે નિબંધો) એ નામના પુસ્તકમાં જે. ડબલ્યુ. એસ. વાઇલી સાહેબ મહારાજા શ્રીજશવંતસિંહજીની કારકીર્દીમાં રા. રા. ગૌરીશંકરના પ્રધાનપદવિષે તથા ભાવનગરની સ્થિતિવિષે નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે:—

"He has the fortune to command the services of the most enlightened and upright Chief Minister in the Province, and the good sense not to quarrel with him. Commerce has been the traditional policy of the State for a considerable period, and on this common field of enterprise, Bhavnagar has been brought into close and frequent contact with our own traders of Bombay and Surat; the natural consequence being that Bhavnagar has become honourably identified among Kathiawad feudatories with the cause of progress and civilisation."

"કાઠિયાવાડ પ્રાંતમાં સર્વથી સુધરેલા અને પ્રામાણિક મુખ્ય પ્રધાનની સેવા તેઓ (મહારાજા) ફરમાવી શકે છે એ તેમનું સુભાગ્ય છે, અને તેની સાથે તેઓએ વિરોધ કર્યો નથી એ તેમનું ડહાપણ છે. ઘણા વખત થયાં વ્યાપાર ભાવનગર સંસ્થાનનો સંપ્રદાય છે, અને આ સમાન સાહસવિષયને લીધે મુંબઈ તથા સુરતના આપણા પોતાના વ્યાપારીઓ સાથે ભાવનગર વારંવાર નિકટ સંબંધમાં આવ્યું છે; એનો પરિણામ એ થયો કે કાઠિયાવાડ પ્રાંતના દેશી રાજ્યોમાં ઉન્નતિ અને સુધારાસાથે ભાવનગરનું નામ માન પુરઃસર જોડવામાં આવ્યું છે."

પોલિટિકલ એજંટની પ્રીતિ તથા વિશ્વાસને નિભાવી શક્યા એ તેમની સાવધાનતા, ચાતુર્ય, રાજનીતિમાં શૂરતા અને વિચક્ષણતા, જેની તે સમયમાં બહુ વિરલતા હતી, તે સિદ્ધ કરી આપે છે...............તેઓ કાઠિયાવાડ પ્રાંતના અનેક રાજાઓ, જમીનદારો, અમીરો અને ભાયાતોના સ્થાયી સલાહકાર હતા. તેમની સલાહ સર્વેને આટલી બધી કીમતી જણાવવાનું કારણ તેમની અસાધારણ નિઃસ્વાર્થતા તથા તેમના આશયની અતિસ્પષ્ટ શુદ્ધતા હતી........સંબંધીઓ, મિત્રો તથા જ્ઞાતિબંધુઓના વિસ્તીર્ણ અને વધતા જતા મંડલમાં ખાનગી તકરારો તથા વિરોધોના પ્રસંગો શમાવવામાં તેમની પ્રતિષ્ઠાનો નિરંતર અને અસ્ખલિતપણે ઉપયોગ થતો. તેમનામાં સંપની વૃદ્ધિ કરવા અર્થે તેઓ વારંવાર જાતે નુકસાન સહન કરતા."

રા. રા. ગૌરીશંકરની સ્તુત્ય સ્વાતંત્ર્યયુક્ત રાજનીતિસંબંધે સર જોન જાર્ડિન સાહેબ લખે છે—

"I am informed by the English gentleman who knew him best that devotion to the State of Bhavnagar was the leading principle of his life ; yet that does not imply that he gave into all the wishes of the five Chiefs he served. He firmly and constantly, and in the end successfully, opposed one of them who, under the influence of a favourite wife, wanted to dismember the State by granting whole counties away to two younger sons. It is true that the Minister always, both before and after the Indian Mutiny, kept to the policy of being on the best of terms with the British Government ; but none the less did he dissuade British officers from pushing their improvements too soon or too strongly on a backward, warlike, conservative province of the Empire......The Bhavnagar Minister did not venture on all progress at once."

"જે ઇંગ્રેજ સદ્‌ગૃહસ્થ એમને ઉત્તમ રીતે જાણતા હતા તેઓ મને જણાવે છે કે ભાવનગરરાજ્યની એકનિષ્ઠાપૂર્વક સેવા એ તેમના જીવનનો મુખ્ય સિદ્ધાન્ત હતો. પરંતુ તેનો અર્થ એવો નથી થતો કે જે પાંચ રાજાઓની સેવા તેમણે કરી હતી તેમની સર્વ પ્રકારની ઇચ્છાઓને તેઓ વશ વર્તતા હતા. તે રાજાઓમાંના એક, કે જે પોતાની માનીતી રાણીના સમજાવવાથી બે ફટાયાઓને આખાં પરગણાં આપી દઈ સંસ્થાનના કટકા કરી દેવા માગતા હતા, તેમની સામો પક્ષ તેઓએ દૃઢતાથી અને નૈરંતર્યથી લીધો, અને આખરે તેઓ તેમાં વિજય પામ્યા. ૧૮૫૭ના બળવાની પૂર્વે તેમ જ પછી, એ મુખ્ય પ્રધાન ઇંગ્રેજ સરકાર સાથે ઉત્તમ સંબંધ રાખવાની પોતાની નીતિને વળગી રહ્યા હતા એ ખરૂં છે; તેમ છતાં પણ તેઓ બ્રિટિશ અમલદારને કાઠિયાવાડ જેવા પછાત, લડાયક અને પ્રાપ્તસ્થિતિપાલક વસતિવાળા પ્રાંતમાં અત્યંત ઉતાવળ કરી અથવા અત્યંત આગ્રહથી, સુધારાઓ દાખલ કરતાં નિવારતા . . . . . ભાવનગરના એ પ્રધાને એકદમ સઘળો સુધારો કરવાનું સાહસ કર્યું નહિ."

જે સંયુક્ત કારભારને લીધે ભાવનગરસંસ્થાનનો યશ દેશવિદેશ પ્રસર્યો હતો તે સંબંધી જાર્ડિન સાહેબ લખે છે—

"It is a matter of history that the experiment of Joint Administration, the marriage of two minds, European and Oriental, was in all ways a success, and the credit must be shared between them. The Chief and his Minister were rewarded with the favour of the Crown."

"ભાવનગરનો સંયુક્ત કારભાર, કે જે પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય પ્રકૃતિઓના સંયોગરૂપ હતો, તે સર્વાંશે સફલ થયો એ વાત ઇતિહાસપ્રસિદ્ધ છે, અને તેનો ધન્યવાદ ઉભય સંયુક્ત કારભારીઓને ઘટે છે. ભાવનગરના મહારાજાને તથા તેમના મુખ્ય પ્રધાનને સાર્વભૌમ સત્તાના અનુગ્રહરૂપ નિષ્ક્રય મળ્યો."

રા. રા. ગૌરીશંકરની આવી ઉત્કૃષ્ટ રાજનીતિકલા વિચારતાં એક જ ઉદ્દગાર આર્યભૂમિના અનુરાગીઓનાં અંતઃકરણમાંથી નિકળવો ઘટે છે, તે એ કે—'તેમની બુદ્ધિની વિશાલતાના પ્રમાણમાં મહાન્ સંસ્થાનનું મુખ્ય પ્રધાનપદ તેમને પ્રાપ્ત થયું હોત તો તેમના પરાક્રમ અને તેમની પ્રખ્યાતિની પ્રૌઢતા કેટલી બધી વધી હોત!'

તત્ત્વદૃષ્ટિ—અસત્યોપજીવી વ્યાવહારિક દૃષ્ટિપ્રમાણે વિત્ત-વિદ્યા-વિખ્યાતિ-કલત્ર-પુત્ર-ક્ષેત્રાદિથી ગ્રથિત સંસાર જીવનું સર્વસ્વ છે: સત્યોપજીવી તત્ત્વદૃષ્ટિપ્રમાણે સમગ્ર વિશ્વ અશાશ્વત હોવાથી તિરસ્કારને પાત્ર છે, અને યથાર્થ શ્રવણ, મનન, નિદિધ્યાસન તથા દર્શનને યોગ્ય પરમાત્મસ્વરૂપ જ છે. પ્રવીણ પાશ્ચાત્ય તત્ત્વશોધક હક્સ્લિ કહે છે—

"As no man fording a swift stream can dip his foot twice into the same water, so no man can, with exactness, affirm of anything in the sensible world that it is. As he utters the words, nay, as he thinks them, the predicate ceases to be applicable; the present has become the past, the 'is' should be 'was.'"

"વેગથી વહેતા ઝરાને ઓળંગનાર મનુષ્ય જેમ એક જલસમુદાયમાં પોતાના પગ બે વાર બોળી શકતો નથી, તેમ કોઇ પણ પુરુષ પ્રતીયમાન વિશ્વગત કોઇ પણ પદાર્થવિષે યથાર્થ રીતે એમ કહી શકે નહિ કે 'એ છે.' એ શબ્દનો તે ઉચ્ચાર કરે છે—ઉચ્ચાર તો શું, પરંતુ વિચાર કરે છે—એટલામાં તો ક્રિયાપદ લાગુ પડતું બંધ થાય છે; વર્તમાનકાલનું ભૂતકાળમાં રૂપાંતર થઇ જાય છે; 'છે' ને બદલે 'હતો' એમ કરવું પડે છે."

નામરૂપાત્મક જગત્ આ પ્રમાણે અત્યંત ચલ છે, અને જેના આધારથી પ્રતીતિમાત્રનો સંભવ છે તે સચ્ચિદાનન્દઘન

પરમાત્મતત્ત્વ જ અવિચલ છે. એ તત્ત્વની લક્ષણાવિનાનું જીવન વ્યવહારદૃષ્ટિથી ગમે તેવું વિખ્યાત અને વિક્રાન્ત હોય તોપણ વસ્તુવિચારથી તુચ્છ છે એ આર્યશાસ્ત્રની ઘોષણા છે. રા. રા. ગૌરીશંકરે આ શાસ્ત્રઘોષણાને અત્યંત પવિત્ર તથા પૂર્ણ શ્રદ્ધાથી અનુસરણીય ગણી, સદસદ્વિવેકરૂપ તૃતીય દિવ્ય લોચન સંપાદન કરી, પોતાની સંન્યાસદશાના સારભૂત, સત્, ચિત્ અને આનંદતત્ત્વમાં વૃત્તિસમૂહને વિલાવી, નશ્વર સ્થૂલનો ઉત્સર્ગ કર્યો એ તેમનું મહાપરાક્રમ, મહાવિભવ અને મહાકીર્તિ દર્શાવે છે.

વિશ્વવિખ્યાત પ્રધાનધુરંધર ગ્લેડ્સ્ટનસાથે તુલનાપુરઃસર રા. રા. ગૌરીશંકરનો ચરિત્રવિભવ વર્ણતાં પ્રોફેસર મેક્સ મ્યૂલર કહે છે—

" Like Mr. Gladstone, Gowrishankar became known in India as the Grand Old Man, or, better still, as the Good Old Man, and, like Mr. Gladstone, he represents in himself a striking combination of the thinker and the doer, of the meditative and the active man......

Plato's dictum, which has so often been ridiculed, that philosophers are the true rulers of men, has indeed been signally vindicated in Gowrishankar's case. And his philosophy was not what may be called useful philosophy—a knowledge of nature and its laws......No; it consisted in the most abstruse metaphysics which would turn even the hardened brains of some of our best philosophers perfectly giddy. And yet that very philosophy, so far from unfitting Gowrishankar for his arduous work, gave him the proper strength for doing and doing well whatever from day to day his hands found to do. He felt the importance of his official work

to the fullest extent, but he always felt that there was something more important still. Though devoting all his powers to this life and its duties, he felt convinced that this life would soon pass away, that there was no true reality in it, and that there was behind, beneath, and above, another and higher life which alone was worth living......

While with us an old Prime Minister clings to the end to his political interests, and loves to be surrounded and amused by those who belong to him, we see here a real hero of thought who, freed from all desires, turns his eyes away from the whole world to dwell only on what is eternal and unchangeable, the Paramatman—the Highest Self."

"મિ. ગ્લેડ્સ્ટનની પેઠે રા. રા. ગૌરીશંકર હિંદુસ્તાનમાં મહાન્ વૃદ્ધ પુરુષરૂપે, અથવા તો તેથી ઉત્તમ સુજ્ઞ વૃદ્ધ પુરુષ-રૂપે, વિખ્યાત થયા, અને મિ. ગ્લેડ્સ્ટનની પેઠે તેમના ચરિતમાં તત્ત્વવિચારક અને વ્યવહારકર્તા, ધ્યાની અને કર્મી—એ ઉભયનું મનોહર મિશ્રણ જોવામાં આવે છે.

તત્ત્વવેત્તાઓ જ જનમંડલના વાસ્તવિક શાસ્તા છે એ પ્લેટોનો સિદ્ધાન્ત, જેને વારંવાર હસી કાઢવામાં આવ્યો છે, તેનું ખરેખર રા. રા. ગૌરીશંકરનું જીવનમાં નિર્વિવાદ સમર્થન થયું છે. અને રા. રા. ગૌરીશંકરનું તત્ત્વજ્ઞાન, જેને આપણે સૃષ્ટિ અને તેના નિયમોનું વ્યવહારોપયોગી જ્ઞાન કહીએ છીએ, તે ન હતું........નહિ; તેમનું તત્ત્વજ્ઞાન એવા અતિકઠિન તત્ત્વવિચારોનું બનેલું હતું કે જે વિચારો કરતાં આપણા કેટલાક ઉત્તમ તત્ત્વ-શોધકોનાં ઘડાયલાં મગજને પણ પૂર્ણાંશે ચક્કર આવી જાય. અને તે જ તત્ત્વજ્ઞાન, રા. રા. ગૌરીશંકરને પોતાના આયાસમય કાર્યને માટે અયોગ્ય કરવાને બદલે, પ્રતિદિન પોતાના કર્તવ્યને

કરવા માટે, અને સારી રીતે કરવા માટે, યોગ્ય સામર્થ્ય આપતું. રાજ્યસંબંધી પોતાના કર્તવ્યનું મહત્ત્વ તેઓ સંપૂર્ણ રીતે સમજતા હતા, પરંતુ તેમને નિરંતર વિચાર આવતો કે એથી પણ મહત્ત્વવાળું બીજું કંઇ છે. વર્તમાન જીવન અને તેના કર્તવ્ય પાછળ પોતાની સઘળી શક્તિઓ સમર્પણ કરવા છતાં તેઓ નિશ્ચયપૂર્વક માનતા કે આ જીવનનો સત્વર અંત આવશે, તેમાં પારમાર્થિક સત્યતા નથી, તેની પાછળ, નીચે અને ઉંચે એક બીજું ઉચ્ચતર ચૈતન્યમય જીવન છે, અને તદાકાર થઈ રહેવું એ જ કર્તવ્ય છે...........

આપણા દેશમાં જ્યારે વૃદ્ધ મુખ્ય પ્રધાન છેવટસુધી પોતાના રાજકીય વિષયોને વળગી રહે છે, અને પોતાના અનુયાયીઓથી વિંટળાઈ તેમના પાસે પોતાના મનનું રંજન કરાવવા ઇચ્છે છે ત્યારે રા. રા. ગૌરીશંકરના ચરિતમાં આપણને એવા એક તત્ત્વવિચારવીર પુરુષનું દર્શન થાય છે કે જે, સર્વ વાસનાઓથી મુક્ત થઈ, સમગ્ર દૃશ્યપ્રપંચથી પોતાની વૃત્તિને વિમુખ કરી, નિત્ય અને નિર્વિકાર પરમાત્માનું ધ્યાન કરે છે."

એક સંસ્કૃત વિદ્વાન્ યથાર્થ જ કહે છે :—

धर्मे तत्परता मुखे मधुरता दाने समुत्साहिता
मित्रेऽवञ्चकता गुरौ विनयिता चित्तेऽतिगम्भीरता ।
आचारे शुचिता गुणे रसिकता शास्त्रेऽतिविज्ञानिता
रूपे सुन्दरता हरौ भजनिता सत्स्वेव संदृश्यते ॥

"ધર્મવિષે તત્પરતા, વાણીવિષે મધુરતા, દાનમાં ઉત્સાહ, મિત્રપ્રતિ નિષ્કપટતા, ગુરુપ્રતિ નમ્રતા, ચિત્તવિષે અતિગંભીરતા, આચારમાં પવિત્રતા, ગુણઉપર અનુરાગ, શાસ્ત્રસંબંધી સંપૂર્ણ વિજ્ઞાન, આકૃતિવિષે મનોહારિતા, અને પરમાત્માવિષે ભક્તિ એ સત્પુરુષોમાં જ જોવામાં આવે છે."

સત્પુરૂષનાં આ સમગ્ર લક્ષણ રા. રા. ગૌરીશંકરમાં હતાં, અને તેઓએ પોતાનું જીવન ઉત્તમ રીતે સાર્થક કરી બીજાને પોતાનાં જીવન સાર્થક કરવાનો માર્ગ ઉપદિષ્ટ કર્યો છે. તેમના જેવા અનેક સત્પુરુષદીપકો પુણ્ય ભરતભૂમિમાં સર્વત્ર મંગલમય પ્રકાશ પ્રસારવા પ્રકટો એ શ્રીપરમાત્માપ્રતિ પ્રાર્થના છે.

परिशिष्ट १.

રા. રા. વિજયશંકર ગૌરીશંકર ઓઝા (પ્રકરણ ૮).

રા. રા. વિજયશંકર ગૌરીશંકર ઓઝાનો જન્મ ગોઘા ગામમાં સં. ૧૮૯૪ માર્ગશીર્ષ સુદિ ૯, ઇ. સ. ૧૮૩૮ માં થયો હતો. તેમણે ગોઘાની નિશાળમાં ગુજરાતી અભ્યાસ કર્યો હતો, અને ત્યાંના પાદરી સાહેબોની પાસે ખાનગી કેટલુંક ઇંગ્રેજી જ્ઞાન મેળવ્યું હતું. પ્રથમ તેઓ ભાવનગર સંસ્થાનના રાજકોટખાતે દરબારી વકીલના દફતરે નોકરીમાં દાખલ થયા. ત્યાર પછી અનુક્રમે ભાવનગરમાં મુલકી દફતરખાતે, કુંડલા તથા મહુવા મહાલના વહીવટદારતરીકે, ભાવનગર સંસ્થાનના વસુલાતી અધિકારીતરીકે, તથા આસિસ્ટંટ કારભારીના અધિકારઉપર તેઓ નિમાયા હતા. વસુલાતી અધિકારીના અધિકારસંબંધમાં, મહુવા પ્લાન્ટેશન સંબંધમાં, કેળવણીના ઉત્તેજનસંબંધમાં તથા પ્રાચીન શોધસંબંધમાં તેમનાં અનેક શુભ કૃત્યોવિષે આ પુસ્તકની અંદર યોગ્ય સ્થલે ઉલ્લેખ થઈ ગયો છે.

ત્યાર બાદ ભાવનગર સંસ્થાનનું બંધારણ થવાથી નાણાપ્રકરણી સભાસદ્‌તરીકે તેઓ નિમાયા, અને છેવટે બે વર્ષ (ઇ. સ. ૧૯૦૦-૧૯૦૨) ભાવનગર સંસ્થાનના મુખ્ય દીવાનની પદવી ભોગવી વૃદ્ધાવસ્થાને લીધે તેઓએ અધિકારઉપરથી ઉપરામ લીધો છે.

ઉમદા સ્વભાવ, ઉત્સાહ, ઉદારતા, પ્રબલ સ્મરણશક્તિ અને ધર્મનિષ્ઠા એ પાંચ સદ્‌ગુણો રા. રા. વિજયશંકરને એમના યશસ્વી પ્રતાપી પિતા તરફથી વારસામાં પૂર્ણાંશે મળ્યા છે. શ્રીમાન્ ગૌરીશંકરના ચરિત્રપ્રતિ રા. રા. વિજયશંકરને અસીમ ભક્તિ છે; તેમની પિતૃભક્તિના ઉદ્‌ગારો શ્રવણ કરનારના અંતઃકરણને દ્રવીભૂત કરનાર હોય છે. નાણાપ્રકરણમાં એમની નજર અસાધારણ પહોંચે છે એમ અનેક અનુભવીઓનો અભિપ્રાય છે. વૃદ્ધાવસ્થામાં પણ તેમનો ઉત્સાહ એક સામાન્ય યુવકના ઉત્સાહને હઠાવે એવો છે. પોલન સાહેબનો એમને વિષે નીચે પ્રમાણે અભિપ્રાય, જે આ પુસ્તકના પૃ૦ ૫૭૨ ઉપર આપ્યો છે, તે યથાર્થ છે :—

" He is himself an excellent specimen of the grand old school of genial self-respecting native gentlemen who adhere to the best traditions of the past. "

" તેઓ જાતે, પૂર્વના ઉત્તમ આચારવિચારને વળગી રહેનારા આનંદી અને ટેકીલા દેશી સદ્‌ગૃહસ્થોના જૂના ભવ્ય સંપ્રદાયના એક ઉત્તમ નમુનારૂપ છે. "

परिशिष्ट २.

રા. રા. પ્રભાશંકર ગૌરીશંકર ઓઝા (પ્રકરણ ૧૦; પૃષ્ઠ ૩૫૧).

શ્રીમાન્ ગૌરીશંકરના આ દ્વિતીય પુત્રનો જન્મ સં. ૧૯૦૦ના માર્ગશીર્ષ વદિ ૩, ઇ.સ. ૧૮૪૪માં ગોઘા ગામમાં થયો હતો. તેઓએ ગુજરાતી અભ્યાસ બાલ્યાવસ્થામાં ગોઘાની ગુજરાતી શાળામાં કર્યો હતો, અને ઇંગ્રેજી અભ્યાસ ભાવનગરમાં નામદાર મહારાજા સાહેબે સ્થાપેલી નિશાળમાં કર્યો હતો. તેઓ અનુક્રમે જેસર, કુંડલા, લિલિયા અને દશક્રોઈ પરગણાના વહીવટદારતરીકે નિમાયા, અને છેવટે રાજ્યખર્ચના ઉપરિનો અધિકાર તેમને આપવામાં આવ્યો હતો. સં. ૧૯૫૭ ફાગણ સુદિ ૭, ઇ. સ. ૧૯૦૧ માં તેમનો શોચનીય સ્વર્ગવાસ થયો. સુજનતા, સરલતા, અને સાત્વિકતા તેમનામાં ઉચ્ચ પ્રકારનાં હતાં.

परिशिष्ट ३.

રા. રા. ગૌરીશંકરનું મિત્રમંડલ તથા સહાયકમંડલ (પ્રકરણ ૧૧, ૧૨, ૧૪).

રા. રા. ગૌરીશંકરના મિત્રો, સ્નેહીઓ, તથા સહાયકોનું મંડલ વિસ્તીર્ણ હતું તેનો ઉલ્લેખ આ ગ્રન્થની અંદર કરવામાં આવ્યો છે. સ્વદેશીય તથા વિદેશીય તે મંડલનો વિસ્તાર નીચે પ્રમાણે હતો :—

વિદેશીય.

લોર્ડ એલ્ફિન્સ્ટન.	સર જેમ્સ ફર્ગસન.
સર જ્યે. જે રસલ કલાર્ક.	સર ફિલિપ વોડહાઉસ
સર બાર્ટલ ફ્રીઅર.	સર રિચર્ડ ટેમ્પલ.
સર સેમોર ફિટ્સ્જેરલ્ડ.	લોર્ડ રે.

સર ડેવિડ વેડર્બર્ન.
સર વિલિયમ વેડર્બર્ન.
ઓનરેબલ સેમ્યુઅલ સ્મિથ.
કર્નલ વિલિયમ લેંગ.
કર્નલ જે. ટી. બાર.
કર્નલ એ. વાઈ શોર્ટ.
કર્નલ જેમ્સ બ્લેક.
મિ. એ. કિન્લોક ફોર્બ્સ.
જનરલ આર. એચ. કીટિંજ.
કર્નલ એન્ડર્સન.
સર જેમ્સ બી. પીલ.
કર્નલ એલ. સી. બાર્ટન.
કર્નલ વેસ્ટ.
કર્નલ ન્યુહાઉસ.
કર્નલ એસ. સી. લો.

કર્નલ જે. ડબલ્યુ. વોટ્સન.
કર્નલ હેન્કોક.
કર્નલ હન્ટર.
કર્નલ હેન્રિ એસ્ટન.
મિ. ફિટ્ઝ્જેરલ્ડ.
કર્નલ નટ.
કર્નલ પાર.
કર્નલ લીજિટ.
મિ. વાઇલિ.
કર્નલ ફિલિપ.
કર્નલ ફેરિસ.
કર્નલ જેફ્સન.
કર્નલ ગુડ્ફેલો.
કર્નલ સ્કોટ.

સર બેરો એલિસ.
સર ટી. સી. હોપ.
મિ. ઈ. એચ. પર્સિવલ.
સર ડબલ્યુ. લીત્રોનેર.
સર જે. મોન્ટીથ.
સર રિચર્ડ મીડ.
જનરલ હેન્કોક.
સર જે. બી. રીચી.
સર રેમન્ડ વેસ્ટ.
સર એચ. એલ. એન્ડર્સન.
મિ. એલેક્ઝાન્ડર રોજર્સ.
ઓનરેબલ મેન્સ્ફીલ્ડ.
ઓનરેબલ મિ. આસ્બર્નર.
મિ. એચ. એમ. બર્ડ્વુડ.
સર જોન જાર્ડિન.
મિ. એફ. એસ. પી. લેલી.
મિ. ઈ. ટી. કેન્ડિ.
સર ઈવાન્સ જેમ્સ.

મિ. એચ. એફ. એસ્ટન.
મિ. એફ. સી.઼ઓ. બીમન.
સર જ્યોર્જ બર્ડ્વુડ.
મિ. ચેસ્ટર મેકનાટન.
મિ. હેન્રિ હેબર્ટ.
સર જોસફ આર્નોલ્ડ.
મિ. સી. જે. ડેવિસ.
મિ. ગ્રિફિથ્સ.
મિ. જોન ન્યુજંટ.
મિ. બેન્સ.
મિ. આર. પ્રોક્ટર સિમ્સ.
મિ. એલેક્ઝાન્ડર આઈઝાટ.
કર્નલ ગાર્ડિનર.
મિ. કેરોલ.
મિ. ટી. આર. ફર્નાન્ડીઝ.
મિ. એ. એ. બોરેડેલ.
મિ. સી. જે. કાફર્ડ.

ડૉક્ટર વિલ્સન.
પ્રોફેસર મેક્સ મ્યૂલર.
સર મોનિયર વિલિયમ્સ.
ડૉક્ટર બ્યૂલર.
મિ. જોન ફ્લેમિંગ.
ડૉક્ટર બ્યુસ્ટ.
મિ. ચાર્લ્સ ફોર્બ્સ.
મિ. ટી. જે. બેનેટ.
મિ. ગ્રેટન ગિયરી.
મિ. માર્ટિન વુડ.
મિ. રોબર્ટ નાઈટ.
કાઉન્ટ ગુબરનેટિસ.
મોન્સ્ય સેનાર.
ડૉક્ટર લીટ્નર.

સ્વદેશીય.

રાજા સર ટી. માધવરાવ.	
મિ. દાદાભાઈ નવરોજજી, એમ. પી.	
સર મનચેરજી મહેરવાનજી ભાવનગરી, એમ. પી.	
દી. બ. મણિભાઈ જશભાઈ.	
ઓનરેબલ ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક.	
રા. રા. ગોવિંદરામ રોહાડીઆ, દીવાન	(વડોદરા.)
રા. રા. ગણેશપંથ ભાઉ	,,
મિ. કાજી શાહબુદ્દીન.	,,
રા. રા. અમૃતલાલ અમરચંદ.	(જુનાગઢ)
રા. રા. અનંતજી અમરચંદ.	,,
રા. બ. સુજ્ઞ ગોકુળજી સંપત્તિરામ ઝાલા.	,,
વજીર સાહેબ બહાવદ્દીનભાઈ, સી. આઈ. ઈ.	,,
જમાદાર સાલેહહિંદી, સી. આઈ. ઈ.	,,
રા. રા. હરિદાસ વિહારિદાસ.	,,
રા. રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રીપાઠી.	,,
સ. બ. બહેચરદાસ વિહારિદાસ.	,,
રા. રા. ચુનીલાલ સારાભાઈ.	,,
રા. રા. નરસિંહપ્રસાદ હરિપ્રસાદ બુચ.	,,
રા. રા. પુરુષોત્તમરાય સુંદરજી ઝાલા.	,,
રા. રા. બાપાલાલ માણેકલાલ.	,,
જમાદાર હામદ અબદલા એંદ્રુસ.	,,
કુમાર શ્રીભાવસિંહજીભાઈ.	(જામનગર)
રા. રા. ભગવાનજી કરમશી.	,,
રા. રા. દુર્લભજી મૂળશંકર.	,,
રા. રા. મગનલાલ બાપુભાઈ.	,,

રા. રા. કરમચંદ ઉત્તમચંદ ગાંધી (પોરબંદર)
રા. રા. યશવંતરાવ તાત્યા. (ધ્રાંગધ્રા)
રા. રા. રામચંદ્ર તાત્યા. „
રા. બ. મકનજી ધનજી. „
રા. રા. સવાઈલાલ ગોવિંદરામ. „
રા. રા. પોપટભાઈ અંબારામ. „
શેઠ બેજનજી મહેરવાનજી. (ગોંડળ
રા. રા. મણિલાલ ગોવિંદરામ. „
રા. રા. ગોવિંદજી મંકોડી. (મોરબી)
રા. રા. દુલેરાય મહીપતરાય ઓઝા. (માંગરોળ)
રાણા શ્રીજાલમસિંહજી. (કચ્છભૂજ)
રા. રા. લક્ષ્મીદાસ વલ્લભજી. „
રા. રા. મોતીલાલ લાલભાઈ. „
રા. રા. રણછોડભાઈ ઉદયરામ. „
રા. રા. છોટમલાલ શિવજી. „
રા. રા. સામળદાસ છગનલાલ. (વઢવાણ)
મીર સાહેબ મીર સરફરાજઅલી, અમરેલીના સુબાસાહેબ.
રા. રા. વ્રજદાસ રંગીલદાસ, અમરેલીના મજમુદાર.
રા. રા. રૂઘનાથરાય ગૌરીદાસ. „ „
રા. રા. ગણેશ રૂઘનાથ, અમરેલીના સુબાસાહેબ.
નવાબસાહેબ મીર જાફરઅલી. (સુરત)

રા. બ. સારાભાઇ બાપાભાઈ, વડોદરા રેસિડન્સિના દફતરદાર.
રા. રા. છોટાભાઇ બાપાભાઈ, કાઠિયાવાડ પોલિટિકલ એજંટના દફતરદાર.
રા. બ. બાપુભાઇ દયાશંકર, „ „ „
રા. સા. ઠાકરશીભાઈ પુંજાશા, „ „ „
રા. રા. ભગવાનલાલ મદનજી, „ „ „
રા. રા. કલ્યાણરાય ગૌરીદાસ મજમુદાર, „ „ „
રા. રા. દુલેરાય રૂઘનાથરાય, „ „ „
રા. રા. ભીમજીભાઈ મોરારજી, „ „ „
રા. બ. ગિરધરલાલ ઉલટરામ, કાઠિયાવાડના ડે. આ. પો. એજંટ.
રા. રા. રાવજી કૃષ્ણ, ખેડા જીલ્લાના ડે. કલેક્ટર.
રા. રા. પ્રાણનારાયણ મયાશંકર, ભાવનગર એં.-વ. સ્કુલના હેડમાસ્ટર.

રા. બ. ગોપાળજી સુરભાઈ, કાઠિયાવાડ ડે. એ. ઇન્સ્પેકટર.
રા. રા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, " "
રા. રા. પ્રાણલાલ મથુરાદાસ, " "

ઓનરેબલ નાનાભાઇ હરિદાસ, મુંબઇ હાઈ કોર્ટના જડજ.
ઓનરેબલ કાશીનાથ ત્ર્યંબક તેલંગ. " "
ઓનરેબલ મહાદેવ ગોવિંદ રાનાડે, " "
રા. રા. વિનાયકરાવજી વાસુદેવજી, મુંબઈ સરકારના ઓરિયન્ટલ ટ્રાન્સલેટર.
રા. બ. શંકર પાંડુરંગ પંડિત, " " "
રા. બ. ખંડેરાવ ચિમનરાવ બેદરકર, મુંબઇ હાઇ કોર્ટના ડે. રજીસ્ટ્રાર, અને તે પછી ઇંદોર રાજ્યના દીવાન.
રા. બ. મુકુંદરાય મણિરાય, ફ. કલા. સ. જડજ, અમદાવાદ.
રા. રા. ગોપાળ હરિ દેશમુખ, " "
રા. બ. ભોળાનાથ સારાભાઈ, " "
રા. બ. મોતીચંદ ગોવિંદરામ, અમદાવાદ જીલ્લાના દફતરદાર.
રા. રા. મોહનલાલ રણછોડદાસ, ડે. એ. ઇન્સ્પેકટર, ગુજરાત.
રા. રા. રણછોડદાસ ગિરધરભાઈ, " " "
રા. બ. પરમાનંદદાસ પુરશોતમદાસ, સિંધના દફતરદાર.
રા. રા. મકનજીભાઈ, ભુજના દફતરદાર.
રા. બ. શંભુપ્રસાદ લક્ષ્મીલાલ, મોરબી સંસ્થાનના જોઇન્ટ એડ્મિનિસ્ટ્રેટર.
રા. રા. રામપ્રસાદ લક્ષ્મીલાલ, મામલતદાર.
રા. રા. હર્ષદરાય મહેતાબરાય ધ્રુવ મામલતદાર.
રા. રા. જગન્નાથ ઇચ્છારામ, કાઠિયાવાડ ડે. આસિસ્ટંટ.
રા. રા. ધનજીશા હોરમસજી, " "
રા. રા. ગુલાબરાય અંબાશંકર, કાઠિયાવાડ પો. એ. ના શિરસ્તેદાર.
રા. રા. નાકાભાઈ વજેરામ, " " "

નગરશેઠ હેમાભાઈ વખતચંદ. (અમદાવાદ)
રા. બ. રણછોડલાલ છોટાલાલ, સી. આઈ. ઈ. "
શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ. "
શેઠ હઠીસિંગ કેસરીસિંગ. "
રા. બ. બહેચરદાસ અંબાઈદાસ. "
શેઠ ખીમચંદ જેચંદ. "

રા. બ. વિહારીદાસ અન્નુભાઈ ઉર્ફે ભાઉસાહેબ	(નડિયાદ)
રા. રા. નવલરામ માધવરામ.	,,
રા. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી.	,,

પહેલા સર જમશેદજી જીજીભાઈ.	(મુંબઈ)
બીજા સર જમશેદજી જીજીભાઈ.	,,
ત્રીજા સર જમશેદજી જીજીભાઈ.	,,
સર હરકીસનદાસ નરોત્તમદાસ.	,,
સર મંગળદાસ નથુભાઈ.	,,
શેઠ ગોકુળદાસ તેજપાળ.	,,
વૈદ્યરાજ પ્રભુરામ જીવનરામ.	,,
રા. મોદી રતનજી રૂપજી.	,,
શેઠ ઘેલાભાઈ પદમશી.	,,
મિ. દાદાભાઈ ચિચગર.	,,
મિ. અર્ચેશા ખરશેદજી કોહિયાર.	,,
મિ. પેસ્તનજી જહાંગિર.	,,
શેઠ નરોત્તમદાસ માધવદાસ.	,,
શેઠ વરજીવનદાસ માધવદાસ.	,,
શેઠ પ્રેમચંદ રાયચંદ.	,,
શેઠ બહેરામજી જીજીભાઈ.	,,
શેઠ વીરચંદ દીપચંદ, સી. આઈ. ઈ.	,,
મિ. એચ. એ. વ્હાડીઆ, બારીસ્ટર.	,,
મિ. માણેકજી ખરશેદજી, જડજ.	,,
મિ. ડી. એન. વ્હાડીઆ.	,,
મિ. ફરામજી સોરાબજી ભાવનગરી.	,,
મિ. મનચેરજી ચિચગર.	,,
મિ. કેખુશરો નવરોજજી કાબરાજી.	,,

શેઠ લક્ષ્મીશંકર જુઠાભાઈ લાખીઆ.	(ભાવનગર)
શેઠ હરજી ઝીણા.	,,
શેઠ ભગવાનભાઈ રામજી.	,,
રા. રા. મહેતા વેણીશંકર લક્ષ્મીશંકર લાખીઆ	,,
શેઠ રઘુભાઈ ડાહ્યાભાઈ ઠક્કર.	,,
શેઠ ત્રિકમજી વીરજી ઠક્કર.	,,
શેઠ કસ્તુર પારેખ.	,,

શેઠ ઓધવજી લાલજી ઠક્કર. (ભાવનગર)
ઝવેરી અભેચંદ ગુલાબચંદ. ,,
શેઠ દારાજી કૈયાજી મીરજાં. ,,
શેઠ દિનિઆરજી કૈયાજી મીરજાં. ,,
ઠક્કર દેવજીભાંઈ ગુલામહુસેન. ,,
વોરા હસનઅલી જીવાભાઈ. ,,
શેખ ઓસમાનભાઈ અબ્દલઅલીમ. ,,
શેઠ ઈશ્વરદાસ રામદાસ. ,,
વોરા જસરાજ સુરચંદ. ,,
વોરા ઝવેરચંદ સુરચંદ. ,,
શેઠ નારણજી હરિપ્રસાદ. ,,

દોશી લવજી ભાણજી (મહુવા)
શેઠ મનજી નથુભાઈ. ,,
શેઠ ત્રંબક ઝીણા. ,,
મહેતા જેઠા પદમશી. ,,
પારેખ વાલજી વચ્છા. ,,

પારેખ જીવા ઓઘા. (કુંડલા)
પારેખ ગિરધરભાઈ જીવાભાઈ. ,,

રા. સીતારામ નારાયણ પંડિત, બારિસ્ટર. (રાજકોટ)
શેઠ કુંવરજી કોયાજી, ,,

વૈદ્યરાજ ઝંડુભટ વિઠ્ઠલજી. (જામનગર)
વૈદ્યરાજ બાવાભાઈ અચળજી ,,

દોશી ભક્તિ ભાયચંદ. (બોટાદ)
દોશી શિવલાલ ભક્તિ. ,,
કામદાર હકુ હીરજી. ,,

ડાકટર બહેરામજી. (સુરત)

સંસ્થાન ભાવનગરના રાજ્યકાર્યમાં સહાયકો.

રા. રા. સંતોષરામ સેવકરામ દેશાઈ.
રા. રા. સામળદાસ પરમાનંદદાસ મહેતા.
શેઠ મહેરવાનજી નસરવાનજી ભાવનગરી.
રા. રા. વજેશંકર ગુલાબરાય દેશાઈ.
રા. રા. સવાઈલાલ સોમજી મહેતા.
રા. રા. માણેકલાલ મોજીલાલ મહેતા.
રા. રા. વિઠ્ઠલદાસ સામળદાસ મહેતા.
રા. રા. જયંતીલાલ વેણીલાલ ઓઝા.
રા. રા. વિજયશંકર ગૌરીશંકર ઓઝા.
રા. રા. ગોવિંદરાય ગુલાબરાય મહેતા.
ડાકટર બરજોરજી બહેરામજી.
રા. રા. પ્રભાશંકર ગૌરીશંકર ઓઝા.
રા. રા. સંતોષરામ માધવજી મહેતા.
રા. રા. છોટાલાલ મોજીલાલ મહેતા.
રા. રા. હરિલાલ સવાઈલાલ મહેતા.
રા. રા. રતિલાલ માણેકલાલ મહેતા.
મિ. જમશેદજી નવરોજજી ઉનવાળા.
રા. રા. સાકરલાલ સવાઈલાલ મહેતા.
રા. રા. ગોવિંદરામ કલ્યાણજી દેશાઈ.
રા. રા. લક્ષ્મીશંકર કેશવરામ મહેતા.
રા. રા. દુર્ગાપ્રસાદ પ્રભુદાસ મહેતા.
રા. રા. શામજી ભીમજી.
રા. રા. પ્રતાપરાય ગોવિંદરામ.
રા. રા. ભાઈચંદ માવજી દોશી.
રા. રા. મૂળજી હરકીસનદાસ બક્ષી.
જમાદાર સકુર મીઠણ.
રા. રા. લલ્લુ રઘનાથ સંઘવી.

परिशिष्ट ४.

" स्वरूपानुसन्धान "સંબંધી (પ્રકરણ ૧૩).

" ગિરગામ, મુંબઈ,
સં. ૧૯૫૯ ભાદ્રપદ સુદિ ૩, મંગલ.

સર્વો૦ રા. રા. પ. સ્ને. વિજયશંકરજી,
નિ. ભાવનગર.

વિ. આપનું તા. ૧૬-૮-૦૩નું પત્ર પહોંચ્યું......આપના પૂજ્ય પિતૃશ્રીએ " स्वरूपानुसन्धान "નામે ગ્રન્થ પ્રકટ કર્યો તે સંધિમાં આ લેખકઉપરિ કૃપાસ્નેહ મમતાદર્શક સ્વહસ્તે પત્રો લખેલાં તે શોધતાં કાલ જ હસ્તગત થયાં. તેની પ્રતિકૃતિ આ સાથે મોકલી છે. તેમાનું છેલ્લું પત્ર બહુ ઉપયોગી છે. તેના લેખથી તેઓશ્રીની વિદ્વત્તા, સ્મરણશક્તિ, વિનય, નમ્રતાઆદિ પ્રત્યક્ષ થાય છે એટલું જ નહિ, કિંતુ એ ગ્રન્થસંબંધમાં ચિદ્દ્ઘનાનન્દજી જેવા સાધુશ્રીનો કેવો ઉચ્ચ અભિપ્રાય હતો એ પરોક્ષરીતિએ સ્પષ્ટ થાય છે. કારણ કે તેઓ " स्वरूपानुसन्धान "-નું હિંદુસ્થાની ભાષામાં ભાષાન્તર કરાવવા ધારતા હતા એ તેમાં સ્પષ્ટ છે. તેમ જ એ ગ્રન્થની દ્વિતીયાવૃત્તિમાં સુજ્ઞ ગૌરીશંકરજી શું શું ઉમેરી તેને સંપૂર્ણ કરવા સંકલ્પતા હતા તે પણ પ્રતીત થાય છે. તે ભાષાંતર આદિ થયું છે કે કેમ તે જણાવશોજી.

એ પત્ર જીવનચરિત્રમાં પ્રસિદ્ધ કરવા આપની અનુમતિ થતી હોય તો રા. રા. કૌશિકરામને મોકલશો કે તેઓ યોગ્ય સ્થલે પરિશિષ્ટમાં તે મુદ્રિત કરાવે.

મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીના સચ્ચિદાનંદસ્મરણપૂર્વક નમસ્કાર."

"ભાવનગર, તા. ૩ (માસ ?) સને ૧૮૮૪, રવિવાર.

પરમ સજ્જન રા. રા. શ્રીમનઃસુખરામજી,

વિશેષ વિનંતિ કે " स्वरूपानुसन्धान " પ્રક્રિયાનાં સાફ ફારમ ૧૨ આપને અવલોકનસારૂ ચિ. પ્રતાપરાય તથા કવિ ભવાનીશંકરે આપેલાં છે.

તેમાં ચાર પ્રક્રિયાઓ તથા પાંચમી પ્રક્રિયાનો થોડોક ભાગ છે તે સર્વ આપે ફુરસદ લઈ વાંચ્યો હશે, અથવા વ્યવહારિક કામ ઘણું જ હશે તો તેમાંથી થોડી વખત કાઢી હવે વાંચવાનું કરશો. એ બાબે આપે રા. શ્રી સ્વર્ગવાસી ગોકુલજીપાસે પેસ્તર વેદાન્તના ગ્રન્થો શ્રવણ કરેલા છે, તેથી સદરહુ પ્રક્રિયામાં જે કંઇ તાત્પર્ય લખાણું છે તે ઠીક છે કે શી રીતે એ વાત આપના અભિપ્રાયમાં જે આવે તે કૃપા કરીને લખશો, અથવા આપને લખવા ફુરસદ થોડી હશે તો કવિ ભવાનીશંકર આપની પાસે આવશે તેમને કહેશો.

વિ. સેવક **ગગા ઉદેશંકરના**
સા. નમસ્કાર."

"ભાવનગર, સં. ૧૯૪૦ માઘ વદિ ૭, ચંદ્ર.

પરમ સજ્જન રા. રા. શ્રીમનઃસુખરામજી,
મુ. મુંબઈ.

વિશેષ આપનો પત્ર પહોંચ્યો તેમાં જરા વધારે વિવેક મારે વાસ્તે લખ્યો છે, તોપણ પ્રસન્નતાથી લખ્યું તેથી આભારી છું.

"स्वरूपानुसन्धान" પ્રક્રિયા જે રચી છે તે પ્રખ્યાતિ અથવા માન વધે તે સારૂ નથી. કિંતુ આત્મવિચારમાં સુગમતાસારૂ છે. માટે તેની પ્રસ્તાવના કંઇ વિસ્તારથી લખવાનો વિચાર નથી. મતલબ એ ખાતે આપને તસ્દી આપવાજેવું નથી, પરંતુ પ્રથમ ચાર પ્રક્રિયામાં જે તાત્પર્યાર્થ લખેલ છે તેમાં ઈશ્વર, જીવ, જગત્, માયા, અવિદ્યા, બંધ, મોક્ષ, તથા મોક્ષનાં વિવેકાદિ અને શ્રવણાદિ સાધનો, તથા જીવબ્રહ્મની એકતારૂપ અપરોક્ષ જ્ઞાનથી જીવન્મુક્તિનું સંપાદન—વગેરે વેદાંતપ્રતિપાદિત મતલબ જોઈએ તેટલી આપી છે કે કાંઇ તેમાં ન્યૂનતા જેવું છે તે વાત તેના પ્રમાણસાથે આપના અભિપ્રાયમાં આવે તે લખવા તસ્દી લેશો, તથા એ ગ્રન્થમાં શ્રુતિ, સ્મૃતિ તથા બીજાં જે વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર લખ્યું છે તે દુરસ્ત છે તથા સમજી શકાય તેવું છે કે શી રીતે તે વિષે આપના મનમાં આવે તે સૂચનાર્થે કૃપા કરીને લખી મોકલાવશો. સ્નેહકૃપા છે તે પ્રમાણે રાખશો . . . .

ઉપર લખેલી ચાર પ્રક્રિયા શિવાય ત્રણ પ્રક્રિયા તો શ્રુતિપ્રસ્થાન, તથા સૂત્રપ્રસ્થાન અને સ્મૃતિપ્રસ્થાનના સંક્ષેપાર્થ તેના તરજુમાતરીકે લખેલ છે તે સર્વ છપાઈ રહેવાથી આપને ચિ. પ્રતાપરાયે થોડાં ઘણાં સાફ ફારમો તો આપ્યાં હશે ને બાકીનાં આપશે. તે સર્વ નિવૃત્તિએ ફુરસદ મળે ત્યારે વાંચશો. વેદમૂર્તિશ્રી પંડિત પીતાંબરજી સ્વદેશથી મુંબઈમાં પધાર્યા હશે તો તેમને સા. નમસ્કાર સાથે સદરહુ વર્તમાન નિવેદન કરશો. એ વિનંતિ.

વિ. સેવક **ગગા ઉદેશંકરના**
સા. નમસ્કાર."

" ભાવનગર, સં. ૧૯૪૦ શ્રાવણ સુદિ ૭, ભોમવાર.

પરમ સજ્જન રા. રાજેશ્રી મનસુખરામ સૂર્યરામજી,

મુંબઈ.

વિશેષ આપનો પત્ર આષાઢ સુદિ ૧૧ ગુરુવારનો પહોંચ્યો.

૨. "**स्वरूपानुसन्धान**" ગ્રન્થ આપે સાદ્યન્ત અવલોકન કરી તેના તાત્પર્યવિષે અતિઉત્કૃષ્ટ અભિપ્રાય જણાવ્યો તેથી સંતોષ થયો છે, તેમ જ આપનું વેદાન્તમાં શ્રદ્ધાયુક્ત ઉત્તમ જ્ઞાન જોઈ ઘણો જ સંતોષ પામું છું.

૩. વેદાન્તજ્ઞાનવિષે યોગ્યતા કરતાં અધિકતાથી આપે મારાવિષે કેટલુંક લખ્યું તેથી આપનો પ્રીતિભાવ ખરા અંતઃકરણપૂર્વક દર્શાઈ આવતાં આભાર માનું છું.

૪. સદ્ગુરુના સત્સંગથી શમાદિસહિત શ્રવણમનનનિદિધ્યાસનપૂર્વક જે અધિકારી પુરુષને બ્રહ્માકાર વૃત્તિ નિરંતર સ્ફુરાયમાન રહે છે તેને વાસ્તે આપે **उपदेशसाहस्री** ના ૧૭મા પ્રકરણનો ૬૧મા શ્લોક "क्षीरात्सर्पिर्यथोद्धृत्य" લખ્યો તે યથાર્થ છે, અને એ જ રીતે શંકરાનન્દી ગીતાના ૧૮ મા અધ્યાયના ૬૮ મા શ્લોકના વ્યાખ્યાનમાં—

" पुंखानुपुंखविषयेक्षणतत्परोऽपि
ब्रह्मावलोकनधियं न जहाति योगी ।
संगीततालपरिनृत्यवशं गतापि
मौलिस्थकुंभपरिरक्षणधीर्नटीव ॥ "

આ શ્લોક દૃષ્ટાન્તપૂર્વક સિદ્ધ જીવન્મુક્તને વાસ્તે દર્શાવ્યો છે એ વાત પણ આપના જાણવામાં હશે જ.

"**स्वरूपानुसन्धान**" ગ્રન્થમાં અનુક્રમણિકા તથા જે સ્થલમાં બાકી રહેલાં શ્રુતિસ્મૃતિવગેરે વાક્યો અમુક ગ્રન્થનાં હોય તે દર્શાવવા સૂચના જણાવી તે દુરસ્ત છે, અને તે પ્રમાણે હવે એ ગ્રન્થની દ્વિતીયાવૃત્તિ હિંદુસ્થાની ભાષામાં સ્વામી શ્રીચિદ્ઘનાનન્દજીની સૂચનાથી કરાવવા વિચાર છે તેમાં દાખલ કરવામાં આવશે. શિવાય આપના લખ્યા પ્રમાણે "કોઇ કોઇ સ્થલે એક પ્રસંગ પૂરો થતા પહેલાં વચ્ચે બીજો પ્રસંગ આવે છે તે કેટલાક સામાન્ય વાચનારને ગુંચવાવે છે." તો એવું એકાદ ઉદાહરણ અમુક પ્રક્રિયાના અમુક સ્થલમાં હશે તે તરફી લઈ જણાવશો તો તે પણ સુધારી શકાશે.

સ્નેહકૃપા છે તે પ્રમાણે રાખશો.

વિ. **ગગા ઉદેશંકરના** સા. નમસ્કાર."

परिशिष्ट ५.

પ્રાચીનશોધખાતાસંબંધી (પ્રકરણ ૧૫).

" I am much pleased to have had an opportunity of visiting this house with its interesting associations and the collection of valuable antiquarian relics, which through Mr. Vajeshankar's zealous research, has been made here, a research which, I trust, may be continued by him and his successor.—*E. C. K. Ollivant*, Member of Council, Bombay; formerly Political Agent in Kathiawad (*December* 2*nd*, 1901)."

"આ ઘર કે જે રસોત્પાદક સંબંધોવાળું છે, અને જેમાં મિ. વજેશંકરની સોત્સાહ શોધકબુદ્ધિને લીધે કીમતી પ્રાચીન પદાર્થોનો સંગ્રહ છે તેની મુલાકાત લેવાની તક મને મળ્યાથી હું બહુ ખુશ થયો છું. મને ભરોસો છે કે મિ. વજેશંકર અને તેમના વંશજ એ શોધને જારી રાખશે.—**ઈ. સી. કે. ઓલિવન્ટ**, મુંબઈની ધારાસભાના સભાસદ્ પૂર્વે કાઠિયાવાડના પોલિટિકલ એજંટ (તા૦ ૨ ડીસેમ્બર ૧૯૦૧)."

" BOMBAY, *March 23rd*, 1902.

DEAR SIR,

Please accept my best thanks for the photographs and other interesting articles which you kindly sent me in December last.

In the process of packing preliminary to my departure for Mahableshwar and shortly afterwards for England, I have been ashamed to find that your letter had remained unanswered, and though I cannot plead any sufficient excuse for the delay, I wish to discharge, however tardily, my obligation to you before I leave this country. The photographs of your respected father will remind me not only of him but of the pleasure I had in visiting you at your house last year.

With kind regards,
I am,
Yours very truly,
E. C. K. OLLIVANT."

" મુંબઈ, માર્ચ ૨૩, ૧૯૦૨.

પ્રિય સાહેબ (મિ૦ વજેશંકર),

ગયા ડીસેમ્બર માસમાં આપે મારા ઉપર જે છબિઓ તથા બીજી રમણીય વસ્તુઓ કૃપા કરી મોકલી તેને માટે મારી પરમ આભારની લાગણીને સ્વીકારશો.

મુંબઈથી પ્રથમ મહાબલેશ્વર, અને ત્યાર પછી થોડા વખતમાં વિલાયત જવામાટે સામાન બાંધવાની ક્રિયામાં આપના પત્રનો જવાબ લખવો રહી ગયો એથી હું લજવાઉં છું, અને જો કે હું વિલંબમાટે પૂરતું કારણ આપી શકતો નથી, તોપણ આ દેશ છોડતા પૂર્વે હું આપના પ્રતિ મારી ફરજ, બહુ મોડી પણ, બજાવવા ઇચ્છું છું. આપના સંમાન્ય પિતાની છબિઓથી મને એમનું સ્મરણ થશે એટલું જ નહિ પણ ગયે વર્ષે આપને ઘેર આપની મુલાકાત લીધાના આનંદનું સ્મરણ થશે.

સ્નેહની લાગણી સહિત,

હું છું,

આપનો બહુ સાચો,

ઈ. સી. કે. ઓલિવન્ટ."

પરિશિષ્ટ ૬.

રા. રા. ગૌરીશંકરનું ધર્મદાન તથા પરોપકાર. (પ્રકરણ ૧૬.)

શ્રીમાન્ ગૌરીશંકરે પોતાની હયાતીમાં સ્વહસ્તે નીચે પ્રમાણે ધાર્મિક કાર્યો કર્યા હતાં, તે ઉપરથી તેમની ઉદારતા તથા પરોપકારવૃત્તિ સહજ સમજી શકાય છે:—

રૂ. ૭૧,૦૦૦) શિવાલયો, ધર્મશાળાઓ, જળાશયો, આદિ.

૧૨,૦૦૦) શ્રીકાશીપુરીમાં પંચગંગાઉપર કાલભૈરવપાસે શિવાલય તથા ધર્મશાળા સ્વામી શ્રીરામકૃષ્ણભારતીજીદ્વારા બંધાવ્યાં.

૧૦,૦૦૦) ભાવનગરમાં ગૌરીશંકરવાટિકાની પછવાડે લોકોને નહાવાસારૂ કુંડ બંધાવ્યો.

૬,૫૦૦) ગોઘામાં શ્રીહાટકેશ્વરમહાદેવની જગ્યામાં મેડીસહિત ધર્મશાળા રા. રા. ગૌરીશંકરે તથા રા. રા. દેશાઈ સંતોષરામે મળી રૂ. ૧૩,૦૦૦)ના ખરચથી બંધાવી તેના ખરચના નીમે ભાગે.

૬,૦૦૦) શ્રીનર્મદાતીરે કરનાળીક્ષેત્રમાં ધર્મશાળા બંધાવી, જેમાં સ્વામીઓને મઠભિક્ષા કરાવવામાં આવે છે.

૪,૦૦૦) કુંડલામાં કાશીવિશ્વનાથના મંદિરપાસે નાવલી નામની નદી ઉપર ગૌરીકુંડ તથા ઘાટ બંધાવ્યા.

૬,૦૦૦) ભાવનગરમાં ગૌરીશંકરવાટિકામાં ગૌરીશંકરમહાદેવનું દેવાલય બંધાવ્યું.

૧,૫૦૦) પ્રભાસપાટણમાં શ્રીશંકરાચાર્યભગવાનનો સંન્યાસીઓમાટે શારદામઠ છે, તેમાં વિશેષ સમાવેશઅર્થે ઓરડાઓ બંધાવ્યા.

૨૫,૦૦૦) રા. રા. ગૌરીશંકરના વંશપરંપરાના ઈનામી ગામ તુરખામાં તથા તેની સીમમાં નીચે પ્રમાણે ધર્મકૃત્યો કરાવ્યાં:—તુરખેથી બોટાદ જવાના રસ્તામાંનો મધુ નદી ઉપરનો પુલ તથા સડક; ગુજરાતી નિશાળનું મકાન; રાહદારી રસ્તા ઉપર તથા ગામના લોકોના ઉપયોગમાટે અવેડાસહિત કુવાઓ; ગામના પાદરમાં અવેડાસહિત વાવ; શ્રીતખ્તેશ્વરમહાદેવનું દેવાલય; ધર્મશાળા; સીમમાં નવાં બે તળાવો.

રૂ. ૭૧,૦૦૦)

રૂા. ૪૪,૨૫૦) વિદ્યાવૃદ્ધિ તથા દુઃખનિવારણ :—

૬,૦૦૦) ભાવનગરની સામળદાસ કોલેજમાં એમ. એ. અથવા બી.એ.ની પરીક્ષામાં પહેલે નંબરે પસાર થનાર વિદ્યાર્થીને સોનાનો ચાંદ આપવા-સારૂ, તથા કોલેજમાં અભ્યાસ કરનારને એક " સ્કોલરશિપ " આપવા સારૂ.

૫,૦૦૦) પુનામાં ફર્ગ્યુસન ફીમેલ હાઈસ્કુલના ફંડમાં.

૫,૦૦૦) મુંબઈમાં નાગરજ્ઞાતિના ભણતા વિદ્યાર્થીઓને રહેવાવગેરેના ખરચના નાગરફંડમાં.

૩,૦૦૦) મુંબઈની સર જમશેદજી આર્ટ કોલેજમાં શીખ-નારા વિદ્યાર્થીઓને દરવર્ષે એક " સ્કોલરશિપ" આપવા માટે.

૩,૦૦૦) કુંડલામાં સિદ્ધનાથ અને રિદ્ધનાથ મહાદેવની જગામાં વેદશાલાના વિદ્યાર્થીઓને રહેવા માટે મકાન તથા અભ્યાસમાટે શાલા બંધાવી તેના ખરચના.

૨,૨૫૦) મુંબઈમાં પ્રસિદ્ધ બ્રહ્મનિષ્ઠ વેદમૂર્ત્તિ વ્યા-સજી જયકૃષ્ણ જીવનરામજીના વેદાન્તશ્રવણના આશ્રમસ્થાનના ફંડમાં.

૧૬,૦૦૦) મહાત્માઓએ તથા વિદ્વાનોએ રચેલાં નીચેનાં પુસ્તકોને, પોતે છપાવી, અથવા બીજી રીતે મદદ કરી :—

૧. ચારે વેદનાં આહ્નિકો ; ૨. ગીતાગૂઢા-ર્થદીપિકા સ્વામી શ્રીચિદ્‌ઘનાનન્દકૃત, ૩. ગીતા-ભાવપ્રકાશ શ્લોકબદ્ધટીકા સ્વામી શ્રીસદાનંદ-ગિરિકૃત ; ૪. કર્નલ વોકરના ઇંગ્રેજી રીપોર્ટનું ગુજરાતીમાં ભાષાંતર ; ૫. મનુસ્મૃતિનાં ગુજ-રાતીમાં ભાષાંતરો ; ૬. મનોહરદાસકૃત મન-હરપદ ; ૭. યોગવાસિષ્ઠનું હિંદુસ્તાની ભાષાનું પુસ્તક ; ૮. તત્ત્વાનુસંધાન ; ૯. દશોપનિષ-ત્સાર હિંદુસ્તાની ભાષામાં ; ૧૦. સનત્સુ-જાતીય તથા બંદિનું આખ્યાન ; ૧૧. ત્રૈવર્ણિક સંન્યાસ સ્વામી શ્રીકૈલાસપર્વતકૃત ; ૧૨. સુદામાચરિત્ર ; ૧૩. રુદ્રપ્રાર્થના તથા પુણ્ય-પાવનાખ્યાન.

૩,૦૦૦) સુરતમાં છેવટમાં મોટી આગ લાગેલી તેમાં ગરીબોને મદદ માટે.

૧,૦૦૦) અમદાવાદમાં સાબરમતી નદીમાં મોટી રેલ આવેલી તેમાં ગરીબોને મદદ માટે.

રૂા. ૪૪,૨૫૦)

કુલ રૂા.૧,૧૫,૨૫૦)

રૂા. ૨,૦૦૦) **ચાલુ વાર્ષિક ખરચ:—**

૧,૨૦૦) "ગૌરીશંકરવેદશાળા"ના ચાલુ ખરચના રૂા. ૧,૨૦૦) દરસાલ આપવામાં આવે છે તે, પ્રકરણ ૧૩, પૃષ્ઠ ૪૬૮ ઉપર લખેલી વિગત પ્રમાણે.

૪૨૫) શ્રીકરનાળીક્ષેત્રમાં ધર્મશાળા બંધાવી તેમાં સ્વામીસંન્યાસીને ભિક્ષા કરાવવામાં આવે છે તે વિગેરેના.

૨૫૦) ભાવનગરમાં ગૌરીશંકરવાટિકામાં શ્રીગૌરીશંકર-મહાદેવનું પૂજન અને નિત્યથાળ થાય છે તે, તથા શિવરાત્રિ, દીપોત્સવીઆદિ વાર્ષિક ઉત્સ-વોને દિવસે ખરચ કરવામાં આવે છે તે મળી.

૧૨૫) ભાવનગરમાં પરદેશથી જે નવા બ્રાહ્મણો આવે તેમને સીધાના.

રૂા. ૨,૦૦૦)

સૂચિપત્ર.

અખેરાજજી (પહેલા), ૩૩, ૩૪.
અખેરાજજી (બીજા), ૧૦૩, ૧૪૦, ૧૪૧.
અચ્યુતાનન્દજી (સ્વામીશ્રી), ૫૫૩.
અદ્વૈતાનન્દજી (સ્વામીશ્રી), ૫૨૩, ૫૨૪.
અધોક્ષજાનન્દજી (સ્વામીશ્રી), ૫૩૨.
અફીણબાબત, ૩૧૫–૩૨૧.
અમ્બાશંકર રાઘવજી (રા.), ૧૨૭, ૧૨૮, ૧૩૩.
અર્સ્કિન (મિ.), ૩૦૩.
અવિદ્યા, ૪૩૨.
અશ્વપ્રદર્શન (કુંડલાનું), ૩૮૦, ૩૮૧.
આપાજી રામચંદ્ર (રા.), ૧૭૮, ૧૮૩.
આર્નોલ્ડ (સર એડ્વિન), ૫૬૩, ૫૬૪.
आर्यधर्मप्रकाश, ૪૬૦.
આશ્રમવ્યવસ્થા, ૪૩૬–૪૩૯.
ઇઝાટ (મિ.), ૩૪૬, ૪૧૫.
ઉદયશંકર (રા.), ૭૨, ૭૭.
એક્ટ, ૧૮૪૪ નો ૧૯ મો, ૧૬૯;
૧૮૫૯ નો ૬ ઠો, ૧૮૨;
૧૮૭૬ નો ૨૦ મો, ૨૯૧.
એચિસન ટ્રીટી બુક, ૧૯૫.
એજન્સી, કાઠિયાવાડની એજન્સીનું સ્વરૂપ, ૧૧૧, ૧૧૨
એન્ડર્સન (કર્નલ), ૨૪૫, ૨૫૨, ૨૫૩, ૨૫૪, ૨૫૫, ૨૮૪, ૩૧૮, ૩૭૩, ૩૭૫.
એલિસ (સર બેરો), ૨૩૨, ૨૩૬, ૨૬૯, ૪૦૧.
એલ્ફિન્સ્ટન (લોર્ડ), ૧૪૮, ૧૪૯, ૨૨૪, ૩૦૩, ૩૬૪–૩૬૬.
એસ્ટન (મિ.), ૫૯૪.
ઓગલ્વિ (મિ.), ૧૭૩, ૧૭૪.
ઓઝાકુટુંબ, ૭૦, ૭૧.
કણબીની સ્ત્રીનો પ્રસંગ, ૨૧૯, ૨૨૦.
કથીવદર બંદર. ૨૧૩.
કમિટી, ૧૮૩૬ની, ૯૮, ૯૯, ૧૬૭, ૧૯૮;
૧૮૪૦ની, ૧૬૮;
૧૮૫૧ની, ૧૬૮, ૧૬૯, ૧૯૯.
કરજ. દરબારના કરજનો નિકાલ, ૧૩૮–૧૪૦.
કરાર, ૧૮૬૦નો, ૧૮૪;
૧૮૬૬નો, ૧૮૯, ૧૯૦;
રાજસ્થાનોસાથે મીઠાસંબંધી, ૩૨૫, ૩૨૬.
કરુણાશંકર ઇન્દ્રજી (શાસ્ત્રી), ૪૬૦.
કાઠિયાવાડ, પૌરાણિક ઇતિહાસ, ૧૬. ૧૭; ગ્રીક ઇતિહાસ, ૧૭, ૧૮; વિવિધ વંશો, ૧૮–૨૨; મોગલ, ગાયકવાડી તથા પેશ્વાઈ સત્તા, ૪૩–૫૦; બ્રિટિશ સત્તાનો ઉદય, ૫૩–૬૧; કેળવણીનો ઇતિહાસ, ૩૦૨, ૩૦૩, ૩૦૯, ૩૧૦; અફીણબાબત બ્રિટિશ સરકારનો પગપેસારો, ૩૧૭–૩૨૧; મીઠાબાબત બ્રિટિશ સરકારનો પગપેસારો, ૩૨૨–૩૨૬.
કાઠીલોકો, ૨૦.
કાનજી, ૨૫.
કાર્લાઇલ. ૧, ૪–૫, ૫–૬, ૬૧૬.
કીટિંજ (કર્નલ), ૨૨૯, ૨૩૩, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૪૧, ૨૪૫, ૩૧૦, ૩૧૭, ૩૧૮, ૩૩૧, ૩૭૪, ૩૮૨, ૪૮૭, ૫૮૦–૫૮૩, ૬૦૫.

કુંડલા પરગણાની આબાદી, ૯૦, ૯૧; કુંડલાનું અશ્વપ્રદર્શન, ૩૮૦, ૩૮૧.
કેળવણીબાબત, ૩૦૨–૩૧૨.
કેરી (મિ.), ૩૨૨, ૩૨૪.
કેરોલ (મિ.), ૪૨૫.
કૈલાસપર્વતજી (સ્વામીશ્રી), ૫૩૯–૫૪૩.
કૈસરે હિંદ બ્રિજ, ૨૯૩.
કોળીની સ્ત્રીનો પ્રસંગ, ૨૦૬.
ક્રોફર્ડ (મિ.) ૪૨૧.
કલાર્ક (સર જ્યોર્જ રસલ), ૧૭૯, ૧૮૪, ૨૦૦, ૨૦૨, ૩૬૬, ૩૬૭.
ખુમાણોનું તોફાન, ૮૪–૯૦.
ગગાતળાવ, જુઓ "ગૌરીશંકરતળાવ."
ગટુલાલજી (પંડિતશ્રી), ૪૬૨, ૪૬૩.
ગમ્ભીરાનન્દજી (સ્વામીશ્રી), ૫૪૮–૫૫૩.
गुजरातशालापत्र, ૪૬૨.
ગુડ્ફેલો (મિ.), ૪૮૩, ૪૮૪.
ગોકળ પારેખ, ૯૪, ૯૫.
ગોકુલજી ઝાલા (રા.), ૨૨૯, ૩૩૫, ૩૭૫, ૪૪૧, ૫૧૩–૫૧૯, ૬૨૬.
ગોપનાથ, ૨૩૩, ૨૩૪.
ગોપાળજી સુરભાઈ દેશાઈ (રા.), ૩૧૦, ૬૩૧, ૬૩૨.
ગોપાળભાઈ લક્ષ્મીનારાયણ (રા.), ૫૦૦–૫૦૪.
ગોપીનાથજી (પંડિતશ્રી), ૫૧૯, ૫૨૦.
ગોવિન્દાનન્દસરસ્વતી (સ્વામીશ્રી), ૪૭૪.
ગોહેલો, ૨૨, ૨૩.
ગૌરીશંકર ઉદયશંકર ઓઝા (રા. રા.), તેમનું નિષ્કલંક ચરિત્ર, ૪; તેમના જીવનની અનુકરણીયતા, ૧૧; તેમના જીવનની સાર્થકતા, ૧૨; તેમનો જન્મ, ૭૨; ધર્મ તથા નીતિના સંસ્કારનો પાયો, ૭૩, ૭૪; તેમનું શિક્ષણ, ૭૬–૮૦; મનોહરદાસનો સમાગમ, ૭૮–૮૦; રા. સેવકરામપાસે નોકરી, ૮૩, ૮૪; ગોધાનાં ગામો વહીવટ, ૮૪; ખુમાણોનું તોફાન, ૮૪–૯૦; કુંડલા પરગણાની આબાદી, ૯૦, ૯૧; સુરતમાં રહી દરબારસેવા, ૯૫, ૯૬; અમદાવાદમાં રહી દરબારસેવા, ૯૯–૧૦૨; રાજકોટમાં પ્રયાસ, ૧૦૪; પોલીસ સુપરિન્ટેન્ડન્ટતરીકે તેઓ, ૧૦૪, ૧૮૧, ૧૮૨; દરબારની અનેક વિપત્તિઓના પ્રસંગે તેમણે બજાવેલી એકનિષ્ઠાપૂર્વક સેવાના દૃષ્ટાન્તો, ૧૦૬–૧૦૯; એજન્સીમાં તેમની નીમણુક, ૧૦૯, ૧૧૦; વિદેશ વેઠી તેમની સ્વામિસેવાપરાયણતા, ૧૧૪, ૧૧૫; ફુટાયાઓની તકરારસંબંધે તેમની દરબારસેવા, ૧૧૮, ૧૧૯; મોસલોબાબત તેમની દરબારસેવા, ૧૨૦-૧૨૨; છોતેર ગામો બાબત જૂનાગઢસાથે તકરારસંબંધે તેમની દરબારસેવા, ૧૨૫-૧૩૧; આરબ જમાદારોબાબત તેમની દરબાર સેવા, ૧૩૪–૧૩૮; દરબારના કરજનો નિકાલ, ૧૩૮-૧૪૦; ગોધાના મામલતદારની ગેરવર્તણુકસંબંધે તેમની દરબાર સેવા, ૧૪૩-૧૪૪; મહારાજાશ્રી જશવંતસિંહજીના રાજ્યાભિષેકસંબંધે તેમની દરબારસેવા, ૧૪૭–૧૪૯; રોજર્સ સાહેબે બેસાડેલી જપ્તીસંબંધે તેમની દરબારસેવા, ૧૪૯, ૧૫૦; હકુમત, પેશકશી, સાહુકારેરો, વગેરે બાબત તેમનો ભગીરથપ્રયાસ, ૧૫૭-૧૯૦; તેમને વંશપરંપરા તુરખા ગામની બક્ષીસ, ૧૯૨; ભાવનગર બંદરમાં તેમણે કરેલી વ્યાપારની અનુકુલતાઓ, ૨૦૧-૨૦૫, ૨૦૭-૨૦૯; તેમની અનુકંપા–કોળીની સ્ત્રીનો પ્રસંગ, ૨૦૬, ૨૦૭; ભાવનગર શિવાયનાં બંદરમાં તેમણે કરેલા સુધારા,

૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૫, ૨૧૮; તેમની નિરભિમાનતા તથા સાદાઈ, ૨૧૮-૨૨૦; તેમણે કરેલી મહાલોની વ્યવસ્થા, ૨૨૦; ખેડુતવર્ગઉપર તેમનું વાત્સલ્ય અને રામપટેલનો પ્રસંગ, ૨૨૧, ૨૨૨; મહાલોમાં તેમના પ્રવાસ, ૨૨૨-૨૨૫; ખેતીસંબંધે તેમણે કરેલા સુધારા, ૨૨૫; ગરાસીઆઓના સંબંધમાં એજન્સીનું ધોરણ સુધારવામાં તેમણે લીધેલો ભાગ, ૨૨૮-૨૩૦; તેમણે કરેલી દીવાની તથા ફોજદારી ન્યાયવ્યવસ્થા, ૨૩૦, ૨૩૧; ગરાસીઆઓની સ્થિતિબાબત તેમનો પીલ સાહેબસાથે સંબંધ, ૨૩૧, ૨૩૨; મહારાજાશ્રી જશવંતસિંહજીને તોપનું માન અપાવવામાટે તેમનો પ્રયાસ, ૨૩૬; મહારાજાશ્રી જશવંતસિંહજીને કે. સી. એસ. આઈ. નો ખિતાબ મળતાં તેમના તરફથી તેમણે ભરેલદરબારમાં આપેલો જવાબ, ૨૪૩; રાજકુમાર કોલેજના ખાતમુહૂર્તપ્રસંગે કુમારશ્રી તખ્તસિંહજીને લઈ તેમનું રાજકોટ ગમન, ૨૪૬; તેમની રાજ્યસેવાવિષે રીપોર્ટો, ૨૪૮, ૨૪૯; મહારાજાશ્રી જશવંતસિંહજીના સ્વર્ગવાસ પછી તેમણે કરેલી વ્યવસ્થા, ૨૫૨; સંયુક્ત કાર્યભારની સ્થાપના, ૨૫૬-૨૫૮; પર્સિવલ સાહેબનો મેળાપ અને તારામૈત્રી, ૨૫૮, ૨૫૯; સંયુક્ત કાર્યભારમાં પર્સિવલ સાહેબસાથે રહી તેમણે કરેલાં સુકૃત્યો, સુધારા, તેના ઉપર રીપોર્ટો વગેરે, ૨૫૯-૩૦૦; કેળવણીબાબતમાં તેમનું અગ્રેસરપણું, ૩૦૩-૩૦૯, ૩૧૧, ૩૧૨; ટપાલબાબત તેમણે કરેલા સુધારા, ૩૧૩-૩૧૫; અફીણબાબત તેમનો પ્રયાસ, ૩૧૭-૩૨૧; મીઠાબાબત તેમનો પ્રયાસ, ૩૨૩, ૩૨૪; તેમને સી. એસ. આઇ. ના ખિતાબની પ્રાપ્તિ, ૩૨૬-૩૩૫; ભાવનગરગોંડલ રેલ્વેસંબંધમાં તેમણે લીધેલો ભાગ, ૩૩૬, ૩૪૭; તેમનો ઉપરામ અને તેમની રાજસેવાનું દિગ્દર્શન, ૩૪૭, ૩૪૮; તેમના ઉપરામસંબંધી ભરાયલા દરબારનો વૃત્તાંત, ૩૪૯-૩૫૭; તેમના ઉપરામપછી તેમના સંબંધી બહાર પડેલા રીપોર્ટો, ઠરાવો તથા લેખો, ૩૫૭-૩૬૩; મહાજનો સાથે તેમનો સંબંધ, ૩૬૪-૩૯૮; સુજનતાદિ તેમના ગુણો, ૩૯૯; રાજ્ય તથા વ્યવહારસંબંધી તેમનો પત્રવ્યવહાર, ૪૦૦-૪૨૮; તેમની ધર્મનિષ્ઠા અને વેદાન્તાસ્થાની બીજાવસ્થા, ૪૩૯-૪૪૨; તેમણે રચિત स्वरूपानुसंधान તથા તેના ઉપર અભિપ્રાયો, ૪૪૩-૪૬૭, ૬૫૪-૬૫૬; તેમણે સ્થાપેલી વેદશાલા, ૪૬૭-૪૭૦; તેમનું સંન્યાસગ્રહણ અને તત્સંબંધી પત્રો, ૪૭૦-૪૯૭; મહારાજાશ્રી તખ્તસિંહજી ઉપર તેમણે લખેલો છેલ્લો પત્ર, ૪૭૧-૪૭૩; તેમનો વિદ્વત્પરિચય, મહાત્મસમાગમ તથા પારમાર્થિક પત્રવ્યવહાર, ૪૯૮-૫૫૫; તેમનો ફલવાસનારહિત વ્યવહાર, ૫૫૬-૫૮૮; જ્ઞાતિસંસ્થાસંબંધે તેમના અભિપ્રાય, ૫૮૮-૫૯૧; તેમની વિદેહમુક્તિ તથા તે સંબંધી તારો, પત્રોઆદિ, ૫૯૨-૬૧૫; જનસમાજને તેમણે મૂકેલો અમૂલ્ય સદ્ ગુણસંપત્તિનો વારસો, ૬૧૫-૬૪૩;- તેમનું મિત્રમંડલ તથા સહાયકમંડલ, ૬૪૬-૬૫૩; તેમનું ધર્મદાન તથા પરોપકાર, ૬૫૯-૬૬૧.

ગૌરીશંકરતળાવ, ૨૬૩–૨૬૬, ૨૯૪, ૨૯૫.
ગૌરીશંકરવેદશાળા, ૪૬૭-૪૭૦.
ગૌરીશંકર હીરાચંદ ઓઝા (રા.), ૫૭૧.
ગ્યુબરનેટિસ (કાઉન્ટ), ૫૬૨.
ઘાંઘળી કેસ, ૨૮૬-૨૯૨.
ચિદ્‌ઘનાનન્દગિરિજી (સ્વામીશ્રી), ૫૪૩-૫૪૬, ૬૧૫.
"ચોકડી"વાળા. ૯૭-૯૯.
જગજીવન પંડ્યા (શાસ્ત્રી), ૪૪૨.
જમશેદજી અરદેશર દલાલ (મિ.), ૫૬૮.
જમશેદજી નવરોજજી ઉનવાળા (મિ.), ૩૧૧.
જમાદારબાબત, ૧૩૧-૧૩૮.
જયંતીલાલ (રા.), ૭૩, ૧૫૪
જયકૃષ્ણજી (વ્યાસશ્રી), ૫૦૪-૫૧૨.
જયાનન્દ (વેદશાસ્ત્રસંપન્ન), ૪૭૪.
જશવંતપુર, ૨૧૧.
જશવંતસિંહજી (મહારાજાશ્રી), ૧૦૩, ૧૦૪, ૧૪૫. ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૧. ૧૮૨, ૧૯૦, ૧૯૧, ૨૨૫, ૨૩૫-૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૫૦, ૨૫૧.
જાર્ડિન (સર જોન), ૩૭૫, ૩૭૭, ૪૦૨, ૪૨૫, ૪૯૬, ૬૦૬, ૬૩૭, ૬૩૮.
જાહેરનામાં, ૧૮૬૬ નું સરકારી જાહેરનામું, ૧૮૯, ૧૯૦; તા૦ ૫ ડીસેમ્બર ૧૮૭૬નું જાહેરનામું, ૨૯૧; રા. ગૌરીશંકરના સંન્યાસસંબંધી દરબારી જાહેરનામું, ૪૭૬, ૪૭૭; તેમની વિદેહમુક્તિસંબંધી દરબારી જાહેરનામું, ૫૯૩, ૫૯૪.
જીભાઈ રાઘવજી (રા.), ૮૧, ૮૨.
જુવાનસિંહજી (કુમારશ્રી), ૨૨૭.
જૂનાગઢ, છોતેર ગામો સંબંધી જૂનાગઢસાથે તકરાર, ૧૨૨-૧૩૧.
જેકબ (કેપ્ટન લીગ્રેન્ડ), ૬૬, ૧૨૪.
જેફ્સન (મિ.). ૫૬૯, ૫૭૦.
જોઈન્ટ એડ્‌મિનિસ્ટ્રેશન, જુઓ "સંયુક્ત કાર્યભાર."
જ્ઞાતિ, જ્ઞાતિસંસ્થાસંબંધી રા. ગૌરીશંકરના અભિપ્રાય, ૫૮૮–૫૯૧.
ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક (રા.) ૬, ૧૨, ૫૫૮, ૫૭૩, ૬૧૮, ૬૨૪, ૬૨૯, ૬૩૦, ૬૩૫, ૬૩૬.
ઝોરતલ્બી, ૪૧, ૪૯. ૬૦, ૮૧.
ટપાલબાબત, ૩૧૩–૩૧૫.
ટેમ્પલ (સર રિચર્ડ), ૩૨૩. ૩૪૧, ૩૪૨, ૩૪૩, ૩૪૪, ૩૯૨, ૩૯૩, ૩૯૪.
ડનલોપ (મિ.), ૩૧૬.
ડિગ્બિ (મિ.), ૧૧.
ડિસ્પાચ, સ્ટેટ સેક્રેટરીનો ૧૮૬૪નો ડિસ્પાચ, ૧૮૮.
ડુંગરજી. ૨૪, ૨૫.
ડેવિસ (મિ.), ૧૭૭, ૨૧૫.
તખ્તસિંહજી (મહારાજાશ્રી), ૨૨૬, ૨૨૭, ૨૪૬, ૨૫૨, ૨૫૩, ૨૫૪, ૨૮૪, ૨૮૫. ૨૯૩, ૨૯૪, ૨૯૫, ૩૨૧, ૩૨૩, ૩૨૭, ૩૩૫, ૩૪૩, ૩૪૫, ૩૪૬, ૩૪૭, ૩૪૯–૩૫૨, ૩૬૯, ૩૭૦, ૩૭૮, ૩૮૦, ૩૮૧, ૩૮૩, ૩૮૪, ૩૮૭, ૩૮૯, ૩૯૨, ૩૯૫, ૪૬૯, ૫૭૩.
તળાજાનું બંદર, ૨૧૮.
તુરખા, ૧૯૨.
ત્રિગુણ, ૪૩૩.
ત્ર્યંબકલાલ (રા.). ૭૭, ૭૮.
દક્ષિણામૂર્ત્તિ (સ્વામીશ્રી), ૫૫૩, ૫૫૪.
દરબાર, મહારાજાશ્રી જશવંતસિંહજીના રાજ્યાભિષેકસંબંધી, ૧૪૭; રા. રા. ગૌરીશંકરને વંશપરંપરા તુરખા ગામની બક્ષીસસંબંધી, ૧૯૨; મહારાજાશ્રી જશવંતસિંહજીને કે.સી.

એસ.આઈનો ખિતાબ મળવાસંબંધી. ૨૩૭–૨૪૫; કુમારશ્રી તખ્તસિંહજી ગાદીનશીન થવા સંબંધી, ૨૫૨–૨૫૪; રા. રા. ગૌરીશંકરને સી.એસ.આઇ.નો ખિતાબ મળવાસંબંધી, ૩૩૧–૩૩૫; તેમના ઉપરામસંબંધી, ૩૪૯–૩૫૭; દિલ્હીદરબાર (૧૮૭૭), ૩૮૨–૩૮૪.
દાદાભાઈ નવરોજજી (મિ.), ૪૧૩–૪૧૫.
દામોદર ભટ્ટજી (વેદશાસ્ત્રસંપન્ન), ૪૭૩.
દિગ્વિજયસિંહજી (મહારાજાશ્રી), ૩૮૭.
નજમુદીન ઇસમાલ (મુનશી), ૨૭૫.
નટ (કર્નલ), ૨૮૫, ૪૨૦.
નવલરામ લક્ષ્મીરામ (રા.), ૪૬૧.
નાગરો. ૬૬–૭૦.
નિત્યાનંદજી (બ્રહ્મચારીશ્રી), ૫૩૩-૫૩૮.
નૃસિંહપ્રસાદ બુચ (રા.), ૪૪૨.
નૃસિંહભારતીજી (સ્વામીશ્રી), ૫૩૩.
નોર્થબ્રુક (લોર્ડ), ૬. ૭.
પરમાણંદદાસ (રા.), ૯૪, ૯૭, ૯૯, ૧૦૯.
પરભુદાસનો દાવો. ૯૩–૯૬.
પરમાત્મતત્ત્વ. ૪૩૧.
પર્સિવલ (મિ. ઈ. એચ.), ૨૫૬, ૨૫૮, ૨૫૯, ૨૬૨, ૨૬૩, ૨૮૪, ૨૮૭, ૨૯૨, ૨૯૪, ૩૨૮, ૩૩૭, ૩૭૧, ૩૭૨, ૩૮૭, ૪૧૬, ૪૨૨, ૪૯૨, ૫૭૨, ૫૭૩, ૬૦૪.
પાર (કર્નલ), ૨૯૫, ૩૪૩.
પીટર્સન (પ્રોફેસર), ૫૬૪.
પીપાવાવબંદર, ૨૧૩–૨૧૭.
પીલ (સર જે. બી.), ૧૭૮, ૧૭૯, ૧૮૩, ૧૮૪, ૧૮૯, ૧૯૯, ૨૩૧, ૨૩૨, ૨૮૭, ૨૮૯, ૨૯૪, ૩૨૦, ૩૨૭, ૩૨૮, ૩૩૧, ૩૩૨, ૩૩૩, ૩૩૭, ૩૪૫, ૩૭૮, ૩૮૦, ૩૮૪, ૪૦૦, ૪૬૩, ૪૯૦, ૪૯૧, ૬૦૨, ૬૦૩.
પૂર્ણાનન્દજી (સ્વામીશ્રી), ૫૩૨, ૫૩૩.
પેશકશી, ૪૭, ૫૭, ૧૬૫-૧૬૯.
પોલન (મિ.), ૫૭૨.
પ્રભાશંકર ગૌરીશંકર ઓઝા (રા.), ૩૫૬, ૬૪૬.
પ્રભાશંકર દલપતરામ પટણી (રા.), ૨૧૭.
પ્રાચીનશોધખાતું, ૩૯૫, ૩૯૭, ૫૫૯-૫૭૩, ૬૫૭-૬૫૮.
પ્રાણનારાયણ મયાશંકર (રા.), ૨૨૭, ૩૦૩.
પ્રાણલાલ મથુરાદાસ (રા.), ૩૦૯.
પ્રિન્સ ઓફ વેલ્સ (હાલ નામદાર રાજાબાદશાહ સાતમા એડ્વર્ડ), ૩૬૯.
પ્લાન્ટેશન, જુઓ "વૃક્ષારોપણ."
ફટાયાઓની તકરાર, ગરાસસંબંધી, ૧૧૫–૧૧૯; ગાદીસંબંધી. ૧૪૭, ૧૪૮.
ફરશરામ ગણેશ (રા.) ૧૪૩, ૧૪૪.
ફર્ગસન (સર જેમ્સ), ૩૪૬, ૩૪૭, ૩૯૪-૩૯૮, ૫૬૨, ૬૦૦.
ફર્નાન્ડીઝ (મિ.), ૨૭૧, ૨૭૨. ૪૮૨, ૪૮૩.
ફિટ્ઝેરલ્ડ (સર સેમોર), ૨૭૯, ૨૮૧, ૨૮૭, ૩૭૦-૩૭૮.
ફીરોજશાહ મહેતા (મિ.), ૫૬૭.
ફેરિસ (મિ.), ૪૨૩, ૪૮૧, ૫૮૪, ૫૮૮.
ફોર્બ્સ (મિ.), ૨૨૮, ૨૨૯.
ફોસેટ (મિ.), ૧૭૧, ૧૭૨.
ફ્રીઅર (સર બાર્ટલ), ૨૨૯, ૨૩૮-૨૪૨, ૩૬૮, ૩૬૯, ૪૦૩.
ફ્લેમિંગ (મિ.), ૪૨૭.
બરજોરજી (ડાકટર), ૨૬૪, ૨૯૪.
બર્જેસ (મિ.), ૩૯૫, ૫૬૩.
બર્ડવુડ (મિ. એચ. એમ.), ૪૮૦.

બર્ડવુડ (સર જ્યોર્જ), ૬૦૨.
બળવો, ૧૮૫૭ના બળવાપ્રસંગે ભાવનગર દરબારે બ્રિટિશ સરકારને કરેલી મદદ, ૨૩૪, ૨૩૫.
બાર (કર્નલ), ૧૪૩, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૨૨૯.
બાર્ટન (કર્નલ), ૨૦૯, ૨૮૦, ૩૨૨, ૩૨૪, ૩૪૫, ૪૧૮, ૪૧૯.
બાર્નવેલ (કેપ્ટન), ૬૧, ૮૬, ૮૭, ૩૧૫.
બિહારીલાલ નથનીરામ (રા.), ૩૮૭.
બેજનજી મહેરવાનજી (મિ.), ૫૯૮, ૫૯૯.
બેડ્ફર્ડ (સર એડ્વર્ડ) ૫૮૩, ૫૮૭.
બેનેટ (મિ. ટી. જે.), ૫૬૬.
બેલેન્ટાઇન (કેપ્ટન), ૮૧, ૮૨, ૩૧૫.
બોરેડેલ (મિ.), ૨૫૫, ૩૩૦, ૪૧૦, ૬૧૩.
બ્યૂલર (ડાકટર જ્યોર્જ), ૪૧૦-૪૧૨, ૪૨૪, ૪૮૦.
બ્રહ્માનન્દજી (સ્વામીશ્રી), ૫૪૮.
બ્રિટિશ સત્તા, તેનો હિંદુસ્તાનમાં ઉદય, ૫૧-૫૩; કાઠિયાવાડમાં ઉદય, ૫૩-૬૧; અફીણબાબત બ્રિટિશ સત્તાનો કાઠિયાવાડમાં પગપેસારો, ૩૧૭-૩૨૧; મીઠાબાબત બ્રિટિશ સત્તાનો કાઠિયાવાડમાં પગપેસારો, ૩૨૨-૩૨૬.
બ્રુક (મિસ), ૩૦૫-૩૦૭.
બ્લેન (મિ.), ૮૯, ૯૯, ૩૧૭.
ભગવતસિંગજી (ગોંડળના ઠાકોરશ્રી), ૫૭૦, ૫૭૧.
भगवद्गीता, २.
भर्तृहरि, १.
ભવાનીદાસ (રા.), ૭૪, ૭૫.
ભવાનીશંકર દીક્ષિતજી (શાસ્ત્રી), ૪૪૨.
ભવાનીશંકર નરોત્તમ (કવિ), ૪૪૨, ૪૬૯, ૫૮૫.
ભાનુશંકર (શાસ્ત્રી), ૪૪૨.
ભાવનગર, ભાવનગરના ઇતિહાસનો ઉપક્રમ, ૨૨; ભાવનગર શહેરનો પાયો, ૩૦; ભાવનગર દરબારનો બ્રિટિશ સરકારસાથે મૈત્રીસંબંધ, ૩૧; ૧૮૫૭ના બળવાપ્રસંગે ભાવનગર દરબારે બ્રિટિશ સરકારને કરેલી મદદ, ૨૩૪, ૨૩૫.
ભાવનગર-ગોંડળ રેલ્વે, ૩૩૬-૩૪૭, ૩૯૨-૩૯૪.
ભાવનગર બંદર, ૧૯૪-૨૦૯.
ભાવસિંહજી (પહેલા), ૨૯-૩૨.
ભાવસિંહજી (કુમારશ્રી; હાલ, મહારાજાશ્રી), ૨૯૩.
મણિભાઈ જશભાઈ (દિ. બ.), ૪૫૭, ૫૯૫.
મનચેરજી ભાવનગરી (સર), ૩૬૯, ૩૮૮, ૩૯૨.
મનસુખ બહાદુરનો પ્રસંગ, ૧૦૦-૧૦૨.
મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી (રા.), ૪૪૨, ૪૫૮, ૪૫૯, ૫૯૫-૫૯૭.
મનોહરદાસ (રા.-સ્વામીશ્રી સચ્ચિદાનન્દબ્રહ્મતીર્થ), ૭૮-૮૦, ૪૪૦.
મયાશંકર વલ્લભજી (વેદશાસ્ત્રસંપન્ન), ૪૭૪.
મહાપુરુષો, ૧,૨,૫, ૬૧૫, ૬૧૬.
મહાલોની વ્યવસ્થા, ૨૨૦, ૨૨૧, ૨૫૯-૨૬૧.
મહુવાબંદર, ૨૧૧, ૨૧૨.
મહેરવાનજી ભાવનગરી (મિ.), ૧૪૯, ૧૫૭, ૧૮૦, ૨૦૦, ૨૫૫.
માધવરાવ (સર ટી.), ૨૬૭, ૨૭૮, ૨૭૯, ૩૮૨, ૩૮૪, ૪૦૪-૪૦૯, ૪૮૯, ૪૯૦.
માયા, ૪૩૨.
મારવાડીનો પ્રસંગ, ૯૯-૧૦૦.
માવજી દેશાઈ (રા.), ૭૪, ૭૫.
મુલકગિરી, જુઓ "પેશકશી."

મૂળથાન, ૭૧.
મેક્નાફ્ટન (મિ. ચેસ્ટર), ૨૮૪, ૪૧૭, ૪૨૦, ૪૮૮, ૬૦૮, ૬૦૯.
મેક્સ મ્યૂલર (પ્રોફેસર), ૪૩૮, ૪૩૯, ૪૬૫, ૪૬૬, ૬૦૧, ૬૧૯, ૬૨૦, ૬૨૮, ૬૪૦, ૬૪૧.
મોખડાજી, ૨૪.
મોઘીબા (બાઈશ્રી), ૫૯૮.
મોરાર ગાંધીનો પ્રસંગ, ૯૭, ૯૮.
મોસલો બાબત, ૧૨૦–૧૨૨.
યશવંતસિંહજી (લીમડીના ઠાકોરશ્રી), ૩૪૬, ૪૭૮, ૪૭૯, ૫૯૭.
રાજકુમાર કોલેજ, ૨૪૫, ૨૪૬, ૨૮૩.
રાજનીતિ, ૮–૧૦, ૬૩૨–૬૩૪.
રાજરાજેશ્વરજી (સ્વામીશ્રી), ૫૪૬, ૫૪૭.
રાજસ્થાનિક સભા, ૩૭૪–૩૭૮.
રાણજી, ૨૪.
રામકૃષ્ણભારતીજી (સ્વામીશ્રી), ૪૪૧, ૫૨૪–૫૩૧.
રામજી, ૨૫.
રામપટેલ, ૨૨૧, ૨૨૨.
રીચી (મિ.), ૩૦૩, ૬૧૨.
રીપોર્ટો, ઠરાવો, અભિપ્રાયો, વિગેરે,—૧૮૬૭માં કર્નલ કીટિંજ સાહેબનો રીપોર્ટ, ૨૪૮; ૧૮૬૮માં એન્ડર્સન સાહેબનો રીપોર્ટ, ૨૪૮, ૨૪૯; ૧૮૬૯માં એન્ડર્સન સાહેબનો રીપોર્ટ, ૨૪૯; રા. વિજયશંકર ગૌરીકશંરની કુશલતાવિષે સંયુક્ત કાર્યભારીઓનો રીપોર્ટ, (૧૮૭૪–૭૫), ૨૬૦, (૧૮૭૫–૭૬), ૨૭૫; ૧૮૭૧માં એન્ડર્સન સાહેબનો રીપોર્ટ, ૨૯૫; ૧૮૭૨ માં એન્ડર્સન સાહેબનો રીપોર્ટ, ૨૯૬; ૧૮૭૩માં પીલ સાહેબનો રીપોર્ટ, ૨૯૭; ૧૮૭૭માં પીલ સાહેબનો રીપોર્ટ, ૨૯૭; ૧૮૭૯માં મુંબઈ સરકારનો ઠરાવ, ૨૯૭; ૧૮૭૯માં સ્ટેટ સેક્રેટરી સાહેબનો ઠરાવ, ૨૯૮; ૧૮૭૮માં *Nineteenth Century* નામના માસિકમાં લેખ, ૨૯૯; સર વિલિયમ હંટરનો સંયુક્ત કાર્યભારવિષે અભિપ્રાય, ૩૦૦; મિસ બ્રુકનો ૧૮૯૮નો સ્ત્રીકેળવણીબાબત રીપોર્ટ, ૩૦૫-૩૦૭; રા. રા. ગૌરીશંકરના ઉપરામ પછી બહાર પડેલા રીપોર્ટો, ઠરાવો તથા લેખો, ૩૫૭–૩૬૩.
રૂપજી દેશાઈ, ૭૧.
રે (લેડિ), ૫૭૬, ૫૭૯.
રે (લોર્ડ), ૫૭૩-૫૭૯.
રેકલેમેશન, ૨૦૨-૨૦૫.
રોજર્સ મિ. (એલેક્ઝાન્ડર), ૧૪૪, ૧૪૯, ૧૫૦, ૧૭૭.
રોબર્ટસન (મિ.), ૪૦૦.
લક્ષ્મીદાસ વલ્લભજી (રા.), ૨૧૯.
લાઈટ્નર (મિ.), ૫૬૫.
લીજીટ (મિ.), ૪૨૮, ૬૧૦.
લીવાર્નર (મિ.), ૫૭૩, ૫૭૪.
લેંગ (કર્નલ), ૯૯, ૧૦૪, ૧૧૮, ૧૨૨, ૧૨૬, ૧૨૯, ૧૪૦, ૧૫૮, ૧૬૫, ૧૭૪, ૧૭૫, ૧૮૫, ૨૦૫, ૨૧૪, ૨૨૭, ૨૨૮, ૨૩૩, ૩૦૨, ૩૦૩, ૩૦૪, ૩૧૪, ૩૧૭.
લેલિ (મિ.), ૪૨૨.
લો (કર્નલ), ૨૭૦, ૩૩૦, ૩૭૮.
લોંગફેલો, ૬૧૬.
વખતસિંહજી (મહારાજાશ્રી), ૩૪-૪૨, ૫૮, ૬૧-૬૫.
વર્ડ્ઝવર્થ (પ્રોફેસર), ૪૨૬.
વાઇલિ (મિ.), ૧૮૨, ૬૩૬.
વિક્ટર (પ્રિન્સ આલ્બર્ટ), ૨૧૬, ૫૮૩-૫૮૮.
વિક્ટર બંદર, જુઓ "પીપાવાવ બંદર."

વિજયશંકર ગૌરીશંકર ઓઝા (રા.), ૧૪, ૨૩૬, ૨૫૯, ૨૬૦, ૨૬૭, ૨૬૮, ૨૬૯, ૨૭૨, ૨૭૪, ૨૭૫, ૨૮૧, ૨૯૨, ૩૦૮, ૩૧૧, ૩૨૮, ૩૫૨, ૩૫૬, ૩૯૩, ૪૬૮, ૫૬૦, ૫૬૯-૫૭૩, ૫૭૫, ૬૪૫.

વિજયસિંહજી (મહારાજાશ્રી), ૮૧, ૮૨, ૮૮, ૯૧, ૯૨-૧૦૩, ૧૧૫, ૧૧૮, ૧૧૯, ૧૨૬, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૨૨૩, ૩૧૬.

વિદ્યારણ્યસરસ્વતી, ૧૨.

વિઠ્ઠલદાસ સામળદાસ (રા.), ૨૬૭, ૩૫૬.

વિભાજી (જામશ્રી), ૪૭૭, ૪૭૮.

વિલિયમ્સ (પ્રોફેસર મોનિયર), ૪૯૫.

વિષયભોગ, ૪૨૯, ૪૩૦.

વીજોજી, ૨૫.

વીસોજી, ૨૬, ૨૭; તેમના વંશજો, ૨૭, ૨૮.

વૃક્ષારોપણ, ૨૭૪-૨૭૬.

વેડર્બર્ન (સર ડબલ્યુ.), ૨૩૬, ૨૫૬, ૩૭૪, ૩૭૭, ૪૯૪.

વેડબર્ન (સર ડેવિડ), ૨૯૯.

વેણીલાલભાઈ (રા.), ૭૨, ૭૩, ૭૪.

વેદાન્તસાધન, ૪૩૪, ૪૩૫.

વેસ્ટ (કર્નલ), ૩૯૫, ૩૯૭.

વોકર (કર્નલ), ૫૯, ૬૧, ૬૨.

વોટ્સન (મેજર), ૨૭૫, ૨૯૨, ૨૯૪, ૩૨૭, ૩૨૯, ૩૯૧, ૪૯૩, ૫૫૯, ૫૬૦.

વોડ્હાઉસ (કર્નલ), ૩૨૪.

વોડ્હાઉસ (સર ફિલિપ), ૩૩૧, ૩૩૭, ૩૭૮-૩૮૪, ૩૮૮-૩૯૨.

શંકર પાંડુરંગ પંડિત (રા.), ૩૯૫.

શંકરલાલ માહેશ્વર ભટ્ટ (શીઘ્રકવિ)) ૫૨૦-૫૨૨.

શિહોર (નવું), ૨૭.

શોર્ટ (કેપ્ટન), ૧૪૭.

સચ્ચિદાનન્દજી (સ્વામીશ્રી), ૪૪૦, ૫૩૨, ૫૫૪, ૫૫૫.

સત્યપ્રિયતા, ૪, ૫.

સદાનન્દગિરિજી (સ્વામીશ્રી), ૫૩૮, ૫૩૯.

સદાનન્દજી (સ્વામીશ્રી), ૫૪૦.

સંતોકરામ દેશાઈ (રા.), ૧૦૦, ૧૦૪, ૧૧૦, ૧૧૯, ૧૪૨, ૧૮૬, ૨૫૦, ૪૪૨.

સંતોષરામ માધવજી (રા.), ૧૪૮.

સમરસિંહ, ૨૪, ૨૫.

સંયુક્તકાર્યભારની સ્થાપના, ૨૫૬-૨૫૮.

સલારજંગ (સર), ૩૮૨.

સામલદાસ (રા.), ૧૫૪, ૨૫૫, ૨૫૬, ૨૯૪, ૩૦૪, ૩૩૭, ૩૪૫, ૩૫૪-૩૫૬, ૩૮૩, ૪૪૨.

સારંગજી, ૨૫; તેમના વંશજો, ૨૬.

સિમ્સ (મિ. આર. પ્રોક્ટર), ૨૧૭, ૨૭૬, ૨૭૮, ૨૮૦, ૨૮૧, ૩૪૩, ૩૪૫, ૬૧૧.

સુધારાવધારા, ૨૭૩, ૨૭૪.

સુભાષિતો, પ્રમાણો, ઇત્યાદિ, ૫, ૭૬, ૭૭, ૯૨, ૩૫૫, ૩૫૬, ૩૬૪, ૩૯૯, ૪૩૦, ૪૩૧, ૪૩૨, ૪૩૩, ૪૩૪, ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮, ૪૪૪, ૪૪૬, ૪૪૮, ૪૪૯, ૪૫૦, ૪૫૧, ૪૫૨, ૪૫૩, ૪૫૪, ૪૫૫, ૪૫૬, ૪૫૯, ૪૬૬, ૪૭૦, ૪૭૪, ૪૯૮, ૪૯૯, ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૦૪, ૫૦૬, ૫૦૭, ૫૦૮, ૫૦૯, ૫૧૦, ૫૧૧, ૫૧૨, ૫૧૩, ૫૧૪, ૫૧૫, ૫૧૭, ૫૧૮, ૫૧૯, ૫૩૧, ૫૩૬, ૫૩૭, ૫૪૦, ૫૪૭, ૫૪૯, ૫૫૬, ૫૫૯, ૬૧૭, ૬૨૦, ૬૨૧, ૬૨૨, ૬૨૫, ૬૨૬, ૬૨૭, ૬૩૪, ૬૪૨.

સેજકજી, ૨૩.

સેનાર (મિ.), ૫૬૬, ૫૬૭.

સેન્ડ્હર્સ્ટ (લોર્ડ), ૫૭૦.

સેવકરામ દેસાઈ (રા.), ૮૨, ૮૩, ૮૪, ૯૦, ૯૧, ૪૩૯.
સોંદરાઈ બંદર, ૨૦૯--૨૧૧.
સોરાબજી શાપુરજી બંગાલી (મિ.), ૬૧૨.
સ્વરૂપાનુસંધાન, ૪૪૩-૪૬૭, ૬૫૪-૬૫૬.
હકુમતબાબત, ૧૫૭-૧૬૫; ૧૮૧-૧૯૦; ૨૮૬-૨૯૨.
હક્સ્લિ (પ્રોફેસર), ૬૩૯.
હન્ટર (કર્નલ), ૪૬૪, ૪૮૫, ૪૮૬, ૬૦૭.
હન્ટર (સર વિલિયમ), ૧૧, ૩૦૦.
હરિદાસ વિહારિદાસ (રા.), ૫૯૫.
હરિસિંહજી (કુમારશ્રી), ૫૯૯.
હુલ્ઝ (મિ.), ૫૬૧.
હેડો (મિ), ૧૪૩, ૧૪૪.
હેન્કોક (મિ.), ૪૮૪, ૬૦૮.
હેબર્ટ (મિ.), ૧૭૫, ૧૭૬, ૩૧૪.
હેરિસન (મિ.), ૩૧૪.
હોપ (સર થીઓડર), ૧૭૯, ૧૮૦, ૨૦૦, ૨૯૨, ૩૦૩, ૩૨૦, ૩૭૦, ૩૮૩.
હોલકર (મહારાજાશ્રી), ૩૮૫, ૩૮૬, ૫૯૪.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૫૮	૨	ડવિઝિન	ડિવિઝન
૬૯	૯	જાનાગઢ	જૂનાગઢ
૮૦	૨૨	હતુ	હતું
૧૧૭	૩	ભાતૃ	ભ્રાતૃ
૧૪૨	૪ (ઝીણા અક્ષર)	પશ્ન	પ્રશ્ન
૧૮૧	ઝીણા અક્ષર	તકેરી	તરીકે
૧૮૬	,, ,,	ઉઠેલા	ઉડેલા
૨૬૯	૯	દ્રય	દ્રવ્ય
,,	પહેલી ફુટનોટ	લખતી વખતે તેઓ પણ આ	આ લખતી વખતે તેઓ પણ
૩૦૧	૫ (ઝીણા અક્ષર)	૧૮૧૬	૧૮૪૪
૩૦૨	૧૧	કરવનો	કરવાનો
,,	૨૧	વિવિધ પ્ર	વિવિધ પ્રયત્નો
૩૦૭	૨૯	તેમાં	તેમ
૩૨૧	૨૦	૧૮૧૬	૧૮૪૪
,,	ઝીણા અક્ષર	૧૮૧૬	૧૮૪૪
૩૩૩	૧૩	સ્વભાવિક	સ્વાભાવિક
૩૯૫	૭	ફરગસસન	ફરગસન
૫૦૭	૧૪	ચાત્ર	યત્ર
૫૩૫	૧૩	અદ્વત	અદ્વૈત
૬૨૦	૨૯	સ્વભાવનુસર	સ્વભાવાનુસાર
૬૨૨	૫	મનુષ્યોની	મનુષ્યની
૬૨૩	૬	પ્રયત્ન	પર્યન્ત
૬૨૫	૯	સ્વભાવથા	સ્વભાવથી
,,	૧૫	સાંયકાલે	સાયંકાલે
૬૨૬	૧૭	સદ્દગુણ	સદ્ગુણ